શ્રી લઘુરાજ–સ્મારક ગ્રંથમાળા પુષ્પ નવમું

# બોધામૃત

## દ્વિતીય ભાગ

## વચનામૃત-વિવેચન

(સંશોધિત તથા સંવર્ધિત)

**પૂજ્યશ્રી બ્રહ્મચારીજી**

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
અગાસ

**પ્રકાશક**
ભુલાભાઈ વી. પટેલ, પ્રમુખ
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
સ્ટેશન અગાસ, વાયા આણંદ
પોસ્ટ બોરીઆ – ૩૮૮ ૧૩૦ (ગુજરાત)

**મુદ્રક**
કાવ્ય પ્રિન્ટર્સ
૧-બી, શિવ એસ્ટેટ, સીટીએમ,
એક્ષપ્રેસ હાઈવે પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૨૬

**પ્રાપ્તિસ્થાન**

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
સ્ટેશન અગાસ, વાયા આણંદ
પોસ્ટ બોરીઆ - ૩૮૮ ૧૩૦
(ગુજરાત)
ટેલીફોન : ૦૨૬૯૨ - ૨૮૧૭૭૮
ફેક્સ : ૦૨૬૯૨ - ૨૮૧૩૭૮

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ – સંચાલિત
શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ,
હાથી બિલ્ડિંગ, એ / ૧૮, બીજે માળે,
ભાંગવાડી, ૪૪૮ કાલબાદેવી રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૨
ટેલીફોન : ૦૨૨ - ૨૨૦૬૯૨૩૪

| આવૃત્તિ | સંવત્ | ઈ. સન | પ્રત |
|---|---|---|---|
| પ્રથમ | ૨૦૧૭ | ૧૯૬૦ | ૧૫૦૦ |
| દ્વિતીય | ૨૦૨૮ | ૧૯૬૮ | ૧૦૦૦ |
| તૃતીય | ૨૦૩૪ | ૧૯૭૭ | ૨૧૦૦ |
| ચતુર્થ | ૨૦૪૦ | ૧૯૮૪ | ૩૦૦૦ |
| પંચમ | ૨૦૫૨ | ૧૯૯૬ | ૩૦૦૦ |
| ષષ્ઠ | ૨૦૬૨ | ૨૦૦૬ | ૨૦૦૦ |

**આવૃત્તિ સપ્તમ સંવત્ ૨૦૭૦ ઈ.સન ૨૦૧૪ પ્રત ૩૦૦૦**

પડતર કિંમત રૂા. ૧૫૦/-     વેચાણ કિંમત રૂા. ૧૦/-

તમે કોઈ પ્રકારે આ પુસ્તકની આશાતના કરશો નહીં,
તેને ડાઘ પાડશો નહીં, ફાડશો નહીં, બગાડશો નહીં
તેમજ નીચે જમીન પર મૂકશો નહીં.

સર્વાધિકાર સુરક્ષિત : આ ગ્રંથના કોઈ અંશને મૂળરૂપમાં કે અનુવાદિત રૂપમાં કે કોઈ ચિત્રપટને છાપવાનું કામ પ્રકાશકની અનુમતિ સિવાય કોઈ વ્યક્તિ કે સંસ્થા કરી શકશે નહીં.

# બે બોલ

(પ્રથમાવૃત્તિ)

ૐ

**“જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;**
**લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.**
**જિન-પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;**
**અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ.”**—શ્રીમદ્ રાજચંદ્ર

**“નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો માત્ર મનનો આમળો.”** —શ્રીમદ્ રાજચંદ્ર

**“શાસ્ત્રો કહે વાતો બધી નકશાસમી ચિતારથી;**
**ગુરુગમ વિના બીના ન હૃદયંગમ બને વિચારથી.”** —પ્રજ્ઞાવબોધ

**“બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત;**
**પાવે નહિ ગુરુગમ બિના, એહિ અનાદિ સ્થિત.”**—શ્રીમદ્ રાજચંદ્ર

એ ‘ગુરુગમ’ની અગત્ય પૂજ્યપાદ પ્રભુશ્રીએ પણ વારંવાર ઠોકી ઠોકીને જણાવી છે :—

“કારણ વિના કાર્ય થાય નહીં. શાની ખામી છે?” મુમુક્ષુ કહે, પુરુષાર્થની. પ્રભુશ્રી તેને સુધારીને કહે, “તે સત્પુરુષાર્થ. સત્ આત્મા છે. તે પુરુષાર્થ છે. અહીંથી ઉગમણે જાય તો આથમણે જવાય નહીં. માટે ‘આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે...’ કૂંચી નથી, ગુરુગમ નથી. કચાશ ગુરુગમની છે.” (ઉપદેશામૃત પૃ૦ ૧૬૮) વળી “આત્મા છે; આત્મા છે તો જાણે છે. અત્યારે અક્ષર જુદા કહું છું. પકડી તે પકડી, છોડે તે બેટ્ટો ! વાત મુદ્દાની...તમારો આત્મા; બેટ્ટો હોય તે બીજું જુએ, કરે ને માને. જાગતાં-ઊંઘતાં, ખાતાં-પીતાં, હરતાં-ફરતાં, બેસતાં-ઊઠતાં એક આત્મા. તે ખબર નથી. તેમાં ગુરુગમ જોઈએ.” (ઉપદેશામૃત પૃ૦ ૧૭૬)

“અનંત કાળથી અજ્ઞાન છે. તે જ્ઞાન મળવાથી નાશ થાય. ગુરુગમ નથી, બફમમાં જાય છે...કૂંચી વગર નહીં છુટાય. કૂંચી જોઈએ. તે હોય તો આત્મસુખ મળી આવે. માટે ગુરુગમ જોઈએ.” (ઉપદેશામૃત પૃ૦ ૧૮૨)

“ ‘જ્યાં લગી આતમા તત્ત્વ ચિન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી’...પુરુષાર્થમાં બાકી ન રાખી; પણ જે કરવાનું છે તે શું ? અને શાથી થાય ? ‘પાવે નહિ ગુરુગમ બિના, એહિ અનાદિ સ્થિત.’ તે વગર નહીં પાવે.” (ઉપદેશામૃત પૃ૦ ૧૮૨)

આ ‘ગુરુગમ’ બોધિ-સમાધિના નિધિ પૂજ્યપાદ શ્રી લઘુરાજસ્વામીએ કૃપા કરીને જેને આપેલ તે પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના શ્રીમુખેથી આપણને પરમકૃપાળુદેવનાં વચનામૃતનું થોડુંક વિવેચન ખાજાંની ભૂકરીની જેમ સાંપડ્યું તે આપણું પરમ સદ્‌ભાગ્ય છે. તેઓશ્રી પરમકૃપાળુદેવનાં વચનામૃત સંબંધી જણાવે છે-

“મહાપુરુષનું જીવન આપણને નિર્મળ બનાવે છે. કૃપાળુદેવનું જીવન તો ઘણાં જીવનચરિત્રો જેવું છે. એક ભવમાં ઘણા ભવોનો સરવાળો થયેલો છે. ખરું જીવન તો એમના પત્રો છે. આ કાળમાં એવા ગંભીર ભાવો કોઈ લખી શક્યા નથી. એક એક પત્રમાં આખો મોક્ષમાર્ગ મૂકી દીધો છે. એ સમજાય તો આપણું જીવન ઉત્તમ થાય....‘સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે.’ જેમ જેમ ગરજ વધશે તેમ તેમ સમજાશે.” (બોધામૃત - ૧ પૃષ્ઠ ૬૮૧)

''કૃપાળુદેવ મને જ કહે છે એવો લક્ષ રાખીને 'વચનામૃત' વાંચવું. મારે ઘેર જ કૃપાળુદેવ આવ્યા છે, એમ જાણવું.'' (બોધામૃત - ૧ પૃષ્ઠ ૨૫૬)

ટૂંકામાં, આ ''વચનામૃત-વિવેચન''ની અવગાહનાથી સત્શ્રુત અને સત્સમાગમની જે બલિહારી છે તે હૃદયંગમ થઈ વિવેચનની સાર્થકતા સમજાશે કે ''સત્શ્રુતનાં વચનો જ્ઞાનીનાં વચનો છે. જીવને હિતકારી હોય તે જ કહે છે. શાસ્ત્રોમાં તો સામાન્યપણે હોય છે; પણ સત્શ્રુત તો એને જેવાં વચનો જોઈએ તેવાં કહે છે, તેથી વધારે હિતકારી છે. મહાપુરુષનાં વચનો, તેમનું ક્રિયાચેષ્ટિતપણું, સત્પુરુષની વૃત્તિ એ બધાનું સત્સમાગમમાં વિશેષપણું છે. શાસ્ત્રોમાં બધાને માટે સામાન્યપણે કહેવાયું હોય છે, પણ પ્રત્યક્ષ પુરુષના યોગે જે વચનો કહેવાય છે તે ખાસ પોતાને માટે કહેવાય છે. શાસ્ત્રોમાં પોતાની વૃત્તિ ઉપર આધાર છે. જેવો અર્થ થાય તેવો કરે. અને સત્પુરુષના વચનો હોય તેમાં સત્પુરુષને આધારે સમજવાનું હોય છે. શાસ્ત્ર ગુરુપરંપરાથી સમજવા યોગ્ય છે.'' (બો૦ ૨ - વચનામૃત-વિવેચન, વ૦ ૮૨૫, ૮૨૬ના વિવેચનમાંથી)

પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના બોધસંગ્રહમાંથી ઉપલબ્ધ આ છૂટક વિવેચન શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત સમજવામાં ઉપયોગી હોવાથી અગાસ-આશ્રમ-પ્રકાશિત 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથની આવૃત્તિના આંક અનુસાર તેનો ક્રમ ગોઠવ્યો છે. છતાં સાથે બોધ જ્યાં થયેલ હોય તે સ્થળ અને મિતિ પણ મૂકેલ છે. ક્વચિત્ એકથી વધુ દિવસ ચાલેલું એક આંકનું વિવેચન હોય ત્યાં મુખ્ય એક મિતિ મૂકી છે. એથી આ વિવેચન વિભાગ સાથે મૂળ વચનામૃત વાંચી વિચારવું સુગમ પડશે. આ વિભાગમાં સં. ૨૦૦૮ થી ૨૦૧૦ સુધીનું બધું વિવેચન શ્રી ૐકારે કરેલી નોંધમાંથી છે. તે અગાઉનું જે હોય તે અન્ય મુમુક્ષુઓએ કરેલી નોંધમાંથી છે એમ સમજવું. મોક્ષમાળાના ૧૦૮ પાઠનું વિવેચન આ પુસ્તકની પૂર્તિરૂપે જરા સુધારાવધારા સાથે જુદા પુસ્તકરૂપે હવે પછી પ્રગટ કરવામાં આવશે.

**—શાંતિ પટેલ**

## પ્રકાશકીય નિવેદન

(સપ્તમ આવૃત્તિ)

**''જીવ્યા જીવન રાજચંદ્ર ભગવાન જો,**
**અશરીરી ભાવે દુષમ આ કલિકાળમાં રે લો;**
**રહે ન જેને દેહધારી રૂપ ભાન જો,**
**અવિષમ ઉપયોગી એ ગુરુ રહે ખ્યાલમાં રે લો.''** (પ્રજ્ઞાવબોધ પુષ્પ-૩૯)

**''શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી. મર્મ તો સત્પુરુષના અંતરાત્મામાં રહ્યો છે.''**

—શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક-૫૮)

પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની ૧૨૫ મી જન્મજયંતી પ્રસંગે શાસ્ત્રના મર્મને ઉકેલનાર આ વચનામૃત-વિવેચનની સંવર્ધિત આવૃત્તિ પ્રકાશિત થાય છે કે જેમાં પૂજ્યશ્રીએ કરેલા સર્વ વચનામૃતના પત્રોનું વિવેચન આવી જાય છે. તે જાણી મુમુક્ષુઓના મનને ખૂબ જ આનંદ થાય છે.

આ ભયંકર કળિયુગમાં સત્પુરુષનો યોગ થવો તે અતિ અતિ દુર્લભ છે. એમના વચનામૃતોનો યોગ થવો એ પણ પ્રબળ પુણ્યનો ઉદય હોય તો જ હાથ લાગે છે અને તે વચનોનો મર્મ સમજાવનાર એવા સંત પુરુષોનો યોગ થવો એ તો આપણા મહાપુણ્યના ઉદયમાં ખૂટતી મોટી ખામીની પૂર્તિ કરનાર છે.

જગતમાં વચનામૃત તો ઘણા વાંચે છે અને પોતાની મતિ અનુસાર તેનું વિવેચન પણ કરે છે, પણ તે અનુભવ વગરની વાણી કેટલી સત્ય ગણાય તે વિચારવા યોગ્ય છે.

જ્ઞાનીપુરુષના વચનોનો મર્મ તો આત્મઅનુભવી પુરુષોથી જ જાણવા યોગ્ય છે; તો જ તે યથાર્થ

ગણી શકાય. એના વિષે પરમકૃપાળુદેવ પત્રાંક ૬૯૨ માં જણાવે છે કે–

**"જન્મજરામરણાદિને નાશ કરવાવાળું આત્મજ્ઞાન જેમને વિષે વર્તે છે, તે પુરુષનો આશ્રય જ જીવને જન્મજરામરણાદિનો નાશ કરી શકે, કેમકે તે યથાસંભવ ઉપાય છે."**

પરમકૃપાળુદેવના ગૂઢ, ગંભીર વચનો ઊંડા રહસ્યથી ભરેલાં છે. તેનો મર્મ તેઓશ્રીના યથાર્થ પરમભક્ત, જેમને રોમેરોમે એક પરમકૃપાળુદેવ છે એવા પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીથી જાણવા યોગ્ય છે. જેમને મૂળ આત્મધર્મને પ્રગટમાં લાવવાની જવાબદારી પરમકૃપાળુદેવે વસોમાં કરેલી છે. પોતે સ્વયં મુનિ હોવાથી આટલી બધી સત્ધર્મની પ્રભાવના કરી શક્યા છે.

ત્યારબાદ એમના પ્રબળ આજ્ઞાંકિત શિષ્ય પૂ. શ્રી બ્રહ્મચારીજીને ૧૧ વર્ષ પોતાના સહવાસમાં છાયાની જેમ રાખી તેમને યોગ્ય ગણી સભા મધ્યે તેમને ધર્મની સોંપણી કરી છે. 'સમ્યક્દર્શન છે એ જ એને છાપ છે. છાપની જરૂર નથી;' એમ પૂજ્યશ્રી બ્રહ્મચારીજી વિષે પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના સ્પષ્ટ ઉદ્ગાર છે. માટે આ ત્રણેય સત્પુરુષો મોક્ષમાર્ગની યથાર્થ સમજ મેળવવા માટે પરમ વિશ્વસનીય સત્પુરુષો છે.

આ વચનામૃતના પત્રોનું વિવેચન પૂ. શ્રી બ્રહ્મચારીજી દ્વારા કરવામાં આવેલ છે. જેને પરમકૃપાળુદેવ પ્રત્યે પરમપ્રેમ છે, એનું પ્રમાણ પ્રજ્ઞાવબોધ છે. જેના પ્રત્યેક પાઠની શરૂઆતમાં પરમકૃપાળુદેવ પ્રત્યેની પરમભક્તિ વિવિધરૂપે પ્રગટ જણાય છે. એવા પરમભક્ત જ પરમકૃપાળુદેવનું હૃદય યથાર્થ સમજાવી શકે. જેમકે ભગવાન મહાવીરનું હૃદય પરમકૃપાળુદેવ જાણે છે, કારણકે તેઓ એમના અંતિમ શિષ્ય હતા. તેમ પરમકૃપાળુદેવનું હૃદય 'જેને રોમે રોમે પરમકૃપાળુદેવ વસેલ છે' એવા પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી કે પૂજ્યશ્રી બ્રહ્મચારીજી જ જાણી શકે અને જણાવી શકે કેમકે એ યથાસંભવ ઉપાય છે.

આ બોધામૃત ભાગ-૨ ની સાતમી આવૃત્તિમાં શું શું ફેરફાર થયા છે; તે નીચે જણાવેલ છેઃ–

ફક્ત વચનામૃતના પત્રોનું થયેલું વિવેચન તે આ ગ્રંથમાં લેવામાં આવ્યું છે. અન્ય ગ્રંથોના વાંચન પ્રસંગે થયેલ વિવેચન તે બોધામૃત ભાગ-૧ માં લેવામાં આવેલ છે.

બોધામૃત ભાગ-૨ ની પ્રથમાવૃત્તિમાં, વચનામૃતના એક પત્રના જુદા જુદા દિવસે અને સ્થળે થયેલા વિવેચનોને મોટા ભાગે ભેગા કરવામાં આવેલા, જ્યારે આ આવૃત્તિમાં જુદા જુદા વિવેચનોને મિતિ પ્રમાણે ગોઠવીને અલગ-અલગ મૂકવામાં આવેલ છે. મોક્ષમાળાના અમુક શિક્ષાપાઠના વિવેચનો નવા મળી આવ્યા છે, તેનો પણ આમાં સમાવેશ કર્યો છે.

અમુક પત્રોનું વિવેચન ભૂલથી બોધામૃત ભાગ-૧ની પ્રથમાવૃત્તિમાં મૂકવામાં આવી ગયેલ, તેને હવે આ બોધામૃત ભાગ-૨ની સાતમી આવૃત્તિમાં સમાવી લેવામાં આવેલ છે. આ ગ્રંથના અંતમાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની હસ્તલિખિત ડાયરીમાંથી મળેલ 'સદ્ગુરુ ભક્તિરહસ્ય–હે પ્રભુ! હે પ્રભુ!' ના બે ભાવાર્થ પણ મૂકવામાં આવ્યા છે.

વિવિધ પ્રકારની માહિતીનો પરિશિષ્ટ વિભાગ આ આવૃત્તિમાં પહેલી વાર ઉમેરવામાં આવેલ છે.

આ ગ્રંથમાં વચનામૃતના પત્રોના ક્રમાંક પ્રમાણે જ તેનું વિવેચન મૂકવામાં આવેલ છે. જેથી તેની અનુક્રમણિકા અલગ મૂકેલ નથી.

જે જે મુમુક્ષુઓએ ગ્રંથ પ્રકાશનમાં ઉદારતા સહ દાન આપેલ છે તે સર્વ ધન્યવાદને પાત્ર છે.

પરમકૃપાળુદેવે વચનામૃતમાં જે અમૃત રેડ્યું છે, તે અમૃત વચનોના યથાર્થ રસનો અનુભવ કરાવનારું આ પૂ.શ્રી બ્રહ્મચારીજીનું વચનામૃત વિવેચન છે તે સર્વને સુખાનંદ અને શ્રદ્ધાનું કારણ બનો એ જ અભ્યર્થના.

શ્રાવણ વદ ૮, સં. ૨૦૭૦
(જન્માષ્ટમી)
તા. ૧૭-૦૮-૨૦૧૪

લિ. સંતચરણ સેવક,
ભુલાભાઈ વનમાળીદાસ પટેલ
પ્રમુખ - શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ

# શ્રી સનાતન જૈનધર્મ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, સ્ટે. અગાસ

## સંક્ષિપ્ત પરિચય

પરમ જ્ઞાનાવતાર પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ આજ્ઞાંકિત શ્રી લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી)ના નિમિત્તે આ આશ્રમની સ્થાપના વિક્રમ સંવત ૧૯૭૬ માં થઈ. મુનિશ્રી લઘુરાજસ્વામીની છત્રછાયા નીચે આ આશ્રમની ઉત્પત્તિ થઈ, તેથી ભક્તજનોએ શરૂઆતમાં આ આશ્રમનું નામ ''શ્રી લઘુરાજ આશ્રમ'' રાખ્યું, પરંતુ પોતાનું નામ કે સ્થાપના સરખી પણ નહીં રાખવાની ઇચ્છાવાળા કેવળ નિઃસ્પૃહ અને પરમ ગુરુભક્ત મહર્ષિ મુનિશ્રીએ એમ સૂચવ્યું કે શ્રીમદ્જીના આ સ્થૂળ કીર્તિસ્તંભનું નામ ''શ્રી સનાતન જૈન ધર્મ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ'' રાખવું. તેથી તે પ્રમાણે આ આશ્રમનું નામ રાખવામાં આવ્યું. આ આશ્રમ સનાતન જૈન ધર્મની પુષ્ટિ માટે જ છે.

આ આશ્રમમાં દાખલ થતાં પ્રથમ એક ભવ્ય પ્રવેશદ્વાર છે, જેના ઉપર ''ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે'' એમ મોટા અક્ષરે અંકિત થયેલ છે. દરવાજામાં પ્રવેશ કરતાં સામે એક નયનરમ્ય દેરાસર છે, જેમાં નીચે શ્વેતાંબર અને ઉપર દિગંબર દેરાસર છે. તેના ભૂમિગૃહમાં (ભોંયરામાં) શ્રીમદ્ રાજચંદ્રજીની આરસપાષાણની શરીરપ્રમાણ પદ્માસન મુદ્રાના પ્રતિમાજી બિરાજે છે. આ પ્રતિમાજીની એક બાજુ પ્રણવ મંત્ર ૐકારની સ્થાપના છે તથા બીજી બાજુ શ્રીમદ્ રાજચંદ્રજીના પાદુકાજીની સ્થાપના છે. આ દેરાસરની જમણી બાજુ એક ભવ્ય સભામંડપ છે, જેમાં પ્રતિદિન ભક્તિ, સત્સંગ, પૂજા, સત્શ્રવણ આદિ નિમિત્તે સેંકડો મુમુક્ષુઓ સાથે બેસીને આત્મસાધના કરે છે. આ દેરાસરના ચોગાનમાં દેરાસરની સામે મુખ્ય પ્રવેશદ્વારની ઉપર બીજે માળે એક પુસ્તકાલય છે. ત્રીજે મજલે ખુલ્લી અગાસીની વચમાં સુંદર આરસની દેરીમાં શ્રીમદ્ રાજચંદ્રજીની ઊભા કાયોત્સર્ગની ધ્યાનમુદ્રામાં પંચધાતુની પ્રતિમા બિરાજે છે.

દેરાસરવાળા આ ભક્તિસંકુલમાં દાખલ થતાં ડાબી બાજુએ એક વ્યાખ્યાનમંદિરમાં શ્રીમદ્જીનો પદ્માસન મુદ્રામાં ભવ્ય ચિત્રપટ સ્થાપન કરેલ છે. ત્યાં મુખ્યત્વે સ્ત્રી સમુદાય સ્વાધ્યાય, અભ્યાસ કરે છે. આ વ્યાખ્યાનમંદિરની ઉપર શાંતિસ્થાન છે જ્યાં શ્રીમદ્ રાજચંદ્રજીના સુંદર ચિત્રપટની સ્થાપના કરેલ છે. અહીં પર્યુષણ આદિ પર્વોમાં પ્રતિક્રમણ થાય છે. ત્યાંથી પૂર્વમાં આવતાં 'શ્રી રાજમંદિર' છે, જેમાં શ્રીમદ્ રાજચંદ્રજીના તથા પ. પૂ. લઘુરાજસ્વામીના (પ્રભુશ્રીજીના) સુંદર ચિત્રપટોની સ્થાપના તેમજ આજ્ઞાનો શિલાલેખ છે. ત્યાંથી પૂર્વમાં પૂ. શ્રી બ્રહ્મચારીજીનો નિવાસખંડ છે, જ્યાં તેઓશ્રીના બે ચિત્રપટોની સ્થાપના કરેલ છે. ત્યાંથી પૂર્વમાં આગળ જતાં પ. પૂ. પ્રભુશ્રીજીનો નિવાસખંડ છે જ્યાં તેઓશ્રી સં. ૧૯૯૨ના વૈશાખ સુદ ૮ના દિને સમાધિસ્થ થયા હતા. ત્યાં તેઓશ્રીની પાટ અને ગાદી તેમજ લાકડી ઇત્યાદિ સ્મૃતિચિહ્ન તરીકે દર્શનાર્થે તેઓશ્રીના સુંદર ચિત્રપટની સાથે મૂકવામાં આવ્યા છે.

દેરાસરના ચોગાનની બહાર ઈશાન દિશા તરફ દેરીમાં પ્રભુશ્રીજીના પાદુકાજીની સ્થાપના તેમના અગ્નિસંસ્કાર સ્થળે કરેલ છે. તેનાથી આગળ જતાં પૂ. શ્રી બ્રહ્મચારીજીના અગ્નિસંસ્કાર સ્થળે સમાધિ સ્મારક બનાવવામાં આવેલ છે. હાલના સભામંડપમાં શ્રીમદ્જીનો કાયોત્સર્ગ મુદ્રાનો તેમના કદ પ્રમાણેનો ભવ્ય ચિત્રપટ સ્થાપિત કરેલ છે. હાલનો સભામંડપ પર્વના દિવસોમાં નાનો પડતો હોવાથી તેના સમાંતરે કરોડોના ખર્ચે આરસ-પહાણનો એક ૧૨૦'×૮૦'નો નૂતન સભામંડપ બાંધવામાં આવ્યો છે. કુલ ૧૭,૦૦૦ સ્કે.ફીટના આ સભામંડપમાં આશરે ૩૦૦૦ મુમુક્ષુઓ એક સાથે બેસીને ભક્તિ-સ્વાધ્યાય કરી શકે છે. આ નૂતન સભામંડપમાં શ્રીમદ્જીનો કાયોત્સર્ગ મુદ્રાનો ૧૩ ફુટ ઊંચાઈનો ભવ્ય વિશાળ ચિત્રપટ સ્થાપિત કરેલ છે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રભુશ્રીજીને કહેલું કે ''મુનિ, દુષમકાળ છે માટે જડભરત જેવા થઈને વિચરજો. રિદ્ધિ, સિદ્ધિ પ્રગટશે તેને ઓળંગી જજો. આ કાળના જીવો પાકા ચીભડાં જેવા છે. કડકાઈ સહન કરી શકે તેવા નથી, માટે કલ્યાણમૂર્તિ બનશો તો ઘણા જીવોનું તમારા દ્વારા કલ્યાણ થશે.''

સંવત ૧૯૭૬ થી ૧૯૯૨ સુધી આશ્રમમાં રહી પ્રભુશ્રીજીએ એક અનન્ય ભક્તિ ક્રમ ગોઠવી આપ્યો છે, જેનું આરાધન છેલ્લા લગભગ ૯૦ વર્ષથી અવિરત રીતે તેઓની આજ્ઞા પ્રમાણે આશ્રમમાં ચાલુ છે. આ આશ્રમની ભૂમિ પ્રભુશ્રીજીના ચરણસ્પર્શથી તેમજ નિવાસથી પાવન થઈ છે અને આજે પણ તેમની પવિત્ર ચેતનાથી સ્પર્શાયેલા પરમાણુઓનો આશ્રમમાં અનુભવ થાય છે.

સવારના ૪-૦૦ વાગ્યાથી શરૂ થઈ રાત્રિના ૯-૩૦ વાગ્યા સુધી નીચે પ્રમાણે ભક્તિના કાર્યક્રમો ચાલે છેઃ–

| | | |
|---|---|---|
| પ્રાતઃકાળમાં | ૪-૦૦ થી ૬-૩૦ | આત્મજાગૃતિના પદો, મંત્રસ્મરણ, આલોચના પાઠ, ચૈત્યવંદન, સ્તવનો આદિ. |
| સવારના | ૯-૦૦ થી ૧૧-૪૫ | ભક્તિના પદો, શ્રી સ્નાત્રપૂજા, શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની પૂજા અથવા અન્ય પૂજા. |
| મધ્યાહ્નમાં | ૨-૦૦ થી ૪-૧૫ | ભક્તિના પદો તથા વચનામૃત-વાંચન આદિ. |
| સાંજના | ૬-૦૦ થી ૬-૪૫ | દેવવંદન તથા ૪ સ્થળોએ આરતી-મંગળદીવો. |
| રાત્રિના | ૭-૧૫ થી ૯-૩૦ | ભક્તિના પદો, મંત્રસ્મરણ, શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની ભક્તિ તથા ઉપદેશામૃત અને બોધામૃતમાંથી વાંચન. |

(પર્વના દિવસોમાં કાર્યક્રમમાં તેમજ ઋતુ અનુસાર સમયમાં ફેરફાર કરવામાં આવે છે.)

આ આશ્રમમાં મધ્યસ્થ વાતાવરણ હોવાથી શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, વૈષ્ણવ સંપ્રદાયના તથા અન્ય સંપ્રદાયના પરંતુ આત્માને ઓળખવાની ભાવનાવાળા જિજ્ઞાસુ જીવો આવે છે અને રહે છે. આ પવિત્ર સત્સંગધામ, તીર્થશિરોમણી એવા આશ્રમની આ એક આગવી વિશિષ્ટતા છે.

પૂ. શ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગ સંવત ૨૦૧૦માં થયાને આજે ઘણા વર્ષ થયા છતાં અને કોઈ ઉત્તરાધિકારી નહીં હોવા છતાં પણ આ આશ્રમમાં જ્ઞાનીની આજ્ઞા અનુસાર ભક્તિ, સત્સંગનો નિશ્ચિત કાર્યક્રમ એકધારો પ્રવર્તી રહ્યો છે. આ આશ્રમમાં

આવનાર તથા રહેનાર દરેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભક્તિ સ્વાધ્યાયના કાર્યક્રમમાં હાજરી આપી ભાગ લેવો આવશ્યક છે. દરેકે માત્ર આત્માર્થે સત્સંગ, ત્યાગ, ભક્તિ આદિ અર્થે રહેવાનું છે. કોઈ પણ વિષયકષાય કે પ્રમાદ અર્થે આશ્રમમાં રહેવાની મનાઈ છે.

સંવત ૧૯૫૪માં પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીની વસો ગામે સ્થિતિ હતી ત્યારે પરમકૃપાળુદેવ ત્યાં પધાર્યા હતા. તે વખતે પ.પૂ. પ્રભુશ્રીજીને પરમકૃપાળુદેવે, જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનો આત્માર્થે સાધન માગે તેને સાત વ્યસન અને સાત અભક્ષ્ય વસ્તુઓ આદિના ત્યાગપૂર્વક નિત્યનિયમના પાઠો સાથે ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' મંત્ર આપવાની આજ્ઞા કરી હતી. આ પ્રમાણે પરમકૃપાળુદેવે વર્તમાન કાળમાં મોક્ષમાર્ગ પ્રગટ કર્યો તથા તેને જગતમાં પ્રવર્તાવવાનો અધિકાર પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીને આપ્યો. આ અધિકારને અનુસરીને પ્રભુશ્રીજીએ આશ્રમ માટે આ આરાધના ક્રમ યોજ્યો છે. આ વિષે પૂ. શ્રી બ્રહ્મચારીજી બોધામૃત ભાગ-૩ પત્રાંક ૯૮૦માં જણાવે છે કે :—

''પ. પૂ. પ્રભુશ્રીજીએ જે કાર્યક્રમ આશ્રમ માટે ગોઠવ્યો છે તે બહુ દીર્ઘદૃષ્ટિ વાપરી ચોક્કસ કર્યો છે. તેમાં રસ ન આવે તેટલી જીવને મુમુક્ષુતાની ખામી છે. પોતાની કલ્પનાએ પ્રવર્તવામાં આવે તેમાં તેને કંઈક રસ જણાય, પણ સ્વચ્છંદ પોષાય છે અને તે સંસારનું કારણ છે એમ વિચારી જ્ઞાનીપુરુષને માર્ગે મનને વાળવું એ જ હિતકારી છે. ન માને તો મનને હઠ કરી ક્રમમાં જોડવું હિતકર છે.''

***પ. પૂ. પ્રભુશ્રીજીએ પોતાના દેહોત્સર્ગના થોડા દિવસ અગાઉ સં. ૧૯૯૨ના ચૈત્ર વદ ૫ ના પવિત્ર દિવસે આ આજ્ઞાધર્મની સોંપણી પૂ. શ્રી બ્રહ્મચારીજીને કરી હતી. પૂ. શ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગ બાદ, પરમકૃપાળુદેવની પ્રત્યક્ષ આજ્ઞાથી કોઈ વંચિત રહે નહીં અને આજે પણ મુમુક્ષુજીવો તે આજ્ઞા માન્ય કરી આરાધી શકે તેવા શુભ આશયથી, જે સ્થાનેથી પ. પૂ. પ્રભુશ્રીજી તથા પૂ. શ્રી બ્રહ્મચારીજી આજ્ઞા આપતા તે 'શ્રી રાજમંદિર' તરીકે ઓળખાતા ધર્મસ્થાને એ નિત્યનિયમની આજ્ઞા તથા સ્મરણમંત્ર વિષે સમજણ આપતો પ. પૂ. પ્રભુશ્રીજીના ઉપદેશબોધ સાથે એક શિલાલેખ મૂકવામાં આવ્યો છે. આ શિલાલેખમાં બતાવ્યા પ્રમાણે આજે પણ ઘણા સત્સાધકો ''સંતના (પ્રભુશ્રીજીના) કહેવાથી કૃપાળુદેવની આજ્ઞા મારે માન્ય છે'' (ઉ૦ પૃ૦ ૨૭૩) એવી ભાવના કરી એ સ્થાનેથી પરમકૃપાળુદેવની પ્રત્યક્ષ આજ્ઞા શ્રદ્ધાપૂર્વક માન્ય કરી, આરાધવાનો નિયમ લે છે.***

આશ્રમમાં સાત વ્યસન, સાત અભક્ષ્ય, કંદમૂળ, રાત્રિભોજનનો સર્વથા ત્યાગ રાખવો. બ્રહ્મચર્ય પાલન આશ્રમમાં આવનાર અને રહેનાર માટે અનિવાર્ય અને આવશ્યક છે. આશ્રમનો એ મૂળભૂત પાયો છે. આ આશ્રમ સંબંધી પ. પૂ. પ્રભુશ્રીજી ઉપદેશામૃતમાં જણાવે છેઃ—

**''આ જગા કેવી છે, જાણો છો? દેવસ્થાનક છે! અહીં જેણે આવવું તેણે લૌકિકભાવ બહાર, દરવાજા બહાર મૂકીને આવવું, અહીં આત્માનું યોગબળ વર્તે છે.'' (પૃ૦ ૨૬૯) ''આ આશ્રમમાં કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રની આણ વર્તે છે. તે મહાન અદ્‌ભુત જ્ઞાની છે. આ પુણ્યભૂમિનું માહાત્મ્ય જુદું જ છે. અહીં રહેનારા જીવો પણ પુણ્યશાળી છે.'' (પૃ૦ ૪૩૩)**

આશ્રમમાં મુમુક્ષુઓને રહેવા અને જમવાની સારી વ્યવસ્થા છે. પર્વના દિવસોમાં હજારોની સંખ્યામાં મુમુક્ષુઓ આવી લાભ લે છે. આશ્રમના પુસ્તક વેચાણ વિભાગમાં આશ્રમથી પ્રકાશિત થયેલા ૧૨૦ થી વધારે પ્રકાશનોનું વેચાણ થાય છે, જેમાં શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ હસ્તક ચાલતી શ્રીમદ્ રાજચંદ્ર જૈનશાસ્ત્રમાળાના નામે પ્રકાશિત થયેલા શાસ્ત્રોનો પણ સમાવેશ થાય છે. (એ પુસ્તકોની સૂચિ આ પુસ્તકમાં અન્ય સ્થળે આપેલ છે.) વહીવટી કાર્યાલયની ઉપર પહેલે માળે નમૂનેદાર જૈન સાહિત્ય સંગ્રહ સ્થાન છે. જ્યાં ૫૦૦થી વધુ શાસ્ત્રોનો સંગ્રહ છે, જેમાં ઘણાં શાસ્ત્રો હસ્તલિખિત છે. આ શાસ્ત્રો વધારે સમય ટકે તે માટે એ બધાને લેમીનેટ કરી વ્યવસ્થિત રીતે રાખવામાં આવેલ છે.

આ આશ્રમનું સંચાલન સંવત ૧૯૮૦ના ચૈત્ર સુદ ૫, તા. ૯-૪-૧૯૨૪ના રોજ પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ કરેલ ટ્રસ્ટડીડ પ્રમાણે અને ત્યારબાદ ગુજરાત રાજ્યના માનનીય ચેરીટી કમિશનરશ્રીએ બનાવી આપેલ 'સ્કીમ'ની કલમોને આધીન ટ્રસ્ટીમંડળ દ્વારા કરવામાં આવે છે. સુજ્ઞ વાચક સારી રીતે સમજી શકશે કે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી સ્થાપિત આ આશ્રમમાં તેઓશ્રીની આજ્ઞા અનુસાર શ્રી સનાતન જૈન ધર્મની પ્રણાલી માન્ય છે. ધર્મનો એ ધોરીમાર્ગ અહીં સતત વહેતો રહે તે માટે આશ્રમનું ટ્રસ્ટીમંડળ તેમજ અન્ય સમજુ મુમુક્ષુવર્ગ હંમેશાં સજાગપણે પ્રયત્નશીલ છે, તેમ છતાંયે મિથ્યા માન્યતાવાળાઓનું પરિબળ પણ ચોતરફ દૃષ્ટિગોચર થાય છે. આ સંજોગોમાં આશ્રમની સત્ પ્રણાલીમાં હસ્તક્ષેપ કરી તેના મૂળ ધ્યેય અને આદર્શને નુકસાન પહોંચાડવાની ચેષ્ટા કરતા આવા તત્ત્વોથી ચેતતા રહેવાની અને વખત આવ્યે તેનો પ્રતિકાર કરવાની આપણા સૌની પવિત્ર ફરજ છે. આશ્રમનું અસ્તિત્વ જ જેને આધારે ટકી રહ્યું છે એવા આ પ્રાણપ્રશ્નના રક્ષણ માટે ટ્રસ્ટીમંડળ આપ સૌનો સહકાર વાંચ્છે છે. આત્મકલ્યાણના એક અનન્ય સ્થાન તરીકે જેઓ આ તીર્થભૂમિને ગણે છે તેઓ (આપણા આ આશ્રમના સૌ વ્યવહાર અને પરમાર્થના હિતચિંતક) તરફથી સંપૂર્ણ સહયોગ મળશે જ, એવી ટ્રસ્ટીમંડળ શ્રદ્ધા રાખે છે.

અંતમાં ફરીથી જણાવવાનું કે શ્રી સનાતન જૈન વીતરાગ માર્ગની ઉપાસના અને આરાધના અર્થે જ આ આશ્રમ છે. આ મૂળ ધ્યેયને સન્માન આપી ભાવપૂર્વક ટેકો આપી સર્વ મુમુક્ષુઓ આ આશ્રમનું ગૌરવ વધારે એવી નમ્ર વિનંતી છે.

આશ્રમના સંપર્ક માટે :— શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, સ્ટેશન અગાસ
(આણંદથી ખંભાત લાઈન ઉપર ત્રીજું સ્ટેશન)
પોસ્ટ : બોરીઆ-૩૮૮૧૩૦ વાયા : આણંદ (પશ્ચિમ રેલ્વે)
ટેલીફોન : ૦૨૬૯૨-૨૮૧૭૭૮ ફેક્સ : ૦૨૬૯૨-૨૮૧૩૭૮
E-mail Address: agasashram@gmail.in

ૐ

અહો સત્પુરુષનાં
વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ !
સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર,
પડતી વૃત્તિને સ્થિર રાખનાર,
દર્શનમાત્રથી પણ નિર્દોષ
અપૂર્વ સ્વભાવને પ્રેરક,
સ્વરૂપપ્રતીતિ, અપ્રમત્ત સંયમ
અને પૂર્ણ વીતરાગ
નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત;—
છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી
અનંત અવ્યાબાધ સ્વરૂપમાં
સ્થિતિ કરાવનાર !
ત્રિકાળ જયવંત વર્તો !
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

—શ્રીમદ્ રાજચંદ્ર

''સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ.''

—શ્રીમદ્ રાજચંદ્ર

ૐ

# બોધામૃત

(દ્વિતીય ભાગ)

## વચનામૃત - વિવેચન

**[વ૦ ૧] પ્રથમ શતક** ૧ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૨, સં. ૨૦૦૮
આસો વદ ૧૩, સં. ૨૦૦૮
(દીપાવલિ મહોત્સવનો પહેલો દિવસ)

પૂજ્યશ્રી– કોઈએ કૃપાળુદેવને એક શતક લખવાનું કહેલું. તેની કૃપાળુદેવ શરૂઆત કરે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષની એમાં વાત કહેવી છે. ધર્મ, અર્થ ને કામ એ ત્રણ વર્ગ કહેવાય છે. અને મોક્ષ છે તે અપવર્ગ છે. કૃપાળુદેવે ૧૯૪૦ માં 'મોક્ષમાળા' લખી તે સમ્યગ્દર્શન વિના લખાય નહીં. કૃપાળુદેવે છ દર્શનના વિચારો કર્યા હતા. મોટા મોટા પુરુષોએ કરેલા તેવા ઘણા વિચારો તેઓએ કર્યા હતા. આ મંગલાચરણ છે.

*

(સભામાં) **પ્રભુપ્રાર્થના**

સત્તરમા વર્ષ પહેલાં આ પ્રાર્થના કૃપાળુદેવે લખી છે. આપણને આ જગત જળહળ સ્વરૂપ દેખાય છે એમ એમને ભગવાન જળહળ સ્વરૂપ દેખાય છે. એની જ્યોતિને લઈને જ જગત દેખાય છે. સૂર્ય ન હોય તો અંધારું, એવું આત્મા ન હોય તો શું દેખાય? હે ભગવાન, તારા પ્રત્યે પ્રેમ થાય, જગત ઉપરથી પ્રેમ ઊઠી ભગવાન ઉપર થાય તે પ્રેમ પવિત્ર છે. જગતનો પ્રેમ અપવિત્ર છે. કૃપાળુદેવનું કવિત્વ વિદ્વત્તા ભરેલું છે. સંસાર ભયરૂપ લાગ્યો હોય, સંસાર દુઃખરૂપ લાગ્યો હોય તેના ભયને ભાંગી નાખનાર ભગવાનનું શરણ છે.

મુક્તિ આપવામાં ભગવાન કૃપણ નથી, પણ ભક્તિ આપવામાં કૃપણ છે. ભક્તિ હોય તો મુક્તિ સહજે આવે.

મુમુક્ષુ– એ ભક્તિ કેવી?

પૂજ્યશ્રી– સમ્યગ્દર્શન છે. ભક્તિ માટે પ્રભુશ્રીજીના બોધમાં આવે છે કે ભગવાનને ઓળખે તો ભક્તિ થાય. ઓળખીને ભક્તિ કરવાની છે. ભક્તિ આત્મા છે. ભક્તિ વિચાર છે. શબ્દો બોલે તે પણ ભક્તિ છે. ખરી ભક્તિ તો જ્ઞાન છે. સમકિત હોય તો ભક્તિ થાય અને મુક્તિ પણ આવે. પકડ કરી લેવી.

**''ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.''**

મરતાં સુધી સમભાવ–સમતા રાખે તે શૂરવીર છે. બધાનું કારણ સત્સંગ, ભક્તિ અને ગરજ છે. ગરજ હોય તો અંદર ઊતરે.

મુમુક્ષુ– જ્ઞાનીપુરુષો જ્યાં જ્યાં જુએ ત્યાં ત્યાં કર્મથી છૂટે છે; બંધાતાં નથી. તેનું શું કારણ?

પૂજ્યશ્રી– જેણે આત્મા જાણ્યો છે તેને સમભાવ રહે છે. પર્યાયદૃષ્ટિ જેની છૂટી ગઈ અને આત્મદૃષ્ટિ થઈ તેને જ્યાં જુએ ત્યાં આત્મા દેખાય. જોવા યોગ્ય તો રત્નત્રય છે, તે જીવ જોતો નથી. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. પોતામાં દોષ હોય તો બીજામાં દોષ જ દેખે. પોતે રાગવાળો હોય તો રાગ જ બાંધતો ફરે. પ્રાણ જાય પણ બીજામાં મારે વૃત્તિ ન જવા દેવી, અનીતિ ન કરવી, એવી દૃઢતા કરવી, તો ધર્મ થાય.

જ્ઞાનીનાં વચનો સાંભળવા યોગ્ય છે. રોજ બોલીએ છીએ :

**''ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન.''**

ભજન બોલે પણ ભાન નથી. એનું ભાન કરવાનું છે. 'મોક્ષમાળા'માં કૃપાળુદેવે લખ્યું છે કે ''એમ કરશો તો તમે જ્ઞાન, ધ્યાન, નીતિ, વિવેક અને આત્મશાંતિ પામી શકશો.'' પણ આપણને તો કંઈ માહાત્મ્ય લાગતું નથી. આળસ મોટો શત્રુ છે.

[વ૦ ૨] પુષ્પમાળા–૧ (સાંજના) ૨ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૬, સં. ૨૦૦૮

મુમુક્ષુ– (૧) ''રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટળવાનો પ્રયત્ન કરજો.'' એમ કૃપાળુદેવે 'પુષ્પમાળા'માં કહ્યું છે. તે ભાવનિદ્રા એટલે શું?

પૂજ્યશ્રી– રાત્રિ એટલે શું? પ્રભાત થયું એટલે શું? રાત્રિમાં કંઈ કામ થાય નહીં. રાત્રિમાં રસ્તો દેખાય નહીં એવી પરાધીનદશાને રાત્રિ કહે છે. મનુષ્યભવ મળ્યો તે સવાર જેવો છે. આ મનુષ્યભવ મળ્યો તે પ્રભાત થયું. મોક્ષમાર્ગ સમજાય એવો લાગ આવ્યો. રાત્રિમાં કંઈ કામ ન થાય. સવારમાં જે કંઈ કરવું હોય તે થઈ શકે છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય આદિરૂપ રાત્રિ વ્યતીત થઈ. મનુષ્યભવ મળ્યો તે પ્રભાત છે.

આપણે જેને રાત્રિ કહીએ છીએ તે એમને નથી કહેવી, પણ ગંભીર આશયવાળા શબ્દો છે. રાત્રિ ગઈ એટલે જે વખતે કંઈ કામ ન થાય એવા ભવ છૂટી મનુષ્યભવ મળ્યો. તેમાં શું કરવાથી મોક્ષ થાય? એ બધા રસ્તા દેખાય. નિદ્રાથી મુક્ત થયા એટલે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય આદિ પરાધીનતા છૂટી ગઈ. ભાવનિદ્રા એટલે મોહ. તેને ટાળવા પુરુષાર્થ છે. મોહમાં ઊંઘે છે. દર્શનમોહ છે તે દેહને આત્મા અને આત્માને દેહ મનાવે છે. એ મોટી ભૂલ છે. બધી ઇન્દ્રિયોમાં કામ કરનારો જીવ છે તે દેહ નથી. મોહથી વિપરીત ભાસે છે. ભાવનિદ્રા દૂર થાય ત્યારે દેહ ને આત્મા ભિન્ન લાગે. દેહ માત્ર સંયોગ છે; જડ છે, દૃશ્ય છે. આત્મા અસંગ, અવિનાશી છે. દેહ ન જાણે, આત્મા જાણે. દેહ રૂપી છે અને આત્મા અરૂપી છે; રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દથી રહિત છે. જ્ઞાન, દર્શન આદિ આત્માના ગુણો છે. આત્મા દ્રષ્ટા છે, દેહ દૃશ્ય છે. જેમ છે તેમ પદાર્થને જાણે તો ભાવનિદ્રા દૂર થઈ કહેવાય. મોહનિદ્રામાં હોય ત્યાં સુધી ભાન ન થાય.

[વ૦ ૨] પુષ્પમાળા–૧ થી ૩૧ 3 શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૪, સં. ૨૦૦૮
(સભામાં) (દીપાવલિ મહોત્સવનો બીજો દિવસ)

પૂજ્યશ્રી– (૧) રાત્રિ વ્યતિક્રમી ગઈ એટલે શું? જ્ઞાનીપુરુષોનું, રાત હતી તે જતી રહી એટલું જ કહેવું નથી. જે વખતે કંઈ ભાન નથી, તેવા વખતને રાત્રી કહી છે. તેમ આ જીવ લક્ષચોરાશીમાં ભટકતો હતો, તે વખતે રાત્રી જેવું હતું. મોક્ષમાર્ગનો યોગ નહોતો. તે મટી આ મનુષ્યભવ મળ્યો તે રાત્રી વ્યતિક્રમી ગઈ અને સત્પુરુષનો યોગ થયો તે પ્રભાત થયું કહેવાય.

મુમુક્ષુ– ભાવનિદ્રા એટલે શું?

પૂજ્યશ્રી– આત્માનું અજ્ઞાન. એ અજ્ઞાન ટાળવા માટે પુરુષાર્થ કરવાનો છે. મનુષ્યભવ મળ્યો. સત્પુરુષનો યોગ થયો તો હવે કરી લેવું. સામગ્રી મળી તો તેનો ઉપયોગ કરી મોક્ષમાર્ગે ચાલ્યા જવું.

(૨) કૃપાળુદેવને ઘણા ભવનું જ્ઞાન હતું. આ મનુષ્યભવ પહેલાંની વાતો એમને યાદ હતી. પણ આપણને એની ખબર નથી. આપણે આ ભવમાં કેટલાં પાપ કર્યાં તે વિચારવાં. પ્રતિક્રમણ કરે છે તેમ દોષોને તપાસીને મોક્ષમાર્ગે વળો.

(૩) 'પુષ્પમાળા'નું એક વચન પણ પકડે તો આત્મા સુગંધિત થાય. સત્પુરુષ મળ્યા હોય, તેમની આજ્ઞા આરાધી હોય તો તેને માટે રાજી થાઓ અને દોષો થયા હોય તો એવા દોષો ફરી ન થાય એવી પ્રતિજ્ઞા લો.

(૪) ''ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો, છતાં સિદ્ધિ થઈ નહીં.'' જીવને જાગૃત કરે એવું વાક્ય છે. એનો વિચાર કરે તો લાગે કે કેટલાય કાળથી જન્મમરણ, જન્મમરણ કરે છે અને કંઈ થયું નહીં. હવે આ મનુષ્યભવ મળ્યો. જે જે ભવોમાં જ્ઞાનીપુરુષોનો યોગ થયો તે નિષ્ફળ ગયો.

''ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો, છતાં સિદ્ધિ થઈ નહીં.'' એ વાક્યની મને ઘણી અસર થઈ હતી. ગાડીમાં બેઠો હતો અને પુસ્તકમાં પહેલું જ વાંચ્યું કે ''ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો છતાં સિદ્ધિ થઈ નહીં.'' કૃપાળુદેવે સોળમે વર્ષે આ 'પુષ્પમાળા' લખી છે. એમાં પોતાના અનુભવની જ વાતો છે.

(૫) કેટલાય વર્ષો ઉપર વર્ષો ગયાં અને કશું થયું નથી તો ફરી ફરીને શરમા. એને કંઈક શરમ આવતી હોય તો ચેતે. એક્કે સદ્ગુણ પ્રાપ્ત કર્યો નથી. ''નહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય?'' રોજ બોલીએ છીએ.

(૬) સારું કામ ન કર્યું હોય તો શરમા અને પાપનું કામ કર્યું હોય તો વધારે શરમા અને ન કરવાની પ્રતિજ્ઞા લે. એ પ્રતિજ્ઞા લે તો જીવ સુધરે; દૃઢતાથી સુધરે. જ્ઞાનીનો રસ્તો આઘો નથી, પણ એને દેખાતો નથી. પોતાને ન છાજે એવું કામ કર્યું હોય તો હવે પ્રાણ જાય તો પણ એવું કાર્ય ન કરું એવી પ્રતિજ્ઞા લે. જ્યાં સુધી મનુષ્યભવ છે ત્યાં સુધી બધું કરી શકે.

*(૭) મુમુક્ષુ– 'પુષ્પમાળા'માં કૃપાળુદેવે કહ્યું છે કે ''એક પ્રહર ભક્તિકર્ત્તવ્ય, એક પ્રહર ધર્મ-

* જેઠ સુદ ૬, સં. ૨૦૦૮ના રોજ પૂછેલ પ્રશ્ન.

કર્ત્તવ્ય'' એ ભક્તિ અને ધર્મમાં શો ફેર છે?

પૂજ્યશ્રી– મેં પ્રભુશ્રીજીને પૂછેલું કે 'પુષ્પમાળા'માં ભક્તિકર્ત્તવ્ય અને ધર્મકર્ત્તવ્ય એમ કહ્યું છે, એમાં શો ફેર છે? પછી પ્રભુશ્રીજીએ કહ્યું હતું કે જ્ઞાનીની આજ્ઞા મળી તે વીશ દોહરા, ક્ષમાપના, મોઢે કરેલું ફેરવીએ એ ભક્તિ. ધર્મ તો આત્મસ્વભાવ છે. પોતાના સ્વભાવમાં રહેવું તે ધર્મ છે તે આગળ ઉપર ખબર પડશે. કષાય મંદ પડે ત્યારે સ્વભાવમાં રહેવાય.

મનુષ્યભવ દુર્લભ છે. સત્પુરુષનો યોગ, દીર્ઘાયુષ્ય એ પણ દુર્લભ છે. દેહ છૂટી જાય તો કરવું રહી જાય. થોડો કાળ પણ ભક્તિમાં ગાળવો. ધર્મનું સ્વરૂપ અનુભવ થશે ત્યારે સમજાશે. પાંચ ઇન્દ્રિયના વિષય, કષાય, સ્વચ્છંદ ટાળવા. આત્મસ્વભાવ એ જ ધર્મ છે.

ત્રણ કલાક સુધી તો ભક્તિ કરવી જ, ત્રણ કલાક આત્માના ધ્યાનમાં રહેવું. ત્રણ કલાક આહારના છે. રોજ કંઈક નવું શીખવા માટે, વિદ્યાભ્યાસ કરવા માટે ત્રણ કલાક છે. ઊંઘવાના છ કલાક કહ્યા છે. એથી વધારે ઊંઘે તો કૃપાળુદેવનું વચન ન પાળ્યું કહેવાય. છ કલાકથી વધારે ઊંઘે તો શરીર પણ બગડે. કમાવું હોય તો છ કલાકમાં કરી લેવું. આખો દિવસ ધંધો કરવાનું નથી કહ્યું. આજીવિકા માટે છ કલાકમાં પૂરતું મળી આવે, છ કલાક બહુ છે. રળવાના છ કલાક કૃપાળુદેવે કહ્યા છે. કંઈક વાંચવું, વિચારવું, ગોખવાનું રાખવું. આહાર-પ્રયોજન હાલમાં વધી ગયો છે.

(૮) ચામડી વગરનું માણસ કેવું દેખાય? જોવું ન ગમે. માખીઓ બેસતી હોય, વિષ્ટા પડતી હોય, એવું શરીર હોય તો તે જોવું ન ગમે. ચામડીથી ઢાંક્યું છે તેથી મોહ થાય છે. કામીને એ મોહ કરાવનાર છે. અંતરદૃષ્ટિથી વિચારવું. ''જોતાં ઝેર છે, પગ મૂકતાં પાપ છે, માથે મરણ છે.''

(૯) મનુષ્યભવ શાથી મળ્યો છે? પૈસા ખર્ચવાથી મળ્યો છે કંઈ? સત્પુરુષની કૃપાથી મળ્યો છે. ધર્મ કરીને શું કરવું છે? ખાવું, પીવું અને લહેર કરવી એમ કેટલાક માને છે, પણ આ દેખાય છે તે બધું આંખ મીંચાશે ત્યારે અહીં જ મૂકીને જવું પડશે. ધર્મ કર્યો હતો તો આ બધું મળ્યું છે. વિચાર કરે તો લાગે કે કંઈક પૂર્વે જીવે કર્યું છે ત્યારે આ મળ્યું છે.

(૧૧) ગમે તે ધર્મ માનતો હોય, તો પણ સર્વ પ્રાણીમાં સમદૃષ્ટિ રાખવી. એ સમદૃષ્ટિ આવે તો બધા સુખી થાય.

(૧૨) દયામૂળ ધર્મ છે. કોઈ પ્રાણીને હણવું નહીં. આપણને જેવું દુઃખ થાય છે તેવું તેને પણ દુઃખ થાય છે. ઘરમાં પ્રાણીઓ પાળેલાં હોય તેનાથી ગજા ઉપરાંત કામ ન લેવું.

(૧૩) જે વાટે સત્પુરુષો ચાલ્યા છે તે જ ધર્મ છે.

(૧૪) બધા મહાપુરુષોનો એક જ રસ્તો છે. બધાય એ જ રસ્તે આવ્યા ત્યારે મોક્ષ પામ્યા. માન્યતામાં ફેર છે.

(૧૫) જગત સારું છે એમ જીવ માને છે તે મોહ છે. જેથી આત્મા પવિત્ર થાય તે ધર્મને તું માન. જેથી આત્મા પવિત્ર થાય તે જ સાચો ધર્મ છે. ગમે તે ધર્મ માનતો હોય પણ જેથી

સંસારમળ એટલે રાગ, દ્વેષ અને અજ્ઞાન નાશ થાય તે ધર્મને માન. પછી ગમે તો તે વેદાંત હો, વૈષ્ણવ હો કે જૈન હો. જે ભક્તિનું ફળ સંસારમળ નાશ થાય તેવું છે તે ભક્તિને તું સેવ. સંસારમળ નાશ થાય તે ધર્મનું ફળ છે. સંસારમળ નાશ થાય તે જ સદાચારનું ફળ છે.

(૧૬) કોઈને ત્યાં નોકરી કરતો હોય, પણ મારે પવિત્રતા જોઈએ છે એ લક્ષ રાખવો. પવિત્રતા વિના છૂટકો નથી. પવિત્રતાથી મોક્ષ થાય છે, માટે પવિત્રતા કરવી છે. છૂટવાનો લક્ષ રાખજે. પવિત્રતાની ભાવના છોડવા જેવી નથી. પવિત્ર થયા વિના છૂટકો નથી. મારી શી વલે થશે, એમ વિચારવું.

(૧૭) પાંચ ઇન્દ્રિયના વિષયોમાં પડ્યો છે, માથે મરણ છે તો મારી શી દશા થશે, એમ વિચારવું. ઘણા જીવોનું કલ્યાણ થાય તેવાં વચનો છે. આ જાણે આજે જ સાંભળ્યાં હોય, કોઈ વખતે જાણે સાંભળ્યાં જ નહોતાં એમ લાગે છે.

(૧૮) કોઈને દુઃખ આપવાની ભાવના હોય તો પહેલાં પોતાને દુઃખી કરી જો. પછી બીજાને દુઃખી કરજે.

(૧૯) થોડીક વાર પછી મરી જવાનું છે, માટે સદાચાર સેવજે. મુખ્ય વાત સદાચાર ભણી આવવાની છે.

(૨૦-૨૨) રાજા હો કે રંક હો પણ પ્રમાદ ન કરીશ. ગમે તે સ્થાનમાં પણ તું ભલો થા. ભલો થઈશ તો તનેય સુખ થશે અને બીજાને પણ સુખ થશે અને બુરો થઈશ તો તું પણ દુઃખી થઈશ અને બીજાને પણ દુઃખી કરીશ, માટે ભલો થા.

(૨૩) શામાં પૈસા વાપરું છું તે વિચારજે. પોતાનું જીવન બગાડવા માટે પૈસા નથી. ખાવા માટે પૈસા કમાઉં છું કે શા માટે? પૈસા કંઈ સાથે આવવાના છે? તે મને કહેજે. બધાને માટે આ વચન છે.

(૨૪) અનાજના વેપારમાં ઘણું પાપ છે. માટે બહુ પાપ ન કરીશ. એ વેપાર છોડી બીજું કરજે.

(૨૫) કસાઈનો ધંધો હોય તો તારા જીવના સુખનો વિચાર કરજે.

(૨૬) તને કંઈ સમજણ આવી હોય તો વિદ્યા શીખ અને ગુરુની, મા-બાપની આજ્ઞા માન્ય કર.

(૨૭) યુવાન હો તો નવરો ન રહે. ધર્મનાં કામ શીખ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર. બ્રહ્મચર્યથી જીવન સફળ થાય અને ધર્મમાં ઉદ્યમ કરે તો પાપ ન બંધાય.

(૩૧) કૃપણ હો તો કંઈ કહેવું જ નથી. કૃપણ સારી ગતિમાં જાય જ નહીં. એને શિખામણ આપે તોય માને નહીં. પૈસા આપે તો રાજી થાય.

**[વ૦ ૨] પુષ્પમાળા–૫૧ થી ૫૫** (સવારના સભામાં) ૪ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– (૫૧) ક્યાં પહેલાંનાં પૂર્વોનાં આયુષ્ય અને ક્યાં આ કાળનાં ટૂંકાં આયુષ્ય! ઝાડના પાંદડા ઉપર પડેલા બિંદુ જેવું છે. અપૂર્વ વસ્તુ મળી છે. સાચવીને વાપરે તો ઠીક છે, નહીં તો એમનો એમ મનુષ્યભવ જતો રહે છે. જંજાળનું કારણ મારાપણું છે. જંજાળ ઓછી થાય તો એને

કોઈ પૂછવા આવે નહીં. મારું ઘર, મારાં છોકરાં એ બધું 'હું ને મારું' જંજાળ છે. હું પૈસાદાર છું, હું મોટો છું એ બધી જંજાળ છે. અહંભાવ કાઢીને વિચારવું કે હું તો બધાથી નાનો છું. વિશાળદૃષ્ટિ થાય તો જીવને જંજાળ ઓછી થાય. જંજાળ લાગતી નથી, પણ મીઠાશ લાગે છે. મોક્ષે જવું હોય તો બીજાં કામ ઓછાં કરવાં પડશે. ચક્રવર્તી જેવા પણ છ ખંડ છોડીને ચાલી નીકળ્યા ત્યારે મોક્ષ થયો. કૃપાળુદેવે કહ્યું છે ''સકળ જગત તે એઠવત્.''

(૫૨) જગતમાં છોકરાં, છૈયાં, પૈસા બધો એંઠવાડો છે. એ એંઠવાડામાં વૃત્તિ હોય ત્યાં સુધી ભગવાન પ્રત્યે વૃત્તિ કેવી રીતે થાય? એને ચોખ્ખી કરી ભગવાન પ્રત્યે વૃત્તિ કરવાની છે. જીવને સુખ લાગે છે તે સ્વપ્ના જેવું છે. જ્ઞાનીનું કહેલું ગમતું નથી. એ સુખમાં ગૌણતાએ દુઃખ રહ્યું છે, દુઃખનાં બીજ પડ્યાં છે. જીવ અજ્ઞાની ને આંધળો છે. એને કંઈ ખબર નથી. ફળ શું આવશે, તેની ખબર નથી. એંઠવાડામાં જીવ રમત કરે છે. પોતાનું મનુષ્યપણું ગુમાવી દે છે અને પાછું દુઃખ ઊભું કરે છે. છૂટવા માટે મનુષ્યભવ મળ્યો છે. મરણ થાય તો કંઈ વાંધો નથી, એ ભયંકર નથી પણ જે આત્માને ભૂલે છે તે મોટું મરણ છે. બળ્યો આ સંસાર, એમ કરી જેને છૂટવાની ઇચ્છા હોય તે ભગવાનને સંભારે. પુણ્ય કર્યું હોય અને તેથી સ્ત્રી, પુત્ર, ધન વગેરે મળ્યું હોય તો એને દુઃખ માનવું અને ન મળ્યું હોય તો સુખ માનવું.

(૫૩) જીવને આત્માનું કલ્યાણ કરવું હોય તો સદાચાર સેવવા. પવિત્રતાની ઓળખાણ નથી જીવને. પોતાનો સ્વચ્છંદ રોકવાનો છે. જગત ભલે ગમે તેમ કહે, પણ મારે તો એ જ કરવું છે, એમ લાગશે તો કલ્યાણ થશે.

કર્મ કલંકથી જે રહિત થયા, ''અને કર્મરજથી કરીને મલિન છું.'' એ મલિનતા જેણે ટાળી અને સિદ્ધ થયા તે પવિત્રતા છે. ''તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યા નહીં.'' એ ઓળખાય, પાપ ન બંધાય તે પવિત્રતા છે.

*(૫૪) ચિત્ત કંઈ ઠેકાણે હોય તો ગ્રહણ થાય. જ્ઞાનીપુરુષ પાસે ઘણી શિખામણ છે, પણ એનું મન તરંગમાં ફરે છે. તેથી શું કહે? મન દોરંગી છે, ઠેકાણા વગરનું છે. એ મોટો દોષ છે. જેના મનનું ઠેકાણું નથી તેને કંઈ કહેવું નથી.

(૫૫) આત્માર્થીને કષાયની ઉપશાંતતા હોય છે. કોમળ વચન બોલવું. જેવું હોય તેવું બોલવું એ બહુ ઉત્તમ ગુણ છે. સત્ય એ જગતનો આધાર છે. ક્રોધની પીડાથી વચન બોલીશ નહીં, માનથી બોલીશ નહીં, માયાથી બોલીશ નહીં, લોભથી વચન બોલીશ નહીં. કષાયરહિત વચન બોલવું. મધુરતા છે તે આત્માનો ગુણ છે. આત્મા ભણી વૃત્તિ રહે તો મીઠાશ રહે. આત્મા ભણી વૃત્તિ રહે, શાંતિ રહે તો મીઠાશ આવે. સમ્યગ્દૃષ્ટિને ભગવાનનાં વચન મીઠાં લાગે છે. અંદરથી માન સહિત બોલે તો સાંભળનારને કાંટો લાગ્યો હોય એવું લાગે. સત્યને લઈને વિશ્વાસ છે અને વિશ્વાસે વહાણ ચાલે છે. જીવને કર્મ ન બંધાય એટલા માટે જ્ઞાની શિખામણ આપે છે કે મારે બોલવું પડે તો સત્ય બોલવું છે, શૌચ બોલવું છે, શાંત બોલવું છે એવો લક્ષ રાખી બોલવું.

* મન દોરંગી થતું જાળવવાને માટે મોક્ષમાળા શિક્ષાપાઠ ૧૦૦ નું વિવેચન જુઓ, પૃ. ૩૫.

કોઈ ગુનો થયો હોય અને સાચું બોલી જાય તે મૌન કરતાં ઉત્તમ છે. અને સત્ય પણ પ્રિય બોલવું તે બહુ ઉત્તમ છે. તેના કરતાં ધર્મ સ્વરૂપ બોલવું તે બહુ ઉત્તમ છે.

**[વ૦ ૨] પુષ્પમાળા–૬૯ થી ૮૭** (સવારના સભામાં) **૫** શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– (૬૯) મનુષ્યભવ શા માટે મળ્યો છે? મોક્ષ માટે મળ્યો છે. મોક્ષ બીજા ભવોમાં ન થાય. આત્માનું હિત થતું હોય તો બીજી વસ્તુમાં ચિત્ત રાખીશ નહીં. બીજી વસ્તુઓ તો ઘણી વાર મળી છે, પણ આત્મહિત થયું નથી. ભલે દેહ છૂટી જાય પણ આત્મહિત કરવું. સમ્યગ્દૃષ્ટિને નિષ્કાંક્ષિત ગુણ પ્રગટે છે. તેથી એને બીજી વસ્તુઓની ઇચ્છા રહેતી નથી.

*(૭૩) મુમુક્ષુ– 'આરોગ્યતા,' 'મહત્તા', 'પવિત્રતા' અને 'ફરજ' એટલે શું?

પૂજ્યશ્રી– આરોગ્યતા એટલે પહેલાં વિશેષ ખાવાનું વિચાર કરીને કરજો. જીભના સ્વાદને લઈને અપથ્ય ન ખાય, વધારે ન ખાય. ખાવા માટે જીવવું નથી; જીવતાં રહેવા માટે ખાવું છે. ઇન્દ્રિયોમાં તણાવું નથી. સંસારમાં જે કંઈ મહત્તા કહેવાતી હોય તેને કલંક ન લાગે તેવી રીતે વર્તે, તે વિચક્ષણ છે. પોતાની ફરજ–જે કામ કરવાનું હોય તે ચૂકે નહીં. જરૂર પૂરતું ભોજન કરવું. વિવેકબુદ્ધિથી કરવાનું છે. પવિત્રતા એટલે દોષો દેખીને ટાળવા, એ કરવાનું છે. પવિત્ર પુરુષના સ્મરણથી પવિત્ર થવાય છે. જેવા થવું હોય તેવાને સંભારવા. પવિત્રતા ઓળખવી. મલિન ભાવો અને મલિન વર્તનથી ડરતા રહેવું. વિવેકી, મૂળ વિચાર ઉપર લક્ષ રાખે છે.

કૃપાળુદેવે 'પુષ્પમાળા'ના વચનો લખ્યાં છે તે બહુ ગંભીર છે.

(૭૮) અભિમાન કરવા માટે દાન વગેરે કરવાનું નથી. રોજ તપાસે તો અભિમાન ન થાય. નહીં તો અભિમાન થયા વિના ન રહે. મેં દાન દીધું તે સારું કર્યું એમ માનવું, પણ હું દાન દેનાર છું, એમ અભિમાન ન કરવું. ''પાપ મૂળ અભિમાન.'' પરોપકાર કરીને અભિમાન કરે તો પરોપકાર પણ નાશ પામે.

(૭૯) મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. ભૂલો ઘણી થાય છે. એ ભૂલો જે જાણે છે તે ટાળી શકે છે. ફરી એવા દોષ ન કરે તો અટકી જાય. નહીં તો વ્યસન પડી જાય પછી અટકી શકે નહીં.

(૮૦) હવે ફરી જન્મવું ન પડે એવું કરવું. આવી પડ્યા તે આવી પડ્યા, પણ હવે ફરીથી ન જન્મવું પડે એવું કરવું. નિવૃત્તિમાં મોક્ષના વિચાર કરવા, વ્યવહારના વિચાર ન કરવા.

(૮૧) 'પુષ્પમાળા' વાંચવાનું કારણ શું? એ વાંચીને એ પ્રમાણે વર્તવું. તો આનંદ પણ આવે. આખી જિંદગી જ્ઞાનીનાં વચન પ્રમાણે ગાળવી છે, એવો વિચાર કરી બને તેટલું કરવું.

(૮૨) ભગવાનનાં વચનો સમજવામાં, શ્રદ્ધવામાં જેટલો કાળ ગયો તેટલું મનુષ્યભવનું સફળપણું છે. જ્ઞાનીનાં વચનોમાં જેટલી તલ્લીનતા તેટલું મનુષ્યભવનું સફળપણું થયું.

(૮૫-૮૬) વિષયમાં દુઃખ છે. ''એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર.'' વિષયને લઈને વૈર-વિરોધ થાય છે. પાંચ ઇન્દ્રિયના વિષયને લઈને બધું થાય છે. સત્પુરુષ પાસેથી કંઈક સાંભળે પણ વિશ્વાસ ન રાખે તે અધમ પુરુષ છે. જ્ઞાન હશે તો શાંતિ આવશે અને તપ હશે તો, શાંતિ

* જેઠ સુદ દ્વિ. ૭, સં. ૨૦૦૮ના રોજ પૂછેલ પ્રશ્ન.

આવશે. ઇન્દ્રિયોને વશ કરશે તો શાંતિ આવશે. લોભ હશે તો શાંતિ નહીં મળે. ઈર્ષ્યા કરીશ તો ધર્મ નહીં રહેશે, તારું ધર્મિષ્ઠપણું જતું રહેશે.

(૮૭) જીવ જેની સેવા કરે તેના જેવો થાય. દારૂ પીનારની સેવા કરવા રહ્યો હોય તો એય દારૂ પીતાં શીખે.

**[વ૦ ૨] પુષ્પમાળા–૯૭ થી ૧૦૮** ૬ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–(૯૭) જેટલી ઉપાધિ વધારે તેટલી વધારે અનાથતા છે. એમ [૧]શ્રેણિકને અનાથી મુનિએ કહ્યું, તે એને બેસી ગયું.

(૯૮) સમજીને સહનશીલતા રાખે તો ઘણો લાભ થાય. એક કડવું વચન સહન કરે, એનું મન ઊંચું-નીચું ન થાય તો છ મહીનાના ઉપવાસનું ફળ થાય. અને મનમાં તો ઊંચું-નીચું થાય, છતાં ઉપરથી સહનશીલતા રાખે તો કંઈ કામનું નથી.

ક્રોધમાં આવી કોઈને કશું કહેવું નહીં. એવી વાણી પોતાને નુકસાન કરે છે અને બીજાને પણ નુકસાન થાય છે. સજ્જનને કોઈ ગાળ ભાંડી જાય તો પણ સહનશીલતા રાખે છે. મુમુક્ષુએ બહુ વિચારવા જેવું છે. કોઈ આપણને દુઃખ આપે તો મારાં કર્મ ખપે છે એમ માનવું. સંસારમાં સુખ દેનારા તો ઘણા મળે પણ પોતાના દોષ દેખાડનારા કોણ મળે? માટે ક્રોધ તેના પર ન કરવો. કોઈની નિંદા કરવી, મશ્કરી કરવી વગેરે આત્માને કર્મ બંધાય તેવું કરે, તે બધું માઠું છે. જે કોઈ પરની નિંદા કરે છે, તે તેના પાપ ધુએ છે અને પોતાનું પુણ્ય ખોઈ દે છે. પુણ્ય આપીને પાપ લે છે, એવો વેપાર કરે છે. કોઈએ આપણને કઠોર વચન કહ્યું હોય અને આપણે ક્ષમા રાખીએ તો છ મહિનાના ઉપવાસનું ફળ થાય. જેણે જેણે ક્ષમા રાખી તે જ મોક્ષ પામ્યા છે. [૨]ગજસુકુમારનું દૃષ્ટાંત મોક્ષમાળામાં આપ્યું છે ને? 'મને મોક્ષની પાઘડી બંધાવી' એમ એ માનતા હતા. જીવ ગ્રહણ કરે તો ઘણો લાભ છે.

(૯૯) પુરુષાર્થ વગર તો આગળ વધાય એવું નથી. મનુષ્યપણું દુર્લભ કહ્યું છે. મનુષ્ય થઈને પશુપણે વર્તે તો હસવા જેવું છેને?

(૧૦૦-૧૦૧) શક્તિ મળી છે તે કર્મ બાંધવા માટે મળી નથી. પણ હવે ફરીથી પાપ ન બંધાય તે માટે મળી છે. ખામી છે સત્સંગની.

(૧૦૨) સરળ જીવ હોય તેનાથી ગ્રહણ થાય. 'હું જાણું છું, હું સમજું છું' એમ જેને હોય તેનાથી ગ્રહણ ન થાય. 'હું જાણતો નથી' એમ જેને હોય તેનાથી ગ્રહણ થાય છે. ડાહ્યા થવા માટે કંઈ કહેવું નથી. સરળ જીવ હોય તે ગ્રહણ કરી શકે. ધર્મનું બીજ સરળતા છે. સરળતા મોક્ષનું બીજ છે. સરળતા એ ધર્મ પામવામાં નિમિત્તરૂપ છે, પણ પ્રજ્ઞા સહિત હોય તો. નહીં તો પાછી સરળતા દોષરૂપ થઈ જાય.

(૧૦૩-૧૦૪) મર્યાદા ઓળંગે નહીં તે ધર્મને યોગ્ય છે. સદ્ગુણ ગમે તેમાં હોય તે વંદનીય છે.

**૧.** વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મો.શિ.પાઠ ૫ થી ૭, **૨.** વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મો.શિ.પાઠ ૪૩.

(૧૦૫) ભગવાનનાં દર્શન થાય ત્યારે એમ થાય કે મારાં અહોભાગ્ય કે ભગવાનનાં દર્શન થયાં. એમ થઈ નમ્રતા આવે તે, અને શુદ્ધ અંતઃકરણથી ભગવાનની ભક્તિ કરે, એ જ્ઞાનીએ વખાણ્યાં છે.

(૧૦૬) જ્ઞાનીપુરુષો કહે છે કે સદાચાર પાળે તે જ સુખી છે, સત્‌શીલ પાળે છે તે જ સુખી છે. દુરાચારનો લેશ પણ જ્યાં હશે ત્યાં સુધી જરા પણ સુખ થશે નહીં. ભ્રાંતિને લીધે સુખ માને છે, પણ પાછળથી ઘણો પશ્ચાત્તાપ થાય. સત્‌શીલ છે તે મોક્ષને રસ્તે લઈ જાય. સૂક્ષ્મ વિચારથી જોશો કે સદાચારથી દુઃખ છે કે સુખ? વિચાર કરશો તો સુખ જણાશે. સત્ છે તે આત્મા છે. એ આત્માને જાણવો છે. આત્માના સ્વભાવમાં રહેવું તે શીલ છે. જ્ઞાન અને ચારિત્ર બન્ને એમાં આવી ગયાં.

(૧૦૭) દરેક મુમુક્ષુએ પોતાના દોષ જોવા. પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા આવશે ત્યારે મુમુક્ષુતા આવશે. પછી દોષ કાઢવાની તત્પરતા થશે. કૃપાળુદેવે આખી 'પુષ્પમાળા'નો આ સાર કહી દીધો કે દોષને ઓળખી દોષને ટાળવા. દોષ છોડવા. જીવનું કલ્યાણ થાય તેવું આ કહ્યું. કલ્યાણ થઈ જાય તેવી આ વાત છે.

(૧૦૮) 'પુષ્પમાળા' રોજ વાંચે, આખી નહીં તો થોડાં પણ વચનો વાંચે તોય મંગલદાયક થાય. લોકો પુષ્પની માળા પહેરે છે, તેને લેવા માટે દોડે છે. એના કરતાં આ 'પુષ્પમાળા' મોઢે કરી હોય તો કેવું થાય!

**[વ૦ ૪] ધર્મ વિષે** (સવારના સભામાં) ૭ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ખાલી હાથે આવ્યો અને ખાલી હાથે જવાનો છે. જગતના દુઃખને સુખરૂપ માન્યું છે તે એક નામ માત્ર સુખ છે. ધર્મ ન હોય તો અધોગતિ થાય, ક્યાંયનો ક્યાંય તણાઈ જાય. સ્વપ્ના જેવું છે. જિંદગી છે તે લાંબા સ્વપ્ના જેવી છે. વિવેક આવે ત્યારથી ખોટું તે ખોટું સમજાય છે. બે દિવસના મહેમાન છો. પ્રભુશ્રીજી કહેતા કે ચેતી લે, મહેમાન.

આખા જગતમાં મોહ, અભિમાન છે. સાચો ધર્મ પ્રગટ થાય તો મોહ નાશ થાય. ધર્માત્મા હોય તે ઉપરથી હું ધર્માત્મા છું એમ દેખાવ ન કરે. ફેલપણું એટલે ડોળ કરવો તે. લોકોને રાજી કરવા કંઈ કરવું નથી. સમ્યગ્દૃષ્ટિ, 'હું ધર્મી છું' એમ બહારથી દેખાડે નહીં. સાચો ધર્મ સમજાય તો પછી માયા ન રહે. ધર્મી હોય તે કોઈને છેતરે નહીં. એ જાણે છે કે બીજાને છેતરતાં હું છેતરાઉં છું. અનાદિકાળથી જાળફંદ છે. તે એમનું એમ ન તૂટે, પણ સાચો ધર્મ આવે તો એ તૂટે. ''અનંત કાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે.'' (૧૭૨)

આ જગતમાં જન્મમરણ કરાવનાર મિથ્યાત્વ છે. પરિભ્રમણ એ કરાવે છે. સમ્યગ્દર્શનરૂપી ધર્મ આવે તો એ મિથ્યાત્વ અથવા કુમતિ જાય. જેમ જેમ ધર્મ પામે તેમ તેમ મમત્વ જાય છે. અલૌકિક સુખ પામવા ધર્મની જરૂર છે. પોતાને માટે ધર્મ કરવાનો છે. ઉલ્લાસ અને ખંત રાખીને કરવાનો છે. ધર્મ ન હોય તો જેમ જેમ પુણ્યનો વધારે ઉદય થાય તેમ તેમ વધારે પાપ બાંધે. ધર્મથી ખરાબ માણસ પણ મોક્ષને લાયક થાય છે. [૧]દૃઢપ્રહારી જેવો પાપ કરનારો પણ મોક્ષે જતો રહ્યો.

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ–નિર્જરાભાવના, વચનામૃત પૃષ્ઠ ૫૫.

**[વ૰ ૫] બોધવચન**–૧૦ (બપોરના ઉપર) ૮ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૫, સં. ૨૦૦૯

મુમુક્ષુ– ''ત્રિપદનો ઉપયોગ અનુભવવો'' એટલે શું?

પૂજ્યશ્રી– ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એમ એ ત્રણ પદ કહેવાય છે. વસ્તુ ઉત્પન્ન થાય, નાશ પામે, અને વસ્તુ વસ્તુરૂપે ધ્રુવ રહે. જેમ કોઈ ફૂલ જોયું હોય, તે ઉપર વિચાર કરે કે આ ફૂલ હમણાં બહુ સારું ખીલ્યું છે, વિકસિત થયું છે, પણ પહેલાં એ કેવું હતું? પાછળથી કેવું થવાનું છે? એમ વિચાર કરે તો મોહ ન થાય અને ત્યારે જ ત્રિપદનો ઉપયોગ અનુભવ્યો કહેવાય. એમ દરેક વખતે લક્ષ રહે ત્યારે ત્રિપદનો ઉપયોગ અનુભવ્યો કહેવાય.

ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યોગ્યતા હોય તો સમજાય. જેમ જેમ યોગ્યતા વધે તેમ તેમ વિશેષ સમજાય.

**[વ૰ ૫] બોધવચન–૨૦, ૨૬ અને ૪૧** ૯ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૬, સં. ૨૦૦૯
(સવારના ઉપર)

મુમુક્ષુ– ''દુઃખસુખથી ઉપરાંઠા થવું'' (૨૦) એમ કૃપાળુદેવે 'બોધવચન'માં લખ્યું છે. ઉપરાંઠા એટલે શું?

પૂજ્યશ્રી– ઉપરાંઠા એટલે વિમુખ થવું. એ કાઠિયાવાડી શબ્દ છે.

મુમુક્ષુ– ''છે તે છે પણ મન વિચાર કરવા શક્તિમાન નથી.'' (૨૬) એટલે શું?

પૂજ્યશ્રી– છે તે છે એટલે આત્મા છે, પણ એ કહેવાય એવી વસ્તુ નથી, મનથી વિચારાય એવી વસ્તુ નથી. જ્યારે મન વિલય થાય ત્યારે આત્માનો અનુભવ થાય. સંકલ્પ વિકલ્પ કરે ત્યારે મન કહેવાય અને જ્યારે સંકલ્પ વિકલ્પ વિલીન થઈ જાય ત્યારે મન વિલીન થયું ગણાય.

**''ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.''**

એમ કહ્યું છે ને? મોહના વિકલ્પથી સંસાર ઊભો થયો છે અને અંતર્મુખવૃત્તિ થાય તો એ બધા વિકલ્પો નાશ પામે.

વાંચવું એ તો એક વિચાર આવવાનું નિમિત્ત છે. વાંચીને પછી વિચાર કરવો કે એમાં કહ્યું તે આપણાથી થાય એવું છે કે કેમ? એમાં આપણે છોડવા યોગ્ય શું આવ્યું? એમ વિચાર કરવો. વાંચનમાં જે વાત આવી તે જ વિચારવી, એવું કાંઈ નથી. બીજો પણ વિચાર કરવો. એકબીજાને પૂછવું, ચર્ચા કરવી. ભલે એક બે શ્લોક જેટલું વંચાય તોય કંઈ વાંધો નથી, પણ એમ વિચાર કરતાં શીખવું. ભણવાની સાથે દેહાધ્યાસ છોડવાનો છે એ લક્ષ રાખવો.

મુમુક્ષુ–''ખટ્દ્રવ્યના ગુણ પર્યાય વિચારો'' (૪૧) એટલે શું?

પૂજ્યશ્રી–ખટ્ એટલે 'ષટ્.' પહેલાંના લોકો ષટ્‌ને બદલે ખટ્ બોલતા. 'ષ' નો 'ખ' બોલતા. ઋષિ હોય તો 'ઋખી' એમ કહે.

મુમુક્ષુ– ગુણ અને પર્યાયમાં ફેર શો?

પૂજ્યશ્રી— આત્મામાં જ્ઞાન ગુણ છે. એ ગુણ હંમેશાં રહે જ અને પર્યાય એટલે એ જ્ઞાન જુદું જુદું જાણે, એ જાણવાની બીજી બીજી અવસ્થા પલટાય તે પર્યાય છે. સહવર્તી તે ગુણ અને ક્રમવર્તી તે પર્યાય એમ કહેવાય છે.

[વ૦ ૫] બોધવચન ૧૦* શ્રીમદ્ રા. આ. અગાસ, અષાડ સુદ ૮, સં. ૨૦૦૫

(૧) સંસારી ભાવના હોય તો ખાઉં ખાઉં થાય. જ્ઞાનીપુરુષ કહે છે કે આહાર કરવો અથવા ખાવું એ તારો ધર્મ નથી. નિશ્ચયનયથી સિદ્ધ જેવો અણાહારી છે. મારે આહાર કરવો છે, હું આહાર કરું છું એમ ન થવું જોઈએ. (૨) આહાર કરવો પડે, તો આ પુદ્ગલ છે એમ જાણીને કરવો. લુબ્ધ એટલે આસક્ત થવાથી કર્મ બંધાય. અત્યારે સાંભળે છે, પણ જમતી વખતે યાદ રાખવું કે આહાર મારે કરવો નથી. પણ ધર્મ, ભક્તિ થાય તે માટે કરવો પડે છે. (૩-૪) સિદ્ધ સાથે સરખાવતાં અનંત દોષનું ભાજન છે. એમ વારંવાર વિચારી લઘુતા ધારણ કરવી. શું કરવાથી મારા આત્માનું કલ્યાણ થાય? તેનો વિચાર કરવો. પુણ્યને લઈને કંઈ મળ્યું હોય અને અભિમાન થતું હોય તો ઝટ તે અભિમાન કાઢી નાખવું. જેમ કાંટો કાઢી નાખે તેમ. (૫) વિકાર થાય તેવાં નિમિત્ત તજવાં. (૬) નિમિત્તમાં ભાવ બગડે નહીં તે માટે અનિત્યભાવ વિચારે તો મોહ ન થાય. ક્ષણિક પ્રસંગોમાં ઉશ્કેરાવું નહીં. (૭) નિંદકને ઉપકારી માનવો કે કર્મ ખપે છે. (૮) આગ્રહ પોતે મૂકવાં. (૯) મૂળમાર્ગ--સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની નિરંતર સ્મૃતિ રાખવી. (૧૦) મહાવીરની ત્રિપદીથી ગણધરોએ ચૌદ પૂર્વ રચ્યાં. એમાં આખી સૃષ્ટિનું જ્ઞાન આવી ગયું. ઉત્પાદ વ્યય ધ્રુવ એ ત્રણ વચનો સાંભળીને બ્રાહ્મણો ગણધર થઈ ગયા. એ ત્રિપદી પોતાના આત્મા પર ઘટાવી અનુભવ કરવો. (૧૧) આત્મા સિવાયનું બધું ભૂલવું, તો એ અનુભવ થાય. અનાદિકાળનું ભૂલવું એ મોટામાં મોટો પુરુષાર્થ છે. (૧૨) જે સંભારવાનું છે તે સંભારતો નથી, જે નથી સંભારવાનું તેને સંભારે છે. વસ્તુ જોતાંની સાથે આ સારું છે અને આ ખોટું છે એમ થાય છે, એ ભૂલી જવા પુરુષાર્થ કરવો. સંસાર પ્રત્યે વૈરાગ્ય થાય તો સંસાર ભૂલી જવાય. (૧૩) વેદ, વેદની વગેરે સર્વ કર્મ આત્માથી ભિન્ન છે. વેદના વખતે મૂંઝાય, દુઃખી થાય તો પાછું નવું બંધાય. સમભાવ રાખવો. (૧૪) પોતાને જાણવો એ મુખ્ય કામ છે. વેદનામાં વૃત્તિ જાય તે કરતાં આત્માને વેદવો. હું પુદ્ગલને વેદવાવાળો નથી. સંસારને પૂંઠ દેવાનું કહે છે. વેદ અને વેદનીથી રહિત આત્મા શુદ્ધ છે, તે કાળે કરીને થશે. (૧૫) જ્ઞાનદશાથી પરને આત્મા જોવો અને વેદનો ક્ષય કરવો. (૧૬) ધર્મના નિમિત્ત આદિના આગ્રહ, મતમતાંતર તજવા. તે રાગદ્વેષના હેતુ છે. ઉપયોગમાં રહેવાનો આગ્રહ એ રૂપ દશા ગ્રહવી. (૧૭) તે ઉપયોગ શુદ્ધભાવમાં લઈ જવા બાહ્યથી નિવર્તવું. (૧૮) આત્મા સિવાયની અન્ય વસ્તુમાં મમત્વ એ જ બંધનું કારણ છે. (૧૯) બંધથી સુખદુઃખ માને, પણ શાતાઅશાતા બન્ને દુઃખ જ છે. (૨૦) તેથી વિમુખ થવું. સુખદુઃખ બન્ને હેય છે, નાશવંત છે. (૨૧) જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જવા, આત્મામાં રહેવું. (૨૨) જગતની

* બોધામૃત ૨ (છઠ્ઠી આવૃત્તિ)ના આંક ૩ થી ૬ ને (વ૦ ૫ થી ૮ના વિવેચન) જેમ છે તેમ ક્રમાંક ૧૦ થી ૧૩ મુજબ અત્રે મૂકવામાં આવ્યા છે.

વિસ્મૃતિ અને સત્‌ના ચરણમાં રહેવું, એ જ મોક્ષનો ઉપાય. (૨૩) રસ છે એટલા રોગ છે. ઇષ્ટ વિષયો ન સેવવા. (૨૪) કર્મ ઉદયે ભોગવવું પડે તેમાં હેયભાવ રાખવો તો અબંધપણે ભોગવાય. (૨૫) રાગદ્વેષવાળી અવળી પરિણતિ ઉદયની છે, તેમાં ન ભળો તો એવી પરિણતિ થાય નહીં. (૨૬) પોતે શું? એની સમજ કરવાની છે. 'શું સ્વરૂપ છે મારું ખરું?' ઇન્દ્રિયો ને મન ત્યાં પહોંચતાં નથી, જ્ઞાનસ્વરૂપ છે. (૨૭) એ સમજાય તો 'સંસાર મારો નહીં' એમ થાય. (૨૮) ઉદયમાં સમ, ક્ષમા. (૨૯) કર્માધીન ભાવોને છોડવા એ જ સમ્યક્‌જ્ઞાન. (૩૦) સુગંધી ફૂલ, અત્તર, ધૂપ વગેરે ન સેવવા. ક્વચિત્ સુગંધી લેવાય તો ક્ષણિક, હેય માનવું. ખેંચાવું નહીં. આત્માનું સુખ નથી. (૩૧) દુર્ગંધ—અનિષ્ટ વિષય પણ ક્ષણિક, માટે દ્વેષ ન કરતાં સમ રહેવું. (૩૨) એ રીતે પુદ્‌ગલરૂપ પાંચે ઇંદ્રિયના ઇષ્ટ-અનિષ્ટ વિષયોથી રાજી કે નારાજ ન થતાં આત્માનું સુખ ઇચ્છવું. (૩૩) ઊંઘ અને આહાર જેમ બને તેમ ઓછાં કરે તો આત્મા તરફ વળાય. (૩૪-૩૫) શરીર, મન, વાણીને વશ કરવા કાયોત્સર્ગધ્યાન આત્મ-ઉપયોગપૂર્વક કરવાનો અભ્યાસ દરરોજ કરવો. (૩૬) તેમાં પરિષહ આવે, ન બેસી શકાય વગેરે, તે જીતતાં અનાદિનાં કર્મ છૂટે છે. (૩૭) મોહ છોડવા માટે. (૩૮) હું એક જ છું, જુદો છું, મોક્ષે એકલો જઈશ. (૩૯) ધર્મનું ફળ હશે કે નહીં? ધર્મ પ્રત્યે પ્રેમ ન થાય તે વિતિગિચ્છા. એમ ન કરતાં ધર્માત્મા પ્રત્યે પ્રેમ રાખી તેનો સંગ કરવો. (૪૦) સમકિત વગરના ગુણ શમસંવેગાદિ હોય તે દ્રવ્યગુણ, તે મોક્ષનાં કારણ થાય નહીં. (૪૧) છ દ્રવ્યના ગુણપર્યાય વિચારવાના છે. (૪૨) દ્રવ્યદૃષ્ટિથી જુએ તો સમ અને કર્મદૃષ્ટિથી જુએ તો વિષમ. (૪૩) સંસારી મિત્ર કરતાં આત્માના હિતમિત્રને ઇચ્છો. (૪૪) આત્મ-ઉપયોગમાં સ્થિરતા. (૪૫) મોહ આત્માને નુકસાન કરનાર મુખ્યપણે છે, તેને હટાવો. (૪૯) કર્મના ફળરૂપ પરવસ્તુ મળી છે તેના ઉપર મમતા ન કરો. (૫૦) સિદ્ધ કર્મરહિત થયા તે કેટલા સુખી છે! સંસારનાં સુખ વાસ્તવિક નથી. (૫૧) પુદ્‌ગલને ભૂલીને એક ચિત્તે આત્મા ધ્યાવો. (૫૨) બાહ્ય કુટુંબ=સગાંવહાલાં. (૫૩) અભ્યંતર કુટુંબ=ક્રોધ, માન, માયા, લોભ તથા નવ નોકષાય. (૫૪) પુરુષ આદિક એટલે પુરુષ તથા રાગ થાય એવી દરેક વસ્તુ. (૫૫) વસ્તુધર્મ=આત્માનો ધર્મ. બીજી વસ્તુ જાણવાનો હેતુ એ કે તેમાં આત્મા ન મનાઈ જાય. (૬૬) પોતાના આત્માને મોક્ષમાર્ગે ચઢાવે, પરને પણ આત્મહિત બતાવે તેથી નાથ. (૬૭) બાહ્યમિત્ર તો જાણીતા છે તેથી રહેવા દઈ અભ્યંતરમિત્રનો અર્થ લખ્યો છે. (૬૮) બાહ્યમિત્રનો અર્થ લખી, શું કરવું તે કહ્યું. (૬૯) લાકડાને ઘડે કે પૂજે તો તેને દુઃખસુખ નથી, તેમ દેહ એ લાકડું છે, તેને કોઈ છેદે કે પૂજે તો પણ સમદૃષ્ટિ રાખવી. (૭૧) ભગવાનનું સ્વરૂપ નિર્વિકાર છે. આપણે ધારીએ તો વિકાર ઘટાડી શકીએ. (૭૨) વિકાર જવા સત્પુરુષનો યોગ થાય એવી ભાવના રાખવી. મળે તો દર્શન કરવા જતાં બોધ વગેરે લાભ ચૂકવો નહીં. (૭૩) કર્મને લઈને કુટુંબ છે, તે રહેવાનું નથી. (૭૪) ઊંઘ છે તે મરણ જેવું. ટેવ વધે તો ખરે વખતે ઊંઘ આવે. ઊંઘને સારી ન માનવી. આયુષ લૂંટી લે છે. વધારે ઊંઘવાથી મન ભટકે, સ્વપ્નાં આવે. (૭૫) જાગૃતિનો વખત નકામો ન જવા દેવો. મનને સારા કામમાં રોકવું, નહીં તો નવરું બેઠું નખોદ વાળે. (૭૬) નવરાશના વખતમાં ગપ્પાં મારે વગેરે, તેથી કર્મ બાંધે; તે કરતાં આત્મદશા વિચારો. (૮૦) ધર્મધ્યાનની વૃદ્ધિ કરવી. ચોથાથી સાતમા

સુધી ધર્મધ્યાન છે. (૮૧) અશરીરી થવું હોય તો સ્વ-પર શરીર પર મોહ ન કરવો. (૮૩) ગુપ્ત વાતનું દૃષ્ટાંત. [1]વહુએ સાધુને મારીને દાટ્યો. આચાર્યને જણાવ્યું ત્યારે સસરા ખોખામાં સાંભળે. ઘણા મરી ગયા. (૮૬) સામો કરે તેમ ન કરવું. મોક્ષે જવું હોય તો સમ રહેવું. સામાને ઉદય છે એમ જાણી જતું કરવું. (૮૭) ધ્યાન. શુભમાંથી શુદ્ધ. ધર્મધ્યાન. સ્વાધ્યાય અને ધ્યાન. પ્રમત્તમાંથી અપ્રમત્તમાં ત્વરાથી આવવું, નહીં તો પછી અવિરતિમાં જતા રહેવાય. (૮૮) ઉપકારના બદલાની આશા ન રાખવી. (૮૯) ઉપદેશ દેવાની વૃત્તિ થઈ જાય તે સત્સંગ નથી. તેમાં ખારાશ રાખવી. (૯૦) મથન—ચારે બાજુથી વિચારી સાર ગ્રહવો. (૯૧) આજે કે લાખો વરસે એ જ હિતકારી, કારણ તેઓ સ્વાર્થ ને અજ્ઞાનરહિત હતા. (૯૨) મારી શંકાઓ ખોટી છે, કેવલીએ જાણ્યું તે સાચું એમ શ્રદ્ધા રાખવી. (૯૩) ભાવ સારા રાખવા લક્ષ રાખવું. (૯૪) શાંતભાવે વિચારે. બંધન તૂટવાનું કારણ? બોધ. બોધથી તૂટે. સૂયગડાંગમાં પહેલો પ્રશ્ન - વ૦ પત્રાંક ૩૭૫ વિચારવો. (૯૬) ઉપશમભાવ એટલે વીતરાગભાવ. (૯૭) ગુણમાં સ્થિર થવાનો ઉપાય. જેવા થવું હોય તેવો અભ્યાસ કરવો. પરના દેહ, અવગુણ વગેરે ન જોવા. અવ એટલે નીચે; સમ્યક્ત્વાદિ ગુણોમાંથી નીચે આવવું તે અવગુણ. જ્યાં ગુણ હોય ત્યાં વૃત્તિ ટકે, ભગવાનનાં ગુણોમાં વૃત્તિ ટકે તોપણ ગુણસ્થ કહેવાય. (૯૮) દેહાધ્યાસથી બંધાયો. હવે આત્મભાવે વર્તે. દેહને સુખી કરવા મથે છે તે દેહાધ્યાસ છે, હવે 'देहदुःखं महाफलं ।' એમ વર્તે. (૯૯) સ્વરૂપમાં જવાનો લક્ષ રાખજો. (૧૦૨) મહાવીર પ્રભુ અપ્રમત્તભાવથી તર્યા. રાતદિવસ આત્માને આરાધ્યો. નિર્મોહપણે તપ કરે તો કર્મ શીઘ્ર ખપે. (૧૦૬) પોતાના સ્વરૂપે રહેવું એ પણ તપ. કર્મને તપાવે તે પણ તપ. સ્વતપમાં સહજભાવ શોભે છે. આત્મામાં જ રહેવાનો લક્ષ. (૧૦૭) રહેણી=ચારિત્ર. 'કહેણી મિશ્રી ખાંડ હૈ, રહેણી વિષકી વેલ.' (૧૦૮) જુઓ—માનો, અનુભવો. (૧૧૦) આત્માનું ક્ષેત્ર=દેહ, તેમાં વ્યાપે છે તે દેહાધ્યાસ. સ્વદ્રવ્યમાં રહે, વ્યાપે તો દેહાધ્યાસ જાય. (૧૧૧) અત્યારે દેહ, વસ્ત્ર, અલંકાર, પદવી વગેરે ધારે છે, તેને બદલે સમ્યગ્દર્શન આદિ નિજગુણોના ધારક થવું. (૧૧૩) પુદ્ગલનો ઘરાક થયો છે, તેને બદલે સ્વદ્રવ્યના ઘરાક થવું. (૧૧૮) ચારિત્રમોહની તીવ્રતામાં, ખાવાપીવા વગેરે પરમાં આત્માને ભૂલે છે, પછી ચારિત્રમોહ મંદ હોય અને આત્મા સાંભરે ત્યારે ધ્યાનની સ્થિરતા કરે. એમ લાગ આવે ત્યારે સ્થિરતા કરી વિક્ષેપ પામે નહીં; ટાઢ, તાપ, છેદન વગેરે સહન કરે. (૧૧૯) ટાઢ, તાપ, ઉપસર્ગ આદિ દેહને છે, મરણ પણ દેહને છે, આત્માને કંઈ નથી એમ સમાધિમરણ માટે અભ્યાસ કરે. ધ્યાન કાયોત્સર્ગ વખતે 'મરી જ ગયા છીએ' એમ ગણી સંકલ્પવિકલ્પ તજી સ્થિરતા કરવી. (૧૨૪) ભાવદેવું—કર્મ છે તે ભાવદેવું છે. ''જગતમાંથી જે પરમાણુ પૂર્વકાળે ભેળાં કર્યા છે તે હળવે હળવે તેને આપી દઈ ઋણમુક્ત થવું.''[૩૭] (૧૨૫) દેહભાવ ત્વરાથી છોડવો. કૃપાળુદેવે દેહ સૂકવી નાખ્યો, કારણ કે પર જાણ્યો.

**[વ૦ ૬]** **૧૧** શ્રીમદ્ રા. આ. અગાસ, અષાડ સુદ ૧૦, સં. ૨૦૦૫

(૧) છેવટનો નિર્ણય—આત્માદિ સંબંધી સત્ય નિર્ણય. (૩) આહાર, વિહાર, નિહાર ઉપર આરોગ્યનો આધાર છે. શરીર નીરોગી હોય તો ધર્મધ્યાન બને. (૪) અર્થ એટલે પ્રયોજન—મોક્ષ.

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ઉપદેશામૃત પૃષ્ઠ ૪૮૭.

[વ૦ ૭] નિત્યસ્મૃતિ ૧૨ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાડ સુદ ૧૦, સં. ૨૦૦૫

(૧) મહાકામ–સત્યધર્મનો ઉદ્ધાર. (૨) પોતાનું ન ચૂકવા પ્રથમ ધ્યાન ધરી જા. (૩) સાહસ-શક્તિ ઉપરવટનું. (૪) યોગી–મોક્ષને સાધે તે યોગ. (૬) લેપાઈશ નહીં–અસંગ નિર્લેપ રહે. કર્મ ન બંધાય તેમ રહેવા આસક્તિ રાખીશ નહીં. (૭) મહાગંભીર–તાત્કાલિક વસ્તુથી ખેંચાઈ ન જવું. ચારે બાજુ વિચારી યોગ્ય હોય તે જ કરે, તો લેપાવાય નહીં. ઉછાંછળો, સ્તુતિ નિંદાથી ઊંચુંનીચું માનનારો લેપાય. (૯) જેમ ઘટે તેમ વર્ત–ઔચિત્ય ગુણ.

[વ૦ ૮] સહજપ્રકૃતિ ૧૩ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાડ સુદ ૧૦, સં. ૨૦૦૫

પ્રકૃતિ=સ્વભાવ. (૧) પરોપકારભાવ. (૨) દેહના સંયોગે સુખદુઃખ માને તે કલ્પના. કોઈ દુઃખ માગે, ઘણા ચઢતા ચઢતા તપ કરે તેમાં સુખ માને. (૩) એમ સુખદુઃખ ન ગણે તેથી સહજ સ્વભાવે ક્ષમાભાવ રહે. સમ્યક્ત્વ સહિત ઉત્તમ ક્ષમાદિ ગુણો પ્રગટે તો મોક્ષે જાય. (૪) વિનય એ શોભા છે. નમ્રભાવ એ મોટું આભૂષણ છે. બે પક્ષમાંથી એક પક્ષ નમતું આપે તો ઝટ પાર આવે. નમ્યો તે પ્રભુને ગમ્યો. (૫) દરેક વાક્યમાં એક એક ગુણ છે ૧-દયા, ૨-મન જીતવું, ૩-ક્ષમા, ૪-માર્દવ – નમ્રભાવ, ૫-શાંતભાવ. શાંત રહેવાનું કારણ સમજણ છે. જગતની વસ્તુ તુચ્છ લાગે, આત્માનું મહત્વ લાગે તો શાંતિ રહે. બધું મૂકીને જવું છે, એને માટે આત્મામાં ખેદ ન કરવો. મુનિ પાસે કંઈ નથી પણ સમજણ છે તેથી સંતોષ ને શાંતિ છે. સજ્જનતાનું મૂળ કારણ શાંત સ્વભાવ છે. (૬) સજ્જનતાનું ખાસ લક્ષણ આત્માના ખરા સ્નેહીની ચાહના. બાહ્યવસ્તુ ફરતી છે તેથી તેનો સ્નેહ પણ ફરે. રૂપ, વખાણ વગેરેથી સ્નેહ બંધાય તે જતો રહે. શુદ્ધ આત્માનો સ્નેહ જાય નહીં. સોપાધિક ધન છે તેની પ્રીત મૂકે તો નિરુપાધિક પ્રીત થાય. (૭) દુર્જનનો સહવાસ–એનું સુધરે અને પોતાનું ન બગડે એમ સંભાળીને ઓછો કરવો. દુર્જન સુધારવા મુશ્કેલ છે. ઉપકારનો અપકાર કરે. દુર્જનતા જાય એવું હોય તો સંગ કરે, નહીં તો એવા પ્રસંગમાં પણ મૌન રહે. (૮) વિવેકબુદ્ધિ-ભેદજ્ઞાનપૂર્વક, આજ્ઞા પ્રમાણે યત્ના પાળે ત્યાં વિવેક છે. સંસારને દુઃખરૂપ અને વૈરાગ્યને સુખરૂપ માને. (૯) કોઈ પ્રત્યે દ્વેષ ને કોઈ પ્રત્યે રાગ ન રહે તો સમાધિમરણ થાય. વસ્તુ-આત્માની તેવી પરિણતિ વાસ્તવિક થાય છે ને તેનું ફળ પણ આવે છે. (૧૦) ધર્મકર્મ=ધર્મ પમાય તેવી ક્રિયા દાન, શીલ, તપ, ભાવ. ધર્મક્રિયા ભાવ ઉપયોગ સહિત કરવી. ક્રિયા ન થાય તોપણ વૃત્તિ એટલે ભાવ એમાં રાખે. (૧૨) ઇંદ્રિયોને નિમિત્તે રાગદ્વેષ ન કરે, ઇષ્ટઅનિષ્ટ ન કરે તો જીતી કહેવાય. ઇન્દ્રિયોને વિષયમાં જતી રોકે તે દમન કહેવાય. શરૂઆતમાં રોકવાની હોય છે, પછી રાગદ્વેષમાં ન પ્રવર્તે તે જીતી કહેવાય. સમ્યગ્દર્શન વિના દમન થાય, પણ જિતાય નહીં. (૧૩) જ્ઞાનચર્ચા–અનુભવની આપ-લે સાથે મળીને કરે. વિદ્યા-વિલાસ–ફેરવે, ગાય, વિચારે, એમાં આનંદ લે, એકલાં કે સાથે. શાસ્ત્રાધ્યયન–નવું ભણે એકલાં કે સાથે, એમ મનને સારા કામમાં રોકે. (૧૪) ગંભીરતા–જે જાણ્યું તે કહી ન દે. શમાવી રાખે. મોટું પેટ રાખે. વખાણ, નિંદાથી રાજી, નારાજ ન થાય. હોય એવા સમભાવે રહે. આચાર્યને ઘણું શમાવવું પડે છે. આનું આને ન કહે. (૧૫) નિર્લેપ રહે. સાધુને અસંગ રહેવું સહેલું છે, ગૃહસ્થને સંસારમાં અસંગ રહેવું બહુ મુશ્કેલ

છે. વિદેહી દશા—અંતરંગભાવ સિદ્ધ જેવા રાખવાં. (૧૬) પરમાત્માની ભક્તિ—સહજ સ્વભાવ કરી મૂકવા જેવી છે. ગમે તે કામ કરતાં મન ભક્તિમાં રાખે. મોક્ષનાં સુખ, અસંગદશા, વીતરાગભાવ એના જ વિચાર આવે. કેવળજ્ઞાન કેવું હશે ? એમ પરમાત્માના ગુણો ચિંતવવા. (૧૭) પરનિંદા એ બહુ જ હલકો સ્વભાવ છે. મારો વખત બગાડું છું એ સમજણ નથી. એથી પોતામાં અવગુણ પેસે અને પાપ બંધાય. (૧૮) કૃપાળુદેવે કોઈને કહ્યું કે, 'કાકા જોજો છેતરાતા !' દુર્જનતાથી ફાવવું નથી. (૧૯) સજ્જન—બોલેલું પાળે, કોઈનું બગાડે નહીં, સારાં કામ કરે. સજ્જનસંગ-સત્સંગ. સારા પુરુષોનો સંગ કરવો અને આત્મજ્ઞાન કરી લેવું.

**[વ૦ ૧૨]** ૧૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૧૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— સજ્જનતા એ મોટો ગુણ છે. સજ્જનને સાચી પ્રીતિ હોય છે. ઠગવા માટે પ્રીતિ ન કરે. સજ્જનતા આવી એટલે સત્પુરુષ થયો. સજ્જનતા એ મોક્ષનો રાજમાર્ગ છે. સજ્જનતા આવે તો ધર્મપ્રાપ્તિ થાય. સજ્જન, સજ્જન જ રહે છે. બીજા બદલાય પણ એ ન બદલાય. સજ્જનતા દિવ્યતા પ્રગટાવે છે. સજ્જનતાથી ધર્મની શરૂઆત થાય છે. સજ્જનતા એ સત્પુરુષતા છે. સજ્જનતાનું બહુ માહાત્મ્ય છે. સજ્જનતા બહુ સરસ છે. વિદ્યા તો વધારી વધી શકે પણ સજ્જનતા તો જન્મથી હોય તેને જ હોય. અસત્પુરુષ હતો તે મટી સત્પુરુષ થયો એ સજ્જનતા આવી. એથી આગળ શું વધે ? એ અપેક્ષાએ સજ્જનતા નથી વધતી એમ કહે છે. ''ઊંચનીચ ઘર અવતરે, આખર સંતકો સંત.'' તેમ સજ્જનતા પૂર્વના સંસ્કારથી આવે. પુરુષાર્થ કરે તો એ પ્રાપ્ત થાય છે. સંસાર એ ઝેરનું ઝાડ છે.

''क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका ।''

ક્ષણવાર પણ સજ્જનની સંગતિ હોય તો મૂરખની સાથે ઘણો કાળ રહેવા કરતાં પણ વધારે લાભ કરે છે.

**[વ૦ ૧૫]** ૧૫ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— સત્સંગમાં જીવે સાંભળીને, વિચારીને પોતાનું કામ કરવાનું છે.

**''નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.''**

પાંચ ઇન્દ્રિયના વિષયો અને પરિગ્રહ વધારવા આ મનુષ્યભવ નથી મળ્યો. એ તો શત્રુ છે, પણ ખબર ન પડે તો મિત્રભાવે વર્તે. રાગદ્વેષથી રખડ્યો છે. તે મટવાનું કારણ સત્સંગ છે. ગયા તે ગયા, પણ હમણાં જેટલા રહ્યા તેટલા દિવસ સફળ કરવા. પોતાની મેળે જીવે ઘણું કર્યું છે, હવે જ્ઞાનીની આજ્ઞાએ કરવાનું છે.

કૃપાળુદેવની આજ્ઞાએ ત્રણ પાઠનો નિયમ રાખ્યો હોય તો મોક્ષમાર્ગે ચઢાય એવું છે.

''आणाए धम्मो, आणाए तवो ।''

આચારાંગ આદિમાં એમ કહ્યું છે કે જ્ઞાનીની આજ્ઞામાં ધર્મ છે. જ્ઞાનીની આજ્ઞાએ વર્તે તો સત્‌ની સાથે જોડાય છે. કષાય ઘટે એટલું જીવનું કલ્યાણ છે.

[વ○ ૧૭] (મોક્ષમાળા–શિક્ષણ પદ્ધતિ અને મુખમુદ્રા) ૧૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૧૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આ મોક્ષમાળા કેમ વાંચવી તે કૃપાળુદેવ લખે છે. એ પુસ્તક કેવું છે અને કેમ વાંચવું તે કહે છે. વસ્તુને સંપૂર્ણ કહેવાની પદ્ધતિ તે સ્યાદ્વાદ છે. દરેક વસ્તુ એના ગુણોથી ઓળખાય અથવા આજુબાજુની વસ્તુઓથી ઓળખાય, એમ અનેક પ્રકારથી વસ્તુ ઓળખાય છે. અનેક પ્રકારથી વસ્તુને જણાવનાર તે સ્યાદ્વાદ છે.

મોક્ષમાળા મોક્ષનું બીજ છે. આ ગ્રંથમાં કોઈ દિવ્ય શક્તિ છે. એ ગ્રંથ વાંચે તેને મોક્ષની રુચિ થાય એવું એમાં દિવ્યપણું રહ્યું છે. શિક્ષાપાઠ મોઢે કરી વિચાર કરવો. સમજીને ફેરવીએ, ન સમજાય ત્યાં પૂછીએ. એનો મર્મ સમજી લેવો. જે જાણતા હોય એવા જ્ઞાતા કે શિક્ષક પાસે સમજવા. એવો યોગ ન હોય તો પોતાની મેળે પાંચ સાત વખત એક પાઠ વાંચી પછી અર્ધ ઘડી એટલે ૧૦-૧૨ મિનિટ વિચારવું કે એમાં શું આવ્યું? તો ખબર પડે. એમાં હેય શું છે? જ્ઞેય શું છે? અને ઉપાદેય શું છે? એમ વિચારવું. એક પાઠ સાત આઠ વખત વાંચી જાય પછી વિચાર કરે અને હેય-જ્ઞેય-ઉપાદેયરૂપે વિચારે. 'મોક્ષમાળા' બરાબર શીખે તો માન ન થાય. હૃદય કોમળ થાય. દયા આવે. આ પુસ્તક એક વખત વાંચીને મૂકી દેવાનું નથી. વારંવાર વિચાર કરવા જેવું આ પુસ્તક છે. આમાં જે પાઠો કહેવાના છે, તેમાં જે કહેવાનું છે તે પહેલા શિક્ષાપાઠમાં ટૂંકામાં કહ્યું છે. ''એમ કરશો તો તમે જ્ઞાન, ધ્યાન, નીતિ, વિવેક, સદ્ગુણ અને આત્મશાંતિ પામી શકશો.'' પછી એ ઉપર પાઠો આવે ત્યારે તે એને સમજાય. પહેલો પાઠ બરાબર સમજે તો આખી 'મોક્ષમાળા' વાંચી ગયો. જેને મોક્ષે જવું હોય તેને એ કામનું છે.

'મોક્ષમાળા' એ મોક્ષનું કારણ થઈ પડે તેવી છે, કારણ કે સમ્યક્દર્શન એ મોક્ષનું કારણ છે. એ વગર મોક્ષ થાય નહીં. સદાચાર, સમજણ એ વસ્તુઓ એમાં મુખ્ય કહી છે. અત્યારે છોકરાઓ ભણે છે તે વિવેક વગરની વિદ્યા છે. તે આત્મસિદ્ધિથી ભ્રષ્ટ કરે છે. અત્યારે નિશાળમાં 'આત્મા દેહથી ભિન્ન છે કે ભેગો છે' એ વિષે કોઈ જાણતા નથી. એથી આત્મસિદ્ધિથી ભ્રષ્ટ થાય છે. એ અટકાવવા આ પુસ્તક લખવાનો હેતુ છે.

[વ○ ૧૭] મો○ શિ○ પા○ ૨ - સર્વમાન્ય ધર્મ ૧૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૦)), સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જો તું ધર્મનું તત્ત્વ મને પૂછીશ તો તને સ્નેહથી હું કહું છું. જે જિન સિદ્ધાંતનો સાર, સર્વ શાસ્ત્રોનો સાર છે. બધાને હિતકારી છે. માન્ય કરવા યોગ્ય, ભગવાને જે સમવસરણમાં કહ્યું તે કહું છું. ભગવાને બાર પર્ષદામાં જે ઉપદેશ કર્યો હતો તે હું કહું છું. દયા સમાન બીજો ધર્મ નથી. દયા એટલે અભયદાન. બીજા જીવોને મારવા નહીં, રક્ષા કરવી તે અભયદાન છે. કોઈ જીવને હણવો નહીં તે અભયદાન છે. સંતોષ સહિત અભય આપવું. અભયદાન આપી બીજી ઇચ્છા ન કરવી. દયા કરવાથી સુખી થાય છે, પણ દયા કરીને ઇચ્છા કરવાની નથી. કશી ઇચ્છા ન રાખવી. ઇચ્છા એ તો લોભ છે. ભિખારી ન થવું. સંતોષ રાખવો. સંતોષ સહિત અભયદાન આપવું. બીજાને સંતોષ થાય એવું વચન કહેવું, વર્તવું એ પણ દયા છે. બીજાને સંતોષ આપતાં દોષ થતા હોય તો કરવા જેવું નથી. દોષને દૂર કરવા માટે દયા કરવાની છે. પ્રાણીને અભયદાન

દો અને સાથે સંતોષ પણ દો. તે શા માટે? તો કે પોતાના દોષ કાઢવા. પોતાના દોષ દૂર થાય એવું અભયદાન આપવું. સામાના દોષ દૂર થાય અને પોતાના પણ દૂર થાય એવું અભયદાન આપવું. જેવા ભાવ તેવું ફળ મળે. અભયદાન કરી ઇચ્છા ન કરવી. સંતોષ રાખવો. કર્મ દૂર થવા માટે, નિર્જરા માટે દયા રાખવી.

દયાનું સ્વરૂપ કેવું છે? તે કહે છે. દયા તો આત્મા છે. સત્, શીલ પાળે પણ દયા ન હોય તો કંઈ નહીં. આત્માનો ઉદ્ધાર કરવો છે એવો લક્ષ રાખ્યા વગર ક્રોધાદિને શમાવે તો કંઈ કામના નથી. સત્, શીલ, દાન એ આત્માર્થે હોય તો પ્રમાણ છે. આત્માને જન્મ-મરણથી બચાવવો છે, એવું ન હોય તો જન્મ-મરણ ન છૂટે, પુણ્ય બંધાય. દયા ન હોય તો સત્ય કે દાન કંઈ નથી, બધા દયાને આધારે ટકે છે. દયા હોય ત્યાં એ ધર્મ છે. દયા વગર સત્, શીલ અને દાન કંઈ ન હોય. દયાને લઈને બધાય છે, દયાના અંગો છે. દયા ન હોય તો એ ટકે નહીં. પુષ્પ હોય તેની પાંખડી જેવી પણ તોડવાનું ભગવાને કહ્યું નથી.

મુમુક્ષુ– આપણે ભગવાનને ફૂલ ચઢાવીએ છીએ તે પાપ ન કહેવાય?

પૂજ્યશ્રી– પૂજા કરવાના ભાવ હોય તો પુણ્ય બંધાય અને ફૂલોને તોડી નાંખવાં છે, એવા ભાવ હોય તો પાપ બંધાય. જો કે પૂજા માટે ફૂલ તોડે તેમાં પાપ તો લાગે, પણ પુણ્ય વધારે બંધાય, તેથી પાપ થોડું કહેવાય છે. જેવા ભાવ હોય તેવું ફળ થાય. પૂજા કરવી છે એવા ભાવ હોય તો એવું ફળ થાય. ભાવને આધારે બધું છે. જેને લીલોતરીનો ત્યાગ હોય તેણે પૂજા, ફૂલથી કરવાની નથી.

બધાય જીવોને સુખ થાય એમ ઇચ્છો. બધાય જીવોનું કલ્યાણ થાઓ, એ ભગવાનની શિખામણ છે. વસ્તુમાં અનેક ધર્મો છે. તેમાંથી એકને પકડી રાખે તે એકાંત છે. બધાય દર્શનીઓ દયા પાળવાનું કહે છે. એ એકાંતે કહે છે, પણ જિન જેવું તો કોઈએ નથી કહ્યું. કોઈ પણ પ્રકારે વિરોધ કે દોષ ન આવે એવા પ્રકારે દયાનો બોધ કર્યો છે. જેવા ભાવ તેવા પ્રભુ ફળે. ડોળ કરે તો ડોળનું ફળ થાય. ડહાપણ કરશે તો તેનું તેવું ફળ થશે. જે દયાનું ફળ બીજાને ઊલટું ન આવે એવી નિર્મળ દયા પાળવી.

પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત આપતા કે એક ડોશી કૂવા ઉપર પાણી ભરવા ગઈ. ત્યાં એક વાછરડું તરસ્યું થયેલું જોઈ, ડોશીએ કૂવામાં નાંખી દીધું. એ દયા હતી પણ વિવેક વગરની હતી. તે પાપનું કારણ છે. જેમાં કોઈ વિરોધ ન આવે, પાપ ન આવે તેવી દયાનું ફળ નિર્જરા છે.

દયા એ સંસારથી તારે એવો સુંદર રસ્તો છે. એને ઉત્સાહ સહિત પાળી સંસારસમુદ્રને તરીએ. દયા ન હોય તો અધર્મ થાય. દયા વગર ધર્મ ન થાય. બધી ક્રિયાને સવળી કરનાર દયા છે. એ ન હોય તો બધું અવળું છે. દયાનું સ્વરૂપ જાણે તે મોક્ષે પહોંચે. દયાને સાચી રીતે, સમ્યક્ પ્રકારે ઓળખે તે જન મોક્ષે પહોંચે. રાજચંદ્ર કહે છે કે [1]શાંતિનાથ ભગવાનનું દૃષ્ટાંત એને માટે પ્રસિદ્ધ છે.

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા વિવેચન શિક્ષાપાઠ ૨.

[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૪–માનવદેહ ૧૮ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૬, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– એકેન્દ્રિયને સ્પર્શ હોય છે. બેઇન્દ્રિયને સ્પર્શ અને રસના હોય છે. તેઇન્દ્રિય જીવોને સ્પર્શ, રસના અને ઘ્રાણ ઇન્દ્રિય હોય છે. ચૌરેન્દ્રિયને સ્પર્શ, રસના, ઘ્રાણ અને ચક્ષુ ઇન્દ્રિય હોય છે. પંચેન્દ્રિયને શ્રોત્ર સહિત પાંચે ઇન્દ્રિયો હોય છે. કેટલાક મન વગરના પંચેન્દ્રિય જીવો હોય છે. એકેન્દ્રિયથી બેઇન્દ્રિય અને બેઇન્દ્રિયથી તેઇન્દ્રિય વધારે સુખી છે. જેટલું જ્ઞાન વધારે તેટલું વધારે સુખ થાય છે. ઉતાવળે આત્મસાર્થક કરી લેવું, કેમ કે આયુષ્ય છૂટી જાય તો મનુષ્યભવ જતો રહે. માટે ઝટ કરી લેવું. [1]અયમંતકુમાર જેવા પણ માનવપણાને સમજવાથી મોક્ષને પામ્યા. (તેનું દૃષ્ટાંત આપ્યું હતું.)

મનુષ્યભવ દુર્લભ છે. માથે મરણ છે, પણ ક્યારે આવશે એની ખબર નથી. માટે ઉતાવળે કરી લેવું. જીવ અત્યારે જે જાણે છે તે ભૂલી જવું અને જે નથી જાણ્યું તે જાણવું છે. મનુષ્યભવ મોક્ષને માટે મળ્યો છે, એમ જાણે તે માનવપણું સમજ્યો કહેવાય. ઘણા લોકો હાથીને પણ વશ કરી લે છે, પણ મનને અટકાવે તો કેટલું કલ્યાણ થઈ જાય? મનને રોકે ત્યારે મનુષ્યભવ સફળ થાય; મોક્ષ થાય. બંધનું કારણ મન અને મોક્ષનું કારણ પણ મન છે.

**''મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી.''** (આ૦ ૧૭)

સંસાર મનને લઈને છે. કૃપાળુદેવે મનને જીત્યું. તેથી ઉપાધિમાં પણ અસમાધિભાવ રહેતો નથી.

મુમુક્ષુ– મન શાથી જિતાય?

પૂજ્યશ્રી– એ જે જે ઇચ્છા કરે તે ન આપવું. ભગવાનમાં લીન થાય ત્યારે મન ખરું સ્થિર થાય. ''જ્ઞાને બાંધ્યું મન રહે'' જ્ઞાન એ મન બાંધવાનો ઉપાય છે.

**''કુંભે બાંધ્યું જળ રહે, જળ વિણ કુંભ ન હોય;**
**(ત્યમ)જ્ઞાને બાંધ્યું મન રહે, (સદ્)ગુરુ વિણ જ્ઞાન ન હોય.''**

ઘડામાં પાણી રહે છે તેમ જ્ઞાનથી મન સ્થિર થાય છે. એકલો ઘડો નહીં, પણ પાણીની જરૂર પડે છે. ગુરુ એ પાણી જેવા છે, એથી (પાણીથી) ઘડો થાય છે. જ્ઞાનથી મન રોકાય, પણ જ્ઞાન આવે શાથી? પહેલું સદ્ગુરુનું જ્ઞાન જોઈએ. એને આધારે પોતાના આત્માનું જ્ઞાન થાય છે. ક્ષાયિક સમ્યક્ત્વ તે મનુષ્યભવમાં જ થાય, બીજે ન થાય. ક્ષાયિક થયા પછી ખરો ધર્માત્મા કહેવાય. ક્ષાયિક એ કદી જાય નહીં. એનો વિશ્વાસ રાખવાનો છે. ક્ષાયિકવાળો અવશ્ય મોક્ષે જાય. એ મનુષ્યભવમાં થાય. મનુષ્યભવ ન હોય તો ન થાય. એથી આપણને મળેલો દુર્લભ માનવદેહ સફળ કરી લેવો. સફળ શાથી થાય? તો કે ક્ષાયિક થયે થાય. કેટલાક મૂરખાઓ આખો મનુષ્યભવ પાપ બાંધવામાં, સંસારી વાતોમાં, આત્માનું હિત ન થાય એવામાં, પાંચ ઇન્દ્રિયના વિષય–રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દમાં અને અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાનમાં, દુરાચારમાં એટલે નિંદવા લાયક આચારમાં, મદ એટલે અહંકારમાં ગુમાવી દે છે. અહંકાર કરવાથી આત્માને કંઈ લાભ થતો નથી. સાચી વસ્તુ ભૂલે ત્યારે મદ થાય છે. દુર્લભ મનુષ્યદેહ છે, જેમ રત્નમાં દુર્લભ કૌસ્તુભ છે, તેને અફળ ગુમાવે છે. માનવપણું

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા વિવેચન શિક્ષાપાઠ ૪.

ન સમજે તો વાનર ગણાય. મનુષ્યભવ મળ્યો છે તે ક્યારે છૂટે, એ જાણી શકતા નથી. માટે ધર્મનું કામ ત્વરાથી કરી લેવું, જાગૃતિ રાખવી. ધર્મમાં ઢીલ ન કરવી, કાળજી રાખવી.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૧૧–સદ્‌ગુરુતત્ત્વ–ભાગ ૨ ૧૯** શ્રીમદ્ રા. આ. અગાસ,
(સવારના સભામાં) માગસર વદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સમ્યક્‌દર્શન વગર તરાય નહીં. ભગવાને જે ઉપદેશ કર્યો તે ધર્મ છે. શાસ્ત્રો છે તેને જાણે, તે પ્રમાણે પાળે ને બીજાને બોધે તે સદ્‌ગુરુ છે. એવાં લક્ષણ જેમાં હોય તે સદ્‌ગુરુ છે. સર્વસંગપરિત્યાગી તે સદ્‌ગુરુ છે. સદ્‌ગુરુના આધારે ધર્મ છે. સદ્‌ગુરુ હોય તો સાચા દેવ અને સાચો ધર્મ બતાવે. જે આત્માથી આપણા આત્માનું ભાન થાય તે સદ્‌ગુરુ છે. દેહ છે તે સદ્‌ગુરુ નથી. દેહ કંઈ કલ્યાણ કરે છે? એમાં જે આત્મા છે તે કલ્યાણ કરે છે. એમનો આત્મા ઓળખાય તો કલ્યાણ થાય, લાભ થાય. બોલાવે, ચલાવે, વાતો કરાવે તેથી કંઈ કલ્યાણ નહીં થાય. એમનો આત્મા ઓળખાય તો કલ્યાણ થાય. ગુરુ એટલે આચાર્ય. અનાદિકાળથી જીવને સદ્‌ગુરુની પરીક્ષામાં ભૂલ થતી આવી છે. ગુરુ તો બધાય કરે છે, પણ સાચ ન આવે ત્યાં સુધી કંઈ ન થાય. જિનેશ્વર ભગવંતના ધર્મમાં જે ગુરુ છે, તે પોતે તરે અને બીજાને તારે અને તે જ ખરા ગુરુ છે. જેને આપઘાત કરવો હોય તે પથરો બાંધીને પડે તો પછી ઊંચો જ ન આવે. તેમ જેને પથ્થર સ્વરૂપ ગુરુ મળે તે ઊંચો જ ન આવે. તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો શું શું જાણવું, તે સદ્‌ગુરુ વિના ન મળે. ચોથા ગુણસ્થાનથી ચૌદમા સુધી તત્ત્વજ્ઞાન છે. જીવની દશા દિવસે દિવસે કેમ વધે તે જ્ઞાની વિના સમજાય એવું નથી. ગુણસ્થાનકોમાં ક્રમે ક્રમે જીવની દશા વધે છે, તેનો ક્રમ છે. 'દેહથી આત્મા ભિન્ન છે' એવી જેને પ્રતીતિ થઈ હોય અને જે આત્માને જાણવા પુરુષાર્થ કરતો હોય તેની પાસેથી જાણવાનું મળે છે. સદ્‌ગુરુ એ વ્યવહારથી જરૂરના છે.

તલ જેટલી જગ્યા પણ જીવ વગરની નથી. આખો લોક ઠસોઠસ ભરેલ છે. પોતાને કેવા થવાનું છે? એ લોકાલોકનો વિચાર કરવાનો હેતુ છે. સંસારથી કંટાળે તો મોક્ષની ભાવના થાય. સંસારનું સ્વરૂપ સદ્‌ગુરુ દ્વારા સમજાય તો પછી એને સંસારનાં સુખની આશા ન રહે, નહીં તો પડવાનાં સ્થાનકો ઘણાં છે. અગિયારમેથી જીવ પડે છે.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૧૭–બાહુબળ ૨૦** શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ સુદ ૧, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી– [૧]બાહુબલિ જેવા સંયમી ઝાડ નીચે કાઉસગ્ગમાં ઊભા રહ્યા. મનમાં આવ્યું કે જો ભગવાન પાસે જઈશ તો મારાથી નાના અઠ્ઠાણું ભાઈઓને વંદન કરવું પડશે, એવું મનમાં લાવીને ત્યાં જ ઊભા રહ્યા. હળવે હળવે બાર માસ થઈ ગયા, વેલડીઓ વીંટાઈ ગઈ, પક્ષીઓએ માળા બાંધી દીધા. અડગ રહ્યા, તો પણ કેવળજ્ઞાન ન થયું. જ્યારે ઋષભદેવ ભગવાને બ્રાહ્મી અને સુંદરીને મોકલી ત્યારે તે આર્જિકાઓએ ઉપદેશ કર્યો કે, 'વીરા મારા ગજ થકી હેઠા ઊતરો.' બાહુબલિ વિચારમાં પડ્યા કે હું ક્યાં હાથી ઉપર છું? વિચારતાં ભાન આવ્યું કે અહો! હું માનરૂપી હાથી ઉપર છું, એમ વિચારી વંદન કરવા ડગલું ભર્યું કે તરત કેવળજ્ઞાન થઈ ગયું.

માન બહુ ખરાબ વસ્તુ છે.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા વિવેચન શિક્ષાપાઠ ૧૭.

[વ૰ ૧૭] મો૰ શિ૰ પા૰ ૧૭–બાહુબળ ૨૧ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક વદ ૧૧, સં. ૨૦૦૮

મુમુક્ષુ– બાહુબળજીને એમ ઊભા ઊભા શાથી કેવળજ્ઞાન થઈ ગયું? સત્પુરુષના યોગ વિના કેવી રીતે થાય?

પૂજ્યશ્રી– સત્પુરુષનો યોગ એમને થયો હતો. એમના પિતા તીર્થંકર હતા. તેથી પહેલાં એમણે એ વિદ્યા શીખી લીધી હતી. મોક્ષમાર્ગને એ જાણતા હતા. એક આત્માને નિર્મળ, નિઃસ્પૃહ કરવાને માટે ઊભા રહ્યા હતા. એમને કેવળજ્ઞાનની પણ ઇચ્છા નહોતી. એમણે પુરુષાર્થ કરવા માંડ્યો તો ભગવાનને પણ બાહુબળને ઉપદેશ આપવા માટે બે બહેનોને મોકલવી પડી. માર્ગના જાણનાર હતા. જરા ખામી હતી તે નીકળી ગઈ અને બધાં કર્મ ખંખેરીને કેવળજ્ઞાન પામ્યા. કેવળજ્ઞાનમાં શું થાય છે, તે કેવળી જ જાણે. જેણે મોહને દૂર કર્યો છે, તે જ જાણે.

[વ૰ ૧૭] મો૰ શિ૰ પા૰ ૧૮–ચાર ગતિ (સાંજના) ૨૨ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૧૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– નારકીને પાંચ ઇન્દ્રિયો, અવધિજ્ઞાન હોય છે. તેમ છતાં એ એને દુઃખી કરવામાં મદદ કરે છે. અવધિજ્ઞાનથી જાણે કે આ મારો શત્રુ છે, તો દુઃખ પામે. એને બીજાનું ભૂંડું કરવાની ઇચ્છા રહે છે. એ અનેક પ્રકારનાં રૂપ કરી બીજાને દુઃખ આપે છે અને પોતે પણ દુઃખી થાય છે. અંતરમાં એને ચારે કષાય તપતા છે. કોઈને મારવા ધારે તો મારે. નરકમાં બધાં દુઃખનાં કારણો જ હોય છે. બધાય નપુંસક હોય છે. દુઃખનાં નિમિત્ત એને મળ્યા જ કરે છે. ઘણા રોગો એક સાથે એને હોય છે. ત્યાંની માટીની દુર્ગંધ બહુ હોય છે. બહુ ગરમી હોય છે. જેમ જેમ નીચે જાય ત્યાં વિશેષ ઠંડી હોય છે. ગરમી કરતાં ઠંડી વિશેષ દુઃખ આપે છે. ત્યાંની પૃથ્વીનો સ્પર્શ વીંછીના ડંખ જેવો છે. નારકીઓ બીજાને દુઃખ દેવા માટે અનેક પ્રકારનાં યંત્રો બનાવે છે. દેવો પણ ત્યાં જાય છે. લોકોને પરસ્પર લડાવે એવા પરમાધામી અસુરકુમાર દેવતા ત્યાં જાય છે. એને (નારકીને) એટલી વેદના હોવા છતાં શરીરનો ત્યાગ થતો નથી. મુખ્યપણે ત્યાં માત્ર અશાતા વેદનીનો ઉદય હોય છે. સમ્યક્દર્શનીને પણ કૃષ્ણ લેશ્યા હોય છે. એને પણ ક્રોધ, માન, માયા, લોભ થાય છે. એટલે એને સંયમ નથી. તેથી એ પણ બીજાને મારે છે. ત્યાં ઓછામાં ઓછું દસ હજાર વર્ષનું આયુષ્ય છે, ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમનું હોય છે. અશુભ નામકર્મનો, પાપકર્મનો ઉદય ત્યાં હોય છે.

અશુભ નામકર્મનો, પાપકર્મનો ઉદય તિર્યંચમાં પણ હોય છે. અપર્યાપ્ત જીવો હોય છે, તે એક શ્વાસોચ્છ્વાસમાં અઢાર ભવ કરે છે. પર્યાપ્તિમાં જ્ઞાનાદિની વિશેષતા હોય છે. જેમ જેમ ઇન્દ્રિયો વધે તેમ તેમ જ્ઞાન પણ વધતું જાય છે. આંખ પ્રાપ્ત થઈ હોય છે, તેથી દીવો દેખે તો એમાં સુખનું કારણ માનીને પડે છે, પણ શું ફળ આવશે? તેની ખબર નથી. જેમ જેમ ઓછું જ્ઞાન તેમ તેમ વિશેષ કષાય હોય છે. પશુગતિમાં મુખ્યપણે અશાતા વેદનીનો ઉદય હોય છે. હાથી, ઘોડા વગેરે રાજાને ઘેર પણ હોય છે, પણ એવા થોડા હોય છે. તિર્યંચ ભોગભૂમિમાં પણ હોય છે.

મનુષ્યગતિનાં દુઃખ તો બધાને પ્રત્યક્ષ દેખાય છે, છતાં ચેતતા નથી. કૃપાળુદેવે 'મોક્ષમાળા'માં લખ્યું છે–''એક તરુણ સુકુમારને રોમે રોમે લાલચોળ સૂયા ઘોંચવાથી જે અસહ્ય

વેદના ઊપજે છે તે કરતાં આઠગુણી વેદના ગર્ભસ્થાનમાં જીવ જ્યારે રહે છે ત્યારે પામે છે.'' જેમ વિષ્ટામાં કીડા ઉત્પન્ન થાય છે, તેમ ગર્ભમાં જીવો ઉત્પન્ન થાય છે. મન વગરના પણ મનુષ્ય હોય છે. તે કાખમાં ઉત્પન્ન થાય છે. એમનું આયુષ્ય એક શ્વાસના અઢારમા ભાગ જેટલું હોય છે.

મનુષ્યગતિમાં જ્ઞાન વિશેષ હોય છે. સારાં પદ ચક્રવર્તી, તીર્થંકર વગેરે સમ્યક્દૃષ્ટિને જ પ્રાપ્ત થાય છે. સમ્યક્દર્શન વિના એવાં પદ પ્રાપ્ત થતાં નથી. એ થયા પછી થાય. મનુષ્યભવ એવો છે કે એમાં પોતાનું કલ્યાણ કરવું હોય તો થઈ શકે. [૧]કોઈ એક શેરડીનો સાંઠો હોય તેની જડ અને ઉપરનો ભાગ સડી ગયેલો હોય, વચમાંની ગાંઠ તે નીરસ હોય છે, તે ગાંઠને બગાડે તો કંઈ ન થાય. પણ એ ગાંઠ વાવે તો બીજી નવી સારી શેરડી થાય. એમ બાલ્ય અવસ્થામાં કંઈ ભાન નથી. વૃદ્ધ અવસ્થામાં પણ કંઈ ન થાય. વચમાં એક યુવાવસ્થા રહી. એમાં વિષયની ઇચ્છા કરે તો એ બગડી જાય. વિચારવાન હોય તે આ યુવાવયને ધર્મસાધનમાં લગાડે છે. તેથી તેને સારું ફળ આવે છે. ''યુવાવયનો સર્વસંગપરિત્યાગ પરમપદને આપે છે.'' (મો૦ શિ૦ પા૦ ૧૦૧) પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આ મનુષ્યભવ ગુમાવવા જેવો નથી.

હવે દેવગતિ—દેવને ત્યાં શુભ કર્મનો ઉદય હોય છે. ઘણા તો એમાં મિથ્યાત્વી હોય છે. સમ્યક્ત્વી થોડા હોય છે, એને કષાય ઓછા હોય છે. જે હલકા દેવો છે તેઓને વિશેષ કષાય હોય છે, અવધિજ્ઞાન હોય છે. આટલા બધા વર્ષ ગુલતાન અને કષાયમાં ગાળે છે. જેણે કષાય મંદ કર્યા હોય તેને દેવગતિ મળે છે. જેટલા કષાય ઓછા તેટલું દુઃખ ઓછું. ત્યાં ક્રોધ, માનાદિ હોય છે, પણ નિમિત્ત નથી તેથી મંદ હોય છે. જેમ જેમ ઉપરના દેવલોકમાં જાય છે, તેમ તેમ ત્યાં કષાય ઓછા હોય છે. હલકા દેવો કુતૂહલ કરે છે. માયા, ઇર્ષ્યાથી બળતા હોય છે. એકબીજાને છેતરવાનું વગેરે કરે છે. હાસ્ય, રતિ વગેરે વધારે હોય છે. નાટક જુએ છે, હાસ્ય કરે છે. જેમ જેમ ઉપરના દેવલોકમાં જાય છે તેમ તેમ ત્યાં કામવાસના પણ ઓછી થતી જાય છે. અનુત્તર આદિ દેવવિમાનમાં વેદનો ઉદય નથી. દેવલોકનું સુખ તે દુઃખ જ છે, સુખ નથી. એ તો પુણ્ય છે. વાગે અને તેના ઉપર પાટો બાંધે તેવું સુખ છે. જેમ જેમ ઉપર જાય તેમ તેમ વધારે આયુષ્ય હોય છે. પુણ્યશાળી ત્યાં જાય છે. ત્યાં અશાતા મુખ્યપણે નથી. સમકિતી જ ઉપરના દેવલોકમાં જઈ શકે છે. અનુત્તર વગેરેમાં સમકિતી જ જાય છે. પુણ્યકર્મનું ફળ જગતમાં સુખ મનાય છે, પણ ત્યાં અંતરથી તો બળતરા છે. આત્માનું સમાધિ સુખ નથી. અંતરથી તો બળી જ રહ્યા છે. એની ઇચ્છા પ્રમાણે મળે તોય ઇચ્છા પૂર્ણ થાય નહીં. શક્તિ ઉપરાંત ઇચ્છા હોય છે તેથી દુઃખી થાય છે.

**''ક્યા ઇચ્છત? ખોવત સબે! હૈ ઇચ્છા દુઃખ મૂલ,**
**જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.''** (હા.નોં.૧/૧૨)

ઇચ્છા છે ત્યાં દુઃખ છે. પોતાના સ્વભાવથી છૂટે તો ઇચ્છા થાય. એ જ ખરું મરણ છે. ''ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો? '' પોતાને ભૂલે તેથી દુઃખી થાય છે. જ્યાં ઇચ્છાઓ છે ત્યાં દુઃખ જ છે. એ ઇચ્છા તેઓ રોકી શકતા નથી. ચારે ગતિમાં બધે દુઃખ છે. ઇચ્છા મનુષ્યભવમાં મટાડવી હોય તો મટાડી શકે છે. આકુળ-વ્યાકુળતા એ જ દુઃખ છે. જ્યાં

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૫૧.

ઇચ્છા હોય છે, ત્યાં તરત જ દુઃખ હોય છે. જ્યારે તે ઇચ્છા મટે ત્યારે થોડીક વાર સુખ થાય છે, પણ પાછું દુઃખ જ છે. પાંચ ઇન્દ્રિયના વિષયોની ઇચ્છા તે દુઃખ જ છે. બહારથી દુઃખ ન હોય, પણ મન એનું સ્થિર ન હોય. વિષયને લઈને ઇચ્છા થાય છે. એ એક દુઃખનું કારણ છે. કષાય થાય તેથી ઇચ્છા થાય છે. કોઈને મારવા વગેરેની ઇચ્છા કષાયથી થાય છે. બીજાને દુઃખ દેવાની ઇચ્છા થઈ એ જ દુઃખ છે. એનું ધારેલું ન થાય ત્યાં સુધી વ્યાકુળતા થાય છે. એ કષાયપ્રયોજક ઇચ્છા છે, એય દુઃખનું કારણ છે. રોગ વગેરે દૂર કરવાની ઇચ્છા થાય તે પણ એક ઇચ્છા છે. પાપના ઉદયથી ઇચ્છા થાય તે પણ ઇચ્છા છે. પુણ્યના ઉદયે મળે તો પણ એની ઇચ્છા પ્રમાણે થાય નહીં. એ પણ એક દુઃખ છે. પુણ્યના ઉદયે જે ઇચ્છા થાય છે તેય દુઃખ છે. એને જગત સુખ માને છે એમ ચાર પ્રકારની ઇચ્છા છે. ઇચ્છા થઈ તો તે મુજબ પછી પ્રવર્તવાની ઇચ્છા થાય છે. ઇચ્છા તો ઘણી હોય છે, પણ બધી સાથે સંતોષાય નહીં. ઇચ્છા એ જ દુઃખ છે. પહેલી ઇચ્છા થાય, પછી દુઃખ થાય. જેટલી ઇચ્છા થાય તેટલી બધી કંઈ પૂરી ન થાય. ઇચ્છાનો ખાડો પૂરતાં મોટો થાય છે. એ પુરાય નહીં. બધું સાથે કરવાની ઇચ્છા કરે, પણ થતું નથી. તેથી દુઃખી થાય છે. સમુદ્રના મોજાંની જેમ જીવની ઇચ્છા ઊછળ્યા કરે છે. એથી દુઃખી જ થાય છે.

વિષય, કષાય, પુણ્યનો ઉદય અને પાપનો ઉદય એમ ચાર પ્રકારની ઇચ્છા છે. આખા દિવસનો ઘણો કાળ પાપ પ્રવૃત્તિમાં જાય છે. પુણ્યને લઈને જે ઇચ્છા થાય છે, તે એની અપેક્ષાએ ઓછા દુઃખવાળી છે. પૈસા હોય છે, તે સુખ આપતા નથી. ઇચ્છા એને દુઃખ આપે છે. જો ઇચ્છા ઓછી હોય અને થોડી સામગ્રી હોય તો પણ સુખી છે. સુખ સંતોષમાં છે. બધાનો આધાર ઇચ્છા ઉપર છે. વધારે ઇચ્છા હોય તો દુઃખી થાય અને ઓછી કરે તો સુખી થાય છે. નરકના જીવોને સુખની ઇચ્છા વધારે હોય છે. કષાય જેમ ઓછા તેમ ઇચ્છા પણ ઓછી હોય છે. જેને ઇચ્છા વધારે તેને દુઃખ વધારે, પણ સુખ હોતું નથી. સુખ તો આત્મામાં છે. દેવલોકમાં સુખ તે ભ્રાંતિ છે. ખરું સુખ નથી. પુણ્યના ઉદયે ઇચ્છા થાય છે તેથી તેઓ વ્યાકુળ છે અને તેથી દુઃખી છે. મિથ્યાત્વ, અસંયમ અને અજ્ઞાન એને લઈને ઇચ્છા થાય છે. સમજણ હોય તેને દુઃખ ન થાય. સમજણ હોય તે બહુ છકી ન જાય અને ખેદ પણ ન પામે. ટૂંકો રસ્તો આ છે. સુખી થવું હોય તો ઇચ્છા દૂર કરવી.

**હે જીવ ! ક્યા ઇચ્છત હવે ? હૈ ઇચ્છા દુઃખ મૂલ.''** (હાથનોંધ ૧/૧૨)

ખરો ઉપાય એ છે. સુખી થવું હોય તો એ રસ્તો છે, માર્ગ છે. મોહનો ક્ષય થાય ત્યારે સુખી થાય છે. એ જ્યાં સુધી છે ત્યાં સુધી દુઃખી થાય છે. કેવળજ્ઞાન થાય ત્યારે અનંત સુખી થાય.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૨૨–કામદેવ શ્રાવક** ૨૩ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ સુદ ૩, સં. ૨૦૦૯
(સવારના સભામાં)

પૂજ્યશ્રી– જીવને જ્યાં સુધી અહંકાર હોય ત્યાં સુધી પોતાની બુદ્ધિ આગળ કરે છે. તેથી જ્ઞાનીના વચન પર જેવો જોઈએ તેવો વિશ્વાસ આવતો નથી. માટે પ્રભુશ્રીજી કહેતા કે 'તારી બુદ્ધિ ઉપર મૂક મીંડું અને તાણ ચોકડી.' 'હું કંઈ જાણતો નથી.' એમ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી

જીવને અહંભાવ છે, જ્ઞાનીનું માહાત્મ્ય સમજાય નહીં.

**"અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ."**

મનથી પણ ચિંતવન ન કરી શકાય, એવું ભગવાનનું માહાત્મ્ય છે. જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી એ વિપરીતતાનું કામ કરે છે. કૃપાળુદેવે લખ્યું છે કે અરિહંત માત્ર સમ્યક્દૃષ્ટિપણે પણ ઓળખાય તોય મહત્ફળ છે. ભગવાનની પાસેથી વચનો સાંભળીને પીધાં, તેમાં [1]કામદેવ શ્રાવક દૃઢ રહ્યા. અંતર્ત્યાગ છે, તે જ ખરો ધર્મ છે. દેહ પણ મારો નથી, એમ જેને હોય તેને ખરો ત્યાગ છે. સાચું બોલે તેને માયા ન કરવી પડે, કશું કરવું ન પડે. બેફિકર છે.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૨૪—સત્સંગ** ૨૪ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૮, સં. ૨૦૦૯
(સવારના ઉપર)

પૂજ્યશ્રી— જગતના બધા જીવો સુખને ઇચ્છે છે. કીડીથી ઇંદ્ર સુધીના સર્વ જીવો એક માત્ર સુખને ઇચ્છે છે. સુખનું મૂળ શું છે તે બતાવે છે. સુખ જોઈતું હોય તો સત્સંગ કરવો. વ્યાપાર કરવાથી કે પૈસા કમાવાથી સુખ નથી મળતું. પૈસા વગેરે બધું પુણ્યથી મળે છે. એ પુણ્ય શાથી થાય છે? કષાયની મંદતાથી. કષાયની મંદતા શાથી થાય છે? સત્સંગથી. ખરું સુખ શું છે, તેની ખબર નથી. બધાનું મૂળ સત્સંગ છે. સુખ જોઈતું હોય તો સત્સંગ કર. ગંગામાં નાહવાથી પવિત્ર ન થાય, પણ સત્સંગથી પવિત્રતા થાય છે. એક ઘડીનો સત્પુરુષનો સત્સંગ તે સંસાર સાગર તરવામાં હોડી જેવો છે.

"क्षणमपि सज्ञनसंगतिरेका भवति भवार्णवतरणे नौका ।"

સત્સંગમાં એક વચન સાંભળ્યાથી જીવ ફરી જાય છે. સત્સંગમાં કષાય મંદ થાય છે. સત્સંગ જેણે કરવો હોય તેણે કુસંગથી બચવું જોઈએ. સત્સંગમાં કંઈક સારી વાત સાંભળી હોય, પણ પાછો કુસંગમાં જાય તો પડી મૂકે. એક કોટિ વર્ષ કુસંગ કરે તો લાભ ન થતાં અધોગતિમાં લઈ જાય એવાં પાપ કરાવે છે. સત્સંગે કંઈક રુચિ થઈ હોય પણ પાછો કુસંગ મળે તો બધું ભૂલી જાય છે. છૂટવાની ભાવનાવાળા સમસ્વભાવી માણસોનો સંગ તે ય સત્સંગ છે. આપણાથી વિશેષ જ્ઞાનીપુરુષનો સંગ તે પરમ સત્સંગ છે. મધ્યસ્થ જીવોનો સંગ તે પણ સત્સંગ છે. તેથી આત્માનું કલ્યાણ થાય, કારણકે તેમાં કલ્યાણની વાતો થાય. ભાવના પરમ સત્સંગની રાખવી. સંસાર છે તે અનંત કુસંગરૂપ છે. સંસારમાં વૃત્તિ જાય તે કુસંગ છે. સંસારની વાતો છે તે કુસંગ જ છે. આત્માનું કામ ન થાય ત્યાં સત્સંગ શાનો? આત્માની વાત પડી રહે અને ખાવાનું, પીવાનું, રંગ, રાગ, ગાન, તાન તે સત્સંગ નથી, કુસંગ છે. આત્મામાં વિપરીતતા છે, તે એ છે કે પવિત્રને અપવિત્ર માને છે અને અપવિત્રને પવિત્ર માને છે, નિત્ય વસ્તુને અનિત્ય માને છે અને અનિત્યને નિત્ય માને છે, દેહને આત્મા માને છે વગેરે. તે વિપરીતતા સત્સંગે જાય છે. સત્પુરુષનો યોગ ન હોય તો સત્શાસ્ત્રનો પરિચય કરવો એ પણ સત્સંગ છે. આત્માની મલિનતાને ટાળી સત્સંગ શુદ્ધતા આપે છે. લોકો સત્સંગ કહેતા હોય પણ આત્માને કર્મ બંધાતાં હોય તે સત્સંગ શાનો? આત્માને સત્નો રંગ ચઢાવે તે સત્સંગ છે. સત્ છે તે સત્પુરુષમાં રહે છે, અધ્ધર રહેતું નથી. કૃપાળુદેવે ટૂંકામાં કહ્યું છે કે—

૧. દૃષ્ટાંત માટે જુઓ મૂળ શિક્ષાપાઠ ૨૨.

‘‘બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.’’ (૭૬)

સત્પુરુષ હશે તો સત્‌નો રંગ લાગશે, બધું થશે. સત્સંગે ઘણી વસ્તુઓના ખુલાસા થાય છે. બધાનો એક જ લક્ષ છે, તો તે સત્સંગ છે. વિષયીમંડળનાં જીવો એકસ્વભાવી હોતા નથી. કોઈ રૂપમાં આસક્ત હોય છે, તો કોઈ દેખવામાં, કોઈ સાંભળવામાં હોય છે, તો કોઈ સૂંઘવામાં આસક્ત હોય છે. એમ જુદી જુદી રીતનાં જીવો હોય છે, તેથી સમસ્વભાવતા ત્યાં નથી. સરળ જીવ હોય તેનું કામ થાય છે. સત્સંગમાં માયા લઈને જાય તો સત્સંગમાં શું કરે? માયા લઈને આવ્યો હોય તેને સત્સંગ ન થાય.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૨૫–પરિગ્રહને સંકોચવો** ૨૫ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ સુદ ૫, સં. ૨૦૦૯
(સવારના સભામાં)

પૂજ્યશ્રી– ધર્મ પામ્યો હોય, જાણતો હોય છતાં પરિગ્રહનો પરિચય હોય તે છોડતાં વાર લાગે. અનાદિકાળથી પરિચય છે. મમતા થઈ ગઈ છે. સનત્કુમાર ચક્રવર્તીએ દીક્ષા લીધી ત્યાર પછી બધું લશ્કર છ મહિના સુધી પાછળ ફર્યું છતાં જરાય સામું ન જોયું. મમતા ગયા પછી પરિગ્રહ બહુ રહે નહીં. જીવને છોડવું હોય તો છોડી શકે છે. મિથ્યાત્વ એ મોટામાં મોટો પરિગ્રહ છે. પરિગ્રહનું કારણ મિથ્યાત્વ છે. પારકી વસ્તુને પોતાની મનાવનાર તો મિથ્યાત્વ જ છે. એ ન હોય તો મારું ન મનાય. મિથ્યાત્વને લઈને પરિગ્રહ છે. [1]સુભૂમ ચક્રવર્તીને છ ખંડનું રાજ્ય મળ્યું છતાં સંતોષ ન પામ્યો. ભગવાનનો ધર્મ તો કષાય મટાડવાનો છે. કષાય રહ્યા છે ત્યાં ધર્મ શાનો?

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૨૭–યત્ના** ૨૬ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સાવધાન રહે તો યત્ના બરાબર પાળી શકાય. આજ્ઞા એ ધર્મ છે. કેમ વર્તવું? તે ભગવાને કહ્યું છે. કેમ બોલવું? કેમ ચાલવું? કેમ સૂવું? કેમ બેસવું? કેમ આહાર લેવો? તે બધું ભગવાનની આજ્ઞા પ્રમાણે કરવું. પોતાના હિતને માટે યત્ના પાળવાની છે. બીજાને સુખ આપે તો એનેય સુખ મળે અને બીજાને દુઃખ આપે તો એનેય દુઃખ મળે.

પાંચ શૂના છે, તેથી ઘણાં પાપ થાય છે.

પાંચ શૂના– (૧) ચૂલો (૨) ઘંટી (૩) વાહન (૪) ખાંડણી (૫) પાણિયારું.

એ પાંચેયમાં યત્નાપૂર્વક વર્તે તો ઘણું પાપ થતું અટકે.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૩૧–પ્રત્યાખ્યાન** ૨૭ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ સુદ ૧૦, સં. ૨૦૦૯
(સવારના સભામાં)

પૂજ્યશ્રી– ત્યાગમાં સંકલ્પ હોય છે કે મારે આ પાપ નથી કરવું. સંકલ્પ કર્યા વગર લાભ નથી. કોઈ રાત્રે ભોજન ન કરતો હોય તોય પચખાણ ન હોય તો લાભ ન થાય. [2]શ્રેણિકે ભીલના ભવમાં મહાપુરુષની આજ્ઞાથી ઇચ્છા રોકી તો અનાથી મુનિ મળ્યા અને ત્યાં સમકિત પામ્યા અને પછી ભગવાન મળ્યા ત્યારે તીર્થંકર ગોત્ર બાંધ્યું. આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થઈ ઘણા

**૧.** દૃષ્ટાંત માટે જુઓ મૂળ શિક્ષાપાઠ ૨૫, **૨.** વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૩૮૩.

જીવોને તારી મોક્ષે જશે. ઇચ્છા રોકાય એ જ સંવર છે. તપના એ બધા પ્રકાર છે. સમજીને પચખાણ કર્યું હોય, તો એનું મન પણ ત્યાગ કરેલી વસ્તુમાં ન જાય. આ ભવમાં મારે આ પાપ નથી જ કરવું, એમ જેણે સંકલ્પ કર્યો હોય તેને એની વાત કરે તોય ન ગમે. કોઈ માંસ ન ખાતું હોય, તેને માંસની વાત પણ સાંભળવી ન ગમે. સાત વ્યસનનો ત્યાગ એ તો બહુ મુખ્ય વસ્તુ છે, ચોરી વગેરે બધાં વ્યસન નુકસાન કરનારાં છે.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૩૨** ૨૮ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ સુદ ૧૧, સં. ૨૦૦૯
**વિનય વડે તત્ત્વની સિદ્ધિ છે.** (સવારના સભામાં)

પૂજ્યશ્રી– બીજાનો વિનય કરીએ તો તેમાં આપણી મોટાઈ છે. વિનયથી માન ઓછું થાય. જીવ અનંતકાળથી રખડ્યો છે, તેનું કારણ માન છે. ''અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન.'' તેનું કારણ ભગવાનનું ભાન ન થયું. ''સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન.'' સંત મળ્યા પણ સેવા ન કરી, અભિમાન ન મૂક્યું. સત્શાસ્ત્રનો વિનય કરી વાંચીએ તો વધારે સમજાય.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૩૩–સુદર્શન શેઠ** ૨૯ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ સુદ ૧૧, સં. ૨૦૦૯
(સવારના સભામાં)

પૂજ્યશ્રી– એનું નામ પણ સુદર્શન છે. એના નામ પ્રમાણે એનામાં ગુણો હતા. કામદેવ શ્રાવકને દેવે હાથીનું રૂપ લઈ ખૂબ ગૂંદ્યો, પછાડ્યો; તેનાથી પણ આ [૧]સુદર્શન ઉપરનો ઉપસર્ગ વધારે છે. ધર્મની દૃઢતા કેટલી!

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૩૬–અનાનુપૂર્વી** ૩૦ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ સુદ ૧૪, સં. ૨૦૦૯
(સવારના સભામાં)

પૂજ્યશ્રી– આપણી મલિનતા કેમ જતી નથી? તો કે જ્યાં સુધી મન સત્પુરુષની ભક્તિમાં ચોંટે નહીં ત્યાં સુધી મલિનતા ન જાય. મનને વશ કરવું જરૂરનું છે. એ વશ કર્યા વિના કશું ન થાય. મન બધું સુધારેલું ઊંધું કરી નાંખે છે. અગિયારમે ચઢ્યો હોય ત્યાંથી પણ પાડી નાંખે એવું મન છે. જ્યાં સુધી મન વશ ન થાય ત્યાં સુધી પાપના વિચારો ઘટતા નથી, આત્માની મલિનતા જતી નથી. મનને વશ કરવા, રોકવા માટે જ વ્રતો છે. એ એકાગ્ર હોય તો જ શ્રેણી માંડી આગળ વધે. મન નિર્મળ હોય તો જ આગળ વધાય.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૩૭-૩૮** ૩૧ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ વદ ૧, સં. ૨૦૦૯
**સામાયિક વિચાર ભાગ ૧-૨** (સવારના સભામાં)

પૂજ્યશ્રી– મન વશ કરવાની જરૂર છે. વિચાર કરે તો જ્ઞાનીપુરુષે કહ્યું છે તે એને સમજાય. ધર્મમાં વિઘ્ન પાડનારા પણ ઘણા દોષો છે. સામાયિક કરવાથી મને ધન મળશે, યશ મળશે એમ બહારની વસ્તુઓની ઇચ્છા રહે ત્યાં સુધી ધર્મ ન થાય. જ્યાં સુધી સંસાર દુઃખરૂપ છે, એમ નથી લાગ્યું ત્યાં સુધી સંસારની ઇચ્છા રહે છે. હું સામાયિક કરું છું, મને સામાયિક કરતાં આવડે છે, એમ અહંભાવ કરે તે બધા જીવના દોષો છે. માથે મરણ છે. સંસારનો ભય લાગે તો તે સારો છે. લોકભય

---

૧. દૃષ્ટાંત માટે જુઓ મૂળ શિક્ષાપાઠ ૩૩.

લાગે છે, પણ જેનો ભય લગાડવાનો છે તે નથી લાગતો. લોકભાવના રાખવાની નથી. લોકભય ન રાખવો. મરણનો ભય રાખવો કે માથે મરણ છે તો વૈરાગ્ય થાય. નિદાન નામનો દોષ છે, તેમાં ઇચ્છાની ઘણી તીવ્રતા છે, કે મને આ વસ્તુ મળો જ, મને દેવલોક મળો જ એમ તીવ્ર ઇચ્છા હોય છે. [1]નંદિષેણમુનિ બહુ સેવાભાવી હતા. તેઓને ઇંદ્રે વખાણ્યા પણ કોઈ બે દેવોને તે વાત સાચી ન લાગી. તેથી નંદિષેણમુનિની પરીક્ષા કરવા આવ્યા. તેમાં પાસ થયા. પણ મરણ વખતે નિદાનબુદ્ધિ થઈ કે મારા મામાએ મને એક પણ કન્યા ન આપી. આ મારી સેવાનું ફળ હોય તો હું આગલા ભવમાં સ્ત્રીવલ્લભ થાઉં. એવી ભાવનાથી દેહ છોડ્યો. પછી વસુદેવ થયા. સામાયિકમાં સમભાવની મુખ્યતા છે અને પ્રતિક્રમણમાં પાપથી પાછા હઠવાનું છે. પ્રતિક્રમણ હમણાં કરાય છે તેમાં છ આવશ્યક આવી જાય છે. સામાયિક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, ગુરુવંદન, ચોવીશ તીર્થંકરની સ્તવના, કાયોત્સર્ગ એમ છ આવશ્યક એમાં આવી જાય છે. રોજ સવારે આલોચના બોલાય છે, તેમાં છ આવશ્યક આવી જાય છે. પ્રતિક્રમણમાં વિચાર કરવાનો છે કે આજે મારાથી શું શું દોષો થયા? પછી પશ્ચાત્તાપ કરે.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૩૯** ૩૨ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ વદ ૨, સં. ૨૦૦૯
**સામાયિક વિચાર ભાગ-૩** (સવારના સભામાં)

પૂજ્યશ્રી– સામાયિકમાં ધર્મની વાત થઈ શકે છે. વ્યાખ્યાન પણ સાંભળી શકાય છે. નહીં તો સૂત્રના પાઠ બોલે, પદો બોલે, માળા ફેરવે. સામાયિકમાં શાસ્ત્ર લખી શકાય છે. અંબાલાલભાઈ પુસ્તકોની નકલો કરતા ત્યારે સામાયિક લઈને બેસતા. કૃપાળુદેવે એમને કહેલું કે તમારે સામાયિક લઈને પુસ્તકો લખવાં. સમભાવ આવવા માટે બે ઘડી મન, વચન, કાયાથી પાપ ન કરવું, એવો નિયમ કરી બે ઘડી સુધી એક આસને બેસે તે સામાયિક કહેવાય છે. બે ઘડી આત્માની સામાયિક એક વખત પણ કરો, એમ કૃપાળુદેવે કહ્યું છે.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૪૧-૪૨** ૩૩ શ્રીમદ્ રા. આ. અગાસ,
**ભિખારીનો ખેદ ભાગ ૧-૨** (સવારના ઉપર) ભાદરવા સુદ ૧૪, સં. ૨૦૦૯

(એક મુમુક્ષુબહેન મોક્ષમાળાના 'ભિખારીનો ખેદ' નામના બે પાઠો મોઢે બોલ્યાં તે પ્રસંગે)

પૂજ્યશ્રી– ભિખારી કોણ હશે?

મુમુક્ષુબહેન– ભીખ માંગે તે ભિખારી.

પૂજ્યશ્રી– આપણે ભિખારી છીએ કે નહીં?

મુમુક્ષુબહેન– ભિખારી જ છીએ ને.

પૂજ્યશ્રી– અનેક પ્રકારની પૈસાની આશા થાય તે ભીખ જ છે. ભૂખ લાગે ત્યારે ભીખ માગે. તેમ એને જગતની ભૂખ લાગી છે તેથી તૃષ્ણા થાય છે. એ ભૂખ બે પ્રકારથી મટે છે. એક તો તાત્કાલિક વસ્તુ મેળવીને અને બીજું સંતોષથી. એકથી થોડાક વખતની ભૂખ પૂરી થાય અને બીજાથી ભૂખ એવી રીતે પૂરી થાય કે ફરી ભૂખ ન લાગે.

એ ભૂખ કેમ મટતી હશે?

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૫૩૯.

"સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે." (૫૬૯)

આત્મજ્ઞાન થાય તો નિષ્કાંક્ષિત થઈ જાય. બધીય ભીખથી, ક્લેશથી છૂટવું હોય તો આત્મજ્ઞાન કરવું. અત્યારે જીવ દેહને સંભારે છે. આત્મા અને દેહ લક્ષણથી જુદાં છે. આખો દિવસ એની ભાવના કરવાની છે કે હું દેહ નથી. દેહને માટે મારે કરવું નથી, આત્માર્થે કરવું છે.

મુમુક્ષુ– આખા દિવસમાં એ આત્માના વિચાર તો આવતા જ નથી, બીજા બીજા વિચાર આવે છે.

પૂજ્યશ્રી– એ ખસેડીને આત્માનો વિચાર કરવાનો છે. પ્રમાદમાં રહે તો બધું શીખેલું કરેલું ભૂલી જાય. પ્રમાદમાં બધો વખત જાય છે. ગોખવા, શીખવા, ફેરવવામાં રહે તો બીજા પાપનાં વિચારો ન પેસે, નહીં તો બીજા વિચારોમાં તણાઈ જાય. પુરુષાર્થ કરવાની જરૂર છે.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૪૩–અનુપમ ક્ષમા** ૩૪ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ વદ ૫, સં. ૨૦૦૯
(સવારના સભામાં)

પૂજ્યશ્રી– આ કાળમાં સર્વ હરિને અર્પણ કર્યા વિના કલ્યાણ થાય એવું નથી. અહંભાવ જવા માટે કરવાનું છે. જેને પોતાનું કશું નથી, તેને પ્રારબ્ધ પણ પોતાનું નથી. પરમાત્માની ભાવનાથી પરમાત્મા થવાય છે. ક્રોધ, માન, માયા, લોભ બધાને ક્ષય કરવાં. ક્ષમા એ અનુપમ સાધન છે. પહેલો શુદ્ધભાવ જોઈએ, તો જ મોક્ષ થાય. અસહ્ય દુઃખ હોય તો પણ ક્ષમા છૂટે નહીં. જે થાય તે ખમી ખૂંદે તો સહેલાઈથી મોક્ષ થાય એવી ક્ષમા છે. દેહાધ્યાસ છોડ્યો હોય તેને થાય કે દેહ તે હું નહીં. પ્રાણ લે એવા ઉપસર્ગ કરે તો પણ સહન કરે, ક્ષમા ન છોડે અને તે વખતે કેવળજ્ઞાન પામે તે અંતકૃત્ કેવળી કહેવાય છે. ઘણાય કષાયો જાય છે, પણ મોક્ષ થતો નથી. શુદ્ધભાવ આવે ત્યારે જ મોક્ષ થાય. પોતાનાં શુદ્ધ સ્વરૂપમાં આવી જાય તો મોક્ષ દૂર નથી, હથેળીમાં જ છે. [૧]ગજસુકુમાર જેટલી શક્તિ આવશે ત્યારે મોક્ષ થશે. ભલે ઉપસર્ગ આવો કે ન આવો, પણ એટલી ક્ષમા શક્તિ આવ્યા વિના મોક્ષ ન થાય.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૪૪–રાગ** ૩૫ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર સુદ ૧૪, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી– રાગ એ વસ્તુ બહુ ઝેરરૂપ છે. [૨]ભગવાન મહાવીર પ્રત્યે ગૌતમસ્વામીને રાગ હતો, તો કેવળજ્ઞાન થવા ન દીધું. જૈનદર્શન કેવું નિષ્પક્ષપાતી છે કે ભગવાન પ્રત્યેના રાગને પણ હેય એટલે ત્યાગવા યોગ્ય કહ્યો છે. તો પછી જે વસ્તુ નાશવંત છે અને પ્રત્યક્ષ રાગનું કારણ છે, એવાં સ્ત્રી-પુત્રાદિ અને ધન પ્રત્યેનો રાગ અને કરનાર પોતે રાગી! એ તો અનંત સંસાર વધારનાર જ થાય. થોડો પણ વિચાર કરે તો સહેજે સમજાય તેવી વાત છે. છતાં પણ આ મૂઢ પામર તે વસ્તુઓને જ પોતાનો આધાર અને સર્વસ્વ માની રહ્યો છે! કેવી મૂઢતા!

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૪૫–સામાન્ય મનોરથ** ૩૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૧, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી– મોહના ભાવને આધીન થઈ, પરસ્ત્રીને આંખો વડે ન જોઉં. પરાયા વૈભવને પથ્થર તુલ્ય ગણી ન ઇચ્છું અને નિર્મળ તત્ત્વને જાણવાની અભિલાષા રાખીને લોભને સમો (સમારી=સવળો) કરું.

---

**૧.** દૃષ્ટાંત માટે જુઓ મૂળ શિક્ષાપાઠ ૪૩, **૨.** દૃષ્ટાંત માટે જુઓ મૂળ શિક્ષાપાઠ ૪૪.

બાર વ્રતને નિરભિમાનપણે ધારણ કરીને સ્વરૂપનો વિચાર કરી નિર્મળ થઉં, એવો જે નિયમ કે જે ક્ષેમ-સુખ કરનાર અને ભવ-સંસારને હરનાર છે તે મારા અંતઃકરણમાં કાયમ રહો.

ભગવાન મહાવીરે જે જે સ્વરૂપની વિચારણા કહી, તે મારા મનમાં ચિંતવી જ્ઞાનને, વિવેકને અને વિચારને વધારું અને હંમેશા નવ તત્ત્વોની શોધ કરી ઉત્તમ બોધ એટલે જ્ઞાનીપુરુષોનાં વચનોને અનેક પ્રકારે ઉચ્ચારું (ભક્તિ કરું).

હે પ્રભુ, મારા મનમાં કદી પણ ભગવાનના બોધ વિષે સંશયરૂપી બીજ ન ઊગો, એમ શ્રીમદ્ રાજચંદ્ર પોતાને કહે છે કે એ જ મનોરથ ધારણ કર, કે જેથી અપવર્ગ એટલે મોક્ષનો ઉતારુ થઈશ (મુસાફર થઈશ).

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૪૮–કપિલમુનિ ભાગ ૩** ૩૭ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ વદ ૮, સં. ૨૦૦૯
(સવારના સભામાં)

પૂજ્યશ્રી– જ્યારે લોભ જાય ત્યારે નિર્મળ થાય છે. [1]કપિલમુનિને તૃષ્ણા ટળી તો કેવળજ્ઞાન થયું. રાજ્ય જોઈતું નથી, તેની સાથે સંસાર પણ જોઈતો નથી, એમ કપિલમુનિને થઈ ગયું. સંસારની તારે શી જરૂર છે? સંસાર જોઈતો હોય તો તૃષ્ણા રાખ. તારે શું કરવું છે? એવા વિચારમાં કેવળજ્ઞાન પામ્યા. ગ્રહણ કરવાની બુદ્ધિ હોય ત્યાં સુધી આવરણ થાય છે અને મુક્ત થવાની ઇચ્છા હોય ત્યારે બધાં આવરણ ખસવા માંડે. વિવેક આવ્યો તો પછી આત્મવિચાર આવે.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૫૦–પ્રમાદ** ૩૮ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૨, સં. ૨૦૦૭
(શ્રીમદ્ રાજચંદ્ર નિર્વાણ અર્ધશતાબ્દી-
અઠ્ઠાઈ મહોત્સવ પ્રસંગે)

પૂજ્યશ્રી– મહાવીર ભગવાને ગૌતમ ગણધર જેવા ચાર જ્ઞાનના ધારકને પણ ઉપદેશ આપ્યો છે કે 'હે ગૌતમ! એક સમય પણ પ્રમાદ કર્તવ્ય નથી,' કારણ કે કાળ શિકારી તાકી રહ્યો છે, લીધો કે લેશે, માટે ધર્મકર્તવ્ય રહી જશે.

ગૌતમ જેવા ગણધરને પણ ચેતાવે છે, તો આપણને કેમ વિચાર આવતો નથી? એક પળ પ્રમાદ કરવાથી એક ભવ હારી જવા જેવું છે. એક પળ પ્રમાદ કરીએ અને તે જ વખતે જો આયુષ્ય બંધાય તો નીચ ગતિ બંધાય. અને પછી પડતાં પડતાં નિગોદ સુધી પહોંચી જવાય છે. આયુષ્ય કયા વખતે બંધાય એ તો આપણને ખબર નથી. માટે દરેક પળ આપણી જ્ઞાનીની આજ્ઞામાં ગળાય તો અધોગતિએ ન જવાય.

જેમ પોસ્ટમેન કોઈ પણ કાગળ છાપ માર્યા વગર જવા ન દે, તેમ આપણે પણ દરેક પળમાં સ્મરણની છાપ મારી જ લેવી, કે જેથી પછી પસ્તાવાનું ન થાય. અતિ અતિ વિચક્ષણ પુરુષો તો રાત-દિવસ વીતરાગની આજ્ઞામાં જ મનને બાંધી રાખે છે. એ તો જાણે સર્વોત્કૃષ્ટ ગણાય.

હવે બીજામાં જે વિચક્ષણ પુરુષો છે, તે અવસરે અવસરે ધર્મકર્તવ્ય કરતા રહે છે એટલે કે મહાપુરુષોએ જે જ્ઞાનપ્રાપ્તિને અર્થે આઠમ, ચૌદસ વગેરે તિથિઓ, પર્યુષણ, દિવાળી, જ્ઞાનપંચમી વગેરે પર્વ; સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, પૂજન, ભક્તિ વગેરે જે ક્રિયા ઉપદેશી છે તેમાં જાગ્રત ઉપયોગે

---

૧. દૃષ્ટાંત માટે જુઓ મૂળ શિક્ષાપાઠ ૪૬ થી ૪૮.

જેટલો સમય મળે તેટલામાં તે ક્રિયા, ઉલ્લાસ અને આનંદપૂર્વક કરે છે. તેમ જ બનતા પ્રયત્ને આ બળતી લાય જેવા સંસારમાંથી ઘણો વખત ધર્મકર્તવ્ય માટે બચાવે છે. તે વિચક્ષણ ગણાય.

ત્રીજામાં તો જે મૂઢ પુરુષો છે, તેમને સમયની કિંમત નથી. અમુક વખત ખાવામાં, અમુક કમાવામાં અને અમુક ઊંઘવામાં ગાળે છે. બાકી કંઈ બચે તો ચાર પ્રકારની વિકથામાં કાઢી નાખે છે. માટે આપણે આપણો વિચાર કરીએ કે આપણે આ ત્રણ વ્યક્તિઓમાંથી કેવા થવાનું છે?

અતિ વિચક્ષણ થવાનું છે. પણ વર્તમાનમાં એટલો સંયોગ ન બને તો પ્રથમની દૃષ્ટિએ બીજાનો એટલે વિચક્ષણતાનો પુરુષાર્થ કરવાનો છે.

હવે બીજામાં આપણે પુરુષાર્થ કરીએ ત્યારે—હમણાં આ અર્ધશતાબ્દીના પ્રસંગે બધા એકઠા થયા છીએ, ઘરનું બધું કામકાજ છોડી, બહુ દૂર દૂરથી આવી અહીં આશ્રમમાં બધા એકઠા થયા છીએ અને જ્ઞાનીની આજ્ઞાએ જે કંઈ ભક્તિ, વાંચન, શ્રવણ કરી જ્ઞાનીની વીતરાગ દશા ઓળખવા માટે પુરુષાર્થ કરીએ છીએ, તેમાં આપણે બધાએ પોતપોતાના ભાવ તપાસવાના છે કે હું અહીં બધું કામકાજ છોડી જે અર્થે આવ્યો છું તે થાય છે કે નથી થતું? એવો વિચાર કરી પ્રત્યેક ક્રિયા કરતી વખતે મનને તપાસવું કે શું કરે છે? જે કરવા આવ્યો છે તે કરે છે કે કંઈ બીજું થાય છે? એમ જો તપાસ કરીએ તો ચોર આપણને જણાય, દોષ જણાય. તે દોષ વારંવાર દેખાય તો ખૂંચે; તો અવશ્ય તેને ટાળે. માટે આપણે બીજામાં (વિચક્ષણતામાં) કંઈ મૂઢતા ન આવે એનો નિરંતર ઉપયોગ રાખવાનો છે. નહીં તો પછી કરીએ તો ભક્તિ અને મન ઘરના વિચારો ઘડે, કે ખાવાના વિચારો આવે તો ત્રીજા પ્રકારમાં આવી જઈએ. માટે સાવચેતી રાખવી.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૫૧—વિવેક એટલે શું?** ૩૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૩, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી— વિવેક શબ્દનો અર્થ સામાન્ય પ્રકારે વિચારપૂર્વક દરેક કામ કરવું તે. પણ જ્ઞાનીપુરુષે તો વિવેકનો અર્થ બહુ જ ઊંડો કહ્યો છે. વિવેક એટલે સંસારની સર્વ વસ્તુઓ નાશવંત છે અને આત્મા અખંડ અવિનાશી છે, સંસાર અનંત શોકપ્રદ છે અને વૈરાગ્ય અનંત સુખનું ધામ છે, એ પ્રકારે જે નિર્ણય કરે તેને જ્ઞાનીઓ વિવેક કહે છે. આપણે વિચાર કરીએ કે આપણે વિવેકી છીએ કે નહીં? જો નથી, તો પછી હંમેશા જ્ઞાનીએ કહ્યું કે સંસાર અનંત શોકમય અથવા દુઃખમય અથવા નાશવંત છે, તો એ વાત આપણે અંતરમાં ઉતારવી કે જેથી વિવેકી થવાય.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૫૧—વિવેક એટલે શું?** ૪૦ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ વદ ૧૧, ૨૦૦૯
(સવારના સભામાં)

પૂજ્યશ્રી— સત્યને સત્ય અને અસત્યને અસત્ય સમજવું એનું નામ વિવેક છે. આત્મા એ ભાવ પદાર્થ છે. બીજાં બધાં દ્રવ્ય પદાર્થ છે. આત્મા જ ભાવ પદાર્થ છે. સંસાર મીઠો લાગે તે અવિવેક છે અને વૈરાગ્ય કડવો લાગે એ પણ અવિવેક છે. સંસારદશા છે તે ઝેર જેવી કડવી છે. મુક્તદશા અમૃત જેવી છે. મુક્તભાવ ન આવે ત્યાં સુધી વિવેક ન થાય. સારું બોલતાં જાણે એ વિવેક નથી. વિવેક ન હોય તોય લોકો એને વિવેક કહે, પણ જ્યાં સુધી મુક્તભાવ ન આવે ત્યાં સુધી વિવેક ન કહેવાય.

વ્યવહારમાં એને વિવેક કહેવાય. મોક્ષમાર્ગની, વિવેક આવે ત્યારથી શરૂઆત થાય છે. વિવેક ધર્મનું મૂળ છે. એ હોય તો પછી ઝાડ વધે. વિવેક નથી હોતો ત્યાં બધા મતભેદ હોય છે.

**[વ० ૧૭] મો० શિ० પા० ૫૨** **૪૧** શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક વદ ૧૦, સં. ૨૦૦૮
**જ્ઞાનીઓએ વૈરાગ્ય શા માટે બોધ્યો ?**

પૂજ્યશ્રી—એક તલ જેટલી જગ્યા પણ ઝેર વિનાની આ સંસારમાં નથી, એમ કૃપાળુદેવે કહ્યું છે. હવે આપણે આપણું મન તપાસીએ કે ઝેર લાગે છે કે અમૃત લાગે છે? જો ઝેર લાગે તો પછી કોણ જાણી જોઈને ઝેર ખાય? સંસારમાં મુખ્યમાં મુખ્ય વૈભવ ચક્રવર્તીનો હોય છે. જો તપાસ કરીએ તો તેના અંતરમાં એટલી બધી બળતરા હોય છે કે જીવનપર્યંત જો ઉપાધિમાં રહે તો મરીને સાતમી નરકે જાય. ચક્રવર્તીઓ પણ છ ખંડનું રાજ્ય છોડી મુનિ થાય છે. ચક્રવર્તીપણામાં સુખ નથી, પણ ત્યાગમાં છે. કૃપાળુદેવે ચક્રવર્તી અને ભૂંડની સરખામણી કરી છે. મનુષ્યપણું સમજે તો મનુષ્ય, નહીં તો ભૂંડની પેઠે બે પગવાળો પશુ જ છે.

મારે છૂટવું જ છે એવો જો નિશ્ચય થઈ જાય તો પછી તે ન બંધાય. અને જેને છૂટવાનો નિશ્ચય નથી, તે તો બંધાય જ છે.

જગતની જંજાળમાંથી મનને ખસેડવાની જરૂર છે. જેમ પાટલા ઉપર રેતી નાંખી એકડો પાડી આપે અને પછી કોઈની ઠેસ વાગે તો બધું સરખું થઈ જાય છે; તેમ મનમાં આ માયિક જગતના વિચારો આવે, પણ જો ભગવાનની આજ્ઞારૂપ સ્મરણમંત્રની ઠેસ લાગે તો બધું ભૂલી જવાય. માટે બધું ભૂલવાનું છે.

**[વ० ૧૭] મો० શિ० પા० ૫૨** **૪૨** શ્રી રાજમંદિર, આહોર, મહા સુદ ૧૫, સં. ૨૦૦૮
**જ્ઞાનીઓએ વૈરાગ્ય શા માટે બોધ્યો ?**

પૂજ્યશ્રી— ધર્મનું મૂળ વૈરાગ્ય છે.

**"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન."**

ત્યાગ વૈરાગ્ય ન હોય તો આ કાને સાંભળે અને આ કાને કાઢી નાખે. દુઃખરૂપ સંસાર છે. સંસારનું સ્વરૂપ વિચારે તો વૈરાગ્ય થાય. ભગવાને કેવળજ્ઞાનથી જોઈને સંસાર કેદખાના જેવો અને અનંત ખેદમય કહ્યો છે. આનંદ નથી ત્યાં સુધી દુઃખી છે. ખેદ હોય તેને દુઃખ જ હોય છે. આત્મા સ્વભાવમાં ન રહે ત્યાં સુધી ખેદ છે, દુઃખ છે, ઠેકાણા વગરનું છે. એકધારી, એક સરખી પ્રવૃત્તિ રહે એવું નથી. એકરૂપે રહે એવો સંસાર નથી. અનિત્ય છે, નાશવંત છે. એવા સંસારમાં સુખ માને છે એ વિપરીતતા છે, મિથ્યાત્વનું કામ છે. લોકોને ભડકાવવા કહ્યું નથી, એવું જ છે. આખા સંસારનું સ્વરૂપ વિચારે તો કેટલાકને આધિ, કેટલાકને વ્યાધિ અને કેટલાકને ઉપાધિ જોવામાં આવે. કેદખાના જેવું છે. ત્યાં દુઃખ ને દુઃખ જ છે. એક જ જીવે અનંતકાળ થયાં કેટલું બધું પરિભ્રમણ કર્યું છે! હું કોણ છું, તેનું ભાન નથી. પોતાના જ્ઞાન અને વીર્યને ભૂલી ગયો છે. મોક્ષથી આઘો ગયો છે.

**"ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?"**

ભાવમરણ થયા કરે છે. જન્મકાળમાં તો દુઃખ જ છે. પરિભ્રમણ થાય છે તે મોટો રોગ લાગુ પડ્યો છે. જીવ મોહમાં પડ્યો છે, તેથી વિચાર નથી આવતો. જ્ઞાનીઓ મોહથી મૂંઝાય છે અને એને આનંદ આવે છે. સંસાર ઉપર ઉપરથી સારો લાગે પણ દુઃખમય છે. એની ભયંકર દશા જ્ઞાની જ જાણે છે. જીવે જગત જ દીઠું છે, બીજું કાંઈ જોયું નથી, ઇચ્છા પણ કરી નથી. આત્માનું સુખ કેવું છે, તેનો વિચાર આવતો નથી. ખાવું-પીવું એ જ સુખ છે એમ માને છે. દેખાય એવું વિચારે છે. એની બિચારાની શું ભૂલ ? એનો વાંક નથી. પણ સુખી કેમ થવાય ? ત્યાં ભૂલો પડ્યો છે. અજ્ઞાન એ જ વાંક છે. વિપરીતતા એ જ દુઃખ છે. પતંગિયું જેમ દીપક જોઈને તેથી સુખ થશે એમ ધારી તેમાં ઝંપલાવે છે. એવું આ જીવને મનુષ્યપણાનું ભાન નથી. દુઃખ થાય તેવાં કારણો શોધે છે. જ્ઞાનીને સંસારમાં સુખ દેખાતું નથી. તીર્થંકર જેવાને શું દુઃખ હતું ? છતાં એને લાગ્યું કે આ દુઃખ છે, સુખ નથી. ખરેખરું દુઃખ લાગ્યું અને છોડીને ચાલી નીકળ્યા. જ્યાં જુએ ત્યાં જગતમાં રાગદ્વેષ ને રાગદ્વેષ જ છે. ભૂંડ અને ચક્રવર્તી સરખા છે. એકને પાપનો ઉદય છે અને એકને પુણ્યનો ઉદય છે. ચક્રવર્તી મોટી પદવી ઉપર છે. પણ જો જીવતાં સુધી આત્માને માટે કંઈ ન કરે તો નરકે જાય. ચક્રવર્તી શલાકાપુરુષ છે. તેનું અહીં કહેવું નથી. અહીં તો મોહમાં છે તેની વાત કરવી છે. સંસારમાં ઉત્તમમાં ઉત્તમ પદવી ચક્રવર્તીની છે. તેમાં પણ કેટલું દુઃખ રહ્યું છે ? રોગ, વૃદ્ધાવસ્થા અને મરણ તેમાં પણ રહ્યાં છે. ચક્રવર્તીનું સુખ તે સુખ નથી, તો પછી બીજે સુખ શા માટે ગણવું ?

**''એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં.''**

ઘણો વિચાર કરતાં જ્ઞાનીપુરુષોને લાગ્યું છે. સંસારમાં અનંત ખેદ, અનંત શોક અને અનંત દુઃખ છે. સંસારમાં સુખ છે, એમ માનવા યોગ્ય નથી. મોહના ક્ષયથી સુખ થાય છે. સંસાર દુઃખનો દરિયો છે. જીવને સંસારથી છૂટવું હોય તો ઉદાસીનતા રાખવી. ''જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે.'' (૯૦૨)

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ પર** ૪૩ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ વદ ૧૨, સં. ૨૦૦૯

**જ્ઞાનીઓએ વૈરાગ્ય શા માટે બોધ્યો ?**

(સવારના સભામાં)

પૂજ્યશ્રી— મોક્ષથી સંસાર તદ્દન ઊલટો છે. સંસારમાં શોક છે, મોક્ષમાં નથી. અનંતકાળથી જન્મમરણ કરે છે, તેનું કારણ અનંતકાળથી પોતે પોતાને ભૂલી ગયો છે. પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યનો ઘાત થઈ રહ્યો છે. જીવ સંસારના ખૂણામાં ગૂંચવાઈ ગયો છે. સંસારમાં સુખ ક્યાંય નથી એવું એને લાગતું નથી. તેનું કારણ મોહિનીએ એને મૂંઝવી નાંખ્યો છે. મોક્ષસુખ કેવું હશે, તે જાણવાની ભાવના પણ કરતો નથી. પતંગિયું વારંવાર દુઃખ ભોગવતાં છતાં વારંવાર દીવામાં જ જઈ જઈને પડે છે, તેમ આ જીવ સંસારમાં દુઃખ ભોગવતાં છતાં તેમાં જ જઈ જઈને પડે છે. છૂટવાનો ભાવ નથી થતો. બળ્યો આ સંસાર, એમ થતું નથી. સંસાર ઝેરથી ભરેલો છે. ભલે દેવલોક હોય પણ બધે ઝેર ઝેર ને ઝેર જ ભરેલું છે. કોઈ અપેક્ષાએ ચક્રવર્તી અને ભૂંડ બન્ને સરખાં છે. ચક્રવર્તી અને ભૂંડ બન્નેને મરવાનું છે. ચક્રવર્તીને મરણ વખતે જેટલું દુઃખ થાય તેટલું જ ભૂંડને પણ થાય છે. જન્મ, મરણ, રોગ બન્નેને છે. બન્નેને વેદનીય કર્મ છે. શાતા-અશાતા બન્ને

વેદનીય કર્મ છે, તે બન્નેને છે. ચક્રવર્તી એકવાર સમકિત પામ્યો છે, તેથી વખાણવા યોગ્ય છે અને ભૂંડનું તો ઠેકાણું નથી, એ અપેક્ષાએ બન્ને સમાન નથી. અહીં તો પુદ્ગલમાં સમાનતા બતાવી છે. ચક્રવર્તી અને ભૂંડની તુલના કરી તે આપણા માટે. ''મનને લઈને આ બધું છે.'' (૩૭૩)

વિચાર કરે તો આત્માને સુખ થાય એવું કશું નથી. જ્યાં સુધી કર્મ છે, ત્યાં સુધી સુખ જ નથી, દુઃખ જ છે. જીવ કર્મનાં ફળ આવે છે, તેને સુખ માને છે. આત્મા જ્યાં સુધી કલ્પનામાં પડ્યો છે, ત્યાં સુધી પોતાનું સુખ જાણતો નથી. આત્મા તો નિર્વિકલ્પ છે. આપણે શરીરના સુખને સુખ માનીએ છીએ તે ભૂલ છે. સંસાર જોઈતો નથી, ગમે તો સોનાનો થાય તો પણ જોઈતો નથી એવું જ્ઞાનીએ નક્કી કર્યું છે. સંસારમાં સુખ નથી, એ એમણે જોઈ લીધું છે.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૫૩—મહાવીરશાસન** ૪૪ શ્રી રાજમંદિર, આહોર, મહા સુદ ૧૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— મહાવીર ભગવાને સાડા બાર વર્ષ સુધી કેટલો પુરુષાર્થ કર્યો છે! આત્મા છે, એને લઈને વિચાર કરી શકાય છે. આ હુંડાવસર્પિણી કાળ હોવાથી શાસન ઉપર અનેક વિપત્તિઓ આવે છે, અને આવશે. મતમતાંતર કેટલાય પડી ગયા છે. જે વિવેકી છે અને જેને છૂટવું છે, તે મતમતાંતરની ખેંચાખેંચમાં પડતા નથી. ભગવાને છૂટવાનો માર્ગ કયો કહ્યો છે, તેનો વિચાર કરે છે. પોતાને વૈરાગ્યમાં લાવી, સ્વચ્છંદ ત્યાગી, ભગવાનની આજ્ઞામાં ચાલે છે. પડતો કાળ છે. ફરી વચ્ચે ધર્મનો ઉદ્યોત થાય છે અને ફરી મંદ પડી જાય છે. પાપથી છૂટી મોક્ષમાર્ગમાં ચલાય તે કરવું છે. લોકો ભલે ગમે તેમ કહે. લોકોના કહેવાથી કલ્યાણ ન થાય. ભગવાને શું કહ્યું છે તેનો વિચાર કરવો. આપણે કેટલું ઉત્તમ શીલ પાળીએ છીએ, શાસનની ઉન્નતિ થાય તેવું કરીએ છીએ કે નહીં? એનો વિચાર કોઈક જ કરે છે. ભગવાને કહેલી વાત ભૂલી ગયા છે. વિચાર નથી. શ્રાવક કુળમાં જન્મ્યો તેથી શ્રાવક નથી. ભગવાનનું કહેલું વિશેષ સમજાય તેવું કરવાનું છે. 'ભગવાને કહ્યું તેવું જ જાણવું છે' એમ માનનારા થોડા છે. શાસ્ત્રોનો મોટો ભાગ વ્યવચ્છેદ ગયો માટે તેમાં શંકા કરવા જેવું નથી. શંકા થાય તો બીજો કોઈ વિશેષ જાણનાર હોય તેને પૂછવું. ભગવાને દુઃખી કરવા કાંઈ કહ્યું નથી. એકાંતે પણ કહ્યું નથી. એકાંત પકડવા જેવું નથી. જ્ઞાનીએ કહ્યું છે તેનું ખંડન કરવા કેટલાક જીવો મથે છે. ભગવાને રસગારવલુબ્ધતા ઘટાડવા કહ્યું છે, તે ભગવાનનો આશય ઇન્દ્રિયો જીતવાનો છે. જે ઇન્દ્રિયોને વશ હોય છે તે તેને જ શોધે છે. મતમતાંતરમાં પડવા જેવું નથી. સદ્ગુણોનું સેવન કરવું.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૫૫—સામાન્ય નિત્યનિયમ** ૪૫ શ્રીમદ્ રા. આ. અગાસ, મહા સુદ ૧, સં. ૨૦૦૯
(સવારના ઉપર)

પૂજ્યશ્રી— મોક્ષમાળામાં કૃપાળુદેવે ઘણું કહ્યું છે. કૃપાળુદેવે જેમ મોક્ષમાળા વાંચવાનું કહ્યું છે, તેમ વાંચવી. તેનાં તાત્પર્ય અનુભવવાં. પાંચ સાત વખત એક પાઠ વાંચી પછી વિચારવો.

આત્માની શી વલે થશે, તેનું ભાન નથી. મનુષ્યભવ આત્માર્થે ગાળવાનો છે. મંત્રમાં ભગવાનનું સ્વરૂપ છે, તે ધ્યેય છે. આપણે તેવા થવું છે, તે માટે બોલવાનો છે. આત્માર્થે કરવાનું છે. ભગવાન પવિત્ર છે, માટે આપણે પણ દોષો ટાળી, વિકલ્પો ટાળી પવિત્ર થવું. મન વધારે

શુદ્ધ, ભક્તિથી થાય છે. સત્પુરુષોનું માહાત્મ્ય આપણા હૃદયમાં વસે, એમના કેવળજ્ઞાનાદિ ગુણોની સ્મૃતિ થાય તે ઉપાસના છે. ભગવાન પાસે જાય તો ભગવાનનો બોધ સાંભળે. ભગવાન પ્રત્યક્ષ ન હોય તો એમનાં જે વચનો છે તે પ્રત્યક્ષ ભગવાન જ છે. માતા-પિતાને, કોઈને દુઃખ ન થાય તેમ અને આત્માનો લક્ષ ન ભુલાય તેમ વર્તવું. આત્મા ભૂલવા જેવો નથી, પણ જીવ ભૂલી જાય છે. ખાતાં, પીતાં, વ્યાપાર કરતાં છૂટું છૂટું એવો ભાવ એને બધેય રહે; આત્મા ન ભુલાય એવું કરવાનું છે. એ જ ખરો ત્યાગ છે. તાદાત્મ્યઅધ્યાસનો ત્યાગ એ જ ખરો ત્યાગ છે. જે કંઈ કરવું છે તે આત્માર્થે જ કરવું છે, એમ જેને હોય તેને આત્માર્થી કહેવાય. ભાવના કરતાં ફળ મળે છે. ખાતાં પહેલાં કોઈ મુનિ આવે, સત્પાત્ર આવે તો આપીને ખાઉં એવી ભાવના કરવી. તો કોઈ દિવસે મળી પણ આવે. ભાવનાનું ફળ છે. કેટલી કાળજી રાખવાની છે? સવારમાં દોષોનું પ્રતિક્રમણ કરવું. પાછું સાંજે દોષોનું પ્રતિક્રમણ કરવું અને સૂતી વખતે ફરી અઢાર પાપસ્થાનક વિચારી સર્વ જીવોને ક્ષમાવીને સૂવું. રોજ કેમ વર્તવું, તેનો વિચાર કરવો. પછી સાંજે તપાસવું કે, હું આજે ક્યાં ક્યાં ઊભો હતો, ક્યાં ક્યાં વાતો કરી, વધારે વખત શામાં ગાળ્યો એ બધું વિચારવું. દોષો થયા હોય તેનો પશ્ચાત્તાપ કરવો અને ફરીથી એવા દોષો ન થાય તેનો લક્ષ રાખવો. આત્મા ન ભુલાય એટલા માટે આ કરવાનું છે. અંતરદૃષ્ટિ થાય તે માટે કરવાનું છે.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૬૭–અમૂલ્ય તત્ત્વવિચાર ૪૬** તા. ૧૨-૧૦-૧૯૪૪

મુમુક્ષુ– ''નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે'' એટલે શું?

પૂજ્યશ્રી– જીવને કર્મ વળગેલાં છે. તે દોષ જ છે. મુખ્યપણે આઠ પ્રકારનાં કર્મ છે. તેમાં મુખ્યત્વે મોહનીય કર્મ બળવાન છે. મોહનીય કર્મના બે ભેદ છે. એક દર્શનમોહ કે જે સમ્યક્ત્વ થવામાં અંતરાયરૂપ છે. બીજું આત્માના ખરા સ્વરૂપને પ્રગટ થવામાં અંતરાયરૂપ ચારિત્રમોહ છે. ત્યાગ, વૈરાગ્યને અર્થે ગમે ત્યાંથી કંઈ પણ સાંભળવામાં વાંધો નથી. ફક્ત જ્ઞાનીપુરુષે જે માન્યતા કરાવી છે તેમાં ફરક આવવો જોઈએ નહીં. કુસંગનો ત્યાગ કરવાથી સત્સંગનો લાભ લઈ શકાય છે અને તે જ નિર્દોષ આનંદ છે. કારણ કે તેના સેવનથી જ આત્મા પવિત્ર થાય છે.

અઢાર પાપસ્થાનક છે તે બધા દોષો જ છે. તે દોષોને ક્ષય કરે છે તે જ પવિત્ર પુરુષ છે.

**છુધા તૃષા અરુ રાગ, દ્વેષ અસુહાવને,**
**જનમ જરા અરુ મરણ, ત્રિદોષ ભયાવને;**
**રોગ સોગ ભય વિસ્મય, અરુ નિદ્રા ઘણી,**
**ખેદ સ્વેદ મદ મોહ, અરતિ ચિંતા ગણી.**

ખાવામાં, પીવામાં, વિષયભોગમાં જે આનંદ માનવામાં આવે છે તે ખરો આનંદ નથી. કારણ કે જીવ મોહરૂપી મદિરા પીને બેભાન જેવો થઈ રહ્યો છે એટલે તેને ખરું સુખ શું છે તેનું ભાન પણ નથી. આત્માનું સુખ તો અનંત છે પણ જીવે દુઃખમાં જ સુખ માની લીધું છે. જેમ કોઈને તાવ ઘણો (૧૦૫ ડીગ્રી) આવ્યો હોય અને પછી ઊતરી ઓછો (૧૦૩ ડીગ્રી) થાય ત્યારે એમ કહે છે કે હવે સારું છે. પણ તાવ તો હજુ છે. પૂરો ઊતર્યો પણ નથી. તેમ બાહ્ય પદાર્થોમાં સુખ જીવે માની લીધું છે પણ

તે સુખ નથી. અને પછી અધોગતિમાં જાય છે. જે આત્માને કાયમને માટે કામ લાગે તેવી વસ્તુ પ્રાપ્ત કરવાનું તેને સૂઝતું નથી. પૈસા વગેરે મળે તો જીવ આનંદ માને છે, પણ વિચારતો નથી કે આ સુખ ક્યાં સુધી રહેનાર છે? બીજા ભવમાં કંઈ કામ આવે તેમ નથી. એક વખત સમાધિમરણ થઈ જાય તો તે ભવોભવ કામ આવે તેમ છે. માટે એ જ લક્ષ રાખી પૂ. પ્રભુશ્રીજીએ જે માળા દિવાળી ઉપર ગણવા આજ્ઞા કરી છે તે ભૂલવું નહીં. જે સંસ્કારો પડે તે વ્યર્થ જતા નથી. તે બધું કરેલું લેખે આવશે.

એક તરફ કોઈ મરણ પામ્યું હોય અને બીજી તરફ લગ્ન પ્રસંગે મિષ્ટાન્ન જમનાર માણસને વિચાર થઈ પડે છે કે આમ કરવું તે યોગ્ય લાગતું નથી. તેવી રીતે આ જીવને વિચાર આવવો જોઈએ કે જન્મ જરા મરણનાં દુઃખો જ્યાં સુધી રહેશે ત્યાં સુધી સુખ મળવાનું નથી. તે દુઃખના નાશનો ઉપાય કરું.

આ સંસારમાં સુખની પ્રાપ્તિ થાય તેમ નથી. કારણ આખો લોક ત્રિવિધ તાપથી બળતો છે. તો તેમાંથી સુખ કેવી રીતે મળશે? ધન મેળવી જીવ સુખી થવા ઇચ્છે છે અને તેના ઉપર રાગ કરે છે, પણ તે મળ્યા પછી તેને ચોરાઈ જવાનો, લૂંટાઈ જવાનો તેમજ રાજા વગેરે લઈ લે તેનો ભય કાયમ રહ્યા કરે છે તો તેમાં સુખ ક્યાં છે? તેમાંથી નિર્દોષ સુખ મળે એ કેમ કહેવાય? કારણ પરિણામ જેનું દુઃખમય આવે તે દુઃખ જ છે. તેવી જ રીતે સંસારના દરેક પદાર્થોમાં પરિણામે દુઃખ જ છે. માટે કાયમનું સુખ કે જેનો કોઈ વખત નાશ થતો નથી તે મેળવવા પુરુષાર્થ કરવો.

અઢાર પ્રકારના જે દોષો કહ્યા છે. તેનો ક્ષય કરવા માટે પુરુષાર્થ કરવામાં આવે તો અનંત અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થાય તેમ છે. અને પરમ નિર્દોષ એવો જે સત્સંગ તેનું સેવન કરવાથી જીવ દોષોથી મુક્ત થવા પુરુષાર્થ કરવા યોગ્ય થાય છે. બાકીના સર્વ પદાર્થોનો સંગ તે કુસંગ છે અને દોષયુક્ત હોવાથી જેમ બને તેમ તેનાથી દૂર રહેવું. વિચારમાં રહેવું.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૬૮–જિતેન્દ્રિયતા** ૪૭ શ્રીમદ્ રા. આ. અગાસ,
(બપોરના ઉપર) ભાદરવા વદ ૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવને યુનિવર્સિટી જોઈને એમ થયું કે અવિવેકી વિદ્યા પામી જીવ આત્મસિદ્ધિથી ભ્રષ્ટ થાય છે. તે અટકાવવા આ મોક્ષમાળા સોળ વર્ષની ઉંમરે કૃપાળુદેવે લખી છે. બાહ્યદૃષ્ટિ હોય ત્યાં સુધી એની બ્રહ્મચર્ય તરફ દૃષ્ટિ વળતી નથી. પાંચ ઇંદ્રિયના વિષયમાં આખું જગત પડ્યું રહ્યું છે. અતીન્દ્રિય સુખની ખબર નથી. આરંભનો અર્થ હિંસા થાય છે. જે જે હિંસાનાં કાર્ય છે તે આરંભ છે. સમરંભ, સમારંભ, આરંભ એમ ત્રણ કારણ પાપનાં કહેવાય છે. સમરંભ એટલે મનમાં હિંસાનો સંકલ્પ થાય તે. સમારંભ એટલે તેનાં સાધનો મેળવે તે અને આરંભ એટલે પાપની, હિંસાની પ્રવૃત્તિ કરે છે તે. ઇંદ્રિયોના જય વિના અતીન્દ્રિય સુખ પ્રાપ્ત થાય નહીં. સર્વસ્વનો ત્યાગ કરે તો નિરારંભી થાય. ઇંદ્રિયોનો જય પહેલા કરવો જોઈએ. પાંચ ઇંદ્રિયોને વશ કરવી હોય તો પહેલાં મન વશ કરવું, તો ઇંદ્રિયો જિતાય. મન વશ કરવું મુશ્કેલ છે, પણ એનો ઉપાય જ્ઞાનીઓએ શોધી કાઢ્યો કે જ્ઞાનરૂપી લગામ હોય તો એ વશમાં રહી શકે. ''જ્ઞાને બાંધ્યું મન

રહે.'' મન સંસાર ઊભો કરે છે અને એ વશ થાય તો મોક્ષ થાય એવું છે. મન ચંચળ હોય તો અનેક પ્રકારના વિષયોને ઇચ્છે છે. કોઈ પૂર્વનો સંસ્કારી હોય તેને સહેજે મન વશ થાય છે. મનને નિરંકુશ ન રાખવું. જન્મમરણ છૂટે એ માર્ગમાં મન દોરવું છે. મન વશ ન થયું હોય ત્યાં સુધી ત્યાગ પણ ઉપરછલ્લો થાય છે. આવી બધી શિખામણો મોક્ષમાળામાં છે.

નિર્ભય માણસ બધું કરી શકે છે. મધ્યસ્થદૃષ્ટિ રાખીને જ્ઞાનીનાં વચનો વિચારે તો વિશેષ લાભ થાય. હું સમજી ગયો એવું ન રાખવું. મધ્યસ્થદૃષ્ટિ હોય અને ગુણગ્રાહી હોય તેને લાભ થાય છે. ભાવના હોય તો જીવને સત્પુરુષનો યોગ મળી આવે. નીતિ એ ધર્મનો પાયો છે. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ એ ચાર ભેદો નીતિના પાયા છે. મૈત્રીભાવના આવે તો બીજી ત્રણેય ભાવના આવે. જીવ કરવા માંડે તો કામ થાય.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૧૦૦–મનોનિગ્રહનાં વિઘ્ન ૪૮** શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– આખી મોક્ષમાળાનો સાર આમાં કહે છે. મન વશ હોય તેટલું થાય. જ્ઞાનીની શિખામણ લેવી હોય તો મન વશ કરવું. મનોનિગ્રહતા કરવી હોય તો વિશાળ લક્ષ કરવો. મારે એક મોક્ષ જ મેળવવો છે, એ વિશાળ લક્ષ છે. સર્વોત્તમ લક્ષ જેનો થયો હોય તેને મન વશ વર્તે છે. મોક્ષનો લક્ષ નથી થતો, તેનું કારણ શું છે? તેના અઢાર દોષ આ શિક્ષાપાઠમાં કૃપાળુદેવ કહે છે.

(૧) આળસ– એ પહેલો દોષ છે. આળસ હોય તે ધર્મનાં કામ કરતાં ઊંઘી જાય છે. જે વ્યવહારમાં પણ આળસુ છે, તે ધર્મમાં શું કરે? આળસુ માણસ ઊંઘ વધારે છે. આળસ ને ઊંઘ વધાર્યા વધે અને ઘટાડ્યાં ઘટે. આળસ અને પ્રમાદ જેવા કોઈ શત્રુ નથી. એ જીવને નડે છે. મોક્ષે જવું હોય તો કેડ બાંધી તૈયાર થવું.

(૨) અનિયમિત ઊંઘ– તે હોય તો ખરો બોધ થતો હોય ત્યારે ઊંઘે. ઊંઘ છે, આળસ છે, એ બધાં પ્રમાદનાં અંગ છે.

(૩) વિશેષ આહાર– ખાવા બેસે ત્યારે જાણે દુકાળમાંથી આવ્યો હોય તેવું થાય છે. માથે મરણ છે. જીવને ભય જ ક્યાં છે? આખો લોક ત્રિવિધ તાપથી બળે છે. એ જો સાંભળ્યું હોય તો એ બળતરા કેમ મટે, એમ લાગવું જોઈએ. અત્યારે જીવ બળે છે. જીવ બેભાન છે.

(૪) ઉન્માદ પ્રકૃતિ– બહુ ખાવાથી ઊંઘી જાય અને તેથી ઉન્માદ થાય છે. ઇન્દ્રિયો ઉન્મત્ત થાય છે.

(૫) માયા પ્રપંચ– માયા પ્રપંચ હોય ત્યાં સુધી જીવને મન વશ ન થાય. એથી મન બીજે જાય, પણ વશ ન થાય. માયા પ્રપંચ હેય (છોડવા યોગ્ય) છે.

(૬) અનિયમિત કામ– કામ નિયમસર કરે તો વખત મળે અને બધું કામ પૂરું થાય. આળસુ હોય અને અનિયમિત કામ હોય તો મન વશ ન થાય.

(૭) અકરણીય વિલાસ– એ હોય તો પણ મન વશ ન થાય.

(૮) માન– માન જેને હોય તેની વૃત્તિ બહાર રહે છે, તેથી મન વશ ન થાય.

(૯) મર્યાદા ઉપરાંત કામ– એટલે શક્તિ ઉપરાંત કામ લે તો પણ મન વશ ન થાય.

(૧૦) આપવડાઈ– આપવડાઈ કરે તો મન વશ ન થાય. હું નાનપણમાં બહુ ખરાબ હતો, પણ હવે હું હોંશિયાર થયો છું. એમ આપવડાઈ કરે તો મન વશ ન થાય.

(૧૧) તુચ્છ વસ્તુથી આનંદ– જગતમાં તુચ્છ વસ્તુઓ ઘણી છે. તેની ઇચ્છા કરે, તે જેને ગમે તેને મન વશ ન થાય. આખા જગતમાં એનું મન ભમે. એના માટે "નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે." એ સુખ લેવું.

(૧૨) રસગારવલુબ્ધતા– એ હોય તો નીચને ઘેર પણ ખાય, એને ખાવા યોગ્ય કે ન ખાવા યોગ્યનું ભાન ન રહે. પાંચ ઇન્દ્રિયોને વશ કરવી હોય તો પહેલાં જીભને જીતવી. એ ન રોકે તો મન વશ ન થાય.

(૧૩) અતિભોગ– ભોગમાં વૃત્તિ હોય તોપણ મન વશ ન થાય.

(૧૪) પારકું અનિષ્ટ ઇચ્છવું– બીજાનું ભૂંડું ઇચ્છે, તેથી મન વશ ન થાય.

(૧૫) કારણ વિનાનું રળવું– પૈસા એકઠા કર કર કરવા એમ જેને હોય તેનું મન વશ ન થાય. પૈસામાં જ એનું મન જાય તેથી મન વશ ન થાય. જેને આજીવિકા જેટલું થયું હોય, છતાં રળ રળ કરે તો મન વશ કેમ થાય? [1]પૂણિયો શ્રાવક રોજ બે આના કમાતો અને પછી સામાયિક કરતો. સામાયિકમાં એનું મન સ્થિર રહેતું.

(૧૬) ઝાઝાનો સ્નેહ– જેને ઝાઝાની ઓળખાણ કે સ્નેહ હોય તેને વૃત્તિ બહાર જાય, તેથી મન વશ ન થાય.

(૧૭) અયોગ્ય સ્થળે જવું– જ્યાં જીવનું મન વશ ન રહે ત્યાં જાય તો મન વશ ન રહે.

(૧૮) એક્કે ઉત્તમ નિયમ સાધ્ય ન કરવો– [2]ઉત્તમ પુરુષે કોઈ વાત કહી હોય, તેમાંનું એક વચન પણ પકડ્યું હોય તો મન વશ થાય. જેને એક પણ વ્રત, નિયમ ન હોય તેને મન વશ કેમ થાય?

એ અઢાર દોષો જે સેવે છે તે પાપી જ છે. એ અઢાર દોષમાંનો એક દોષ પણ જેના હૃદયમાં નથી, અતિ ભોગ નહીં, પણ સામાન્ય ભોગ પણ જેણે ત્યાગ્યા છે તે મહાપુરુષ છે. આ અઢાર દોષો કાઢવાના છે. જીવમાં અનેક દોષો છે, તેમાંથી આ અઢાર દોષો લખ્યા છે.

**[વ૦ ૩૭]** ૪૯ જેસલમેર, મહા વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– [3]પાર્શ્વનાથને કમઠે ઉપસર્ગ કર્યા અને ઇન્દ્રે સ્તુતિ કરી, તે બન્નેમાં ભગવાને સમતા રાખી. કૃપાળુદેવે કહ્યું છે કે 'નિંદા કરે એના પર અમને દ્વેષ નથી.' જગત સારું-ખોટું કહે તેથી કંઈ કલ્યાણ ન થાય. લોકનો ભય જીવને લાગે છે. આત્માર્થી જીવે તો જગત ગમે તેમ કહે, પણ આપણે જે સારું હોય તે કરી લેવું. આત્માની સિદ્ધિ માટે બધી ક્રિયાઓ છે. આત્મામાં અનંત શક્તિઓ છે. જેને સત્સંગ છે તેને યોગાભ્યાસની કંઈ જરૂર નથી. બધી ક્રિયાઓમાં ગુરુની મુખ્યતા

---

**૧.** વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિ.પા. ૬૪, **૨.** તેના પર ફેણાવના છોટાલાલ કપુરચંદનો પ્રસંગ, જુઓ ઉપદેશામૃત પૃષ્ઠ ૨૮૫, **૩.** વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રજ્ઞાવબોધ પૃષ્ઠ ૧૨૦-૧૨૧.

છે. ગુરુની આજ્ઞાથી પડી જાય તો ખલાસ. સત્સંગમાં જે રંગ લાગે તે ન છૂટે. ચક્રવર્તી જેવા પોતાના રાજ્યને તુચ્છ જાણી છોડે છે અને આત્મામાં લાગે છે. આત્માનું હિત કરવાનું છે. સદ્ગુરુનો પ્રસંગ કરવાનો છે. જ્ઞાનીની આજ્ઞાએ કરવું છે. આત્માનું હિત કરવા ઊઠ્યો તો જગત ગમે તેમ કહે, તેના સામું જોવાનું કામ નથી. જેને આત્મસમાધિ કરવી છે તેણે જગતને ભૂલી જવું. કૃપાળુદેવ કહેતા કે, ગમે તેમ લોકો કહે, પણ તેઓને તમારે કંઈ ન કહેવું. મૌન રહેજો. ભગવાનને ભૂલશો નહીં. મોહ મારે છોડવો છે અને મુક્ત થવું છે, એ ઇચ્છજો.

ઉપયોગ શુદ્ધ કરવો હોય તો જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જવા, જગતવૃત્તિ ભૂલી જવી. બહુ દુર્લભ વસ્તુ શ્રદ્ધા છે. એ શ્રદ્ધા થઈ તો, ચમત્કાર વગેરે કંઈ કામના નથી. ભગવાન મહાવીરે જેવું કહ્યું છે, એવું બીજા કોઈએ કહ્યું નથી. ભગવાનની શિક્ષાની વિરાધના થઈ હોય તો તેનો પશ્ચાત્તાપ કરવો. મન, વચન અને કાયા જ્ઞાનીની આજ્ઞામાં વર્તાવવાં. જગતનાં દર્શનોને ભૂલી જવાં. બધી માન્યતાઓ ભૂલી જવી. મહાપુરુષના આત્મામાં વૃત્તિ રહે એવું કરવાનું છે.

કૃપાળુદેવે કહ્યું છે કે અમારે સંકલ્પ-વિકલ્પને ભૂલી જવા છે. જગત ફાવે તેમ કહે, પણ અમારે તો લેવા દેવા નથી. પૂર્વે કર્મ બાંધ્યાં છે તે છોડીને જવું છે, મુક્ત થવું છે. એ વિના બીજું અમે ઇચ્છતા નથી, એમ કૃપાળુદેવ કહે છે. આપણે પણ આટલું કરવાનું છે.

સંકલ્પ-વિકલ્પથી અસ્થિરતા થાય છે અને રાગદ્વેષને મૂકે તો મોક્ષ છે. રાગદ્વેષ પડી મૂકવાં તેમાં તને કંઈ બાધા આવે છે? એમ આત્માને પૂછવું. બધાએ સાંભળ્યું તો છે કે રાગદ્વેષ ન કરવા, પણ ઉપયોગ નથી રહેતો, ભૂલી જાય છે. રાગદ્વેષ છોડવા હોય તો રાગદ્વેષ જેને નથી તેમાં વૃત્તિ રાખવી.

**[વ૦ ૩૭]** (બપોરના સભામાં) ૫૦ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જગતનાં બધાં દર્શન છે તે ભૂલી જ્ઞાની કહે તે સાચું એમ માનવું. જૈન સંબંધી પણ બધો ખ્યાલ ભૂલી જજો. ભગવાન તો નિરાકાર છે, તેથી ખ્યાલ આવે નહીં, પણ શાંત ભાવવાળી મૂર્તિ હોય તો તે જોઈ જગત ભૂલી જવાય અને ભગવાનના ગુણોમાં લીનતા થાય, ઉલ્લાસ થાય છે. પોતાના ભાવ ફેરવવા; જગતના ભાવો ભૂલી ભગવાનના ગુણો સંભારવા માટે મૂર્તિ છે. તે ભૂલી સ્થાનકવાસીઓ તેને ઉત્થાપે છે. તેઓ એમ દૃષ્ટાંત આપે છે કે પથરાની ગાય હોય તેને દોહે તો દૂધ નીકળે? તેમ ભગવાનની મૂર્તિ તો પથરો છે. એની પૂજા કરવાથી શું મળે? પણ એમને ખ્યાલ નથી. શાસ્ત્રોમાં એમ આવે છે કે ઘણાને જિનપ્રતિમા જોઈને સમકિત થાય છે.

ભગવાનનાં સમવસરણમાં જાય ત્યાં ભગવાનનો પ્રભાવ એવો છે કે બધા જીવો શત્રુભાવ ભૂલી જાય, વેરવાળા જીવો મૈત્રી ભાવવાળા થઈ જાય. એ બધો કેવળજ્ઞાનનો પ્રભાવ છે. *નિર્મોહી કુટુંબના દૃષ્ટાંતનું સ્મરણ કરવું. એ કથા બહુ ઉપયોગી છે. બધા જગતનો મોહ ઊતરી જાય એવી છે.

**[વ૦ ૪૦]** ૫૧ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૬, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— રાગદ્વેષ જેના ક્ષય થયા છે એવા વીતરાગ, તે માર્ગ ઉપદેશી શકે અથવા જે નિર્ગ્રંથ હોય તે ઉપદેશી શકે. રાગ, દ્વેષ, અજ્ઞાન એ જ મુખ્ય ગ્રંથિ છે. ''આત્મજ્ઞાન ત્યાં મુનિપણું.''

---

* નિર્મોહી કુટુંબની કથા, જુઓ પૃષ્ઠ ૫૦૯.

શૂરવીરનો માર્ગ છે. વ્રત લીધું તેથી કલ્યાણ થાય, પણ શૂરવીરપણે પાળે તો થાય, મોક્ષ થાય. દોષો થાય તેથી ખેદ નહીં પામતાં આગળ વધવું, પુરુષાર્થ કરવો. જીવ માત્ર દોષને પાત્ર છે. કૃપાળુદેવની આજ્ઞાથી જ મોક્ષ છે. એ આજ્ઞાની સ્પષ્ટતા દરેકને હોવી જોઈએ. એ હોય તો પછી મતભેદ ન રહે, એક પદ્ધતિ થઈ જાય. ''નહિ સર્વજ્ઞ જુજુઆજી, તેહના જે વળી દાસ.''

આ કાળમાં બાહ્ય વસ્તુઓનો કૂટારો થયો છે. મહાવીર તો ભુલાઈ ગયા છે. તીર્થંકરે કંઈ વિરોધ કરવાનું કહ્યું નથી કે તમે દિગંબર છો કે શ્વેતાંબર છો, પણ સમજણ નહીં હોવાથી એવું થાય છે.

અહંભાવ છોડી વીતરાગ જે કહે છે તે જ સાચું છે એમ માન્ય કરવું. આજીવિકા પણ માંડ પૂર્ણ થાય એવો આ કાળ આવ્યો છે. બીજું ધર્મની દુર્લભતાથી સત્પુરુષનો દુકાળ પડ્યા જેવું થયું છે. ભગવાનના કહ્યા પ્રમાણે ચલાય નહીં, ત્યારે અમે ચાલીએ છીએ તેમ ભગવાને કહ્યું છે એમ કેટલાક માને છે. ભવભીરુ હોય તે એમ માને કે ભગવાને કહ્યું છે, પણ મારાથી તે પ્રમાણે ચલાતું નથી. માન જીવને નડે છે. કાળનો પ્રભાવ એવો છે કે ઘણા પ્રકારના મતો પડતા જાય છે. અનારાધક જીવ હોય તેને સાચો ધર્મ કયો હશે, તેની શોધ કરવાનું ન સૂઝે. દુષમકાળમાં જીવો પણ દુષમ એવા કર્મવાળા છે. પહેલાંના કાળમાં અને આ કાળમાં ફેર નથી, પણ જીવોમાં ફેર છે. જે કાળમાં ઘણા મોક્ષે જતા હોય તે કાળ સારો ગણાય છે. ભગવાનનું કહેલું બધા માને એ જ કૃપાળુદેવનો પુરુષાર્થ હતો. સુલભબોધિ હોય તેને એમ થાય કે જે તર્યા છે તે જ અમને તારશે. અહંભાવ મમત્વભાવ આડો આવે છે. ધર્મ કરવો છે એમ લાગતું હોય તો પણ તેને કંઈ ગતાગમ જણાતી નથી. આત્મજ્ઞાન મારે પ્રાપ્ત કરવું છે, એવી ઇચ્છાથી દીક્ષા લે એવા પુરુષો તો કોઈક જ હશે. ભગવાને શું કહ્યું છે, એ લક્ષ રાખનારા બહુ થોડા છે.

પ્રમાણ એટલે જ્ઞાન. સાચું સમજાય, પણ માને નહીં તો શું કામનું? પ્રતિમાપૂજકને કૃપાળુદેવે પ્રભુપૂજક કર્યા.

[વ૦ ૪૭] **૫૨** શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૧૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સાત પ્રકૃતિ જ્યાં સુધી ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થાય નહીં ત્યાં સુધી ગમે તેટલું ભણે તોપણ દેહાધ્યાસ ન છૂટે. જોનારાને (આત્માને) કર્મ ન બંધાય એમ વર્તવાનું છે. અત્યારે જીવ શરીરને સંભાળે છે. શરીરમાં રહેલો આત્મા એને હવે સંભાળવાનો છે. સાત પ્રકૃતિ ક્ષય થવા માટે છ પદ કહ્યાં છે. જ્ઞાન, દર્શન, ભક્તિ આરાધે તો દેહભાવ છૂટે. 'આત્મસિદ્ધિ' એ માટે લખી છે. જે જ્ઞાનીએ કહ્યું છે તે મારે માનવું છે, એમ જો જીવને થાય તો દેહભાવ છૂટે. પહેલું એ કરવાનું છે. જેને સમ્યક્દર્શન થયું છે તેના વચનોની અને તેની શ્રદ્ધા કરવી. એમ કરવાથી કર્મ માર્ગ આપે છે. પહેલાં સત્સંગ કરીને જ્ઞાનીને ઓળખવા. પછી ભક્તિ જગાડવી, ત્યારે 'સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ' રહેશે. એ ભક્તિનું ફળ છે. બહુ વિચારવાનું છે. ઘણુંય જીવે વાંચ્યું છે, પણ વિચાર્યું નથી. ઘણું વિચારવાનું છે.

**''છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.''**

ધર્મ સમજ્યો ત્યારે કહેવાય કે જ્યારે દેહાધ્યાસ છૂટે. આત્માથી ભિન્ન વસ્તુઓમાં મારે મોહ રાખવો નથી. દેહનું થવું હોય તે થાઓ, પણ મારે આત્માનું કલ્યાણ કરવું છે. એ માટે સદ્‌ગુરુને દેહ અર્પણ કરવો. જ્ઞાનીપુરુષો કહે છે કે દુઃખ થાય છે તે દેહનો ધર્મ છે, તો તેમ માનવું. જ્ઞાની પ્રત્યે દૃષ્ટિ રાખવાની છે.

**''માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;**
**જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય.''**

સદ્‌ગુરુનું શરણું સાચું ગ્રહણ થયું તો પછી એને મારાપણું ન થાય. માનાદિકને શત્રુ કહ્યા, તો મારે રાખવા નથી. કાઢી નાંખવા છે એમ થાય. આત્મા ભાસતો નથી; સમ્યક્‌દર્શન થાય તો ભાસે. સમ્યક્‌દર્શન થયા પછી સમ્યક્‌ચારિત્ર માટે પુરુષાર્થ કરવાનો છે. સમ્યક્‌ત્વ એ અંતરાત્મા છે. પછી પરમાત્મા થવા પુરુષાર્થ કરવાનો છે. પરવસ્તુમાં વૃત્તિ જાય તે બધો પ્રમત્તભાવ છે.

**[વ૦ ૬૨]** (સવારના ઉપર) ૫૩ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૧૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— આત્માને બાહ્ય વસ્તુનો, ખાવાપીવાનો અનુભવ છે, પણ આત્માનું સુખ તો તેણે કોઈ કાળે જાણ્યું નથી, ચાખ્યું નથી, જોયું નથી. કોઈ અપૂર્વ વસ્તુ છે. મનની ગતિ પણ ત્યાં પહોંચતી નથી.

''જ્યાં મતિની ગતિ નથી, ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય?'' (૧૭૨) ધર્મધ્યાનથી મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. આ કાળમાં વસ્તુસ્વરૂપ સમજાય તો ધર્મધ્યાન થઈ શકે છે.

ધર્મધ્યાનના ચાર ભેદ છે. (૧) પિંડસ્થ (૨) પદસ્થ (૩) રૂપસ્થ (૪) રૂપાતીત. રૂપાતીત ધ્યાન સુધી આ કાળમાં ધર્મધ્યાન પ્રાપ્ત થઈ શકે છે. ધર્મધ્યાન કરવું હોય તે એકાંત સ્થળમાં, જ્યાં ધર્મધ્યાન થઈ શકે ત્યાં રહે છે. કોઈ ત્યાગ કરીને ધ્યાન કરે છે અને કોઈ ગૃહસ્થાવસ્થામાં રહી ધ્યાન કરે છે. જેમ કોઈ માણસે સમુદ્રે નાહવા જવું હોય ત્યારે પહેલાં ઘેર બધાં કપડાં ઉતારીને જાય છે અને કોઈ ત્યાં જઈને ઉતારે છે, એમ નાહવાની તૈયારી બન્ને કરે છે. જીવને ધર્મનું ઓળખાણ થતું નથી. જે વસ્તુની ઓળખાણ નથી તેનું ધ્યાન શું?

બધાને મિત્ર ગણે, તો ગમે તેવું કોઈ એને કહે તોય દુઃખ લાગે નહીં. મૈત્રીભાવમાં દ્વેષ જાય છે. ધર્મધ્યાન કરવું હોય તો ચાર ભાવનાની જરૂર છે. એ હોય તો ધર્મધ્યાન થાય, નહીં તો ન થાય.

આત્મા જાણ્યો નથી ત્યાં સુધી શરીરને સારું ખોટું માને છે. સમ્યક્‌દૃષ્ટિ હર્ષ શોક કરતા નથી. કોઈ નિંદા કરતું હોય અને કોઈ પ્રશંસા કરતું હોય તેથી હર્ષ શોક ન થાય તે માધ્યસ્થ ભાવના છે. આખા જગતના જીવો કર્મના ઉદયમાં તણાઈ જાય છે, પણ જ્ઞાની તણાતા નથી. બળવાન છે. *એવી વૃત્તિ કરવી તે ચોથી માધ્યસ્થ ભાવના છે. જ્ઞાની પાસેથી 'કેમ છુટાય', એ સમજ્યો નથી ત્યાં સુધી શ્વાસ રોકે, પ્રાણાયામ કરે તે સંસાર વધારે છે.

**[વ૦ ૭૯]** (સવારના સભામાં) ૫૪ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જગતમાં ઘણા ધર્મો છે અને સૌ પોતાના ધર્મને સાચો માને છે, પણ જ્ઞાની કહે છે કે ''તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી

* કર્મના ઉદયમાં ન તણાઈ જવાય તેવી.

સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.'' (૨/૧૫)

આત્માને ઓળખીને આત્મામાં રહેવું તે ધર્મ છે. આત્માની સિદ્ધિ જેથી થતી હોય, તે કરવામાં ધર્મ છે. આત્મપ્રાપ્તિ માટે જ્ઞાનવિચાર કરવો. જ્ઞાનવિચાર માટે સુવિચારણા જાગવાની જરૂર છે અને સુવિચારણા જાગવાનું કારણ સદ્‌ગુરુનો બોધ છે.

જેને બાહ્યાભ્યંતર પરિગ્રહ નથી એટલે કે બાહ્ય વસ્તુ ઉપર મમતા નથી, તે બાહ્યપરિગ્રહ રહિતપણું અને મિથ્યાત્વ વગેરે જે અભ્યંતરપરિગ્રહ તે જેને નથી તે સદ્‌ગુરુ છે.

બાહ્ય નિમિત્ત અને કર્મના ઉદયથી ક્લેશિત પરિણામ થાય છે. રાગ, દ્વેષ અને અજ્ઞાનથી એ થાય છે.

**''ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશરહિત મન તે ભવપાર.''** (યશો૦ ૧૨)

ક્લેશ છે ત્યાં સુધી સંસાર છે અને ક્લેશરહિતપણું છે તે મોક્ષ છે. સ્યાદ્‌વાદ છે તે વસ્તુને ચારે બાજુથી તપાસીને જુએ છે. જ્યાં સુધી આત્માનો નિર્ણય ન થયો હોય ત્યાં સુધી તે નિર્ણય કરવાનો છે અને તે માટે સ્યાદ્‌વાદ છે. નિર્ણય થયા પછી આત્માને ઉપાસવાનો છે. એમાં કાંઈ સ્યાદ્‌વાદ નથી કે ઉપાસવો કે ન ઉપાસવો. શુદ્ધ થવાનું છે. ''માત્ર મોક્ષ અભિલાષ.''

બીજી કંઈ ઇચ્છા રાખવી નહીં. ક્લેશના કારણો નિર્મૂળ કરી આત્મામાં સ્થિર થવાનું છે. બધેથી વૃત્તિ ઉદાસીન કરી સ્યાદ્‌વાદથી વસ્તુને ઓળખી આત્મામાં સ્થિર થવું.

**[વ૦ ૮૪]** ૫૫ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૦, સં. ૨૦૦૭

મુમુક્ષુ– ''પ્રતિશ્રોતી થા.'' એટલે શું?

પૂજ્યશ્રી– ભાવનાવાળો થા. અત્યારે કર્મ ઉદયમાં આવ્યાં છે, તેથી જો ન થઈ શકતું હોય તો ભાવના રાખ. કર્મ કંઈ રહેવાનાં નથી. માટે ભાવનાને બળવાન રાખ તો કામ થશે.

મુમુક્ષુ– ''અનુત્તરવાસી થઈને વર્ત.'' એટલે શું?

પૂજ્યશ્રી– અનુત્તર એટલે બધાથી ચઢિયાતી વસ્તુ. ત્યારે બધાથી ચઢિયાતી વસ્તુ તો આત્મા છે, માટે આત્મામાં વાસ કરીને વર્ત.

**[વ૦ ૮૪]** ૫૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૦)), સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જેને પોતાનું જીવન સુધારવું છે તેણે કેમ જીવવું? તેને માટે આ પત્રમાં નિર્ણય કર્યો છે.

ખરું સુખ શું છે, તેની જીવને ખબર નથી. દેહનું સુખ જુદું અને આત્માનું સુખ જુદું છે, એમ લાગે તો ખબર પડે કે ખરું સુખ દેહનું છે કે આત્માનું? આ દેહમાં આવીને તને આટલાં વર્ષ થયાં. તેમાં તું સુખી થયો કે દુઃખી? વિચાર કરે તો જીવને લાગે કે દેહમાં આવીને સુખી થયો નથી. અનેક પ્રકારનાં દુઃખ છે.

શરીરથી હું જુદો છું, એમ થયું નથી. દેહમાં રહેનાર દેહથી જુદો છે, એમ લાગે તો પછી દેહને

ગમે તેમ થાય, પણ 'હું તો તેથી જુદો જ છું' એમ જ રહે. મનનાં, વચનનાં, કાયાનાં એમ અનેક પ્રકારનાં દુઃખ છે. વિચાર કરે તો દુઃખ સમજાય એવું છે. એનો ઉપાય શો કરવો? તો કે જ્ઞાની જાણે છે, એને શરણે જાય તો જરૂર દુઃખમુક્ત થાય, એમ પ્રતિજ્ઞાપૂર્વક કહે છે.

ભવ ટાળવા હોય તો દેહની ચિંતા ન કરતાં, આત્મા સુખી થાય એવું કર. દેહની ચિંતા રાખે છે તેને ગૌણ કરી નાંખ. દેહના સુખે તું સુખી નથી. દેહ તો વેદનાની મૂર્તિ છે. માટે એની ચિંતા મૂકી આત્માની ચિંતા કર. આ મનુષ્યભવમાં થાય એવું છે. મિથ્યાત્વનું બળ એવું છે કે અનંતકાળ સુધી એને રઝળાવે છે. એ જો હજી સુધી ન ખસ્યું તો અનંતકાળ સુધી રઝળાવશે. પોતાના સુખનું જ જીવને ભાન નથી, ખરું દુઃખ તો એ જ છે. કંઈ ન બને તો તું સાંભળ સાંભળ કર અને આ સાચું છે, મારાથી નથી થતું, પણ કરવા જેવું આ છે એમ રાખ. હું કરું છું એનું ફળ શું આવશે? એનો વિચાર કરી પગલું મૂક. ફળ ખરાબ આવશે એમ લાગે તો એ ન કરવું. જેનાથી કોઈ ચઢિયાતું નથી એવો આત્મા છે. તેની તું વર્તના કર. ઉત્તમમાં ઉત્તમ તો આત્મા જ છે. ''અનુત્તરવાસી થઈને વર્ત'' એ લક્ષ રાખવો. ''આત્માથી સૌ હીન'' એમ લક્ષ રાખવો. પોતાને આ જગતનો મોહ છે તેથી દુઃખી થાય છે. જ્ઞાનીપુરુષોની દૃષ્ટિ ઊંડી હોય છે.

**[વ૦ ૮૪]** (સવારના સભામાં) ૫૭ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૧૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ''દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંત ગણી ચિંતા આત્માની રાખ.''

આ કોને કહે છે? દેહથી અનંતગણી ચિંતા આત્માની રાખવાની છે. દેહ તો સચવાયો સચવાય એવો નથી. આત્માનું કલ્યાણ કરવા માટે અહીં સાંભળવા બેઠા છીએ, એમ થાય તો થાય કે હું આત્માની કાળજી રાખું છું કે નહીં? દેહનું પુણ્ય પ્રમાણે થશે પણ આત્માને સંભાળવાનો છે. આટલા ભવમાં અનંતભવનું સાટું વળી જાય એવું છે. જીવને ખબર નથી. લાગ આવ્યો છે, પણ જીવને ખબર નથી. બીજું ઘણું કર્યું છે પણ હવે છૂટવાનું કરી લેવા દે.

''ન ચાલે તો પ્રતિશ્રોતી થા.'' કર્મનું જોર હોય તેથી પોતાનું ન ચાલતું હોય તો જ્ઞાની કહે તે સ્વીકાર કર. માન્યતા કર તો પછી બધું થશે. બધું ન થાય તો જેટલું થાય તેટલું કર. અંશે અંશે બધું થઈ જશે.

છૂટવાની ઇચ્છાવાળાને એવા વિચાર આવે છે. અત્યારે કરું છું તેનું ફળ કેવું આવશે? તેનો વિચાર કરીને વર્ત. પ્રભુશ્રીજી કહેતા કે તલ તલ ઉપર નામ લખેલું છે. જેને જેટલું મળવાનું છે, તેને તેટલું મળે છે. અનુત્તર તો આત્મા છે. આત્મામાં વસવાવાળો થા. બીજી જગતની વાસના ન રાખ. ''મોક્ષભાવ નિજવાસ.'' પોતાના ભાવમાં વસવું એ જ મોક્ષવાસ છે.

**[વ૦ ૮૪]** (બપોરના ઉપર) ૫૮ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૩, સં. ૨૦૦૯

મુમુક્ષુ– ''પૂર્વ કર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો.'' પ્રત્યેક ધર્મ એટલે શું?

પૂજ્યશ્રી– આપણે જે કરવાનું છે તે. ધર્મ એટલે કર્ત્તવ્ય એમ અહીં અર્થ છે. એ વાત છે તે પરમાર્થને માટે નથી, વ્યવહારને માટે છે. પૂર્વ કર્મ નથી એમ કરી બેસી રહે તો કંઈ મોક્ષ થાય નહીં. વ્યવહારમાં એમ છે કે પૂર્વનું પુણ્ય હોય તો વ્યાપાર આદિમાં લાભ મળે, નહીં તો નહીં મળે, પણ ધર્મના કામ માટે એમ નથી. એ તો પોતે કરે ત્યારે જ થાય એવું છે.

[વ૦ ૮૫] ૫૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૦)), સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– મોહને લઈને જીવને નરકમાં જવું પડે છે. ખરું દુઃખ તો જીવને મોહનું છે. અત્યારે ખોટું લાગતું હોય તો હવેથી ફરી નવું ન બંધાય એ સાચવવું. ઉદયમાં આવેલું તો ભોગવવું જ પડશે, પણ હવે રાગદ્વેષ ન થાય એવું કરવું. દુઃખ ન ગમતું હોય તો દુઃખ ઉત્પન્ન થાય એવાં કારણો એકઠાં ન કર. પાપને લઈને જીવ માંદો પડે ને વળી પાપની દવા કરે તેથી વધારે પાપ બંધાય. તેથી મટ્યું હોય તોય મટ્યું ન કહેવાય. ભવિષ્યની વાતનો વિચાર કરીને પગલું ભરવું કે એનું શું ફળ આવશે? જ્ઞાનીની આજ્ઞા વગર જે કંઈ કરે તે બધું ઊંધું જ થાય છે.

''આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું.'' છેલ્લી શિખામણ છે, તેનો જીવ લક્ષ રાખતો નથી. જેણે આત્મા ઓળખ્યો હોય તેનો પરિચય કરે તો આત્મા ઓળખાય. બધાને મોટા થવાનું મન થાય છે, પણ એ મોટાઈ કામની નથી. મોટા તો સિદ્ધ ભગવાન છે. પૌદ્ગલિક મોટાઈ છે તે તો એને અધોગતિમાં લઈ જનાર છે. ''બૂડે જે શિરભાર'' માથે ભાર હોય તો બૂડે. ભગવાનના ગુણોનો વિચાર કરો, ભગવાનની સ્મૃતિ લાવો.

[વ૦ ૮૫] ૬૦ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૧૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– વિચાર કરીને બોલતો હોય તેને પશ્ચાત્તાપ કરવો ન પડે. જેને વાતોની ટેવ પડી હોય તે ગમે તેની વાતો કરે. બીજાને કેટલું ખોટું લાગશે તેનો વિચાર ન કરે. ''વચન નયન યમ નાહીં.'' રોજ બોલીએ છીએ. વચનથી ઘણાં પાપ બંધાય છે. આંખથી પણ ઘણાં પાપ બંધાય છે. એ બેને સંયમમાં લાવે તો ઘણા પાપથી બચાય. વચન અને નયન એ બેયથી કર્મ બંધાય. એથી પાછો હઠે તો આત્મામાં રહેવાય. વચનથી કેટલુંય વેર બંધાઈ જાય છે.

નરકમાં દુઃખ છે, પણ બધી નરકો કરતાં સાતમી નરકમાં ઘણું દુઃખ છે. તે તો સહન થાય પણ મોહનું દુઃખ સહન થતું નથી એમ કૃપાળુદેવ કહે છે. મોહનીયને લઈને કેવી દશા થાય છે? પોતાનું ભાન રહેતું નથી.

**''ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર.''**

સંસાર મોહની કલ્પના છે. બધા દુઃખનું મૂળ શોધતાં શોધતાં આ મોહનીય મળ્યું. મોહ છૂટતો નથી. પાછળનો પાછળ છે. કર્મ બંધાયા પછી તો ઉદય આવવાના. માટે જે વખતે બંધાય તે વખતે ચેતવાનું છે. નવાં ન બંધાય તેમ ચેતતા રહેવું. પુણ્યનો ઉદય હોય ત્યારે જીવને મોહ થાય છે. પાપનો ઉદય હોય ત્યારે દુઃખ લાગે છે અને તે વખતે ધર્મ યાદ આવે, માટે દુઃખ તો સારું છે. આત્મામાં વૃત્તિ જાય તો કર્મ રોકાય.

**"પુદ્ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત."** (દેવ૦ ૪)

પુદ્ગલનો જે અનુભવ થાય છે તેનો ત્યાગ કરે તો પછી આત્મા શું છે તે સમજાય. જેને પુદ્ગલની ઇચ્છા છે તે હલકા છે. તુચ્છ વસ્તુઓની ઇચ્છા કરે તે તુચ્છ જ છે. "આત્માથી સૌ હીન." તો પછી હીનની ઇચ્છા કરે તો હીન જ થાય ને? જ્ઞાનીની ગણતરીમાં એ હલકો છે. એને ઇચ્છા કરતાં આવડતી નથી. મનુષ્યભવમાં જે ઇચ્છા કરવા જેવી છે તે કરતો નથી, તે પશુ જેવો છે. 'હું આત્મા છું. એક છું એટલે રાગદ્વેષરહિત છું.' જ્યારે રાગાદિ થાય ત્યારે બે થાય છે. આત્મા કલ્પના નથી, અનુભવની વસ્તુ છે. અનુભવમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણેય હોય છે. જ્ઞાનમાં બધું આવી ગયું. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. પુદ્ગલનો પરિચય થઈ ગયો છે. પરવસ્તુનો સંબંધ થયો છે તેનાથી જીવ જુદો છે. પુદ્ગલનો પરિચય એવો થઈ ગયો છે કે એના વિના ચાલે જ નહીં, એમ જીવને રહે છે. કૃપાળુદેવને કોઈએ પૂછ્યું કે તમારું શરીર કેમ સુકાઈ ગયું છે? કૃપાળુદેવે કહ્યું કે અમારે બે બાગ છે, એમાંથી એકમાં વધારે પાણી ગયું તેથી બીજો બાગ સુકાઈ ગયો.

દર્શનમોહ જાય ત્યારે સમકિત થાય. આત્મામાંથી વૃત્તિ ઊઠી પુદ્ગલમાં જાય તો પછી આત્મામાં રહેવાય નહીં. સત્પુરુષનું સ્મરણ, ભક્તિ, સ્તુતિ કરો. જ્ઞાનીથી એને જે સાધન મળ્યું તેમાં એ વૃત્તિ રાખે તો જ્ઞાની થઈ જાય.

[વ૦ ૮૬] ૬૧ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૧૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— સત્પુરુષનું મુખ્ય લક્ષણ નિઃસ્પૃહપણું છે અથવા વીતરાગતા છે.

"અનંતકાળ થયા જીવને પરિભ્રમણ કરતાં છતાં તેની નિવૃત્તિ કેમ થતી નથી." આ વાક્યનો ઘણા કાળ સુધી વિચાર કરવાનો છે.

અનંતકાળથી જન્મમરણ, જન્મમરણ થયા કરે છે. પણ તે મટે એવું કરવાનું સૂઝતું નથી. અનંતકાળથી પરિભ્રમણ કર્યું છે. જીવને તેમાં શો સ્વાદ આવે છે કે ફરી ફરી તેમાં ને તેમાં જાય છે? અનંતવાર મનુષ્યભવ મળ્યા છતાં જીવ પોતાનું કલ્યાણ કરી શક્યો નથી. ઘણા ખેદની વાત છે. શી ભૂલ છે? અને એ ભૂલ કેમ ટળે? એને માટે શું કરું? એને માટે રાતદિવસ ઝૂર્યા વિના માર્ગનું ભાન થતું નથી. બધેથી વૃત્તિ ઉઠાવી આ એક વિકલ્પ કરવો કે જન્મમરણ કેમ છૂટે? શું કરું તો છૂટે? બીજા વિચાર છોડી આ જ એક વિચાર કરવાનો છે. સંસારમાં રહેવું અને મોક્ષ થવા કહેવું એ ન બને. કોઈ દેહ લઈ મોક્ષે ગયા છે? આ દેહ છે તે જ સંસાર છે.

આખું જગત સુખી થાઓ એવી ભાવના કરવી. "મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી."

કોઈના પણ ગુણ જોઈને રાજી થવું. ઈર્ષ્યા કરે તો પાપ બંધાય. ગુણવાનને જોઈને રાજી થવું. ઉલ્લસિત થવું. એ ક્યારે થાય કે દૃષ્ટિ સારી થઈ હોય તો.

પોતાના આત્માને તારવાની ઇચ્છા છે, તેવી રીતે બીજા જીવો તરે એવી ભાવના કરવી. બધા જીવો સંસારથી મુક્ત થાઓ એવી ભાવના કરવી, ઇચ્છા કરવી.

આપણે કોઈના ઉપર ઉપકાર કર્યો હોય પણ તે આપણા ઉપર અપકાર કરે તો પણ ક્રોધ ન કરવો. માધ્યસ્થભાવ રાખવો. જેને એવી પ્રકૃતિ છે તે સમજે છે કે મારો સ્વભાવ, સમભાવ છે તે

હું કેમ મૂકું? ''જગત જીવ હૈ કર્માધીના'' આપણે કોઈના ઉપર ઉપકાર કરીએ છતાં તે આપણા ઉપર દ્વેષ રાખે તે નિર્ગુણી ઉપર માધ્યસ્થભાવ રાખવો.

**[વ૦ ૮૭]** ૬૨ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૧૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– આઠ દૃષ્ટિ આપણે બોલીએ છીએ તેનો સંસ્કૃતમાં ગ્રંથ હરિભદ્રાચાર્યે લખ્યો છે. તે 'યોગદૃષ્ટિસમુચ્ચય' ઉપરથી યશોવિજયજીએ આઠ દૃષ્ટિની સજ્ઝાય સંક્ષેપમાં કરી છે. સાચા પુરુષની વાણી મિથ્યાદૃષ્ટિને ગમે નહીં. સાચી અરિહંતની સ્થાપના હોય તે એને ગમે નહીં. મહાપુરુષો ગુણગ્રાહી હોય છે. પોતાના સ્વરૂપની ગમે ત્યાંથી પ્રાપ્તિ કરવી છે. આત્માનું સ્વરૂપ પ્રાપ્ત કરવું છે. એ અભિપ્રાય છે, તો ગમે ત્યાંથી પ્રાપ્તિ કરવી. બધાય ધર્મોમાં આત્માની વાત છે. મારું જે ખરું સ્વરૂપ છે, તે ગમે ત્યાંથી પ્રાપ્ત થાઓ. ગમે ત્યાંથી પણ પોતાનું કલ્યાણ કરી લેવાનું છે. મને સાચા પુરુષ મળો અને મારું કલ્યાણ થાઓ એવી ભાવના કરવાની છે.

''જૈન સંબંધી સર્વ ખ્યાલ ભૂલી જજો.'' (૩૭) બધું ભૂલી હું કંઈ જાણતો નથી એવું કરવાનું છે. તમારા આત્માનું કલ્યાણ જેથી થાય તે કરવું. જે સાચું છે તેથી જ સાચું પ્રાપ્ત થાય છે. ખોટાથી સાચું પ્રાપ્ત થાય નહીં. જેના બોધથી પોતાનો આત્મા પ્રાપ્ત થાય તે હિતકારી છે. એટલા માટે કૃપાળુદેવે કહ્યું છે કે–

**''પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર,**
**એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.''**

**[વ૦ ૮૮]** ૬૩ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૧૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સર્વવ્યાપક બ્રહ્મ છે, બ્રહ્મ છે અને માયા છે એમ વેદાંત માને છે. એક જ ચેતન માને તો પછી માયા ક્યાં રહી? એમ વિરોધ આવે છે. એક જ બ્રહ્મ સર્વવ્યાપક હોય તો માયા પછી ક્યાં રહે? માયા અકથ્ય છે એમ તેઓ કહે છે. એક બ્રહ્મ છે, બીજાં બધાં મનુષ્યોના અંતઃકરણો છે તે બધાં માયાના અંશો છે એમ માને છે. જીવ અસંગ છે પણ સંગવાળો દેખાય, અકર્તા છતાં કર્તા દેખાય તે માયા છે, એમ વેદાંત માને છે.

**[વ૦ ૯૫]** (સવારના સભામાં) ૬૪ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવ કહે છે કે આ કાળમાં હે સમ્યક્દર્શન! તું ક્યાં આવ્યું? જ્યાં મહાપુરુષોનો યોગ નથી તેવા કાળમાં તું શા માટે આવ્યું?

**''અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાસી રે.''**

સમ્યક્દૃષ્ટિને અંશે બધા ગુણો પ્રગટે છે.

**[વ૦ ૯૭]** ૬૫ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– મુનિ થયા હોય તેને શું કામ હોય? તો કે મનને રોકવું. મોક્ષમાર્ગ બે પ્રકારે ભગવાને કહ્યો છે. એક મુનિને યોગ્ય અને એક ગૃહસ્થને યોગ્ય. ગૃહસ્થાવસ્થામાં ધર્મ પાપથી

છૂટવા રૂપ છે. આજે પ્રભુશ્રીજીનો બોધ તપાસતાં આવ્યું હતું કે સાધર્મીનો ટુકડો પણ ખાવો યોગ્ય નથી. કૂતરા થવું પડે.[૧]

[વ૦ ૯૯] ૬૬ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– આ કાળમાં ચાર આશ્રમ પ્રમાણે પ્રવર્તવા જાય તો એટલું આયુષ્ય નથી, તેથી છેલ્લું રહી જાય. અવસર્પિણી કાળ છે તે પડતો કાળ છે. મનુષ્યદેહ મળ્યો પણ ખપમાં લાગતો નથી.

[વ૦ ૧૦૭] ૬૭ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૦)), સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આત્મા સંયોગથી ઉત્પન્ન થયો નથી. અરૂપી છે, દ્રષ્ટા છે, જડ નથી. દેહ દૃશ્ય છે. આત્મા મૂળ દ્રવ્ય છે, શાશ્વત છે. એના લક્ષણો ઉપર લક્ષ રહે તો બેય જુદાં લાગે. લક્ષણથી જુદાં દેખાય છે. જ્ઞાનાદિ લક્ષણવાળો 'હું' છું. દેહ તો ભીંત જેવો છે, કશું ન જાણે. લક્ષણનો વિચાર કરે તો ભાન પ્રગટે.

**"પોતે શું? ક્યાંથી છે આપ? એનો માગો શીઘ્ર જવાપ."**

ક્યાંથી આવ્યો છે, એનો વારંવાર વિચાર કરવો. કેવા સંસ્કાર લઈને જીવ આવ્યો છે? પહેલાંથી ભાવો સેવતો આવ્યો છે. વર્તમાનમાં વિચાર કરે તો ખબર પડે કે ભૂતકાળમાં આત્મા હતો. કર્મને લઈને જ આવ્યો છે. આત્મા ભણી વૃત્તિ જવી બહુ મુશ્કેલ છે. જગતમાં પ્રવૃત્તિ બહુ વધી ગઈ છે. નવરો નથી. પહેલાં હજાર વર્ષનાં આયુષ્ય હતાં. નિવૃત્તિ મેળવતા અને રાતદિવસ પુરુષાર્થ કરતા. જ્ઞાનીની પાછળ પડતા.

"જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ" જ્યાં કંઈ શંકા રહે છે ત્યાં નિશ્ચય ન થાય. શંકા એ જ શલ્ય છે. વિચારવાનને એ ખૂંચે છે. "જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ" જ્ઞાન છે ત્યાં શંકા નથી. જ્ઞાનથી નિઃશંક થવું. "પ્રભુ ભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન" ઉત્તમ જ્ઞાન એટલે કેવળજ્ઞાન છે. ભક્તિ કરે તો તેવો થાય. "પ્રભુ મેળવવા ગુરુ ભગવાન" સદ્ગુરુની આજ્ઞા આરાધે તો પ્રભુ ઓળખાય. સદ્ગુરુ છે તે દેવને ઓળખાવે છે. એમાં જો ભૂલ આવે તો બધે ભૂલ આવે.

"ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય" વૈરાગ્ય હોય તો ગુરુ ઓળખાય.

**"તે ઊપજવા પૂર્વિત ભાગ્ય;**
**તેમ નહીં તો કંઈ સત્સંગ,**
**તેમ નહીં તો કંઈ દુઃખરંગ."**

કંઈક પૂર્વના સંસ્કાર હોય તો વૈરાગ્ય થાય. એ ન હોય તો સત્સંગથી પણ વૈરાગ્ય થાય છે. સત્સંગથી સુખ શું અને દુઃખ શું? એ સમજાય છે. પછી એને કંઈ ગમે નહીં. એ ન હોય તો પૂર્વકર્મને લઈને દુઃખ આવે, તેથી પણ વૈરાગ્ય થાય છે. આર્ત્તધ્યાન કરે તો ઠેકાણું ન પડે. પણ વિચારવાનને વૈરાગ્ય થાય છે. જગતમાં જીવ રાચ્યો છે તેથી દુઃખ લાગતું નથી. સંસાર દુઃખરૂપ લાગે ત્યારે ઠેકાણું પડે એવું છે. નહીં તો વૈરાગ્ય આવવો મુશ્કેલ છે. પુણ્યનો ઉદય હોય ત્યારે બહારની

---

૧. સાધર્મી ભાઈનો એક ટુકડો પણ ન ખાવો જોઈએ. કૃપાળુદેવના વખતમાં કેવું વર્તન હતું! "સંસારી કા ટુકડા, ગજ ગજ જૈસા દાંત; ભજન કરે તો તો પચે, નહિ તો કાઢે આંત." એના જેવું, સાધુને ય આમ છે. તો બીજાને કેટલું બંધન થાય? (ઉપદેશામૃત પૃ. ૨૯૪)

સામગ્રી મળી આવે, શાતાની સામગ્રી મળી આવે. તેમાં રાચે તો અશાતા બંધાય, પણ જો પુણ્યાનુબંધી પુણ્ય હોય તો સત્સંગ મળે અને તેથી રસ્તે ચઢવાનું બને. કેટલા પુણ્યનો ઉદય થયો હશે ત્યારે આ દરવાજામાં પગ મુકાયો હશે! મનુષ્ય થવું એ પણ પુણ્ય છે, પણ એથી વિશેષ પુણ્ય હોય તો સત્સંગ મળે. દેવલોકમાં એક શાતા જ છે. સાચી વસ્તુ સાંભળવા માટે વિશેષ પુણ્ય જોઈએ. સાચાની રુચિ જાગે છે, તે વિશેષ પુણ્યથી જાગે છે. રુચિ જાગે તો વહેલું-મોડું પ્રાપ્ત કરે. કાળના નિમિત્તો એવા છે કે રુચિ જાગવી મુશ્કેલ છે. આપણને ધર્મની શી ગરજ! પૈસા જોઈએ એમ કરે છે. સંસ્કાર પડ્યા હોય અને એવું પાછું નિમિત્ત મળે તો ઊગે.

**[વ૦ ૧૦૮]** (સવારના સભામાં) ૬૮ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૦, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જગતમાં બે પ્રકારના ઉપદેશ મળે છે. તેમાંથી આપણે કયે રસ્તે જવું, તે વિચારવાનું છે. ભોગી થવાનો ઉપદેશ કરવાવાળાને રસ્તે કે યોગી થવાનો ઉપદેશ કરનારના રસ્તે? તે વિચારવાનું છે. સાથે સાથે એમ તપાસવું કે આપણને તે શા માટે બોધ કરે છે? જો યોગને માટે બોધ કરતો હોય તો નિઃસ્વાર્થી છે. આપણામાં ભોગની વૃત્તિ દેખે તો આપણને ભોગનો બોધ કરે. મારી વૃત્તિ કેવી છે? તે તપાસવું. મારામાં વિષયની વૃત્તિ છે તેથી એ મને ભોગનો બોધ કરે છે. ભોગનો બોધ મોહની પ્રેરણાથી કરે છે અને યોગનો બોધ કરતો હોય તો તે સત્યની પ્રેરણાથી કરે છે અથવા સદ્ગુરુ પાસે સાંભળ્યું હોય તે એને સારું લાગ્યું હોય તો તેનો બોધ કરે. ઊંડા વિચાર થવા આ બધાં વચનો કહ્યાં છે. શાની ઇચ્છા રહ્યા કરે છે? જે ઇચ્છો છો તે ક્યાંથી મળશે? તમે સુખને ઇચ્છો છો, તે કોણ મેળવશે? એ સુખ ક્યાં થઈને લાવશો? એનો રસ્તો તમને ખબર છે? એમ કૃપાળુદેવ પૂછે છે. જેને વસ્તુની ઇચ્છા હોય, આ જ મારે મેળવવું છે એમ જેને થયું હોય તેને પૂછે છે કે તમે એ વસ્તુ ક્યાંથી લાવશો? ક્યાં મળશે? સદ્ગુરુથી લાવીશું એમ તમને લાગે છે? સદ્ગુરુની ઉપાસનાથી આત્મા પામી શકાય છે. પોતાની મેળે એટલે અનંતકાળથી જે કરતા આવ્યા છો તે જ શીખ્યા છો? કે હવે સાચો રસ્તો શીખ્યા છો?

આચારાંગનું પહેલું વાક્ય એ જ છે કે આ જીવ કઈ દિશાથી આવ્યો છે? એ જાણે તો જીવ આત્મવાદી કહેવાય. એ જાણવાનું સાધન તીર્થંકર, આચાર્ય અથવા જાતિસ્મરણજ્ઞાન છે, એમ કહ્યું છે. ગાંધીજીએ કૃપાળુદેવને પ્રશ્ન પૂછ્યો કે આગલા ભવની ખબર પડે? કૃપાળુદેવે ઉત્તર આપ્યો કે બુદ્ધિ નિર્મળ હોય તો પોતાની ચેષ્ટા તપાસીને શાસ્ત્રના આધારે પૂર્વભવ જાણી શકાય છે અથવા વર્તમાનમાં જીવની કેવી ચેષ્ટાઓ છે, તે તપાસીને શાસ્ત્રની સાથે સરખાવે તો એને પૂર્વભવની ખબર પડે. આ જીવ કઈ દિશાથી આવ્યો છે? એ વિચારમાં જીવ ચઢે તો 'હું દેહ નથી' એમ નક્કી થાય. હું ક્યાંથી આવ્યો છું? એમ પૂછનારને એટલું તો હોય છે કે—

**"હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?"**

એ લક્ષ જો હોય તો પોતાના ભાવ, પ્રકૃતિ બધું પલટાઈ જાય.

એક બ્રાહ્મણના બે છોકરા એક મુનિ પાસે ગયા. મુનિએ પૂછ્યું કે તમે ક્યાંથી આવ્યા છો?

છોકરાઓએ કહ્યું કે ગામમાંથી. મુનિએ કહ્યું કે એ અમારે નથી પૂછવું, પણ તમે કયા ભવથી આવ્યા છો, એ પૂછવું છે. છોકરાઓએ કહ્યું કે એ તો અમને ખબર નથી. પછી મુનિએ કહ્યું કે તમે આગલા ભવમાં શિયાળ હતા.

બધા પ્રશ્નો પોતાને માટે પૂછવાના છે, વિચારવાના છે કે મન ક્યાં ભટકે છે? શું એને જોઈએ છે? એ શું વાંછે છે? ભોગવે છે કે ભોગવવા વાંછે છે? એમ બધું વિચારવાનું છે, તે પોતાને માટે છે. જન્મવું-મરવું, જન્મવું-મરવું એ બધું પુનરાવર્તન છે. એવું શીખ્યા છો કે એવું થાય નહીં એવું શીખ્યા છો? એમ કૃપાળુદેવ પૂછે છે.

જીવ શું છે? અને જીવન શું છે? કેવું જીવે તો જીવ્યો કહેવાય? શ્વાસોચ્છ્વાસ લેવાય એ કંઈ જીવન નથી. આ મનુષ્યભવ મળ્યો છે તે જાણ્યે-અજાણ્યે પુણ્ય બંધાયું તેનું ફળ મળ્યું છે. કાકતાલીય ન્યાયથી એટલે કંઈ વિચાર વગર મનુષ્યભવ મળ્યો છે. મોક્ષનું કામ કરે તો જીવન સફળ છે. દેહને જીવ માનો છો કે બીજું કંઈ હાથમાં આવ્યું છે? કૃપાળુદેવ પાસે એક જણ 'આચારાંગની ટીકા લખવા ઇચ્છું છું' એમ કહેવા આવ્યો, ત્યારે કૃપાળુદેવે પૂછ્યું કે મહાવીર ભગવાન એ ઐતિહાસિક પુરુષ હતા કે નહીં? તે ગળકાં ખાવા લાગ્યો. કંઈ બોલી ન શક્યો. મહાવીરની તો શ્રદ્ધા નથી અને આચારાંગની ટીકા લખવા જાય છે!

લાભાંતરાય દૂર થાય તો આત્માને લાભ થાય. બાધતા ક્યાં અને નિરાબાધતા ક્યાં છે? સંસારમાં બાધતા છે, નિરાબાધતા મોક્ષમાં હોય છે. અવ્યાબાધ સુખ મોક્ષમાં છે. સંસારમાં કર્મ છે તેથી બાધતા છે. સંસારમાં બાધતા છે તે પ્રિય છે કે મોક્ષમાં નિરાબાધતા છે તે પ્રિય છે? જો નિરાબાધતા પ્રિય છે તો તે સમ્યક્ત્વ છે. બધા પ્રશ્નો કરીને આ કહ્યું કે સુખ બીજે બીજે કલ્પો છો, ત્યાં સુખ નથી. સુખ તો આત્મામાં છે. બીજે જડમાં હોય નહીં. અંતરનું સુખ છે તે શાતા-અશાતા બેયથી જુદું છે.

મુમુક્ષુ— અંતરમાં સુખ છે એવું થાય તો અવ્યાબાધ સુખ પ્રાપ્ત થાય?

પૂજ્યશ્રી— સુખની ઓળખાણ હોય તો થાય. અંતરનું સુખ ચાખે તો પછી બીજી વસ્તુઓ એને તુચ્છ લાગે. લક્ષ રાખવો જોઈએ કે મારે એ જ કરવું છે. નિમિત્તાધીન વૃત્તિ ચલિત થાય ત્યારે વિચારવું કે આ ક્યાંથી આવ્યું? દૃઢતા રાખવી. જીવ લક્ષ રાખે તો કેવી સારી શિખામણ છે! મોક્ષ થાય એવી શિખામણ છે.

સંસારમાં એટલું જ છે કે કોઈને રાજી કરવા કે પોતે રાજી થવું, એમ બે જ છે. બીજા પાસેથી કીર્તિ ઇચ્છે, સુખ ઇચ્છે તે નિર્ધનતા છે. સુખ બીજામાં હોય નહીં.

**[વ૦ ૧૧૧]** (સવારના સભામાં) ૬૯ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— કૃપાળુદેવ પરમ સત્યનું ધ્યાન કરે છે. સંસારમાં મન રાખવા જેવું નથી. પરમાર્થનો લક્ષ ન ચુકાય તેમ વ્યવહાર ચલાવે તે મંદ ઉપયોગે વ્યવહાર છે. છૂટવું હોય તો આગ્રહ રાખવાના નથી. કોઈને આપણે કંઈ કહ્યું, તે એ ન માને તો કેમ નથી માનતો? એમ આગ્રહ ન

કરવો. માને તો રાજી ન થવું. પોતાનો ઉદ્ધાર કરનાર પોતે છે. બીજા આપણને સારા માને તેથી કંઈ સારા થવાના નથી; ખોટા માને તેથી કંઈ ખોટા થઈ જવાના નથી. લોકોને માટે જાણે જીવતો હોય તેમ ન કરવું. કૃપાળુદેવે નિયમ કર્યો કે જ્યાં સુધી ગૃહસ્થાવસ્થા હોય ત્યાં સુધી યોગ્ય રીતે વર્તવું. મનમાં દુભાવું નહીં. આગ્રહ રાખનાર દુઃખી થાય છે.

[વ૦ ૧૧૨] ૭૦ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ધર્મ કરવાની ઇચ્છા થાય ત્યારે ઉપર ઉપરથી ધર્મ કરે છે, પણ ધર્મ તો બહુ ગહન છે. માટે બહુ સૂક્ષ્મ રીતે વૃત્તિઓને તપાસીને ધર્મ કરવો. સાચું તે સાચું જ છે. સૂક્ષ્મ દૃષ્ટિ વગર એ આત્માની વાત સમજાય એવી નથી. ''સદૈવ સૂક્ષ્મબોધનો અભિલાષી'' એમ પરમ-કૃપાળુદેવે ''મહાવીરના બોધને પાત્ર કોણ?'' એમાં કહ્યું છે. આપણાથી ન થતું હોય તો, મારાથી થતું નથી પણ સાચું છે એમ રાખવું, પણ હું કરું છું તે જ સાચું છે એમ ન કરવું. મારાથી થતું નથી, બનતું નથી એમ માને તો વાંધો નથી, પણ પોતે કરે છે તે જ ભગવાને કહ્યું છે, એમ કરવું નહીં. ભગવાને કહેલા માર્ગમાં ચાલવાની વૃત્તિ હોય, પણ કર્મના બળથી ન બને તો પણ ચાલવું તો ભગવાનના માર્ગમાં જ છે; એમ કરીને તેમાં જ, તે દશામાં સ્થિર થા. વ્રતમાં અતિચાર લાગે ત્યારે છેદોપસ્થાપનીય પ્રતિક્રમણ કરે છે તેમ. જીવ જ્યારે પોતાના ભાનમાં આવે ત્યારે ખબર પડે કે આ શું કરું છું? આત્માને કર્મ બંધાવી રહ્યો છું, એમ કરી પાછો હઠે. જગતમાં આપણું કોઈ બગાડતું નથી. પોતાના ભાવથી બગડે છે.

[વ૦ ૧૧૩] ૭૧ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– અંતરંગમાં જે નિર્ગ્રંથદશા છે તે, બાહ્યમાં રાખી શકાતી નથી. સહનશીલતા રાખવી. કૃપાળુદેવે પ્રતિજ્ઞા લીધી હતી કે વધારે વખત અસમાધિમાં ન રહેવું. જ્યારે મારાથી વધારે વાર અસમાધિમાં વર્તાશે ત્યારે જરૂર દેહ છોડીશ. દેહ છોડવો પણ વિવેક ન છોડવો, એવી દૃઢ પ્રતિજ્ઞા છે તે મહાવ્રત કરતાં પણ વધારે અઘરી પ્રતિજ્ઞા છે. દેહત્યાગ કરવો સારો, પણ અસમાધિમાં ન રહેવું. જ્યાં સુધી ક્ષાયિક સમકિત ન થાય ત્યાં સુધી એવું થાય.

[વ૦ ૧૨૫] (સવારના સભામાં) ૭૨ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– શ્વેતાંબર પર્યુષણ અને દિગંબર પર્યુષણ બેયનો લાભ લઈ લેવો. ધર્મધ્યાન કરવું. પર્વતિથિઓ જીવનું હિત થાય તે માટે રાખી છે. જીવ પ્રમાદી છે, તેથી અમુક પર્વ તિથિઓ વિશેષ ધર્મધ્યાનને માટે આચાર્યોએ કરી છે. ખેંચાતાણ ન કરવી.

કૃપાળુદેવને સંયમની ભાવના છે, પણ કર્મ બીજા પ્રકારનાં છે. બીજી બધી ખટપટ ન હોય અને રાતદિવસ ધર્મધ્યાન થાય તો સારું એમ એમને રહે છે. સર્વસંગ એટલે કૃપાળુદેવે લખ્યું છે કે ''અખંડપણે આત્મધ્યાન કે બોધ મુખ્યપણે ન રખાવી શકે એવો સંગ.'' (૩૩૪)

ગુણગ્રાહી હોય તેને ગમે ત્યાંથી લાભ થાય. ગ્રહણ કરવા યોગ્ય હોય તે ગમે ત્યાંથી ગ્રહણ કરવું. ગમે ત્યાંથી આત્માનું હિત કરી લેવું. પ્રભુશ્રીજીના બોધમાં આવે છે ને! આત્માનું હિત કરી લેવું.

[વ૰ ૧૨૬] ૭૩ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— કાળ તો બધા સરખા છે. ચોથા-પાંચમા કાળમાં કંઈ ભેદ નથી, પણ જીવોને લઈને ભેદ પડે છે. ભગવાન ઋષભદેવે જ્યારે કળિકાળનું વર્ણન કર્યું ત્યારે કેટલાય જીવોએ સંથારો કર્યો કે આવા કાળમાં જન્મવું ન પડે. કૃપાળુદેવે કહ્યું છે કે કળિયુગનું ભયંકરપણું જોઈને અમને આત્માને વિષે બોધ થયો. જ્યાં જુઓ ત્યાં જગતમાં, ધર્મના સ્થાનમાં કે બીજે વિષયકષાય છે. કોઈ કાનથી ભોગ ભોગવે છે, કોઈ આંખથી ભોગવે છે, કોઈ જીભથી ભોગવે છે એમ આખું જગત વિષયમાં પડ્યું છે. કર્મ ન બંધાય એવું કરવું. કૃપાળુદેવ કહે છે કે મનુષ્યભવમાં શાંતિ મળશે એમ લાગતું હતું; ત્યાં પણ આ આત્મા અવિશ્રામ પામી સપડાયો છે.

**"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?"**

સંક્લેશ ભાવમાં રહે તેનું જીવને દુઃખ નથી લાગતું. શું કરવા આવ્યા છીએ? શું કરવું છે? શું કરીએ છીએ? તે કૃપાળુદેવ તપાસતા હતા. મનુષ્યભવમાં શાંતિ મળે એવું છે, મોક્ષ પણ મળે; ત્યાં પણ જીવ વિષયકષાયમાં સપડાયો છે. મોક્ષ ન થાય ત્યાં સુધી જંપે નહીં એવા કૃપાળુદેવ હતા. પૂર્ણ વીતરાગતા આવ્યા વિના એમને ચેન ન પડે એવું હતું. માછલીને પાણીમાંથી કાઢી નાંખે અને જેમ તે તરફડે તેમ એમને વીતરાગતા વિના થતું હતું. ગાંધીજીને કૃપાળદેવે વાતચીત કરતાં કહ્યું કે આ બધા કુગુરુઓ લોકોને બુડાડે છે, તેનું અમને એટલું દુઃખ લાગે છે કે કોઈ બરછીઓ ભોંકે તોય એટલું દુઃખ ન લાગે. સરળભાવ જોઈએ.

ગમે તેવા સંસારના પ્રસંગોમાં ઉપશમભાવ રહેતો હોય તેને સંસારમાં રહેતાં છતાં મોક્ષ જ છે. છોડવાની ઇચ્છા હોય છતાં છૂટે નહીં તો સહન કરવું, ક્લેશિત ન થવું. દેહ છૂટતાં પહેલાં કૃપાળુદેવને એટલું કરવું છે કે મન, વચન અને કાયાથી આત્મામાં મુક્તભાવ એટલે દેહ છતાં દેહાતીત દશા. મનમાં રાગદ્વેષ ન થાય, વચનમાં અસત્ય ન બોલાય, જેમ છે તેમ સ્યાદ્વાદપૂર્વક બોલાય. કાયાની વૃક્ષદશા એટલે આહારવિહારમાં વૃત્તિ ન રહે, જેમ પ્રારબ્ધ દોરે તેમ દોરાય, એ મન, વચન, કાયાની પ્રવૃત્તિથી મુક્તપણું કહ્યું છે. પણ હવે ટૂંકામાં કહે છે કે નિર્ભય થવું. નિઃશંકતાથી નિર્ભયતા થાય. શાસ્ત્રોથી ઉપશમભાવ આવવો દુર્લભ છે. સુપાત્ર હોય તેને શાસ્ત્રથી ઉપશમભાવ થાય. ઉપાદાન બળવાન હોય તો તેને શાસ્ત્ર આધારભૂત થાય.

**"આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર,**
**પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર."**

પૂર્વનો સંસ્કારી હોય તેને શાસ્ત્રથી ઉપશમભાવ થઈ શકે છે.

વિદ્યાઓ છે તે કંઈક કંઈક વિકલ્પો મૂકતી જાય છે. કોઈ પુસ્તક વાંચતો હોય અને તેણે છાપખાનાનું કામ કરેલું હોય તો વિકલ્પ થાય કે આ સારું છાપ્યું નથી, આ સારું છાપ્યું છે, આની બાંધણી સારી છે એવા વિકલ્પો થાય. કોઈ ચિત્રપટ ભગવાનનું જોતો હોય અને તેણે ચિત્રની કળા શીખેલી હોય તો વિકલ્પ થાય કે આ ચિત્રપટમાં અંગૂઠો છે તે સારો ચીતરાયો છે પણ પગ સારા

ચીતરાયા નથી, એવા એવા વિકલ્પો થાય. એમ દરેક વિદ્યા કંઈક કંઈક વિકલ્પો મૂકતી જાય છે.

ઉપશમભાવ આવ્યા વિના આનંદ થાય એમ નથી. ઉપશમભાવ કહો કે વીતરાગભાવ કહો એક જ છે. સત્સંગ અને યોગસમાધિ એ બેયની જરૂર છે. એ આવે તો આત્મા ઉપર જે આવરણ છે તે દૂર થાય.

[વ૦ ૧૨૮] ૭૪ તા. ૧૯-૯-૧૯૪૪

પૂજ્યશ્રી– ''વધારે શું કહેવું? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દૃઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દૃઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું; જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દૃઢતા છે તેનું કેમ કરવું?''

પૂર્વે ભ્રાંતિપણે રાગ-દ્વેષ કરીને આ જીવે પરિભ્રમણ કર્યું. તેમ હવે ન થાય તે માટે જ્ઞાનીપુરુષોને કેટલી કાળજી હોય છે! ફરી રાગ-દ્વેષ ન કરવા. જેથી જન્મવું ન થાય તેવો દૃઢ નિશ્ચય કર્યો, પણ પૂર્વ કર્મને લીધે કેટલીક નિરૂપાયતા બતાવી. ફરી રાગ-દ્વેષ ન થાય તેવી દૃઢતા પૂર્ણ કરવામાં પૂર્વ કર્મ નડે છે. તે ખસેડવામાં જે કાળ જાય છે, જે જીવન ચાલ્યું જાય છે તે ન જવા દેવું.

જ્ઞાનીપુરુષોને ટાઈમની કેટલી કિંમત છે! એક સમય પણ નકામો જવા દેતા નથી. નદીનું પાણી વહ્યું જાય, તેમ જીવન વહ્યું જાય છે. જેમ નદીનું પાણી દરિયામાં ગયા પછી પાછું વળે તેમ નથી, તેમ વખત ગયા બાદ પાછળથી કંઈ વળે તેમ નથી. માટે વખતનો સદુપયોગ કરી લેવો.

''કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ? ત્યારે હવે કેમ કરવું?''

પૂર્વ કર્મ કોઈ રીતે ખસેડીએ તો તેવું સ્થાન અર્થાત્ સંતો ક્યાં છે કે જ્યાં જઈ તે દશામાં બેસી તેવું પોષણ પામીએ? પરમકૃપાળુદેવના વખતમાં આ વાતની ખામી હતી તે પ.પૂ. પ્રભુશ્રીજીએ આ આશ્રમ સ્થાપીને દૂર કરી.

''ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ.''

ગમે તેટલી શારીરિક કે માનસિક વ્યાધિઓ આવી પડે, ઉપસર્ગ-પરિષહ સહન કરવા પડે, જીવનકાળ એક સમય માત્ર હોય અને દુર્નિમિત્ત હોય પણ એમ કરવું જ.

પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત કહેતા કે એક ગામમાં મુખી હતો. લોકો પાસેથી લાંચરુશ્વત ઘણી

ખાતો અને લડાઈ ઝઘડા મટાડતો. તેથી લોકો કોર્ટમાં જતા નહીં. પરંતુ બહુ લોભ વધવાથી તે મુખી બન્ને પક્ષના લોકો પાસેથી પૈસા ખાતો. તેથી ગામમાંથી કોઈ માણસ સરકાર પાસે વાત કરી આવ્યો કે ગામનો મુખી લાંચ ઘણી ખાય છે તેથી કોર્ટમાં કોઈ આવતું નથી. તેથી તેની ખાત્રી કરવી હોય તો તેના ઘરની તપાસ કરાવો તો માલમ પડશે કે તેણે લોકો પાસેથી પૈસા ખાઈને એક ગાડું એવું બનાવ્યું છે કે બધે રૂપિયા જડી દીધા છે. પછી સરકારે તપાસ કરી તો તેવું ગાડું હાથ આવ્યું એટલે સરકારે તેની બધી મિલ્કત જપ્ત કરી હદ બહાર કર્યો. ફક્ત એક સાધારણ ગાડું અને બે મણ જેટલું અનાજ લેવા દીધું. જ્યારે આગળ ગયા બાદ જંગલ આવ્યું ત્યારે વરસાદથી બધો સરસામાન ભીંજાઈ ગયો. તે વખતે તેની સ્ત્રી સગર્ભા હતી તેને છોકરું બાળક જન્મ્યું. તેવામાં ચોર લોકોને લૂંટવા આવતા તેણે જોયા. તેને એમ થયું કે હવે દુઃખ પડવામાં બાકી કંઈ બાકી રહ્યું નથી. પછી તે ગાડા ઉપર ચઢી કપડું હાથમાં રાખી હલાવતો મોટેથી બોલવા લાગ્યો- આવો, આવો, જેટલાને આવવું હોય તેટલા આવો! ચોરલોકો પાસે આવી કહેવા લાગ્યા કે આને મારો, એ મદદ માટે બીજા લોકોને બોલાવે છે. ત્યારે તે મુખીએ કહ્યું કે, ભાઈ મારે માથે દુઃખ પડવામાં બાકી રહ્યું નથી. તેથી હું તો મદદ માટે કોઈને બોલાવતો નથી પણ દુઃખને બોલાવું છું કે જેટલું આવવું હોય તેટલું આવો. તે સાંભળી ચોર જતા રહ્યા. તેની માફક આ દુઃખ આવે તે વેઠવું અને જે દૃઢતા હોય તે પૂર્ણ કરવી.

''ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.''

વૃત્તિનું ચંચળપણું એવું છે કે તે સ્થિર થાય નહીં. પીપળાનું પાન હાલ્યા કરે તેમ તે પણ ઘડીએ ઘડીએ બદલાયા કરે છે. તેવી વૃત્તિ નથી જોઈતી. રાગ-દ્વેષનો ક્ષય, અમુક કાળ સુધી—અંતર્મુહૂર્ત સુધી નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થયે થાય છે. તે સિવાય કંઈ નથી જોઈતું. તે ન હોય તો સત્પુરુષનો સંગ, તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ, તે ન હોય તો આર્યાચરણ એટલે સદ્‌વર્તન, તે ન હોય તો છેવટે સત્પુરુષની અતિ શુદ્ધભાવે ભક્તિની લીનતા. તે ન હોય તો પછી કોઈ ચીજની જરૂર નથી.

''ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.''

સાચી સમજણ ન હોય તો શાસ્ત્ર વાંચી અર્થનો અનર્થ કરે. સત્સંગનું સેવન ન હોય અને ધ્યાન કરવા બેસે તો મનમાં જે કલ્પના આવે તેનું ધ્યાન થાય છે. સત્પુરુષના જોગ સિવાય આત્માનું ભાન થતું નથી. લોકોએ માન્ય કરેલા ધર્મ પ્રમાણે ચાલવા જતાં લોકોત્તર માર્ગ હાથ આવે નહીં. અને લોકના પ્રસંગનો ત્યાગ કર્યા સિવાય વૈરાગ્ય ટકે નહીં અથવા વૈરાગ્ય પામવો

દુર્લભ છે. ધ્યાન તરંગરૂપ થઈ પડે છે તેનું દ્રષ્ટાંત :–

એક મહાત્મા સમાધિ લગાવતાં શીખેલા પણ વાસના કાયમ હોવાથી એક રોજ કઢી ખાવાનો વિચાર થયો એટલે એક બાઈ પાસે કઢીની માગણી કરી. ત્યારે બાઈએ જવાબ આપ્યો કે, આપ બેસો. એમ કહી બાઈ અંદર ગઈ. મહારાજને વિચાર થયો કે કઢી તૈયાર થાય ત્યાં સુધી ખૂણામાં બેસી સમાધિ લગાવું. ત્યાં એક બાજુ અંધારું હતું ત્યાં ધ્યાનમાં બેઠા. થોડીવારમાં ઘરનો માલિક ચાર લઈને આવ્યો અને અંધારું હોવાથી મહારાજ બેઠેલા માલમ નહીં પડવાથી તેમના ઉપર ઢગલો કર્યો ને પૂળા ખડક્યા. મહરાજને ચારનો ગરમાવો લાગવાથી બેસી જ રહ્યા. બાઈ કઢી તૈયાર થઈ એટલે મહારાજને જુએ છે પણ દીઠા નહીં, ત્યારે વિચાર્યું કે મહારાજ જતા રહ્યા. થોડે દિવસે પૂળા ખલાસ થવા આવ્યા ને ચાર લેવા તે બાઈ ગઈ ત્યારે મહારાજનું માથું હાથ આવતાં તપાસ કરી તો મહારાજને દીઠા. ધ્યાન મુક્ત થતાં મહારાજે બાઈને પૂછ્યું કે, બાઈ હવે કઢી તૈયાર થઈ?

આવી રીતે સત્સંગ સિવાય કરેલું ધ્યાન તરંગરૂપ થઈ પડે છે. જે મહાત્મા પુરુષો આત્મજ્ઞાન પામી નિર્વિકલ્પદશામાં ધ્યાન કરે છે, તે ખરું ધ્યાન હોય છે. જેમ કુંવારી કન્યા હોઈ તેને કોઈ કહે કે તારા પતિનું ધ્યાન કર. તો તે કેવા પતિનું ધ્યાન કરે? કારણ કે તેને કંઈ ખબર નથી. તેમ ધ્યાનનો પણ વિષય છે.

મહાત્મા પુરુષો તો આત્મધ્યાનમાં નિરંતર રહેવાનો પ્રયત્ન કરે છે. પરંતુ જો ન રહી શકે તો સત્શ્રુતનો આશ્રય લે છે. અને સત્શ્રુતથી વૃત્તિ સ્થિર થાય ત્યારે પાછા આત્મધ્યાનમાં આવી જાય છે. જેમ હિંડોળો આમથી તેમ જાય છે તેમ તે પુરુષોની સ્થિતિ છઠ્ઠા ગુણસ્થાનથી સાતમે અને સાતમેથી છઠ્ઠામાં હોય છે.

મહાત્મા પુરુષો તે જ ચિંતવનમાં રહ્યા કરે છે. તેથી તેમને નિદ્રા પણ બહુ ઓછી આવે છે. બે ઘડી ઊંઘ લે અને તરત જાગી જઈ ધ્યાનમાં બેસે. તેમાં એટલો બધો આનંદ હોય છે કે પોતાના દેહનું પણ ભાન રહેતું નથી. તેથી ઉપસર્ગ આવે તો પણ માલમ પડતું નથી.

[વ૦ ૧૨૮] ૭૫ શ્રી રાજમંદિર આહોર, ફાગણ સુદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આ જીવે ઘણું પરિભ્રમણ કર્યું છે. સમાધિભાવ કર્યો નથી. ઘણા ભવથી જીવ ભટક ભટક કરે છે. આત્મસમાધિ આવી નથી. જીવ જન્મમરણ છૂટે એવું કરતો નથી. વિચારે તો ઘણા વૈરાગ્યની વાત છે. સમયે સમયે જીવ કર્મ બાંધે છે. ક્ષણે ક્ષણે મરી રહ્યો છે. ‘‘ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે’’

જીવને કર્મ, ક્રોધાદિ ચાર કષાયથી બંધાય છે. એનો વિચાર કરે તો વૈરાગ્ય આવે. પોતાને ઠીક લાગ્યું તેમ જીવે કર્યું છે, પણ જેનાથી છુટાય તેવા પુરુષના અવલંબને કર્યું નથી. જીવ યથાયોગ્ય નથી જાણતો. જાણ્યું તો ત્યારે કહેવાય કે તેનાથી પાછો હઠે. આ જીવને છૂટવાનો લાગ ક્યારે આવશે? એમ વિચારવાન જીવને ત્રાસ લાગે છે, પણ આ જીવને ભાન નથી. કર્મ બાંધવામાં મુખ્ય કારણ રાગદ્વેષ છે. આ જીવે ઘણાં જીવો પ્રત્યે તીવ્ર રાગદ્વેષ કર્યાં છે. ખોટા ખોટા

ભાવ જીવે કર્યા છે. એક અક્ષર પણ સાચું નથી કર્યું. જે છૂટવાનો માર્ગ છે તેને મૂકી બીજું જીવે કર્યું છે. દ્વેષનું ફળ પરિભ્રમણ આવે છે. રાગદ્વેષ બન્ને કર્મબંધનાં કારણ છે. જીવે માંકડ, માખી આદિના ઘણા ભવ કર્યા છે. આ જીવને સુખી થવું છે; પણ રસ્તો ઊંધો, રાગદ્વેષનો લીધો છે. આત્મસમાધિ જીવ ભૂલી ગયો છે. તેથી એનું અંતર રાગદ્વેષથી બળ્યા કરે છે. બાહ્ય ભલે ગમે તેવું હોય પણ અંતરમાં તો બળતરા જ છે.

હે જીવ! તેં શું કીધું? ક્લેશ, ક્લેશ ને ક્લેશ કીધો છે. આત્મસુખ તો એને સ્વપ્નામાં પણ નથી. આ ભવમાં શું કરવું? કેમ વર્તવું? ફરી જન્મવું ન પડે, એવું દૃઢત્વ આત્મામાં કરવું. ફરી નથી જન્મવું, એવી દૃઢતા છે તે પૂર્ણ કરવી. જીવન સારી રીતે જાય એવા સ્થાન અને સંત મળે તો જીવનું કલ્યાણ થાય. એક તો જીવને જાગૃતિ આવે અને સંત મળી આવે તો કલ્યાણ થઈ જાય. ગમે તેટલું દુઃખ આવે પણ નિશ્ચય છોડવો નહીં. સંસારમાં દુઃખ જ છે. કર્મ તો આવે પણ રાગદ્વેષ ન કરવા. સમભાવ રહે તો કર્મ છૂટી જાય. બે ઘડી પણ સમભાવ રહે તો કેવળજ્ઞાન થઈ જાય, પણ જીવ ત્યાં ટકી શકતો નથી. પાછો વિભાવમાં આવી જાય છે. જીવને અવલંબન મળે તો આગળ વધી શકે. નિરંતર સમાધિભાવ રાખવો. તે ન હોય તો પ્રત્યક્ષ સદ્‌ગુરુના યોગે પણ જીવને ઘણો લાભ થાય છે. તે ન હોય તો સત્સંગ કરવો. તે પણ ન હોય તો આર્યાચરણ સેવવાં. તે પણ ન હોય તો ભગવાનની ભક્તિમાં લીન રહેવું, તેમાં જ વૃત્તિ રાખવી.

શાસ્ત્રો વાંચે પણ જીવને ગમ ન પડે તો શસ્ત્રરૂપ થઈ પડે. બધું કરીને આત્મહિત કરવાનું છે. સત્સંગ વિના ધ્યાન થાય નહીં. સત્સંગ પહેલો જોઈએ. મોક્ષે જવું હોય તો સંતની જરૂર છે. જ્યારે ત્યારે પણ જીવને સદ્‌ગુરુનો યોગ થશે ત્યારે મોક્ષે જવાશે. જીવ સીધે રસ્તે ચઢ્યો નથી. ગૌતમસ્વામી ઘણું ભણેલા પણ ભગવાન મહાવીર મળ્યા ત્યારે કામ થયું. જ્ઞાનીનો યોગ થાય ત્યારે જ જીવનપલટો થાય છે. લોકો જે કરે, તે કરે તો સંસાર જ રહે, મોક્ષ ન થાય. બધેથી વૃત્તિ ઉઠાવવાની છે.

**[વ૰ ૧૨૮]** (સવારના સભામાં) ૭૬ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૦)), સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જેને સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ થયો હોય તે કોઈને દુભવતા નથી, તેમ છતાં ક્ષમાપના કરવાનું ભૂલતા નથી. બાર મહિને ક્ષમાપના કરવાનું ભગવાને કહ્યું છે, તે ઉત્તમ છે.

જીવ અનંતકાળથી રઝળે છે. સમાધિસુખ જે પોતાનું છે તે ભૂલી બીજું જીવે કર્યું છે. જન્મમરણ ઊભા કરવાનું જીવે કર્યું છે.

પરાધીનતાને લીધે કરવું પડ્યું હોય તેની વાત જુદી છે, પણ આ તો જીવે સ્વચ્છંદે કર્યું છે. છૂટવાના રસ્તાની મને ખબર નથી, એમ જીવને થયું નથી. કોઈ જ્ઞાનીની આજ્ઞા મળે તો સારું, એમ પણ જીવને ન આવ્યું. કોઈ પ્રત્યે ક્રોધ કરે તેમાં પોતાના સ્વરૂપની ઘાત થાય છે. ક્રોધ, માન, માયા, લોભ વગેરેથી પોતાના સ્વરૂપની ઘાત થાય છે. ક્રોધ, માન, માયા, લોભ લૂંટી જશે, માટે આપણે પણ ચેતવાનું છે કે મનુષ્યભવ લુંટાઈ ન જાય. ક્રોધ, માન, માયા, લોભમાંથી એક પણ

હશે તો નરકે લઈ જશે. સંસારમાં બેભાનપણે પ્રવર્તવા જેવું નથી.

પુરુષ એમ ઇચ્છે કે મારી સ્ત્રી પહેલાં હું મરી જઉં તો સારું. સ્ત્રી એમ ઇચ્છે કે હું પહેલાં મરું તો સારું એમ મોહને લઈને થાય છે, પણ કોઈના મરી જવાથી કોઈ મરતું નથી. મોહનો કેવો પ્રભાવ છે! મોહ કેવો ખરાબ છે! તેમ છતાં જીવ ત્યાં ને ત્યાં માથાં મારે છે, એમ લાગે છે કે એના વિના મારાથી જિવાશે નહીં. એવું મોહને લઈને લાગે છે, પણ મરી ગયા પછી બીજી પરણે છે. એ બધું કલ્પિત છે. કૃપાળુદેવ કહે છે કે હવે જ્ઞાન થયું ત્યારે લાગ્યું કે આ કલ્પિત હતું. કેટલી વાર દુઃખ ભોગવ્યાં છે, તેમ છતાં તેનું તે જ કરે છે. જીવે કોઈ કાળે એમાં હવે જવા જેવું નથી.

દ્વેષ થાય ત્યારે થાય છે કે આનું મોઢું પણ ન જોઉં, સંબંધ ન રાખું પણ પાછું જીવને ત્યાં જ જન્મવું પડે છે. પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત આપતા કે એક મુનિ ગૃહસ્થને ત્યાં ભિક્ષા માટે ગયા, તે વખતે ગૃહસ્થ અને તેની સ્ત્રી પોતાના છોકરાને રમાડતા હતા તે જોઈ મુનિ હસ્યા. ગૃહસ્થે પૂછ્યું કે કેમ હસ્યા? મુનિએ કહ્યું, તમને ખોટું ન લાગે તો કહું. તમારી સ્ત્રીથી જે પુરુષ ક્રીડા કરતો હતો તેને તમે માર્યો હતો. તે મરીને આ તમારો છોકરો થયો છે.

જીવે સમાધિસુખ ભૂલીને બધું બીજુ જ કર્યું છે. આ મનુષ્યભવ લુંટાય છે, તેની જીવને કિંમત નથી. આખા જગતનું નાશવંત સ્વરૂપ છે, તેમ છતાં જીવને વૈરાગ્ય થતો નથી. બધું કલ્પિત છે. આ જીવે અનંતકાળથી શું શું કર્યું છે? બધું ચીતરી ચઢે એવું કર્યું છે.

કૃપાળુદેવને જાતિસ્મરણ થયું, ત્યારે થયું કે અનંતકાળથી ભટક્યા, પણ હવે ન જ જન્મવું એવો નિશ્ચય કર્યો. ફરી ન જ જન્મવું હોય તો રાગદ્વેષ ન કરવા. રાગદ્વેષથી જ જન્મવું થાય છે. ફરી ન જ જન્મવું એવી દૃઢતા છે તે પૂરી કરીશું, એમ કૃપાળુદેવ કહે છે. મોક્ષે જવું છે અને વચ્ચે કર્મ ખોટી કરે છે. મનુષ્યભવનું માહાત્મ્ય જ્ઞાનીને લાગે છે. હવે આયુષ્ય થોડું છે માટે આયુષ્ય નકામું ન જાય એ પ્રમાણે વર્તવું. રાગદ્વેષ ન કરવા, પણ એવાં પાછાં નિમિત્ત મળે તો એ કામ થાય. કોઈ સંતપુરુષનું નિમિત્ત હોય તો રાગદ્વેષ મટાડવાનું થાય, પણ કોઈ ઠેકાણે એવું દેખાતું નથી.

ફરી ન જ જન્મવું એવો નિશ્ચય કર્યો છે, તેથી ગમે તે થાઓ, ભલે જીવન એક સમય માત્ર હો અને તે પણ દુર્નિમિત્ત હો પણ ત્યાં મન દેવું નથી. હવે તો ન જ જન્મવું એમ દૃઢતા કરવી. ક્રોધ આવે ત્યારે શાંતિ રહે નહીં. ક્રોધ કરવો અને શાંતિ રાખવી એ બે ન થાય, એક થાય.

કૃપાળુદેવ હવે રાગદ્વેષ ન કરવા માટે ભાવના કરે છે. પોતાનો જે સ્વભાવ છે તેમાં જ રહેવું. ''ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી.'' નિરંતર સમાધિભાવ જોઈએ. પછી શૂન્ય એટલે નિર્વિકલ્પ ભાવ સિવાય કંઈ નથી જોઈતું. એવું બે ઘડી રહે તો કેવળજ્ઞાન થાય. સ્વભાવવૃત્તિ પલટાતી અટકે તો નિર્વિકલ્પ દશા થાય. એ દશા ન હોય તો સંતપુરુષોનો સમાગમ જોઈએ. તેથી એવી દશા થાય. પરમ સત્સંગ ન હોય અને સામાન્ય સત્સંગ હોય તોય સારું છે. એ ન હોય તો સદાચાર, મહાવ્રત વગેરે જોઈએ. એ પણ ન હોય તો ભગવાનની ભક્તિ સિવાય કંઈ નથી જોઈતું. એટલું પણ ન હોય તો પછી બીજું કશું માગવું નથી. કલ્યાણ થાય એવું માગવું છે.

ગમ પડ્યા વિના આગમ-શાસ્ત્ર શસ્ત્રરૂપ થઈ પડે છે. સત્સંગ ન હોય તો ધ્યાન તરંગરૂપ થઈ પડે છે. લોકો કરે છે તે શું ખોટું છે? એમ લોકસંજ્ઞામાં વર્તતો હોય તો મોક્ષ ન થાય. સાચો વૈરાગ્ય પામવા લોકસંગ ત્યાગવાનો છે, નહીં તો એને ન ભાવતું હોય તેનો ત્યાગ કરે, એમ વૈરાગ્ય દ્વેષરૂપ થાય.

રાગદ્વેષ કરવા, ન કરવા એના હાથની વાત છે. પહેલાં તો ક્રોધ ન કરવો, માન ન કરવું એમ પ્રત્યાખ્યાન લેતા. જ્ઞાન થાય તો બધાનાં પ્રત્યાખ્યાન થાય, પણ જ્ઞાન નથી તેથી બીજું બધું મીઠું લાગે છે. બીજાં પચખાણ તો છે પણ ફરી ન જ જન્મવું એ પ્રત્યાખ્યાન આશ્ચર્યરૂપ છે. પોતે પોતાનાં અંતરાત્માને પૂછે છે કે હવે રાગદ્વેષ ન કરવા, ફરી ન જ જન્મવું.

**[વ૦ ૧૩૩]** (સવારના સભામાં) ૭૭ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— સોભાગભાઈ જ્યારે કૃપાળુદેવને પત્ર લખતા ત્યારે પોતાની મુશ્કેલીઓ લખતા, તેમ કૃપાળુદેવ પણ પોતાને જે ઉપાધિયોગની મુશ્કેલી છે તે લખે છે. સંસારમાં બેઠા છે તેથી ઉપાધિ તો આવે જ.

સત્પુરુષમાં પરમેશ્વર બુદ્ધિ રાખવી એને પરમ ધર્મ કહ્યો છે. સત્પુરુષ પ્રત્યે વિશ્વાસ હોય, તેમની ભક્તિ હોય તો પછી કંઈ વાંધો નહીં. [૧]પ્રભુશ્રીજી, બધા બપોરના દર્શન કરવા આવે ત્યારે પ્રસાદ આપતા. એક દિવસે નારંગીનાં છોડાંનાં કટકા કરી બધાને આપીને કહ્યું કે ખાઈ જાઓ.

જ્ઞાનીપુરુષને દુઃખ આવે તો દુઃખ માને નહીં. જ્ઞાનીને જે થાય તે ભલું, એમ માનવામાં આવે છે. આપણે એ કરવાનું છે. પ્રીતિ, અપ્રીતિ ન કરવી, રાગદ્વેષ ન કરવા તો કર્મ ન બંધાય. જે હો તે હો, એમ રાખવું. વિભાવનું દુઃખ છે. કૃપાળુદેવને જેવો અંતરમાં વૈરાગ્ય છે તેવી બાહ્ય પ્રવૃત્તિ થઈ શકતી નથી. બાહ્યથી આત્મભાવે પ્રવૃત્તિ એટલે મુનિ-સાધુપણું ઉદયમાં આવતું નથી. આત્માનું જે સુખ છે તે ત્યાગીને બીજું કંઈ ઇચ્છતા નથી. જ્યોતિષ સંબંધી કોઈ પૂછે તે જ્ઞાનીને ગમતું નથી. જે મોહાધીન જીવો હોય તે એવા પ્રશ્નો પૂછે છે. સત્પુરુષનો યોગ મળ્યો તોય પાછું આત્માનું કલ્યાણ મૂકી જ્યોતિષનું પૂછે તો આત્માનું કલ્યાણ ક્યારે થાય?

**[વ૦ ૧૩૪]** (સવારના સભામાં) ૭૮ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૧, સં. ૨૦૦૯

દેહ ધારણ કર્યો હોય તેને દુઃખ તો આવે. શારીરિક વેદના એ દેહનો જ ધર્મ છે. દેહ ધારણ કર્યો ત્યારથી શાતા કે અશાતા છે જ. મનુષ્યભવ છે ત્યાં સુધી આત્માનું કલ્યાણ કરી લેવું. આત્માનું વિસ્મરણ ન થઈ જાય. દેહ છે ત્યાં સુધી કલ્યાણ કરી લેવું. કૃપાળુદેવ કહે છે કે હવે જન્મવું જ નથી. આ જગ્યાએ જન્મ થાય તો સારું કે અહીં જન્મ થાય તો સારું, એમ એમના મનમાં નથી. ક્યાંય જન્મવું જ નથી એમ થયું છે. સંસાર એમને ગમતો નથી. સંસાર જેને ગમતો નથી, ભવ ઊભા કરવા આ મનુષ્યભવ ગાળવો નથી એમ જેને નિશ્ચય થયો છે તેને એમ લાગે છે કે નિર્ગ્રંથદશા સિવાય જીવવું નથી. અરિહંત કે સિદ્ધદશા સિવાય જીવવું નથી. એવું ન હોય તો મોહને ક્ષય કરવા માટે નિર્ગ્રંથદશા હોય તોય સારું. નિર્ગ્રંથતા વિના એક ક્ષણ પણ જવી દુર્લભ છે, તો આખી જિંદગી નિર્ગ્રંથતા વિના કેમ જશે? એમ કહે છે.

---

૧. વિસ્તારથી પ્રસંગ માટે જુઓ બોધામૃત ૩ (છઠ્ઠી આવૃત્તિ) પત્ર ક્રમાંક ૮૩૨.

[વ० ૧૩૫] ૭૯ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– મોહાસક્તિથી મુઝાય અને મોક્ષમાર્ગમાં પ્રવર્તે તે મુમુક્ષુ છે. એવી મુમુક્ષુતાના અંશો તમારામાં આવ્યા છે, તે જોઈને અમને સંતોષ થાય છે. સત્પુરુષનો યોગ થયો છે અને છૂટવાની ભાવના છે તેને એ સફળ થશે, અનુકૂળતા મળી આવશે.

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

આત્મસિદ્ધિમાં એમ છે. હવે એના અર્થ કરે છે. શમ એટલે ક્રોધ, માન, માયા, લોભને દબાવવા તે. ઘણી વખત ક્રોધ થતો હોય તો કહે કે મને કષાય થાય છે, પણ માન, માયા, લોભ હોય તેને કષાય થાય છે એમ માનતા નથી. મુમુક્ષુ હોય તે એ ચારે કષાયને શમાવે છે. ક્રોધાદિ કષાયોને શમાવવા. કષાયો ઉદયમાં આવે તે વખતે કર્મનું જોર ન ચાલે, ઉદયનું બળ ન ચાલે એવું કરવું. મને આવું છાજે નહીં, એમ મુમુક્ષુને થાય. સમ્યક્દર્શન પ્રાપ્ત કરવું છે. મુમુક્ષુ પોતાની દશાને સાચવે છે.

**"દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;**
**હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય."**

કષાય ખરાબ છે, કષાયનું ફળ ખરાબ આવવાનું છે એમ જેને હોય તે કષાય વધારે નહીં, મનમાંથી કાઢી નાંખે. તે બીજાને ક્ષમા આપે, પોતે ક્ષમા માગે, ક્રોધ, માન, માયા, લોભમાં તણાઈ ન જાય. જે કષાય છે તેને ઓછા કરવા છે. જેમ તેમ કરી હવે છૂટવું છે. આયુષ્ય એમનું એમ જતું રહે એમ ન કરવું. સંવેગ, નિર્વેદ એક જ ગુણની બે બાજુ છે. જ્યારે એને મોક્ષની ઇચ્છા થાય ત્યારે સંસારથી નિર્વેદ થાય છે અને જ્યારે નિર્વેદ થાય ત્યારે સંવેગ એટલે મોક્ષની ઇચ્છા થાય છે. પહેલાં એમ ઇચ્છે કે હવે મોક્ષ સિવાય કશું જોઈતું નથી. પછી સંસાર ભણી એમ દૃષ્ટિ કરે કે અનંતકાળથી જીવ ભટક ભટક કરે છે. એવા વિચારથી જીવ સંસારથી થાકે ત્યારે નિર્વેદ થાય છે, એમ પણ છે.

[વ० ૧૩૯] (રાતના) ૮૦ શ્રી રાજમંદિર આહોર, ફાગણ સુદ દ્વિ. ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– પ્રદેશે પ્રદેશે જીવ કર્મથી બંધાયેલો છે. માત્ર આઠ રુચક પ્રદેશ ખુલ્લા છે. પ્રદેશે પ્રદેશે અનંત કર્મની વર્ગણા છે. આમ શાસ્ત્રોમાં કહ્યું છે તે વૈરાગી થવા માટે છે. આઠ રુચક પ્રદેશ ખુલ્લા છે, એમ શાસ્ત્રોમાં ઘણે ઠેકાણે કહ્યું છે. કોઈ સ્થળે નિષેધ નથી કર્યો.

જે મોક્ષે લઈ જાય તે ખરું જ્ઞાન છે.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ, મૂળ०**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ०"**

આટલો ભેદ પડ્યો તો મોક્ષ. જે જાણે તે આત્મા. આત્મા ઉપયોગ લક્ષણવાળો છે. એનું ઓળખાણ થવું તે જ્ઞાન છે. આત્માનું જ્ઞાન ન હોય અને ચૌદ પૂર્વમાં કંઈક ઓછું ભણ્યો હોય તો

પણ નિગોદમાં જાય છે. બધાય શાસ્ત્રો એક આત્મા ઓળખવા માટે છે. દર્શનમોહ હોય ત્યાં સુધી ગમે તેટલું ભણે તો પણ નકામું છે. સમકિત સહિત હોય તો થોડું જ્ઞાન પણ બહુ છે. ગમે તેટલું ભણ્યો હોય પણ જો આત્મા ન જાણ્યો તો બધું નકામું. 'નિજ કલ્પનાથી કોટી શાસ્ત્રો, માત્ર મનનો આમળો.'' આત્મજ્ઞાન સિવાયનું જ્ઞાન છે તે અજ્ઞાનરૂપ છે. જ્ઞાનનું ફળ વિરતિ છે. તે ન થયું તો તે જ્ઞાન નહીં. જે મૂળજ્ઞાન છે તે આત્માને શાંતિ આપનાર છે. અનંતવાર શાસ્ત્ર ભણ્યા છતાં રખડવું પડ્યું છે. શું કરવા હું શાસ્ત્ર ભણું છું, એ લક્ષ ન હોય તો કંઈ ન થાય. અનંતકાળથી જીવ દોડ દોડ કરે છે. ભૂલ કાઢનારો નથી મળ્યો. ભૂલ સાથે લઈને કામ કર્યું છે. મોહ માર્ગ આપે તો આત્મા ભણી વૃત્તિ જાય. એટલા માટે થઈને જ્ઞાનીઓએ મોહને દૂર કરવાનું કહ્યું છે. પહેલાં દર્શનમોહ જાય તો સમ્યક્‌ત્વ થાય. પોતાના પરિણામ તપાસવાનાં છે. મોટી ભૂલ છે, દેહમાં રહેલાં આત્માને ન જાણ્યો. જે શાસ્ત્રાભ્યાસ કરવાથી આત્મહિત થાય તેવાં શાસ્ત્ર ભણવાં. સ્યાદ્વાદ માર્ગ છે. બધુંય જાણીને શ્રદ્ધા તો સત્પુરુષની કરવાની છે. આત્મજ્ઞાન પામ્યા છે એવા સદ્‌ગુરુ પાસેથી આત્મા ઓળખાય. જેમ જેમ જ્ઞાનીપુરુષની ઓળખાણ જીવને થાય છે તેમ તેમ અનંતાનુબંધી મંદ પડે છે. જેટલી યોગ્યતા હોય તેટલું થાય.

**[વ૦ ૧૪૦]** ૮૧ શ્રી રાજમંદિર આહોર, ફાગણ સુદ દ્વિ. ૪, સં. ૨૦૦૮

જેમ જેમ યોગ્યતા વધે તેમ તેમ પુરુષાર્થ પણ વધે છે. યોગ્યતા વિના ન સમજાય. જેમ જેમ વૈરાગ્ય ઉપશમ વધે તેમ તેમ જ્ઞાનીપુરુષની ઓળખાણ થાય છે. યોગ્યતા લાવવી પડશે. પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે ''યોગ્યતા લાવો, યોગ્યતા લાવો.''

**[વ૦ ૧૪૧]** ૮૨ શ્રી રાજમંદિર આહોર, ફાગણ સુદ દ્વિ. ૪, સં. ૨૦૦૮

રાગદ્વેષથી રહિત સમભાવી એવા ભગવાનની ભક્તિથી ઘણા જીવો નિર્વાણને પામ્યા છે. જેને વસ્તુ પ્રાપ્ત થઈ છે તે આત્મા જુએ છે. આત્મા પોતાના સ્વરૂપને ભૂલ્યો છે. જે જાણનારો છે તેને માનતો નથી.

**''જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?''**

**[વ૦ ૧૪૧]** (સવારના સભામાં) ૮૩ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—

''इच्छाद्वेषविहीनेन सर्वत्र समचेतसा।
भगवद्‌भक्तियुक्तेन प्राप्ता भागवती गतिः।।''

વેદાંતનો આ શ્લોક છે, તેમ છતાં ઉત્તમ છે. ઇચ્છા, રાગ-દ્વેષ જેને નથી અને જે સર્વત્ર સમચિત્તવાળા છે તે ભગવાનની ભક્તિથી યુક્ત થઈ ભાગવતી ગતિને પામ્યા. ભક્તિથી જીવનું કલ્યાણ થાય છે, તે બતાવવા કહે છે કે ઇચ્છા અને દ્વેષથી રહિત એવા જ્ઞાની પણ ભક્તિને ઇચ્છે છે.

કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે કે તમારો સમાગમ અમે ઇચ્છીએ છીએ પણ પ્રારબ્ધ એવું છે કે સાથે રહેવા દેતું નથી.

[૧૦ ૧૪૨] ૮૪ શ્રી રાજમંદિર આહોર, ફાગણ સુદ દ્વિ. ૪, સં. ૨૦૦૮

જ્યાં સુધી જીવને ત્યાગ વૈરાગ્ય ન હોય ત્યાં સુધી તેને ગમે તેટલું કહે તો પણ ન સમજાય.

**"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન"**

આટલી જ ખામી છે. એકવાર કહે તેથી જીવ માને એમ નથી. જીવને જ્યાં સુધી કષાયની ઉપશાંતતા ન થાય ત્યાં સુધી યોગ્યતા આવે નહીં.

[૧૦ ૧૪૨] (સવારના સભામાં) ૮૫ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૨, સં. ૨૦૦૯

મુમુક્ષુ– "આત્માનું વિસ્મરણ કેમ થયું હશે?" એ વાક્ય વિચારવા જેવું છે. ઘર, કુટુંબ બધું ભુલાતું નથી અને આત્માનું ભુલાવવું કેમ થયું?

પૂજ્યશ્રી– મોહ છે. કલ્પિતનું માહાત્મ્ય છે. આત્માની ફિકર નથી. મિથ્યાત્વ છે તેથી નાશવંતને શાશ્વત માને છે અને શાશ્વત વસ્તુની ગરજ નથી. અનાદિકાળથી મિથ્યાત્વના સંસ્કાર એની સાથે છે જ. કંઈ પછી થયા નથી. જ્યારે દૃષ્ટિ ખૂલે ત્યારે લાગે કે આત્માને કેમ ભૂલી ગયો છું? સમ્યક્દર્શન થાય ત્યારે એમ લાગે. રાગદ્વેષ ક્ષય કરવાની લય લગાડવાનું નથી થતું. જીવને ગરજ નથી તો જ્ઞાની શું કરે? ગરજ ન જાગી હોય ત્યાં સુધી કંઈ ન થાય. દીક્ષા લે પણ પોતાના પરિણામ ભણી જવું અઘરું છે. એ તો પાછું કર્મ માગ આપે ત્યારે થાય. આત્મા છે કે નથી એમ કોઈ પૂછે તો, એ કોણ પૂછે છે? આત્મા જ. તો બસ આત્મા છે જ. જેટલા ભવ કરે તેમાં 'દેહ તે હું' એવા સંસ્કાર તે અનાદિ મિથ્યાત્વ છે. હું દેહથી ભિન્ન છું એમ થવું તે જ સમકિત છે. હું દેહ નથી, દેહ, સ્ત્રી, પુત્રાદિક કોઈ પણ મારાં નથી, એમ થાય ત્યારે સમ્યક્દર્શન થાય. કૃપાળુદેવ કહે છે કે ગૃહસ્થાવસ્થામાં કંઈ ઉપદેશકાર્ય કરવું નથી, મુનિ થયા પછી કરવું. મુખ્ય માર્ગનો વિરોધ ન કરવો એ મુખ્ય વાત છે. કૃપાળુદેવે આગલા ભવમાં દિગંબર દીક્ષા પાળી હતી એમ કહેવાય છે. તે ભવમાં પણ એમનું નામ રાજચંદ્ર હતું. આ ભવમાં કૃપાળુદેવનું નામ બીજું રાખ્યું હતું પણ પોતે જ પોતાનું નામ રાજચંદ્ર રાખ્યું.

[૧૦ ૧૪૩] ૮૬ શ્રી રાજમંદિર આહોર, ફાગણ સુદ દ્વિ. ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– (૧) ઉદય આવેલા અને ઉદય આવવાના કષાયોને શમાવવા. કષાયોના નિમિત્તોમાં ન રહે તો આવતા કષાય પણ રોકાય.

(૨) લોભને વધારવો હોય તો વધે અને ઓછો કરવો હોય તો ઓછો થાય. લોભનાં નિમિત્તો ગોઠવે તો લોભ વધે.

(૩) બધાયથી છુટાય એવું કરવાનું છે. નકામી ઇચ્છા ન કરવી. "ક્યા ઇચ્છત? ખોવત સબે! હૈ ઇચ્છા દુઃખ મૂલ" ઇચ્છા જો નિરંકુશ રાખી તો ઘણાં કર્મ બંધાશે; નહીં તો થોડા બંધાશે. ચેતતા રહેવાની જરૂર છે. 'ચેતતા નર સદા સુખી' જ્ઞાનીઓએ કહ્યું છે તે એને સાંભરતું નથી. ઇચ્છા રોકવી એ તપ છે અને જેટલું તપ થાય તેટલી નિર્જરા થાય. વૈરાગ્ય રાખવો. ઘણુંય ખાધું,

ઘણુંય પીધું, પણ આત્માનું કલ્યાણ ન થયું. રસ્તો પલટાવવાનો છે. મોક્ષમાર્ગે ચાલવાનું છે.

(૪) ''તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો.'' આત્મામાં અનંત સુખ છે, બહાર નથી. આત્મા પરમ સુખી છે.

(૫) બધુંય સત્પુરુષ મળશે ત્યારે ફળશે. માટે પહેલાં સત્પુરુષને શોધવા. પછી તેઓ ગમે તેવાં વચનો કહે તેમાં શ્રદ્ધા રાખવી. ''ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય''

વૈરાગ્ય હોય તો સત્પુરુષ ઓળખાય. સત્પુરુષ મળે તો બધું થાય. જ્ઞાનીપુરુષનો યોગ મળ્યા પછી જે કરશે તે બધું સવળું થશે. જ્યારે ત્યારે પણ જીવનું કલ્યાણ થવું હશે ત્યારે સત્પુરુષથી જ થશે. સત્પુરુષ ઓળખાશે ત્યારે મોક્ષમાર્ગે ચઢાશે.

[વ૦ ૧૪૭] ૮૭ શ્રી રાજમંદિર આહોર, ફાગણ સુદ ૧૫, સં. ૨૦૦૮

જ્ઞાનીની આજ્ઞાથી કલ્યાણ છે. મને પરમાર્થ પ્રાપ્તિ થઈ છે એમ માનતા હો તો તપાસવું કે મારી વૃત્તિ પરમાત્મામાં એકતાન છે કે નહીં? જ્ઞાનીની આજ્ઞામાં એકતાન થવાનું છે.

**''પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય.''**

એવી લય લાગે ત્યારે જ્ઞાનીની આજ્ઞા વીસરાય નહીં. એવું થયું હોય તો પરમાત્મામાં એકતાન છે એમ જાણવું. જ્ઞાનીની આજ્ઞામાં એકતાનતા છે, તે ધર્મધ્યાન છે. આત્મવિચાર કરવા માટે ધર્મધ્યાન એ માર્ગ છે. બીજેથી છૂટવું અને આત્મામાં એકતાન થવું એ સહેલું નથી. અનાદિના સંસ્કાર છે તેથી જીવ સારું-ખોટું કર્યા કરે છે. ક્ષણે ક્ષણે વૃત્તિ પલટાય છે. જેટલી આજ્ઞામાં એકતાન વૃત્તિ થાય તેટલું જગતનું વિસ્મરણ થાય. એ જ કરવાનું છે. માર્ગ એ જ છે. પરમાર્થ સરળ છે પણ પ્રાપ્તિ દુર્લભ છે.

આજ્ઞામાં જ વૃત્તિ સ્થિર કરવી. આજ્ઞામાં એકતાન થશે ત્યારે કલ્યાણ થશે. એવી લય લગાડવાની છે. માર્ગાનુસારી થયા છે તેઓને એ જ કરવું છે એમ થયું હતું. માહાત્મ્ય લાગે ત્યારે આજ્ઞા આરાધાય, એકતાન થવાય. આ વસ્તુ વગર મારે ન ચાલે એમ હોય ત્યાં આજ્ઞામાં એકતાનતા નથી. આજ્ઞામાં એકતાન થવું બહુ અઘરું છે. આજ્ઞામાં એકતાન કેવી રીતે થવાય? આટલો વિચાર કરે તો મોક્ષ છે. જીવ બીજી બીજી ઇચ્છાઓ કરે છે. આજ્ઞા સિવાય બીજું કંઈ ગમે નહીં એવું કરવાનું છે. મુમુક્ષુઓને કૃપાળુદેવ ચેતાવતા કે આજ્ઞામાં એકતાન થાઓ.

સત્સંગે જીવને જાગૃતિ રહે છે, ભુલાય નહીં. જાગે ત્યારે આજ્ઞામાં તન્મયતા થાય. સત્સંગે સાંભળી સાંભળીને જાગૃતિ આવે છે. ગમે તેમ હો, લોકો નિંદા કરતા હોય, ગમે તેટલી મુશ્કેલી હોય પણ આજ્ઞામાં એકતાન થવાનું છે. માર્ગ એ જ છે. જ્ઞાનીની આજ્ઞા ઉઠાવી નથી. આજ્ઞા મળે ત્યારે ઢીલો પડી જાય છે, એકતાન થતો નથી. માર્ગાનુસારીનો સ્વભાવ જ એવો હોય છે કે રાત-દિવસ આજ્ઞામાં જ વૃત્તિ રાખે. જીવ જ્ઞાનીની પાછળ પડતો નથી. મંડી રહેવાનું છે. સંસારની વસ્તુઓ પરથી વૃત્તિ ઉઠાડવાની છે. સંસારમાં કશું પ્રિય કરવા જેવું નથી. અને જે પ્રિય કરવા જેવું છે તે જીવે જાણ્યું નથી. આજ્ઞામાં એકતાન થવું એ એને સાંભરતું ય નથી. હરિ પ્રત્યે અખંડ લય

લાગવી તે વૈરાગ્ય છે. એ ન હોય તો વૈરાગ્ય નથી. અખંડ લય લગાડવાની છે.

"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન."

એ વિના જ્ઞાન ન થાય. ત્યાગ વૈરાગ્ય તો જોઈશે. જીવને મૂંઝવણ થવી જોઈએ કે ક્યારે છુટાશે, છૂટવાનો કયો રસ્તો છે? વધારે વાંચવાથી લાભ નથી, પણ થોડુંક જીવને પચે તો ઘણો લાભ છે. આ ભવમાં ચેતવાનું છે. ભયંકર સંસાર છે.

**[વ૦ ૧૪૭]** (રાતના સભામાં) ૮૮ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ દ્વિ.૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જ્ઞાનીની આજ્ઞાથી જીવનું કલ્યાણ થાય છે, તેને અનુસરતો તમારો પત્ર મળ્યો એમ પરમકૃપાળુદેવ જણાવે છે. એકતાન થવું એટલે આખા જગતને ભૂલી જવું. જ્ઞાનીની આજ્ઞા હૃદયમાં અચળ થાય, ભુલાય નહીં, એમ આજ્ઞામાં એકતાન થવાય. "અચળરૂપ આસક્તિ નહિ" એકતાન થવું બહુ અઘરું છે. એકતાન થયા વિના પરમાર્થની પ્રાપ્તિ બહુ જ અસુલભ છે. બીજી હઠયોગની ક્રિયા કરે, પણ પરમાર્થની તો આજ્ઞામાં એકતાન થયા વિના સમજણ પડે નહીં. આજ્ઞાને મૂકી બીજે જાય તો આત્મા કદી જણાય નહીં. બધા જગતથી ઉદાસીન થાય ત્યારે આજ્ઞામાં એકતાન થવાય. પારકી પંચાત મૂકી આજ્ઞામાં એકતાન થવું. જગતનું બધેથી વિસ્મરણ થઈ જાય ત્યારે આજ્ઞામાં એકતાન થવાય. એવું ન થાય ત્યાં સુધી પરમાર્થ પ્રાપ્ત થવો બહુ અસુલભ છે. મનુષ્યભવો મળ્યા તે બધા શામાં ગયા? તો કે કેટલાક ભવ શાસ્ત્રો ભણવામાં, જપ, તપ વગેરેમાં, પણ આજ્ઞામાં એકતાન થવાયું નથી. પાંચ ઇંદ્રિયોરૂપ ચોરો છે. તે એનો ઉપયોગ ચોરી લે છે. એકતાન થયા વિના માર્ગ મળે એવો નથી. એ થવું બહુ દુર્લભ છે. અને એ વિના તો છૂટકો નથી. ટૂંકામાં જીવને કરવા યોગ્ય શું, તે બતાવ્યું. કોઈ મહાપુણ્યના યોગે આજ્ઞા મળે અને તેને ઝૂરણા કરી આરાધે તો જીવ છૂટે, નહીં તો છૂટે એવો નથી. આજ્ઞામાં એકતાન થવું કેટલું અઘરું છે! જ્ઞાનીની આજ્ઞામાં મોહ મદદ કરે તેમ નથી. બધું ભૂલવાનું છે. ઉપયોગને ઉપયોગમાં રાખવાનો છે. ઘણા શ્વાસ રોકે છે, ઇંદ્રિયો રોકે છે, પણ જ્યાં સુધી મોહ મદદ કરે ત્યાં સુધી છૂટે નહીં. જીવો પુરુષાર્થ તો કરે છે. શ્વાસ રોકે વગેરેમાં આખો ભવ ગાળે છે.

"વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો."

પણ આજ્ઞાથી માર્ગ સુલભ છે. આજ્ઞામાં ચિત્ત અચળ થાય તો કર્મ બંધાય નહીં. એ આજ્ઞા જીવને સમજાતી નથી. એની અપૂર્વતા જીવને લાગતી નથી. સત્પુરુષનો યોગ થવો કેટલો દુર્લભ છે! એનાં વચન સાંભળવા મળવાં કેટલાં દુર્લભ છે! એની શ્રદ્ધા થવી કેટલી દુર્લભ છે! આજ્ઞા આરાધવી કેટલી દુર્લભ છે! એમ જીવને માહાત્મ્ય લાગતું નથી. ખરી આજ્ઞા તો રાગદ્વેષ ન કરવાની છે. વિભાવથી છૂટી સ્વભાવમાં આવવું એ જ જ્ઞાનીની આજ્ઞા છે. રાગ છોડ્યા વિના આજ્ઞા આરાધાતી નથી. "હું દેહાદિ સ્વરૂપ નથી" દેહાદિ સ્વરૂપ મારે માનવું નથી. "દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી." એ બધું એને સમજણ પડે, આંખે દેખાય એવું કહ્યું. આવો જેને નિર્ણય થયો હોય તેને વૈરાગ્ય સહેજે રહે. પછી થાય કે હું કોણ છું? "શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." એવી જ્ઞાનીએ

કહેલી આજ્ઞા આરાધે તો રાગદ્વેષનો ક્ષય થઈ મોક્ષ થાય. જન્મમરણ થવાનું કારણ જ્ઞાનીની આજ્ઞા આરાધી નથી એ છે.

કૃપાળુદેવ આપણને પૂછે છે કે તમે આત્માનું કલ્યાણ કરવા ધારો છો કે પ્રમાદમાં રહેવા? એકતાન થયા વિના તો છૂટકો નથી. એ રસ્તો તમે ધારો છો કે બીજો ધારો છો? આટલું વિચારાય તોય ઘણું છે. જ્ઞાનીની આ વચનરૂપી લાકડી લાગશે નહીં ત્યાં સુધી સંસારની કેડ ભાંગશે નહીં.

**[વ૦ ૧૫૦]** (સવારના સભામાં) ૮૯ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— મોતનું ઔષધ શું? જન્મમરણ છૂટે એવી જ્ઞાનીપુરુષ કોઈ વાત કહે છે તે. આત્મા મરતો નથી, એમ જ્ઞાની કહે છે, પણ પાછો બીજાને મારતાં તેનો આત્મા ક્યાં મરે છે, એમ કરે છે. સ્યાદ્વાદ માર્ગ છે. ન સમજાય તો એવું થાય.

તારો કોણ? તારો આત્મા. તે કોણે જાણ્યો? સદ્ગુરુએ. જેણે આત્મા જાણ્યો છે તેના પ્રત્યે પ્રેમ કરવાનો છે.

**[વ૦ ૧૫૪]** (સવારના) ૯૦ પથરાડિયા, ચૈત્ર વદ ૯, સં. ૨૦૦૯

**''બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ;**
**અથવા અસદ્ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.**
**પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્ગુરુ યોગ;**
**વચન સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.**
**નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ;**
**નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.''**

બે ત્રણ ગાથાઓ છે, પણ જીવ સમજે તો બધું જીવન ફરી જાય. આ ધર્મ કરું, આ ધર્મ કરું, એમ ભટકે છે, પણ સાચો ધર્મ મળ્યો નથી. એક તો પોતાની કલ્પનાથી ભટકે છે. પોતાની કલ્પનાથી પાર આવે નહીં. પોતાની કલ્પના મૂકીને બીજાની સલાહથી કરે અને તે અજ્ઞાની હોય તો અસદ્ગુરુથી પાછા ચોરાસી લાખના ફેરા ખાવા પડે. ઘણીવાર અસત્સંગ મળે, પણ કોઈક વખતે પૂર્વ પુણ્યના ઉદયથી સદ્ગુરુનો યોગ પણ મળી આવે છે. વચનો સાંભળીને પોતાનું મન જ માન્ય કરે કે આ સાચું છે. સાચી વાત આવે ત્યાં એનું મન કબૂલ કરે. વધારે પુરુષાર્થ કરીશ તો વધારે શાંતિ પામીશ, એમ એને વધારે નિશ્ચય થાય. એક આત્મા માટે સત્સંગનો લક્ષ થાય. સત્સંગથી જીવ આગળ વધે છે. સહેલામાં સહેલો, ઉત્તમમાં ઉત્તમ સત્સંગ છે. કૃપાળુદેવ કહે છે કે મેં રોજ સત્સંગ કર્યો, માત્ર આત્માનો લક્ષ રાખીને સત્સંગ કર્યો. સત્સંગથી અસંગ થવાય છે.

**[વ૦ ૧૫૫]** (સવારના સભામાં) ૯૧ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૪, સં. ૨૦૦૯

મુમુક્ષુ— ''શ્રી મઘશાપ, શ્રી બખલાધ'' એટલે શું?

પૂજ્યશ્રી— કોઈને વિચારવા સારું લખ્યું હશે (કૃપાળુદેવે). એનો અર્થ ભગવાન થાય છે.

[વ૰ ૧૫૬] ૯૨ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કેવળજ્ઞાન થાય ત્યારે કશું બાકી રહે નહીં. ભગવાને ત્રણે કાળને મૂઠીમાં લીધા એટલે જાણ્યા.

[વ૰ ૧૫૭-૧] ૯૩ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૪, ૨૦૦૯

પૂજ્યશ્રી– બધા જીવો સુખને ઇચ્છે છે, પણ સાચું સુખ શું? તેની ખબર નથી. જેને મોહ પાતળો પડ્યો હોય, દર્શનમોહ ઘટ્યો હોય તેને સુખ થાય.

**''પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ; પરમપુરુષથી રાગતા.''** (દેવ૰ ૧)

અનંત પ્રકારની પ્રીતિ બીજે છે તે પરમપુરુષમાં થાય તો પછી પોતાનું સ્વરૂપ ભાનમાં આવે. આત્માનો સુખ નામનો ગુણ છે. આત્મામાં સુખ છે એવું જેને મોહ ઓછો થયો હોય તેને જ્ઞાનીના બોધથી સમજાય છે. જો મોહ ઓછો થયો હોય તો જ્ઞાની કહે તે એને માન્ય થાય, પણ મોહ ઓછો ન થયો હોય તો માને નહીં.

**''સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહીએ, એ દૃષ્ટે આતમ ગુણ પ્રગટે.''**

એટલી જેની દૃષ્ટિ થઈ હોય તો તે દૃષ્ટિએ આત્મગુણ પ્રગટે. પોતાને વશ હોય તે સુખ છે. પરાધીનતા એ જ દુઃખ છે. સુખનો સ્વાદ ચાખે તો છોડે નહીં. મીઠું લાગવું જોઈએ. જેમ છોકરાંને પહેલાં ઘી, સાકર ચટાડે તો થૂંકવા લાગે, પણ જ્યારે મીઠું લાગે ત્યારે આંગળીઓ ચાટવા લાગે છે, તેમ જીવને મીઠું લાગવું જોઈએ. આપણે શું કરવું છે? શું કરવાનું રહ્યું છે? એ વિચારવાનું હાથમાં આવે તેથી હિત થાય, નહીં તો બીજાના અથવા બહારના વિચારો આવે. સુખ તો સત્પુરુષોએ શોધી કાઢ્યું. એને જેણે આરાધ્યું તે સુખી થયા.

[વ૰ ૧૫૭-૨]

પૂજ્યશ્રી– વૃદ્ધ અવસ્થામાં કશું કરી શકે નહીં. દિગંબર સાધુ પ્રતિજ્ઞા લે છે કે જ્યાં સુધી ઊભા ઊભા આહાર લેવાશે ત્યાં સુધી જીવવું, નહીં તો અનશન કરી નાંખવું.

મુમુક્ષુ– સૂતાં સૂતાં ભક્તિ કરે તો સારું ને? મરી જવા કરતાં ખાઈને ભક્તિ કરવી શું ખોટી છે? સૂતાં સૂતાં ભક્તિ કરવી શી ખોટી છે?

પૂજ્યશ્રી– શાની ભક્તિ? શરીરની ભક્તિ થાય.

મોહ તો દુઃખ જ આપ્યા કરશે. વસ્તુ હાજર હશે તોય દુઃખ જ આપશે. યુવાવસ્થામાં સંભાળ ન રાખે તો રોગ થાય. આમ જઉં, ફલાણે જઉં એમ થાય. યુવાનીમાં પૈસા મળ્યા તો પછી સહન ન થાય, ગમે ત્યાં વ્યસનમાં, બીજામાં ઉડાડી નાખશે.

[વ૰ ૧૫૭-૧૩] (સવારના સભામાં) ૯૪ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૬, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– મુખ્યપણે ઉપદેશયોગ્ય છઠ્ઠું અને તેરમું ગુણસ્થાનક છે. કૃપાળુદેવ કહે છે કે જ્યાં સુધી ગૃહસ્થાવસ્થા હોય ત્યાં સુધી ધર્મ સંબંધી વધારે વાતચીત ન કરવી. ધર્મનો મુખ્યપણે

ઉપદેશ ન કરવો. મોહ જીવને ઘેરી લે છે. કૃપાળુદેવને એ ભયંકર લાગે છે. અસંગ થવું છે.

પ્રભુશ્રીજી કહેતા કે બધાં કર્મ ફૂટી નીકળ્યાં છે. જેવું પૂર્વે બાંધ્યું છે તેવું દેખાય છે. પોતાનું જીવ પોતે સુધારશે ત્યારે સુધરશે. જે કંઈ થાય છે તે આપણા ભાવથી થાય છે.

તદ્દન નિર્દોષ હોય તો મોક્ષમાં જ હોય. દેહ ધરવો પડે છે તે કર્મથી જ છે. સિદ્ધ ભગવાન કેવળ નિર્દોષ હોય છે. પોતામાં દોષ ન હોય અને દુઃખ થાય તો સિદ્ધ ભગવાનને પણ દુઃખ થાય. બીજાનું કરેલું ભોગવવું પડે, એમ હોય તો કર્મસિદ્ધાંત ઊડી જાય. તદ્દન સમતાભાવ રહે તો કામ પતી જાય. મહાવીર ભગવાનના ઉપર સંગમદેવે ઉપસર્ગ કર્યા ત્યારે દ્વેષ ન થયો, પણ દયા આવી કે બિચારો કર્મ બાંધે છે. ક્ષણે ક્ષણે જીવ કર્મ બાંધે છે. ક્યારે એ બધાં ભોગવશે? ''કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય?''

સંસાર એને ભયંકર લાગતો નથી. અલ્પ દોષ થાય તેનું કેટલું મોટું ફળ આવે છે! [૧]રુક્મિણીએ પૂર્વભવમાં એક ઈંડું હાથમાં લઈને થોડીવારમાં મૂકી દીધું. હાથના રંગથી તે લાલ થવાથી મોરડીએ સોળ પહોર સેવ્યું નહીં. તેથી તેને સોળ વર્ષ સુધી પુત્રનો વિયોગ રહ્યો.

ક્રોધ, માન, માયા, લોભમાં જીવ પરવશ છે. તે વખતે એને કંઈ ભાન રહે નહીં. ભલે શાસ્ત્રો ભણેલો હોય, પણ તે વખતે ભૂલી જાય છે. છુટાય તેવો ક્રમ કરવો. જેને છૂટવું હોય તે વધારે કર્મ ન બંધાય તેવું કરે છે. કોઈ પ્રત્યે દ્વેષ ન કરવો. જગતના કોઈ પ્રાણી પ્રત્યે દ્વેષ કરવો નહીં.

જ્ઞાન એ ફળ છે. જ્ઞાન આવે ત્યારે નમ્રતા વધે. જેમ ડાળીએ કેરીઓ બેસે અને આંબો નમે, તેમ જ્ઞાન આવે ત્યારે નમ્રતા વધે છે.

**[વ૦ ૧૫૭-૧૫]**

પૂજ્યશ્રી– પોતાનો અનુભવ કૃપાળુદેવે કહ્યો છે. આ બધું દેખાય છે તે બધું પરમાણુઓરૂપ છે. જગત બધું વાચા વગરનું છે, બોલતું નથી. એ એમ નથી કહેતું કે મને જુઓ. માત્ર મોહને લઈને જીવ તેમાં પડે છે. જગત કલ્પના માત્ર છે.

**[વ૦ ૧૫૭-૧૬]**

પૂજ્યશ્રી– વૈરાગ્ય ઉપશમ હોય તો દૃષ્ટિ સૂક્ષ્મ થાય, નહીં તો બીજાના દોષો જુએ. પોતાના દોષો દેખવા અને શમાવવા. 'પુષ્પમાળા'માં છેલ્લું એ જ કહ્યું છે કે 'દોષોને જોઈને દોષોને ટાળવા.' સૂક્ષ્મ દૃષ્ટિ હોય તો દોષો દેખાય અને દેખાય તો પછી ગમે નહીં, તેથી કાઢે.

**[વ૦ ૧૫૭-૧૮]**

કૃપાળુદેવે જાણ્યું છે તે ખરું છે. મોહનીય કર્મ છૂટવા દેતું નથી, મુક્ત થવા દેતું નથી. નવાં પાછાં જીવ બાંધે છે.

**[વ૦ ૧૫૮]** (સવારના સભામાં) ૯૫ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૬, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જ્ઞાનાપેક્ષાએ ભગવાન સર્વવ્યાપી છે. સિદ્ધાલયમાં ભગવાન છે.

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૩૮૬.

[વ૦ ૧૬૩] ૯૬ શ્રી રાજમંદિર આહોર, ફાગણ સુદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– નિરંતર ભગવાનમાં પ્રેમ રહ્યા કરે એવું ભગવાન પ્રત્યે પ્રેમનું અખંડપણું આ કાળમાં રહેવું મુશ્કેલ છે. જગતના જીવો નિવૃત્તિને ભૂલી ગયા છે. મારે નિવૃત્તિની જરૂર છે એવું જીવને ભાન નથી. રાત-દિવસ જગતના સુખાભાસમાં જીવ પડ્યો છે. જીવને ગરજ નથી. ધર્મનું ભાન રહ્યું નથી. સત્સંગ શું, તે પણ જીવને સમજાતું નથી. આ ભવમાં સત્સંગ જ કરવા યોગ્ય છે, એમ એને સાંભરતું નથી. મારે સત્સંગ જ કરવો છે, એના વિના મારું કલ્યાણ થવાનું નથી, એવું અંદરથી ઊગતું નથી. સત્સંગની ઓળખાણ થવી મુશ્કેલ છે. જે છોડવાનું છે તેમાં જીવ માથાં મારે છે. પૂર્વે જ્ઞાનીપુરુષનું એક વચન પણ સાંભળતા તો ચક્રવર્તી જેવા છોડીને ચાલી નીકળતા, પણ અત્યારના જીવોને તો ઘણા વચનો કહેવા છતાં કંઈ થતું નથી. પાત્રતા જીવોમાં નથી. જીવ સ્વાર્થ શોધે છે. ધર્મ કરે તેમાં પણ ઇચ્છા બીજી કરે. છૂટવું છે તે ધ્યાનમાં નથી આવતું. શાસ્ત્રોમાં શંકા કરનારા બહુ છે. પોતાને જે કંઈ ક્ષયોપશમ છે તેને પોતાને નુકસાન થાય તેવી રીતે પ્રવર્તાવે છે. ભગવાનની ભક્તિ કરે છે તેને પણ જીવ માયા કપટથી છેતરે છે. સંસારી જીવોને તો છેતરે પણ ધર્મ કરનારાઓને તો છોડવા જોઈએ! પણ પાપથી જીવ ડરતો નથી. જીવની પાસે પ્રેમરૂપી મૂડી છે તે સંસારમાં વેરી નાખી છે. પરમાર્થમાં લીન થવું જોઈએ તેના બદલે ઊલટો પરિભ્રમણમાં લીન થઈ રહ્યો છે. ''સર્વ જીવ છે સિદ્ધ સમ'' આત્મા છે તે જ પૂજવા યોગ્ય છે, સાધ્ય કરવા યોગ્ય છે, એ જ જોવા યોગ્ય છે અને એની જ ભાવના કરવાની છે. તે જીવ કરતો નથી.

**''અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય''**

ધર્મ તો આવો છે, પણ જીવને અહંકાર આવે છે. પ્રભુશ્રીજી કહેતા કે તું વાણિયો નથી, બ્રાહ્મણ નથી, સ્ત્રી નથી, પુરુષ નથી; એ તો કરમ ફૂટી નીકળ્યાં છે. મોટા પુરુષોનું જ્ઞાન તે આ કાળમાં લુપ્ત થઈ ગયું છે. આ જગતના જીવોને ભગવાનની કહેલી વાત ગમતી નથી.

[વ૦ ૧૬૩] ૯૭ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૧૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાનશક્તિ છે તે જીવને હિતકારી-અહિતકારી શું, તે બતાવે છે. વીર્યશક્તિ છે તે જીવને પ્રવર્તાવે છે. પ્રમાદ છોડવાનો છે. કર્મ બાંધવામાં પણ વીર્યશક્તિ છે અને કર્મ છોડવામાં પણ વીર્યશક્તિ છે. આજ્ઞા ન ચુકાય એ લક્ષ રાખવો જરૂરનો છે. ક્ષણવાર પણ ભગવાનને ચિંતવવા મુશ્કેલ છે. ક્ષણવાર પણ ભગવાનમાં પ્રેમ રહેવો એ આ કાળમાં મુશ્કેલ થઈ પડ્યું છે. બીજી વસ્તુઓ જે આવી પડે છે તેનો પુરુષાર્થ કરે છે. એ બધાથી નિવૃત્ત થાય ત્યારે ભગવાનમાં પ્રેમ આવે. આત્માને આવરણ થાય એવું કર્યા કરે છે. જીવ પોતાનો વિચાર કરવાને નવરો નથી. મનુષ્યભવમાં શું કરવા જેવું છે? એનું શું ફળ આવશે? એના વિચાર નથી આવતા. બીજા વિચારો કરે છે. જીવને નિવૃત્તિની જરૂર છે. રાત-દિવસ ગડમથલમાં વખત જાય છે. નિવૃત્તિને ભૂલી જ ગયો છે. આત્માને નિવૃત્તિની જરૂર છે, એવું એને ભાન નથી. થોડીક નવરાશ લઈ આત્માનું હિત થાય એવું કરવાનું સૂઝતું નથી. જીવને નિવૃત્તિની ખબર નથી. જ્ઞાનીએ ઊંઘતાને જગાડે એવું આ કહ્યું છે. કંઈક નિવૃત્તિ લાવ, તો તેનું ફળ આવશે ત્યારે ખબર પડશે.

"જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ."

એ શુભાશુભ ભાવથી નિવૃત્ત થવું છે, એવું ભાન નથી. શું સુખ છે? તેનું ભાન નથી. લોકો જેને સુખ કહે છે તે સાચું સુખ નથી. પાછળ દુઃખ આવે એવું છે. છેતરે છે. એ સુખ નથી.

"પશ્ચાત્દુઃખ તે સુખ નહીં."

જેની પાછળ દુઃખ આવે તે સુખ ન કહેવાય. સુખ તેનું નામ કે જેની પાછળ દુઃખ ન આવે. ઉપર ઉપરથી સુખ લાગે પણ ફળ દુઃખ આવે છે. સુખાભાસ તે મોક્ષના સુખને ભુલાવે એવું છે. એ સુખાભાસને સાચું જાણીને મથી રહ્યો છે. જગતનાં સુખ બધાં ઠગવાવાળાં છે. જ્ઞાની એને સુખ કહેતા નથી. આત્માને સુખી થવા માટે જરાક પણ નિવૃત્તિ મેળવવી.

મોક્ષની ગરજ પણ નથી એને. કંઈ સાંભળે તો ગરજ જાગેને? વૃદ્ધમર્યાદા સાચવવી એ રહ્યું નથી. જીવને ગરજ નથી. એને ક્યાં પડી છે? ધર્મની મર્યાદા પણ નથી રહી. એને કંઈક ધર્મની ગરજ હોય તો કંઈક ધર્મનું માહાત્મ્ય લાગે. નહીં તો તિરસ્કાર કરે કે ધર્મથી શું મળવાનું છે? કંઈ પૈસા મળવાના છે? એમ તિરસ્કાર કરે છે. એક ક્ષણવાર પણ અખંડ પ્રેમથી (ભગવાનને) સંભારતો નથી. રાગ-દ્વેષમાં પ્રવર્ત્યો છે. રાગ-દ્વેષથી નિવૃત્તિ કરવાની છે. નિવૃત્તિ શું છે? શું કામની છે? એનું ભાન નથી. જગતનાં સુખ છે તે ઝાંઝવાનાં પાણી જેવાં છે. તે લેવા દોડે છે. પરગામ પૈસા કમાવા જાય. ત્યાં દુઃખી થાય, તો પણ સુખ માને. શાને સત્સંગ કહે છે? એની ખબર નથી. સત્સંગ કરવા જતાં બીજામાં રોકાય છે. સત્સંગનું માહાત્મ્ય નથી. મનુષ્યભવમાં દુર્લભ વસ્તુ સત્સંગ છે, મુખ્ય સાધન સત્સંગ છે. સત્સંગ એ દુર્લભ વસ્તુ છે એમ એને બેસતું નથી. પુણ્યના યોગે સત્સંગની પ્રાપ્તિ થાય, પણ દુર્લભતા લાગવી બહુ મુશ્કેલ છે. સત્સંગ ન હોય ત્યારે માયામાં તણાય છે. કંઈક ઠરવાનું ઠેકાણું તો સત્સંગ જ છે. જેનો અનંતકાળનો પરિચય છે, તે છૂટવાનો અવસર મનુષ્ય દેહ છે. પણ તેમાં આ જીવ કર્મ બાંધ બાંધ કરે છે.

"સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે." (૧૬૬)

એક વચન પકડાય તો બધાં આગમનો સાર આવી જાય છે, પણ માહાત્મ્ય ન હોય તો આ કાને સાંભળે અને આ કાને કાઢે. કૃપાળુદેવ લખે છે કે આ જીવો શું કરવા આવ્યા છે? એક વચન સાંભળે તો એનો ઉદ્ધાર થાય પણ જીવને આ તરફ વૃત્તિ જતી નથી. મઘાનાં પાણી ભરી લેવાનાં છે. પ્રભુશ્રીજી કહેતા કે 'આત્મસિદ્ધિ' લબ્ધિનો ભંડાર છે. પહેલાં ચાર જણને માટે લખાયેલી. પણ હવે બધાને આપી. પણ એનો કંઈ ઉપયોગ થતો નથી. એને ધર્મની ગરજ નથી. ભૂખ્યો હોય તો રસ આવે. નહીં તો કંઈ નહીં. ઉત્તમ વસ્તુ પેસવાની જગ્યા નથી. સત્સંગનું, જ્ઞાનીનાં વચનોનું માહાત્મ્ય નથી. અયોગ્ય જીવો છે. કૃપાળુદેવે યોગ્યતા જોઈને ચાર જણને 'આત્મસિદ્ધિ' આપી. તેમણે કામ કર્યું. જેટલી ગરજ ઓછી તેટલું થોડું કામ થાય. 'આત્મસિદ્ધિ' સર્વ દર્શનનો સાર છે. આપણા હાથમાં આવ્યું તો મંડી પડવું.

કોઈ સાધુએ મહિનો ઉપવાસ કર્યા હતા. કૃપાળુદેવ તે વખતે આણંદ હતા. તે વખતે ખંભાત ઘણા લોકો તે સાધુને વાંદવા જતા હતા. કૃપાળુદેવે તેઓને પૂછ્યું : તમે ક્યાં જાઓ છો? તેઓએ કહ્યું: સાધુને વાંદવા. કૃપાળુદેવે તે વખતે આ 'મૂળમાર્ગ' રચ્યો અને કહ્યું કે મૂળમાર્ગ તો આ છે અને તમે માનો છો તે કુળમાર્ગ છે. 'મૂળમાર્ગ'નું અનાદિથી ભાન નથી તે કહ્યું.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦**

એવી ઉત્તમ વસ્તુ કહી, પણ એને ગરજ નથી. મને જાગૃત કરવા કહ્યું છે. શામાં કાળ ગાળું છું? વિચાર કરીને પાછો હઠે તો એક વચન મોક્ષે લઈ જાય. પરિણામ પામવું જોઈએ. એક વચન પણ પરિણામ પામ્યું નથી. સરળતા જીવને નથી. ઉપરથી સારું દેખાડવું છે પણ સારું કરવું નથી. જીવને કપટીપણું ગમે છે. ઉપર ઉપરથી સારું દેખાડવું એને ગમે છે. બહુ ભણીને જીવો શંકા કરે છે અને એને જ્ઞાન માને છે. જીવ લોકરંજન કરવા માટે કરે છે. જે તરવાનો માર્ગ છે તેમાં શંકા એ તો પોતાને અને પરને દુર્લભબોધિપણું પ્રાપ્ત કરાવે એવું છે. છેતરવાનો ધંધો કરે, પણ સારા ધર્મી માણસ આવે તેને પણ છેતરે છે. મને પાપ લાગશે એમ લાગતું નથી. ડાકણ છે તે પણ એક ઘર બાકી રાખે છે, પણ આ તો ધર્મી-અધર્મીને એક સરખા માને છે. ધર્મનું માહાત્મ્ય કંઈ રહ્યું નથી. કોઈ કમાય તો આખું કુટુંબ એના ઉપર પ્રેમ રાખે છે અને તે એવો કે, એવો પ્રેમ પ્રભુ પ્રત્યે કરે તો ભગવાનને પામે. ભગવાનની પ્રાપ્તિ કરવી છે તેને તો ભગવાનના ગુણમાં વૃત્તિ રહે, બધાનો દાસ છું એમ રહે, એ ભૂલી ગયો છે. 'હું ડાહ્યો છું, મોટો છું' એમ કરે છે. દાસત્વ જોઈએ ત્યાં અભિમાન લઈ બેઠો છે.

**"લઘુતા મેરે મન માની, યહી ગુરુગમ જ્ઞાન નિશાની."** (ચિદાનંદજી)

બે રસ્તા છે. સંસાર અને મોક્ષ. સંસાર જોઈએ તેણે આરંભ-પરિગ્રહમાં રહેવું. મોક્ષે જવું હોય તો ભગવાનના વચનમાં વૃત્તિ રાખવી. જ્યાં આત્મા છે ત્યાં બધું છે. કેવળજ્ઞાન, સમ્યક્ત્વ બધું છે. આત્મા ભુલાઈ ગયો છે. એ આત્મદૃષ્ટિ સત્પુરુષને હોય છે. સાચો ધર્મ ભુલાઈ ગયો છે. દેહધર્મ થઈ ગયો છે. કર્મને દૂર કરે તો આત્મા દેખાય. યથાર્થ દૃષ્ટિ કરવાની છે તે થતી નથી.

કૃપાળુદેવ લખે છે કે આ બધું જોયું જતું નથી. એને ભગવાન જોઈતા નથી, પૈસા જોઈએ છે. એને ભગવાનની કંઈ પડી નથી. કૃપાળુદેવે લખ્યું છે કે મરણનું ઔષધ આપું છું, પણ ચૂકીશ નહીં. પણ આને ક્યાં પડી છે?

**[વ૦ ૧૬૩]** (સવારના સભામાં) ૯૮ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જીવ લોકોને દેખાડવા શાસ્ત્રમાં શંકા કરી પ્રશ્નો કરે છે, તેથી લોકો એમ જાણે કે બહુ ડાહ્યો છે.

સગાંવહાલાં, ઘરમાં જે બધો પ્રેમ છે, તે પરમાત્મા અથવા સત્પુરુષ પ્રત્યે કરવાનો છે.

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં."**

એને બદલે એક ક્ષણ પણ પ્રેમ કરતો નથી. જીવને માન્યતા જ બીજી થઈ ગઈ છે. મરતાં

સુધી સંસારનાં કામો કર્યા કરો, એમ થઈ ગયું છે. નિવૃત્તિનું ભાન નથી. કંઈ નિવૃત્તિ હોય તો વિચાર આવે. શું કરવા જન્મ્યો છું? એ ભૂલી ગયો છે. આખો દિવસ પ્રવૃત્તિ કરે છે. [1]ભરતને એક ધોળો વાળ દેખાયો કે તરત ચાલી નીકળ્યા અને આ આખું માથું ધોળું થાય તોય ચેતતો નથી. બહારની અને બહારની જ વસ્તુઓ જીવે સાંભળી છે. સાચી વસ્તુ જ એના કાનમાં આવી નથી. જીવને આરત એટલે ગરજ પણ રહી નથી કે મારાથી ભલે ન બને તોય કરવું છે. ઘરડા લોકો શું કામના? એમ કરે છે. ઘરડા શું જાણે? એમ કરે છે. જેથી આત્માનું હિત થાય એવો જે સત્સંગ તેનું જીવને ઓળખાણ  નથી. સત્સંગની ઓળખાણ નથી તેથી કૃપાળુદેવને મોક્ષમાળામાં આખો પાઠ લખવો પડ્યો. સત્સંગથી બધાં કાર્યો સિદ્ધ થાય છે. સત્સંગની પ્રાપ્તિ પણ નથી અને ઓળખાણ પણ જીવને નથી. સત્પુરુષનો એક ક્ષણવારનો સમાગમ થાય તો બધું કામ થઈ જાય. એ ભૂલી જવાય નહીં. સત્પુરુષ વારંવાર એને સાંભરે. [2]શ્રેણિકે આગલા ભવમાં એક ક્ષણવાર જ્ઞાનીનો સમાગમ કર્યો, તો તેથી દેવ થયો અને પછી શ્રેણિક રાજા થયો. અનાથિમુનિ મળ્યા ત્યારે સમકિત પામ્યો. મહાવીર ભગવાન મળ્યા ત્યારે તીર્થંકર ગોત્ર બાંધ્યું. ઘણા જીવોને તારી તે મોક્ષે જશે. જીવ ધર્મની મર્યાદા ઓળંગીને ચાલ્યો જાય છે. કાળનો પ્રભાવ જ એવો છે. ધર્મ હવે ઢોંગ જેવો થઈ ગયો છે. જ્ઞાનીપુરુષનાં વચનો, અસંખ્ય સત્પુરુષોએ સમ્મત કરેલાં વચનો જ્ઞાની એને કહે તો પણ એને કંઈ ગેડ બેસતી નથી. [3]સગર ચક્રવર્તીને દેવે આવીને વાત કરી કે સંસાર અસાર છે, અનિત્ય છે પણ સગર ચક્રવર્તીને છોકરાંઓનો મોહ હોવાથી સંસારથી તે વખતે છૂટી ન શક્યો. જેથી કલ્યાણ થાય એવું હોય એવા જે ભક્તો તેમને છેતરે તો પછી છૂટે ક્યાંથી?

**"અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય."**

એવું કરવાને બદલે હું મોટો છું એમ કરે છે. બધાથી હું નાનો છું, અધમાધમ છું, એ કેટલી સમજણ હોય ત્યારે થાય છે! કૃપાળુદેવને નાનપણથી કોઈ બે છોકરા લડતા તો એમને પોતાને દુઃખ લાગતું. કૃપાળુદેવ કહે છે કે– હે હરિ! અમારે ભક્તિ જ કરવી છે પણ તું કળિયુગના પ્રસંગો અમને આપ્યા કરે છે. મારા નિમિત્તથી કોઈ દુઃખી ન થાય અને બીજા જીવો દુભાય નહીં. મારા નિમિત્તે બીજા જીવો દ્વેષ કરી કર્મ ન બાંધે, એવી કૃપા કર. હું તમારો શરણાગત છું, તો મારાથી કોઈ જીવો દુભાય નહીં એવો અનુગ્રહ કર.

ભગવાનને ભૂલીને લોકો બીજામાં લાગે છે, એ એમને મોટામાં મોટું દુઃખ છે. જગતનો ઉદ્ધાર થાય એવી એમની ઇચ્છા છે. આ કાળમાં કોઈનું પણ કલ્યાણ થવું સર્જિત હશે તો તે અમ થકી, એમ લખ્યું છે.

**[વ૦ ૧૬૪]** ૯૯ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૧૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જે સંપૂર્ણ છે તેને હું ઇચ્છું છું, એમ કૃપાળુદેવ લખે છે. જેનામાં સંપૂર્ણ જ્ઞાન છે તેને હું ઇચ્છું છું. 'સત્તા' બે અર્થમાં વપરાય છે. એક શક્તિના અર્થમાં, અને બીજું મૂળ સ્વરૂપ છે તેમાં પણ વપરાય છે.

---

**૧.** એક રાજા, વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ **૨.** બોધામૃત ૧ પૃષ્ઠ ૩૮૩, **૩.** બોધામૃત ૧ પૃષ્ઠ ૨૦૪.

[વ૦ ૧૬૫] ૧૦૦ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૧૪, સં. ૨૦૦૮

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે."**

સત્પુરુષ પ્રત્યે પ્રેમ છે, તે કેવળજ્ઞાનનું બીજ છે. આત્મા પોતાના અનુભવથી જ દેખાય છે. ગમે તેટલી વિકટ વાટે પરમાર્થ પ્રાપ્ત કરવાનો છે. પરમ પ્રેમ આવે તો પરાભક્તિ પણ થાય. માન જાય ત્યારે ભગવાન હાથ આવે. દૃષ્ટિ પલટાતાં વાર લાગતી નથી. પુરુષાર્થ કંઈ નકામો જવાનો નથી. મોક્ષનાં કારણો મળશે તો એ તો એની મેળે આવશે. શંકા, ભય, મૂંઝવણ એ બધું સમ્યક્ત્વ ન થાય ત્યાં સુધી રહે, પછી ન રહે. પોતાનું કલ્યાણ થાય એવું કરવાનું છે. કૃપાળુદેવ કહે છે કે "જગતને, જગતની લીલાને બેઠા બેઠા મફતમાં જોઈએ છીએ." સાક્ષીરૂપે રહે છે.

[વ૦ ૧૬૬] ૧૦૧ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૧૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાની તો, "સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે." એમ માને છે, પણ તમને કંઈ બેસે છે? એ વાત કેમ હશે? કૃપાળુદેવ એમ લખે છે. કોઈ પણ પ્રકારે સદ્ગુરુનો શોધ કરી તેના ગમે તેવા વચનોને પણ માનવા જેવાં છે. અસંખ્ય સત્પુરુષોએ કહેલી વાત કહે છે. મોક્ષે જવું હોય તો આ પાંચ વાક્યો છે; મોક્ષ થાય એવાં છે.

મુમુક્ષુ– માયિક સુખ શું છે?

પૂજ્યશ્રી– સુખાભાસ. એ સુખ નથી. મોહને લઈને, ભ્રાંતિને લીધે સુખ માને છે, પણ ભ્રાંતિવાળું સુખ છે. પાંચ ઇન્દ્રિયના સુખમાં લીન થયો છે. તેથી આત્મામાં, મોક્ષમાં સુખ હશે કે નહીં? એમ માને છે. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખ એની શ્રદ્ધા ભવ્ય જીવોને થાય છે. ઇન્દ્રિય સુખને લીધે અતીન્દ્રિય સુખ ધ્યાનમાં આવતું નથી. જોઈએ છે સુખ, પણ ઇન્દ્રિયસુખો સુખરૂપ નથી. તે ઇન્દ્રજાળ કે મૃગજળ જેવાં સુખ છે. ત્રણે કાળ રહે એવું સુખ આત્માનું છે. બીજું બધું સ્વપ્ના જેવું છે. આ એક મોટું સ્વપ્ન છે. [1]'ભિખારીનો ખેદ' મોક્ષમાળામાં પાઠ આવે છે, એવું છે. આત્મામાં સુખ છે, પણ બીજામાં નથી. બીજામાં માને તે ભ્રાંતિ છે. વાર ન કરવી. આ સાંભળ્યું તો વાર ન કરવી. પ્રભુશ્રીજી કહેતા કે, 'સંભળાય છે?' મોક્ષે જવું હોય તો માયિક સુખ છોડવું પડશે. ઇચ્છાઓ છોડવી પડશે. તો આજથી જ ઇચ્છાઓ ઓછી કરવા માંડો.

"માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે." પણ એકદમ થાય એમ નથી. મદદગારની જરૂર છે. માટે કહ્યું છે કે સદ્ગુરુને શોધ. પૂર્વનું પુણ્ય હોય તો જીવને સહેજે યોગ મળે. તેમ ન હોય તો ભાવના કરવી તો કોઈક દહાડે મળી આવે. સદ્ગુરુનો યોગ મળે તો પોતાપણું કાઢી નાંખવું. સદ્ગુરુનો યોગ મળ્યો તો પાછું ન હટવું. જેટલી શક્તિ છે તે તેની આજ્ઞામાં ગાળે, એટલું કરે તો માયિક વાસના જાય. "સમકિત નવિ લહ્યું રે, એ તો રૂલ્યો ચતુર્ગતિ માંહે " એક સમકિત ન પામ્યો. આચાર્યપણું પામ્યો; ચારે ગતિમાં ભટક્યો, પણ એ ન આવ્યું.

---

૧ વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૪૧-૪૨.

મુમુક્ષુ– આચાર્યપણું આવ્યું શાથી?

પૂજ્યશ્રી– એને પરાણે આવ્યું. એને આચાર્યપણાનું ભાન પણ નહોતું. આચાર્યપણાનું માન જોઈતું હતું તે મળી ગયું. સમકિત સહિત આવ્યું હોત તો અનંતવાર ન કરવું પડત. દ્રવ્યથી બધું કર્યું છે, પણ ભાવથી નથી કર્યું. સત્‌ને બાકી રાખી બધું કર્યું. '' 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી; અને 'સત્' શ્રધ્યું નથી.'' એ એને આવ્યું નથી. 'સત્'ને બહાર મૂકીને કર્યું છે. મોક્ષનો માર્ગ બહાર શોધે છે. મોક્ષનો માર્ગ બહાર તો છે નહીં. સત્પુરુષ મળ્યા નથી. એ મળે તો માર્ગ પમાડે. વિચારવાનું સાંભળ્યું, અનાદિથી માથાફોડ કરી, પણ નિષ્ફળ કેમ થયું તે વિચારવા કહે છે. બીજા ભવમાં તો ગયું, પણ આ ભવમાં નકામું ન જાય એવું કરવાનું છે. ''બે અક્ષરમાં માર્ગ રહ્યો છે.'' પ્રભુશ્રી પૂછતા કે બે અક્ષર કયા? તો કે જ્ઞાન અને જ્ઞાની. માર્ગ અંતરમાં છે અને શોધે છે શાસ્ત્રોમાં, વિદ્યાભ્યાસમાં, આચાર્યપણામાં. જ્ઞાની પાસે માર્ગ છે.

[વ૦ ૧૬૬] ૧૦૨ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ, ભક્તિમાર્ગ એમ ત્રણ માર્ગ કહ્યા છે. ભક્તિમાર્ગમાં જ્ઞાનીનો યોગ હોય તો જીવન સફળ થાય. સાચાનો યોગ ન થયો તો ચિંતામણિ જેવો આ મનુષ્યભવ વ્યર્થ જાય. જ્ઞાનીના એક વચનને આરાધે તો બધાય શાસ્ત્રોનો સાર એને પ્રાપ્ત થાય. કોઈ માણસ ઊંઘતો હોય તેને એક બૂમ મારે તો જાગી જાય. કોઈ બે બૂમ મારે ત્યારે જાગે; કોઈ ત્રણ મારે ત્યારે જાગે, કોઈ વધારે મારે ત્યારે જાગે, પણ એને જગાડવો છે.

એક વાક્યથી જાગે તો અનંત આગમ જાણી ગયો. મુમુક્ષુઓને કલ્યાણકારી આ પાંચ વાક્યો છે. બધા જ્ઞાનીપુરુષોની સાક્ષીથી આ લખ્યાં છે. માયિક સુખ, ઇન્દ્રિય સુખ, સંસાર સુખ બધું છૂટે ત્યારે મોક્ષ થાય. મોક્ષે જવાની ઇચ્છા છે તો આ અભ્યાસ કરવો. માયિક વાસના પોતાની મેળે છૂટે નહીં. એ છૂટવા માટેનો ઉપાય, સદ્‌ગુરુની પહેલી શોધ કરવી. પછી મન, વચન, કાયાથી અર્પણતા કરવી. અનંતકાળથી પરિભ્રમણ કરતો આવ્યો છે. એમાં વિદ્યા ઘણીવાર ભણ્યો, આચાર્યપણું, જિનદીક્ષા મળી, પણ 'સત્' મળ્યા નથી. 'સત્' એટલે જ્ઞાની કહે તે સાંભળવું, પછી એની શ્રદ્ધા કરવી. પોતાના ભાવથી બંધાય છે, પોતાના ભાવથી છુટાય છે. અંતરંગ ક્રિયા છે તે સદ્‌ગુરુ વિના સમજી ન શકાય. માટે સદ્‌ગુરુની ભક્તિ, શરણ લેવું. જ્ઞાન જોઈતું હોય તો જ્ઞાની પાસે જવું. જ્યાં મોક્ષમાર્ગ છે ત્યાં જાય તો મોક્ષમાર્ગે ચઢે. અનાદિકાળથી પરિભ્રમણ કરતો આવ્યો છે, પણ આત્મા પ્રાપ્ત થયો નથી.

[વ૦ ૧૬૬] (સવારના સભામાં) ૧૦૩ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૧૦, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જ્ઞાનીની આજ્ઞાએ વર્તે તો મોક્ષ થાય. જ્ઞાનીને ગમે નહીં તેવું ન બોલે, ન આચરે તો કર્મ ક્યાંથી બંધાય? એનો મોક્ષ થાય. અર્પણબુદ્ધિમાં શંકા થાય તો કંઈ લાભ ન થાય. એથી મને લાભ થશે કે નહીં એવી શંકાયુક્ત અર્પણતા હોય તો કંઈ લાભ ન થાય. નિઃશંકતાથી આજ્ઞા આરાધવી, અર્પણબુદ્ધિ કરવી.

પૂંજાભાઈને કૃપાળુદેવે કહ્યું કે તમારું તન, મન, ધન બધું મને અર્પણ કરી દો. પૂંજાભાઈએ બધું કૃપાળુદેવને અર્પણ કર્યું. પછી ગાંધીજી મળ્યા ત્યારે લાગ્યું કે આ તો તીર્થંકર જેવા છે, પણ કૃપાળુદેવને બધું અર્પણ કરેલું તે યાદ આવ્યું, તેથી એમની પાસે જે ધન હતું, તે ગાંધીજીને આપીને 'શ્રીમદ્ રાજચંદ્ર પુરાતત્ત્વ મંદિર'' નામે પુસ્તકાલયની વ્યવસ્થા કરાવી. કહેવાનું કે જો બરાબર અર્પણ ન કર્યું હોય તો જીવ બીજામાં જઈ ચઢે. અર્પણતા જેવી તેવી નથી. સત્પુરુષ સિવાય બીજામાં વૃત્તિ છે તે કપટ જ છે.

આત્મા સત્ય, બીજું બધું મિથ્યા એમ લાગ્યું હોય તો જીવ બીજે ચોંટે નહીં. સાચી શ્રદ્ધા આવી તો પછી 'છૂટું છૂટું' એમ થાય. બીજું આવી પડે તોય ગમે નહીં. જીવ બીજાને મૂંડે પણ પોતે મૂંડાતો નથી. છૂટવા માટે બધું કરવાનું હતું અને 'છૂટું છૂટું' તો થયું નહીં, તેથી વાસના અંદરની અંદર રહી.

મુમુક્ષુ– શાસ્ત્રશ્રવણથી વિજ્ઞાન થાય એમ કહ્યું છે, તો એ સિવાય વિજ્ઞાન ન થાય?

પૂજ્યશ્રી– જ્ઞાની પાસે સાંભળે તો થાય. શ્રવણ છે તે જ્ઞાની પાસેથી કરવાનું છે. નહીં તો સત્પુરુષના યોગ વિના શાસ્ત્ર શસ્ત્રરૂપ પરિણમે.

**''આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;**
**પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર.''**

જે સુપાત્ર જીવ છે, તેને સત્પુરુષના વિરહમાં પણ કલ્યાણ થાય છે. થોડું જ્ઞાન હોય તોય મોક્ષે જાય છે અને ચૌદપૂર્વમાં કંઈક ઓછું ભણેલો હોય તોય નિગોદમાં જાય છે. સારું છે એમ સાંભળે તો સારું કરવાની ઇચ્છા કરે.

'' 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રધ્યું નથી અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રધ્યે જ છૂટવાની વાર્ત્તાનો આત્માથી ભણકાર થશે.''

સત્ મળ્યું ખરું, સાંભળ્યું ખરું, પણ શ્રધ્યું નથી. સત્પુરુષનું ઓળખાણ થવું મુશ્કેલ છે. ઓળખાણ થયા પછી જો એક વચન મરતાં સુધી પકડ કરી લે તો મોક્ષ થઈ જાય. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એમાં મોક્ષમાર્ગ છે અને એ આત્મા જ છે. બહાર શોધવાથી ન મળે.

''જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.'' એવું જ્યારે એને સ્વરૂપ સમજાશે ત્યારે કામ થશે.

''બે અક્ષરમાં માર્ગ રહ્યો છે.'' તે બે અક્ષર કયા હશે? પ્રભુશ્રીજીએ કહ્યું હતું કે જ્ઞાન અને જ્ઞાની.

[વ૦ ૧૬૬] (બપોરના ઉપર) ૧૦૪ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૨, સં. ૨૦૦૯

મુમુક્ષુ– ''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે?''

પૂજ્યશ્રી– સત્પુરુષે એક શબ્દ આપ્યો હોય તેમાં બધાં શાસ્ત્રો આવી જાય છે. બધાંય શાસ્ત્રો છે તે કોણે કહ્યાં હશે? તીર્થંકરે. મૂળપુરુષ, જેણે આત્મા સંપૂર્ણ જાણ્યો તે તીર્થંકર છે. તે એક શબ્દ

કહે તેમાં બધાં શાસ્ત્રો આવી જાય. ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' એમ કહ્યું, એમાં આત્માને કહેનાર શબ્દ આવ્યો તેથી બધાંય શાસ્ત્રો આવી ગયા. સહજાત્મસ્વરૂપી શુદ્ધાત્મા થયા તે પરમગુરુ છે.

સત્પુરુષના એક એક વચન આત્મામાંથી નીકળે છે. એ આત્મા સુધી લઈ જાય એવાં છે. અને આત્મામાં તો કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન થાય એવાં બધાં જ્ઞાનીનાં વચનો છે. આગમનો અર્થ શાસ્ત્ર છે. આગમ એટલે આવવું. ભગવાન પાસેથી જે જ્ઞાન આવ્યું તે આગમ કહેવાય છે.

મુમુક્ષુ– ''નીચેનાં વાક્યો પ્રત્યેક મુમુક્ષુઓને મેં અસંખ્ય સત્પુરુષોની સંમતિથી મંગળરૂપ માન્યાં છે, મોક્ષના સર્વોત્તમ કારણરૂપ માન્યાં છે'' એટલે શું?

પૂજ્યશ્રી– કલ્યાણ થાય એવાં આ પાંચ વાક્યો લખ્યાં છે. તે બધા જ્ઞાનીઓને સમ્મત છે.

મુમુક્ષુ– ''માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી.'' માયિક સુખ એટલે શું? માયા એટલે શું?

પૂજ્યશ્રી– માયા એટલે નાશવંત. સ્વપ્ના જેવું ખોટું, દેખાવ પૂરતું, તે માયા છે. ''સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન.''

માયિક સુખ એટલે ભોગનાં જે બધાં સુખ છે તે. માયિક સુખ છે તે છોડ્યા વિના મોક્ષ ન થાય. મોક્ષે જવું હોય તો ગમે ત્યારે દેહ પણ મૂકવો પડશે. શાતા અશાતા ગમે તેમાં ચિત્ત હશે તે બધું મૂક્યા વિના છૂટકો નથી. ''માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી, તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું.'' એમ શ્રવણ કર્યું એટલે સાંભળ્યું, ત્યારથી એ છોડવાનો અભ્યાસ કરવો. જે બધામાં મને સુખ લાગે છે, તે હવેથી ઓછું કરવું છે. એ બધા સુખની વાંછા છોડ્યા વિના છૂટકો નથી. જે આપણે શીખીએ તે ખબર ન પડે તો પૂછીએ. ''માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી.'' એ જ્યારથી સાંભળ્યું ત્યારથી આપણને ખાવામાં, પીવામાં, ઓઢવા પહેરવામાં સુખ લાગે છે તે બધું આજથી ઓછું કરવા માંડવું. નવાં કપડાં ગમતાં હોય તો આજ મારે ફાટેલાં કપડાં પહેરવાં છે, સારું, ગળ્યું ખાવાનું ગમતું હોય તો આજ મારે ફીકું જ ખાવું છે, એમ જેમાં જેમાં સુખ લાગતું હોય તે બધું ઓછું કરવા માંડવું.

**[વ૦ ૧૭૦]** (સવારના સભામાં) ૧૦૫ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવને બીજું કરતાં આત્મા ભુલાતો નથી. તીર્થંકર પદવીનું માન નથી જોઈતું, પણ તેમણે જે પદ્ધતિ કરી છે તે કરવાની ઇચ્છા છે. તીર્થંકરે જગતનો ઉદ્ધાર કર્યો છે અને પોતે મોક્ષે ગયા છે. તીર્થંકરની પદવી મોટી કહેવાય છે, તે સમવસરણ વગેરે અમારે જોઈતું નથી. પૂર્વે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું તેથી તીર્થંકર થયા. તીર્થંકર જે રાગદ્વેષ ટાળીને બીજાને ઉપકારી થયા તે કરવાની ઇચ્છા છે. તરવાના સાધનની પરંપરા ચાલે એવું કરવાની પરમકૃપાળુદેવની ઇચ્છા છે.

મુમુક્ષુ– વૃદ્ધમાંથી યુવાન થવું એટલે શું?

પૂજ્યશ્રી– વૃદ્ધાવસ્થામાં નિરાશા થાય કે હવે ઘરડા થયા, શું થાય? એવી નિરાશા કરવાની

જરૂર નથી. યુવાન જેવો પુરુષાર્થ જોઈએ છે.

બે પ્રકારે શ્રેણી છે. એક ક્ષપકશ્રેણી અને બીજી ઉપશમશ્રેણી. ઉપશમ પલટાતાં વાર ન લાગે. બે ઘડીમાં જતું રહે.

કહેવાતા આધુનિક મુનિઓનાં સૂત્રાર્થ સાંભળવા યોગ્ય નથી. કંઈ બીજું જ બેસાડી દે. 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં પ્રશ્ન કર્યો છે કે અમને શાસ્ત્રની ખબર ન પડતી હોય તો કોઈ બ્રાહ્મણ પંડિત પાસે શાસ્ત્ર લઈને તેમની પાસે સાંભળીએ તો કંઈ વાંધો નહીં ને? તેનો ઉત્તર એમ આપ્યો છે કે તેમ કરવા જેવું નથી. તે કરતાં ઘેર બેઠાં સ્મરણ કરવું સારું છે, નહીં તો કંઈ બીજું જ બેસાડી દે. સત્પુરુષનું ઓળખાણ થવું બહુ મુશ્કેલ છે. સત્પુરુષની શ્રદ્ધા કરીને પછી સત્સંગ કરવો. ધર્મ સિવાય બીજી ઇચ્છા ન રાખવી.

**[વ૦ ૧૭૨]** (સાંજના) **૧૦૯** શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– પોતે પોતાને ન જાણે એ આશ્ચર્યકારક છે. પહેલી ઉદાસીનતા જોઈએ. જગતમાં જે જે પદાર્થો છે તેમાં રાગ પણ ન કરવો અને દ્વેષ પણ ન કરવો. એક મોક્ષમાર્ગમાં લાગવું. સત્પુરુષની ભક્તિમાં લીન થવું. સત્પુરુષનાં જીવનચરિત્ર વગેરે વાંચવાં. સત્પુરુષોનાં લક્ષણોનું ચિંતન કરવું. ઉત્તમ ધ્યેય હોય તો એની દશા પણ ઉત્તમ હોય. ઉત્તમ ધ્યેય જોઈએ. નિદિધ્યાસન એટલે વારંવાર ભાવના કરવી. સંસારથી છૂટવાના રસ્તા છે. ઉદાસીનતા જેટલી હશે તેટલું તેને સત્પુરુષની ભક્તિમાં લીન થવાય છે. મારે તો એક આત્માનું કલ્યાણ કરવાનું છે, એમ જેને હોય તેને ભક્તિ પ્રાપ્ત હોય છે. ભક્તિમાં લીન થઈ જવાય એવું કરવાની જરૂર છે. એને બીજું ગમે નહીં એવું કરવાની જરૂર છે. સત્પુરુષોનાં માહાત્મ્યનો વિચાર કરવો. મોક્ષમાર્ગે જે ચાલે છે એવાની ભક્તિમાં લીન થાય તો સંસાર છૂટી જાય.

મુમુક્ષુ– સત્પુરુષની પાસે પણ મન વચન કાયા છે. આપણી પાસે પણ છે, પણ એમની ચેષ્ટા ભવ છોડે છે એનું શું કારણ?

પૂજ્યશ્રી– એને સ્વાર્થ હોતો નથી. મમતા હોતી નથી. એક મોક્ષ જેનો ધ્યેય છે, તેથી એઓ છૂટે છે. કામ, માન, સંગઉદય એ અંતરાય કરનારા છે. જેને સંસારની ઇચ્છા હતી તે પલટાવી ''માત્ર મોક્ષ અભિલાષ'' કરી નાંખી છે. બધાનું ફળ શ્રદ્ધા આવવું જોઈએ. જ્ઞાનીની માન્યતાએ આપણી માન્યતા થાય તો સમ્યક્દર્શન થાય. એ ભક્તિ વગર થતું નથી, માટે ભક્તિ કરવી. આ માર્ગ બધાય જ્ઞાનીએ લક્ષમાં રાખ્યો છે. આટલા પત્રમાં બધું આવી જાય છે. જ્યારે જીવને મોક્ષ થવાનો હશે ત્યારે સત્પુરુષનો યોગ થશે અને ત્યારે જ થશે. છૂટવાની ખરી ભાવના સત્પુરુષના યોગે થાય છે.

મુમુક્ષુ– ''સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે'' એટલે શું?

પૂજ્યશ્રી– સદ્ગુરુની ભક્તિ કરે, પછી સદ્ગુરુ કેમ વર્તે છે? એ કેમ પુરુષાર્થ કરે છે? એ બધી ચેષ્ટાઓ છે. સદ્ગુરુ આત્મા છે. ચોથે ગુણસ્થાનથી ચૌદમા સુધી પુરુષાર્થ કરવાનો છે. એ બધી આત્માની ચેષ્ટા છે. શું કરીને એ આગળ વધે છે, એ વિચારવા જેવું છે. ''જો ઇચ્છો

પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ'' એ સત્પુરુષાર્થ ઓળખે તો કરે. સત્પુરુષ કરતા હોય તેને ઓળખે તો સત્પુરુષાર્થ પણ ઓળખાય.

[વ૦ ૧૭૨] (સાંજના સભામાં) ૧૦૭ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– મોક્ષમાર્ગને અનુસરવાની બુદ્ધિ જેની છે તેને માર્ગાનુસારી કહ્યા છે. પ્રભુશ્રીજીએ ભક્તિથી ભરેલો પત્ર લખ્યો, તેથી કૃપાળુદેવને પરાભક્તિનું સ્મરણ થયું. પોતાને શું કરવું એમ પૂછ્યું હશે, તેના ઉત્તરમાં આખી જિંદગીમાં જે કરવાનું છે તે કૃપાળુદેવે એમાં કહી દીધું છે.

પોતે પોતાને જાણે નહીં, એ નવાઈ લાગે એવું છે. અનંતકાળથી પોતાને પોતાની ઓળખાણ ન થઈ. બીજાને ઉપદેશ આપ્યો, વાતો કરી ડાહ્યો થયો, પણ ઓળખાણ પોતાનું એને થયું નથી. આ ભૂલ એક ભવથી નહીં, બે ભવથી નહીં પણ અનંતકાળથી ચાલી આવે છે.

**''ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?''**

જાણનાર પ્રત્યે દૃષ્ટિ જ નથી. કેવી આ નવાઈની વાત છે કે જાણનાર પોતાને જાણતો નથી! પોતાને પોતાના અજ્ઞાનની ખબર નથી. ગૂંચાઈ ગયો છે. નજરે આવે, સાંભળે, બધું પરમાં ને પરમાં. પણ જન્મ-મરણ કેમ થાય છે? એ શાથી મટે? એમ થયું નથી. સંશય હોય તો નિશ્ચય થાય નહીં. ભ્રાંતિ છે, તેથી ખોટાને સાચું માનવાની ટેવ પડી ગઈ છે. આત્મા નથી ઓળખાતો એનું કારણ શું? વિચારમાં આવતો નથી. જ્યાં મતિની ગતિ નથી, ત્યાં વચન કેમ પહોંચે? શાસ્ત્રથી પણ ઓળખાણ ન થાય, પણ એનો રસ્તો છે તે કહે છે–

આત્મા જાણવો હોય તો ''જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે.'' રૂપ, રસ આદિથી ઉદાસીન ન થાય તો આત્મા હાથ આવે એવો નથી. જે દેખે, સાંભળે તેમાં તન્મય થઈ જાય છે તેથી ઓળખાણ થતું નથી. એથી આત્મા જુદી વસ્તુ છે. તેની અત્યારે મને ખબર નથી પડતી, પણ કોઈ આત્મા છે. ઘણું ખાધું, ઘણું પીધું, પણ આત્માનું કલ્યાણ થયું નથી, એમ થાય ત્યારે ઉદાસીનતા થાય છે. પરથી ઉદાસીનતા કરવાની છે. ઉદાસ થાય ત્યારે કંઈક સવળો વિચાર આવે. બીજેથી પ્રેમ ઉઠાવી મૂકવો ક્યાં? જડમાં પ્રેમ હતો તે ઉઠાડ્યો, એ મૂકવો ક્યાં? તો કે સત્પુરુષમાં પ્રેમ કરવો, ભક્તિમાં જોડવો. એ બધું જડથી ઉદાસ થયા વિના થાય નહીં. જડમાં ચોંટી ગયો છે તેથી આ બધું પડ્યું રહે છે. ઇન્દ્રિયોનો માર્ગ છોડી બધા પદાર્થોથી અટકી ઇંદ્રિયો એમાં વાપરવી. બીજા વિચારો મન કરતું હતું, તે છોડી સત્પુરુષનાં વચન વિચારવામાં લગાડવું.

''તેનાં મન વચન કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં.''

હાથપગવાળા ઘણા જોયા છે, પણ સત્પુરુષ તો બધું છૂટવા માટે કરે છે. બીજા બધા બંધાય છે તેથી સત્પુરુષમાં એ અલૌકિકતા છે. સત્પુરુષોની મન વચન કાયાની ચેષ્ટાનો એમ વિચાર કરવો. ક્ષણે ક્ષણે કર્મ બાંધે એવું મન છે, તેને સત્પુરુષે સ્વરૂપમાં બાંધી દીધું છે. વચનને વીતરાગવાણી-સ્યાદ્વાદવાણીમાં જોડી દીધું છે. કાયા પણ તેવી જ રીતે વીતરાગ માર્ગમાં વાપરે છે.

છેલ્લું, ''તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું'' સમકિત થવાનું આ કારણ છે. એમણે જે માન્યું છે, તે જ મારે માનવું. અનંતકાળથી મેં જે માન્યું છે તે નહીં, પણ હવે તો એમનું જ માનવું છે. જેટલો ભાવ દેહ પ્રત્યે છે તે બધો અને બીજો પણ બાહ્ય વસ્તુઓ પરનો પ્રેમ પલટાવવા જે પુરુષાર્થ *સાત પ્રકારનો કહ્યો તેમાં જ ભાવ કરવાનો છે.

જ્ઞાનીપુરુષનો યોગ થાય તો મન વચન કાયાને તેઓ કેમ વાપરે છે તે જાણવામાં આવે, અને જાણવામાં આવે તો એ પ્રત્યે એને પ્રીતિ થાય. કૃપાળુદેવના હૃદયમાં રહેલી જે વાત હતી તે આ પત્રમાં ખુલ્લી કરીને બતાવી કે મોક્ષે જવું હોય તો આ માર્ગ છે, અમે એમ માન્યું છે. તમારે માનવું હોય તો તમે પણ માનો, એમ કહે છે. જેને જેને મોક્ષમાર્ગ જાણવો હોય તેને માટે આ મોક્ષમાર્ગ છે. જ્ઞાની કહે તે જ મારે કરવું, એવું કરવાનું છે.

કૃપાળુદેવને પ્રભુશ્રીજીનો પત્ર વાંચીને પરાભક્તિનું સ્મરણ થયું. તેથી ઉલ્લાસ થયો. પ્રભુશ્રીજીને કૃપાળુદેવ વગર ગમે નહીં, એવું થઈ ગયું હતું. જે ગુરુ પ્રત્યે ભક્તિ છે તે સદ્‌ગુરુનો આત્મા આપણા જેવો છે. આ જીવની પાસે ધન છે છતાં એને ખબર નથી, તેથી અમને તો નવાઈ લાગે છે એમ કહે છે. પોતાને પોતાનું ભાન નહીં એ કેવી વિચિત્ર વાત છે! કોઈ દારૂ પીને બેઠો હોય, તેને પૂછે કે તું કોણ છે? તો કહે કે ફલાણો છું. કોઈને ભૂત વળગ્યું હોય અને કોઈ પૂછે કે તું કોણ છે? તો કહે કે હું ભૂતડી છું. તેમ આ જીવને પોતાના સ્વરૂપનું ભાન નથી. તેથી બીજું બીજું માને છે. પોતાની મતિએ થાય એવું નથી. મતિ અને વચનથી, એ વસ્તુ પર છે. એથી જીવને ગરજ જાગતી નથી. જેણે એ વસ્તુ જાણી છે, તેની પાસેથી જણાય. આ જીવને અશાંતિ અનંતકાળથી છે, શાંતિ મળી નથી. પણ કોઈ સત્પુરુષ મળે તો ભાન થાય, તેથી સહજે કષાય મંદ થતાં શાંતિ થાય. સમકિતના કારણો એ બધાં કહ્યા છે.

નિરંતર ઉદાસીનતા એટલે એક વખત નહીં, પણ નિરંતર બેસતાં, સૂતાં, ખાતાં, સાંજ, સવાર, બપોર લગાતાર ઉદાસીનતા. ઉદાસીનતા વગર ક્ષણવાર પણ ન રહે, ત્યારે નિરંતર ઉદાસીનતા કહેવાય. માથે મરણ છે અને હું શું કરું છું, એમ વિચારે તો ઉદાસીનતા રહે. મને ક્યાં આનંદ આવે છે, તે તપાસવું. સત્પુરુષોનાં ચરિત્રોનો વિચાર કરવો. સત્પુરુષ શું કરવાથી થયા? શમ, સંવેગાદિ ગુણો પ્રગટ કર્યા, તેથી થયા. દેહભાવ હોય તો સત્પુરુષપણું નથી. સત્પુરુષોની વીતરાગતા મુખમુદ્રામાં જણાય છે. એમાં વૃત્તિ ચોંટે તો એ દશા પ્રાપ્ત થવાનું કારણ થાય. મુખમુદ્રા કરતાં ચઢિયાતી વસ્તુ એ છે કે એઓ મન વચન કાયા કેમ વાપરે છે, એ ઊંડા ઊતરીને વિચારવું. જ્ઞાનીએ જે માન્યું તે જ મને હો, એમ રાખવું. આ સમજીને કૃપાળુદેવે હૃદયમાં રાખ્યું છે. એ જ આપણે કરવા યોગ્ય છે. વિચાર કરે તેને બધું સમજાય. જ્ઞાનીપુરુષનો યોગ થયો ત્યાંથી માંડીને અયોગી થાય ત્યાં સુધીની દશા પ્રાપ્ત થાય એવું આ કહ્યું છે. અરિહંતની વાણી એમ ને એમ સમજાય એવી નથી. પહેલાં ઉદાસીનતા જોઈશે, ભક્તિ જોઈશે. નહીં તો શું સમજાય? ગુરુ વિના જ્ઞાન નથી.

---

* **૧.** નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો; **૨.** સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું; **૩.** સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું; **૪.** સત્પુરુષોનાં લક્ષણનું ચિંતન કરવું; **૫.** સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું; **૬.** તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં; **૭.** તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું.

કૃપાળુદેવ પ્રભુશ્રીજીને લખે છે કે પ્રસંગોપાત્ત પત્ર લખવાનો લક્ષ રાખીશ. જે મુનિઓ હોય તેમની સાથે જ્ઞાનવાર્તા કરતા રહેશો. બીજી આડાઅવળી વાતો નહીં કરતાં જ્ઞાનવાર્તા કરતા રહેશો. અંબાલાલ તમને આ પત્ર સમજાવશે.

આ જ કહેવા માટે અમારે જીવવું છે, એ જ કહેવું છે. સત્પુરુષ પ્રાપ્ત થયે જ એ વસ્તુ આપણને ખ્યાલમાં આવી. આપણને પ્રભુશ્રીજી મળ્યા તો કૃપાળુદેવનું માહાત્મ્ય સમજાયું. સત્સંગ છે તે એનું કારણ છે, પણ ખરું કારણ તો પરમ સત્સંગ છે. પ્રભુશ્રીજીને અંબાલાલનો વિશેષ સમાગમ થયો, તેમ તેમ એમને કૃપાળુદેવ પ્રત્યે વિશેષ શ્રદ્ધા થઈ.

'હું જાણું છું' એ વાક્યનો જુલાબ લેવાનો છે. આપણને જેના ઉપર વિશ્વાસ આવ્યો, તે કહે તેમ કરવું. બધા સત્પુરુષોને એક જ વસ્તુ કહેવી છે.

વીતરાગતાને ન ઓળખે તો સત્પુરુષ પ્રત્યે લૌકિક ભાવ થઈ જાય. સત્પુરુષ પ્રત્યે અલૌકિક ભાવ કરવાનો છે. શુદ્ધાત્મપદ કેમ પમાય, તે આ પત્રથી ખબર પડે. જીવને રહેવાનું એક ઘર છે, એમ પ્રભુશ્રીજી કહેતા. સમભાવ એ એનું ઘર છે, પણ સમજણ હોય તો સમભાવ આવે. એમ ને એમ આવે નહીં.

મુમુક્ષુ– "તેનાં મન વચન કાયાની પ્રત્યેક ચેષ્ટાના અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં." એ શું હશે?

પૂજ્યશ્રી– સત્પુરુષો કેમ વર્તે છે, કેવા ભાવો રાખે છે, તે પ્રત્યે દૃષ્ટિ રાખવી તે કહેવું છે.

મુમુક્ષુ– આ પત્રમાં પરોક્ષ સત્પુરુષ અને પ્રત્યક્ષ સત્પુરુષ એમ બે વાત આવી ને? "સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું" ત્યાંથી માંડીને "તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું." અહીં સુધીમાં પરોક્ષ સત્પુરુષ કારણ છે અને છેવટે કહ્યું કે "એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે." તો સત્પુરુષના પરોક્ષપણામાં જે કરે તેનું ફળ જેવું થવું જોઈએ તેવું ન થાય?

પૂજ્યશ્રી– સત્પુરુષ મળે ત્યારે જ ખરું ફળ થાય છે. આપણે આ બધા સત્સંગ કરીએ અને એક સત્પુરુષનો સત્સંગ એટલે પરમ સત્સંગ હોય તેમાં ઘણો ફેર છે.

મુમુક્ષુ– મેં પ્રભુશ્રીજીને પૂછેલું, પરોક્ષ સત્પુરુષને માનવા કે પ્રત્યક્ષને? ત્યારે પ્રભુશ્રીજીએ કહ્યું, પ્રત્યક્ષ અને પરોક્ષ કોણે ઓળખ્યા છે?

પૂજ્યશ્રી– પરોક્ષ અને પ્રત્યક્ષ સત્પુરુષને હું જાણું છું એ વાક્યનો જુલાબ લેવાનો છે.

[વ૦ ૧૭૬] ૧૦૮ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જે વસ્તુ પોતે ન જાણે તે વસ્તુને અન્યરૂપે કહે એ બહુ શોચનીય છે. આત્મજ્ઞાન થયા પહેલાં પણ બોલવાનું નથી અને થયા પછી પણ બોલવાનું નથી. ઉદય હોય તો બોલે. બોલવું એ આત્માનો ધર્મ નથી. છૂટવાનો લક્ષ હોય તે બંધાય નહીં. રાગદ્વેષ ન કરે. રાગદ્વેષ મંદ

કરવાના પુરુષાર્થમાં હોય છે. છૂટવું જ છે એવી ઇચ્છાવાળા થોડા જીવો છે. મારે છૂટવું છે, અંતર ચોખ્ખું કરવું છે, એવી ઇચ્છાવાળા ઓછા છે.

**"જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય;**
**સુખદુઃખ આવે જીવને, હર્ષ-શોક નવિ થાય."**

હર્ષ-શોક ન થાય તે જ્ઞાન. પોતે પોતાને બંધન કરવું એ અંધાપો કહેવાય છે. જ્ઞાનીનું વચન સાંભળ્યું કે મોઢે કર્યું, પણ કામમાં લાવે ત્યારે થાય. ભૂલી જવાય તે યથાર્થ જ્ઞાન નથી. વસ્તુ યથાર્થ જાણી હોય તો પલટાય નહીં. યથાર્થ જાણે તો મમતા ઓછી થાય. બંધનું ફળ સંસાર થાય છે. મારું મારું કરે તો બંધન થાય. સંસાર જેને દુઃખરૂપ લાગ્યો તે ચક્રવર્તી જેવા પણ છોડીને ચાલ્યા જાય છે.

મુમુક્ષુ– ચરણ એટલે શું?

પૂજ્યશ્રી– ચરણ એટલે પાસે, ચરણ એટલે ચારિત્ર અને ચરણ એટલે આજ્ઞા પણ થાય છે.

જે વીતરાગ છે તેઓ જેને સંસાર ભોગવવો છે તેને પરાણે દીક્ષા આપે નહીં. પરાણે સંસાર છોડાવે નહીં. ઉપદેશ આપે કે સંસાર દુઃખરૂપ છે. પછી એને છૂટવું હોય તો છૂટે. છૂટવાની જેને સાચી ઇચ્છા થાય છે તે પછી જેમ છુટાય તેમ કરે છે; બંધન ન કરે.

કૃપાળુદેવ બે ભાવે વર્તે છે. એક ભાવે તો ઘણા જીવોનું કલ્યાણ થાય તેમ વર્તવું, અને બીજી બાજુ અલખરૂપ થઈ જવું. 'પ્રભુ પ્રભુ લય' કે 'અલખલય' એક જ છે. પરમાર્થ સિવાય કંઈ એમને ગમતું નહોતું. જ્ઞાનીપુરુષની ઇચ્છાએ વર્તવું છે. અંતર્ત્યાગ બધાને પ્રગટે એવી ઇચ્છા કૃપાળુદેવને હતી.

મોક્ષને અર્થે બે સાધનો છે. ભક્તિ અને સત્સંગ. અને તે બેય આ કાળમાં વિદેશ ગયાં છે. જ્યાં જ્ઞાની હોય ત્યાં એ હોય છે. અજ્ઞાની હોય ત્યાં એ હોય નહીં. ભક્તિ અને સત્સંગ મળ્યા વિના છૂટકો નથી. જ્ઞાનીની ભક્તિ, જ્ઞાનીનો સત્સંગ મળ્યા વિના છૂટકો નથી. ઘણા જીવોનું કલ્યાણ થાય એવી ઇચ્છા દરેકે રાખવી. મહાપુરુષ બોધ ન કરે તો પણ એ બોધની મૂર્તિ જ છે.

"જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય." (૪૯૩)

**"કર્મ ઉદય જિનરાજનો, ભવિજન ધર્મ સહાય, પ્રભુજી."** (દે૦ વિ૦ ૩)

ભગવાનને ઉદય હોય તેથી એઓ બોલે તો બીજાને લાભ થાય.

જીવન્મુક્ત એટલે જીવતાં છતાં મુક્ત. એ અરિહંતને માટે વપરાય છે. સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ત્યારે સમ્યક્દૃષ્ટિ કહેવાય. જેને પરાભક્તિ, પરમપ્રેમ પ્રગટ્યો છે તે કેવળજ્ઞાનનું બીજ છે. તેથી એને પણ કારણ હોવાથી જીવન્મુક્ત કહેવાય છે. સત્પુરુષ મળ્યા પછી દેહને પોતાનું સ્વરૂપ માનતો નથી તેથી જીવન્મુક્ત છે.

જીવને માર્ગ ક્યારે મળે ? દીનબંધુની કૃપાથી, સંતના ચરણ સેવવાથી અને ભવસ્થિતિ પરિપક્વ થાય ત્યારે માર્ગ પ્રાપ્ત થાય. દીનબંધુની કૃપા વિના, સંતના ચરણ સેવ્યા વિના અને ભવસ્થિતિ પાક્યા વિના માર્ગ જીવને પ્રાપ્ત થાય નહીં. જ્યારે જીવને સમ્યક્‌દર્શન પ્રાપ્ત થાય છે ત્યારે બધા જોગો મળી આવે છે. સંતના ચરણ સેવવાં એ જીવના હાથમાં છે. સત્સંગની સેવના અને ભાવના કરવી એ પણ એના હાથમાં છે. એટલું કરે તો ભવસ્થિતિ પાકે અને દીનબંધુની કૃપા પણ થાય.

સમ્યક્ત્વ થયા પહેલાં ઉપદેશ કરવા યોગ્ય નથી. મુનિને વ્યાખ્યાન કરવું પડતું હોય તો ઉચ્ચ સ્વરે સ્વાધ્યાય કરું છું, એમ રાખીને કરે. આત્મા ભણી વળવા એ બધાં સાધનો છે. 'હું ઉપદેશ આપું છું' એમ ન કરે. સ્વાધ્યાય એટલે પોતાને યોગ્ય ત્યાગ વૈરાગ્યની વાત ચર્ચવી. તે માટે વ્યાખ્યાન કરવું એમ કૃપાળુદેવે કહ્યું છે. સંસારી જીવો એટલાં લાંબાં કર્મ ન બાંધે, પણ ઉત્સૂત્ર-પ્રરૂપણા કરવાથી ભારે કર્મ બંધાય છે. માટે જ મારે આત્માને મુક્ત કરવો છે એમ જેને હોય તે પારકી પંચાતમાં પડતો નથી. જીવને એમ લાગે કે અહંભાવ, મમત્વભાવ બંધનાં કારણો છે અને પાછો એમાં જ રહ્યા કરે તો છૂટે ક્યારે ? એનું કલ્યાણ ક્યારે થાય ? જ્યાં રાગ-દ્વેષ હોય ત્યાં બંધન થાય, એમ શાસ્ત્રોમાં વાંચ્યું હોય, છતાં શિષ્યો ઉપર રાગ કરે, મોટો મનાવવાની ઇચ્છા કરે તો સમજ્યો શું ? સમજ તો એની પાસે પણ ન જાય. છૂટવાની ભાવના ભલે ચક્રવર્તી પદમાં થઈ હોય, તો પણ જે છૂટ્યા છે તેના પ્રત્યે તેને ભાવના થાય છે.

વીતરાગ કોઈને પરાણે દીક્ષા લેવાનું ન કહે. મુનિ તો ઉપદેશ આપે. એને છૂટવું હોય તો છૂટે; બંધાવું હોય તો બંધાય. એમ ન કહે કે કંઈ વ્રત લીધા વગર કેમ જાય છે ? હું બંધાઉં છું એમ જીવને લાગતું નથી, પણ સારું લાગે છે. રાગનો પાશ એવો છે કે એને ખબર પડે નહીં. જેને છૂટવા ભણી લક્ષ છે, 'છૂટું છૂટું' થાય છે તેને પછી છૂટવાના જ વિચાર આવે છે. જે સત્સંગથી, વાંચનથી છુટાય તે જ કરે છે. ઘણા જીવોને સમ્યક્‌દર્શન પ્રાપ્ત થાય એવી ઇચ્છા કૃપાળુદેવને રહ્યા કરે છે.

આ કાળમાં દુષમ એટલે દુઃખે કરીને ધર્મ પ્રાપ્ત થાય છે. સત્પુરુષ હોય તો સત્પુરુષની ભક્તિ થાય અને સત્સંગ થાય. એ સંપ્રદાયમાં નથી. બાહ્ય વસ્તુમાં આખું જગત તણાય છે.

જ્ઞાનીની દૃષ્ટિ સવળી છે. જડને જડ અને ચેતનને ચેતન જુએ છે. એ અપૂર્વ દૃષ્ટિ છે. આત્મા છે એમ કહ્યું, આ જ આખા દિવસમાં લક્ષ રાખવો કે બધા આત્મા છે. આત્મા જૈન નથી, વૈષ્ણવ નથી. શુદ્ધાત્મા છે એમ જોવું. રોજ એકેકું પદ લઈને અભ્યાસ કરીએ. આત્માને અર્થે વાંચવા, વિચારવાનું છે. જાણનારો છે તે પડ્યો રહે છે. ભલે મને ન દેખાય, પણ જ્ઞાનીએ જાણ્યો છે તેવો મારો આત્મા છે. બીજું બધું ખોટું છે, ભ્રમ છે. વૈરાગ્ય હોય તો જ્ઞાનીનાં વચનો ચોંટે અને આત્મદૃષ્ટિ થઈ જાય. આત્મા ઉપર લક્ષ થાય એ માટે સત્સંગ છે. એ વગર આનંદ નથી. જગત ઠેકાણા વગરનું છે. જગત ક્લેશથી ભરપૂર છે, દુઃખથી ભરેલું છે. અંધારા જેવું, સમુદ્ર જેવું જગત છે. આત્મદૃષ્ટિ સમજાય, સત્પુરુષના આત્માની ચેષ્ટા પ્રત્યે વૃત્તિ રહે, ત્યારે લાગે કે એથી મારું કલ્યાણ થાય છે. આજ્ઞાએ વર્તે તો એને કલ્યાણ બહુ દૂર નથી.

મુમુક્ષુ— રાગ-દ્વેષ ન કરે તો કલ્યાણ થાય ?

પૂજ્યશ્રી– ‘‘તો’’ તેર મણનો તત્તો આડો આવ્યો. રાગ-દ્વેષ ન કરવા એ સહેલું નથી.

સમ્યક્ત્વીને ઉપદેશ દેવાની ઇચ્છા ન થાય. નિષ્કાંક્ષિત નામનો ગુણ એને પ્રગટ થયો છે. ‘ઉપદેશ કરું’ એવા ભાવ કરે તો આવરણ થાય. કોઈ આપણું ભૂંડું કરે તો ખોટું ન લગાડવું, પણ તેનું ભલું થાય એવો વિચાર કરવો.

**[વ૦ ૧૭૮]** (સવારના) **૧૦૯** શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– અસત્સંગ અને આગ્રહ એ બેય ટાળ્યા વિના તો કલ્યાણ થાય નહીં. ગુરુ ઓળખવામાં ભૂલ આવી તો પછી સાધનમાં પણ ભૂલ જ થાય. માટે પ્રભુશ્રીજીએ કહ્યું કે એક કૃપાળુદેવને જ્ઞાની માનજો. ‘આ ય જ્ઞાની, આ ય જ્ઞાની’ એમ કરશો નહીં. કૃપાળુદેવે લખ્યું છે કે ‘‘મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.’’ (૨૫૪) એને ગરજ હોય તો સત્પુરુષ ઓળખાય. મુમુક્ષુતા હોય તો ઓળખાણ થાય.

**[વ૦ ૧૭૯]** (સવારના) **૧૧૦** શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૧, સં. ૨૦૦૯

ભાવના કરતો હોય છતાં બીજી ઇચ્છાઓ થાય તો જાણવું કે ક્ષાયિક ભાવ નથી. ઈર્ષ્યા થાય તો જાણવું કે ક્ષાયિક ભાવ નથી.

**[વ૦ ૧૮૦]** (સવારના) **૧૧૧** શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– મુશ્કેલી આવે ત્યારે વધારે બળવીર્ય ફોરવવું. સારું થયું એમ માનવું. ધર્મની વૃત્તિ રાખવી. પોતાના વર્તનથી કોઈને દુઃખ ન થાય તે સારું વર્તન છે. દુઃખ હોય છતાં દુઃખમાં ન તણાતો હોય, તે પ્રસન્ન રહે છે અને તેને જ્ઞાની વખાણે છે. દૃઢ જ્ઞાન એટલે સમ્યગ્જ્ઞાન. પોતાને લીધે કોઈને દુઃખ ન થાય એવી ભાવના સમ્યગ્દૃષ્ટિને હોય છે. બીજાને દુઃખ ન થાય તેમ વર્તવું.

પોતાના દોષો જોયા છતાં, અનુભવમાં આવ્યા છતાં દોષોને ઢાંકે તો ક્યારે પાર આવે! દોષો દેખીને ઢાંક ઢાંક કરે છે. છ ખંડનું રાજ્ય પણ છોડીને સંતને શરણે જાય છે અને કરપાત્રમાં ભિક્ષા માંગે છે.

**‘‘જગત જીવ હૈ કર્માધીના.’’**

ખરી વસ્તુ આ છે. છૂટવાનો જેને દૃઢ સંકલ્પ થયો હોય, તે બંધનના વિકલ્પો ન કરે. છૂટવાનાં જ કારણો સેવે. બંધાવાનાં કારણોમાં રાજી ન થાય. કૃપાળુદેવને ત્યાગની વૃત્તિ રહ્યા કરે છે. ઉદય ક્યારે પૂરો થશે, એવી ભાવના કરે છે. અત્યારે સત્સંગમાં આપણે બેઠા છીએ, કૃપાળુદેવનાં વચનો સાંભળીએ છીએ, એ વખતે આપણને આઠે કર્મનો ઉદય છે; પણ ઉપયોગ તેમાં નથી. તેથી ઉદયમાં આવી રસ આપ્યા વગર ચાલ્યાં જાય છે. સોભાગભાઈ કૃપાળુદેવને સત્સંગનું સાધન છે.

**[વ૦ ૧૮૦]** (સવારના સભામાં) **૧૧૨** શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જેટલા સમજ્યા તેટલા શમાયા. એ શમાવવાના ક્રમમાં જ પ્રવર્તે છે. એમને દયા આવે તો બીજાને કહે, પણ એમના કહ્યા પ્રમાણે ન કરે તો કંઈ આગ્રહ કરતા નથી, પણ અંતરમાં એમને દયા છે.

'તુંહિ-તુંહિ'નો અનુભવ એટલે એકમેક થઈ જાય—પરાભક્તિ. કૃપાળુદેવને ભાગી જવાની ઇચ્છા રહે છે એટલે શું? મુનિપણાની ભાવના રહે છે કે બહારથી છૂટીને ક્યારે અસંગ થઉં. લોકો એમ સમજે કે ભાગી જવાની એટલે નાસી જવાની ઇચ્છા થાય છે, પણ એવો અર્થ નથી. એટલે જ એમણે લખ્યું કે એનો અર્થ કોઈ જુદો છે.

મોક્ષે જતાં ક્ષેત્ર કંઈ અટકાવે નહીં, કાળ પણ અટકાવે નહીં. કાળ એમ નથી કહેતો કે હું તમને મોક્ષે ન જવા દઉં. ક્ષેત્ર પણ મોક્ષે જતાં અટકાવતું નથી, માત્ર સાધના ભૂલવાળી હોય તે અટકાવે છે. કૃપાળુદેવ ધર્મની મૂર્તિ છે. એમનું હરવું, ફરવું, ખાવું બધું ધર્મરૂપ જ છે. જગતના જીવો પુણ્યની ઇચ્છા કરે છે અને જ્ઞાનીપુરુષો ધર્મની ઇચ્છા કરે છે. પોતાનું બાંધેલું છે તે પોતાને ભોગવવાનું છે, એમ જેને સમજાયું છે તે એમ ન કરે કે આ ક્યાંથી આવ્યું? એમ વિષમભાવ કરતા નથી અને છૂટવાની ઇચ્છા રાખે છે. ભલે દુઃખ આવો, સુખ આવો, આવવું હોય તે આવો એમ એમને રહે છે.

**"આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;**
**બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય."**

અનાદિકાળથી પોતાને પોતાનું ઓળખાણ થયું નથી.

[વ૦ ૧૯૪] ૧૧૩ વિજયવાડા, પોષ સુદ ૬, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— અનંતકાળથી જીવને સાચો માર્ગ હાથ આવ્યો નથી. જો હાથ આવ્યો હોત તો મોક્ષ થાત. દુઃખનું કારણ ભ્રાંતિ છે. મારે શું કરવું છે, શું કરી રહ્યો છું? તેની ખબર નથી. અનાદિકાળથી જીવ ભટક ભટક કરે છે પણ સાચો માર્ગ હાથમાં ન આવ્યો. એનું કારણ શું? જરૂર કંઈ ને કંઈ ભૂલ રહી જાય છે. અત્યંત દુર્લભ એવો મનુષ્ય દેહ મળ્યા છતાં એવી કઈ વસ્તુ રહી જાય છે કે જેથી નિષ્ફળ થયો, એ રોગ ચાલ્યો આવ્યો છે તેનું કારણ શું? (એમ પૂજ્યશ્રીએ બધાને પૂછ્યું.)

મુમુક્ષુ— ભ્રાંતિ છે એ જ રોગ છે.

પૂજ્યશ્રી— ન છુટાય એવા રસ્તામાં જાય છે. બંધના કારણોમાં રુચિ કરે છે અને એનું નામ જ મિથ્યાત્વ છે. આ જ મને દુઃખરૂપ છે એમ લાગ્યું નથી. રાગદ્વેષ પ્રત્યે અભાવ થતો નથી. રાગ થાય છે તેને સારું માને છે. પોતાની મેળે સ્વચ્છંદે વર્તે છે. બહારના સાધનો પોતાથી થાય તે પોતાની મેળે કરે છે.

**"યમ નિયમ સંજમ આપ કિયો,**
**પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો,**
**દૃઢ આસન પદ્મ લગાય દિયો."**

આટલું કર્યું છતાં નિષ્ફળ થયું છે એનું કારણ શું? એ વારંવાર વિચારવું. મૂળ દોષ સમજતો નથી. માર્ગનો નિર્ણય થયો નથી. 'આત્મસિદ્ધિ'માં કહ્યું છે કે—

**“વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;**
**વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય.”**

આત્માર્થી હોય તેને મોક્ષમાર્ગ હાથમાં આવે છે. માર્ગ સહેલો છે. માર્ગ સુખસ્વરૂપ છે, પણ પ્રાપ્તિ દુર્લભ છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ તે આપણું શુદ્ધ સ્વરૂપ છે. સત્‌સ્વરૂપ છે તે ત્રણે કાળમાં રહે એવું છે, તેને કૃપાળુદેવ નમસ્કાર કરે છે. જેઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અપ્રતિબદ્ધ થઈ વર્તે છે, તેના પ્રત્યે અચળ પ્રેમ આવ્યો નથી. એટલે એના જેવો પ્રેમ ક્યાંય ન રહે. એવો પ્રેમ પ્રાપ્ત થયો નથી. સત્પુરુષ પ્રત્યે અચળ પ્રેમ થાય તો તેથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય. જ્ઞાનીપુરુષના યોગે જીવને માર્ગની અપૂર્વતા લાગે, સંસાર પ્રત્યેથી પ્રેમ ઊઠે ત્યારે સત્પુરુષ પ્રત્યે અચળ પ્રેમ થાય. અને એ પ્રેમથી મોક્ષ થાય છે. સાચી પ્રતીતિ આવે ત્યારે મોક્ષ થાય. જીવને સમ્યક્‌પ્રતીતિ આવે અને સત્પુરુષના ચરણારવિંદને સેવે તો તેની દશાને પામે. એક સત્પુરુષ પ્રત્યે જ અચળ પ્રેમ રહે, બીજે જાય નહીં. જગતની વિસ્મૃતિ થઈ સત્‌ના ચરણમાં રહેવાય તો મોક્ષની પ્રાપ્તિ થાય. હું શુદ્ધ સ્વરૂપી છું, એવી ભાવના કરતાં કરતાં જીવ એવો થાય છે. જ્ઞાનીપુરુષનો યોગ, તેના પ્રત્યે પ્રેમ, તેની પ્રતીતિ એથી સમ્યક્ત્વ થાય છે. બધા શાસ્ત્રોનું એ જ કહેવું છે કે જ્યાં ધર્મ કરતા હોઈએ, ત્યાં વૃત્તિ રહે તો કલ્યાણ થાય.

જ્ઞાનીની અપ્રતિબદ્ધ દશા પ્રત્યે પ્રેમ આવશે અને એને માટે એ ઝૂરશે ત્યારે પ્રાપ્ત થશે. જ્ઞાનીનું ઓળખાણ ન થાય ત્યાં સુધી ધર્મ ન થાય. ઉપર ઉપરથી ધર્મ માને છે. જે પ્રકારે એ કામ કરવું છે તે પ્રકારે તે કામ ન થાય તો કામ સફળ ન થાય. ઉપર ઉપરથી કર્યાથી કંઈ ન થાય. મારે છૂટવું જ છે, એવો અંદરથી ભણકાર થશે, ત્યારે થશે. માર્ગ પ્રાપ્ત ન થવાનું કારણ સ્વચ્છંદ છે.

**“રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ”**

અવશ્ય મોક્ષ થાય. એ સ્વચ્છંદ પોતાની મેળે ટળે એમ નથી. પ્રત્યક્ષ સદ્‌ગુરુના યોગથી સ્વચ્છંદ રોકાય છે. મારે છૂટવું જ છે, એવી ભાવના જેણે વર્ધમાન કરી છે તેનું અલ્પકાળમાં કલ્યાણ થશે. છૂટવું છે, છૂટવું જ છે એવી જાગૃતિ આવશે ત્યારે સત્‌પુરુષના યોગે માર્ગની પ્રાપ્તિ થશે. સ્વચ્છંદે જીવે ઘણું કર્યું છે, પણ કરવાનું હતું તે રહી ગયું છે. જે પુરુષો અપ્રતિબદ્ધપણે નિરંતર વર્તે છે તેવા પુરુષોની સમ્યક્‌પ્રતીતિ, એ કર્યું નથી. એ મૂકીને સ્વચ્છંદે વ્રત, પચખાણ વગેરે ઘણું કર્યું છે, પણ કંઈ થયું નહીં. વ્રત, પચખાણ ન કરવાં એમ કહેવું નથી, દૃષ્ટિ અવળી છે તે સુધારવાની છે, પછી બધું સવળું છે.

[૧]ૠષભદેવ ભગવાન પાસે અઠ્ઠાણું પુત્રો ગયા ત્યારે ભગવાન ૠષભદેવજીએ ઉપદેશ આપ્યો કે ‘આ જીવે સ્વચ્છંદે ઘણું કર્યું છે પણ જ્ઞાનીનું કહેલું વચન તે સાંભળ્યું નથી અને તેને રૂડા પ્રકારે ઉઠાવ્યું નથી, જ્ઞાનીપુરુષના વચનને રૂડા પ્રકારે ઉઠાવવું એ જ મુનિપણું, કે સમ્યક્ સામાયિક છે. ભદ્રિક જીવો હતા તેથી તરત ભગવાનનું કહેલું વચન બેસી ગયું. ગુરુની આજ્ઞાને જ્ઞાન કહ્યું છે. જેણે એ વસ્તુ પ્રાપ્ત કરી છે, તેની આજ્ઞાએ વર્તે તો તેવો થાય. જ્ઞાનીપુરુષની આજ્ઞા એ ધર્મ છે અને એ જ તપ છે. જે કંઈ કરે તેમાં લક્ષ એ રાખવો કે જ્ઞાનીની આજ્ઞાએ થાય છે કે નહીં.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રજ્ઞાવબોધ પૃષ્ઠ ૨૮૯ તથા પૃષ્ઠ ૫૯૭ થી ૫૯૯.

સ્વચ્છંદથી તો જીવ અનાદિકાળથી રખડ્યો છે. પોતાને સારું લાગે તે કરે છે.

દવાખાનામાં જાય ત્યારે તો આ જીવ ડૉક્ટર કહે તે પ્રમાણે ચાલે છે. પણ ધર્મના કામમાં સંસારનો નાશ કરનારા એવા જે સદ્ગુરુ, તેના કહ્યા પ્રમાણે ચાલતો નથી. ડૉક્ટર જેમ દર્દીનો રોગ જાણે છે તેમ મારું કલ્યાણ શાથી થાય? એ જ્ઞાની જાણે છે.

જીવને સ્વચ્છંદ અને પ્રતિબંધ એ બે માર્ગ પામવામાં આડાં આવે છે. જ્ઞાનીની આજ્ઞાએ વર્તે તો સ્વચ્છંદ રોકાય. એ સ્વચ્છંદ સિવાય બીજા પ્રતિબંધ ચાર પ્રકારના છે. ૧. લોકસંબંધી બંધન, ૨. સ્વજનકુટુંબ બંધન, ૩. દેહાભિમાનરૂપ બંધન અને ૪. સંકલ્પવિકલ્પરૂપ બંધન. દેહાભિમાનરૂપ બંધન એ બધાં કરતાં અઘરું છે. તેના કરતાં સંકલ્પવિકલ્પરૂપ બંધન રોકવું એ બહુ બહુ મુશ્કેલ છે. મન વશ કરવું એ બહુ દુર્લભ છે. એ વશ કરવા માટે ત્યાગ-વૈરાગ્ય વિશેષ જોઈએ. ઘણા કાળના બોધે એ સમજાય છે અને વશ થાય છે. જ્ઞાનીની અપૂર્વતા લાગે ત્યારે મન ત્યાં રહે. મનને કંઈ ને કંઈ કામ જોઈએ છે. એને વિચારમાં રોકે તો બીજે ન જાય. એને ખોરાક આપીએ તો બીજે ન જાય. માર્ગ એ કહ્યો કે જ્ઞાનીપુરુષનો યોગ, તેની પ્રતીતિ, એ થાય તો ઉપશમભાવ આવે, વીતરાગતા પ્રગટે. એવા પુરુષની ખોજ રાખવી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચારની અનુકૂળતા જોઈએ.

[વ૦ ૧૯૪] ૧૧૪ નાકોડાજી, ફાગણ સુદ ૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાનીપુરુષો કહે છે કે જીવને જન્મમરણ થયા કરે છે. અનંતકાળથી ભટકવાનું કારણ મોક્ષમાર્ગની પ્રાપ્તિ ન થઈ તે છે. દરેક જીવને, કીડીથી ઇન્દ્ર સુધી, બધાને સુખી થવું છે અને દુઃખ મળે છે. વારંવાર વિચારવું કે જીવ કેમ દુઃખી થાય છે. સુખને મૂકી દુઃખનો માર્ગ લે છે. સુખ છે તે જડનો ધર્મ નથી. મિથ્યાત્વને લઈને જીવને મિથ્યા માન્યતા થાય છે. ભાન થવા માટે જેને ભાન થયું છે એવા પુરુષનો સંગ કરવો, તો ભાન થાય. આખો સંસાર વિપરીત માર્ગમાં છે. એ મૂકીને જ્ઞાનીને માર્ગે ચાલે તો સુખ મળે. મોક્ષમાર્ગ સુખનો છે. એ દરેક આરાધી શકે. વિપરીતતામાં યાદ નથી આવતું.

એક ડોશી હતી. તે રોજ કસીદો ભરે અને પછી વેચે. એક દિવસે થોડું બાકી રહી ગયું. દિવસ આથમવા આવ્યો હતો. તે વખતે ડોશી કસીદો ભરવા બેઠી. એવામાં તેના હાથમાંથી સોય પડી ગઈ. બહુ શોધી પણ ન જડી ત્યારે બહાર અજવાળું હતું ત્યાં જઈને શોધવા લાગી. બધાએ પૂછ્યું કે શું શોધો છો? ડોશીએ કહ્યું—સોય ખોવાઈ ગઈ છે તે શોધું છું. બધાએ પૂછ્યું—ક્યાં ખોવાઈ હતી? ડોશીએ કહ્યું—ઘરમાં. બધાએ કહ્યું– ત્યારે બહાર શોધવાથી મળશે? એમ આ જીવ જ્યાં સુખ નથી ત્યાં જડ-પુદ્ગલમાં સુખ શોધે છે. વિપરીતતાને લઈને જ્યાં સુખ નથી ત્યાં શોધે છે. મોક્ષમાર્ગ તો સુખ આપે તેવો છે, પણ પ્રાપ્ત થવો બહુ અઘરો છે. ખરેખર સત્સ્વરૂપ પ્રગટ કર્યું છે એવા આત્માને નમસ્કાર કરીને આ પત્રની શરૂઆત કરી છે.

જીવને માર્ગ નથી મળ્યો, તેનું કારણ એ છે કે સત્સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે એવા પુરુષ પ્રત્યે પ્રેમ

નથી આવ્યો. સત્સ્વરૂપ પ્રાપ્ત કરવું હોય તો ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા પુરુષ પર અચળ પ્રેમ કરવો. સમ્યક્પ્રતીતિ આવી નથી. જ્ઞાનીને સેવે તો જ્ઞાનીની દશાને પામે. જ્ઞાની કહે છે કે અમને પોતાને જ્ઞાનપ્રાપ્તિ એ માર્ગથી થઈ હતી. જ્યારે જીવને માર્ગ મળશે ત્યારે એ જ રસ્તે મળશે. સત્પુરુષનાં ચરણ સેવવાં પડશે. ગમે તેટલો પાપી હોય તો પણ જ્ઞાનીની આજ્ઞા આરાધતાં મોક્ષ થાય છે. જેને મોક્ષે જવું હોય તેણે મોક્ષમાર્ગે વર્તતા એવાનો સંગ કરવો. અનંતકાળથી માર્ગ ન મળ્યો. હું મારા આત્માની ઓળખાણ કરીશ, હું આત્મા પ્રાપ્ત કરીશ, એમ સ્વચ્છંદે કાંઈ ન થાય. જ્ઞાનીની આજ્ઞા આરાધતાં થાય.

**''રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ''**

જે જે જીવો મોક્ષે ગયા છે તે તે સ્વચ્છંદ મૂકીને ગયા છે. સ્વચ્છંદ ટાળવો હોય તેણે ભાવના કરવી કે મારે મોક્ષે જવું છે, એનો વિચાર કરવો. પુરુષાર્થ કર્યા છતાં નિષ્ફળ થયો છે તેનો વિચાર કરવો. સ્વચ્છંદ મૂક્યા વિના છૂટકો નથી. સ્વચ્છંદના નિમિત્તનો ત્યાગ કરવો. મોક્ષમાર્ગના જ વિચાર આવતા હોય; જ્ઞાનીએ સારું શાને માન્યું છે ? તે માને તો મોક્ષ સહેજે થાય. ભાવ અપ્રતિબદ્ધતાથી વિચરે છે એવા પુરુષના ચરણ પ્રત્યે અચળ પ્રેમ ન આવ્યો. સ્વતંત્રપણે શાસ્ત્ર ભણ્યો, જપ તપ કર્યા, તેનાં ફળ મળ્યાં. ઋષભદેવ ભગવાને અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ કર્યો કે રાજપાટ બધું જીવે કર્યું છે, પણ જ્ઞાનીનું વચન સાંભળ્યું નથી અથવા રૂડે પ્રકારે ઉઠાવ્યું નથી, નહીં તો મોક્ષ થાત. સ્વચ્છંદે કર્યું છે તેથી સ્વરૂપપ્રાપ્તિ ન થઈ. અનંત કાળથી જીવે સર્વ કર્યું છે, પણ આજ્ઞા નથી આરાધી. આજ્ઞા આરાધવાથી અનંત જીવો મોક્ષ પામ્યા. બધાય શાસ્ત્રોમાં મુખ્ય કહેવું એ છે કે, ''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા.'' (૭૬) જ્ઞાનીની શોધ કરવાનું કહે છે એ નથી સૂઝતું. જ્ઞાનીની આજ્ઞા આરાધે તો ધર્મ પ્રગટે છે. જ્ઞાનીની આજ્ઞાથી સ્વચ્છંદ ટળે છે. જીવને સ્વચ્છંદ અને પ્રતિબંધ નડે છે. સ્વચ્છંદનો જેણે ત્યાગ કર્યો છે તેણે પ્રતિબંધ ટાળવાનો છે. પહેલું લોકસંબંધી બંધન છે. એટલે લોકો મને શું કહેશે ? એ અનંતાનુબંધીનું મૂળ છે. બીજું સ્વજનકુટુંબ બંધન છે. એથી છૂટે તો પછી દેહાભિમાનરૂપ બંધન છે. એ પણ છૂટે તો પછી સંકલ્પવિકલ્પરૂપ બંધન છે. આથી જીવ બંધાયો છે. તે શાથી ટળે ? તે આ ઉપરથી વિચારો. જ્ઞાનીને પૂછે અને તે કહે તે પ્રમાણે કરે તો શાંતિ અને વીતરાગતા પ્રાપ્ત થાય. જ્ઞાનીની શોધ રાખવી. આપણને આત્માની શાંતિ મળશે એમ જાણીને, જ્ઞાનીની શોધ કરવી. પહેલામાં પહેલી જ્ઞાનીની શોધ કરવાની છે. માર્ગ એ જ છે. જ્ઞાની વિના થાય એમ નથી.

**[વ૦ ૧૯૪]** (સવારના સભામાં) **૧૧૫** શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– માર્ગ શાને કહેતા હશે ? માર્ગ ન મળ્યો, પણ માર્ગ કયો ? અહીં મોક્ષમાર્ગની વાત છે. બીજો માર્ગ કહેવો નથી. બીજા માર્ગ તો આંખે દેખાય પણ જે આંખે દેખાતો નથી તે મોક્ષમાર્ગ છે, તે કહેવાનો છે.

**''બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;<br>સેવે સદ્ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્.''**

પોતાની કલ્પનાએ અનંતકાળ સુધી માથાકૂટ કરે પણ માર્ગ મળે એવો નથી. કારણકે અજાણ્યો છે.

**“વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.”**

આટલું આટલું કર્યા છતાં માર્ગ ન મળ્યો. મારે માર્ગ શોધવો છે, એવું થાય તો માર્ગ શોધે. જ્ઞાની કહે છે કે તને માર્ગ નથી મળ્યો. માર્ગ મળ્યો હોત તો મોક્ષે જતો રહ્યો હોત, અહીં રખડત નહીં. માર્ગ પામેલો માર્ગ પમાડે. જ્ઞાનીપુરુષનો યોગ અને આજ્ઞા આરાધવાની ઇચ્છા, એ બે મળે ત્યારે માર્ગ પમાય. પોતાના સ્વચ્છંદે ચાલ્યે પાર આવે એમ નથી. કૃપાળુદેવે લખ્યું છે કે માર્ગનો પ્રકાશનાર ગૃહસ્થાવસ્થામાં છે. જ્ઞાનીપુરુષોનો યોગ થયા વિના, આજ્ઞા આરાધ્યા વિના માર્ગ મળે એવો નથી. સ્વચ્છંદ રોકવો જોઈએ. જીવ જે ખરો રસ્તો છે તે નથી લેતો અને ખોટે રસ્તે ચાલે છે. આડાઅવળી દેવી-દેવતાઓની પાસે છોકરા માંગે, પૈસા માંગે. તીર્થંકર જેવાને પણ જ્યારે ગૃહસ્થાવસ્થામાં વૈરાગ્ય થાય, ત્યારે થાય કે આટલા વર્ષ મારાં નકામાં ગયાં, મારા જેવો મૂર્ખો કોણ?

“બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા.” (૭૬) બીજું કંઈ જગતમાં શોધવા જેવું નથી. બીજું બધું શોધ, શોધ કર્યું છે, પણ આ શોધ્યું નથી. જ્ઞાનીપુરુષનો યોગ મળ્યો હોય, તો પણ એ મૂકીને જીવ વિષય-કષાયમાં જતો રહે છે.

કૃપાળુદેવની દશા એવી છે કે કંઈ અત્યારે લખી શકાય એવું નથી, પણ કહે છે કે તમારી મનોવૃત્તિ ન દુભાય તે માટે આ પત્ર લખ્યો છે. કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રત્યે પ્રતિબદ્ધતા નથી, રાગભાવ નથી, તે ભાવઅપ્રતિબદ્ધતા છે. અંતરાત્મા થાય તે પોતાનું વિશુદ્ધ સ્વરૂપ છે તેને નમસ્કાર કરે છે. અંતરાત્માને પરમાત્મદશાની ખબર છે તેથી તેને નમસ્કાર કરે છે. અનન્યભાવથી કોઈ ચઢિયાતી વસ્તુ નથી. પરમાત્માથી કોઈ ચઢિયાતી વસ્તુ નથી. સત્સ્વરૂપ પ્રાપ્ત કેમ થાય? તો કે ભાવઅપ્રતિબદ્ધતાથી વિચરે છે એવા સત્પુરુષ પ્રત્યે અચળ પ્રીતિ થાય તો સત્સ્વરૂપ પ્રાપ્ત થાય. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ એ બધા ભાવ સુધારવા માટે છે.

“સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે.” (૭૬) નિશદિન જેને આત્માનો ઉપયોગ હોય તે બીજે ન જાય. જીવને સત્પુરુષ વિના ગમે નહીં અને સમ્યક્પ્રતીતિ થાય તો સત્સ્વરૂપ પ્રાપ્ત થાય છે. સમ્યક્પ્રતીતિ થાય અને અચળ પ્રીતિ થાય, તો પછી સત્પુરુષની દશાને પામે. આ માર્ગ છે. ત્રણે કાળ એ જ માર્ગ છે.

**“એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ.”**

પોતાના અનુભવથી કહે છે કે એથી અમને માર્ગપ્રાપ્તિ થઈ હતી અને તમને પણ એથી જ થશે. પ્રભુશ્રીજીના પત્રમાં કૃપાળુદેવ બધું લખી નાંખતા. જે કંઈ કહેવાનું હોય તે બધું ઠાલવી દેતા. કૃપાળુદેવને સમ્યક્પ્રતીતિ કરાવવી હતી અને પ્રભુશ્રીજીએ તે કર્યું. માર્ગ કહી દીધો, પછી પૂછ્યું કે છૂટવું છે? છૂટવું હોય તો આ માર્ગ છે. બધાં શાસ્ત્રોમાં એ જ માર્ગ કહ્યો છે. તમે સત્પુરુષને શોધો અને ત્યાં પ્રીતિ કરો, પ્રેમ કરો, પ્રતીતિ કરો. પ્રભુશ્રીજી કહેતા કે પ્રેમમાં તો બધું આવી ગયું. જીવને માર્ગ મળ્યો નથી, એનું શું કારણ? તો કે ઉપર કહ્યું તે ન કર્યું, તેથી માર્ગ ન મળ્યો. પોતાની

ઇચ્છાએ વર્તવું છે. પ્રભુશ્રીજી કહેતા કે ખંભાતમાં એક આચાર્યના મુખ્ય શ્રાવક હતા. તેમને બહાર જવું હોય તો આચાર્યને કહે કે મહારાજ આપની આજ્ઞા છે, હું બહાર જઉં છું. પ્રભુશ્રીજી પાસે ઘણા આવીને પૂછે કે આ પત્ર હું શીખું? પ્રભુશ્રીજી કહે, ના.

**“રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ.”**

સ્વચ્છંદ જાય તો જરૂર મોક્ષ થાય. જ્ઞાનીપુરુષની આજ્ઞા તો મોક્ષ માટે જ હોય છે. હું આંધળો છું. મને માર્ગ કેમ પ્રાપ્ત થશે? એમ વિચાર કરવો. માર્ગ જાણ્યો હોય તો આ જ માર્ગ છે એમ દૃઢ કરે. એ માર્ગ ન મળ્યો હોય તો એનો વિચાર, ભાવના કરે, પણ ખોટાને ન માને. માર્ગ સત્પુરુષથી છે. તે પડી મૂકી કોઈ અજ્ઞાનીના કહેવાથી તે પ્રમાણે વર્તે છે. અવળો રસ્તો હાથમાં આવ્યો છે. સત્પુરુષથી માર્ગ છે. તે પડી મૂકી પોતાની મેળે કર્યું છે. સત્પુરુષ મળે, તેમનાં વચનો મળે અને તેની આરાધના કરે તો માર્ગની પ્રાપ્તિ થાય. સ્વચ્છંદ જીવને આડો આવે છે. સ્વચ્છંદ હોય તેથી બધું કરેલું વ્યર્થ થાય છે. જીવે કરવામાં બાકી રાખ્યું નથી, પણ સ્વચ્છંદે કર્યું છે. જો સમ્યક્પ્રતીતિ આવે તો આ જ માર્ગ છે એમ એને નિશ્ચય થઈ જાય. જો આજ્ઞા આરાધવા જાય તો ઘણા સંકલ્પ-વિકલ્પો, કુસંગ, પાપ રોકાઈ જાય, પણ આજ્ઞાનું માહાત્મ્ય લાગવું જોઈએ.

મુમુક્ષુ– સ્વચ્છંદ એટલે શું?

પૂજ્યશ્રી– પોતાને ગમે તેમ વર્તે. જ્ઞાનીને ગમે તેમ ન વર્તે. પોતાને ફાવે તેમ વર્તે તે સ્વચ્છંદ છે. પોતાની ઇચ્છા આગળ કરે છે. જ્ઞાનીને તો એ જ કઢાવવું છે. તારી સમજણ ઉપર મૂક મીંડું અને તાણ ચોકડી. જ્ઞાની કહે કે તું દેહ નથી, પણ આત્મા છે, પણ એ માને નહીં. પોતાને ફાવે તે માને. એ સ્વચ્છંદ જ કહેવાય ને? બીજું શું કહેવાય?

અપ્રતિબદ્ધપણે વિચરે છે એવા સત્પુરુષનો યોગ હોય તો જ જીવને માર્ગ મળે. એ સત્પુરુષ પ્રત્યે અચળ પ્રેમ, સમ્યક્પ્રતીતિ આવે તો એ જ એની આંખ આગળ ખડા રહે. એવા જ થવું છે, એ લક્ષ જેનો થયો, તો પછી એના જેવો થાય. સત્પુરુષની અચળ પ્રતીતિ અને તે પ્રત્યે અચળ પ્રીતિ એ બે થાય, તો પછી એની આંખની આગળ એ જ ઊભા રહે, કે આ જ્ઞાનીપુરુષમાં તો લૌકિક ભાવ, સંકલ્પ-વિકલ્પ કંઈ છે નહીં. સ્વચ્છંદે વર્તવું નથી, એમ જેને થયું તેને પણ લોકસંબંધી, સ્વજનકુટુંબસંબંધી, દેહાભિમાનસંબંધી અને સંકલ્પવિકલ્પસંબંધી બંધનો નડે છે. તો હવે શું કરવું? તો કે આ પત્ર વિચારી શોધો. પછી અમને પૂછજો. એમ ને એમ માની ન બેસશો.

મુમુક્ષુ– ઉપશમનો અર્થ શો હશે?

પૂજ્યશ્રી– જીવમાં વીતરાગતા આવે, કષાય મંદ થાય તે. જેમ જેમ કષાય મંદ થાય તેમ તેમ વીતરાગતા આવતી જાય. જેની આજ્ઞા આરાધવાથી ઉપશમભાવ આવે તેવા પુરુષની ખોજ કરજો. દર્શનમોહ દૂર કરવા આજ્ઞાની જરૂર છે અને ચારિત્રમોહ દૂર કરવા ઉપશમભાવ જોઈએ.

**“કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;**
**હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ.”**

[વ૰ ૧૯૫] ૧૧૬ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જીવને બાહ્ય જગતનું માહાત્મ્ય લાગે છે, પણ આત્માની શી વલે થશે, એવો વિચાર નથી આવતો, તેવો મોહાધીન છે. જીવને જ્ઞાનીપુરુષોની ઓળખાણ થવી દુર્લભ છે. મહાપુરુષો બહુ ગંભીર હોય છે. મોક્ષ મારે જોઈએ છે એવી જિજ્ઞાસા જાગી હોય તેણે નીચેનો વિચાર કરવો.

સંસારના વિચાર કરું છું, પણ જન્મ-મરણ, જન્મ-મરણ થયા કરે છે, એનો પાર શું કરું તો આવે? એ વિચાર કરવાનો છે. એને માટે ઝૂરવાનું છે. જેને માર્ગની ઇચ્છા ઉત્પન્ન થઈ છે; જે સંસારથી કંટાળ્યો છે; તેને પહેલો વિચાર એ કરવાનો છે. બીજા બધા વિકલ્પો દૂર કરી એની પાછળ પડવાનું છે. અહંકાર કરવા જેવું જીવે કંઈ કર્યું નથી. અનંતકાળથી પરિભ્રમણ કરે છે. અનંતકાળની ભૂલ કાઢવી હોય તો વિચાર કરવો પડે. ''કર વિચાર તો પામ.'' બધા વિકલ્પો મૂકીને વિચાર કરવાનો છે. પરિભ્રમણથી નિવૃત્તિ કેમ થતી નથી અને તે કેમ થાય? તે વિચારવાનું છે. પરિભ્રમણ થાય છે તે ટાળવાનો ખરો ઉપાય વિચાર છે, તે જીવ નથી કરતો. કેવી ભૂલથી આ સંસાર ઊભો થયો છે, અને તે શાથી ટળે? બધા વિકલ્પો મૂકીને પહેલો વિચાર એનો કરવાનો છે. એ વિચાર કર્યા વિના કઈ દિશામાં માર્ગ છે, તેની પણ ખબર ન પડે. ''અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી? અને તે શું કરવાથી થાય?'' એનો ઉત્તર મળે તો પછી બીજું જે જાણવું હોય તે જણાય છે.

**''વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.''**

પણ ભૂલ રહી ગઈ છે.

[વ૰ ૧૯૫] ૧૧૭ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આત્મસ્વરૂપ જેવું જ્ઞાનીએ જાણ્યું તેથી ભિન્ન મારું સ્વરૂપ નથી, તેવું જ સ્વરૂપ છે. એ સ્વરૂપમાં જ ભક્તિ કરવી છે, એના જેવા ભાવ બીજામાં રાખવા નહીં તે અનન્ય ભક્તિ છે. જેને મોક્ષમાર્ગની ઇચ્છા થઈ છે તેને બધા વિકલ્પો મૂકીને આ એક વિકલ્પની આજ્ઞા આપી છે. અનંતકાળથી પરિભ્રમણ કરે છે. તેનું શું કારણ? અનંતકાળમાં અનંતભવમાં મનુષ્યભવ પણ મળ્યા.

**''વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.''**

**''સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય.''**

એની (પરિભ્રમણની) નિવૃત્તિ કાં થઈ નહીં? પરિભ્રમણ દૂર કેમ થાય? અનંતકાળનું પરિભ્રમણ શું કરવાથી દૂર થાય? એ વિચાર ફરી ફરી કરવો. એ મારે જાણવું છે. એ વિકલ્પ ફરી ફરી કરવો. થોડીક વાર થાય અને આ વિકલ્પ આવીને ઊભો રહે કે શું કરવાથી પાર આવે? એ વિચાર કરતાં પાર આવે, પણ એના વિચાર જ નથી આવતા. જન્મ જરા મરણ રોગ જેવાં છે. એમાં ને એમાં કાળ ગાળ્યો છે, છતાં નિવૃત્તિ કેમ થતી નથી? શામાં દોષ રહી જાય છે? સાધનમાં કે જીવમાં?

**''અબ ક્યૌં ન બિચારત હૈ મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં?**
**બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે?''**

સદ્‌ગુરુ મળ્યા નથી. જીવનું કલ્યાણ કેમ થાય, એ જ્ઞાનીના લક્ષમાં હોય છે. જ્ઞાની જાણે છે એ મારે જાણવું છે.

[વ૦ ૧૯૬] ૧૧૮ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– 'મૂળમાર્ગ'માં કહ્યું છે કે–

**"એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ; મૂળ૦**
**ઉપદેશ સદ્‌ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ. મૂળ૦"**

બોધ પરિણામ નથી પામતો તેનાં બે કારણ છે. એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ. મોટામાં મોટો દોષ સ્વચ્છંદ છે. એ જાય તો પ્રતિબંધ જાય. જેને છૂટવું હોય તેને રસ્તો છે. સંસારની વાસના રહી છે તેનું કારણ સ્વચ્છંદ છે. પોતાના દોષ જોવાની ટેવ પાડવી. પોતે શુદ્ધ થયા વિના બીજાને લાભ ન થાય. સ્વચ્છંદ સત્પુરુષથી ઓળખાય છે.

[વ૦ ૧૯૮] ૧૧૯ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જીવની યોગ્યતા વધે તેવી વિચારણા કરવી. યોગ્યતા સત્સંગથી આવે છે. કામ-ભોગની ઇચ્છા રોકી, સ્વચ્છંદ રોકી, વૈરાગ્ય સહિત સત્સંગ કરે તો યોગ્યતા આવે. ઘણુંયે ખાધું, ઘણુંયે પીધું પણ આત્માનું કલ્યાણ થયું નહીં. સત્સંગ એટલે સમવય અને સમગુણી પુરુષો હોય, ત્યાં જેણે આત્મા જાણ્યો છે એવા પુરુષોનાં કહેલાં શાસ્ત્રો વાંચવા, વિચારવાં તે. અનંતકાળથી પરિભ્રમણ થતાં છતાં, તેની નિવૃત્તિ જેણે આત્મા જાણ્યો છે તેવા પુરુષ વિના ન થાય. અનંતવાર જિનદીક્ષા, અનંતવાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર સત્ મળ્યા નથી, સત્ સુણ્યું નથી અને સત્ શ્રધ્યું નથી. સત્પુરુષ મળે, તેનાં વચનો સાંભળે અને તેની શ્રદ્ધા થાય તો પરિભ્રમણથી છુટાય. જેણે આત્મા જાણ્યો છે તેવા પુરુષોના આશ્રયે જ છુટાય છે. આ વિષમ કાળ છે. હીન પુણ્યવાળા જીવો ઘણાં છે. સાચી વસ્તુ ગમવી બહુ મુશ્કેલ છે. આ જીવે શું કર્યું અને શું નથી કર્યું? તે વિચારવાનું છે. આ મનુષ્યભવ મળ્યો છે, માટે વખત નકામો ન જવા દેવો. જ્ઞાનીની આજ્ઞા સિવાય બીજી ઇચ્છા કરવી નહીં. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં વૃત્તિ ન જવા માટે અને પાત્રતા આવવા માટે સત્સંગ કરવો. કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ ન રાખવો. મોક્ષ સિવાય બીજી ઇચ્છા ન રાખવી. જે કરવા જેવું છે તે જીવે જાણ્યું નથી.

**'ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ."**

જ્યાં સુધી ઉદાસીનતા ન આવે ત્યાં સુધી જંપવા જેવું નથી. યોગ્યતા માટે બ્રહ્મચર્ય ને સત્સંગ બળવાન સાધન છે. જ્ઞાનીની આજ્ઞા મળી હોય તેમાં વિઘ્ન કરે તે અસત્સંગ છે. ક્રોધાદિ ચાર કષાય છે તે અસત્સંગ છે. જે જે જ્ઞાનીની આજ્ઞામાં વિઘ્ન કરનારા છે તે તે બધા અસત્સંગ છે.

મિથ્યા ધર્મવાસના, પાંચ ઇન્દ્રિયના વિષયો અને કષાયોમાં વૃત્તિ ન જવા દેવી. ઠેકાણે ઠેકાણે જીવે પ્રેમ વેરી નાંખ્યો છે. તે બધેથી ઉઠાવી અસંગ થવાનું છે.

[વ૦ ૧૯૮] (સવારના સભામાં) ૧૨૦ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૪, ૨૦૦૯

પૂજ્યશ્રી– સત્પુરુષનો યોગ થયો હોય તો યોગ્યતા વધે તેવું કરવાનું છે. જેટલી યોગ્યતા હોય તેટલું ગ્રહણ કરી શકે, માટે યોગ્યતા વધે તેમ કરવું. હું દેહ છું, એમ જ્યાં સુધી હોય ત્યાં સુધી વિષય-કષાય ફરી વળે છે. એ મંદ પડ્યા વિના સંસારી ભાવ ઘટે એમ નથી. એ હોય તો સત્સંગ પણ સફળ ન થાય, માટે એ ભાવ છોડીને સત્સંગ કરવાનો છે.

મોક્ષની જ જેની ઇચ્છા છે એવો મુમુક્ષુ હોય તે સત્સંગમાં પોતાનું દિલ ખોલે છે. સત્સંગમાં પોતાને પોતાના દોષો જોવાના મળે છે. બીજાના ગુણો પણ જોવાના મળે. સત્સંગમાં જ્ઞાનીપુરુષનાં ચરિત્રોનો, વચનોનો વિચાર થાય તો એ સત્સંગ સફળ છે. સત્પુરુષ સજીવન છે. બીજા બધા મડદા જેવા છે. જ્ઞાનીપુરુષ આવે તો પોતાની કલ્પના ખસી જાય. જ્ઞાની વગર પોતાની કલ્પના આગળ થાય છે.

"અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે." (૧૬૬) લક્ષ વગર બધું કર્યું.

" 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રધ્યું નથી." (૧૬૬) એ રહી ગયું. કલ્પનામાં ભરાઈ જાય છે. જ્ઞાનીનો આપણા ઉપર અનંત ઉપકાર છે. એ ભૂલી ગયો તો સત્સંગ પણ નકામો જાય. જે કંઈ અત્યારે સાંભળીએ છીએ, વિચારીએ છીએ, સમજીએ છીએ તે બધો જ્ઞાનીપુરુષનો ઉપકાર છે.

પ્રભુશ્રીજીના બોધમાં આવ્યું હતું કે સાધુ થયા હોય, ચારિત્ર પાળતા હોય, બીજાને ઉપદેશ આપતા હોય પણ મનમાં બીજું હોય અને ઉપરથી બીજું હોય. બીજાને સારું દેખાડવા કરે. સાધુ હોય નહીં અને સાધુપણું બતાવે તે માયાશલ્ય છે. ઠેકાણે ઠેકાણે ધર્મો છે, શાસ્ત્રો છે, પણ સત્ નથી.

જંબૂદ્વીપ, ધાતકીખંડની વાતો કરીએ તે આપણને બહુ હિતકારી નથી, પણ આપણે શું કરવું, એ વિચારવું તે વધારે હિતકારી છે.

પોતાને જેનાથી લાભ થયો હોય તે વાત બીજાને કહેવાનું મન થાય, પણ કૃપાળુદેવ કહે છે કે તમે અમને, અમે જ્યાં સુધી ગૃહસ્થ અવસ્થામાં છીએ ત્યાં સુધી, કોઈ પણ પ્રકારે પ્રગટ કરશો નહીં. કોઈ સત્પુરુષને શોધો એમ કહેવું, પણ આ સત્પુરુષ છે એમ તમારે ન કહેવું. પોતાનું કરવાનું ઘણું છે. વિષયવાસના કાઢવી એ પહેલું કરવાનું છે. પ્રિય કરવા જેવું જીવે જાણ્યું નથી, તો પ્રિય કરે તો ક્યાંથી? અમે ધર્મ કરીએ છીએ, અમે ધર્મ કરીએ છીએ, પણ હોય મિથ્યા ધર્મવાસના. એ શોધી શોધીને બધા દોષ દૂર કરવા. પાંચ ઇંદ્રિયના વિષયો શત્રુ છે તેને કાઢવા. પાંચ ઇંદ્રિયો છે તે પુદ્ગલને બતાવનાર છે.

**"પુદ્ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત."** (દેવ૦ ૪)

કોઈની સાથે પ્રતિબંધ કરવા જેવું નથી. અસંગ અને અપ્રતિબદ્ધ થવાનું છે. સત્પુરુષ વગર

એવું કોણ કહે? બીજા તો વખાણ કરે. ‘હું કંઈ નથી જાણતો’ એમ કરવાનું છે, એમ સત્પુરુષ વિના કોણ કહે?

પ્રભુશ્રીજીને કૃપાળુદેવ કહે છે કે તમારે આ પત્ર કોઈ મુમુક્ષુ આવે તો વંચાવવો. યોગ્યતા વધારવા માટે પ્રથમ બ્રહ્મચર્ય સાધન છે. અસત્સંગથી છૂટવું અને બ્રહ્મચર્યમાં રહેવું. સંસારમાં છે ત્યાં સુધી સંગ તો હોય. સંગના બે ભેદ. એક સત્સંગ અને બીજો કુસંગ. આત્મા ભણી વાળે તે સત્સંગ છે અને તેથી વિપરીત અસત્સંગ છે. મુખ્યપણે આપણને જે સત્પુરુષની શ્રદ્ધા થઈ તે છોડાવી દે તે મોટો કુસંગ છે.

સંસાર એ અનંત કુસંગરૂપ છે. કુટુંબનાં કાર્યો કરવામાં જે સત્પુરુષનું કહેલું છે તે ગૌણ થઈ જાય છે, તેથી એ એને ખાળે છે. એ પણ કુસંગ છે. પછી કુશાસ્ત્ર છે તે પણ અસત્સંગ છે. મોટો અસત્સંગ તો ક્રોધ, માન, માયા, લોભ એ છે. એ હૃદયમાં રહે છે અને વિપરીતતા કરાવે છે.

**[વ૦ ૧૯૯]** (સવારના સભામાં) **૧૨૧** શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– શાસ્ત્ર વાંચવું હોય ત્યારે પાંચ ઇંદ્રિયોના વિષયોની નિવૃત્તિ જોઈએ. નિવૃત્તિની જરૂર છે. વાંચવાનું ન બને તો મારે બીજા કશા વિચાર કરવા નથી. જ્ઞાનીએ જે સ્મરણ કરવાનું કહ્યું છે, વિચારવાનું કહ્યું છે તે કરું. એમ એકાંતમાં બેસી વિચાર કરવો. ઉપાધિમાં પ્રવર્તવું પડતું હોય તો મારે આ છોડવું છે એમ રાખવું. આ મનુષ્યભવમાં મિથ્યાત્વમાંથી સમકિત થઈ શકે છે, ચારિત્રમોહ ક્ષય થઈ શકે છે, તેમાં પણ જો આડાઅવળી ઉપાધિમાં પડે તો ક્યારે પાર આવે?

જ્ઞાનીની શિખામણ પ્રમાણે વર્તવાનો લક્ષ રાખતો હોય તે શિષ્ય છે. બીજા ભવ નકામા ગયા એવો આ મનુષ્યભવ નકામો ન જાય, એ લક્ષ રાખ. ફરી આવો જોગ દુર્લભ છે. મનુષ્યભવ, શ્રાવકકુળ, સત્શાસ્ત્રનો જોગ તે ફરી મળવા દુર્લભ છે. નિવૃત્તિમાં આનંદ આવે, એ વગર ગમે નહીં તો પછી વખત કાઢે. નિવૃત્તિનો અભ્યાસ ન કરે તો પ્રવૃત્તિ ન મટે. પ્રભુશ્રીજી કહેતા કે સાધુપણું તો આવશે ત્યારે, પણ બે ત્રણ મહિના સત્સંગ કરશે તેટલો તો કામ આવશે. બીજું બધું છોડી સત્સંગને સાધે છે, તો એટલું તો સાધકપણું કહેવાય ને! નિવૃત્તિ જીવને ગમતી નથી. ઘણા એમ કહે છે કે આખો દિવસ આ શું ભક્તિ કરે છે!

મિથ્યા વાસના છોડવાની પહેલાં જરૂર છે. જાત્રાએ જાય ત્યારે બાધા રાખે, ધન મળો એમ ઇચ્છે છે. મોક્ષ મળે, માટે ધર્મ કરું, એમ કરીને ધર્મ કરનારા તો થોડાક હોય છે, પણ સાધુપણાથી દેવલોક મળશે એવી ઇચ્છાથી તો ઘણાં ધર્મ કરે છે. બગલો હોય તે પાણીમાં એક પગ ઊંચો રાખી ઊભો રહે છે, માછલું આવે કે તરત પકડે, એમ જીવો ધર્મના નામે મિથ્યા વાસનાઓ પોષે છે.

“સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં.”

“મરણના મુખ આગળે, અશરણ આ સૌ લોક;
કાં ચેતી લે ના ચતુર! મૂકવી પડશે પોક.”

[વ૦ ૨૦૦] ૧૨૨ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૪, ૨૦૦૯

પૂજ્યશ્રી– આ વચનાવલી છે તે કૃપાળુદેવે સોભાગભાઈને લખી છે. સોભાગભાઈએ તેમના દીકરા મણિલાલ માટે લખી આપવા માંગણી કરી હતી. ત્યારે કૃપાળુદેવે આ નાનાં નાનાં વાક્યો લખી આપ્યાં.

જે કૂવામાં પાણી નથી ત્યાં કોસ જોડે, પંપ મૂકે તો ત્યાં પાણી ક્યાંથી નીકળે? તેમ જીવો પાણી વગરના કૂવા જેવા સાધુઓની પાછળ જાય છે. અમારા સાધુ છે ને? એમ કરે છે. એ અનંતાનુબંધી છે. અજ્ઞાનીનો આશ્રય ન છોડે તો જ્ઞાનીને શોધે ય ક્યાંથી? બે ય મોહી છે. બેયને છૂટવું નથી.

''શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.''

પ્રભુશ્રીજીના વખતમાં આ વંચાતું હતું, તે વખતે ઉપરનું વાક્ય આવ્યું ત્યારે પ્રભુશ્રીજીએ કહ્યું હતું કે 'આવું ઉઘાડું ફૂલ જેવું કહ્યું, એ પણ ન સમજાય તો અગિયારમું અચ્છેરું છે.'

[વ૦ ૨૦૫] (સવારના સભામાં) ૧૨૩ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૭, સં. ૨૦૦૯

માત્ર દૃષ્ટિની ભૂલ છે. જ્યાં આત્મા છે ત્યાં જ મોક્ષ. ''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.'' શુદ્ધતા હોય તો અહીં જ મોક્ષ છે. ત્યાં જાઓ કે અહીં રહો, ગમે ત્યાં એને મોક્ષ જ છે. દેહ છતાં મોક્ષ એને લાગે. દેહ છતાં નિર્વાણ છે.

જગત છે તે કંઈ એકલો આત્મા જ છે, એમ નથી. માયાસ્વરૂપ છે ત્યાં સુધી જોઈને પગલું મૂકવાનું છે. સમકિત ગયું તો પછી ખસતાં ખસતાં ક્યાં જાય? કશું કહેવાય નહીં.

મુમુક્ષુ– માયાપૂર્વક દર્શન એટલે શું?

પૂજ્યશ્રી– એ પરમાત્મા પરમાત્મા કહે, પણ માયા હોય પાછી એમાં. જ્ઞાની સાચા હોય, પણ એમની જ પાસે માયા માંગે પાછી. જગત તો એવું જ છે. પરમાત્માનાં દર્શન કરે, પણ માયા છોડે નહીં.

સત્સંગનું ફળ છે તે અસંગતા છે. આસ્રવમાં જ્ઞાનીને સંવર થાય છે.

[વ૦ ૨૦૭] ૧૨૪ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આપણે બોલતી વખતે સાવચેતી રાખવાની જરૂર છે. પ્રમાદી જીવો છે અને તેઓને કહીએ કે તમે ક્રિયા કરો છો તે બરાબર નથી, તેથી જીવ પ્રમાદી હોવાથી ક્રિયા કરવી પણ મૂકી દે છે.

સાધુનો સમાગમ હોય કે શ્રાવકનો હોય, પણ વૈરાગ્યની વાત થાય તો બધાને લાભ થાય. વૈરાગ્યની વાત હોય તો બધાને ગમે. વૈરાગ્યની વાત બીજા બધા દર્શનવાળાઓને પણ ગમે.

પ્રશ્ન—વૈતાલીય અધ્યયન શામાં છે ?

પૂજ્યશ્રી– સૂત્રકૃતાંગમાં અધ્યયન બીજું છે. મનુષ્યભવ દુર્લભ છે, તે ફરી ફરી મળતો નથી,

માટે પ્રમાદ છોડી મોક્ષ માટે ત્વરાથી પુરુષાર્થ કરવો, આયુષ્ય સંધાય એવું નથી, શરીર આદિ બધું અસત્ય છે, એવી એવી વૈરાગ્યની વાતો એમાં આવે છે. (જુઓ પ્રજ્ઞાવબોધ પુષ્પ ૫૪)

સંદેહ એટલે શાને આત્મા કહેતા હશે? એ સંદેહ છે. સમ્યગ્દર્શન થાય ત્યારે સંદેહ જાય. સંદેહ નીકળી જાય એવું કરવાનું છે. સમ્યગ્દર્શન થયા પછી દેવ આવીને કહે કે આત્મા નથી, તોપણ તે ન ફરે. એ સંદેહ મટી જાય એવી એવી વાતો કરવી. બીજા વિચારો આવે, પણ સંદેહ કેમ જાય, એવા વિચાર આવતા નથી.

ગૌતમસ્વામી સર્વજ્ઞ જેવા કહેવાતા, પણ પહેલાં મનમાં આત્મા હશે કે નહીં? એવો સંદેહ રહેતો હતો. એ ભગવાન મળ્યા પહેલાંની વાત છે.

કોઈ એક વખતે, પ્રભુશ્રીજી ગૃહસ્થને સત્પુરુષ માને છે એવી પ્રસિદ્ધિ થઈ. પછી એક મોટા સાધુ પ્રભુશ્રીજીને મળ્યા, ત્યારે પ્રભુશ્રીજીએ કૃપાળુદેવના પત્રો તેને બતાવ્યા. તેને લાગ્યું કે આ તો સારું છે, એ જ કરવાનું છે. આ લખનાર કોઈ જ્ઞાની છે એમ લાગ્યું.

પુસ્તકો ભણવાં સારાં લાગે છે, પણ આ પાંચ ઇન્દ્રિયના વિષયો ઉપર મીંડું મૂકવું બહુ અઘરું છે. એથી છૂટવું અને સ્મરણમય થઈ જવું. 'હું કંઈ જાણતો નથી' એ કરવાનું છે. અનાદિકાળથી જીવ કરી રહ્યો છે તે સ્વચ્છંદ છે. અનાદિથી પાંચ ઇન્દ્રિયના વિષયોમાં પ્રવર્તે છે તે બધો સ્વચ્છંદ છે. એ જો મુકાય તો ''રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ.'' મોક્ષ થાય. એ સ્વચ્છંદ મૂકવાનો છે. લૌકિક વાતોની અંદર જીવ ડૂબી ગયો છે. એ લૌકિક વાતો ભૂલી જાય, વમી જાય તો અલૌકિક વાતમાં સ્વાદ આવે. અલૌકિક દૃષ્ટિ કરવાનું કહે છે.

એક એક વસ્તુમાં અનંત ધર્મો છે. એથી સત્પુરુષો ખેંચતાણ કરતા નથી.

**[વ૰ ૨૦૯]** (સવારના સભામાં) **૧૨૫** શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ઘણા પત્રોમાં કૃપાળુદેવ જુદા જુદા શબ્દો વાપરે છે. તે શબ્દો કયા કયા અર્થમાં વપરાય છે? તે પૂછ્યું હશે, તેનો ઉત્તર કૃપાળુદેવ લખે છે. જેમને અનુભવ થયો છે, તેનો તેમને લક્ષ હોય છે. તે લક્ષ સહિત જુદા જુદા શબ્દો કહે છે. જેને વસ્તુની ઓળખાણ થઈ છે, તે તેનો લક્ષ રાખીને જુદા જુદા શબ્દો કહે છે.

**[વ૰ ૨૧૦]** **૧૨૬** શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જ્યાં જોઈએ ત્યાં પરમાનંદ દેખાય છે.

ગમે તેવો માણસ હોય, પણ પરમેશ્વરને માનતો હોય તેના અમે દાસ જ છીએ.

પ્રભુશ્રીજીના બોધમાં આવે છે કે આ જીવ જે જુએ છે, તે કશું જોવા જેવું નથી. જ્ઞાનીપુરુષો પહેલાં મારી જ નાંખે છે અને ફરીથી જીવતા કરે છે. જે દૃષ્ટિ છે તે મૂકી, જાણે હવે નવા જ જન્મ્યા હતા એવું કરવાની જરૂર છે. અનાદિકાળથી પાંચ ઇંદ્રિયો જીવને વળગી છે તે પુદ્ગલ છે. એ પુદ્ગલની રમત છે તે બધી મૂકી દેવાની છે.

**"પુદ્ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત."** (દેવ૦ ૪)

જ્ઞાનીપુરુષ જ્યાં દૃષ્ટિ કરાવે ત્યાં કરવાની છે. અનાદિકાળથી પાંચ ઇંદ્રિયના વિષયોમાં પડ્યો છે. એ બધું પુદ્ગલ છે. સૂંઘવું, સાંભળવું, ચાખવું, દેખવું, સ્પર્શવું, બધી પુદ્ગલની રમત છે. એમાંથી પાછા હઠવાનું છે. કોઈ કૂવામાં પડ્યો હોય અને કંઈ સાધન હાથમાં ન આવે તો મરી જ ગયો છું એમ થાય છે. એવી જ રીતે 'હું મરી જ ગયો છું' એમ કરી, જ્ઞાની કહે તે પકડી હરતાં ફરતાં એ જ એક યાદ આવે એવું કરવાનું છે.

[વ૦ ૨૧૧] ૧૨૭ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– મહાપુરુષમાં અપૂર્વતા ન આવે ત્યાં સુધી જીવને પોતાના સ્વરૂપનું ભાન થાય નહીં. અપૂર્વતા એ ઉલ્લાસનું કારણ છે. હું કંઈ જાણતો નથી, મહાપુરુષોના યોગે મારું કલ્યાણ થશે, એવી ભાવના રાખવી. ભક્તિ એટલે મહાપુરુષોના ગુણોનું ચિંતવન. મહાપુરુષ પ્રત્યે અપૂર્વતા કેમ નથી આવતી? તો કે 'હું સમજું છું, જાણું છું' એ આડું આવે છે અને સામાન્ય કરી નાંખે છે. મોહ આડો આવે છે તેથી જે 'સત્' પાસે છે તે દૂર લાગે છે. એ મોહનો પ્રભાવ છે. જ્ઞાનીને 'સત્' તો પાસે જ લાગે છે પણ જીવને મોહ છે તેથી એમ લાગે છે કે ક્યાં છે? ક્યારે પ્રાપ્ત થશે? પણ ઘરમાં ધન દાટ્યું છે તેનું ભાન નથી. આત્મા અનંત સુખનું ધામ છે.

તેમ છતાં જીવ પુદ્ગલને ગ્રહી તેમાં સુખ માને છે, પણ સુખ બીજામાં નથી. સુખ તો પોતાની પાસે જ છે. બધો સંસાર 'અસત્' છે. 'સત્' એ અપૂર્વ વસ્તુ છે. એ વિના જીવ આંધળો છે. ભાન નથી. બે વસ્તુ છે, જડ અને ચેતન. ઇન્દ્રિયોના આધારે જીવ રૂપી પદાર્થને જુએ છે. 'સત્' એ કલ્પના નથી. 'સત્' પ્રાપ્ત કરવું છે, એવી દૃઢ મતિ જેને પ્રાપ્ત થઈ છે તેણે 'હું કંઈ જાણતો નથી' એ વિચાર પહેલાં દૃઢ કરવો. પણ જીવ એમ માને છે કે હું જાણું છું, હું સમજું છું. જીવને ખપ લાગ્યો હોય તો જ્ઞાનીની આજ્ઞાએ વર્તે. 'હું કંઈ નથી જાણતો' એવું દૃઢ કરવાનું છે. એનું જ નામ યોગ્યતા છે. આટલું જો થાય તો જરૂર 'સત્' પ્રાપ્ત થાય.

જીવને અનાદિકાળનું અભિમાન છે તે ખસતું નથી. તે ભ્રાંતિ છે. નિરંતર સદ્વિચાર કરે તો કર્મ માર્ગ આપે. અભિમાન આડું આવે છે. અવળું છે તે સવળું કરવાનું છે. એટલું જ જ્ઞાનીપુરુષોનું કહેવું છે. વિપરીતતા ટાળ્યા વિના છૂટકો નથી. બધું ઊંધું છે. આ પત્રમાં જે ચાવી કહી છે તે ઘણા વિચારે સમજાય એવી છે.

જેને મોક્ષે જવું છે તેને આ વચનો પરમ બંધવરૂપ છે. પરમ બાંધવ મળ્યો છે. અભિમાનથી જીવે બધું ગુમાવ્યું છે. ઠેઠ મોક્ષે લઈ જાય એવા આ પત્રના રહસ્યરૂપ વચનો છે. બધાય જ્ઞાનીપુરુષોનું જે કહેવું છે તે આ પત્રમાં કહી દીધું છે, પણ જીવને એ કરવું નથી અને બીજી બીજી વાતો કરે છે. આ પત્રમાં કહેલાં વચનો યાદ રહેશે તો બધું થશે. આ મારે કરવા જેવું છે એમ જીવને સાંભરતું નથી. જીવને પોતાના દોષની ખબર પડે તો કાઢવા માંડે. હું જાણતો નથી એવું જીવને નથી રહેતું. નિશ્ચય નથી કર્યો. ઊણો, ઊણો ને સદા ઊણો રહેવું. અહંકાર ન કરવો. અહંકાર ન કર્યાથી કંઈ ગુણો જતા રહેવાના છે? 'હું કંઈ નથી જાણતો' એ સીધો રસ્તો છે.

અભિમાનથી કોઈ મોક્ષે ગયા નથી. આ પત્રમાં કહેલાં વચનો હૃદયમાં ચોંટી જાય તો પોતે ક્યાં ઊભો છે અને શું કરી રહ્યો છે, તે ખબર પડે. માર્ગ સાચો એ જ છે. માત્ર એક જ્ઞાનીના શરણે જા, તો જરૂર માર્ગની પ્રાપ્તિ થશે. સદ્‌વિચાર નથી આવ્યા. આ વચનોનો વિચાર કરે તો ચેતવાને મળે. આ પત્ર ઊંડા ઊતરીને બહુ વિચારવાનો છે. 'હું કંઈ નથી જાણતો' એવું કરવામાં જે જે વિઘ્નો આવે, તેથી ચેતતા રહેવું. પડવાનાં સ્થાનો ઘણાં છે. 'હું નથી જાણતો' એનો પુરુષાર્થ કરવો અઘરો છે. ખરો પુરુષાર્થ તો એ જ કરવાનો છે. આ પત્ર છે તે દ્વાદશાંગીનો સાર છે. જ્ઞાની પાસેથી માર્ગની પ્રાપ્તિ થાય છે. 'હું કંઈ જ જાણતો નથી' એવું જ્યારે થશે ત્યારે સત્પુરુષાર્થ સ્ફુરશે. ત્યાં સુધી બધી કલ્પના છે.

[વ૦ ૨૧૧] ૧૨૮ શ્રીમદ્ રા. આ.અગાસ, જેઠ સુદ ૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જગતમાં કોઈ વસ્તુ પ્રિય કરવા જેવી નથી. જે પ્રિય કરવા જેવું છે તે જીવે જાણ્યું નથી. 'સત્' છે તે પાસે જ છે, મોહથી દૂર લાગે છે. મોહને લઈને લાગે છે. જ્ઞાનીએ જાણ્યું તે સત્ છે. જે જાણવું છે તે પોતાનું સ્વરૂપ છે. આત્મા વિના સાંભળી શકીએ નહીં, બોલી શકીએ નહીં, કંઈ ન થાય. એ તો પહેલો જોઈએ. આવરણ છે તે ખસે તો પોતાનું સ્વરૂપ સમજાય એવું છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ જડ વસ્તુ છે. બધાને જાણનાર આત્મા છે.

**"ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?"**

અજ્ઞાનદશામાં જે કલ્પના કરે છે તે બધી જૂઠી છે, સાચી હોતી નથી. કોઈ માણસ એમ કહે કે હું વાંચું છું, વિચારું છું, પણ કલ્પનાથી વસ્તુ પ્રાપ્ત થાય એમ નથી. 'વસ્તુ' મતિ, વચન, કલ્પનામાં આવે એવી નથી. એક રસ્તો છે તે એ કે 'હું કંઈ જાણતો નથી' બીજું કરવા જાય તો કલ્પનામાં તણાઈ જાય. કયો વિચાર મને મલિન કરે છે, એમ વિચાર કરતાં લાગે કે દેહભાવ જ મને મલિન કરે છે. દેહભાવ છૂટ્યો તો બસ થઈ ગયું. આ પત્રમાં બધી વાત કહેવાની હતી તે કહી દીધી છે. એનું વાંચન કર્યું પણ મનન કરવું. સમ્યક્‌પ્રકારે મનન થાય તો એક જ પત્ર મોક્ષે લઈ જાય એવો છે. ટૂંકો રસ્તો છે. આ પત્રમાં બધું આવી ગયું. છયે દર્શનનો સાર છે. જ્ઞાનીના બોધનું બીજ એમાં સંક્ષેપમાં કહ્યું છે. એનો વિચાર કરીને ઝાડ જેવું થાય એમ કરવાની જરૂર છે. મંત્ર જેવો છે. પોતાનું અભિમાન મૂકવું. 'હું કંઈ જ જાણતો નથી, જ્ઞાની જાણે છે' એવો દૃઢ વિચાર કરવો, નિશ્ચય કરવો. બધી વસ્તુઓ મનન માટે છે.

"સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે." (૧૬૬)

હું શું ગણતરીમાં છું? એમ જીવને નથી થતું. સદ્‌ગુરુના શરણ વગર જીવનું અભિમાન જવું ઘણું મુશ્કેલ છે. જ્ઞાનીની અગાધ શક્તિ હતી, છતાં ગોપવી રાખતા હતા. એક એક પત્રમાં કૃપાળુદેવે આખો મોક્ષમાર્ગ કહી દીધો છે. કોઈને દીવો કરવો હોય તો દીવેટ, તેલ બધી યોગ્યતા જોઈએ. પછી બીજો પ્રગટ [1]લાગેલો દીવો શોધે અને તેને દીવેટ મળે તો દીવો થાય. યોગ્યતા

૧. સળગતો દીવો.

મેળવી આત્મજ્ઞાન કરવાનું છે. સદ્ગુરુ શોધવામાં ભૂલ થઈ તો પત્તો ન લાગે. કૃપાળુદેવે છયે દર્શનને તપાસ્યાં છે. બધાં તપાસતાં વીતરાગધર્મ સાચો લાગ્યો તે ગ્રહણ કર્યો. વીતરાગે જેવું વસ્તુનું યથાર્થ સ્વરૂપ કહ્યું છે, તેવું કોઈ દર્શનમાં નથી કહ્યું.

**[વ૦ ૨૧૧]** (સવારના ઉપર) **૧૨૯** શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ સુદ ૯, સં. ૨૦૦૯

આ કાળમાં મોક્ષને માટે આપણે શું કરવા યોગ્ય છે, તે બધું કૃપાળુદેવે કહ્યું છે. મહાવીર ભગવાનના કાળમાં ચૌદપૂર્વ રચાયાં હતાં, તે આ કાળના જીવોને સમજવા બહુ મુશ્કેલ છે. કૃપાળુદેવે ટૂંકા ટૂંકા પત્રમાં, એકેક પત્રમાં મોક્ષમાર્ગ મૂક્યો છે.

"સત્ એ કંઈ દૂર નથી."

'સત્' એટલે શું? (એમ બધાને પૂછ્યું, કોઈને ન આવડ્યું ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું)

દરેક વસ્તુને માટે ખોટી થઈ વિચાર કરવાનો છે. 'સત્' એટલે હોવું, એવો અર્થ થાય છે. અસ્તિત્વ એટલે હોવાપણું. જગતના પદાર્થો દેખાય છે તે બધા નાશવંત છે. આત્મા નામનો પદાર્થ એવો છે કે આત્મા આત્મારૂપે ત્રણે કાળ રહે છે. સત્ એટલે જે હંમેશાં રહે તે. આત્મા સત્ છે તે આપણી સાથે હંમેશાં રહે છે. ત્રણે કાળ રહે એવી વસ્તુ તે સત્ છે. એને શોધવા માટે બધા ધર્મો સ્થપાયાં છે. આત્મા અવિનાશી પદાર્થ છે. આત્મા આત્માથી દૂર નથી, પણ દૂર લાગે છે.

પહેલામાં પહેલું સમજવાનું– 'આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્તા છે, આત્મા ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે'. આત્મા છે એમ લાગે તો પછી એની બંધ અવસ્થા છૂટી, મોક્ષ અવસ્થા કેમ થાય, તેની ગરજ જાગે છે. સંસારમાં જ્યાં જુએ ત્યાં દુઃખ છે. સમ્યક્દર્શન નામનો ગુણ છે, તે પલટાઈ મિથ્યાત્વરૂપે થયો છે. એ પલટાય તો સમ્યક્દર્શન થાય. સત્ દૂર નથી એમ જ્ઞાનીપુરુષ કહે છે, પણ મોહને લઈને આત્મા શું છે? આત્મા કેવો હશે? એનું ભાન થતું નથી. વસ્તુ આ છે, એવું ઓળખાણ થતું નથી. તેનું કારણ વચ્ચે મોહ છે. આ જીવ પોતે પોતાની કલ્પનાથી બંધાયો છે. સત્ ની શોધ કરવી હોય તો ઓળખાણ કરવી. આત્માને ન માને તેથી કંઈ આત્મા નાશ થવાનો નથી. એ તો છે જ. સત્ તે સત્ જ છે. ત્રણે કાળ રહે એવો પદાર્થ તે કોઈ કાળે નાશ ન પામે. સત્ છે તે સત્ જ છે, સરળ છે પણ દૂર લાગે છે, તેનું કારણ મોહ છે. જીવને મોહ છે તે ટળે તો એને પોતાનું સ્વરૂપ દેખાય. જીવને મોહ છે ત્યાં સુધી પોતાનું ભાન થતું નથી. આત્મા વગર તો કંઈ જણાય એવું નથી. આત્માનો અભાવ થયો નથી. 'સત્' સરળ છે, સુગમ છે. પરવસ્તુ તો કોઈ આપે તો મળે, પણ આ તો પોતાની પાસે જ છે. સત્ની ઓળખાણ કરવી હોય તો ચારે ગતિમાં થઈ શકે છે. નારકીને પણ સમ્યક્દર્શન થાય છે. દેવલોકમાં પણ સમ્યક્દર્શન થઈ શકે છે. તિર્યંચ અને મનુષ્યગતિમાં પણ થઈ શકે છે. ભ્રાંતિ સત્થી વિપરીત છે. હોય તેનાથી વિપરીત લાગે, હોય આત્મા અને માને દેહ તે ભ્રાંતિ છે, વિપરીતતા છે, મિથ્યાત્વ છે. સત્ છે તો ખરું, પણ આવરણમાં છે. ભ્રાંતિનું આવરણ છે. વિપરીત માન્યતા તેને ભ્રાંતિ કહી છે. એ દેખાય એવી નથી, કલ્પના છે. જે વસ્તુ સાચી હોય તે સત્

કહેવાય. એક સત્ છે અને એક કલ્પના છે. એ બેયને મેળ ખાય એમ નથી. ભ્રાંતિ છે, તે કલ્પના છે. વિપરીત કલ્પના તે ભ્રાંતિ છે. આત્મા અરૂપી વસ્તુ છે. ભ્રાંતિના ભેદો જેટલા પાડીએ તે બધા ભ્રાંતિરૂપ જ છે. ભ્રાંતિરૂપ આવરણ તે અંધકાર જેવું છે. જ્ઞાન આવે તો એ જાય. અજ્ઞાનદશામાં જીવ છે. કલ્પના કર કર કરે છે. કલ્પનામાં આખો મનુષ્યભવ એનો જતો રહે છે. અનંતવાર મનુષ્યભવ મળ્યા છતાં આત્મસાર્થક ન થયું, તેનું કારણ કલ્પના છે. કલ્પના કંઈ સત્ નથી. કલ્પના અને સત્‌ને વિરોધ છે. બેયને મેળ ખાય એમ નથી. અજ્ઞાનદશામાં જેટલું કરે તેટલું બધું ઊંધું છે, પણ એથી છૂટવાનો રસ્તો છે. સત્ ભ્રાંતિ નથી, ભ્રાંતિ તે સત્ નથી. આ ભવમાં મારે સમ્યક્‌દર્શન પ્રાપ્ત કરવું જ છે, એવી જેની દૃઢ મતિ થઈ છે, તેણે શું કરવું, તે હવે કહે છે. જીવ સમજ્યો ન હોય છતાં હું સમજ્યો છું, હું જાણું છું એવો એના મનમાં અહંભાવ ભરાઈ ગયો છે. એ કેમ નીકળે ? એ પોતાથી નીકળે એવો નથી. મને ખબર નથી, પણ જ્ઞાની જાણે છે એમ માને તો એટલું સાચ આવ્યું કહેવાય. 'હું કંઈ જાણતો નથી' એવો દૃઢ નિશ્ચય કરવો. ફરીથી ન છૂટે એવો દૃઢ નિશ્ચય કરવો. અહંભાવ એવો છે કે દબાયો હોય તોય પાછો ફૂટી નીકળે. પોતાથી એ જાય એવો નથી. માટે 'હું કંઈ જાણતો નથી' એમ કરી જ્ઞાનીને શરણે જવું, કેમકે જે પામેલો હોય તે પમાડે. જ્ઞાનીપુરુષ પાસે જતાં પહેલાં એટલું કરવાનું છે કે હું કંઈ જાણતો નથી.

**''જાણ આગળ અજાણ થઈએ, તત્ત્વ લઈએ તાણી;**
**આગલો થાય આગ, તો આપણે થઈએ પાણી.''**

એટલી ગરજ જીવને હોય તો માર્ગ પ્રાપ્ત થાય.

અનંતાનુબંધી કષાય છે, તે જ્યાંથી કલ્યાણ થવાનું છે, ત્યાંથી જીવને આઘે ખસેડે છે અને મિથ્યાત્વ છે તે અવળી સમજણ છે. એ અંદર હોય અને જ્ઞાની પાસે જાય, જ્ઞાનીપુરુષ એના દોષ બતાવે ત્યારે કહે કે એ તો મારા દોષ દેખે છે, એમ દ્વેષભાવ થઈ જાય એ અનંતાનુબંધી ક્રોધ છે. જ્ઞાનીપુરુષ જાણે છે અને હું કંઈ નથી જાણતો તેને બદલે 'હું જાણું છું' એમ રહે તે અનંતાનુબંધી માન છે. જ્ઞાનીપુરુષ પાસે જાય ત્યારે ઉપર ઉપરથી સારું દેખાડે અને મનમાં તો એમ રાખે કે જ્ઞાનીને છેતરી મારું કામ કરી જતો રહું, એ અનંતાનુબંધી માયા છે અને લોકો પાસે વખાણ કરાવે, જ્ઞાની પાસેથી સંસારની વસ્તુઓ ઇચ્છે તે અનંતાનુબંધી લોભ છે. જીવ ખરી રીતે જાણતો નથી ને હું જાણું છું એમ જીવને રહ્યા કરે છે. મોક્ષ એને સમજાયો નથી. સમજાય તો એના માટે પુરુષાર્થ કરે. જીવને રૂપી પદાર્થનું માહાત્મ્ય છે. મોહને લઈને જીવ તેમાં જ ખળી રહ્યો છે.

**''જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય;**
**સુખ દુઃખ આવ્યે જીવને, હર્ષ શોક નવિ થાય.''**

જ્યાં સુધી મોહ કે હર્ષ શોક થાય છે, ત્યાં સુધી ખરી રીતે જાણ્યું નથી. 'હું કંઈ જાણતો નથી' એવો દૃઢ નિશ્ચય કરવો, ફરી જાય એવો ન કરવો તો મોક્ષ સરળ છે, પણ અઘરામાં અઘરું એ છે કે 'હું કંઈ જાણતો નથી.' આ પત્રમાં બધું કહી દીધું છે. હું કંઈ જાણતો નથી, એવું પહેલાં કરવું. મહાવીર ભગવાને જે ઉપદેશ કર્યો તે બાર અંગમાં સંગ્રહવામાં આવ્યો. તે બધાનો સાર આ પત્રમાં મૂકી દીધો છે.

"સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે." (૧૬૬)

આત્મજ્ઞાન પામી જ્ઞાનીપુરુષે આ કહ્યું છે. હું કંઈ જાણતો નથી, એવું દૃઢ કરી જ્ઞાનીને શરણે જાય તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય. એ બહુ વિચારવા જેવું છે. એ જ જ્યારે ત્યારે રસ્તો છે. પોતાને પોતાનું અભિમાન છે, એ મોટામાં મોટું અજ્ઞાન છે. હું કંઈ જાણતો નથી. જે જાણે છે તે જાણે છે. જ્ઞાનીનું એ જ કહેવું છે કે તારું અભિમાન, ડહાપણ મૂક અને તેના ઉપર તાણ ચોકડી. આ પત્રમાં જેટલો કાળ ગાળશો તેટલો લાભ થશે.

[વ૰ ૨૧૧] ૧૩૦ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૮, ૨૦૦૯

પૂજ્યશ્રી– અજ્ઞાન કહો કે મોહ, એક જ છે. મોહમાં મૂંઝાય છે ત્યાં વિપરીતપણું થાય છે. મોહ છે તે વિપરીતતા છે. જે પાસે હોય તે દૂર લાગે, અનિત્ય હોય તે નિત્ય લાગે, પોતાનું હોય તે પોતાનું ન લાગે એવી વિપરીતતા મોહને લઈને થાય છે. સત્પુરુષનો યોગ ન થયો હોય અને પરમેશ્વર ક્યાં હોય છે, એમ કોઈને પૂછે તો પેલો કહે કે પરમેશ્વરના ધામમાં પરમેશ્વર છે. એમ આડી અવળી બતાવે પણ એને જ્ઞાનીપુરુષનો યોગ હોય તો પાસે જ છે. નહીં તો જેને ખબર ન હોય તે બીજે વસ્તુને બતાવે. કલ્પના હોય ત્યાં સુધી બીજું બીજું લાગે છે. અમુક જગ્યાએ જ ધર્મ છે એમ લાગે. સમેતશિખર જાઉં, ફલાણે જાઉં, ત્યાં જ ધર્મ છે એમ એને લાગે. જ્ઞાનીપુરુષ હોય ત્યારે એમ પ્રતીતિ થાય કે આત્મામાં બધું છે. પ્રભુશ્રીજી ચશમાં લઈને કહેતા કે આ આત્મા! સત્ તો બધેય છે, પણ એની દૃષ્ટિ જોઈએ ને? અઘરામાં અઘરો પુરુષાર્થ એ છે કે હું કંઈ જાણતો નથી. એ અઘરામાં અઘરું છે. હું જાણું છું, હું બોલું છું એમ માને, પણ હું નથી જાણતો એ દુર્લભ છે. બાળાભોળાઓનું કામ થઈ જશે, પંડિતોને અટકવું પડશે. હું નથી જાણતો એમ થવું બહુ અઘરું છે. ખરી રીતે એ જાણતો જ નથી. જો જાણતો હોય તો એ જ્ઞાનીને મુકાવવું નથી, પણ નથી જાણતો એટલું આવે તો એટલું સત્ય આવ્યું કહેવાય. પત્ર તો એમ સહેલો લાગે છે કે આપણે સમજી ગયા, પણ કૃપાળુદેવ કહે છે કે તમે સમજ્યા નથી. એને માટે ઘણા પુરુષાર્થની જરૂર છે. અનાદિથી ભ્રાંતિમાં પડ્યો છે, તે ભ્રાંતિ ટાળવા જ્ઞાનીના શરણે જા. જીવો ભૂલી જાય છે. તેથી કૃપાળુદેવને દયા આવવાથી આ પત્ર લખ્યો છે. ઇંદ્રિયો અને મન રોક્યા વિના છૂટકો નથી. એને રોક્યા વિના આત્મા ભણી દૃષ્ટિ જ ન જાય. જ્ઞાની મળે, એનો બોધ મળે, પછી શ્રદ્ધા થયે એની દૃષ્ટિ ફરે છે.

[વ૰ ૨૧૨] ૧૩૧ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૧૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– પોતાનો વિચાર રહે, આ અજ્ઞાન, અવિરતિ કેમ ટળે? એવો વારંવાર વિચાર રહે તો દોષો ટળે. જગતની વાસનામાં પડી રહેવું છે અને લોકોમાં ભગત કહેવરાવવું છે, પણ વાસના છોડવી ગમતી નથી. આટલા આટલા વર્ષ સત્સંગ કર્યા છતાં દોષ કેમ જતા નથી? એમ કહે, પણ દોષો કાઢવા ન લાગે. 'લોક મૂકે પોક'. મારે તો જ્ઞાની કહે તે કરવું છે. લોકોને જેમ કહેવું હોય તેમ કહે, પણ મારે તો એ જ કરવાનું છે. એ દૃઢ કરવાનું છે. લૌકિકભાવમાં જીવ તણાઈ જાય છે. જ્યાં સુધી મારાપણું કર્યા કરે છે ત્યાં સુધી જગત એને ખેંચ્યા કરે છે. જ્ઞાનીનાં વચન પરિણામ

પામવા ઉપર બધો આધાર છે. કડવી ગોળી ઉતારવી પડશે. આજ્ઞામાં એકતાન થયા વિના છૂટકો નથી. જ્ઞાનીનું કહ્યું કર્યા વગર છૂટકો નથી. બીજું બધું મૂકવું પડશે. મૂક્યા વિના છૂટકો નથી. એ માર્ગ જીવને સમજાયો નથી. પોતાની ઇચ્છાથી ફરશે ત્યારે કલ્યાણ થશે.

મનુષ્યભવ ઘણાય મળ્યા, સાધનો પણ મળ્યા, પણ કંઈ ન થયું. આત્માને મુક્ત કરવો હોય તો બધા કરતાં તીર્થંકરે જેવું કહ્યું તેવું કોઈએ કહ્યું નથી, એવી શ્રદ્ધા કરવી. સમ્યગ્દર્શન થાય ત્યારપછી ચારિત્રમાં જાય ત્યારે ઠેકાણું પડે. જીવ મોહનું ઠેકાણું કરીને બેઠો છે. ગમે તે શાસ્ત્ર, ગમે તો ભગવતી વાંચે, પણ સ્વચ્છંદે વાંચે તો કંઈ ન થાય. મૂળમાં દૃષ્ટિ પડી આત્મા ઓળખાયો હોય તો મૂળ વસ્તુ હાથમાં આવે. પછી વેદાંતનાં શાસ્ત્રો વાંચે, તોય એને આત્મા દેખાય. ચોખ્ખો થયો હોય ત્યારે કેવળજ્ઞાન થાય. જ્યારે આત્માને વિકાર ન થાય ત્યારે કેવળજ્ઞાન થયું કહેવાય.

આ જીવ રઝળે છે. કંઈ ખબર નથી. સિદ્ધાંતિક જ્ઞાન જેવું તીર્થંકરે કહ્યું છે તેવું કોઈ કહી શક્યા નથી. આત્મામાં ભૂલ હોય તે કાઢ્યે છૂટકો છે. મોટા મુનિઓ, લબ્ધિધારીઓને પણ શંકા થાય છે. મનઃપર્યવજ્ઞાન થયા પછી પણ જીવ એકેન્દ્રિયમાં પણ ગબડી જાય છે.

વૈજનાથે કૃપાળુદેવના આગલા ભવની વાત કરેલી કે પૂર્વકાળમાં ઉત્તરદિશામાં વિચર્યા હતા, પણ કૃપાળુદેવે કહ્યું છે કે એને આત્મસાક્ષાત્કાર નહોતો.

જેને કેવળીનો આશ્રય છે તેને ચોથા ગુણસ્થાનથી કેવળીની શ્રદ્ધા હોય છે. પોતાની સમજણે વિરોધ આવી ઊભો રહે. આશ્રય મળે તો બધું પાંસરું થાય. સત્પુરુષનાં વચન, તીર્થંકરના વચન સમજવા બહુ દુર્લભ છે.

**"જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન,**
**અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ."** (૯૫૪)

મતિમાન ઘણો હોય તે પણ થાકી જાય, પણ સદ્ગુરુનું અવલંબન મળ્યું હોય તો સુલભ થાય. આત્માને પુદ્ગલની સાથે લેવાદેવા નથી. આત્મા કંઈ કરતો નથી. આત્મા સિદ્ધ સમાન છે.

**"કર વિચાર તો પામ."**

વિચાર કરતાં આગળ પહોંચ્યો હોય તો સંશય, ભ્રાંતિ ન રહે. આત્મા હશે કે નહીં એવી શંકા પણ એને ન રહે.

**[વ૰ ૨૧૨]** (સવારના સભામાં) **૧૩૨** શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સત્પુરુષ પ્રત્યે જેવો પ્રેમ હોય તેવો પ્રેમ કોઈ પ્રત્યે થાય નહીં, એવું થાય ત્યારે માર્ગ નિકટ હોય છે. માયા વિઘ્ન કરનારી છે, પણ જીવ જો ધારે કે મારે આ દશા લાવવી જ છે, તો લાવી શકે છે. પ્રભુશ્રીજી કહેતા કે અમને વિરહમાં રાખી કલ્યાણ કર્યું છે. પ્રભુશ્રીજીનું વિરહમાં કલ્યાણ થયું છે. ભાવ જોઈએ, નહીં તો સામાન્યપણું થઈ જાય. ત્રિભુવનભાઈ કરીને એક વઢવાણના મુમુક્ષુ હતા. તેમના વિષે કૃપાળુદેવે એક પત્ર (૯૩૦) માં લખ્યું છે કે એમનું જો વધારે આયુષ્ય હોત તો ચારિત્રમોહનો ક્ષય કરત, એવા ભાવ હતા. બધો ભાવ ઉપર આધાર છે.

કૃપાળુદેવે કહ્યું છે કે અસંગ થવું. તમે, કોઈ ગમે તે સત્પુરુષને શોધી તેના પ્રત્યે પ્રેમ કરો. કૃપાળુદેવ એ નિઃસ્પૃહ પુરુષ છે. તેમને સંસારી જેવા ગણ્યા, ત્યારથી માર્ગ ભૂલ્યા. કૃપાળુદેવને કોઈ પણ જીવનું કલ્યાણ થાઓ, એવી જ ઇચ્છા રહે છે. કૃપાળુદેવ કહે છે કે અમને કોઈ ન ઓળખે તો સારું. કૃપાળુદેવની દશાને ભજે તો કલ્યાણ થાય.

નાશવંત વસ્તુ ઉપર મોહ કર્યો છે. કૃપાળુદેવ પાસે કોઈએ ચિત્રપટ માગ્યું, ત્યારે કહ્યું કે એમ કરવા કરતાં અમારી દશા વિચારવી, એ વધારે હિતકારી છે. પુરુષાર્થ કરવાનો છે. ચોથે હોય તો સાતમાની ખબર પડે છે અને સાતમે જાય ત્યારે સિદ્ધનું સુખ કેવું છે, એ તેને ખબર પડે છે. પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે યોગ્યતા લાવો, યોગ્યતા લાવો. એ વગર કશું સમજાય એવું નથી. સિદ્ધ કહે કે ગમે તે કહે, પણ એને શી ખબર પડે? માત્ર અક્ષરો દેખાય. જ્ઞાનીને ભજું તો મને રિદ્ધિસિદ્ધિ મળે, એ લોભ છે. તે પાપનું મૂળ છે. એથી જ્ઞાની ન ઓળખાય. એને ઓળખવામાં એવું આડું આવે છે. સત્પુરુષ તો બધી વસ્તુઓથી ભિન્ન છે. સત્પુરુષનું સાચું ઓળખાણ સહેલું નથી. એ સહેલું હોત તો સમ્યગ્દર્શન પણ સહેલું હોત અને તેથી મોક્ષ પણ સહેલો હોત. ચમત્કારથી સત્પુરુષને માને તો એ કંઈ સાચું ઓળખાણ નથી.

''મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.'' (૨૫૪) બધું મૂકવાની ઇચ્છા હોય ત્યારે સત્પુરુષ ઓળખાય એવું છે. જેમ જેમ બોધ મળે, તેમ તેમ લાગે કે હું માનું છું તેમાં ભૂલ છે. કૃપાળુદેવને આપણે ઓળખ્યા તો એમનાં વચનોથી જ, નહીં તો કંઈ ઓળખાય નહીં.

કૃપાળુદેવે પ્રભુશ્રીજીને કહ્યું કે કોઈને કહેવું હોય તો એમ કહેવું કે કોઈ સત્પુરુષને શોધો, પણ અમારું નામ ન લેવું.

**[વ૦ ૨૧૩]** (સવારના સભામાં) ૧૩૩ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૯, સં. ૨૦૦૯

જંગલમાં હરણો હોય તે ચળકતી રેતીને પાણી સમજીને તેને પીવા દોડે છે, પણ ત્યાં પાણી હોતું નથી, તેથી દુઃખ પામે છે. તેમ જગતના જીવો સુખ લેવા જતાં દુઃખ પામે છે. પોતે પોતાને ભૂલી જવાનું દુઃખ લાગતું નથી. એનો ભય લાગે તો એથી છૂટે; છૂટવા પુરુષાર્થ કરે. આત્મા પરમાનંદરૂપ છે, છતાં દુઃખને ભોગવી રહ્યો છે. ભ્રાંતિ ટાળવાનો, સત્પુરુષના બોધ સિવાય બીજો ઉપાય નથી. જગતમાં અભિમાન છે. આપણે મોટા છીએ એમ થયા કરે છે. જીવ દુઃખી છે એની જ્ઞાનીને દયા આવે છે. એમને તો એને ખરું સુખ આપવું છે. પુણ્ય જીવ પોતે બાંધે છે. કંઈ સત્પુરુષ આપતા નથી. જ્ઞાનીપુરુષ હોય છે તે પુણ્યની મૂર્તિ જ હોય છે. જગતમાં જે કંઈ સારું દેખાય છે તેનું કારણ સત્પુરુષ છે.

**[વ૦ ૨૧૪]** ૧૩૪ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— આત્મા પ્રત્યે પ્રીતિ કરવી. મારું-તારું, સગાંવહાલાં એ બધું ભૂલી આત્મદૃષ્ટિ કરવી. અભેદદૃષ્ટિ આવ્યા વિના જગતની રચના જોવા ઇચ્છે તે બંધાય છે. જે જે કર્મો દેખાય છે તેની રચનાનું કારણ આત્મા છે. તેના પ્રત્યે પ્રીતિ કરવી. ભોગની વૃત્તિ છોડી દેવી. જ્યાં સુધી

ભેદદૃષ્ટિ છે ત્યાં સુધી મોહ છે. બધા મહાપુરુષોનો આશય તો એક જ છે. સમ્યક્ત્વ છે તે વાણીથી માત્ર કહેવાય છે, પણ સમ્યક્ત્વ વાણી નથી. સમ્યક્ત્વ તો આત્મા છે. બધાય મહાત્માઓનું એ જ કહેવું છે કે જગત દુઃખરૂપ છે અને આત્મા સુખરૂપ છે. જેમ વસ્ત્ર તદ્દન ફાટી ગયા પછી સંધાય નહીં, તેમ આ જીવન પૂર્ણ થયા પછી સંધાય તેવું નથી. કોઈને શરણે જઈએ માટે વૃદ્ધાવસ્થા ન આવે એમ નથી. યુવાવસ્થામાં પ્રમાદી અને વિવેકશૂન્ય રહેનારા જીવો વૃદ્ધાવસ્થા આવશે ત્યારે કોને શરણે જશે?

કામ કરવાનો અવસર આવ્યા પહેલાં તેના વિચારો કરવા તેને કૃપાળુદેવ અનવસરાર્ત્તધ્યાન કહે છે. બધું પલટાતું છે. મોક્ષનો પુરુષાર્થ કરે તો તેનું શાશ્વત ફળ મળે. જ્ઞાનીની આજ્ઞા આરાધવી. મોક્ષ કરવો હોય તો જ્ઞાનીની આજ્ઞા આરાધવી. જ્ઞાની કહે તેમ કરવું. અર્થ અને કામ પણ ધર્મ ન ચુકાય એવા હોવા જોઈએ, એ લક્ષ રાખવો.

ઇન્દ્રિયોના સુખો પરાધીન છે. ઇન્દ્રિયો હોય તો જણાય, નહીં તો ન જણાય. જીવ ભ્રાંતદશામાં સુખ માને છે. જડ તે જડ જ છે, ચેતન તે ચેતન જ છે. આ જીવ જડને ચેતન માને કે ચેતનને જડ માને તેથી કંઈ તે તે રૂપે થાય નહીં. સુખ આત્માનો જ સ્વભાવ છે. કર્મબંધ છોડવાનો માર્ગ શૂરવીરનો માર્ગ છે. જ્યારે બીજાના ગુણો દેખાય ત્યારે રાજી થવું.

**[વ૦ ૨૧૭]** (સવારના સભામાં) **૧૩૫** શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૧૦, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– શ્રીમદ્ ભાગવતમાં એક કથા આવે છે. (પછી જડભરતનું દૃષ્ટાંત આપ્યું.) કૃપાળુદેવને એવી એવી જાતિસ્મરણવાળી કથાઓ બહુ સુંદર લાગે છે. એવું ઉન્મત્તપણું તે પરમાત્માની દશાને પામવાનું દ્વાર છે. મરણ કરતાં સંગ વધારે દુઃખદાયક છે.

બાંધેલું હોય તે ભોગવવું છે, શૂરવીરપણે ભોગવવું છે. સમ્યગ્દૃષ્ટિ હોય તે ફરસી લઈને ઊભો રહે છે. આવો, ગમે તેટલા આવો. ક્યાંથી આ કર્મો આવ્યાં! એમ કૃપાળુદેવને થતું નથી. સત્સંગનો જોગ જોઈએ. કૃપાળુદેવ કહે છે કે આત્મભાવમાં રહેવું, તે હોય અથવા ભક્તિ-સત્સંગ હોય તે ગમે છે. અહંપણું આવતું હોય તો તેનો નિરોધ કરવો. થાય તેટલો પુરુષાર્થ કર્યા રહેવું. જે થાય તે જોયા કરવું. હર્ષ-શોક ન કરવો. એ સમ્યગ્દૃષ્ટિ છે. આમ કરું તો પૈસા મળે એવી ચિંતા કરવી નહીં. પુણ્યથી વધારે એક પણ પૈસો મળવાનો નથી. પરમાત્માની પાસે કંઈ માંગવું નથી એમ જેને થયું હોય તેને પરમાત્મા પ્રસન્ન થાય છે.

સોભાગભાઈને કૃપાળુદેવ લખે છે કે તમારી ઇચ્છા વૈરાગ્યમાં આવવાની છે, તેમ છતાં અમે લખીએ છીએ. પ્રભુશ્રીજી બધાને 'પ્રભુ પ્રભુ' કહેતા અને ઠપકો પણ આપતા.

**[વ૦ ૨૧૮-૨૨૦-૨૨૨]** (સવારના સભામાં) **૧૩૬** શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૧૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જગતનો ઉત્પાદ, જગતનો વ્યય અને આ જગતનું ધ્રુવપણું છે. જગતનું અધિષ્ઠાન આત્મા છે. અધિષ્ઠાનનો અર્થ આધાર છે. કૃપાળુદેવને આત્મા ભુલાતો નહોતો. દેહને પરમાર્થના સાધનરૂપે વાપરે છે, છતાં એમને બધાં કામ કરતાં વીતરાગતા દેખાતી.

**"ચાર વેદ પુરાણ આદિ, શાસ્ત્ર સૌ મિથ્યાત્વનાં,**
**શ્રીનંદીસૂત્રે ભાખિયાં છે, ભેદ જ્યાં સિદ્ધાંતના;**
**પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં, એ જ ઠેકાણે ઠરો."** (૨૬૭)

સમ્યક્‌નેત્ર હોય તેને બધું સવળું છે. જેને જ્ઞાનરૂપ ભાસ્યાં છે તેની પાસે ભાગવત વાંચે તો જ્ઞાન પામી જાય. ભાવ સમજાવવા માટે ભાગવતમાં ગોપીઓ વગેરે લખ્યું છે. કવિઓ હોય તે અલંકારથી કાવ્યો લખે છે. તેથી ઉપર ઉપરથી સમજાય નહીં. જો ઊંડો ઊતરે તો એનો ભાવ સમજાય. જ્યોતિષ એ મોક્ષમાર્ગમાં કામનું નથી. કળિકાળ કહેવાનું કારણ સત્સંગ, સત્પુરુષનો જોગ નથી. સત્સંગમાં શાંતિ, સમાધિ બધું થાય છે. આ કાળમાં સત્સંગ તો વિદેશ ગયો છે.

**[વ૦૨૨૩]** (સવારના સભામાં) ૧૩૭ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૧૨, ૨૦૦૯

પૂજ્યશ્રી— પહેલામાં પહેલી ભક્તિ, શ્રવણ છે.

**"શ્રવણ, કીર્તન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન;**
**લઘુતા, સમતા, એકતા, નવધા ભક્તિ પ્રમાણ."**

સાંભળીને કીર્તન કરે, ત્યાર પછી ચિંતવન થાય. વંદન, સેવન, ધ્યાન, લઘુતા, સમતા અને એકતા એટલે પરમાર્થમાં એકરૂપ થઈ જવું તે પરાભક્તિ કહો કે એકતાભક્તિ કહો, એક જ છે. ખરી ભક્તિ એ જ છે.

વાસુદેવનું પરમ માહાત્મ્ય ગોપાંગનાઓને લાગ્યું હતું. કૃપાળુદેવે કહ્યું છે કે કૃષ્ણ છે તે પરમાત્મા છે અને ગોપીઓ છે તે વૃત્તિઓ છે. એ વૃત્તિઓ ભગવાનમાં લીન કરવાની છે. પરમાત્મસ્વરૂપનું માહાત્મ્ય લાગે તો એમાં લીન થાય. અંતરાત્મા થાય, એ જ વૃત્તિની ખરી લીનતા છે. એ થયા પછી 'તુંહિ તુંહિ'ની રટના લાગે છે. મહાપુરુષો જે કહે છે તે શા માટે કહે છે, ત્યાં સુધી જીવનો લક્ષ પહોંચતો નથી. ભગવાનની ભક્તિ કરવા માટે પ્રતિમા છે. તેમાં પણ તકરાર કરે છે. એક કહે કે ચક્ષુ રાખો અને બીજો કહે ન રાખવાં. એમાં પણ લડે છે.

સત્પુરુષના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે એ જ કહેવું છે. જ્ઞાનીપુરુષની જેટલી ચેષ્ટાઓ છે તેટલી પરમાર્થરૂપ જ છે. સંસારમાં વૃત્તિ ન જાય, ભગવાનની પ્રતિમા દેખીને પરમાત્મા જ સાંભરે એવું કરવાનું છે.

"સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે." (૨૫૪) એ છૂટી જાય તો દેહદૃષ્ટિ થઈ જાય. બાહ્ય દૃષ્ટિ તો છોડવાની છે.

**"શ્રવણ, કીર્તન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન;**
**લઘુતા, સમતા, એકતા, નવધા ભક્તિ પ્રમાણ."**

શ્રવણથી માંડીને ચિંતવન સુધી આવે ત્યારપછી નમસ્કાર સમજાય છે.

"इक्कोवि नमुक्कारो, जिणवरसहस्स; वद्धमाणस्स ।
संसारसागराओ, तारेइ नरं व नारीं वा ॥"

ધ્યાન પછી લઘુતા આવે છે. ભગવાનની ભક્તિ કરે તેને જ ભગવાન કઠણાઈઓ આપે છે. એક વખત કૃષ્ણ હસ્તિનાપુરમાં ગયા. કુંતાજીની ભક્તિથી શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા. કૃષ્ણ મહારાજના એ ફોઈ હતાં. શ્રીકૃષ્ણે કહ્યું કે તમારે માંગવું હોય તે માંગો. કુંતાજીએ કહ્યું, આપશો ને? શ્રીકૃષ્ણે કહ્યું, હા. કુંતાજીએ કહ્યું, માંગું ત્યારે ફરી ન જશો? શ્રીકૃષ્ણે કહ્યું, નહીં ફરું. કુંતાજીએ કહ્યું, મને દુઃખ આપો. ખરી ભક્તિ એ જ છે. કઠણાઈ છે તે સારી છે. ([1]અહીં નાભા ભગતનું દૃષ્ટાંત આપ્યું હતું.) જીવ મારું માને છે તેથી ખેદ થાય છે. બધા પ્રત્યે સરખો ભાવ રાખવો.

**[વ૦ ૨૨૩]** (બપોરના) ૧૩૮ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– હું મનુષ્ય છું, હું સુખી છું, હું દુઃખી છું એવા પ્રકારનું જે દેહાભિમાન નથી કરતા તે જ્ઞાનીપુરુષ છે. આત્માનું સ્વરૂપ દેહથી ભિન્ન છે. જ્ઞાનીપુરુષોએ શુદ્ધ સ્વરૂપ જાણ્યું છે, તેથી તેઓ દેહથી જુદા રહે છે. રાગદ્વેષ કરતા નથી, તેથી તેઓને સમાધિ રહે છે. તેઓને ઇચ્છા નીકળી ગઈ છે તેથી કોઈ જાતની ફિકર નથી. પૂર્વે જે બાંધ્યું છે તે ઉદયમાં આવે ત્યારે રાગદ્વેષ કર્યા વગર સમભાવથી વેદે છે. મારું-તારું કરવાથી ક્લેશ ઉત્પન્ન થાય છે. દેહ પણ મારો નથી એવું થાય ત્યારે મારું-તારું મટે. પરવસ્તુ છે તેને દેખનારો કોઈ જુદો છે. એવું જીવને લાગતું નથી. પરમાત્મા પ્રત્યે અખંડ પ્રીતિ કરવાની છે. જેણે પરમાત્માને જાણ્યા તેને દેહાભિમાન ન રહે.

"દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત" પરમાત્મા છે તે દેહ છતાં દેહાતીત દશાએ વર્તે છે. તેને જાણે તો ચિત્ત પરનો બોજો ઊતરી જાય.

કૃપાળુદેવ કહે છે, સત્સંગના યોગની ઇચ્છા રહે છે પણ પૂર્વકર્મને કારણે યોગ નથી. પત્ર વિગતવાર લખવાનું ઉપાધિને લીધે બની શકતું નથી. દશા લખી શકાય તેવી નથી. પૂર્વ કર્મને લઈને ઉપાધિમાં ઉપયોગ દેવો પડે છે. પત્રાદિ પણ ઉદય હોય તો જ લખીએ છીએ.' એક વખતે પ્રભુશ્રીજીએ કૃપાળુદેવને પૂછ્યું, 'મારે શાની જરૂર છે?' કૃપાળુદેવે કહ્યું કે 'બોધની.' ત્યારે પ્રભુશ્રીજીએ કહ્યું, 'તો બોધ આપો.' પછી કૃપાળુદેવ મૌન રહ્યા. બોધરૂપ થઈ ગયા. પહેલાં શરૂઆતમાં 'હે ભગવાન, હું આપનો દાસ છું, આપ સર્વોપરી છો.' એવી ભાવના હોય છે. તે ભાવના વધતાં વધતાં ભગવાનનું જે સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે એમ થાય છે. એટલે અભેદરૂપ થઈ જાય છે. ભગવાનનું જે શુદ્ધ સ્વરૂપ છે, તેમાં અભેદરૂપ થઈ જવું તે પરાભક્તિની હદ છે.

'પ્રભુ પ્રભુ લય લાગી નહીં' એક પ્રભુમાં જ મન રહે તો પરાભક્તિ થાય. અપ્રમત્ત ગુણસ્થાનકમાં પરાભક્તિ આવે છે. બધાનું કારણ પ્રેમ છે.

"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં" એ રસ્તો ગોપાંગનાઓએ લીધો હતો. પરમ પ્રેમ જેને લાગ્યો હતો, એવી તે ગોપાંગનાઓનું ચિત્ત વાસુદેવમાં રહેતું હતું. આ એક ભક્તિનું દૃષ્ટાંત છે.

**"મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત;**
**તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત."**

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ વચનામૃત પૃષ્ઠ ૭૦૩.

એવી રીતે ગોપાંગનાઓનું ચિત્ત કૃષ્ણમાં રહેતું હતું. સિદ્ધ ભગવાનની ભક્તિ કરે તો જીવને સ્વરૂપનો ખ્યાલ આવે નહીં. દેહાધ્યાસથી છૂટવા માટે દેહધારી પરમાત્માઓમાં વૃત્તિ રહે તો બહાર ખસે નહીં. પુદ્‌ગલનો પ્રેમ છોડવા માટે દેહધારી પરમાત્માની ભક્તિની જરૂર છે. સિદ્ધ કરતાં અરિહંતને પહેલાં નમસ્કાર કરવાનું કારણ એ જ છે કે અરિહંતમાં વૃત્તિ સ્થિર રહી શકે છે. મહાત્મામાં લીનતા થાય તો મહાત્માનું જ્યાં મન હોય ત્યાં મન રહે. ‘‘જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે.’’ (૪૯૩) ‘‘સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે.’’ (૨૫૪)

સદ્‌ગુરુ કરતાં પરમાત્મા જુદા છે, એમ રહે તો પરાભક્તિ ન થાય. મન લીન થાય નહીં. સંપૂર્ણ સ્વરૂપનો લક્ષ થાય એનું મન બીજે જાય નહીં. જેમ જેમ વિચારદશા વધે તેમ તેમ વધારે ભક્તિ થાય. જેટલી સમજણ હોય તેટલું થાય. સાચી ભક્તિવાળાને દુઃખ આવે એ કસોટી છે. સોભાગભાઈને કૃપાળુદેવે લખ્યું હતું કે તમને જે કઠણાઈ છે તે કર્મ ખપવાનું કારણ છે. રાજ્ય કરવું અને ભક્તિ કરવી, એ બહુ કઠણ વાત છે, પણ જનક વિદેહીએ તે કર્યું. દુઃખ એ ભક્તિ થવાનું એક સાધન છે. જેને છૂટવું છે તે જગતની વસ્તુઓ માગે નહીં. આપણે બાંધેલું જે ઉદય આવે તેમાં ચિત્ત દેવું નહીં. ભક્તિમાં ચિત્ત રાખવું. એ તો જવાનું છે.

**[વ૦ ૨૨૪]** **૧૩૯** શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– વૈરાગ્ય ઉપશમ થાય એવાં શાસ્ત્રો વાંચવા. સમજણ કરવાની છે. શાસ્ત્રો વૈરાગ્ય ઉપશમ હશે તો વધારે સમજાશે.

**[વ૦ ૨૨૬]** **૧૪૦** શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– વાસના કાઢવાનો ઉપાય જ્ઞાનીપુરુષનો યોગ છે. એક તો જીવને છૂટવાની ભાવના હોય અને સત્પુરુષનો યોગ મળે તો કલ્યાણ થાય. જીવે પોતાના નહીં એવા દ્રવ્યને પોતાના માન્યાં છે, તે માન્યતા જ્ઞાનીપુરુષના યોગે ફરી જાય છે. એ અચૂક ઉપાય છે. જ્ઞાનીપુરુષોનો સત્સંગ ન હોય તો પણ ભાવના તો એ જ રાખવી.

**[વ૦ ૨૩૧]**(સાંજના) **૧૪૧** આબુ, જેઠ સુદ ૪, સં. ૨૦૦૫, તા. ૩૧-૫-૧૯૪૯

પૂજ્યશ્રી–નરસિંહ મહેતાને ભગવાન પર અપૂર્વ વિશ્વાસ હતો, અને એ એમ જ જાણતા કે આપણી કંઈ લાજ જવાની નથી, એની (ભગવાનની) જ લાજ જશે. એટલો દૃઢ વિશ્વાસ હતો, અને એમના વ્યાવહારિક પ્રસંગો પૂરા થયા હતા, પણ એમને અંતરથી બિલકુલ એ માટે ઇચ્છા ન હતી કે યાચના કરી નથી.

દક્ષિણમાં એવા એક દામાજી પંત સંત થઈ ગયા. તેઓ રાજ્યના અન્નભંડાર ઉપર દેખરેખ રાખતા. એટલે કે અન્નના ખજાનચી હતા. તેઓ જાતે બહુ ભક્તિવાન અને દયાળુ હતા અને ભગવાન ઉપર અડગ શ્રદ્ધા હતી. એક વખતે રાજ્યમાં દુકાળ પડ્યો અને અનાજ વગર લોકો ભૂખે મરવા માંડ્યા. એમને થયું કે આ બધું અનાજ અહીં પડ્યું છે અને લોકો ભૂખે મરે છે તે ઠીક

નથી. એટલે એમણે બધાને એમાંથી અનાજ આપવા માંડ્યું અને વિચાર્યું કે પાછળથી જે થવાનું હશે તે થશે. થોડા જ વખતમાં અનાજના ભંડાર ખાલી થઈ ગયા. રાજાને ખબર પડી એટલે એમને પકડી મંગાવવા સિપાહીઓ મોકલ્યા. એમને પકડીને બેડીઓ પહેરાવીને સિપાહીઓ રાજા પાસે લઈ જતા હતા. રસ્તામાં મંદિર આવ્યું એટલે સિપાહીઓને કહ્યું કે મને ભગવાનનું ભજન કરી લેવા દો. સિપાહીઓએ એમને મંદિરમાં ભજન કરવા દીધું. આ બાજુ એક માણસ રાજા પાસે આવ્યો અને કહ્યું કે દામાજી પંતે જે લોકોને અન્ન આપી દીધું છે, તેના જે પૈસા થાય તે હું આપવા આવ્યો છું. રાજાને અન્નના જેટલા પૈસા થતા હતા તે બધા તે માણસે ચૂકતે કરી આપ્યા. રાજાને પૈસા મળી ગયા એટલે દામાજીને છોડી મૂકવાની આજ્ઞા કરી. એટલામાં દામાજીને લઈને સિપાહીઓ આવી પહોંચ્યા. રાજાએ એમને ત્યાં જ છૂટા કર્યા અને પૂછ્યું કે તમારા વતી પૈસા કોણ આપી ગયું? દામાજી એકદમ ખેદ કરી બોલ્યા કે મારે માટે ભગવાનને તસ્દી લેવી પડી એ ઠીક ન થયું. ત્યારથી રાજા પણ ભગવાનને માનતો થયો.

[વ૦ ૨૩૧] (સવારના સભામાં) ૧૪૨ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સુખી હોય તોય ભક્તિ કર્યા કરે અને દુઃખી હોય તોય ભક્તિ કર્યા કરે, પણ મારું આ દુઃખ જાઓ, એમ ન કરે. એ ખરી ભક્તિ છે. નરસિંહ મહેતા વગેરેને રિદ્ધિસિદ્ધિ આત્મામાં પ્રગટી હતી. છતાં બધું કામ એમનું એમ કરતા. ભક્તિમાં એમને વધારે આનંદ આવતો હતો. જ્યાં સુધી નિઃસ્પૃહતા ન આવે ત્યાં સુધી આનંદ પણ ન આવે. ભગવાનને તસ્દી આપવાની ભક્તને ઇચ્છા હોતી નથી. બધી ભક્તિમાં જે પરાભક્તિ છે તેમાં ભગવાન પ્રત્યે કંઈ ન માંગે એવું થાય છે. થાય તે બધું જોયા કરવું. કૃપાળુદેવને બધી વ્યવહારમાં મુશ્કેલી આવી છે, પણ મારું માન્યું નથી. એ તો આવી આવીને જાય છે.

[વ૦ ૨૩૨] (સાંજના) ૧૪૩ આબુ, જેઠ સુદ ૪, સં. ૨૦૦૫, તા. ૩૧-૫-૧૯૪૯

પૂજ્યશ્રી– ''પરેચ્છાનુચારીને શબ્દ-ભેદ નથી'' એટલે ઉદયાધીન, કર્માધીન અથવા ઈશ્વરેચ્છા પ્રમાણે વર્તનારને સારું-નરસું કંઈ થતું નથી, રાગ-દ્વેષ થતા નથી, પ્રીતિ-અપ્રીતિ કંઈ નથી.

[વ૦ ૨૩૨] (સવારના સભામાં) ૧૪૪ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૧૩, સં. ૨૦૦૯

મુમુક્ષુ– ''પરેચ્છાનુચારીને શબ્દ-ભેદ નથી.'' એટલે શું?

પૂજ્યશ્રી– જેને સ્વચ્છંદે વર્તવું નથી. તેને પછી આમ કહે તો સારું, આમ ન કહે તો ખોટું, એમ ન થાય. મારા કર્મનો એવો જ ઉદય હતો, એમ માને.

કાર્ય કરતાં પહેલાં વિચાર કરવો તે સારો છે. મનુષ્યભવ છે તે સોના કરતાં કિંમતી છે એમ લાગતું નથી. યોગ્યતા વગર સત્પુરુષ ઓળખાય નહીં. સત્પુરુષ પાસે લોભ લઈને આવ્યો હોય પણ લોભ પોષાય નહીં, તો અહીં શું કરે? માયા પ્રપંચ ઓછો કરે તો આત્મા ભણી વળે. લોભ હોય ત્યાં સુધી આત્મા ભણી વળાય નહીં, સત્પુરુષ ઓળખાય નહીં, માટે એને ઓછો કરવો. જીવ વગર વિચાર્યે કંઈ ને કંઈ કર્યા જ કરે છે. જીવને લોભને લઈને જે સંકલ્પ-વિકલ્પ આવે છે તેથી

કર્મ બંધાય છે. તેમાં જીવ તન્મય થઈ જાય છે. મિથ્યાત્વ અવસ્થામાં અંતઃકોટાકોટી અવધિથી ઓછાં કર્મ બંધાય નહીં. જીવ સમયે સમયે એટલો બંધ કર્યા કરે છે.

**[વ૦ ૨૩૩]** **૧૪૫** આબુ, જેઠ સુદ ૪, સં. ૨૦૦૫, તા. ૩૧-૫-૧૯૪૯

પૂજ્યશ્રી— કૃપાળુદેવે સોભાગભાઈને પ્રશ્નો પૂછ્યા છે તે મુમુક્ષુઓએ વિચારવા જેવા છે.

ચિત્તની માયાના પ્રસંગોમાં આકુળવ્યાકુળતા હોય અને તેમાં આત્મા ચિંતિત રહ્યા કરે તે ઈશ્વર પ્રસન્નતાનો માર્ગ છે કે કેમ? અને પોતાની બુદ્ધિએ નહીં તથાપિ લોકપ્રવાહને લઈને પણ કુટુંબાદિકને કારણે શોચનીય થવું એ વાસ્તવિક માર્ગ છે કે કેમ? આપણે આકુળવ્યાકુળ થવાથી કંઈ કરી શકીએ છીએ કે કેમ? અને જો કરી શકીએ છીએ તો પછી ઈશ્વર પર વિશ્વાસ શું ફળદાયક છે? એ બધા પ્રશ્નો મુમુક્ષુઓએ વારેવારે વિચારવા જેવા છે.

**[વ૦ ૨૩૪]** (સાંજના) **૧૪૬** આબુ, જેઠ સુદ ૪, સં. ૨૦૦૫, તા. ૩૧-૫-૧૯૪૯

પૂજ્યશ્રી— 'સર્વાત્મસ્વરૂપ' એટલે શું? તો કે સંપૂર્ણ સ્વરૂપ.

**[વ૦ ૨૩૬]** (સવારના સભામાં) **૧૪૭** શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— (૧) ''તરવાને માટે જીવે પ્રથમ શું જાણવું?''

મુમુક્ષુએ કેવા પ્રશ્ન કરવા જોઈએ તે કહે છે. તરવું હોય તો પહેલું શું જાણવું? તારનારને ઓળખવો જોઈએ. કુસંગ હોય તેને ત્યાગવો જોઈએ, બુડાડનારને ત્યાગવો જોઈએ.

''જેની પાસેથી ધર્મ માગવો, તે પામ્યાની પૂર્ણ ચોકસી કરવી.'' (૪૬૬) સદ્ગુરુમાં ભૂલ ન થવી જોઈએ. એમાં ભૂલ થઈ તો બધામાં ભૂલ થાય, બધો સરવાળો ખોટો આવે.

(૨) ''જીવને પરિભ્રમણ થવામાં મુખ્ય કારણ શું?''

કુગુરુની આજ્ઞાએ વર્તે અથવા સ્વચ્છંદે વર્તે તે છે. જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, પણ ખબર પડતી નથી.

(૩) ''તે કારણ કેમ ટળે?''

અસદ્ગુરુ અને અસત્સંગ એ બધાં ટાળવાનું કારણ સદ્ગુરુ છે.

જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય, પણ મોહ મંદ ન હોય એમ હોય છે. જેણે મોહ મંદ કર્યો છે તેને આત્મા ઝટ પ્રાપ્ત થાય છે. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ કરતાં જ્ઞાન પામવાની યોગ્યતા જે છે તે વધારે બળવાન છે. સમજાય તેની પકડ થવી તે મોહ મંદ થયો હોય તેને થાય છે.

**[વ૦ ૨૪૧]** *૧૪૮ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— કૃપાળુદેવનું વીતરાગપણું કેવું છે? તે વિચારવું. કૃપાળુદેવ એ ચિત્રપટ નથી, પણ કૃપાળુદેવ પરમાત્મા છે. એક આત્મપરિણતિપણે વર્તે છે. આત્મપરિણતિ કેમ સ્થિર થાય તે પુરુષાર્થ કરવો. કૃપાળુદેવ એ કરતા. બીજું પ્રારબ્ધને લઈને આવતું, તે તેમને ગમતું નહોતું. એમનું

* આ વિવેચન વચનામૃત પત્રાંક ૫૮૬નું છે, પરંતુ જુના બોધામૃત-૨માં વચનામૃત પત્રાંક ૨૪૧ના વિવેચનમાં મૂકેલ હોવાથી અહીં લીધેલ છે.

હૃદય નિર્ગ્રંથ હતું. ઉપરથી વણિક વહેવાર હતો. આપણે તો લહેર કરીએ છીએ, પણ એમને આત્મપરિણતિ ન વધે તો વેદના થતી, અને આ જીવને તો આત્મા ઓળખવાની ગરજ નથી. અજ્ઞાનદશા હોય ત્યાં સુધી અજ્ઞાન સિવાય જીવને બીજો કોઈ ભય નથી. કૃપાળુદેવને ક્ષણે ક્ષણે દુઃખ રહ્યા કરતું કે આત્મપરિણામમાં કેમ રહેવાતું નથી? જેમ છોકરાને ધાવતાં છોડાવે તો દુઃખી થઈને રડે તેવું કૃપાળુદેવને આત્મપરિણામ માટે થતું. એ બ્રાહ્મીવેદના છે, વેદનીયકર્મ નથી. એમને આ દુઃખ થવાનું કારણ ''માત્ર મોક્ષ-અભિલાષ.'' એક મોક્ષ જ જોઈએ છે, તેને માટે એટલો વૈરાગ્ય છે, તેથી એમને આ દુઃખ થાય છે. કૃપાળુદેવ કહે છે કે આત્માનો વાંક નથી. આત્મા તો ખાવા-પીવાનું કશું ઇચ્છતો નથી, તેમ છતાં પૂર્વકર્મને લઈને કરવું પડે છે. તે પૂર્વકર્મનો વાંક છે. મને દુઃખ થાય છે, મને સુખ થાય છે એવું જ્ઞાનીપુરુષોને થતું નથી.

[વ૦ ૨૪૯] ૧૪૯ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સમ્યક્‌જ્ઞાન થવામાં સત્પુરુષ એક કારણરૂપ છે. એ વિના જ્ઞાન ન થાય. પ્રભુ પ્રત્યે અખંડ પ્રેમ તે વૈરાગ્ય છે. જીવને વૈરાગ્યની ખામી છે. આત્માનું કામ પહેલું કરવાનું છે. ''કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુવિચાર વિના ન રહેવું'' (૨૫૪) પરમાર્થમાં ચિત્ત વારંવાર રહ્યા કરે એવું કરવાનું છે. વૈરાગ્ય, ઉપશમ વધારવાં. કાળ પ્રતિકૂળ છે. જ્યાં વૃત્તિ સ્થિર રાખવી જોઈએ ત્યાં જીવ નથી રાખી શકતો. દિવસે દિવસે સારાં સાધનો અને પુણ્ય વગેરે ઓછાં થતાં જાય છે. તેથી આ કાળને કળિયુગ કહ્યો છે. સત્પુરુષનો યોગ હોય તો સાચી વસ્તુ સમજાય. જીવને ધર્મમાં ઉલ્લાસ વધે તો આગળ વધી શકે. મુમુક્ષુતાની ખામી છે. દરેક વસ્તુને પોષણની જરૂર છે. કંઈક સત્સંગ હોય તો જીવ લીલો રહે, નહીં તો સુકાઈ જાય. જેવો સંગ હોય તેવો જીવને રંગ લાગે છે. વૈરાગ્યનો સંગ હોય તો વૈરાગ્ય થાય. જીવ નિમિત્તાધીન છે ત્યાં સુધી સારાં નિમિત્ત રાખવાં. જેવાં નિમિત્ત મળે તેવો થઈ જાય છે. વેપારમાં હોય તો તેમાં એકાકાર થઈ જાય છે. સત્સંગે ઉત્તમ વસ્તુ મળે અને પોતાના દોષ દેખાય છે. સત્સંગનો યોગ હોય તો લીલું રહે. સત્સંગ એ બધાં સાધનો કરતાં મોટું સાધન છે. સત્સંગ પરમ સાધન છે. જેને છૂટવું છે તેવાનો સંગ કરવો તે સત્સંગ છે.

કૃપાળુદેવ સાચા છે એવી શ્રદ્ધા રાખવી. અહંભાવ, મમત્વભાવ છોડવાનાં છે. મહાપુરુષોનો સમાગમ હોય અને તેઓ બોલે કે ન બોલે તો પણ ઘણો લાભકારી છે. મહાપુરુષોનો થોડો પણ સમાગમ ઘણો લાભકારી છે. અત્યારે મારે શું કરવું જોઈએ, એ મહાપુરુષોના યોગે સમજાય છે. સત્પુરુષોનો સમાગમ ન હોય, પણ વૃત્તિ તેમાં રહે તો લાભ જ છે. પ્રત્યક્ષ યોગથી વિશેષ લાભ થાય છે. પ્રત્યક્ષ યોગ થયો હોય તોય સત્પુરુષનું સ્વરૂપ સમજવું બહુ મુશ્કેલ છે. બુદ્ધિમાં આવે તેવી વાત નથી. આત્મા અરૂપી પદાર્થ છે. તેનો ખ્યાલ આવવો બહુ મુશ્કેલ છે. જે કરવા જેવું છે, તે સત્પુરુષોએ સમજાવ્યું છે. પ્રત્યક્ષના યોગે ઘણો લાભ થાય છે.

''જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય.'' (૪૯૩)

[વ૦ ૨૪૯] (સવારના ૧૧-૦૦ વાગે, સભામાં) ૧૫૦ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— બને તો ઊંચી દશાવાળાનો સત્સંગ કરવો. તે ન હોય તો પોતાની સમાન દશાવાળાનો સત્સંગ કરવો, પણ સત્સંગ કરવો. સત્સંગ એ આત્માને સત્ વસ્તુ તરફ પ્રેરે છે. સાધુઓને પણ એવો નિયમ હોય છે કે તેઓ એક બીજા સાથે વિહાર કરે. અસત્સંગનો આજુબાજુ ઘેરાવો હોય અને સત્પુરુષનો યોગ ન હોય તો ક્યાંય તણાઈ જાય, મુમુક્ષુતા પણ ન ટકે. માટે સત્સંગ ન હોય, તોય ભાવના તો એ જ કરવાની છે. દૃષ્ટાંત આપીને કહ્યું કે અનાર્ય કુળમાં રહેલો જીવ પોતાને સારો માને છે, તેમ જીવ મિથ્યાત્વમાં છે, તેને સારું માને છે. સારી વસ્તુમાં રુચિ થતી નથી. કાળ એવો છે.

પરમ સત્સંગની બલિહારી છે. કથાઓમાં આવે છે કે કોઈ મહત્પુરુષનો સત્સંગ થયો કે તરત પલટાઈ જતા અને સાધુ થઈ જતા. પરમ સત્સંગ હોય તો વધારે બળ ન કરવું પડે. સહેજે એના ભાવ સારા રહે છે. મુમુક્ષુજીવે મોટી દૃઢતા એ કરવાની છે કે સત્સંગ જેવું કલ્યાણનું બીજું કોઈ સાધન નથી. કલ્યાણ કરવાની ભાવના હોય તોપણ સત્સંગ હોય તો તેની વૃદ્ધિ થાય છે. ભાવના ન હોય તોય સત્સંગ હોય તો ભાવના થઈ જાય છે. કષાયની મંદતા ત્યાં થાય છે. જીવો તીર્થંકરની પાસે સમવસરણમાં આવતાં જ બધું વેર ભૂલી જાય છે. દીવો હોય તેને પવન ચંચળ કરે છે તેમ કષાય છે તે આત્માને ચંચળ બનાવે છે. કષાય મંદ થાય તો પરિણામ શાંત થાય છે. પ્રભુશ્રીજી પાસે જતા ત્યારે આ પૂછું, આ પૂછું એમ થતું, પણ પૂછવા જતા ત્યારે બધું ભૂલી જવાતું, સમાધાન થઈ જતું. તેઓના બોલતાં જ સમાધાન વગર પૂછ્યે જ થઈ જતું. નિમિત્ત કારણ અને ઉપાદાન કારણ બેય જોઈએ તો સમ્યગ્દર્શન થાય છે.

મુમુક્ષુ— પહેલાં એમ માન્યું હોય કે આ સત્પુરુષ સાચા છે. પણ પછી એ ફરી જાય છે એ શાથી?

પૂજ્યશ્રી— કર્મને લઈને એવું થાય છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ જતું પણ રહે છે, તો આપણને તો શ્રદ્ધા જ થઈ નથી, તો જાય શું? પોતાની કલ્પનાએ મને આત્મજ્ઞાન છે એમ માની લેવું નહીં.

[વ૦ ૨૫૪] ૧૫૧ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી— નિઃશંકતા એટલે શું?

૧. મુમુક્ષુ— આત્મા છે, તેને વિષે શંકારહિતપણું.

૨. મુમુક્ષુ— સત્પુરુષને વિષે શંકારહિતપણું.

પૂજ્યશ્રી— મૂળ પાયો સત્પુરુષ છે. સત્પુરુષને વિષે નિઃશંકપણું હોય કે આ જ સત્પુરુષ છે, તો જ તેની આજ્ઞાનું આરાધન થઈ શકે છે. સત્પુરુષમાં જેને દૃઢ નિશ્ચય હોય છે તેને મોહાસક્તિ મટી પદાર્થનો નિર્ણય હોય છે, તેને લીધે વ્યાકુળતા મટે છે અને તેથી નિઃસંગતા પ્રાપ્ત થાય છે. ખરી નિઃસંગતા તો વ્યાકુળતા મટે ત્યારે થાય છે.

" 'મુમુક્ષુતા' તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુઝાઈ એક 'મોક્ષ'ને વિષે જ યત્ન કરવો."

“તે ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે.”

મારામાં મુમુક્ષુતા ઉત્પન્ન થઈ છે કે નહીં, એમ કોઈને જોવું હોય તો વિચારવું કે ‘હું મારા દોષ જોવામાં અપક્ષપાતતા રાખું છું કે નહીં?’ એમ દેખે તો ખબર પડે.

મુમુક્ષુ– દોષને કેવી રીતે જોવા?

પૂજ્યશ્રી– પોતામાં દોષો હોય તેને જોવા. એમ તો ઘણા દોષ ભરેલા છે, પણ જે પોતામાં જોવામાં આવતા હોય તેને રોજ તપાસે કે, કાલે મારામાં આ દોષ હતો, તે ગયો કે નહીં? પછી તેને કાઢવાનો પ્રયત્ન કરે તો નીકળી જાય. જે નિમિત્તથી દોષ થતા હોય તેવા નિમિત્તનો ત્યાગ કરવો. તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, એટલે પોતાને ખબર પડે કે મારામાં આ દોષ આવવાનો છે, તો મનમાં વિચારે કે આ દોષ મારે નથી કરવો; તો એમ થઈ શકે છે. જેમ આપણે આઠમને દિવસે લીલોતરી નથી ખાવી, એમ કરીએ તો તેમ થઈ શકે છે. તેમ પોતાને દોષ ન કરવા હોય તો તેમ બની શકે છે.

[વ૦ ૨૫૪] ૧૫૨ બેંગ્લોર, માગસર સુદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– પહેલાં નિઃશંક થવાનું છે. જીવને ભયનું કારણ શંકા છે. મોટામાં મોટો ભય જન્મ-મરણનો છે. તે ભય સમ્યગ્દર્શન થાય ત્યારે જાય. નિઃશંકતાની જરૂર છે. જ્યાં જીવ બંધાયો છે ત્યાંથી મુક્ત થવું, એનું નામ મોક્ષ છે. જ્ઞાનીપુરુષનો યોગ થાય, તેની વચન-પ્રતીતિ આવે ત્યારે થાય કે હું જે સુખને સુખ માનતો હતો તે ભૂલભરેલું હતું, દુઃખ જ હતું. નિઃશંકતા સત્પુરુષ ઉપર કરવાની છે કે આ જ પુરુષ સુખી છે, એ જ મને માર્ગ બતાવનાર છે, એવી નિઃશંકતા કરવાની છે.

એકાંત સુખ એટલે સર્વથા સુખ; દુઃખ હોય જ નહીં. સત્પુરુષ પ્રત્યે નિઃશંકપણું તે સમ્યગ્દર્શન થવાનું કારણ છે. “જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ”

માત્ર વૈરાગ્ય છે તે જ ભયરહિત છે. સંસાર ભયથી ભરેલો છે. વૈરાગ્ય ઉત્પન્ન થવાનું કારણ સત્પુરુષ છે. ભૂલ છોડવા માટે નિઃશંક થવું. નાશવંત વસ્તુઓ બહુ ભયવાળી છે. જીવને કંઈક લાભ થાય ત્યારે માને કે નિઃશંકતા બહુ મોટી વસ્તુ છે. દુઃખ લાગ્યું હોય ત્યારે દુઃખ મટાડવાનો ઉપાય સારો લાગે. જ્યારે સંસાર દુઃખરૂપ લાગે ત્યારે દુઃખ મટાડવાનો ઉપાય કરે. જીવને ભય હોય ત્યારે પરિગ્રહ એકઠો કરે છે. જેમ રેલગાડીમાં એક ગામથી બીજે ગામ જતા હોય, ત્યારે જે જે વસ્તુઓ વગર મને અગવડ પડશે એમ ભય લાગે તે તે વસ્તુઓ સાથે લે છે. તેમ ભયને લઈને જીવ પરિગ્રહ ભેગો કરે છે. આત્માનું સુખ અચિંત્ય છે. સુખી થવાનો જીવે ઊંધો રસ્તો લીધો છે. સુખી થવાનું કારણ નિઃશંકતા છે. જીવ અત્યારે કર્મથી અવરાયેલો છે. તેમાં મુખ્ય આઠ કર્મ છે.

જીવને અનેક પ્રકારનાં કર્મ છે, તેથી તેનો સ્વભાવ અનેક પ્રકારે પ્રવર્તે છે. જીવને દુઃખી થવાનું કારણ કર્મ છે. જેવું કર્મ ઉદયમાં આવે તે રૂપે જીવ થઈ જાય છે. કર્મ અનંત પ્રકારે પ્રવર્તે છે. તેથી દોષના પણ અનંત પ્રકાર ભાસે છે. તે અનંત દોષોમાંનો મોટો દોષ એ છે કે જીવને છૂટવાની ભાવના નથી થતી, એટલે મુમુક્ષુતા નથી અથવા તીવ્ર મુમુક્ષુતા નથી. મુમુક્ષુતા આવવી

બહુ મુશ્કેલ છે.

**"દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;**
**હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય."**

એ ગુણોની પોતામાં તપાસ કરવી કે એ ગુણો મારામાં છે કે નહીં? જો એ ગુણો ન હોય તો જાણવું કે મુમુક્ષુતા નથી. મુમુક્ષુતા નથી એ મોટો દોષ છે. અમુમુક્ષુતા જાય તો બધાય દોષો જવા લાગે. જીવને સંસારનું સ્વરૂપ સમજાયું નથી. પોતાના સ્વરૂપનું ભાન નથી, તેથી મુમુક્ષુતા ઉત્પન્ન થતી નથી.

મુમુક્ષુતા ઉત્પન્ન ન થવાનું કારણ આગ્રહ છે. મનુષ્યમાં વિચાર કરવાની શક્તિ હોય છે, તેથી જાણી શકે છે કે મારે જવાનું તો છે જ. તેથી ધર્મ કરીને સુખી થઈશ એમ વિચારીને પોતાની મેળે આચરણ કરે અને કહે કે હું તો ધર્મ કરું છું, પણ તે ધર્મ ન કહેવાય. જ્ઞાનીપુરુષના બતાવેલ રસ્તે ચાલે તો ધર્મ કહેવાય છે. પોતાની માન્યતાએ જે કરે તે મિથ્યા છે. મુમુક્ષુતા એ સાચી વસ્તુ છે. મુમુક્ષુતા એટલે એક માત્ર મોક્ષ સિવાય બીજી ઇચ્છા નહીં અથવા મોહાસક્તિથી મૂંઝાય. મુમુક્ષુતા ત્યારે ઉત્પન્ન થાય કે જ્યારે મોહાસક્તિ છૂટી જાય. મુમુક્ષુતા આવ્યા પછી એક મોક્ષનો જ પુરુષાર્થ હોય છે. જીવને જગતના ઘણા પદાર્થો પ્રત્યે આકર્ષણ છે, તેથી એમ કહ્યું કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મૂંઝાય. એ સમજણ વગર થાય એમ નથી. સંસારનાં બધાં કારણોનો ત્યાગ કરે ત્યારે થાય. છોડીને અભિમાન કરવાનું નથી. બકરું કાઢતાં ઊંટ ન પેસી જવું જોઈએ. સમજણ વગર બધું એવું થાય. નજીવી વસ્તુમાં મોહ રહી જાય, તો અમૂલ્ય વસ્તુ ખોઈ બેસે એમ છે. મોહાસક્તિ બધી ખોટી છે. નાની હોય કે મોટી હોય, પણ આત્માને આવરણ કરનારી છે. મુમુક્ષુતા એટલે એક મોક્ષને વિષે જ પુરુષાર્થ. પૂર્વ પ્રારબ્ધને લઈને પ્રવર્તન કરવું પડે, પણ તેમાં રાજી ન થાય. એક મોક્ષનો લક્ષ રાખીને, મોહનાં કામ કરવાં પડે તો તેમાં મૂંઝાય છે; કારણકે સાચાને સાચું જાણ્યું છે. તીવ્ર મુમુક્ષુતા એટલે ક્ષણે ક્ષણે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં પ્રવર્તન. તેને હવે બીજું કંઈ ન જોઈએ. તીવ્ર મુમુક્ષુતાવાળા વિરલા પુરુષો છે. મુમુક્ષુતા ક્યારે આવે? તો કે પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા આવે, બીજાના દોષ ન જુએ, પોતાના દોષ કાઢવાના ઉપાય શોધે, પોતાના દોષ જોવામાં પક્ષપાત કરે નહીં એટલે કે આના કરતાં મારામાં ઓછા દોષ છે અથવા એ દોષો તો આનામાં પણ છે, એમ ન કરતાં અપક્ષપાતપણે પોતાના દોષ જુએ, પોતાના દોષ કટાક્ષદૃષ્ટિથી જુએ ત્યારે મુમુક્ષુતા ઉત્પન્ન થાય. પોતાના દોષ જુએ એ મુમુક્ષુતાનું લક્ષણ છે. પોતાની સંભાળ લેવાનું જીવ ભૂલ્યો છે. દોષો તપાસવાનું સૂઝે તો બધું થાય અને એ જ સૂઝતું નથી. એક અઢાર પાપસ્થાનક પણ વિચારપૂર્વક વિચારાય તો બહુ લાભ છે. વારંવાર જીવ દોષો કરે છે. જીવ દોષોની તપાસ નથી કરતો, તેથી પશ્ચાત્તાપ થતો નથી.

[વ૦ ૨૫૪] ૧૫૩ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર સુદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– "પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા" એટલે શું?

મુમુક્ષુ– દોષનો પક્ષ ન કરે.

પૂજ્યશ્રી– પોતે ક્રોધ કરતો હોય તો ક્રોધને સારો ન માને. દોષને ખોટો જાણે અને કાઢવાનો પ્રયત્ન કરે. પોતે જૂઠું બોલતો હોય તો એમ કહે કે હું એકલો જ ક્યાં જૂઠું બોલું છું. જગતમાં ઘણા બોલે છે; એમ ન કરે તે અપક્ષપાતતા છે.

મુમુક્ષુતા આવ્યા પછી પણ ''આ લોકની અલ્પ પણ સુખેચ્છા'' રહે છે કે આપણને સારું ખાવાનું મળે છે, રહેવાનું મળે છે અને ભક્તિ કરવાનું પણ મળે છે. આત્મા જ સત્ય છે, એવું લાગ્યું નથી. અથવા પોતાનો આત્મા જ આનંદરૂપ છે, એમ નથી લાગ્યું. મુમુક્ષુતા આવ્યા પછી મનમાં એમ રહે કે આપણને સારું ખાવાને મળે છે, કમાવું પડતું નથી. આપણને મજા છે, એમ રહે તો યોગ્યતા રોકાઈ જાય છે. આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહે, ત્યાં જીવની યોગ્યતા રોકાઈ જાય છે.

સત્પુરુષ મળ્યા પછી પરમ દૈન્યપણું આવે છે. સર્વ પ્રાણીને વિષે પોતાનું દાસત્વ મનાય છે.

એ બન્ને થયાં હોય પણ આત્માનો નિર્ણય ન થયો હોય તો બીજાને જ આત્મા માની બેસે કે આ મારું સ્વરૂપ અને ઉપરથી કહે કે મને વૈરાગ્ય છે. હું ક્યાં ક્રોધ કરું છું, એમ.

કૃપાળુદેવે પણ તેઓના વખતના મુમુક્ષુઓમાં આ કારણો જોયાં હતાં. અલૌકિક સ્વરૂપને ઓળખવાની તીવ્રતા રહેશે તો ઓળખાશે. જેમ જેમ મુમુક્ષુતા આવે તેમ તેમ સત્પુરુષ ઓળખાય છે.

**[વ૦ ૨૫૪]** (બપોરના) ૧૫૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૮, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ''નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે; અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે.'' રોજ બોલીએ છીએ–

**''હે પ્રભુ! હે પ્રભુ! શું કહું? દીનાનાથ દયાળ;**
**હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.''**

અનંત દોષ જીવમાં છે પણ મોટો દોષ કયો છે, તે કહે છે. તીવ્ર મુમુક્ષુતા ઉત્પન્ન ન જ હોય કે મુમુક્ષુતા જ ઉત્પન્ન ન હોય તે જ મોટામાં મોટો દોષ છે. જીવમાં મુમુક્ષુતા નથી એ મોટો દોષ છે. જીવ ગમે તે ધર્મ કરતો હોય અને માને કે હું મુમુક્ષુ છું પણ એ મુમુક્ષુતા નથી. મનુષ્ય માત્ર ગમે તે ધર્મને માને છે. દરેકને ધર્મ ગમે છે અને તે પ્રમાણે કરવાની માન્યતા હોય છે, પણ એ મુમુક્ષુતા જ્ઞાનીપુરુષોએ સ્વીકારી નથી. મુમુક્ષુતા શાને કહે છે? આખું જગત મોહના કારણોમાં મીઠાશ માને છે. જગતના જીવોને જ્યાં આસક્તિ થાય છે ત્યાં મુમુક્ષુને મૂંઝવણ થાય છે. મોહના કારણોમાં રાજી ન થાય, પણ મૂંઝાય અને છુટાય એવા રસ્તે વર્તે છે તે મુમુક્ષુ છે. એક ક્ષણ પણ નકામી ન જાય, ક્ષણે ક્ષણે મોક્ષના માર્ગમાં અનન્ય પ્રેમે પ્રવર્તે, ઉલ્લાસભાવ આવે ત્યારે તીવ્ર મુમુક્ષુતા આવી કહેવાય. એ નથી એ મોટામાં મોટો દોષ છે. જ્યારે છૂટવા માટે કરે ત્યારથી મુમુક્ષુ ગણાય છે. એ મુમુક્ષુતા કેમ ઉત્પન્ન થાય તે કહે છે. પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા રાખે, બીજાનાં દોષ ન દેખે, દોષનો પક્ષપાત ન કરે એટલે બધાય જૂઠું બોલે છે અને હું પણ બોલું છું, એમાં શું? એમ પક્ષપાત ન કરે. પોતાના દોષ અપક્ષપાતે જુએ ત્યારે મુમુક્ષુ કહેવાય. દોષો દેખાયા

પછી છોડવા લાગે છે. ન જાય તો કોઈ જ્ઞાનીને પૂછે, તેની શોધ કરે. સ્વચ્છંદે વર્તે તો દોષ વધે.

**"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;**
**પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ."**

જ્ઞાનીની ઇચ્છાએ વર્તે તો સ્વચ્છંદ ન રહે. પોતાના દોષ જોવાથી, દોષો ટાળવાથી, સ્વચ્છંદ રોકવાથી જીવ બોધને યોગ્ય થાય છે. દોષ ટાળવાનો ઉપાય જ્ઞાની પાસે છે. મારામાં બહુ દોષ છે, એમ લક્ષ રાખી જ્ઞાની પાસે સાંભળે. જ્ઞાની કોઈ ઉપાય બતાવે તેવી રીતે તેની આજ્ઞાએ વર્તવું છે, એવું થાય ત્યારે મુમુક્ષુતા આવે. પોતાના દોષ ટાળવા જે જ્ઞાનીની આજ્ઞાએ વર્તે છે તેને પણ આગળ ચાલવામાં ત્રણ દોષ આડા આવે છે, તે કહે છે—

(૧) આ લોકની અલ્પ પણ સુખેચ્છા— એ જ્યાં સુધી હોય ત્યાં સુધી આગળ ન વધાય. (૨) પરમ દૈન્યતાની ઓછાઈ— એટલે હું અધમાધમ છું એમ ન થઈ ગયું હોય, તો અભિમાનમાં તણાઈ જાય. (૩) પદાર્થનો અનિર્ણય— જડ ચેતનનો નિર્ણય ન થાય. જ્યારે પદાર્થનો નિર્ણય થાય ત્યારે પોતાના સ્વરૂપનો વિચાર કરે છે. એ દોષો ટાળવાનો ઉપાય પછી કહેશે. તે પહેલાં આ ત્રણ દોષ શું છે, તેનું સ્વરૂપ કહે છે.

જ્યાં સુધી આ લોકની અલ્પ પણ સુખેચ્છા હોય ત્યાં સુધી તીવ્ર મુમુક્ષુતા ઉત્પન્ન ન થાય. બધું જે કંઈ કરે તે બીજામાં ઢોળી નાંખે. આત્મા એ જ સાચી વસ્તુ છે, એવું એને દૃઢ થયું નથી. તેથી નાશવંત વસ્તુઓની ઇચ્છા કરે છે. અનિત્ય વસ્તુઓની ઇચ્છા, વિચારવાન હોય તે ન કરે. આત્મા જ પરમાનંદરૂપ છે, અનંત સુખનો ધણી તો આત્મા છે એવું એને દૃઢ થયું નથી. તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે. તેથી તીવ્ર મુમુક્ષુતા આવતી નથી. મોક્ષના માર્ગમાં પુરુષાર્થ કરતો હોય ત્યારે એને પુણ્યના યોગે શાતાનાં કારણો હોય છે તેમાં જ એ ખળી રહે છે. બધા જ્ઞાનીનું કહેવું છે કે ભ્રાંતિ છૂટી નથી. બહારની વસ્તુઓની ઇચ્છા કરે છે, પણ ખરું સુખ તો આત્મામાં છે એવું દૃઢ થાય ત્યારે ઇચ્છા ન થાય. દેહ અને આત્મા જુદાં છે એમ થયું નથી. બહારની વસ્તુઓ છે તે બધાં પ્રતિબંધ છે. એ ઓછાં થાય ત્યારે આત્મામાં વૃત્તિ જાય. મૂળ જે લક્ષ થવો હતો તે થયો નથી. બાહ્ય શાતાનાં કંઈ કારણો મળે તેમાં જ જીવની વૃત્તિ રોકાઈ જાય છે. પરમાર્થ માટે ઊઠ્યો હોય તો પણ બહારની વસ્તુઓમાં વૃત્તિ રહે છે. સાધુ થયો હોય તો પણ ધનવાન, મોટા હોય તેઓને આવો, બેસો! એમ કહે કારણકે એનું માહાત્મ્ય ગયું નથી.

પરમ દૈન્યતાની ઓછાઈ છે તે પણ એક દોષ છે તે શું છે તે કહે છે. પરમ દૈન્યતા ન આવે ત્યાં સુધી એ દોષ છે. સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ અને હું અધમાધમ છું. બધા મોક્ષે જાઓ, બધાનું દાસત્વ હું કરું એવી ભાવના પરમ દૈન્યપણું હોય તેને થાય છે. આ પરમ દૈન્યત્વ અટક્યું છે, ટકતું નથી ત્યાં સુધી યોગ્યતા આવતી નથી. માહાત્મ્યવાળી વસ્તુ લાગે ત્યાં એને ભક્તિ થાય છે. સત્પુરુષ જ પરમાત્મા છે એમ થાય, સત્પુરુષનો આત્મા ઓળખાય, સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે ત્યારે ભક્તિ થાય છે. આત્માનું ઓળખાણ થયા પહેલાં સત્પુરુષમાં

આત્મદૃષ્ટિ થાય છે. એનું માહાત્મ્ય લાગે તો મિથ્યાત્વ મંદ થઈ આત્માનો નિર્ણય થાય. ''જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણ અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય.'' (૪૯૩)

સત્સંગના વિયોગે જીવને એવા ડાઘ પડે છે કે પછીથી જાય નહીં. માટે ડાઘ ન પડે એવું કરવાનું છે. એક કહેવત છે કે ચકલી માથે આવીને બેસે તો કંઈ નહીં, પણ માળો ન કરવા દેવો. તેમ વિચારો આવી આવીને મનમાંથી જાય તો કંઈ નુકસાન કરે નહીં; પણ એકનો એક વિચાર જો રહ્યો તો એ ઘર કરી બેસે. માટે ચેતતા રહેવું. રોજ ભગવાનને પ્રાર્થના કરવી કે હે ભગવાન! હું તો અધમાધમ છું. કેટલીક વાર સમૂહમાં પ્રાર્થના કરવાની હોય છે અને કેટલીક વાર એકાંતમાં પણ કરવાની હોય છે. બેયની જરૂર છે. સૂતી વખતે વીસદોહરા, યમનિયમ, ક્ષમાપના ત્રણ અનુક્રમે બોલીને કૃપાળુદેવનું શરણું લઈને સૂવે તો કંઈ સૂવામાં મોડું ન થાય. એ કરવા જેવું છે.

કૃપાળુદેવ હાજરાહજૂર છે એમ રાખીને ભક્તિ કરવી. આ કળિકાળમાં કૃપાળુદેવ જેવા આપણા માટે આવી ચઢ્યા છે ને પ્રભુશ્રીજી ચોથા આરાના મુનિ જેવા આ કાળમાં થઈ ગયા.

[૧]આનંદશ્રાવક 'છોડું-છોડું' કરતાં પૌષધશાળામાં બેસી ગયા. બધાથી છૂટ્યા અને અવધિજ્ઞાન પ્રગટાવ્યું. જેટલું પુણ્ય છે તેટલું મળવાનું છે. ઇચ્છા કરે તોપણ પુણ્ય વગર ન આવે. ઇચ્છા કરીને કર્મ બાંધે છે. સંતોષ નથી રાખતો. જે કંઈ મળ્યું હોય તેમાંથી દાનની ભાવના કરવી.

સમ્યક્‌દર્શનનો ઉપદેશ આપે, બોલી જાય, પણ અંદર કશું ચોંટે નહીં. સમ્યક્‌ત્વનું માહાત્મ્ય તો આગમમાં ઘણું છે, પણ મને સમ્યક્‌ત્વ છે, એમ જેને હોય તેને શું થાય? જે સમજ્યા છે તે શમાયા છે. અનાદિકાળથી મિથ્યાત્વની ગાંઠ વધતી આવી છે. મોટી ગાંઠ છે. રોજ બોલીએ છીએ–

**''હું પામર શું કરી શકું? એવો નથી વિવેક;**
**ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.''**

એને શરણે રહે તો બધું થાય. સાચો ભાવ તો એને શરણે રહેવું તે છે. નહીં તો અભિમાન કરે. એ અભિમાન ટાળવાનું છે. કૃપાળુદેવે મૂળમાર્ગમાં કહ્યું છેઃ

**''મૂળ મારગ સાંભળો જિનનો રે; કરી વૃત્તિ અખંડ સન્મુખ.''**

જ્ઞાનીપુરુષનું શું કહેવું છે, ત્યાં અખંડ વૃત્તિ રાખે તો કામ થાય. જેમ જેમ ગરજ જાગે તેમ તેમ થાય. એક મહિના સુધી સત્સંગ કરે તો સીધે રસ્તે ચઢી જાય, કામ થઈ જાય. મિથ્યાત્વની ગાંઠ આંખે દેખાય તેવી નથી. પોતાના ભાવ નિર્મળ થાય ત્યારે સમજાય. પાછી દૃષ્ટિ વળવી મુશ્કેલ છે. જીવને બીજાના દોષ દેખાય છે, પણ પોતાના દોષ દેખાતા નથી. અંતર્‌શુદ્ધિ જોઈએ. મન મેલું હોય, અંતર મેલું હોય તેને ત્યાગથી કંઈ ન થાય. જીવને રસ નથી આવતો, તેનું કારણ આવરણ છે. એ દૂર કરવા માટે જ્ઞાનીપુરુષો વારંવાર કહે છે કે જાગૃત થા, જાગૃત થા. બીજી વસ્તુઓથી જીવે મન ભરી નાંખ્યું છે. જગતની વસ્તુઓમાં એટલું માહાત્મ્ય લાગ્યું છે કે તેને આડે

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૮૦.

પરમાર્થનું માહાત્મ્ય નથી. કોઈ જીવ બાજરીના રોટલા ખાઈ ધરાઈ બેઠો હોય, ત્યારપછી તેને દૂધપાક આપે તો ક્યાં નાંખે ?

મુમુક્ષુ— બાર બાર કલાક ભક્તિ ચાલે છે, છતાં રસ કેમ નથી આવતો ?

પૂજ્યશ્રી— બીજી વસ્તુઓ આડી આવી પડી છે. ભક્તિમાં પણ મન બહાર ભમે છે. એક ક્ષણવાર પણ ભગવાનને સંભારતો નથી. આવા કાળમાં આપણે ચેતતા રહેવાનું છે.

લઘુતાના બે અર્થ છે. એક તો સામાન્યપણે માન ન કરવું, મોટા ન ગણાવવું. બીજું પરિગ્રહનો ભાર ઓછો કરવો. જેટલો ઓછો કરે એટલો એ લઘુ થાય, હલકો થાય. ડાહ્યા ન થવું. સામાન્યપણું છોડી અલૌકિક દૃષ્ટિ રાખવી. જ્ઞાની કહે છે તે કરવાનું મારું કામ છે. સાંભળ સાંભળ કરવાનું નથી. અલૌકિક ભાવ આવે ત્યારે એ મારે કરવું છે એમ થાય. મારું કામ છે કરવાનું—સમભાવ કરવા જેવું, લેવા જેવું. આત્માને બેસવાની જગ્યા સમભાવ.

સત્સંગમાં કોઈ વચન સાંભળવાને મળે પણ બધાને જગતમાં ક્યાંથી મળે ? પ્રભુશ્રીજી કહેતા કે ખાજાની ભૂકરીથી પણ પેટ ભરાય છે.

એક કંદોઈની છોકરી હતી, તે મીઠાઈ વેચાય ત્યારે મીઠાઈની ખાંડની ભૂકરી ખરે તે ખાઈને ધરાઈ જાય. એક વખતે દુકાળ પડ્યો, તેથી લોકો તેની દુકાનની બાજુથી પસાર થઈને મજૂરી કરવા માટે જતા હતા. છોકરીએ પૂછ્યું કે તમે ક્યાં જાઓ છો ? લોકોએ કહ્યું: દુકાળ પડ્યો છે, માટે મજૂરી કરીને ખાઈએ છીએ. છોકરીએ કહ્યું: ખાજાની ભૂકરી ખાય તો પેટ ન ભરાય ? લોકોએ કહ્યું: બધાને એ ક્યાંથી મળે ? તને મળે; પણ બધાને ક્યાંથી ?

[1]પાર્શ્વનાથ ભગવાન કમઠ પાસે આવી લાકડું ફડાવીને નાગને કઢાવે છે, ત્યારે સાપના બધા પાપો સંક્રમીને પુણ્યરૂપ થાય છે, નહીં તો સાપ તો નરકમાં જ જાય. અધ્યાત્મજ્ઞાન સંપાદન કરવા માટે આ બધું કહે છે.

આત્માની ઓળખાણ થયા પહેલાં સત્પુરુષમાં આત્મદૃષ્ટિ થાય છે. એનું માહાત્મ્ય લાગે તો મિથ્યાત્વ મંદ થઈ આત્માનો નિર્ણય થાય.

આવા પુરુષોએ જે નિર્ણય કર્યો છે તે જ મારે માનવો. સ્વચ્છંદ જાય તો સહજે જ્ઞાન થાય. સત્પુરુષમાં ભક્તિ આવે ત્યારે હું તો અધમાધમ છું, કંઈ જાણતો નથી, સત્પુરુષો જ પરમેશ્વર છે અને બધાય જીવોનો હું દાસ છું એમ થાય છે. સત્પુરુષનું માહાત્મ્ય સમજાય ત્યારે જ લઘુતા આવે છે. જ્યાં સુધી આત્મા ફર્યો નથી, ત્યાં સુધી સમતા છે તે કલ્પિત છે. આત્મા ઓળખ્યા વિના સમતા રાખે છે તે મોક્ષે ન લઈ જાય, ઊલટો આઘે લઈ જાય. આત્મા નથી જાણ્યો ત્યાં સુધી કલ્પના કરે છે. જેમ વિલાયત નથી જોયું તોય જીવ કલ્પના કરે છે, તેમ આત્માની પણ ગોઠવણ કરે છે. આત્માનું ભાન થયું નથી ત્યાં સુધી કલ્પના છે. જેને માટે પુરુષાર્થ કરવાનો હોય તે ન કરે. પરમ પ્રેમ વગર એ વસ્તુ ઓળખાય એવી નથી. સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ એ ત્રણેમાં બળવાન છે. બધાનું કારણ મહાત્મા પ્રત્યે પ્રેમ છે તે હોય તો બીજા ત્રણે દોષો જાય. પરમ પ્રેમ

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૨૮૫ તથા પ્રજ્ઞાવબોધ પૃષ્ઠ ૧૧૭ થી ૧૧૮.

સત્પુરુષો પ્રત્યે થાય, તેમના પ્રત્યે અર્પણતા થાય, પ્રેમ જગતમાં છે તે ઉઠાડી એમનામાં જોડે તો મોક્ષ થાય. મુમુક્ષુતા પ્રગટાવવી પોતાના હાથમાં છે. મોહના કારણોમાં રાજી ન થવું, મૂંઝાવું. તપાસે તો બધું ખબર પડે. મુમુક્ષુ છે તે પોતાના દોષ જુએ છે, દોષ એને ગમતા નથી. જેથી આત્માને શાંતિ આવે એ કરવાનું છે. જ્યાં જીવને હિતકારી વસ્તુ લાગે ત્યાં પ્રેમ કરે છે, ત્યાં જ એનું મન જાય છે અને તેને જ ઇચ્છે છે, તેમજ તે વસ્તુ પ્રત્યે એને પ્રેમ થાય છે. જેમ જેમ સત્પુરુષનું માહાત્મ્ય લાગે તેમ તેમ પ્રેમ આવે. મહાત્મા પ્રત્યે પરમ પ્રેમ કરવાનો છે. જ્યારે ત્યારે જીવને ભાવ થશે ત્યારે છૂટવાનું થશે. મહાત્મા એમના એમ કંઈ ઓળખાતા નથી. દેહદૃષ્ટિ ફરે ત્યારે ઓળખાય. જેટલી મુમુક્ષુતા આવશે, મોહથી મૂંઝાશે તેટલું સત્પુરુષનું ઓળખાણ થશે.

**"ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય."**

આ જ સત્પુરુષ છે, એમ થાય તો પોતાના સ્વરૂપનું ભાન થવાનું કારણ થાય છે. પદાર્થનો નિર્ણય થાય ત્યારે ચિત્ત શાંત થાય, વ્યાકુળતા ન રહે. બધાનું કારણ સત્પુરુષ પ્રત્યે પરમેશ્વર બુદ્ધિ થાય તો એને પદાર્થનો નિર્ણય થાય, તેથી વ્યાકુળતા મટે, ત્યાર પછી નિઃસંગ થાય. કંઈ પણ એને પછી દુઃખરૂપ લાગતું નથી. બધા દુઃખથી નિર્ભય થઈ જાય. મરણ આવે તો પણ નિર્ભય રહે છે. ત્યાર પછી નિઃસંગ થાય. દુઃખથી જીવ ડરે છે અને દુઃખને દૂર કરવા બહારના ઉપાય કરે છે. જીવનું કલ્યાણ થાય એવી વાત છે. કોઈ શાસ્ત્રમાં આવી વાત ન મળે.

કળિયુગમાં જો પુરુષાર્થ ન કરે તો બીજી વસ્તુઓમાં તણાઈ જાય. દુઃખે કરીને ધર્મ પ્રાપ્ત થાય એવું છે. માટે એક ક્ષણવાર પણ વસ્તુ વિચાર વિના ન રહેવું.

**[વ૦ ૨૫૪]** (સવારના સભામાં) ૧૫૫ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૬, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– નિઃશંકતા શાને કહેતા હશે ? નિઃશંકતા જ્ઞાનીમાં હોય તો જ આત્મામાં નિઃશંકતા આવે. નિઃશંકતાથી વચન ગ્રહણ કરે, તેથી આત્માની નિઃશંકતા આવે. નિમિત્તમાં પણ એને નિઃશંકતા અને આત્મામાં પણ નિઃશંકતા આવે છે. સત્પુરુષમાં નિઃશંક થાય તેને આત્માનો નિર્ણય થાય અને એ નિર્ણય થાય તો પછી દુઃખાદિથી ભય એને લાગતો નથી. નિર્ણય થઈ ગયો તો પછી એને કંઈ ભય ન રહે અને નિઃસંગ થઈ જાય. જ્ઞાનીપુરુષ સમજાય તો એને આત્મા સમજાય, તેથી બધાં દુઃખથી નિર્ભય થઈ જાય. ભયથી જીવ પરિગ્રહ રાખે છે. આત્માનો વાળ વાંકો થવાનો નથી, એમ થઈ જાય તો બધા સંગથી અસંગ થઈ જાય. 'હું દેહ નથી' એમ થાય ત્યારે એવું થાય. આત્માને માટે દેહની સંભાળ રાખે. દેહને માટે ન રાખે. સમજણ આવી હોય તો એવું થાય.

જીવના દોષો અનંત છે. અનંત પ્રકારના દોષોમાં મોટામાં મોટો દોષ તો મુમુક્ષુતા નથી એ છે. બધા જીવો ધર્મ કરે છે. ગમે તે ધર્મ કરે છે તેનું નામ મુમુક્ષુતા નથી. હું મુમુક્ષુ છું કે નહીં, એ તપાસવા જ્ઞાનીપુરુષો કસોટી આપે છે કે મોહના કારણોથી એને મૂંઝવણ થાય. જેમ ધુમાડાથી મૂંઝવણ થાય તેમ મોહથી મૂંઝવણ થાય, સંસાર ઝેર જેવો લાગે ત્યારે મુમુક્ષુ થયો કહેવાય. નહીં તો એને સંસારની ઇચ્છા છે. પરિગ્રહનું સ્વરૂપ આવું છે. પછી એને છોડવું હોય તોય છૂટે નહીં.

મોહથી મૂંઝાય તો મોક્ષના માર્ગની પ્રતીતિ થાય કે આ રસ્તે છુટાય. જેને છૂટવું છે તેને કૃપાળુદેવ રસ્તો બતાવે છે. જેને નથી છૂટવું તેને માટે કંઈ નથી કહેવું.

મુમુક્ષુતા નથી એ જ ખામી છે. એ મુમુક્ષુતા જેમ જેમ આવશે તેમ તેમ છુટાશે. બધાય કંઈ મુમુક્ષુરૂપે જન્મે એમ નથી. પૂર્વે પુરુષાર્થ કર્યો હોય તે જન્મે છે. તીર્થંકર ભગવાન જેવા જન્મથી જ મુમુક્ષુરૂપે જન્મે છે, પણ જેને મુમુક્ષુતા ઉત્પન્ન કરવી હોય તેને રસ્તો બતાવે છે કે પોતાના દોષો જુએ, બીજાના દોષો ન જુએ. પોતાના દોષો જુએ, ટાળવાનો ઉપાય કરે તો છૂટે. દોષોનો પક્ષપાત કરે તો એને છોડવાની ભાવના ન થાય. કપડા ઉપર ડાઘ પડ્યો હોય તો ધોઈ નાંખવાનું મન થાય. દોષ નથી દેખાયા તેથી લાગતું નથી. નહીં તો શરમ આવે એવું છે. દોષમાં પક્ષપાતતા એટલે હું એકલો જ ક્યાં દોષ કરું છું, બીજાય કરે છેને? બીજા કરતાં હું તો સારો છું, એમ પક્ષપાતતા કરે તો દોષો જાય નહીં. વગર ટિકિટે ગાડીમાં બેસતો હોય તો કહે કે હું એકલો જ ક્યાં બેસું છું? બીજા ઘણાય બેસે છે. જેટલી દોષોમાં પક્ષપાતતા તેટલી ધર્મમાં ઉપેક્ષા થાય છે. સ્વચ્છંદી હોય તેને જ્ઞાનીપુરુષ ઉપદેશ આપે, આજ્ઞા કરે તોય શું લાભ થાય?

બોધના યોગે સ્વચ્છંદે ન વર્તે તો દોષો જાય. જ્ઞાનીનું કહેલું માને એટલી એને ગરજ હોય છે. જેને સ્વચ્છંદ નથી કરવો અને જે પોતાના દોષો જુએ છે, તેમ છતાં આગળ જવામાં ત્રણ કારણો એને રોકે છે.

(૧) સંસારથી કંટાળ્યો હોય, સાધુ થયો હોય તોપણ સંસારના અલ્પ પણ સુખની ઇચ્છા રહ્યા કરે છે. (૨) સત્પુરુષ પ્રત્યે પરમેશ્વરબુદ્ધિ આવવી બહુ મુશ્કેલ છે અને (૩) પદાર્થનો નિર્ણય નહીં. એ ત્રણ દોષ હોય ત્યાં સુધી તીવ્ર મુમુક્ષુતા ઉત્પન્ન ન થાય. પ્રભુ પ્રભુ લય લગાડે ત્યારે તીવ્ર મુમુક્ષુ થાય. એ બીજામાં વૃત્તિ હોય ત્યાં સુધી લાગે નહીં.

**“પુદ્ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત.”** (દે૦ ૪)

આત્માનો અનુભવ કરવો હોય તો પુદ્ગલનો અનુભવ ત્યાગવો. “જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે.”

મુમુક્ષુ છે તે પોતાના દોષો જુએ છે. મારે સ્વચ્છંદે વર્તવું નથી એમ થયું છે, છતાં એ બીજામાં ફસાય છે. આત્મા જ પરમાનંદરૂપ છે, એકાંત સુખી મુનિ વીતરાગ છે. એ સુખ ક્યારે મળશે? એવું એને થયું નથી. મુમુક્ષુ થયો તેથી બીજાના કરતાં કંઈક જુદો પડ્યો તેથી લોકો વખાણે, જમવા બોલાવે તો એમાં જ પાછો ખળી જાય. મુમુક્ષુતાય ખોઈ બેસે. ઠગારું પાટણ છે. જ્યાં વૃત્તિ ઢળી ત્યાં બંધન થઈ જાય.

પરમ દૈન્યત્વ કોને કહેવાય, તે કહે છે. સત્પુરુષમાં પરમેશ્વર બુદ્ધિ થાય, આત્માની યથાર્થ શ્રદ્ધા થાય તો દૃઢતા થાય, લય લાગે. સત્પુરુષ ઓળખાય તો એ તો આખા જગતના શિષ્ય જેવા છે. સર્વ જીવોને સિદ્ધ સમાન જાણે છે. પ્રભુશ્રીજી કહેતા કે અમે તો જે કૃપાળુદેવને માનતા હોય તેના દાસના દાસ છીએ.

"માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય,
જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય."

બીજી રીતે તો માન વધે અને સત્પુરુષ દ્વારા માન જાય છે. જ્ઞાનીપુરુષ ઓળખાય તો થાય કે એમનામાં માન નથી, તેથી દૈન્યત્વ આવે, માન ન થાય. ખરી રીતે અહીંથી જ ધર્મ પ્રગટે છે. 'दासोऽहं' થાય છે, તેથી માન રહેતું નથી.

પદાર્થનો નિર્ણય ન થયો હોય તો ત્યાં સુધી શાંતિ આવે નહીં.

"સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે."(૫૬૯) એ આવ્યા વિના શાંતિ થાય નહીં. મિથ્યાત્વ અવસ્થામાં સમતા આવે તેય મિથ્યાસમતા છે. મને જે દેખાય છે તે ખોટું છે. એમ ન થવાથી પ્રેમ પ્રભુ પ્રત્યે આવતો નથી. જે જીવ કરે છે તે સફળ થતું નથી. આત્મજ્ઞાન થાય ત્યારે બધું સફળ થાય. એ કરવા માટે એનો લક્ષ રાખીને સમતા રાખે તો મિથ્યાત્વ જવાનું કારણ થાય. મિથ્યાસમતા શા માટે કહી છે? તો કે ટકી રહેતી નથી તેથી.

કોઈ એક જણે એક મુનિને પૂછ્યું કે મહારાજ! આપનું નામ શું? મહારાજે કહ્યું, શીતળદાસ. થોડીકવાર થઈને ફરી પૂછ્યુંઃ મહારાજ, આપનું નામ? મહારાજે કહ્યું. શીતળદાસ. થોડીકવાર થઈને ફરી પૂછ્યું કે મહારાજ આપનું નામ શું? મહારાજ ગરમ થઈને બોલ્યા– સાલા, બાર બાર પૂછતા હૈ! એમ અગ્નિદાસ થઈ ગયો. "બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં." તેને બદલે અગ્નિ જેવો થઈ જાય. આત્મજ્ઞાન થયું હોય તો ભલે ગાળ ભાંડે, તોય મને શું લાગે, એમ થાય.

કૃપાળુદેવ પોતાનો અનુભવ કહે છે કે એ ત્રણ દોષો ઘણા મુમુક્ષુઓમાં અમને દેખાયા છે.

સત્પુરુષમાં પરમેશ્વર બુદ્ધિ થઈ જાય તો પછી પરમ પ્રેમથી અર્પણ બુદ્ધિ કરે. મહાત્માના જોગે અલૌકિક સ્વરૂપને ઓળખવું, નહીં તો કોઈના કહેવાથી માન્યું હોય તે ટકે નહીં. જેટલી મુમુક્ષુતા હોય તેટલા સત્પુરુષ ઓળખાય. મહાત્મામાં દૃઢ નિશ્ચય મોહાસક્તિ મટ્યા વગર થાય નહીં. મોહાસક્તિ મટી ન હોય તો મને ફલાણું આપો એમ ઇચ્છા કરે.

અંબાલાલભાઈ મુંબઈ ગયા હતા. તે વખતે કૃપાળુદેવ અને અંબાલાલભાઈ બન્ને દરિયા કિનારે ફરવા ગયા હતા. કૃપાળુદેવે અંબાલાલભાઈને કહ્યું કે આમાં પાણી કેટલું ઊંડું છે? અંબાલાલભાઈ કપડાં ઉતારીને અંદર જવા લાગ્યા. કૃપાળુદેવે ના પાડી. એમને એવો નિશ્ચય સત્પુરુષમાં હતો, તેથી દેહનો મોહ પણ નહોતો. વિચાર કર્યા વગર પડવા તૈયાર થયા.

મહાત્મામાં દૃઢ નિશ્ચય હોય તો કોઈ પણ વસ્તુમાં મોહ ન રહે ત્યારે આત્માનો નિર્ણય થાય છે. પદાર્થનો નિર્ણય થાય તેથી વ્યાકુળતા રહેતી નથી. તેથી નિઃશંકતા થાય અને તેથી નિર્ભય થાય. મોહાસક્તિ નથી તો ભય શાનો? તેથી એને પરિગ્રહની પણ જરૂર નથી. તેથી નિઃસંગતા આવે. નિઃશંકતાથી નિઃસંગતામાં આખો મોક્ષમાર્ગ આવી ગયો છે. કૃપાળુદેવ કહે છે કે યોગ્યતા લાવજો. પ્રભુશ્રીજી કહેતા કે યોગ્યતા હોય તો બોલાવીને આપી દઈએ.

[વ૦ ૨૫૭] (સવારના સભામાં) ૧૫૬ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જ્યાં સુધી ગૃહસ્થાવસ્થા છે ત્યાં સુધી ધર્મ કહેવો નથી, એમ સામાન્યપણે કૃપાળુદેવે રાખ્યું છે. ગૃહસ્થાવસ્થામાં ધર્મ સંબંધી વાતચીત ન થાય તો સારું એમ એમની વૃત્તિ છે. સોભાગભાઈ યોગ્ય જીવ છે, તેથી તેમને ધર્મ સંબંધી વાત કરે તે અપવાદરૂપ છે. કૃપાળુદેવ કહે છે કે કહેવાની ઇચ્છા છે, પણ કોને કહીએ? પ્રભુશ્રીજી કહેતા કે ગળા સુધી ભરેલું છે, પણ કોને કહીએ? વારંવાર એ જ કહેતા કે યોગ્યતા લાવો. કંઈક સમાગમ થયા પછી લખાય તે કંઈ અસર કરે, નહીં તો સમજાય નહીં. કૃપાળુદેવને પેટ દેવાનું સ્થાન મળે તો સારું એમ રહે છે. કોઈ યોગ્ય જીવ હોય તેને કહેવાય. પ્રભુશ્રીજી કહેતા કે કંઈ ભીંતને કહેવાય? કૃપાળુદેવને વારંવાર એવા વિચારો રહ્યા કરે છે.

જીવ તો અનાદિકાળનો ભૂલના સ્વભાવવાળો છે. અનાદિકાળથી જીવ દોષિત છે. મહાપુરુષો બીજાના દોષો ભણી દૃષ્ટિ પણ નથી કરતા. મિથ્યા સમજણ છે તેથી અનંત દોષો છે. મિથ્યાત્વરૂપ જ છે. એની દયા ખાવા જેવું છે. એના દોષો જેમ જાય તેમ જ્ઞાનીપુરુષો કહે છે, પણ દોષ વધે તેમ એને ન કહે. અણસમજણ અને અસત્સંગ ઠેકાણે ઠેકાણે છે. અણસમજણને રસ્તે નથી જવું એવું કોઈકને જ થાય, કેમકે અણસમજણ તો એને છે જ અને પછી અસત્સંગનો પ્રસંગ મળે છે, તેથી એ જ પોષાય.

અણસમજણ અનાદિકાળની છે તેથી આંધળો જ છે. આત્મા કંઈ આંખે દેખાય તેવો નથી. મિથ્યાત્વ અવસ્થામાં ગમે તેવો પુરુષાર્થ કરે તોય જણાય એવો નથી. માટે જેની પાસે જ્ઞાન છે તેની સેવા કરવાનું કહે છે.

[વ૦ ૨૫૮] (સવારના સભામાં) ૧૫૭ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— કૃપાળુદેવે આ 'બિના નયન' લખ્યું તે વખતે એવી ચર્ચા ચાલતી કે આંધળાને સમ્યગ્દર્શન ન થાય. તેથી ચેતવણી આપવા આ પદ કૃપાળુદેવે લખ્યું છે.

મુમુક્ષુ— ''બિના નયન પાવે નહીં'' એટલે નય વિના ન પાવે એમ પણ અર્થ થાય.

પૂજ્યશ્રી— મતિકલ્પનાએ અર્થ કરવાની ના કહી છે.

પહેલાં તરસ લાગી હોય તો પાણી ભાવે. આત્માને જિજ્ઞાસા જાગી હોય તો રસ્તો છે. આત્માને સમજવાની જિજ્ઞાસા જાગી હોય તો અનાદિની રીત છે કે ગુરુથી જ્ઞાન થાય. 'બૂઝનકી' એટલે સમજવાની રીત છે. પંચમકાળમાં મોક્ષમાર્ગ ન હોય એમ કહે છે, પણ ઘણા પુરુષો એવા થઈ ગયા છે, જેણે અખંડ વસ્તુ પ્રાપ્ત કરી છે. એ કંઈ કલ્પના નથી. 'કઈ નર' એટલે કેટલાક પુરુષોએ.

મિથ્યાત્વ અવસ્થામાં શું થાય છે? બીજાને ઉપદેશ દેવા જાય છે, પણ પહેલાં ઉપદેશ લે એમ કહે છે. દાસત્વ ભાવ આવે ત્યારે એને ગુરુ પ્રત્યે ખરી ભક્તિ જાગે. ગુરુનું ઠેકાણું હોય નહીં અને જપ-તપ કરે, લોકો વખાણે, પણ તેથી એનું કંઈ થાય નહીં. સત્પુરુષની કૃપાદૃષ્ટિ એ જ સમ્યગ્દર્શન છે.

સોભાગભાઈને કૃપાળુદેવે લખ્યું હતું કે તમને વાત કરવાને અમને હરિએ કૃપા કરી છે.

[વ૦ ૨૬૨] (સવારના સભામાં) ૧૫૮ શ્રીમદ્ રા. આ. અગાસ,
શ્રાવણ સુદ દ્વિ. ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સત્સંગ ચોથા આરામાં પણ દુર્લભ વસ્તુ છે. તે આ કાળમાં દુર્લભ હોય એમાં કંઈ આશ્ચર્ય કે નવાઈ નથી. મહાપુણ્ય હોય ત્યારે સત્સંગ મળી આવે. એવો યોગ ન હોય ત્યારે સત્સંગની ભાવના કરવી, અસત્સંગમાં ઉદાસીનતા રાખવી. આત્મગુણ પ્રગટે એવો પુરુષાર્થ કરવો. સત્સંગની ભાવના રાખવી અને નિવૃત્તિનો યોગ રાખી જ્ઞાનીપુરુષનાં વચનો વાંચવાં વિચારવાં. નહીં તો આ કળિકાળમાં બનવું બહુ મુશ્કેલ છે. સત્સંગ ન મળે એવું નથી, સત્સંગ મળે છે, પણ દુર્લભ છે. પ્રભુશ્રીજીને કૃપાળુદેવે પત્ર લખ્યો કે વીસ દોહરાની અનુપ્રેક્ષા કરશો તો આત્મગુણ પ્રગટશે, તેમ આપણને પણ વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપના કરવાનું કહ્યું છે, તે જો કરે તો આત્મગુણ પ્રગટે. પુરુષાર્થ ન કરે તો સત્સંગની ભાવના પણ જતી રહે. ક્યારે નિવૃત્તિ મળશે? બપોરે, સાંજે, સવારે જેમ બને તેમ નિવૃત્તિ મેળવું એવી ભાવના કરવી. નહીં તો આખી જિંદગી પ્રવૃત્તિમાં ગાળે. નિવૃત્તિ નથી મળતી તેથી રસ પણ નથી આવતો. નિવૃત્તિ મળે એવો પુરુષાર્થ કરવો. નિવૃત્તિ જીવને ગમતી ય નથી. નિવૃત્તિ મળે તો છોકરાંને લઈને બેસે છે.

જૂઠાભાઈના પત્ની ઉગરીબહેનને રહેતું કે મારાથી કંઈ થતું નથી. શું કરવા જીવવું છે, તેની ખબર નથી એમ કૃપાળુદેવને લખ્યું હશે. કૃપાળુદેવ લખે છે કે એવું જો રહે તો લાભ છે. આ ભવમાં આત્મકલ્યાણ કરવું. એ આત્મકલ્યાણ કરવાનો વખત આવ્યો છે. એવા ને એવા પરિણામ રહે તો એને જે કરવા યોગ્ય છે તે થાય અને એને સમજાય કે એ જ કરવા યોગ્ય છે, તો પોતાનું કૃતકૃત્યપણું સમજાય.

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં; સબ આગમભેદ સુઉર બસેં."**

મારે શું કરવું? એ જ વિચાર નથી આવતો. જે કરવા જેવું છે, તે મારાથી નથી થતું એવા વિચાર નથી આવતા. હળુકર્મી જીવ હોય તેને જ એવું થાય છે. શું કરવું, એની મને ખબર પડતી નથી. હું કરું છું તે તો ખોટું છે, એમ જો રહ્યા કરે તો કામ થાય. આત્મકલ્યાણ કરવા યોગ્ય છે. એ થાય તો સારું એવી ભાવના કરવી. દોષ કરે છે, તેથી કર્મ બાંધે છે. તેના ત્રણ ભેદ પાડ્યા.

૧. કંઈ કરવા યોગ્યનો વિચારે ય નથી. શું કરવા જેવું છે, એનું ભાન નથી.

૨. બીજા પ્રકારના જીવોમાં બે પ્રકારના દોષ છે. એક તો પોતાને કંઈ ખબર જ નથી. બીજું, પોતે જે સ્વચ્છંદે કરે છે, તેને સારું માને. કોઈ કુગુરુ મળ્યા હોય તેને સાચા માને અને માને કે એથી મારું કલ્યાણ થશે, એ બીજા પ્રકારના જીવો છે.

૩. ત્રીજા પ્રકારમાં જ્ઞાની આવ્યા. જેને પૂર્વ કર્મ એવાં છે કે કર્મને લઈને કરવું પડે છે, પણ પોતે તો બોધસ્વરૂપ છે, તે ત્રીજા પ્રકારમાં છે.

૧. મોહમાં જેની વૃત્તિ છે, પરમાર્થનું ભાન નથી, બેભાન છે એ પહેલા પ્રકારમાં સમાવેશ પામે એવા જીવ છે.

૨. કુગુરુઓ બતાવે તેમ ક્રિયાઓ કરે, સ્વચ્છંદપરિણામી જીવો તે બીજા પ્રકારમાં સમાવેશ પામે છે.

૩. ત્રીજા પ્રકારમાં જ્ઞાનીપુરુષો સમાવેશ પામે છે.

સત્પુરુષનું માહાત્મ્ય કેટલું છે, તે જેટલું જ્ઞાની જાણે છે તેટલું મુમુક્ષુને ન હોય, તેથી વારંવાર કહેવું પડે છે. એક વાર કહ્યે સમજાય એવું નથી.

[વ૦ ૨૬૩] (સવારના સભામાં) ૧૫૯ શ્રીમદ્ રા. આ. અગાસ,
શ્રાવણ સુદ દ્વિ. ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— કૃપાળુદેવ ખીમજીભાઈને લખે છે કે તમને બુદ્ધિની વિશાળતા છે, પણ ભક્તિ નથી તો શું કરશો? ભક્તિની જિજ્ઞાસા નથી. ભક્તિ નથી ઊગી. જ્ઞાનની જિજ્ઞાસા છે, પણ ભક્તિની જિજ્ઞાસા નથી. બુદ્ધિને જ્ઞાનીપુરુષને અનુસરતી કરવી. રેવાશંકરભાઈમાં ભક્તિ છે, યોગ્યતા પણ સારી છે, તેથી જ્ઞાનીપુરુષ કહે તે પકડાઈ જાય. એકલું માત્ર જ્ઞાન, ભક્તિ વગરનું શું કામનું? વાતો કરીને પોતાનું માન પોષે. જ્ઞાનસહિત વૈરાગ્ય હોય તે કામનો છે. વૈરાગ્ય ન હોય અને એકલું જ્ઞાન હોય તે કંઈ કામનું નથી, એ તો ક્ષયોપશમ છે. સોભાગભાઈએ કૃપાળુદેવને રાજી કર્યા. તે માત્ર જ્ઞાનથી નહીં, પણ ભક્તિથી કર્યા હતા. તમારામાં જ્ઞાનની જિજ્ઞાસા છે, પણ જ્ઞાન થવાનું જે કારણ ભક્તિ તે તો તમે સેવતા નથી.

''જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે.'' ત્યારે આત્મજ્ઞાન થાય. એ ભક્તિની ઇચ્છા નથી અને એકલા જ્ઞાનની ઇચ્છા રાખો છો તેથી કંઈ ન થાય.

કંઈ વિચાર ન કરે અને માત્ર સાંભળવાની ટેવ પડી હોય, તેથી સાંભળવા જાય. આ પુસ્તક(વચનામૃત)ને ઘણા વાંચે છે, પણ ભક્તિ આવવી મુશ્કેલ છે. જ્ઞાન કરતાં જ્ઞાની આરાધવા યોગ્ય છે, એ આવવું મુશ્કેલ છે. એ આવે તો જ્ઞાન પરિણામ પામે. જ્ઞાની જ્ઞાનસ્વરૂપ છે. એમાં વૃત્તિ રહે, એમાં વૃત્તિ ચોંટે તો જ્ઞાન પરિણામ પામે. આ પુસ્તકને ઘણાય વાંચે છે. કેવું સારું લખ્યું છે! બહુ સુંદર વિચારો કર્યા છે! એમેય કહે, પણ ભક્તિ જાગવી દુર્લભ છે.

[વ૦ ૨૬૪] ૧૬૦ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૧૪, સં. ૨૦૦૮

**હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;**
**હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧**

પૂજ્યશ્રી— હે પ્રભુ! બોલતાં જ કૃપાળુદેવ ભણી દૃષ્ટિ જવી જોઈએ. દીન અને અનાથ મળીને દીનાનાથ થયું છે. દીન અને અનાથ ઉપર દયા રાખનાર હે પ્રભુ! તમને હું શું કહું? હે ભગવાન! હું અનંત દોષનું પાત્ર છું.

**શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;**
**નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ? ૨**

કૃપાળુદેવે ક્ષાયિક સમકિત થયા પછી આ પ્રાર્થના લખી છે. શુદ્ધ ભાવ એ એક બહુ મોટો ગુણ છે. ''વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ.'' અનંતકાળથી જીવ શુભાશુભ ભાવ કરતો આવ્યો છે, પણ શુદ્ધ ભાવ આવ્યો નથી. એવો શુદ્ધ ભાવ આવવા માટે પ્રભુ ભણી દૃષ્ટિ કરીને એનું સ્વરૂપ વિચારવું. લઘુતા એટલે હલકાપણું, આરંભ-પરિગ્રહનો ભાર જેના ઉપર ન હોય. દીનતા એટલે–

''સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે; અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે.'' (૨૫૪) એવું લઘુત્વ અને દીનત્વ મારામાં નથી. હે ભગવાન! હે પરમસ્વરૂપ! તને શું કહું!

**નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;**
**આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩**

ઉપર કહેલું પરમસ્વરૂપ શાથી સમજાય? તો કે, સદ્ગુરુની આજ્ઞાથી. એવી સદ્ગુરુની આજ્ઞા મેં મારા હૃદયમાં અચળપણે ધારણ કરી નહીં. સદ્ગુરુની આજ્ઞા એટલે રાગ-દ્વેષ ન કરવા તે. આજ્ઞા ધારણ ક્યારે થાય? પ્રભુ પ્રત્યે આદર અને વિશ્વાસભાવ આવે ત્યારે. એવો આપ (પ્રભુ) પ્રત્યે આદર અને વિશ્વાસભાવ પણ મારામાં નથી.

**જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;**
**કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪**

સદ્ગુરુ પ્રત્યે વિશ્વાસ અને આદરભાવ આવવા માટે સત્સંગ અવશ્યનો છે. આવા સત્સંગનો યોગ પણ મને નથી. આપની સેવાનો પણ મને યોગ મળ્યો નથી. સેવાભાવ આવવા માટે અર્પણતાની જરૂર છે. તેવી અર્પણતા પણ મારામાં નથી. અર્પણતા મેળવવા માટે અનુયોગોનો આશ્રય લેવાનો છે. તે અનુયોગોનો આશ્રય પણ મને નથી. (પ્રથમાનુયોગ અથવા ધર્મકથાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ એ ચાર અનુયોગો છે.)

**હું પામર શું કરી શકું? એવો નથી વિવેક;**
**ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫**

હું પામર છું, કશું કરી શકતો નથી, એવો વિવેક મારામાં નથી. પામર એટલે હું કશું જાણતો નથી, અધમ છું. એવો વિવેક શાથી આવે? આપના ચરણકમળના આશ્રયની ધીરજ, મરણ સુધીની હોય તો વિવેક આવે. મરણ પર્યંત તારા શરણમાં જ રહું એવો ભાવ આવે ત્યારે વિવેકની પ્રાપ્તિ થાય. એવી ધીરજ પણ મારામાં નથી.

**અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;**
**અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬**

મરણ સુધી તે શરણની ધીરજ કેમ રહે? તો કે તારું માહાત્મ્ય લાગે તો. તારા માહાત્મ્ય પ્રત્યે

મને પ્રફુલ્લિત ભાવ નથી. એવા પ્રફુલ્લિત ભાવ માટે તારા પ્રત્યે જેવા સ્નેહની જરૂર છે, તેવો સ્નેહ, મારામાં એક અંશ માત્ર પણ નથી. તારા ઉપર સ્નેહ શી રીતે થાય? તો કે પરમ પ્રભાવ હોય તો. પ્રભાવ એટલે [1]ગૌતમસ્વામી જ્યારે મહાવીરસ્વામી પાસે આવ્યા હતા ત્યારે બહુ અહંકારથી ભરેલા હતા (અને જાણે મહાવીર સ્વામીથી લડવા (તર્ક) માટે જ આવ્યા હોય તેવું લાગતું હતું), પણ જ્યારે ભગવાન સમીપે પહોંચ્યા ત્યારે સર્વ ખોટા ભાવ જતા રહ્યા અને સાચો રસ્તો પકડી લીધો. એ પુરુષનો 'પ્રભાવ' કહેવાય છે. આવો 'પરમ પ્રભાવ' પણ મને નથી મળ્યો કે જેનાથી સદ્ગુરુ પ્રત્યે સ્નેહ ઉત્પન્ન થાય.

**અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;**
**કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭**

તારા અચળ સ્વરૂપમાં મારું મન લાગતું નથી. તારા પર મને આસક્તિ નથી. મને સદ્ગુરુના વિયોગનો પરિતાપ થતો નથી અને એનો મને ખેદ પણ રહેતો નથી. તારા પ્રેમની કથા પણ મને લભ્ય થતી નથી. અને એનો ખેદ અથવા પરિતાપ પણ થતો નથી.

એક વખતે પ્રભુશ્રીજીનું ચોમાસું ખંભાતમાં થયેલું, ત્યારે કૃપાળુદેવ ખંભાતથી ત્રણ કોસ દૂર એટલે રાળજ બિરાજ્યા હતા. બધા માણસો ત્યાં જઈ દર્શન કરી આવતા અને પ્રભુશ્રીજીને વાત કરતા. પ્રભુશ્રીજીને પણ દર્શન કરવાની અભિલાષા ઉત્પન્ન થઈ, પણ ચોમાસામાં તો મુનિઓને બહાર જવાનું હોય નહીં. એથી કરીને અંદરના અંદર બહુ મૂંઝાતા. એક દિવસે ચાલતાં ચાલતાં ત્યાં પહોંચી ગયા. રાળજની તલાવડી પાસે આવીને ઊભા રહ્યા. પછી કોઈ સાથે કહેવડાવ્યું કે અંબાલાલભાઈને કહેજો કે 'પેલા મુનિ આવેલા છે.' અંબાલાલભાઈને ખબર મળતાં તેઓ ગામ બહાર આવ્યા અને પૂછ્યું તમે આજ્ઞા વગર કેમ આવી ગયા? ત્યારે પ્રભુશ્રીજીએ જણાવ્યું કે આજ્ઞા માટે જ અહીં ઊભો છું. પછી અંબાલાલભાઈએ કૃપાળુદેવ પાસે જઈને બધી હકીકત કહી દીધી. કૃપાળુદેવે ખબર મોકલી કે તમને અમારાં દર્શન કર્યા વિના જો શાંતિ થતી હોય તો પાછા ચાલ્યા જાઓ અને ન થતી હોય તો હું તલાવડી પાસે આવું. પ્રભુશ્રીજીએ મનમાં વિચાર્યું કે ભલે દર્શન ન થાય, પણ મારે કૃપાળુદેવને અહીં આવવાનું કષ્ટ તો આપવું નથી, એમ વિચારી પાછા ચાલ્યા ગયા. જતાં જતાં બહુ ખેદ થયો કે મારે કેવા અંતરાય કર્મ છે કે બધાને કૃપાળુદેવનાં દર્શન થાય છે અને મને નથી થતાં. કૃપાળુદેવે બધું જાણ્યું એટલે બીજે દિવસે સોભાગભાઈને ત્યાં (ખંભાત) મોકલ્યા. સોભાગભાઈને જોઈને પ્રભુશ્રીજીને બહુ હર્ષ થયો અને પૂછ્યું કે કૃપાળુદેવે શું કહી મોકલ્યા છે? સોભાગભાઈએ કહ્યું કે તમને બહુ ખેદ થાય છે માટે મને મોકલ્યો છે. હવે આ મંત્ર 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'નું સ્મરણ કરજો. એવી રીતે પ્રભુશ્રીજીને મંત્ર મળ્યો. પછી પ્રભુશ્રીજીને શાંતિ થઈ. આવો વિરહનો ખેદ થાય ત્યારે સદ્ગુરુના અચળ રૂપમાં આસક્તિ થાય.

**ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;**
**સમજ નહિ નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮**

ભક્તિમાર્ગમાં નિરંતર રહેવા જેવું છે. તીવ્ર મુમુક્ષુતા એને જ કહે છે કે નિરંતર ક્ષણે ક્ષણે

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રજ્ઞાવબોધ પૃષ્ઠ ૬૬-૬૭.

આત્મામાં વૃત્તિ રાખે. જે ભક્તિનો માર્ગ સર્વજ્ઞે ભાખ્યો છે એવા માર્ગમાં પણ મારો પ્રવેશ નથી. એવો ભાવ ક્યારે થાય? તારા ભજનમાં દૃઢ ભાન થાય ત્યારે. એવું દૃઢ ભાન પણ મને નથી. મારો ધર્મ શું છે, તેની પણ મને સમજણ નથી. (મારો ધર્મ એટલે જે જિનેશ્વર ભગવાને ભાખ્યો છે તે અથવા આત્માનો ધર્મ) એવો ધર્મ ક્યાંથી લભ્ય થાય? શુભ દેશમાં સ્થાન હોય તો. એવું શુભ સ્થાન પણ મને પ્રાપ્ત થયું નથી.

**કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;**
**તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯**

કાળ બહુ ખરાબ અને દુષમ છે. એવા કાળમાં મને સદ્ધર્મની પ્રાપ્તિ થઈ નથી અને થઈ છે તો તેની મર્યાદા નથી. એમ છતાં પણ મનમાં કશી વ્યાકુળતા થતી નથી. મનમાં વ્યાકુળતા થાય તો ધર્મ ભણી શ્રદ્ધા થાય. હે પ્રભુ! મને એની વ્યાકુળતા પણ થતી નથી. મારા કર્મ તો જુઓ!

**સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;**
**દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦**

જે સેવાથી પ્રતિકૂળ છે એવા બંધન (કારણો) નો પણ મને ત્યાગ નથી. જો સેવાભાવ કરવો હોય તો ઇન્દ્રિયો વશ કરવા જેવી છે, પણ ઇન્દ્રિયો તો માનતી જ નથી અને બાહ્ય પદાર્થો ઉપર રાગ કર્યા કરે છે ત્યારે સેવાભાવ ક્યાંથી થાય? સેવાભાવથી કલ્યાણ થાય એવું છે.

**“પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં;**
**સબ આગમ ભેદ સુઉર બસેં,**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે.”**

એવો પ્રેમ પ્રભુ પ્રત્યે થાય તો આત્માનું કલ્યાણ થાય.

**તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;**
**નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં. ૧૧**

તારા ઉપર પ્રેમ આવવા તારો વિરહ અને તેનો પરિતાપ થવો જોઈએ, વિયોગ સ્ફુરવો જોઈએ. આવો વિયોગ પણ સ્ફુરતો નથી. યમ એટલે સંયમ, વચનનો અને નયનનો સંયમ પણ ધાર્યો નહીં. અનભક્ત એટલે જે ભક્ત ન હોય તે એવા અનભક્તથી અને ગૃહાદિક કાર્યોથી ઉદાસીનભાવ પણ થયો નહીં.

**અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;**
**નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨**

દેહ, સ્ત્રી, પુત્રાદિ એ બધાં મારાં છે એમ માનીને જીવ બેઠો છે, એટલે અહંભાવ જતો નથી. અહંભાવ એટલે જે મારું નથી એને મારું માની બેસવું. હે પ્રભુ! અહંભાવથી હું રહિત નથી. સ્વધર્મ (સત્શાસ્ત્ર)નો સંચય પણ નથી. સ્વધર્મનો સંચય હોય તો અહંભાવની મંદતા થાય અને અન્ય ધર્મો પ્રત્યે પણ મારી નિર્મળપણે નિવૃત્તિ નથી. (અન્ય ધર્મ એટલે આત્મધર્મ સિવાયના ધર્મ.)

**એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;**
**નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય? ૧૩**

એમ મેં અનેક પ્રકારે વિચાર કર્યા, પણ મને સત્સાધન મળ્યું નહીં. હું સાધનરહિત જ રહ્યો. મારામાં કહેવા માટે પણ એક સદ્‌ગુણ નથી. મારું મોઢું તમને કેવી રીતે બતાવું? (એટલા દોષો ભરેલા છે કે કહી શકતો નથી.)

**કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;**
**પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪**

હે સર્વજ્ઞ! તમે કેવળ દયાની મૂર્તિ છો. દીનના બંધુ છો. દીનના નાથ છો. હું મહાપાપી છું અને પરમ અનાથ છું. મારા હાથ ગ્રહીને મને તારો. ('ગ્રહો પ્રભુજી હાથ' એટલે કંઈ સદ્‌ગુરુ હાથ ઝાલવા આવે નહીં) મને બોધ આપીને મારો મિથ્યામાર્ગ ફરે તેમ કરો. હું ડુબી રહ્યો છું એટલે બોધરૂપી હાથથી ગ્રહીને મને બહાર કાઢો.

**અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;**
**સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ૧૫**

હે પ્રભુ! અનંતકાળથી આ સંસારમાં હું ભ્રમણ કરી રહ્યો છું અને ચાર ગતિમાં આથડી રહ્યો છું. મને કશું ભાન નથી. ભાન વિના અનંતકાળથી રખડતો આવ્યો છું. ભાન શાથી આવે? સંતને સેવે તો; પણ મેં તો ગુરુ કે સંતને પણ સેવ્યા નથી. સેવાભાવ શાથી આવે? અભિમાન મૂકે તો. તે અભિમાન પણ મેં મૂક્યું નહીં.

**સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;**
**પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬**

હે પ્રભુ! મેં સંત ચરણ એટલે સદ્‌ગુરુના આશ્રય વગર અનેક સાધન કર્યાં, પણ એનાથી કશું પાર પામ્યો નહીં. એનાથી એક અંશમાત્ર પણ વિવેક ઊગ્યો નહીં.

**સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;**
**સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય? ૧૭**

હે પ્રભુ! જેટલાં સાધનો કર્યાં તેનાથી બંધન જ થયું. હવે મને એક પણ ઉપાય સૂઝતો નથી. જ્યાં સુધી સત્સાધનને નથી સમજ્યો ત્યાં સુધી બંધન કેમ જાય? સદ્‌ગુરુના કહેવા પ્રમાણે ચાલવા જેવું છે. સાચો માર્ગ સદ્‌ગુરુ સિવાય બતાવનાર કોઈ નથી.

**પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય;**
**દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય? ૧૮**

નિરંતર મનમાં 'પ્રભુ પ્રભુ' એવી લગની લાગે ત્યારે મુમુક્ષુતા તો શું, પણ મોક્ષ પ્રગટ થાય. બનારસીદાસે લખ્યું છે કે– "ભાલ સો ભુવન વાસ, કાલ સો કુટુંબ કાજ." એટલે જેને પ્રભુની લગની લાગી છે તેને પછી ગૃહસ્થાશ્રમ ભાલા જેવો લાગે છે અને કુટુંબકાર્ય કાળ જેવું. એને જ સર્વજ્ઞ તીવ્ર મુમુક્ષુતા કહે છે. એવી પવિત્ર લગની લાગી નથી. એવી લગની કેમ લાગે? તો કે સદ્‌ગુરુના ચરણમાં

જઈ પડે તો. હું તો સદ્ગુરુને અંતઃકરણથી નમ્યો પણ નથી, પાય પડ્યો નથી. જ્યાં સુધી સ્વદોષ ન દેખે ત્યાં સુધી બધું નકામું છે. અવળું છે. સ્વદોષ જોયા વગર કેવી રીતે તરી શકાય?

**અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય? ૧૯**

સકળ જગતમાં હું અધમાધમ છું, પતિત છું. એવો નિશ્ચય જ્યાં સુધી મનમાં ન થાય ત્યાં સુધી હે જીવ, તું શું સાધન કરીશ?

**પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;**
**સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ૨૦**

ઉપરની ઓગણીસ ગાથાઓનો સારાંશ પણ આમાં આવી ગયો છે. ભગવાનને છેવટે પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! તારા પદપંકજમાં હું નમીને ફરી ફરી એ જ માગું છું, કે સદ્ગુરુ અને તારા સ્વરૂપની મને પ્રાપ્તિ થાઓ. એ દૃઢતા તું મને આપ. આવું ભક્તિથી ભરેલું છે.

આપણા દોષ જોયા વિના કેવી રીતે સમકિત થાય? કૃપાળુદેવને ક્ષાયિક સમકિત થઈ ગયું હતું, ત્યારે આ પ્રાર્થના લખી હતી તો પણ કેટલી લઘુતા દર્શાવી છે. બાહુબળજીએ બાર મહિના સુધી તપ કર્યું, તો પણ એમને એવો ભાવ ન થયો કે હું તપ કરું છું અને તમે બધા ખાઓ પીઓ છો. શું છે પોતાની પાસે માન કરવા જેવું? પારકી વસ્તુનું માન કરે છે. સંસાર બળી રહ્યો છે એવા ભાવ હોય તો પછી એમાં રહેવાના ભાવ ન થાય. જેમકે એક ઘર બળતું હોય તો એની અંદર રહેલા માણસોને કંઈ વિષય-વિકારો યાદ આવે? ત્વરાથી નાસી જઈએ એવા જ ભાવ થાય. એવા જ ભાવ સંસાર પ્રત્યે થાય ત્યારે આત્મકલ્યાણ થશે.

[વૈશાખ વદ ૧૪ સં. ૨૦૦૮ની રાત્રે નવ વાગે ઉપરોક્ત વિવેચન પ.પૂ. બ્રહ્મચારીજીએ સ્વમુખે કરેલ તેનો સંક્ષિપ્ત ઉતારો એક મુમુક્ષુએ કર્યો હતો, તે પૂજ્યશ્રીને બીજે દિવસે બતાવેલ. તે ઉતારાનો આ પુનઃ ઉતારો છે.]

**[વ૦ ૨૬૪]** (સવારના સભામાં) **૧૬૧** શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— આત્માના ગુણો વધારવા તે પ્રભાવના છે.

એમ કહેવાય છે કે કળિકાળનું વર્ણન ૠષભદેવ ભગવાને કર્યું, તે વખતે ઘણા મનુષ્યો, એવા કાળમાં જન્મવું ન પડે એમ કરી સાધુ થઈ ગયા. અને આ જીવ આ [1]કળિકાળને ભોગવે છે છતાં કંઈ લાગતું નથી.

''નહિ મર્યાદા ધર્મ.'' નથી તો હવે ભાવના કરવાની છે, ઝૂરવાનું છે. ગરજ હોય તો થાય, નહીં તો કંઈ ન થાય, રૂઢ થઈ જાય. પછી કંઈ બોલે તોય વિચાર નથી આવતો. જ્ઞાનીપુરુષોએ બધું મુમુક્ષુઓને માટે કહ્યું છે. એ મુમુક્ષુતા આવે ત્યારે મીઠું લાગે.

''શુદ્ધ ભાવ મુજમાં નથી'' એ શુદ્ધભાવ કરવા માટે બધું કહ્યું છે. મુમુક્ષુને એમ થાય કે ચાર ગતિના દુઃખથી કેમ છુટાય? શુદ્ધભાવ વિના છુટાય એવું નથી. હવે એ શુદ્ધભાવ તો મારામાં નથી, તો કેમ છુટાય એમ વ્યાકુળતા થાય છે.

---

૧. વિસ્તારથી વર્ણન માટે જુઓ મોક્ષમાળા તથા મોક્ષમાળા વિવેચન શિક્ષાપાઠ ૮૧.

આ કાળનું સ્વરૂપ મહાપુરુષોએ અનેક પ્રકારે વર્ણવ્યું છે. પદ્મનંદી મુનિએ લખ્યું છે કે જ્યાં મોટા સરોવર સુકાઈ જાય ત્યાં મત્સ્યાદિ પ્રાણીઓને ત્રાસનો પાર ન હોય તેવો આ કાળ છે. તેમાં વળી મોટી ચાંચવાળા બગલાઓ માછલાંને પકડવા ધ્યાન ધરી ઊભા હોય, તેમ આ કાળમાં કુગુરુઓ બગલા જેવા છે. તે બિચારા જીવોને ખાઈ જાય છે, લૂંટી જાય છે. હે ભગવાન! મારું કેમ થશે?

ઘરનું કામકાજ તો કાળ જેવું લાગે, 'છૂટું છૂટું' એમ થતું હોય તેને ઘરમાં રહેવું ભાલા જેવું લાગે. જેમ પક્ષીને પાંજરામાં રહેવું ગમતું નથી, સોનાનું પાંજરું હોય તોય દુઃખરૂપ લાગે છે, તેમ એને ઘરમાં રહેવું પડે તો દુઃખરૂપ લાગે. જે કામ કરવું છે તેની કાળજી જોઈએ. જે કરવાનું છે તે બધું ભૂલી જાય છે. કોઈ વસ્તુ ખોવાઈ ગઈ હોય તો તો આખો દિવસ સાંભરે અને પોતાનું સ્વરૂપ ભુલાઈ ગયું છે તે સાંભરતું ય નથી. એકલો પડે તો ભગવાનનો વિયોગ સાલવો જોઈએ. જો બોલ બોલ કરે તો વિયોગ કેમ સાલે? જેમ બાઈનો ધણી મરી જાય ત્યારે બોલવું, જોવું બધું બંધ કરીને ખૂણામાં બેસીને રડે છે, એવું રડવાનું છે. જેનામાં ભક્તિ નથી, તે અભક્ત છે. તેના પ્રત્યે ઉદાસ રહેવું જોઈએ. ઘરનું કામ કરતાં બધું આ ભક્તિનું ભૂલી જાય છે. આ ઘરનું કામ તો મારું છે, એમ કાળજી રાખીને કરે છે. આખો ને આખો આત્મા એમાં ચોંટી જાય છે. જે સંયોગ મળ્યો તેમાં 'હું' એમ થઈ ગયું. રૂપ હું, પુરુષપણાનો સંયોગ મળ્યો તો પુરુષ હું, ઢોરપણાનો મળ્યો તો ઢોરરૂપ હું છું એમ થઈ ગયું છે. સ્ત્રીને પુરુષ કહે તો ખોટું લાગે. અહંભાવમાં તલ્લીન થઈ ગયો છે. ધર્મનું ભાન નથી. શું કરે? કંઈક જ્ઞાનીપુરુષનો યોગ થાય, સાંભળે, પછી અભ્યાસ કરે તો થાય. આત્મા સ્ત્રી નથી, પુરુષ નથી એમ સાંભળ્યું તો પછી અભ્યાસ થાય. આ દેહના પુદ્ગલનો ધર્મ જે હું ગોરો છું, કાળો છું, એથી નિવૃત્ત થતો નથી. વખતે ત્યાગી દે, પણ નિર્મળપણે નિવૃત્તિ નથી કરતો. ધન, બીજું બધું ત્યાગી સાધુ થયો હોય, પણ ધનની ઇચ્છા એને રહ્યા કરે છે. વારંવાર પ્રભુશ્રીજી કહેતા કે ચોખ્ખો થઈને આવ, ચોખ્ખો થઈને આવ. વારંવાર વિચારી જીવને પૂછવાનું છે કે એવા એવા દોષો છે તો કેમ મોક્ષે જવાશે? મુમુક્ષુ થવું હોય તો કશો અહંભાવ કરવાનો નથી. ચક્રવર્તી હોય અને દીક્ષા લીધી હોય, તેના કરતાં દાસીના છોકરાએ પહેલાં દીક્ષા લીધી હોય અને ચક્રવર્તી તેને અહંભાવથી વંદન ન કરે તો તેને રખડી મરવાનું છે. અહંભાવના કણિયા પડ્યા છે, તે બધા વીણી વીણીને કાઢવાના છે. પોતાનામાં દોષો છે, પાપ છે એ જોતો નથી. નહીં તો શરમ આવે. ઊંડી દૃષ્ટિ નથી. ઉપર ઉપરથી દેખે છે.

હે ભગવાન, શું આપની આગળ મોઢું દેખાડું? કાંઈ સાધન મેં કર્યું નહીં અને મારામાં એકેય સદ્ગુણ પણ નથી, તો શું મોઢું બતાવું? સાધન નથી અને ગુણ પણ નથી. વખતે ગુણ હોય તો સાધન થાય, પણ એકેય નથી. ગુણ ન હોય તો ભગવાન શું કરે? કૃપાળુદેવે ખીમજીભાઈને લખ્યું કે તમને જ્ઞાનની ઇચ્છા છે, ભક્તિની નથી. તો પછી જ્ઞાન કેમ થશે? જીવને દુર્લભ વસ્તુ મળે, પણ જોઈએ એવો લાભ લઈ શકતો નથી.

[વ૦ ૨૬૪] ૧૬૨ શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૩, સં.૨૦૧૦

પૂજ્યશ્રી– ''હે પ્રભુ! હે પ્રભુ! શું કહું'' બોલતાં કેવા ભાવ કરવા જોઈએ?

૧. મુમુક્ષુ– હે પ્રભુ! આપ અનંતજ્ઞાની, અનંતદર્શી છો.

પૂજ્યશ્રી– 'દીનાનાથ દયાળ' એટલે શું?

૧. મુમુક્ષુ– દીનોના દયાળુ.

પૂજ્યશ્રી–દીન અને અનાથ એમ બે શબ્દ છે, તેની સંધિ થઈ. દીન અને અનાથ એવા જીવોના દયાળુ છો. ''હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.'' એમ કહ્યું, એ અનંત દોષોમાં મોટામાં મોટો દોષ ક્યો હશે?

૨. મુમુક્ષુ– મુમુક્ષુતા નથી એ.

પૂજ્યશ્રી– જીવને મુમુક્ષુતા નથી એ જ મોટો દોષ છે. મોહથી મૂંઝાવું જોઈએ તેને બદલે મોહમાં રાજી થાય છે અને મોક્ષના માર્ગમાં અનન્ય પ્રીતિ તે તીવ્ર મુમુક્ષુતા છે, તે નથી એ મોટામાં મોટો દોષ છે. એ મુમુક્ષુતા શાથી આવે?

૨. મુમુક્ષુ–સત્પુરુષના બોધથી. હે ભગવાન! હું તો અનંત દોષનું ભાજન (પાત્ર) છું. એમ થાય તો.

પૂજ્યશ્રી– કૃપાળુદેવે ક્ષાયિક સમકિત થયા પછી આ પ્રાર્થના લખી છે. હે ભગવાન! જે કલ્યાણ થવાનાં સાધનો છે, તે તો મારામાં નથી. એમ લાગ્યું ત્યારે બોલી ઊઠ્યા કે–

**''શુદ્ધ ભાવ મુજમાં નથી.''**

શુદ્ધભાવ જીવમાં આવ્યો નથી. શુદ્ધભાવ આવ્યા વિના મોક્ષ ન થાય.

**''વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ.''**

એ શુદ્ધભાવ શાથી આવે?

૩. મુમુક્ષુ– રાગદ્વેષ છૂટે ત્યારે.

પૂજ્યશ્રી– રાગદ્વેષ શાથી છૂટે? ''શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.'' (૬૯૨)

[વ૦ ૨૬૫] ૧૬૩ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૧૦, ૨૦૦૮

પૂજ્યશ્રી– ગોપીઓ ક્યાં ભણવા ગઈ હતી? પ્રેમરૂપી અગ્નિ લાગે તો બધાં કર્મ બળી જાય. પરાભક્તિ એ કેવળજ્ઞાન થવાનું બીજ છે. પરાભક્તિમાં લીન થઈ જાય એટલો પ્રેમ સદ્‌ગુરુમાં લાગે તો કેવળજ્ઞાન પ્રગટાવે એવું બીજ છે, ત્યાં સુધી લઈ જાય. આગમ કંઈ જોવાં ન પડે. પોતાના હૃદયમાં બધાં આગમ આવીને વસે. સદ્‌ગુરુથી ઘણો લાભ થાય એવું છે. ત્રણ પાઠ, આત્મસિદ્ધિ, છ પદ હીરાના હાર જેવાં છે. માટે રોજ બોલવાં. પોતાને સારું લાગ્યું તે કર્યું છે. જ્ઞાનીને પૂછ્યા વગર મંડી પડ્યો, ત્યાગ વૈરાગ્ય ખૂબ રાખ્યો, વનમાં વસ્યો, ઝાડ-પહાડમાં વસ્યો. પશુની પેઠે ફર્યા કરે, કોઈની સાથે બોલે નહીં. એવું પણ જીવે કર્યું છે.

**''યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.'' ૧**

પહેલી દૃષ્ટિમાં યમ છે. ''વ્રત પણ યમ ઇહાં સંપજે.'' યમ એટલે શું? અને તે કેટલા છે?

યમ પાંચ છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. નિયમ એટલે શું? બીજી દૃષ્ટિમાં નિયમ આવે છે. નિયમ પાંચ છે. (૧) શૌચ : લોભ નહીં. આત્માને મલિન કરનાર લોભ છે. બાહ્યથી શરીરની પવિત્રતા રાખે તે બાહ્ય શૌચ; મનમાં રાગદ્વેષ ન થવા દે તે અભ્યંતર શૌચ. (૨) સંતોષ : લાભ થાય તેથી રાજી ન થાય અને હાનિથી શોક ન થાય. (૩) તપ : મનના કહ્યા પ્રમાણે વર્તે નહીં, મનની સામો પડે. (૪) સજ્ઝાય : શાસ્ત્રોને વિચારવાં, સ્વાધ્યાય કરવો. (૫) ઈશ્વરધ્યાન : ભગવાનને ભૂલે નહીં. એક ભગવાનમાં જ લક્ષ રાખે. ખાતાં-પીતાં પહેલાં ભગવાનને સંભારે.

સંયમ બાર પ્રકારે છેઃ પાંચ ઇન્દ્રિય અને મનને જીતે; અને છકાય જીવની રક્ષા કરે. કૃપાળુદેવે 'અપૂર્વ અવસર'માં કહ્યું છે કે—

**''સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,**
**માત્ર દેહ તે સંયમહેતુ હોય જો.''**

સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. બહાર ભટકતી વૃત્તિઓને રોકવી તે પણ સંયમ છે. એવો સંયમ વૈરાગ્ય હોય તો થાય. સ્વદયા, પરદયા પાળે તે પણ સંયમ. આ પ્રમાણે યમ, નિયમ, સંયમ બધું જીવે સ્વચ્છંદે કર્યું છે. ''આપ કિયો'' અથવા અજ્ઞાનીના આશ્રયે કર્યાં છે. પોતાની મેળે કરે અથવા અજ્ઞાનીની આજ્ઞાથી કરે તોય કંઈ લાભ નથી.

ત્યાગ એટલે શું?

''આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્યઅધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે.'' (૫૬૯)

તાદાત્મ્ય એટલે દેહને આત્મારૂપ માનવો. દેહને જ આત્મા માનવો. એવા અધ્યાસનો ત્યાગ તે ખરો ત્યાગ છે. ભગવાને એને ત્યાગ કહ્યો છે. ઉદાસીનતા થાય તો મન પાછું હઠે. વૈરાગ્ય હોય તો સંયમ થાય. બાહ્ય ત્યાગ કર્યો પણ એ ન કર્યો. નહીં તો અહીં રહે નહીં.

પાંચ ઇન્દ્રિયોની આસક્તિનો ત્યાગ તે વૈરાગ્ય છે. બને તેટલો ત્યાગ કરે અને જે છૂટે નહીં તેમાં વૈરાગ્ય રાખે. શરીર પ્રત્યે વૈરાગ્ય રાખવો. આસક્તિ છોડવી, મમતા ન કરવી. 'દેહ તે હું નહીં.' જરૂર પડે તે વસ્તુ રાખે પણ આસક્તિ ન થવા દે. પરમાર્થને મટાડનાર હોય તેનો ત્યાગ કરવો તેનું નામ વૈરાગ્ય. પરમાર્થમાં પ્રીતિ ન જોડવા દે એવાં પાંચ ઇન્દ્રિયોના વિષયો છે. એમાંથી ભાવ ઊઠી જાય તે વૈરાગ્ય છે. વૈરાગ્ય હોય તો એ ભ્રષ્ટ થાય નહીં. વિચાર કરવામાં ચૂક્યા અને આચારથી ભ્રષ્ટ થયા તે આત્માથી ભ્રષ્ટ થયા.

**''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.''**

ત્યાગ એટલે વસ્તુને છોડવી. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્તિ ન કરે, એનાથી દૂર રહે તે વૈરાગ્ય છે. એના પ્રત્યે દ્વેષ ન થાય. સમજણ ન હોય ત્યાં સુધી દ્વેષ રહે. પણ જીવે ખરો વૈરાગ્ય

કર્યો નથી. સમજણ ન હોય ત્યાં સુધી વૈરાગ્ય નથી પણ દ્વેષ છે. 'અથાગ લહ્યો' એટલે ખૂબ કર્યો. એ બધાં સ્વચ્છંદે જીવે કર્યાં, અજ્ઞાનીના આશ્રયે કર્યાં.

'વનવાસ લહ્યો' એટલે જ્યાં માણસો ન હોય ત્યાં વિચરે.

'મુખ મૌન રહ્યો' એટલે બોલે નહીં, નિરંતર મૌન ધારણ કરે. પદ્માસન લગાવીને પણ બેસી ગયો. આ બધાં સાધનો ઘણાં કર્યાં, પણ સ્વચ્છંદે કર્યાં છે.

**''મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;**
**જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં.'' ૨**

મન એટલે મન અને પૌન એટલે પવન. મનને બીજે ન જવા દીધું, શ્વાસોચ્છ્વાસ રોક્યો, મનનો નિરોધ કર્યો પણ યથાર્થ ન હતો. મનને યથાર્થપણે જાણ્યું નહીં પણ દમન કર્યું. મનનું સ્વરૂપ શું છે, તે જાણ્યા વિના કર્યું. ક્યારે એ મન છેતરશે, તે ખબર નથી. સ્વબોધ એટલે પોતે પોતાને બોધ કર્યો કે પાપ કરીશ તો નરકે જઈશ.

હઠયોગ એટલે કાયા, વચન અને મનને રોકે, પરાણે વશ કરે. શિખામણ આપે કે પાપ કરીશ તો નરકે જવું પડશે, માટે પાપ કરીશ નહીં. એ બધા પ્રયોગો જીવે સ્વચ્છંદે કર્યા. એમાં તલ્લીન થઈ ગયો. એ મારે કરવું જ છે (હઠયોગ), એવો નિશ્ચય કરી એકતાર થઈ ગયો.

જપના અનેક ભેદો છે. તે બધા કર્યાં. તપ પણ કર્યાં. જેમ કે કોઈ એક દિવસ એક ચોખાનો દાણો ખાય, પછી બીજે દિવસે બે દાણા ખાય. એમ કરતાં કરતાં પેટ ભરાય ત્યારે એક એક ઓછો કરવા માંડે. આવાં તપ અનેક કર્યાં.

મનથી સર્વ બાહ્ય પદાર્થો પ્રત્યે ઉદાસીનતાથી વર્ત્યો. કોઈથી બોલ્યો નહીં. એકલો ફર્યો. એમ અનેક પ્રકારે પોતાની મેળે અથવા સ્વચ્છંદે ઉદાસીનતા રાખી. આવું જીવે ઘણું કર્યું છે, પણ બધું સ્વચ્છંદને લઈને. ''આપ કિયો.''

**''સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;**
**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.'' ૩**

સર્વ શાસ્ત્રોને નય અને પ્રમાણો વડે શીખી ગયો. પંડિત થયો. વાદવિવાદ કર્યા. અન્ય મતોનું ખંડન મંડન કીધું. આ ધર્મ સાચો છે, આ ધર્મ ખોટો છે, એમ ભેદ પાડ્યા, એવાં સાધનો અનંતી વાર કર્યાં, છતાં જીવ મોક્ષમાર્ગ પામ્યો નહીં. બધું કર્યું, પણ જન્મમરણ છૂટ્યાં નહીં.

**''અબ ક્યૌં ન બિચારત હૈ મનસેં, કછુ ઓર રહા ઉન સાધનસેં?**
**બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે?'' ૪**

આટલું આટલું કર્યાં છતાં કશું હાથમાં ન આવ્યું. ત્યારે જ્ઞાનીપુરુષો સંબોધીને કહે છે, કે મનુષ્ય ભવ મળ્યો છે તો મનથી કેમ નથી વિચારતો કે આ ઉપરનાં સાધનોથી કંઈ બીજું કરવા જેવું છે. એનાથી કોઈ અલૌકિક વાત છે, એ એના હાથમાં આવી નથી. પોતે જે કર્યું છે તેનાથી કંઈ જુદું કરવા જેવું છે. સદ્ગુરુ મળે તો આત્મા પાસે જ છે. સદ્ગુરુ વિના ગમે તેટલી માથાકૂટ કરે

તોય પાર આવે એમ નથી. દૃષ્ટિ ફેરવવાની છે. દેહને જુએ છે તેને બદલે આત્મા જોવાની દૃષ્ટિ કરવાની છે. સદ્‌ગુરુ વિના આવી દૃષ્ટિ થાય નહીં. જીવ સમજે તો સહજ છે; નહીં તો અનંત ઉપાયે પણ હાથ આવે એમ નથી, એવો આત્મા છે. જ્ઞાનીઓ કહે છે, પણ પકડે કોણ? સદ્‌ગુરુ વિના કામ થાય એમ નથી. સદ્‌ગુરુ મળે તો આગળ ચલાય એવું છે. સદ્‌ગુરુ મળે તો જ આત્મા સમજાય. એ વિના રહસ્ય જણાય એમ નથી.

**"જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ"**

ખરો ગુરુ તો પોતાનો આત્મા જ છે. એ જ્યારે જાગશે ત્યારે કામ થશે. પોતે પોતાનો વૈરી થઈને વર્તે છે. તેને બદલે પોતે પોતાનો મિત્ર થઈને વર્તશે ત્યારે કામ આવશે. [1]અનાથી મુનિએ શ્રેણિક રાજાને કહ્યું હતું કે આત્મા નંદનવન જેવો છે, આત્મા નરકે લઈ જનાર છે, આત્મા મિત્ર છે, આત્મા જ શત્રુ છે, એ જ કર્મનો કરનાર છે, એ જ પોતાને મોક્ષે લઈ જનાર છે.

ચાવી સદ્‌ગુરુના હાથમાં છે. માને તો કામ થઈ જાય. ન માને તો કામ થાય નહીં. પોતાનું કલ્યાણ કરવાનું સૂઝતું નથી.

**"કરુના હમ પાવત હે તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી;**
**પલમેં પ્રગટે મુખ આગલસેં, જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં." ૫**

જ્ઞાનીપુરુષોને સંસારી જીવો પ્રત્યે કરુણા આવે છે. જીવનું કલ્યાણ સદ્‌ગુરુગમે છે. જ્યારે સદ્‌ગુરુની આજ્ઞા પ્રત્યે પ્રતીતિ અથવા પ્રેમ થાય ત્યારે આત્મા પળમાં પ્રગટ થાય એવું છે. સદ્‌ગુરુ-આજ્ઞા પ્રત્યે જેટલો પ્રેમ થયો તેટલો જીવ સવળો થયો. પ્રેમ હોય તો આજ્ઞા મનાય. દીવાસળી ઘસે તો ભડકો થાય. પ્રેમ હોય તો મનાય, નહીં તો ન મનાય. સદ્‌ગુરુની આજ્ઞા આત્મામાં વસી ગઈ તેનું કામ થઈ ગયું.

**"તનસેં, મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં;**
**તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો." ૬**

તન, મન, ધન અને બીજા બધા બાહ્ય પદાર્થો ઉપરથી મમતા છોડી એક સદ્‌ગુરુની આજ્ઞાને જો આત્મામાં ધારણ કરે તો કાર્યસિદ્ધિ થઈ જાય, અમૃતરસ પામે. દેહાદિથી પ્રેમ છોડે તો અમૃતરસ જેવો અખૂટ પ્રેમ પાવે.

**"વહ સત્ય સુધા દરશાવહિંગે, ચતુરાંગુલ હે દૃગસે મિલહે;**
**રસ દેવ નિરંજન કો પિવહી, ગહિ જોગ જુગોજુગ સો જીવહી." ૭**

સદ્‌ગુરુ પ્રત્યે પ્રેમ થાય તો સત્ય સુધારસ સમજાય. એ પોતાની પાસે જ છે. દૃષ્ટિ પડવી જોઈએ. સમ્યક્‌દૃષ્ટિ થાય તો આત્મા પાસે જ છે.

**"પરમનિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય જિનેસર."** (આ૦ ૧૫)

મોઢા આગળ જ છે. એને મૂકી પુદ્‌ગલમાં જાય છે. "સત્ એ કંઈ દૂર નથી, પણ દૂર લાગે છે." (૨૧૧)

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૭.

અંતરાત્મા થઈને પરમાત્માને ભજે તો પોતે પરમાત્મા થાય, નિરંજન રસને પામે. પછી મરવું ન પડે, અમર થઈ જાય. મોક્ષ પામે, દુઃખથી નિવૃત્ત થાય. 'ગહિ જોગ' એટલે સત્પુરુષનો યોગ મેળવી જુગોજુગ જીવે, એટલે અનંતકાળ સુધી જીવે.

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે." ૮**

ઉપરનો બધો સાર આ ગાથામાં આવી ગયો છે. સર્વ પદાર્થોથી પ્રેમ ઉઠાવીને એક પ્રભુ પ્રત્યે પરમ પ્રેમ થાય તો સર્વ આગમનું જ્ઞાન, ભણ્યા વિના જ આવી જાય. "પ્રભુ ભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન."

એક આત્માનો ઉદ્ધાર થાય એટલા માટે જ જીવવું છે. વચ્ચે વિઘ્નો ઘણાં છે, બીજેથી પ્રેમ ઉઠાવવો મુશ્કેલ છે. તન, મન, ધન, બધેથી પ્રેમ ઉઠાવી એક આજ્ઞાએ વર્તે તો કામ થાય.

"आणाए धम्मो, आणाए तवो ।" (આચારાંગ)

એક આજ્ઞા આરાધે તો કલ્યાણ થાય.

**"મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત;**
**તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત."**

આ તો એક સામાન્ય દૃષ્ટાંત છે. એના કરતાં અનંતગણો પ્રેમ આવવો જોઈએ. બધા આગમો એની સાક્ષી પૂરે છે. પ્રેમરૂપી અગ્નિ લાગે તો બધાં કર્મો બળી જાય. પરાભક્તિ એ કેવળજ્ઞાનનું બીજ છે.

**[વ૦ ૨૬૫]** (સવારના સભામાં) ૧૬૪ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જીવ અનંતકાળથી ભટકે છે. એ બધાં સાધન નથી કર્યાં એમ નથી. જે દેખ્યું તે કરવા માંડ્યું. મુખ-મૌન રહ્યો. આસન પણ લગાવ્યાં, પણ બધું આત્માને ભૂલીને કર્યું. હવે શું કરવું? તે કૃપાળુદેવે લખ્યું છે.

"સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય, તે પુરુષે આત્માને ગવેષવો, અને આત્મા ગવેષવો હોય તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો; તેમજ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો. પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી. તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞાને ઉપાસે છે, તે અવશ્ય સત્સંગને ઉપાસે છે. એમ જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે, અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે." (૪૯૧) આ દ્વાદશાંગીનું સળંગ સૂત્ર છે. આખી દ્વાદશાંગીનું એ જ કહેવું છે.

સુખદુઃખ બધું સહન કર્યું પણ જેને માટે બધું કરવાનું હતું તેને ભૂલી ગયો. આસનને જોયું તો આસનને લગાવતાં શીખ્યો, પણ આત્માને ભૂલીને એ કર્યું, તેથી ભૂલો પડ્યો. જિજ્ઞાસા હોય અને જ્ઞાની મળે તો સવળું થાય, નહીં તો આઘે જાય. તપની ઘણી વિધિઓ છે, તે બધા પ્રકારનાં તપ પણ કર્યાં. દેખાય છે તે બધું કર્યું. ઉદાસ થઈ ગયો. ઉદાસ થઈને શું કરવું હતું તે રહી ગયું. અનંતકાળનો

પુરુષાર્થ નકામો ગયો. તો હવે તો વિચાર. બહારનાં બધાં સાધનોનો પુરુષાર્થ કર્યો, પણ કંઈ હાથ ન આવ્યું. નિષ્ફળ થયું. માટે મારાથી તો કંઈ થતું નથી એમ કરી જ્ઞાનીપુરુષ પાસે જા.

''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.'' (૭૬)

આત્મા લેવા જવું પડે એવો નથી. પોતાની પાસે જ છે, પણ સદ્ગુરુ વિના સમજાય એવું નથી. સમજે તો સહજ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી. જ્ઞાનીપુરુષો કહે છે કે પ્રાપ્તની પ્રાપ્તિ કરવી છે. જેમ એના ઘરમાં ધન દાટેલું હોય, પણ એને ખબર ન હોય; એને પ્રાપ્ત તો છે, પણ ભાન નથી, બેભાન છે. તેને બદલે ભાન કરવાનું છે. કૃપાળુદેવ કહે છે કે અમને દયા આવે છે. એની પાસે ધન છે, પણ ઉપર દેવું કરીને ખાવું પડે છે. નિર્ગ્રંથ ગુરુની જરૂર છે. કોઈ સદ્ગુરુ શોધીને તેના પ્રત્યે પ્રેમ કરવાનો છે. પકડ નથી જીવને. જ્ઞાનીપુરુષ કહે તે પકડાતું નથી. આ કાને સાંભળે ને આ કાને જતું રહે છે. બાકી જ્ઞાની તો ઘણુંય કહે છે. જ્ઞાનીપુરુષની આજ્ઞા સિવાય તન પણ પ્રવર્તે નહીં, મન પણ પ્રવર્તે નહીં, ધન પણ પ્રવર્તે નહીં. બધું જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે પ્રવર્તે. એક શ્વાસોચ્છ્વાસ સિવાય કંઈ આજ્ઞા સિવાય ન પ્રવર્તે.

''કોઈ પણ પ્રકારે સદ્ગુરુનો શોધ કરવો; શોધ કરીને તેના પ્રત્યે તન, મન, વચન અને આત્માથી અર્પણબુદ્ધિ કરવી; તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું.'' (૧૬૬)

એની આજ્ઞા પ્રમાણે વર્તે તો પછી એને અમૃતરસ પાવે. આ બધું દુઃખ જાય તે અમૃત છે. અમૃતરસ પાવે એટલે સદ્ગુરુ પ્રત્યે એને પ્રેમ થાય તો સદ્ગુરુની કૃપા પણ એને પ્રાપ્ત થાય. એ જ અમૃતરસ છે અને એથી જ ગુરુગમ મળે છે. જ્ઞાનીપુરુષ તો યોગ્યતા જુએ છે. સોભાગભાઈની યોગ્યતા દેખી તો અમે તો એના દાસ છીએ, એમ કૃપાળુદેવને થયું. જ્ઞાનીપુરુષે એ જ સુધારસ દર્શાવ્યો છે. મોઢામાંથી ઝરે તે સુધારસ નથી. સમ્યગ્દૃષ્ટિ થાય તો તે મળે એવું છે. સમ્યક્દર્શન થાય તો પછી અમર થઈ જાય. બધાનું કારણ આ કહે છે કે પરમ પ્રેમ પરમાત્મા પ્રત્યે થાય, સમ્યક્દૃષ્ટિ આવે તો એને આગમની સાચી વાત પ્રગટ થાય. કોઈને પછી પૂછવા જવું પડે નહીં, એને અનુભવમાં આવે.

બધાં સાધનો કર્યાં, પણ સ્વચ્છંદ હતો તેથી ખામી આવી. દેખાદેખી કર્યું. સુગુરુ જોઈએ. કુગુરુના આશ્રયે બધું કર્યું. જે દેખાય છે તે વસ્તુ પ્રત્યે પ્રેમ થાય છે, પણ જ્ઞાનીપુરુષ પ્રત્યે પ્રેમ થતો નથી. જ્ઞાનીઓને એ જ કરાવવું છે.

[વ૦ ૨૬૬] (સવારના ઉપર) ૧૬૫ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— એની માન્યતામાં ભૂલ છે. જડ તે જડ અને ચેતન તે ચેતનભાવે પરિણમે છે. ચેતન છે તે જડભાવે ક્યારે પણ ન થાય. માનવાથી કંઈ વસ્તુપરિણમન ફરે નહીં. માન્યતામાં ભૂલ છે, પણ વસ્તુપરિણમનમાં ભૂલ નથી. જો જડ માનવાથી જડ થઈ જતું હોય તો આત્મા અત્યારે જડ થઈ ગયો હોત. જગતમાં બે જ વસ્તુઓ છે. બેય ભિન્ન છે, નહીં તો એક જ થઈ જાય.

દ્રવ્યદૃષ્ટિથી તો બેય જુદા પદાર્થ છે, પણ પર્યાયથી ફેર પડે છે. જડ તે જડ અને ચેતન તે ચેતનભાવે પરિણમે તો પછી બંધ પણ ન હોય અને મોક્ષ પણ ન હોય, પણ એમ ઘટતું નથી.

**''ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;**
**વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ-પ્રભાવ.''**

ભાન નથી એટલે આ બધું થાય છે. આત્મા જડ થઈ જતો નથી. અરૂપી આત્મા છે તે રૂપી એવા પુદ્ગલને ગ્રહણ કરે છે. એ અચરજની વાત છે. જીવનો સ્વભાવ જાણવાનો છે, પણ પોતાને બંધન થાય છે તેને તો જાણતો નથી. એવો જિનસિદ્ધાંત આશ્ચર્યકારી છે. બધાનું કારણ અજ્ઞાન જ કહેવું છે. અજ્ઞાન હતું તેથી 'હું દેહ છું' એમ ભાસ્યું.

**''પ્રથમ દેહ દૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ,**
**હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ.''**

હવે આત્મામાં દૃષ્ટિ થઈ તેથી બધું જાણ્યું. ખરા અરૂપી તો સિદ્ધ ભગવાન છે. એ કોઈ પણ પુદ્ગલને ગ્રહણ કરતા નથી.

**[૧૦ ૨૬૭]** (સવારના સભામાં) ૧૬૬ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૧૦, સં.૨૦૦૯

પૂજ્યશ્રી– ભગવતીસૂત્રની સાખ આપીને કહ્યું કે જ્યાં સુધી સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી વ્રત, નિયમ, પચખાણ તે મોક્ષાર્થે નથી. માની બેસે કે મને પાંચમું ગુણસ્થાનક છે, તો તેથી કામ ન થાય. પુણ્ય બાંધે, પણ મોક્ષાર્થે ન થાય. જ્ઞાન મેળવવા માટે વ્રત વગેરે કરતો હોય તો મોક્ષાર્થે થાય. માયા શલ્ય, નિદાન શલ્ય, મિથ્યાત્વ શલ્ય એ ત્રણ શલ્ય છે. એમાંથી એક પણ શલ્ય જ્યાં સુધી હોય ત્યાં સુધી વ્રતી કહેવાય નહીં. આત્માનું માહાત્મ્ય લાગે ત્યારથી જ ધર્મની શરૂઆત થાય છે. તે પહેલાં વ્રત વગેરે કરે તે દેહને માટે જ કરે છે. ઉપવાસ કરે તોય દેહને માટે જ કે આજે પચ્યું નથી, માટે લો ઉપવાસ કરીએ, એમ દેહને માટે જ કરે. આત્માર્થે કરે તો સારું છે. જ્ઞાનીનાં વચનો પછી એને સમજાય. અધિકારીપણું આવે અને સત્પુરુષનો યોગ થાય તો આત્માર્થી થાય.

આત્મા સમજ્યો હોય તો જ્ઞાન છે. ''જ્ઞાન કેવળથી કળો'' કેવળ એટલે આત્મા. આત્મા હોય તો આત્માને જ્ઞાન થાય. બીજા ઉપાયથી જ્ઞાન થતું નથી. આત્માને ઓળખવાથી જ્ઞાન થાય છે. જ્ઞાન થયું હોય તો નિર્જરાનું કારણ થાય. અધ્યાત્મશાસ્ત્રોને જાણીને જો આત્મા જાણ્યો હોય તો સફળ છે. આત્મા જાણ્યો તો એને આત્મજ્ઞાન થયું. શાસ્ત્રોમાં કહ્યું છે તેનાથી પોતાના આત્માનું જ્ઞાન કરવાનું છે. તે ન હોય તો જ્ઞાનીપુરુષનો આશ્રય કરજો. જ્ઞાનીપુરુષ અને જ્ઞાનીપુરુષનો આશ્રિત બેય મોક્ષમાર્ગમાં કહ્યા છે. જો સાચો આશ્રિત થયો હોય તો એ પણ મોક્ષમાર્ગમાં છે.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એને આઠ સમિતિ પણ કહેવાય છે. સૂયગડાંગમાં એની વાત આવે છે. આઠ સમિતિ જેટલું જ્ઞાન જો જ્ઞાનીપુરુષ પાસેથી શીખી લે તો એને સમ્યગ્જ્ઞાન કહેવાય. 'માષતુષ' મુનિને બીજું વિશેષ જ્ઞાન નહોતું. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ જેટલું જ્ઞાન હતું. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું જ્ઞાન છે, તે મોક્ષ અપાવે એવું છે. સમિતિ, ગુપ્તિ જાણી તેથી એ માર્ગાનુસારી થયો, મોક્ષમાર્ગે વળ્યો. શાસ્ત્રો જીવ પોતાની બુદ્ધિથી ભણે છે, તે બુદ્ધિની કસરત છે.

**"યમનિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો."**
**"સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે."**

શાસ્ત્રો બધાં જાણ્યાં, પણ નિજ કલ્પનાથી. પોતાની ઇચ્છાએ બધું કર્યું.

**"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ."**

સ્વચ્છંદ રોકાય તો અવશ્ય મોક્ષ થાય. જ્ઞાનની વાત ચાલે છે, તેથી શાસ્ત્રીય જ્ઞાનને પણ જ્ઞાન ન માની બેસે, માટે ચેતાવ્યા છે.

ગૌતમસ્વામીને મહાવીરસ્વામીએ વેદથી જ સમજાવ્યા. "જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં." પણ જો અજ્ઞાની હોય તે જૈનનાં શાસ્ત્રો વાંચે તોય મિથ્યાત્વી છે. જ્ઞાનીએ વેદનાં વચનોમાંથી પણ આત્મા દેખાડ્યો. જેને સમ્યક્દર્શન છે તેને બધું સવળું છે. મિથ્યાદૃષ્ટિ હોય તેને કેવળજ્ઞાનીનાં વચનો પણ અવળાં પરિણમે. ગૌતમસ્વામી પાંચસો શિષ્યોને ભણાવતા, પણ આત્મા છે કે નહીં, એમ ગોથાં ખાતા હતા. વેદમાં એક ઠેકાણે આત્મા છે એમ કહ્યું છે, બીજા ઠેકાણે આત્મા નથી એમ કહ્યું છે, તેથી શંકા રહેતી. સ્યાદ્વાદ એમની પાસે નહોતો. કૃપાળુદેવ મુમુક્ષુઓને વેદાંતનાં પુસ્તકો વાંચવા આપતા. તેમાંથી ત્યાગ વૈરાગ્યની વાતો ગ્રહણ કરવાની છે એમ કહેતા. વેદાંતમાં એકાંત દૃષ્ટિ છે; નિશ્ચયનયથી એમ છે અને વ્યવહારનયથી આમ છે એમ નથી માનતા.

[વ૦ ૨૬૮] ૧૬૭ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૧૦, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જીવ અવિનાશીપણામાંથી આવ્યો છે અને તેમાં જ જશે. જીવને મૂંઝવીને પણ સદ્ગુરુ પાસે મોકલવો છે.

"પ્રથમ જીવ ક્યાંથી આવ્યો?" – "અક્ષરધામથી."

અક્ષરધામ એટલે પુરુષોત્તમમાંથી.

મુમુક્ષુ– પુરુષોત્તમ એટલે શું?

પૂજ્યશ્રી– કૃપાળુદેવે કહ્યું છે તે કૃપાળુદેવ પાસે જઈને જાણો.

[વ૦ ૨૮૨] ૧૬૮ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સત્સંગનો યોગ હોય તો જીવને શાંતિ થાય છે. આત્મસ્વરૂપ ઓળખ્યા પછી તેમાં રસ આવે છે. તન્મયપણે ભક્તિરસ ગાય ત્યારે શાંતિ થાય. આ જગતનું સ્વરૂપ વિચારે તો વૈરાગ્ય થાય એવું છે. જગતમાં ક્યાંય સુખ નથી. અખંડપણે હરિરસ ગાયા વિના શાંતિ ન થાય. સમ્યક્દર્શન થયા પછી મોક્ષની રુચિ થાય છે. પછી બીજું કંઈ ગમે નહીં.

વ્યાસજીને જ્યારે નારદજી મળ્યા ત્યારે વ્યાસજીએ કહ્યું કે મેં ઘણાં શાસ્ત્રો લખ્યાં છે, પણ શાંતિ થઈ નહીં. નારદઋષિએ કહ્યું- ભક્તિમાં લીન થાઓ. ત્યાર પછી વ્યાસજીએ ભક્તિ વિષે લખવું શરૂ કર્યું હતું.

મુમુક્ષુ– ભક્તિ કેમ નથી જાગતી?

પૂજ્યશ્રી— જીવને બીજી સંસારની ભક્તિ છે. સવારથી સાંજ સુધી દેહ અને કુટુંબની ભક્તિ કરે છે, એ એને ગમે છે. એ જ કારણથી ભક્તિ નથી ઊગતી. જીવને સંસારમાં હજુ પ્રેમ છે, તે ઊઠી સંસાર ઝેર જેવો લાગે ત્યારે ભક્તિ જાગે. પછી સંસારના કામો ગમે નહીં. ભક્તિ નથી થતી એ દુઃખ છે. ભક્તિ હોય તો મુક્તિ સહેજે આવે.

**''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે.''**

કેટલું ફેરવવાનું છે? શુભાશુભ ભાવોમાં જીવ છે. ''શુદ્ધ ભાવ મુજમાં નથી'' બીજા ભાવો ન ભુલાય ત્યાં સુધી શુદ્ધભાવ કેમ કરી આવે? જગત પ્રત્યે વૈરાગ્ય વિશેષ રાખવો. આત્માને હિતકારી શું છે? એવો વિવેક આવે ત્યારે ભક્તિ પ્રગટે. આ કાળમાં ભક્તિની વાત પણ સાંભળવા ન મળે એવું થઈ ગયું છે, તેથી ભક્તિ નથી જાગતી. જીવે પ્રેમ બીજે વેરી નાખ્યો છે. કાળ ફરી ગયો છે. પહેલાં સત્‌યુગમાં તો મહાપુરુષના યોગાદિની અનુકૂળતા સહેજે મળી આવતી. પરંતુ આ કાળમાં તો ભગવાનનું નામ પણ સાંભળવાને ન મળે એવું થઈ ગયું છે. જીવ ધર્મના સ્થાનોમાં પણ બીજી ઇચ્છા રાખે છે.

જ્યાં જોઈએ ત્યાં કપટ; સાચ નથી. એવા જીવોને જ્ઞાનીનો યોગ પણ ક્યાંથી થાય? હીન પુણ્ય જીવો છે. ચાર પ્રકારના પુરુષાર્થમાંથી કામ અને અર્થમાંથી પાછું હઠવાનું છે. એની ઇચ્છા ન રહે એવું કરવાનું છે. મોક્ષે જવું હોય તો એની ઇચ્છા ન રાખવી. કૃપાળુદેવ કહે છે કે અજ્ઞાનીની પેઠે થઈને રહેવું છે, કોઈને ખબર ન પડે તેવી રીતે. હમણાં ધર્મ સંબંધી પણ કંઈ ન પ્રકાશવું, અપૂર્વકાળે ધર્મ પ્રકાશતાં બાધ ન આવે, એટલા માટે થઈને હમણાં ધર્મ સંબંધી કંઈ ન પ્રકાશવું.

મુમુક્ષુ— ધર્મ પ્રકાશવું કેમ નથી ગમતું?

પૂજ્યશ્રી— ''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ'' કૃપાળુદેવ કહે છે કે જ્યાં સુધી ગૃહસ્થાશ્રમ છે ત્યાં સુધી ધર્મ સંબંધી ન કહેવું, એટલા માટે થઈને ધર્મ પ્રવર્તાવવાની ઇચ્છા થતી નથી.

**[વ૦ ૨૮૫]**(સવારના સભામાં) ૧૬૯ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૧૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—આ મત મારો છે, એમ નહીં કરતાં મધ્યસ્થ દૃષ્ટિથી વાંચવું.

''હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશકે નાહીં રે''

અમે આ સંસાર દેશના નથી, કોઈ બીજા દેશના છીએ એમ કહેવું છે. માથે મરણ છે એ સંભારવા જેવું છે. કાળ છે તે પદાર્થને પલટાવે છે. પદાર્થ બીજારૂપે થાય પણ નાશ ન થાય. જેમ દીવામાં ઘાસતેલ નાંખ્યું તે ધુમાડારૂપે થાય છે. પર્યાય ફર્યો પણ વસ્તુ તો રહી.

**[વ૦ ૨૯૯]** ૧૭૦ બેઝવાડા (વિજયવાડા), પોષ સુદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— જ્ઞાની ટૂંકો રસ્તો બતાવે છે. કરે તો થાય. કોઈને ધર્મ કરવાની ભાવના થાય ત્યારે વ્રત કરે, પચખાણ કરે, ઉપવાસ કરે, પણ કંઈ નહીં. લક્ષ રાખીને કરે તો ઘણું કામનું છે. ''જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું'' એ લક્ષ રાખીને કરવું. એ લક્ષ જો હોય તો

સંસાર છોડીને મોક્ષે જતો રહે. મારે જગતને ભૂલવું છે, એમ કરી પછી સત્પુરુષની શોધ કરવાની છે. સત્પુરુષ વિના સંસારની વિસ્મૃતિ થાય નહીં. ટૂંકો રસ્તો છે. જપ, તપ વગેરે બધું આ લક્ષ વગર નિષ્ફળ છે, સંસારનું કારણ છે. જગતની વિસ્મૃતિ કરવી એ કંઈ સહેલું કામ નથી. કૃપાળુદેવે પોતે કરીને કહ્યું છે. જપ, તપનું ફળ એવું આવવું જોઈએ કે જેથી મોક્ષ થાય. સત્પુરુષ પ્રત્યે પ્રેમ થાય તે કર્તવ્ય છે. સત્પુરુષની પ્રાપ્તિ એ પહેલો ઉપાય છે. સત્પુરુષની પ્રાપ્તિ વિના જપ, તપ જે કંઈ કરે તેનું ફળ મોક્ષ ન થાય, કારણ કે સત્પુરુષની આજ્ઞાએ એ કરતો નથી, તેથી મોક્ષનું કારણ થતું નથી. સત્પુરુષ પ્રત્યે પ્રેમ અને જગત પ્રત્યે ઉદાસીનતા એ બે કરવાનાં છે. આખો દહાડો બેસીને ધ્યાન કરે અને ઇચ્છા સંસારની રાખે તો સંસાર મળે. સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું હોય તો ઉદાસીનતા જોઈશે. ત્યાગ-વૈરાગ્ય જોઈશે.

**''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન''**

સંસાર ઉપરથી ભાવ ઊઠે ત્યારે ત્યાગ વૈરાગ્ય થાય. મુનિઓને જે પુણ્ય બંધાય છે તેમાં તેઓ રાચતા નથી, છોડવા યોગ્ય જાણે છે. વૈરાગ્ય દૃઢ થયો હોય તો મોક્ષે જાય. એ વૈરાગ્ય થવા માટે ઉપદેશબોધ કહ્યો છે. કંઈ ન બને તો ઉદાસીનતા તો કરવી જોઈએ. જેણે માર્ગ જાણ્યો છે તેની આજ્ઞા આરાધે તો મોક્ષ થાય. બધું જીવન એક આત્માર્થે ખર્ચવાનું છે. બધું આત્માર્થે કરવું.

**''અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન''**

ત્યાગ વૈરાગ્ય કરીને અટકી રહેવાનું નથી. આગળ વધવાનું છે. બધાં શાસ્ત્રો, વિદ્યાઓ, વિધિઓ ''જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું.'' એ લક્ષ વિના સફળ થાય નહીં. જગતના ભાવો છોડવા પડશે. કોઈ જ્ઞાનીપુરુષને શોધી, પછી તેની આજ્ઞા આરાધવી તે મોક્ષનો માર્ગ છે. સમ્યક્‌દર્શન થવા માટે ત્યાગ વૈરાગ્યની જરૂર છે. ઠેઠ બારમા ગુણસ્થાન સુધી જ્ઞાનીપુરુષોના વચનોનું અવલંબન લેવાનું છે. ઉપર જે જગતની વિસ્મૃતિ કરવા કહ્યું તે એકદમ થતું નથી, સત્સંગે થાય છે. સત્સંગ, સત્પુરુષના યોગે 'આત્મામાં કેવળજ્ઞાન છે', એમ માહાત્મ્ય સમજાય તો પુરુષાર્થ કરે. આ દુઃખરૂપ સંસારને મોટા મોટા ચક્રવર્તીઓ પૂંઠ દઈ છોડીને ચાલી નીકળ્યા. મનુષ્યભવ બહુ કીમતી છે. સંસાર દુઃખરૂપ છે એમ સમજાય ત્યારે ઉદાસીનતા આવે. સ્વચ્છંદે વર્તે તો તેનું ફળ દુઃખ આવે. સત્પુરુષના યોગે એની સમજણ ફરે છે. હું શું કરું છું? મારે શું કરવું છે? આવા વિચાર સત્સંગે સાંભળવામાં આવે છે. સત્સંગમાં આત્મા ગ્રહણ કરાય છે. સત્પુરુષના યોગે હિતકારી, અહિતકારી વસ્તુનો વિવેક થાય છે, સંસાર પરથી મન ઊઠી જાય છે. હવે રાગ-દ્વેષ કરીને સંસારમાં ભટકવું નથી. વિચાર કરે તો બધો સંસાર દુઃખરૂપ લાગે.

વાસુદેવ હોય તે ત્રણ ખંડમાં પુજાય છે, પણ છેવટે નરકમાં પડે ત્યારે પસ્તાય છે. જ્યાં સુધી સંસારની વિસ્મૃતિ ન થાય ત્યાં સુધી સત્‌ના ચરણમાં રહેવાય નહીં. સંસાર દુઃખરૂપ લાગે, ત્યારે વસ્તુ સમજાય. સંસારથી છૂટવું છે, એવી ભાવના થયા પછી શું કરવું? જે છૂટ્યા છે, તેઓના આશ્રયે અથવા આજ્ઞાએ વર્તવું. સત્પુરુષના યોગે જીવને શું કરવું યોગ્ય છે તે સમજાય છે. સ્વચ્છંદે ગમે તેટલું કરે તો પણ રખડે. સંસાર દુઃખરૂપ લાગ્યો છે, તો હવે એને છોડવો. ખોટો લાગ્યો તો

એના વિકલ્પો કરવા મૂકી દેવા. જ્ઞાનીપુરુષની સમીપે રહેવું અને જગતની વિસ્મૃતિ કરવી, તો થશે. અનાદિકાળના જે સંસ્કારો પડ્યા છે, તે એમના એમ જતા નથી. જેને વસ્તુ પ્રાપ્ત થઈ છે, એવા પુરુષ પ્રત્યે રાગ તે મોક્ષનું કારણ છે. વીતરાગ પ્રત્યે રાગ તે પ્રશસ્ત રાગ છે. શું કરવું? શું કરવાથી હું સુખી થાઉં? શું કરવાથી દુઃખી થાઉં? સમ્યક્ત્વ કરવું હોય તો એની ખોજ કરવી. આત્માની શ્રદ્ધા તે સમ્યક્દર્શન છે. વ્યવહાર એ પરમાર્થનું કારણ છે. સાચાં મોક્ષ મેળવવાનાં કારણો છે, પણ પોતે સાચો થાય તો થાય. જગતની વિસ્મૃતિ કરવાથી પાંસરું થશે. સંસાર અને મોક્ષ એ બેય રસ્તા જુદા છે. મોક્ષનો માર્ગ છે તેમાં ત્યાગ કરવાનો છે. સંસારનો માર્ગ છે તેમાં ગ્રહણ કરવાનું છે. અસંગપણામાં જ સુખ છે. એ ધ્યેય થાય તો મોક્ષમાર્ગમાં એ મદદ કરે, બધું ઉપયોગી થાય. બીજી આશાઓ હોય ત્યાં સુધી ન થાય. સંસારી ભાવોની અંદરથી વિસ્મૃતિ કરવી. આત્માર્થી થાય તો બધું બને. એ થયા પછી જે કંઈ કરે તે સવળું થાય. આત્માર્થી ન હોય ત્યાં સુધી મમત્વ હોય છે અને મમત્વને લઈને મોક્ષ ન થાય. મમત્વને લઈને આખો સંસાર છે.

**[વ૰ ૨૯૯]** (સવારના સભામાં) **૧૭૧** શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— બધાનો સાર કહ્યો. બધું કરીને કરવાનું છે જગતની વિસ્મૃતિ. મન એવું છે કે કશું ન હોય છતાં વિકલ્પો કરી કર્મ બાંધે. બે કામ સાથે ન થાય. કાં તો એ કામ થાય, કાં તો બીજું. જગતને ભૂલી જવું છે એ લક્ષ રાખવો. જેમાં માહાત્મ્ય લાગ્યું હોય તેમાં ચિત્ત ચોંટે છે. જગતનું માહાત્મ્ય લાગ્યું હોય તો જગતમાં ચોંટે છે. જ્ઞાનીપુરુષે જે કહ્યું છે તેમાં ચિત્ત રાખીશ તો જીવન સફળ થશે. એનું માહાત્મ્ય લાગે તો એમાં ચિત્ત ચોંટે, નહીં તો ખાવાપીવામાં ચિત્ત જાય. પણ આ તો વાંચ્યું છે; મંત્ર તો મને આવડે છે એમ થઈ જાય તો માહાત્મ્ય ન લાગે. બધાં શાસ્ત્રનો સાર મંત્ર છે. એમ સમજાય તો એના વિચાર આવે. જગતને ભૂલી મહાપુરુષના ચરણમાં ચિત્ત રાખવું છે એમ જો માહાત્મ્ય રહે તો એમાં ચિત્ત ચોંટે. કર્મના ઉછાળે બીજું મનમાં આવે, પણ મારે તો જગતને ભૂલવું છે અને સત્પુરુષમાં ચિત્ત રાખવું છે. કરવાનું તો એટલું જ છે કે જગતને ભૂલવું, તો એનું બળ વધે, તેથી જીતી જાય. જે કરે તેમાં સંસારનો લક્ષ રાખે તો પછી જપ તપ કરે, તેય સંસારનાં કારણ થાય. પુરુષાર્થ કરે નહીં તો અનાદિની ટેવ હોય તેમાં તણાઈ જાય. છૂટવા માટે કરવું છે એમ જો લક્ષ રહે તો મન તેમાં ચોંટે. સામાયિક કરવા બેઠો હોય અને મન તો બીજે તડાકા મારતું હોય. ચોવીસે ક્લાક જે કરતો હોય, તે જ પોણા ક્લાક વખતે પણ આવીને ઊભું રહે ને? બીજું ક્યાંથી આવે? જે કંઈ સાધન કરવું તે સત્પુરુષને ભુલાય એવું ન કરવું, સત્પુરુષને આગળ કરીને સાધન કરવું. 'ઉપદેશછાયા'માં છે કે વિભાવથી મુકાવું અને સ્વભાવમાં રહેવું. એ ન થતું હોય તો શું કરવું? સત્પુરુષમાં ચિત્ત રાખવું ને જગતને ભૂલી જવું.

**[વ૰ ૩૦૧]** (સવારના સભામાં) **૧૭૨** શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જ્ઞાનીને એ દૃઢ કરાવવું છે કે સંસાર બંધનરૂપ છે. તેથી બચવા એટલું કરાવવું છે. આત્માને પહેલો જોવો. દેખનારો આત્મા છે. 'આત્મા છે' તે પ્રથમ પદ છે તે ભૂલી ન જવું. સુખદુઃખ આવે તે યોગ્ય જ થયું એમ માનવું. આમ હોય તો સારું, આમ ન હોય તો ખોટું, એમ કરવા જેવું નથી. પૂર્વે જેવું કર્યું હતું તે જ આવ્યું છે. આત્માનું વિસ્મરણ ન થાય એ કહેવું છે. જગત

આત્મારૂપ માનવામાં આવે એટલે આત્માનું વિસ્મરણ ન થાય.

**"ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?"**

આત્મા ન હોય તો મડદું. પહેલો આત્મા છે. એ હોય તો જણાય છે. કોઈના પણ દોષ ન જોવામાં આવે, તો જ આ સંસારમાં રહેવું, નહીં તો જંગલમાં જવું. પોતાનામાં કંઈ ગુણ હોય તો જીવ તેને ગાતો ફરે છે. જાણે ગુણ પ્રગટ થયા જ નથી એમ રહે, તો જ આ સંસારમાં રહેવું. પોતાના દોષ જુએ તો મુમુક્ષુ થાય, એ દોષોથી મૂંઝાવાનું થાય.

**[વ૦ ૩૧૭]** (સવારના સભામાં) ૧૭૩ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જડનું જડરૂપે અને ચેતનનું ચેતનરૂપે સહજે પરિણમન થયા જ કરે છે. જીવને વૈરાગ્યની ખામી છે. વૈરાગ્ય વૃત્તિ હોય તો છાપ પડે છે. બધા બીજા વિચારો આવે છે. મારે કૃપાળુદેવે કહ્યું તે જ કરવું છે એમ જેને થાય તેને અસર કરે છે. આપણે આત્મસિદ્ધિ રોજ બોલીએ છીએ. એ સિદ્ધાંતગ્રંથ છે.

સૌભાગ્યભાઈને આત્મસિદ્ધિ મોકલી તે વખતે સૌભાગ્યભાઈને તાવ આવતો હતો. કૃપાળુદેવે પુછાવ્યું કે તમને કેમ રહે છે? સૌભાગ્યભાઈએ લખાવ્યું કે 'આત્મસિદ્ધિ'ને લઈને જ હું જીવું છું. બોતેર ગાથા મોઢે કરી છે અને બીજી કરીશ. મને આનંદ રહે છે.

આશ્ચર્યકારક વસ્તુ છે કે અનાદિકાળથી પુદ્ગલનો સંબંધ છે, છતાં એક પણ પ્રદેશ જડરૂપે થયો નથી. કેટલીય વાર નરકમાં ગયો. ત્યાં છેદાયો, ભેદાયો તો પણ એક પ્રદેશ પણ ઘસાયો નથી. કોઈ કોઈના રૂપે પરિણમે નહીં. પોતપોતાને સ્વભાવે બધાં દ્રવ્ય પરિણમે છે. હું બોલ્યો, મારું કહ્યું ન માન્યું એમ કલ્પના કરે છે. તે એને અંદર પેસી જાય છે. મારું કહ્યું ન કર્યું એમ જે કરે છે તે કલ્પના જ છે. કલ્પનાથી દુઃખી થાય છે. જેવાં કર્મ બાંધ્યાં હોય તેવાં દેખાય છે.

જડ તો જડ રૂપે જ પરિણમે છે. જડ તે જડ અને ચેતન તે ચેતન એટલું સમજાય તો ભૂલો ન પડે. નહીં તો જડને ચેતન માને અને ચેતનને જડ માને. એક દ્રવ્ય બે રૂપે પરિણમે નહીં. કર્મમાં ચેતનપણું બિલકુલ નથી. જડ છે, પુદ્ગલ છે.

ચેતને ભાવ કર્યા તેથી કર્મ બંધાયા. પણ જડમાં કંઈ ચેતનભાવ પેસે નહીં. ચેતનનો ભાવ ચેતનમાં રહે. ચેતન પુદ્ગલ એવાં કર્મને ગ્રહણ કરે છે, પણ બન્ને રહે છે જુદાં જ.

જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન નિશ્ચયથી એક જ છે. પરાધીન જ્ઞાન છે તેથી પુદ્ગલની મદદ લેવી પડે છે, પણ પુદ્ગલ જાણે છે એમ નથી. બેય પદાર્થ જુદા છે એમ સમજાય તો હું દેહાદિ સ્વરૂપ છું, જડ ને હું એક છું એમ જે માને છે તે મટે.

કર્મ ન બંધાય એવી રીતે વર્તી શકાય છે. જ્ઞાની પણ સંસારથી કંટાળો ખાય છે અને અજ્ઞાની પણ સંસારથી કંટાળે છે, છતાં એક છૂટે છે ને બીજો બંધાય છે.

**[વ૦ ૩૧૮]** (સવારના સભામાં) ૧૭૪ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવે 'મારું' કર્યા વગર બધું કામ કર્યું છે. દૃષ્ટિ ફરવી જોઈએ.

**"નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય."**

જેને આત્માનો નિર્ણય થયો છે તે પછી ગમે તેમ પ્રવર્તે તોય ભૂલે નહીં. પછી એ હાલે ચાલે, ખાય પીએ તોય સ્વરૂપનો નિર્ણય થયો છે તે એને ન ભુલાય. એને સ્વરૂપનો નિર્ણય થયો છે તેથી કંઈ મૌન થઈ જાય એવું નથી. [૧]શાલિભદ્ર અને ધનાભદ્રે જાણે પોતાનું કંઈ કર્યું જ નહોતું તેમ કરી ચાલી નીકળ્યા.

પ્રમાદ આવે ત્યારે થાય કે કાલે કરીશું, પરમ દિવસે કરીશું, હવે થોડીવાર સૂઈ જઉં એમ પ્રમાદ આવે ત્યારે થાય. ખાતાં પીતાં વૈરાગ્ય ભૂલી ન જવાય. વૈરાગ્ય તાજો રાખવો. આ રસોઈ સારી થઈ છે, પેલી સારી નથી એમ થાય ત્યાં વૈરાગ્ય ક્યાં રહે?

**[વ૦ ૩૧૯]** (સવારના ૧૧-૦૦ વાગે) ૧૭૫ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–ચેતાવવા માટે જ્ઞાની કહે છે કે તું કંઈ કરી લે, ચેતી લે. એમનું એમ આયુષ્ય જતું રહેશે. કેટલું જીવવાનું છે તેની ખબર નથી. જંજાળમાં આખી જિંદગી માથાકૂટ કરે, પણ કંઈ સાથે આવે નહીં. 'આત્માનુશાસન'માં આવે છે કે ઝાડ ઉપરથી ફળ નીચે પડે તેના વચ્ચેનો જેટલો સમય છે, તેટલું આયુષ્ય છે; માટે ચેતી લો. ક્યારે મરણ આવશે, તેની ખબર નથી. સ્વરૂપ સાંભરતું નથી. પોતાનું સ્વરૂપ પ્રગટ કરવું એવી ગરજ નથી. વિભાવ મારે છોડવો છે એવી એને ગરજ નથી. બોધથી જીવ જાગે છે.

સંતોષ રાખવાનું કહે છે. રાત દિવસ માથાકૂટ કરે તોય મળવાનું હોય તેટલું મળે, પણ આ પરમાર્થનું કામ તો કર્યા વિના થાય તેવું નથી. એને માટે પુરુષાર્થ કરે તો મોક્ષ થાય. આ જગતમાંથી કંઈ જોઈતું નથી. આયુષ્ય હોય, પુરુષાર્થ કરતો હોય તો એને પછી સિદ્ધિ પણ થાય. સ્વરૂપ પ્રાપ્ત કરવું છે એવી સ્મૃતિ પણ એને નથી. પ્રમાદમાં જિંદગી ન જવા દેવી. અપ્રમત્તપણે રહેવું. અપ્રમત્ત અવસ્થા બે ઘડી પૂરી રહે તો કેવળજ્ઞાન થાય એવું છે. છઠ્ઠે ગુણસ્થાનકે રહેલ સમ્યગ્દૃષ્ટિ સાતમે જાય અને પાછા છઠ્ઠે આવે; જો વધારે વાર અપ્રમત્તમાં ટકે તો કેવળજ્ઞાન થાય.

**[વ૦ ૩૨૦]** (સવારના ૧૧-૦૦ વાગે) ૧૭૬ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૨, સં.૨૦૦૯

આત્મા શરીરને લઈને, શ્વાસોશ્વાસને લઈને જીવતો નથી. જડ તે જડભાવે અને ચેતન તે ચેતનભાવે પરિણમે છે. બન્નેનું પરિણમન જુદું છે. બન્ને દ્રવ્યો જુદાં છે. બન્નેના પ્રદેશ જુદા છે. એક ક્ષેત્રમાં રહે છે, છતાં જુદાં છે.

**[વ૦ ૩૨૧]** (સવારના ૧૧-૦૦ વાગે) ૧૭૭ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૨, સં. ૨૦૦૯

ઉપર જે જડ ચેતનનો સ્વભાવ ભિન્ન કહ્યો એનો ખ્યાલ આવે તો અત્યંત ઉદાસીન એવું જે ચૈતન્ય તેને એમનું એમ રાખે; વસ્તુનો સ્વભાવ જેવો છે તેવો જ રાખે. સમજણમાં ભૂલ હોય તો બીજું માને, પણ જ્ઞાનીને સમજણ છે. ઉદાસ રહેવાનો, સમભાવમાં રહેવાનો જ્ઞાની કેટલો પુરુષાર્થ કરે છે!

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ વચનામૃત પૃષ્ઠ ૩૮૮ તથા પ્રજ્ઞાવબોધ પાઠ ૫૭-૫૮.

મુમુક્ષુ– ઉદાસીનપણું એટલે શું?

પૂજ્યશ્રી– જેમાં મારું-તારું, રાગદ્વેષ નથી; અસંગ રહે તે ઉદાસીનપણું છે.

માયા જીવને તાણી જાય તેવી છે. માયાનું સ્વરૂપ જ એવું છે. એમાં જો પ્રીતિ થઈ તો એને ખેંચી જાય. અગિયારમાથી પાડી નાખે એવી માયા છે.

[૧]સમુદ્રમાં બે ભાઈ યક્ષની પીઠ પર બેસીને જતા હતા, ત્યાં માયાદેવી પાછળ આવી કહેવા લાગી કે જરા સામું જુઓ, મેં તમારું શું બગાડ્યું છે? પછી બહુ રડવા લાગી. તેમાંથી એક ભાઈએ સામું જોયું. તેથી યક્ષે તેને સમુદ્રમાં પટકી નાખ્યો. માયાદેવીએ તેના કટકા કરી સમુદ્રમાં જ પાછા નાખી દીધાં. માયાનું સ્વરૂપ જ એવું છે.

ગૃહસ્થ અવસ્થામાં જો સમભાવ રહે તો ઘણા કર્મની નિર્જરા થાય. પ્રભુશ્રીજી કહેતા કે તમને મારી નાખી જીવતા કરવા છે. આ બધું મારું-તારું કરે છે તે કઢાવી નાખવું છે. એવું સાચું શરણ પ્રાપ્ત થાય ત્યારથી નવો જ અવતાર પ્રાપ્ત થયો. ગૃહસ્થ અવસ્થામાં સમભાવ રહેવો મુશ્કેલ છે. પ્રભુશ્રીજી કહેતા કે તમને નવી હોડીમાં બેસાડ્યા છે, હવે લાંબા ટૂંકા હાથ કરશો નહીં.

[વ૦ ૩૨૨] ૧૭૮ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આખું જગત લૌકિકદૃષ્ટિમાં પડ્યું છે. જ્ઞાનીપુરુષ અને જ્ઞાનીપુરુષનો આશ્રિત એ બન્ને લૌકિક ભાવમાં વર્તશે તો પછી અલૌકિક ભાવમાં કોણ વર્તશે? જ્ઞાનીપુરુષ દ્વારા પોતાના સ્વરૂપનું ભાન થાય છે. જ્યાં આત્મસ્વરૂપ પ્રગટ છે તે પુરુષ પર વિશ્વાસ રાખે તો તે સ્વરૂપ પ્રાપ્ત થાય.

''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન'' ''ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય.'' વૈરાગ્ય વધે તો સત્પુરુષ ઓળખાય. જે ઉદય આવે તે સમભાવે સહન કરવાનું છે. ફિકર ન કરવી. જેમ જેમ આત્મા નિર્મળ થાય તેમ તેમ રિદ્ધિસિદ્ધિ પ્રગટે, પણ તે બીજા કામમાં વાપરે નહીં.

કોઈનાં કર્મ કોઈ ભોગવી શકે નહીં. દરેક જીવે પૂર્વે જેવાં જેવાં કર્મ બાંધ્યાં છે, તેવાં તેવાં ઉદયમાં આવે છે. આજીવિકા સંબંધી કંઈ ચિંતા કરવાની જરૂર નથી. દરેકને પોતાના બાંધ્યા પ્રમાણે મળી આવે છે. પશુ, પક્ષી આદિને પણ આહાર પાણી મળી આવે છે, તો પછી મનુષ્યને માટે તો કહેવું જ શું? પણ લોકોને દેખાડવા માટે ખર્ચ વગેરે કરે એ બનવું તો મુશ્કેલ છે.

કૃપાળુદેવ લખે છે કે આત્મા સિવાય અમારું ચિત્ત બીજે ક્યાંય જતું નથી. જીવને બંધ કેમ થાય છે? બંધથી કેમ છુટાય છે? એ જેવું તીર્થંકરદેવે કહ્યું છે તેવું કોઈ દર્શનમાં યથાર્થ કહ્યું નથી. ભગવાને શાસ્ત્રમાં જે કંઈ કહ્યું છે તે વીતરાગ થવા માટે કહ્યું છે. આત્મા ચિંતામણી રત્ન જેવો છે. મોક્ષની ભાવના કરે તો આ મનુષ્યભવમાં જ મોક્ષ મળે. પણ ભાવના કરતાં આવડતી નથી. આત્મા આત્મારૂપ જ છે. સુખદુઃખ એ બધાં કર્મનાં ફળ છે. એમાં સારું કે ખોટું માનવાનું નથી.

[વ૦ ૩૨૨] (સવારના ૧૧-૦૦ વાગે) ૧૭૯ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૨, સં. ૨૦૦૯

અલૌકિકદૃષ્ટિ જ્ઞાની અને જ્ઞાનીના આશ્રિતમાં રહે છે. એમાં જો એ અલૌકિકદૃષ્ટિ ન રહે તો પછી એને રહેવાની જગ્યા ક્યાં રહે?

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ઉપદેશામૃત પૃષ્ઠ ૧૯૭.

સત્સંગમાં બધું સહજે સમજાય. અષ્ટાવક્ર ગુરુને, જનકે બધું અર્પણ કરી, સમ્યક્પ્રકારે શ્રદ્ધા રાખી. એવી જો શ્રદ્ધા રાખે તો મોક્ષ થાય.

મુમુક્ષુ– સમ્યક્પ્રકારે એટલે શું?

પૂજ્યશ્રી– જ્ઞાની સ્વીકારે તેવો વિશ્વાસ.

મુમુક્ષુ– જ્ઞાની શી રીતે સ્વીકારે?

પૂજ્યશ્રી– જગતનાં પદાર્થોનું સ્વરૂપ જેવું જ્ઞાનીએ જાણ્યું છે તેવું એને મનાય તો જ્ઞાની સ્વીકારે. આપણા દોષો જાય તો જ્ઞાની આપણને સ્વીકારે. પોતાની સમજણે જ્યાં સુધી કરે છે, ત્યાં સુધી જ્ઞાની સ્વીકારતા નથી. જ્ઞાનીની દૃષ્ટિએ જ્ઞાની ઓળખાય. પોતાની કલ્પનાનો આશ્રય છોડવાનો છે. પ્રભુશ્રીજી કહેતા કે કોને નમસ્કાર કરો છો?

[૧]જૂનાગઢથી પ્રભુશ્રીજીએ રણછોડભાઈને એક કાગળ લખ્યો છે, તેમાં લખ્યું છે કે અમને શ્રદ્ધા દૃઢ છે, તેથી જાતિસ્મરણજ્ઞાન થયું છે. પૂર્વ ભવ દેખાય છે, આનંદ આનંદ વર્તે છે. કોઈને જણાવશો નહીં.

મુમુક્ષુ જીવોને પણ ચારિત્રમોહ કેવો પજવે છે, તે સોભાગભાઈના જીવન પરથી જણાય છે. આત્માને માટે બધું જતું કરવું. પોતાના આત્માનું બગાડવું નથી, એવું માહાત્મ્ય કૃપાળુદેવને આત્માનું લાગ્યું છે. તેથી પ્રતિજ્ઞા કરી છે કે આત્માને ભૂલીને કંઈ ન કરવું. સહેજે સહજે થાય તે કરવું. બોજો હોય તો એના માથા પરથી બીજાના માથા પર લેવાય, પણ ચિંતાનો ભાર તો લેવાય નહીં.

કૃપાળુદેવ લખે છે, અમે દુઃખથી ડરતા નથી. તીર્થંકરનો આશય જાણનાર કોઈ આ ક્ષેત્રે જો હોય તો તે અમે છીએ. વીતરાગતા છે એ જ સુખ છે. સોભાગભાઈ કહેતા કે તમે દીક્ષા લો, તો અમે પણ દીક્ષા લઈએ.

કૃપાળુદેવ સહજ સ્વભાવે વર્તે છે. જેમ ઉદય આવે તેમ વર્તે છે.

**[વ૦ ૩૨૨]** (સવારના સભામાં) ૧૮૦ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– વસ્તુ જેમ છે તેમ સમજવાની છે. પરવસ્તુ પોતાની થાય નહીં, પણ ટેવ પડી હોય તેથી તે વગર ચાલે નહીં એવું થઈ જાય. સંસારી વસ્તુમાં ઝેર છે, તે એને મીઠું લાગે છે. જીવ પરાધીન થયો છે. જીવને ભય લાગે તો સંસારની વસ્તુઓ છોડે. આખી જિંદગી મારું મારું કરે તોય મારું થાય નહીં, કર્મ બંધાય. મારું મારું કર્યું તે સાથે આવે નહીં. ભાન નથી તેથી મારું મારું કરે છે. પુદ્ગલ સાથે રહેવા છતાં જીવ પુદ્ગલ થઈ ગયો નથી. જ્ઞાન ન હોય તો આત્મા ન હોય. હું રૂપાળો છું, બળવાન છું એ બધું પુદ્ગલને લઈને માને છે. પણ આત્મામાં તો રૂપ, રસ કંઈ નથી. પરને પોતાના ગુણ માને, પણ પોતાના થાય નહીં. એ દુઃખી થવાનો રસ્તો છે. જીવ પુદ્ગલની સાથે રહે છે, પણ પરિણમન બેયનાં જુદાં છે. આત્મા પુદ્ગલની સાથે રહેવા છતાં રંગાઈ જતો નથી. જડ જડરૂપે, ચેતન ચેતનરૂપે પરિણમે છે.

આત્મામાં કલ્પના કરવાની શક્તિ છે. કલ્પના કરી સારું ખોટું એમ માને છે, પણ વસ્તુ કંઈ સારી ખોટી ન થાય. આત્માનું કામ જાણવાનું છે, પણ વચ્ચે મોહ કરે છે. યથાર્થ જાણવામાં દોષ નથી. કેવળી બધાય પદાર્થોને જાણે છે, પણ મોહથી બંધાતા નથી. આત્મા જડરૂપે પરિણમે નહીં.

---

૧. વિસ્તારથી પ્રસંગ માટે જુઓ ઉપદેશામૃત પૃષ્ઠ ૧૬, પત્ર ક્રમાંક ૨૮.

શાતા કે અશાતા એ બેયમાં એક દ્રષ્ટા રહે છે. જીવને ભાન નથી, ઓળખાણ નથી.

**[વ૦ ૩૨૪]** (સવારના સભામાં) **૧૮૧** શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ગમે તેટલી ઉપાધિ હોય પણ કૃપાળુદેવ આત્માને ભૂલતા નથી. પરમ જ્ઞાની સિવાય કોઈ ઉપાધિમાં અસંગ રહી શકે નહીં. કૃપાળુદેવ કહે છે કે અમે રહીએ છીએ તેમાં અમને આશ્ચર્ય લાગે છે. આત્માનું ઓળખાણ થયું છે તેથી આત્મા એમને ભુલાતો નથી. બીજાને આત્મા ભુલાઈ જાય છે. કૃપાળુદેવ ગમે તેટલી ઉપાધિ હોય પણ અંતરમાં શીતળીભૂત રહે છે. એટલો પુરુષાર્થ કરે છે. મન બીજે ભટકતું હોય તો શું થાય? આત્માની ઓળખાણ થઈ છે તે આત્માને ભૂલતા નથી. સહજ સમાધિ કહી છે; એટલે બહારના નિમિત્તથી સમાધિ નથી, સહજે રહે છે. આત્માનું ઓળખાણ થાય તો આત્મામાં જ એને સંતોષ થાય છે. નિષ્કાંક્ષિત ગુણ પ્રગટે છે. બીજી વસ્તુઓથી એને આનંદ થાય છે એમ નથી. આત્માથી જ એને આનંદ છે. પાંચ ઇન્દ્રિયના વિષયની જે ઇચ્છા નિરંતર રહેતી હતી, તેને સમ્યક્ત્વ થતાં છૂટવાનું થાય છે. આત્માથી બધી વસ્તુઓ હીન છે.

**[વ૦ ૩૨૫]** (સવારના સભામાં) **૧૮૨** શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–

**"કોટી વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય."**

એનું આ બધું વર્ણન કર્યું છે. એ કાવ્ય હિન્દીમાં લખેલું હતું, છતાં સોભાગભાઈને સમજાયું અને કૃપાળુદેવને અર્થ લખીને મોકલ્યો.

**[વ૦ ૩૨૯]** **૧૮૩** શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– દુઃખ ભોગવવા કોઈ ઇચ્છતું નથી, પણ પૂર્વકર્મને લઈને ભોગવવું પડે છે. સમ્યક્દર્શન થયા પછી સુખદુઃખ બન્ને સરખાં છે. ધ્યાન છે તે નિર્વિકલ્પ થવા માટે છે. આત્માનું સ્વરૂપ વિકલ્પરહિત છે.

આખો સંસાર પ્રવૃત્તિરૂપ જ છે. મન વચન કાયા એ પ્રવૃત્તિ છે. સંસાર હોય ત્યાં સુધી ઉપાધિ જ હોય છે. જીવ જગતને ઇચ્છે છે, તે લૌકિકભાવ છે.

**"જહાં કલપના–જલપના, તહાં માનું દુઃખ છાંઈ"** (હા. નોંધ-૧/૧૨)

કૃપાળુદેવ પોતાની દશા જણાવે છે કે લોકનો પરિચય ગમતો નથી, સત્સંગમાં લક્ષ રાખ્યો છે, ઉપાધિયોગમાં ચિત્ત ચોંટતું નથી, પણ પ્રારબ્ધને લઈને કરવું પડે છે.

જે પુરુષાર્થ કર્યા વિના થાય એવું છે તેને માટે જીવ ચિંતા કરે છે અને તેને માટે દોડમદોડ કરે છે. અને જે પુરુષાર્થ કર્યા વિના ન થાય તેને માટે પુરુષાર્થ કરતો નથી. પૂર્વે જીવે જે પ્રકારે બાંધ્યું છે તે પ્રમાણે મળી આવશે, પણ વિશ્વાસ બેસતો નથી. નિમિત્તની જરૂર છે. મનુષ્યભવ દુર્લભ છે એવું જ્ઞાનીને લાગે છે અને આ જીવ તો દેહને પોષવામાં આખી જિંદગી ખોઈ દે છે.

કૃપાળુદેવ લખે છે કે ‘વિશેષ કાળ ઉપાધિમાં જીવ રહે તો આયુષ્ય પૂર્ણ કરી દેવું’ એવી પ્રતિજ્ઞા કરી હતી. બધાનું કારણ વૈરાગ્ય છે. એક આત્માને સંભારવાનો છે. કૃપાળુદેવ લખે છે કે અમને જગતના કોઈ પણ પદાર્થમાં મોહ રહ્યો નથી; તેથી વૃત્તિ ત્યાં જતી નથી. નવાં કર્મ ન બંધાય એ સાચવીએ છીએ. સમભાવ રાખવો એ લક્ષ રાખ્યો છે.

જ્ઞાનીને માર્ગે ચાલવું હોય તો જે થાય તે જોયા કરવું. જે થવાનું હશે તે થશે.

**“જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે”**

જડથી ઉદાસ થશે ત્યારે કામ થશે. જ્ઞાનીપુરુષે જે કર્યું છે તે જ મારે કરવાનું છે. એટલી ભાવના તો રાખવી અને બને તેટલું કરવું. એ જ્ઞાનીની દશામાં પેસવાનું દ્વાર છે. કૃપાળુદેવ સંસારમાં રહ્યા છતાં ઉદાસીનભાવમાં વર્તતા હતા. જેણે આત્મા જાણ્યો છે તેને બીજા વિકલ્પ ન આવે. “આત્માથી સૌ હીન” એમ લાગે.

[વ૦ ૩૨૯] ૧૮૪ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ઉપાધિના પ્રસંગમાં પોતાને જેવું થઈ જાય તેવું જ્ઞાનીને પણ થતું હશે, એવી જીવ કલ્પના કરી લે છે; પણ જ્ઞાનીને તો ચારે બાજુથી ઉપાધિની જ્વાલા સળગતી હોય તોય સહજ સમાધિ રહે છે. મુમુક્ષુતા આવે તો સત્પુરુષ ઓળખાય. કૃપાળુદેવને નિરંતર ઉપાધિ છે અને અવિકલ્પ સમાધિ રહ્યા કરે છે. સંસારનું સ્વરૂપ જેણે જાણી લીધું અને આત્મા આનંદસ્વરૂપ છે એમ જાણ્યું, તે પછી સંસારમાં સુખ માને? એને ઇચ્છાય એની થતી નથી અને એ જ સમાધિ છે. પરવસ્તુનું જે આકર્ષણ હતું તે છૂટી ગયું તે સમાધિ છે. એવી દશા થયા છતાં કૃપાળુદેવને વનવાસ સાંભરે છે કે ક્યારે વનમાં જઈએ? ક્યારે વનમાં જઈએ? જ્ઞાનીપુરુષ હંમેશા પુરુષાર્થી જ હોય છે. બેસી રહેતા નથી. ક્યારે નિવૃત્તિ આવે એના પુરુષાર્થમાં જ રહે છે.

[વ૦ ૩૩૦] ૧૮૫ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ઘણા કાળના બોધે જીવને સમ્યક્દર્શન પ્રગટે છે. એ સમ્યક્દર્શન છે તે કેવળજ્ઞાનનું બીજ છે. ઘણા કાળના બોધે જીવને નિશ્ચય સમ્યક્ત્વ પ્રગટે છે. નિશ્ચય એટલે આત્માનો અનુભવ છે. ક્ષાયિક સમ્યક્ત્વમાં આત્માનો અનુભવ સદાય રહે છે. બીજા સમ્યક્ત્વમાં તો ફેરફાર પણ થાય અથવા જતું પણ રહે. મિથ્યાત્વના ઉદયમાં સમ્યક્દર્શન કડવું ઝેર જેવું લાગે છે. મિથ્યાત્વના ઉદયમાં ભ્રાંતિ થાય છે. ઘણા કાળના બોધે મિથ્યા શ્રદ્ધા ફરી, આત્માનો શ્રદ્ધા નામનો ગુણ પ્રગટ થાય છે તે નિશ્ચય સમ્યક્ત્વ છે. દર્શનપરિષહ ધીરજથી વેદાય ત્યારે જીવને સમ્યક્દર્શન થાય છે. દર્શનપરિષહમાં જીવને ઉતાવળ થાય છે કે સમ્યક્ત્વ ક્યારે થશે? જ્યારે જીવને જ્ઞાનીપુરુષનું સ્વરૂપ સમજાય ત્યારે લાગે કે મારું માનવું ખોટું છે અને જ્ઞાનીનું માનવું સાચું છે. બોધબીજ અને મૂળ જ્ઞાન શું છે, તે વારંવાર વિચારવાં.

જ્ઞાનીની આજ્ઞા આરાધવી. સત્સંગ વિશેષ આરાધવો. એથી જીવની સમજણ ફરે છે; રસ્તો ઊંધો લે તો ન થાય. સ્વચ્છંદે સમકિત થાય નહીં.

**"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ"**

એટલું થાય તો જીવનું કલ્યાણ થઈ જાય. ભગવાને સમ્યક્‌દર્શન કોને કહ્યું છે? તે વિચારવા યોગ્ય છે. આત્માનું કલ્યાણ થાય તેમ કરવાનું છે.

**"વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો."**

સાધન કરવાં બાકી નથી રાખ્યાં, પણ

**"બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે."**

પ્રભુશ્રીજી કહેતા કે 'જ્ઞાની જાણે છે એમ માની બેસ, તો કલ્યાણ થશે.' ઘણું સાંભળ્યું છે જીવે, પણ સત્ મળ્યું નથી. જ્ઞાનીનો બોધ સાંભળવો અને શ્રદ્ધા કરવી. આત્મા નિત્ય છે, જગત અનિત્ય છે. આત્મા ત્રણે કાળ રહે એવો છે. એવી ભાવના કરવી.

ગમે તેવી સારી વસ્તુ હોય પણ નાશ પામવાની છે. વારંવાર જ્ઞાનીનો બોધ સાંભળ્યા કરતાં એક વચન પણ પકડે તો કલ્યાણ થાય. જ્ઞાનીપુરુષો કહે છે કે આત્મા નિત્ય છે, પણ આ જીવ બીજે સુખ શોધી રહ્યો છે. વૈરાગ્ય હોય તો જ્ઞાનીના વચનો ચોંટે. આકુળ-વ્યાકુળપણું થાય છે, તે મટાડવા પુરુષાર્થ કરે તો મટે. દર્શનપરિષહ સુખકારી છે. ધીરજથી વેદાય તો સમ્યક્‌દર્શન થાય. સમ્યક્‌દર્શનને અર્થે ઉતાવળ થતી હોય, વ્યાકુળતા થતી હોય તેને દર્શનપરિષહ કહ્યો છે. ગમે તેટલી મુશ્કેલી હોય તો પણ જ્ઞાનીની આજ્ઞા તોડવી નહીં. દર્શનપરિષહમાં વ્યાકુળતા થાય છે તો પણ વૈરાગ્ય રાખવો. જગતમાંથી કશુંયે જોઈતું નથી. જ્ઞાનીની વિશેષ ભક્તિ, સત્‌શાસ્ત્રનો અભ્યાસ, સત્સંગ કરવો. બીજી કલ્પના ન કરવી. કલ્પનાથી કલ્યાણ થવાનું નથી.

'શાંત સુધારસ' માંથી બાર ભાવનાનું ચિંતવન કરવું. છ પદમાં સમ્યક્‌દર્શન રહેલું છે. "શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્‌દર્શનનાં મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે." (૪૯૩)

**[વ૦ ૩૩૧]** ૧૮૬ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– બીજી ઇચ્છાઓ ન રાખવી.

**"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન"**

વિનયભાવ રાખવો. સંસારના સ્વાર્થની ઇચ્છા ન રાખવી. સમ્યક્‌દર્શન પ્રાપ્ત કરવું હોય તો બીજા ભાવો છોડવા પડશે. સંસારમાં મને પૈસા મળે તો હું સુખી થાઉં, એમ જીવે ભ્રાંતિપણે સુખ માન્યું છે. જ્યાં સુધી સાચી વસ્તુ ન સમજાય, જ્યાં સુધી સંસાર પ્રિય લાગતો હોય ત્યાં સુધી મોક્ષનું માહાત્મ્ય ન લાગે. સત્સંગ સર્વોપરી વસ્તુ છે, પણ માહાત્મ્ય લાગ્યું નથી. બીજી વસ્તુઓની ઇચ્છા કરે છે. પુરુષાર્થ કરવાનો છે. ધન, કુટુંબાદિ ઉપર જેટલો પ્રેમ આવે છે તેટલો પ્રેમ સત્સંગ ઉપર, આત્મા ઉપર આવે ત્યારે કામ થાય. અપ્રમત્તપણે પુરુષાર્થ કરવાનો છે. દેહની જેટલી ચિંતા રાખે છે, તેથી અનંતગણી ચિંતા આત્માની રાખવાની છે. જીવની પાસે પ્રેમરૂપી મૂડી છે, તે સંસારમાં વેરી નાંખી છે. એ પ્રેમની મૂડી બધેથી ઉઠાવી મોક્ષમાં જોડવી, તો કલ્યાણ થશે. "પર

પ્રેમ પ્રવાહ બઢૈં પ્રભુસે'' જગતમાં કોઈ મારું નથી.

**[વ૦ ૩૩૧]** (સવારના સભામાં) ૧૮૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૨, સં. ૨૦૦૯

મુમુક્ષુ– શાસ્ત્રો ભણવા છતાં જીવની માન્યતા કેમ ફરતી નથી?

પૂજ્યશ્રી–આગમમાં આત્માની વાત હોય છે, પણ જીવને ટેવ બીજી પડેલી હોય તે છૂટતી નથી. પોતે જાણતો હોય કે સંસારમાં સુખ નથી એમ વાંચતો હોય, પણ એ માન્યતા મટવી બહુ મુશ્કેલ છે. મનમાં એને એ દુઃખરૂપ નથી લાગતું. સંસારમાં અશાતાવેદનીમાં જીવ દુઃખ માને છે, પણ શાતામાં પાછું સુખ માને છે. સુખ તો આત્માનો ગુણ છે અને એ સુખ પરમાણુ આપે છે, એમ માને છે. એની માન્યતા ઊંધી છે, વિપરીતતા છે. જ્ઞાનીની આજ્ઞા-બોધ વગર એ છૂટે એવું નથી. મિથ્યાત્વ એવા પ્રકારનું છે કે ચોપડીઓથી ખસે નહીં. આત્મા ફેરવનાર જ્ઞાનીપુરુષ મળે તો ખસેડી નાંખે. જડમાં સુખનો ગુણ છે જ નહીં. એકદમ સંસારની વહાલપ છૂટતી નથી, માટે અસંસારગત પ્રત્યે વહાલપ કરવી. પરમાર્થના કારણોમાં વહાલપ કરવાની છે. એ સંસાર પ્રત્યેની વહાલપ કેમ મટે? એના જ ઉત્તરરૂપે આ બીજો પાસેનો પત્ર લખ્યો છે.

**[વ૦ ૩૩૨]** (સવારના સભામાં) ૧૮૮ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૨, સં. ૨૦૦૯

મુમુક્ષુ– શરીર એ પરિગ્રહ છે એને કેવી રીતે છોડવો?

પૂજ્યશ્રી– શરીરભાવ છે એ પરિગ્રહ છે. શરીર પરિગ્રહ નથી. કેવળીને પણ શરીર હોય છે. મૂર્છા એ જ પરિગ્રહ છે. ઉત્તમ ત્યાગીઓ એવા છે કે ગ્રહણ કરતા જ નથી. મધ્યમ પ્રકારના છે તે વ્યવસ્થા કર્યા વગર એમનું એમ મૂકીને ચાલ્યા જાય છે અને ત્રીજા પ્રકારના ત્યાગી એવા છે કે જે કંઈ ધન વગેરે હોય તે પુત્ર સ્ત્રી વગેરેને ભાગ કરી આપી વ્યવસ્થા કરી ત્યાગી થાય છે.

જ્યાં જ્યાં દેહ ધારણ કર્યો, ત્યાં ત્યાં 'હું ને મારું' કર્યું છે. તે એકદમ જાય નહીં, પણ એનો ક્રમ સેવે તો જાય. એ ક્રમ શું છે, તે કહે છે.

**''આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;**
**દાસ, દાસ, હું દાસ છું, આપ પ્રભુનો દીન.''**

દાસપણે વર્તે તો અર્પણ કર્યું કહેવાય. પછી એને અભિમાન ન રહે.

મુમુક્ષુ–અંદરથી ભાવ પરિગ્રહના કાઢી નાંખીએ તો અર્પણ કર્યું કહેવાય?

પૂજ્યશ્રી–જ્યારે અંદરથી રંગ લાગે ત્યારે થાય. મારું નથી, મારું નથી એમ કહે, પણ પાછી ફિકર કરે કે એનું શું થશે? અર્પણ કર્યું હોય તો ફિકર શાની? અંદરથી એ ભાવ ઊખડી ગયો હોય તો કાંઈ વાંધો નથી.

[વ૦ ૩૩૩] (સવારના સભામાં) ૧૮૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૨, ૨૦૦૯

પૂજ્યશ્રી– ''જેટલા પોતાની પુદ્ગલિક મોટાઈ ઇચ્છે છે તેટલા હલકા સંભવે.'' (૮૫) એ મોટાઈ છે–પુણ્યાઈ છે તે પુદ્ગલિક છે. મુમુક્ષુઓનો સત્સંગ કરી પછી સત્પુરુષનો સમાગમ કરવો. કુસંગ છૂટી સત્સંગ મળે તો પરમાર્થની ભાવના જાગે, તેથી સત્પુરુષને ઓળખવાની

ભાવના જાગે, તેથી સત્પુરુષ ઓળખાય, એ વગર તો ઓળખાય નહીં. નિર્પક્ષ થઈ સત્સંગ કરે તો ઓળખાય. નિર્પક્ષ એટલે મતમતાંતરમાં ન તણાય. સીધે સીધો સત્પુરુષ પાસે જાય તો પાછો આવે કે આ તો વેપાર કરે છે, પણ મુમુક્ષુઓ પાસે કાંઈ સત્પુરુષનાં વખાણ સાંભળ્યાં હોય તો સત્પુરુષનું માહાત્મ્ય લાગે. પ્રભુશ્રીજીએ પહેલાં અંબાલાલ અને ત્રિભોવન પાસેથી કૃપાળુદેવનું માહાત્મ્ય સાંભળેલું, ત્યાર પછી કૃપાળુદેવને મળ્યા. નહીં તો આ તો અમારા શ્રાવક જ, એમ થઈ જાય. પછી માહાત્મ્ય ન રહે. મહાપુરુષો હોય છે તે પરના પરમાણુ જેટલા ગુણને પર્વત જેવા જાણી પોતાના આત્માનો વિકાસ કરે છે.

[વ૦ ૩૩૪] ૧૯૦ હુબલી (ધર્મશાળા), કાર્તિક વદ ૦)), સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— કૃપાળુદેવે કહ્યું છે કે અમારા જેવા ઉપાધિવાળા સત્પુરુષો થોડા થયા છે. તેમનું ચિત્ત બીજા કામમાં ટકતું નથી.

જ્ઞાનીપુરુષો બધા પ્રતિબંધોને છોડી ચાલ્યા જાય છે. સર્વસંગ એટલે અખંડપણે આત્મધ્યાન ન થવા દે તે. કપડાં બદલી નાંખવાથી કંઈ સર્વસંગપરિત્યાગ કર્યો ન કહેવાય. સર્વસંગ એ અખંડપણે આત્મધ્યાન થવામાં વિઘ્નરૂપ છે.

કૃપાળુદેવ પોતાની દશા જણાવે છે કે જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થવાય ત્યાં સુધી અમારો આત્મા જંપે નહીં. વીતરાગપણું અઘરું છે. જીવને વીતરાગપણું સમજાય તો ક્યાંય ચિત્ત ન જાય.

[વ૦ ૩૩૪] ૧૯૧ ગુડિવાડા, પોષ સુદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— કૃપાળુદેવ પોતાની દશા જણાવે છે કે આત્માને મૂકીને બીજે ક્યાંય ચિત્ત જતું નથી. અમે દેહધારી છીએ કે કેમ એ પણ માંડ સંભારીએ ત્યારે ખબર પડે છે. વૈરાગ્યનું સ્વરૂપ કેવું હોય છે, તે જેની વૃત્તિ પરમાર્થમાં લીન છે તેને સમજાય છે અને તેની વૃત્તિ આત્મસ્વરૂપમાં લીન રહે છે. નિરંતર આત્મસ્વરૂપમાં વૃત્તિ સ્થિર રહે એવું કરવાની જરૂર છે. જ્ઞાનીપુરુષોને પૂર્વ કર્મને લઈને કોઈ કાર્ય આવી પડે તો તેઓ ઉદાસીનતા રાખીને તે કાર્ય કરે છે. 'સર્વસંગ' એટલે અખંડપણે આત્મધ્યાન ન થવા દે, તેમાં વિઘ્ન કરે તે. ત્યાગના બે પ્રકાર છે. દેશવિરતિ અને સર્વવિરતિ. કૃપાળુદેવ કહે છે કે સર્વવિરતિ દશા ક્યારે આવશે? જે મુમુક્ષુઓએ કૃપાળુદેવનું અંતર જાણ્યું હતું, તેઓને જ કૃપાળુદેવ આવા પત્રો લખતા હતા. પહેલામાં પહેલી સમજણ કરવાની છે.

[વ૦ ૩૩૪] ૧૯૨ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— દેહાધ્યાસ છૂટ્યા પછી દેહવૃત્તિ સાવ મંદ પડી જાય છે અને આત્મામાં વૃત્તિ રહે છે, એ વિદેહી દશા છે. કૃપાળુદેવ કહે છે કે પૂર્વે જ્ઞાનીપુરુષો તો ઘણા થઈ ગયા છે, પણ અમારા જેવી ઉપાધિવાળા તો થોડા થયાં છે. તેઓને તો ક્રમે કરીને સર્વસંગપરિત્યાગ કરવાનો ઉદય આવતો હતો, પણ અમારી તો જેમ જેમ દશા વધે છે તેમ તેમ ઉપાધિ પણ વધે છે.

સર્વસંગ એટલે અખંડપણે આત્મધ્યાન ન થવા દે એવા પ્રકારનો સંગ. મહાપુરુષો સર્વસંગ-પરિત્યાગ કરે છે. તેનું કારણ અખંડપણે આત્મધ્યાનમાં ન રહી શકે, તેમાં તે બાધ કરે છે. તેથી

જ્ઞાનીપુરુષો સર્વસંગપરિત્યાગ કરે છે. દેહ છતાં પૂર્ણ વીતરાગ થઈ શકાય છે. વીતરાગતા કઠણ છે, અત્યંત કઠણ છે; પણ પ્રાપ્ત થઈ શકે છે. પ્રાપ્તિનો યોગ કઠણ છે. કૃપાળુદેવ કહે છે કે, વીતરાગતા વિના બીજું કંઈ ગમતું નથી. દેહ છતાં પૂર્ણ વીતરાગ થઈ શકાય છે. આ જીવને તે પ્રાપ્ત થવા યોગ્ય છે. જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી જંપવું નથી એમ રહે છે. જ્યાં આપણું ચાલે નહીં ત્યાં જોયા કરવું. કર્મ તો જવાનાં છે. સમજણ હોય તો મન પાછું હઠે. પહેલી સમજણ જોઈએ.

[વ૦ ૩૩૪] (બપોરના ઉપર) ૧૯૩ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સોભાગભાઈ પ્રશ્ન પૂછતા પણ કૃપાળુદેવનું ચિત્ત વૈરાગ્યમાં હોય તેથી લખી શકાતું નહોતું, તેથી 'પછી લખીશું, પછી લખીશું' એમ લખ્યું છે. સિદ્ધ ભગવાન દેહ રહિત છે, તેવી કૃપાળુદેવની ચિત્તસ્થિતિ વર્તે છે. શું લખવું ? એમ થાય છે. આ જગત પ્રત્યે જે ઉદાસીન વૃત્તિ છે, તેવી ઉદાસીન વૃત્તિ રાખ્યા વિના છૂટકો નથી.

જ્ઞાનીપુરુષો તો ઘણા થઈ ગયા છે, પણ તેમને તો જેમ દશા વધતી તેમ નિવૃત્તિનો જોગ બની આવતો અથવા સાધુ થઈ જતા, પણ એમને તો જેમ જેમ દશા વધે છે, તેમ તેમ ઉપાધિ વધે છે. ઉપાધિમાં આત્મા સંબંધી વિચાર ભુલાતો નથી, પણ એ વિચારને ગૌણ કરી ઉપાધિમાં ચિત્ત દેવું પડે છે. જેને વૈરાગ્ય હોય તેને પૈસા કમાવાના ભાવ નથી થતા, તેમ છતાં જે પૂર્વે બાંધ્યું છે, તેને લઈને કરવું પડે છે.

સર્વસંગનો અર્થ, અખંડપણે આત્મધ્યાન ન થવા દે એવો સંગ. આત્મધ્યાન અખંડપણે થવા માટે સર્વસંગપરિત્યાગ કરવાનો છે. આત્મવિચાર એમને સદાય રહ્યા કરે છે. બાહ્યથી ન થાય તો પણ અંતરથી રહ્યા કરે છે. આ પત્ર જેના ઉપર છે તેમનું નામ સૌભાગ્યભાઈ હતું. તેમની સાથે તેમના એક મિત્ર હતા. તેમનું નામ ડુંગરશીભાઈ હતું. તે કૃપાળુદેવને લખતા કે 'કાયા ત્યાં સુધી માયા.' 'કાયા હોય ત્યાં સુધી માયા હોય' એમ એ માનતા, પણ 'દેહ છતાં મનુષ્ય પૂર્ણ વીતરાગ થઈ શકે છે', એમ કૃપાળુદેવ લખે છે.

કૃપાળુદેવ લખે છે કે આ જીવ છે તે સંપૂર્ણ વીતરાગતા પામવાને યોગ્ય છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ દશા ન થાય ત્યાં સુધી બીજું ગમે નહીં, ઉદાસીનતા મટે એમ નથી. પહેલાં તો લખતા કે લખીશું, લખીશું, પણ હવે બનશે નહીં, કારણકે ચિત્તમાં ઉદાસીનતા વધારે રહે છે. મહિના-બે મહિના નિવૃત્તિ લઈએ, પણ હાલ તો તેમ બને એમ નથી.

કોઈ અપૂર્વ દશાના આ પુરુષ હતા. આ કાળમાં એવા પુરુષની પ્રાપ્તિ બહુ દુર્લભ છે. એ પુરુષથી એક સ્થાનકવાસી સાધુને સમાગમ થયો. તેમણે બધું ત્યાગ કરી દીક્ષા લીધેલી. પછી એમના ગુરુ કહે તેમ કરતા, પણ એમને એથી શાંતિ ન થઈ. પછી કૃપાળુદેવનો સમાગમ થયો તેથી તેમને આત્મજ્ઞાન થયું. પછી વૃદ્ધાવસ્થા આવ્યાથી તેમને રોગ થયો તેથી વિહાર કરી શકતા નહોતા. સર્વ મુમુક્ષુઓએ તેમને (પ્રભુશ્રીજીને) મળી વિનંતી કરી કે આપ એક ઠેકાણે સ્થિતિ કરો તો અમને નિવૃત્તિનો અવકાશ લઈ સમાગમ કરવાનું બને. મુનિશ્રીએ એ માન્ય રાખ્યું ત્યાર પછી

આ આશ્રમ બંધાયો.

મુમુક્ષુ– શ્રીમદ્ રાજચંદ્રના ગુરુ કોણ હતા?

પૂજ્યશ્રી– એમને આઠ વર્ષની વયે જાતિસ્મરણ જ્ઞાન થયેલું. તેથી પૂર્વે જે જે જ્ઞાનીપુરુષોનો સમાગમ થયેલો, બોધ સાંભળેલો, શાસ્ત્રો ભણેલાં, જે જે શીખેલું તે બધું એમને સ્મરણમાં આવી ગયું, પણ આ ભવમાં એમના કોઈ ગુરુ ન હતા.

જેને કંઈ આત્મશાંતિની જરૂર છે, તેને જરૂર લાભ થાય. જેમ જેમ ભક્તિ થાય, શાસ્ત્રોનો અભ્યાસ થાય, તેમ તેમ મન સ્થિર થાય. જ્ઞાન થવા સદ્ગુરુની જરૂર છે.

**“કુંભે બાંધ્યું જળ રહે, જળ વિણ કુંભ ન હોય,**
**(ત્યમ)જ્ઞાને બાંધ્યું મન રહે, (સદ્)ગુરુ વિણ જ્ઞાન ન હોય.”**

ઘડો હોય તો પાણી રહી શકે, પણ ઘડો બનાવવા માટે પણ પાણીની જરૂર પડે, તેમ જ્ઞાન થવામાં સદ્ગુરુની જરૂર છે. ધર્મથી શાંતિ થવી જોઈએ.

ચિત્ત છે તે ચંચળ છે. તે સંકલ્પવિકલ્પરૂપ કામ કરે છે. એ આત્મા જ છે. સંકલ્પવિકલ્પ કરે ત્યારે એ ચિત્ત કહેવાય અને ઇંદ્રિયોમાં પ્રવર્તે ત્યારે ઇંદ્રિયરૂપ છે. જ્ઞાન જ્ઞાનરૂપે, આત્મા આત્મારૂપે રહે છે. પણ ક્રોધ, માન, માયા, લોભ હોય ત્યાં રહેતો નથી. ક્રોધ, માન, માયા, લોભ વિષ જેવા છે. સર્પ કાંચળી છોડે પણ વિષ તો છોડ્યું નહીં તો શું છોડ્યું? ભરત ચક્રવર્તી જ્યારે દિગ્વિજય કરવા ગયા ત્યારે પુંડરિક ગણધરે ઋષભદેવ ભગવાનને પૂછ્યું કે ભરતનું ચિત્ત કેવું છે? ભગવાને કહ્યું, તારા જેવું. ભરત ઋષિઓમાં શ્રેષ્ઠ છે. શ્રૃંગાર કરતાં કરતાં એમને કેવળજ્ઞાન થયું હતું. મુનિઓ કરતાં એ વધારે બળવાન છે. બાહ્ય નિમિત્તોથી ચિત્ત સ્થિર રહેતું નથી, તેથી તેનો ત્યાગ કરી કેટલાક જંગલમાં રહે છે; પણ ભરત તો ઘરમાં રહી આત્મધ્યાન કરતા. બીજા બધા તો વસ્ત્રાભૂષણાદિનો ત્યાગ કરી સિદ્ધદશાને પામ્યા છે, પણ ભરત તો ઘરેણાં પહેરીને આત્મામાં મગ્ન રહેતા. એમના પુરુષાર્થને ધન્ય છે.

[૧]ભરત ચક્રવર્તીએ ભગવાનને પૂછ્યું કે બાહુબલિને કેમ કેવળજ્ઞાન થતું નથી? દીક્ષા લીધાને આજ બાર મહિના થવા આવ્યા છે. ભગવાને કહ્યું કે કષાય છે તેથી નથી થતું. ભરત ચક્રવર્તીએ ફરી પૂછ્યું કે બીજાના ચિત્તમાં રહેલી મલિનતાને જાણવાવાળા હે ભગવાન! બાહુબલિના ચિત્તમાં શું છે? ભગવાને કહ્યું કે બાહુબલિ જ્યારે દીક્ષા લઈને જતા હતા ત્યારે બે પુરુષોએ કહ્યું કે “જા! બાહુબલિ જા! ભરતના રાજ્ય વિના ક્યાં રહીશ?” એ વચનોની અસર હજુ તેને છે. પછી એ તપસ્યા કરવા લાગ્યા. એના મનમાં એવું છે કે આ ક્ષેત્ર ભરતનું છે; માટે ભરતના ક્ષેત્રમાં અન્ન પાન હું ગ્રહણ નહીં કરીશ, એવો નિશ્ચય કર્યો છે. બધું છોડીને મોક્ષે જઉં, ભરતના ક્ષેત્રમાં નથી રહેવું, એવું એમને અભિમાન છે. તેથી ધ્યાનની સિદ્ધિ થતી નથી. જગતને વિસ્મરણ કરવા કષાય આદિને ભૂલી જવાના છે. અભિમાન એ દોષ છે, તેથી બાહુબલિને આત્મધ્યાનની સિદ્ધિ ન થઈ.

૧. દિગંબર આમ્નાય પ્રમાણે

નિશ્ચય ધર્મમાં શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે. જ્યાં સુધી કષાય હોય ત્યાં સુધી નિશ્ચય ધર્મ સાધ્ય ન થાય. પછી ભગવાને કહ્યું કે એક વરસથી બાહુબલિ ઉપવાસઅગ્નિ અને કષાયઅગ્નિથી બળી રહ્યા છે. તમે જઈને જ્યારે તેમને વંદન કરશો ત્યારે એઓ પલટાશે અને કેવળજ્ઞાન પામશે. પછી ભરત ચક્રવર્તી ત્યાં ગયા અને તેથી તે કેવળજ્ઞાન પામ્યા.

[વ૦ ૩૩૪] (સવારના સભામાં) ૧૯૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–કૃપાળુદેવ, જેટલો પ્રારબ્ધનો ધક્કો આવતો તેટલું જ એ લખતા. સહજસ્વભાવે જે ઉદય આવે તે લખતા. ઉદીરણા કરીને લખવું એવું એમને નહોતું.

‘‘ઘણા કાળના બોધે જેમ છે તેમ સમજાય એમ જાણીએ છીએ. જેને તે સમજાય છે તેને મન વશ વર્તે છે; વર્તે છે એ વાત નિશ્ચયરૂપ છે; તથાપિ ન વર્તતું હોય તો પણ તે આત્મસ્વરૂપને વિષે જ વર્તે છે.’’ (૩૭૩)

વ્યવહારમાં કરવા જેવું કામ આવ્યું હોય અને આત્મામાં લીન થઈ જાય તો પડ્યું રહે. ઘણાને તો જેમ જેમ ઉદાસીનતા આવે તેમ તેમ ત્યાગનો ઉદય આવે છે અને એમને તો જેમ જેમ ઉદાસીનતા આવે તેમ તેમ ઉપાધિ વધે છે.

**‘‘જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ન ઘટે એક રંચ રે.’’**

ઘર મુકાય, પૈસા મુકાય પણ પ્રારબ્ધ ક્યાં જાય? વણિક વેષ છે, નિર્ગ્રંથ હૃદય છે એમ એક પત્રમાં કૃપાળુદેવે લખ્યું છે. પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત આપતા કે એક સાધુ હતો. તે નદીએ નાહવા ગયો. તેમાં એક રીંછ તણાતો હતો. સાધુએ જાણ્યું કે આ કામળો છે તે લઈ આવું. શિયાળામાં ઓઢવાના કામમાં આવશે. એમ કરી અંદર લેવા ગયો. ત્યાં રીંછે તેને પકડી લીધો. કિનારા ઉપર જે ઊભા હતા તેમણે કહ્યું, આ તો રીંછ છે, છોડી દો. સાધુએ કહ્યું, હું તો છોડું છું, પણ એ મને છોડે ત્યારે ને. તેમ એમને મૂકવું હોય પણ પ્રારબ્ધ મૂકે નહીં, તેથી શું કરે?

**‘‘આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય’’**

ડુંગરશી ગોશળીયા હતા તે એમ માનતા કે કાયા ત્યાં સુધી માયા. જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી કષાય રહે છે. કૃપાળુદેવે લખ્યું કે એમ નથી.

‘‘દેહ છતાં મનુષ્ય પૂર્ણ વીતરાગ થઈ શકે એવો અમારો નિશ્ચલ અનુભવ છે.’’

[વ. ૩૩૫] ૧૯૫ ગુડિવાડા, પોષ સુદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી–

**‘‘જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત’’**

એની જ ખામી છે. સમજ આવે ત્યારે જ્ઞાનીની ઓળખાણ થાય. ઓળખાણ થયા પછી ભક્તિ જાગે છે. જ્ઞાનીને ઓળખે, ભજે અને ઇચ્છે તે ઉત્તમ મુમુક્ષુ છે.

[વ૦ ૩૩૫] ૧૯૬ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જે જ્ઞાનીને ઓળખે છે તે જ્ઞાનીને ભજે છે. બીજા ધ્યાનાદિમાં પડતો નથી. આડું

અવળું ન કરે. જ્ઞાનીની ઓળખાણ થયા પછી જ્ઞાની જે પ્રમાણે આજ્ઞા કરે તે પ્રમાણે વર્તે. મને ધ્યાન કરવા કહે તો સારું, એમ આડા અવળા વિચાર ન કરે. જ્ઞાનીને ઓળખે, ભજે તો તેનું ફળ જ્ઞાનીપણું આવે. જ્ઞાનીપુરુષને ઓળખે છે ને ભજે છે તે ઉત્તમ મુમુક્ષુ છે. જ્ઞાનીપુરુષો તો પાત્રતા લાવવા માટે ધ્યાનાદિ બતાવે છે. સરળ જીવ હોય તો ભક્તિ જ બતાવે. જેવી જેની યોગ્યતા હોય તેવું તેને બતાવે. જ્ઞાનીને ઓળખે, ઇચ્છે અને ભજે તો જ્ઞાની થાય. તેની દશાને પામે.

[વ૦ ૩૩૬] ૧૯૭ ગુડિવાડા, પોષ સુદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– 'યોગવાસિષ્ઠ'માં વૈરાગ્યનું સારું વર્ણન છે, તે મુમુક્ષુ જીવે વિચારવા યોગ્ય છે. શ્રી રામચંદ્રજી તીર્થયાત્રા કરી આવ્યા ત્યારે બહુ વૈરાગ્ય હતો. દશા ફરી ગઈ હતી. ખાવું, પીવું, પહેરવું, રાજ્ય કરવું, નાટક જોવાં કંઈ ન ગમે. માથે મરણ છે, માટે આત્માનું કલ્યાણ કરી લેવું એમ લાગ્યું હતું. ચિત્ત ક્યાંય ચોંટતું ન હોય એવો વૈરાગ્ય હતો. ઉદાસ પરિણામ ભજવા યોગ્ય છે, વિચારવા યોગ્ય છે.

[વ૦ ૩૩૬] ૧૯૮ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આ આયુષ્ય ક્યારે પૂરું થશે એની ખબર નથી. આખરે મરી જવાનું છે. જે જે સંયોગો છે તે તે બધા અનિત્ય છે, એવી ભાવના રામને રહેતી હતી. અનિત્ય ભાવના જાગી નથી. બધી વસ્તુઓ ક્ષણિક છે એમ લાગ્યું નથી. બધા સંયોગો છૂટી જવાના છે. એ સંયોગો મારા નથી એમ જીવને લાગતું નથી. મોહ મંદ પડે તો વિચાર જાગે.

[વ૦ ૩૩૭] ૧૯૯ ગુડિવાડા, પોષ સુદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જે જન્મ્યા છે તે મરવાના છે, પણ જીવ ભૂલી જાય છે. મરણ યાદ રહે તો વૈરાગ્ય થાય. મહાપુરુષોનાં વચનો જીવને અસર કરે છે. મરણનો વિચાર જીવને સૂઝતો નથી. આ અનિત્ય દેહ છે, તે બધાને છોડવો પડશે. મરણ આવે ત્યારે ગમે તેવી દવા આપે, તો પણ તે લઈ જાય છે. અનિત્ય વસ્તુની જીવ ચિંતા કરે છે, પણ નિત્ય એવો આત્મા છે, તેની ચિંતા નથી કરતો. નિત્ય એવા આત્માને વિષે વૃત્તિ જતી નથી એ ખેદકારક છે. શાશ્વત પદાર્થમાં વૃત્તિ રાખવી. કોઈનું મરણ થયું હોય અને વિલાપ કરીને રડે તો કર્મ બંધાય. તે વખતે વૃત્તિ વૈરાગ્યમાં વાળવી. કૃપાળુદેવ લખે છે કે દેહ છોડવાનો છે તે અમે ભૂલતા નથી. મરણ યાદ રહે તો વૈરાગ્ય રહે. પૂર્વે જે કર્મ બાંધ્યાં છે તે ઉદય આવે છે. તેમાં આ દુઃખ છે માટે ખરાબ છે, આ સુખ છે તેથી સારું છે એમ ન કરવું. કર્મની રચનામાં જીવ ખૂંચી ગયો છે, તેથી ન કરવા યોગ્ય કાર્ય કરી બેસે છે.

[વ૦ ૩૩૭] ૨૦૦ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જે જે જન્મ્યા છે તે બધા મરવાના છે. વાત સાચી છે પણ જીવ ભૂલે છે, સાચી લાગતી નથી. મરણ થાય ત્યારે સાથે કંઈ લઈ જતો નથી. તીર્થંકર જેવા પણ આ દેહને રાખી શક્યા નથી. વિચારની ખામી છે. દેહ અનિત્ય છે ને આત્મા નિત્ય છે, પણ મોહ આત્માને ભુલાવે છે. મરણનો વિચાર નથી આવતો એ મોહ છે. અનિત્ય વસ્તુના મોહને લઈને વિચાર નથી આવતો.

મરણને વારંવાર વિચારવું. મારે સમાધિમરણ કરવું છે તો પહેલાં કંઈક કરીશ તો થશે. એને

માટે હવે શું કરવું? એ લક્ષ રાખવો. પણ જીવને સાંભરતું નથી. તૈયારી કરવાની છે. સત્સંગની ગરજ નથી. મરણનો પ્રસંગ મહોત્સવ ગણવા જેવો છે. જેટલી દેહની કાળજી રાખે છે તેથી અનંતગણી કાળજી આત્માની રાખવાની છે, તો અનંત ભવ છૂટશે; પણ જીવ કાળજી રાખતો નથી. કાળજી તો રાખવી પડે ને? મોક્ષે જવું છે એ કામ લઈને બેઠા, પણ કાળજી વિના થશે? બધાં કર્મ જવાનાં છે, પણ ધીરજ રાખવાની જરૂર છે. સહન કરવું, ધીરજ રાખવી એ સાચો રસ્તો છે. આકુળ-વ્યાકુળ ન થવું. સમભાવ રાખવાનો છે. મરણ સાંભરે તો સહેજે વૈરાગ્ય રહે. પૂર્વ કર્મને લઈને સુખદુઃખ મળે છે. સુખમાં હર્ષ ન કરવો અને દુઃખમાં ખેદ ન કરવો. જ્ઞાનીપુરુષનો બોધ જેણે સાંભળ્યો છે તેને ફિકર નથી. ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો નથી. તો પહેલાંથી જ ચેતી જવું. જેટલું થાય તેટલું આત્માનું કલ્યાણ કરી લેવું. ગાડી આવે ત્યારે જેમ બધો સામાન બાંધીને તૈયાર રાખે તો ફિકર નહીં. ગાડી આવ્યા પછી આઘું પાછું કરવા જાય તો ગાડી જતી રહે. એવી મરણની તૈયારી કરી રાખી હોય તો ફિકર ન થાય. મરણના સમયમાં ''સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે.'' (૪૬૦) જેને માથે ધિંગ ધણી છે તેને શી ફિકર છે! જે જ્ઞાનીની આજ્ઞાએ વર્તતો હોય તેને ચિંતા ન થાય, પણ જે સ્વચ્છંદે વર્તે છે તેને ચિંતા થાય છે. જ્ઞાનીનો વિશ્વાસ હોય તો પછી ફિકર નહીં. જ્ઞાની અને જ્ઞાનીપુરુષનો આશ્રિત એ બન્નેને એક ફળ આવે છે.

બળદેવ મુનિ જ્યારે આહાર લેવા ગયા ત્યારે રથકારકે આહાર વહોરાવ્યો. તેની પાસે તે વખતે એક મૃગ ઊભું હતું. તેના મનમાં એમ થયું કે આનું કેવું ભાગ્ય છે કે મુનિને આહાર વહોરાવે છે, એમ અનુમોદના કરી. મુનિને રથકારકે આહાર વહોરાવ્યો. મુનિએ આહાર વહોર્યો અને મૃગે અનુમોદના કરી તેથી ત્રણે મરીને દેવલોકમાં એકસ્થાને ઉત્પન્ન થયા. ત્રણેને એક ફળ આવ્યું. અવલંબન સાચું હોય તો જીવ તરી જાય. તરતાં ન આવડતું હોય પણ તરનારનો આશ્રય લે તો તરી શકે. જ્ઞાનીપુરુષનો આશ્રય થયો હોય અને થોડા કાળમાં દેહ છૂટી જાય તો પણ તેને થોડા કાળે સ્વરૂપસ્થ થવાનો વખત આવે છે. જ્ઞાનીપુરુષોએ સત્સંગ અને સત્પુરુષ એ બે તરવાનાં સાધન કહ્યાં છે. સમભાવ રાખવાનો છે. કર્મ તો ઉદય આવે પણ સમભાવ રાખવાની ટેવ જેને પડી છે, તેને સમાધિમરણ થાય.

[વ○ ૩૩૮] ૨૦૧ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– કર્મની સ્થિતિ છે તે જ્ઞાન, ધ્યાનથી ઓછી થઈ જાય છે અને ઝટ ઉદયમાં આવી ચાલી જાય છે. જેમ જેમ સ્થિતિ ઓછી થાય તેમ તેમ કર્મ વહેલા ઉદયમાં આવે.

[વ○ ૩૩૯] ૨૦૨ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– પોતાનો વાંક જોવો એ છૂટવાનો રસ્તો છે. કોઈનો વાંક જોવા કરતાં પોતાનો વાંક જોવો. નિર્દોષ થવું હોય તો પોતાના દોષ જોવા. કોઈના દોષ જોવાના નથી. પોતે કર્મ બાંધ્યા છે. બીજા તો નિમિત્ત માત્ર છે. વાંક તો આપણે કર્મ બાંધ્યાં હતાં; તેથી આપણો છે. કોઈ જીવને દુઃખ ન થાઓ; એ જીવનો મુખ્ય ધ્યેય હોય છે. મારે મોક્ષે જવું છે અને સંસારમાં પ્રીતિ રાખવી છે એમ તો કોઈ કાળે ન બને. સંગ છે તે આસ્રવ છે.

'સવ્વે સંગા મહાસવા'

ખોટાને ખોટું જાણે તો તેથી બચે. મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનાર એવા સંગમાં પ્રીતિ રાખે તો મોક્ષ ન થાય. અસંગ થવાનું છે એ લક્ષ રાખે તો અસંગ થવાય. જેવો કર્મનો ઉદય હોય ત્યાં ખેંચાઈ જવાય છે, પણ તેમાં જો રુચિ ન થાય તો ત્યાં કર્મ નહીં જેવાં બંધાય છે.

[વ૦ ૩૪૦] ૨૦૩ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ભવનો ક્ષય કરે એવું જ્ઞાન પ્રાપ્ત થવું બહુ મુશ્કેલ છે. સત્પુરુષનો યોગ અને જીવનું અધિકારીપણું એ બે જોઈએ. મોક્ષમાર્ગ એમ તો સરળ છે, પણ પ્રાપ્તિ દુર્લભ છે. '' 'સત્' જે કંઈ છે, તે 'સત્' જ છે; સરળ છે; સુગમ છે; અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે; પણ જેને ભ્રાંતિરૂપ આવરણતમ વર્તે છે તે પ્રાણીને તેની પ્રાપ્તિ કેમ હોય?'' (૨૧૧) સમ્યક્પ્રતીતિ થવી દુર્લભ છે. આ જ્ઞાની છે એમ થાય અને સંસાર પ્રત્યેનો પ્રેમ સત્પુરુષ પ્રત્યે થાય તો કામ થાય.

[વ૦ ૩૪૭] (સવારના સભામાં) ૨૦૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–સત્સંગનું માહાત્મ્ય કૃપાળુદેવે પૂર્વભવે ઘણું વેદ્યું છે. ગમે તે પત્રમાં એ સત્સંગનું માહાત્મ્ય જ આવે છે. જે વેદ્યું હોય તે જ શબ્દોમાં આવે છે. જાતિસ્મરણ થવાથી એમને સત્સંગનું માહાત્મ્ય ઘણું લાગ્યું હતું.

સત્સંગ ત્રણ પ્રકારે છે. એક પરમ સત્સંગ તે જ્ઞાનીનો સંગ છે. બીજો પોતા સમાન દશાવાળા જીવોનો સંગ. ત્રીજો પોતાથી નીચી દશાવાળો હોય, ભવ્ય હોય અને તેને છૂટવાની ઇચ્છા હોય તો તેય સત્સંગ છે. તે પણ કરવા યોગ્ય છે. સત્સંગ એ જીવને જાગૃતિનું કારણ છે.

અસંગભાવની વૃદ્ધિ થવાથી એમને સંગ ગમતો નથી. પૂર્વ પ્રારબ્ધને લઈને ખોટી થવું પડે તો તે વાત જુદી છે. કૃપાળુદેવ કહે છે કે લખવાનો વિચાર છે, પણ મન કામ કરતું નથી.

[વ૦ ૩૪૮] (સવારના સભામાં) ૨૦૫ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–જગતનું સ્વરૂપ મોહક લાગે છે તેથી મોહિત થાય છે, પણ મહાપુરુષોએ એને પૂંઠ દીધી છે, અસંગ થયા છે.

[વ૦ ૩૪૯] (સવારના સભામાં) ૨૦૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–સંસારનો કોઈ કાળે નાશ થતો નથી. કોઈ કોઈ જીવો મોક્ષે જાય છે.

[વ૦ ૩૫૦] (સવારના સભામાં) ૨૦૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જગતમાં સંસારના જીવોનો સંગ થાય છે, ત્યાં એને અસંગપણાની ભાવના થવી એ બહુ મુશ્કેલ છે.

મુમુક્ષુ–જ્ઞાનીને સર્વસંગપરિત્યાગ કરવાનો હેતુ શો હશે?

પૂજ્યશ્રી–કૃપાળુદેવે સર્વસંગનો અર્થ કર્યો છે. ''સર્વસંગ શબ્દનો લક્ષ્યાર્થ એવો છે કે અખંડપણે આત્મધ્યાન કે બોધ મુખ્યપણે ન રખાવી શકે એવો સંગ.'' (૩૩૪) જેને અખંડપણે

આત્મધ્યાન કરવું છે, તેણે સર્વસંગપરિત્યાગ કરવાની જરૂર છે. બધાથી અસંગ થવાનું છે. ઉપાધિનો પ્રસંગ જ એવો છે, કે પરાધીનતા છે. ઘણા આચાર્યોએ લખ્યું છે કે ગૃહસ્થાવસ્થામાં ધર્મ હસ્તિસ્નાનવત્ થાય છે. ઘણો વખત બીજામાં જાય છે. ધર્મે ય એવો જ થાય છે. મોહનો ક્ષય કરવો છે, તે મોહની ગુફામાં રહી ક્ષય કરાય નહીં.

**[વ૰ ૩૫૨]** (સવારના સભામાં) ૨૦૮ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–સગાવહાલાં બધા કાંટા જેવા લાગે, કંટાળો આવે એ વૈરાગ્ય નથી. કંટાળો શબ્દ જ એવો છે કે સગાવહાલાં એને કાંટા જેવાં લાગે, એ દ્વેષ છે. એમાં બીજાના દોષ જોવાય છે, કે આ મને સુખ નથી આપતા, આ મારું કહ્યું નથી કરતા અને વૈરાગ્ય હોય તો પોતાના દોષ દેખાય કે મારાં એવાં જ કર્મ છે, તેથી એવા સંયોગો મળ્યા છે, એમ જાણી સમભાવે સહન કરે. કંટાળો આવવાથી કેટલાક ઘરમાંથી નાસી જાય છે. સાધુ થઈ જાય અને પછી થોડે દિવસે ઘેર આવતા રહે કે બીજું ઘર કરે. જીવને અનુકૂળતા મળે ત્યારે રાગ થાય છે. કંટાળો છે તે વૈરાગ્ય સાચો નથી. પ્રારબ્ધ ક્ષય થશે ત્યારે કેવળજ્ઞાન થશે. પ્રારબ્ધના ઉદયથી કેવળજ્ઞાન થતું નથી. તીર્થંકર જેવાને પુરુષાર્થ કરવો પડે છે ત્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. નિયતિવાદમાં પુરુષાર્થને જરાય સ્થાન રહેતું નથી. કાર્ય થવામાં [1]પાંચ કારણ એટલા માટે જ્ઞાનીએ કહ્યાં છે. કર્મથી કેવળજ્ઞાન પ્રાપ્ત નથી થતું. ગમે તે કર્મ હોય તે આત્માને પજવનાર છે. ભલે પુણ્ય હોય તોય એ શાંતિ આત્માને ન આપે. કેટલો પુરુષાર્થ કરે ત્યારે કેવળજ્ઞાન થાય છે, સમ્યક્ત્વ થાય છે. 'લબ્ધિસાર' વાંચે તો ખબર પડે. જીવને સારા સંયોગ તો ઘણી વાર મળ્યા છે, છતાં જીવનું કલ્યાણ થયું નથી. તેથી પુરુષાર્થ એ મુખ્ય છે. દુઃખગર્ભિત વૈરાગ્યમાંથી સાચો વૈરાગ્ય પણ થાય છે. જ્ઞાનીનો યોગ મળે તો થઈ જાય.

**[વ૰ ૩૫૪]** (સવારના સભામાં) ૨૦૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૪, સં. ૨૦૦૯

મુમુક્ષુ–સમકિતની સ્પર્શના થઈ ક્યારે ગણાય?

પૂજ્યશ્રી–સમકિત કરવા માટે આ કહ્યું છે. કૃપાળુદેવે સોભાગભાઈને લખ્યું કે એ વિષેનો અનુભવ કરીને લખો.

**[વ૰ ૩૫૯]** (સવારના સભામાં) ૨૧૦ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– દેહાધ્યાસ જેનો છૂટ્યો છે, આત્મભાવ જેને થયો હોય તેને દેહાભિમાન ગલિત થયું કહેવાય. 'હું દેહસ્વરૂપ નથી' એમ જેને થયું હોય તેને દેહાભિમાન ગલિત થયું કહેવાય.

મુમુક્ષુ– ''પ્રથમ તો જીવનું પોતાપણું ટાળવા યોગ્ય છે'' એટલે શું?

પૂજ્યશ્રી– અહંભાવ એ પોતાપણું છે. તે પહેલાં ટાળવા યોગ્ય છે.

મુમુક્ષુ– ''જેને ભેદ નથી તેને ખેદ સંભવતો નથી'' એટલે શું?

પૂજ્યશ્રી– જેને સત્પુરુષ સાથે અભેદ થયો છે તેને પછી સત્પુરુષથી કાંઈ જુદાઈ ન રહે. તેને કંઈ ખેદ સંભવતો નથી. જેમ હરિ રાખે તેમ રહેવું છે. 'જા વિધ રાખે રામ, તા વિધ રહીએ.'

---

૧. કાળ, સ્વભાવ, પૂર્વકર્મ, પુરુષાર્થ અને નિયતિ.

સોભાગભાઈને એમ થતું નથી કે કૃપાળુદેવને એવું એવું કેમ લખાય? નહીં તો સામાન્ય રીતે એવું થાય કે સારા વૈરાગ્યભાવ હોય તે લખે, પોતાના દોષો ન લખે. જેને હરિની શ્રદ્ધા હોય, જેને સત્પુરુષ ઉપર પરમેશ્વરબુદ્ધિ હોય, તેણે હરિની ઇચ્છાએ વર્તવું; તો હરિ રાજી થાય.

**[વ૦ ૩૬૦]** (સવારના સભામાં) **૨૧૧** શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— ટૂંકા ટૂંકા પત્રો છે પણ એમાં ગહન વાતો છે. જેને આત્મવૃત્તિ વર્તે છે, ચૈતન્યસ્વરૂપ છે તે સુખરૂપ છે એમ જાણી તેમાં જ જે સંતોષ પામે છે, તેને પૂર્ણકામપણું છે. એ પંચેન્દ્રિયના વિષયોને ઇચ્છે નહીં. ઇચ્છા છે એ રોગ છે, એ ક્ષય થયે વીતરાગતા થાય છે. એક બાજુ ઇન્દ્રિયનાં સુખ અને એક બાજુ આત્માનું સુખ એમ એને ભેદ પડી ગયો છે. તેથી બન્ને સુખ જુદાં લાગે છે.

મુમુક્ષુ— ''જે જીવિતવ્યમાં ક્ષણિકપણું છે, તે જીવિતવ્યમાં જ્ઞાનીઓએ નિત્યપણું પ્રાપ્ત કર્યું છે.'' એ કેવી રીતે?

પૂજ્યશ્રી— મનુષ્ય પર્યાય અનિત્ય છે, પણ એ પર્યાયમાં આત્મા ઓળખી લીધો.

**''અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાસી રે.''**

એટલો જેને બોધ હોય તેને સમાધિ હોય છે. આત્મા સિવાયની બીજા પદાર્થની ઇચ્છા છે તેને આર્ત્તધ્યાન કહ્યું છે.

**''ક્યા ઇચ્છત? ખોવત સબે! હૈ ઇચ્છા દુઃખમૂલ.''** (હા. નોંધ-૧/૧૨)

ઇચ્છે છે તેથી તો ખોવે છે. પરપદાર્થની ઇચ્છા થાય છે—મને ક્યારે સુખ મળે, પૈસા મળે એવી ઇચ્છા થાય છે તે બધું આર્ત્તધ્યાન છે. મને સમકિત ક્યારે થશે? કેવળજ્ઞાન ક્યારે થશે? એવી ઇચ્છાને આર્ત્તધ્યાન નથી કહ્યું. ''કોઈ પણ પરપદાર્થને વિષે ઇચ્છાની પ્રવૃત્તિ છે, અને કોઈ પણ પરપદાર્થના વિયોગની ચિંતા છે, તેને શ્રી જિન આર્ત્તધ્યાન કહે છે.'' (૫૫૧)

સારું ફળ જોઈતું હોય તો આર્ત્તધ્યાન મૂકવું પડશે. જેણે ધિંગધણી માથે કર્યો છે તેને આર્ત્તધ્યાન કેમ થાય?

મુમુક્ષુ— ના થાય.

પૂજ્યશ્રી— સંસાર જેટલો સારરૂપ લાગે તેટલી આત્મજ્ઞાનની ન્યૂનતા છે.

**[વ૦ ૩૬૧]** (સવારના સભામાં) **૨૧૨** શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— કૃપાળુદેવને અંતરમાં સમાધિ વર્તે છે. બહાર ગમે તેટલી ઉપાધિ હોય—બોલવાની, લેવા-દેવાની ઉપાધિ છે, પણ અંદરમાં આત્મા શાંતિમાં વર્તે છે, સમાધિમાં રહે છે.

''અસ્વસ્થ કાર્યની પ્રવૃત્તિ કરવી, અને આત્મપરિણામ સ્વસ્થ રાખવાં એવી વિષમ પ્રવૃત્તિ શ્રી તીર્થંકર જેવા જ્ઞાનીથી બનવી કઠણ કહી છે, તો પછી બીજા જીવને વિષે તે વાત સંભવિત કરવી કઠણ હોય એમાં આશ્ચર્ય નથી.'' (૫૫૧)

વાની મારી કોયલ જેવું છે. આ કાળમાં આવો પુરુષ! કહે તો કોઈ માનેય નહીં.

[વ૦ ૩૬૫] (સવારના સભામાં) ૨૧૩ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૯, સં. ૨૦૦૯

મુમુક્ષુ– 'પ્રાણવિનિમય' નામના મેસ્મેરિઝમના પુસ્તકમાં શું આવે છે?

પૂજ્યશ્રી– એમાં બીજાના મન વશ કરવાની વાતો, ચમત્કારો છે. કૃપાળુદેવ કહે છે કે એમાં અમારું ચિત્ત ચોંટતું નથી. એવી એવી વાતો સમજાવવી ગમતી નથી. જેને આત્માનો ધ્યેય નથી, તેને એ નવાઈની વાત લાગે છે.

[વ૦ ૩૭૧] (સવારના સભામાં) ૨૧૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૧૦, સં. ૨૦૦૯

મુમુક્ષુ– લોકભાવના એટલે શું?

પૂજ્યશ્રી– લોકો જગતમાં જેને ઇચ્છે છે, પૈસાને ઇચ્છે, મોટાઈને ઇચ્છે તે બધી લોકભાવના છે. એ મટવી બહુ મુશ્કેલ છે. જ્ઞાનીનો બોધ મળે ત્યારે ઘણા કાળે એ મટે છે અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને કેવળજ્ઞાન આદિની અલૌકિક ભાવના જાગે. લોકભાવના હોય અને પાછો એવો સંગ હોય તો એમાં તણાઈ જાય.

મુમુક્ષુ– સત્પુરુષનો યોગ થયા પછી પણ સત્પુરુષ પ્રત્યે અભાવ થઈ જાય?

પૂજ્યશ્રી– સત્પુરુષ પ્રત્યે પણ જીવને બહુ અધીરજ થાય ત્યારે અભાવ થઈ જાય કે આટલા વખત સુધી સત્સંગ કર્યો અને કાંઈ થયું તો નહીં.

[વ૦ ૩૭૩] ૨૧૫ બેઝવાડા, પોષ સુદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– મન વશ થાય તો બધું થાય. મનને લઈને સંસાર અને મનને લઈને મોક્ષ છે. મનનું સ્વરૂપ સત્પુરુષ પાસે સમજવાનું છે. શાસ્ત્રોમાં મનના બે ભેદ પાડ્યા છે. એક દ્રવ્યમન અને બીજું ભાવમન. સંકલ્પ-વિકલ્પ આત્માના ભાવથી થાય તે ભાવમન. દ્રવ્યમન વિચાર કરવાનું સાધન છે. મન સમજવું બહુ અઘરું છે. ઘણો બોધ થાય ત્યારે સમજાય છે. પોતાનાં પરિણામ તપાસવાં. મનને લઈને શું શું થાય છે, આ વાત ઘણા કાળના બોધે સમજાય છે. મન એ તપાસવા જેવું છે. 'મન', 'તેને લઈને', 'આ બધું', અને 'તેનો નિર્ણય'. આ ચાર વસ્તુઓ ઘણા કાળના બોધે સમજાય છે. કર્મનું ફળ અત્યારે જે દેખાય છે તે સંસાર ફળ છે. એ સિદ્ધાંત સત્પુરુષ પાસેથી સમજવો જોઈએ. મનનો યથાર્થ નિર્ણય તો સમ્યક્દર્શન થાય ત્યારે થાય. ઘણા કાળને બોધે સમજાય એવું છે. જેને છૂટવું છે, જેને મોક્ષે જવાની ઇચ્છા હોય તેનું મન બીજે જાય નહીં. યથાર્થ જ્ઞાન થયા પછી વૃત્તિ આત્મા તરફ જ વહ્યા કરે છે. મન કેમ વશ થાય? આ પ્રશ્ન ઘણા કાળના બોધથી સમજાય છે, અને વશ થાય છે. વિચાર કરશે તો સમજાશે.

જ્ઞાનીપુરુષનો દેહ બે કારણોને લઈને વર્તે છે. એક તો પ્રારબ્ધ ભોગવવાને અર્થે અને બીજું કારણ બીજા જીવોના કલ્યાણને અર્થે. જ્ઞાની પ્રારબ્ધને લઈને ઉદાસપણે વર્તે છે. જ્ઞાનીપુરુષનાં મન, વચન, કાયાની ચેષ્ટા આશ્ચર્યકારી હોય છે. એ જો જીવને સમજાય તો નિર્જરા થાય.

જ્ઞાનીપુરુષો આ જીવને એવો ઉપદેશ આપવો અને બીજા જીવોને એવો ઉપદેશ આપવો

એમ કરતા નથી. સહજ સ્વભાવે ઉદય આવે તો ઉપદેશ આપે. ધ્યાન કરું, વિદ્યા ભણું તેના કરતાં જ્ઞાનીનાં વચનોનો વિચાર કરવો એ વધારે હિતકારી છે. જ્ઞાનીપુરુષનાં વચનો વધારે હિતકારી લાગે એવું કરવાનું છે. લોકસંજ્ઞામાં વૃત્તિ ન જાય, જ્ઞાનીએ કહ્યું તે જ મારે માનવું છે એવો નિશ્ચય હોય, શાસ્ત્રસંજ્ઞા પર ન જતા હો તો તમને કંઈક લખીએ, એમ કૃપાળુદેવ લખે છે. ફરી તેઓ લખે છે કે વૃત્તિ જો શાસ્ત્રસંજ્ઞા પર જતી હોય તો એ મને ભ્રાંતિ છે એમ તમે ધારતા હો તો, એ વચનને બહુ ધીરજ વડે વિચારવા ધારતા હો તો લખવાની ઇચ્છા થાય છે.

"સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે." (૧૬૬) જ્ઞાનીનું એક વચન પણ વિચારવાથી મોક્ષ થાય એવું છે. [1]ચિલાતીપુત્ર હતો. તે તલવાર લઈને એક મુનિ પાસે જઈને બોલ્યો- 'હે મુંડ! મને તું મોક્ષ આપ, નહીં તો આ તલવારથી તારું મસ્તક છેદી નાખીશ.' મુનિએ જાણ્યું કે આ નિકટભવી જીવ છે. એમ જાણીને તે મુનિએ ચિલાતીપુત્રને 'ઉપશમ, વિવેક, સંવર' એમ ત્રણ શબ્દો કહ્યા. પછી મુનિ ત્યાંથી ચાલ્યા ગયા. ચિલાતીપુત્ર પછીથી તે શબ્દોનો વિચાર કરવા મંડ્યો. મારે શું કરવાનું છે? વિવેક શું છે? ઉપશમ શું છે? અને છેવટે સંવરનો વિચાર કરતાં કેવળજ્ઞાન પામ્યો.

[વ૦ ૩૭૩] **૨૧૬** શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— મન છે તે બે પ્રકારેઃ એક દ્રવ્યમન, બીજું ભાવમન. હૃદયમાં આઠ પાંખડીવાળું કમળ છે, તેમાં સંકલ્પ-વિકલ્પ કરવાની શક્તિ છે, તે દ્રવ્યમન છે. એમાં સંકલ્પ-વિકલ્પ કરવાની શક્તિ છે તે આત્માને લઈને છે. મન, વચન, કાયાનો સંબંધ છૂટે ત્યારે બધા પુદ્ગલનો સંબંધ છૂટી જાય.

[વ૦ ૩૭૩] **૨૧૭** શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— મન બે પ્રકારે છે. એક દ્રવ્યમન, બીજું ભાવમન. જેમ ઇન્દ્રિયોની રચના છે તેમ દ્રવ્યમનની પણ છે. એ અંતઃકરણ એટલે અંતરની ઇન્દ્રિય છે. એનાથી સંકલ્પવિકલ્પ કરવાનું, વિચારવાનું થાય છે. એમાં જે ઉપયોગ છે તે ભાવમન છે. ખરી રીતે તો ભાવમન એ આત્મા જ છે. તેને લઈને બધા સંકલ્પ-વિકલ્પ, વિચારો થાય છે. આ જે જે બધું દેખાય તે બધું મનને લઈને છે. પોતાના સ્વરૂપનો સદ્ગુરુ યોગે ખરો નિર્ણય કરવાનો છે.

મુમુક્ષુ— મન વશ કરવા માટે પ્રથમ જીવે શું કરવું?

પૂજ્યશ્રી— સત્સંગ કરવો, પછી બોધ સાંભળવો, ગ્રહણ કરવો, તો મન વશ થાય. મન એ ઘણા કાળના બોધે સમજાય છે. મન જો સમજાય તો સમ્યક્દર્શન થાય, પણ એ સમજાવું મુશ્કેલ છે. આ બધા સંકલ્પ-વિકલ્પ મનને લઈને થાય છે એમ લાગતું નથી. બીજાનો વાંક કાઢવા જાય છે. દોષો ઓળખે અને એ એને ખૂંચે ત્યારે નીકળે.

મુમુક્ષુ— બોધ તો રોજ અહીં સાંભળીએ છીએ તો મન વશ કેમ નથી થતું?

પૂજ્યશ્રી— શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવાનું છે. સાંભળવામાં, વાંચવામાં તો ઘણું આવે

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૩૮૦.

છે, પણ પછી મનન કરે કે આ કેમ આમ થતું નથી? એમ વારંવાર દોષો એને ખૂંચે ત્યારે થાય.

મુમુક્ષુ– દોષ ખૂંચે છે, સારા લાગતા નથી, છતાં એમાં તણાઈ જવાય છે. મારે આજે નથી બોલવું, છતાં બોલી જવાય છે.

પૂજ્યશ્રી– અભ્યાસ કરતાં એવું જ થાય છે. નાનો છોકરો ચાલતાં શીખે ત્યારે પડે. ફરી ઊભો થાય અને ચાલે, ફરી પડે એમ વારંવાર ચાલવાનો અભ્યાસ કરતાં કરતાં ચાલતાં શીખે છે, પણ થાકી જતો નથી.

મુમુક્ષુ– કોઈ કોઈ વખત એમ થઈ જાય કે વારંવાર શું વાચવું? એમ ઉદ્વેગ થઈ આવે છે.

પૂજ્યશ્રી– વારંવાર શું વાંચવું? એમ થાય છે, તો મનને પૂછવું કે વારંવાર નથી વાંચવું, ત્યારે તારે શું કરવું છે? આખો દિવસ ખા-ખા કરવું છે કે સૂઈ જવું છે? શરીરને જે દુઃખ થાય છે, તે દુઃખ નથી. એથી આત્મા સુખી થાય છે. આત્મા જો સુખી થતો હોય તો દેહ ભલે પડ્યો રહે. છેવટે દેહ તો પડી જ જવાનો છે.

**“અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા!**
**અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં, વિચિત્રતા!!”**

આત્માના અનંત સુખને માટે દેહને જે દુઃખ અપાય છે તે તો નામનું દુઃખ છે. દુઃખ નથી.

**“નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.”**

પાંચ ઇન્દ્રિયના વિષયમાં મન ન જવા દેવું. જાય તો તાણી લાવવું. પરિગ્રહના વિચાર આવે તો કાઢી નાંખવા. મારે પરિગ્રહને શું કરવો છે? મારે તો પાપથી છૂટવું છે. પરિગ્રહ એ પાપ છે અને પાંચ ઇન્દ્રિયના વિષયો પણ પાપ કરાવનારા છે, માટે મારે એનાથી છૂટવું છે. મનને પૂછવું કે તારે શું જોઈએ છે? ત્યારે મન એમ કહે કે મોક્ષ, તો કહેવું કે સંકલ્પ, વિકલ્પ, રાગ, દ્વેષને મૂક. એમ પોતે પોતાને સમજાવવાનું છે. તો એ તો એની મેળે મૂકી દેશે.

[વ૦ ૩૭૩] (સવારના સભામાં) **૨૧૮** શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૦, સં. ૨૦૦૯

મુમુક્ષુ– “મનને લઈને આ બધું છે” એ શું?

પૂજ્યશ્રી– ધારશીભાઈ ઉપર આ પત્ર છે. ધારશીભાઈએ લખ્યું હશે કે ‘મનને લઈને આ બધું છે’ એવો મારો અત્યાર સુધીનો નિર્ણય થયેલો છે. ઘણાં પુસ્તકો વાંચતાં કરતાં, મન જ બંધ મોક્ષનું કારણ છે એમ એમણે લખ્યું, પણ કૃપાળુદેવે લખ્યું કે એ વાક્યના ચાર ભાગ થાય છે. “ ‘મન’, ‘તેને લઈને’, અને ‘આ બધું’ અને ‘તેનો નિર્ણય.’ ” એ ઘણા કાળના બોધે જેમ છે તેમ સમજાય છે અને એ સમજાય ત્યારે મન વશ થાય. જ્ઞાનીના બોધે વિચારણા જાગે તેથી આત્માનો નિર્ણય થાય. આત્માનો નિર્ણય થયા વિના મન વશ થાય નહીં. ઘણો બોધ થાય, સત્પુરુષનો સત્સંગ થાય ત્યારે મન એને સમજાય છે અને તે પણ ઘણા કાળના બોધે સમજાય. બુદ્ધિશાળી હોય તેને શાસ્ત્રો પ્રત્યે દૃષ્ટિ વધારે હોય છે.

પ્રભુશ્રીજીના વખતમાં આ પત્ર વંચાયો. પછી કહ્યું કે મન શું છે? ભાવમન અને દ્રવ્યમન એમ બે પ્રકારે મન છે. તેને લઈને એ દરેકના બે બે ભેદ પડે છે. આ બધું દેખાય છે તે ભાવરૂપ પણ છે. પહેલાં સંકલ્પ-વિકલ્પ ઊઠે ત્યારપછી આ બધું થાય છે. ''મન, તેને લઈને અને આ બધું અને તેનો નિર્ણય'' આ બધું ઘણા કાળના બોધે સમજાય એવું છે. દ્રવ્યમન એ પુદ્ગલની રચના છે. તેને આધારે સંકલ્પ-વિકલ્પ થાય છે. ભાવમન એ આત્મા છે. એ ભાવમન દ્રવ્યમનમાં પ્રવર્તે ત્યારે સંકલ્પ-વિકલ્પનું કામ કરે છે. મન જો સંસાર ભણી વળ્યું તો બધું સત્યાનાશ. વિભાવવાળું મન છે. અત્યારે એ વિભાવરૂપ મન જો સવળું પરિણમે તો સમ્યગ્દર્શન કરે, બધું કરે. સ્વભાવમાં હોય ત્યારે સંકલ્પ-વિકલ્પ ન હોય.

[વ૦ ૩૭૪] (રાતના સભામાં) ૨૧૯ શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૬, સં. ૨૦૧૦

પૂજ્યશ્રી– જ્ઞાનીપુરુષ પાસે જ્ઞાન જ ઇચ્છવા યોગ્ય છે. બીજી વસ્તુ(ની ઇચ્છા) આડી આવે તો જ્ઞાની ઓળખાય નહીં, એ કલ્યાણકારી નથી. જ્યાં સુધી જ્ઞાની ન ઓળખાય ત્યાં સુધી જ્ઞાની પણ એમ જ રહે છે.

**''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.''**

પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે જ્ઞાનીની વર્તના અગમ્ય હોય છે. પ્રભુશ્રીજી શરૂઆતમાં વૈષ્ણવોની સાથે રહેતા ત્યારે તેમ વર્તતા, પણ વખત આવ્યે ફેરવી નાખીશું એમ કહેતા. અનંતકાળથી જીવ ઝેર ખાતો આવ્યો છે. જ્ઞાની વિના એને કોણ અટકાવે?

ખેદ કરવા જેવો નથી.''જગત જીવ હૈ કર્માધીના.'' કર્મના યોગે ખેદ ન કરવો. ''ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.'' (૮૧૯) ખેદ તો છોડવાનો છે. આથી બમણાં કર્મ આવે તો પણ ખેદ ન કરવો. શૂરવીર હશે તે કલ્યાણ કરશે. નહીં તો સંસારનો રસ ચાટવા જાય તો પાર આવે નહીં.

જ્ઞાની પાસે સંસારી ફળની ઇચ્છા ન કરવી. નહીં તો જ્ઞાની ઓળખાય નહીં. વિષમદશા થઈ તો જ્ઞાનીને પણ કર્મ બંધાય. કર્મને કંઈ શરમ નથી. ''અવિષમભાવ વિના અમને પણ અબંધપણા માટે બીજો કોઈ અધિકાર નથી.'' (૮૨૩) રાગદ્વેષ થાય ત્યાં કર્મ બંધાય. તીર્થંકરની મોટી આજ્ઞા રાગદ્વેષ ન કરવા એ છે.

ચિદાનંદજી ઝપાટાબંધ વિહાર કરતા, તેથી કોઈ એમને મળી શકતું નહીં. એક ભાઈ એમને બહુ શોધતા હતા. એક વખતે ચિદાનંદજી તેમને મળ્યા. તેણે કહ્યું કે બાપજી, કંઈ ઉપદેશ કરો. ચિદાનંદજીએ કહ્યું, રાગદ્વેષ ન કરો. તે ભાઈએ કહ્યું– કંઈક વિશેષ કહો. ચિદાનંદજીએ કહ્યું, વધારે સાંભળવું હોય તો ઘણી બીજી દુકાનો છે, અહીં તો એટલી જ વાત છે.

જગતના બધા જીવોને ખેદના પ્રસંગો આવે છે. જ્યાં સુધી સમાધિભાવ ન જાગ્યો હોય ત્યાં સુધી ખેદ છે. સંસારમાં અનેક પ્રકારનાં કર્મ છે તે દુઃખરૂપ છે, પણ એથી ખેદ પામવો નથી. સંસારની તો ઇચ્છા જ કરવા જેવી નથી. ઇચ્છા એ જ દુઃખનું કારણ છે.

**“ક્યા ઇચ્છત? ખોવત સબૈ! હૈ ઇચ્છા દુઃખ મૂલ;**
**જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.”** (હા.નોં. ૧/૧૨)

એ ઇચ્છા જ દુઃખનું મૂળ છે. સુખી થવું હોય તો ઇચ્છા મૂકી દેવી. સમજ્યા તે શમાયા. બધા કરતાં ઇચ્છા વધારે દુઃખ આપે છે. ઇચ્છાને લઈને ક્લેશ ઉત્પન્ન થાય છે. પુણ્યનો ઉદય હોય અને ઇચ્છા ન કરે તોય મળે. પુણ્યનો ઉદય ન હોય અને માથું ફોડે તોય ન મળે.

ઇચ્છા ઓછી કરવી. ઇચ્છા એક મોક્ષની રાખવી. “માત્ર મોક્ષ અભિલાષ.” તારે મોક્ષે જવું હોય તો સંકલ્પ-વિકલ્પ, રાગદ્વેષને મૂક. ઇચ્છા વખતે આત્માને સુખ થાય છે કે દુઃખ? તેનો વિચાર આવતો નથી. ઇચ્છાથી જુદા રહેવાની જરૂર છે. આ બધું થાય છે તેથી જુદા રહેવું. “જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.” ઇચ્છાના નાશ વિના મોક્ષસુખ નહીં થાય. દેવલોકમાંય એ ઇચ્છા કર્યા વગર રહેતો નથી. સમજણ વગર સુખ મળે એમ નથી.

**“સમજ સાર સંસારમેં, સમજુ ટાલે દોષ;**
**સમજ સમજ કરિ જીવ હી, ગયા અનંતા મોક્ષ.”**

સમજ કરી લેવાની છે. નકામી વસ્તુમાં ચિત્ત ન દેતાં જ્ઞાનીએ કહ્યું તે સ્મરણ કર્યા કરવું. ઉપરાઉપરી સ્મરણ થતું હોય તો ઇચ્છા થાય નહીં.

રિદ્ધિ-સિદ્ધિ ફોરવી મુમુક્ષુનું કલ્યાણ કરવું, એમ જ્ઞાની ઇચ્છે નહીં. જ્ઞાની પાસે કોઈ વૈભવ હોય તેની ઇચ્છા કરવા જેવી નથી, પણ જ્ઞાની આપે તો એને પ્રસાદ જેવું થાય અને જો જ્ઞાની પાસે લેવાની ઇચ્છા કરે તો એ ચોરીનો પ્રકાર છે. જ્ઞાનીને પણ રિદ્ધિ-સિદ્ધિ ફોરવવાથી નુકસાન થાય, એનું સમકિત જાય.

જીવને ધીરજ રહે તો ત્યાં આગળ કસોટીમાં જીવ ટેવાય છે. ગમે તેવી મુશ્કેલી આવે તો પણ પરમાર્થ માર્ગમાં ઢીલા થવા જેવું નથી, એવું મુમુક્ષુએ કરવાનું છે. પ્રભુશ્રીજી કહેતા કે અત્યારે દુઃખ છે તેથી બમણું આવે તોય સહન કરવું છે. એ મુમુક્ષુનું કર્તવ્ય છે. જે આવે તે અવિષમભાવે સહન કરવું, રાગદ્વેષ થવા દેવા નહીં. રાગદ્વેષ ઘટાડે તો જ કલ્યાણ થાય. લોભમાં તણાય તો આત્માર્થીપણું જતું રહે એવું છે.

**“કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.”**

**“આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુ બોધ સુહાય”**

એવી દશા આવે ત્યારે એને જ્ઞાનીનો બોધ સુહાય. એટલી યોગ્યતાની જીવને ખામી છે. રિદ્ધિ-સિદ્ધિ તો સ્વપ્નેય ઇચ્છવા જેવી નથી. સંસારની ચિંતા-ફિકરમાં મુમુક્ષુએ ખોટી થવા જેવું નથી. “ગઈ વસ્તુ શોચે નહીં, આગમ વાંછા નાંહિ.” વર્તમાનમાં અવિષમ ભાવ, પરિણામ રહે તેમ કરવું. બનવાનું હશે તેમ બનશે.

**“નહીં બનવાનું નહિ બને, બનવું વ્યર્થ ન થાય,**
**કાં એ ઔષધ ન પીજિયે, જેથી ચિંતા જાય?”**

ચિંતા કરવાની નથી. જેવું કેવળીએ જોયું છે તેવું થવાનું છે, માટે વર્તમાનમાં સમભાવ રહે તેવું કરવાનું છે. જીવ ભવિષ્યની ચિંતા કરી વર્તમાનમાં પુરુષાર્થ છોડી કર્મ બાંધે છે. કૃપાળુદેવને ભવિષ્યની એક ક્ષણનો પણ વિચાર આવતો નથી. અજ્ઞાનીને ભવિષ્યની ચિંતા હોય, જ્ઞાની તો જાણે છે કે જેમ થવાનું હશે તેમ થશે.

નકામા વિચાર કરી ન જોઈતી ફિકર કરી જીવ કર્મ બાંધે છે. ટેવ પડી ગઈ છે. ભવિષ્યમાં શું થશે? લોકો શું કહેશે? એ બધી ભવિષ્યની ચિંતા ભયરૂપ છે. એને ભૂલી જાઓ. જીવ સંસારને ન ભૂલે તો પછી પરમાર્થ કેમ સાંભરે? "પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ." (દે૦ ૧)

સંસારમાં પ્રીતિ હોય ત્યાં સુધી પરમાર્થ હાથમાં ન આવે. પરમાર્થ ભુલાય છે એ જ મરણતુલ્ય છે. "ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?"

પરમાર્થ ન ભુલાય એ જ કાળજી રાખવાની છે. "કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુ વિચાર વિના ન રહેવું." (૨૫૪) એ જ લક્ષ રાખવાનો છે. આજીવિકા અને લોકલાજ એ બેય તમને સતાવે છે. 'થાવું હોય તે થાજો, રૂડા રાજને ભજીએ' એ જ કરવાનું છે. કરવાનું છે તે ચુકાય નહીં એવું કરવાનું છે. તમે નિર્ભય ન થાઓ ત્યાં સુધી કલ્યાણ ન થાય. લોકલાજ આદિથી જ્યારે નિર્ભય થઈ જશો ત્યારે જ તમને જ્ઞાનીનો બોધ ચોંટશે.

**[વ૦ ૩૭૫]** (સાંજના) **૨૨૦** શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—આત્મવિચારકર્તવ્યરૂપ ધર્મ તે સાચો ધર્મ છે. આત્મજ્ઞાન કરવું હોય તો આત્મવિચાર કરવો પડશે, પણ એ જ મારે કર્તવ્યરૂપ છે એમ લાગે ત્યારે વિચાર થાય.

**"હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**
**કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?"**

એ બે પ્રકારે આત્મદશાનો વિચાર કરવાની દિશા બતાવી, પણ આત્મવિચાર કર્તવ્ય લાગે ત્યારે. બીજા વિચારોનો અભ્યાસ થઈ ગયો છે, પણ એ બધાથી પલટાવી એક આત્મવિચાર કરવો. એના ઉપાય શોધીને કરવા.

ઘણા નિશ્ચય કરે છે, પણ મોટો નિશ્ચય એ કરવો કે સત્સંગ સિવાય ઉપાય નથી. સત્સંગ એ કલ્યાણનું મુખ્ય સાધન છે. જેવી જેવી ભાવના હોય તેવી તેવી વસ્તુ મળે. અત્યારે મળ્યું છે તેનો વિચાર કરીએ તો એ પૂર્વે ભાવેલી ભાવનાનું ફળ છે એમ લાગે. જેને ધર્મ કરવો છે તેણે લૌકિકભાવમાં તણાઈ ન જવું. કુળધર્મના દેખાદેખી ઉપવાસ કરે પણ એ ધર્મ નથી. બધાં સાધનને ગૌણ કરી સત્સંગ કરવો. એમાં સમજણ ફરે છે. આત્મવિચારકર્તવ્યરૂપ ધર્મ છે. તેનું સાધન સત્સંગ છે. સત્સંગની ભાવના કરવી અને અસત્સંગથી ડરતા રહેવું. એથી શું પરિણામ આવે? તેનો વિચાર કરીને ડરતા રહેવું, સાપથી ડરે છે તેમ.

એકધારા પરિણામ રહેતા નથી. જ્યારે સત્સંગ ન હોય ત્યારે વિચારે કે મારા ભાવ કેવા છે? ત્યારે અસત્સંગનું સ્વરૂપ સમજાય અને ત્યારે તે ખરાબ લાગે. વિપરિણામ એટલે ખરાબ

પરિણામ. સારા ભાવ હોય, પણ પલટાતાં વાર ન લાગે. ભાવના કરવી અને યથાશક્તિ એને આરાધવી. પોતાની શક્તિ પ્રમાણે કર્યા કરવું, એકલી ભાવના જ નહીં. અનેક પ્રકારે વિચારીને જ્ઞાનીનું કહેલું સાચું છે, એ અનુભવમાં આણવા જેવું છે. આ જ મારે કરવું છે એમ રાખવું.

કૃપાળુદેવે પૂર્વે ઘણો સત્સંગ કર્યો છે તેથી સત્સંગને ઇચ્છે છે. સત્સંગથી ભાવ ચઢિયાતા થાય છે. જેણે છૂટવું હોય તેણે સત્સંગમાં રહેવું. સત્સંગથી જેટલો લાભ થાય તેટલો બીજાથી ન થાય. મનુષ્યભવ કડાકૂટ માટે મળ્યો નથી. સમાધિભાવ ન જવા દેવો. કૃપાળુદેવને અંદરથી સત્સંગ-સત્સંગ રટણ થયા કરે છે. મોટો કલ્યાણનો નિર્ણય કરવો હોય તો સત્સંગ કરવો. સત્સંગનું કૃપાળુદેવે બહુ વેદન કર્યું છે, તેથી માહાત્મ્ય લાગે છે. જેને છૂટવાની ભાવના છે તેનો સંગ તે સત્સંગ છે.

કૃપાળુદેવ કહે છે કે જે ઉપાધિ છે, તેનો ત્યાગ થાય છે, નવું વધતું નથી. બુદ્ધિના વેપાર કરવા જેવું નથી. આપણે છૂટવું છે.

ઉપશમને અર્થે 'સૂયગડાંગ' વાંચવું એમ કૃપાળુદેવ લખે છે. 'સૂત્રકૃતાંગ'ની રચના કરવાવાળા આત્મસ્વરૂપ પામેલા પુરુષ હતા.

વીતરાગ પુરુષોએ કહેલું તે સત્શાસ્ત્ર છે. કર્મક્લેશ શાથી તૂટે? તો કે બોધથી તૂટે. એ 'સૂયગડાંગ'નું પહેલું વાક્ય છે. બંધન શું? એ કેમ તૂટે? એમ શિષ્ય પ્રશ્ન કરે છે, ત્યારે ગ્રંથકાર કહે છે કે ભગવાન મહાવીરનું કહેલું તમને કહીશું. કર્મબંધ કેમ તૂટે? એ પ્રશ્ન હતો. તેનો ઉત્તર દેતાં ગ્રંથકારને વિચાર આવ્યો કે આ જીવની કેવી માન્યતા છે? જુદા જુદા ધર્મોને જીવ માને છે એવું પહેલા અધ્યયનમાં વર્ણન કરે છે.

મતમતાંતરમાં પડવા જેવું નથી.

**[વ૦ ૩૭૫]** (સાંજના સભામાં) **૨૨૧** શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—ભગવાનની વાણી ભગવાનસ્વરૂપ છે. ભગવાન પ્રત્યક્ષ કહેતા હોય એવી આગમની વાણી છે. એ સાંભળનારને પણ વીતરાગતા ભણી લઈ જનાર છે. વીતરાગતા માટે વાંચવા વિચારવાનું છે. શાસ્ત્રો વાંચીને વીતરાગતા ન આવી તો તે વાંચન નિષ્ફળ છે.

દુઃખથી છૂટવું હોય તો દુઃખનાં કારણ રાગ, દ્વેષ, અજ્ઞાન છોડવાં. રાગદ્વેષ એ સંસાર છે. જ્યાં 'હું' ને 'મારું' છે ત્યાં સંસાર છે. તે આત્મજ્ઞાન વિના જાય એવું નથી, માટે જેને દુઃખ મટાડવું હોય તેણે આત્મજ્ઞાનનો લક્ષ રાખવો. એ આત્મજ્ઞાન શાથી થાય છે, તે જ્ઞાનીપુરુષ કહે છે. સત્પુરુષોના વચનોનું સાંભળવું કે સત્શાસ્ત્રનું વાંચન, શ્રવણ એ આત્મજ્ઞાન થવાનો ઉપાય છે. ઘણા લોકો માને તે ધર્મ છે, એમ જીવ માને છે પણ એમાં કંઈ લાભ નથી. જીવે ધર્મ ધર્મ એમ જગતમાં સાંભળ્યું છે, પણ આત્મવિચારકર્તવ્યરૂપ ધર્મ તો જીવે સાંભળ્યો ય નથી.

''શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?'' એવું કહ્યું છે, તે પોતાના આત્માને પૂછવાનું છે કે તું સુખી છે કે દુઃખી? એમ વિચાર કરી આત્માને શાંતિ થાય એવું કરવું. અત્યારે

જીવ ક્રિયામાં પડ્યો છે. અસત્સંગ, અસત્શાસ્ત્ર એ બધા આત્મવિચારકર્તવ્યરૂપ ધર્મ પ્રગટવા ન દે. આત્માને જેથી સુખ થાય તેવો ધર્મ કરવો. સત્સંગ પરમ કલ્યાણરૂપ છે. કેટલું કૃપાળુદેવને માહાત્મ્ય લાગ્યું છે! મહા પુણ્ય હોય તો સત્સંગ મળે, એવો યોગ ન હોય તો એની ઇચ્છા કરવી. સત્સંગનો લાભ વિચારવો અને અસત્સંગની હાનિ વિચારવી. અસત્સંગથી ગેરલાભ છે, એમ વિચારી સત્સંગ ન હોય તો કૃપાળુદેવનાં વચનો વાંચવાં, વિચારવાં.

મુમુક્ષુ– અસત્સંગ એટલે શું?

પૂજ્યશ્રી—સત્સંગે જે કંઈ રુચિ થઈ હોય તેને પલટાવી નાંખે તે અસત્સંગ છે. કુગુરુ છે, ઘરનાં કામ છે એ અસત્સંગ છે. ક્રોધ, માનાદિ ચાર કષાય અસત્સંગ છે. જે આપણે કરવું છે તેમાં વિઘ્ન કરનાર તે બધા અસત્સંગ છે. એથી ભડકતો રહે તો ન પડે, નહીં તો અસત્સંગે જીવને સમકિત હોય તે ય જતું રહે.

મુમુક્ષુ—'અસત્સંગનું વિપરિણામ વિચારવું' એટલે શું?

પૂજ્યશ્રી—અસત્સંગથી શું શું હાનિ થાય છે, તેનો વિચાર કરી એથી દૂર રહેવું. કૃપાળુદેવ આત્મામાં રહે છે, સમાધિમાં રહે છે. એ ભાવની વૃદ્ધિ કરવી હોય તો સત્સંગે થાય. ઉપાધિમાં સમાધિ રહેવી મુશ્કેલ પડે અને સત્સંગ હોય તો સહેજે સમાધિ રહ્યા કરે. આત્માને જે જાણતો નથી તે બીજાને ઉપદેશ કરે તો તેને ય લાભ ન થાય અને સામાને પણ ન થાય.

[વ૦ ૩૭૬] (સવારના સભામાં) ૨૨૨ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—વીતરાગ થવું હોય તો વીતરાગને પગલે ચાલવું પડે. સાચા આશ્રિતપણામાં લોકભાવના છોડવી પડે. કલ્યાણ કરવું હોય અને બહારની વસ્તુઓનો વિશ્વાસ રાખે તો થાય નહીં. જ્યાં આગળ છોડવાના છે ત્યાં કર્મ બાંધે તો ક્યાં છોડે? પ્રભુશ્રીજીના બોધમાં આવે છે કે 'શું કરવા આવ્યો છું અને શું કરું છું?' એ વારંવાર તપાસવાનું છે. અહીં આવીને પણ જીવ કર્મ બાંધવાં હોય તો બાંધે. બહારથી સારું સારું જોઈ વિશ્વાસ રાખવા જેવો નથી.

સમભાવ કેમ આવે? એવું જ્ઞાનીથી જાણી લેવું જોઈએ. અવિષમ ભાવ અને જ્ઞાનીનો યોગ હોય તો ત્યાં દુષમકાળનું બળ ન ચાલે. કેમકે પોતે આશ્રિત થયો છે અને જ્ઞાનીનો એને યોગ છે. અનાદિકાળથી જીવ કંઈ ને કંઈ ધર્મ તો સેવે છે, પણ ઊંધું કરે છે. પ્રભુશ્રીજી કહેતા કે 'તારી વારે વાર.'

[વ૦ ૩૭૭] (સવારના સભામાં) ૨૨૩ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—જ્ઞાનીપુરુષે અસંખ્ય પ્રકારે આત્મા ઓળખવાના યોગ કહ્યા છે. છ પદ, નવ પદ, નવ તત્ત્વ, એમ અનેક યોગ કહ્યા છે, તેમ આ નવ પદ પણ એક યોગ છે.

મુક્તભાવમાં મોક્ષ છે. સંસારમાં જ્ઞાની શું કરે છે? અવળાનું સવળું કરે છે. કષાય થાય તો નિઃકષાયભાવ કરે. કોઈ ગાળ ભાંડે તો સારું થયું એમ માને, તેથી કર્મ છૂટે છે. એમ જ્ઞાની અવળાનું સવળું કરે છે. ભક્તિમાન છે તેને જ્ઞાનીનું અવલંબન છે. જ્ઞાનીને પોતાની સમજણનું અવલંબન છે. એ પોતાની પરિણતિ જ સુધારે છે. એ અંતરાત્મા થયા છે તેથી પરમાત્મપણું એમને

સમજાયું છે, તેથી એનો લક્ષ રહે છે. એવી દશા જેને થઈ તેને પરના અવલંબનની જરૂર નથી. એ પોતાની પરિણતિ સુધરે એમ કરે છે. જ્ઞાની સુખ દુઃખમાં અવિષમ રહે છે. પોતાની પરિણતિ સંસાર ભણી ન વળે એ સાચવે છે. બીજું તો શું કરે? પ્રારબ્ધ તો ભોગવવું પડે.

જ્ઞાનીનું પ્રારબ્ધ જીવોના કલ્યાણ માટે છે.

**"કર્મઉદય જિનરાજનો, ભવિજન ધર્મ સહાય, પ્રભુજી."** (દે૦ વિ૦ ૩)

મારે આ ઉદય નથી જોઈતો અને આ જોઈએ છે એમ કરે તો પાછાં નવાં કર્મ બંધાય છે. જ્ઞાનીનું કામ તો સમભાવ રાખવાનું છે.

**[વ૦ ૩૭૮]** (સવારના સભામાં) **૨૨૪** શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જ્ઞાનીના ભાવો જ્ઞાની સમજાવે છે.

**[વ૦ ૩૭૮]** (રાતના સભામાં) **૨૨૫** શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૬, સં. ૨૦૧૦

પૂજ્યશ્રી– ઈશ્વર છે કે કેમ? એમ કૃપાળુદેવને પૂછ્યું હશે. કૃપાળુદેવે લખ્યું કે એ વિચાર પડી મૂકી 'સમયસાર'નું વાંચન કરશો તો ખબર પડશે. ઈશ્વર પ્રત્યે ભક્તિ હોય ત્યાં સુધી જગતમાં ગમે તેટલું દુઃખ આવે તોય સહન કરે અને ઈશ્વરનો આધાર નથી, મારા ઉપર જ આધાર છે એમ હોય તો વધારે દુઃખ થાય. કર્તા પદમાં જ આવે છે કે–

**"કર્ત્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ."**

જ્ઞાની દ્વારા એ જેમ છે તેમ સમજાશે. એ લક્ષ રાખી બને તેટલું 'સમયસાર'નું વાંચન કરી વિચારવું. શ્રુતજ્ઞાન જેને પ્રાપ્ત છે એવા જ્ઞાની પાસેથી એ 'સમયસાર' સમજવા યોગ્ય છે. જ્ઞાનીપુરુષ પાસે મારે સમજવું છે, એમ રાખી વાચન કરવું. નિશ્ચયથી આત્મા અકર્તા છે અને વ્યવહારથી આત્મા કર્તા છે. એના ઉકેલ બધા આત્મસિદ્ધિમાં મૂકી દીધા છે. પોતાથી વિચાર જેટલા થાય તેટલા કરવા. જ્ઞાની કહે તે સાચું અને જ્ઞાની પાસે મારે સમજવું છે, એમ રાખવું. સમજવા યોગ્ય છે તે નિર્વિકલ્પ જ્ઞાની દ્વારા સમજાય છે, સ્વરૂપ સમજાય છે.

**[વ૦ ૩૭૯]** (રાતના સભામાં) **૨૨૬** શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૫, સં. ૨૦૧૦

પૂજ્યશ્રી– જેનાથી કંઈ છાનું રાખ્યું નથી, તેવા સોભાગભાઈ છે. બેયનું હૃદય એક જ છે.

અનંતકાળથી જીવ ભિખારીની પેઠે ફર્યા કરે છે. મને જોવા, ચાખવા, દેખવાનું મળે એમ ભિખારીની પેઠે ફરે છે. જેમનાથી અનાદિકાળનું જીવનું ભિખારીપણું જતું રહે, તો એ જ આપણા તરણતારણ છે. ઇચ્છા એ જ ભિક્ષા છે. જે માગે તે ભિખારી છે. લાખ રૂપિયા હોય અને બે લાખ કરવા હોય તો એ ભિખારીપણું જ છે. જેની ઇચ્છાઓ છૂટી છે તેનાથી જ ઇચ્છા છૂટે છે.

ઘણા જીવો એવા છે કે સત્સંગનું ભાન નથી. એટલા માટે કળિકાળ કહ્યો. આ કાળમાં પણ મોક્ષ થાય છે, પણ એવો યોગ નથી બાઝતો. "તું છો મોક્ષસ્વરૂપ." આ દેહાધ્યાસ મૂકી દે તો એ જ મોક્ષ છે.

**"શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;**
**તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન."**

આત્મા આપ્યો એ જ મોક્ષ છે.

અંતરંગમાં જેને પરમાર્થનો નિશ્ચય થયો છે. તેને પછી કર્મ આવે તે સમભાવે વેદવાના છે. ઉપાધિ કરવાની ઇચ્છા નથી, પણ પૂર્વકર્મને લઈને ભોગવવું પડે છે. તેથી સમભાવે વેદે છે.

એમને સંસાર છોડવો છે અને સંસાર એમને છોડતો નથી.

સત્સંગની ઘણી ઇચ્છા રહે છે, એવો યોગ થાય તો શાંતિ થાય; પણ એવો યોગ થાય એમ નથી. એટલે ભગવાનને હાથ સોંપે છે કે તારે કરવું હોય તેમ કર.

પ્રવૃત્તિ બધી કરવી પડે છે, પણ એ કરવાની ઇચ્છા કે બુદ્ધિ નથી. કર્મના ધક્કાને લીધે કરવું પડે છે. આત્મામાં શમાઈ જવું એ જ ભાવના રહે છે, અથવા એનું કારણ સત્સંગ છે. તેમાં જ વૃત્તિ રહે છે. કોઈને એમ કહેવું કે તેમ કહેવું એવી બુદ્ધિ થતી નથી. 'સમજ્યા તે શમાયા.' એમને આત્મા જેવી કોઈ વસ્તુ પ્રિય લાગતી નથી.

આત્મામાં હોય ત્યારે બોલવા ચાલવાનું નથી. એ આત્મપણું મૌનપણું છે. આત્મા સંબંધી પ્રસંગમાં વૃત્તિ રહે છે, એ સિવાય બીજી ઇચ્છા થતી નથી.

વ્યાપાર કરવો આદિ પૂર્વને લઈને કરવું પડે છે. ''જા વિધ રાખે રામ, તા વિધ રહિએ.''

ગમે તેમ કરે પણ કર્મ તો એને છોડે નહીં. માટે જ્ઞાની સમભાવે વર્તે છે.

મોક્ષના સુખની પણ ઇચ્છા નથી, પણ બધું મૂકવું છે એવી ઇચ્છા રહે છે.

''વનની મારી કોયલ અથવા વાની મારી કોયલ.'' પવનના ઝપાટે કોયલ વનમાંથી આવી જાય તેમ કૃપાળુદેવ આ કળિકાળમાં આવી પડ્યા છે. દુકાન ઉપર બેઠા બેઠા વન-ઉપવન બધું સંભારતા. વન-ઉપવન, તપનાં સાધનો એમને પ્રિય છે.

[વ૦ ૩૮૩] (સવારના સભામાં) ૨૨૭ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ક્લેશિતભાવ થવાનું કારણ અન્ય વસ્તુને મારી માનવી એ છે. મારું માને તો ક્લેશ થાય. મારું ન માને તો ક્લેશ શું? અને ક્લેશ ન થાય એ જ સમાધિ છે. આત્મા તો પરમાનંદ સુખસ્વરૂપ છે. તેમાં રહે ત્યાં આગળ ક્લેશ નથી. એને ક્લેશનું કારણ કંઈ રહ્યું નથી. પર એવાં કર્મ છે. સંસાર ક્લેશરૂપ અને આત્મા પરમાનંદરૂપ છે, એમ જેને ભાસ્યું છે તેને ભેદજ્ઞાન છે. પ્રારબ્ધ છે તે જ્ઞાનીને પણ ભોગવવું પડે. ક્ષાયિક સમ્યક્‌દૃષ્ટિને આ સંસાર ત્રણે કાળ અસાર જ ભાસે છે. જ્ઞાનીપુરુષ બને તેટલાં કર્મો તો જ્ઞાનધ્યાનથી ખપાવે છે, પણ જે કર્મો રહે છે તે ભોગવવાં પડે છે.

[વ૦ ૩૮૪] (સવારના સભામાં) ૨૨૮ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સોભાગભાઈ કૃપાળુદેવને પૂછે છે કે કોને કળિયુગ કહેવાય? તે કૃપાળુદેવે આ પત્રમાં જણાવ્યું છે.

**''કાળ દોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;**
**તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ.''**

દેખતભૂલીમાં આખું જગત પડ્યું છે. રૂપાદિ પાંચ ઇંદ્રિયના વિષયો જીવને આકુળવ્યાકુળ કરે છે. એવા કાળને વિષે જેને સંસારમાં પ્રીતિ નથી, જેનું ચિત્ત વિક્ષેપ પામ્યું નથી, સંગથી જેનું પ્રવર્ત્તન ભેદ પામ્યું નથી એવો જો કોઈ હોય તો તે 'શ્રી રામ' છે. પણ એવા જીવો તો દેખાતા નથી. કૃપાળુદેવને ઓગણીસસો સુડતાલીસમાં સમ્યક્દર્શન થયું. તે પહેલાંય સમકિત તો હતું, પણ ક્ષાયિક આ વખતે થયું. મોક્ષમાળા ઉપરથી એમ લાગે છે કે ઓગણીસસો સુડતાલીસ પહેલાં પણ સમ્યક્દર્શન હતું. સમ્યક્દર્શન વગર તો એવી મોક્ષમાળા લખાય નહીં. જીવની દૃષ્ટિ સંકુચિત થઈ ગઈ છે. મોટાં આશ્ચર્યવાળાં ચંદ્ર, સૂર્ય, અગ્નિ, તારા, દરિયા આદિના ગુણો જોવા જેવા છે, તેનું તો માહાત્મ્ય નથી; પણ પોતાનું જે નાનકડું ઘર તેમાં મમત્વ વર્તે છે. આખા હિન્દુસ્તાનમાં ફરે પણ જ્યારે ઘેર આવે ત્યારે શાંતિ થાય. જીવને દૃષ્ટિરાગ છે. એક શેઠને પોતાની નાની પત્ની ઉપર વિશેષરાગ, તેથી તેણે છાણ ઘોળીને આપ્યું તોય તે શેઠ પી ગયો. જેમ છે તેમ જીવને જણાતું નથી. મોહથી જીવ અંધ થઈ ગયો છે. સત્સંગ-સત્પુરુષનું ઓળખાણ નથી. સંસાર અને શરીરનો વિચાર કરે તો જીવને વૈરાગ્ય થાય, પણ એને છે એવું ભાસતું નથી, સમજાતું નથી.

**[વ૦ ૩૮૪]** (રાતના સભામાં) **૨૨૯** શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૫, સં. ૨૦૧૦

પૂજ્યશ્રી– આ કાળને કળિયુગ કહેવાનું કારણ શું? તો કહે છે કે આ કાળમાં દુઃખે કરી ધર્મ પ્રાપ્ત થાય છે. એ પ્રાપ્ત ન થવામાં પંચેન્દ્રિયના વિષયમાં આસક્તિ કારણરૂપ છે. તેને લઈને કાળ એવો કહેવાય છે. પાંચ ઇંદ્રિયોના વિષયો વગર ગમે નહીં, એવા આ કાળના જીવો છે. ધર્મનાં સાધનો ગમતાં ય નથી. અંતરદૃષ્ટિ થાય તો બહારની વસ્તુ પછી એને ન ગમે. રૂપાદિ પાંચ ઇંદ્રિયના વિષયનો અભ્યાસ ઘણા કાળથી છે, તેથી અતીન્દ્રિય સુખની શ્રદ્ધા નથી થતી. સિદ્ધને શું સુખ હશે? તેનો ખ્યાલે ય આવતો નથી. વસ્તુ મળે ત્યારે તેમાં લીન થાય છે, તેથી પોતાનું સુખ ભૂલી જાય છે, તેથી વ્યાકુળતા છે અને ન મળે તેની પણ વ્યાકુળતા રહે છે. શાતા એ અંતરદાહ છે અને અશાતા એ બાહ્યાંતરદાહ છે. એટલે બધી વખતે જીવ વ્યાકુળ રહે છે. જીવના પરિણામ સ્થિર રહેતા જ નથી. રાગદ્વેષ થયા કરે છે, એ જ ખરી બળતરા છે. જીવની જેમ જેમ શક્તિ ઓછી થાય છે, સામગ્રી ઓછી થાય છે તેમ તેમ જીવને વ્યાકુળતા વધે છે, આસક્તિ વધારે થાય છે. આ કળિકાળમાં પંચેન્દ્રિયના વિષયનું સુખ છે, તે અલ્પમાત્ર છે.

પહેલાં તો ઇંદ્રિયોનાં સુખનાં સાધનો બહુ હતાં તો પણ વ્યાકુળતા આટલી બધી ન હતી. સમજણવાળા જીવો આ કાળમાં થોડા છે. ટૂંકાં આયુષ્ય છે આ કાળનાં. કર્મ બાંધવાનું કારણ મન છે. પશુઓને આપણા જેટલો વિકાસ નથી તેથી તેમને ઓછાં કર્મ બંધાય છે. પાંચ ઇંદ્રિયોના વિષયોની વ્યાકુળતા જેને અત્યંત છે, એવા જીવો ઘણા છે.

હવે બીજા પ્રકારના જીવો છે તે કહે છે. જેને પરમાર્થમાં વિહ્વળપણું નથી થયું. સમજુ માણસ છે, તેથી ચિત્ત વિક્ષેપ પામતું નથી. પોતે આત્માનું હિત થાય તેમ વર્તતા હોય અને બીજાનો સંગ થાય તોપણ એ ભૂલી ન જાય. એને બીજે પ્રીતિ ન થાય. જગત સાવ સોનાનું થાય તોપણ એને સાવ તરણા જેવું લાગે. એવો કોઈ પુરુષ હોય તો તે રામ જેવો છે. રામને જેટલો વૈરાગ્ય હતો, તેના જેવો એ પુરુષ છે.

એવા જીવો ઘણા હોય તો કળિકાળ કહેવાય નહીં, પણ એવા જીવો થોડા પણ દેખાતા નથી. એ જોઈ ખેદ અને આશ્ચર્ય થાય છે કે આ કાળ કેવો આવ્યો છે! સારા માણસો મળતા ય નથી!

પરમાર્થ પ્રાપ્તિમાં ચિત્ત રહ્યા કરે તે વિહ્વળપણારહિત છે. વિહ્વળપણું થાય ત્યારે એ પરવશ થઈ જાય. સંગની અસર જેને થઈ નથી તેવો કોઈ પુરુષ હોય તો તે રામ જેવો છે.

**"પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ; પરમપુરુષથી રાગતા."** (દે૦ ૧)

પરમાર્થ કામ જેણે હાથમાં લીધું હોય તેની વૃત્તિ બીજે ન જાય. સંસાર બધો દુઃખનો દરિયો છે. સુખ નથી. સંસારમાં કોઈ સુખી નથી. દેવલોકમાં કે બીજે સંસારના કોઈ ખૂણેખાંચરે પણ સુખ નથી. આત્માનો વિશ્વાસ આવે તો બીજાં કારણોથી હું સુખી છું એમ ન લાગે, ત્યાંથી મન ઊઠી જ જાય. એવા વૈરાગ્યવાળા, પરમાર્થની ઇચ્છાવાળા જીવો આ કાળમાં જણાતા નથી. સંસાર છોડી મોક્ષે જવું એવી ઇચ્છાવાળા જીવો થોડા છે.

કૃપાળુદેવને ઉપાધિ એટલી બધી છે કે નિદ્રા સિવાય બાકીનો અવકાશ, એક કલાક સિવાય ઉપાધિમાં ગાળવો પડે છે. જ્ઞાની ગમે તે અવસ્થામાં હોય, સુખમાં કે દુઃખમાં કે ઉપાધિમાં પણ સમભાવને ન ભૂલે.

કોઈક જીવો મોક્ષે જાય છે. મોક્ષે જવા શું કરવું? મોક્ષ કેમ પ્રાપ્ત થાય? એ રસ્તો જ જીવોને હાથમાં આવતો નથી. કર્મ બાંધ બાંધ કરે છે તો પછી સંસાર જ રહે.

ચંદ્ર, સૂર્ય આદિ આશ્ચર્યકારક વસ્તુઓમાં મહત્તા લાગતી નથી અને પોતાનું નાનકડું ઘર હોય, પૈસા થોડાક હોય તેની મહત્તા લાગે છે. એ ભ્રાંતિ છોડવી હોય તો જ્ઞાનીને યોગે છૂટે, પણ જીવોને એવો યોગે ય નથી. હું દુઃખી છું એમેય નથી થતું. વસ્તુ જેમ છે તેમ સમજાતી નથી. સત્સંગના માહાત્મ્યનું ભાન નથી. જ્ઞાનીનું કદી ઓળખાણ થયું, તો પણ પોતાની ઇચ્છા છોડી એને વર્તવું ગમતું નથી. સ્વચ્છંદ રોકાતો નથી. પોતાની ઇચ્છાએ જ વર્તવાનું મન થાય છે. એની ઇચ્છા હોય એ જ જ્ઞાની કહે, તો કરે. જીવનો સ્વચ્છંદ રોકાતો નથી તો કેમ મોક્ષ થાય? પાંચ ઇન્દ્રિયના વિષયો ઝેર જેવા છે. અનાદિકાળથી ભટકાવનાર એ વિષયો છે. જ્ઞાની ઝેર કહે તે એને ઝેર લાગતું નથી. જ્ઞાનીનો અંકુશ એનાથી સહન થતો નથી. જ્ઞાનીનો ઉપદેશ તો પોતાના આત્માનું હિત કરવું એ છે. પોતાને કંઈક ઉપદેશ મળ્યો તે બીજાને દેખાડતો ફરે. લોકો મને સારો કહે એમ કરે છે. એને પોતાના દોષ દેખાવા અઘરા છે. બીજાના દોષો દેખાડે અને તેને કાઢવાના ઉપાય પણ બતાવે છે. જ્ઞાનીની દૃષ્ટિ દીર્ઘ હોય છે. કેમ બંધાય, કેમ છુટાય? તે બધું જ્ઞાની જાણે છે, પણ જીવ ન માને ત્યારે જ્ઞાની શું કહે? જ્ઞાની મળ્યા, આજ્ઞાથી કલ્યાણ છે એમ લાગ્યું, છતાં વાતોમાં જીવ ભૂલી જાય છે.

**[વ૦ ૩૮૫]** (રાતના) **૨૩૦** શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૫, સં. ૨૦૧૦

પૂજ્યશ્રી— સૂર્યમાં કાંઈ રાતદિવસ છે નહીં. આપણે ન દેખીએ ત્યારે અસ્ત કહેવાય અને દેખાય ત્યારે ઉદય એમ કહેવાય છે, પણ સૂર્યને કંઈ ઉદય-અસ્તપણું નથી. તેમ જ્ઞાનીપુરુષો 'છે તેમ છે' પણ જગતના જીવોને બીજું બીજું લાગે છે. એમની દશા લક્ષમાં આવતી નથી. જ્ઞાની

જ્ઞાનસ્વરૂપ જ છે. એ સ્વરૂપને ભૂલતા નથી. જ્ઞાની તો બધી અવસ્થામાં જેમ છે તેમ છે. લોકોને એમ લાગે કે ઉપાધિમાં આપણને ચિંતા થાય છે તેમ જ્ઞાનીને પણ થતી હશે, પણ જ્ઞાનીને તો બધે સમભાવ છે. જ્ઞાનીને હર્ષ-શોક કશું નથી. બધું માંડી વાળ્યું છે, પણ લોકોની જેવી દશા છે તેવી તેમને જ્ઞાનીની દશાની કલ્પના થાય છે. આ કલ્પનાથી જ્ઞાની ઓળખાતા નથી. જ્ઞાની જ્ઞાનસ્વરૂપ છે. તે વેદનાથી જુદા રહે છે, પણ જગતના જીવો એમ કલ્પે કે એમને બહુ દુઃખ છે. એ કલ્પના એને જ્ઞાનીને સમજવા દેતી નથી. એ કલ્પના મૂકવાની છે. જ્ઞાની તો હંમેશાં હર્ષ-શોક મૂકી સમભાવમાં રહે છે. દેહાધ્યાસ એમને છૂટ્યો છે, તેથી 'દેહ તે હું' એમ એમને નથી. આત્મામાં જ સુખ છે, આત્મામાં જ તૃપ્તિ છે, એમ જ્ઞાનીને રહે છે. જ્ઞાની આત્માથી ધરાયેલા છે. બીજી વસ્તુની એમને જરૂર નથી. આત્માના ગુણોમાં એમની વૃત્તિ સમાયેલી છે, બીજે વૃત્તિ જતી નથી. આત્મા સિવાય બીજા કોઈ પદાર્થમાં સુખ છે નહીં. સંતોષ પણ આત્મામાં જ છે. જ્ઞાનીનો આત્મા મુક્ત છે. દેહને ગમે તેમ થાય, પણ એઓ એથી જુદા રહે છે. પરિતોષ એટલે સંતોષ, તૃપ્તિ. જ્ઞાનીને આત્મામાં તૃપ્તિ છે. સત્પુરુષનો આત્મા એ જ મોક્ષની મૂર્તિ છે. પોતાની કલ્પના ખસે ત્યારે એ મુક્ત જ છે એમ સમજાય. એ કલ્પના મૂકે તો સમજાય, નહીં તો કેમ ઓળખાય? જેને સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ થઈ છે, તે જ્ઞાનીનાં ગમે તેવાં કર્મ દેખે તો પણ ન ફરે. જ્ઞાની આત્માને અસંગપણે રાખે છે. એની બીજાને કેમ કરી ખબર પડે?

પ્રારબ્ધ જેમ દોરે તેમ દોરાઈએ છીએ. છૂટવાના ક્રમમાં જ છીએ. આત્માને કોઈની સાથે લેવા દેવા નથી. આત્માનું કામ જોવા જાણવાનું અને સ્થિર થવાનું છે. એ જ કામ એઓ કર્યા કરે છે. જ્ઞાની કર્મથી મુક્તરૂપે જ રહે છે. બીજા જીવોને કર્મઉદયમાં જે પ્રમાણે રહે છે તે પ્રમાણે જ્ઞાની પણ લાગે છે; પણ એ એથી જુદા છે. માત્ર જોનાર રહેવું, એ રસ્તો જ્ઞાનીને સુગમ લાગે છે. સંકલ્પ-વિકલ્પ એ કર્મનું ફળ છે. જોનારો છે તે સંકલ્પ-વિકલ્પથી જુદો છે. સંકલ્પ-વિકલ્પ એમ ને એમ રહેતા નથી. સંકલ્પ-વિકલ્પો આવી આવીને જાય છે. એ બધી મનની ક્રિયા છે. જ્ઞાનીને પણ અજ્ઞાનદશામાં બાંધેલા કર્મ આવે, પણ એથી જ્ઞાનદશામાં એ જુદાં રહે છે. કૃપાળુદેવ કહે છે કે અમે અમારું પ્રારબ્ધ આઘું-પાછું કરવા ઇચ્છતા નથી. સહેજે થાય તે જ કરવું છે.

જેમ હાથપગમાં ધૂળ ચોંટેલી હોય તો કંઈ ન લાગે, પણ આંખમાં પડે તો ખટક ખટક થાય; તેમ સંસારમાં એમને વૈરાગ્ય છે છતાં રહેવું પડે છે, તેથી આંખથી રેતી ઉપાડીને બીજે મૂકવા જેવું દુઃખ થાય છે. બીજા જીવોનું ચિત્ત હાથપગમાં ધૂળ હોય તેના જેવું છે. જે ઉદયમાં આવે તે જ કરવા જેવું છે, એમ રહે છે. જેમ સંચો કામ કરે તેમ ક્રિયા થયા કરે છે. એવી દશા છતાં પણ ઉપાધિ બહુ છે. જેને સામાન્ય વૈરાગ્ય હોય તેને પણ ઉપાધિ ગમતી નથી, તો પછી જેને આત્મજ્ઞાન થયું હોય તેને કેમ ગમે? આંખ પાસે રેતી ઉપડાવવાથી જેટલું દુઃખ થાય તેટલું દુઃખ ઉપાધિથી એમને લાગે છે, પણ સમભાવ રાખવાની ટેવ પડી ગઈ છે, તેથી ચિત્ત સ્થિર રહે છે. આત્મસમાધિનો નાશ થતો નથી. આટલો બધો વૈરાગ્ય છે અને પાછી ઉપાધિ પણ એટલી બધી છે એવા આ પ્રસંગને કેવો ગણવો? આ બધી ઉપાધિ શા અર્થે કરવાની છે? તે વિચારવા યોગ્ય

છે, એમ કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે. વિષમ પરિણામ થાય એવા પ્રસંગ હોય તેમ છતાં સમ રહે તો વિશેષ કર્મ ક્ષય થાય. નવી કંઈ ઇચ્છા થતી નથી, પણ પૂર્વપ્રારબ્ધને લઈને આ ઉપાધિમાં ખળી રહ્યા છે, પણ એ છોડવા યોગ્ય છે એમ રહે છે.

જગતના કોઈ પદાર્થની ઇચ્છા નથી, પણ એક સત્સંગની ઇચ્છા રહે છે. કોઈ પદાર્થમાં રુચિ રહી નથી. એવી વાત કોઈને કહીએ તો કોઈ માને નહીં. લોકોની દૃષ્ટિ તો ઉપાધિ પ્રત્યે હોય છે. તેથી આ તો વ્યાપારી છે એમ ગણે છે. અપૂર્વ સામગ્રી મળી છે, તે ભવિષ્યકાળે મળે એવી નથી. પૂર્વે જીવને જ્ઞાની તો મળ્યા, પણ બાહ્ય દૃષ્ટિ રહેવાથી ઓળખાણ થયું નથી. તેથી કલ્યાણ થયું નથી. કૃપાળુદેવ સહજરૂપ જ છે. વ્યવહારમાં લખવું પડે, કરવું પડે, પણ ચિત્ત એમાં ખેંચાતું નથી, એવી અસંગદશા થઈ છે. ઉપાધિમાં રહેવા છતાં પાણીમાં કમળ રહે તેમ ભિન્ન રહે છે.

**[વ૰ ૩૮૮]** (રાતના) **૨૩૧** શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૫, સં. ૨૦૧૦

પૂજ્યશ્રી– જગતના જીવો જગતની ઉપાધિની ચિંતા ફિકર કરે છે. તેમાં જ્ઞાની ઊંઘે છે, એટલે એવું કરતા નથી; અને જ્ઞાની જ્યાં જાગે છે, ત્યાં જગત ઊંઘે છે. એ બેયની દશા જુદી છે. જ્ઞાનીને આત્મામાં જાગૃતિ છે, સંસાર પ્રત્યે ઉદાસીનતા છે. જ્ઞાની જાગે છે ત્યાં આગળ જગત સૂએ છે, ઊંઘે છે.

**[વ૰ ૩૮૯]** (સાંજના) **૨૩૨** શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જેવો સંગ મળે તેવો થઈ જાય છે. માટે સત્સંગ કહ્યો છે. હું વાંચું છું, સત્સંગ કરું છું એમ કરે છે, પણ અસત્સંગથી ઉદાસીનતા કરવાની છે, તે કરતો નથી.

મુમુક્ષુ– સત્સંગ એટલે શું?

પૂજ્યશ્રી– 'સત્‌નો રંગ ચઢાવે તે સત્સંગ.' અસત્‌નો રંગ ચઢાવે તે અસત્સંગ છે. આખું જગત અસત્સંગ છે, તેમાં પડ્યો છે. હું આત્માને ભૂલું છું એવું એને થતું નથી. મુખ્ય અસત્સંગ એટલે સાચા ધર્મથી પાડે તે અસત્સંગ છે. જે આપણને પાડે નહીં પણ ખોટી કરે તે સગાં-વહાલાં તે પણ અસત્સંગ છે. આત્મામાં ક્રોધ, માન, માયા, લોભ આદિ છે, તે અસત્સંગ છે. અસત્સંગથી છૂટવાનો નિર્ણય કરશે, મારે એમાં નથી જ જવું, ત્યારે છૂટશે. જ્ઞાની પાસે સાંભળ્યું હોય તે આપણા હૃદયમાં પેસતાં વચ્ચે વિઘ્નોને દૂર ન કરે તો હૃદયમાં બોધ પેસે નહીં. મારે અસત્સંગમાં જવું નથી એવો દૃઢ નિશ્ચય કરે ત્યારે જ્ઞાન પરિણામ પામે. અસત્સંગ આપણને લૂંટી લેનાર છે, માટે સંભાળ રાખવાની છે. અસત્સંગ છે તે એને ખાળનાર છે. એ વિઘ્ન ન કાઢે તો જ્ઞાન પરિણામ પામે નહીં. જીવને મિથ્યાત્વ દૂર કરવા બોધની જરૂર છે. સંસારમાર્ગ જુદો છે અને મોક્ષમાર્ગ જુદો છે. જગત અસત્સંગરૂપ છે, મોક્ષ સત્સંગરૂપ છે. જગતની ઇચ્છા થતી હોય તો તે મોક્ષથી દૂર જાય છે. આપણાં ભાવો કઈ બાજુ ઢળે છે, મોક્ષ ભણી જઉં છું કે સંસાર ભણી, એ પોતાને પૂછે તો ખબર પડે. ઇચ્છા ફેરવવા જ્ઞાનીનો બોધ છે. સંસારની ઇચ્છા થતી હોય તો તું સંસારના માર્ગમાં જ જાય છે. પોતાના અંતરમાં જગતની લૌકિક ઇચ્છા તે જ અસત્સંગ છે, તે દૂર કરવાની છે. જગત પ્રત્યે અરુચિ થાય ત્યારે મોક્ષ પ્રત્યે રુચિ થાય. જેને જગતની ઇચ્છા તેને મોક્ષ

રુચે નહીં. અસત્સંગ ભણી જીવ વળ્યો છે. અસત્સંગમાં રુચિ છે તે છોડવાની છે. અસત્સંગને ઓળખવો જોઈએ. નહીં તો એમાં જ રહે. જગતનું માહાત્મ્ય જ્યાં સુધી છે, ત્યાં સુધી મોક્ષ દૂર છે. રુચિ ફેરવવાનું કહે છે. સાચા કહેવરાવવું નથી, પણ સાચા થવું છે.

'સત્‌નો રંગ ચઢાવે તે સત્સંગ.' એમાં વિઘ્ન કરનારી જે વસ્તુઓ તે અસત્સંગ છે. સત્સંગમાં જતાં અટકાવે છે; અંતરાય કરે છે તે અસત્સંગ છે, જ્યાં ધર્મને નામે જીવ છેતરાય છે, જ્યાં જિંદગી લૂંટાઈ જાય છે; ધર્મથી પાડી નાંખે એવો અસત્સંગ છે. અસત્સંગ–ક્રોધ, માન, માયા, લોભ અને મિથ્યાત્વ છે. અસત્સંગમાં ઉદાસ રહેવાનો દૃઢ નિશ્ચય કરવાનો છે. અસત્સંગ આવી પડે તો ઉદાસ રહે. નહીં તો જગત આખું અસત્સંગરૂપ છે તે પાડી નાંખે છે. બે રસ્તામાંથી કયા રસ્તે જવાનું છે, તેનો વિચાર કરવાનો છે. જગતની ઇચ્છા હોય અને મોક્ષમાર્ગમાં છું, એમ માને તે ભુલવણી છે. એ મટ્યા વિના 'સત્‌જ્ઞાન' સમજાય નહીં. જે મોક્ષનો માર્ગ છે એથી છૂટવા જેવું નથી.

(રાતના)

મુમુક્ષુ– આજે અસત્સંગના બે પ્રકાર બતાવ્યા હતા. પહેલો–ઘર કુટુંબ આદિ જે ભગવાનના ભક્ત નથી તે અસત્સંગ છે. બીજો પ્રકાર અંતરંગ અસત્સંગ, તે ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ છે. બાહ્ય અસત્સંગ તો જીવ જો ધારે તો ત્યાગ કરી શકે પણ અંતરંગ અસત્સંગ વિષયકષાય એ ત્યાગાય કેમ કરી?

પૂજ્યશ્રી– બાહ્ય અસત્સંગનો ત્યાગ કરી સત્સંગમાં આવે ત્યારે એને સાંભળવાનું મળે. તેથી વિચાર કરે અને ત્યારે અંતરંગ દોષો દેખાય છે.

**"દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?"**

પોતાના દોષો પોતે જોશે અને કાઢશે ત્યારે જશે.

મુમુક્ષુ– ક્રોધ, લોભ આવે ત્યારે તો ખબર પડે છે, પણ માન, માયા આવે ત્યારે તો કંઈ ખબર પડતી નથી. એ માન કેમ ટળે?

પૂજ્યશ્રી– માન આવે ત્યારે ભગવાનની દશા વિચારવી કે ભગવાને કેટલો બધો પુરુષાર્થ કર્યો છે અને મેં તો કશું કર્યું નથી. શાનું અભિમાન કરું છું?

**"અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય."**

જીવ સદ્‌ગુરુને ભૂલે ત્યારે માન પેસે છે. એ ભૂલ છે. માટે જ્યારે માન આવે ત્યારે સદ્‌ગુરુને સંભારવા. એ માન જાણવાનો ઉપાય છે. જ્યારે ગરજ જાગશે ત્યારે અંતરંગ દોષોને કાઢશે. ગરજ જાગશે ત્યારે દોષોને–

"હે કામ! હે માન! હે સંગઉદય! હે વચનવર્ગણા! હે મોહ! હે મોહદયા! હે શિથિલતા!" એમ પોકારી પોકારીને કાઢશે. જ્યાં 'હું'પણું છે ત્યાં અનંત દોષ છે. કર્મો સાથે લડાઈ કરવાની છે. એકાદ દિવસ વિચાર કર્યાથી ન થાય, પણ દિન દિન પ્રત્યે, પ્રસંગે પ્રસંગે વિચાર કરવો, દોષોને તપાસવાં ત્યારે દોષો ખૂંચશે. પોતાના દોષો જોવા અને જે મુખ્ય દોષ હોય તેને પ્રથમ કાઢવો.

આત્માર્થી થવાનું છે. કષાયોને જીતવાના છે.

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

કષાયોને ઉપશમાવવા. મોક્ષ સિવાય બીજી ઇચ્છા રાખવી નહીં. ભવે ખેદ એટલે વૈરાગ્ય ભાવ રાખવો.

મુમુક્ષુ– કોઈ કોઈ વખતે સારા ભાવ આવે છે અને કોઈ કોઈ વખતે કોશિશ કરીએ તો પણ સારા ભાવ નથી આવતાં, એનું શું કારણ?

પૂજ્યશ્રી– કોઈ વખતે આત્મા બળવાન થાય છે અને કોઈ વખત કર્મ બળવાન થાય છે. જ્યારે કર્મ બળવાન થાય છે ત્યારે આત્મા નિર્બળ થઈ જાય છે. મારી વૃત્તિઓ શામાં જાય છે? તેનો હિસાબ રાખવો. હમણાં મારી વૃત્તિ શામાં જાય છે? શામાં છે? એમ તપાસવું.

**[વ૦ ૩૯૦]** (સાંજના) ૨૩૩ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ક્ષાયિક સમ્યક્ત્વ થયા પછી કૃપાળુદેવની વૃત્તિ બીજામાં જતી ન હતી અને પત્ર લખવાનો વધારે ઉદય નહીં હોવાથી આ એક પત્ર લખ્યો છે. પતિવ્રતા જેમ વૃત્તિ પતિમાં રાખે છે, તેમ જ્ઞાની પાસે જે સાંભળ્યું હોય તેમાં વૃત્તિ રાખવાની છે.

**"મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત;**
**તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત."**

એવી ભક્તિ કરવાની છે.

**[વ૦ ૩૯૦]** (રાતના સભામાં) ૨૩૪ શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૫, સં. ૨૦૧૦

પૂજ્યશ્રી– કૃપાળુદેવને નાનપણથી એવી ઇચ્છા હતી કે–

**"યથા હેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે,**
**થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે."**

કોઈ સાચો ધર્મ હોય તેનો ઉદ્ધાર કરવો. ઉપદેશક ગુણસ્થાનક છઠ્ઠું કે તેરમું છે. લોકોમાં બાહ્યવેશની વિશેષ પ્રતીતિ હોય છે. બાહ્યવેશ ન હોય તો લોકો ઉપદેશ માને નહીં. પૂર્વે બાંધેલાં કર્મ ભોગવ્યા વગર તો છૂટકો નથી, પણ એ કર્મો થોડા કાળમાં ભલે ઘણું દુઃખ આપીને જતાં રહે તો સારું, એમ રહે છે. સોભાગભાઈને આજીવિકાની ચિંતા રહેતી. સંસારનું સ્વરૂપ જ એવું છે. જે બાંધ્યું તે શૂરવીરપણે ભોગવી લેવું, એમાં કાયર ન થવું એવો માર્ગ છે. નરસિંહ મહેતા જેવા માર્ગાનુસારી જીવોએ પણ, દુઃખ પડ્યાં તોય ભક્તિ ન છોડી. ચિંતા ન કરવી. કરે તો આર્ત્તધ્યાન થાય. મોક્ષમાર્ગે જવું હોય તો 'કાયરનું નહિ કામ જોને.' શૂરવીરપણાનો માર્ગ છે.

ભક્તિમાર્ગ જણાવવા માટે "મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત." એ પદ લખ્યું છે. તમારે જેમ મુશ્કેલી છે તેમ અમને પણ છે. સંસાર તો કાજળની કોટડી જેવો છે, માટે એથી છૂટવાનું છે. મોક્ષમાર્ગે જવું હોય તેને રસ્તો તો એક જ છે. નિર્ભયપણે રહેવું, ભવિષ્યની એક

ક્ષણની પણ ચિંતા ન કરવી.

> "ગઈ વસ્તુ શોચે નહીં, આગમ વાંછા નાંહિ,
> વર્તમાન વર્તે સદા, સો જ્ઞાની જગ માંહિ."

એ માર્ગ છોડવા યોગ્ય નથી. નિર્ભયપણે રહેવાનું છે.

ગમે તેટલી ઉપાધિ આવે તોય સહન કરવું છે એવો કૃપાળુદેવે નિશ્ચય કર્યો છે. ઉપાધિ વહેલી પતી જાય તો સારું એમ ભાવના રહે છે. પોતે પોતામાં રહે છે. ધ્યાનમાં જે સુખ હોય તે બીજામાં હોતું નથી.

> "નાગર સુખ પામર નવિ જાણે, વલ્લભ સુખ ન કુમારી,
> અનુભવવિણ તેમ ધ્યાનતણું સુખ, કોણ જાણે નરનારી રે. ભવિકા૦

જે વસ્તુનો અનુભવ ન હોય તેની શી ખબર પડે? જગતના જીવોને ધ્યાનની ખબર નથી.

> "મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત,
> તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત."

શ્રુતધર્મ એટલે જ્ઞાની પાસેથી જે સાંભળ્યું તેમાં મન દૃઢ કરવું.

**[વ૦ ૩૯૧]** **૨૩૫** શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આત્મા સમીપ જ છે પણ ઓળખાણ થવું દુર્લભ છે. આત્મા પ્રાપ્ત કરવામાં અનંત અંતરાય છે, તે લોકપ્રમાણ રહ્યા છે. અસત્સંગથી ઉદાસ ન થાય ત્યાં સુધી જ્ઞાન પરિણમે નહીં. કામ સહેલું નથી. અંતરાય ઉલ્લંઘે ત્યારે થાય.

> "ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિશણ જગનાથ;
> ધીઠાઈ કરી મારગ સંચરું, સેંગૂ કોઈ ન સાથ.
> અભિનંદનજિન! દરિશણ તરસીએ." (આ૦૪)

ભગવાનનાં દર્શન કરવાં હોય તો આ ડુંગર ઉલ્લંઘવા પડશે. અસંખ્યાતપ્રદેશી આત્મા છે, તેને આવરણ કરનાર દરેક અંતરાય છે. સત્ સાંભળવા, વિચારવા, ભાવના કરવા જેવું છે.

"અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર, 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રધ્યે જ છૂટવાની વાર્ત્તાનો આત્માથી ભણકાર થશે." (૧૬૬)

**[વ૦ ૩૯૨]** (સાંજના) **૨૩૬** શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સત્ પ્રાપ્ત કરવું હોય તો સત્સાધન જોઈશે. એ વિના પ્રાપ્ત ન થાય. જીવને જેટલી તૃષ્ણા વધારે તેટલા ભવ વધારે કરવા પડશે. જેટલો સંતોષ હશે તેટલા ભવ ઓછા. અહીં બેઠો છે પણ ઇચ્છા બીજી કરતો હોય તો અહીં બેઠો જ નથી. 'સંતોષી નર સદા સુખી.' જ્યારે લોભથી પાછો હઠશે ત્યારે સંતોષ આવશે.

[વ૦ ૩૯૩] (સાંજના) ૨૩૭ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– મન પીપળાના પાન જેવું છે. કૃપાળુદેવ કામ-ધંધો કરતાં પણ સમાધિ ચૂકતા ન હતા. કામ-ધંધો એ તો પૂર્વનું કરેલું છે, તેથી રહે છે. સમ્યગ્દર્શન થયા પછી–

**''મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત''**

એવી દશા આવે છે. ભક્તિમાં, એક જ વસ્તુમાં ચિત્ત લગાડવાનું છે. એકને ભજવાનું થાય તો બધાનો ત્યાગ થાય. ગણી ગણીને ત્યાગવા જાય તો ન તજાય. ભક્તિ એ ત્યાગનો ટૂંકો રસ્તો છે. જ્ઞાનમાર્ગ બહુ દુરારાધ્ય છે.

[વ૦ ૩૯૩] (રાતના સભામાં) ૨૩૮ શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૩, સં. ૨૦૧૦

જિન એટલે જેણે રાગ-દ્વેષ અને અજ્ઞાન જીત્યા છે તે. ચોથે ગુણસ્થાનકે પણ એ અંશે જિતાય છે. તેથી સમ્યક્દૃષ્ટિને પણ જિન કહ્યા છે.

**''સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;**
**સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ.''**

જિન એટલે જેણે જીત્યું છે, પણ અત્યારે તો એવા વિશાળ અર્થ રહ્યા નથી. જિન એટલે હમણાં તો અરિહંત જ કહે.

[વ૦ ૩૯૪] (સવારના સભામાં) ૨૩૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી– જ્ઞાનીનાં વચનોનું કેટલું માહાત્મ્ય છે! જ્ઞાનીનાં વચનોનું શ્રવણ થયું હોય તો વિચારવાનને લગ્ન થયા જેવું થાય. પછી એ વચન ભૂલે નહીં. જ્ઞાનીનાં વચનનું માહાત્મ્ય જેને લાગ્યું છે, તે પછી એ રસ્તો છોડે નહીં અને એનું એ જ હાલતાં, ફરતાં, ખાતાં, પીતાં એ જ સાંભર સાંભર થાય. હવે મારે એ ભૂલવું નથી. સંસારનો ભય લાગ્યો હોય તો મોક્ષમાં પ્રીતિ થાય. લૌકિક સ્નેહ તો જીવે ઘણો કર્યો, પણ અલૌકિક સ્નેહ જાગ્યો નથી. પ્રભુશ્રીજીને રોમે રોમે કૃપાળુદેવ હતા એવું આપણે કરવાનું છે. પતિવ્રતા કરતાં વિશેષ સ્નેહ સત્પુરુષ પ્રત્યે થાય ત્યારે છઠ્ઠી દૃષ્ટિમાં રહેવાય. એ એકપક્ષી સ્નેહ છે. એ આવવો બહુ મુશ્કેલ છે. પતિવ્રતાનો પ્રેમ તો લૌકિક છે, પણ એવો અલૌકિક પ્રેમ કરવાનો છે. જ્ઞાનીપુરુષમાં સ્નેહ ઢોળવો હોય તો એમાં ઢોળાય અને સંસારમાં ઢોળે તોય ઢોળાય. કૃપાળુદેવ ઉત્તરસંડામાં હતા તે વખતે કૃપાળુદેવે બધા મુમુક્ષુઓને મોકલી દીધા. એક મોતીલાલ નામના મુમુક્ષુ ત્યાં રહ્યા હતા. અંબાલાલે તેમને કહ્યું કે કૃપાળુદેવને કંઈ ધ્યાન રહેતું નથી, માટે રાત્રે એમને ઓઢાડવા કરવાની વગેરે સંભાળ રાખજો. કૃપાળુદેવ રાત્રે કોઈ ગાથા લઈને બોલતા, ઊંઘતા ય નહીં. જ્ઞાનીપુરુષો પત્ર લખે છે તે કેટલા વિચારપૂર્વક લખે છે. તે બીજા જીવોને સમજાવું બહુ મુશ્કેલ છે. ભક્તિ વધારવા માટે

**''મન મહિલાનું રે વાહલા ઊપરે, બીજાં કામ કરંત.''**

એ કહ્યું છે. જીવે પ્રારબ્ધ પહેલાં બાંધેલું છે તેથી આખો દિવસ ભગવાનની ભક્તિ ન કરાય, પણ થોડીવાર સાચી ભક્તિ કરે તો કામ થઈ જાય. વીસ દોહરામાં ભગવાનને બોલાવ્યા છે.

ભગવાનને ખડા કરીને ભક્તિ કરવાની છે. કેટલાક ભક્તો દિવસમાં એક જ વાર ભગવાનને સંભારતા, પણ એવા સંભારતા કે દેહને ભૂલી જતા. ભક્તિ થોડી હોય તોય લાભ થાય ને જ્ઞાન થોડું હોય તો, એ નુકસાન કરે. બરાબર ન સમજાય તો એ અલ્પજ્ઞાન હોય તે ભયંકર છે. સમજતો ન હોય, તો પણ 'હું સમજું છું' એમ કરે તો અવળે રસ્તે જતો રહે. જ્ઞાનમાર્ગ ભયંકર છે. કોઈક જીવો એ રસ્તે બરાબર ટકી શકે છે. ભક્તિમાર્ગ સુલભ છે, સરળ છે, જ્ઞાનીના ગુણગ્રામ કરવામાં આટલો ભવ જાય તો કામ થઈ જાય એવું છે. જ્ઞાનીની ભૂલો કાઢનારા આ કાળમાં ઘણા જીવો હોય છે.

પ્રભુશ્રીજીને આત્મસિદ્ધિ મોકલી ત્યારપછી કૃપાળુદેવે પુછાવ્યું કે તમને આત્મસિદ્ધિ કેમ લાગે છે? પ્રભુશ્રીજીએ કહેવડાવ્યું કે 'વારંવાર આત્મસિદ્ધિની ગાથાઓ કંઈ ને કંઈ ચાલ્યા જ કરે છે. તમારું ચિત્રપટ મારા હૃદયમાં જ છે એમ દેખાય છે. વારંવાર એ જ સાંભરે છે.' જ્ઞાનીનાં વચનો વિચારી એમની દશાનો લક્ષ રહે તો વિશેષ લાભ થાય. હૃદયદર્શન કરતાં એથી વિશેષ લાભ છે. કૃપાળુદેવે પ્રભુશ્રીજી તેમજ બીજા સાધુઓને પણ પોતાનું ચિત્રપટ આપેલું, પણ બીજા સાધુઓ એ જોવાથી વિરોધ કરવા લાગ્યા. તે વખતે કૃપાળુદેવે બધા મુનિઓ પાસેથી ચિત્રપટ લઈ લીધેલાં. ચતુરલાલજી મહારાજને કહ્યું કે તમે ચિત્રપટ પાછું આપી દો. ચતુરલાલજીએ કહ્યું, ના હું તો નહીં આપું. કૃપાળુદેવ પછી એમને જંગલમાં લઈ ગયા અને ચતુરલાલજીને કહ્યું કે મારી સામે પદ્માસન વાળીને બેસો. કૃપાળુદેવ પણ પદ્માસન વાળીને બેઠા. પછી કૃપાળુદેવે કહ્યું, કે આંખો મીંચી દો. થોડીવાર પછી કહ્યું કે હવે ઉઘાડો, કેમ હવે હૃદયમાં ચિત્રપટ દેખાય છે? ચતુરલાલજીએ કહ્યું–'હા દેખાય છે.'

જે સામગ્રી જોઈએ તે જીવને મળી નથી. ઘણીવાર જીવ સમવસરણમાં ગયો, ભગવાનનાં દર્શન કર્યાં, રત્નોથી પૂજા કરી પણ જીવનું કામ ન થયું.

**[વ૦ ૩૯૪]** (સવારના સભામાં) **૨૪૦** શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ચિત્રપટનું ધ્યાન કરે, તે દેખાય તેના કરતાં સત્પુરુષના સ્વરૂપની ભક્તિ કરે, ગુણો સંભારે એથી વધારે લાભ છે. ચિત્રપટ જોયા કરતાં ગુણોની ભક્તિ કરવી એ વધારે લાભદાયક છે. જ્ઞાનીપુરુષનાં વચનો સમજે તો એને જ્ઞાનીની દશા પ્રાપ્ત થવાનું કારણ થાય. સત્પુરુષની દશા સમજવા માટે ચિત્રપટ છે.

''સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે.'' (૨૫૪)

એ કરવા માટે જ ચિત્રપટ છે. જે લૌકિક પ્રેમ છે, તેના કરતાં અનંતગણો પ્રેમ સત્પુરુષ પ્રત્યે કરવાનો છે. એટલો પ્રેમ રાખવો જોઈએ, એ તો એક દૃષ્ટાંત કહ્યું, પણ એને અનુભવ થાય ત્યારે લાગે કે એટલો પ્રેમ સત્પુરુષ પ્રત્યે કરવો જોઈએ. મુમુક્ષુ પાસે સત્પુરુષનાં વખાણ સાંભળે તો એને મનમાં એમ થાય કે સત્પુરુષ મળે તો એમનાં દર્શન કરી બોધ સાંભળું, નહીં તો સત્પુરુષ એને મળે તોય માહાત્મ્ય ન લાગે.

**[વ૦ ૩૯૪]** (રાતના સભામાં) **૨૪૧** શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૩, સં. ૨૦૧૦

પૂજ્યશ્રી– ''મન મહિલાનું રે વાહલા ઉપરે'' એ પદ આપણે રોજ બોલીએ છીએ, તેનો આ

બે-ત્રણ પત્રોમાં વિસ્તાર કર્યો છે. પતિવ્રતા સ્ત્રી આખો દિવસ કામ કરે, પણ પતિને વીસરે નહીં; તેમ મુમુક્ષુને બીજાં કામ કરવાં પડતાં હોય તોય જ્ઞાની પાસેથી જે શ્રવણ કર્યું છે તે ભુલાય નહીં, ચિત્ત એનું બીજે જાય નહીં, ત્યારે લીન થયું કહેવાય. જ્યાં પ્રેમ હોય ત્યાં ચિત્ત રહે છે. દેહ ભલે બીજે હોય, પણ જે વસ્તુમાં પ્રેમ હોય ત્યાં ચિત્ત રહે. પતિવ્રતા સ્ત્રીનું ચિત્ત બીજાં કામ કરવા છતાં પતિ સિવાય બીજામાં ન રહે. પતિનો પ્રેમ એને વીસરાતો નથી, એવું આ એક દૃષ્ટાંત છે. બધા કરતાં પતિવ્રતાનો પ્રેમ સંસારમાં ઉત્તમ ગણવામાં આવ્યો છે.

પુરુષને સ્ત્રી પ્રત્યે અને સ્ત્રીને પુરુષ પ્રત્યે પ્રેમ હોય છે, પણ સ્ત્રીનો પુરુષ પ્રત્યે વધારે પ્રેમ હોય છે. સવારમાં ઊઠીને બધી સતીઓનાં નામ લે છે, તેનું કારણ એ પવિત્ર છે.

પતિવ્રતાનો પ્રેમ તો સંસારપ્રત્યયી પ્રેમ છે. એ દૃષ્ટાંત ઉપરથી અસાંસારિક વસ્તુ પ્રત્યે પ્રેમ કરવાનો છે. જીવની પાસે પ્રેમ મૂડી છે, લૌકિક પ્રેમ છે, શરીરાદિ પ્રત્યે પ્રેમ છે તે પલટાવી સત્પુરુષ પ્રત્યે કરે તો કેવળજ્ઞાન સુધી લઈ જાય.

**“પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,**
**સબ આગમભેદ સુઉર બસેં;**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,**
**નિજકો અનુભૌ બતલાઈ દીયે.”**

સંસારનો ક્ષય કરવા માટે પ્રેમ એ સાધન છે. જ્ઞાનીએ જે ઉપદેશ કર્યો હોય, લક્ષ રાખવા કહ્યું હોય, તે પ્રત્યે એટલો પ્રેમ હોય કે દેહ પ્રત્યે પણ તેટલો પ્રેમ ન રહે. જ્ઞાનીનું એક પણ વચન મોક્ષે લઈ જાય એવું છે. તેમાં જ એનું ચિત્ત રહે છે. છઠ્ઠી કાન્તાદૃષ્ટિમાં એવો પ્રેમ હોય છે. પાંચમીમાં સમકિત થાય છે, પણ તેથી પણ ચઢિયાતી દશામાં એવો પ્રેમ કહ્યો છે. રાગ, પ્રેમ, સ્નેહ બધું એક જ છે. જે પ્રેમ સંસાર પ્રત્યે છે તે સંસાર પ્રગટાવે અને ધર્મ પ્રત્યે પ્રેમ થાય તો ધર્મ પ્રગટે. ‘કાન્તા’નો અર્થ પણ એ જ છે. જેમ પતિવ્રતાનું ચિત્ત પતિમાં જ રહે, તેમ મુમુક્ષુનું ચિત્ત સત્પુરુષના વચનમાં જ રહે છે.

ભક્તિમાં સ્વચ્છંદ નથી. જ્ઞાનીની આજ્ઞામાં જ એનું ચિત્ત ચોંટી જાય છે તેથી બીજે જાય નહીં. ભક્તિ એ ઉત્તમ વસ્તુ છે, પણ નિષ્કામ ભક્તિ થવી જોઈએ. દેહાધ્યાસ છોડવા માટે આ ભક્તિ છે. ભગવાનમાં ચિત્તને લીન કરવું એ અહીં આગળ કહેવું છે. જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગ સુલભ છે અને જ્ઞાનમાર્ગમાં અલ્પજ્ઞાન હોય તો તે અનેક દોષોને ઉત્પન્ન કરે છે. અલ્પજ્ઞાન હોય તો તે ઉન્મત્ત કરનાર છે અને ભક્તિમાં તો ‘હું કંઈ જાણતો નથી’ એમ રહે. જ્ઞાનમાર્ગ બહુ અઘરો છે. એમાં ઘણા ભૂલી જાય છે. સદ્ગુરુના આશ્રય સિવાય પોતાની બુદ્ધિથી પદાર્થનો નિર્ણય કરી બેસે. એમ જ્ઞાનમાર્ગમાં ઘણા દોષો ઉત્પન્ન થવાનો સંભવ છે. આ કાળ એવો છે કે જિંદગી સુધી ભક્તિ જ કરવા યોગ્ય છે. કૃપાળુદેવ લખે છે કે તમને હૃદયમાં અમારી મૂર્તિ ખડી થાય એમ થાય છે, પણ હાલ તમને એવું થાય એમ લાગતું નથી. કૃપાળુદેવે પ્રભુશ્રીજીને આત્મસિદ્ધિ આપ્યા પછી પૂછ્યું કે ‘કેમ રહે છે?’ પ્રભુશ્રીજીએ કહ્યું કે ‘આત્મસિદ્ધિની ગાથામાં મારું ચિત્ત રહે છે અને આપના ચિત્રપટની છબી મારા હૃદયમાં છપાઈ ગઈ છે, તે દેખાય છે.’ ઘણી વાર જીવે ભગવાનની પૂજા કરી, સમવસરણમાં ગયો, રત્નોથી પૂજા કરી, પણ ભાવ વગર બધું નિષ્ફળ થયું છે.

[વ૦ ૩૯૫] (રાતના સભામાં) ૨૪૨ શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૪, સં. ૨૦૧૦

પૂજ્યશ્રી– જ્ઞાનમાર્ગ અસુગમ છે. એમાં ઘણા દોષ થવાનો સંભવ છે. જ્ઞાની પ્રત્યે, તેમના વચન પ્રત્યે અને તેમના આશય પ્રત્યે પ્રીતિ કરવાની છે. તે માટે આ બધું કહેવું છે. એટલા માટે આ ''મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત'' દૃષ્ટાંત છે. જ્ઞાની પ્રત્યે પ્રીતિ તે ભાવપૂર્વક જ્ઞાન છે. ભક્તિ વિના જ્ઞાન નથી. ''જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય.'' (૪૯૩) સદ્ગુરુ આત્મા છે. તેમની અપૂર્વતા લાગે અને એમની આજ્ઞાથી મારું કલ્યાણ થાય એવું છે, એમ થાય તો સ્વચ્છંદ ન રહે. એ ભક્તિનું ફળ આત્મજ્ઞાન થાય. સત્પુરુષ પ્રત્યે, તેમના વચન પ્રત્યે અને તે વચનના આશય પ્રત્યે આત્મા જગાડવાનો છે. તે પ્રત્યે પ્રીતિ કરવાની છે. જ્ઞાન અક્ષેપક એટલે વિક્ષેપરહિત જ્ઞાન. એનો બીજો અર્થ અક્ષેપ એટલે સ્થિર એમ પણ છે, પણ કૃપાળુદેવે અક્ષેપક એમ અર્થ કર્યો છે. જેનું જ્ઞાન વિક્ષેપરહિત થયું છે, તેનું બીજે બીજે મન જાય નહીં.

''તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત'' એટલું જ કહ્યું. શ્રુતજ્ઞાન એટલે જ્ઞાની પાસેથી સાંભળેલો, કલ્યાણ થાય એવો ધર્મ. એ ધર્મ કોને હોય? તો કે જેનું મન વિક્ષેપરહિત થયું છે, વિચારદશા થઈ છે તેને. વચ્ચે વિષય-કષાયમાં એની વૃત્તિ જાય નહીં. જે વિચાર કરવો હોય તે જ એને આવે, બીજા ન આવે. એવું જેનું વિચારજ્ઞાન દૃઢ થયું છે. જ્ઞાનીપુરુષ પાસે સાંભળ્યું છે તેનો વિચાર કરી સ્થિરતા વધારે છે, તેને એવો ધર્મ હોય છે. રોજ આપણે આ કડી બોલીએ છીએ, પણ કૃપાળુદેવે આમાં રંગ પૂર્યા છે.

એક તો એનું વિચારજ્ઞાન એવું હોય કે બીજે એનું મન જાય નહીં. જ્ઞાનીપુરુષ પાસેથી જે સાંભળ્યું છે તેમાં જ એ મનને સ્થિર કરે છે. ભક્તિનું બળ કેટલું જોઈએ? તે બતાવવા ''મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત.'' એ દૃષ્ટાંત આપ્યું છે. એનું મન બીજે જાય નહીં. જ્ઞાનીની જ અપૂર્વતા લાગે. જેમ પતિવ્રતાનું મન બીજાં કામ કરવા છતાં પતિમાં રહે, તેમ એનું મન જ્ઞાનીપુરુષ પાસે સાંભળેલાં વચનમાં જ રહે છે. જેને આત્મકલ્યાણ કરવાનું છે તેણે જ્ઞાનીપુરુષ પાસે કંઈક કલ્યાણ થાય એવું સાંભળ્યું હોય, તેમાં મનને કેવી રીતે રાખે છે? તે બતાવવા આ દૃષ્ટાંત આપ્યું છે. મુમુક્ષુને સત્પુરુષ પ્રત્યે કેટલો પ્રેમ રહેવો જોઈએ, તે બતાવવા આ દૃષ્ટાંત આપ્યું છે. આ દૃષ્ટાંતમાં સંસારિક પ્રેમની વાત છે, પણ અહીં મુમુક્ષુએ સત્પુરુષ પ્રત્યે પ્રેમ કરવાનો છે. અહીં પતિવ્રતારૂપ મુમુક્ષુ છે. પતિવ્રતા જેમ પતિને ભૂલતી નથી, તેમ મુમુક્ષુ જ્ઞાની પાસેથી જે સાંભળ્યું છે તેને ભૂલતો નથી.

પ્રભુશ્રીજી કહેતા કે જીવે બધું સામાન્ય કરી નાંખ્યું છે.

**''મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત,**
**તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત.''**

એવી દશા આવે ત્યારે છઠ્ઠી દૃષ્ટિ આવી કહેવાય. પછી એને ધ્યાન પ્રાપ્ત થાય છે.

નિષ્કામભક્તિ થોડી પણ હોય તો ઘણો લાભ કરે, પણ જ્ઞાન થોડું એટલે અલ્પ હોય તો ઘણું નુકસાન કરે. કંઈનું કંઈ માની બેસે. જુદા જુદા ધર્મો થવાનું કારણ એ જ છે. બધું એકાંતે થવાનું કારણ એ અલ્પજ્ઞાન જ છે. એથી ભ્રાંતિ જ પોષાય છે. જ્ઞાનમાર્ગ ભ્રાંતિમાં લઈ જાય છે. સંપૂર્ણ વસ્તુ ન સમજાય તો આત્મા નિત્ય છે, એમ એકાંતે માને. આત્મા કર્તા નથી, ભોક્તા છે; ભોક્તા નથી, કર્તા છે; એમ પણ કેટલાક માને છે. તેનું કારણ એ અલ્પજ્ઞાન જ છે. આખી જિંદગી સુધી ભક્તિ જ કરવાની છે. એનું ફળ તો આવશે. ફળ જોવાનું નથી, કર્યા કરવી. આત્માનું કલ્યાણ થાય એવો સિદ્ધાંત છે, તેને સમજાવવા માટે "મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત." આ એક દૃષ્ટાંત આપ્યું. આત્મકલ્યાણ માટે ઉલ્લાસપૂર્વક જ્ઞાનીએ જે કહ્યું હોય તે સાંભળવા સ્નેહ કરવાનો છે.

**"પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ"** (દે૦ ૧)

બધેથી પ્રેમ ઊઠાડી, સત્પુરુષે જે કહ્યું છે તેમાં જ કરવાનો છે. બીજે બધેથી વૃત્તિ ખેંચી લેવી. ખાવાનું મળો કે ન મળો, લોકો વખાણો કે નિંદો, પણ મારે તો આટલા ભવમાં આ જ કરવું છે. બીજે ઉપયોગ જાય નહીં એવું કરવું. સંસારની ઇચ્છા છે, તે બધી ભૂલી જવી. નિર્વિકાર થાય ત્યારે બોધ પરિણમે છે. જે કામ્યપ્રેમ છે તે પલટાઈ શ્રુતપ્રેમ થઈ જાય. પતિવ્રતાનો પ્રેમ છે તેનાથી અનંતગણો પ્રેમ કરવાનો છે, એટલા સુધી જ અટકી રહેવાનું નથી. અપૂર્વભાવ આવવો જોઈએ.

પહેલાં જે ભાવ આવ્યા નથી તે આવે ત્યારે આત્મા ઓળખાય. અહીં જે પ્રેમ કહેવો છે તે મોક્ષને માટે છે. એને બીજે પ્રેમ રહે નહીં. અનાદિથી જીવ સંસારી રહ્યો છે તેથી અલૌકિક પ્રેમની ખબર નથી. કોઈ દહાડે, અનંતકાળે આ વાત સાંભળી નથી, પણ પુણ્યના ઉદયે સદ્‌ગુરુનો યોગ થયો અને એવી વાત સાંભળવા મળી તો બીજી પ્રવૃત્તિ આડે આવે છે. બીજે પાછો તણાઈ જાય છે. અનાદિથી જીવને સંસાર પરિણતિ છે. એકેન્દ્રિય આદિમાં તો એવી અલૌકિક વાત સાંભળવા મળતી નથી. કાન નથી એટલે શું સાંભળે? પુણ્ય થયું ત્યારે મનુષ્યભવ મળ્યો. ઉત્તમ કુળ, આર્ય દેશ, સદ્‌ધર્મ, જ્ઞાનીનો યોગ થયો અને પુણ્યના જોગે એવી વાત પણ સાંભળવા મળી, પણ પાછો અવકાશ ન મેળવે તો શું થાય? અવકાશની જરૂર છે. જ્યારે સમકિત થાય ત્યારે ખરો સુખી થાય છે.

**"અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્‌ગલ જાલ તમાસી રે."** (પાંચમી દૃષ્ટિ)

ત્યાં એને સુખનો રસ્તો મળ્યો. પોતાનું ભાન ન થયું હોય ત્યાં સુધી સુખ નથી, દુઃખ જ છે. જીવોને આત્માનું સુખ પ્રાપ્ત થાય તે માટે કરુણાથી સત્પુરુષો એવો માર્ગ કહે છે. કોઈ સુખી થાય તો સારું એમ દયાને લઈને કહે છે. બીજો એમને સ્વાર્થ નથી. જ્ઞાનીની પરંપરાનો માર્ગ એવો છે કે જે જાગતો હોય તે જગાડે. જેણે આત્મા જાણ્યો છે તે જ ઉપદેશ આપી બીજાને ભાન કરાવી શકે. "બીજું કંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા." (૭૬) ટૂંકામાં આ કહી દીધું. મોક્ષનું સુખ વાતોમાં સમજાય એવું નથી. આત્માનું સુખ પરમાનંદરૂપ જ છે. ભગવાન કહે છે કે મોક્ષનું સુખ અમે જાણીએ છીએ, પણ કહી શકતા નથી. ઇંદ્રિયોનાં સુખ તો દુઃખ જ છે. જેમ આત્માનો જ્ઞાન ગુણ છે, શ્રદ્ધા ગુણ છે, એવો સુખ પણ

આત્માનો ગુણ છે. જીવ ભૂલો પડેલો છે તેથી બીજામાં આનંદ માને છે. અનુભવનું વચન છે, તે સામા જીવને જાગૃત કરવા સમર્થ છે, દુઃખ મટાડવા સમર્થ છે. કૃપાળુદેવનાં આ વચનો છે તે અનુભવપૂર્ણ છે, તે જાગૃત કરવા સમર્થ છે. અપૂર્વભાવની ખામી છે. અપૂર્વતા લાગે તો તરત સમકિત પામે અથવા વધારે કર્મ હોય તો અનુક્રમે પામે.

[વ૦ ૩૯૬] ૨૪૩ હુબલી (ધર્મશાળા), કાર્તિક વદ ૦)), સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– કૃપાળુદેવનું જીવન ચોથા આરા જેવું હતું. આત્મસ્વરૂપમાં નિરંતર વર્તતા હતા. વચ્ચે કંઈ કામ કરવું પડે તો કેટલું વહેલું એ કામ પતે એવો લક્ષ રાખીને કરતા. પ્રારબ્ધને લઈને ખોટી થવું પડે, કામ કરવું પડે, તોપણ આત્માને એ ભૂલતા નહોતા; કારણ કે સમ્યક્ત્વીની દશા જ એવી છે. આત્મા ભુલાય તો વિભાવ ભાવ પેસી જાય. પૂર્વે બાંધેલાં કર્મ છે, તેને લઈને દેહ ટકે છે. કૃપાળુદેવને દેહ અને આત્મા સ્પષ્ટ જુદા લાગે છે.

કોઈ એક મુમુક્ષુએ કૃપાળુદેવ પાસે તેમનું ચિત્રપટ મંગાવ્યું હતું. તેના ઉત્તરમાં કૃપાળુદેવ લખે છે કે ચિત્રપટ કરતાં તે પુરુષની ભક્તિ અને સ્વરૂપને જાણવું એમાં વધારે લાભ છે. મહાપુરુષનું સ્વરૂપ ઓળખાય ત્યારે પોતાનું સ્વરૂપ ઓળખાય છે. 'ક્ષમાપના'માં આવે છે કે ''જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું, તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.''

સંસારની ઇચ્છા છોડીને સત્પુરુષના સ્વરૂપની ભક્તિ કરવી. શુદ્ધસ્વરૂપ જ્ઞાનીપુરુષે પ્રગટ કર્યું છે, તેનો લક્ષ રાખીને કરવું. શુદ્ધસ્વરૂપ વિચારવા યોગ્ય છે. બહારનું બધું ભૂલવા યોગ્ય છે. આત્મસ્વરૂપ પ્રગટ કરવાનું મહાન ફળ છે. સત્પુરુષ પ્રત્યે–

**''મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત;**
**તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત.''**

સીતાનું મન બીજાં કામ કરતાં છતાં રામમાં જ લીન રહેતું હતું. એવા ભાવથી ભક્તિ કરવાની છે. બધા તીર્થંકરોનો એ જ અભિપ્રાય છે. સંસારથી પ્રેમ ઉઠાવી સત્પુરુષ પ્રત્યે કરવાથી પોતાનું સ્વરૂપ પ્રગટે છે.

**''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,**
**સબ આગમભેદ સુઉર બસેં;**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,**
**નિજકો અનુભૌ બતલાઈ દિયે.''**

બધા તીર્થંકરે એમ જ કહ્યું છે. કરવાનું એ છે કે સંસાર પ્રત્યે પ્રેમ છે તે સત્પુરુષ પ્રત્યે કરવાનો છે. સતીનો પતિ પ્રત્યેનો પ્રેમ બધે વખણાય છે અને સંસારમાં એ પ્રેમનું વધારે માહાત્મ્ય પણ છે. એવો પ્રેમ જો સત્પુરુષ પ્રત્યે આવે તો કામ કાઢી નાંખે. સતી જેટલો જ નહીં, પણ તેથી અનંતગણો પ્રેમ સત્પુરુષ પ્રત્યે કરવાનો છે. કેમકે સંસારમાં આત્મા ચોંટી ગયો છે, તેને ઉખાડ્યા વિના છૂટકો નથી. સતી જેટલા પ્રેમથી પતે એવું નથી. એનાથી અનંતગણા પ્રેમની જરૂર છે. સમયે સમયે પ્રેમ રહેવો જોઈએ. પ્રેમને વશ ભગવાન પણ છે. એ પ્રેમ શબ્દોમાં આવે એવો નથી.

કૃપાળુદેવ પોતાની દશા જણાવે છે કે ક્યારેક પરમાર્થ સંબંધી કહેવા-લખવા-સમજાવવાનો ઉદય વર્તે છે. ઉદય હોય તો જ કરવું એમ વર્તે છે અથવા એવો લક્ષ રહે છે. જે ઉદયમાં ન હોય, તેને પરાણે ખેંચીને કરતા નથી. જે ઉદયમાં આવે છે તે કરે છે. સંસારમાં રહ્યા છતાં રાગ-દ્વેષ, વિષમભાવ મટ્યા છે. એક આત્માનો લક્ષ રહે છે.

આત્મા અને દેહ સ્પષ્ટ જુદાં લાગે છે. વિદેહી દશા રહે છે.

[વ૦ ૩૯૬](સાંજના સભામાં) ૨૪૪ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક વદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ભક્તિ અને સત્સંગ કરવાનાં છે. ભક્તિમાં જે લીનતા તે ખરો સત્સંગ છે. ભગવાનના ગુણોમાં વૃત્તિ રાખવી, તો વધારે લાભ થશે. જ્ઞાનીનું સ્વરૂપ જાણે તો એનું ખરું સ્વરૂપ પ્રગટે. બીજું એને પછી ગમે નહીં. ભક્તિના સત્સંગથી અત્યંત શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટે છે. એવું આ ભક્તિના સત્સંગનું ફળ છે.

વિશુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ થવાનું કારણ સદ્ગુરુ છે. સદ્ગુરુ પ્રત્યે આપણને પૈસા મળે, મોટા થઈએ એવી ઇચ્છા ન કરવી. "કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ." શુદ્ધ ભક્તિનું સ્વરૂપ વિચારવું. જ્ઞાનીના સ્વરૂપને ઓળખીને જે ભક્તિ કરે છે તેને આત્મસ્વરૂપ પ્રગટ થાય છે. એમાં કાંઈ શંકા નથી.

જ્ઞાનીનું શુદ્ધ સ્વરૂપ જાણે તો પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટે. ભક્તિ એ એક ટેક છે. બહુ અઘરું છે. સંસારકામના બધી છોડવાની કહી છે. અસંસારભાવ કરવાનું કહ્યું છે. સત્પુરુષ મોક્ષની મૂર્તિ છે. "મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે." (૨૪૯) તેના ગુણોનું ચિંતન કરવું તો એવા ગુણો પ્રગટે. એ બીજાના સ્વરૂપની વાત નથી, પોતાના ઘરની જ વાત છે. જ્ઞાનીપુરુષના અવલંબને એ પ્રાપ્ત થાય છે. મહાપુરુષની દશાનો વિચાર કરી તેમાં લીનતા કરવી, તો આત્મસ્વરૂપ પ્રગટે. સતી જેમ પોતાના પતિ પ્રત્યે પ્રેમ રાખે છે તેનાથી અનંતગણો પ્રેમ સત્પુરુષ ઉપર કરી તેમાં લીનતા કરવાની છે.

**"મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત,**
**તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત."**

જ્ઞાનાક્ષેપકવંત એટલે જેનું વિચારજ્ઞાન જ્ઞાનીપુરુષના આધ્યાત્મિક વચનોમાં લીન થયું છે. જ્ઞાનીપુરુષ પાસે સાંભળ્યું તે શ્રુત છે. તેને આત્મામાં ધારણ કરવું.

જ્ઞાનીમાં કેવો પ્રેમ રાખવાનો છે તે કહે છે. સતી સ્ત્રી જેમ ઘરનાં બધાં કામો કરતાં છતાં તેમાં જ એટલે પતિમાં જ પ્રેમ રાખે છે, તેમ સત્પુરુષ પ્રત્યે એનાથી અનંતગણો પ્રેમ કરવાનો છે.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ,**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ."**

એમ જ્ઞાનીપુરુષ પાસેથી સાંભળ્યું તો એના પ્રત્યે એવો દૃઢ પ્રેમ કરવો કે ઘડી ઘડીએ સાંભર્યા કરે. એટલો પ્રેમ થાય તો પછી એ આંકડો ભરાયો તે છૂટે નહીં. સતી કરતાં પણ અનંતગણો પ્રેમ જોઈએ છે. જગતમાં સતી જેવો પ્રેમ ક્યાંય નથી તેથી એ દૃષ્ટાંત આપ્યું છે. વાણીમાં આવે એવી

વાત નથી, પણ આત્મા જાણે છે કે કેટલો પ્રેમ આવવો જોઈએ. જ્ઞાનીપુરુષે જે કંઈ કહ્યું હોય તેમાં ને તેમાં જ વૃત્તિ રહ્યા કરે, આત્મા ભીનો થાય, જ્ઞાનીપુરુષે કહ્યું હોય તેમાં પ્રેમ આવે, વૃત્તિ રોકાય, એથી જ મારું કલ્યાણ છે. એમાં જેટલો કાળ ગયો તેટલું જીવન મારું સફળ છે. એમ અપૂર્વતા લાગે તો સ્વચ્છંદ રોકાય. જ્ઞાનીએ જે કહ્યું હોય તેમાં અચળપણું કરવું. ''અચળરૂપ આસક્તિ નહિ'' અચળ એટલે બીજે ખસે નહીં એવી ભક્તિ કરવાની છે. મંત્રનું સ્મરણ ભુલાય નહીં એવું કરવાનું છે. ગમે ત્યાં બજારમાં હોઈએ, કે ઘરમાં હોઈએ પણ એ જ સાંભર્યા કરે એવું થાય ત્યારે ભક્તિ કરી કહેવાય. જ્ઞાનીપુરુષે કહેલાં વચનો સિવાય આખું જગત સોનાનું થાય તો પણ મારે તૃણ સમાન છે, એવી ભાવના કરવી. પ્રેમને સંસાર પરથી ઉઠાડી જ્ઞાનીએ કહ્યું તેમાં પ્રેમ જોડવો. મન બીજે ચોંટ્યું છે તે બધેથી ઉઠાડે તો ભક્તિ થાય.

**''પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ; પરમપુરુષથી રાગતા.''** (દે૦ ૧)

તારે છૂટવું હોય તો બધેથી છૂટીને અહીં આવ. જગત જોઈતું હોય તો લક્ષચોરાશીમાં ભટક. વૈરાગ્ય એ મોક્ષનો ભોમિયો છે. એ વૈરાગ્ય આવે તો મોક્ષમાર્ગ એને દેખાય. સંસારમાં જેટલો પ્રેમ છે તેનાથી અનંતગણો પ્રેમ સત્પુરુષનાં વચનોમાં કરવાનો છે. સંસારનો પ્રેમ તો લક્ષચોરાશીમાં ભટકાવે અને આ ભગવાન પરનો પ્રેમ તો બધેથી મુક્ત કરે. જ્ઞાનીપુરુષ પાસેથી સાંભળ્યું હોય તે શ્રુત છે. ''એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.'' વિશ્વાસ કરવાનો છે. પ્રભુશ્રીજી કહેતા કે 'માનીશ? તો કે હા; તો તારું કામ થઈ જશે.'

જગત કરતાં અનંતગણો પ્રેમ સત્પુરુષ પ્રત્યે કરવાનો છે. પાંચ ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે રાગ છે તે જ કામ્યરાગ છે. અનાદિથી જીવને સંસારમાં પ્રેમ કરતાં આવડે છે. અસંસાર શું હશે? તેનું જીવને ભાન નથી. કોઈ પુણ્યના યોગે સત્પુરુષનો યોગ થયો, વાણી સાંભળી પણ વૃત્તિ તેમાં રાખવી એ જીવ કરી શકતો નથી.

વિષમ પરિણતિ ભૂલે ત્યારે સમપરિણતિમાં આવે. જીવને રાગ કે દ્વેષ કરવાની ટેવ પડી છે. ઊભો રહેતો નથી. ઉદાસીનતા આવી નથી. અવકાશ ન લાવે ત્યાં સુધી જીવને પોતાનું ભાન ન થાય. ''નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો.'' (૧૭૨) ગમે તો ખાઓ, બેસો, ચાલો, પણ નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવો. એ કર્યા વિના છૂટકો નથી. મોક્ષ નથી ગમતો, સંસાર ગમે છે. એ જીવને એક પ્રકારનો દ્વેષ છે. જ્ઞાનીપુરુષ કહે છે કે પૈસાટકા બધું હોય તો પણ દુઃખી જ છો. મનમાં દુઃખી છે.

મનનાં પણ દુઃખો છે. બહારથી સુખ છે, પણ અંતર પરિણતિમાં બળે છે. આખું જગત બળે છે. ક્યાંય શાંતિ નથી. જ્યાં સુધી જ્ઞાનીનાં વચનો, જે આપણને તારનાર છે તેના ઉપર પ્રેમ ન થાય ત્યાં સુધી શાંતિ ન થાય. જેને દયા આવે છે કે જગત બળે છે, તે કહે છે કે જ્ઞાનીનાં વચનોમાં રહીશ તો તું બળીશ નહીં.

સંસારની અનંત પરિણતિ છે તે નિવારી સુખી કરનાર જ્ઞાનીપુરુષ છે. અત્યારે જીવ અજ્ઞાન પરિણતિથી દુઃખી છે, તેને જ્ઞાની નિવારવા સમર્થ છે. જ્ઞાનીનાં વચનોનું આટલું બળ છે. આત્માને જાણીને વચન કહે છે, તેથી તે દુઃખને મટાડે છે. જ્ઞાની વચન કહે છે તે આત્માનું સ્વરૂપ જાણીને

કહે છે તે આત્માને સ્પર્શે છે, તેથી દુઃખ મટે જ.

પરમ પ્રેમ થાય તો તત્કાળ જ્ઞાન થઈ જાય. કોઈને તત્કાળ થાય, કોઈને ક્રમે ક્રમે થાય. જેમ જેમ પ્રેમ વધતો જાય તેમ તેમ જ્ઞાન થાય. જ્ઞાનીનાં વચનો સાંભળી અપૂર્વ ભાગ્ય જાણે કે ધન્ય મારો દિવસ કે એવું સાંભળવા મળ્યું. નહીં તો ક્યાંથી મળે?

ઘૂંટીને પી જાઓ. કાંઈ જુઓ નહીં. પ્રેમ આવે તો જ્ઞાનીનું સ્વરૂપ સમજાય અને જ્ઞાનીનું સ્વરૂપ સમજાય તો પોતાનું સ્વરૂપ પણ સમજાય, પોતાનો સ્વભાવ સમજાય. આજે, ગમે તો કાલે અને ગમે તો લાખ વર્ષે, મોડે કે વહેલે એક જ માર્ગ છે. 'હું દુઃખી છું' એમ મનાતું નથી. શરીરનું જરાક દુઃખ લાગે તો ડૉક્ટર પાસે જાય, પણ આ દુઃખ લાગતું નથી. કૂવામાં પડવું સારું, અગ્નિમાં બળવું સારું, સર્પ પાસે બેસવું સારું, જંગલમાં સિંહ પાસે બેસવું સારું, પણ આ અજ્ઞાનમાં રહેવું સારું નથી. જ્ઞાનીએ આધ્યાત્મિક દૃષ્ટિએ એટલું દુઃખ અજ્ઞાનનું જોયું છે. જ્ઞાનીએ કરુણા લાવી જે કંઈ માર્ગ કહ્યો તેને ગ્રહણ કરનાર તો પોતે જ ને? જ્ઞાની કંઈ પણ બોલે તે આત્માને જાણીને બોલે છે. તેથી એનાં વચનો આત્માને દુઃખ મટાડવા સમર્થ છે. આત્મા પ્રગટ કરવો હોય તો પરમ પ્રેમ જોઈશે.

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં."**

સંસારથી પ્રેમ ઉઠાડી જ્ઞાનીનાં વચનોમાં જોડવાનો છે. જ્ઞાનીનાં વચનોમાં તલ્લીનતા તે જ શ્રદ્ધા છે. રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શ એમાં તલ્લીનતા થાય છે, પણ જ્ઞાનીના વચનમાં થતી નથી. એ શ્રદ્ધા જ નથી. "માહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લીનતા તે 'શ્રદ્ધા'–'આસ્થા' " (૧૩૫) એનું નામ શ્રદ્ધા છે. એ શ્રદ્ધા મોક્ષનો માર્ગ છે. મહાપુરુષોનાં વચનમાં તલ્લીનતા તે શ્રદ્ધા છે.

જેટલું આપણને સાંભળવા મળે તેટલું આપણે લક્ષ રાખી સાંભળીએ. આત્માની વાત જતી ન કરવી. આપણે કામની છે. એક વાર સાંભળે તેથી ન સમજાય, પણ ઘણી વાર સાંભળે ત્યારે સમજાય. એક વાર વાંચવાથી સ્મૃતિ રહેતી નથી. કૃપાળુદેવ એક વખત ગમે તે વાંચતા તે સ્મૃતિમાં રહેતું. મોક્ષે જવું હોય તેણે મોક્ષનાં સાધન એકઠાં કરવાં. પુસ્તક વગેરે પોતાની પાસે હોય તો વંચાય.

**[વ૦ ૩૯૬]** (રાતના સભામાં) **૨૪૫** શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૩, સં. ૨૦૧૦

પૂજ્યશ્રી– સોભાગભાઈએ કૃપાળુદેવને ભક્તિની ઇચ્છા સંબંધી પત્ર લખ્યો હશે. કૃપાળુદેવની મૂર્તિ આંખ મીંચે કે દેખાય તેવું થાય એ માટે પણ લખ્યું છે. સોભાગભાઈએ કૃપાળુદેવને લખ્યું કે પચાસ વર્ષે પણ જે સંશયો ન ટળે તે સંશયોનું સમાધાન થોડા કાળમાં આપની કૃપાથી થઈ ગયું. બહારથી ઉપાધિ છે પણ અંદરથી સમાધિભાવે કૃપાળુદેવ રહે છે.

**[વ૦ ૩૯૭]** **૨૪૬** શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– કેટલાક એમ કહે છે કે, આ કાળમાં ક્ષાયિક સમ્યક્‌દર્શન ન હોય. એ વાતને સિદ્ધ કરવા તેઓ એટલો બધો પુરુષાર્થ કરે છે કે એવો પુરુષાર્થ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા કરે, તો પ્રાપ્ત થાય. કોઈના ક્લેશમાં ઊતરવા જેવું નથી અને કોઈ પ્રત્યે દ્વેષ પણ કરવા યોગ્ય નથી. નકામી

વાતોમાં ખોટી ન થવું. મિથ્યાત્વ છે તે સાચાને જૂઠું અને જૂઠાને સાચું મનાવે છે. શાસ્ત્રો જ્ઞાની પાસે સમજવાનાં છે. સ્યાદ્વાદ માર્ગ છે. જીવ ચેતતો નથી. જે પોતાની શક્તિ વિચાર્યા વિના નિર્ણય કરી રાખે છે, તે જીવ કર્મ આવરણની વૃદ્ધિ કરે છે.

[વ૦ ૩૯૮] (રાતના સભામાં) ૨૪૭ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—મહાપુરુષો પરના પરમાણુ જેટલા ગુણને પર્વત જેવા જાણે છે અને પોતામાં વિકાસ કરે છે. પરમાર્થનો જેને એવો અખંડ નિશ્ચય છે કે તે નિશ્ચય તૂટે નહીં; ગમે તેટલું દુઃખ, આધિ, વ્યાધિ, ઉપાધિ આવે, તો પણ એ નિશ્ચય છૂટે એવો નથી, એવા સોભાગભાઈ છે. નિષ્કામ પુરુષ પોતે કૃપાળુદેવ છે. એવા પુરુષને ઓળખવા કોઈ ભક્ત જોઈએ, તો ઓળખાય. રામને ઓળખવા હનુમાન જોઈએ. સરળભાવવાળા સોભાગભાઈ છે. કષાયભાવો શમાવી શાંતમૂર્તિ થયા છે એવા સોભાગભાઈ છે.

સોભાગભાઈને ભક્તિ જાગી છે, તે જોઈ કૃપાળુદેવ રાજી થયા છે. સોભાગભાઈએ તો ભક્તિ ભરેલા પત્રો ઉપર પત્રો ઘણા લખ્યા છે, પણ કૃપાળુદેવ લખે છે કે ઉપાધિના કારણથી તથા આત્મામાં સ્થિરતા થવાથી એક પણ પત્ર લખવાનું બનતું નથી. તેમ બીજા મુમુક્ષુઓને પણ પત્ર લખવાનું બનતું નથી. કોઈ એમ કહે કે તમારે આટલી બધી ઉપાધિ છે, તો તમે ભાર કાઢી નાખોને! કૃપાળુદેવ કહે છે કે એવું કરવું હોય તો થાય, પણ એમ કરીએ તો કર્મ ભોગવાય નહીં. ભોગવ્યા વિના છૂટકો નથી, આ ભવમાં કે પરભવમાં. આ કાળ કેવો છે! તે કહે છે. દિવસે દિવસે જીવોની વૃત્તિ પરમાર્થ પ્રત્યેથી ઓછી થતી જાય છે. અવસર્પિણી કાળ એટલે ઊતરતો કાળ આ છે. પરમાર્થની ભાવના ઓછી ઓછી થતી જાય એવો આ કાળ આવ્યો છે. આ દુષમ કળિકાળમાં બીજી વસ્તુઓ ગમે તેટલી સુલભ થઈ હોય પણ પરમાર્થ પામવો બહુ દુર્લભ છે. સત્પુરુષનો યોગ તો બહુ દુર્લભ છે. ચોથા કાળમાં ઘણા સત્પુરુષો વિચરતા હતા. તે વખતે પણ સત્પુરુષનો યોગ દુર્લભ હતો, તેથી પણ આ કાળમાં તો વધારે દુર્લભ છે.

પહેલાં ચક્રવર્તી જેવાને રાજ્ય છોડવાનું કહેતા તો છોડી દેતા. તેથી ઉપદેશ પણ એવો કરતા. ચારે ગતિમાં ભય છે માટે ચેતી જાઓ; એમ ઋષભદેવે અઠ્ઠાણું પુત્રોને કહ્યું તો ચેતી ગયા. જ્ઞાનીપુરુષ એની વૃત્તિ જોઈને ઉપદેશ કરે છે. પહેલાં તો બધા ધર્મ સાંભળવા આવતા ત્યારે આચાર્ય પહેલાં તો સાધુપણાની વાત કરતા કે સંસારથી છૂટવું હોય તો આ મુનિપણું છે, એમ પહેલાં આચાર્ય સર્વસંગપરિત્યાગની વાત કરે. પહેલાં શ્રાવકપણાની વાત કરે તો પેલો ગૃહસ્થધર્મનાં વ્રતો લઈ સંતોષ પામે. તેથી આચાર્યને શિક્ષા થાય. પછી જો સામા જીવની મુનિપણું પાળવાની શક્તિ ન હોય તો શ્રાવકપણાનું વર્ણન કરે.

પહેલાં તો બધાના આયુષ્ય લાંબા હતાં અને ગરજ પણ હતી. પહેલાં કેટલાંય શાસ્ત્ર મોઢે કરતા. બધાંય શાસ્ત્ર મોઢે રાખતા પણ જેમ જેમ કાળ પડતો આવ્યો તેમ તેમ ભુલાતું ગયું, તેથી પછી શાસ્ત્રો લખાયાં.

સહજાનંદ સ્વામી થયા તે વખતના જીવોને વિષે આજ્ઞાની વૃત્તિ હતી. પ્રાણ જાય તો પણ

આજ્ઞાને ગૌણ ન કરે એવા જીવો હતા. પરમાર્થની ઇચ્છા જીવોને ઓછી થતી જાય છે. તદ્દન કોઈને પરમાર્થની ઇચ્છા નથી એવું નથી, તેમ સત્પુરુષ રહિત પૃથ્વી થઈ છે એમ પણ નથી.

[વ૦ ૩૯૯] ૨૪૮ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ વદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— સત્સંગમાં ઉલ્લાસભાવ રહે છે અને થોડા વખતમાં ઘણું કામ થઈ જાય છે. સત્સંગથી લાભ થાય છે. એવો યોગ ન હોય તો પણ સમભાવમાં રહેવું. એ કર્યા વિના છૂટકો નથી. રાગદ્વેષ ઓછા કરવા છે, એ ન ભૂલવું. સમભાવ એટલે કોઈ પણ પ્રત્યે રાગભાવ ન થાય અને કોઈ પણ પ્રત્યે દ્વેષભાવ પણ ન થાય, એવો સમભાવ રાખવો. જ્ઞાનીપુરુષના યોગમાં તો સાંભળવાનું એ જ મળે છે, પણ એવો યોગ ન હોય ત્યારે એ સમભાવ રહેવો મુશ્કેલ છે, પણ કર્યા વિના છૂટકો નથી. અમે એ જ કરીએ છીએ અને તમારે પણ એ જ કરવાનું છે, એમ કૃપાળુદેવ કહે છે. જીવ પોતાનો વાંક જોતો નથી. કોઈ પ્રત્યે દ્વેષ ન કરવો. જેવો સંયોગ છે તેમાં બીજા પ્રત્યે દ્વેષ ન થાય એ સાચવવાનું છે. નિમિત્તનો દોષ ન કાઢવો, એ સાચો રસ્તો છે. પોતાના દોષ જોવાના છે, તે જીવ જોતો નથી અને બહારના નિમિત્તોનો દોષ કાઢે છે. રાગદ્વેષથી પોતાને જ કર્મ બંધાય છે માટે સાચવવાનું છે.

મોટા મુનિઓને પણ સમભાવ રહેવો કઠણ છે. બનારસીદાસ જે નગરમાં રહેતા હતા તે નગરમાં બે મુનિઓ આવ્યા. બનારસીદાસ તેઓની પરીક્ષા કરવા ગયા. તે બેમાંથી મોટા મુનિ વ્યાખ્યાન કરતા હતા. ત્યાં બનારસીદાસ ગયા અને જ્યાં મુનિની દૃષ્ટિ પડે ત્યાં સામી આંગળી કરે. એમ વારંવાર કરવાથી મુનિએ ક્રોધથી કહ્યું, આ કોણ છે? પછી બનારસીદાસ ચાલ્યા ગયા. વૃત્તિઓને કાબૂમાં રાખવી એ સહેલી વાત નથી. એનું નામ સંયમ છે. ''સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.'' (૮૬૬) સમભાવ આવે તો જ કર્મ ન બંધાય, નહીં તો બંધાય છે. જ્ઞાનીપુરુષ સમભાવને સાચવે છે. તેથી તેઓને કર્મ બંધાતા નથી. સત્પુરુષ પ્રત્યે દ્વેષ કરે તો ઘણાં કર્મ બંધાય. આત્મા જાણ્યા વગર ધર્મ ન થાય. સાચી વસ્તુ દરેકને ગમે છે. આ જગતના સંયોગ એવા છે કે વૃત્તિ બીજામાં જતી રહે છે. આપણે આપણું કરવાનું છે. કોઈ પ્રત્યે દ્વેષ કે રાગ કરવો નહીં. (અમે કોઈને દુઃખ દેવા ઇચ્છતા નથી, પણ પૂર્વકર્મને લઈને બીજા જીવને મનમાં થઈ આવે છે. ત્યાં આપણો ઉપાય નથી.)

જેમ બને તેમ જ્ઞાનીની નિંદામાં કોઈ ન ઊતરે તેવી સાવચેતી રાખવી. આપણા પરિણામ ન બગાડવા. દ્વેષ ન થવા દેવો. કર્મનો પ્રભાવ વિચિત્ર છે. જે જે થઈ ગયા તેઓએ મુશ્કેલી વેઠી, અને તે જ સત્યને પ્રાપ્ત થયા.

બે ભાઈઓ હતા. તેઓને એક મુનિ મળ્યા. તેઓ પાસે બન્ને ભાઈઓએ રાત્રિભોજનત્યાગ વ્રત લીધું. પણ તેઓના ઘેર તો રોજ બધાય રાત્રે જ જમે. તેથી વહેલું ખાવાનું બનાવે નહીં. બન્ને ભાઈઓ ઘેર જમવા આવ્યા પણ દિવસ થકાં ખાવા ન મળ્યું. એમ બે દિવસ ખાધા વગર નીકળ્યા. પછી બન્ને ભાઈઓએ કહ્યું કે આજે વહેલું ખાવાનું કરજો, પણ ઘરવાળાઓએ તો આગલા દિવસ કરતાં વધારે મોડું ખાવાનું બનાવ્યું. એથી બન્ને ભાઈઓને ખાવા ન મળ્યું. એમ કરતાં કરતાં પાંચ

છ ઉપવાસ થઈ ગયા. તેમાંથી એક ભાઈ થાકી ગયો. તેથી રાત્રિએ ખાધું. ત્યારે ઘરના માણસો કહેવા લાગ્યા કે આ છોકરો સમજણો છે, અને આ નથી છોડતો, તેથી હઠીલો છે. પછી જેણે વ્રત ભાંગ્યું નહીં તેને રોજ કામ કરવા બહાર ગામ મોકલે અને સાંજે ઘેર આવે ત્યારે રાત પડી જાય. એમ કરતાં કરતાં દસેક ઉપવાસ થયા. તો પણ વ્રત ન ભાંગ્યું. પછી ઘરવાળાએ કહ્યું કે અમારા ઘરમાંથી જતો રહે. તેથી છોકરો રવાના થયો. તે વખતે રસ્તામાં એક યક્ષ તેની પરીક્ષા લેવા આવ્યો. રાત્રિનો સમય હતો. યક્ષે નાનાપ્રકારની દૈવી માયાથી ભોજનો બનાવ્યાં. પછી તે છોકરાને યક્ષે કહ્યું કે આ કેવાં સરસ ભોજન પડ્યાં છે. આ બધાં તમારા માટે બનાવ્યાં છે. માટે ખાઈ લો. ભૂખ્યા શા માટે રહો છો, ભોજન મળવા છતાં? પણ છોકરાએ કહ્યું, મારે રાત્રિએ ખાવું નથી. એમ કહીને સૂઈ રહ્યો. પછી યક્ષે માયાથી સૂર્યોદય કર્યો અને છોકરાને જગાડ્યો. પછી યક્ષે કહ્યું કે દિવસ ઊગી ગયો છે માટે ખાઈ લ્યો. પણ તેણે જાણ્યું કે દેવમાયા છે. નહીં તો આટલો વહેલો દિવસ ઊગે નહીં. એમ યક્ષે ત્રણ વખત દેખાડયું. તો પણ ચળ્યો નહીં, અને સવાર થતાં યક્ષે પારણું કરાવ્યું.

મુશ્કેલી આવે છે તે પૂર્વના બાંધેલા કર્મ છે, પણ જેટલી દૃઢતા રહે તેટલો આત્મા દૃઢ થાય છે. પોતાના વાંક વગર બીજાને દ્વેષ થાય પણ આપણે આપણા પરિણામ ન બગાડવા. છૂટવાનો માર્ગ એક જ છે. ઉપાધિમાં રહેવું અને આત્મભાવમાં પરિણમવું બહુ મુશ્કેલ છે. ઉપાધિ ન હોય અને નિવૃત્તિનું ક્ષેત્ર હોય ત્યારે સારા ભાવ રહે છે. સત્સંગને સંભારવો, ઉપાધિમાં પણ નિરુપાધિક સુખ ભૂલવું નહીં. દુઃખ આવી પડે તો પણ સમભાવ રાખવો. એમ કરતાં કરતાં કામ થાય. જેમ જેમ સત્સંગ થાય તેમ તેમ ગરજ જાગે. મંત્ર બોલવો એ પહેલાં અઘરું લાગે પણ પછી ટેવ પડી જાય છે તેથી સારું લાગે છે. જેમ કોઈ નાના છોકરાને પતાસું મોઢામાં નાખે ત્યારે તે થૂંકવા લાગે છે, પણ પછી જ્યારે તેનો સ્વાદ આવે ત્યારે ગળ્યું લાગે છે, તેથી તે ખેંચીને લે છે.

જેને આત્મજ્ઞાન થયું છે તેને પણ સત્સંગની ઇચ્છા રહે છે. પૂર્વકાળમાં સત્સંગ કરેલો તે આ કાળમાં કૃપાળુદેવને સાંભરી આવ્યો. જે કંઈ સંયોગો મળે તેમાં રાગદ્વેષ ન કરવા. સત્સંગ કરવો. એવો યોગ ન હોય તો પણ પોતાના પરિણામ ન બગાડવા. કૃપાળુદેવ કહે છે કે દુકાને બેઠા હોઈએ એ ગમતું નથી, પણ પૂર્વ પ્રારબ્ધને લઈને કરવું પડે છે. ભાવના તો નિરુપાધિની જ છે. એવું બધાને કરવાનું છે. જ્ઞાનીપુરુષના આશ્રયે જે વર્તે છે તે જેમ સત્પુરુષ કહે તેમ કરે છે. રાગદ્વેષ ઓછા કરવા એ મુખ્ય ધર્મ છે. "જો મુક્તિને ઇચ્છે છે તો સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષને મૂક." (૩૭) તો મોક્ષ અવશ્ય થશે. એ મૂકવાથી તને કંઈ બાધા નથી. મન છે તે સંકલ્પ-વિકલ્પ કરે છે તે મટાડવાના છે. નકામી વસ્તુઓના સંકલ્પ-વિકલ્પ કરે છે.

સત્સંગમાં આટલી વસ્તુઓ જરૂરની છે. ૧. હું કંઈ ન જાણું. ૨. સામાન્યપણું ન કરવું. ૩. વિનયાદિગુણયુક્ત થવું. ૪. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં કે લોભમાં ન પ્રવર્તવું.

માન લઈને જાય તો 'હું કંઈ જાણતો નથી' એમ ન થાય. વિનયાદિ ગુણ હોય તો 'હું કંઈ જાણતો નથી' એમ થાય. એ વાત શાસ્ત્ર વાંચતાં અને આત્મવિચાર કરતી વખતે પણ કલ્યાણકારી છે.

જ્ઞાનીના યોગે, બોધે વિચાર કરવાના છે. તે– ૧. આત્મા છે. ૨. નિત્ય છે. ૩. કર્ત્તા છે. ૪. ભોક્તા છે. ૫. મોક્ષ છે. ૬. મોક્ષનો ઉપાય છે. ઇત્યાદિ વિચાર કર્યા વિના ન થાય. જ્ઞાનીએ જાણ્યું છે તે જ જાણવું છે. પુરુષાર્થ કરે તો થાય. જ્ઞાનીએ કહ્યું તે સમજવું છે, એમ કરી આત્મવિચાર કરતા રહેવું. વિચાર કર્યા વિના પ્રશ્ન ન ઊગે અને સમાધાન પણ ન થાય. અલૌકિક વાત તો જ્ઞાનીએ લખી છે અને જાણી છે. લૌકિકભાવ છોડી અલૌકિકમાં વૃત્તિ રહેવા દેવી છે. પ્રમાદથી એક સમયમાં કર્મ બંધાય છે તેથી આત્મા ઘસડાઈ જાય છે.

[વ૦ ૪૦૦] ૨૪૯ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ વદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જગતથી જે અસંગ થયા છે–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી, તેને નમસ્કાર છે. એવા પુરુષથી જ મોક્ષ સમજાય છે. મોક્ષની મૂર્તિ સત્પુરુષ છે. કોઈ પ્રત્યે રાગ કે દ્વેષ ન કરવા. બધું કાળે કરીને જવાનું છે. કૃપાળુદેવ પોતાની દશા જણાવે છે કે અમે ઉપાધિમાં છીએ છતાં સમાધિ જેવું લાગે છે. જેમ જેમ ઉપાધિ આવે તેમ તેમ વધારે બળ કરવું પડે છે. ત્યારે આત્મામાં રહેવાય છે. કૃપાળુદેવ લખે છે કે આત્મા ભુલાતો નથી. મુક્તપણાની ભાવના છૂટતી નથી. આત્માનો નિર્ણય થયો છે તો પછી ગમે તેવી ઉપાધિ હોય પણ આત્મા જુદો છે. જેમ સ્ફટિક રત્ન સંયોગને લીધે અન્યરૂપ દેખાય છે પણ તે તેવું થઈ જતું નથી, તેમ આત્મા મુક્ત સ્વરૂપ જ છે એ ભાવ ફરતો નથી. જ્ઞાનીપુરુષ પણ ઉપાધિનો ત્યાગ ઇચ્છે છે. કૃપાળુદેવ લખે છે કે કંઈ આઘું પાછું કરવું નથી. જે બને તે જોયા કરવું છે.

[વ૦ ૪૦૦] (સવારના સભામાં) ૨૫૦ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૫, સં. ૨૦૦૯

મુમુક્ષુ–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પ્રતિબંધરહિતપણું એટલે શું?

પૂજ્યશ્રી–જગતના બધા દ્રવ્યોમાં કોઈ પણ પ્રત્યે રાગદ્વેષ થવાનું કારણ નથી. કોઈ દ્રવ્ય પ્રત્યે રાગદ્વેષ થતા નથી. એમ ક્ષેત્ર પણ એમને રાગદ્વેષ થવાનું કારણ નથી. અમુક અવસ્થા સારી છે, ઘરડી અવસ્થા ખોટી છે, એમ એમને રાગદ્વેષ થતા નથી. કોઈને શિયાળો ન ગમે, ઉનાળો ગમે. કોઈને બપોર ગમે, સવાર ન ગમે. કોઈને રાત્રી ન ગમે, દિવસ ગમે. એવું એમને નથી. અને ભાવ પ્રતિબંધ રહિતપણું એટલે એવા ભાવ જ જોઈએ, એવા ન જોઈએ એમ એમને થતું નથી. એ ભાવ અપ્રતિબંધતામાં બધું આવી જાય છે. એ આવે તો બીજી ત્રણે અપ્રતિબંધતા આવી જાય. ‘‘ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.’’ (૧૯૪) એમ કહ્યું છે. કૃપાળુદેવને વિશેષ ઉપાધિમાં વધારે કર્મ ખપે છે.

[વ૦ ૪૦૦] (રાતના સભામાં) ૨૫૧ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– પૂજવા યોગ્ય, સ્તુતિ કરવા યોગ્ય, નમસ્કાર કરવા યોગ્ય કોણ છે? તે કહે છે. જે વસ્તુ આપણે જોઈએ છે તે વસ્તુ જેનામાં હોય તેને નમસ્કાર કરવાના હોય છે. ભગવાન એવા છે. કીર્તન કરવા યોગ્ય છે. એમના ગુણ ગાવા તે કીર્તન કહેવાય. ગુણગ્રામ એટલે વાતો કરીએ તો ય એની કરવી, એ ગુણગ્રામ છે. ભક્તિ એટલે સદ્ગુરુ પાસે જવું. એ ભક્તિમાં બધું સમાય છે.

નમસ્કાર એ ભક્તિ છે, કીર્તન એ ય ભક્તિ છે, ગુણગ્રામ એ ય ભક્તિ છે. એ બધા ભક્તિના જ ભેદ છે. સત્પુરુષની આ ભક્તિ કરવાથી તેમાં ઉલ્લાસ આવે, તે ખસે નહીં ત્યારે ધ્યાન કહેવાય. જેને કોઈ દ્રવ્યમાં પ્રતિબંધપણું નથી વર્તતું, તે પુરુષની આ બધી ભક્તિ કરવાની છે. બધેથી એ પુરુષ ઊખડી ગયા છે. કોઈ પણ પદાર્થમાં ચોંટ એમને નથી, ઉદાસભાવ છે. કોઈ પ્રત્યે રાગભાવ નથી એવા વીતરાગ છે. તે નમન કરવા યોગ્ય છે. વારંવાર એમાં જ ચિત્ત જાય. જેમ જેમ સંભારે તેમ તેમ વધારે સાંભરે એવા ઉલ્લાસથી એ પુરુષનું ધ્યાન કરવા યોગ્ય છે. એવા અપૂર્વ પુરુષની શ્રદ્ધા થાય તો, એ જેવી તેવી વસ્તુ નથી. એમાં જ ચિત્ત રાખવું. અનંત ભવ ભમતાં એવો પુરુષ કોઈક વખતે મળે એવા આપણને કૃપાળુદેવ મળી આવ્યા, તો એમનામાં ચિત્ત રાખવું. પ્રભુશ્રીજીએ આપણને બતાવ્યા, નહીં તો સમજાતે ય નહીં.

**''સદ્‌ગુરુના ઉપદેશ વણ સમજાય ન જિનરૂપ.''**

''અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ.'' (૨૫૫) એવો ભાવ જેને છે તે પુરુષ અપૂર્વ છે.

અસંગસ્વરૂપ જે થયા છે તેની જ ભક્તિ કરવા યોગ્ય છે. હમણાં ઉપાધિ વિશેષ રહે છે, તેથી પત્ર લખવાનો અવકાશ મળતો નથી. જે કર્મ આવ્યાં છે તે પોતાનાં બાંધેલાં છે અને તે પોતાને જ પતાવવાનાં છે. કર્મ ભોગવતાં એમને સમતા રહે છે, ગભરાટ થતો નથી. ઉપાધિ કરે છે છતાં મુક્તપણે વર્તે છે. જેને કર્ત્તાપણું નીકળી ગયું છે તેને ગમે તેમ થાય તો પણ તેને સમાધિ છે.

''देहाभिमाने गलिते, विज्ञाते परमात्मनि ।
यत्र यत्र मनो याति, तत्र तत्र समाधयः ।।''

હું વાણિયો છું, બ્રાહ્મણ છું, સ્ત્રી છું, પુરુષ છું એ આદિ દેહાભિમાન જેને નથી અને આત્મસ્વરૂપ જેણે જાણ્યું છે, તેનું ચિત્ત જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તેને સમાધિ છે, રાગદ્વેષ થતા નથી. અમુક કરવું, અમુક ન કરવું એમ એ કરતા નથી. જે ઉદયમાં આવે તે કરે છે. સમાધિભાવ એમને છૂટતો નથી. એ ક્ષાયિક સમકિતનું બળ છે. માગશર સુદ-૬ થી શ્રાવણ વદ સુધીમાં કેટલી દશા વધી છે! સોભાગભાઈને સમાગમની ઇચ્છા છે એમ કૃપાળુદેવ કહે છે, પણ હાલ તો થાય તેમ નથી. દિવાળી પછી એ યોગ બનશે એમ લાગે છે. કૃપાળુદેવને તો એટલી ઉપાધિ છતાં સમાધિ વર્તે છે. મુખ્ય આધાર તો પ્રારબ્ધ ઉપર જ રાખે છે. આમ કરવું, ફલાણાને મદદ કરવી એવું કશું મનમાં આવતું નથી. જે થાય તે ભલું માનવાની ઇચ્છા છે. જ્ઞાનીપુરુષની દશા બહુ અટપટી હોય છે. સમજાવી બહુ મુશ્કેલ છે.

કાળજી રાખીને સાંભળવા યોગ્ય પત્ર છે. બીજે ચિત્ત ન રાખશો.

[વ૦ ૪૦૧] **૨૫૨** શ્રી રાજમંદિર, આહોર, ફાગણ વદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– વૈરાગ્ય થવો એ એક મોટો ગુણ છે. એને સંસાર ઉપર પ્રીતિ નથી. વૈરાગ્ય થયા પછી શમ, સંવેગાદિક ગુણો આવવા જોઈએ. એકલી દીક્ષા લેવાથી કલ્યાણ ન થાય. પહેલાં એટલી યોગ્યતા જોઈએ. તે ઉત્પન્ન થવાનું કારણ સત્સંગ છે. જીવને શમ, સંવેગાદિક ગુણો પ્રાપ્ત

થયા હોય અને પછી જો દીક્ષા લે તો સફળ છે, પણ એ થયું નથી. જીવે દીક્ષા ઘણીવાર લીધી છે, યમનિયમાદિ ઘણાં કર્યાં છે, પણ આત્માનું કલ્યાણ થાય એવું કર્યું નથી.

**"સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;**
**સત્સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?"**

એ સત્સાધન રહી ગયું છે. "જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી." (૫૦૫) આત્મા ફરે એવું કરવું છે. વૈરાગ્ય પણ સંસારરૂપ થયો છે. એ બધાં સાધનો નિષ્ફળ થયાં છે, તે કેમ થયાં? તેનો વિચાર વારંવાર કરવાનો છે. જ્ઞાનીની આજ્ઞાથી યમનિયમાદિ સફળ છે. સત્સાધન કર્યું હોત તો મોક્ષ થાત, પણ એવું નથી કર્યું. અનંતકાળથી પરિભ્રમણ કરે છે. મોક્ષ કેમ નથી થતો? એનું કારણ શું?

**"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;**
**અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન."**

સાચું શોધવું છે. કશી ભૂલ ન રહે એવું કરવાનું છે. તીર્થંકર ગૃહસ્થાવસ્થામાં હોય અને ઘોડા ખેલાવે તો અજ્ઞાની જાણે કે તીર્થંકર ઘોડા ખેલાવતા હશે? બાહ્ય પ્રવૃત્તિથી ખબર ન પડે. જીવ બહારનું જુએ છે. બાહ્ય વેષાદિ દેખી કલ્પના કરે છે. જીવ સત્પુરુષનો નિર્ણય કરવામાં ભૂલો પડ્યો છે. દીક્ષા લઈને શું કરવું છે? શું રહ્યું છે? તેનો વિચાર કરવો. જે કંઈ કરીએ તે સફળ થવું જોઈએ. ઘણીવાર દીક્ષા લીધી પણ આત્માનું કલ્યાણ થયું નથી.

**[વ૰ ૪૦૧]** (સવારના સભામાં) **૨૫૩** શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૫, ૨૦૦૯

પૂજ્યશ્રી—

**"સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,**
**સત્સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?"**

સત્પુરુષના યોગ વિના જીવ સાધન કરે છે, તેથી શમ, સંવેગાદિ ગુણો ઉત્પન્ન થતા નથી.

**"સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક,**
**પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક."**

સાધન જીવે બહુ કર્યાં છે, પણ બંધનરૂપ થયાં છે. જ્યાં સાચ હોય ત્યાંથી સાચ આવે. વેષને આધારે જીવ સત્પુરુષ અને અસત્પુરુષ એમ કલ્પતો આવ્યો છે.

**[વ૰ ૪૦૨]** (રાતના સભામાં) **૨૫૪** શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૧, ૨૦૦૯

પૂજ્યશ્રી— કૃપાળુદેવ કહે છે કે અત્યારે જે પ્રારબ્ધનો ઉદય છે તેથી કંઈ જ્ઞાન જતું રહે એવું નથી. કલ્યાણ કરવું હોય તો થઈ શકે છે. અમારા આ ઉદયથી ગભરાવા જેવું નથી.

મહાપુરુષો તો પરના એક અણુ જેટલા ગુણને પણ પર્વત જેટલા દેખે છે. સોભાગભાઈ પાસે કોઈ મુમુક્ષુ આવે તો તેમને કૃપાળુદેવની શ્રદ્ધા થાય, એવા એ હતા. બધાનું કલ્યાણ થાઓ, એવી એમની ઇચ્છા હતી. એમને નિષ્કામ ભક્તિ હતી.

“શ્રી મોહમયી સ્થાનેથી” એમ લખ્યું. ‘શ્રી’ લગાડ્યું. મહાપુરુષો જ્યાં વસે છે તે ક્ષેત્ર પણ પૂજ્ય છે.

અનંતકાળથી જીવ આથડ્યો છે. જાણતાં કે અજાણતાં જે દોષો થયા હોય તે દોષો ક્ષમાવીએ છીએ, એમ લખે છે. બાર મહિનામાં એક વખતે સંવત્સરી આવે, તે પર્વ ઉપર વિશેષપણે ધર્મ કરવાનો છે. ક્ષમાપના કરવાનું તે પર્વ, આ વર્ષ સંબંધી પૂરું થયું એમ કહે છે. ભૂતકાળમાં જે થયું તે થયું, પણ હવે તો દોષ કરવા નથી.

એમનું ચિત્ત નિર્મળ થયું છે. એ આત્મા જ જુએ છે. એ ભાવ એટલો દૃઢ થયો છે કે ફરી છૂટે જ નહીં. એ શાથી થયો ? તો કે એમને ક્ષાયિક સમકિત થયું છે તેથી. કૃપાળુદેવ કહે છે કે એવો નિર્ણય અમને થયો છે. એવો નિર્ણય કરનાર ચિત્ત છે, તેને નમસ્કાર કરીએ છીએ.

સોભાગભાઈએ કોઈ વ્યવહારિક વાત લખી હશે, પણ કૃપાળુદેવનું ચિત્ત તેમાં ગયું નહીં. બધા સંકલ્પ-વિકલ્પ છોડી આત્મામાં ચિત્ત સ્થિર થઈ ગયું છે, એ આત્માકારતા છે. લખતી વખતે પણ એમને સહજસ્વરૂપ લક્ષમાં છે. આત્મામાં મારું-તારું, સંકલ્પ-વિકલ્પ કંઈ નથી, એવું જેને થયું હોય તે આત્મામાં લીન થાય છે. મોક્ષમાર્ગનો ભોમિયો વૈરાગ્ય છે. એની જરૂર છે. ઉચ્ચ દશાના પુરુષોએ એ વચનો કહ્યાં છે, તે સજીવન બીજ છે. જીવને ઊભો કરે એવાં વચનો છે. મનુષ્યભવ મળ્યો છે તે આડાઅવળી વાપરવો નહીં. જ્ઞાનીનાં વચનમાં તલ્લીનતા કરવી. “માહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લીનતા તે ‘શ્રદ્ધા’–‘આસ્થા.’ ” (૧૩૫) એ પરમાર્થથી આસ્થા છે.

[વ૦ ૪૦૬] (રાતના સભામાં) ૨૫૫ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૧, ૨૦૦૯

પૂજ્યશ્રી– સોભાગભાઈને એમ રહે છે કે કૃપાળુદેવ ત્યાગ લે તો સારું. આપણા મરણ પહેલાં એ ત્યાગ લે તો આપણે જોઈએ. ભક્તજન હોય તે સ્વાર્થ રાખી ભક્તિ ન કરે. નિષ્કામ ભક્તિની જરૂર છે. એ થવી બહુ દુર્લભ છે.

ઉપરથી ત્યાગ વૈરાગ્ય દેખાતો હોય, પણ અંદરથી સંયમભાવના દુર્લભ છે. હવે છૂટવાનો માર્ગ આવ્યો છે, પણ વાસના છેતરે છે. મનમાંથી વાસના દૂર કર્યા વિના મોક્ષ થશે નહીં. કમાણી કરનાર તો મન છે. મન, વચન અને કાયા એ ત્રણ દુકાનો છે. મન છે તે વચન અને કાયામાં કામ કરે છે. મન એ અંદરની ઇંદ્રિય છે. ભાવ બગડ્યા તો વચન, કાયા કંઈ સુધારી શકે નહીં. મન ફરે તો બધું ફરે. મન જ કર્મ બાંધે છે. એ જ કર્મ બાંધવામાં શૂરું થાય છે.

रत्तो बंधदि कम्मं, मुंचदि जीवो विरागसंपत्तो ।
एसो जिणोवदेसो, तम्हा कम्मेसु मा रज्ज ।। (સમયસાર)

રાગથી કર્મ બંધાય છે અને જો વૈરાગ્ય આવ્યો તો મોક્ષ થાય. કૃપાળુદેવ કહે છે– વર્તમાનમાં જે થાય તે કરીએ છીએ. ભૂત-ભવિષ્યના વિચાર કરતા નથી.

પહેલાં નાનપણમાં એવી ભાવના હતી કે સદ્ધર્મનો ઉદ્ધાર કરવો. બીજા દેશોમાં જઈને પણ ઉદ્ધાર કરવો. પછી જ્યારે વિશેષ સમજણ થઈ ત્યારે એ ઇચ્છા શમાઈ ગઈ. ‘સમજ્યા તે શમાયા.’

જો કે તદ્દન એવી ભાવના મટી ગઈ છે એમ નથી. મુમુક્ષુઓએ મહાપુરુષનું કેટલું માહાત્મ્ય રાખવું જોઈએ તે આ ઉપરથી સમજાય છે.

[વ૦ ૪૦૭] (સવારના સભામાં) ૨૫૬ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૭, ૨૦૦૯

પૂજ્યશ્રી– દીક્ષા લઈને લજાવે તો પછી ફરીને એને દીક્ષા આવેય નહીં. જીવનું કલ્યાણ શાથી થાય છે, તે પ્રથમ વિચારવું, પછી દીક્ષા લેવી. બાહ્ય નિવૃત્તિ તરફ જ લક્ષ ન રાખવો. એ બાહ્ય દૃષ્ટિ બદલવાનું આ પત્રમાં કહ્યું છે.

[વ૦ ૪૧૦] (રાતના સભામાં) ૨૫૭ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૧, ૨૦૦૯

પૂજ્યશ્રી– ભજવા યોગ્ય વસ્તુ શું છે ? તે કહે છે. શુદ્ધાત્મા ભજવા યોગ્ય છે. ''સર્વ જીવ છે સિદ્ધસમ.'' એમ કહ્યું, પણ કહ્યાથી થાય નહીં. ''જે સમજે તે થાય.'' જેને આત્મસ્વરૂપ પ્રગટ છે તે નિરંતર ભજવા યોગ્ય છે. તેલની ધારાની પેઠે અવિચ્છિન્ન ધારાએ પ્રગટ આત્મસ્વરૂપ ભજવા યોગ્ય છે. જે જે મોક્ષે ગયા તેણે તેણે એવું કર્યું છે. જેને આત્માનું કામ કરવું છે તેને તેનો લક્ષ રાખ્યા વિના કામ થાય નહીં. કૃપાળુદેવે આત્મસ્વરૂપ પ્રગટ કર્યું છે, તે ભજવા યોગ્ય છે.

જેને એમ ઇચ્છા હોય કે મારે નિરંતર આત્માને જ ભજવો છે, પણ વચ્ચે પાછાં કર્મો આવે છે. એ કર્મોને તે કર્મોરૂપે જુએ તો ન બંધાય. જ્ઞાનીએ સ્મરણ વગેરે શિખામણ આપી હોય તેમાં ચિત્ત રાખે તો કર્મ આવી ચાલ્યાં જાય. ન કરેલું ભોગવવું પડતું નથી અને પોતે કરેલું બીજાને ભોગવવું પડતું નથી. કોઈ એમ કહે કે શાપ વગેરે આપવાથી એવું થાય છે, તો કહે છે કે એમ નથી; એવું થવાનું હોય ત્યારે જ થાય છે. કોઈના વચનથી પણ કાર્યસિદ્ધિ થાય છે, પણ એ પુણ્ય હોય તો જ થાય છે. લોકોમાં એમ મનાય છે કે એમણે કહ્યું તેથી થયું. જેમ ગૌતમસ્વામીને એવી લબ્ધિ હતી કે જેને દીક્ષા આપે તેને કેવળજ્ઞાન થાય જ, પણ કેવળજ્ઞાન થવાનું હોય તે જ એમના હાથમાં આવે.

એકેન્દ્રિય હોય તે પણ મનુષ્ય થઈ એક અવતારે મોક્ષે જાય છે, તે પણ અપેક્ષાએ જાણવા યોગ્ય છે. નહીં તો મનુષ્યપણું જ મળવું બહુ મુશ્કેલ છે, બહુ દુર્લભ છે. મોક્ષની સામગ્રી પણ મળવી બહુ દુર્લભ છે. કર્મનો સિદ્ધાંત એવો છે કે ફરે નહીં. એ શાસ્ત્રીય છે. બે ને બે ચાર જેવું છે. એ સિદ્ધાંત ફરે નહીં. અત્યારે આપણને સામગ્રી મળી છે તેની કિંમત નથી. મનુષ્યભવ, ઉત્તમકુળ, સત્પુરુષનો યોગ, એમની આજ્ઞા, આજ્ઞા આરાધી શકે એવી શક્તિ મળી છે, તે ફરી મળવી દુર્લભ છે. એક એક ક્ષણ કંજૂસની પેઠે વાપરવી.

[વ૦ ૪૧૧] (રાતના સભામાં) ૨૫૮ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૦, ૨૦૦૯

પૂર્વભવનું જે વર્ણન કર્યું છે તે સાચું છે, શંકા કરવા જેવું નથી. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થવો તે તો ધ્યાન વગેરેથી થાય છે, તેથી પૂર્વભવ જાણી શકે. યોગાભ્યાસથી જ્ઞાનાવરણીય દૂર થાય છે તેથી પૂર્વભવો જાણી શકે. ભવાંતરનું વર્ણન કર્યું છે તે 'આત્મા છે, તે નિત્ય છે', એમ દૃઢ કરવા માટે કર્યું છે. બધાને પૂર્વભવનું જ્ઞાન હોય છે એમ નથી. પશુને પણ સમકિત થાય છે. જેને જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ ન હોય તેને પૂર્વભવનું જ્ઞાન ન પણ હોય, પણ જેને વિશેષ ક્ષયોપશમ હોય તે જાણી શકે છે. પૂર્વભવ જાણી શકાય એમાં કંઈ વિરોધ નથી.

ભગવાન દીક્ષા લીધા પછી જ્યાં જાય ત્યાં પંચ આશ્ચર્ય થાય, એ બહુમાનપણા માટે કહ્યું છે. તેમ થાય છે, પણ બધે એવું થાય જ એમ નથી. એમ બને તો એમાં આશ્ચર્ય જેવું નથી. જ્યાં સંપૂર્ણ આત્મસ્વરૂપની પ્રાપ્તિ હોય ત્યાં ચમત્કાર, રિદ્ધિસિદ્ધિઓ વગેરે બધું હોય છે. મોહ હોય તો ઇચ્છા થાય, પણ મોહ જેનો ક્ષય થયો છે તેને રિદ્ધિસિદ્ધિ ફોરવવાની ઇચ્છા થતી નથી, પણ સામા જીવના પુણ્યને લઈને થાય તેમાં ના નથી; એમાં તીર્થંકરપણાને બાધ નથી. બીજાને દેખાડવા-કરવા માટે કરતા હોય તો એ તીર્થંકર નથી.

આ કાળમાં કેવળજ્ઞાન, ક્ષાયિક સમકિત ન હોય એવું એકાંતે કહ્યું નથી. દશબોલ વિચ્છેદમાં ક્ષાયિક સમકિત પણ આવે છે. ક્ષાયિક સમકિત એટલે જે સમકિત જાય નહીં. સાતે પ્રકૃતિનો ક્ષય કરી નાખે તેને એ સમકિત થાય છે. આ ભવે મોક્ષે જાય તે ચરમશરીરી કહેવાય છે. આ કાળમાં અશરીરીભાવ થઈ શકે છે, તો તે સિદ્ધપણા જેવું જ છે. કોઈ કહે કે એવું તો આ કાળમાં ન થઈ શકે, તો કૃપાળુદેવ કહે છે કે, તો આ કાળમાં અમે નથી, કેમકે અમે અશરીરી ભાવે રહીએ છીએ. ''અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ.'' (૨૫૫) શાસ્ત્ર એ સદ્ગુરુ દ્વારા સમજવા યોગ્ય છે.

[બ૦ ૪૧૧] (રાતના સભામાં) ૨૫૯ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૨, ૨૦૦૯

પૂજ્યશ્રી– આ કાળમાં મોક્ષ ન થાય એવું એકાંતે કહેવા યોગ્ય નથી, ન જ થાય એવું કહેવા યોગ્ય નથી. ભગવાનનાં વચન સ્યાદ્વાદ છે, એકાંતે નથી. અશરીરી ભાવે રહેવાતું હોય તો ભાવથી સિદ્ધ જ છે. કૃપાળુદેવ કહે છે– અશરીરીભાવે આ કાળમાં ન રહેવાય એમ કહો, તો આ કાળમાં અમે નથી એવું થાય. અમે અશરીરીભાવે રહીએ છીએ. *દશ બોલ વિચ્છેદ સંબંધી આગમમાં કહ્યું હોય તો પણ એ કોઈ જ્ઞાની પાસે સમજવા યોગ્ય છે. એનો આશય જે સમજે છે તેની પાસે એ સમજવાનું છે. કઈ અપેક્ષાએ એ કહ્યું છે, તે સમજવા જેવું છે. આગમનો આશય સમજનારા જ્ઞાની દ્વારા સમજવા યોગ્ય છે, નહીં તો સમઠજાય નહીં. વાંચીને, સમજીને, કરવી તો આત્મામાં સ્થિરતા છે. એ સત્પુરુષ વિના થાય એમ નથી.

[બ૦ ૪૧૩] (રાતના સભામાં) ૨૬૦ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૦, ૨૦૦૯

પૂજ્યશ્રી– લોકવ્યાપક બધો અંધકાર છે. જડ વસ્તુ તો કશું જાણે નહીં. એક ચેતન છે તે સ્વયં જાણે છે. ''સ્વયંજ્યોતિ સુખધામ.''

જેણે પોતે પોતાને જાણ્યો છે, તે યથાર્થ દેખે છે. બધા લોકો પાંચ ઇંદ્રિયોના વિષયોને ઇચ્છે છે. જગત ગમે તેવું કરે પણ જ્ઞાની પોતે ઉદાસ રહે છે, નિઃસ્પૃહ રહે છે. એમને કોઈની ઇચ્છા નથી.

*(૧) કેવળજ્ઞાન (૨) મનઃપર્યવજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) પૂર્વજ્ઞાન (૫) યથાખ્યાતચારિત્ર (૬) સૂક્ષ્મસાંપરાયચારિત્ર (૭) પરિહારવિશુદ્ધિચારિત્ર (૮) ક્ષાયિક સમકિત (૯) પુલાકલબ્ધિ (૧૦) જિનકલ્પ. (જુઓ પત્રાંક ૬૯૧) અથવા 'પ્રવચનસારોદ્ધાર'માં કહ્યું છે કે જંબુસ્વામીના નિર્વાણ પછી નીચે પ્રમાણે દશ વસ્તુઓ વિચ્છેદ ગઈ. (૧) કેવળજ્ઞાન (૨) મનઃપર્યવજ્ઞાન (૩) પરમાવધિજ્ઞાન (૪) આહારક શરીર (૫) ત્રણ સંયમ–પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસાંપરાય અને યથાખ્યાત (૬) ક્ષપકશ્રેણી (૭) ઉપશમશ્રેણી (૮) પુલાકલબ્ધિ (૯) જિનકલ્પ (૧૦) મોક્ષગમન.

એ પોતાને ભૂલતા નથી. ગમે તેવાં આકર્ષણ હોય તોપણ પોતે પોતારૂપે જ રહે છે. આખું જગત ગમે તેમ વર્તતું હોય, પણ જેણે આત્મા જાણ્યો છે તે આત્મામાં સ્થિર રહી જગતને દેખે છે. જ્ઞાની જ્ઞાન સ્વરૂપ જ છે. કૃપાળુદેવ જ્ઞાનસ્વરૂપ જ છે. હવે આટલું લખી આ લખવાની પ્રવૃત્તિ પણ બંધ કરી દઈએ છીએ. ''ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિ માંય.'' જગત પુદ્‌ગલને દેખે છે, પણ જ્ઞાની પોતાને દેખે છે. જ્ઞાનીપુરુષ બધા આકર્ષણોથી દૂર થયા છે. બીજા જીવો દેખતા છતાં પોતાને દેખતા નથી. જ્ઞાની પોતાને સાચવે છે. એ એમની બલિહારી છે.

આખું જગત બધું પુદ્‌ગલ તરફ તાકી રહ્યું છે અને આ નિઃસ્પૃહ થઈ ગયા છે.

[વ૰ ૪૨૨] ૨૬૧ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૮, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— દુકાળનો અવસર હોય ત્યારે લોકો ગમે તેવું લૂખુંસૂકું ભોજન મળે તેથી ચલાવે છે, કારણ ભોજન મળવું મુશ્કેલ પડે છે. એવો આ કાળમાં પરમાર્થરૂપી દુકાળ પડ્યો છે. તેથી પરમાર્થ પ્રાપ્ત થવો દુર્લભ છે. પહેલાંના શ્રાવકો એવા હતા કે સાધુ ભૂલો પડ્યો હોય તો તેને પણ સુધારતા. અત્યારના કાળમાં ધર્મ સંબંધી કંઈ વિશેષ રહ્યું નથી. આ કાળમાં બહુ પુરુષાર્થ કરવાનો છે, બહુ કાળજી રાખવાની છે; સહેલાઈથી પરમાર્થ પ્રાપ્ત થાય એમ નથી. આ દુષમકાળમાં દુઃખે કરીને ધર્મ પમાય છે. આ કાળ હુંડાવસર્પિણી છે. જીવને એમ તો લાગવું જોઈએ કે મારાથી આત્મકલ્યાણ નથી થતું, એમ વ્યાકુળતા થવી જોઈએ. પ્રમાદી થઈને બેસી રહેવાનું નથી. આ કાળ એવો છે કે સત્પુરુષની છાયામાં રહે તો જ ધર્મ પમાય છે. દુઃખનું કારણ સંસાર છે. અત્યારે શરીરના, મોજશોખનાં સાધનો વધ્યાં છે તે કળિકાળનો જ પ્રભાવ છે. મોક્ષની પ્રતિકૂળતા વધી ગઈ છે. પ્રમાદી થઈને બેસી રહે તો ન થાય. કેટલાય કાળ વ્યતીત થઈ ગયા પણ કલ્યાણ થયું નહીં. વધારે પુરુષાર્થની જરૂર છે.

પરમાર્થમાર્ગ જેણે આરાધ્યો હોય તેવા જીવો આ કાળમાં કોઈક જ જન્મે છે. નહીં તો દેવલોક કે બીજા ક્ષેત્રમાં જાય. આ કાળમાં સારા સંયોગો હોત તો સહેલાઈથી પરમાર્થ પ્રાપ્ત થાત. કાળ એવો છે કે સત્પુરુષ શોધવા જાય તો પણ મળવા કઠણ છે. પ્રભુશ્રીજી આશ્રમમાંથી સ્ટેશન ઉપર આવીને બેસતા અને મારી પાસે વંચાવતા, પણ કોઈ ન આવે. જીવની ઇચ્છા હોય તો ધર્મ આરાધી શકે છે. જીવ પુરુષાર્થ કરે તો થાય એવું છે. જેને સત્સંગનો યોગ મળ્યો છે તેને તો આ કાળ ચોથો આરો છે. કૂંડામાં રત્ન છે. જીવ ધારે તો બધું કરી શકે છે.

ધર્મ શું? તે જીવે જાણ્યો નથી. જીવને ખબર નથી તેથી જે કુળમાં જન્મ્યો હોય તે કુળધર્મમાં મંડી પડે છે. આરાધકને તો ખબર પડે છે પણ વિરાધક જીવને ખબર નથી પડતી. ધર્મની પરીક્ષા કરવા જેટલી બુદ્ધિ નથી. પોતામાં મુમુક્ષુતા આવવી જોઈએ તો પરીક્ષા થાય. મહાપુરુષનો યોગ મળવો દુષ્કર છે. યોગ મળે તો પણ ઓળખવા મુશ્કેલ છે. જીવને પુણ્યની ખામી છે. આ કાળમાં પરમાર્થની બધી સામગ્રી મળી આવે, એવા જીવો તો કોઈક જ હોય છે. જ્યાં જીવ જાય ત્યાં ચોંટી જાય છે. મારે શું કરવું જોઈએ, એનો વિચાર નથી આવતો. માર્ગ સાચો લાગે, તો પણ બીજા મને શું કહેશે, એવા ભયથી ગ્રહણ ન કરે. જ્ઞાનીએ કહ્યું છે તે મારે કરવું જ છે, એવું બળ

આ કાળના જીવોમાં વિશેષ નથી. જીવ એમ માને છે કે મારું સાચું છે, એથી જીવ અટકે છે. આ કાળમાં મુશ્કેલી બહુ છે. પણ પુરુષાર્થ કરે તો કલ્યાણ થઈ શકે છે.

સદ્ગુરુના યોગ વિના જીવ એકાંતમાં ખેંચાઈ જાય છે. કોઈ જીવો ક્રિયાનો નિષેધ કરી જ્ઞાનમાં જ વળગી રહ્યા છે અને કોઈ જ્ઞાનને નિષેધે છે અને ક્રિયા કરે છે. પણ તેથી કલ્યાણ ન થાય. જ્ઞાન અને ક્રિયા બન્ને જોઈએ. આવા દુષમકાળમાં સાચા પુરુષ શોધવા મુશ્કેલ થઈ પડે છે. પૂર્વના ખોટા સંસ્કાર પડેલા હોય છે, તેથી સાચી વસ્તુ હાથમાં આવી હોય તો પણ ન સમજાય. સમ્યક્દર્શન વગર બધું ઊંધુ થાય છે. પહેલું એ જોઈએ.

શાસ્ત્રોમાં કહ્યું છે કે સાધુ દાન કરે તો પાપ લાગે. આ દાનથી મને દેવલોક મળો એવી નિદાનબુદ્ધિથી કદી પણ દાન કરવું નહીં, પણ સમૂળગું દાન ઉત્થાપવા યોગ્ય નથી. 'હું કંઈ જાણતો નથી' માટે જ્ઞાનીપુરુષ પાસે જાઉં અને શીખું તો મારું કામ થશે, એવી ભાવના રાખવી.

જે વ્યવહાર કરવાથી તેનું ફળ પરમાર્થ આવે તે પરમાર્થ વ્યવહાર છે. પરમાર્થ પ્રાપ્ત થાય એવો વ્યવહાર કરવા સદ્ગુરુએ કહ્યું છે. વ્યવહાર ઉત્થાપવાથી પોતે ધર્મ ન પામે અને બીજાને પણ ન પામવા દે. તેથી દુર્લભબોધી થાય. એટલે સાચી વસ્તુ પ્રાપ્ત ન થાય.

જીવે કરવા યોગ્ય, એક તો પોતે સદ્ગુરુનું શરણું લેવું તેમજ ક્રોધાદિ કષાયોને શમાવવા; મોક્ષ સિવાય બીજી ઇચ્છા ન રાખવી; વૈરાગ્ય રાખવો; કષાયનો ઉદય આવે ત્યારે અભાવ લાવવો પણ વધારવા નહીં. સમજવા જેટલી બુદ્ધિ હોય તો આધ્યાત્મિક શાસ્ત્ર પરિણમે, નહીં તો શસ્ત્રરૂપે પરિણમે છે.

આ કાળમાં કુસંગ ઘણો વધી ગયો છે. મોહથી ભરેલા જીવો છે. ચેતતા રહેવાનું છે. કુગુરુઓ જ્યાં ઘણા ફરતા હોય, ત્યાં વધારે ચેતતા રહેવાની જરૂર છે. જીવ ધારે તે કરી શકે છે. મુખ્ય માર્ગ તો આ છે કે જે માર્ગથી અજ્ઞાન જાય, કષાય ઘટે એ માર્ગ પ્રાપ્ત કરવાનો છે. સમ્યક્દર્શનને માટે જે જે ગુણો જોઈએ તે જીવમાં ન હોય તો સમ્યક્ત્વ ન થાય. નિત્ય સત્સંગનો પરિચય રાખે. જ્યારે સત્સંગનો વિયોગ હોય ત્યારે સત્શાસ્ત્રાદિ સેવે, સારા સંયોગાદિ મેળવે તો છૂટવાનું બની શકે છે. ગમે તેવો કાળ હોય પણ જીવ ધારે તો કરી શકે છે. જીવમાં મુમુક્ષુતા હોય તો સમજાય એવું છે. છૂટવાની ભાવના હોય તો સમજાય.

[વ૦ ૪૨૨] ૨૬૨ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ભગવાનનાં વચનો છે તે આંખો છે. ભગવાન કહે છે તે પ્રમાણે વર્તવું. એથી આડું અવળું વર્તવું નહીં. પહેલી માન્યતા ફેરવવી. મોક્ષ સિવાય બીજે સુખ નથી એ લક્ષ રાખવો અને બને તેટલો પુરુષાર્થ કરવો.

સત્સંગ મોટી વસ્તુ છે. તેમાં સાંભળવું, વિચારવું. આત્મહિત થાય તે કરવું છે. એ લક્ષ રાખવો. બીજી વસ્તુઓ પહેરવા-ઓઢવાનું તો સારું થયું છે, પણ આ કાળમાં પરમાર્થ માર્ગ પામવો દુર્લભ છે, બીજું તો ઘણુંય વધ્યું છે. આકાશમાં ઊડતાં વિમાનો આદિ ઘણુંય થયું છે, પણ પરમાર્થ

આ કાળમાં દુઃખે કરી પમાય છે. ઘણાં સત્પુરુષ હોત તો આ કાળને દુષમ કહેવાનું રહેત નહીં. આ કાળમાં ધર્મ ન થઈ શકે એમ નથી. પણ દુઃખે કરી પ્રાપ્ત થાય એવો આ કાળ છે. બધાય જીવોને માટે દુઃખે કરીને માર્ગ પ્રાપ્ત થાય એવું નથી. ઘણા જીવો પૂર્વના આરાધક નથી હોતા. એટલે જેવો ધર્મ મળે તેવા થઈ જાય છે. અજાણ્યો જીવ છે, અને એને ભુલા પડી જવાના ઘણાં કારણો છે. જ્યાં જન્મ્યો ત્યાં જ ધર્મ માની બેસે છે. પોતાને તો ખબર નથી, પણ સત્પુરુષ મળે તો થાય, પણ એ તો દુર્લભ છે. અસત્સંગમાં રહેલો હોય, આગ્રહ હોય તો સત્પુરુષ મળે તો પણ એ આગ્રહ છૂટવા બહુ મુશ્કેલ છે.

સત્પુરુષનો યોગ થાય, સાંભળવા મળે, પણ ગ્રહણ કરવાનું બળ ન હોય. હોય મિથ્યાત્વ અને માને સમ્યક્ત્વ, એ જ મોટી ભૂલવણી છે. જીવ જે ક્રિયા કરે તેને મોક્ષમાર્ગ માને છે. જીવને પરમાર્થમાર્ગે ચઢાવે એવા વ્યવહારને ઉત્થાપવાવાળા પણ છે. સત્પુરુષ પણ એના કહ્યા પ્રમાણે કહે તો એ માને, નહીં તો ન માને. એવી રીતે પોતાને સ્વચ્છંદે વર્તે અને માને કે મેં અધ્યાત્મશાસ્ત્ર વાંચ્યા છે; હું અધ્યાત્મ સમજી ગયો એમ માને છે. તેવો આગ્રહ હોય અને સત્સંગ મળે તો પણ પામવા દે નહીં. કોઈ વખત સત્પુરુષનો યોગ થાય, એમાં પણ આગ્રહ હોય તેથી નિષ્ફળ થાય. જે શુષ્કક્રિયા કરે છે તેને પોષનારા એટલે તમે બહુ તપ, ઉપવાસ કરો છો, એવું પોષણ દેવાવાળા પણ મળે છે. નજીવી વસ્તુઓને ઉત્તમ ધર્મ માને છે, પણ સમજણ ક્યાં ને ક્રિયા ક્યાં? જે દાનાદિક ક્રિયા, જે દશામાં સંસાર વધારે એવી છે ત્યાં એવી દાનાદિક ક્રિયાઓનો નિષેધ કર્યો છે. છઠ્ઠે ગુણસ્થાનવર્તી મુનિને દાનનો નિષેધ છે, પણ સમૂળગું ઉખેડી નાંખ્યું નથી. સંસારનું કારણ એવો જે વ્યવહાર છે તેનો આગ્રહ છોડવા જ્ઞાનીએ કહ્યું છે. એમાં જ મોક્ષમાર્ગ માની બેસે તેનો જ્ઞાનીએ નિષેધ કર્યો છે. જેથી પરમાર્થ સધાય એવા વ્યવહારનો કોઈ સ્થળે નિષેધ કર્યો નથી. શમ, સંવેગાદિ ગુણો સહિત, વૈરાગ્ય સહિત, પક્ષપાત છોડી, મધ્યસ્થતાથી, કષાય પાતળા પડ્યે, પ્રજ્ઞાવિશેષથી, સદ્‌ગુરુગમે, સત્પુરુષ-જ્ઞાનીના સમાગમે શાસ્ત્રો સમજવા યોગ્ય છે. નહીં તો અધ્યાત્મ શાસ્ત્રો શસ્ત્ર જેવાં પરિણમે. મને જ્ઞાન થઈ ગયું, હું સમજ્યો, એમ જીવ કરે છે. હવે આત્મકલ્યાણ માટે કંઈ કરવાનું નથી, એમ માને તે શુષ્ક અધ્યાત્મી છે.

શુષ્ક ક્રિયાવાદી, શુષ્ક અધ્યાત્મી અને શુભ ક્રિયાને ઉત્થાપનારા; એમ ત્રણ પ્રકારના જીવો છે. જ્યાં ધર્મ શોધવા જાય ત્યાં એવા ગુરુ હાથમાં આવે છે. માન, પૂજા આદિની ઇચ્છાએ ફરનારા એવા ગુરુઓ જીવોને અવળે રસ્તે ચઢાવી દે છે. જગતમાં ઘણું કરીને એવું છે. દુઃખે કરીને સાચો ધર્મ જીવને સમજાય એવું છે. શોધક જીવ હોય તેને ચેતાવવા લખ્યું છે કે જીવ ક્યાંય માથું ન મારે. પુરુષાર્થ જાગૃત કરવા માટે જ્ઞાનીપુરુષે ચેતાવ્યું છે. આ કાળમાં એક ભવ કરીને મોક્ષે જાય એવી દશા પણ થઈ શકે છે. મુમુક્ષુતા સહેલી નથી. રોજ શમ, સંવેગાદિ ગુણો મારામાં છે કે નહીં તે વિચારે, ન હોય તો લાવે તો મુમુક્ષુતા આવે. મુમુક્ષુતા વગર સદ્‌ગુરુ ઓળખાય નહીં. મુમુક્ષુતારૂપી આંખ હોય તો ઓળખાય.

પૂર્વ સંસ્કારને લઈને કેટલાકને વૈરાગ્ય સ્વભાવિક રહે છે. ''તે ઊપજવા પૂર્વિત ભાગ્ય.''

[વ૦ ૪૨૨] (રાતના સભામાં) ૨૬૩ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૮, ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવ સોભાગભાઈને વિચાર જાગવા માટે પ્રશ્નો પૂછતા. શાને દુષમકાળ કહેવાય? એવા પ્રશ્નો કૃપાળુદેવ સોભાગભાઈને લખતા. પછી સોભાગભાઈ ઉત્તર લખતા. પછી વિશેષતાથી કૃપાળુદેવે આ લખ્યું. દુષમ એટલે દુઃખે કરીને પ્રાપ્ત થાય એવો પરમાર્થ માર્ગ છે. બીજું તો બધું સુલભ છે. પુદ્ગલો મળે પણ પરમાર્થ પામવો આ કાળમાં દુર્લભ થઈ પડ્યો છે. પરમાર્થ માર્ગ દિવસે દિવસે લોપ થતો જાય છે. એ પ્રત્યક્ષ દેખાય છે.

**''વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ.''**

પરમાર્થ પામવો સર્વકાળમાં દુર્લભ છે. ચોથા કાળમાં પણ દુર્લભ હતો. જેણે ધર્મ આરાધન કર્યું હોય તે તો દેવલોકમાં જાય, પણ જેણે ધર્મ નથી આરાધ્યો એવા ઘણા જીવો આ કાળમાં એકેન્દ્રિય આદિમાંથી ઉત્પન્ન થાય છે. એકેન્દ્રિયમાંથી મનુષ્ય થઈ શકે છે. એક માત્ર અગ્નિ અને વાયુકાયમાંથી નીકળી મનુષ્ય ન થાય. મરુદેવામાતા કેળના વૃક્ષમાંથી આવીને મોક્ષે ગયા. સત્પુરુષો આવા દુષમકાળમાં ઘણું કરી જન્મતા નથી. પહેલાના કાળમાં અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની ઘણા હતા, તેથી તેમની પાસે પૂર્વભવ સાંભળી જીવોને શ્રદ્ધા થતી; પણ અત્યારના જીવોને તો પૂર્વભવ હશે કે નહીં, તેની પણ શ્રદ્ધા બેસતી નથી. કરેલું મને ભોગવવું પડશે એવી જીવોને શ્રદ્ધા નથી. ધર્મનો સાવ લોપ થઈ ગયો નથી. જો સદાચાર સેવી ધર્મ આરાધન કરે તો કરી શકે, પણ ઘણું કરી એવું થતું નથી. દુઃખે કરી ધર્મ પ્રાપ્ત થાય એવો અર્થ કર્યો; પણ એ એકાંતે નથી. કેટલાક જીવો એવા હોય છે કે પૂર્વે પુણ્ય ઉપાર્જન કર્યું હોય તો સત્પુરુષ મળી આવે. બધાંને દુઃખે કરી ધર્મ પ્રાપ્ત થાય એવો અર્થ નથી. સત્પુરુષનો યોગ જેને થાય તેને દુષમકાળ નથી. ઘણા જીવો આ કાળમાં અનારાધક છે, તેથી દુષમકાળ કહ્યો. જૈન ધર્મ એમ કહે છે કે નહાવું-કરવું બધું મૂકવાનું છે. એવું સાંભળે તો મનમાં થાય કે એવું તો આપણાથી કેમ થાય? બીજા ધર્મોમાં તો લોકો નહાવામાં ધર્મ માને છે. માટે આપણે તો તે જ સારો છે, એમ જીવ અનારાધક માર્ગને આરાધકમાર્ગ માની લે છે. આ કાળમાં ઘણા જીવો અનારાધક છે. આ કાળમાં સત્પુરુષનો યોગ થાય, પણ એનું વધારે પુણ્ય ન હોય તો સત્પુરુષનો દેહ છૂટી જાય, અથવા સત્પુરુષ ક્યાંય એકાંતમાં જતા રહે. અસત્સંગ જગતમાં બહુ છે, તેથી સદ્ગુરુનું ઓળખાણ થવું દુર્લભ છે. કાળ એવો છે કે જીવ મિથ્યાત્વમાં રહ્યો છે, એ એને અવળું મનાવે છે. અસદ્ગુરુને સદ્ગુરુ મનાવે. સાચી વસ્તુ હાથમાં આવવી મુશ્કેલ છે. પ્રાપ્ત થાય તોપણ ટકી રહેવું મુશ્કેલ છે. ત્યાગ વૈરાગ્યનું જીવને બળ નથી, તેથી જ્ઞાનીનાં વચનો સમજાય નહીં. સારું છે એમ લાગ્યું હોય તોય બીજાં કારણોમાં તણાઈ જાય. સત્સંગને મૂકી કુસંગનાં કારણો ઘણાં છે. ''આજ્ઞામાં જ એકતાન થયા વિના પરમાર્થના માર્ગની પ્રાપ્તિ બહુ જ અસુલભ છે.'' (૧૪૭) એકતાન થયા વિના છૂટકો નથી. જીવની વૃત્તિ ચંચળ છે, તેથી એકનું એક એને ગમે નહીં, પણ એનું એ ઘસી ઘસીને દૃઢ કરવું. આય ધર્મ છે, આય સાચું છે ને? એમ વચમાં બીજું માની બેસે છે. કુસંગના પ્રસંગો વધારે છે, તેથી એની શક્તિ બધી વેરાઈ જાય. ખોટું હોય અને એને સાચું લાગે. સાચમાં ટકી રહેવું બહુ મુશ્કેલ છે. ત્રણ પ્રકારના જીવો કહ્યા. કેટલાક ક્રિયાજડ છે. જ્ઞાનમાર્ગમાં જેની વૃત્તિ નથી એવા

જીવો છે. કેટલાક ક્રિયાને ઉત્થાપનારા છે અને કેટલાક શુષ્કજ્ઞાની જીવો છે. એવા સંસ્કારો જીવમાં પડ્યા હોય તેથી, સત્સંગનો યોગ પુણ્યને લીધે મળ્યો હોય તોય એને સાચ ગ્રહણ ન થાય. આપણા કાળની આ વાત છે. વિચાર કરે તો સમજાય કે એવું જ બધું જગતમાં વર્તે છે. કોઈ કોઈમાં અને કોઈ કોઈમાં ખળી રહે છે. જીવને મધ્યસ્થતા આવવી બહુ મુશ્કેલ છે. પૂર્વના સંસ્કાર બધા ઓકી નાંખે ત્યારે સાચું એને મનાય. નહીં તો સત્સંગમાંય એને પૂર્વ સંસ્કારો આડા આવે. સાચી વાત એને માનવા ન દે, એવા પ્રકારનો ઉપદેશ પણ જીવોને મળ્યા કરે છે.

જ્ઞાન, દર્શનને મૂકી ચારિત્ર અને તપની ક્રિયાજડ જીવો વાત કરે છે. બાહ્યવેશને કે બાહ્યત્યાગને ચારિત્ર કહે છે. બાર પ્રકારનાં તપ છે. તેમાંથી એક અનશનની મુખ્યતા કરે કે એણે તો એટલા ઉપવાસ કર્યા, તે પણ લોકોને દેખાડવા માટે. આત્મસ્થિરતા એ ચારિત્ર છે તેને ભૂલી જાય છે. બહુ મોઢે કર્યું હોય તો કહે કે આ જ્ઞાની છે. તેને જ્ઞાન કહે અને કહેનારની પ્રતીતિ તે દર્શન એમ માને છે. શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય, પણ તેનો મર્મ ન સમજ્યો હોય તેથી શાસ્ત્રમાંથી કોઈ એકાંત વાત લઈને કહે. આત્માર્થને ભૂલી સંસાર વધે એ માટે દાન કરતો હોય તો તેની શાસ્ત્રોમાં ના કહી છે અને બીજું, મુનિઓને બીજાઓને દાન આપવાની ના કહી છે. ત્યાં દાન કરે તો સંસાર વધવાનું કારણ છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે. પણ દાન આપવાથી કંઈ લાભ નથી એમ નિષેધ કર્યો નથી, પણ સંસાર વધે એવાં પ્રકારનાં દાન કરે, અહંકાર કીર્તિ વધારવા દાન કરે, તેની ના પાડી છે.

જીવે ઘણાં ચારિત્ર લીધાં પણ કલ્યાણ થયું નથી, એમ શાસ્ત્રોમાં કહ્યું છે. એ ઉપરથી શાસ્ત્રોમાં ચારિત્રની ના કહી છે, એમ માને છે; પણ શાસ્ત્રનું એવું કહેવું નથી. જે પ્રવૃત્તિ કરવાથી સંસાર વધે એવી પ્રવૃત્તિનો નિષેધ જ્ઞાનીએ કર્યો છે. બાહ્ય ચારિત્રથી જ મોક્ષ છે એવો આગ્રહ થયો હોય તો તે છોડાવવા માટે શાસ્ત્રમાં નિષેધ કર્યો છે કે બાહ્ય ચારિત્રથી કલ્યાણ નથી. વિભાવથી બધો સંસાર છે. વિભાવ છોડે નહીં અને બાહ્યવેશને ચારિત્ર માને તેનો નિષેધ કરવા શાસ્ત્રોમાં કહ્યું છે. સમજીને ત્યાગ કરે તો એનું કલ્યાણ થાય. પરમાર્થ પામવાના જે સાધનો છે તેનો નિષેધ કર્યો નથી. શમ, સંવેગાદિ, સમ્યક્ત્વ પ્રગટવાના ગુણો છે, તેને પ્રગટાવવાનો નિષેધ નથી કર્યો. જે પ્રવૃત્તિથી જીવને હિત થાય તેનો નિષેધ શાસ્ત્રોમાં હોય નહીં. જેથી એને આત્મહિત થાય એવાં સાધનો જે સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્ગુરુ છે, તેનો નિષેધ શાસ્ત્રોમાં નથી. એ પ્રમાણે જીવ વર્તશે તો કલ્યાણ પામશે, એમ જાણી શાસ્ત્રોમાં એ સાધનો ઉપદેશ્યાં છે, નહીં તો શાસ્ત્ર તે શસ્ત્રરૂપ થઈ પડે છે. પહેલું તો શમ, સંવેગાદિ ગુણો એને આવવા જોઈએ, પછી સદ્ગુરુ પાસે શાસ્ત્ર શીખે તો વિશેષ લાભ થાય. ઇંદ્રિયોથી પાછો હઠી શાસ્ત્ર સમજે તો વિશેષ લાભ થાય. કષાય મંદ થાય તો સત્શાસ્ત્ર એને સમજાય. વિશેષ પ્રજ્ઞા જોઈએ, તો જ્ઞાનીનાં વચનો સમજી શકે. આત્મા સંબંધી જે અધ્યાત્મ ગ્રંથો છે તે સદ્ગુરુ યોગે સમજવા યોગ્ય છે. નહીં તો શસ્ત્રરૂપ થઈ પડે છે. માત્ર શબ્દો શીખી લઈ અભિમાન કરે છે, એવા જીવોનો વર્ગ છે. તેના સંસર્ગથી જ ઘણા જીવો બગડે છે. ઠેકાણે ઠેકાણે એવા યોગ જીવને મળે છે. આત્મજ્ઞાન થયું ન હોય તોય પોતાને ગુરુ માની બેસે છે. તે જીવોને અવળે રસ્તે ચઢાવી દે છે.

"કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ."

જીવ ચેતે નહીં તો ક્યાંય માથું ભરાઈ જાય. કોઈને એમ થાય કે આ કાળમાં ધર્મ ન થાય માટે લહેર કરીએ, તે માટે આ લખ્યું નથી; પણ વિશેષ પુરુષાર્થ કરવા લખ્યું છે. સાવચેતી રાખવા કહ્યું છે, પણ ધર્મને રસ્તે ન જવું એવું કહ્યું નથી. એક ભવ કરી મોક્ષે જઈ શકે એવું આ દુષમકાળમાં થઈ શકે છે. સાચો માર્ગ જ મારે પ્રાપ્ત કરવો છે, એવી ભાવના કરવી. ત્યાગ વૈરાગ્યની જરૂર છે. એ હશે તો સદ્ગુરુ ઓળખાશે. અજ્ઞાનથી છૂટવું એ મોક્ષ છે. શમ આદિ ગુણો મુમુક્ષુને હોય જ. આ કાળમાં મુમુક્ષુ ન થાય એવું નથી, પણ એવી વાતો સાંભળે, વિચારે તો મુમુક્ષુતા આવે.

[વ૦ ૪૨૩] ૨૬૪ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૮, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જેને પોતાનું જીવન સુધારવું હોય તેણે કેમ વર્તવું તે કહે છે. પહેલું તો મારે પ્રમાદ ઓછો કરવો છે, એવો નિશ્ચય કરે. હવે પ્રમાદમાં મારી ક્ષણ પણ ન જાય, એમ નિશ્ચય કરે. પોતામાં તપાસે કે મારો કેટલો વખત પ્રમાદમાં જાય છે. મારે પ્રમાદ ઓછો થાય એવું કરવાનું છે. મારાથી મોક્ષમાર્ગમાં વર્તાતું નથી એનું કારણ પ્રમાદ છે, માટે મારે પ્રમાદને ટાળવો છે એવો નિશ્ચય કરે તો માર્ગ મળી કામ થાય એવું છે. પ્રમાદમાં ઘણો વખત ગાળ્યો છે; પ્રમાદ નથી કરવો, એવો નિશ્ચય કરી પ્રમાદની તપાસ રાખે. આ ભવમાં જે કરવું હોય તે થાય એવો લાગ આવ્યો છે. 'સમય માત્ર પણ પ્રમાદ ન કરવો.' મારે પ્રમાદ ઓછો કરવો છે, એટલું પણ મનમાં રહ્યા કરે તો તે માર્ગમાં સ્થિતિ કરાવે છે. મોક્ષમાર્ગનો વિચાર આવે તો સ્થિર થાય. પ્રમાદ ઓછો થાય તો તે માર્ગમાં સ્થિતિ કરાવે. 'કર વિચાર તો પામ.' વિચાર કરે તો પમાય એવું છે. મોક્ષમાર્ગ વિચારવાનો છે. જ્ઞાનીની શીખામણ જીવ ભૂલી જાય છે. આળસ અને પ્રમાદ એ બે મોટા શત્રુઓ છે. કોઈ કામ કરવું હોય તો મનમાં થાય કે કાલે કરીશ. ધર્મના કામમાં ઢીલ કરવા જેવું નથી.

[વ૦ ૪૨૪] ૨૬૫ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૮, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જે વૈરાગી હોય તેનો સમાગમ જ્ઞાનીપુરુષો પણ ઇચ્છે છે. મુમુક્ષુનો સમાગમ થાય તે એક સંસારમાં વિશ્રાંતિનું સ્થાન છે.

[વ૦ ૪૨૫] ૨૬૬ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૮, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– કૃપાળુદેવ લખે છે કે વૈરાગ્ય એટલો બધો છે કે ઉપાધિમાં ચિત્ત ચોટતું નથી. સમભાવ રહે છે. ઉપાધિ ગમતી નથી. આ ઉપાધિ યોગ વહેલો પતી જાય તો સારું. આ ઉપાધિ યોગ ન હોત તો ઘણાં જીવોને લાભ થાત. જગતમાંથી અમારે કશુંયે જોઈતું નથી. જે આવે તે સહન કરીએ છીએ.

દેહમાં મોહ કરવા જેવો નથી. વહેલો મોડો દેહ તો છૂટી જવાનો છે. માટે દેહમાં મોહ રાખવા યોગ્ય નથી. મને આત્મજ્ઞાન ક્યારે પ્રગટે, એ પુરુષાર્થ કરવાનો છે. એમાં ખામી ન આવવી જોઈએ. દેહની ફિકર કરીને આર્ત્તધ્યાન કરવાનું નથી. થવું હોય તે થાઓ. જેને મોક્ષે જવું છે, તેને

જ્ઞાનીપુરુષો કહે છે– 'દેહ જુદો છે અને આત્મા જુદો છે. જાણનારો દેહથી જુદો છે.' એવો નિશ્ચય કરવાનો છે. જીવ પોતાને દેહથી ભિન્ન જાણે તો કંઈ દુઃખ ન લાગે. ગજસુકુમારને માથે અંગારા ભર્યા પણ માથું ન હલાવ્યું, એવું કરવાનું છે. હું દેહ નહીં. આત્મામાં અનંત સુખ છે, અનંત આનંદ છે. પોતાના સ્વભાવમાં દુઃખ નથી. ભેદજ્ઞાનથી દેહ અને આત્મા બન્ને ભિન્ન છે, તેને ભિન્ન સમજવાના છે. બન્ને એક જ જગ્યાએ રહે છે, પણ જુદા છે. આત્માનો સ્વભાવ અને જડનો સ્વભાવ જુદો છે. જ્ઞાનીના બોધનું બીજ આ છે.

**[વ૦ ૪૨૫]** (રાતના સભામાં) ૨૬૭ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૬, ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવને ઉપાધિ ન રહે તો સારું એમ રહ્યા કરે છે. ઉદય એવો છે કે ઉપાધિ છોડી શકાય એવું નથી, નહીં તો છોડીને જતા રહે. પરમાર્થનું દુઃખ તો સમ્યક્ત્વ થવાથી ગયું; તેથી એ વિષે તો ફિકર ચિંતા નથી, પણ જે પ્રારબ્ધ બાંધેલું છે, તે નડે છે. પ્રારબ્ધ પોતાને ભોગવવું પડે તેનું બહુ દુઃખ લાગતું નથી, પણ બીજા જીવોને જ્ઞાનીની ઓળખાણ થવામાં એ વિઘ્નરૂપ છે, એમ જાણી મનમાં દયા આવી ખેદ થાય છે કે એવો ઉદય ક્યાંથી? એક તો જીવોને એ ઉદય ઓળખાણ થવામાં વિઘ્નરૂપ છે અને બીજું જીવો આશાતનામાં પણ પ્રવર્તે તેનું એમને દુઃખ લાગે છે. કલ્યાણ થવામાં કોઈ રીતે પણ નિમિત્તરૂપ થવું એવું ઋષભાદિ તીર્થંકરોએ પણ કર્યું છે. એ કલ્યાણનું નિમિત્ત સદ્ગુરુની ઓળખાણ છે. એ ઓળખાણ થવામાં આ પ્રારબ્ધ વિઘ્નરૂપ છે. અમને કામ કરવું પડે છે તેનું દુઃખ નથી લાગતું. જગતના કોઈ પદાર્થ પ્રત્યે ઇચ્છા નથી થતી. નિસ્પૃહ ચિત્ત થયું છે, છતાં ઉદ્વેગ રહે છે. તેનું કારણ બીજા જીવોને કલ્યાણનું કારણ થતું નથી એ છે, બીજું કોઈ કારણ છે નહીં. સંસારની બીજી કોઈ વસ્તુ તો એમને જોઈતી નથી. એટલું બધું લાગે છે કે આંખમાંથી એમને આંસુ આવી જાય છે.

**"યથા હેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે;**<br>**થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે."**

એવી ભાવના નાનપણથી હતી. મોક્ષમાર્ગે જવાની ઇચ્છાવાળા ઘણા જીવો છે, પણ એમને કોઈ દોરનાર નથી એમ જાણી દયા આવે છે. કૃપાળુદેવ કહે છે કે ઉદય એવો છે કે ખસે એમ નથી, એમાં અમારું ચાલે એમ નથી. પૂર્વે બાંધેલું છે તે કોણ ભોગવે? પોતે જ ને. એમને એથી છૂટવું છે. સમભાવ રાખીને વેદ્યા વિના છૂટકો નથી. ભાવના તો છે, પણ બીજો રસ્તો નથી. થવું હોય તે થાઓ એમ થઈ જાય છે. પોતાને તો બીજાનું કલ્યાણ કરવાની દયા-ભાવના હોય પણ પરતંત્રતા હોય એટલે શું કરે? પ્રારબ્ધ પણ એમને એવું છે કે ખસે એવું નથી. બધી યોગ્યતા છે પણ એક આ પ્રારબ્ધનો ઉદય બીજા જીવોના કલ્યાણમાં વિઘ્નરૂપ છે.

દેહ પ્રત્યે મોહ કરવાથી કંઈ લાભ નથી. બધા જ્ઞાનીઓએ દેહાધ્યાસ છોડ્યો છે. દેહને માટે દુઃખી થવાનું નથી. આર્ત્તધ્યાન થાય તો પાપ બંધાય. વેદના દૂર કરવાની ઇચ્છા થાય તે આર્ત્તધ્યાન છે. ઇષ્ટજનના વિયોગને લીધે ચિંતા થાય તેય આર્ત્તધ્યાન છે. અનિષ્ટનો સંયોગ થાય તેને દૂર કરવાની ઇચ્છા, ચિંતા થાય તેય આર્ત્તધ્યાન છે અને મને ફલાણું મળો એમ નિદાન કરે,

તેય આર્ત્તધ્યાન છે. આમ ચાર પ્રકારનાં આર્ત્તધ્યાન કહ્યાં છે. એવું આ વેદનામાં વૃત્તિ રહે તેય આર્ત્તધ્યાન છે. કોઈપણ કારણે દેહને માટે આત્માને કર્મ બંધાવી અધોગતિમાં લઈ જાય એવું કરવાનું નથી. આત્માને હિત થાય તેની ચિંતા કરે તો સારું છે, પણ શરીરને માટે વિચારો કર્યા કરે તે બધું આર્ત્તધ્યાન છે. દેહમાં જે કંઈ થાય તેમાં દુઃખી થવાનું નથી. દેહને માટે આ આત્માને કર્મ બંધાવી અધોગતિમાં મૂકવાનો નથી. હવે તો આત્માને માટે જ આ દેહ ગાળવો છે. દેહમાં ને દેહમાં વૃત્તિ રહે તો આત્મા ભણી વૃત્તિ જાય નહીં. અનંત ભવ ગયા તોય દેહનું કામ થયું નહીં. માટે દેહની પંચાત છોડી આત્માને માટે આ દેહ ગાળવો, એવું કરવું. કૃપાળુદેવે લખ્યું છે કે ''શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્પ્રકારે અહિયાસવા યોગ્ય છે.'' (૪૬૦) ''દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ તેથી અનંત ગણી ચિંતા આત્માની રાખ.'' (૮૪) શરીરમાં જ વેદના થાય છે અને માને છે કે મને થાય છે. એમ માન્યતામાં ભૂલ છે. દેહના ધર્મને પોતાનો માને છે. શરીરમાં વૃત્તિ જાય તે ખોટું છે, એમ સમજણ હોય તો થાય. વિવેક બુદ્ધિ જેને જાગી હોય તેનો લક્ષ રાખે તો ભેદ પડી જાય. બધાં કર્મ જવા માટે આવે છે, પણ પાછાં નવા જીવ સિલકમાં મૂકી દે છે. આ આત્માને અજ્ઞાન છે, તેથી અનંતકાળથી ભટકે છે, એ અજ્ઞાન ક્યારે જશે? એની ચિંતા કરવાની છે.

**''માત્ર દૃષ્ટિ કી ભૂલ હૈ.''**

દૃષ્ટિ ફરી તો પછી થયું. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. આત્માની કાળજી રાખનાર થયો હોય તો બંધના કારણોમાં રાજી ન થાય. જીવને વિવેક નથી ત્યાં સુધી વિપરીતપણું છે અને ત્યાં સુધી બધું દુઃખ છે. વિવેક હોય તો કર્મથી ત્રાસ પામે. બધાથી વધારે મમતા શરીર ઉપર છે. એ જ ઘાતી ડુંગર આડો છે. એથી ભિન્ન થવાની ભાવના કરવી. જેવો સંગ તેવા ભાવ થાય. સત્સંગ હોય તો તેવા ભાવ થાય. સાચા ભાવથી સત્સંગ કરે તો મરણ એને વારંવાર સાંભરે. ખરું જેને માટે ઝૂરવું જોઈએ તેને માટે ઝૂરતો નથી. બહારની બહાર વૃત્તિ રાખે છે. માહાત્મ્ય નથી તેથી બહારની બહાર વૃત્તિ જાય છે. મરણ વખતે કોઈનો ઉપાય ચાલે એવો નથી. માટે ડરવું નહીં, શૂરવીરપણે રહેવું. પ્રાણ જાય તેવો પ્રસંગ હોય છતાં થોડીકવાર જીવાય તો સારું, એમ જેને ન થાય એવા પુરુષ નમસ્કાર કરવા યોગ્ય છે. હું દેહ નથી, આત્મા છું. મરવાનો નથી, એમ જેને દૃઢ થયું હોય તેને પછી ભય શાનો? મિથ્યાત્વને લઈને ડર લાગે છે એ જ આ ભવમાં કાઢવું છે. એ જ્યાં સુધી હશે ત્યાં સુધી સુખ થશે નહીં અને સમ્યક્ત્વ હોય તો નરકની વેદના પણ સુખરૂપ છે. કર્મ બિચારાં બકરાં છે. પોતે બધાયથી ભિન્ન છે. આ જગતને અને મારે કશું લેવા દેવા નથી, એમ થાય તો હિંમત આવે તો પછી નિર્ભય થઈ જાય. દેહની મૂર્છા છે ત્યાં સુધી ભય વગેરે બધું છે. કર્મ બાંધે તો ફરી દેહ ધારણ કરવો પડે છે. દેહ છે ત્યાં સુધી ભક્તિ કરી લેવી. દેહની પાસે મોક્ષનું કામ કરાવી લેવું, પણ એના નોકર ન થવું. ધર્મનો માર્ગ વાતો કરવાનો નથી. જ્ઞાનીના વચનો સાંભળી એનું મહાત્મ્ય રાખવું. કૃપાળુદેવને કોઈએ પૂછ્યું કે તમારો દેહ કેમ સુકાઈ ગયો? કૃપાળુદેવે કહ્યું કે અમારે બે બાગ છે, તેમાંથી એકમાં પાણી વધારે ગયું તેથી બીજો બાગ સુકાઈ ગયો.

આજનો પત્ર બહુ સુંદર છે. ભેદજ્ઞાન થાય તેવો છે. કોઈક વખતે જ એવા શબ્દો નીકળે.

'દેહ તે આત્મા નથી.' એટલા શબ્દો સાંભળી ગાંઠે બાંધવા, જતા ન કરવા. આત્મા અને દેહ જુદા છે. આત્માને શૂરવીર કરવાનો છે. દેહમાં વૃત્તિ રાખવાથી આત્મા નોકર થઈ ગયો છે. આ દેહ ઘડા જેવો જ છે. ઘડાને જેમ ગળું હોય છે તેમ એને પણ ગળું હોય છે. ઘડાને જોનાર જેમ ઘડાથી જુદો છે તેમ શરીરને જાણનાર આત્મા, શરીરથી જુદો છે. બે વસ્તુઓ છે. તેમાંથી દેહમાં ગુંચાઈ ગયો છે.

**"દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રી, પ્રાણ;**
**આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ."**

દેહને અને આત્માને એક ગણી બેઠો છે અને આત્માની સત્તા વડે બધું થાય છે, એ ભૂલી ગયો છે. દેહને ગૌણ કરે તો ધર્મ પ્રગટે એવો છે. દેહમાં આત્મા દૂધપાણીવત્ થઈ ગયો છે. જ્ઞાનીના વચનોમાં તલ્લીનતા રાખે તો કામ થાય. આજના વચનો જેને માન્ય થાય તેને સમ્યક્ત્વ થાય. 'હું આત્મા છું, દેહ નથી.' આટલાં વચનો યાદ રાખવાં, હૃદયમાં કોતરી રાખવાં, પણ એ જીવ ભૂલી જાય છે. જાણનારને માનવો છે, જોનારને જોવો છે. દેહના ફેરફારમાં રાજી ન થવું. પોતાનો દેહ પાતળો છે, જાડો છે, એમ ગણવું નહીં; તેમ બીજાના દેહને પણ ન ગણવો. એ તો બધા ઘડા છે. એમાં વૃત્તિ રાખવી નથી, ભૂલવણી છે. તે કાઢવા માટે જ જ્ઞાનીપુરુષે આ અમૃત વરસાવ્યું છે. 'આત્મા તે દેહ નહીં.' આટલું હૃદયમાં કોતરી રાખવું. બન્ને ભિન્ન પદાર્થો છે. એ ભૂલાય નહીં એવું દૃઢ કરવાનું છે. એવું થયું હોય તો મરણ પાસે આવે તોય કંઈ ભય ન લાગે. વારંવાર વિચારીને દૃઢ કરીને આપણા હૃદયમાંથી ખસી ન જાય એવું કરવું. જ્ઞાનીએ અનંતકાળનાં કર્મો કપાઈ જાય એવું આ હથિયાર આપ્યું છે.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ."**

આ જ ખાસ કરવા યોગ્ય છે. વારંવાર જ્ઞાનીને આજ કહેવું છે, પણ જીવને ટકતું નથી. જ્યાં સુધી જીવને મોહ છે ત્યાં સુધી બાહ્યભાવ રહે છે. પૈસા તો પરમેશ્વર થઈ પડ્યા છે.

**[વ૦ ૪૨૫]** (રાતના સભામાં) ૨૬૮ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૭, ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવે કહ્યું છે કે "હે નાથ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહિની સમ્મત થતી નથી." (૮૫) એટલું દુઃખ હોત તો સમ્મત કરત પણ એ મોહિની જોઈતી નથી. મોહથી જ્ઞાની ડરે છે, પણ દુઃખથી ડરતા નથી. દુકાનમાં કામ કરવું પડે તેનું એમને દુઃખ નથી, પણ મોહનો ડર છે. મોહથી ભવ વધી જાય એવું છે. એ મોહને દૂર કરવા માટે કેડ બાંધી છે, પણ ઉપાધિમાં રહી મોહમાં ચિત્ત ન જાય એવું બળ નથી. એ ચારિત્રમોહ છે. જેમ ઋષભદેવ ભગવાનને ઘણા ઉપસર્ગો આવ્યા તો પણ ધ્યાનમાં અડગ રહ્યા. છ મહિના સુધી ખાવાનું ન મળ્યા છતાં 'મને ન મળ્યું' એમ ન થયું. એવું અમારામાં કઠિનપણું એટલે આત્મસ્થિરતા નથી. ઉપાધિ છે તે ઉપસર્ગ છે, તે સમભાવથી સહન કરીએ છીએ, એમ કૃપાળુદેવ કહે છે. સમભાવની ભાવના કરે છે.

આવું પ્રારબ્ધ જોઈને એમ એમને થાય છે કે આવું જ્ઞાન છે અને વચ્ચે આ પ્રારબ્ધ ક્યાંથી? એમાં બીજા જીવોને લાભ ન થાય તેથી ખેદ થાય છે. અંતરમાં નિર્ગ્રંથ છે છતાં પ્રારબ્ધ એવું છે કે

બાહ્યદશા આવી નથી. સંસારના જીવો દુઃખી છે, તે જોઈને એમને ખેદ થાય છે. દયાને કારણે એમ લાગી આવે છે કે ઘણા જીવોનું કલ્યાણ થાય એવું જ્ઞાન, એવો વૈરાગ્ય છે, છતાં પ્રારબ્ધ એવું છે કે બીજા જીવોનું કલ્યાણ કરાતું નથી. બીજા જીવોની દયા આવવાથી આંખે અશ્રુ પણ આવી જાય છે. ''અમારું હૃદય રડે છે.'' (૬૮૦) એમ લખ્યું છે. મહાપુરુષોને કેટલી દયા હોય છે. એમને પરમાર્થ સંબંધી તો દુઃખ નથી, પણ બીજા જીવોનું કલ્યાણ અમારાથી થતું નથી, એથી ખેદ રહે છે.

કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે કે અમારા હૃદયમાં ઉદ્વેગ થાય છે, તે તમને બરાબર સ્પષ્ટ સમજાશે નહીં, પણ કેટલેક અંશે તમે પરિચયમાં આવેલા છો તેથી સમજાશે. જગતના જીવોનું હિત કેમ થાય? એ એમને મોટું દુઃખ છે. જ્ઞાનીનું ઓળખાણ થાય, આજ્ઞા ઉઠાવે તો કલ્યાણ થાય. વારંવાર એમને હૃદયમાં દયા આવવાથી કેટલો ખેદ થાય છે તે કહી શકાય એવું નથી. જગત આખું સોનાનું થાય તોપણ એમને તૃણ જેવું લાગે. એવી દશા છતાં, ઉદાસીનતા છતાં મનમાં જીવોના કલ્યાણની ઇચ્છા રહે છે. ઉદ્વેગ રહે છે તેનું કારણ બીજું નથી, એ જ છે. આંખમાં આંસુ આવી જાય છે. સંગમદેવે મહાવીર સ્વામીને છ માસ સુધી ઉપસર્ગ કર્યા તેથી એમને દુઃખ ન લાગ્યું, પણ જેના દર્શનથી કલ્યાણ થાય તેની પાસે આવી બિચારો કેટલાં કર્મ બાંધે છે! એમ કરુણાભાવથી ભગવાનને આંસુ આવી ગયાં.

વેદનીના વખતમાં કેમ રહેવું? તે હવે લખે છે. જીવે દેહ ધારણ કર્યો છે, તેમાં મારાપણું કરવા જેવું નથી. દેહાધ્યાસ છોડવાનો છે.

**''છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ.''**

દેહ મારો નથી એમ થાય તો દેહાધ્યાસ છૂટે. 'દેહ તે હું' એમ થઈ ગયું છે, તે કેમ ખસે? એનો આપણે મોટામાં મોટો વિચાર કરવાનો છે. 'હું આત્મા છું' એમ થાય તો મને ગાળ ભાંડે છે, એમ ન લાગે. એને દેહ અને આત્માનો ભેદ પડે તો કંઈ ન લાગે. હું દેહ નથી, દેહ મારો નથી એવું મુમુક્ષુએ કરવું. ભરતે વિચાર કર્યો કે હું દેહ નથી, દેહ મારો નથી, હું દેહનો નથી. જીવને આ મારે કામનું છે, કર્ત્તવ્યરૂપ છે, એમ યાદ જ રહેતું નથી. દેહમાં મમતા કરવા જેવું શું છે? દેહમાં મમતા કરવી તે હાડકાં, માંસ, ચામડી, વાળમાં મોહ કરવા જેવું છે. દેહ મારો છે એવો ભાવ થઈ ગયો છે. માટીના પૂતળા જેવો આ દેહ છે. માટી તો પવિત્ર છે; પણ દેહ અપવિત્ર છે, તેને પવિત્ર મનાવનાર અવિદ્યા, મિથ્યાત્વ છે. તેને વિચારીને ટાળવાની છે, નહીં તો એથી ફરી દેહ ધારણ કરવો પડે. આ આત્મા છે, તે દેહને માટે શોચવાયોગ્ય નથી. દેહને માટે આર્ત્તધ્યાન કરી આત્માને દુઃખી કરવા જેવું નથી. ''કોઈપણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી.'' (૪૬૦) સમભાવ કેળવવાનો છે. એને માટે પુરુષાર્થ કરવો. જીવને એ જ મારે કરવું છે એવો નિશ્ચય નથી. આ કર્યા વિના મને છૂટકો નથી, એ વગર સમાધિમરણ થાય એવું નથી એમ જીવને થતું નથી.

બેય પદાર્થ જુદા છે, તદ્દન જુદા છે. એક તો જાણે અને એક ન જાણે, એમ તદ્દન જુદા છે. તેમાંથી ન જાણે તેને પોતાનું માની દુઃખી થાય છે. કલ્પનાથી દુઃખી થાય છે. આત્માની અજ્ઞાનદશા છે, તે જ ભૂંડી છે. એ અજ્ઞાનદશામાં કેમ રહેવાય?

પરમાર્થ સંબંધી જે દુઃખ છે તે એને લાગતું નથી. બહારનાં દુઃખ લાગે છે. જે થવાનું છે, જે બાંધેલું છે, તેમાં ખોટી થાય છે. જ્ઞાનીએ જે આજ્ઞા કરી હોય તેમાં ચિત્ત રાખે તો છૂટાય. એને ભૂલી બીજા વિકલ્પો કરે છે. સવારથી સાંજ સુધી વિચારે, તો શું વિચારો આવે છે, તેની ખબર પડે. જીવ બીજામાં તણાઈ જાય છે. જીવને બળતરા લાગતી નથી. કર્મ બંધાય એવા ભાવ છે, ત્યાંથી ખસતો નથી.

''સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે.'' (૫૬૯) એટલો બધો લાભ છે. માત્ર દૃષ્ટિની ભૂલ છે. 'હું દેહ નથી' એમ થાય તો નિરાંત થઈ જાય. ''શુદ્ધભાવ મુજમાં નથી.'' એમાં બીજું કશું જ નથી. એ આવ્યા વિના મોક્ષ ન થાય. સર્વ ભાવ 'તુજ રૂપ' થાય તો શુદ્ધભાવ આવે. દેહ પ્રત્યે મૂર્છા કરવા જેવું નથી. જેણે આ દેહની મૂર્છા છોડી તેને નમસ્કાર છે. જેને આત્મદૃષ્ટિ થઈ હોય તેને પોતાનો દેહ જડ લાગે, બીજાનો પણ દેહ જડ લાગે. સાપ આવે, સિંહ આવે, તો પણ એને આત્મા દેખાય, તેથી ભય ન લાગે. દેહ ઉપરથી મોહ છૂટે તો બસ. જ્યારથી જ્ઞાનીની પ્રતીતિ થઈ ત્યારથી દેહ છૂટી ગયો એમ જાણવું. બન્ને ભિન્ન પદાર્થ છે તેને સેળભેળ કરી નાખવા નથી. સમજીને શમાવવાનું છે. આત્મામાં મારું તારું કશું નથી. એ હૃદયમાં કોતરી રાખવાનું છે. બધાએ એ નિશ્ચય પ્રથમ કરવા યોગ્ય છે.

**''છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ;**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.''**

સાંભળ્યું તે જાણ્યું ન કહેવાય.

**''જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય,**
**સુખદુઃખ આવ્યે જીવને, હર્ષ શોક નવિ થાય.''**

એવું થાય તો જાણ્યું કહેવાય. સમ્યક્ત્વ થાય તેને જડ ચેતન વચ્ચે વજની ભીંત પડે. એટલું થાય તો જાણે બીજો ભવ થયો.

'આત્મા દેહ નથી, દેહ આત્મા નથી' એ ચિંતવી રાખવાનું છે, પણ જીવ ભૂલી જાય છે. આ મૂળ વસ્તુ ખરેખર સમજવાની છે, તે આ જ્ઞાની કહે છે. એ સૈદ્ધાંતિક વાત છે. દેહ તે આત્મા નથી. વૈરાગ્ય નથી તેથી ચોંટતું નથી. દેહ તે આત્મા નથી. એ કંઈ જેવી તેવી વસ્તુ છે! દેહને જડ અને ચેતનને ચેતન જાણવાથી જ બધા સિદ્ધ થયા છે. 'દેહ તે આત્મા નથી' એટલું રહે તો દેહ દેખે તોય મોહ ન થાય. દેહને લઈને બધાં રાગદ્વેષ, મોહ થાય છે. દેહ કશું જાણે નહીં. જડ છે.

**''કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.''**

દેહથી છૂટી જવું સહેલું નથી. સમજણ હોય તો થાય.

**''બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહી;**
**વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહી.''**

માની લેવાથી થઈ જાય નહીં.

"જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય;
સુખદુઃખ આવ્યે જીવને, હર્ષ શોક નવિ થાય."

સુખદુઃખના પ્રસંગમાં હર્ષ શોક ન થાય ત્યારે દેહથી આત્મા જુદો થયો કહેવાય. જીવ પરવસ્તુમાંથી પાછો વળતો જ નથી. 'દેહ તે આત્મા નથી' એટલું તો પહેલું કર, તો પછી બધું થશે. પાણીમાં જેમ કમળ જુદું રહે છે તેમ પછી રહે. કૃપાળુદેવના હૃદયમાં કેટલી સ્પષ્ટતા છે! ખરેખર જગતમાં ઉત્તમ વસ્તુ આ શબ્દો કહ્યા છે, તે છે. એમ લાગે તો પ્રેમ થાય. આ વચનોની જેટલી કિંમત લાગે તેટલાં ગ્રહણ થાય. દયાને લીધે એ શબ્દો નીકળ્યા છે. કૃપાળુદેવનો દરેક શબ્દ મંત્ર જેવો છે. પ્રેમની ખામી છે. બીજે પ્રેમ ઢોળાઈ ગયો છે. એ વચનો હૃદયમાં વસે તો જ્ઞાન થાય. પ્રારબ્ધ ગમે તેવું હોય, પણ ત્યાગ વૈરાગ્ય એ તો પુરુષાર્થ છે. ભરત છ ખંડનું રાજ્ય કરવા છતાં મુનિ જેવા રહેતા હતા. દેહનું માહાત્મ્ય લાગ્યું છે, તેનો ઘડો કરી નાંખવાનો છે. જાજરા જેવો દેહ ગંધાતો છે. તેને હવે આત્મા માનવો નથી. દેહનો મોહ જેમ ઓછો થશે તેમ આત્મા ભણી વળાશે. આત્મા જેવી ઉત્તમ વસ્તુ જે મોક્ષ આપે તેને મૂકી દેહ જે ગંધાતો છે, તેને પોતાનો માને છે. દેહ પ્રત્યે મૂર્ચ્છા ન હોય તો જાડો, પાતળો, ગોરો, કાળો હોય તોય કંઈ ન લાગે. મમતા છૂટી તો પછી ગમે તેવો દેહ રહે. દેહનો એક માથે ભાર છે. દેહથી આત્મા ભિન્ન છે. આ દેહથી હું ભિન્ન છું, એવું થયું નથી.

પારકી પંચાતમાં બધા ભવ ગાળ્યા છે. 'આત્મા દેહ નથી, દેહ આત્મા નથી.' એ એક નિર્ધાર કરી મૂકવો. વ્યવહાર કરતાં એ ભૂલી ન જવાય એવું કરવું. અમારે તમારે બધાને આ વાત દૃઢ કરી હૃદયમાં કોતરી રાખવાની છે. જુદું તે જુદું જ એમ માનવું. જ્ઞાનીને આ જ એક મુખ્ય વસ્તુ કહેવી છે. એ જ વારંવાર લક્ષમાં રાખવું. મનુષ્યભવ એ ખરો લાગ આવ્યો છે. માટે વહેલું એ કરી લેવું, નહીં તો મરણ બગાડે. મારું માન્યું છે તેથી બીજી ચિંતા કરે છે. બહુ ચેતવાનું છે. એમને એમ બફમમાં રહ્યો તો પસ્તાવું પડશે. 'આત્મા દેહ નથી' એ ગાઢ રીતે હૃદયમાં દૃઢ કરી રાખવું. ઘડાને જોનાર જેમ ઘડાથી જુદો છે, તેમ દેહથી આત્મા જુદો છે. એ લક્ષ જીવને રહે તો સાવ સહેલી વાત છે. ચોંટી જવું જોઈએ. કૃપાળુદેવે પ્રભુશ્રીજીને કહ્યું કે 'આત્મા જુઓ.' તો પ્રભુશ્રીજીને એવું ચોંટી ગયું કે ત્યારનો દિવસ ને આજની ઘડી સુધી એમને એ છૂટ્યું નહીં. એવું કર્યા વિના છૂટકો નથી. દેહ આત્મા નથી. એ સિદ્ધાંત હૃદયમાં ચોંટી જાય તો પછી દેહ જાડો થાય, પાતળો થાય, ગોરો થાય, કાળો થાય તોય કંઈ ન થાય. બધાનો સાર આ છે. બધા જ્ઞાનીઓનું જે કહેવું છે, તેનો આ જ સાર છે. એનો રણકારો રહ્યા કરે એવું કરવાનું છે. આપણા માટે દયા લાવી જ્ઞાની કહે તે ગ્રહણ કરે તો કામ થાય. નહીં તો

"કથા સુણીને ફૂટ્યા કાન; તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન."

જ્ઞાનીને જે કહેવું છે તે બધું એકઠું કરીને આ કહ્યું કે દેહ તે આત્મા નથી. બધા શાસ્ત્રોનું એ જ રહસ્ય છે. વાતો કરવાની નથી, પણ હૃદયથી એવું કરી નાંખવું.

[વ૦ ૪૩૦] ૨૬૯ શ્રવણ બેલગોલા (બાહુબલિજી),
માગસર સુદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– કૃપાળુદેવને પ્રવૃત્તિમાં પણ સમાધિ સાંભરે છે. મહાપુરુષોની જે પ્રવૃત્તિ હોય છે તે પૂર્વ પ્રારબ્ધને અનુસરીને હોય છે.

જ્ઞાનીપુરુષોની ભાવના એવી હોય છે કે બધાય વહેલા મોક્ષે જાઓ. તીર્થંકર નામકર્મ બંધાય તે વખતે ભાવના થાય છે કે સર્વ જીવોને તારીને મોક્ષે જઉં, એવી ભાવનાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. સમ્યગ્દર્શનનો અંશ પણ પ્રાપ્ત થાય, તો પણ એવી ભાવના થાય કે બધાય જીવો મારાથી વહેલા મોક્ષે જાઓ, આત્મસુખ નિરંતર પ્રાપ્ત હો. આખું જગત પુદ્ગલમાં ખેંચાયું છે, તે મટી બધા જીવોની વૃત્તિ આત્મા ભણી વળો; આત્મસ્થિરતાનો માર્ગ બધાયને પ્રાપ્ત થાઓ; બધાય જીવોની રુચિ પરમાર્થમાં હો, એવી કરૂણાવસ્થા હોય છે. બધાય મહાપુરુષો એ જ કહે છે કે જીવને સહજ સ્વરૂપનું ભાન થાઓ.

ગચ્છ કે સંઘાડામાં વૃત્તિ હોય, તો તે કલ્યાણને પ્રતિબંધરૂપ છે.

અજ્ઞાનદશામાં જેટલો પુરુષાર્થ કરે, તેનું ફળ અજ્ઞાન આવે છે, સંસાર આવે છે. મોહનું ફળ સંસાર છે. લૌકિકભાવમાં રહીને પુરુષાર્થ કરે તો તેનું ફળ લૌકિક જ આવે. ભલે શ્રાવક હોય કે સાધુ હોય પણ લૌકિકભાવથી ક્રિયા કરતો હોય, તો પુણ્ય બંધાય, પણ તેનું ફળ સંસાર છે. સત્પુરુષ મળે, એની આજ્ઞા આરાધે, સ્વચ્છંદ રોકે ત્યારે સંસાર ટળે અને મોક્ષ થાય. સત્પુરુષના બોધ વિના દર્શનમોહ ટળે નહીં.

**''હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ.''**

સંસારનું સ્વરૂપ કષાય કે રાગ-દ્વેષ છે. અસંસારી પુરુષની વાણી કષાયરહિત હોય, તેને સ્વચ્છંદ રોકી આરાધે તો તેનું ફળ સંસાર ન આવે, મોક્ષ જ આવે. કષાયનું ફળ સંસાર આવે અને કષાયરહિતપણાનું ફળ મોક્ષ આવે. કષાયથી જ આખો સંસાર ઊભો થાય છે.

**''ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.''** (૯૫૪)

સંસારનું વિસ્મરણ થાય અને અંતરસંશોધન કરે તો સંસારનો નાશ થાય. સ્વચ્છંદ, સત્પુરુષની વાણીને પણ બગાડી નાખે છે. સત્પુરુષની વાણી અન્યરૂપે ગ્રહણ કરે તો વાણી સત્પુરુષની ન કહેવાય. 'હું અને મારું' મૂકવાનું છે, તેને ઊભું કરે છે. કષાયરહિત પુરુષોની વાણી એને ગમવી મુશ્કેલ છે. જ્ઞાનીપુરુષો કષાય રહિત થઈને વાણી બોલે છે, તે કષાયવાળા જીવને સમજાવી મુશ્કેલ છે.

**''જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;**
**અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ.''** (૯૫૪)

સત્પુરુષ હોય તો સમજાય. ગચ્છમતાદિ મોહથી છૂટાય, સત્પુરુષની વાણી પ્રાપ્ત થાય અને તે સ્વચ્છંદ રોકીને આરાધાય તો આત્મપરિણામ થવામાં વિઘ્ન ન રહે. ''આત્માથી સૌ હીન.''

જીવ પોતાની મતિ આગળ રાખીને કરે છે. પોતાની મતિ મૂકે અને જ્ઞાનીની આજ્ઞામાં મતિ રાખે તો એનું કામ થઈ જાય. લૌકિક દૃષ્ટિએ વર્તે તો કલ્યાણ ન થાય. લૌકિક ભાવ હોય, ત્યાં સુધી અહંભાવથી રહિત થવાય તેમ નથી. જ્ઞાનીપુરુષની આજ્ઞાએ વર્તવાથી અહંભાવ જાય છે. પ્રભુશ્રીજી કહેતા કે તારા જાણવા ઉપર મૂક મીંડું અને તાણ ચોકડી. જ્ઞાનીપુરુષથી જ કલ્યાણ થાય છે, એ વગર ન થાય. ચીલો બદલવો પડશે. મનના સંકલ્પ-વિકલ્પથી રહિત થવું એ ખરો ધર્મ છે. સંકલ્પ-વિકલ્પ હોય ત્યાં સુધી બોધ ચોંટે નહીં. જ્યારે ત્યારે પણ સાચો માર્ગ હાથમાં આવશે, ત્યારે જ કલ્યાણ થશે. મને સત્પુરુષનો યોગ થયો છે, મારું કામ થયું એમ કરીને બેસી જાય, પુરુષાર્થ ન કરે તો કંઈ કલ્યાણ ન થાય. એમ કરીને જ એવો યોગ ઘણીવાર થયા છતાં જીવ સંસારી રહ્યો છે. કલ્યાણ થવાનાં બે કારણ છે તે કહે છે–

(૧) જ્ઞાનદશા ઉપર લક્ષ રાખીને જે કંઈ ક્રિયા કરવી તે આત્માર્થે કરવી; મારે માટે જ કરું છું, મારે અસંગ થવું છે એવો લક્ષ રાખીને કરવી. જ્ઞાનદશા એ સાધન છે. જ્ઞાનદશા આવ્યા વિના અસંગ ન થવાય. આત્મા સિવાય બીજો લક્ષ ન રાખવો. મોહથી દૂર રહી અસંગપણાવાળી ક્રિયા કરવી. જ્ઞાનદશા ઉપર લક્ષ રાખે તો કલ્યાણ જન્મે. જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે. આત્માર્થે કરતો હોય તો બધું સવળું છે. બીજા અર્થે કરતો હોય તો બીજું થાય. (૨) બીજું કારણ અસંગપણું છે. પ્રતિબંધ અને સંગ એ સંસારનો માર્ગ છે.

**[વ૦ ૪૩૦]** (રાતના સભામાં) ૨૭૦ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૫, ૨૦૦૯

પૂજ્યશ્રી– પરમકૃપાળુદેવને પૂર્વકર્મના ઉદયે પ્રવૃત્તિ છે, પણ વર્તમાનમાં સમભાવમાં રહેવાનો પુરુષાર્થ કરે છે, તેથી સમાધિ રહે છે. પૂર્વકર્મને લઈને વર્તવું પડે, પણ આત્મભાવમાં એમને સમાધિ છે. પ્રવૃત્તિમાં એમને ઇચ્છા નથી. સમાધિભાવમાં રહે છે. સમ્યક્દર્શન થાય તેને સહજસમાધિ કહે છે. એની સમાધિ બાહ્ય કારણથી નથી, અંતરંગમાં જે મિથ્યાદર્શન વગેરે ભાવ હતા તે ગયા એ જ સમાધિ છે.

લીમડીના રાજાને સોભાગભાઈ કૃપાળુદેવના પત્રો બતાવતા. કોઈ રાજા ધર્મ પામે તો સારું એમ એમને રહેતું. કૃપાળુદેવ લખે છે કે કોઈ પણ જીવ પરમાર્થને પામે, એવી તમને ઇચ્છા છે, તે અમે જાણીએ છીએ. મહાપુરુષો જીવનું કલ્યાણ થવાનું નિમિત્ત એવું જે સમ્યક્ત્વ તેના કારણમાં પણ પ્રવર્તે છે. પહેલાં બધા લોકો યુગલીઆ હતા. આ ક્રાંતિનો વખત આવ્યો તેથી કલ્પવૃક્ષ ફળ આપે નહીં અને તેથી લોકો લડે, ક્લેશ કરે, એમ જાણી ઋષભદેવે બધી પ્રવૃત્તિ શીખવી અને ક્લેશનાં કારણો દૂર કર્યાં. ક્લેશ મટે, કષાય ઉપશમે તો જ મુમુક્ષુતા આવે. કષાયની ઉપશાંતતાનું કારણ કષાયોને દૂર કરવા એ છે. પરમાર્થ પ્રાપ્ત થવામાં અંશે પણ કોઈ કારણ પરંપરાએ થતું હોય, તેમાં પણ જ્ઞાની ચિત્ત દે છે. મહાપુરુષો ઉદાર ચિત્તવાળા હોય છે અને સર્વનું કલ્યાણ થાઓ એવી એમને ભાવના રહે છે.

કોઈ પણ કલ્યાણનું કારણ હોય તો તેમાં પ્રેરણા કરે. તીર્થંકર ત્રીજે ભવે એવી ભાવના કરે છે કે–

**''સવિ જીવ કરું શાસનરસી.''**

એમને પોતાને સુખ પ્રાપ્ત થયું, તે અલૌકિક છે અને લોકો જેને સુખ માને છે તે જોઈ એમને

દયા આવે છે, તેથી એવી ભાવના કરે છે. એવી એમની દયાદૃષ્ટિ હોય છે. બધા મોક્ષે જાય તો સારું, એમ એમને કલ્યાણ કરવાની ભાવના હોય છે. કૃપાળુદેવે ગાંધીજીને કહ્યું કે કોઈ મને ચારેબાજુથી બરછીઓ ભોંકે તો સહન કરું, પણ આ કુગુરુઓ બિચારા જીવોને લૂંટી લે છે, તે સહન થતું નથી. દયાને લઈને એમને એવું રહેતું. સર્વ જીવ આત્માની સન્મુખ થાઓ એવી ભાવના એમને રહે છે. સમ્યક્ત્વ પામવાનાં સાધનો કરે તે સમ્યક્ત્વની સન્મુખ છે. તે આત્માને ઓળખે અને આત્માને પામે. આત્મસ્વરૂપ પ્રત્યે આવ્યો તો એમાં એને સમાધિ છે. સત્પુરુષની ભાવના એવી હોય છે કે આત્મસ્વરૂપથી છૂટ્યે એને અન્ય અવસ્થા હોય છે એટલે એ સમાધિ ન છૂટો; રૂપાદિ પ્રત્યે એ જીવોની દૃષ્ટિ ન જાઓ, સ્વરૂપને મૂકી બીજા પ્રત્યે ઉપયોગ ન હો, આધિ—મનના દુઃખો પ્રત્યે ઉપયોગ ન હો. આત્મજ્ઞાન થાય તો આત્મસ્થ થાય. આત્મામાં સ્થિરતા થવી એનું નામ સમાધિ છે. દરેકને આત્મજ્ઞાન પ્રગટ હો એવી ભાવના છે. લોકોમાં જે જ્ઞાન કહેવાય છે, તેના કરતાં બીજા અલૌકિક જ્ઞાનમાં જીવોનો ઉપયોગ હો એવી ભાવના છે.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ;**
**એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ."**

એ જ્ઞાનમાં બધાને રુચિ થાઓ. બધા જીવો એજ કરવા મંડી પડો એવી ભાવના રહે છે. જે જ્ઞાનથી સ્વરૂપસ્થ થવાય છે તે જ્ઞાન પ્રત્યે જીવોનો ઉપયોગ હો. ઋષભદેવથી માંડી જે બધા મહાપુરુષો થયા છે, તેમનો આ જ માર્ગ છે. એમને ખરી દયા છે. એમને ભાવદયા છે. બીજાનો ઉદ્ધાર થાય એવી ભાવના તે ભાવદયા અને કોઈ જીવને દુભવવો નહીં એ દ્રવ્યદયા છે. જીવોને જન્મમરણ છૂટી મોક્ષ થાય એવી ભાવના તે ભાવદયા છે. 'ભાવદયા ભંડાર' એમ કહેવાય છે. કૃપાળુદેવને ઘણા જીવો ઓળખે એવી સોભાગભાઈને ભાવના છે. કૃપાળુદેવ કહે છે કે તમે જે ધારો છો તે બનવા યોગ્ય નથી. દીપચંદજી મુનિ ધર્મ પામે તો ઘણા જીવોનું કલ્યાણ થાય, લાભ થાય એવી સોભાગભાઈની ભાવના હતી. સામાન્ય જીવોને એમ લાગે છે જે સારું બોલી શકે, સારું વાંચી શકે, જેના ઘણા શિષ્યો થાય તે મોટા. શિષ્યો થાય છે તે પુણ્યને લઈને થાય છે. કેટલાકના વચન પ્રભાવથી પણ શિષ્યો થાય છે. યશ નામકર્મનો ઉદય હોય તો એ શિષ્યો થાય.

કૃપાળુદેવ કહે છે કે દીપચંદજી મુનિ માર્ગ પામે તો સારું એવી તમને ભાવના છે, પણ એમનાથી કંઈ કલ્યાણ થાય એવું નથી અને જેથી કલ્યાણ થાય એવા પુરુષ તો અત્રે ઉપાધિમાં છે. અમારું જે કહેવું છે તે દીપચંદજી મુનિને સમજાય એવું નથી. જ્યાં અજ્ઞાનથી બધો માર્ગ પ્રવર્તે છે ત્યાં બીજા આકારે સંસાર છે. ધર્મના નામે સંસાર છે. અજ્ઞાનનું આરાધન કરે તો તેનું ફળ અજ્ઞાન જ આવે. અજ્ઞાન સહિત, શાસ્ત્રોમાં કહેલી વિધિ કરે, તપ કરે, ચારિત્ર પાળે, તે બધું (ખોટું) છે. અજ્ઞાન છે ત્યાં સુધી બધી ક્રિયા અજ્ઞાન જ છે. સાધુ છે, તપસ્વી છે, પણ મિથ્યાત્વ સહિત છે તો સંસાર જ છે. ચારગતિથી છૂટવા આત્મજ્ઞાનની જરૂર છે. એ વિના સર્વ ક્લેશ અને દુઃખ મટે નહીં. ચાર ગતિ ઊભી થાય એવા ભાવ થાય તેને મટાડવા અસંસારગત વાણી જોઈએ અને તે પણ સ્વચ્છંદપણે આરાધે તો કલ્યાણ ન થાય. દર્શનમોહ દૂર કરવા જ્ઞાનીના બોધ સિવાય બીજો ઉપાય નથી એમ કહેવું છે. જ્ઞાની કહે તે જ સાચું છે. કલ્પનાથી 'સત્' પર છે. અસંસારગત વાણી

પ્રાપ્ત થાય અને સ્વચ્છંદ રોકે તો એને અજ્ઞાન ખસી સંસાર નિરાકારપણાને પામે છે. જે જે જીવને સંસ્કારો પડે છે, તેના તે ઊગી નીકળે. જે અત્યારે બીજ પડે છે, તેનું ફળ બીજા ભવમાં આવે જ. જ્ઞાનીનાં વચનોથી બીજાં બીજ બળી જાય છે. પ્રભુશ્રીજી કહેતા કે જ્યાં સુધી સમ્યક્દર્શન ન થાય ત્યાં સુધી 'હું જાણું છું, હું જાણું છું' એમ રહ્યા કરે છે. અત્યારે પ્રતિબંધ કરે, ચેલા-ચેલી ઉપર મોહ કરે તો જ્ઞાની ઓળખાય નહીં. એની એ જ દૃષ્ટિ એને રહે તો પછી જ્ઞાની એને મળ્યા તોય શું? આત્મા જો ન ફર્યો તો કંઈ કલ્યાણ થાય નહીં. જ્ઞાનીનાં વચનો પણ જ્ઞાનીની દૃષ્ટિએ સમજવા યોગ્ય છે. જ્ઞાનીનાં વચનો લૌકિકભાવે આરાધે તો તેનું ફળ પાછું સંસાર આવે. કલ્યાણનું કારણ સત્પુરુષ છે. એ સત્પુરુષની સન્મુખ થવું હોય તો બીજા પ્રતિબંધ ઓછા કરવા. તમારે કલ્યાણ કરવું હોય તો બધા પ્રતિબંધ મૂકો. 'લોક મૂકે પોક' એવું કરવાનું છે. ત્યાં કલ્યાણ છે. તમે જે કરતા હો તે જ કરવાની ઇચ્છા હોય તો કલ્યાણની ઇચ્છા મૂકી દો. લોકલાજના પ્રતિબંધ બધા દૂર કરો, નહીં તો કલ્યાણની જિજ્ઞાસા ન રાખો. ખરી રીતે જ્ઞાનીની આજ્ઞાએ કલ્યાણ છે. આજ્ઞા સહિત કરે તો કલ્યાણ થાય. જ્યાં સુધી જ્ઞાનીની આજ્ઞામાં ન વર્તે ત્યાં સુધી કલ્યાણ ન થાય. તમારા વર્તનથી કલ્યાણ જુદું છે, રસ્તો જ જુદો છે. 'ગોકુળ ગાંવકો પિંડો હી ન્યારો.' કલ્યાણ છે તે તો કલ્યાણની સમીપતા આવે ત્યારે સૂઝે એવું છે, નહીં તો જીવે ક્રિયા તો ઘણી કરી છે. અમુક [1]સંપ્રદાયમાં જવાથી કલ્યાણ થઈ જાય એમ નથી. સમીપમુક્તિગામી જીવ હોય તે સત્પુરુષની સમીપતા પામે, નહીં તો સાચી વસ્તુ એને ગમે નહીં. અમુક સંપ્રદાયમાં જવાથી કલ્યાણ થાય એમ હોય તો પછી સંસાર જ છે. જીવ પોતે એમ કલ્પે છે કે આમ કરું તો કલ્યાણ થાય, પણ કલ્યાણ શાથી થાય? તે જ્ઞાની જાણે છે. કલ્યાણનો વિચાર આવવો હશે ત્યારે જ આવશે. જે રસ્તે કલ્યાણ થાય તેના બે ભેદ પાડે છે. એક તો ક્રિયા કરતા હોય, તેમાં મેં આટલું કર્યું એવી મમતા ન હોય તો અસંગપણું કહેવાય. એવી ક્રિયા થતી હોય, માનને અર્થે ક્રિયા ન કરે; માત્ર મમતા છોડીને જે ક્રિયા કરતા હોય, આત્માર્થ સિવાય બીજો લક્ષ ન હોય અને એ ક્રિયામાં જ અટકી ન રહે અને બીજું જ્ઞાન ઉપર જીવોનું લક્ષ હોય કે ક્રિયા કરીને જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ છે. બન્નેનો સુયોગ થાય ત્યારે કલ્યાણ થાય એવું છે. એવું ન હોય તો કલ્યાણ થાય નહીં. અસંગપણાવાળી ક્રિયા અને સાથે જ્ઞાનનો લક્ષ હોય તો કલ્યાણ થાય. અસંગપણાવાળી કે આત્માર્થે કરવાની ક્રિયા અત્યારે ક્યાંય ન મળે. લોકસંજ્ઞાએ એટલે જેમ બધા કરે તેમ કરવું. ઓઘસંજ્ઞામાં કંઈ વિચાર નથી. ઘણા કરે તેમ કરવું તે લોકસંજ્ઞા છે અને કંઈ વિચાર વગર કર્યા કરે તે ઓઘસંજ્ઞા છે. માનને માટે, પૂજાદિ અર્થે, આચાર્ય આદિ પદની ઇચ્છા રાખે છે. આ સારો પૈસાદાર છે, તે આપણો થઈ જાય તો બધી અનુકૂળતા મળે. એને માટે બધી ક્રિયાઓ થાય છે. ઉપરથી ધર્મ દેખાડે પણ અંદરથી બીજું છે, તેથી આત્માર્થ નથી, આત્માર્થને પ્રતિબંધરૂપ છે. આત્માર્થે કરવાની છે, તેને બદલે માનાર્થે ક્રિયા થાય છે. સંસારીઓની સાથે વાતો વગેરે કરવી નહીં. અસંગ થવું હોય તે એવું કરે તો અસંગ ન થવાય. જેને અસંગ થવું હોય તેણે શિષ્ય વગેરેના લફરાં રાખવાં નહીં. દીક્ષા આપનારને મોહ હોય તો આગલા જીવનું ક્યાંથી કલ્યાણ થાય? માંડ માંડ ઇચ્છા કરાવી દીક્ષા આપવાથી કલ્યાણ

૧. સંપ્રદાય એટલે સમૂહ.

નથી. તું દીક્ષા લે એમ તીર્થંકર પણ કહેતા ન હતા. એમને એવો શિષ્ય કરવાનો મોહ જ હોતો નથી. શિષ્યોમાં મોહ છે, એવો શાસ્ત્રોમાં પણ જીવને મોહ હોય છે, તે પણ મહા પ્રતિબંધ છે. આપણા ક્ષેત્રમાં કોઈ સાધુ રહેશે તો શિષ્યોને બગાડી નાંખશે, એ આપણા શિષ્યો ખેંચી લેશે, તેથી બધા શિષ્યોને એકઠા કરે અને એક ઠેકાણે ચોમાસું કરાવે, એવી અત્યારે પ્રવૃત્તિ થાય છે. તે તીર્થંકરનો માર્ગ નથી પણ સંસારનો માર્ગ છે.

**[વ૦ ૪૩૧]** (રાતના સભામાં) ૨૭૧ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૪, ૨૦૦૯

પૂજ્યશ્રી– લોકાલોકને જાણે તે કેવળજ્ઞાન, એ રૂઢ થઈ ગયું છે. એ પરની અપેક્ષાએ છે, પણ એનો પરમાર્થ તો–

**"કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ."**

સત્પુરુષ વગર પરમાર્થ હાથમાં આવતો નથી. આત્મસિદ્ધિમાં બધાંનો સરવાળો મૂક્યો છે.

**"વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત."**

આત્માનો અનુભવ થાય, એ અનુભવ ન હોય તો લક્ષ રહે, એ ન રહે તો પ્રતીતિએ આત્મા રહે, તે ન છૂટે; એ પરમાર્થ સમકિત છે.

આત્મા અરૂપી પદાર્થ છે, એટલે એની જગ્યા કોઈ બીજો લઈ લે છે. મને પ્રકાશ દેખાયો, મને કૃષ્ણ દેખાયા, એ જ આત્મા છે એમ બીજું માની લે છે. પોતાના આત્માને જાણવા માટે ઇંદ્રિયોને રોકી પોતાનામાં જાય તો જણાય અને બીજાના આત્માને જાણવો, એને માટે તો વિશેષ જ્ઞાન જોઈએ, વિશેષ ક્ષયોપશમ જોઈએ.

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

એવા આત્માર્થીને સત્પુરુષનો બોધ થાય, તેથી વિચારણા જાગે ત્યારે સમ્યક્દર્શન થાય છે. એ ન હોય અને સત્પુરુષનો યોગ થયો હોય, તેમની શ્રદ્ધા થઈ હોય, તો તેને પણ સમકિતનું કારણ ગણી તેને સમકિત કહ્યું છે. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ત્રણે પરમાર્થ સમકિત છે. પરમાર્થ એટલે અનુભવસ્વરૂપ. "એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ."

જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય હોય ત્યાં સુધી વસ્તુ વિપરીત ભાસે. જેમ જેમ અંતરંગ કર્મ માર્ગ આપે તેમ તેમ દૃષ્ટિ ફરે. મુખ્ય કારણ તો વૈરાગ્ય ઉપશમ છે. એ હોય તો સમકિત પ્રગટે.

**"સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;**
**સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ."**

એ વ્યવહાર સમકિતનું લક્ષણ છે અને નિશ્ચય સમકિત એટલે

**"વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;**
**વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત."**

જેને પરમાર્થ સમકિત છે, તેની જેને શ્રદ્ધા છે તેને બીજરુચિ સમકિત કહ્યું છે. જે જીવને સત્પુરુષનો યોગ ન થયો હોય, પણ યોગ થાય તો તન, મન, ધન અર્પણ કરવાની શક્તિ હોય તો તે માર્ગાનુસારી છે. નરસિંહ મહેતા, મીરાં એમને માર્ગાનુસારી કહ્યાં છે. માર્ગને માટે તૈયારી કરી રાખી છે, તે માર્ગાનુસારી છે.

કૃપાળુદેવ કહે છે કે આ દેહ સંબંધી કોઈ પ્રવૃત્તિ કરવી પડતી હોય તો તે આત્માર્થે જ છે. પોતાને માટે કે બીજાને માટે, એમાં લક્ષ આત્માર્થનો છે. બીજા કોઈ પદાર્થની અમે ઇચ્છા કરતા હોઈએ તો તે આત્માર્થે જ છે. સત્સંગની ભાવના થતી હોય તો તે દેહને અર્થે નહીં, પણ આત્માર્થને માટે છે. ગમે તે પ્રવૃત્તિ કરવી પડે, પણ એમાં આત્માર્થ ભુલાતો નથી. નિરંતર એઓ આત્મામાં જ વૃત્તિ રાખે છે. બીજું બધું તો ક્લેશરૂપ લાગે છે. નિરંતર આત્માર્થમાં જ લક્ષ રહે છે.

[વ૦ ૪૩૩] (રાતના સભામાં) ૨૭૨ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૪, ૨૦૦૯

પૂજ્યશ્રી– આ કાળ દુષમ કેમ છે? એમ સોભાગભાઈએ પૂછ્યું હશે. તેનો ઉત્તર કૃપાળુદેવ ટૂંકામાં લખે છે. દુષમ એટલે દુઃખે કરી પ્રાપ્ત થાય, એવો તો ધર્મ છે. દુઃખે કરી માર્ગની પ્રાપ્તિ થાય એવો આ કાળ છે. સાચી વસ્તુ હાથમાં આવવી મુશ્કેલ છે. નકલી જ વસ્તુ ઘણી વખત હાથમાં આવે છે. પરમાર્થપ્રાપ્તિરૂપ ધર્મનાં સાધનો સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્ગુરુ એ પ્રાપ્ત થવાં દુર્લભ છે. દુઃખે કરી પ્રાપ્ત થાય એવો આ કાળ છે. સુગમમાં સુગમ કલ્યાણનો ઉપાય પ્રાપ્ત થવો આ કાળમાં દુર્લભ છે. સુગમમાં સુગમ કલ્યાણનો યોગ એટલે જ્ઞાનીનો સમાગમ. એ પરમ સત્સંગ કલ્યાણનો સુગમ ઉપાય છે. કૃપાળુદેવ કહે છે કે અમારાથી વિશેષ દશાના પુરુષ મળ્યા હોત તો અમે બધું પડી મૂકીને તેમની પાછળ જતા રહ્યા હોત. એવા પુરુષની આ કાળમાં ખામી છે. ''તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ?'' (૧૨૮) જેની દશા ઉત્કૃષ્ટ છે, એવાનો સંગ તે પરમ સત્સંગ છે અને સમાન વૃત્તિવાળા જીવોનો સમાગમ તે સત્સંગ છે.

એક તો જીવને પોતાને છૂટવાની ભાવના થવી મુશ્કેલ છે. જ્ઞાનીનું કહેલું એની રુચિને મળતું આવતું નથી. પહેલાંના લોકોને ત્યાગની ભાવના નાનપણથી રહેતી, પણ આ કાળમાં એવું મળતું નથી. મુમુક્ષુ જીવો હોય, સંસાર ગમતો ન હોય, તેમ છતાં 'મને શાસ્ત્ર સમજાય છે, મને ખબર છે' એમ થઈ જાય છે. અથવા સત્સંગમાં કોઈ વાત થતી હોય અને પોતાને ન સમજાય તોય પૂછે નહીં, બધાની સાથે ડોકું હલાવે કે હા, મને સમજાય છે; એ માયા છે. માયા ખસે ત્યારે સરળપણું આવે. ભગવાનનો માર્ગ સીધો છે. પોતાના દોષ જીવ છુપાવે છે. કોઈ પૂછે કે તને ઊંઘ આવે છે? તો કહે ના. જાણે મારો દોષ દેખાઈ જશે, એમ મનમાં થાય એ માયા છે.

આ કાળમાં નિવૃત્તિનો જોગ મળવો બહુ મુશ્કેલ છે. મુમુક્ષુપણું અને સરળતા એ તો પોતાને કરવાનું છે અને નિવૃત્તિ મળવી તે પ્રારબ્ધાધીન છે. નિવૃત્તિ ન મળે એવો કાળ આવી ગયો છે. જીવોનું એવું પુણ્ય નથી. પહેલાં તો લોકો દિવસે થોડુંક કામ કરતા ત્યારે આજીવિકા જેટલું મળી રહેતું, પણ અત્યારે તો આખો દિવસ અને રાત્રે પણ કામ કરે તોય નવરાશ મળતી નથી. નિવૃત્તિ

મળવી આ કાળમાં મુશ્કેલ છે. નિવૃત્તિ હોય તો સત્સંગ થાય.

સત્પુરુષ ગામમાં ચોમાસે આવ્યા હોય તોય કહે કે મને ક્યાં નવરાશ છે? જેમ જેમ અનુકૂળતા વધે છે તેમ તેમ જીવ મોળો પડતો જાય છે. દુષમકાળમાં પણ હુંડાવસર્પિણી કાળ કોઈક વખતે આવે છે. એવા કાળમાં ધર્મ પામવો દુર્લભ છે. હુંડ એટલે વક્ર, બિહામણો એવો આ કાળ છે. મુમુક્ષુતા અને સરળપણું એ તો જીવને પહેલાં ઘણી વાર આવ્યાં છે, પણ સત્સંગનો યોગ તો ચોથા કાળમાં પણ દુર્લભ હતો. મહા પુણ્ય હોય તો સત્પુરુષનું ઓળખાણ થાય પણ પછી સત્સંગ રહેવો મુશ્કેલ છે. મનુષ્યપણું દુર્લભ છે. કલ્યાણની જિજ્ઞાસા થવી દુર્લભ છે. એ જિજ્ઞાસા થાય તોય સત્સંગ મળવો બહુ મુશ્કેલ છે. લૌકિક પુણ્ય તો જીવને ઘણીવાર મળ્યું છે. સત્પુરુષને યોગે બધું સવળું થઈ જાય છે. બધાને સફળ કરનાર સત્પુરુષનો યોગ છે.

**"દરિશણ દરિશણ રટતો જો ફરું, તો રણરોઝ સમાન."** (આ૦ ૪)

મુમુક્ષુ હોય તેને સત્સંગની ઇચ્છા થાય પણ યોગ ન થાય, ત્યાં સુધી રણના રોઝ જેવો છે. બધા કાળમાં સત્સંગ દુર્લભ છે. તો આ કાળમાં તો કેટલો દુર્લભ હોય! સત્સંગનો યોગ ન હોય પણ મુમુક્ષુતા, સરળતા, એ ગુણો પ્રગટ્યા હોય તોય ઘણું છે. એટલી યોગ્યતા આવી હોય તો સત્પુરુષનો યોગ મળતાં ઝટ કામ થઈ જાય.

જ્ઞાનીપુરુષ ઓળખાય એવો બાહ્ય ત્યાગ એમને હોત તો જીવોને સત્સંગની ભૂખ ભાંગત. ભગવાનની વાણી સફળ કરવા માટે જ એમને એવો ઉદય વર્તે છે.

**[વ૦ ૪૩૪]** (રાતના સભામાં) ૨૭૩ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૪, ૨૦૦૯

"ભક્તિપૂર્વક પ્રણામ પહોંચે."

પૂજ્યશ્રી– મહાપુરુષોને વિનય કેટલો હોય છે! જેના વડે સત્સંગ થાય છે તેમના પ્રત્યે કેટલી ભક્તિ છે! 'તુંહિ તુંહિ'ની એમને રટના રહેતી, તેનું એક શબ્દમાં લખ્યું કે "અત્યંત ભક્તિ."

**[વ૦ ૪૩૬]** ૨૭૪ શ્રીમદ્ રા. આ. અગાસ,
આસો સુદ ૧૨-૧૩, સં.૨૦૦૭

મુમુક્ષુ–

**"સમતા, રમતા, ઊરધતા, જ્ઞાયકતા, સુખભાસ;**
**વેદકતા, ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ."**

એમાં જે 'રમતા' શબ્દ છે તેનો શો અર્થ છે?

પૂજ્યશ્રી– આત્મા હોય ત્યાં રમણીયપણું હોય. જેમ કોઈ ઝાડ હોય છે, તેનામાં આત્મા હોય ત્યાં સુધી લીલું દેખાય છે અને જ્યારે આત્મા ન હોય ત્યારે સુકાઈ જાય છે. રમતા એટલે રમણીયપણું.

આત્મા જ બધું જાણે છે. જાણનાર આત્મા છે. આત્મા ન હોય ત્યારે શરીર બગડવા લાગે છે. બે દિવસ પણ પડ્યું રહે તો કીડા પડી જાય છે.

[વ૦ ૪૩૬] ૨૭૫ જેસલમેર, મહા વદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાન એટલે જાણવું.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ, મૂળ૦**
**એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦"**

આત્માનું જ્ઞાન થવા માટે દોહરો કહે છે.

**"સમતા, રમતા, ઊરધતા, જ્ઞાયકતા, સુખભાસ;**
**વેદકતા, ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ."**

આત્મા થઈને આત્મા કહ્યો છે. તે ભેદજ્ઞાનનું કારણ છે.

તીર્થંકર જેવો ઉપકાર કરનાર જગતમાં કોઈ નથી. જ્ઞાનીનું ભાથું મોક્ષ સુધી કામ આવે તેવું છે. ભગવાનના ઘણા ઉપકાર છે. પણ આત્મા સંબંધી તે મોટો ઉપકાર છે. આત્મસ્વરૂપ જેવું છે, તેવું જ કહ્યું છે. જેણે સંસારના જીવોને જન્મમરણ કરતાં દીઠાં, તેથી દયા લાવી કહે છે કે, "બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા." (૭૬) સત્પુરુષના યોગે જીવ પલટાય છે. અંજન ચોર જેવાં પાપીનું પણ સત્પુરુષના યોગે કલ્યાણ થયું. તીર્થંકરનું કહેવું એ છે કે 'સત્પુરુષને શોધો, એ વિના ભૂલો પડીશ.'

કૃપાળુદેવ કહે છે કે, ઘણો કાળ શાસ્ત્રાભ્યાસ કર્યો તેનું ફળ મળ્યું. 'સૂયગડાંગ'માં ગુરુને આધારે-આજ્ઞાએ વર્તતાં મોક્ષ થાય છે, એમ કહ્યું છે. જેવી કલ્પના કરે તેવો આત્મા ભાસે. સત્પુરુષ એટલે જેનામાં આત્મા પ્રગટ છે. તેની શ્રદ્ધા પરમ દુર્લભ છે. તીર્થંકર ભગવાનના બધાય શ્રાવક, શ્રાવિકાઓ ને સમકિત ન હતું, પણ મહાવીર ભગવાન સાચા છે એવી શ્રદ્ધા હતી. તેથી તેને સમકિત કહ્યું છે. દેહધારી સત્પુરુષથી કલ્યાણ થાય છે. મિથ્યાત્વ અને કષાય મંદ થઈ શકે છે.

"ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય" સદ્‌ગુરુના વચને જ્ઞાની ઓળખાય છે. આત્મજ્ઞાનને માટે 'યમનિયમ' માં ટૂંકો રસ્તો બતાવ્યો છે. આત્મજ્ઞાનીના સંગે જે લાભ થવાનો છે, તેવો બીજું ગમે તે સાધન કરે તો પણ ન થાય. કેવળજ્ઞાની કરતાં તીર્થંકરનાં વચનો વધારે અસર પાડે છે. મૂળ ઉપકાર મહાપુરુષોનો છે. નવકારમાં પહેલાં અરિહંતને નમસ્કાર કર્યા છે. મહાપુરૃષોના કહેલાં શ્રુત તે ઉપકારી છે. આત્માને જાગ્રત કરે એવાં પુરાણ, જ્ઞાની વિના ન રચાય. કરવા જેવું શું? તો કે, "એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા." (૭૬) પ્રત્યક્ષ સદ્‌ગુરુ વિના શાસ્ત્ર, તીર્થંકરનાં વચન ન સમજાય. એની જરૂર પડે છે. ઘણાં પુસ્તકો વાંચીને પણ સત્પુરુષની ભક્તિ, એ કરવું છે. જેનું કલ્યાણ થયું છે તેનું સત્પુરુષથી થયું છે. ક્યાંક બીજ પડ્યું હોય છે. [૧](તે ઉપર કાગડાનું માંસ ન ખાવાની પ્રતિજ્ઞા લેનાર ભીલનું દૃષ્ટાંત આપ્યું હતું.) જીવનું કલ્યાણ કેમ થાય તે સદ્‌ગુરુ જાણે છે. તેમનો એક શબ્દ પણ જીવનું કલ્યાણ કરે છે.

આહારદાન કે નમસ્કાર સત્પુરુષને કર્યા હોય તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. આ જીવ પોતાના ભાવ રાખોડીમાં ઢોળે છે. આત્માને આત્મા જાણવો અને દેહને દેહ જાણવો. એ જ કરવાનું છે. પાત્રતા જોઈએ.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૩૮૩.

**"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન."**

યશોવિજયજીને આનંદઘનજી મળ્યા ત્યારે કામ થયું. જ્યાં દીવો છે ત્યાં જાય તો દીવો થાય. બધાનું મૂળ ભાવ છે.

**"ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;**
**ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવળજ્ઞાન."**

પાંચ ઇન્દ્રિયના વિષયોમાં ઠગાયો છે. આપણે, ક્ષણે ક્ષણે શું થાય છે? તેનો વિચાર કરવાનો છે. બધેથી છૂટવું છે. કંઈ કરવું પડે તો વેઠ જાણીને કરવું. જ્યાં હિત થાય ત્યાં જ લક્ષ રાખવો.

**"સેવે સદ્‌ગુરુચરણને, ત્યાગી દઈ નિજપક્ષ."**

સદ્‌ગુરુ સેવે તો થાય. એ વિના કશું કામ થાય એમ નથી. દેહથી અનંત ગણી કાળજી આત્માની રાખવાની છે, તો કલ્યાણ થશે. આત્માનો લક્ષ જેથી આવે તેવાં સાધન—વાંચવું, વિચારવું, ધ્યાન કરવું, વગેરે કરવાં.

જીવ ક્યાંય ગયો નથી, માત્ર એની દૃષ્ટિ બહાર છે.

**"સમજ, પિછેં સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકીલ"**

સત્ છે તે સત્ જ છે. જ્યાં શુદ્ધતા છે ત્યાં મોક્ષ છે.

**"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા."**

સમજે તો સરળ છે, સહજ છે. સમજ મોટી વસ્તુ છે.

**"સમજ સાર સંસારમેં, સમજુ ટાલે દોષ;**
**સમજ સમજ કરિ જીવ હી, ગયા અનંતા મોક્ષ."**

**"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત."**

સમજની ખામી છે. જ્યાં દૃષ્ટિ કરવી છે, ત્યાં નથી થતી. સમજવાનું છે.

**"સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય."**

"સહજસ્વરૂપથી જીવ રહિત નથી, પણ તે સહજસ્વરૂપનું માત્ર ભાન જીવને નથી." (૬૦૯) સમજ નથી. વિપરિતતા ટાળવા કહે છે. વિપરિતતા છે તેને લઈને અનંત સાધન કર્યાં, પણ જે કરવાનું હતું તે નથી કર્યું. પુરુષાર્થ તો કર્યા જ કરે છે, પણ સત્ય પુરુષાર્થ નથી કરતો.

**"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ."**

**[વ૦ ૪૩૬]** (સવારના ઉપર) ૨૭૬ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૫, સં. ૨૦૦૯

મુમુક્ષુ—

**"સમતા રમતા, ઊરધતા, જ્ઞાયકતા, સુખભાસ;**
**વેદકતા, ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ."**

જ્ઞાયકતા ને ચૈતન્યતા એમ બે શા માટે કહ્યાં છે? ચૈતન્યપણામાં જ્ઞાયકતા તો આવી જાય છે.

પૂજ્યશ્રી– બધાં લક્ષણો ઉપર કહેલાં છે તે ચૈતન્યનાં જ છે. ચેતનામાં બધા સમાવેશ પામે છે. ચૈતન્ય એટલે ઉપયોગ. જ્ઞાયકતા છે તે સાકાર ઉપયોગ છે. સહેજ સહેજ ફેર છે.

[વ૦ ૪૩૮] ૨૭૭ જેસલમેર, મહા વદ ૧૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– કૃપાળુદેવ કહે છે કે જગત આત્મા આત્મા કહે છે, પણ અમે આત્મારૂપ થઈને તમને કહીએ છીએ.

**"સમતા, રમતા, ઊરધતા, જ્ઞાયકતા, સુખભાસ;**
**વેદકતા, ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ."**

**૧. સમતા–** સમતા એટલે એના અસંખ્યાત પ્રદેશ છે, તે જેવા છે તેવા જ રહે છે. તેમાં એક પણ વધે નહીં અને ઘટે પણ નહીં, એવો સમતા ગુણ છે. એવા લક્ષણવાળો જીવ છે. લક્ષણો કહેવાનું કારણ આત્મા ઓળખવા માટે છે. છ દ્રવ્ય છે તેમાંથી આત્મા જુદો પાડવાનો છે. વિશેષ સંબંધ પુદ્ગલથી છે.

**૨. રમતા**–સુંદરપણું આત્મામાં છે.

**"આત્માથી સૌ હીન."**

આત્મા હોય તો બધું સુંદર છે. આત્માને લઈને સુંદરતા છે. આત્માને લઈને શોભા છે. ફુલ હોય તે કરમાઈ જાય ત્યારે અસુંદર લાગે. કારણ તેમાં આત્મા નથી. આત્મા ન હોય તો બધું શૂન્ય જેવું છે. જાણનાર ન હોય તો, સારું હોય તેને સુંદર કહે કોણ?

**૩. ઊરધતા–** ઊરધતા એટલે પહેલો રહેનાર. આત્મા પહેલો હોય તો જ બધું કામ થાય. એને આધારે આખું જગત છે. જાણવાની જેનામાં શક્તિ છે, તેને લઈને આત્મા બીજા પદાર્થોથી જુદો પડી શકે છે.

**૪. જ્ઞાયકતા–** જ્ઞાયક એટલે જાણનાર. જ્ઞાનને લઈને આત્મા જુદો પડે છે. આત્માને જાણવો હોય તો જ્ઞાયક ગુણ હોય તો જ જણાય.

**૫. સુખભાસ**–સુખ જીવને લાગે છે, પણ એ શાને લઈને લાગે છે, એનો વિચાર કરે તો આત્મા સિવાય બીજે સુખ હોય નહીં. આ જીવ કપડાં પહેરવાં, ખાવા-પીવા વગેરેમાં સુખ કલ્પે છે. મનના આધારે સુખ કલ્પે છે. આત્માને આધારે સુખ છે. આત્મા હોય તો જ સુખ થાય. જડને કંઈ લાગે? નિદ્રામાં સુખ લાગે છે. ત્યાં કોઈ સાધન નથી છતાં સુખ લાગે છે, તેનું કારણ આત્મા છે. આત્મા સિવાય સુખ ક્યાંય હોય નહીં.

**૬. વેદકતા**–વેદકપણું અને જ્ઞાયકપણું એમાં સહેજ ફેર છે. નરકના જીવો વેદે છે ને જ્ઞાની જાણે છે. વેદવામાં એને સ્પષ્ટ અનુભવ થાય છે. આત્મા સિવાય બીજા પદાર્થોમાં સુખનું વેદન હોતું નથી. આત્માનાં આ લક્ષણો છે, તે બધાં આત્મામાં છે. સિદ્ધ ભગવાનમાં પણ એ ગુણો છે.

**૭. ચૈતન્યતા**–જે ચૈતન્યપણું છે તેમાં બધું ભાસે છે. માણેક હોય પણ આત્મા ન હોય તો

તેને કોણ કહે ? આત્માના ચૈતન્યગુણથી આખું જગત જણાય છે. આત્મામાં ઉપયોગ ગુણ છે તેને લઈને જીવ જાણે છે. ઉપયોગ પરપદાર્થમાં છે તે પોતામાં આવે તો જણાય. આત્મા અરૂપી પદાર્થ છે તે લક્ષણથી ઓળખાય છે.

**"ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન."**

**[વ૦ ૪૩૮]** (રાતના સભામાં) ૨૭૮ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જીવનાં આ બધાં લક્ષણ છે.

**"સમતા, રમતા, ઊરધતા, જ્ઞાયકતા, સુખભાસ;**
**વેદકતા, ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ."**

એ પ્રકારે જીવ રહ્યો છે. એના દરેક ગુણ પરિણામ પામ્યા કરે છે. જગતમાં અનેક ધર્મસ્થાપકો એવા થયા છે કે જેમણે આત્મા સંબંધી વાતો કરી છે, તે પ્રત્યે અમને ઉદાસીનતા છે. અમે જે યથાર્થ 'આત્મા' જાણ્યો છે તે જેમ કહેવાય તેમ કહીએ છીએ, એમ તીર્થંકર કહે છે. જેવું જેને ભાસ્યું તેવું તેણે કહ્યું. બીજાએ કહ્યું તે બાધા પામે એવું છે, એકાંતે કહ્યું છે. તેમને સંપૂર્ણ સુખનો ખ્યાલ ન હોવાથી તેઓ કહે એવું ત્રણે કાળ રહેતું નથી. અમે જીવ પદાર્થ યથાર્થ જાણ્યો છે તે કહીએ છીએ. જીવનાં લક્ષણો અમે કહીએ છીએ તેનું કોઈ ખંડન કરી શકે નહીં. જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ આત્મા છે. આત્માને એમણે જ્ઞાનથી જાણ્યો, દર્શનથી જોયો અને ચારિત્રથી આત્મામાં સ્થિર થયા. એમ તીર્થંકર આત્મારૂપ જ થયા છે. તે આત્મા કેવો છે ? તે હવે કહે છે.

**૧. સમતા**– આત્માનું એક લક્ષણ સમતા છે. સમતા લોકો જેને કહે છે અને અહીં જે સમતા કહેવી છે, તેમાં ફેર છે. સામાન્ય રીતે તો રાગદ્વેષ ન કરવા એ સમતા છે, પણ અહીં જેમ છે તેમ રહેવું એ સમતા છે. આત્માના અસંખ્યાત પ્રદેશ છે તે ત્રણે કાળ એવી જ રીતે રહેવાના છે, તે સમતા છે. આત્મા છે તે પ્રદેશે પ્રદેશે ચૈતન્યસ્વરૂપ છે. એના અસંખ્યાત પ્રદેશ છે. તે ત્રણે કાળ એક જ રૂપ હંમેશાં રહે છે, એ પ્રકારે એ પહેલું લક્ષણ સમજાવ્યું. આત્મા અરૂપી છે, તો તે નિત્ય પણ ત્રણે કાળ છે. ચૈતન્યપણું પણ ત્રણે કાળ છે. એ સમતા લક્ષણવાળો જીવ છે. જીવ હાથી થાય, કીડી થાય, પણ જીવના અસંખ્યાત પ્રદેશમાં ફેર નથી. અવગાહના નાની મોટી થાય, પણ એક પ્રદેશ પણ ન ઘટે. પ્રભુશ્રીજી કહેતા કે કેટલીયવાર જીવ નરકમાં પણ જઈ આવ્યો, છતાં એક પ્રદેશ પણ ઘસાયો નથી.

**૨. રમતા**– હવે બીજું લક્ષણ રમતા આવ્યું. આત્માનો સ્વભાવ રમણીય છે, એ આત્મા ન હોય તો શરીર ગંધાય. મડદું હોય તો તેને કસ્તુરીથી ભરી રાખે તો પણ ગંધાય. વૃક્ષને તોડી નાખ્યા પછી તેમાંથી જીવ નીકળી જાય છે, ત્યારે સુંદરતા જતી રહે છે. પુદ્ગલ સુંદર દેખાય છે. તે બધી સુંદરતા આત્માને લઈને છે. આત્મા વિના સુંદર કહે કોણ ? અંદર આત્મા છે તે બધું ગોઠવે છે. સુંદર વસ્તુ, રમણીય વસ્તુ આત્મા છે. જેવો સમતા ગુણ આત્મામાં છે. તેવો રમતા ગુણ પણ જીવનો છે. જેને લઈને બધું રમણીય દેખાય છે. તેનું કારણ આત્મતત્ત્વ છે. એ ન હોય તો બધું શૂન્ય. જાણનાર ન હોય તો પછી કોણ કહે કે આ સુંદર છે ?

**૩. ઊરધતા–** હવે ઊરધતા ગુણ કહે છે. પોતે ન હોય તો કશું જણાય નહીં. પહેલો પોતે હોય તો જ બીજું જણાય. સર્વમાં પ્રથમ રહેવાનું જેનું લક્ષણ છે તે ઊર્ધ્વતા ગુણ છે. કોઈપણ વસ્તુને જાણવા પહેલાં પોતાનો આત્મા છે. આત્મા હોય તો જણાય, એના વગર કશું થાય નહીં, એના વિના કશું જણાય એવું નથી, બીજું બધું જડ છે. એ ઊરધતા ધર્મ આત્માનો છે. ઊરધતાનો અર્થ પહેલું રહેવું એ છે. ગ્રહણ કરવું, ત્યાગવું અથવા આવો કે જાઓ એવી ઉદાસીનતા કરવાનું કારણ આત્મા છે, તે જ છે. આત્માની મારે મદદ લેવી નથી એમ કોઈ કહે, પણ આત્મા વગર કંઈ ન થાય, ઇંદ્રિયો પણ ન પ્રવર્તે. એકેંદ્રિય જીવો પણ કર્મ બાંધે છે. પહેલો પોતે હોય તો બીજા પદાર્થનું જ્ઞાન થાય. આત્મા સિવાય બીજાથી 'હું જાણું છું,' એમ કરે તો જણાય નહીં. પહેલો આત્મા હોય તો જ બીજું જણાય.

**૪. જ્ઞાયકતા–** હવે જ્ઞાયકતા ગુણ શાને કહે છે? તે કહે છે. જડ અને ચેતન એ બેને જુદાં જાણવાં હોય, તો જાણે તે જીવ અને ન જાણે તે જડ. એમ બેયને ભિન્ન પાડવામાં જ્ઞાન ગુણ છે. જાણનારો હોય તો જ અનુભવ થાય. જેનામાં જ્ઞાયકતા છે તે જીવ છે. કોઈ જાણવાનું બંધ કરે, મારે કશું જાણવું નથી એમ કરી બેસે, પણ જાણ્યા વગર રહેવાય જ નહીં. આત્માને અનુભવવો હોય તો જ્ઞાનોપયોગ રાખવો. જાણનારો છે તે જ મારું સ્વરૂપ છે. જીવનો અનુભવ કરવા માટે આ જ્ઞાયકતાની જરૂર છે.

**"જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;**
**અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ."**

બધાને બાદ કરતાં કરતાં આ જ્ઞાયકતા ગુણ બાદ થાય એવો નથી. એ જ્ઞાન ગુણ બીજા કોઈમાં હોય નહીં એટલે એ જીવનું લક્ષણ કહ્યું છે. અત્યંત અનુભવનું કારણ જ્ઞાયકતા છે. બીજાં લક્ષણો કરતાં જ્ઞાયકતા એ અત્યંત અનુભવનું કારણ છે. એમાં જો રહે તો અનુભવ થાય. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. તે જાણ્યા વગર રહે નહીં.

**૫. સુખભાસ–** હવે સુખભાસ નામનો ગુણ કહે છે. સુખનું ભાસવાપણું એ જીવનું એક લક્ષણ છે. જડને તો 'હું સુખી છું, હું દુઃખી છું' એવું હોય નહીં. ઇંદ્રિયોનાં સુખ કે સમાધિસુખ એ બધાનું મૂળ કારણ શોધતાં આત્મા છે. આત્મામાં સુખ છે. જડમાં એ ગુણ નથી. મને આજે સુખે નિદ્રા આવી હતી એમ કહે છે, પણ ત્યાં સુખનાં બીજાં કારણો ન હતાં, આત્મા હતો. આત્મા એ જ સુખનું કારણ છે. સુખ એ આત્માનો ગુણ છે; પુદ્ગલમાં એ રહેતો નથી. એ જીવનું જ લક્ષણ છે. નિદ્રાના દૃષ્ટાંતે જો વિચાર કરે તો સુખભાસ નામનું લક્ષણ એને જણાય.

**૬. વેદકતા–** હવે વેદકતા ગુણ સંબંધી કહે છે– એનો અર્થ કરે છે. વેદકતા એટલે અનુભવવું. જ્ઞાયકતામાં જાણવાનું છે અને વેદકતામાં અનુભવવાનું છે. જાણવા કરતાં વેદકતા એક જુદો સ્વભાવ છે, જેને લીધે વસ્તુ અનુભવાય છે. સુખદુઃખ જાણે છે, તે વેદકતા નથી પણ પોતાને સુખદુઃખનો અનુભવ થાય ત્યારે વેદકતા કહેવાય.

**૭. ચૈતન્યતા–**જીવપણું અને આત્માપણું જુદું નથી. વેદાંતમાં એમ કહે છે કે–માયાવાળો

હોય તે જીવ અને માયારહિત તે આત્મા છે. જૈનમાં એમ ભેદ નથી, પણ જીવ બે પ્રકારના છે. એક સંસારી અને બીજા સિદ્ધ, પણ બન્ને જીવ છે. જીવમાં ચૈતન્યતા નામનો ગુણ છે. એનું ઘણું બધું લાંબું વર્ણન કર્યું છે. પ્રકાશપણું દેખાય છે, તે આત્માને લઈને. ગમે તેવો જળહળતો સૂર્ય હોય, પણ આત્મા ન હોય તો એને પ્રકાશમાન કહે કોણ? સૂર્ય છે તેને એમ નથી કે હું જાણું કે તમને જણાવું. જાણવા માટે એ સમર્થ નથી અને જણાવવા પણ સામર્થ્યવાન નથી. ચૈતન્યપણામાં પદાર્થનો પ્રકાશ પડે છે. ચૈતન્યપણું, સ્વપરપ્રકાશકપણું એ આત્માનો ગુણ છે. જાણનારો કોણ છે? શાને લઈને જણાય છે? એ શોધતાં શોધતાં આત્મા હાથમાં આવે એવો છે. "જેમ ઘટ પટ આદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટ પટ આદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે." (૪૯૩) જેને લઈને પોતાનું અને પરનું જ્ઞાન થાય તે ચૈતન્યપણું છે.

**"ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન,**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?"**

જાણનારને પડી મૂકી અત્યારે જીવ બીજું જાણે છે, પણ જાણનાર પ્રત્યે ઉપયોગ વાળે તો આત્મા જણાય. રોજ આપણે બોલીએ છીએ–

**"ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન."**

એ જે લક્ષણો કહ્યાં તે વિચારે તો આત્મા એને દેહથી ભિન્ન જણાય. આત્માને ઓળખવા માટે એ બધાં લક્ષણો કહ્યાં છે.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ,**
**એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ."**

એવું જ્ઞાન પ્રગટ કરવા એ બધાં લક્ષણો કહ્યાં છે.

**"ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન."**

આત્મા દેહ સમાન થઈ ગયો છે, પણ બન્નેનાં લક્ષણો ભિન્ન ભિન્ન જાણે તો આત્મા ભિન્ન જણાય. આત્માને લક્ષણથી અને વેદનથી ભિન્ન જાણી, પોતામાં અનુભવ કરે તો એમાં એને લીનતા થાય.

**[વ૦ ૪૩૯]** (રાતના સભામાં) ૨૭૯ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– પહેલાં બાંધેલાં કર્મો જેવાં ઉદયમાં આવે તેવાં ભોગવવાં પડે છે. પહેલાં જેવાં બાંધ્યાં હોય તે પ્રમાણે ઉદયમાં આવે. આ ઉપાધિથી છૂટી આત્માનું કલ્યાણ કરવાની વિશેષ ભાવના રહે છે.

**"ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે."**

પરમકૃપાળુદેવને સુડતાળીસની સાલ પછી બધી ઉપાધિ વધ વધ થઈ છે. ચારે બાજુ

ઉપાધિ છે એમ કહે છે. ઉપાધિ એટલી બધી છે કે પોતાનું ધાર્યું કંઈ ન થાય. જેમ કર્મ દોરે તેમ દોરાવું પડે છે. છૂટવાની ઇચ્છા છે, પણ કર્મ એવાં ગોઠવાયેલાં છે કે છૂટી શકાતું નથી. ઉપાધિમાં રસ હોય તેને ઉપાધિ હોય તો રાજી થાય અને રસ ન હોય તેને ઉપાધિ ગમે નહીં. જ્ઞાની સમભાવ રાખે છે. પોતાનું ધાર્યું થાય એમ જ્ઞાની કરતા નથી.

[વ૦ ૪૪૨] (રાતના સભામાં) ૨૮૦ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૨, સં. ૨૦૦૯

**"ધાર તરવારની સોહલી, દોહલી, ચૌદમા જિનતણી ચરણસેવા;**
**ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા."**

પૂજ્યશ્રી– તરવારની ધાર કરતાં ચારિત્ર વિશેષ દુષ્કર છે. બાજીગરો તરવારની ધાર ઉપર નાચે છે, પણ ચારિત્ર પાળવા તો દેવો પણ સમર્થ નથી. એવું દુષ્કરપણું શા માટે કહ્યું છે? તે વિચારવા આ લખ્યું છે.

[વ૦ ૪૪૩] (રાતના સભામાં) ૨૮૧ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જે જે વસ્તુ એને સંસાર સંબંધી જોઈએ, તે ઝટ મળે એવી જેને અનુકૂળતા હોય તેવાને વૈરાગ્ય રહેવો બહુ મુશ્કેલ છે. તીર્થંકર જેવા જ એમાં વૈરાગ્ય રાખી શકે. મુશ્કેલી હોય તો સારી છે, તેથી વૈરાગ્ય થવાનું કારણ થાય. પુણ્યના ઉદયે બધી સામગ્રી મળતી હોય અને તેમાં રાગદ્વેષ ન થાય એવા પુરુષ હોય તો તે તીર્થંકર છે અથવા તીર્થંકર જેવા છે. ઘણું કરીને બધી અનુકૂળતા હોય તે વખતે સંસારથી વૈરાગ્ય થતો નથી.

"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન." જેને ત્યાગ વૈરાગ્યની ભાવના ન હોય તેને આત્મજ્ઞાન ન થાય. દુઃખ પ્રત્યે દ્વેષ કરવા જેવું નથી. નહીં તો પાછાં કર્મ બંધાય. જે થાય તે ભલું માનવું.

[વ૦ ૪૪૪] (રાતના સભામાં) ૨૮૨ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– વિચારવાન જીવ હોય તે વિચાર કરે છે કે આપણે કેમ વર્તીએ તો સારું? મનમાં એમ થાય કે મુનિની પેઠે, પણ એવો ઉદય ન હોય તો કેમ વર્તવું? રાગ, દ્વેષ, અજ્ઞાન વગર પ્રવૃત્તિ થતી હોય તો તે પૂર્વકર્મને લઈને છે. માત્ર ઉદય તે બંધનું કારણ નથી. રાગ, દ્વેષ, વિભાવ એજ બંધનું કારણ છે. રાગ, દ્વેષ, અજ્ઞાનમાં ન પ્રવર્તે તો ઉદય આવીને ચાલ્યો જાય, નવાં ન બંધાય.

પાણી તાપમાં મૂક્યું હોય તો થોડે થોડે ઊનું થઈ જાય, પણ એનો સ્વભાવ શીતળ છે. જેણે આત્મા જાણ્યો છે, તેને પૂર્વકર્મને લઈને પ્રવૃત્તિ હોય તો તે ઊના પાણીની જેમ છે એ એનો સ્વભાવ નથી. કર્મની સ્થિતિ પૂરી થયે તે જવાનું છે. કર્મનો સંયોગ છે ત્યાં સુધી કર્મ દેખાય છે, પણ જ્ઞાનીને અંતરમાં નિર્ગ્રંથભાવ છે. કર્મના ઉદયે બીજું દેખાય, પણ એ જ્ઞાનીનું સ્વરૂપ નથી. નિર્ગ્રંથપણું એ જ સ્વભાવ છે. પોતાની દશા કૃપાળુદેવે સ્પષ્ટ કરી બતાવી છે.

[વ૦ ૪૪૬] ૨૮૩ શ્રી રાજમંદિર, આહોર, મહા વદ ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સંસારનું સ્વરૂપ કેવું છે? એનો તો જીવને અનાદિકાળથી પરિચય છે, તેથી જાણે

છે. સંસારનું સ્વરૂપ રાગદ્વેષ છે. એ રાગદ્વેષમાં જીવ પડ્યો છે. રાગદ્વેષરૂપ સંસારમાં જીવ મંડી રહ્યો છે. એવા સંસારમાં સમયમાત્રનો પણ પ્રમાદ ન કરવો. આ સંસાર જીવને આકર્ષે છે. પોતાના જેવો બનાવી દીધો છે. સંસારને ઇચ્છવો નહીં. તું એથી તદ્દન જુદો છે. જ્ઞાનીની આજ્ઞા આરાધે તો મોક્ષે લઈ જાય. આત્મા છે તે સંસારી થઈ ગયો છે. તેથી મૂકાય તો મોક્ષ થાય.

''તું છો મોક્ષસ્વરૂપ'' પરથી છૂટે તો મોક્ષ થાય. આત્મા આત્મામાં લીન થાય છે. પર વસ્તુ આત્માની નથી. આત્મા તો મોક્ષસ્વરૂપ છે. એમ સત્સંગમાં મનાય છે. પરવસ્તુમાં ઉપયોગ તન્મય થઈ ગયો છે. તે છૂટે તો મોક્ષ થાય. કોનો સત્સંગ કરવો? એનો કોઈને નિર્ણય થાય તો પણ સત્સંગ રહેવો દુર્લભ છે. જે જે પ્રસંગો આવે તેમાં રાગદ્વેષ ન કરવાં. મન છે તે જ શત્રુ છે અને તે જ મિત્ર છે. જીવ પરવસ્તુની ચિંતા કરીને કર્મ બાંધે છે. પોતાના દોષ જોતો નથી.

**[વ૰ ૪૪૬]** (રાતના સભામાં) **૨૮૪** શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— આત્માના અસંખ્યાત પ્રદેશ છે. તે દરેક પ્રદેશ જાણવાનું કામ કરે છે. સંસારમાં હોય ત્યાં સુધી શુદ્ધ રીતે જાણતો નથી, તેથી જાણે તેમાં રાગદ્વેષ થાય છે, તેથી આત્મા ત્યાં ખેંચાય છે. આ જગતના બધા પદાર્થો પ્રત્યે એનો ઉપયોગ પ્રવર્તે છે. નિમિત્તવાસી જીવ કહ્યો છે. જ્યારે એની સામે પડે ત્યારે વૃત્તિ ભટકતી અટકે છે. અત્યારે રાગદ્વેષ ભણી ઉપયોગ પ્રવર્તે છે. સંસારનું સ્વરૂપ રાગદ્વેષ કરાવે એવું છે. પ્રદેશે પ્રદેશે આકર્ષે એવું સ્વરૂપ છે. માટે એમાં વૃત્તિ રાખવાની તીર્થંકરે ના કહી છે. સંસારને પૂંઠ દેવાનું કહે છે. બીજે આકર્ષણ થાય છે, ભિન્ન ભિન્ન પદાર્થમાં વૃત્તિ જાય છે, તેથી ઉપયોગ પાછો વળે તો આત્મામાં ઉપયોગ એટલે અંતર્મુખવૃત્તિ થાય. મારું છે એમ થાય તો ચિંતા થાય. અંદરથી દેહાધ્યાસ એને છૂટી જાય તો—

''નહિ ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ.'' કરેય નહીં અને તેથી ભોગવવું પણ ન પડે. બીજી વસ્તુઓની જીવ સંભાળ રાખે છે, પણ આત્મા દેખાતો નથી તેથી એની સંભાળ પણ રાખતો નથી. આત્મા સંબંધી જે ગેડ બેસવી તે સત્પુરુષ વિના (સિવાય) બેસતી નથી. 'તારો એક આત્મા, આત્મા જોવો' એમ પ્રભુશ્રીજી કહેતા. સત્સંગમાં કષાય મંદ થાય છે. મંદ કષાયના વખતમાં જ્ઞાનીનાં વચનો ઊંડાં ઊતરે છે, તેથી એને પોતાના હિતની ગરજ જાગે છે. જેને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું છે, તેમની દૃઢ શ્રદ્ધા એ મોક્ષનો પાયો છે. ત્યાંથી જ ધર્મની શરુઆત થાય છે. એને જ શાસ્ત્રોમાં સમકિત કહ્યું છે. સત્પુરુષને યોગે જીવને ગરજ જાગે છે. જીવને અવકાશ નથી, બીજી વસ્તુઓથી ભરાઈ ગયો છે. મંદ કષાય સત્સંગે થાય છે તેથી મધ્યસ્થ દૃષ્ટિ આવે છે. તેથી એને વિચાર જાગે.

સત્સંગ એટલે સત્‌નો રંગ ચઢાવે તે. અરૂપી પદાર્થનો નિર્ણય થવો બહુ દુર્લભ છે. કૃપાળુદેવે સત્પુરુષને બદલે ઘણે ઠેકાણે સત્સંગ શબ્દ વાપર્યો છે. સત્પુરુષનું ઓળખાણ થયા પછી પણ સત્પુરુષનો સત્સંગ મળવો બહુ મુશ્કેલ છે. એટલું પુણ્યેય જીવનું ન હોય.

કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે કે તમને સત્પુરુષનું ઓળખાણ થયું છે, પણ તમને સત્સંગ નથી રહેતો, તો પણ ઉપાધિ પ્રત્યે દ્વેષ કરવાનો નથી. જો દ્વેષ કરે તો નવાં કર્મ બંધાય. દુઃખ હોય, ગમે તે હોય પણ એ આત્માને નુકસાન કરનાર નથી. પોતે પોતાનો શત્રુ છે અને પોતે

પોતાનો મિત્ર થાય તેવો છે. નરકમાં જીવે ઘણી વેદના સહન કરી છે. તેના જેવાં તો અહીં દુઃખો નથી. સમજણ ઉપર બધો આધાર છે. સવળી સમજણ હોય તો સવળું લેવાય. મુઝાય તો આર્ત્તધ્યાન થાય, તેથી કર્મ બંધાય. મન નવરું રહે તો આર્ત્તધ્યાન કરે, સંસારની ઘટમાળમાં જાય, તેથી રોકવું. થોડીકવાર પણ તું રાગદ્વેષ કર, એમ ભગવાને કહ્યું નથી. સમયમાત્રના પ્રમાદની ના કહી છે. આત્મા ઉપયોગસ્વરૂપ છે. એ ઉપયોગમાં રાગદ્વેષ એ વિકાર છે. તે નીકળી જાય તો આત્મામાં ઉપયોગ રહે, પોતે પોતારૂપે રહે. આત્મા આત્મારૂપે રહે એવું થવા અર્થે સત્સંગ, સત્પુરુષનો યોગ છે. આત્માને જીવ ભૂલ્યો છે, એજ મરણ છે.

**"ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો?"**

સમયે સમયે વિભાવમાં જાય છે. એ જ મરણ છે, એજ શત્રુ છે. કોઈનો દોષ નથી, પોતાનો જ દોષ છે. સંતની પહેલી શિખામણ એ છે કે 'તારા દોષે તને બંધન છે.'

[વ૦ ૪૪૭] ૨૮૫ શ્રી રાજમંદિર, આહોર, મહા વદ ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્યાં ઉપાય ચાલી શકે નહીં એવા કામમાં વિચારવાનને ખેદ કર્તવ્ય નથી.

જે થાય તે જોયા કરવું, કારણ કે આપણા હાથમાં નથી. જે થવાનું હશે તે થશે. આપણે થાય એટલું કરી લેવું. જ્ઞાનીની આજ્ઞાએ ચાલે તો કર્મ ન બંધાય. જીવને તદ્દન સમતા આવવી મુશ્કેલ છે. પ્રવૃત્તિ એ આત્માનો ધર્મ નથી. સાચી સમજણ કરી લેવાની છે. સમજણની ખામી છે ત્યાં સુધી બાહ્ય દૃષ્ટિ છે, તેથી અન્યથા થાય છે. "હું પામર શું કરી શકું?" એવો વિવેક જેના હૃદયમાં હોય તેને કશો ખેદ ન થાય.

સંસારના અનુકૂળ પ્રસંગમાં ત્યાગ થવો મુશ્કેલ છે. ત્યાગની ભાવના પણ ન થાય. સંસાર ન ગમે એવું કરવાનું છે. સંસારને એક સમય પણ સ્મરવો નહીં. સંસારમાં દુઃખ હોય તો સંસાર ખરાબ લાગે. દુઃખ તો સારું છે. દુઃખ જીવને ચેતાવે છે. પ્રતિકૂળ પ્રસંગો વિચારવાનને હિતકારી છે. કોઈ જીવ અહીંથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરી નરકમાં જાય તો પણ સમ્યક્ત્વને સાચવીને લઈ આવે છે અને દેવલોકમાં જાય તો ખોઈ પણ આવે. દુઃખથી આત્માનું કંઈ બગડતું નથી. "देहदुःखं महाफलं ।" જેટલો પુરુષાર્થ કરે તેટલું આત્મવીર્ય વધે છે.

કોઈ એક ભક્ત હતો. તે ભગવાનની બહુ ભક્તિ કરતો. તેથી ભગવાન તેના ઉપર પ્રસન્ન થયા અને માંગવાનું કહ્યું. ત્યારે ભક્તે કહ્યું, કે 'હે ભગવાન! મારે કશું જોઈતું નથી, મને દુઃખ આપો, જેથી આત્મા ભણી દૃષ્ટિ જાય.' દુઃખ હોય તોય સારું છે. સંસાર બધો કલ્પિત છે, આત્માને દુઃખી કરનાર છે. સત્સંગ થયો હોય પણ સંસાર પ્રસંગની અનુકૂળતા હોય તો વૈરાગ્ય આવવો મુશ્કેલ છે. સંસારમાં સુખ નથી, એમાં રહેવા જેવું નથી. સંસારનાં સુખ-દુઃખ બન્ને કર્મના ફળ છે તેથી બન્ને સરખાં છે, મોક્ષમાર્ગને રોકનાર છે. મને શું હિતકારી છે તેનું જીવને ભાન નથી. જ્ઞાનીએ તો આત્માના સુખને સુખ કહ્યું છે.

[વ૦ ૪૪૮] ૨૮૬ શ્રી રાજમંદિર, આહોર, મહા વદ ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પૂછ્યું કે, 'માહણ', 'શ્રમણ', 'ભિક્ષુક' અને

'નિર્ગ્રંથ' કોને કહે છે? ત્યારે ભગવાને કહ્યું કે- આત્મવાદપ્રાપ્ત તે નિર્ગ્રંથ છે અથવા આત્માને જાણનાર તે નિર્ગ્રંથ. આત્મા અસંખ્ય પ્રદેશી છે, ઉપયોગ લક્ષણવાળો છે, સંકોચ વિકાસનું ભાજન છે. જે કર્મ કરે છે તે ભોગવવાં પડે છે. પર્યાય અપેક્ષાએ આત્મા અનિત્ય છે, દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે. અનેક ધર્મવાળો છે, તે આત્મા છે.

**[વ૦ ૪૪૮]** (રાતના સભામાં) ૨૮૭ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– 'સૂયગડાંગ'માં ગૌતમ પૂછે છે કે, 'માહણ', 'નિર્ગ્રંથ', 'શ્રમણ', 'બ્રાહ્મણ' કોને કહેવાય? પછી ભગવાને એના અર્થ કહ્યા. એ બધા શબ્દો મુનિઓને માટે જ વપરાય છે. પછી ભગવાને કહેલા અર્થ શિષ્યો અવધારતા અને તે દશા લાવવાનું ધ્યાન રાખતા.

નિર્ગ્રંથ એટલે આત્મવાદપ્રાપ્ત એમ શ્રી મહાવીર કહેતા હતા. શીલાંગાચાર્યે એની ટીકા લખી છે. આત્મવાદ એટલે આત્માને જાણનાર. પણ આત્મા કેવો? તેનાં વિશેષણો આ છે. આત્મા એટલે ઉપયોગસ્વરૂપ એટલે જાણનાર. ઉપયોગથી આત્મા જણાય. એ લક્ષણ આત્માનું છે. લક્ષણ એટલે જેથી વસ્તુ ઓળખાય. જગતના કોઈ પદાર્થ જાણે નહીં. આત્મા જ જાણે તેથી એ લક્ષણ છે. આત્મા અસંખ્યાતપ્રદેશી છે. લોકાકાશપ્રમાણપ્રદેશી છે. કર્મને લઈને જે દેહ પ્રાપ્ત થયો હોય તેના પ્રમાણે આત્મા રહે છે. એક પરમાણુ એક પ્રદેશને રોકે છે. એ પ્રદેશનું માપ છે. એક પરમાણુ જેટલા આકાશપ્રદેશને રોકે તેટલા સ્થાનને પ્રદેશ કહેવાય. રૂપી પદાર્થનો નાનામાં નાનો ભાગ પરમાણુ છે. આખા લોકમાં વ્યાપીને રહી શકે એવો આત્મા છે. કેવળીસમુદ્ઘાત વખતે આખા લોકમાં કેવળીના પ્રદેશો વ્યાપે છે. અસંખ્યાતપ્રદેશી છતાં નિગોદમાં જાય ત્યારે આંખે પણ ન દેખાય તેવા દેહમાં રહે છે. આત્મા અસંખ્યાતપ્રદેશી છે, પણ અખંડ છે. આખો લોક છે તે સિવાય અલોકાકાશ છે, ત્યાં આકાશ સિવાય બીજાં દ્રવ્ય નથી. સર્વશક્તિમાન આત્મા, લોકો કહે છે તેવો નથી. કેવળીને સમુદ્ઘાત કરવાની ઇચ્છા નથી હોતી, સહેજે થાય છે. જેને આયુષ્ય ઓછું હોય અને બીજાં ત્રણ કર્મ લાંબા હોય તેને બરાબર સરખાં કરવા કેવળીસમુદ્ઘાત કરે છે.

આત્મા અસંખ્યાતપ્રદેશી છે. શરીરપ્રમાણ રહે છે. જેવો દેહ મળે તેવા પ્રમાણમાં રહે છે. પોતાનાં કરેલા કર્મનો ભોક્તા છે. દ્રવ્ય પર્યાયરૂપ આત્મા છે. દ્રવ્યથી આત્મા નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે, એમ વ્યવસ્થા છે. નિત્ય, અનિત્ય આદિ ગુણોને ધારણ કરનાર તે આત્મા છે. 'આત્મા આત્મા' જુદા જુદા ધર્મોમાં કહેવાય છે, પણ ભગવાને આત્મા કેવો કહ્યો છે? તેનો બધો એ ટીકાકારે વિસ્તાર કર્યો છે. એવા આત્માને જાણનાર તે આત્મવાદપ્રાપ્ત પુરુષ છે.

**[વ૦ ૪૪૯]** (સાંજના) ૨૮૮ આબુ, વૈશાખ સુદ ૧૫, સં.૨૦૦૫,
(ક્રેગ પોઇંટ ફરવા ગયા તે પ્રસંગે) તા. ૧૨-૫-૧૯૪૯

'અનાદિકાળથી જીવનું કલ્યાણ થવામાં ત્રણ મોટા દોષો છે. મળ, વિક્ષેપ અને અજ્ઞાન.'

ક્રોધ, માન, માયા, લોભ એ મળ છે અને તે આત્માને મલિન કરે છે. ચંચળ સ્વભાવ તે વિક્ષેપ છે, અને મોહ એ જીવને ઊંધું સમજાવે છે તે અજ્ઞાન છે. અજ્ઞાન એ અંધકાર બરાબર છે. સરળતા, ક્ષમા આદિ ગુણોથી મળ મટે છે. જ્ઞાનીપુરુષની અત્યંત ભક્તિ તે વિક્ષેપ મટાડવાનું સાધન છે. જ્ઞાનીપુરુષોના વચનની પ્રતીતિ થયે, તેનો યથાયોગ્ય વિચાર થવાથી અજ્ઞાન મટે છે.

[વ૦ ૪૪૯] ૨૮૯ શ્રી રાજમંદિર, આહોર, મહા વદ ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સત્સંગ બહુ દુર્લભ છે. ચોથા કાળમાં પણ દુર્લભ હતો. આત્મશાંતિનું કારણ સત્સંગ છે.

જ્ઞાની પણ પૂર્વકર્મને લઈને બીજી પ્રવૃત્તિ કરે છે. છતાં તેઓ પ્રવૃત્તિને ઇચ્છતા નથી. પ્રવૃત્તિ ન હોય તો સારું એમ લાગે. જ્ઞાની ને જેવો ઉદય હોય તે પ્રમાણે વર્તે છે.આ મનુષ્યભવમાં સત્સંગ કરવા જેવો છે.

કલ્યાણ થવામાં મને શું નડે છે? એમ વિચારે તો ઉપાય મળે. ઉપાય મળે તો તન્મય ન થવાય, તેથી કર્મ ન બંધાય. જે આડું આવે તે કોરે કરવું પડે છે. રુચિ પલટાવવાની છે. કલ્યાણ થવામાં જે જે કારણો આપણને વિઘ્ન કરે છે, તે કારણો જ્ઞાનીપુરુષો બતાવે છે. (૧) મળ, (૨) વિક્ષેપ, (૩) અજ્ઞાન. આ ત્રણે કારણો સત્શ્રુતનો પરિચય કરવા જતાં વિઘ્ન કરે છે. જ્ઞાનીપુરુષનો બોધ પ્રાપ્ત થાય તો અજ્ઞાન જાય. અજ્ઞાન ફીટીને જ્ઞાન થાય. મળ, વિક્ષેપ એ બેને પહેલાં જીતવા, તો અજ્ઞાન જીતાશે. સરળપણું આવે તો તેનો વિકાર જે માયા તે જાય. ક્ષમા આવે તો ક્રોધ જાય. પોતાના દોષ જુએ તે મળ મટવાના કારણ છે. જ્ઞાનીની અત્યંત ભક્તિથી વિક્ષેપ જાય છે. જ્ઞાનીમાં વૃત્તિ રહે તો વિક્ષેપ મટે. એકતાર ભક્તિ ન થવા દે તે વિક્ષેપ છે. અથવા રાગદ્વેષ થયા કરવા, ચંચળતા થવી એ જ વિક્ષેપ છે. મળ, વિક્ષેપ જાય તો યથાર્થ વિચાર જાગે. જ્ઞાનીના વચનો પ્રાપ્ત થાય, તો અજ્ઞાન ટળે. જ્યાં સુધી મોહમાં હોય ત્યાં સુધી મોહના જ વિચાર કર્યા કરે. કષાયની ઉપશાંતતા થાય તો જ્ઞાનીનો બોધ પરિણમે.

જ્ઞાનીની દશા વારંવાર વિચારવા જેવી છે. તેની મન વચન કાયાની ચેષ્ટા છે તે વારંવાર સંભારવા જેવી છે. તેનાં વચનો વારંવાર વિચારવાં જેવાં છે. જ્ઞાનીપુરુષનો યોગ હોય તો પ્રવૃત્તિ વધારે બળ ન કરી શકે. ચેષ્ટા એટલે મન વચન કાયાની પ્રવૃત્તિ. પ્રવૃત્તિમાં તન્મય થવા જેવું નથી. જ્યાં સુધી પ્રવૃત્તિમાંથી મન ખસે નહીં, ત્યાં સુધી પ્રવૃત્તિ ન છૂટે.

ઘણા લોકો માને તે સાચું એમ માને છે, પણ જ્ઞાનીએ કહ્યું છે તે માનવા જેવું છે. અવૈરાગ્ય, અસત્સંગ, મોહી જીવોનો સંગ હોય તો તેથી અવળા વિચાર આવે છે. લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞામાં પડ્યો હોય તો જ્ઞાનીનાં વચનો ઊતરે નહીં. સમ્યક્ત્વનો વિચાર આવવો દુર્લભ છે.

સંસારથી છૂટીને પોતાના આત્માને જ્ઞાનીપુરુષની આજ્ઞામાં જોડવાનો છે. સત્પુરુષનો યોગ ન હોય ત્યારે સત્શાસ્ત્રનું અવલંબન છે. જ્ઞાનીનાં વચનો પૂર્વાપર અવિરોધ હોય છે. સાક્ષાત્ આત્મા તો જ્ઞાનીમાં હોય છે, અક્ષરોમાં ન હોય. તો પણ જ્ઞાનીપુરુષનો યોગ ન હોય ત્યાં સુધી સત્શાસ્ત્ર આધારભૂત છે. આત્મા સુખસ્વરૂપ છે.

[વ૦ ૪૪૯] ૨૯૦ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ધર્મ કરવાની ઇચ્છા થાય ત્યારે કોઈ જીવો દાન કરે, શાસ્ત્રો વાંચે, એમ જેવાં નિમિત્ત મળે તે પ્રમાણે અનેક પ્રકારનાં સાધનો કરે છે, પણ પરમ સાધન સત્સંગ છે. સર્વ સાધનને ગૌણ કરી સત્સંગ કરવો. દુષમકાળ કહેવામાં મુખ્ય કારણ તો જ્ઞાનીપુરુષો ઓછા છે. આ

કાળમાં દુઃખે કરી ધર્મ પ્રાપ્ત થાય છે.

પાણીમાં જે શીતલપણું છે તે એનો મૂળ સ્વભાવ છે. તે ઊનું હોય તો પણ અગ્નિને બુઝવે છે. તેવી રીતે જ્ઞાનીની પ્રવૃત્તિ અને અજ્ઞાનીની પ્રવૃત્તિમાં આભ-જમીનનો ભેદ છે. પૂર્વને લઈને કરવું પડે છે પણ એનો સ્વભાવ નિવૃત્તિનો જ રહે છે. ભાવ જુદા અને પ્રવૃત્તિ જુદી છે. પૂર્વને લઈને પ્રવૃત્તિ કરવી પડે પણ પોતાના સ્વભાવને ભૂલતા નથી. જ્ઞાનીપુરુષ પણ સત્સંગને ઇચ્છે છે. ઉપાધિની એને જરૂર નથી, પણ કર્મને લઈને આવી પડે છે.

મુમુક્ષુ— જ્ઞાનીપુરુષ પણ સત્સંગને કેમ ઇચ્છે છે?

પૂજ્યશ્રી— બાહ્ય ભાવમાં વૃત્તિ ન જાય એ માટે સત્સંગ જેવા સારા નિમિત્તની ભાવના કરે છે. પ્રવૃત્તિ કરતાં સત્સંગ બહુ સારો છે, તેથી જ્ઞાનીઓ સત્સંગને ઇચ્છે છે. જેનાથી આત્મકલ્યાણ થાય છે, એવાં જે સાધનો સત્સંગ આદિ તે પ્રવૃત્તિમાં બેઠાં યાદ આવે છે. સત્સંગમાં સારી જ વાતચીત નીકળે. પોતાના જે ભાવ હોય તેને પોષણ મળે છે. પૂર્વમાં પણ કૃપાળુદેવ સત્સંગને સંભારતા અને આ ભવમાં પણ સંભારતા. કૃપાળુદેવ ખંભાતમાં નિવૃત્તિ લઈને રહ્યા હતા, પછી મોરબી આવ્યા અને કહ્યું કે 'ખંભાતની નિવૃત્તિ આજ અમને પાંચસો વખત સાંભરી છે.' જેને મોક્ષે જવું હોય તેણે પહેલાં મતાર્થી-લક્ષણ ત્યાગવાં પડે છે. કલ્યાણને વિઘ્ન કરતાં કારણો દૂર કરે તો જીવ કલ્યાણની નજીક જાય છે. કલ્યાણને પ્રતિબંધ એવા મુખ્ય મળ, વિક્ષેપ અને અજ્ઞાન એ ત્રણ મોટા દોષ છે. જ્ઞાનીનાં વચનો પ્રાપ્ત થાય; વિચાર જાગે તો અજ્ઞાન દૂર થાય.

**"આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.**
**જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન."**

સદ્ગુરુબોધ, સુવિચારણા જાગે તો પછી એને અજ્ઞાન દૂર થાય. અજ્ઞાન એકદમ જાય એમ નથી. એ ટાળવા મળ, વિક્ષેપ પહેલાં ટાળવાં. પોતાના દોષો વિચારી કાઢે તો મુમુક્ષુપણું આવે છે. માયા દૂર કરવી. ચાર કષાય તે મળ છે. પહેલું સરળપણું પછી ક્ષમા રાખવી, એટલે ક્રોધ જ્ઞાની પ્રત્યે થયો તો વચનો ચોંટે નહીં. માન ન હોય તો પોતાના દોષો જુએ. લોભ મંદ થાય ત્યારે આરંભ, પરિગ્રહ દૂર થાય. એ મળ મટવાનાં સાધનો છે. ક્રોધ, માનાદિ આત્માને મલિન કરે છે અને મન છે તે બહુ ચંચળ છે. મનને રોકવા ભક્તિની જરૂર છે. ભક્તિ સાધન છે તે મનને રોકનાર છે. ભક્તિથી જ્ઞાનીનાં વચનો વિચારાય છે.

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,**
**સબ આગમભેદ સુઉર બસેં;**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,**
**નિજકો અનુભૌ બતલાઈ દિયે."**

મનને રોકવા ભક્તિ સાધન છે. અત્યંત ભક્તિ હોય તો વિક્ષેપ મટે. જ્ઞાનીપુરુષનો વિયોગ હોય તો પણ સમાગમમાં જે કંઈ જ્ઞાનીની દશા છે, ચેષ્ટા છે, તે જોઈ હોય તે વિચારવી.

‘‘તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં; તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું.’’ (૧૭૨)

જ્ઞાનીની પ્રવૃત્તિ ઊનાં પાણી જેવી છતાં સ્વભાવે શીતળ છે, પણ મુમુક્ષુની સહજાકાર વૃત્તિ છે. તેથી પ્રવૃત્તિમાં વધારે સાવચેતી રાખવી. એમાં રાજી થવા જેવું નથી. ઉદાસીન હોય તો ગમે ત્યાંથી છોડી શકે, નહીં તો પ્રવૃત્તિ એને પકડી રાખે. પ્રવૃત્તિથી નવરો ન થાય; રસપૂર્વક પ્રવૃત્તિ કરે તો પ્રવૃત્તિ ફરી આવી પડે છે. જેમાં માન વધે એવી પ્રવૃત્તિ કરવી નહીં. કરવી પડે તો પ્રતિબંધ છે એમ વિચારી કરવી. ઘણા લોકો કરે તે સાચું, એમ જીવ માને છે. લોકની માન્યતા તે લોકસંજ્ઞા છે. લોકોના માન્યા પ્રમાણે માનવાથી વિચાર આવતો નથી. લોકસંજ્ઞામાં તો દેખાદેખી કરે છે, પણ ઓઘસંજ્ઞામાં તો શા માટે કરું છું? એનો લક્ષ નથી હોતો. અસત્સંગ તે આત્માને કલ્યાણમાં વિઘ્ન કરનાર છે. જીવે આત્માનો વિચાર નથી કર્યો, પણ લોકસંજ્ઞાએ, ઓઘસંજ્ઞાએ કર્યો છે. પછી અસત્સંગમાં પ્રીતિ રાખે છે. એ આત્મકલ્યાણમાં આડાં આવે છે. કલ્યાણની પાસે જવું હોય તેણે વિઘ્ન કરનારાં કારણોનો ત્યાગ કરવો જોઈએ. જેમાં કંઈ આત્માનું કલ્યાણ ન થાય એવાં નિઃસત્ત્વ શાસ્ત્રો કે ગુરુ તે એને સાચી વસ્તુ પ્રાપ્ત કરવામાં આવરણ કરે છે, તેને આત્મઘાતી જ્યાં સુધી ન સમજે ત્યાં સુધી આત્મકલ્યાણ ન થાય. જીવે આડાં આવે એવાં કારણોનો ત્યાગ કરવો. જીવ પોતાના જ્ઞાન ઉપર આવરણ કર્યા કરે છે. અસદ્‌ગુરુ કે કુશાસ્ત્ર, એમાં માથું માર્યું તો આત્મકલ્યાણ અટકશે, ઘાત થશે. જ્ઞાની દીવા જેવું કહેતા હોય તો પણ એને ચોંટે નહીં. આત્મપ્રાપ્તિ કરવામાં જે વિઘ્ન છે, તે દૂર કર્યા વિના છૂટકો નથી. ક્યાં ક્યાં બંધાય છે; ક્યાંથી છૂટવું થાય એના વિચાર એને આવતા નથી. તેથી જ્ઞાનીએ એ દોષો બતાવ્યા છે. અસદ્‌ગુરુ અને કુશાસ્ત્રને આત્મઘાતી જાણ્યા વિના આત્મા ભણી વળાય નહીં. જીવની વૃત્તિ બીજે પ્રતિબંધ પામે છે તેથી જીવને સત્સંગે જે રંગ ચઢ્યો હોય તે ઊતરી જાય છે. અભિમાન પોષાય તો વિઘ્ન આવે છે. પોતાને લાભ થાય એવું કરવું છે. આપણે આત્મકલ્યાણ જેથી થાય તેવું કરવાની જરૂર છે. જીવ અહંભાવ કરે છે કે ‘મને સમજાયું.’ માથે સદ્‌ગુરુ હોય અને ખુલાસો થાય તો પડે નહીં. જીવે કોઈ પ્રકારની કલ્પના કરવી નહીં. નિરંતર સત્સંગની ભાવના રાખવી. એ ન હોય તો, છૂટી શકાય એવો વ્યવહાર કરવો. સત્પુરુષનો સમાગમ ન હોય તો સત્શાસ્ત્રનો પરિચય રાખવો.

આત્મા સિવાય બધી વસ્તુઓ તુચ્છ છે. મોહને લઈને જ્ઞાન અજ્ઞાનરૂપ થાય છે. જેમ જેમ પુરુષાર્થ કરે તેમ તેમ આગળ વધે. પાછો પ્રમાદમાં પડે તો પડી જાય. સાતમાથી બધા અપ્રમત્ત ગુણસ્થાનક છે.

[વ૦ ૪૪૯] (સાંજના સભામાં) ૨૯૧ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક વદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ક્યારે મને સત્સંગ થશે, ક્યારે મને સત્સંગ થશે? એવી રોજ ભાવના કરવી. ચોથા કાળમાં પણ સત્સંગની પ્રાપ્તિ દુર્લભ હતી. સત્સંગનો વિયોગ હોય ત્યારે સત્સંગમાં સાંભળેલું વિચારવું. સત્સંગ દુર્લભ છે. મહાપુણ્યથી પ્રાપ્ત થાય છે. ‘‘સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.’’ (૧૨૮)

પહેલાં સત્સંગે સમજણ કર, મિથ્યા વાસના દૂર કર. હું જાણતો નથી, જ્ઞાની જાણે છે. એમ કરી જ્ઞાનીને શરણે જાય તો કંઈક કામ થાય. સમજીને શમાવું. મહાપુણ્યનો યોગ હોય ત્યારે સત્સંગનો યોગ થાય છે. જીવને માહાત્મ્ય નથી. સત્સંગ તો દુર્લભ જ છે. અત્યારે કોઈ જ્ઞાનીપુરુષ હોય તેમની પાસે જઈને સાંભળે, પણ તે દુર્લભ છે. ચોથા કાળમાં પણ મુનિઓ વનમાં જ વિચરતા. કોઈક વખતે સમાગમ થતો. મહાભાગ્યે સત્સંગ મળે છે. કાળને પોષાય એમ નથી. માટે જેમ બને તેમ સત્સંગમાં શુદ્ધતાને આરાધવી.

નિવૃત્તિ મુખ્ય વસ્તુ છે. એથી જ લાભ થાય છે. સત્પુરુષની પ્રવૃત્તિ જગતના જેવી હોતી નથી. જ્ઞાનીની સર્વ ક્રિયા છૂટવા માટે હોય છે. જ્ઞાની અને અજ્ઞાની બન્નેની ક્રિયા સરખી દેખાય, પણ જ્ઞાનીને આસ્રવમાં સંવર થાય છે અને અજ્ઞાનીને સંવરમાં આસ્રવ થાય છે. જ્ઞાનીપુરુષો પૂર્વકર્મને લઈને કર્મની પ્રેરણાથી પ્રવૃત્તિ કરે છે, પણ કર્મ છૂટી જાય ત્યારે સ્વભાવમાં આવી જાય. જ્ઞાનીપુરુષ પ્રવૃત્તિમાં રહ્યા છતાં સમાધિમાં છે. એ કર્મ છોડે છે. એની ભાવના સ્વભાવમાં રહેવાની છે.

**“નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.”**

પ્રવૃત્તિ કરતાં જ્ઞાનીનો લક્ષ બીજો છે. કૃપાળુદેવ કહે છે કે પૂર્વકાળમાં સેવન કરેલાં વન, ઉપવન, સત્સંગ, જોગ, સમાધિ વગેરે અમને ઘેર બેઠાં સાંભરી આવે છે. દુકાન ઉપર બેસે છે, પણ આગલા ભવની વાતો સાંભરે છે. સત્પુરુષના સમાગમમાં કેવી શાંતિ હતી, તે એમને ઘેર બેઠાં સાંભરી આવે છે. એનું કારણ સમ્યક્ત્વ છે. એમની ભાવના તો એ જ રહે છે કે ક્યારે વનમાં જઈએ? ક્યારે વનમાં જઈએ? ભાવના નિવૃત્તિની છે. કર્મ જેટલો માર્ગ આપે તેટલી નિવૃત્તિ થાય. જેમ બને તેમ સ્વભાવમાં રહેવું એ જ એમનો લક્ષ રહે છે.

જેને કલ્યાણ કરવું છે, તેને માટે મોટામાં મોટું સાધન સત્સંગ છે. એ સત્સંગમાં વિઘ્નરૂપ શું છે? અસત્સંગ છે. એના ઘણા પ્રકાર છે, પણ એમાંના મુખ્ય કંઈક કહે છે. વિઘ્નો દૂર કરવા માટે વિચારવાનાં છે. એ વિઘ્નો શું કર્યે દૂર થાય તે વિચારવું. તેના પહેલાં તેનાં કારણો જાણવાં. જ્યાં સુધી વિઘ્ન હોય ત્યાં સુધી આગળ જવાય નહીં. જે જે વિઘ્નો છે તે દૂર થાય ત્યારે કલ્યાણ થાય. વિઘ્નો દૂર કર્યા વિના તો કલ્યાણ થાય એવું નથી.

**“ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિશણ જગનાથ.”** (આ૦ ૪)

સત્સંગ કરવામાં મને શું નડે છે, તે વિચારવાનું છે. સત્સંગ તરવાનું સાધન છે, પણ સત્સંગમાં આવે અને મને શું વિઘ્નરૂપ છે? તે તો વિચારે નહીં તો શું થાય? ફેરા ખાય. સત્સંગે ચેતે નહીં તો કામ થાય નહીં. મને શું નડે છે? તેની ખબર ન પડતી હોય તો જ્ઞાની કહે છે કે મળ, વિક્ષેપ અને અજ્ઞાન એ ત્રણ દોષ આડા આવે છે. એ મટશે ત્યારે કલ્યાણ થશે. જ્ઞાન પામવું હોય તો અજ્ઞાન ગયા વિના ન પમાય. જ્ઞાનીનાં વચનો સાંભળે, વિચારે પછી શ્રદ્ધા થાય ત્યારે અજ્ઞાન જાય. પોતાની કલ્પનાએ વિચાર નહીં, પણ જ્ઞાની કહે તે પ્રમાણે વિચાર કરવો. જ્ઞાનીનાં વચનો બીજસ્વરૂપ છે. એ જ્યારે પરિણામ પામે, અંકુર ફૂટે ત્યારે અજ્ઞાન જાય એવું છે. ઘણીવાર જીવ

વિચાર કરે છે, પણ યથાયોગ્ય વિચાર કરતો નથી. વિચાર એવો કરવો કે એનું ફળ આવે. જ્ઞાનીપુરુષનું કહેવું એના લક્ષમાં આવે તો યથાર્થ વિચાર કરે. અજ્ઞાન, જ્ઞાનીનાં વચનોથી દૂર થાય છે; પણ જ્યાં સુધી મળ અને વિક્ષેપ છે ત્યાં સુધી ગમે તેટલું વિચારે તોય એ અજ્ઞાન ખસે નહીં. એક અજ્ઞાન ખસેડવા જાય તો બીજું ઊભું થાય. જેમ રાવણનું એક માથું કાપે તો બીજું થાય એવું અજ્ઞાન છે.

જ્ઞાનીનાં વચનોમાં ઘણું બળ છે, પણ જીવની ભૂમિકા બરાબર ન હોય તો અસર ન થાય. મળ અને વિક્ષેપ જાય તો ચિત્તશુદ્ધિ થાય. મળ છે તે કષાય છે, આત્માને મલિન કરનાર છે. એને મટાડવા શું કરવું? ક્રોધ મટાડવા ક્ષમા કરવી, માયા મટાડવા માટે સરળતા કરવી, માન મટાડવા માટે નમ્રતા કરવી વગેરે કષાયથી પ્રતિપક્ષી જે છે તેને પ્રાપ્ત કરવાં. સરળતા પહેલી કરે તો ધર્મ પરિણમે. 'હું કંઈ જાણતો નથી' એવું પહેલાં સરળપણું જોઈએ. પછી ક્ષમા જોઈએ. કોઈ કડવું વચન બોલે, તોય ખોટું ન લગાડવું. પોતાના દોષ જોવા, એ ક્યારે થાય? નમ્રતા આવે ત્યારે લાગે કે હું તો અનંત દોષથી ભરેલો છું. મારાથી તો બીજા બધા સારા છે. હું તો અધમાધમ છું. લોભ દૂર થાય ત્યારે આરંભપરિગ્રહ દૂર થાય. જીવમાં અનંત દોષો છે. એ બધા દોષોનું મૂળ મમતા છે. એ મમતા જેટલી ઓછી તેટલા દોષ થોડા.

**''કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,**
**નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે.''**

જ્યાં સુધી મમતા ઓછી ન થાય ત્યાં સુધી બધા દોષો જાય નહીં. ધર્મ પામવો હોય તો પહેલું સરળપણું જોઈએ. ન જાણે તો કહે કે 'હું નથી જાણતો' એવો સરળ જીવનો સ્વભાવ છે. સરળ જીવ હોય તો જ્ઞાનીનું કહેલું પકડી લે.

વિક્ષેપ છે તે ચિત્તને અસ્થિર કરનાર છે. એ ચિત્ત જો ભક્તિમાં ચોંટ્યું તો વિક્ષેપવાળું ન થાય. ભગવાન ભુલાય તો આખું જગત ઊભું થાય. અત્યંત ભક્તિ એટલે ''પ્રભુ પ્રભુ લય લાગી નહીં.'' 'પ્રભુ પ્રભુ' લય લાગે ત્યારે વિક્ષેપ ન થાય. અત્યંત ભક્તિ એટલે એ સિવાય બીજું એને ગમે નહીં. કષાયની ઉપશાંતતા થાય તો આત્માર્થી થાય અને આત્માર્થી થાય તો જ્ઞાનીનો બોધ ગમે.''મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત.'' પછી એવી ભક્તિ થાય.

જે કામ કરવાથી હિંસા થાય તે આરંભ છે અને પછી વસ્તુની પ્રાપ્તિ થાય ત્યારે મમતા થાય તે પરિગ્રહ છે.

જ્ઞાનીનો યોગ ન હોય ત્યારે શું કરવું, તે કહે છે. કેવી દશામાં જ્ઞાની રહે છે? બધી પ્રવૃત્તિ કરતાં છતાં અંતરથી શીતળીભૂત રહે છે. એમની દશા વિચારવી. એમની ચેષ્ટા જોઈ હોય તેનો વિચાર કરવો. એમનાં વચનો સાંભળ્યાં હોય તેનો વિચાર કરવો. સ્મૃતિમાં રહ્યું હોય તે યાદ કરવું. એમાંથી આપણા હૃદયમાં કંઈક ચોંટી જાય એવું કરવું. જ્ઞાનીની દશા નીરખવી એટલે જ્ઞાની કેવી દશામાં રહે છે તે લક્ષમાં રાખવું. એનાં વચનો વિચારવાં. સત્પુરુષની દશા, ચેષ્ટા અને વચનોનું સ્મરણ કરવું. સત્પુરુષની દશા નીરખવી એટલે લક્ષમાં રાખવું. જ્ઞાનીની ચેષ્ટા સંભારવી અને

વચનો વિચારવાં.

સત્પુરુષનો યોગ ન હોય અને પ્રવૃત્તિ કરવી પડે તો આસક્ત ન થવું. સત્સંગનો યોગ ન હોય ત્યારે જીવ બીજું ઊભું કરે છે, માથાં મારે છે. સમાગમનો યોગ હોય ત્યારે એની વૃત્તિ બહાર ન જાય, પણ ન હોય ત્યારે લહેર કરવાનું તેને મન થઈ જાય. સમાગમનું બળ નથી અને બીજી પ્રવૃત્તિ છે, તેથી એમાં તણાઈ જાય છે. સાવધાન ન રહે તો પ્રવૃત્તિ એને અવકાશ આપે નહીં. પ્રવૃત્તિ કરવી પડે તો ન છૂટકે કરવી, નહીં તો પ્રવૃત્તિ રહ્યા જ કરે.

સત્સંગ એ કલ્યાણનું મુખ્ય કારણ છે. એમાં વિઘ્નરૂપ મળ, વિક્ષેપ અને અજ્ઞાન છે. એ સિવાય બીજાં પણ વિઘ્નો છે, તે કહે છે.

આત્માને આત્મારૂપે જીવ વિચારી શકતો નથી. બધા કરતા હોય કે ઘણા કરતા હોય તે આપણે કરવું એ લોકસંજ્ઞા છે. ઓઘસંજ્ઞામાં શું કરવા કરું છું, તેનો વિચાર નથી. અસત્સંગમાં જીવ હિત માને છે. આ સત્સંગ છે એમ માને અને હોય અસત્સંગ. ઓઘસંજ્ઞામાં કંઈ વિચાર નથી. સહેજે પ્રવૃત્તિ થયા કરે. અસત્સંગમાં જીવને અનેક આડીઅવળી કલ્પનાઓ આવી ચોંટે છે. અસત્સંગ હોય તેથી જીવ ભૂલો પડે. જેને આત્માનો નિર્ણય કરવો છે તેણે લોકસંજ્ઞામાં ન વર્તવું, ઓઘસંજ્ઞામાં ન વર્તવું અને અસત્સંગમાં ન વર્તવું. એ આવી પડે તો એમાં ઉદાસ રહેવું. જેમ કોઈ મહેમાન આવી ચઢે અને આડા અવળી વાતો કરે તો તેમાં ઉદાસ રહેવું, આસક્ત ન થવું.

જ્ઞાનીની આજ્ઞા સિવાય કલ્યાણ થાય એવું નથી. જગતમાં તો જ્ઞાનીની આજ્ઞા ક્યાંય હોય નહીં. આ કાળમાં એવો યોગ થયો છે. અનેક નવલકથાઓ, છાપાંઓ વગેરે નીકળે છે. સત્શાસ્ત્ર તો મહાભાગ્યે જ પ્રાપ્ત થાય એવું છે. અસદ્‌ગુરુ એને અવળે રસ્તે લઈ જાય. જેણે આત્મા જાણ્યો છે એવા કૃપાળુદેવ સિવાય ક્યાંય ચિત્ત રાખવું નથી, રાખે તો આવરણ થાય. આ જ્ઞાની, આ જ્ઞાની એમ ન કરવું. જે વચનોથી જીવ જાગતો થાય તે વચનોથી પણ જીવને જાગૃતિ થતી નથી! મોહમાં ને મોહમાં ફરે છે. જ્ઞાનીએ આત્મા જાણ્યો છે. એની આજ્ઞા આરાધવી છે. જેને સ્થિરતા છે એવા પુરુષોમાં વૃત્તિ રહે તો પોતાનો આત્મા સ્થિર થાય. 'હું કંઈ જાણતો નથી' એવી ભાવના રાખવી. પરિણામે છૂટી શકાય એવાં કામ રાખવાં. સત્સંગનો વિયોગ તો કલ્યાણનો પણ વિયોગ છે.

અંતરમાં જ્ઞાની શીતલીભૂત રહે છે. એ સમકિતની બલિહારી છે.

[વ૦ ૪૪૯] (રાતના સભામાં) ૨૯૨ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જીવને કલ્યાણ કરવું હોય તો બધા કરતાં ઉત્તમ સાધન સત્સંગ છે. થોડા કાળમાં ઘણું કામ થઈ જાય. પ્રભુશ્રીજી કહેતા કે અહીં તમારાં કોટી કર્મ ખપે છે. સત્સંગમાં જગત ભૂલી જવાય છે. એમાં એકાગ્રતા થવાથી ઘણાં કર્મો નિર્જરે છે. અત્યારે આઠે કર્મનો ઉદય છે, પણ ઉપયોગ જ્ઞાનીનાં વચનોમાં છે તેથી કર્મ આવી ચાલ્યાં જાય છે. ચોથા કાળમાં પણ સત્સંગ દુર્લભ હતો. તો આ કાળમાં દુર્લભ હોય એમાં નવાઈ નથી. સત્પુરુષના ચરણ સમીપનો નિવાસ દુર્લભ છે.

જ્ઞાનીપુરુષ એટલે જેણે આત્મા જાણ્યો છે, એવા જ્ઞાનીને પ્રવૃત્તિ હોય તો તે પ્રવૃત્તિ નથી. જ્ઞાનીની જે પ્રવૃત્તિ છે તે ગરમ પાણીની પેઠે છે, પણ સ્વભાવ તો શીતળ જ છે. પ્રવૃત્તિ કરવા

છતાં એમને કર્મોની નિવૃત્તિ થાય છે, તેમ છતાં જ્ઞાની નિવૃત્તિ હોય તો સારું એમ ઇચ્છે છે. જ્ઞાનીને નિવૃત્તિ હોય તો બીજા જીવોને પણ ઉપકારકારક થાય. જ્યાં જેને રસ લાગ્યો હોય ત્યાં તેનું મન જાય. પ્રિય વસ્તુમાં મન જાય. ગમે ત્યાં બેઠો હોય પણ જ્યાં પ્રેમ હોય ત્યાં મન જાય. કૃપાળુદેવને વ્યાપાર કરવો પડતો, પણ એમને ત્યાં બેઠાં પણ સત્સંગ, વન, ઉપવન, સદ્‌ગુરુનો જોગ જે પહેલાંના ભવમાં થયેલો તે સાંભરી આવતો, પણ જે કર્મો પોતે બાંધ્યાં છે તે તો ભોગવવાં જ પડે છે.

દરેક મુમુક્ષુએ શું કરવું? તે કહે છે. 'કલ્યાણમાં મને વિઘ્ન કરનાર શું છે?' તે જાણીને દૂર કરવું. એ પહેલું કરવાનું છે. વિચારે તો મને આ નડે છે એમ સમજાય અને તેને કાઢવાનો ઉપાય પણ જડે. મુમુક્ષુતાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ જ. દોષમાં અપક્ષપાતતા એટલે દોષોની બેદરકારી ન રાખવી. કાઢ્યા વિના મને છૂટકો નથી એમ એને રહે. સામાન્ય દોષો જે છે તે હવે કહે છે. 'મળ, વિક્ષેપ અને અજ્ઞાન એ અનાદિના ત્રણ દોષ છે.' મળ એટલે કષાય, વિક્ષેપ એટલે મન બીજે ખેંચાય તે, અને અજ્ઞાન એટલે પોતાનું ભાન નહીં. એ દોષોમાં જીવ અનાદિથી તણાય છે. જ્ઞાનીનાં વચનોનો યથાર્થ વિચાર થાય તો અજ્ઞાન દૂર થાય. અજ્ઞાન એ અંધકાર જેવું છે. જ્ઞાન દીવો આવે તો અજ્ઞાન અંધારું દૂર થાય. એ જ્ઞાન, જ્ઞાનીનાં વચનોનો યથાર્થ વિચાર કરે તો ઉત્પન્ન થાય, તેથી અજ્ઞાનનો નાશ થાય. અજ્ઞાનનું બળ બહુ છે. અજ્ઞાન દૂર કરવું હોય તો મળ અને વિક્ષેપ પહેલાં ટાળવા તો અજ્ઞાન દૂર થાય. એને માટે સત્સંગ એ ઉત્તમ સાધન છે. મળ મટવાનાં સાધનો હવે કહે છે.

પહેલામાં પહેલું સાધન સરળતા છે. જીવ સરળ સ્વભાવી હોય તો જ્ઞાનીનાં વચનોમાં વિપરીતતા ન થાય. ન સમજ્યો હોય તો ય હું સમજ્યો, એમ ન માને. બીજું ક્રોધને દૂર કરવો એટલે ક્ષમા ગુણ આવે. ક્ષમા એટલે ખમી ખૂંદવું. માન હોય તો જીવ પોતાના દોષ દેખે નહીં. તેથી એ માન મૂકી પોતાના દોષ જોવા. લોભને દૂર કરવા માટે આરંભપરિગ્રહ દૂર કરવો. માયા દૂર કરે તો સરળતા આવે. ક્રોધ દૂર કરે તો ક્ષમા આવે. પોતાના દોષ જુએ તો માન દૂર થાય અને આરંભપરિગ્રહ ઓછો કરે તો લોભ ઘટે. સાધનો કરવામાં દોષ આડે આવે તો કાઢી નાખવા. રાતદિવસ આરંભપરિગ્રહ કરે તો ધર્મ ક્યાંથી થાય? જેમ જેમ ઉપાધિ ઓછી કરે તેમ તેમ એને સમાધિ સુલભ થાય. ભટકતું ચિત્ત છે. જ્ઞાનીની ભક્તિમાં ચિત્ત જોડાય તો બધા જગતનો ત્યાગ થાય. એથી વિક્ષેપ મટે. અત્યંત ભક્તિ થાય ત્યારે બીજી વસ્તુઓ એને મરણ જેવી લાગે, તેથી બીજે એનું ચિત્ત ન જાય. દોષોને કહી, તેના ઉપાય પણ બતાવ્યા.

હવે જેટલી ગરજ હોય તેટલું કામ કરે. જ્ઞાની પ્રત્યે અત્યંત ભક્તિ થઈ હોય તો એનું ચિત્ત તેમાં રહે. જ્ઞાનીની દશા લક્ષમાં આવી હોય તે ચિંતવવી. ચેષ્ટાનો લક્ષ રાખવો. જ્ઞાનીની દશા નીરખવી તે મનથી. વિયોગમાં એમની દશા નીરખવી, એમની ચેષ્ટાઓ સંભારવી, હાથ કે આંખની ચેષ્ટાથી જ્ઞાનીએ કંઈ કહ્યું હોય તે સંભારવું. તેથી જ્ઞાનીએ કહ્યું હોય તે યાદ આવે. એમનાં વચનો હોય તે વાંચવાં, સમજવાં. જ્યારે સત્પુરુષનો યોગ ન હોય અને પ્રવૃત્તિનો યોગ હોય તે વખતે વધારે સાવચેતી રાખવી. સત્પુરષના વિયોગમાં બહુ સાવચેતી રાખવાની છે. જ્ઞાનીને યોગે જે સાંભળ્યું હોય તે ભૂલી ન જવાય તેમ વર્તવું. ઘરનું, જ્ઞાતિનું કે બીજાનું કામ હોય તેમાં મોટા થઈ

આગળ ન પડવું, માંડ માંડ કરવું. એમાં પ્રવર્ત્તન કરવું પડે તો માંડ માંડ કરવું. જ્ઞાનીનો યોગ થયા પછી વૈરાગ્ય વધે છે, ઉદાસીનતા રહે છે. નિવૃત્તિની ખેંચ ન રાખે તો નિવૃત્તિ મળેય નહીં. અનેક ભવ પ્રાપ્ત થાય તેમાં ધર્મના વિચાર ન કરે, પણ મનુષ્યભવ મળે ત્યારે જીવ કંઈક ધર્મ કરે છે.

આત્મા ઓળખવામાં શું નડે છે, તે કહે છે. લોકસંજ્ઞા એટલે ઘણા લોકો જેમ કરે તેમ કરવું. ઓઘસંજ્ઞામાં વિચાર નથી. અસત્સંગે અવળા, વિપરીત વિચાર થાય એ બધાં કારણો જીવને આત્મા ઓળખવામાં નડે છે. જ્ઞાનીપુરુષથી જીવ કેટલો દૂર રહે છે. નકામાં છાપાં, પુરાણો વગેરેમાં કેટલો નકામો વખત ગાળે છે? જેમાં આત્માનું કંઈ કલ્યાણ ન હોય એવી નિઃસત્વ ક્રિયામાં ખળી રહે તો મનુષ્યભવ નકામો જતો રહે. મનુષ્યભવની ક્ષણે ક્ષણ દુર્લભ છે. કોઈ વખતે એને સમકિત થઈ જાય, કોઈ વખતે એને ચારિત્ર આવી જાય, કોઈ વખતે કેવળજ્ઞાન થઈ જાય, કોઈ વખતે મોક્ષ થઈ જાય એવી એવી મનુષ્યભવની દુર્લભ ક્ષણો છે.

અસત્સંગ, અસત્શાસ્ત્ર, અસદ્‌ગુરુ એથી જીવ પાછો ન વળે, એને આત્મઘાતી ન જાણે ત્યાં સુધી આત્મસ્વરૂપ ન સમજાય. અસત્સંગ, અસત્શાસ્ત્ર અને અસદ્‌ગુરુ એ આત્માની ઘાત કરનાર છે. એને આત્મઘાતી જાણે તો એથી દૂર રહે, પણ એ મારા આત્માની ઘાત કરે છે, એવી એને ખબર નથી. જ્ઞાનીના એક એક વચનો કલ્યાણ કરનાર છે, પણ જીવમાં બીજા સંસ્કાર પડ્યા છે, તેથી સમજાતાં નથી. બહુ સાવચેતીથી વર્તવાનું છે. જીવ અભિમાનમાં તણાઈ જાય છે. આત્મસ્વરૂપની વાતો કરનાર તો ઘણા મળે; પણ જેણે આત્મસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે, તેમનાથી આત્મા જાણ્યા વિના આત્મા પ્રાપ્ત થાય નહીં. જ્યાં આત્મસ્વરૂપ પ્રગટ છે ત્યાંથી જ પ્રાપ્ત થાય, એવો દૃઢ નિશ્ચય કરવાનો છે. જ્ઞાનીપુરુષ સિવાય મેં આત્મા જાણ્યો છે એવી કલ્પના કરવી નહીં. જગતમાં ચમત્કારવાળા હોય તેમની પાછળ લોકો ફરે છે, પણ આત્માનું કલ્યાણ કરવું હોય તો જ્ઞાની વિના થાય નહીં. જ્ઞાનીથી જ કલ્યાણ થાય છે, તેથી એમના સત્સંગની નિરંતર ભાવના રાખવી. પ્રવૃત્તિ કરવી પડતી હોય તો ઉદાસીનતા રાખવી. પોતાની મોટાઈને અર્થે કોઈ પ્રવૃત્તિમાં તણાઈ જવું નહીં. સત્પુરુષનો યોગ ન હોય તે વખતે સત્સંગની ભાવના રાખવી.

બધાં સાધનોમાં મુખ્ય સત્સંગ છે, એની ભાવના હંમેશાં રાખવી. સત્સંગ નથી તો લો, આપણે વ્યાપાર કરીએ એવું કરવાનું નથી, પણ મુમુક્ષુઓએ પરસ્પર સત્સંગ કરવો. પ્રવૃત્તિ કરવી પડે તેમાં મોટાઈની ઇચ્છા ન રાખવી. મુમુક્ષુએ કેવું વર્તન રાખવું તે બધું લખ્યું. પ્રમાદ ન કરવો. કૃપાળુદેવને એક પત્તું લખવાની ઇચ્છા હતી પણ એક લખ્યું પછી બીજું લખ્યું એમ આઠ પત્તાં લખ્યાં. એવો ઉદય કોઈક વખતે જ એમને હોય છે. આત્મજ્ઞાન થયા પછી પણ સત્સંગની ઇચ્છા રાખે છે, તો પછી બીજાએ તો રાખવી, એમાં તો કહેવાનું જ શું?

**[વ૦ ૪૫૦]** (રાતના સભામાં) ૨૯૩ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જીવ કલ્પના કરે છે કે કેમ થશે? શું થશે? પણ એ તો બાંધ્યું છે તેમ થવાનું છે. ''કૃષ્ણને કરવું હોય તે કરે.'' કૃષ્ણ એટલે કર્મ જ છે. ફિકર ચિંતા કરવા જેવું નથી. ચિંતામાં ચિત્ત

જાય તો આર્ત્તધ્યાન થાય અને એ આર્ત્તધ્યાન મુમુક્ષુને કરવા જેવું નથી. ચિંતા થવાનું કારણ અંદર મોહ-મમત્વભાવ છે, તેથી ચિંતા થાય છે. મૂળ તો એનું મિથ્યાત્વ છે. તેને લઈને 'મારું મારું' મનાય છે. તેથી ચિંતા ફિકર થાય છે.

જ્યાં આત્મા છે ત્યાં સર્વ રિદ્ધિસિદ્ધિઓ છે. કેટલાકને હઠયોગની ક્રિયાઓ વગેરે કરવાથી રિદ્ધિસિદ્ધિઓ પ્રગટે છે અને કેટલાકને સ્વાભાવિકપણે હોય છે. સમ્યક્દર્શન છે તે આત્માની પ્રતીતિ છે. રિદ્ધિસિદ્ધિનું માહાત્મ્ય લાગે તો સમકિત જતું રહે. પછી એને આત્માનું માહાત્મ્ય ન રહે. સમ્યક્દર્શન થાય તેથી રિદ્ધિસિદ્ધિઓ પ્રગટે જ એમ નથી. રિદ્ધિસિદ્ધિઓ પ્રગટી હોય તો તેને રોગ જેવી જાણે. આત્મામાં પ્રવૃત્તિ થાય ત્યારે તો બહારની વસ્તુનું માહાત્મ્ય રહે નહીં, પણ જ્યારે ત્યાંથી ચૂકી પ્રમાદમાં આવે ત્યારે રિદ્ધિસિદ્ધિ ફોરવવાનું થાય છે.

જેમ જેમ ગુણસ્થાનક વધે, મનની નિર્મળતા થાય તેમ તેમ રિદ્ધિસિદ્ધિઓ વધારે વધારે પ્રગટે છે. પ્રભુશ્રીજી કહેતા કે રિદ્ધિસિદ્ધિને તો લાત મારીને કાઢી મૂકી છે. જો રિદ્ધિસિદ્ધિ ફોરવવા જાય તો છટ્ઠેથી પડી, પહેલે આવી જાય. અગિયારમેથી પણ પડી પહેલે ગુણસ્થાનકે આવે છે. અહંભાવ હોય ત્યાં સમકિત ન રહે. ''અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે.'' (૪૯૩) અહંભાવ મમત્વભાવ રહિત આત્મા છે, એમ જેને થયું છે તેને સમકિત પ્રાપ્ત થાય છે. મન, વચન, કાયાથી કોઈ પણ ચમત્કાર કરવાની ઇચ્છા ન થાય. [1](ભર્તૃહરિ અને શુભચંદ્રનું દૃષ્ટાંત આપીને કહ્યું) આમ દયાને નિમિત્તે કે બીજાના આત્મલાભને અર્થે જ્ઞાની સિદ્ધિ ફોરવે છે, પણ તે સહજે સ્ફૂરે છે. મારે ચમત્કાર દેખાડવો છે, એવું જ્ઞાનીને મનમાં ન હોય. એવું હોય તો પહેલે ગુણસ્થાનકે આવતા રહે.

જ્ઞાનીપુરુષથી સ્વાભાવિક રીતે કેટલાક ચમત્કારો થાય છે. આત્મા કરતાં ચમત્કાર ચઢીયાતા કદી ન લાગે. સમ્યક્દર્શન ન હોય તોપણ હઠયોગ વગેરેની ક્રિયાથી રિદ્ધિઓ પ્રગટે છે. એ પછી લોકોને દેખાડતો ફરે છે. સમ્યક્દર્શન ન હોય ત્યાં સુધી બધું જ્ઞાન અજ્ઞાનરૂપ છે. આત્મસ્થિરતા વિશેષ થાય તેથી રિદ્ધિસિદ્ધિઓ વધારે પ્રગટે છે. સંઘ વગેરેનું કામ આવી પડે તો જ્ઞાની રિદ્ધિસિદ્ધિઓ ફોરવે છે અને તે પણ નીચેની દશામાં ફોરવવાનું હોય છે. કેવળજ્ઞાન હોય ત્યાં તો રિદ્ધિસિદ્ધિ ફોરવવાનું નથી હોતું.

કૃપાળુદેવ કહે છે કે માર્ગાનુસારીપણું અમને નથી. અજ્ઞાનયોગીપણું અમને જન્મથી જ નથી. સમ્યક્દર્શન અમને છે. હઠયોગ સાધવાથી રિદ્ધિસિદ્ધિઓ પ્રગટે એવી ઇચ્છા પણ અમને નથી. આત્માની નિર્મળતા થાય ત્યારે એ પ્રગટે છે. તમને આ પત્ર લખ્યો ત્યારે અમને અમારામાં રિદ્ધિસિદ્ધિઓ છે કે નહીં એમ તપાસવું પડ્યું. તપાસતાં એમ લાગ્યું કે છે તો ખરી. તમે દુઃખ માનો છો, પણ દુઃખ નથી. રામના વનવાસના એક દિવસ જેટલું પણ તમને દુઃખ નથી. પાંડવોના તેર વર્ષની એક ઘડી જેટલું પણ દુઃખ નથી. ગજસુકુમારને જેટલું દુઃખ પડ્યું તેની એક ક્ષણ જેટલું પણ તમને દુઃખ નથી.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ ૫૨૨.

મુમુક્ષુએ ધીરજ રાખીને બધું સહન કરવાનું છે. જે થાય તે જોયા કરવું. ગમે તેટલી મુશ્કેલી આવે પણ ધીરજ રાખવી.

**[વ૦ ૪૫૨]** (રાતના સભામાં) ૨૯૪ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સોભાગભાઈના પત્રો ઉપર ઘણો વિચાર કરવાનો છે. કૃપાળુદેવે પોતાનું અંતર ખોલીને બતાવ્યું છે.

સુખ છે ખરું, પણ એ આત્મામાં છે. આત્માનો સુખ ગુણ છે, પણ જગતના મનુષ્યો બહાર શોધે છે, પણ ત્યાં સુખ નથી. વસ્તુમાં સુખેય નથી અને દુઃખેય નથી. આ તો જીવ કલ્પના કરે છે.

કૃપાળુદેવને મુંબઈમાં ઉપાધિને લઈને રહેવું પડે છે. જે જે જીવ દુઃખની કલ્પના કરે છે, તે ખરી રીતે ઊંડો ઊતરીને તપાસે તો જીવની કલ્પના છે એમ લાગે. જેવું માને તેવું લાગે. મોહને લઈને સુખની કલ્પના વસ્તુમાં કરે છે. આટલો ટૂંકો પત્ર છે, પણ જીવને સમજાય તો બહુ છે. જેણે આત્મા પ્રગટ કર્યો છે તેમને સુખ છે, બાકી તો કલ્પના છે. જ્યાં સુધી આત્માને સમાધિભાવ ન આવે ત્યાં સુધી આત્મા ક્લેશિત રહે છે. દુઃખનો અભાવ છે, સુખ છે એ અનંતસુખ નામનો આત્માનો ગુણ છે. જ્યારે ઘાતિકર્મનો ક્ષય થાય ત્યારે અનંતસુખ પ્રગટે છે, તે કલ્પનામાં આવે એવું નથી. સમાધિભાવ, શાંતિ આત્માને હોય ત્યારે જે સુખ હોય છે, તે સુખની હાનિ કરનાર કર્મ છે. જ્ઞાનાવરણીયકર્મને લઈને જ્ઞાનનું સુખ એને મળતું નથી. આનંદને આવરણ કરનાર ચાર ઘાતિ કર્મ છે. એ દૂર થાય ત્યારે અનંત આનંદ પ્રગટે છે. સુખ આત્માને લઈને છે. આત્મા જ સુખનું કારણ છે. ઊંઘ આવે ત્યારે એમ લાગે કે સુખ છે, પણ ત્યાં સુખનું કારણ બીજું તો કશું છે નહીં. આત્મા જ સુખરૂપ છે.

**[વ૦ ૪૫૩]** (સવારના સભામાં) ૨૯૫ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ વદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– આખો લોક ઠાંસી ઠાંસીને જીવોથી ભરેલો છે. પગ મૂકતાં પાપ છે. પરિગ્રહ એ પાપ છે. આ કાળમાં હલકી વૃત્તિવાળા જીવો જન્મે છે. પશુ જેવા જીવો છે. આર્યદેશમાં મોક્ષની રુચિવાળા જીવો હોય છે. ગૃહસ્થો પણ મુનિ થવાની ભાવના રાખે છે, પણ અનાર્યદેશોમાં તો ધર્મનું નામ જ ન મળે. પરમાર્થ ન ભૂલાય એવું બનવું બહુ મુશ્કેલ છે. ભગવાનની સેવા કરવી દુર્લભ છે. તરવારની ધાર ઉપર ચાલવું તો સુલભ છે.

**"ધાર તરવારની સોહલી, દોહલી, ચૌદમા જિનતણી ચરણ સેવા."** (આ૦ ૧૪)

સત્પુરુષનો નિરંતર સત્સંગ કરવાનો છે. રાગદ્વેષથી બળતાં બચવા માટે સત્સંગ છે. કૃપાળુદેવના કાળ કરતાં હમણાંના કાળમાં બહુ ફેર પડી ગયો છે. નિરંતર સત્સંગ હોય તો જ સત્પુરુષને સંતોષ થાય છે. જગતમાંથી જેને કશું જોઈતું નથી તેવા પુરુષને પણ આ સંસારસમુદ્ર ગળકાં ખાતાં ખાતાં માંડ તરવા દે છે. મોક્ષે જવું હોય તો મુનિમાર્ગ એ મોક્ષમાર્ગની સગવડ છે. સંસારની સગવડ તે બધી અગવડ છે. મુનિપણાની ભાવના ન હોય તો શ્રાવક ન કહેવાય. આ કાળમાં જેટલી અનુકૂળતા વધી છે, તેટલી મોક્ષમાર્ગમાં અગવડતા છે. કાળ બધો ફરી ગયો છે.

આ કાળ કેવો છે? તે જ્ઞાની જાણે છે. બીજા બધાને તો લહેર કરવા જેવું લાગે છે. થાક્યો હોય, પરસેવો થયો હોય, તરસ લાગી હોય અને જો પાણી હોય તો કેવું થાય! તેમ સત્સંગમાં જીવને શાંતિ થાય છે. સત્સંગમાં જીવ ઠરે છે. કૃપાળુદેવ કહે છે કે 'બધું કરવા છતાં અમારો આત્મા અકર્તા છે અમે કંઈ કરતા નથી.' એ જ ખરી સમાધિ છે. ઉપાધિ કષ્ટરૂપ લાગતી નથી, પૂર્વે બાંધ્યાં છે તે ભોગવીએ છીએ.

શ્રીકૃષ્ણ અને પાંડવો દ્રૌપદીને લેવા ધાતકીખંડમાં ગયા. ત્યાંથી પાછા ફરતી વખતે શ્રીકૃષ્ણે કહ્યું કે તમે ગંગા નદીને પાર આ હોડીમાં બેસીને જાઓ અને હોડી પાછી મારા માટે મોકલજો. પાંડવો ગંગા નદીની પાર ગયા. ભીમે વિચાર્યું કે આપણે કૃષ્ણના બળની પરીક્ષા કરીએ, એમ વિચારી હોડી ન મોકલી. શ્રીકૃષ્ણ ત્યાં હોડીની રાહ જોતા ઊભા રહ્યા, પણ બહુ વાર ઊભા રહેવા છતાં હોડી ન આવી, તે જાણીને એક હાથમાં રથ અને બીજા હાથમાં ચક્ર ઉપાડી નદી ઓળંગીને ગંગા કિનારે આવ્યા. શ્રીકૃષ્ણે ક્રોધમાં આવીને કહ્યું કે હોડી કેમ ન મોકલી? પાંડવોએ કહ્યું કે તમારું બળ જોવા માટે ન મોકલી. કૃષ્ણે કહ્યું કે આખી દ્રૌપદીને છોડાવી લાવ્યો તે તમે મારું બળ ન જોયું?

મનુષ્યભવ શા માટે મળ્યો છે? હું શું કરવા જન્મ્યો છું? શું કર્યું છે? એનો વિચાર નથી આવતો તે જ મૂર્ખતા છે. આ કાળના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં ક્યાંય આત્માને શાંતિ દેખાતી નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ક્યાંય આસક્તિ કરવા જેવું નથી. જે સાંસારિક ભાવ છે તેમાં સારું માનવું નથી. જ્યાં સુધી સિદ્ધ ભગવાન જેવા ખરા ભાવ ન થાય ત્યાં સુધી બીજા ભાવોમાં શું રાચવું? કૃપાળુદેવ કહે છે કે નિરંતર સત્સંગની ઇચ્છા રહે છે. સહજ સ્વભાવે વર્તવું એ જ અમારો ધ્યેય છે. બીજા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં શું સુખ છે? ''કલ્પિતનું આટલું બધું માહાત્મ્ય શું?'' (૫૭૬) ત્યાગમાં સુખ છે, તે કરી જુએ તો ખબર પડે. આ શરીર છે, તે કેદખાનું છે. મને સ્વતંત્રતા ક્યારે પ્રાપ્ત થશે, એટલું થાય ત્યારે છૂટે. શરીરનો આગ્રહ જીવને મટતો નથી.

જ્ઞાનીપુરુષો જે કંઈ કરતા હોય તે આપણા હિત માટે છે, એવી ભાવના રહે તો બીજા ભવમાં પણ એને સત્પુરુષનો યોગ થાય. જ્યાં સુધી રાગદ્વેષ અને લોભ રહે ત્યાં સુધી અંતરાયકર્મ વધારે બંધાય. કૃપાળુદેવ સૌભાગ્યભાઈને લખે છે કે 'તમારા જેવાનો સત્સંગ થાય તો આત્મવાર્તા ચર્ચાય. તમારા જેવાના અમે દાસ છીએ.'

[વ૦ ૪૫૩] (રાતના સભામાં) ૨૯૬ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– મુમુક્ષુ જીવોને આત્મહિત શાથી થાય એવી દયારૂપ ઇચ્છાવાળા મોટા પુરુષો હોય છે. સોભાગભાઈને એમ ભાવના થયા કરે છે કે કૃપાળુદેવ દીક્ષા લે તો જીવોનું કલ્યાણ થાય.

પરમકૃપાળુદેવ જણાવે છે કે પ્રારબ્ધનો ઉદય એવો છે કે ઘણો વખત ઉપાધિમાં રહેવું પડે. તેમાં અમને મારાપણું નથી, તેથી ખેદ થતો નથી પણ આત્મા ગૌણ થાય છે, તે દુઃખ છે.

**''ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે,**
**જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ન ઘટે એક રંચ રે.''** (હા.નોં. ૧/૩૨)

એવા વખતમાં વીર્ય વધારે ફોરવવું પડે છે. અમને તો એ ઉપાધિયોગ એક પરિષહ જેવો છે. વ્યાપારનું કામ એવું છે કે એમાં ઉપયોગ દેવો પડે. તેમાં ઉપયોગ રાખી વર્તવું પડે છે. એક તો અવસર્પિણીકાળ છે. એટલે આયુષ્ય, પુણ્ય બધું ઓછું હોય, સારી સામગ્રી થોડી રહે છે અને બીજું અનાર્ય લોકોએ હિંદુસ્તાનમાં આવીને લોકોની વૃત્તિઓ પોતાના વર્તન પ્રત્યે ખેંચી અને તેની પણ મુંબઈ જેવા ક્ષેત્રમાં તો વધારે ખેંચાણ છે. આત્માનું તો કોઈને ભાન કે ગરજ પણ નથી. આખી જીંદગી સુધી કમાવ કમાવ કરે છે. આત્માનું કલ્યાણ કરવું, એવા સંસ્કાર હોય તોય અનાર્ય જેવા ક્ષેત્રમાં જાય તો ભૂલી જાય. બીજા સંસ્કાર પડી જાય છે. પરમાર્થ વિસરાઈ જાય એવું છે. વ્યાપારની જ કાળજી રાખનારા ચારેબાજુ હોય છે. આત્માનું ગમે તે થાઓ એમ કહે છે. વ્યવહાર તો ભુલાય નહીં, પણ પરમાર્થને જાણતો હોય તેને પણ પરમાર્થ ન ભુલાય, એવું રહેવું બહુ મુશ્કેલ છે. વૈરાગ્ય હોય તેને પરમાર્થ ન ભુલાય, પણ એવા ક્ષેત્રોમાં તો ભૂલી જવાય. આનંદઘનજીના કાળમાં જેવો દુષમકાળ હતો, તે કરતાં તો આ કાળ ઘણો વિષમ છે.

**“ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકા, મોહ નડિયા કલિકાલ રાજે.”** (આ.૦ ૧૪)

કૃપાળુદેવના કાળ કરતાં આ કાળ કેટલો વિષમ આવ્યો છે! કળિકાળ તો વધતો જાય છે, વ્યવહારની નીતિ પણ બરાબર રહી નથી. એ કળિકાળથી બચવું હોય તો સત્સંગ એક સાધન છે, બીજું સાધન નથી.

કૃપાળુદેવને સત્સંગની કેટલી ઇચ્છા રહે છે! પૂર્વભવે એમણે એનું ઘણું વેદન કર્યું છે. નિરંતર સત્સંગની ઇચ્છા તે જ આ કળિયુગથી બચવાનું સાધન છે. જેને કોઈપણ પ્રકારની ઇચ્છાઓ ઉત્પન્ન થતી નથી તેમને પણ આ કળિકાળ ગભરાવે છે. સંસાર સમુદ્ર તરીએ છીએ, પણ બહુ મુશ્કેલી પડે છે, એમ કહે છે. આ પ્રારબ્ધ છે તે એમને તરવામાં આડું પડે છે, તેથી સંસાર સમુદ્ર માંડ માંડ તરીએ છીએ, એમ પરમકૃપાળુદેવ કહે છે. સમયે સમયે થાકી જવાય છે, એટલો પુરુષાર્થ એમને કરવો પડે છે. જેટલું બળ હોય તેટલું બધું વાપરવું પડે. સત્સંગ, સત્સંગ એમ એમને થયા કરે છે. સત્સંગ હોય તો આત્મભાવ પોષાય, નહીં તો વૃત્તિ ઠેકાણે રાખવી બહુ મુશ્કેલ છે. મોહની સાથે એમને લડવું પડે છે. સત્સંગની તરસ એમને લાગે છે અને સત્સંગનો યોગ મળે નહીં, જેમ આપણને તરસ લાગે અને પાણી ન મળે તો કેવું દુઃખ થાય? તેમ એમને સત્સંગ વિના થયા કરે છે. ક્ષેત્ર, પ્રારબ્ધ કોઈ પ્રત્યે દ્વેષ પરિણામ ન થાય તેમ તેઓ સાચવે છે. સમભાવ રાખે છે. જે સમ્યક્‌દર્શન છે તે બચાવે છે. એટલી બધી પ્રવૃત્તિ કરવી પડે છે, પણ એમને આત્મા જાણે કંઈ કરતો નથી, એમ લાગે છે.

**“ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ.”**

પ્રવૃત્તિ કરતાં છતાં આ મેં કર્યું એમ એમને થતું નથી. જેની સમજણ ફરી ગઈ છે, “હું પામર શું કરી શકું?” એવો વિવેક પ્રગટ્યો છે, અહંભાવ મમત્વભાવ દૂર થઈ ગયો છે, તેને પછી ક્લેશ થતો નથી. કર્મ આવીને જાય અને નવાં ન બંધાય તો તો દેવું પતે એવું છે. એમનો આત્મા સમભાવમાં રહે છે. વ્યવહાર કરતાં પણ એમને કર્મની નિર્જરા થાય છે. જ્યારથી સમ્યક્‌દર્શન પ્રાપ્ત

થયું ત્યારથી બધું અસાર લાગે, પણ પ્રારબ્ધને લઈને ઉપાધિમાં પ્રવર્તવું પડે છે. કર્મ પકડી રાખે છે. આ ઉપાધિ છે, તેના કરતાં વધારે ઉપાધિ આવે અને કર્મો વધારે ક્ષય થાય તો સહન કરવાની એમને ઇચ્છા છે. કર્મ બાંધેલાં હોય તે તો ભોગવવાં પડે. ચિત્ત નિર્ગ્રંથદશાને યોગ્ય થયું છે. કશી કામના રહી નથી અને આ ઉપાધિયોગ એવો છે કે આત્માને ગૌણ કરવો પડે છે. કૃપાળુદેવને એવું જ્ઞાન હતું કે આગળ પાછળનાં કર્મો કેવાં છે તે જાણી શકતા. નિર્ગ્રંથદશા પ્રાપ્ત કરવી છે તેની ભાવના રહ્યા કરે છે અને વચ્ચે પ્રારબ્ધ આડું આવે છે તેથી મૂંઝવણ થાય છે.

**"જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય;**
**જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય."**

જ્ઞાની જાણે છે કે આ ભોગવવાનું છે, તેથી ધીરજ રાખે છે. લાવો, નાખી દઈએ એમ કરતા નથી. આત્મજ્ઞાન હોવા છતાં, ઘણા જીવોને લાભ થાય એવો સંભવ છે તેમ છતાં, પ્રારબ્ધ એવું છે કે કોઈનું હિત કરાતું નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કોઈમાં આત્મા સ્થિર થાય એવું એમને લાગતું નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કંઈ ગમતું નથી. ક્યાંય રાગદ્વેષ થતા નથી. જગતની કોઈ વસ્તુ ગમતી નથી, પણ સત્સંગની ઇચ્છા રહે છે. નિવૃત્તિકાળ, ક્ષેત્રની ભાવના રહે છે, તે એક આત્મવિચાર કરવા માટે રહે છે. સત્સંગની ઇચ્છા રહે છે. સર્વસંગપરિત્યાગ અત્યારે થાય એવો નથી, પણ નિવૃત્તિક્ષેત્રનો યોગ ક્યારે મળે, ક્યારે મળે? એમ ઇચ્છા રહે છે. સોભાગભાઈને કૃપાળુદેવ લખે છે કે તમારા સમાગમની ઇચ્છા રહ્યા કરે છે, તે પણ સહેજે થાય તો કરવું. તમને અહીં બોલાવીને અહીં સત્સંગ કરવો એમ નથી રહેતું. કેમકે ઉપાધિવાળું આ ક્ષેત્ર છે, તેથી જેવો જોઈએ તેવો લાભ ન થાય. ઉદય એવો છે કે પરાણે પરાણે આત્મા સાધન કર્યા કરે છે. સોભાગભાઈને કૃપાળુદેવ લખે છે કે તમે પણ સમભાવપૂર્વક ઉપાધિયોગને વેદજો. મૌનપણે વેદવું એટલે આમ કરું, તેમ કરું તો આ ઉપાધિયોગ મટી જાય એવા ઝાવાં ન નાખવાં. એ સંબંધી બહુ વિકલ્પો ન કરવા. સમભાવ રાખીને સહન કરવું. સમભાવ આવશે તો ઘણી નિર્જરા થશે. સત્સંગ હોય તો આત્મવિચાર થાય, પણ એવો યોગ અમને નથી.

સત્સંગની એમને કેટલી ગરજ છે. જેમ જેમ સમજણ વિશેષ વિશેષ આવે તેમ તેમ વિનય-લઘુતા આવે છે. જેમ ફળ આવવાથી ડાળી નમે છે તેમ સમજણ આવવાથી નમ્રતા આવે છે.

[વ૦ ૪૫૪] ૨૯૭ ગઢશિવાણા, ફાગણ સુદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સંસાર પરિભ્રમણ ટળે એ માટે જ્ઞાનીઓ એને કહે છે. સંસારની વસ્તુઓમાં પ્રીતિ હોય ત્યાં સુધી મારે મૂકવું છે એમ ન થાય અને ત્યાં સુધી સંસાર છે. જ્ઞાનીપુરુષ છે તે આત્મા છે. તે જીવે જોયો નથી. જે અર્થે જ્ઞાની જીવે છે તે એને ન સમજાયું તો એણે જ્ઞાનીને જોયા નથી. જ્ઞાની મળ્યે ભાવના પલટાય છે. દેહને કશું કહેવાનું નથી. દેહમાં આત્મા છે તે મોહમાં ઊંઘે છે. તે સમજાવા માટે આખો લોક બળે છે, એમ કહી જ્ઞાની જગાડે છે. જીવ રાગ-દ્વેષ કરે છે, તેમાં મીઠાશ માને છે.

કોઈને કેડમાં ડાંગ વાગી હોય તો માંડમાંડ પરાણે ચાલે છે, તેમ જ્ઞાનીનાં વચનરૂપ લાકડી

વાગી હોય તો પછી સંસાર સારો ન મનાય. જ્ઞાનીના સંગે જીવને જાગૃતિ થાય છે. ખોટાને ખોટું જાણ્યું તો ન ઇચ્છે. મૂળ એની ઇચ્છા ફરી જાય છે. જ્ઞાની કહે છે કે તને ગમે તેવી સારી વસ્તુ લાગે પણ દુઃખરૂપ છે. આત્મા રત્નચિંતામણી જેવો છે. સંસાર માંગ્યે સંસાર મળે. જેમ જેમ સત્પુરુષનું ઓળખાણ પડે તેમ તેમ અનંતાનુબંધી મંદ પડે છે. રાગ-દ્વેષરૂપ સંસાર છે. જ્ઞાની મળ્યે સંસારનું બળ ક્ષીણ થઈ ગયું હોય છે.

જ્ઞાનીની દૃષ્ટિ ભેદજ્ઞાનવાળી છે. જ્ઞાનીનું કંઈક અંશે ઓળખાણ થયું હોય તો એને પણ એટલો ભેદ પડે છે. ઝેર છે તે ઝેર જેવું લાગ્યું. સોનું અને સ્ત્રી, એ બે સંસારનાં કારણથી ડરતો રહે છે. જડ છે તે જડ જ લાગે.

**''નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન;**
**ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન.''**

ધન છે, હીરા છે, માણેક છે તે બધાં માટી જેવાં લાગે. બધાનો સ્વભાવ પુદ્ગલ છે. નાશવંત વસ્તુઓની ઇચ્છા ન રહે. આત્મા ત્રણે કાળ રહે એવો છે. જ્ઞાનીએ જાણ્યો છે. જેણે સ્વરૂપ પ્રગટ કર્યું છે, તેમાં વૃત્તિ જાય તો આપણને પણ તે થાય.

જ્ઞાનીપુરુષને પૂર્વભવની વાત સાંભરી આવી છે. પહેલાંના શ્રોતા હતા તે માર્ગાનુસારી અને તીવ્રતાવાળા હતા, તેથી તે ગ્રહણ કરતા. માર્ગાનુસારીને સામાન્ય વચનોમાં અને જ્ઞાનીનાં વચનોમાં ભેદ લાગે છે. ગમે તેટલું દુઃખ આવે પણ જ્ઞાનીનું કહેલું ન ભૂલવું.

સત્સંગમાં લક્ષ રાખવા યોગ્ય ચાર વસ્તુ કહી છે. (૧) સાવ ઉદાસીનતા. ''જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે.'' (૯૦૨) એ વિના, આત્મા શું છે ? મારા કેવા ભાવ રહે છે ? એ વિચારવાનો અવકાશ નથી મળતો. સંસારમાં જેને રાગ હોય તેને એ ગમતું નથી. જ્યાં સંસારી જીવો જગતમાં જાગે છે ત્યાં જ્ઞાની ઊંઘે છે. (૨) ગુણવંત પુરુષ પ્રત્યે પ્રીતિ. કોઈપણ જીવમાં અલ્પ ગુણ હોય તેમાં પ્રીતિ રાખે. (૩) પોતાના દોષો ટાળવા. જેટલા દોષો દેખાય તેટલા ટાળે તો દૃષ્ટિ સૂક્ષ્મ થાય છે. (૪) દોષનો વિલય કરવામાં અત્યંત વીર્યનું સ્ફુરવું. મારે ઘણું કરવાનું છે એમ લક્ષ રહે તો વીર્ય મંદ ન પડે. એ ન હોય તો સત્સંગ નિષ્ફળ થાય. સંસાર પ્રવૃત્તિરૂપ છે. મોક્ષ થાય એવી ચાર નિવૃત્તિની ભાવના કરવી. ઘણું જીવે પ્રમાદથી ખોયું છે. ક્ષયોપશમ મળ્યો છે પણ સવળો કરતો નથી. પ્રમાદમાં પડે છે ત્યાં ખરું જે કરવાનું છે તે રહી જાય છે. પ્રમાદના ઘણા ભેદ છે. આત્મોપયોગમાં ન રહેવું તે પ્રમાદ છે. ''નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે.'' (૫૬૯)

**[વ૰ ૪૫૪]** ૨૯૮ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— એક પ્રકારના સત્પુરુષ એવા હોય છે કે કોઈના સંગમાં ન રહે. એવાં નિમિત્તોથી દૂર રહે છે. કોઈ ન ઓળખે ત્યાં રહે છે. તે સર્વોત્કૃષ્ટ છે. મધ્યમ જે સત્પુરુષ હોય તે, ત્યાં કોઈ જીવ આવી ચઢે તો ઉપદેશ આપે, ભણાવે, કરે અને ત્રીજા પ્રકારના એવા હોય છે કે 'કોઈનું પણ કલ્યાણ થાઓ' એમ પ્રબળ ઇચ્છા તેમને રહે છે, એમ કૃપાળુદેવે કાવિઠાના બોધમાં જણાવ્યું હતું. પ્રભુશ્રીજી પહેલાં સ્ટેશન ઉપર બેસતા અને વંચાવતા, જેથી ત્યાં આવતા જતા માણસો બેસે.

મધ્યમ સત્પુરુષ હોય તે કોઈ જીવને, તેની પાસે જઈને પણ બોધ આપે.

જ્ઞાનીનો યોગ મળ્યો હોય અને એને ગુણ ન પ્રગટે, એનાએ ભાવ સાચવી રાખે અને સંસારની પ્રીતિ હોય તો એને યોગ થયો ન થયો સરખું છે. તીર્થંકર મળ્યા હોય પણ ન મળ્યા જેવું છે.

**"નહીં કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;**
**સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય."**

સત્પુરુષનો યોગ હોય તોય દુર્ભાગી છે, મોક્ષનો રસ્તો હાથ એને ન આવ્યો. કૃપાળુદેવે લખ્યું છે કે જ્ઞાનીને ઓળખ્યા નથી. એમનામાં સંસારના અલ્પભાવ પણ નથી. એવી રીતે ઓળખાણ એટલે દર્શન કર્યાં નથી. એ મને સંસારથી તારનાર છે, એવી ભાવના ન થઈ તો એણે દર્શન પણ કર્યાં નથી. સાચે સાચી વાત છે. સંસાર દુઃખરૂપ ન લાગે તો જ્ઞાનીને ઓળખ્યા નથી, એમ તીર્થંકર ભગવાને કહ્યું છે. જેનામાંથી સંસારબીજ બળી ગયું છે, એવા જે સત્પુરુષ તેમનાં વચનો સાંભળીને ભાવ ન ફરે તો યોગ પણ નથી થયો. વિષ્ટાની ગોળી સાથે રાખી ફરે છે. (તે ઉપર ભમરાનું દૃષ્ટાંત આપ્યું હતું.) સંસારી વાસના રાખીને જીવ સત્પુરુષ પાસે જાય છે અને જે સાંભળ્યું હોય તેને પોતાની મતિ પ્રમાણે પ્રવર્તાવે છે. એવું જો થતું હોય તો એણે સત્પુરુષને જોયા નથી.

ચારે ગતિમાં ક્યાંય સુખ નથી. સત્પુરુષને જોયા તે બીજી દૃષ્ટિએ જોયા. જે અર્થમાં વચનો હતાં, તે અર્થમાં ન સમજે તો સત્પુરુષનાં વચનો સાંભળ્યાં નથી. જ્ઞાની છે તેને જ્ઞાનીરૂપે ઓળખ્યા નથી. જે માર્ગે એઓ સુખી થયા એ માર્ગ લેવો છે. જીવમાં કંઈક ફેરફાર ન થાય તો જ્ઞાની એમ કહે છે કે એને યોગ પણ અયોગ જેવો છે. જ્ઞાનીનાં વચનોને જે ઇચ્છે છે, તે બીજી ઇચ્છામાંથી પાછો વળે છે. રાગ-દ્વેષને લઈને આખો સંસાર છે. એની કેડ ભાંગી નાંખે એવાં જ્ઞાનીનાં વચનો છે. એ લાકડી લાગી તો પછી સંસાર વધારવાની ઇચ્છા થાય નહીં. જ્ઞાનીનાં વચનો બરાબર કેડમાં લાગે તો પછી સ્પષ્ટ પ્રીતિથી સંસાર કરવાની ઇચ્છા ન થાય. સંસારમાં દોડ ન કરે. સંસારમાં મોટા થવું એથી સંસાર વધે છે. કેડનો ભંગ થયો તો સંસારમાં દોડ કરવાની ઇચ્છા ન રહે અને પછી જો પૂર્વને લઈને કરવું પડે તો વેઠ જેવું. ભરત ચક્રવર્તી હતા, બધી પ્રવૃત્તિ કરતા, પણ મારે જ્ઞાનીની આજ્ઞા આરાધવી છે, એમ લાગતું હતું. અંદરથી ગરજ જેને હોય તેને જ્ઞાનીનાં વચનો ઘર કરે છે. વારંવાર વિચાર આવે. જ્ઞાની દેહ નથી. દેહદૃષ્ટિ જેની છૂટી તે જ્ઞાની છે. જ્ઞાની તો આત્મા છે. પહેલો આત્મા પછી દેહ. આત્મા જોવાનો છે. આત્માની મહત્તા લાગે તો "આત્માથી સૌ હીન."

આખું જીવન પલટાવી નાખે એવાં વચનો છે. નાનાં નાનાં વાક્યો છે, પણ આત્માને સ્પર્શીને વચનો નીકળે છે. જ્ઞાનીનાં વચનોથી કોઈને અપૂર્વતા લાગે, તેથી તેનું કલ્યાણ થાય છે અને કેટલાકને જ્ઞાનીનું પહેલાં માહાત્મ્ય લાગે છે અને પછી વચનનું માહાત્મ્ય લાગે છે; તેથી કલ્યાણ થાય છે.

આત્મા નીકળી જાય તો મડદું. દેહમાં અપૂર્વ વસ્તુ છે તે જોવાને બદલે મળ, મૂત્ર, માંસ, હાડને જુએ છે. એમાં મોહદ્રષ્ટિ કરે છે. બધું આત્માને લઈને પવિત્ર છે. આત્મા જોવાની દ્રષ્ટિ આવે તો જ્ઞાની પણ ઓળખાય. જ્ઞાનીની ભક્તિથી જ્ઞાની ઓળખાય છે. "જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી

સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય.'' (૪૯૩) એ ભક્તિનું ફળ છે. એ એની દૃષ્ટિ થઈ તો અપૂર્વતા લાગે. જપ-તપ ન બનતું હોય તો પણ એથી સહેજે આત્મજ્ઞાન થાય.

**''સેવે સદ્‌ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;**
**પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ.''**

જે પરમાર્થને જ્ઞાની પામ્યા તેને પામે. આત્માનો લક્ષ લે છે.

**''છે દેહાદિથી ભિન્ન આતમા રે; ઉપયોગી સદા અવિનાશ.''**

એ સમજવા માટે વચનો છે. દેખાય તે બધું નાશવંત છે. જ્ઞાનીનાં વચનો સાંભળી 'હું દેહથી ભિન્ન છું' એમ કરવાનું છે.

દૃષ્ટિ ફરે તો એને અંતરવૈરાગ્ય કહ્યો છે. દેહને દેહ અને આત્માને આત્મા જુએ. દેહ અચેતન ભીંત જેવો છે.

ધન છે એ શરીરથી જુદું છે. માટીના ઢેફા જેવું છે. દેહ ઉપર મોહ છે, તેવો કોઈ પદાર્થ પ્રત્યે આ જીવને મોહ નથી. બધાનું કારણ પોતે ઠરે છે. 'હું દેહ નહીં' એમ થાય તો બધું થઈ જાય. સાચો વૈરાગ્ય થાય. બધું સાચું થાય.

જ્ઞાનીનું ઓળખાણ થયું તો સત્પુરુષ એ જ મોક્ષની મૂર્તિ છે, એમ લાગે. એનું મન ત્યાંનું ત્યાં રહે. આખા જગતનો વિશ્વાસ ઊઠી જાય. આત્મા સુખસ્વરૂપ છે એમ લાગે. જ્ઞાની જે સુખ ભોગવે છે તે અલૌકિક છે. મહાપુરુષો પૂર્વે એવો ઉપદેશ કરતા હતા, ત્યારે તે સરળ જીવો આ વચનોને અવધારતા હતા. આ જ્ઞાનીનાં વચનો ભૂલવાં જેવાં નથી. પ્રાણ જાય પણ એ વચન ન જવા દે. વચનો સાંભળીને ભૂલી જતા નહોતા, અવધારતા હતા. આપણે એ કામનું છે. ગુણ ગ્રહણ કરવાવાળા તે જીવો હતા. સરળ જીવો હતા તેથી વસ્તુ ઝટ ચોંટી જતી.

''વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા, અને જિતેંદ્રિયપણું આટલા ગુણો જે આત્મામાં હોય, તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે.'' (૪૦)

એ ચાર ગુણવાળો તે આત્મા પામવાને યોગ્ય છે. જ્ઞાનીનાં વચનો છે તે કામનાં છે, કેમકે આત્મા પ્રગટાવે એવાં વચનો છે. જ્ઞાનીનાં વચનો ઓળખ્યાં હોય તો દેહ, ધનાદિ પર દૃષ્ટિ ન જાય. દેહ કામનો નથી. આત્માનું હિત થાય તે કર્યા કરવું. દૃષ્ટિ ફેરવવી હોય તો ફરી શકે. પૂર્વે બાંધેલું હોય તે તો ન ફરે પણ દૃષ્ટિ તો ફેરવી શકે છે. જ્ઞાનીએ કહ્યું તે લક્ષ રાખવા જેવું છે. એવાં વચનો સાંભળીને આત્મા સંબંધી અભ્યાસ વધારવો. આત્મા અપરિચિત વસ્તુ છે, માટે અભ્યાસ કરે તો ટકી રહે એમ છે. સંસાર પ્રત્યે સાવ ઉદાસીનતા રાખે, પરના અલ્પગુણમાં પણ પ્રીતિ, સત્સંગમાં જ વૃત્તિ રહે, જ્યારે સંસાર પ્રત્યે ઉદાસીનતા થાય ત્યારે સત્સંગ સફળ થાય. ''સંસારમાં સાવ ઉદાસીનતા, પરના અલ્પગુણમાં પણ પ્રીતિ, પોતાના અલ્પદોષને વિષે પણ અત્યંત ક્લેશ, દોષના વિલયમાં અત્યંત વીર્યનું સ્ફુરવું, એ વાતો સત્સંગમાં અખંડ એક શરણાગતપણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે.''

સત્સંગમાં વિશેષ પુરુષાર્થ કરવાનો છે. સત્સંગમાં એ ચાર વાતો શરણાગતપણે ધ્યાનમાં રાખવા જેવી છે. ચાર જ્ઞાનના ધારક એવા શ્રુતકેવળી ગૌતમને પણ ભગવાન સંબોધતા હતા કે, 'समयं गोयम मा पमाए ।' એક સમયમાત્રનો પણ પ્રમાદ કર્ત્તવ્ય નથી.

[વ૰ ૪૫૪] ૨૯૯ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાની મળ્યા, વચનો સાંભળ્યાં, નમસ્કાર કર્યા છે, દર્શન કર્યાં છે, તો તેનું ફળ તો થવું જોઈએ ને? નહીં તો એણે જ્ઞાનીને જોયા નથી. સંસારમાં પ્રીતિ છે તો જ્ઞાનીને જોયા નથી. સંસાર ઝેર જેવો લાગે, સત્પુરુષનું કહેવું જ કરવા યોગ્ય છે, એમ લાગે તો જ જ્ઞાનીને ઓળખ્યા કહેવાય. જ્ઞાનીનાં વચનો સાંભળે તો ફરે. સાંભળીને સંસાર ઉપર અભાવ ન થાય તો જ્ઞાનીનાં વચનો સાંભળ્યાં નથી, દર્શન થયાં નથી, એટલે જ્ઞાનીને જ્ઞાનીરૂપે ઓળખ્યા નથી. આત્મા છે એમ જાણે, માને, તો જ કલ્યાણ થાય. હજુ સંસારમાં ને સંસારમાં વૃત્તિ છે. જ્ઞાનીનાં વચનો સાંભળીને જીવ જો ન ફરે તો કાં તો કહેનાર જ્ઞાની નહીં, અથવા સાંભળનાર યોગ્ય નહીં. જ્ઞાનીપુરુષને દૃષ્ટિ ફેરાવવી છે. આત્મદૃષ્ટિ કરાવવી છે. આત્માર્થીને ભવે ખેદ થાય છે, ભવથી કંટાળે. સંસારની રુચિ મોળી પડી નથી. એક ગોદડી ઓઢીને સૂતો હોય તો તેને લાકડી કેમ વાગે? અને એક ધોતીયું ઓઢીને સૂતો હોય તો લાકડી વાગે.

જ્ઞાનીનાં વચનો પ્રત્યે પ્રીતિ થાય એવું કર્યા વિના છૂટકો નથી, એમ કહેવાનું છે. જેને કંઈ કરવું છે, તેને જ અમારે કંઈ કહેવું છે. જીવ લૌકિકભાવમાં તણાય છે. લૌકિકભાવમાં તણાય છે તો જ્ઞાનીપુરુષ મળ્યા નથી. કોઈ જેમ વાસુદેવ હોય અને તીર્થંકરનો યોગ થયા છતાં કંઈ કર્યા વિના મરણ થતાં નરકમાં જાય, તો પણ ત્યાં એને એમ થઈ શકે છે કે મને તીર્થંકરનો યોગ થયો હતો; છતાં મેં કંઈ ન કર્યું, એમ કરતાં કરતાં સમ્યક્ત્વ થઈ જાય.

**"ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય; તે ઊપજવા પૂર્વિત ભાગ્ય."** (૧૦૭)

પૂર્વનું પુણ્ય હોય તો વૈરાગ્ય થાય છે.

**"તેમ નહીં તો કંઈ સત્સંગ; તેમ નહીં તો કંઈ દુઃખરંગ."** (૧૦૭)

પૂર્વનું પુણ્ય ન હોય તો પણ સત્સંગે જીવને વિચાર જાગે છે અને તેથી વૈરાગ્ય થાય છે. એ પણ ન હોય તો નરકાદિ ગતિમાં દુઃખથી પણ સમ્યગ્દર્શન થાય છે.

અજ્ઞાનથી હું દુઃખી છું એવું એને લાગતું નથી. અનંતકાળ સુધી પરિભ્રમણ કર્યું એનું કારણ એક અજ્ઞાન. એકાંતમાં બેસી વિચાર કરવો કે એ અજ્ઞાન શાથી જાય? એમ વિચારે તો અજ્ઞાન ટાળવાનો માર્ગ મીઠો લાગે.

"નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે." (૫૩૯)

દેખાય છે તેની જીવ ભાવના કરે છે. આત્મા તો દેખાતો નથી. તેથી ભાવના થતી નથી. બધું ઝેર જેવું છે. જે દેખે તેમાં આનંદ માને તો ક્યારે છૂટે? જ્ઞાનીનો બોધ લાગ્યો હોય તો સંસાર છોડવાની ઇચ્છા થાય. બળ્યો આ સંસાર એમ થાય. જ્ઞાનીનાં વચનો વધારે લાગ્યાં હોય તો કેડ

ભાંગી જાય. જ્ઞાનીપુરુષનાં વચનો જ્યાં સુધી સાંભળ્યાં નથી, ત્યાં સુધી સંસારબળ હોય છે. સંસારનો ભય લાગ્યો હોય તો અવલંબન દૃઢ થાય. ક્ષણવારમાં કેટલાંય કર્મ બંધાય છે. જ્ઞાનીનાં વચનો વધારે પરિણામ પામ્યાં હોય તો સંસાર ન રહે. જ્ઞાનીનાં વચનો સાંભળ્યે ન સાંભળ્યાં જેવું થાય તો તે પ્રમાણે સંસાર સંબંધી બળ હોય છે.

ચારે ગતિમાં દુઃખ છે. જ્ઞાનીપુરુષને જુએ તો આત્માને જુએ. આત્મા કેવો બળવાન શક્તિમાન છે! તેને જાણવાનું જ્ઞાનીનું અવલંબન એ સાધન છે. જ્ઞાનીને આત્મદૃષ્ટિએ જુએ તો જગતને પણ આત્મદૃષ્ટિએ જુએ. જ્ઞાનીને દેહદૃષ્ટિએ જુએ તો જગતને પણ દેહદૃષ્ટિએ જુએ. જ્ઞાનીનાં વચનો સાંભળ્યાં હોય તો પુદ્‌ગલ તે પુદ્‌ગલ લાગે. આત્મા તે સુંદર વસ્તુ છે. દેહ પણ સુંદર આત્માથી છે. નહીં તો મડદું ભયંકર લાગે.

ધન છે તે આત્માને મલિન કરનાર છે. પરિગ્રહ છે તે સંસાર સાથે સાંકળ જોડનાર છે. પાપ છે એ આત્માને મલિન કરે છે. ધનાદિ સંપત્તિ છે તે પણ આત્માને મલિન કરે છે. ધન છે તે કાંકરા જેવું છે.

દેવકરણસ્વામીને એક વખતે કૃપાળુદેવે પૂછ્યું, તમે વ્યાખ્યાન કરો છો ત્યારે કેટલા માણસો આવે છે? દેવકરણજી કહે, હજારેક. કૃપાળુદેવ કહે, સ્ત્રીઓ આવે છે? તો કે હા. કૃપાળુદેવ કહે, તે દેખી તમને વિકાર થાય છે? મુનિ કહે, હા, પણ તમે હીરામાણેકના વેપાર કરો છો તે દેખી તમને આસક્તિ નથી થતી? કૃપાળુદેવ કહે, અમને તો કાળકૂટ ઝેર જેવા લાગે છે. પૃથ્વીના વિકાર જેવા કે કાંકરા જેવાં લાગે છે.

જ્ઞાનીપુરુષને જોયા હોય તો બીજી વસ્તુઓ પ્રત્યે પ્રેમ છે તે જ્ઞાની પ્રત્યે થાય. બીજે એને ગમે નહીં. બીજી વસ્તુઓને એ સારી ગણે નહીં.

મનુષ્યભવ કોઈક વખતે મળે છે. તેમાં વળી સત્પુરુષનો યોગ તો કોઈક જ વખત મળે છે. આખી જિંદગી સુધી કામ આવે એવાં આ વચનો છે. એ ભૂલવા જેવાં નથી. પ્રાણત્યાગનો પ્રસંગ આવે તો પણ જ્ઞાનીનાં વચનો અપ્રધાન ન કરવાં. જ્ઞાનીનાં વચનો ભૂલવાં નહીં. જ્ઞાનીપુરુષનાં કહેલાં વચનો ધ્યાનમાં રાખવાં. દેહ છૂટે તો ભલે, સંસારમાં કોઈ ઠેકાણે ગમે નહીં એવું કરવાનું છે. જ્ઞાનીના બોધે લાભ થયો તે લુંટાઈ ન જાય, માટે જ્યાં જઈએ ત્યાં ઉદાસીનતા રાખવી. અલ્પ પણ વસ્તુની ઇચ્છા ન થવા દેવી. કોઈ મનુષ્યમાં એક નાનો સરખો ગુણ હોય, તે જોઈને પણ આનંદ થાય એવું કરવાનું છે. કોઈપણ દોષ પોતાને મૂંઝવણ કરાવતા હોય તો બહુ ખેદ થાય. સાત વ્યસનથી ન છૂટ્યો તો ભક્તિ ન થાય, ભક્તિ એના હૃદયમાં ટકે નહીં. સાત વ્યસનનો ત્યાગ હોય તો અધોગતિ ન થાય. મારે તો દોષો કાઢી જ્ઞાનીને શરણે જ વર્તવાનું છે, એ ભાવના દૃઢ કરવાની છે. કોઈ દોષ દૂર થાય ત્યારે આનંદ પામી ત્યાં જ ખળી રહેવાનું નથી, પણ બીજા દોષો કાઢવાના છે.

સમ્યગ્દર્શન પહેલાં પુરુષાર્થ કરવાનો છે. આત્માને મલિન કરનાર દોષો છે. મારામાં દોષો નથી, એમ કરી વાદ ન કરવો. જ્ઞાનીનું કહેલું લક્ષમાં રાખે તો સત્સંગ છે. વારંવાર પોતાના દોષોને જોઈ આત્માને ઠપકો દેનાર થવાનું છે. વિષય, કષાય સામે લડવાનું છે. એક સમય પણ નકામો ન

જાય. કેટલી કમાણી કરી ત્યારે આ મનુષ્યભવ મળ્યો! અંતરની વાત છે. હું દેહ નથી આત્મા છું. તે કદી નાશ ન પામે, આદિ છ પદની શ્રદ્ધા થઈ હોય તો સમ્યગ્દર્શન છે. સાંભળતાં સાંભળતાં એને લાગે કે દેહમાં આત્મા નામનો કોઈ પદાર્થ છે. જેમ જેમ સાંભળે તેમ તેમ તેની માન્યતા ફરતી જાય છે. અંતરની વાત છે. અંતર ફરે તો સમ્યગ્દર્શન થાય. વચનની વાત નથી. મિથ્યાત્વ અવસ્થામાં જે બધા ગુણો હોય છે તે અવગુણ કહેવાય છે. મિથ્યાત્વ અવસ્થામાં જે જ્ઞાનનો ક્ષયોપશમ છે તે એને અવળે રસ્તે લઈ જાય છે, તેથી દુર્ગુણ કહેવાય છે.

વિચારવાન જીવને અજ્ઞાન સિવાય બીજો ભય હોય નહીં. મરણનો, સર્પનો કે વાઘનો ભય પણ અજ્ઞાનના ભય જેવો ન લાગે. મુનિપણું આવે, તો પણ મિથ્યાત્વ છે ત્યાં સુધી કુચારિત્ર છે. નિષેધ નથી, પણ સમ્યગ્દર્શન કરવાનું છે. મોળું ખાતો હોય તો ગોળ નાંખીને ખા, એમ કહેવાનું છે.

**"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત"**

અનંત દુઃખ જીવ પામ્યો છે, પણ ભાન નથી. મિથ્યાત્વ અને અનંતાનુબંધી અનંતકાળથી સાથે રહેલા છે. જેને જ્ઞાનીનો આશ્રય છે, તેની આજ્ઞા આરાધે છે તેનું પાંસરું છે; મિથ્યાત્વ જવાનો રસ્તો છે.

**"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન."**

જ્ઞાનીનું વચન માન્ય થાય અને માન જાય ત્યારે કોમળતા આવે; 'હું નથી જાણતો' એમ થાય.

અવિરતિ સમ્યગ્દૃષ્ટિને વ્રત ન હોવા છતાં તેની રુચિ મોક્ષનાં કારણો અને મોક્ષ એ બેય પ્રત્યે હોય છે. સત્પુરુષનાં વચનો સાંભળીને ઉલ્લાસ આવવો જોઈએ કે ધન્યભાગ્ય મારા. તેને બદલે આ તો મેં સાંભળ્યું છે, મને આવડે છે. આ તો હું જાણું છું, એમ જાણે છે. સામાન્યપણું જીવને થઈ જાય છે, તેથી વિશ્વાસ આવતો નથી. આ તો 'મેં સાંભળ્યું છે, મને આવડે છે' એમ છે તેથી એને જ્ઞાનીના યોગે જે લાભ થાય છે તેનું માહાત્મ્ય લાગતું નથી.

સાત વ્યસનના સેવનાર અંજનચોર જેવા જીવો પણ મુક્ત થયા. સત્સંગમાં ગમે તેવાં કડવાં વચન, વ્યાધિ, પીડા આવે, એ બધાં બરછી ભાલા છે, તો પણ સત્સંગ છોડવો નહીં. અસત્સંગમાં જ્યાં આત્માની શ્રદ્ધા છૂટી જાય ત્યાં, ભલે ને લાડવા મળતા હોય, તો પણ ત્યાં ન જવું. એથી સત્સંગનો રંગ ચઢ્યો હોય તે જતો રહે.

ખાજાંની ભૂકરીની વાત છે, તેમ આ જ્ઞાનીનાં વચનો છે તે સત્સંગમાં સાંભળવા મળે તો બહુ લાભ છે. કૃપાળુદેવનાં વચનો તો હિતકારી જ છે, પણ મોક્ષમાર્ગમાં ચઢવા જ્ઞાનીની આજ્ઞા જોઈએ. પકડ થવી મુશ્કેલ છે. સત્પુરુષના યોગે જેવી પકડ થાય તેવી પુસ્તકોથી નહીં થાય. આ તો 'હું જાણું છું, સમજું છું' એમ થઈ જાય છે. આત્મા ફરવો જોઈએ અને એ જ્ઞાનીપુરુષના યથાર્થ યોગ વિના ફરતો નથી. સાંભળે તો કંઈક સમજણ પડે. સમજણ પડે તો કંઈક વિચાર કરે.

"सवणे नाणे विन्नाणे"

વિજ્ઞાન થાય. ગુરુગમ વગર હાથ આવે એવું નથી.

જડ તે જડ અને ચેતન તે ચેતન રહે. એકમેક ન થાય. એક ક્ષેત્રમાં રહે છે, પણ એક બીજું થાય નહીં. આપણા શરીરમાં છએ દ્રવ્યો રહેલાં છે, પણ એક રૂપે ત્રણે કાળમાં ન થાય. આત્મા તો અજર અમર છે. પુરુષાર્થ કામ કરે છે. કર્મ ન બાંધવાં. ડર લાગે તો નવાં કર્મ ન બાંધે.

મુમુક્ષુ— મોહનીય ટાળવાનો ઉપાય શું?

પૂજ્યશ્રી— સત્પુરુષનો બોધ અને વીતરાગતા. એ બે અચૂક ઉપાય છે. સમજણ આવે તો વીતરાગતા આવે. જીવના હાથમાં છે. મોહ ઘટાડવો હોય તો ઘટાડે, વધારવો હોય તો વધારે. જેણે મોહ ઘટાડ્યો હોય એવા પુરુષનો યોગ મળે તો મોહ છૂટે. સંસારીનો સંગ હોય તો મોહ વધે. કર્મમાત્ર સ્થિતિ પૂરી થયે જાય, પણ પાછાં નવાં કર્મ બાંધે તે સિલકમાં રહે છે. ન બાંધે તો સમ્યગ્દર્શન થાય. કેવળજ્ઞાન થાય, મોક્ષ થાય; બધું થાય. મન, વચન, કાયાના યોગને સવળાં કરવાનાં છે. યોગ તો અયોગી થાય ત્યારે જાય. જે જીવો સમ્યગ્દર્શન કરવા, દર્શનમોહ ખપાવવા શ્રેણિમાં પુરુષાર્થ કરે છે, તેવો ને તેવો પુરુષાર્થ કર્યા કરે તો થોડા કાળમાં મોક્ષે જતા રહે. એ જો વધારે શિથિલ થઈ જાય તો એક ભવે અથવા ત્રીજે ભવે મોક્ષ થાય; એથી વધારે ઢીલો થઈ જાય તો પંદર ભવે મોક્ષ થાય અને જો એ સમ્યગ્દર્શનને છોડી દે તો અર્ધપુદ્ગલ પરાવર્તનમાં મોક્ષ થાય જ.

**[વ૰ ૪૫૪]** [રાતના સભામાં) ૩૦૦ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— આપણે આ પત્રો પરથી નિવૃત્તિ દ્રવ્ય, નિવૃત્તિ ક્ષેત્ર, નિવૃત્તિ કાળ અને નિવૃત્તિ ભાવ પ્રત્યે ભાવ કરવો. એવા ક્ષેત્રોથી કામ કરી લેવું. કૃપાળુદેવે લખ્યું છે કે "તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ?" (૧૨૮) પ્રભુશ્રીજીએ આ કરી આપ્યું. જેને આત્માનું કલ્યાણ કરવું છે તેને તો આ આશ્રમ તપોવન જેવું છે. આખા પત્રમાં કૃપાળુદેવનું જે કહેવું છે તેને આપણી સાથે સરખાવવું.

સંસારમાં સ્પષ્ટ રીતે પ્રીતિ કરવાનું થતું હોય, સંસાર વધારવાની ઇચ્છા થતી હોય તો તેણે જ્ઞાનીને જોયા નથી. બહુ વિચારવા જેવું છે. આપણા દોષો જોઈને તેનો પશ્ચાત્તાપ કરી પાછા હઠવું.

જ્ઞાનીનાં દર્શન એટલે શ્રદ્ધા એમ અર્થ છે. હજુ એને લૌકિકભાવની શ્રદ્ધા છે. જ્ઞાની તો અલૌકિકભાવની મૂર્તિ છે. આ સંસાર અસાર લાગે એવું કંઈ ચોંટે તો જ્ઞાનીનાં દર્શન કર્યાં કહેવાય. જ્ઞાનીનાં વચનો સાંભળ્યાં ક્યારે કહેવાય? તો કે એને કંઈક પકડી રાખ્યાં હોય ત્યારે. જો સંસાર એને પ્રિય હોય, મને દેવલોક મળે, પૈસા મળે, છોકરાં મળે એવી લૌકિક ઇચ્છા હોય તો જ્ઞાનીની એને શ્રદ્ધા છે એમ શાથી કહેવાય?

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ."**

દેહથી ભિન્ન સ્વરૂપે જ્ઞાની રહે છે. એવાં જ્ઞાનીનાં વચનો, તેવા થવા માટે સાંભળ્યાં હોય અને જ્ઞાનીને તેવી રીતે ઓળખ્યા હોય તો પછી એની દેહ દૃષ્ટિ ખસે. અવિચારથી દેખે છે ને ભૂલો પડે છે. બે વસ્તુ છે, જડ અને ચેતન. તે બન્નેને એક માને છે.

**"ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન."**

જ્ઞાનીના બોધથી બન્નેને લક્ષણથી જુદા જાણી શ્રદ્ધા કરે તો જાણ્યું કહેવાય. જ્ઞાની તો પોકાર કરીને કહે છે કેઃ– પાંચ ઇંદ્રિયો શત્રુ છે, પ્રમાદ-આળસ વૈરી છે, કષાયો આપણા શત્રુ છે એવું સાંભળીને પાછો તેમાં જ રહ્યા કરે તો એણે શું સાંભળ્યું?

કેડમાં ડાંગ મારી હોય તો ચલાય નહીં, તેમ જ્ઞાનીનો બોધ એને લાગ્યો હોય તો પછી સંસારમાં ચાલે નહીં. માંડ માંડ પ્રારબ્ધ પ્રમાણે ચલાય, સંસારભાવ એને છૂટી જાય. પછી સંસાર વધે નહીં. જ્ઞાનીની આજ્ઞાએ વર્તે તો સંસાર વધે નહીં, જ્ઞાનીનાં વચનો એને ડાંગની જેમ લાગ્યાં હોય તો આત્માનું વેદન થાય. દેહ છૂટે પણ જ્ઞાનીનાં વચનો ન છૂટે, એવું કરવું. અપમાન કર્યું હોય તે જીવ ભૂલતો નથી, પણ જ્ઞાની કહે છે કે તું બ્રાહ્મણ નથી, સ્ત્રી નથી, પુરુષ નથી, તે માનતો નથી. દેહને જોવાનો મૂકી આત્મા ભણી દૃષ્ટિ કરે તો જ્ઞાનીને જોયા કહેવાય.

**"સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય."**

એ સમજવા માટે પૂજા, ભક્તિ વગેરે કરવાનું છે. અંતર તપાસે તો બધાને ખબર પડે એવું છે. આખા સંસારનું મૂળ સ્ત્રી કહેવાય છે. દેહદૃષ્ટિ તે સંસાર છે. જ્યાં સુધી 'હું દેહ છું' એમ લાગે ત્યાં સુધી બીજાને પણ દેહરૂપે માને. આત્મા જુએ ત્યારે જ્ઞાનીને જોયા કહેવાય. પ્રભુશ્રીજી કહેતા કે 'આત્મા જુઓ, બેટ્ટો હોય તે બીજું જુએ' જેને તરવું છે તેણે તો આત્મા જોવા યોગ્ય છે. બૂડવું હોય તે દેહ જુએ.

ધન છે તે જમીનમાંથી નીકળેલો પૃથ્વીનો વિકાર છે. પૃથ્વીનો બીજો વિકાર થયો છે. ઢેફું જોયું હોય તો તેને ગજવામાં મૂકવાના ભાવ ન થાય. અને ઘરેણું જોયું હોય તો લેવાના ભાવ થાય છે. બધું અહીં જ પડ્યું રહેવાનું છે.

**"આત્માથી સૌ હીન."**

એમ લાગે ત્યારે જેની આત્મદૃષ્ટિ છે તેમાં જ વૃત્તિ જાય. દૃષ્ટિ ફરે તો બધું સફળ થાય. નહીં તો કંઈ સત્સંગ જ કર્યો નથી, બોધ સાંભળ્યો નથી. જ્ઞાનીએ આત્મા પ્રગટ કર્યો છે. તેમના પ્રત્યે દૃષ્ટિ રાખે તો મોહ ન થાય. જ્ઞાની જ એને ત્રણ લોકનો સાર લાગે. પુદ્ગલમાં એની વૃત્તિ ન રહે. જ્ઞાની મુક્ત થયેલા છે. એ આપણને મુક્ત કરે તેવા છે. તરવાનો કામી હોય તે તો જ્ઞાની ભણી દૃષ્ટિ રાખે. બીજું કામનું નથી. બીજું બધું ભવ ઊભા કરનાર છે. જ્ઞાનીને જે કરાવવું છે, તે ન થયું તો આશ્રમમાં રહ્યા કે ફલાણે રહ્યા, બધું નકામું છે. બીજેથી પ્રેમ ઉઠાડી જ્ઞાની પ્રત્યે પ્રેમ કરવો.

**"પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ."** (દે૦ ૧)

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;<br>વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે."**

સંસારની નાશવંત વસ્તુઓમાં પ્રેમ છે, ત્યાંથી જ્ઞાની પ્રત્યે થાય તો આત્મા પ્રગટ થાય.

પહેલાંના જીવો બહુ સરળ હતા. જ્ઞાનીએ કહ્યું હોય તે એમને સાચું લાગતું. અત્યારના જીવને તો ઉપરથી સારું લાગે છે અને અંદર તો પાછું બીજું. લાખ રૂપિયાની વાત, પણ જીવ, આપણે શું

કરીએ? જ્ઞાનીપુરુષ તો કહે, એમ કરી કાઢી નાંખે છે. જ્ઞાની પ્રત્યે પ્રેમ ત્યારે થાય કે જ્યારે બીજે બધેથી પ્રેમ ઊઠે. કૃપાળુદેવ તો જ્ઞાનીપુરુષોને દુકાને બેઠા બેઠા સંભારતા. હીરા માણેક એમને માટીના ઢેફાં જેવા લાગતા. અહોભાગ્ય કે જ્ઞાનીનાં વચનો કાનમાં પડે છે. મોહ આડો આવે છે. પ્રાણ જતા હોય તો ભલે, પણ જ્ઞાનીપુરુષનું કહેવું જ મારે કરવું છે. જ્ઞાનીએ કહ્યું તે જ કરવાનું છે. સરળ જીવોને પકડ થાય તે છૂટે નહીં અને એ કામ કાઢી નાંખે છે. જ્ઞાનીનાં વચનોનું જીવના હાથમાં પુસ્તક આવ્યું હોય અને કોઈ પાંચ પચીસ રૂપિયા આપે તો આપી દે છે.

પહેલાંના જીવોને જ્ઞાનીનું માહાત્મ્ય હતું. જે કંઈ જ્ઞાની વાત કહે તે પકડી લેવી. સત્સંગમાં સાંભળેલું ભૂલવા જેવું નથી. ૧. સંસારમાં સાવ ઉદાસીનતા એટલે પ્રીતિ નહીં. ૨. કોઈના ગુણ જોઈ આ ધન્ય છે, એમ ગુણની પ્રશંસા કરવી. કોઈનો અલ્પ પણ ગુણ જોઈ રાજી થાય એ પ્રમોદ ભાવના છે, થોડો પણ ગુણ જોઈ રાજી થવું. ૩. પોતામાં જયાં સુધી અલ્પ પણ દોષ હોય ત્યાં સુધી જંપવા જેવું નથી. આ દોષો પોતાને કાઢવા પડશે. મુમુક્ષુ હોય તે દોષને દેખી ટાળે. અલ્પ પણ દોષ હોય ત્યાં સુધી મોક્ષે ન જવાય અને છેલ્લી વાત બહુ અગત્યની છે. ૪. પોતામાં ગુણ પ્રગટ્યો હોય તો છલકાવું નહીં. દોષો કાઢી ગુણો પ્રગટાવવાના છે. દોષોના વિલયમાં વિશેષ વીર્ય ફોરવવું. એ ચાર વાતો સત્સંગમાં લક્ષ રાખવા યોગ્ય છે. મરતાં સુધી યાદ રાખવાની છે. આ વાતો સાંભળીને ભૂલી જવાનું નથી. આપણે એવું કરવું છે, એવા થવું છે. પુરુષાર્થ વધારે તો વધે એવો છે. પુરુષાર્થ વધશે તો દોષો બધા જશે. પુરુષાર્થી રહેવું.

**"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ."**

ભગવાને ગણધર જેવાને પણ કહ્યું કે "સમય માત્રનો પણ પ્રમાદ ન કરવો." કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી એ કહેવું છે. કૃતકૃત્ય થયા હોય તેને કહેવું નથી. જે જે પદાર્થો આપણને નિવૃત્તિ આપે એવા હોય તેનો લક્ષ રાખવો. અમુક સંયોગો, પદાર્થો એને પ્રવૃત્તિ પ્રેરે છે, કેટલાક નિવૃત્તિ પ્રેરે છે. જે જે પદાર્થ એને નિવૃત્તિ આપે એવા હોય તો તે નિવૃત્તિ દ્રવ્ય છે. ક્ષેત્રની નિવૃત્તિ પણ કરવી હોય તો થાય. નિવૃત્તિને માટે કાળ વધારે કાઢે, તે કાળ નિવૃત્તિ અને સંકલ્પ-વિકલ્પોમાં ન જાય તે નિવૃત્તિ ભાવ છે. સત્સંગને યોગે પણ જ્ઞાનીને શરણે જ રહેવું છે. જ્ઞાનીએ જાણ્યું તે સાચું છે, એમ જાણી સત્સંગ કરવો. પ્રભુશ્રીજી નાસિકથી પધાર્યા ત્યારે કહ્યું કે સત્સંગ કરજો, ડાહ્યા ન થશો.

**[વ૦ ૪૫૫]** (રાતના સભામાં) ૩૦૧ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જેને આત્મહિત સમજાયું છે તેને અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગમાં સમભાવ રહે છે. જીવ કારણોમાં કલ્પના કરે છે. જ્ઞાનીને શાતાનાં કે અશાતાનાં, માનનાં કે અપમાનનાં કારણોમાં હર્ષ-શોક થતો નથી. એ જ્ઞાનનું કામ છે. જેને તરવું હોય તેણે બંધન શાથી થાય છે, તે જાણવું જોઈએ. "હે નાથ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહિની સમ્મત થતી નથી." (૮૫) અશાતાનાં કારણો ગમે તેવાં હોય તેથી જ્ઞાની ગભરાતા નથી, પણ મોહનીય કર્મનો ભય લાગે છે. દેહાધ્યાસ છે ત્યાં સુધી દેહ પ્રત્યે દૃષ્ટિ જીવને રહે છે. જ્ઞાનીપુરુષની દૃષ્ટિ આત્મહિત પ્રત્યે હોય છે. આત્માને પ્રતિકૂળ હોય તેવાથી જ્ઞાની દૂર થાય છે અને

આત્માને અનુકૂળ હોય તેમાં રહે છે અને જગતના જીવો દેહને હિતકારી હોય તેમાં રાજી થાય છે અને દેહને પ્રતિકૂળ હોય તેમાં દ્વેષ કરે છે. જ્ઞાનીપુરુષ અંતરથી સમપરિણતિ રહે તેમ કરે છે, તેથી નિર્જરા થાય છે. જ્ઞાનીની આજ્ઞા એ છે કે રાગદ્વેષ ન કરવા. જેને સત્સંગ કરવો હોય તેને આ મુંબઈ વિષમ જેવું છે, પણ કૃપાળુદેવ કહે છે કે અમને તો વિષમ નથી. સત્સંગની ઇચ્છાવાળો હોય તેને આ મુંબઈ ક્ષેત્ર પ્રતિકૂળતાવાળું છે. પ્રવૃત્તિ ચેપી રોગ જેવી છે. બીજાને પ્રવૃત્તિ કરતાં દેખે તો આપણે પણ કરીએ એમ થઈ જાય. સત્સંગને માટે ગયો હોય અને પાછું બીજું કરે. નિવૃત્તિમાં સમાગમ થાય તો વિશેષ લાભ થાય. નિવૃત્તિમાં સત્સંગ સફળ થાય છે. એટલા માટે જ જ્ઞાનીઓ જંગલમાં રહે છે.

**[વ૰ ૪૫૬]** (રાતના સભામાં) ૩૦૨ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– આશા કે ઇચ્છા એ બધાં મનનાં કામ છે. જેને મનનો વિશેષ વિકાસ થયેલો હોય તેને આશા વિશેષ હોય છે અને મન વગરના જીવોને પણ આહાર, ભય, મૈથુન ને પરિગ્રહ એ ચાર સંજ્ઞાઓ હોય છે; તેથી આશા સ્પષ્ટ નથી, પણ છે. મનુષ્યભવમાં મનનો વિકાસ વગેરે વધારે હોય છે, તેથી ભવિષ્યના અને ભૂતકાળના પણ વિચાર કરે છે. આગળ પાછળના એને ઘણા વિચારો આવે છે. ભવિષ્યકાળની પહેલાંથી ફિકર કરે છે. જેમ સંજ્ઞા વધારે હોય તેમ એની આશા પણ લાંબી હોય છે. મનનો વિશેષ વિકાસ મનુષ્યને હોય છે. જેમ મનને વિષયો વધારે મળે તેમ તેમ વિશેષ તોફાન કરે છે. જેમ જેમ સંજ્ઞા વિશેષ હોય તેમ તેમ વધારે આશાઓ બંધાય છે, લાંબી થાય છે.

આત્મજ્ઞાન થાય ત્યારે પુદ્ગલ તુચ્છ લાગે. ‘‘સકળ જગત તે એઠવત્’’ એવું લાગે એને પૈસા ન હોય તોય એની ઇચ્છા ન થાય. આત્મામાં જ સુખ છે એમ લાગે છે. સમ્યક્દર્શન થાય ત્યારે નિષ્કાંક્ષિત ગુણ પ્રગટે છે, તેથી એને આશાઓ રહેતી નથી. તો શાથી જીવે છે? તો કે આત્માથી જીવે છે. અમુક વસ્તુ મને મળે, આવું મને થાય એમ જીવ ઇચ્છે છે. ઇચ્છાઓ બધી ભવિષ્ય સંબંધી હોય છે. આત્મજ્ઞાન ન થયું હોય ત્યાં સુધી પરપદાર્થની ઇચ્છા થાય છે. રાગદ્વેષની પરિણતિથી કર્મ બંધાય છે. તેથી આત્માને ડાઘ પડે છે. એ ધોઈ નાંખ્યા વિના છૂટકો નથી. હું એકલો જ છું, આત્મા એકલો જ છે એમ એકત્વ ભાવના કરી હોય તેનું મન રોકાય છે. બીજાની પાસેથી એને સારું કહેવરાવવું છે, તેવું માન અંદર પડ્યું છે; તેથી જીવ બીજાની ફિકર કરવા જાય છે. કંઈક આશાથી જીવ પુરુષાર્થ કરે છે. કંઈક ઇચ્છાઓ છે તેને પૂરી કરવા જીવે છે અને સમ્યક્દૃષ્ટિ જીવો આત્માથી જીવે છે. જ્યારે જીવ નિરાશ થઈ જાય કે આથી સુખ મળે એવું નથી, બીજેથી પણ મળે એવું નથી, એમ નિરાશ થઈ જાય તો પછી જીવવું ગમતું નથી. આજે નહીં તો આવતી કાલે સુખ મળશે એમ જીવને રહ્યા કરે છે. એવી આશાથી જીવ જીવે છે. આશામાં દુઃખ જ છે. પરપદાર્થની ઇચ્છા હોય તેમાં સમાધિ હોય નહીં. સુખી થવું હોય તો પરપદાર્થથી વૃત્તિ ઉઠાવી આત્મકલ્યાણની ભાવના કરી લેવી.

**[વ૰ ૪૫૯]** (રાતના સભામાં) ૩૦૩ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જેને સમ્યક્દર્શન થાય તેને સંસાર પ્રત્યે રુચિ નથી રહેતી. પ્રારબ્ધ પ્રમાણે

સંસારમાં રહેવું પડે, પણ મોક્ષ પ્રત્યે એની રુચિ થઈ છે; તેથી સંસારમાં રુચિ રહી નથી. જેને આ સંસારની રુચિ પલટાઈ છે, સંસારમાં જન્મમરણનાં દુઃખ છે તેથી મારે છૂટવું છે, એવું થઈ ગયું હોય તેને સંસારમાં રુચિ ન રહે. પ્રારબ્ધને લઈને રાજ્ય વગેરે કરવું પડે પણ તેમાં રાગ ન હોય, વૈરાગ્ય રહે છે. રાગદ્વેષ એમને થતા નથી. સમ્યક્‌દર્શન થાય તે સાધુ જ થઈ જાય એવો નિયમ નથી. સમ્યક્‌દર્શનવાળો વ્રત પણ ન પાળતો હોય, શ્રાવક પણ હોય અને મુનિ પણ થાય. પૂર્વ પ્રારબ્ધને લઈને કરવું પડે તો કરે, પણ ભાવના એની ફરી ગઈ છે.

મોહનીય કર્મના બે ભેદ છે. ૧. દર્શન મોહનીય અને ૨. ચારિત્ર મોહનીય. ''દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે.'' એ દર્શનમોહનીય જાય તો સમ્યક્‌દર્શન થાય છે. આત્માનું ઓળખાણ થાય ત્યારે પુદ્‌ગલના પ્રપંચો પ્રત્યે ન જાય. આત્માને આંચ ન આવે એવું કરે. એની માન્યતા ફરી જાય. ઇચ્છા એને ન હોય તેમ છતાં બાંધેલું કર્મ હોય તેથી પ્રવૃત્તિ કરવી પડે. ક્રિયા કરે પણ એમાં રસ ન રહે.

મુમુક્ષુ— દર્શનમોહ ગયા પછી કર્મ બંધાય કે?

પૂજ્યશ્રી— કર્મ તો બંધાય છે. જ્યાં સુધી ચારિત્રમોહનીય છે ત્યાં સુધી કર્મ તો બંધાય છે. દર્શનમોહને લઈને મોટી લાંબી કર્મસ્થિતિ પડતી હતી, તે તો ક્ષય થઈ ગઈ છે. તેથી ચારિત્રમોહ પણ શિથિલ થઈ જાય છે.

**''દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,**<br>**દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;**<br>**તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે.''**

સમ્યક્‌દર્શન થયા પછી નવાં કર્મ નથી બંધાતાં એમ કહે તોય ચાલે. એને નવાં બંધાય તોય નહીં જેવાં, શિથિલ બંધ પડે. સમ્યક્‌દર્શન થયા પછી ચારિત્રમોહ રહે છે તે નહીં જેવો છે. દર્શનમોહ ગયા પછી ચારિત્રમોહ બહુ પ્રક્ષીણ થઈ જાય છે.

**''તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે.''**

સત્‌ વસ્તુ છે તે ગમે ત્યાં એને પ્રાપ્ત થઈ શકે એમ છે. નરકમાં પણ સમ્યક્‌દર્શન થઈ શકે. દેવમાં, મનુષ્યમાં, તિર્યંચમાં એ ચારે ગતિમાં સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે છે. બધે પ્રાપ્ત થાય છે, પણ યોગ્યતા આવવી જોઈએ. દર્શનમોહ જેનો ગયો છે તેને વસ્તુસ્થિતિ જેમ છે તેમ સમજાય છે, તેથી રાગદ્વેષનું બળ ત્યાં બહુ ચાલતું નથી. આત્માને બંધન થાય એવી રીતે એનું વર્તન હોતું નથી. જેને વસ્તુ—તત્ત્વ સમજાયું છે, તે પછી છેતરાય નહીં. ભલે લોકો મહાત્મા કહેતા હોય કે આ તો મોટા છે, પણ એને એથી ભ્રાંતિ થાય નહીં. પોતાને સાચી માન્યતા થઈ છે, તે છૂટે નહીં. બીજામાં તણાઈ ન જાય. પરમાર્થમાં એને શંકા ન પડે. સમ્યક્‌દર્શન એવું નથી કે જે નાસી જાય. સમજીને વસ્તુ ગ્રહણ કરી છે તેથી કંઈ બીજાને નમસ્કાર કરવાથી સમ્યક્‌દર્શન જતું રહે એવું નથી. હેમચંદ્રાચાર્ય કુમારપાળ સાથે મહાદેવના મંદિરમાં ગયા. ત્યાં લોકોએ કહ્યું કે 'તમે મહાદેવને નમસ્કાર કરો.' તે વખતે હેમચંદ્રાચાર્યે 'જેના રાગદ્વેષ ક્ષય પામ્યા છે તે મહાદેવને હું નમસ્કાર કરું

છું' એમ સ્તુતિ કરી. લોકો નાગપંચમીને દિવસે નાગપૂજા કરે છે, તે પૂજ્યબુદ્ધિથી નહીં પણ ભયથી પૂજે છે. બાર મહિનામાં કોઈ દિવસે સાપ ન કરડે તે માટે પૂજે છે. જો સાચો સર્પ નીકળી આવે તો કોઈ પૂજવા ન જાય. બહાર જ નાખી આવે અને ઇષ્ટદેવને પૂજતો હોય તો તે ભાવથી પૂજે છે. સર્પની પૂજા ભયથી કરે છે, તેમાં રસ નથી. તેમ સમ્યક્દર્શનવાળાને સંસારમાં રસ નથી હોતો. ભાવથી એ સંસારને ભજતો નથી. સંસારમાં રહેલો દેખાય છે, પણ એનું હૃદય ભગવાન પાસે છે. આવી દશા આપણે પ્રાપ્ત કરવી છે. કહેવાતી વસ્તુઓ કામની નથી. ફલાણાને માનવાથી સમ્યક્દર્શન થાય છે, એમ નથી. પોતાના આત્માની ઓળખાણ તે સમ્યક્દર્શન છે.

**"પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ."** (દે૦ ૧)

સંસારમાં જેટલો રાગ નથી તેટલું સમ્યક્દર્શન છે. સમ્યક્દર્શનને લઈને ચારિત્રમોહ પ્રક્ષીણ થઈ જાય છે. એવું થાય ત્યારે સમજવું કે સમ્યક્દર્શન છે.

અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર જાય ત્યારે સમ્યક્દર્શન થયું કહેવાય. એ વાત સાચી છે. અનંત સંસાર વધારનાર અનંતાનુબંધી છે, તે એને હોય નહીં. એ કષાય એને સંસાર વધારે ગમતો હોય તો જ બંધાય. દુઃખગર્ભિત, મોહગર્ભિત અને જ્ઞાનગર્ભિત એવા વૈરાગ્યના ત્રણ ભેદ છે. દુઃખને લઈને, મોહને લઈને વૈરાગ્ય થયો હોય, તે તેનાં કારણો દૂર થતાં ન રહે અને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય દિવસે દિવસે વધતો જાય છે. દુઃખ પ્રત્યે એને દ્વેષભાવ હોય તે દુઃખગર્ભિત વૈરાગ્ય છે. સમ્યક્દર્શન હોય ત્યારે અનંતાનુબંધીની હાજરી ન હોય. અનંતાનુબંધી ગયા જ હોય છે. સમકિતની હાજરીમાં અનંતાનુબંધી હોય નહીં. મુખ્ય તો સમજણ કરવાની છે.

"સદ્ગુરુના ઉપદેશ વણ સમજાય ન જિનરૂપ." સમકિત છે તે અનંતાનુબંધીનો નાશ કરનાર છે. અનાદિકાળથી અનંતાનુબંધી અને મિથ્યાત્વ સાથે જ રહે છે. કોઈક વખતે છૂટાં પડે છે. સંસારમાં તીવ્ર સ્નેહ હોય ત્યાં સુધી ચાર અનંતાનુબંધીમાંથી કોઈપણ કષાય હોવો સંભવે છે. આ સત્પુરુષ સાચા છે, એથી મારું કલ્યાણ છે, એવા ભાવ હોય તો ત્યાં આગળ એને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ બહુ મંદ, નહીં જેવા હોય છે; પણ સાચું ઓળખાણ થાય ત્યારે એવું થાય. કહેતા-કહેતી કામ ન આવે. સાચી ઓળખાણ જોઈએ. સંસારના પદાર્થમાં તીવ્ર રાગ હોય ત્યાં સુધી પરમાર્થમાર્ગમાં એ નથી. જે કામ કરવાથી આત્માનું હિત ન થતું હોય, તેમાં કંટાળો આવતો હોય, સુખના પ્રસંગમાં તેમજ દુઃખના પ્રસંગમાં પણ એને સંસાર ન ગમે, ત્યારે પરમાર્થમાર્ગી પુરુષ કહેવાય. એવું જ્યારે થાય ત્યારે જાણવું કે સમકિત છે. સમકિત આવ્યું હોય અથવા જ્ઞાનીનો આશ્રય એને મળ્યો હોય તો જ એને સંસારનાં સુખ ન ગમે.

મોક્ષમાર્ગમાં જ્ઞાની અને જ્ઞાનીનો આશ્રિત બે છે. જે વસ્તુ જેણે અસાર જાણી, તે પ્રત્યે તે ક્રોધ, માન, માયા, લોભ તીવ્રપણે ન કરે. સંસાર બધો ભ્રાંતિરૂપ છે, ખોટો છે એમ એને લાગે. પરમાર્થજ્ઞાન થાય ત્યારે બધો સંસાર ખોટો લાગે. પછી તે પ્રત્યે તીવ્ર ક્રોધાદિ ન કરે. ભ્રાંતિને લઈને સંસાર સારરૂપ લાગતો હતો, પણ એ ભ્રાંતિ દૂર થઈ તેથી હવે એવું લાગતું નથી. સાચા પુરુષની શ્રદ્ધા થઈ તો સમ્યક્દર્શન થયું. એ બીજ છે, એમાંથી બધું પ્રાપ્ત થશે. સાચા પુરુષની શ્રદ્ધા થઈ

ત્યારથી એને બીજ રોપાઈ ગયું. બીજ રોપાયા પછી એમાંથી સમકિત, કેવળજ્ઞાન, મોક્ષ બધું થશે.

બહુ આરંભપરિગ્રહમાં જીવ પડ્યો છે. કુગુરુના સંગથી છૂટવું બહુ મુશ્કેલ છે. અનંતાનુબંધીને લઈને એને જ્ઞાનીનું ઓળખાણ પડતું નથી. બાહ્ય વસ્તુ પ્રત્યે જ એને લક્ષ રહે છે. સંસારની વાસના ગઈ નથી, તો પણ 'મને ગઈ છે' એમ જીવ માની બેસે છે. અનંતાનુબંધીનું સ્વરૂપ જેવું તેવું નથી.

[વ૦ ૪૬૦] ૩૦૪ જેસલમેર,મહા વદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જેને શરીર છે તેને સુખ-દુઃખ હોય જ. એ બેમાંથી જીવને દુઃખ ગમતું નથી, ઊંચુ નીચું થાય છે. નથી ગમતું તેથી ફરી કર્મ બંધાય છે. એ દુઃખ સારું ન લાગતું હોય તો નવાં ન બાંધવાં. શારીરિક વેદના દેહનો ધર્મ છે. દેહના ધર્મને દેહના ધર્મરૂપે જાણવો. ભૂલ ટાળવા માટે એવાં વચનો વાંચવા, વિચારવાં, વેદના વખતે સંભારવાં. દેહથી જુદા થવાનું છે. ગભરાવું નહીં. એથી બમણું હોય તો પણ ન ગભરાવું. પૂર્વે બાંધ્યું તે આવ્યું છે. એથી છૂટા થવું અને ફરી ન આવે એવું કરવાનું છે. જે દુઃખ આવે તે સમભાવે સહન કરવું. દેહના ધર્મ જુદા અને આત્માના ધર્મ જુદા, એમ સ્પષ્ટ માનવું. જેને છૂટવાની ભાવના હોય તેણે વેદના આવે ત્યારે જ્ઞાનીએ કહ્યું છે તે પ્રમાણે વર્તવું. એવો નિશ્ચય પણ અતિશય વેદના વખતે છૂટી જાય છે. તેને માટે શું કરવું? તે કહે છે. વેદના વધતી હોય ત્યારે જ્ઞાનીમાં લક્ષ રાખવો. ક્ષણે ક્ષણે કર્મ બંધાય છે એમ ચિંતવવું. આત્મા નિત્ય છે, મરતો નથી, અછેદ્ય છે, અભેદ્ય છે એમ આત્મભાવના કરે તો ''આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.'' જ્ઞાની કહે છે તેમ વર્તવું. આત્મા નિત્ય છે, એવું દૃઢ કર્યું હોય તો નિશ્ચય રહી શકે. એને અંદરથી સમજણ આવી હોય તો નિશ્ચય થાય. ભક્તિ વાંચન બધું સમાધિમરણ કરવાને માટે છે. જ્ઞાનીએ કહ્યું છે કે સમાધિમરણ કરવું, તો મારે સમાધિમરણ કરવું. 'થાવું હોય તે થાઓ રૂડા રાજને ભજીએ.'

જેવી ભાવના કરે તેવું ફળ મળે. આત્મભાવના રહે તો સમભાવ આવે. પુરુષાર્થ કરવાની જરૂર છે. વેદના વખતે સમભાવે સહન કરવું. વેદના જશે પણ આત્માનું કંઈ થવાનું નથી. તેમ છતાં ડામાડોળ ચિત્ત રહેતું હોય તો આપણાથી વધારે વેદના સહન કરી હોય તેવા પુરુષોનાં ચરિત્ર વિચારવાં. આત્મા કદી મરતો નથી એવાં મહાપુરુષોના વચનો મનને સ્થિર કરનાર છે, અવલંબનરૂપ છે. જરાક મન કઠણ કરવાનું છે. જે કંઈ વેદના આવે તે વખતે જરાક મન કઠણ કર્યું હોય તો વેદના તો જવાની છે, જવા માટે આવે છે. પહેલાંથી અભ્યાસ કર્યો હોય તો વેદના વખતે થાય કે 'હું વારંવાર વિચાર કરતો કે દેહથી આત્મા ભિન્ન છે. આ વખતે તારી પરીક્ષા છે.' પહેલાં પુરુષાર્થ કર્યો હોય તો થાય. ગજસુકુમાર નેમિનાથજી કને શીખ્યા હતા કે આત્મામાં રહેવું એ સુખ છે. વિકલ્પોમાં પડે તો પાર ન આવે. જાણે મરી જ ગયો હતો, એવો દૃઢ નિશ્ચય કરી આઘા રહીને જોયા કરવું. પહેલાં એવો અભ્યાસ ન કર્યો હોય તો એમ કરવું કે દેહભાવ તે મારો સ્વભાવ નથી, એમ વિચારવું તો કર્મ ઓછાં બંધાય. જીવને ખબર પડે કે દેહ તો રહેવાનો નથી, તો હવે બીજામાં ખોટી ન થતાં જ્ઞાનીએ કહ્યું તે કરવા દે. ચેતવું છે. જ્ઞાનીનો માર્ગ 'દેહથી હું ભિન્ન છું' એ

છે. જ્ઞાની કહે છે કે ભિન્ન કરવું અઘરું છે. તેમ છતાં જેવું છે, તેવું માનવું છે. એવો નિશ્ચય દૃઢ હોય તેને ધારેલું કામ થાય. જીવ કરવા માંડે તો થાય એવું છે. જ્ઞાનીનો બોધ ચોંટી ગયો તો એ અંદર કામ કરે છે.

આ સાંભળીને વેદના વખતે દવા ન કરવી એવું ન કરવું. દેહને લાભ થશે એમ જાણી અને શરીર સારું થશે તો મોજ-શોખ કરીશું એમ જાણી દવા ન કરવી. મનુષ્યભવ દુર્લભ છે, એ ભૂલી ન જતાં, કરવું. દેહ છે તે મારો છે એ ભાવ નથી રાખવો. દેહ મને મદદરૂપ છે તેથી ઉપચાર કરું છું, દેહ આત્માને કામ આવે છે તેથી ઉપચાર કરું છું. તો એનું ફળ સમભાવ આવે. દેહ છોડતી વખતે દેહ છૂટી જશે, ભોગ કેમ ભોગવાશે, એવું ન કરવું, પણ જ્ઞાનીએ જે કહ્યું છે તે છેલ્લે સુધી યાદ રાખવું. દેહનો લક્ષ ઠેઠ સુધી રહે તે આર્તધ્યાન છે.

જ્ઞાનીએ કહ્યું છે કે જ્ઞાનીનું શરણું રાખવું. જ્ઞાનીથી મારું કલ્યાણ થશે. તે વખતે ખેદ પણ ન કરવો. દેહ એ નવી વસ્તુ નથી, છોડવા જેવી છે. મરણથી ગભરાવું નહીં. જે કંઈ મનમાં હોય તે જ્ઞાનીને કહી દેવું. આત્મા અનંત સુખનું ધામ છે એ લક્ષ રાખવો. સંસારમાં બધું નાશવંત છે, રહેવાનું નથી; તો એને માટે આત્માને શા માટે દુઃખી કરો છો? જ્ઞાનીએ કહ્યું છે તેનો વિચાર ન રહે તે અવિચાર છે. 'હું' નિત્ય છું, અભેદ્ય છું, અછેદ્ય છું, જન્મ, જરા, મરણથી રહિત છું, એવી ભાવના કરવી. જ્ઞાનીપુરુષના કહેલામાં વૃત્તિ ન રહે તે મોહ છે. આત્મવિચાર આત્મગતિનું કારણ છે.

મુમુક્ષુ– સદ્વિચાર કેમ આવે?

પૂજ્યશ્રી– જ્ઞાનીનાં વચનોનું માહાત્મ્ય લાગે, મારે એ જ આધાર છે, એ જ તારનાર છે, આજ્ઞા એ જ અપૂર્વ છે એમ લાગે તો સહેજે બીજી ઇચ્છા ન રહે.

[વ૦ ૪૬૧] (રાતના સભામાં) ૩૦૫ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવને જ્યાં લોકોનો વધારે પરિચય થાય ત્યાં જવું નથી, એમ એમનો વિચાર છે. કૃપાળુદેવ સોભાગભાઈને વડીલ માને છે તેથી 'આપની કૃપાથી કુશળક્ષેમ છે' એમ લખે છે.

મુમુક્ષુ જીવ હોય તેને મોહના કારણોથી મૂંઝવણ થાય છે, તો પછી જ્ઞાનીને એ કેમ ગમે? ઇચ્છા નથી છતાં ઉપાધિયોગમાં જ્ઞાનીપુરુષને પ્રવર્તવું પડે છે. કર્મનો ઉદય એટલો બધો છે કે જેને બહુ લોભ હોય તે પણ એવી પ્રવૃત્તિ ન કરે. પોતે તદ્દન નિઃસ્પૃહ છે, છતાં રાતદિવસ ઉપાધિની પ્રવૃત્તિ કરે છે. એ કામ કરવું પડે છે, એથી કંટાળીએ છીએ એમ નથી, પણ ઉપાધિને યોગે સત્સંગ અને નિવૃત્તિનો વિયોગ રહે છે, તેથી ખેદ થાય છે. જે સદા ભજવા યોગ્ય છે તેનો વિયોગ રહે છે. ઓળખાણ થયા પછી આત્મા વેદાય છે. આત્મજ્ઞાન રહ્યા કરે છે. આત્મજ્ઞાન થયા પછી ચાલુ જ રહે. આત્મા સંબંધી વાત કરવી કે લખવું, એવું ઉપાધિને યોગે બનતું નથી. મુમુક્ષુઓને સત્સંગની ઇચ્છા હોય, પત્રની ઇચ્છા હોય અને કૃપાળુદેવથી પત્ર ન લખાય તો તેમને વિરહવેદના રહ્યા કરે.

સંસારની ઝાળ ચારેબાજુ બળે છે. આખો લોક ત્રિવિધ તાપથી બળતો છે. એ સંસારની ઝાળ જોઈ મૂંઝાશો નહીં. આધિ— મનમાં ચિંતા ફિકર થાય તે, વ્યાધિ— શરીર સંબંધી રોગ અને ઉપાધિ— બહારથી વ્યાપાર વગેરેની પ્રવૃત્તિ. એ ત્રિવિધ તાપ છે અથવા જન્મ, જરા, મરણ એ પણ ત્રિવિધ તાપ કહેવાય છે.

**[વ૦ ૪૬૩]** (રાતના સભામાં) ૩૦૬ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— કૃપાળુદેવને ગુપ્ત રીતે રહેવું છે. એટલે જ્યાં ગુપ્ત રીતે ન રહેવાય ત્યાં જાય તો ગુપ્ત રીતે ન રહેવાય. જેને જ્ઞાનીપુરુષ ગમે તે દશામાં હોય તોય પૂજ્ય છે, એવું થયું છે તેને જ્ઞાની પ્રત્યે ભક્તિભાવ રહ્યા કરે છે. અજાણ્યા પ્રસંગમાં, જ્યાં કોઈ ન જાણતા હોય ત્યાં નિવૃત્તિ લઈ રહેવું, એમ એમની ઇચ્છા છે. સોભાગભાઈએ પ્રશ્ન લખ્યો હશે કે શાસ્ત્રોમાં મેરૂ પર્વતનું વર્ણન આવે છે, પણ અત્યારની ભૂગોળમાં તો કંઈ એનું વર્ણન નથી તો એ કેમ હશે? કૃપાળુદેવે લખ્યું કે એ વાત સમાગમે પૂછશો. કૃપાળુદેવને ઉદાસીનતા બહુ રહે છે. સમ્યક્દર્શન છે તેથી આત્મા ભૂલાતો નથી. સહજ સમાધિ રહે છે.

**[વ૦ ૪૬૫]** (સવારના - સભામાં) ૩૦૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— સૌભાગ્યભાઈના પત્રોમાં ઘણું ખુલ્લું કર્યું છે. કૃપાળુદેવ કહે છે કે છૂટવાની ભાવના થયા કરે છે. આ વ્યાપારથી નિવર્તી કોઈ નિવૃત્તિ ક્ષેત્રમાં રહેવું, એમ વિચાર થયા કરે છે. એ વિચાર સહેજે આવે છે, પણ પોતે પ્રેરણા કરતા નથી. આત્મસ્વરૂપમાં મન રહે છે તેથી બહારના વિચાર પ્રેરણાથી થતા નથી. કૃપાળુદેવ જ્ઞાતા દૃષ્ટા રહે છે. એવી દશા જેને હોય, તેને ચારિત્રમોહ પજવે નહીં. મન શું શું કામ કરે છે? એના ઉપર કૃપાળુદેવની ચોકી છે. શું શું વિચાર આવે છે, તેની સૂક્ષ્મ તપાસ રાખે છે. વિચારને પ્રેરણા આપતા નથી. પૂર્વ પ્રારબ્ધને લઈને જે આવે, તે કરે છે, પણ પ્રેરણા કરવાની ઇચ્છા થતી નથી. ઉદીરણા કરતા નથી. આત્માનો અભ્યાસ થઈ ગયો છે, તેથી બીજામાં પ્રવર્તાતું નથી. કૃપાળુદેવે પ્રતિજ્ઞા કરી હતી કે વધારે વાર આત્મા સિવાય બીજામાં ન રહેવું. કૃપાળુદેવે લખ્યું છે કે અમને એવા ઘણા પ્રસંગો આવ્યા છે કે જેમાં માથું ધડ ઉપર રહેવું કઠણ પડે. બેય રસ્તા વિરુદ્ધ છે, જુદા છે. મોક્ષનો જુદો રસ્તો અને સંસારનો જુદો. સંસારને ગૌણ કરે ત્યારે બીજું કામ થાય. સંસાર ત્યાગવા યોગ્ય છે. એમ એમને વારંવાર નિશ્ચય થયા કરે છે. ભગવાનની કૃપા એટલે આત્માની કૃપા. રાગદ્વેષરૂપ સંસાર છે અને જ્ઞાનીને રાગદ્વેષ કરવા નથી. સંસાર અને જ્ઞાનીપુરુષ એ બેયનો મેળ થાય નહીં. તેથી જ્ઞાનીપુરુષો તેને ત્યાગે છે. સંસારનું સ્વરૂપ એવું છે કે જ્ઞાનીપુરુષને પણ રાગ, દ્વેષ થઈ જાય.

[૧]બાહુબળિને વિચાર આવ્યો કે અહો મેં ભાઈની સાથે યુદ્ધ કર્યું! મને ધિક્કાર છે. હવે એનું પ્રાયશ્ચિત શું? તો કે સંસારને ત્યાગવો એ જ એનું પ્રાયશ્ચિત, એમ કરી દીક્ષા લઈને ચાલી નીકળ્યા.

ક્ષણે ક્ષણે આત્મપરિણામ વધવા જોઈએ તેને બદલે આવરણ આવે છે, એવું પરના સંગથી થાય છે. કૃપાળુદેવને આ સંસારનું સ્વરૂપ જોઈને ત્રાસ લાગ્યો છે. કૃપાળુદેવ કહે છે કે કંઈ ન થાય

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૧૭.

તો પણ સ્મરણ તો થયા કરે છે. જેને રાગદ્વેષ ન કરવા હોય તેને એ સાધન છે. એ કર્યા વિના છૂટકો નથી. મધ્યમા વાચા એટલે બીજા સાંભળે નહીં એવી રીતે બોલવું. કૃપાળુદેવને પ્રવૃત્તિ કરતાં છતાં આત્મસ્થિરતા રહે છે. શરૂઆતમાં જ્ઞાનીપુરુષને આ જગત ગાંડા જેવું લાગે છે, પણ નિર્વિકલ્પ દશા થયે લાકડા જેવું લાગે છે. કૃપાળુદેવને 'બળ્યો આ સંસાર, ક્યારે ત્યાગ આવશે', એમ થયા કરે છે. ગમે તેટલું વિકટ લાગે, પણ ગમે તેમ કરી સમભાવ રાખવો. સમભાવે વેદવું એ જ જ્ઞાનીનો માર્ગ છે. જે ઉદય આવ્યો તેમાં સમભાવે રહેવું; એ જ જ્ઞાનીનો ઉપદેશ છે, એ જ કર્ત્તવ્ય છે. જ્ઞાનીપુરુષના બોધની સ્મૃતિ થવાથી જે જે વ્યાકુળતા થતી હતી તે મટી ગઈ છે, એમ કૃપાળુદેવ કહે છે. સર્વસંગપરિત્યાગ કરવાની યોગ્યતા આવી ગઈ છે. બહારમાં બીજું દેખાય, પણ અંતરંગમાં નિર્ગ્રંથ દશા છે, તેમ છતાં પણ પૂર્વ પ્રારબ્ધ લઈને આ પ્રવૃત્તિમાં રહીએ છીએ. મહાત્મા પુરુષોએ જે કર્યું છે તે જ અમારે કરવું છે; આત્મામાં રહેવું. વિચાર પણ એના જ કરવા. પૂર્વે જે જે જ્ઞાનીપુરુષોનો યોગ થયો હોય અને તેમણે જે જે વાત કરી હોય તેની સ્મૃતિ, જ્ઞાની પ્રત્યે અત્યંત ભક્તિ, નિરંતર ચઢતાપરિણામ એ એમને આકર્ષ્યા કરે છે.

પ્રભુશ્રીજી કૃપાળુદેવની વાત કરી સંભારતા અને કહેતા કે પુષ્પમાળામાં પરમકૃપાળુદેવે કહ્યું છે કે 'બે પ્રહર નિદ્રા,' પણ અમને તો એક પ્રહર જ નિદ્રા લેવાનું મળતું. સાંજે પ્રતિક્રમણ કર્યા પછી દિવસે જે વાંચ્યું હોય તેની બાર વાગ્યા સુધી ચર્ચા કરતા અને પછી સૂઈ જતા. વળી પાછા રાત્રે વહેલા ત્રણ વાગે પ્રતિક્રમણ કરવા ઊઠતા. પ્રભુશ્રીજી ઉપર કૃપાળુદેવનો એક પત્ર આવતો કે પત્ર લઈ જંગલમાં જતા. એકાંતમાં જઈ પત્રને વારંવાર નમસ્કાર કરી ખોલતા અને વાંચતા; ફરી ફરી વાંચતા એટલો પ્રેમ હતો.

જ્ઞાતા દૃષ્ટા રીતે રહીએ છીએ એમ પરમકૃપાળુદેવ લખે છે. આપણને આ ભવમાં જ્ઞાનીનો યોગ થયો છે તે વારંવાર સંભારવો. વૈરાગ્ય હોય તો એમ થાય કે કૃપાળુદેવને સંભારું. સમ્યક્દર્શન થાય એવા ભાવ કૃપાળુદેવને સંભારવાથી થશે. જ્ઞાનીપુરુષનું જેને સ્મરણ થતું હોય તેને ધન્ય છે અને જે જ્ઞાનીપુરુષની વાણી સાંભળતા હોય તેને તો અત્યંત ધન્ય છે. સાંભળવાનું ન મળતું હોય, પણ ક્યારે જ્ઞાનીપુરુષોનો બોધ સાંભળું, એમ જેને ભાવના થયા કરતી હોય તેને પણ ધન્ય છે. જે જ્ઞાનીપુરુષે આત્મા જાણ્યો છે, તેમની ભક્તિ અને ચિંતવન કરવું. જ્ઞાનીપુરુષોએ રચેલાં શાસ્ત્ર કે માર્ગાનુસારી જીવોએ પોતાનું જીવન સુધારવા માટે જે સિદ્ધાંત કર્યા હોય તેને અત્યંત ભક્તિએ નમસ્કાર કરીએ છીએ, એમ પરમકૃપાળુદેવ લખે છે. પ્રભુશ્રીજી કોઈ કોઈ વખત એકેક કડી સો સો વાર બોલાવતા તેથી બધું ભુલાઈ જતું.

**"વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ,**
**ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ."**

આત્માનું હિત કરવું હોય તેને કેટલી કાળજી રાખવાની છે? કેટલી દૃઢતા રાખવાની છે? ગમે તેમ થાય, પણ આત્મોદ્ધાર કરવો છે, ફરી ન જ જન્મવું એવો દૃઢ નિશ્ચય કરવો. નિશ્ચય મંદ ન પાડવો. દેહ જાય તો ભલે, પણ આત્માનું કામ કરવું છે એવો દૃઢ નિશ્ચય કરવાનો છે. સંસારના

કામોમાં આપણને રુચિ કેમ થાય છે? જ્ઞાનીપુરુષને તો એમાં ત્રાસ લાગે છે. એ વારંવાર વિચારીને વૈરાગ્યની વૃદ્ધિ કરવાની છે. હાથ, પગે કામ થતું હોય પણ ચિત્ત સ્મરણમાં રાખવાનું છે. એ એક ઉપાય છે. સ્મરણ ન ચૂકવું. બીજું કરતાં કર્મ બંધાય, એથી કર્મ છૂટે. પરિણામ મોળાં ન થાય એવું કરવું. જ્ઞાનીપુરુષની શિખામણમાં વૃત્તિ રહે તો કર્મ ન બંધાય. કૃપાળુદેવને ઉપાધિ ભોગવવામાં શૂરવીરપણું છે. આકુળતા-વ્યાકુળતા થતી નથી. કર્મથી ગભરાઈ જતા નથી. મુનિઓ પહેલાં બબ્બે મહિનાના ઉપવાસ કરતા પણ મોઢું ઊતરી ન જતું. આહાર અર્થે જતા છતાં ન મળે તો સારું થયું એમ માનતા. જેમ મુનિઓને પરિષહો આવે છે તેમ અમને પણ આ વ્યાપાર એક પરિષહ છે. કૃપાળુદેવે મન એટલું બધું સ્વચ્છ કરી દીધું છે કે બીજે વૃત્તિ રહેતી નથી. સમાધિભાવ રહે છે, પણ મુશ્કેલીથી રહે છે.

**[વ૦ ૪૬૫]** (રાતના સભામાં) ૩૦૮ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– નિવૃત્તિમાં કૃપાળુદેવ પરમાર્થસ્વરૂપને જ પોષતા હતા. ખેડામાં, વસોમાં, ઉત્તરસંડામાં પરમાર્થસ્વરૂપ જ રહેતા. બીજું કશું ન હતું. કૃપાળુદેવ કેવી દશાએ વર્તતા હતા? તે જીવે વિચારવા યોગ્ય છે. સહજસ્વભાવે રહેવું એવું એમનું જીવન થઈ ગયું છે. એ જીવન કેમ હશે? બધા જગતનું વિસ્મરણ કરી નાંખ્યું છે. તરણાના બે કટકા કરવા પણ સમર્થ નથી, એમ લખ્યું છે. કૃપાળુદેવ અકર્તા તરીકે રહે છે. આમ કરવું કે તેમ કરવું, એવું એમને કશું નથી. પ્રારબ્ધથી જે થાય તે જોયા કરે છે. પ્રારબ્ધને યોગે જેમ યોગની પ્રવૃત્તિ થાય તેમ કરે છે. વિચારને પણ ધક્કો મારી આગળ વધારવો એવું પણ એમના મનમાં નથી.

જેને ઉદાસીનતા છે તેને સંસારમાં રહેવું ઘટતું નથી, પણ ઉદયને લીધે રહેવું પડે છે. સંસાર અને જ્ઞાનીને મળતી પાણ આવે નહીં. ઉપાધિનું સ્વરૂપ એવું છે કે આત્મા ક્લેશિત પણ થાય અને એમને એવી પ્રતિજ્ઞા હતી કે વધારે વાર આત્મા ક્લેશિત ન રહેવા દેવો, જો રહે તો દેહ ત્યાગી દેવો. ઘણીવાર એવું થયું છે કે માથું ધડ ઉપર રહેવું કઠણ પડે. જ્ઞાનીને પણ થકવે એવો આ સંસાર છે. જેને આગળ વધવું છે તેને ઉપાધિ આવરણરૂપ થાય છે. જોકે ક્ષાયિકવાળો હોય તેને આત્માનું વિસ્મરણ ન થાય, પણ એને આવરણરૂપ થાય છે. ભગવાનની દશા જેવી છે તેવી એમની દશા છે. હૃદયમાં મધ્યમા વાચાએ પ્રભુનું નામ વર્તે છે. આ જીવે કડાકૂટ શું બાંધી છે? એમ થઈ આવે છે. ક્યારે એથી છૂટીએ એમ થાય છે. આપણે બાંધેલાં આપણે જ ભોગવવાં પડે. કોઈ બીજો ભોગવે નહીં. માટે શૂરવીરપણે, અદીનપણે ભોગવી લેવાં એ જ્ઞાનીનો માર્ગ છે. સમજણ કામ કરે છે. આકુળતા થાય, વ્યાકુળતા થાય, મૂંઝવણ થાય; પણ સમજણ હોય તો બધું શમાવી નાંખે.

જે જ્ઞાનીઓનો પૂર્વે યોગ થયો છે. તેમને સંભારીએ છીએ. દુકાન ઉપર બેઠા હોય તોય જાણે જંગલમાં બેઠા હોય તેમ રહે છે. જ્ઞાની પ્રત્યે અત્યંત ભક્તિ, નિરંતર જે આત્મામાં રહે છે, તેમની દશા પ્રત્યે પ્રેમ તે એમને આકર્ષે છે.

‘‘પૂર્વકાળમાં જે જે જ્ઞાનીપુરુષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે, તે ક્ષેત્ર અત્યંત

ધન્ય છે, તે શ્રવણને, શ્રવણના કર્ત્તાને અને તેમાં ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ છે. તે આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુરુષની વાણી અથવા જ્ઞાનીનાં શાસ્ત્રો કે માર્ગાનુસારી જ્ઞાનીપુરુષના સિદ્ધાંત તેની અપૂર્વતાને પ્રણામ અતિ ભક્તિએ કરીએ છીએ.'' કેટલી ભક્તિ છે! તેથી વારંવાર એ સાંભરે છે. જીવને સત્સંગનું માહાત્મ્ય નથી. માહાત્મ્ય હોય તો બધું તાજું થાય. આત્મધૂન ચાલ્યા જ કરે એવું એમને કરવું છે.

[૧૦ ૪૬૬] ૩૦૯ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ધર્મની પ્રાપ્તિ કરવી હોય અથવા સાચો ધર્મ પ્રાપ્ત કરવો હોય તેને બહુ વિચારવા જેવું છે. સદ્ગુરુથી મોક્ષ છે. દુર્લભ મનુષ્યભવ મળ્યો તે અજ્ઞાનીના આશ્રયે વ્યર્થ જાય. જેની પાસે આત્મજ્ઞાન ન હોય તેની પાસે ક્યાંથી મળે? આત્મજ્ઞાન આ પુરુષને છે કે નહીં એ તપાસવું. પછી એની આજ્ઞા આરાધવી, એનો સત્સંગ કરવો, બોધ સાંભળવો. જેની પાસે ધર્મ માંગવો તે પામ્યાની ચોકસી કરવી. સદ્ગુરુ હોય તો સત્દેવ બતાવે અને બધું પાંસરું કરે. કુગુરુ મળે તો કુદેવ બતાવે અને તેથી બધું ઊંધું થાય. જ્ઞાનીને જ્ઞાનીની દૃષ્ટિએ ઓળખવા. આ કૃપાળુદેવની ભક્તિ કરવા જેવી છે, આ પુરુષને ભજશો તો લાભ થશે, એમ પ્રભુશ્રીજીએ આપણને બતાવ્યું છે.

જ્ઞાનીનો બોધ થયો હોય તો સદાચાર આવે. જ્ઞાનીપુરુષનો યોગ થયા પછી ફરવું જોઈએ, નહીં તો જ્ઞાનીપુરુષ વગોવાય; એવું કરવાનું નથી. માટે જે વર્તન કરવું તે લોકોને દેખાડવા માટે નહીં, આત્માના કલ્યાણ માટે કરવું.

પ્રભુશ્રીજી નવસારી ગયા હતા ત્યારે એક જણ ત્યાં આવ્યો. તે બહુ ઝઘડા કરતો હતો. પછી પ્રભુશ્રીજી મળ્યા અને મંત્ર આપ્યો કે બધું ફરી ગયું, બધું કરવું મૂકી દીધું. સત્સંગમાં જેટલું ગ્રહણ થાય તેટલો લાભ છે. જે કંઈ કામ કરીએ તેનાથી લાભ ન થાય તો ન કરવું. જ્ઞાનીપુરુષનો બોધ સાંભળી પાપમાં જતાં અટકે તો સત્સંગ થયો કહેવાય. બધું કરીને આત્મા જગાડવો છે. પોતે માન્યું છે તે સાચું છે એમ માને છે, એવો આગ્રહ થઈ ગયો છે. આત્માનો સ્વભાવ જાણવું, દેખવું અને સ્થિર થવું. સમ્યક્ત્વ સહિત જાણે, સમ્યક્ત્વ સહિત સ્થિર થાય, તે આત્માનો સ્વભાવ છે.

ફરવું તો છે નહીં, અને સત્સંગ સત્સંગ કરે તો શું લાભ? ફરવાનું તો મન નથી તો પછી સત્સંગ શું કરે? વિવેકની જરૂર છે. વિવેક વગર ધર્મ નથી. પરમાર્થમાં જ્ઞાનીપુરુષ જાણે તે સાચું છે, એમ માને તો કલ્યાણ થાય. મુમુક્ષુ થયો એને માથે જવાબદારી છે કે જ્ઞાનીપુરુષ એનાથી વગોવાય નહીં. નહીં તો એને કર્મ બંધાય. ભક્તિ હોય અને વાંછા ન હોય એવી નિષ્કામ ભક્તિ હોય તો કલ્યાણ થાય.

સત્પુરુષ પ્રત્યે સંસારી વસ્તુઓની ઇચ્છા કરે તો જ્ઞાનીપુરુષ એની ઇચ્છાને પોષે નહીં અને જો અજ્ઞાની પ્રત્યે ઇચ્છા કરે તો તે ઇચ્છા પૂરી કરે, તેથી એનો મોહ પોષાય. મનુષ્યભવમાં ધર્મનું કામ થાય એવું છે, માટે કરવું. આ તો બધું લુંટાઈ જવાનું છે. આત્મકલ્યાણ શાથી થાય? એ વિચાર. આત્મદૃષ્ટિ કરાવવા જ્ઞાની કહે છે.

[વ૦ ૪૬૬] (સવારના ઉપર) ૩૧૦ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ સુદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ''જેની પાસેથી ધર્મ માગવો, તે પામ્યાની પૂર્ણ ચોકસી કરવી એ વાક્યને સ્થિર ચિત્તથી વિચારવું.'' એ વાક્યને તો પહેલું વિચારવાનું છે. આખી જિંદગી સુધી કામ આવે એવું વાક્ય છે. એથી જીવ ભૂલો ન પડે.

જગતમાં મતમતાંતર, વિશ્વાસઘાત એવું જ બધું પડ્યું છે. આત્માનો ખપ રાખવો. જ્યાં ત્યાંથી આત્મા મારે પ્રાપ્ત કરવો છે. એ વગર ભલે હીરા માણેકની લહાણી થતી હોય તોય મારે કામની નથી. જ્ઞાની કહે તે માનવાનું છે. અસત્ય વચન ન બોલવું. નરકે જવું હોય તો બોલવું. વિશ્વાસઘાત કરવો નહીં. મત છે તે સત્ નથી. સત્ છે તે સત્ છે. આત્માનો ધર્મ આત્મામાં છે. આત્મા નથી જાણ્યો ત્યાં સુધી બીજું જાણ્યું છે, તે ધર્મ ક્યાંથી હોય?

જ્ઞાનીનો યોગ થયા છતાં મતમતાંતર, વિશ્વાસઘાત, અસત્ય વચન એ જો ન જાય તો એવો યોગ થયો તે પણ કામનો નથી. પ્રાણ જાય પણ ધર્મ ન છોડવો. પાંચ ઇન્દ્રિયોના વિષયો, માન આદિ જે એણે પોતાના માન્યા છે, તે બધું લૌકિક છે. ''મોક્ષ ઉપાય સુધર્મ.'' મોક્ષનો ઉપાય હોય તો સુધર્મ છે. સમ્યક્જ્ઞાનાદિ ત્રણ એટલે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ મોક્ષના ઉપાય છે, ધર્મ છે. વિધિનિષેધ આદિમાં ગુંચવી રાખે તે ધર્મ ન કહેવાય. જીવે શબ્દો બોલ બોલ કર્યા છે, પણ વિચાર કર્યો નથી.

''આત્મપરિણામની સહજ સ્વરૂપે પરિણતી થવી તેને શ્રી તીર્થંકર 'ધર્મ' કહે છે.'' (૫૬૮)

સહજસ્વરૂપે પરિણતિ તે ધર્મ છે. આત્મા પમાડવા માટે જ્ઞાનીપુરુષો કથા કહે, ઉપદેશ આપે તો ત્યાં ધર્મ છે. બીજા જે એવી રીતે કરે છે, તે બધી કડાકૂટ છે. જેને વસ્તુની ગમ ન પડી હોય, માર્ગનો અજાણ્યો હોય તે બીજાને કેમ કરી દોરે? શાસ્ત્રનો આધાર સુપાત્ર જીવને છે.

સુપાત્ર હોય તેને શાસ્ત્ર આધારભૂત થાય. જ્ઞાનીપુરુષ કે જ્ઞાનીપુરુષનો આશ્રિત એ બન્ને મોક્ષમાર્ગમાં છે. જ્ઞાનીપુરુષ છે તે જ મોક્ષે લઈ જનાર છે. એટલી પ્રતીતિ હોય અને સમ્યક્દર્શન ન હોય તો પણ એ આશ્રિતપણું છે. હું તો અજાણ્યો છું? હું શું જાણું? આ કૃપાળુદેવે આત્મા જાણ્યો છે. કૃપાળુદેવ આપણને ગમે તેવાં વચન કહે પણ તેમાં આત્મા જ છે. પ્રભુશ્રીજી પણ આપણને એમ જ કહેતા. કુસંગથી બચવાની જરૂર છે.

જ્ઞાનીપુરુષો, 'તું આમ જ કર' એમ ન કહે. આદેશ કરતા નથી. કૃપાળુદેવને એવો ઉદય વર્તે છે. સામાન્ય ઉપદેશ એટલે શિખામણ કહે, પણ તમે આમ જ કરો એમ કહેતા નથી.

ક્ષીરસમુદ્ર નામનો આખો દરિયો ભર્યો પડ્યો છે, પણ આઘો છે એટલે તેથી શું થાય? પણ જો એક મીઠાં પાણીનો કળશો અહીં હોય તો પિવાય. તેમ જ્ઞાનીપુરુષો પૂર્વે અનંત સિદ્ધ થઈ ગયા છે પણ તેથી જીવના દોષ ન જાય. પરંતુ જ્ઞાનીપુરુષ પ્રત્યક્ષ હોય તો એના દોષ છોડાવે. સિદ્ધ ભગવાન કંઈ કહેવા આવે નહીં.

જીવ અજાણ્યો છે. જીવને ખબર નથી. છતાં ડાહ્યો થાય છે. લાવો ધ્યાન કરું, ફલાણું કરું

એમ કરે છે. દવાખાનામાં જાય ત્યાં એમ ન કહે કે મને ફલાણી દવા જ આપો. જ્ઞાનીપુરુષ પાસે જાય ત્યારે મને ધ્યાન શિખવાડો; ફલાણું શિખવાડો એમ કહે છે. જીવ સત્પુરુષ પાસે જાય ત્યારે કંઈ ને કંઈ ઇચ્છા લઈને જાય છે. સત્પુરુષને તો જીવને ચોખ્ખો કરવો છે. પ્રભુશ્રીજી કહેતા કે તારી સમજણ ઉપર મૂક મીંડું અને તાણ ચોકડી. જીવને પોતાને ખબર નથી. કલ્પનાથી જીવ ભર્યો છે.

કદાગ્રહાદિ દોષો હોય, સત્સંગ કરતો હોય છતાં એ દોષો ન જાય તો લોકો તો કહે કે આવો જ સત્સંગ કરો છો? કંઈ સુધર્યા તો નથી. એ કદાગ્રહાદિ દોષોને મૂકે તો એને પોતાને લાભ થાય, ઉપદેશ પરિણામ પામે. કહેનાર કહી છૂટે પણ માનવું કોને હાથ છે! સાંભળ્યા પછી માનવાનું તો એને હાથ છે, એમ પ્રભુશ્રીજીના બોધમાં આવે છેને! જ્ઞાનીનો યોગ થયો, ઓળખાણ થઈ, આ સત્પુરુષ છે, મહાપુરુષ છે એમ શ્રદ્ધા થઈ તો ''માત્ર મોક્ષ અભિલાષ.'' મોક્ષની ઇચ્છા રાખવી. એમ છતાં બીજી ઇચ્છા થઈ જાય, પણ જ્ઞાની જાણે છે કે એને જે ઇચ્છા થઈ છે તે ખોટી છે, તેથી મોડી વહેલી કઢાવી નાંખે. એનો એ જીવ જો અસત્પુરુષના આશ્રયે હોત તો તેનું ફળ જુદું થાત. જીવનું કલ્યાણ શામાં છે, તે જ્ઞાની જાણે છે.

ભલે ભૂખે મરવાનું થાય પણ ધર્મ છોડવો નથી. અસત્પુરુષનો આશ્રય હોય તો મોહ વધી સંસાર વધે. સત્પુરુષનો આશ્રય હોય તો એની સંસાર ભાવના દિવસે દિવસે ઘટે.

સમ્યક્દર્શન જેવી તેવી વાત નથી. આ સત્પુરુષ છે, આપણા આત્માનું કલ્યાણ કરનાર છે, એવો જો એને ભાવ રહે તો સત્પુરુષ પાસેથી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય; પણ જો ખસી જાય તો ન થાય. કૃપાળુદેવ કહે છે કે અમને કોઈપણ સંસારી વાત લખે તો ત્રાસ થાય છે.

દેહ છતાં જેની દેહાતીત દશા થઈ છે, મન, વચન અને કાયાના યોગનો જેને આગ્રહ છૂટી ગયો છે, શુદ્ધ આત્મસ્વરૂપ હું છું, એમ જો થયું હોય તો બીજી પરવસ્તુઓમાં અહંભાવ પછી ન રહે. પરવસ્તુના ગુણને, જડવસ્તુને પછી પોતાના માને નહીં. એવા જ્ઞાનીપુરુષમાં જે વીતરાગતા છે તે પરમ ઉપશમ છે. એવા જે જ્ઞાનીપુરુષના ઉપશમરૂપ ચરણારવિંદ તેને નમસ્કાર કરી તેને ચિંતવવી. વીતરાગતાની ઇચ્છા કર્યા કરો એમ કહે છે. બીજી ઇચ્છાઓ ન કરો. લોકોને ધર્મની ગરજ નથી. એવો વિપરીત કાળ છે.

**[વ૦ ૪૭૧]** (રાતના સભામાં) ૩૧૧ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૧, સં. ૨૦૦૯

**પૂજ્યશ્રી–** સમાધિ એટલે ''આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર 'સમાધિ' કહે છે.'' આત્મામાં જે ચંચળપણું છે તે રોકાય અને પોતાના સ્વરૂપમાં રહેવાય તેને માટે સુધારસ એક સાધન છે. સુધારસનું નામ બીજજ્ઞાન કહો તો વાંધો નથી. બીજજ્ઞાન આપનાર આત્મજ્ઞાની હોવા જોઈએ. નહીં તો ભૂલાવો થાય. એ સુધારસથી લબ્ધિઓ પણ પ્રગટે, તેથી એને જ આત્મા માની બેસે તો જ્ઞાની જેને આત્મા કહે છે તે એને સમજાય નહીં. સુધારસમાં વૃત્તિ રહેવાથી ચિત્તસ્થિરતા થાય છે. સાધનમાં અટકી જાય તો સાધ્ય પ્રાપ્ત ન થાય. જ્ઞાનીપુરુષ વિના કોઈ સાધનથી ઠેકાણું પડે નહીં.

**''વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.''**

આ સાધન તો જીવે ઘણાં કર્યાં છે.

**"સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?"**

યોગમાં 'ખેચરી' મુદ્રા આવે છે. જેને સુધારસ સંબંધી કરવું હોય તે જીભના નીચેના ભાગને થોડો કાપી નાંખે તેથી જીભ લાંબી થાય અને ઠેઠ ગળા સુધી લઈ જવાય એટલી લાંબી કરે, ત્યાં આગળ રસ ઝરે છે, તે સુધારસ છે.

જ્ઞાનીની આજ્ઞાએ મોક્ષ છે. પ્રભુશ્રીજી કહેતા કે અમે ખીલી ખીલી કરવાનું કહ્યું હોય, તે મુમુક્ષુ કરે તોપણ એનો મોક્ષ થાય. (અહીં [૧]'મા રુષ, મા તુષ' મુનિનું દૃષ્ટાંત આપ્યું હતું) માહાત્મ્ય તો આજ્ઞાનું છે. સાચા પુરુષની આજ્ઞાનો આરાધક હોય તો બે ઘડીમાં કેવળજ્ઞાન થાય. કોઈ સાધનનો આપણે નિષેધ નથી. સાધન કરવાં, પણ આત્માને ભૂલી ગયો તો સાધન એ રમકડાં જેવાં છે. સુધારસ ઝરે છે તેને અમૃતધારા પણ કહે છે. એ તો બધાં સાધનો છે. શ્વાસ રોકવા માટે પણ જીવો કેટલી માથાકૂટ કરે છે! એ દ્રવ્યક્રિયાઓ છે. 'યોગશાસ્ત્ર'માં બધી યોગની દ્રવ્યક્રિયાઓ વર્ણવી છે અને યોગદૃષ્ટિમાં હરિભદ્રાચાર્યે ભાવપ્રાણાયામનું વર્ણન કર્યું છે.

**"બાહ્યભાવ રેચક ઇહાંજી, પૂરક અંતર ભાવ;**
**કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ."**

સુધારસથી આત્મા આગળ છે, એમ જાણનારા જ્ઞાનીપુરુષ જોઈએ. તેમની પાસેથી એ બીજજ્ઞાન મળ્યું હોય તો મોક્ષનું કારણ થાય.

"દ્રવ્યે દ્રવ્ય મિલે નહીં" એમ સ્તવનમાં આવે છે. જડને ચેતનની સાથે સંબંધ નથી. એ બેય મળી એકરૂપ થાય નહીં. પોતાનું સ્વરૂપ જ્યારે સમજાય પછી જડ-ચેતનનો વિવેક થાય. નહીં તો જીવ અનંતકાળથી પુદ્ગલની પાછળ જ પડ્યો છે. આત્મા ઓળખાયો હોય તો પછી એમાં જ એને લીનતા થાય. ગમે તે અવસ્થામાં પુદ્ગલ તે પુદ્ગલ રૂપ જ રહે. પોતાનું સ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સમજાય છે. અને પોતાના સ્વરૂપમાં રહે ત્યાં સુધી કંઈ કરવાનું ન રહે. પોતાનું ઓળખાણ નથી થયું ત્યાં સુધી જેને ઓળખાણ થયું છે, તેના આશ્રયે રહેવું. સિદ્ધાંતિક વાત બહુ લાંબી નથી. શબ્દો છે તે શબ્દો જ છે. દશા લાવવાની છે. જગતમાં જડ ચેતન સિવાય કશું છે નહીં. પણ જીવને પુદ્ગલમાં મોહ છે, તે મૂકશે ત્યારે કલ્યાણ થશે. અરૂપી આત્મા છે, તેથી જ્ઞાની સિવાય ઠેકાણું પડે નહીં.

**[વ૦ ૪૭૨]** (રાતના સભામાં) **૩૧૨** શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— સોભાગભાઈએ એમ લખ્યું હશે કે સુધારસ જેવી ક્રિયાની વાત ગુપ્ત રીતે કહેવી જોઈએ, ખુલ્લા કાગળમાં લખવું ન જોઈએ. કૃપાળુદેવ લખે છે કે અમે જે લખ્યું તે કોઈ વાંચે તોય ગમ પડે નહીં. આથી કોઈને નુકસાન થવાનું નથી એમ જાણી ખુલ્લા કાગળમાં લખ્યું છે. કોઈ સુધારસ સંબંધી માથાં મારતો હોય અને તેના વાંચવામાં આ કાગળ આવે તો શીખી તો ન જાય, પણ એવા પુરુષને મારે મળવું, એવા પુરુષ મને મળે તો સારું એમ થાય. વખતે વાંચે તો એને

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રજ્ઞાવબોધ પૃષ્ઠ ૪૨૦-૪૨૧.

નિર્ણય થઈ જાય નહીં, પણ આ લખનાર પુરુષ આને જાણે છે, તે પુરુષ પાસેથી મને આ વાત જાણવામાં આવે તો સારું એમ તેને ભાવના થાય.

જ્ઞાનીની વાણીનો પરમાર્થ સમજવો બહુ મુશ્કેલ છે. જ્ઞાનીનો સમાગમ થયો હોય, તેમનો બોધ સાંભળ્યો હોય, આજ્ઞાનો આરાધક હોય એવો મુમુક્ષુ તે જ્ઞાનીની વાણીને સમજી શકે.

**''બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;**
**સેવે સદ્ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્.''**

એમનું એમ સમજવા જાય, તો કંઈ સમજાય નહીં. વાંચે તોય એને ભાવના થાય કે સત્પુરુષને આપણે મળીશું. એમની આજ્ઞા આરાધાશે તો એ વાત સમજાશે, એમ થાય. મને સમજાઈ ગયું, એમ જીવ અવળું પણ સમજી લે છે; પણ એને પાછો વિક્ષેપ થાય કે આ બરાબર સમજાતું નથી.

કૃપાળુદેવને પરમાર્થરૂપ લખતાં અપરમાર્થરૂપ લખાય નહીં એવી સહજ દશા થઈ છે.

હવે સુધારસ સંબંધી વિશેષ લખે છે. સુધારસ દેનાર અને લેનાર કેવો હોય? તે કહે છે. (૧) આત્મા જેણે અનુભવ્યો છે અને તે રૂપ જે થયા છે તેમણે જો સુધારસનું જ્ઞાન આપ્યું હોય તો તે પરમાર્થ પરમાર્થરૂપ છે. (૨) જેણે આત્મા જાણ્યો નથી, સુધારસની ક્રિયા જાણે છે. તેની પાસેથી સુધારસની પ્રાપ્તિ થાય તો તે વ્યવહાર પરમાર્થરૂપ છે, કેમકે સુધારસ એ આત્મા પામવાનું સાધન છે. કદાચ એ સાધનથી થઈ જાય તો થઈયે જાય, તેથી એને વ્યવહારે પરમાર્થરૂપ કહ્યું છે. આત્મપ્રદેશ સ્થિર થવાનું સુધારસ એક નિમિત્ત છે, પણ એને જ આત્મા માનતો હોય તો તે વિપરીતતા છે. (૩) સુધારસનું જ્ઞાન જ્ઞાનીએ ન આપ્યું હોય, પણ આત્મા સંબંધી એમણે ઉપદેશ કર્યો હોય તે ઉપદેશ સામા જીવને રૂચ્યો હોય તો તે પરમાર્થ-વ્યવહારરૂપ છે. એટલે પરમાર્થ પામવા માટે વ્યવહાર છે. એથી પરમાર્થ પામશે. એ પરમાર્થને પ્રેરે એવો વ્યવહાર છે. ''પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સમંત.'' (૪) જે આત્મા જાણતો નથી પણ શાસ્ત્રો જાણે છે, તે શાસ્ત્રો બીજાને ઉપદેશે તો તે વ્યવહાર વ્યવહારરૂપ છે. તે સંસાર વધવાનું કારણ છે. કહેનાર અને સાંભળનાર બેય આત્મા જાણતા નથી અને ઉપદેશ કરે તો 'હું સમજું છું' એમ જીવને થવા સંભવ છે, તેથી એ વ્યવહાર-વ્યવહારરૂપ છે. એની બહુ કિંમત નથી. વ્યવહાર-વ્યવહાર એની કિંમત નથી. શાસ્ત્ર જાણનારે આત્મા જાણ્યો નથી, છતાં સામો જીવ તેને એમ જાણે કે આણે આત્મા જાણ્યો છે, તેથી પછી એ સદ્ગુરુને શોધેય નહીં. ત્યાં જ એ ખળી રહે છે. એ ભેદનું ફળ શું મળે છે, તે કહે છે. વ્યવહાર-પરમાર્થરૂપ તે ઘણા કાળે કોઈ પ્રકારે મોક્ષનું કારણ થવા સંભવ છે; પરંપરાએ સમકિતનું કારણ થાય. શમ, સંવેગ આદિ ગુણો એને પ્રાપ્ત થવા યોગ્ય છે. વ્યવહાર-વ્યવહારસ્વરૂપનું કંઈ ફળ ન નીકળે, પુણ્ય બાંધે પણ મોક્ષમાં એ કંઈ કામ આવતું નથી.

જેણે આત્મા જાણ્યો છે તેને સુધારસથી આત્મપ્રદેશ સ્થિર થાય છે, તેથી એ સાધન ઉપયોગી છે અથવા આત્માનો જેને લક્ષ હોય તેને પણ એ સાધનરૂપ છે. પ્રભુશ્રીજીનો તો એ જ ઉપદેશ હતો કે જે કંઈ કરવું તે આત્માર્થે એટલું મેળવણ નાંખવું. જ્ઞાની દ્વારા સુધારસ સંબંધી જ્ઞાન મળ્યું હોય તો એને આત્મા જાણવાનું કારણ થાય. આત્મસ્થિરતાનું એ અપૂર્વ સાધન છે. તમે સુધારસને

આત્મા માની બેસો એવા નથી, તેથી તમને એનું એટલું માહાત્મ્ય જણાવ્યું છે.

હવે બીજી વાત કહે છે. શ્વાસની સ્થિરતા કરે છે તેના ત્રણ પ્રકાર છે. ચોથી દૃષ્ટિમાં કહ્યું છે—

**“બાહ્યભાવ રેચક ઇહાંજી, પૂરક અંતર ભાવ;**
**કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ.”**

રેચક, પૂરક, કુંભક એ ત્રણ પ્રાણાયામના ભેદ છે. કુંભકમાં શ્વાસ તદ્દન સ્થિર કરવાનો હોય છે.

કેટલાકને શ્વાસ રોકે તેથી રિદ્ધિસિદ્ધિઓ પ્રગટે છે, તેથી જીવ અવળે રસ્તે ચઢી જાય. જ્ઞાનીની જો દોરવણી ન હોય તો ક્યાંય ને ક્યાંય માથું ભરાઈ જાય. જ્ઞાનીને આધારે બધા યોગ સાધવાના છે, નહીં તો ક્યાંય તણાઈ જાય. શ્વાસોચ્છ્વાસ સ્થિર થવાથી મન સ્થિર થાય છે, તેથી ઇંદ્રિયો પણ પ્રબળ થાય છે અને તેથી બેચાર ગાઉ સુધીની વાત પણ સાંભળી શકે, તેથી જીવને એમ થાય કે જુઓ, મને આત્મા પ્રાપ્ત થયો, એમ માની બેસે તેથી અવળે રસ્તે ચઢી જાય. શ્વાસ રોકે પણ જ્ઞાની વગર મોહ ડરતો નથી. જ્ઞાનીના બોધ સિવાય મોહ જવાનો રસ્તો નથી. અજ્ઞાની દ્વારા કંઈ સાધન કલ્યાણરૂપ થતું નથી. જ્ઞાની દ્વારા એ સાધન મળ્યું હોય તો કલ્યાણરૂપ થાય.

શુદ્ધાત્માને પુદ્ગલની સાથે કશું લેવાદેવા નથી, પણ જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી પુદ્ગલની સાથે સંબંધ છે. જ્યાં સુધી વિભાવી આત્મા છે ત્યાં સુધી કોઈક કોઈક પુદ્ગલો નિકટ સંબંધનાં છે અને કોઈ દૂર સંબંધનાં છે. કોઈ કોઈ પુદ્ગલોમાં આત્માની વિશેષ છાયા હોય છે. કેટલાક પરમાણુ એવા હોય છે કે તેથી આત્મા ઝટ પ્રાપ્ત થાય. જ્ઞાનીએ કહ્યું હોય કે આનું તું ધ્યાન કરજે, તો ત્યાં આગળ એને આત્મા પ્રગટે છે.

**[વ૦ ૪૭૩]** (રાતના સભામાં) ૩૧૩ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જેવા પ્રસંગ મળે તેવો જીવ થઈ જાય છે. અનેક પ્રકારે વિકલ્પો જીવને થયા કરે છે. મનને નવરું ન રહેવા દેવું. કંઈક કામ સોંપવું. વાંચવાનું, સ્મરણનું ગમે તે કામ એને આપવું. નહીં તો કેવાં કર્મ બાંધે તેનું કશું કહેવાય નહીં. જ્ઞાનીનાં વચનોમાં ચિત્ત રહે તો ધર્મધ્યાન થાય, નહીં તો આર્ત્તધ્યાન થાય, તેથી કર્મ બંધાય. નવરો પડે ત્યારે બીજા વિકલ્પો આવે છે. કામ હાથમાં હોય તો તેમાં જ ચિત્ત રહે છે. મન બહુ તોફાની છે. એને કંઈ કામ જોઈએ. (અહીં [1]વાંસ ઉપર ચઢ-ઊતર કરનાર ભૂતનું દૃષ્ટાંત આપ્યું હતું). તેમ મનને કોઈ જ્ઞાનીની આજ્ઞા ઉપર ચઢાવે તો વશ થાય એવું છે. મનને થકવી નાંખવાનું છે. કર્મના ધક્કા વખતે આ મને યોગ્ય છે કે અયોગ્ય છે? એનો વિચાર રહેતો નથી. બહુ ઉત્તમ શિખામણ છે. જીવ મૂંઝવણ વગર રહેતો નથી, તેથી સમયે સમયે કર્મ બાંધે છે. મૂંઝાવાની જરૂર નથી. મનને વાંચવા, વિચારવા, ગોખવા, લખવામાં રાખવું. કામ હોય ત્યાં સુધી મન ઠીક રહે, પણ નવરું પડ્યું તો પાણીના રેલાની પેઠે નીચી દશાએ જાય, તેથી ઘણાં કર્મ બંધાય છે. મનને ન ગમતું હોય તે જ કામ કરાવવું છે. જીવને પોતાને ગમતું હોય ત્યારે લહેર પડે અને ન ગમે એવું થાય ત્યારે મૂંઝાય. મનને એકાગ્ર કરવાનું છે. “આજ્ઞામાં જ એકતાન થયા વિના પરમાર્થના માર્ગની પ્રાપ્તિ બહુ જ અસુલભ છે.” (૧૪૭) બીજો રસ્તો નથી.

પહેલાં પોતે કર્મ બાંધ્યાં છે તે ભોગવવાં પડે. એવો ને એવો ઉદય કાંઈ લાંબા કાળ સુધી

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૩૪૩.

રહેવાનો નથી. તીવ્ર ઉદય હંમેશાં રહેતો નથી. મૂંઝવણ થોડા વખતમાં જાય એવી હોય, પણ તે વખતે ધીરજ ન રાખે તો નવાં કર્મ બંધાય, તેથી તેની સ્થિતિ વધારે પડી જાય. તેથી થોડા કાળમાં ન મટે. જેવું કેવળી ભગવાને જોયું છે તેવું થવાનું છે, એમ જાણી કશા વિકલ્પો ન કરવા. મનને મૌન કરી નાંખવું એટલે મન બીજા સંકલ્પ-વિકલ્પ ન કરે. મોઢે ન બોલવું એટલું જ નહીં પણ મન જંપે ત્યારે ખરું મૌનપણું છે. વિકલ્પો રોકવા તે ખરું મૌનપણું છે.

સંસારી પ્રસંગમાં બીજાની સાથે ભળવાનું નથી. આત્મા એકલો જ ભલો છે. ધર્મને નામે સ્વાર્થ સેવે તો ધર્મથી જીવ દૂર થાય. સોભાગભાઈને જે જે બધી ટેવો હતી, તે થોડે થોડે કરી બધી મૂકાવી દીધી. આ પત્રમાં કહેલી શિખામણ દરેકને માનવા યોગ્ય છે. જેને સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું છે, તે બધાને એ કામનું છે. બોધજ્ઞાન એટલે સમ્યક્જ્ઞાન ઉપર લક્ષ રાખીને આ પત્ર લખ્યો છે. જીવને કર્મ બંધાય છે. ન બંધાય એવું કરવું.

સમયે સમયે અનંત કર્મ બંધાય છે, એ આત્માને રોગ થયો છે. મૂંઝવણના વખતમાં આત્માના વિચાર આવવા મુશ્કેલ છે. આવું જ થવાનું હતું અને એવું જ થયું, એમ જાણી મૂંઝવણના વખતમાં ગભરાવું નહીં અને મનને કોઈ સારા કામમાં જોડી દેવું. ત્યાં મન તલ્લીન થાય એવું કરી દેવું.

સત્સંગને નામે જીવ ઠગાય છે. જ્યાં આત્માનું કામ થાય ત્યાં સત્સંગ છે. જ્ઞાનીનું એક એક વચન કિંમતી છે. એ તો આત્માનો ઉદ્ધાર કરવા માટે જ કહે છે. ''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે.'' (૧૬૬) બહુ હિતકારી શિખામણ છે. કાળ એવો છે કે પોતાને કંઈક સંસારી વાસના હોય તે સત્પુરુષ સિવાય બીજાને જણાવવાની જરૂર નથી. કેમકે બીજાને જણાવે તો તે એ વાસનાને પોષે અને સત્પુરુષને જણાવે તો તે તો કઢાવી નખાવે. સત્સંગને નામે પણ જીવ ઠગાય છે. એ તો મુમુક્ષુ છે ને? એમ કરી જીવ સંસારી ઇચ્છાઓને પોષે; સંસારી વાતો કરે એ કંઈ સત્સંગ નથી. બેચાર મુમુક્ષુ ઓટલા ઉપર બેસી સંસારી વાતો કરે તો કેટલાંય કર્મ બાંધે. વાતો કરતાં કરતાં ક્યાંય ચઢી જાય! એ કંઈ સત્સંગ નથી, કુસંગ છે. જીવે બહુ ચેતવા જેવું છે.

[વ૦ ૪૭૫] (રાતના સભામાં) ૩૧૪ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જ્યાં અમૃત, સુધા એવું આવે ત્યાં સોભાગભાઈને આ સુધારસ સંબંધી હશે કે શું? એમ લાગે.

**''નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;**
**દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે.''** (આ૦ ૧૨)

સાકાર ઉપયોગ જ્ઞાન છે. તે વસ્તુને વિશેષપણે ગ્રહણ કરે છે અને દર્શન નિરાકાર ઉપયોગ છે. તે વસ્તુને સામાન્યપણે એટલે નિરાકારપણે જાણે છે.

**''શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામાં કેલિ કરે;**
**શુદ્ધતામાં સ્થિર વ્હૈ, અમૃતધારા વરસે.''**

શુદ્ધતા વિચારે, શુદ્ધતામાં રમણતા કરે અને તેમાં સ્થિર થાય ત્યારે અમૃતધારા વરસે. તે કંઈ

મુખરસ નથી, પણ આત્માનો આનંદ બતાવવા અમૃતધારા શબ્દ વાપર્યો છે. કૃપાળુદેવ લખે છે કે અમને તો આ અમૃતરસ સમજાય છે. તમને પણ ક્રમે ક્રમે સમજાશે. સ્વાભાવિક આત્મા છે. આત્મામાં સ્થિર થાય ત્યારે અમૃતધારા જેવો આનંદ આવે છે. જ્ઞાનીના યોગમાં જીવને કેટલો ઉલ્લાસ થાય છે ! એટલી વૃદ્ધ અવસ્થામાં પણ સોભાગભાઈ વાંચ વાંચ કરી વિચારે છે. આપણું હૃદય ચોખ્ખું થાય ત્યારે બધું ખબર પડે. જેમ જેમ જ્ઞાનીનું માહાત્મ્ય વિશેષ લાગે તેમ તેમ વિશેષ જ્ઞાન થાય. તે વિષે અચિત્ર ચિત્રકારની કથા છે.

કોઈ રાજાએ એક સુંદર કલાભવન બંધાવ્યું. પછી તેની અંદર આવેલા સભામંડપને શોભાવવા માટે અનેક ઉત્તમ ચિત્રકારોને યોગ્ય વેતનથી રોકવામાં આવ્યા. રાજાએ તે દરેકને ભીંતનો થોડો થોડો ભાગ વહેંચી આપી જાહેર કર્યું કે જેની કળા સર્વોત્તમ જણાશે તેને પારિતોષિક આપવામાં આવશે. પછી તે જુદા જુદા ચિત્રકારોએ ઘણી મહેનત કરીને પોતાની બુદ્ધિ અનુસાર ઉત્તમ રંગબેરંગી ચિત્રો દોર્યાં, પરંતુ તેમાંના એક ચિત્રકારે તો પોતાના વિભાગમાં આડો પડદો રાખીને તે ભીંતને દરરોજ ખૂબ ઘસી ઘસીને અરીસા જેવી સ્વચ્છ બનાવી. હવે જ્યારે મુદત પૂરી થઈ ત્યારે રાજા પરીક્ષા કરવા આવ્યો. તેણે બધાનાં ચિત્રો યથાયોગ્ય વખાણ્યાં. પછી પેલા ચિત્રકાર પાસે આવ્યો ત્યારે તેણે પડદો ઊંચો કરી બતાવ્યું તો તેમાં બધા ચિત્રકારોના ચિત્રોનું સુંદર પ્રતિબિંબ પડેલું દેખાયું, તેથી આખું કલાભવન શોભી રહ્યું. એમ ચિત્ત ચોખ્ખું થાય તો ત્રણે લોક દેખાય એવું છે.

કૃપાળુદેવ લખે છે કે 'શુદ્ધતા વિચારે ધ્યાવે' એનો પરમાર્થ અમે હૃદયમાં રાખ્યો છે. જગતના જે બધા ભાવો છે, તેથી ખસી ભગવાનના સ્વરૂપમાં સ્થિર થાય, ત્યારે એને અમૃતસ્વરૂપ કહ્યું છે. દ્રવ્યનું ઓળખાણ થાય તો દ્રવ્યના પર્યાય પણ સમજાય. સમયે સમયે દ્રવ્ય પરિણામી છે. સમયે સમયે પરિણામ વહ્યા કરે છે, સ્યાદ્વાદથી આત્માને નિત્ય પણ કહેવાય અને અનિત્ય પણ કહેવાય. ઉત્પાદ, વ્યય, ધ્રુવ એ ત્રિપદનો વિચાર કરે તો સમજાય એવું છે. મુખરસ પુદ્‌ગલ છે. તે આત્મા નથી. એક સાધન છે.

**"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામાં કેલિ કરે;**
**શુદ્ધતામાં સ્થિર વ્હૈ, અમૃતધારા વરસે."**

એ લક્ષ થાય તો બીજા બધા જીવો એને સિદ્ધ જેવા દેખાય. બીજો કચરો ન દેખાય.

દરેક દ્રવ્યનું માપ હોય છે. જેમ આકાશ છે તે અનંતપ્રદેશી છે. એવી રીતે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના અસંખ્યાતપ્રદેશ છે. એક જીવના પ્રદેશ આખા લોકમાં વ્યાપે તેટલાં છે. સમુદ્‌ઘાત સમયે એવું થાય છે. કર્મને લઈને સંકોચ-વિકાસરૂપ થાય છે. જેવો દેહ ધારણ કર્યો હોય તેવા પ્રમાણમાં રહે છે. નિગોદમાં જીવ જાય ત્યાં નાનામાં નાનું શરીર હોય છે, પણ તેના અસંખ્યાત પ્રદેશ છે અને મોટો હજાર યોજનનો મત્સ્ય હોય તેના પણ અસંખ્યાત પ્રદેશ છે. પરમાણુને એકપ્રદેશી કહેવાય છે, એના અસંખ્યાત પુદ્‌ગલ પરમાણુઓના સ્કંધ હોય છે તે અસંખ્યાતપ્રદેશી છે.

[વ૰ ૪૭૯] ૩૧૫ શ્રીમદ્ રા. આ. અગાસ,કાર્તિક વદ ૧, સં. ૨૦૦૮

મુમુક્ષુ– ''વાણીનું સંયમન શ્રેયરૂપ છે.'' એટલે શું?

પૂજ્યશ્રી– મન, વચન, કાયા એ કર્મ બંધાવામાં મુખ્ય કારણ છે. તેમાં વચન છે તે વિશેષ કર્મ બાંધવાનું કારણ છે.

વીસ દોહરામાં પણ ''વચન નયન યમ નાહીં'' વચનને દૂરથી સાંભળીને પણ જીવ કર્મ બાંધે છે. વચનનો સંયમ રાખવા જેવો છે. જરૂર પડે તેટલું જ બોલવું. ઘણા લોકોને એવી ટેવ હોય છે કે નકામું બોલ્યા કરે, જેમાં કંઈ માલ ન હોય. પ્રયોજન વિના બોલ્યા કરે. વચનવર્ગણા છે તે જ્ઞાનને આવરણ કરનાર છે. માટે જરૂર પડતું બોલવું. હું કંઈ જાણતો નથી, મારે સમજવાનું છે, એમ રાખવું. વ્યવહારમાં પણ કહેવાય છે કે બોલવા માટે જીભ તો એક જ આપી છે, પણ સાંભળવા માટે બે કાન આપ્યા છે. બોલવા કરતાં વધારે સાંભળવું. મને સમયે સમયે અનંત કર્મ બંધાય છે એવો ભય લાગ્યા વિના ન થાય. જેને હું કંઈ જાણતો નથી, મારે ડહાપણ નથી કરવું, મારી મેળે ડહાપણ કરવા જઉં તો અવળું થશે, એમ લાગ્યું હોય તેને સમજાય. જ્ઞાનીપુરુષોનાં વચનોમાં જેટલો કાળ જાય તેટલો લાભ છે. મોટા ભાગ્યવાળા જીવોને તેમના વચન ઉપર વિશ્વાસ હોય છે. ડહાપણ કરવાવાળો પોતે પરિભ્રમણ કરે અને બીજાને પણ કરાવે, માટે ડાહ્યા ન થવું. 'હું કંઈ જાણતો નથી' એમ રાખવું અને વધારે ન બોલતાં જેટલું બને તેટલું સ્મરણ કરવું. સિદ્ધ ભગવાન બધુંય જાણે છે. છતાં નથી બોલતા! જે સમજે છે તે બોલે નહીં. સમજીને શમાઈ જવું.

[વ૰ ૪૮૩] (રાતના સભામાં) ૩૧૬ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– વિચારદશા છે, ભૂમિકા છે તેમાં એ ત્રણ પ્રશ્નો વિચારવા યોગ્ય છે. 'વેદાંતપ્રકરણ' નામનો ગ્રંથ વાંચી તે પરથી સોભાગભાઈએ ત્રણ પ્રશ્નો લખ્યાં છે. જેને વિચારદશા પ્રગટાવવી હોય તેને એવા પ્રશ્નો વિચારવા યોગ્ય છે. એવા પ્રશ્નોનો વિચાર કરે તો સાચું શું અને નાશવંત શું? તેનો ભેદ પડે. અત્યારે બધું દેખાય છે તે નાશવંત છે. બધું મૂકીને જવાનું છે. એવા પ્રશ્નોનો વિચાર કરે તો સૂક્ષ્મ વસ્તુ આત્મા છે તે પણ સમજાય એવું છે. બધા સંયોગોની વચ્ચે રહ્યો છે, એ ન હોય તો કશું નથી, એવો જે આત્મા તે દેખાતો નથી. ''કર વિચાર તો પામ.'' સાચું શું અને ખોટું શું? એમ લાગે તો મોટો ભેદ પડે, પછી ખોટું ન ગમે. 'આત્મા સત્, જગત મિથ્યા' એમ લાગે. એ જેવું તેવું વાક્ય નથી. મહાવાક્ય છે. જોવા જાણવામાં દોષ નથી, પણ રાગદ્વેષ થાય ત્યાં દોષ છે. લોકો જેવું માને તેવું જીવ માને છે. લોકોનું કહ્યું કરવું છે અને જ્ઞાનીનું કહ્યું સાંભળવું છે.

**''જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય,**
**જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.''**

સુખ દુઃખ તો બાંધ્યા પ્રમાણે આવે, પણ જ્ઞાની પાસે ધીરજરૂપી દવા છે, તેથી ગમે તે કર્મ આવે તે માથું કપાવવા આવે છે. પોતાને શાતા-અશાતાનું કંઈ નથી, પણ મુમુક્ષુ જીવને ચિંતા થાય કે તબિયત કેમ હશે? તે માટે કૃપાળુદેવે તાવ આવ્યો હતો તે મટી ગયો છે, એમ લખ્યું છે.

કવિતાને કવિતાપણે આરાધવાથી આત્માને લાભ નથી. ભગવાનની ભક્તિ માટે જે કવિતા લખે તે ઉત્તમ છે. સંસારમાં કોઈને રાજી કરવા કે પોતાના શોખને માટે પણ કવિતા કરવાની નથી. પૈસાની કે કીર્તિની ઇચ્છાથી કવિતા કરે તે બન્ને કામની નથી. એ ક્ષયોપશમ મળ્યો છે, તે ભગવાનની ભક્તિમાં વાપરે અથવા આત્મજ્ઞાન થવામાં વાપરે, તે અર્થે કવિતા કરે તો એનું કલ્યાણ થાય. ગમે તે વિદ્યાઓ આવડતી હોય, પણ એનું ફળ વિવેકભાવ અને સમાધિભાવ આવવું જોઈએ. જગતમાં ઘણી વિદ્યાઓ છે, પણ બધી શીખવા જાય તો મનુષ્યભવ જતો રહે.

કૃપાળુદેવને જેમ જેમ ઉપાધિ વધે છે તેમ તેમ વીર્ય સ્ફુરે છે અને તેથી ઘણી નિર્જરા થાય છે.

**[વ૦ ૪૮૪]** (રાતના સભામાં) ૩૧૭ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— કૃપાળુદેવને જ્યારે વિશેષ કર્મની ભીડ હોય ત્યારે વીર્ય વિશેષ સ્ફુરે છે. એટલો આત્મા નિર્મળ થાય છે. તે વખતે વધારે બળ કરવું પડે છે, નહીં તો તણાઈ જાય. જ્ઞાનીઓને ઉપસર્ગ-પરિષહના પ્રસંગે ઘણો લાભ થાય. કેટલાકને કેવળજ્ઞાન થઈ જાય છે. કૃપાળુદેવને વ્યાપાર એય એક માનસિક પરિષહ છે. એમાં જો સમભાવે વર્તે તો વિશેષ નિર્જરા થાય. ક્ષમા એ આત્માનો ગુણ છે. જે આવે તે ખમી ખૂંદવું. કોઈનો વાંક નથી. પોતે બાંધ્યાં છે તેથી આવ્યાં છે. ઉપાધિમાંથી ઠરવાનું સાધન સત્સંગ જેવું, મુમુક્ષુના પત્રો છે, પ્રશ્નો છે, તે છે. આત્મા ઊંચી દશાએ વર્તે છે. તેમ છતાં એમને સત્સંગની ઇચ્છા નિરંતર રહે છે. સત્સંગની ભાવના કરવાની છે. મહાપુરુષનું ખરું જીવનચરિત્ર આથી જણાય છે કે એ કર્મના ઉદયે કેમ વર્તે છે? આત્માને કેમ રાખે છે? કૃપાળુદેવની વિશેષ ઓળખાણ તેમના પત્રોથી થઈ શકે છે. બહારથી વણિકવેષ અને અંતરમાં નિર્ગ્રંથદશા રાખતા. અઘરામાં અઘરું આ કળિકાળમાં એમણે કામ કર્યું છે. અપવાદરૂપ પુરુષ છે. વાત મનાય નહીં એવા પુરુષ થયા છે. એવા પુરુષની શ્રદ્ધા થાય તોય કલ્યાણ થાય. દૃષ્ટિ ફરવા માટે ભક્તિની જરૂર છે. ''જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય.'' (૪૯૩) જ્યારે આત્માની દશા જાણે ત્યારે 'અહો! એવા પુરુષ તો જગતમાં ક્યાંય નથી.' એમ અપૂર્વતા લાગે. એના કહ્યાથી જ મારું કલ્યાણ છે, એમ સમજાય તો સ્વચ્છંદે વર્તે નહીં. જ્યારે ભક્તિના ફળરૂપ જ્ઞાનીની દશા એને સમજાય ત્યારે જીવ ઠરે, એ પુરુષ કોઈ અપૂર્વદશાના છે, એમ સમજાય તો પછી મનુષ્યભવ, આજ્ઞા બધું અપૂર્વ લાગે; બીજું બધું તુચ્છ લાગે. જ્ઞાનીને આખું જગત ભુંસાડિયા જેવું લાગે છે, એવી અપૂર્વતા જ્ઞાનીની એને ભાસે તો સ્વચ્છંદે ન વર્તે. જેને અપૂર્વતા લાગે તેને લાગે કે છો મારું માથું જાય, પણ મારે જ્ઞાની કહે તે જ કરવું છે. એને અપૂર્વતા લાગી નથી તેથી બીજામાં ખેંચાય છે. આટલો ભવ તો મરણીયા થઈ એને શરણે રહેવું છે. તો પછી ''અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય.'' (૪૯૩) આત્મજ્ઞાન પાસે જ છે. જ્ઞાનીની મહત્તા એને સમજાય ત્યારે અપૂર્વભાવ એટલે કોઈ દિવસે નહીં આવ્યો તેવો ભાવ આવે.

[વ૦ ૪૮૫] (રાતના સભામાં) ૩૧૮ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– મહાપુરુષ છે તે ધર્મના નેતા છે. એઓ સંસારની બાબતોમાં પડતા નથી. પૂર્વકર્મ હોય તો પડે, નહીં તો નહીં. બીજાને તારવા અને પોતે તરવું એમ એ તરણ-તારણ છે. આપણે નવરા પડીએ કે ઝટ પુસ્તક લઈ બેસવું. વખત નકામો ન ગાળવો. જ્ઞાનીનાં વચનોમાં ચિત્ત રહે તો વિચારણા જાગે અને વિચારણા જાગે તો આત્મજ્ઞાન થાય. કૃપાળુદેવને ઉપાધિ ઘટાડવી છે, પણ આ તો દિવસે દિવસે વધતી જાય છે. સંસારનું સ્વરૂપ વિચારે કરીને અસાર જાણ્યું છે તેમ છતાં વેદવું પડે છે. જીવે પૂર્વે સંસારમાં ઘણા પ્રસંગ ઉપાધિના વેદ્યા છે, પણ જ્ઞાને કરી વેદાયા નથી. આ ભવ અને આગલો ભવ એમ બેય ભવ એમના બોધબીજ સહિત હતા. નહીં તો મોક્ષમાળા પુસ્તક લખ્યું છે તે લખાય નહીં.

જીવને મહાત્મ્ય લાગવું જોઈએ. એકલો વૈરાગ્ય કામનો નથી, પણ સમજણ સાથે જોઈએ. ઘણીવાર વૈરાગ્ય ધારણ કર્યો પણ સદ્ગુરુ વિના નિષ્ફળ થયો. ''વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન.'' જ્ઞાનીની આજ્ઞામાં માર્ગ છે. વૈરાગ્યની સાથે જ્ઞાનીની દશા તરફ લક્ષ રહે તો કામ થાય. એવું સમજાય ક્યારે ? તો કે વિશેષ પ્રજ્ઞા હોય તો.

અસાર સંસારમાં રહેવું પડે છે પણ પ્રવૃત્તિ ગમતી નથી. આત્મા નિર્ગ્રંથદશાને યોગ્ય થયો છે, પણ પ્રવૃત્તિનો ઉદય છે. જ્ઞાનીને પત્ર લખવાનો હોય ત્યારે કેટલો વિચાર કરવાનો હોય છે. શાસ્ત્ર વગેરેનો વિચાર કરીને લખે.

[વ૦ ૪૯૦] (રાતના સભામાં) ૩૧૯ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૬, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ઉપાધિ ટાળવાના બે ઉપાય છે. એક વ્યાપાર વગેરે અને બીજો રિદ્ધિસિદ્ધિ વગેરે. રિદ્ધિ ન ફોરવવી એવી અમે પ્રતિજ્ઞા લીધી છે અને એવી વાત તમે લખો તેનું સ્મરણ થતાં ખેદ થઈ આવે છે. દુઃખના પ્રસંગે આકુળ-વ્યાકુળ ન થવું એ મુખ્ય માર્ગ છે અને એ આકુળ-વ્યાકુળતા થાય તેટલો માર્ગનો વિરોધ છે.

[વ૦ ૪૯૧] (બપોરના) ૩૨૦ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૮, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સર્વ દુઃખથી મુક્ત થવું હોય તો આત્માને ગવેષવો અને આત્માને ગવેષવો હોય તેણે સત્સંગને ગવેષવો. પછી તેની પ્રમાદ છોડી ઉપાસના કરવી. વ્રત, નિયમ, જાત્રા એ બધું પછી, પણ પહેલો સત્સંગ કરવો; એ વગર ઠેકાણું ન પડે. સત્સંગમાં નિર્ણય થાય છે. પછી જેટલું દોડે તેટલું સવળું પડે. સત્સંગ ઉપાસવો હોય તો સંસાર ત્યાગવા યોગ્ય છે, એ લક્ષ રાખવો. નહીં તો બીજા વિચાર આવે તો સત્સંગ પણ શું કામનો ? પોતાની બુદ્ધિ મૂકી, મારું બધું જાણેલું ખોટું છે, હવે સત્સંગે જે આજ્ઞા થાય તે પોતાની સર્વ શક્તિએ ઉપાસવી. જે સંસારને ઉપાસતો નથી અને જ્ઞાનીની આજ્ઞાને ઉપાસે છે તે સત્સંગને ઉપાસે છે. સર્વ દ્વાદશાંગી શાસ્ત્રોનું આ જ કહેવું છે. દ્વાદશાંગીનું આ સળંગ સૂત્ર છે. જીવને સુખી થવું છે અને સુખી થવાનો માર્ગ કૃપાળુદેવ બતાવે છે, પણ કરવો જોઈએ.

**[વ૦ ૪૯૧]** (બપોરના ઉપર) **૩૨૧** શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૦)), સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ભગવાનના શબ્દો છે તે ઊંઘતા માણસને જાગૃત કરે તેવા છે. હે જીવો! તમે બૂઝો. એટલે સમજો. જીવને સ્વરૂપની સમજણ નથી. શું કરવું એની ખબર નથી. સંસારમાં દુઃખ વેદે છે પણ એ કેમ મટે? એવું થતું નથી. હું જાણું છું, હું જાણું છું એમ દરેકને થાય છે. પણ જેમ જ્ઞાનીએ જાણ્યું તેમ જાણવું. મારું-તારું કરે છે, પણ જ્ઞાની કહે છે કે તારી સાથે કંઈ ન આવે. સમ્યક્ પ્રકારે બૂઝો. આ મનુષ્યપણાની કિંમત નથી. શું કરવા જન્મ્યો છું તેની ખબર નથી. બીજી વસ્તુઓની કિંમત લાગે છે પણ મનુષ્યભવ જાય છે તેની કિંમત નથી.મનુષ્યભવ કોઈક વખતે મળે એવો છે. એ મળવો બહુ દુર્લભ છે. લક્ષચોરાશીમાં ભટકતાં કોઈક વાર મનુષ્યભવ મળે છે. મનુષ્યભવમાં મોક્ષનું કામ થાય એવું છે. જ્ઞાનીએ ઘણો વિચાર કરી આ નિર્ણય કર્યો છે કે મનુષ્યભવ દુર્લભ છે. ખરી રીતે તો જ્ઞાનીપુરુષ જ સમજ્યા છે. બીજાને મનુષ્યભવની કિંમત નથી. ક્ષણવારમાં કેટલાંય કર્મ બંધાઈ જાય અને ક્ષણવાર પણ જો સત્પુરુષનો સમાગમ થાય તો ભવસાગર તરી જાય.

"क्षणमपि सज्जनसंगतिरेका भवति भवार्णवतरणे नौका ।" (મોહમુદ્ગર)

ક્ષણે ક્ષણે મનુષ્યભવ ચાલ્યો જાય છે. જોતજોતામાં મનુષ્યભવમાં કેટલા બધાં વર્ષો જતાં રહ્યાં. લક્ષચોરાશીમાં ભટક ભટક કરે છે. મનુષ્યભવમાં બુદ્ધિ છે, તો કરી લેને! ચારે ગતિ દુઃખની જ ખાણ છે. ચાર ગતિ કહો કે સંસાર કહો, એમાં તલ જેટલી જગ્યા સુખરૂપ નથી. મનુષ્યભવ લુંટાઈ જવાનું કારણ અજ્ઞાન અને અજ્ઞાનીનો સંગ છે. અજ્ઞાનીના સંગથી અજ્ઞાન જ વધે છે. આખા લોકમાં જન્મજરામરણ, જન્મજરામરણ થઈ રહ્યાં છે. આખો લોક એકાંત દુઃખે કરી બળે છે, એમ જ્ઞાનીને લાગે છે. આખો લોક બળ્યા કરે છે. જ્યાં રાગદ્વેષ છે ત્યાં બળતરા છે. એ રાગદ્વેષની અગ્નિથી જીવો બળ્યા કરે છે. ચારે ગતિમાં જીવનું જે મૂળ સ્વરૂપ છે તે રહ્યું નથી. જેવાં કર્મ કરે તેવો થઈને ઊભો રહ્યો છે. દેહનો આકાર તે જીવ નથી. વિપર્યાસપણું એટલે જેવું છે તેવું ન રહ્યું. વિપર્યાસપણું વળગ્યું છે. મિથ્યાત્વ છે ત્યાં સુધી એવું જ છે. હું કોણ છું? એનો જીવને વિચાર નથી. જેવાં કર્મ આવે તેવો થઈને ઊભો રહે છે. ક્રોધ આવે તો ક્રોધરૂપ, સ્ત્રીનો ઉદય તો સ્ત્રીરૂપ એમ માને છે. આવું સંસારમાં દુઃખ છે, તો એથી મુક્ત થવું હોય તો રસ્તો છે.

આત્માનું ભાન થયા વિના દુઃખથી મુક્ત થવાય એવું નથી. બીજો ઉપાય નથી. આત્મા અરૂપી છે. એમનો એમ ન ઓળખાય માટે સત્સંગને ગવેષવો. સત્સંગ મળ્યો હોય પણ એને બીજા આગ્રહ હોય તો સત્સંગ નિષ્ફળ થાય. યમનિયમનો આગ્રહ છોડી મારે એક આત્માને ઓળખવો છે, એમ કરી સત્સંગ કરવો. મારે આત્મા ઓળખવો છે; જ્યાં ત્યાંથી મારે આત્મજ્ઞાન કરવું છે, એ લક્ષ હોય તો એ ભાવ પોષાય, નહીં તો જીવ બહારની વસ્તુઓમાં ખળી જાય છે. જગતના જીવો બાહ્ય વ્રતનિયમ તરફ જુએ છે અને જ્ઞાન તરફ લક્ષ રહેતો નથી. કુસંગનો પણ પ્રભાવ બહુ પડે છે. બીજી વસ્તુ જે નિયમ, વ્રત તેને અપ્રધાન કરી સત્સંગ કરવો. આત્માની મારે સમજણ કરવાની છે, એવો લક્ષ રાખવો. આત્મજ્ઞાન થયા પછીનો પુરુષાર્થ સફળ થશે, નહીં તો બોજારૂપ થાય છે. આત્માને

ઓળખવો હોય તો સત્સંગને ઉપાસવો. સત્સંગને ઉપાસવો હોય તો સંસારનો ભાવ ઓછો કરવો અને સત્સંગ પ્રત્યે વિશેષભાવ થાય એવું કરવાનું છે. જન્મમરણ ક્યારે છૂટે ? એવું લાગે ત્યારે સત્સંગની વિશેષ અસર થાય છે. સત્સંગને ઉપાસવો હોય તેણે સંસારનો ભાવ છોડવાનો છે. જેટલું થાય તેટલું આત્મકલ્યાણ કરવું છે, એવો લક્ષ રહે તો વિશેષ લાભ થાય. સત્સંગમાં જે આજ્ઞા થઈ તેમાં મને લાભ છે, એમ જાણી ઉપાસવી. સત્સંગમાં થયેલી આજ્ઞા આરાધે તો સત્સંગને જ તે ઉપાસે છે. જેને જન્મમરણથી છૂટવું હોય તેણે શું કરવું ? તે બધું આમાં કહ્યું છેઃ–

"સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય, તે પુરુષે આત્માને ગવેષવો અને આત્માને ગવેષવો હોય તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો." એ બધી સાંકળ છે. બધાં શાસ્ત્રોનો સાર એટલો છે. "હે જીવો ! તમે બૂઝો" એ 'સૂયગડાંગ'ની ગાથા છે.

આટલી વાત સામાન્ય કહી, પછી પોતાની વાત પણ કૃપાળુદેવ કહે છે. સત્સંગ, સત્સંગ એમ થયા કરે છે. ગમે તેટલી અનુકૂળતા હોય પણ સત્સંગ વિના અમને ગમતું નથી, એમ કહે છે. પૂર્વભવે સત્સંગ વિશેષ સેવ્યો અને લાભ મેળવ્યો છે તેથી સત્સંગ સાંભર સાંભર કરે છે. ઇચ્છા સત્સંગની નિરંતર રહે છે પણ એનો જોગ નથી. પૈસા જાય, વગેરેનો અમને ખેદ થતો નથી, પણ સત્સંગ નથી એનો ખેદ રહે છે. આ જગતનાં સગાંવહાલાં બધાં અજાણ્યાં જેવાં લાગે છે. સત્સંગ વિના ચિત્ત બીજે ગોઠતું નથી. કર્મબંધનથી આ બધા સંયોગોમાં રહેવું પડે છે. એમાં આનંદ આવતો નથી. આત્મા ત્યાં આનંદમાં આવે કે જ્યાં જ્ઞાનીનો સમાગમ, મુમુક્ષુનો સમાગમ, માર્ગાનુસારીનો સમાગમ હોય. તે જાણે ઘણા દિવસનો પરિચિત હોય તેવો લાગે છે. સત્સંગ પ્રત્યે પ્રીતિ છે, તેથી તેનાં કારણ મળતાં પ્રફુલ્લિત થાય છે. જગતની કંઈ ઇચ્છા ઊગતી નથી. પાણીમાં જેમ કમળ રહે એમ નિર્લેપ રહે છે. તેમ છતાં કોઈ માર્ગાનુસારી પુરુષ હોય તેમનું કલ્યાણ કરવાની ભાવના રહે છે. સત્સંગનું નિમિત્ત હોય ત્યાં આગળ ચિત્ત પ્રફુલ્લિત હોય છે. જ્ઞાનીનો સંગ તે પરમ સત્સંગ છે. સમાન વૃત્તિવાળાનો સંગ તે પણ એક સત્સંગ છે અને પોતાથી નીચી દશાવાળા જીવોનો સંગ કે જે જીવો જ્ઞાનીનાં વચનો વાંચતા વિચારતા હોય તે પણ હિતકારી છે, પણ જ્યાં સંસારની વાતો નીકળે તે કુસંગ છે.

મોટામાં મોટો કુસંગ અત્યારના મિથ્યાગ્રહી સાધુ-સાધ્વીઓનો છે. કુટુંબનાં કામ પણ એવાં છે કે, કરવાનું છે તે થાય નહીં. તે પણ એક પ્રકારનો કુસંગ છે.

"ભાલસૌ ભુવનવાસ, કાલસૌ કુટુંબકાજ."

એવી દશા મહાપુરુષને હોય છે. સિનેમા નાટક બધા કુસંગ છે. એવી ટેવ પડી જાય તો બધું ભૂલી જાય. એ બધા કુસંગથી બચવાનું છે. ક્રોધાદિ એય કુસંગ છે. એ બધાથી બચવાનું છે અને નિરંતર સત્સંગની ભાવના કરવી. મારું કલ્યાણ સત્સંગથી થશે એવી ભાવના કરવી. આ જીવને પોતાની માન્યતા છોડી સત્સંગ વારંવાર થાય તો નિર્મળ ચિત્ત થાય અને આત્મા એનો ધોવાઈ નિર્મળ થાય. પછી દેહ છૂટી જાય તોય સાથે સંસ્કાર લઈને જાય એવું થાય. પાકો રંગ ચઢે તે ઊતરે નહીં.

[૧૦ ૪૯૨] (રાતના સભામાં) ૩૨૨ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૬, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– મુમુક્ષુ જીવે વિચારણા જેવી કરવી જોઈએ, જ્ઞાનીની ખોજ જેવી કરવી જોઈએ તેવી સોભાગભાઈને હતી અને બીજા મુમુક્ષુનું કલ્યાણ કેમ થાય એવી એમને ભાવના હતી.

બધી અનુકૂળતા મળતી હોય, જે જોઈએ તે મળતું હોય તેવા વખતમાં વૈરાગ્ય થવો મુશ્કેલ છે. કોઈક આરાધક પૂર્વ-સંસ્કારી જીવ હોય તેને જ એવા વખતમાં વૈરાગ્ય રહે છે. માટે પ્રતિકૂળ પ્રસંગો આવે તે સારા છે. 'આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે.' આ છ પદની શ્રદ્ધા એને રહે, એ તરફ એની વૃત્તિ જાય, એવી વૃત્તિ રહે તો કેવળજ્ઞાન થાય. મોટા મુનિઓ ઉપસર્ગરૂપ જે પ્રતિકૂળ પ્રસંગ છે, તેમાં કેવળજ્ઞાન પામી સુખી થાય છે. ગજસુકુમારને માથે અંગારા મૂક્યા તે વખતે કેવળજ્ઞાન થયું. શરીર એ વેદનાની મૂર્તિ છે, અસાર છે. તેનો અનુભવ દુઃખ આવે તે વખતે પોતાને થાય છે. જેને કર્મ ખપાવવાં છે તે તો ઉદીરણા કરીને પણ ખપાવે છે. આયંબિલ, ઉપવાસ વગેરે તપ કરીને કર્મોને વેદવા ઉદયમાં લાવે છે, તો એ તો સહેજે દુઃખ આવે છે, તેમાં સહજ સમભાવ રાખવો. પ્રતિકૂળ પ્રસંગમાં જ્ઞાની કહે છે તેવો જ સંસાર લાગે. સહેજે વૈરાગ્ય થાય. આ સંસારનો પરિચય અનાદિનો છે અને એમાં સુખ મનાય છે. જ્ઞાની કહે છે કે આ સંસાર દુઃખનો દરિયો છે, પણ એને સુખ લાગે છે; પણ વેદના આવે ત્યારે દુઃખનો દરિયો છે, એમ જ છે, એમ લાગે.

આત્માનું હિત કરનારાં એવાં અપૂર્વ પ્રશ્નો લખતા રહેશો. આત્માની વિચારણા હોય તો પ્રશ્ન ઊઠે.

જીવે નરકમાં કેટલાં દુઃખ ભોગવ્યાં છે! સનત્કુમારે ૭૦૦ વર્ષ સુધી વેદના ભોગવી. આ કાળનાં આયુષ્ય કેટલાં? થોડા વખત સુધી જ ભોગવવાનું છે, માટે મૂંઝાવું નહીં. એક વખત જો મુશ્કેલીમાં ટકી રહ્યો તો પછી બીજાં દુઃખના પ્રસંગોમાં પણ ટકી રહે. મરણ વખતે સમતા રહે અને તેથી સમાધિમરણ થાય અને સમાધિમરણ થાય તો મોક્ષ દૂર નથી. સમતા એ જ મોક્ષે જવાનો મોટો રસ્તો છે. ગજસુકુમારે એક સમતા જ રાખી હતી. સુખદુઃખ બેય સરખાં લાગે તો પછી એને રાગદ્વેષ થવાનું કારણ ન થાય, એ ન થાય તો કર્મ ન બંધાય અને કર્મ ન બંધાય તેથી મોક્ષ થાય.

સંસાર તો બધો એવો જ ચિત્રવિચિત્ર છે. સંસારમાં સુખ કે દુઃખ એકધારાએ રહેતું નથી. સંસારમાં સુખ તો છે નહીં, પણ કલ્પના કરીને સુખ માને છે. એ કલ્પના કરે અને તે પ્રમાણે ન થાય ત્યારે જીવ દુઃખી થાય છે. વિચારવાન જીવને કોઈ લાખ રૂપિયા કે રાજ્ય આપે તોય રાજી ન થાય અને લાખ પડાવી લે તોય દુઃખી ન થાય, કારણકે એનું સુખ પરને આધીન નથી. "કલ્પિતનું આટલું બધું માહાત્મ્ય શું?" (૫૭૬) જગતની કલ્પિત વસ્તુનું માહાત્મ્ય આટલું બધું જીવને કેમ લાગે છે? જ્ઞાની એમ કહે છે કે જે થાય તે જોયા કરો અને કલ્પના કરવી તો સારી કરવી. જેમકે [1]ગજસુકુમારે 'મને પાઘડી બંધાવી' એમ માન્યું તો તેથી સારું થયું. જ્ઞાનીપુરુષ કલ્પના કરે નહીં, જોયા જ કરે છે. વિચાર હોય તો જ્ઞાન થાય. એ જ્ઞાન સાચું હોય તો મોહને હણે.

"જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય,
સુખદુઃખ આવ્યે જીવને, હર્ષ શોક નવિ થાય."

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૪૩.

સાચું જાણ્યું હોય તો હર્ષ શોક એને થવા ન દે. ‘‘કોઈપણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી.’’ (૪૬૦) જ્ઞાનીને સંસારની કંઈ કિંમત નથી. કલ્પી કલ્પીને મારું-તારું સગાંવહાલાં ઊભાં કર્યાં છે. જે વસ્તુ નથી તેને ઊભી કરે છે. તમને જ્ઞાનવાર્તા ગમે છે અને તમે પૂછો છો, પણ હવે તમે નથી લખતા! તેનું કારણ ઉપાધિ હશે. એમ પરમકૃપાળુદેવ સોભાગભાઈને જણાવે છે. સોભાગભાઈને મુમુક્ષુ જીવોનું કલ્યાણ કેમ થાય તે લક્ષમાં હતું અને મુમુક્ષુજીવોને કંઈ કૃપાળુદેવને પૂછવું હોય તો એમને કહે કે કૃપાળુદેવને આટલું મારું પૂછોને? સોભાગભાઈ તે પૂછતા.

કૃપાળુદેવ વસોમાં હતા તે વખતે પ્રભુશ્રીજી ત્યાં હતા. એક મહિના સુધી ત્યાં પ્રભુશ્રીજીને સમાગમ રહ્યો. છેવટની વખતે કૃપાળુદેવે પ્રભુશ્રીજીને પોતાની નોટમાંથી હાથનોંધ ઉતારવા નોટ આપી. પ્રભુશ્રીજી નોટ લઈ ઉપાશ્રયે ગયા અને હાથનોંધ વાંચી. થોડું વધારે પણ વાંચ્યું. તે સારું લાગ્યું તેથી કૃપાળુદેવના કહ્યા કરતાં વધારે લખી લીધું. એમના મનમાં એમ કે હવે રાત પડી ગઈ છે, તેથી ક્યાં પૂછવા જઈએ? સવારમાં નોટ લઈ જઈ બતાવી દઈશું, આપણે ક્યાં છાનું રાખવાનું છે! પછી સવારમાં પ્રભુશ્રીજી નોટ લઈ કૃપાળેદેવ પાસે ગયા ને કહ્યું કે આપે કહ્યું તેના કરતાં કંઈક વધારે મને સારું લાગ્યું તે આ લખ્યું છે. કૃપાળુદેવે બધું ઉતારેલું લઈ લીધું. પ્રભુશ્રીજીને એમ થયું કે આ તો બન્ને લઈ લીધું. જે ઉતારવા આપ્યું હતું; તેય લઈ લીધું. તેથી સૌભાગ્યભાઈને પ્રભુશ્રીજીએ એ બધી વાત કરી ત્યારે સૌભાગ્યભાઈ કૃપાળુદેવ પાસે ગયા અને કહ્યું કે, મુનિને બહુ ખોટું લાગ્યું છે. આ તો એમને સારું લાગ્યું તેથી વધારે લખી લીધું. કૃપાળુદેવે પાછી નોટ આપીને કહ્યું કે, મુનિના અક્ષર સારા નથી આવતા; તેથી અંબાલાલ પાસે ઉતારાવી આપજો. કૃપાળુદેવના મનમાં તો કંઈ નહીં; જીવને આજ્ઞાથી લાભ છે એ લક્ષ હતો.

આ સંસારમાં જ્યાં સુધી દેહ હોય ત્યાં સુધી દુઃખ જ હોય છે. દુઃખ ન ગમતું હોય તો વહેલો મોક્ષે જતો રહે. રસ્તામાં ઘર બાંધ્યું હોય અને પછી કલ્પના કરે કે મારા ઘરની આગળ થઈ બધા કેમ જાય છે? તો દુઃખી જ થાય ને. તેમ સંસારમાં આવી પડ્યા છીએ તો દુઃખ તો પડે જ. ત્યાં એવી કલ્પના કરે કે મને આ દુઃખ કેમ થાય છે? તો વધારે દુઃખી થાય. જો દુઃખ લાગતું હોય તો વહેલો મોક્ષે જતો રહે.

[વ૦ ૪૯૩] ૩૨૩ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી– જે છ પદ છે તે સમ્યગ્દર્શનનાં મુખ્ય નિવાસભૂત છે. એમાંથી ઘણું જાણવાનું મળે છે.

પ્રભુશ્રીજીને એક વખતે માંદગી આવેલી. તે વખતે એક શ્રાવકને પણ માંદગી આવી અને તે મરી ગયો. એ શ્રાવકની અને પ્રભુશ્રીજીની જન્મરાશી એક હતી. એટલે પ્રભુશ્રીજીએ વિચાર્યું કે મારે પણ એના જેવી માંદગી આવી છે; માટે મારું પણ મરણ થઈ જશે, વધારે જીવાશે નહીં. એમ વિચારીને કૃપાળુદેવને એક પત્ર લખ્યો. તેમાં લખ્યું કે મને માંદગી આવી છે, મારાથી વધારે જીવાશે નહીં. આપનો જોગ મળ્યો છે અને હું સમકિત વગર દેહ છોડું તો ઠીક નહીં. મારો મનુષ્યભવ નકામો ન જાય એવું કંઈક કરો. આવું બધું પ્રભુશ્રીજીએ લખ્યું. તેના ઉત્તરમાં કૃપાળુદેવે આ છ પદનો પત્ર લખી મોકલ્યો હતો.

પછી સૌભાગ્યભાઈએ કૃપાળુદેવ ઉપર લખ્યું કે મારાથી એ પત્ર મોઢે થઈ શકતો નથી, માટે ગાવાનું હોય તો ઠીક પડે. ત્યારે કૃપાળુદેવે 'આત્મસિદ્ધિશાસ્ત્ર' લખ્યું હતું. એમાં છ પદનો વિસ્તાર કરેલો છે.

## છ પદનો પત્ર (વિવેચન સહિત)

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર**

અનન્ય શરણ એટલે અનાદિ કાળથી સંસારમાં નિરાધારપણે પરિભ્રમણ કર્યું, તે દુઃખથી બચાવનાર અને આધાર આપનાર સદ્‌ગુરુ સમાન કોઈ નથી. સંસારમાં અનંત દુઃખ છે. તેમાંથી તારનાર એક સદ્‌ગુરુ જ છે. તેઓ જીવને સમ્યગ્દર્શન કરાવી સાચું અંતર-શરણ પકડાવે છે. અરિહંત, સિદ્ધ, ધર્મ, સાધુ એમ ચાર શરણ વ્યવહારથી કહે છે તે બાહ્ય શરણ છે, તે સમકિત નથી થયું ત્યાં સુધી ન સમજાય; ને આ તો અંતર-શરણ એવા આત્માને ઓળખાવનાર છે તેથી અનન્ય શરણના આપનાર એવા સદ્‌ગુરુદેવ છે. તેમને અત્યંત—જે કલ્પેલી મર્યાદારૂપ અંત, તેને ઉલ્લંઘી જાય એવી અમર્યાદિત—ભક્તિથી નમસ્કાર હો!

''વાસ્તવિક જ્ઞાન અનન્ય શરણ એટલે પોતાના જ અવલંબનથી રહ્યું છે''.... (પંચાધ્યાયી-અધ્યાય ૧, શ્લોક ૫૪૨, ૫૪૩).

**શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્‌દર્શનનાં નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.**

જેમણે આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે એવા જ્ઞાનીપુરુષ, તેઓએ નીચેનાં છ પદને સમ્યક્‌ત્વનાં નિવાસના સર્વોત્કૃષ્ટ સ્થાનક—રહેવાનાં સ્થળ—કહ્યાં છે. આ ભાવો વિચારતાં તપાસતાં તેમાંથી સમ્યક્‌ત્વ મળી આવે છે, દરેક પદમાં આત્મા રહ્યો છે અને છએમાં પણ એક જ આત્મા છે. આત્મા છે...નિત્ય છે...કર્તા, ભોક્તા...મોક્ષ...મોક્ષપ્રાપ્તિ છે. એટલે આત્મા, તેની ઓળખાણ, બંધથી અટકી મુક્ત થવું એમ અંતરંગ ધર્મની શ્રદ્ધા સમજણ તે જ સમ્યક્‌દર્શન છે.

**પ્રથમ પદ :—**

**'આત્મા છે.' જેમ ઘટ પટ આદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટ પટ આદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપર પ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.**

પ્રથમ પદ આત્મા છે :— આમાં આત્મા સમજવા બે પદાર્થ લીધા છે— જીવ અને અજીવ. અજીવ પાંચ છે—પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. તેમાંથી અહીં પુદ્‌ગલના દૃષ્ટાંત તરીકે ઘટ ને પટ કહ્યાં છે. ઘડો કે વસ્ત્ર અજીવ છે પણ તેને જાણનાર જોનાર બીજો પદાર્થ પણ છે તે જીવ છે. વળી જેમ ઘડા પર ગરણું વીટ્યું હોય તેને જોનાર આત્મા જુદો છે, તેમ ઘટ એટલે દેહ તે પટ એટલે વસ્ત્ર સહિત છે તેમાં આત્મા રહ્યો છે. એમ દેહ અથવા પુદ્‌ગલ અને આત્મા બે ભિન્ન પદાર્થ છે તે બતાવ્યું.

દેહ વસ્ત્ર વગેરે બધા જડ પદાર્થો તેના ગુણો રૂપ રસ ગંધ સ્પર્શ વગેરેથી જાણી શકાય છે. ગુણો ન હોય તો ગુણી ન જણાય. તેવી રીતે આત્મા પણ તેના ગુણોથી જણાય છે. જે ઘટપટાદિને જાણે છે અને પોતાના આત્મસ્વરૂપને પણ અનુભવથી જાણે છે તે આત્મા છે અથવા ચૈતન્યસત્તા (હોવાપણું), જીવ છે એમ કહેવાય છે, 'હું છું' એમ જણાય છે, તે જીવવાપણું એવો ગુણ જેનો છે તે પદાર્થ-આત્મા પણ છે એમ દરેક રીતે પ્રગટ અનુભવમાં આવે છે. જ્ઞાન-જાણવું, દર્શન-જોવું, સુખદુઃખનું વેદવું વગેરે ગુણ જેના છે તે ચેતનરૂપ પદાર્થ આત્મા છે. સ્વપ્રકાશકતાથી અનુભવી શકાય છે. પરપ્રકાશકતાથી અનુમાની શકાય છે, સાબિત થાય છે. સ્વપરપ્રકાશકગુણ પ્રત્યક્ષ છે તે આત્માનું લક્ષણ છે.

**બીજું પદ :–**

**'આત્મા નિત્ય છે.' ઘટ પટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે, આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે. કેમકે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.**

બીજું પદ આત્મા નિત્ય છે :– ઘટ પટ આદિ જડ પુદ્‌ગલ પરમાણુઓના સંયોગ-એકત્ર થવાથી બને છે. તે છૂટાં પડે ત્યારે તે પદાર્થો નાશ થયેલા મનાય છે. આત્મા કોઈ એવાં પુદ્‌ગલો મળવાથી કે આકાશાદિ અન્ય દ્રવ્યના મળવાથી ઉત્પન્ન થયો નથી પણ સ્વાભાવિક પદાર્થ છે. જેમ રસાયણશાસ્ત્રમાં હાઇડ્રોજન, નાઇટ્રોજન વગેરે મેળવીને કોઈ નવો પદાર્થ બનાવે છે તેમ આત્મા કોઈ બનાવી શક્યું નથી. એમ જો આત્મા બનતો હોત તો તે બજારમાં વેચાતો મળી શકત. ભવિષ્યમાં પણ કોઈ એવી રીતે આત્મા ઉપજાવે એ શક્ય નથી. ત્રણે કાળે તે ઉત્પન્ન ન કરી શકાય એવો છે તેથી અનુત્પન્ન છે. અને જે અનુત્પન્ન હોય તે અવિનાશી પણ હોય છે. કેમકે કોઈ પદાર્થોની મેળવણીથી બન્યો હોય તો તે પદાર્થો છૂટા પડતાં તેનો નાશ થાય. જેમકે સોનું ઘસાતાં ઘસાતાં અમુક કાળે માટીરૂપ બની નાશ પામે છે. પરંતુ આત્મા અનંત કાળથી જન્મમરણના દુઃખો વેદતો સંસારમાં ફરે છે છતાં તેના અસંખ્યાત પ્રદેશમાંથી એક પ્રદેશ પણ છૂટો પડતો નથી. તે ટંકોત્કીર્ણ સંપૂર્ણપણે પોતાના સ્વરૂપે અખંડિત રહ્યો છે, રહે છે અને રહેશે. ત્રણે કાળ તેનું તેમજ હોવાપણું છે તેથી નિત્ય છે.

''અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો, કે ગણાવવાનું ચિત્ત રહેવું એ સૌ જીવની મૂઢતા છે.'' (૫૧૦) ''જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય ? અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે. તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગ્રત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે.'' (૮૩૩) આત્મા નિત્ય છે તેનો દૃઢ લક્ષ થાય તો ''અબ હમ અમર ભયે, ન મરેંગે'' એમ આનંદઘનજી મહારાજે ગાયું છે એવો અનુભવ થાય.

**ત્રીજું પદ :–**

**'આત્મા કર્ત્તા છે.' સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામ ક્રિયાસહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે માટે કર્ત્તા છે. તે કર્ત્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવ પરિણતિએ નિજ સ્વરૂપનો કર્ત્તા છે, અનુપચરિત (અનુભવમાં આવવાયોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્ત્તા છે, ઉપચારથી ઘર, નગર આદિનો કર્ત્તા છે.**

ત્રીજું પદ આત્મા કર્ત્તા છે :– સર્વ પદાર્થને પોતાનું કાર્ય એટલે અર્થક્રિયા છે. ક્રિયા બે પ્રકારે– ૧. માત્ર પોતારૂપે પરિણમનરૂપ ૨. પરિસ્પન્દ એટલે હલનચલનરૂપ. છયે દ્રવ્ય સમયે સમયે પરિણમવારૂપ ક્રિયા કરી રહ્યાં છે. પુદ્‌ગલ ને જીવને બન્ને ક્રિયા છે.

ચેતનનું ક્રિયારૂપે પ્રવર્તન થાય છે તે શ્રી જિને ત્રણ પ્રકારે બતાવ્યું છે– (૧) શુદ્ધ નિશ્ચયનય વિભાવ પરિણમનને લક્ષમાં લેતો નથી. શુદ્ધ દ્રવ્યની પરિણતિને જ લક્ષમાં લે છે, તેથી સ્વભાવ પરિણમનથી પોતાના ચેતન ગુણોપણે જ આત્મા પરિણમે છે અને ચેતન સ્વભાવનો જ કર્ત્તા થાય છે. (૨) ચેતનનું જ વિભાવપણે પરિણમન થાય છે ત્યારે અનુપચરિત એટલે અનુભવમાં આવવા યોગ્ય અત્યંત નિકટ સંબંધવાળાં કર્મના સંબંધરૂપ વ્યવહારનયથી આઠ કર્મનો આત્મા કર્ત્તા કહેવાય છે. ખરી રીતે વિભાવ પરિણામને નિમિત્તે કર્મપુદ્‌ગલ ગ્રહણ થઈ પુણ્યપાપ બંધાય છે; તે દ્રવ્યકર્મનો કર્ત્તા આત્મા (અસદ્‌ભૂત અનુપચરિત વ્યવહારનયથી) સંબંધને લઈને કહેવાય છે. તે દ્રવ્યકર્મ જો કે સૂક્ષ્મ છે તેથી જોવામાં આવતાં નથી, પરંતુ આત્માને જન્મ-મરણ, સુખ–દુઃખનાં કારણ હોવાથી મહત્વનાં છે. (૩) પુદ્‌ગલ પદાર્થોમાં ફેરફાર કરવારૂપ, ઘર, નગર ઇત્યાદિ અનેક કાર્ય જીવ કરે છે, તે આત્માથી વિશેષ દૂર અને સ્પષ્ટ ભિન્ન છે તેથી પુદ્‌ગલ ક્રિયાઓનો આત્મામાં આરોપ કરવારૂપ ઉપચારથી પુદ્‌ગલ પદાર્થોનો તે કર્ત્તા છે.

**ચોથું પદ :–**

**'આત્મા ભોક્તા છે.' જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ, સાકર ખાવાથી સાકરનું ફળ, અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ, હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્ત્તા હોવાથી ભોક્તા છે.**

ચોથું પદ આત્મા ભોક્તા છે :– બધા પદાર્થને અર્થક્રિયા હોય છે, તેનું ફળ પણ આવે છે પરંતુ તે ફળથી સુખદુઃખ અનુભવવાની શક્તિ એક આત્મામાં જ છે તેથી તે ભોક્તા છે. વિષ, અમૃત, અગ્નિ, હિમ વગેરેમાં જે વિશિષ્ટ ગુણો છે તેનો સંબંધ થતાં, આત્મા તે ગુણોને અનુભવવારૂપ ફળ પામે છે. લોહચુંબકથી જેમ સોય આકર્ષાઈ આવે છે તેમ તીવ્ર કે મંદ કષાય સહિત આત્મા પરિણમે તો તેવો કર્મબંધ થાય છે અને કષાયરહિતપણે પરિણમે તો કર્મ બંધાતાં

નથી. જીવ જો કર્મ બાંધે તો સંસારનાં સુખદુઃખરૂપ ફળ પામે છે અને કર્મ ન બાંધે તો બંધરહિત આત્માનું સહજ સુખ ભોગવવારૂપ મોક્ષ-ફળ પામે છે. પરમાર્થથી સ્વભાવપરિણતિએ આત્મા નિજસ્વરૂપનો ભોક્તા છે; અને અનુપચરિત વ્યવહારથી તે દ્રવ્યકર્મના ફળનો ભોક્તા છે.

**પાંચમું પદ :–**

**'મોક્ષપદ છે.' જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્ત્તાપણું નિરૂપણ કર્યું, કર્ત્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે, કેમકે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.**

પાંચમું પદ મોક્ષપદ છે :– છ પદમાં જે કર્ત્તાપણું કહ્યું છે તે સામાન્યપણે કર્મના કર્ત્તાપણાની અપેક્ષાથી કહ્યું છે. પોતાના સ્વરૂપે પરિણમવું ત્યાં કર્ત્તાપણું કહેવા માત્ર છે. આત્માના વિભાવ પરિણમનથી–મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય ને યોગથી–અથવા રાગદ્વેષ રૂપ કષાયથી–જીવ કર્મ બાંધે છે અને બાંધેલા કર્મ કાળ પાક્યે રસ આપે ત્યારે સુખદુઃખ વેદાય તેથી જીવને કર્મનો કર્ત્તા ને ભોક્તા કહ્યો છે. એ રીતે અનાદિ કાળથી તે કર્મનો વ્યવસાયી છે. સદ્‌ગુરુ કહે છે કે તે કર્મ ટાળી શકાય છે એનો વિચાર કરીએ તો સ્પષ્ટ ખાત્રી થાય. કષાયને લઈને બંધ પડે છે. નિમિત્ત મળતાં ક્રોધ, કામ, લોભ આદિ કરવાનો ખૂબ અભ્યાસ છે, તે અભ્યાસ છોડી દે એટલે કે તેવા નિમિત્તમાં આત્માનું બળ વાપરી ક્ષમાદિ ધારણ કરે, ક્રોધાદિ ભાવોને ભૂલવા સ્વાધ્યાયાદિમાં મનને રોકે, પૂર્વે કષાય કર્યા હોય તેની વિસ્મૃતિ કરે અને વર્તમાને કષાય રહિત વર્તે. કોઈ દુષ્ટ માણસનો પરિચય થઈ ગયા પછી અપરિચય કરવો હોય તો સામો મળે છતાં ઓળખતા નથી એમ વર્તે, વિસ્મૃતિ કરે તેવી રીતે. એમ અભ્યાસ કરતાં બુદ્ધિપૂર્વક કષાયરહિતપણે આત્મસ્વરૂપમાં રહેવાય તો ઉપશમ થાય. એટલે અમુક વખત કષાયના ઉદયમાં તણાય નહીં. એમ અપ્રમત્ત દશાથી આત્માનું બળ વધતું જાય ત્યારે એક વખત પૂરતું બળ કરી શ્રેણી માંડે ને તે કષાયોને મૂળમાંથી ઉખેડી નાખે–સત્તામાંથી જ ક્ષય કરી નાખે ત્યારે તે હંમેશને માટે છૂટી જાય. એમ પ્રથમ અનંતાનુબંધી પછી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને છેવટે સંજ્વલન કષાયોને ક્ષય કરે ત્યારે મોક્ષ થાય. આત્માનું કર્મ-કર્ત્તાભોક્તાપણું ટળે અને તેની શક્તિઓ વધતી વધતી પૂર્ણતાને પામે. ક્રોધાદિ ઘટાડી શકાય છે, એ તો પ્રત્યક્ષ અનુભવની વાત છે, તો પછી તેનો સર્વથા ક્ષય પણ થઈ શકે એટલે કે મોક્ષપદની, કષાયરહિત અથવા કર્મબંધરહિત દશાની ખાત્રી થાય છે.

**છઠ્ઠું પદ –**

**તે 'મોક્ષનો ઉપાય છે.' જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે. જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.**

છઠ્ઠું પદ તે મોક્ષનો ઉપાય છે :– આસ્રવ એટલે કર્મ આવવાનાં કારણ, કષાય વગેરે બતાવ્યાં, તેથી વિરુદ્ધ સ્વભાવવાળાં સંવરનાં કારણો બતાવે છે. જેથી કર્મ આવતાં અટકે અને જૂનાં કર્મ ખરી જાય તે સંવર અને નિર્જરારૂપ મોક્ષનો ઉપાય છે.

**જ્ઞાન :—** આત્મજ્ઞાન. પરને જાણી રહ્યો છે તેથી પાછો વળીને આત્મસ્વરૂપને જેમ છે તેમ જાણે તો કર્મ બંધાતાં અટકે.

**દર્શન :—** સમ્યક્દર્શન. જીવાજીવાદિ પદાર્થોનું સ્વરૂપ જેમ ભગવાને કહ્યું છે તેમ શ્રદ્ધે અને આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરે, તેથી કર્મ આવતાં રોકાય.

**સમાધિ :—** સમ્યક્ચારિત્ર. આત્મસ્વરૂપમાં સ્થિરતા કરવા યોગની ક્રિયાને રોકે, તેથી કર્મ નિર્જરે ને નવાં ન બંધાય. ''આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર 'સમાધિ' કહે છે.'' (૫૬૮)

**વૈરાગ્ય :—** રાગ નહીં તે. સંસારમાં–દેહાદિમાં આસક્તિ છે તેથી કર્મ આવે છે. તે દેહાદિ, આત્માનો અનુભવ થતાં તેને નીરસ લાગે, તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. તેથી કર્મ નિર્જરે અને નવા ભવ ઊભા ન થાય.

**ભક્તિ :—** શુદ્ધાત્મા પ્રત્યે ભાવ, પ્રશસ્ત રાગ, શુદ્ધ સ્વરૂપનો લક્ષ અને તે પ્રાપ્ત કરવા આત્મસ્વરૂપમાં તન્મયતા, પ્રેમ. એથી પરવસ્તુનો મોહ ટળે ને સત્પુરુષની આજ્ઞાએ વર્તતાં પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે. ભક્તિથી પોતાના દોષો, ઊણપ જાણી દૂર કરે. પરમાત્મસ્વરૂપને ભજતાં પરમાત્માના ગુણો પ્રગટે.

એમ આ બધાં સાધનો લૌકિક અર્થમાં નહીં પરંતુ ખરેખર શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે કરે તો મોક્ષનો ઉપાય છે.

મોક્ષનાં આ સાધનોમાં પ્રથમ જ્ઞાન એટલે સમ્યક્જ્ઞાન કહ્યું છે. સમ્યક્જ્ઞાન તે આત્મા છે. તે શાથી પ્રાપ્ત થાય? ધ્યાન અને સ્વાધ્યાયથી. સ્વાધ્યાય એટલે આત્માનો લક્ષ થવા અર્થે જે શીખવું, ભણવું, વિચારવું તે, જ્ઞાન આરાધના. તે સ્વાધ્યાય પાંચ પ્રકારે છે : (૧) વાચના એટલે ગુરુ પાસે કંઈ શીખવાની આજ્ઞા મળવી અથવા ગુરુ શિષ્યને વિધિપૂર્વક વાચના એટલે પાઠ આપે તે. (૨) પૃચ્છના એટલે પોતાની કે પરની શંકા દૂર કરવા વિનયપૂર્વક પૂછવું ને કહે તે અવધારવું તે. (૩) પરાવર્તના એટલે ફેરવવું, એક વખત વાંચેલું, મોઢે કરેલું ફરી ફરી વાંચવું, ફેરવવું, ધૂન લગાવવી. એથી ચિત્ત રોકાય છે અને એકાગ્રતા થતાં આત્મામાં જોડાય. મુખપાઠ ફેરવવામાં એ જ લક્ષ જોઈએ. પ્રભુશ્રીજી કહેતા કે ''પાનું ફરે ને સોનું ઝરે.'' કૃપાળુદેવ એક જ ગાથા કલાક બે કલાક સુધી બોલતા. (૪) અનુપ્રેક્ષા એટલે અર્થ વિચારવો, ભાવના કરવી. (૫) ધર્મકથા એટલે કંઈ વિચાર આવ્યો હોય તે વ્યવસ્થિત રીતે કહી બતાવવો તે, વ્યાખ્યાન, ચર્ચા. એમ ધર્મકથા કરવાથી વિશેષ વિચાર કરવો પડે છે અને કદી ભુલાય નહીં એવી સજ્જડ છાપ બેસે છે. વ્યાખ્યાન કરનારને ધર્મકથા આત્માના લક્ષે કરે તો સ્વહિતાર્થે છે. સાંભળનારને તે વાચનારૂપે થાય છે. આ સ્વાધ્યાયના ભેદો કહ્યા. જ્ઞાનના ભેદો મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ ને કેવળ એમ મુખ્ય

પાંચ છે તે આત્મજ્ઞાન સહિત છે, તેમાં ઉપયોગ જોડવો. અભીક્ષ્ણજ્ઞાનોપયોગ એટલે નિરંતર સ્વાધ્યાય અને જ્ઞાનધ્યાનમાં વર્તવું તે સંવરનું મુખ્ય સાધન છે.

દર્શન એટલે શ્રદ્ધા; દેવગુરુધર્મની શ્રદ્ધા. ગુરુ પર શ્રદ્ધા હોવાથી તેમની આજ્ઞા માન્ય થાય. આત્માની શ્રદ્ધા દૃઢ કરી લેવી. છ પદ વિચારી દૃઢ શ્રદ્ધા કરવી. નવ તત્ત્વ સમજવાં. જેટલા પ્રમાણમાં શ્રદ્ધા દૃઢ તેટલા પ્રમાણમાં વીર્ય સ્ફુરે છે. ''રુચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે'' (દેવ૦ ૯) રુચિ હોય તેટલું વીર્ય સ્ફુરે અને તેટલા પ્રમાણમાં ચારિત્ર અથવા આત્મામાં સ્થિરતા કરી શકે.

સમાધિ—''આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર 'સમાધિ' કહે છે.'' (૫૬૮) ''સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અક્લેશ સમાધિને પામે છે. પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વ કાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર. તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર. સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ....પરમ શાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું, તન્મય થાઉં છું.'' (૮૩૩)

ઉપશમ વૈરાગ્ય—જ્યાં કષાય ક્લેશ નથી તે ઉપશમ અને ગૃહકુટુંબ આદિમાં આસક્તિ ન કરે તે વૈરાગ્ય. અન્યત્વ ભાવના ભાવવાથી વૈરાગ્ય દૃઢ થાય છે.

ભક્તિ—મોક્ષ માટે જ્ઞાનમાર્ગ ને ભક્તિમાર્ગ એમ બે માર્ગ છે. જ્ઞાનમાર્ગમાં જે જ્ઞાન પ્રગટ છે તેમાં એકાગ્ર થતાં સમકિત પ્રગટાવે, પછી સમ્યક્જ્ઞાનથી આરાધના કરતાં કરતાં, તેમાં જ સ્થિર થતાં કર્મક્ષય કરી કેવલજ્ઞાન પ્રગટ કરે છે. આ માર્ગ બહુ વિકટ છે. કોઈક તીર્થંકર જેવા બળવાન પુરુષ એ દ્વારા કર્મક્ષય કરી શકે. મોહ બહુ બળવાન છે. તે ઉદય આવીને આત્માને રાગદ્વેષ કરાવી વિષયભોગમાં આસક્ત કરી સમકિતથી પાડી દે છે. વળી સમકિત થવામાં તો પ્રથમ સત્પુરુષના અવલંબને જ બળ આવે છે. જે બળવાન પુરુષો વર્તમાન જન્મમાં નિરાલંબપણે સમકિત પ્રગટ કરે છે તેઓએ પણ પૂર્વજન્મમાં સત્પુરુષની આરાધના કરી હોય છે. તેથી સમકિત થવામાં સત્પુરુષ જ્ઞાનીગુરુનું અવલંબન બળ આપનારું છે અને ઠેઠ કેવલજ્ઞાન પ્રગટે ત્યાં સુધી જ્ઞાનીનું અવલંબન સામાન્ય બળવાળા જીવોને જરૂરનું છે. જ્ઞાનીની આરાધના કરતાં, તેમની આજ્ઞાએ ચાલતાં, તેમનાં વચનો વિચારતાં સુગમપણે આત્મભાવના કરી શકાય છે. માનાદિ શત્રુઓનો નાશ કરી શકાય છે.

''ભક્તિ આદિ'' સાધન કહ્યાં, તેમાં વિનય, દાન, તપ વગેરે અનેક સાધનો આત્માને કર્મક્ષય કરવા જ્ઞાન પમાડવા ખપનાં છે. શરૂઆતમાં સમકિત થવામાં જીવોને ભિન્ન ભિન્ન સાધન વિશેષ હિતકારી થાય છે, પરંતુ આગળ વધતાં કર્મક્ષયનો માર્ગ બધા જીવો માટે વધારે સરખો થતો જાય છે.

તે સમ્યક્જ્ઞાન દર્શન અને ચારિત્ર અથવા સંયમ એ ઉપાયો વડે કર્મનો સંવર ને નિર્જરા થઈ સંપૂર્ણ કર્મક્ષય થતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવાયોગ્ય છે; પરમ નિશ્ચયરૂપ જણાવાયોગ્ય છે. તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવાયોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે.**

સમ્યક્દર્શનના હેતુ આ છ પદ સંક્ષેપમાં કહ્યાં, તે જે પૂર્વના આરાધક, સમીપ મુક્તિગામી—કર્મથી અલ્પ કાળમાં છૂટનારા છે, એવા હળુકર્મી જીવોને સ્વાભાવિકપણે જ સાચાં મનાય છે. સાંભળે ને વિચારે તેમ તે બધી રીતે ન્યાયયુક્ત લાગે અથવા સમીપમુક્તિગામીને તેના વિચારમાં ઊંડા ઊતરતાં આત્માનો સાક્ષાત્કાર થઈ તે અનુભવસિદ્ધ સપ્રમાણ થાય. ટૂંકામાં છ પદ સાંભળતાં તે પર વિસ્તારથી વિચાર કરે તેને આત્મા ને અનાત્માનો ભેદ સમજાય એવો વિવેક થાય છે. આ છ પદની સત્યતા વિષે જરા પણ શંકાને સ્થાન નથી એમ ભગવાને કહ્યું છે. આ છ પદનું વિવેચન સંસારમાં ભૂલા પડેલા અજ્ઞાની જીવને પોતાના સ્વરૂપનું ભાન થાય, આત્મસ્વરૂપ સમજાય તે અર્થે છે.

**અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાની પુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ—પ્રત્યક્ષ—અત્યંત પ્રત્યક્ષ—અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજ સ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે.**

શાથી સમજાયું નથી ? અનાદિકાળથી મિથ્યાત્વરૂપ સ્વપ્નદશાથી જીવને પરને પોતે માનવારૂપ અહંભાવ થયો છે. હું દેહ, કાકો, મામો, વાણિયો, બ્રાહ્મણ, પુરુષ, સ્ત્રી વગેરે અનેક રૂપે માને છે; પણ પોતે તો એ દેહના ધર્મથી ભિન્ન જ્ઞાનદર્શનસુખસ્વરૂપ અજર અમર અવિનાશી છે. વળી પોતાને દેહરૂપ માનીને બધી પરવસ્તુમાં મારું તારું માની રહ્યો છે. આવું જે અજ્ઞાન તે દૂર કરવા જ્ઞાનીપુરુષોએ આ છ પદનો ઉપદેશ પ્રકાશ્યો છે. આખું જગત જુઓ તો પરને પોતે માનવારૂપ અહંભાવ અને પરવસ્તુમાં મારાપણું કરવારૂપ મમત્વભાવમાં પડ્યું છે. આવો જે અનાદિકાળનો મોહ, મિથ્યાત્વ, તે દૂર કરવા જ્ઞાનીપુરુષે છ પદ સમજાવ્યાં છે. હવે પરમાં પોતે માનવારૂપ સ્વપ્નદશા છે તેમાંથી જીવ પાછો વળીને પોતાનું સ્વરૂપ વિચારે; પરમાં પરિણમી રહ્યો છે તેને બદલે પરથી જુદું

એવું પોતાનું આત્મસ્વરૂપ છે એમાં પરિણમે તો તો તરત જ આત્મભાનમાં આવી સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય. સમ્યક્ત્વ થવાથી કર્મનો ક્ષય કરતાં કરતાં પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ એવો જે મોક્ષ તેને મેળવે. પોતાનું સ્વરૂપ પરથી જુદું જાણ્યું પછી પરપદાર્થને નિમિત્તે તેને હર્ષ, શોક, સંયોગ, એકતા, પર તે હું એમ ન થાય. દેહાદિ પરપદાર્થો વિનાશી, અશુદ્ધ અને આત્માથી જુદા અન્ય છે, તે રૂપ પોતાને ન માને. પોતાનું સ્વરૂપ તો તેથી ઊલટું શુદ્ધ, પોતાથી જ સંપૂર્ણ છે. તેને કોઈની જરૂર નથી. વળી તે અવિનાશી છે અને તે પરમ આનંદરૂપ છે, તે તેને મિથ્યાત્વદશાની સાત પ્રકૃતિરૂપ અંતરપટ છેદાવાથી પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. પછી તેને પોતાની ભૂલ સમજાય છે કે આત્મા સિવાય બીજે બધે જે એકતા કરી હતી તે અધ્યાસ (ભ્રાંતિ) થી ભૂલ થઈ હતી. अधि+आस् જે સ્થળે બેસે તે પોતાની જગ્યા અથવા તે રૂપ હું છું એમ થઈ જાય છે, તેવી રીતે અનાદિકાળથી દેહમાં વસવાથી દેહને જ આત્મા માન્યો અથવા રાગાદિ વિભાવોને આત્મા માન્યો છે. અભ્યાસ કરતાં અધ્યાસ વધારે દૃઢતા બતાવે છે. અભ્યાસ તો ક્વચિત્ ભૂલી પણ જવાય, પણ અધ્યાસ તો ઊંઘમાં પણ ન ભૂલે. તે જ્યારે આત્માનો સાક્ષાત્કાર થાય ને આનંદ અનુભવે ત્યારે આત્માને સર્વ વિભાવ પર્યાયોથી સર્વથા ભિન્ન જાણે, બેમાં એકતા કરવાની ભૂલ ન કરે. જાણે બે વચ્ચે વજની ભીંત હોય તેમ ચેતનને જડથી ભિન્ન જ માને. સ્પષ્ટ, પ્રત્યક્ષ, અત્યંત પ્રત્યક્ષ, અપરોક્ષ એ એક-એકથી વિશેષ શુદ્ધતા સૂચવે છે. અપરોક્ષમાં તો નિર્વિકલ્પ સમાધિ છે. ત્યાં કંઈ જ વિકલ્પ નથી રહેતો, સમકિત ઉપયોગની સંપૂર્ણ સ્થિરતારૂપે હોય છે. જ્યારે ઉપયોગ આત્મામાં ન રહે અને લબ્ધિરૂપ સમ્યક્ત્વ હોય ત્યારે પણ વિનાશી અને આત્માથી પર એવા પદાર્થોમાં તેને ઇષ્ટઅનિષ્ટપણાથી એકાકારપણું થાય નહીં, કારણ કે જન્મ જરા મરણ રોગ વગેરે દુઃખથી રહિત એવું આત્માનું શુદ્ધસ્વરૂપ કે જેના સુખ આગળ સર્વ વસ્તુઓ તુચ્છ લાગે છે તે પ્રાપ્ત થયું છે. જેના વિના અનાદિકાળથી ભમ્યો અને જે મળવાથી હવે અનંતકાળ સુખી રહેવાશે એવી આત્માની અનંત સમૃદ્ધિ પ્રાપ્ત કરી તેથી કૃતાર્થતા લાગે છે, કે મારે કરવાનું હતું તે કરી શક્યો. મનુષ્ય જન્મમાં મેળવવા યોગ્ય એક સમ્યક્ત્વ છે તે કરી લીધું.

**જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમપુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે, આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વસંગથી રહિત થયા છે, થાય છે, અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.**

આ છ પદ જેમને અનુભવથી સિદ્ધ થયાં છે એવા પરમપુરુષનાં વચન સાંભળી જેમણે આત્માનો નિશ્ચય કર્યો ને પુરુષાર્થ કરી પોતાના આત્માનો સાક્ષાત્કાર કર્યો તે પુરુષો પરિણામે સંસારના સંગ જે આધિ વ્યાધિ ઉપાધિરૂપ છે તેથી મુક્ત થયા છે, થાય છે અને થશે. જ્ઞાનીનાં વચન સાંભળ્યાં, શ્રદ્ધ્યાં અને અનુભવરૂપ નિશ્ચયસમકિત પણ થયું તો મોક્ષ અવશ્ય થશે.

**જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેનાં ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !**

હવે સત્પુરુષનો ઉપકાર કહે છે કે તેમણે આત્મસ્વરૂપમાં સહજ સ્થિતિ કરવાનો ઉપદેશ કર્યો તે પ્રમાણે વર્તવાથી ફળ શું? તો કે જન્મ જરા મરણાદિ નાશ થાય. આ અનંત દુઃખરૂપ સંસારમાંથી અનંતસુખરૂપ મોક્ષ પ્રાપ્ત કરાવવારૂપ મહાન ઉપકાર સત્પુરુષે બોધથી કર્યો છે. તેમાં તેમણે આપણી પાસે કંઈ બદલાની સ્પૃહા રાખી નથી. તેઓનું તો સર્વ કાર્ય પૂર્ણ થયું છે તેથી તેમનો બદલો વાળી શકાય એવું આપણે કંઈ કરી શકીએ નહીં. તેમનો સર્વ જીવ પ્રત્યે નિષ્કારણ કરુણારૂપ ગુણ છે. તેમનો આપણા પર કેટલો ઉપકાર છે એ વિચારતાં પણ સત્પુરુષ પર પરમ પ્રીતિ પ્રગટે અને તેમના ઉપકારને નિરંતર સંભારતાં, તેમના ગુણગ્રામ કરવાથી કર્મ દૂર થતાં આત્મસ્વભાવ--સમકિત પ્રગટે છે. આવા જે સત્પુરુષો તેમનાં ચરણારવિંદ એટલે ૧. પગ, ૨. આચરણ, ૩. વચનો (કવિતાના ભાગ ચરણ અથવા પદ કહેવાય છે), સદાય હૃદયમાં બહુમાનપણે પૂજ્યભાવે સ્થિર રહો. તે પદ કૃપાળુદેવે વર્ણવ્યું છે :–

**"સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ધ્યાનમહીં;**
**પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે."** (૯૫૪)

અનંત સુખનું ધામ એવું જે આત્મસ્વરૂપ તેને સંત નિરંતર ઇચ્છે છે અને રાત દિવસ તેના જ ધ્યાનમાં વર્તે છે. તેઓ પરમ શાંત અનંત સુખમય દશાને અનુભવે છે એવું જે સત્પુરુષનું પદ, દશા તેને હું નમસ્કાર કરું છું. આવી રીતે કૃપાળુદેવે નમસ્કાર કરવામાં સર્વત્ર મર્મ બતાવ્યો છે.

"પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર. તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર." (૮૩૩)

**જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેના વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વ કાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે, કેમકે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છ્યા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્ત્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી; એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો !**

આત્મસ્વરૂપ આ છ પદથી સિદ્ધ થયું. તે શાથી પ્રગટે? સત્પુરુષના વચનને અંગીકાર કરવાથી. સત્પુરુષનું યોગબળ, મન વચન કાયાનું બળ સંપૂર્ણ જગતને અને વિશેષે કરીને ભવ્ય જીવોને પરમ હિતકારી છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતાં પછી આલોકભય, પરલોકભય, મરણભય વગેરે શાસ્ત્રમાં કહેલા સાત ભય અને બીજા બધા ભય દેહાશ્રિત હોવાથી નાશ પામે છે. તેથી આત્મા નિર્ભય થાય છે અને સર્વકાળ અનંત આત્મસુખને પ્રાપ્ત કરનારો થાય છે. જેનાં વચનબળથી સર્વ ભય નાશ પામે અને હંમેશને માટે સંપૂર્ણ આનંદ પ્રાપ્ત થાય તે વચનના કહેનાર એવા સત્પુરુષનો ઉપકાર વાણીથી કહી ન શકાય એવો છે. સત્પુરુષનું વચન અંગીકાર થાય, દૃઢપણે પરિણમે ત્યાં છ પદથી સિદ્ધ એવું આત્મસ્વરૂપ પ્રગટે છે. સમકિત થયું, પોતાને

પરમાત્મારૂપે જ ઓળખ્યા તેથી હવે તેને બાહ્ય સંયોગો વ્યાધિ આદિ દુઃખી કરી શકે નહીં, કારણ કે તે તો દેહમાં થાય છે. આત્મા તો સદા દેહથી ભિન્ન આનંદસ્વરૂપ છે, એવો અનુભવ થતાં ભવિષ્યનો કોઈ ભય રહેતો નથી. જીવ સદા નિર્ભય, આનંદસ્વરૂપને પામ્યો. આ શાથી થયું? માત્ર સત્પુરુષના વચનથી. તે સત્પુરુષનું સ્વરૂપ વચનથી વર્ણવી શકાય તેવું નથી. તેઓ ઉપદેશ કરે છે તે માત્ર કરુણા સ્વભાવથી, કંઈ પણ બદલાની ઇચ્છા વિના કરે છે. તેમના વચનથી સમકિત થયું તેથી તેમણે સાક્ષાત્ જીવ આપ્યો. પ્રથમ દેહ એટલે મડદારૂપ પોતાને માનતો હતો, દેહને આધીન ભોગોમાં રક્ત થઈ સંસાર વધારતો હતો. એવી અજ્ઞાનદશામાંથી કરુણાળુ સત્પુરુષે વચન દ્વારા જાગૃત કર્યો અને 'આત્મા છું' એવું ભાન કરાવ્યું, એટલે મડદામાંથી જીવતો કર્યો. તેનો બદલો કોઈ રીતે વળી શકે એવો છે જ નહીં. વળી સત્પુરુષ પણ સર્વથા નિઃસ્પૃહી છે. તેમને ઉપદેશ આપવામાં કોઈ પ્રત્યે શિષ્યબુદ્ધિ કે મારાપણાની બુદ્ધિ નથી; એવો વિચાર પણ તેમને હોતો નથી, કે તે મને ઉપયોગી છે, મારી સેવા કરશે. કંઈ પણ બદલાની ઇચ્છા વિના માત્ર નિષ્કારણ કરુણાથી ઉપદેશ કરે છે. એવા સત્પુરુષને અત્યંત ભક્તિએ નમસ્કાર છે.

**જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!**

જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. પ્રભુશ્રીજી કહેતા કે અમે ગુરુ બતાવી આપીએ છીએ, પણ ગુરુ થતા નથી; છતાં માને નહીં અને 'પોંખનારીને પરણી બેસે' એમ ન કરવું. ગુરુ થવું એમાં મોટું જોખમ છે. બતાવનારને પણ જોખમ છે—જવાબદારી છે. કારણ કે સાચું બતાવે તો સન્માર્ગે વાળે અને [1]ખોટું બતાવે તો શિષ્ય કદાચ છૂટે પણ ગુરુ તો ન જ છૂટે. જેમ કે કૂતરાના માથામાં કીડા પડ્યા હતા, તે તેણે કુમાર્ગે વાળેલા શિષ્યો હતા, તે ગંગાના પાણીમાં ધોવાથી પાપ રહિત થયા, પણ કૂતરો પાપ રહિત ન થયો. સત્પુરુષે સદ્ગુરુની ભક્તિ બતાવી તે ભક્તિ આત્માના પરમ હિતનું કારણ છે, માટે તેને જરા વાર ન છોડે. આખો દિવસ ને રાત ભક્તિ કરે. તે ભક્તિમાં વર્તવાથી કંઈ પણ કરતાં સત્પુરુષ કેમ વર્તે છે તેનો લક્ષ રહે. કંઈ પણ કરતાં સત્પુરુષનો લક્ષ આત્મા પ્રત્યે જ હોય છે. ''નિરાબાધપણે જેની મનોવૃત્તિ વહ્યા કરે છે, સંકલ્પ-વિકલ્પની મંદતા જેને થઈ છે; પંચ વિષયથી વિરક્તબુદ્ધિના અંકુરો જેને ફૂટ્યા છે; ક્લેશનાં કારણ જેણે નિર્મૂળ કર્યાં છે (ગમે તેવા પ્રસંગમાં ખોટું ન લાગે એવી સમજ દૃઢ કરી છે); અનેકાંતદૃષ્ટિયુક્ત એકાંતદૃષ્ટિને જે સેવ્યા કરે છે (સર્વ વખતે એ એ ને એ જ); જેની માત્ર એક શુદ્ધ વૃત્તિ જ છે; તે પ્રતાપી પુરુષ જયવાન વર્તો. આપણે તેવા થવાનો પ્રયત્ન કરવો જોઈએ.'' (૮૦) સત્પુરુષ પોતાનો ઉપયોગ આત્મા પ્રત્યે જ રાખે છે, 'દેહથી ભિન્ન આત્મા છું', એ ભૂલતા નથી. આપણે દેહાદિમાં એકાકાર થઈએ છીએ તેમ તેઓ નથી થતા. નિરંતર ભેદજ્ઞાન છે. આવી તેમના આત્માની ચેષ્ટા પર પ્રેમ, ભક્તિ જાગતાં તેને જ સ્મરે,

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ઉપદેશામૃત પૃષ્ઠ ૨૯૩.

તેને જ ઇચ્છે, તેનું જ ધ્યાન કરે તો પોતામાં પણ અપૂર્વ ગુણ એટલે સમકિત—આત્માનો અનુભવ દૃષ્ટિગોચર થાય, અને તેનો અદ્‌ભુત આનંદ સમજાતાં પછી બીજું બીજું સ્વચ્છંદે કરતો હતો તે સર્વથી પાછો વળે. આત્મસુખ મેળવવા પ્રયત્ન કરે. પરમાં વૃત્તિ જતી રોકીને આત્મામાં લીન થાય. આત્મામાં આત્માના અનુભવની લય લાગી જાય તો પછી સ્વચ્છંદે અવિચારીપણે જે વર્તન થતું હતું તે આપોઆપ છૂટી જાય. સત્પુરુષની ભક્તિથી સત્પુરુષની આજ્ઞાએ વર્તાય. દરેક કાર્યમાં સત્પુરુષ કેમ વર્તે? તેમને હું કેમ વર્તું તો રુચે? એમ વિચારી આત્માની પરિણતિ તે મુજબ કરે તેથી સ્વચ્છંદ રોકાય. અને સત્પુરુષને તો આત્મામાં રહેવું પ્રિય છે, એ સમજાતાં સહેજે આત્મબોધ થાય. ભક્તિથી આત્માનુભવમાં સહેજે સ્થિતિ થાય છે. માટે સત્પુરુષની ભક્તિ એ શિષ્યને પરમ ઉપકારી છે. એમાં સત્પુરુષને સ્વાર્થ નથી, પણ સાચા પુરુષની ભક્તિ છે તે ભક્તને કલ્યાણ, મોક્ષ આપનારી છે.

સત્પુરુષને નમસ્કાર, પ્રથમ તેમનો ઉપકાર વિચારીને કર્યા પછી તે અપૂર્વ ઉપકાર કંઈ પણ બદલાની ઇચ્છા વિના કર્યો તે વિચારી નમસ્કાર કહ્યા, પછી સત્પુરુષોએ મોક્ષને આપનારી સદ્‌ગુરુની ભક્તિ આપી તેથી ઉપકાર માન્યો અને છેવટે આત્માનું અદ્‌ભુત કેવલજ્ઞાનસ્વરૂપ જેના યોગે પ્રાપ્ત થવાનું છે તેના અતિ ઉલ્લાસભાવે સત્પુરુષને નમસ્કાર કર્યા છે તે ઉત્તમ કળશરૂપ છે.

**જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો! નમસ્કાર હો!**

જો કે અત્યારે આત્મામાં કેવળજ્ઞાન વ્યક્તિરૂપે પ્રગટ થયું નથી તો પણ શ્રુતકેવલી જેમ શ્રુતદ્વારા કેવળીને જણાય તે સર્વ જાણી શકે છે, તેવી રીતે સત્પુરુષના વચનરૂપ શ્રુતના વિચારથી 'મારા આત્મામાં કેવળજ્ઞાન શક્તિપણે છે' એમ સ્પષ્ટ જણાય છે. સમકિત થતાં શ્રદ્ધા શુદ્ધ સ્વરૂપની જ છે ત્યાં કેવળજ્ઞાન અંશે પ્રગટ થયું છે. 'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ.' આત્માનો સમકિત ગુણ પ્રગટ થયો તે ગુણ આત્માના અનંત ગુણોને એક સરખો પ્રકાશનારો છે તેથી તે દ્વારા અંશે બધા ગુણ પ્રગટ થયા તેથી શ્રદ્ધાપણે કેવલજ્ઞાન પણ થયું છે. શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયો પછી તેના જ વિચાર આવ્યા કરે. કોઈ વસ્તુની તીવ્ર ઇચ્છા હોય તે મળે તો જીવને તેના જ વિચાર આવ્યા કરે. તેને લક્ષીને બધું પ્રવર્તન કરે, તેમ અહીં કેવલજ્ઞાનની પ્રાપ્તિ શ્રદ્ધાપણે થઈ તેથી હવે તે જ સ્વરૂપનો વિચાર કરે. ઇચ્છા પણ તેની જ સતત રહ્યા કરે. સમ્યક્ત્વીને સંસારની કંઈ ઇચ્છા ન હોય; એક શુદ્ધાત્માનો વિચાર અને તેની જ ઇચ્છા હોય. શુદ્ધ નિશ્ચયનયથી તો સર્વ આત્મામાં કેવળજ્ઞાન છે. આમ જુદી જુદી રીતે કેવળજ્ઞાનની ભાવના થતાં પરિણામે બધા દુઃખનો અંત થઈ આત્માને અનંત અવિનાશી શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે, તે જે સત્પુરુષના વચનથી જીવ ક્ષણવારમાં

પામવા યોગ્ય થયો–જે સત્પુરુષના વચનબળથી સમકિત થઈ કેવળજ્ઞાનને પામવા યોગ્ય જીવ થયો એવા પરમ પૂજ્ય સત્પુરુષના અનુપમ ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ વારંવાર નમસ્કાર હો! નમસ્કાર હો!

[વ૦ ૪૯૩] ૩૨૪ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧, સં. ૨૦૦૭

મુમુક્ષુ– ''જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે.'' એનો શો અર્થ હશે?

પૂજ્યશ્રી–વર્તમાનકાળમાં કેવળજ્ઞાન ઉત્પન્ન નથી થયું, પણ જ્ઞાનીપુરુષનાં વચનનો વિચાર કરવાથી શક્તિપણે કેવળજ્ઞાન છે, એમ કહ્યું. ''શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે.'' એટલે કેવળજ્ઞાન છે એવી શ્રદ્ધા થઈ એટલે શ્રદ્ધાપણે કેવળજ્ઞાન કહ્યું. ''વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે,'' એટલે કેવળજ્ઞાનનો વિચાર કરવાથી વિચાર-કેવળજ્ઞાન કહ્યું. ''ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે,'' એટલે ઇચ્છા પણ તેની જ છે અને નિશ્ચયનયથી તો આત્મા કેવળજ્ઞાન સ્વરૂપ છે.

[વ૦ ૪૯૩] ૩૨૫ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૪, સં. ૨૦૦૮

મુમુક્ષુ– ''સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે'' એટલે શું?

પૂજ્યશ્રી– સદ્ગુરુની અપૂર્વતા લાગે, વિશેષતા લાગે. મન, વચન, કાયા ઉપરથી જેમ જેમ પરીક્ષા થાય તેમ તેમ સદ્ગુરુના ગુણો સમજાય. સદ્ગુરુના ભાવમાં એની વૃત્તિ રહે. એ ભાવોમાં મુખ્ય ભાવ જ્ઞાન, દર્શન, ચારિત્ર છે, એ જ આત્મા છે.

[વ૦ ૪૯૩] ૩૨૬ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૨, સં. ૨૦૦૮

દેખાય છે તે બધું નાશવંત છે. આત્મા જાણવાથી કોટિ કર્મ નાશ થાય છે. છ પદમાં સમ્યગ્દર્શન રહેલું છે. છ પદની શ્રદ્ધા થઈ તો મોક્ષ થાય. સમ્યગ્દર્શન એ મોક્ષનો પાયો છે. તે તૂટી જાય તો મકાન પડી જાય.

સમકિત કહે છે : 'મને વિચાર કરીને ગ્રહણ કરજો, મોક્ષે નહીં જવું હોય, તો પણ મને જો ગ્રહણ કર્યું, તો હું પરાણે મોક્ષે લઈ જઈશ.' એવું સમકિતનું બળ છે. જે નથી દેખાતો એવો આત્મા તેને દેખવાનો છે.

જીવના અનંત દોષો છે, પણ તેથી ગભરાવું નહીં. દોષ ટાળવા છે એ લક્ષ રાખવો. ભગવાનના ગુણોમાં પ્રીતિ તે ભક્તિ છે. કૃપાળુદેવની ભક્તિ કરતાં એમના ગુણો વારંવાર સાંભરે, એમનું જ્ઞાન કેવું હતું? સ્મૃતિ કેવી હતી? ભૂલા પડેલા જગતને આત્મા સંબંધી જ્ઞાન બતાવ્યું. એ અપૂર્વ ગુણો વિચારે, યાદ કરે તો ઉપકાર વિશેષ લાગે.

[વ૦ ૪૯૪] (રાતના સભામાં) ૩૨૭ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવને ઉપાધિ ઓછી છે, તેથી હવે લખે છે.

જીવ કર્મ એવાં બાંધે છે કે કેટલાંક શિથિલ હોય તે છૂટી જાય અને કેટલાંક ગાઢ હોય તે

ભોગવ્યે જ છૂટે. મંદ ભાવથી બંધાયેલાં કર્મ જ્ઞાનધ્યાનથી છૂટી જાય છે અને જે તીવ્ર રસે બંધાયાં હોય તે તપ વગેરેથી પણ સાવ નિર્મૂળ ન થાય. કેટલાંક કર્મ એવાં છે કે જેની સ્થિતિ જેટલી બાંધી હોય તે ઓછી ન થાય. બે પ્રકારનાં મુખ્ય કર્મ છે. એક ઘાતી અને બીજાં અઘાતી. કેવળજ્ઞાન થયા પછી પણ નામ, આયુષ્ય, ગોત્ર અને વેદનીય એ ચાર અઘાતી કર્મ ભોગવવાં પડે. શ્રેણિ માંડે ત્યારે ઘણાં કર્મ છૂટી જાય છે. મુખ્ય તો મોહનીય છે, એ જાય ત્યાર પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય ક્ષય થાય છે. પછી ચાર અઘાતી રહે છે. દેહભાવ છૂટી ગયો છે, તેમ છતાં કેવળીને દેહ રહે છે. તેનું કારણ પૂર્વકર્મ છે. આયુષ્ય હોય ત્યાં સુધી દેહમાં રહેવું પડે. ઋષભદેવે અંતરાયકર્મ બાંધ્યું હતું તેથી બાર મહિના આહાર ન મળ્યો. જ્ઞાનીપુરુષને પણ અંતરાયકર્મ હોય તે ભોગવવાં પડે. કર્મ છે તે કેટલાંક ભોગવ્યે છૂટે અને કેટલાંક જ્ઞાનધ્યાનથી છૂટે.

ભોગવનારની વૃત્તિ જ્ઞાનધ્યાનમાં હોય તો કર્મ આવીને ચાલ્યાં જાય. અત્યારે આપણે સત્સંગ કરીએ છીએ. આ વખતે આઠેય કર્મનો ઉદય છે, પણ એની વૃત્તિ જ્ઞાનીનાં વચનોમાં રહે તો કર્મ આવીને ચાલ્યાં જાય તેની એને ખબર ન પડે.

**"જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય;**
**જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય."** (૧૫)

જ્ઞાનીને પણ ઉદય આવે, પણ એમને ધીરજ રહે છે; તેથી એથી અલગ રહે છે. ગજસુકુમારને માથે અંગારા મૂકાયાનું કર્મ આવ્યું અને ધીરજ રાખી તો મોક્ષ પામ્યા. નામકર્મ છે તેને લઈને જેવું મોઢું થયું હોય, ગમે તેવું વાંકુંચૂકું થયું હોય, પણ કંઈ જ્ઞાનધ્યાનથી એ મોઢું ફરી જાય? બીજાં ઘાતી કર્મો, જ્ઞાનાવરણીય વગેરેમાં ફેરફાર થાય છે.

જ્ઞાન, ધ્યાન, તપ વગેરેથી કર્મોને વહેલાં ઉદયમાં લાવી ભોગવી લેવાય. તેનો રસ, સ્થિતિ બધું ઓછું થઈ જાય. શ્રેણિમાં એવું જ થાય છે. બધા કર્મોનો ગોટો વાળી બાળી નાંખે છે. જ્ઞાન, ધ્યાન, અગ્નિ જેવા છે, એથી બધાં કર્મોનો ક્ષય થાય છે. જ્ઞાનીપુરુષને ગરીબાઈ હોય તેથી તેઓ 'લ્યો રિદ્ધિસિદ્ધિ પ્રગટી છે તો ગરીબાઈ મટાડી ધનવાન થઈ જઈએ' એમ કરતા નથી. [૧]સનત્‌કુમારને સોળ મોટા રોગ હતા, તે સાતસો વર્ષ સુધી રહ્યા. એમને રિદ્ધિસિદ્ધિ પ્રગટી હતી, પણ મટાડી દઈએ એમ ન કર્યું. જ્યારે સાતસો વર્ષ પૂરાં થયાં ત્યારે મટ્યું. શ્રીપાળરાજાને કોઢ રોગ હતો. તે ભોગવવો પડ્યો. ભોગવીને કર્મ દૂર થાય છે. "થાય ભોગથી દૂર." ભોગવાય તેટલું દૂર થાય છે. અજ્ઞાની જીવ પોતાને જ્ઞાની માનતો હોય તે ભોગવવા ન ઇચ્છે તો પણ ભોગવ્યા વિના છૂટકો નથી. વગર ભોગવ્યે જો જતું રહેતું હોય તો પછી કર્મનો કાયદો પણ ન રહે. કેવળજ્ઞાન પ્રગટવાનું પણ ન થાય.

એમને વેદના હોય તે મટી જાય તો સારું, એમ થતું નથી. શાતા-અશાતા બેય એક સરખાં લાગે છે. જ્ઞાનીને દેહાધ્યાસ મટ્યો છે, તેથી શાતા-અશાતા અઘાતી કર્મ મટાડવાની ઇચ્છા થતી નથી. કદાચ થાય તો ખેદ થાય કે હજુ દેહાધ્યાસ છે. કર્મ જે બાંધ્યાં છે તે વેદ્યા વગર છૂટકો નથી, તેથી જ્ઞાનીને રિદ્ધિસિદ્ધિ ફોરવવાની ઇચ્છા જ થતી નથી. કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી, પણ

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ—અશુચિભાવના, વચનામૃત પૃષ્ઠ ૪૭.

આકાર ફેરથી કર્મ વેદી શકાય છે. અમુક સ્થિરતા થવાથી કર્મ જે શિથિલ હોય તે મંદ થાય છે. કર્મની વિચિત્રતા છે. ''ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ.''

રિદ્ધિસિદ્ધિમાં કંઈ ચિત્ત દેવા જેવું નથી. કર્મનો કાયદો તો ફરતો નથી. આવી રિદ્ધિની વાતોમાં ચિત્ત દે તો આત્માનું વિસ્મરણ થાય. એવા વિચારોમાં ચિત્ત ન દેવું. જીવને વિકલ્પો તો ઘણા આવે છે. તે ઊકલે તો ઉકેલી લેવા, નહીં તો પડી મૂકવા. આગળ જેમ જેમ દશા વધશે તેમ તેમ ઉકેલ આવશે. એ વાતો ગૌણ કરી આત્માનો વિકાસ કરવાનું કરે તો એના ઉત્તર સહેજે આવશે.

વિવેકાનંદના જીવનમાં આવે છે કે વિવેકાનંદ હિમાલય પર્વત ઉપર રહેતા ત્યારે ત્યાં ફરવા જતા. ત્યાં ભીલ લોકો લોખંડના કુહાડા અગ્નિમાં લાલચોળ તપાવીને પોતાના શરીર ઉપર મારે, તે જોઈ વિવેકાનંદના મનમાં એમ થયું કે આ નજરબંધી છે કે શું છે? પછી આંગળી અડાડી જોઈ તો ફોલ્લો થયો. પછી એમના મનમાં થયું કે મેં આ શું કરવા માંડ્યું, શું કરવા હું અહીં આવ્યો હતો? આત્મકલ્યાણ માટે આવ્યો અને આ બીજામાં ક્યાં પડ્યો? એનો ઉકેલ આવે એમ નથી. પડી મૂકું. ઉકેલ આવે નહીં અને ઊલટું દુઃખી થવું પડે એમ કરી ત્યાંથી ચાલ્યા ગયા.

કર્મ તો ઉદય આવે, પણ જીવે ત્યાં ધીરજ રાખવાની છે. જો વ્યાકુળતા કરે તો નવાં બંધાય. માટે ધીરજ રાખી સહન કરવા જ્ઞાનીની શિખામણ છે. તે જો લક્ષમાં હોય તો નવાં કર્મ ન બંધાય. આકુળતા કરશે તેટલાં કર્મ નવાં બંધાશે, તેથી ફરી જન્મવું પડશે. માટે ધીરજથી વેદી લેવાં, આ આખા પત્રનો સાર છે.

[વ૦ ૪૯૯] (સાંજના સભામાં) ૩૨૮ શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૨, ૨૦૧૦

પૂજ્યશ્રી– જીવને બોધ કેમ પરિણામ પામતો નથી? તેનું કારણ આ જ્ઞાનીએ શોધી કાઢ્યું. જીવ જે બધી પ્રવૃત્તિ કરે છે તે આંધળા જેવી છે. માટે જ્ઞાનીએ કહ્યું છે કે કર્મ બંધાય એવાં નિમિત્તોથી ડરતા રહેવું. પ્રમાદ રહિત થઈ સાવચેતીથી વર્તવાનું છે. ભાવનિદ્રા એટલે અજ્ઞાન. સાપના કરતાં અજ્ઞાન વિશેષ ભયંકર છે. બધું કરીને મિથ્યાત્વ છોડવાનું છે. ભાવનિદ્રા એટલે અનાદિકાળથી જીવને અહંભાવ મમત્વભાવ છે અથવા સ્વપ્નદશા છે તે છે. આ જે પ્રતિબંધ છે તે મારે છોડવા યોગ્ય છે, નથી છોડતો એ મારો જ વાંક છે એમ વિચારવું. ધર્મનો લોપ થાય છે ત્યાં આત્માનો લોપ થાય છે. પોતાનો વાંક જોવો. પોતાનો વાંક જોશે તો પોતાના દોષો નીકળશે. જ્ઞાનીનો બોધ પરિણમવો ઘણો દુર્લભ છે. માથું જાય તો પણ જ્ઞાનીનો બોધ ન મૂકે, એવી યોગ્યતા આવે ત્યારે બોધ ગ્રહણ થાય. અનાદિકાળના ભાવો છે તે ઓકી નાખે તો બોધ ટકે. નહીં તો બોધ રહે ક્યાં? મુમુક્ષુ એટલે સંસારભાવથી જેને છૂટવું છે. જેને છૂટવું નથી અને કર્મ બાંધ બાંધ કરે તે મુમુક્ષુ શાનો? કેદખાનામાં નાખ્યો હોય તેવો મુમુક્ષુને સંસાર લાગે. જેથી વૈરાગ્ય વધે તેવું ગમે તે વાંચન હોય તે કરવું. કંઈક વૈરાગ્ય હોય તોપણ પોતાની શિથિલતા છે તે એને ખસતી નથી. માર્ગ શૂરવીરનો છે અને આ કાયર થઈને બેઠો છે. શૂરવીર થવાનું છે. મને દુઃખ છે એમ લાગ્યું નથી. દુઃખ લાગે તો જીવ પાછો ખસે, પણ દુઃખ લાગતું જ નથી. શૂરવીર થયા વિના છૂટકો નથી. કંઈક બળ કરે તો આગળ વધે. પુરુષાર્થ કરશે ત્યારે પાર આવશે. પુરુષાર્થ કર્યા

વિના છૂટકો નથી. વીર્ય છૂપાવવાનું નથી. જેટલો બને તેટલો પુરુષાર્થ કરવાનો છે.

**"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ."**

સત્પુરુષનો યોગ થયે જે ભાવ આવે છે તે ટકે તો ઝટ મોક્ષ થઈ જાય, પણ જીવ પાછો ઢીલો પડી જાય છે.

[વ૦ ૫૦૦] ૩૨૯ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૮, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— વૈરાગ્ય-ઉપશમની પહેલી જરૂર છે. મારું-તારું એમ ન કરવું. સાચું હોય તે મારું છે, એમ રાખવું. મધ્યસ્થ ભાવનાની બહુ જરૂર છે. જ્ઞાનીપુરુષોએ શું નિર્ણય કર્યો છે તે સમજવા માટે જીવમાં વૈરાગ્ય-ઉપશમ હોવાં જોઈએ. વૈરાગ્ય, ઉપશમ અને સમકિત એ ત્રણ વસ્તુઓની જરૂર છે. તેથી આત્મા પુષ્ટ થાય છે. સંસારમાં ચિત્ત ભમે છે ત્યાં સુધી આત્મા ભણી વળે નહીં. વૈરાગ્ય જોઈએ. વૈરાગ્ય એટલે ખરી રીતે તો આત્મા છે. વિષયો એને ગમે નહીં તે વૈરાગ્ય છે.

શ્રી વર્ધમાનસ્વામીને વિચારની ઉત્પત્તિ થઈ કે જન્મમરણ થયા કરે છે, એ કેમ ટળે? ભગવાન મહાવીરે પહેલો એ લક્ષ દીધો. બધુંય છોડીને એક આ કામ લીધું. ફરી જન્મવું ન પડે એને માટે શું કરવું? એ શોધવા માટે બેઠા. એવી કઈ ભૂલને લીધે જન્મમરણ થાય છે? "યમ નિયમ સંજમ આપ કિયો." પણ જન્મમરણ છૂટ્યાં નહીં. તે ભૂલ ટાળવા માટે જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કહ્યું છે. વૈરાગ્ય વધારે એવી વાત કરવી. પહેલી વાત એ જ કરવાની છે. મોટામાં મોટી ભૂલ મુમુક્ષુતા નથી તે છે. મોહના કામમાં મૂંઝાય, મીઠાશ ન આવે તે મુમુક્ષુતા છે.

ભગવાનનો ઉપદેશ સાંભળીને ઘણાં ઝટ સાધુ થઈ જતા, પણ પછી પાળી ન શકે, એ માટે ભગવાન વારંવાર ત્યાગ-વૈરાગ્યનો ઉપદેશ કરતા હતા. સુખ આત્મામાં છે, બીજામાં નથી. બીજું બધું કલ્પિત છે. કૃપાળુદેવ લખે છે કે "કલ્પિતનું આટલું બધું માહાત્મ્ય શું?" (૫૭૬) આત્માના કામમાં જે વસ્તુ ન આવે તે બધી કલ્પિત છે. મુમુક્ષુતા, ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ આવે તો પોતાના દોષો દેખાય, નહીં તો પોતાના દોષો હોય તે ગુણો જ દેખાય. મૂળ ભૂલ એ જ છે કે વૈરાગ્ય ઉપશમ નથી, મુમુક્ષુતા નથી. મુમુક્ષુતા આવે તો શું કરવા જેવું છે, તે એને સમજાય.

બોધ ભગવાને કર્યો છે, તેના બે પ્રકાર છેઃ (૧) ઉપદેશબોધ (૨) સિદ્ધાંતબોધ. ઉપદેશબોધ એટલે આત્મા પોતે નિત્ય છે અને અનિત્ય પદાર્થોમાં મોહ કરે છે. અનિત્ય પદાર્થોની પાછળ પડ્યો છે અને દુઃખી થાય છે. મારે શું કામનું છે? તે એને ખબર નથી. મારું કુટુંબ, મારું ધન એમ કરે છે. સત્પુરુષનો બોધ થાય તો ખબર પડે કે હું ક્યાં ઊભો છું? સંસારમાં. એ સંસારમાં આધિ-વ્યાધિ સિવાય કંઈ નથી, એમ વિચાર કરે તો લાગે. આધિ-વ્યાધિમાં આત્માને શાંતિ નથી, બળે જ છે. સંસાર જ્યાં હોય ત્યાં એને સારો લાગે છે. પરિગ્રહ, આરંભ અને સંગ એ જીવને બોજો છે, ભારરૂપ છે. સત્સંગના અભાવે જીવને બીજા સંગમાં વૃત્તિ જાય છે. એ બોધ થયો હોય તો પછી સિદ્ધાંતબોધ રુચે. આત્મસિદ્ધિ એ સિદ્ધાંતબોધ છે. રોજ બોલીએ છીએ, પણ સમજાતું નથી, તેનું કારણ વૈરાગ્ય ઉપશમ વધે તો એ સમજાય.

વૈરાગ્ય ઉપશમ વિના સિદ્ધાંતબોધ સમજાય નહીં. વિવેકની જીવને જરૂર છે. અત્યંત ઉજ્જ્વળ ક્ષયોપશમ હોય અને સદ્‌ગુરુની આરાધના હોય તો સિદ્ધાંતબોધ સમજાય. વૈરાગ્ય-ઉપશમ આવે એવાં શાસ્ત્રો વાંચવાની જરૂર છે. જેમ જેમ વૈરાગ્ય-ઉપશમ આવે તેમ તેમ વિપર્યાસપણું ઘટતું જાય છે, આગ્રહ મટતા જાય છે. પછી જ્ઞાની કહે તે એને સમજાય.

સંસાર વિષમ છે, ક્યાંય સમતા નથી. જ્યાં જુએ ત્યાં રાગ-દ્વેષ જ દેખાય છે. જે સાચો બોધ છે, તે તો જીવને કોઈ મહા પુણ્યના યોગે પ્રાપ્ત થાય છે. ‘‘સમજ સાર સંસારમેં, સમજુ ટાલે દોષ’’ જીવ પોતાના જ્ઞાન ઉપર આવરણ કરે છે.

પોતાના દોષ પ્રત્યે દૃષ્ટિ રાખી બીજાના ગુણ જોવા. વૈરાગ્ય-ઉપશમની જરૂર છે. એ ભૂલવા જેવું નથી. સંસાર કડવો છે તેને મીઠો માને છે તે અવિવેક છે. એ વૈરાગ્ય-ઉપશમ વધે તો જાય. વૈરાગ્ય-ઉપશમ વધારવાં છે તે વાત પહેલાં સ્મરણમાં રાખવાની છે.

**[વ૦ ૫૦૦]** (સાંજના સભામાં) ૩૩૦ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ સુદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– વૈરાગ્ય ઉપશમ એ જીવમાં નથી એ મોટી ભૂલ છે. એ જ પહેલું કરવા યોગ્ય છે. વૈરાગ્ય ઉપશમ જેમ જેમ વધારશો તેમ તેમ બધું સમજાશે. એ કેવળજ્ઞાનનું કારણ છે. વૈરાગ્ય ઉપશમની બહુ જરૂર છે. એને વધારતાં વધારતાં કેવળજ્ઞાન થાય છે. વૈરાગ્ય ઉપશમ વધે એવું શાસ્ત્રમાં ઘણું કહ્યું છે અને સિદ્ધાંતબોધ તો થોડો જ છે. બે પ્રકારે ઉપદેશ છે. એક ઉપદેશબોધ અને બીજો સિદ્ધાંતબોધ. ઉપદેશબોધ કોને કહે છે તે હવે કહે છે–

જે જીવો મારું મારું કર્યા કરે છે તે બધું જાળ જેવું છે. સંસારમાં દુઃખ ભોગવે છે અને પાછી એની ને એની જ ઇચ્છા કરે છે. અત્યારે દુઃખી છે સંસારમાં, તોપણ જીવને ભાન નથી, તેથી સુખરૂપ લાગે છે. જ્ઞાનીપુરુષ આ સંસારને ત્રિવિધ તાપથી બળતો દેખે છે, પણ આ જીવ તેમાં જ મધનાં ટીપાં લેવાવાળાની પેઠે સંસારને જ ઇચ્છે છે. જ્ઞાનીપુરુષો જે પ્રકારે આ સંસારને જુએ છે તે પ્રકારે જીવને જોતાં આવડતું નથી. અનંતવાર આ જગતની એંઠ ચાખી છે. હવે એથી છૂટવું, એ આદિ ઉપદેશબોધ છે.

છ પદ, આત્મસિદ્ધિ, પંચાસ્તિકાય અને બીજા પણ દ્રવ્યાનુયોગના ગ્રંથો એ બધો સિદ્ધાંતબોધ છે. વૈરાગ્ય ઉપશમ વધારે હોય તો સિદ્ધાંતબોધ સમજાય. અનંત દુઃખવાળો આ સંસાર છે, છતાં તેમાંથી જીવ છૂટતો નથી.

**‘‘અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા!**
**અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં, વિચિત્રતા.!!’’**

ઉપદેશબોધ પહેલાં પરિણમે, ત્યારપછી સિદ્ધાંતજ્ઞાન પરિણમે છે. ત્યાં સુધી માત્ર સમજણનું અભિમાન છે. વૈરાગ્ય ઉપશમ વધે એટલા માટે શાસ્ત્રો વાંચવાનાં છે. વૈરાગ્ય ઉપશમ હોય તેને સદ્‌ગુરુનાં વચનોનાં આરાધનથી સિદ્ધાંતજ્ઞાન પરિણમે છે. વૈરાગ્ય ઉપશમ વધવાથી ચિત્તને અવકાશ મળે છે. વૈરાગ્ય અને ઉપશમ હોય તો બધી પંચાત શમી જાય, તેથી પછી એને શ્રદ્ધા

થાય અને પછી એને સિદ્ધાંતજ્ઞાન પરિણમે.

એક આત્માને જાણવો. બીજું જાણે તો આત્મા હાથ ન આવે.

[વ૰ ૫૦૧] (સાંજના) ૩૩૧ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૩, સં. સં. ૨૦૦૮

મુમુક્ષુ– 'ભગવાને મુનિને નદી ઊતરવાની આજ્ઞા આપી છે.' એ કેમ?

પૂજ્યશ્રી– પંચ મહાવ્રત લે ત્યારે પ્રાણાતિપાતનો ત્યાગ કરે છે, તો પણ નદી ઊતરવાની આજ્ઞા કરી છે. પેલી બાજુ નદી અને આ બાજુ પણ નદી હોય તથા વચ્ચે ગામ હોય તો વિહાર થઈ શકે નહીં, કેમકે મુનિ કાચા પાણીને અડે નહીં અને વિહાર ન કરે અને એવા સંગમાં રહે તો ગૃહસ્થ જેવા થઈ જાય, તેથી ભગવાને એ હિંસા કરતાં સંગથી વધારે હાનિ થશે, એમ જાણીને નદી ઊતરવાની આજ્ઞા આપી છે.

[વ૰ ૫૦૩] (બપોરના) ૩૩૨ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદ્રપદ વદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– પહેલું મહાવ્રત 'પ્રાણાતિપાતવિરમણ' નામનું છે, એટલે હિંસા ન કરવી. આત્માને પરભાવથી છોડાવવા માટે બધાં સાધન કહ્યાં છે. સર્વ પ્રકારની હિંસાથી હું વિરમું છું, એમ પચખાણ કર્યું છે, તેમ છતાં નદી ઊતરવા આદિની ભગવાને આજ્ઞા કરી છે. આ બાજુ નદી હોય અને પેલી બાજુ નદી હોય તો વચમાં થોડોક પ્રદેશ રહે, એટલે બધા ઓળખીતા થઈ જાય અને તેથી એકે મહાવ્રત ન પળાય, તેથી નદી ઊતરવાની આજ્ઞા આપી છે.

મુમુક્ષુ– દ્રવ્યપ્રાણાતિપાત એટલે શું?

પૂજ્યશ્રી– દસ પ્રાણનો નાશ કરવો તે, વિયોગ કરવો તે. એ દસ પ્રાણ છે તે જડ છે. તેથી એને દ્રવ્યહિંસા કહેવાય છે.

જગતની જેટલી વસ્તુઓ છે તે બધી વસ્તુઓનો ત્યાગ મુનિને કરાવાય છે. તેમ છતાં પુસ્તક, કમંડળ, વસ્ત્રાદિ રાખવાની આજ્ઞા કરી છે. શાતાને અર્થે વસ્ત્ર વગેરે ન રાખવાં. શરીર સારું લાગે, આપણને લોકો વખાણે, આવા ભાવથી ન રાખે. શાતાર્થે કંઈ ન રાખે, પણ આત્માર્થે રાખે. જીવતા રહેવાય એ માટે કહ્યું છે. પરિગ્રહ શાતા અર્થે રાખવો નહીં, પણ આત્માર્થે રાખવાનું કહ્યું છે. શાતાર્થે તો ત્યાગ કરાવ્યો છે. વસ્ત્રનો સંબંધ રહે તો પણ વસ્ત્રની ઇચ્છા ન રહે. નિઃસ્પૃહતા હોય. કોઈની પાસે સ્પૃહા કરે નહીં. વસ્ત્રમાં મૂર્છા ન થાય અને શરીર રક્ષાય. સ્પૃહા ન રહે એ માટે વસ્ત્ર રાખવાનું કહ્યું છે. જ્યાં સુધી પરિપૂર્ણ જ્ઞાન ન થયું હોય અથવા જ્યાં સુધી પૂર્ણ જ્ઞાનનો વિકાસ ન થયો હોય ત્યાં સુધી મુનિને પુસ્તકાદિ રાખવાની આજ્ઞા કરી છે. કોઈને એમ લાગે કે ભગવાન એક વખત તો બધાનો ત્યાગ કરાવે છે અને પાછું બીજી વખત ગ્રહણ કરવાનું કહે છે! ભગવાને તો બધું સૂલટું કહ્યું છે. મહાવ્રત આપ્યાં તેય કલ્યાણને અર્થે અને છૂટ આપી તે પણ કલ્યાણને અર્થે, પણ વિષમભાવે આપી નથી. અલ્પબુદ્ધિ હોય તેને વિષમ લાગે, પણ વિચારવાનને તો લાગે કે ત્યાગ એ પણ કલ્યાણ અર્થે અને છૂટ પણ કલ્યાણ અર્થે આપી છે.

બીજા વ્રતોમાં છૂટ-અપવાદ આપ્યો પણ મૈથુનનો તો સર્વ પ્રકારે ત્યાગ કરાવ્યો છે, કારણ કે એમાં આત્માની હાનિ જ થાય છે. એને માટે કોઈ પ્રાયશ્ચિત પણ આપ્યું નથી.

આર્યદેશમાં દિશાનું પરિમાણ કર્યું હોય છતાં અનાર્યદેશમાં પણ મહાપુરુષ વિચરતા હોય તો ત્યાં જવામાં કલ્યાણ છે. વ્રતો છે તે પણ કલ્યાણને અર્થે અને સત્પુરુષ પાસે જવું એ પણ કલ્યાણ અર્થે છે. સત્પુરુષ પાસે જવું તે પણ કલ્યાણરૂપ છે. આત્માનું કલ્યાણ થાય એવું હોય તો એમાં બધાં વ્રતો આવી જાય છે.

પત્ર વગેરે વ્યવહાર કરવાથી સાધુને પ્રતિબંધ થશે એમ જાણીને ના કહી છે, તેમ છતાં જ્ઞાની પ્રત્યે પત્ર લખવામાં તે અપવાદરૂપ છે. કોઈ શંકા હોય અને તે શંકા નિવારણ કરવાવાળો અહીં કોઈ ન હોય તો જ્ઞાનીને પત્ર લખી શંકા-સમાધાન કરે. જ્ઞાની પ્રત્યે પત્ર લખવાથી ઊલટો સંસાર ઘટે છે. બધું કરીને, વ્રત લઈને સંસાર ઘટાડવાનો છે.

જ્ઞાનીની આજ્ઞાથી પત્ર લખવામાં આજ્ઞાનો અતિક્રમ નથી. પત્ર વ્યવહાર કરે તો કંઈ દોષ નથી. પહેલાં જે પચખાણ લીધાં તે ભંગ ન કરવાં. જ્યાં સુધી જીવમાં રાગ, દ્વેષ, અજ્ઞાન છે ત્યાં સુધી એ જે નિર્ણય કરે તે બધું અજ્ઞાનરૂપ જ હોય છે. જ્ઞાનીને યોગે કર્યું હોય તો સાચું છે. પોતાની ઇચ્છાએ મુનિને પત્રાદિ લખવામાં વર્તવાનું નથી. પોતાની ભૂલ કબૂલ કરવી, નહીં તો નાનામાંથી મોટું ફળ આવે, દ્વેષ વધી જાય.

સંસાર બધો અસાર છે, નાશવંત છે. પ્રમાદથી દોષો થાય છે.

[વ૦ ૫૦૫] ૩૩૩ ગુડિવાડા, માગસર વદ ૦)), સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– વીતરાગનો માર્ગ ભગવાને કહ્યો છે તેની શ્રદ્ધા કરવાની છે. રાગ, દ્વેષ, મોહ વગેરે છૂટે ત્યારે વીતરાગ થાય. ભગવાને જેમ કહ્યું છે તેમ ચાલશે ત્યારે જ છૂટાશે. ક્રોધ, માન, માયા, લોભથી જીવને રહિત કરે તે વીતરાગમાર્ગ છે. પરમ શાંતિનો રસ જીવને આવવો જોઈએ. સમભાવ એ શાંતરસ છે. ઉપશમપણું, વીતરાગપણું આ કાળમાં દુર્લભ છે. સુખી થવું હોય તો વીતરાગમાર્ગ સેવવો. કેમ છૂટાય? એ વીતરાગમાર્ગ વિના જાણવા ન મળે. સમજણ આવવી મુશ્કેલ છે. યોગ્યતા આવે ત્યારે સમજાય. જીવની યોગ્યતા અને સત્પુરુષનો યોગ હોય તો સાચી સમજણ આવે. કોઈ વખત જીવની યોગ્યતા હતી તો સત્પુરુષનો યોગ ન મળ્યો અને કોઈ વખત સત્પુરુષ મળ્યા તો જીવની યોગ્યતા નહીં, એમ અનંતકાળથી થતું આવ્યું છે. તેથી જ અનંતકાળથી જન્મમરણ કર્યા કરે છે. એ બન્ને સાથે ન મળવાથી પરિભ્રમણ થયું છે. એ બન્ને ન મળે ત્યાં સુધી સંપૂર્ણ હિત થવાનું નથી. બેય યોગ મળશે ત્યારે જ છૂટાશે. ત્યાગ, વૈરાગ્ય જોઈશે. જ્ઞાનીપુરુષો સંસારને રોગરૂપ જાણે છે. બીજા રોગો તો મટી જાય, વધારે રહે તો આયુષ્ય સુધી રહે પણ આ સંસારરોગ તો અનાદિથી છે, અનંતકાળ થઈ ગયો પણ મટ્યો નહીં. સંસારરૂપી રોગ મને વળગ્યો છે, એવું દુઃખ લાગશે ત્યારે સત્પુરુષને શોધશે. અંદરથી સંસાર દુઃખરૂપ લાગે ત્યારે જ્ઞાની કહે તે માન્ય કરાય. સંસારમાંથી રુચિ ફેરવવાની છે.

હવે તો મોક્ષને માટે જ જીવવું છે. મોક્ષનો માર્ગ એ જ પરમ તત્ત્વ છે. તેનો મને સદાય

નિશ્ચય રહો. નિશ્ચય એ જ સમકિત છે, પરમ ધર્મ છે. એ જ માનવું, એ જ કરવું. એની જ ભાવના કરવાની છે. એ ભાવનાથી અપૂર્વ ફળ થશે. ભાવના ભવનો નાશ કરનારી છે. ભાવના એવી કરે કે જન્મમરણ છૂટી જાઓ, માયાદિ ભાવ છૂટી જાઓ, તો મોક્ષ થાય. પણ સાચી રીતે થવી જોઈએ. સાચી ભાવના કરે તો કામ થઈ જાય. જે સંસારથી કંટાળ્યો હોય તેનાથી એવાં વચનો કહેવાય. જન્મ-મરણ બંધન લાગે ત્યારે છૂટવું શરૂ થાય.

આ જીવને બંધન નથી લાગતું. અનંતકાળથી જે કંઈ કરતો આવે છે તેનું ફળ ક્લેશ આવ્યું છે. આવા રસ્તે તું ન જા, એમ જ્ઞાનીપુરુષ પોકારી પોકારીને કહે છે. વિચાર આવે ત્યારે સમજાય કે આ રસ્તો દુઃખનો છે. બધા જ્ઞાનીપુરુષોએ આ સંસારને અસાર કહ્યો છે. જેને જ્ઞાનીપુરુષ ઉપર શ્રદ્ધા છે તેને સંસાર ક્લેશરૂપ લાગે છે. એવું લાગે ત્યારે જ છૂટવું થાય. જ્ઞાનીપુરુષ કહે છે કે જો તને માર્ગ સમજાયો છે, તો હવે પ્રમાદ ન કર. મનુષ્યભવ દુર્લભ છે, કોઈક વાર મળે છે. એવા મનુષ્યભવ પણ પૂર્વે અનંતવાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં. માટે જ્ઞાનીપુરુષો ચેતાવે છે કે હે જીવ! મોહમાંથી જાગૃત થા, જાગૃત થા. મનુષ્યભવની એક ક્ષણ પણ રત્નચિંતામણિ જેવી છે.

મનુષ્યભવમાં મોહનો ક્ષય કરી શકાય છે. મોહનો ક્ષય કરવો હોય તો કરી શકાય એવી વસ્તુ મળી છે, તે જ્ઞાનીપુરુષની આજ્ઞા છે.

જ્ઞાનીપુરુષની આજ્ઞા ઉપાસવી. ધર્મ આરાધન વિના રુચિ પલટાય નહીં. ગમે તેમ કરી મને જ્ઞાનીની આજ્ઞા પ્રાપ્ત થાઓ, એવી ભાવના રાખવી. જ્ઞાનીની આજ્ઞાથી જ મોક્ષ છે એવું જીવને દૃઢ થયું નથી. આજ્ઞાનું માહાત્મ્ય લાગે ત્યારે સ્વચ્છંદ વગેરે દોષો જાય. આજ્ઞા એ જ ધર્મ છે. પ્રમાદ એ મોટો શત્રુ છે. પ્રમાદ છોડીને જાગૃત થવાનું છે.

[વ૦ ૫૦૬] ૩૩૪ ગુડિવાડા, માગસર વદ ૦)), સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાનદશા આવ્યા પછી પણ જાગૃત રહેવાનું છે. ચાર જ્ઞાનના ધરનાર ગૌતમ જેવા જ્ઞાનીપુરુષને પણ ભગવાન મહાવીર સંબોધતા હતા કે "समयं गोयम मा पमाए ।" "સમય માત્રનો પણ પ્રમાદ ન કરવો." જીવને અનાદિથી રખડાવનાર વિપર્યાસપણું છે. એ વિપર્યાસબુદ્ધિ મટે ત્યારે પરિભ્રમણ મટે. જાગૃતિ રાખવાની જરૂર છે. મોહને લીધે જીવ અગિયારમેથી પડે છે. જીવને મોક્ષ થતાં સુધી અનંત ભય છે. સંસાર તો અનેક વિઘ્નોથી ભરેલો છે, એમ તીર્થંકર ભગવાને કહ્યું છે. મરિચિ જે મહાવીર ભગવાનનો જીવ, તેણે એક વિરોધી વચન બોલ્યું, તેથી કેટલાય ભવ કરવા પડ્યા. માટે તીર્થંકરો ચેતાવે છે કે જ્યારે પ્રારબ્ધનો ઉદય હોય ત્યારે વધારે ચેતતા રહેવું, નહીં તો કોણ જાણે કેવાં કર્મ બંધાશે? તેનું કંઈ કહેવાય નહીં.

મુમુક્ષુ– નિર્ભય કોણ કહેવાય?

પૂજ્યશ્રી– જેણે ચાર ઘાતી કર્મનો ક્ષય કર્યો છે તે નિર્ભય છે. અગિયારમા સુધી ભય છે. ચોથે, પાંચમે, છઠ્ઠે, બધે ગુણસ્થાનકે ચેતવાનું છે. મોહનીયકર્મનો ક્ષય કર્યા પછી ભય નથી. પહેલાથી અગિયારમા સુધી ભય છે. માટે ચેતતા રહેવાની જરૂર છે. મોહ કેટલો બધો વધી જશે,

એનું કશું કહેવાય નહીં. પ્રમાદમાં પડ્યો તો ચૌદપૂર્વ ભણેલો હોય અને સમકિત ન થયું તો પાછું અનંત કાળ સુધી રખડવું પડશે.

મુમુક્ષુ– ચૌદ પૂર્વધારી એટલો બધો ભણેલો છતાં કેમ પડી જતો હશે?

પૂજ્યશ્રી– મોહને લઈને પડે છે. અભ્યાસ જુદી વસ્તુ છે અને મોહ જુદો છે. સમ્યગ્દર્શન ન હોય, તેથી પડે છે. સમ્યગ્દર્શન હોય તો તે એને ચેતાવે છે. એના વિના બધું નિષ્ફળ છે. રુચિ છે તે બધાનો આધાર છે. એકલું જ્ઞાન કંઈ બચાવે નહીં, પણ સાથે મોહની મંદતા જોઈએ. સંસારથી ભય પામવો જોઈએ. મોહ છે એ જ સંસારનું મૂળ છે. મોહ છે ત્યાં સંસાર છે. સંસાર દુઃખરૂપ છે એવું એને લાગતું નથી. ભાવ ફેરવવાનો છે. જ્ઞાનીપુરુષના આશ્રયે ચાલે તો ભાવ ફરે.

ધર્મનું મૂળ શ્રદ્ધા છે. જ્ઞાનીપુરુષે જે કહ્યું તે મોક્ષનો માર્ગ છે. શ્રદ્ધા કોના ઉપર કરવી, એ બેસતું નથી. અજાણ્યો અને આંધળો બરાબર છે. અજ્ઞાનદશામાં ખબર પડે એવું નથી. સદાચાર અને ત્યાગ, વૈરાગ્ય સેવવાં. પુણ્યના યોગે સદ્ગુરુ મળી આવશે. પુણ્ય જોઈએ. સત્પુરુષના યોગે શાંતિ થાય છે. જ્યાં સુધી આત્મા જાગૃત નહીં થાય, ત્યાં સુધી બધે ભય છે. સદ્ગુરુને ઓળખવામાં ભૂલ આવી તો બધામાં ભૂલ આવશે. ધર્મ સદ્ગુરુથી શરુ થાય છે, માટે એમ કહ્યું કે ''બીજું કંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા.'' (૭૬)

જેમ જેમ મુમુક્ષુતા આવશે, તેમ તેમ માર્ગ સમજાશે. છૂટવાની ભાવના મોળી ન પડવા દેવી. ''ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય'' વૈરાગ્ય હશે તો ઓળખાણ થશે. મુમુક્ષુતા વધશે તેમ તેમ ઓળખાશે. મુમુક્ષુ તે છે કે જે મોહથી મૂંઝાયો છે. પુણ્ય અને ત્યાગ-વૈરાગ્ય હોય તો સત્પુરુષનું ઓળખાણ પડે. અનાદિકાળથી મોહમાં પડ્યો છે. એના માટે તો રસ્તો બીજો જોઈએ. 'ઘણુંય ખાધું, ઘણુંય પીધું, પણ હવે છૂટવું છે' એવું થાય ત્યારે છૂટાય. જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી સત્પુરુષ ન ઓળખાય. જેને આત્મજ્ઞાન થયું છે એવા પુરુષને પણ ચેતતા રહેવાનું જ્ઞાનીપુરુષોએ કહ્યું છે, તો પછી જેને માર્ગાનુસારીપણું પણ નથી તેણે તો કેટલી જાગૃતિ રાખવાની જરૂર છે! વિશેષ ભય રાખવાની જરૂર છે. જ્ઞાનીપુરુષના યોગે સમજણ આવે છે. યોગ્યતા હશે તો સમજણ આવતાં વાર ન લાગે. વૈરાગ્ય ન હોય તેને ગમે તેવું જ્ઞાનીપુરુષો કહે, પણ એ તેને સારું ન લાગે. એને તો મોહની વાત કરે તો ગમે, બીજું ગમે નહીં.

બોધ બે પ્રકારે છેઃ એક ઉપદેશબોધ અને બીજો સિદ્ધાંતબોધ. ત્યાગ-વૈરાગ્યની ભૂમિકા આવશે ત્યારે સિદ્ધાંતબોધ પરિણમશે. ઉપદેશબોધ એ શરૂઆતની ભૂમિકા છે. ઉપદેશબોધમાં ત્યાગ વૈરાગ્યનો ઉપદેશ હોય છે. એથી પુરુષાર્થ વર્ધમાન થાય છે. 'આત્મસિદ્ધિ' એ સિદ્ધાંતબોધ છે. આત્મસિદ્ધિ રોજ બોલે, પણ જ્યાં સુધી યોગ્યતા ન હોય ત્યાં સુધી પરિણમે નહીં. છએ દર્શનના સારરૂપ જ્ઞાનીપુરુષનાં વચનો છે. જે ત્રણે કાળ ફરે નહીં તે સિદ્ધાંતબોધ છે. જેટલો ત્યાગ વૈરાગ્ય હશે તેટલું સમજાશે અને સમકિત થશે. મિથ્યાત્વ છે તે અનાદિકાળથી જીવને અવળું સમજાવે છે. વિપરિત બુદ્ધિ છે તે ઉપદેશબોધ વગર જાય નહીં. જ્ઞાનીપુરુષનું શું કહેવું છે, તે

લક્ષમાં ન આવે. જીવ કર્મથી ઘેરાયો છે. જેને મોક્ષે જવાની ભાવના છે તે પાંચ ઇન્દ્રિયના વિષયોથી સંતોષ નથી માનતા. પોતાનું મૂળ સ્વરૂપ વિચારીને પ્રાપ્ત કરવા જેવું છે. જેમ છે તેમ સમજી લેવાનું છે. જીવ મોહને આધીન છે, તેથી મોહમાં રાજી થાય છે. તુચ્છ વસ્તુમાં આનંદ માને તો સાચી વસ્તુ હાથ ન આવે. એ વિપરીતતા મટવાનો ઉપાય ત્યાગ-વૈરાગ્ય અને ઉપશમ છે. જીવની યોગ્યતા વધે, સંસાર દુઃખરૂપ લાગે એટલા માટે ઉપદેશબોધ છે. એ ઉપદેશબોધ વિના જીવ આગળ ન ચાલી શકે. પાત્રતા વિના સમજાશે નહીં.

**"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન."**

વિચાર જ નથી. સાચા સ્વરૂપનો વિચાર આવતો નથી. ત્યાગ-વૈરાગ્ય પણ સાધન છે.

ઉપદેશબોધ વિના સિદ્ધાંતબોધ ન થાય. જીવની બુદ્ધિ સંસારમાં છે. તેથી સંસારમાં જ અનુકૂળતા શોધે છે. મુખ્ય તો દેહભાવ જ આગળ રાખ્યા કરે છે. સંસારથી કંટાળે ત્યારે પરમાર્થની અપૂર્વતા લાગે. ઉપદેશબોધથી વિપર્યાસબુદ્ધિ મંદ પડે છે. જેને ગાઢ વિપર્યાસપણું છે તેને તો જ્ઞાનીનું શું કહેવું છે, તે પણ ન સમજાય. વૈરાગ્ય, ઉપશમ જોઈશે. એ હશે તો જ છૂટવાની ભાવના થશે. વિપર્યાસબુદ્ધિ ગયા વિના સ્પષ્ટ સ્વરૂપ સમજાય નહીં. વિપર્યાસબુદ્ધિ છે ત્યાં 'હું' અને 'મારું' છે; મોહ છે. વિપર્યાસબુદ્ધિવાળાનું વર્તન બધું અવળું છે. વૈરાગ્ય ઉપશમ આવે તો વિપર્યાસપણું ઘટે.

જેને વૈરાગ્ય હોય તેને પરિગ્રહ વધારવાનું મન ન થાય. જેને ઉપશમ હોય તેને કષાયભાવ ન હોય. વૈરાગ્ય-ઉપશમની જરૂર છે. ત્યાગ-વૈરાગ્ય આત્માર્થે થવાં જોઈએ. એને માટે—

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ-અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

એવી દશા આવ્યા પછી

**"આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુ બોધ સુહાય;**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.**

**જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;**
**જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ."**

વિપર્યાસપણું ટળીને સદ્‌બુદ્ધિ થાય છે. અહંભાવ, મમત્વભાવ મટાડવાના છે અને વૈરાગ્ય, ઉપશમ વધારવાના છે.

આત્મા જેવી એકે વસ્તુ નથી. "આત્માથી સૌ હીન." આત્મા ઓળખાય તો સફળપણું છે. સદ્‌વિચારણાથી ચેતન તેમ જ જડને જાણી નિર્ણય કરવો. મોહ એ મુખ્ય કર્મ છે, એ જાય તો કેવળજ્ઞાન.

જ્યારે મોહ વિશેષ મંદ પડે ત્યારે સમકિત થાય છે. જેમ જેમ વૈરાગ્ય-ઉપશમ વધશે, તેમ

તેમ મોહ મંદ પડશે અને સુવિચારણા જાગશે. આરંભ અને પરિગ્રહ એ વૈરાગ્ય-ઉપશમના કાળ છે. વૈરાગ્ય-ઉપશમ વધારવા માટે આરંભ-પરિગ્રહની નિવૃત્તિ કરવી. સમજણ ફેરવવાની છે. સમજણ ફરી તો બધું ફરી જાય.

**[વ૦ ૫૦૬]** (સાંજના સભામાં) ૩૩૫ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૦)), સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ''समयं गोयम मा पमाए ।''

ઘણીવાર જીવ વાંચે છે, સાંભળે છે; પણ આ મને કહ્યું છે એમ લાગતું નથી. આ તો ગૌતમસ્વામીને કહ્યું છે, આપણને ક્યાં કહ્યું છે; એમ એને લાગે છે. જેમ જેમ ઉપદેશની અપૂર્વતા લાગશે તેમ તેમ ઉપદેશ પરિણમશે. કૃપાળુદેવ મને જ કહે છે એમ જાણી સાંભળવું, વિચારવું. જીવ 'આત્મા નિત્ય છે' એમ કહે છે, પણ પાછો ભય પામે છે. તેનું કારણ ઉપદેશબોધ થયો નથી અને મળ્યો તો ગ્રહણ કર્યો નથી. તેથી સિદ્ધાંતબોધ પરિણામ પામતો નથી.

વીતરાગ કષાય ઘટાડવાનું કહે છે અને એ વધાર વધાર કરે, તો માર્ગે ચઢાય નહીં. ઉપદેશબોધ પરિણમે ત્યારપછી સિદ્ધાંતબોધ પરિણમે છે. અહંભાવ મમત્વભાવ જાય તો ઉપશમ આવે. ઉપશમ આવે તો કષાય શમાઈ જાય. અંદર કષાય રહે પણ એ કામ ન કરે. ઉપશમ સમકિત છે તે ક્ષાયિક જેવું છે. બે ઘડી રહે છે પણ ક્ષાયિક જેવું જ છે.

જે કષાય ઉપર જય મેળવશે તેનું કલ્યાણ થશે. જીવને પોતાની વૃત્તિ છેતરે છે. ખરો પુરુષાર્થ તો એ જ છે કે અનંતકાળથી જે જાણ્યું છે તે ભૂલી જાય. આ કાળમાં ''ભક્તિ અને સત્સંગ એ વિદેશ ગયાં છે.'' (૧૭૬) વૈરાગ્ય ઉપશમની જીવને કિંમત નથી. પરિગ્રહ છે તે પાપ છે. જેટલો વધારે પરિગ્રહ થાય તેટલું વધારે પાપ વધે છે. સત્પુરુષને યોગે કંઈક વૈરાગ્ય ઉપશમ થયા હોય પણ પાછો આરંભપરિગ્રહમાં પડે તો બધું જતું રહે. આરંભપરિગ્રહ સાપ જેવા છે. એ હોય તો વૈરાગ્ય ઉપશમ ક્યારે નાસી જાય તેનું કંઈ કહેવાય નહીં. ભલે થોડો પરિગ્રહ હોય પણ 'મારું' છે, એમ થયું ત્યાં આગળ ચિંતા-ફિકર ઊભી થઈ. એનું નામ જ મિથ્યાત્વ છે.

આત્માનું જે જ્ઞાનધન છે તેના ઉપર બીજું ધન લેવા જતાં આવરણ આવે છે. જ્યાં સુધી આરંભપરિગ્રહ હોય ત્યાં સુધી કેવળજ્ઞાન ન થાય. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી આરંભપરિગ્રહ છે. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ક્યાંય ને ક્યાંય વૃત્તિ ખળી રહે છે. આરંભપરિગ્રહ શત્રુ છે. જ્ઞાની ઝેરને ઝેર કહે છે, પણ એનાથી મનાતું નથી. ઘણા કાળથી જીવે અસત્સંગ સેવ્યો છે, તેથી આરંભપરિગ્રહ ઉપરથી વૃત્તિ ઊઠતી નથી.

**[વ૦ ૫૦૮]** (રાતના સભામાં) ૩૩૬ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ઉપાધિનું પ્રમાણ કૃપાળુદેવને કેટલું હશે? તે આ ઉપરથી જણાય છે. પત્ર લખવાનો પણ ટાઈમ નથી. જ્યારે પોતાની પરમાર્થદશા હોય, આત્મામાં ઉપયોગ વર્તતો હોય, બીજી વૃત્તિઓ ન હોય અને પરમાર્થનો જ ઉદય હોય ત્યારે જ લખતા, નહીં તો નહીં. આટલા અસરકારક વચનો નીકળ્યાં છે તેનું કારણ એ જ છે.

ઉપાધિયોગ અને આરંભપરિગ્રહની વૃત્તિઓ તે વૈરાગ્ય ઉપશમના કાળ છે. આખી જીંદગી એવો ઉપાધિયોગ રહે તો જે સમાધિભાવ હોય તે પડ્યો રહે અને પ્રમાદયોગ જેવું થાય. અપ્રમત્ત રહેવું જોઈએ તેને બદલે પ્રમત્તયોગમાં રહેવું પડે છે.

**"આવી અપૂર્વ વૃત્તિ અહો! થશે અપ્રમત્ત યોગ રે"**

અપૂર્વ વૃત્તિ આવી છે, પણ વચ્ચે પ્રમાદ થાય છે. છઠ્ઠાથી આગળ બધાં ગુણસ્થાનક અપ્રમત્ત દશાનાં છે. આખી જીંદગી પ્રમાદમાં જાય એમ તો કરીએ નહીં.

સંસારમાં કશું ગમતું નથી. સંસારનું સ્વરૂપ એવું છે કે ગમે તેવા મોટા રાજા મહારાજા હોઈએ, પણ એમાં કંઈ રસ નથી. ગમે તેટલા પૈસા કમાતા હોઈએ તે પણ ગમતા નથી. પણ એવો ઉદય હોવાથી એમાં જ વૃત્તિ રાખવી પડે છે. વિચારવાન જીવ હોય તેને સંસાર ગમેય નહીં. સંસારમાં ચિત્ત જાય તો શું મળે? ક્લેશ મળે. એમ જેણે સંસારને ક્લેશરૂપ જાણ્યો હોય તે એમાં કેમ જાય? ભગવાને એક સમયનો પણ પ્રમાદ કરવાની ના કહી છે. તેમ છતાં ઉદયને લીધે પ્રમાદમાં વર્તવું પડે છે.

જો કે પ્રમાદરહિતપણે ન વર્તીએ તો પણ એ સંસાર અસાર જ લાગે છે. વિચારવાનને સંસાર ભયરૂપ અને અસાર લાગે છે. બધા જ્ઞાનીને એમ લાગે છે. શરીરનાં દુઃખ લાગતાં નથી, પણ સમયે સમયે આત્મામાં ઉપયોગ રાખવાનો છે તે રહેતો નથી તેનો ભય લાગે છે, બીજો ભય નથી. પોતાના ચિત્તમાં સંસારનું સ્વરૂપ કેવું લાગ્યું છે, તેનો આ શબ્દોમાં જાણે ફોટો પાડ્યો હોય તેવું છે. બીજા જીવોને મરણ ભયરૂપ લાગે છે, પણ એમને આત્મસ્વરૂપ ગૌણ કરવું પડે છે, તેનો ભય લાગે છે. નિત્ય ઉપાધિયોગ ક્યારે પૂરો થાય, ક્યારે પૂરો થાય એમ થયા કરે છે. નિત્ય છૂટવાનો જાપ જપીએ છીએ. અનેક પ્રકારે વિચારતાં એમને સંસાર ખારો લાગ્યો છે, તેમ છતાં પરાણે તેમાં જ્ઞાનીને રહેવું પડે છે.

ઉપાધિમાં રહી શું લખવું? એમ એમને રહ્યા કરે છે. કાગળ લખવા બેસે કે મનમાં એમ ખેદ થાય કે આપણને ઘટે નહીં એવી પ્રવૃત્તિ કરીએ છીએ, તો શું લખવું? જ્ઞાનીની પ્રવૃત્તિ જ્ઞાની જાણે છે. વસ્તુનું સ્વરૂપ જાણે તેમ છતાં તજવા યોગ્ય હોય તેમાં રહેવું પડે તે એમને ગમે નહીં.

[વ૦ ૫૦૯] ૩૩૭ બેંગ્લોર, માગસર સુદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— કાયા અને આત્મા બન્ને જુદા પદાર્થ છે. જે પદાર્થ જુદા હોય તે જુદા પડી શકે છે. જેમ દૂધ અને પાણી ભેગાં હોય, પણ ગરમ કરવાથી બન્ને જુદાં પડે છે; તેમ જીવ અને કાયા ક્રિયા કરવાથી જુદાં પડે છે. બન્ને ભિન્ન છે. દેહ છે તે કર્મનું ફળ છે. જેણે જીવ ન જાણ્યો હોય તે પણ ક્રિયા કરતાં દેખીને જીવ છે એમ કહે છે. જ્ઞાન થાય ત્યારે સ્પષ્ટ જુદાં લાગે છે.

મુમુક્ષુ— બન્ને પદાર્થ જુદાં છે તો એને વેદના શાથી થાય છે?

પૂજ્યશ્રી— સૂર્યનો તાપ લાગવાથી જેમ પત્થર ગરમ થઈ જાય છે અને સૂર્ય આથમ્યા પછી પણ થોડીક વાર ગરમ રહે છે, તેમ અજ્ઞાનરૂપી સૂર્યથી તપ્ત થયેલા જીવને વેદના રહે છે. જ્ઞાનીપુરુષના શરણે એ તાપ ઠરે છે. જીવને અજ્ઞાનરૂપ તાપ હોવાથી "મને વેદના થાય છે" એમ

લાગે છે. દેહ હોય ત્યાં સુધી વેદના તો રહે છે. દેહાધ્યાસ છૂટ્યા પછી ફરીથી વેદના ઉત્પન્ન થાય એવાં કર્મ ન બાંધે. આત્મજ્ઞાન થવાથી ભેદ પડે છે. દેહથી આત્મા ભિન્ન જાણ્યા પછી ભૂલતા નથી. દેહને વેદના થઈ છે એમ તે જાણે છે.

''શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્પ્રકારે અહિયાસવા યોગ્ય છે.'' (૪૬૦) એમ તે જાણે છે. વેદના વેદતાં વિષમભાવ ન થાય, એ જ્ઞાનનું ફળ છે. વેદના છે તે આત્મગુણને ઘાત કરનાર નથી. જેને સ્વરૂપજ્ઞાન થયું છે, તેને દેહ અને આત્મા ભિન્ન ભાસે છે. જે જ્ઞાન વેદનાથી ખસી જાય તે જ્ઞાન જ નથી. જ્ઞાનીપુરુષને એમ નથી થતું કે મને વેદના થઈ છે. વેદની છે તે આત્માને હાનિકારક નથી. જ્ઞાનીપુરુષોને જ્ઞાન થયું છે તેથી વિષમભાવ થતો નથી, કારણકે તેઓ વસ્તુસ્વભાવને જાણે છે. જીવ દેહાધ્યાસને લઈને મને થયું છે, એમ માને છે. વેદનીયકર્મ છે તે જ્ઞાનને આવરણ કરનાર નથી. મોહનીયકર્મને લઈને જ બધું થાય છે. શાતા-અશાતા મોહથી જ લાગે છે. માટે જ્ઞાનીપુરુષોએ પહેલાં એને જ નાશ કરવાનું કહ્યું છે. શાતા હોય તો સારું અને અશાતા હોય તો ખોટું, એ અજ્ઞાનનું જ લક્ષણ છે. બન્ને પદાર્થ ભિન્ન સમજાયા પછી આ સારું અને આ ખોટું એમ નથી થતું. બધાનો પાયો વૈરાગ્ય છે. જેને વૈરાગ્ય હોય તેને જ એ જ્ઞાન વસ્તુ ઠરે છે.

[વ૦ ૫૧૦] ૩૩૮ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૫, સં. ૨૦૦૮

પ્રશ્ન– બંધવૃત્તિઓ એટલે શું?

પૂજ્યશ્રી– જે વૃત્તિથી જીવને બંધ થાય તે બંધવૃત્તિ છે. કોઈ પ્રત્યે રાગ અને કોઈ પ્રત્યે દ્વેષ થાય તો બંધ થાય છે. બધી ક્રિયાઓમાં સારું-ખોટું, ગમતું-અણગમતું થયા કરે છે, તેથી કર્મ બંધાય છે; જેથી બંધ થાય તે વૃત્તિઓને ઉપશમાવવી અથવા ક્ષય કરવી. જેમ કોઈ સામાયિકમાં બેઠો હોય ત્યારે તે વૃત્તિઓને રોકે તે ઉપશમાવી કહેવાય અને નિવર્તવાવી એટલે બિલકુલ છોડી દેવી, મારે રાગદ્વેષ નથી કરવા એમ. જેમ કોઈ લીલોતરી ખાતો હોય તે નિયમ કરે કે આજ મારે નથી ખાવી, તો એટલા સુધી વૃત્તિ ઉપશમાવી કહેવાય અને આ લીલોતરી ખાવામાં પાપ છે, માટે મારે જિંદગી સુધી નથી ખાવી, તે વૃત્તિ નિવર્તાવી કહેવાય. બંધવૃત્તિઓ ઉપશમાવવાનો અથવા નિવર્તાવવાનો સતત અભ્યાસ કરવાનો છે. સતત એટલે હંમેશાં. હંમેશાં વૃત્તિઓ ક્ષણે ક્ષણે થાય છે તો ક્ષણે ક્ષણે ઉપશમાવવી વા ક્ષય કરવી. વિચાર ન કરે તો વૃત્તિઓને રોકે કેમ કરી? વિચાર આવે ત્યારે એને રોકવાનો પુરુષાર્થ કરે. વિચાર અને પ્રયાસ કર્યા વિના વૃત્તિઓ ઉપશમે વા ક્ષય ન થાય. જે કામ કર્યું ન હોય તે ક્યાંથી થાય? વૃત્તિઓને રોકવાનું કામ કોઈ વાર કર્યું ન હોય તો ક્યાંથી થાય? ઘણીવાર પૂર્વે જીવે વૃત્તિઓને રોકવાનું અભિમાન કર્યું છે, પણ વૃત્તિઓ રોકી નથી. તે એમ કે 'મેં તપ કર્યું, મેં વ્રત લીધું' અને વૃત્તિઓ તો બહાર ભટકે. હું સાધુ થયો એમ અભિમાન કર્યું, પણ વૃત્તિઓ કંઈ રોકી નહીં. વ્રત નિયમ વગેરે લઈને 'હું વ્રત પાળું છું' એમ અભિમાન કરે, પણ વૃત્તિઓનું ઠેકાણું ન હોય. જીવે વૃત્તિઓને ઉપશમાવવાનું આજ સુધી નથી કર્યું, પણ હવે જો કરે તો થાય. મને વૃત્તિઓથી બંધ થાય છે તેથી રોકવી, એવું પણ એ કરતો નથી. ખાવાપીવામાં

જેટલો રસ આવે છે તેટલો વૃત્તિઓ રોકવામાં આવતો નથી. વૃત્તિઓ રોકે તો શાંતિ થાય. વૃત્તિઓ શાંત થાય તો આત્માનું ભાન થાય.

''કડવાશ લાગતાં છતાં'' એટલે વૃત્તિઓ રોકી ન હોય તો તેનું ફળ પાપ આવે અને પાપનું ફળ દુઃખ આવે છે. દુઃખ આવે ત્યારે લાગે કે એ પાપ મેં ન કર્યું હોત તો ઠીક થાત, પણ એ ઉપરથી શિખામણ લેતો નથી કે એવાં પાપ હવે મારે ન બાંધવાં. દુઃખ તો આવીને ચાલ્યું જાય છે, પણ જીવ તે ઉપરથી શિખામણ લેતો નથી. તેના ઉપર પગ મૂકીને ચાલ્યો જાય છે. દુષ્ટપરિણામી જીવ છે. આ દુષ્ટપરિણામી જીવે વારંવાર વિચાર કરવો યોગ્ય છે. વારંવાર દોષ કર્યા કરે છે, પણ ચેતતો નથી. દુઃખ આવે તે ગમતું નથી, પણ હવેથી એવું પાપ ન કરું એમ ચેતતો નથી.

પુત્ર, પિતા, કાકા, ભાઈ, સ્ત્રી આદિમાં જ્યાં જ્યાં એને સ્નેહ થાય છે, તેને સંપત્તિ માને છે, મમતા કરે છે. જ્ઞાનીનો યોગ થયા પછી વૈરાગ્ય થવો જોઈએ. એ ન થાય તો મળ્યા ન મળ્યા સરખું છે. જ્ઞાનીપુરુષનો યોગ થયા પછી સ્ત્રી મડદા જેવી લાગવી જોઈએ. પૈસા કાંકરા જેવા લાગવા જોઈએ. એવું ન થાય તો જ્ઞાનીપુરુષનો એને યોગ થયો છે એમ જ્ઞાનીપુરુષો સંમત કરતા નથી. મુમુક્ષુ જીવે એ મોહને નિંદવા યોગ્ય છે. તે નીરસ છે, જેમ બને તેમ એને છોડવા યોગ્ય છે. પુત્રપણું માની તેના પર સ્નેહ કરે છે. એમ અનંતકાળથી કરે છે. જ્ઞાનીનો યોગ થયા પછી એવું ન થવું જોઈએ. એ મોહ બન્નેને એટલે પિતા અને પુત્રને અહિતકારી છે. મોહને પોષે છે તે અહિતકારી છે. જ્ઞાની કહે છે કે પુત્રપણું કે પિતાપણું આત્મામાં નથી. બધું કલ્પીને કર્યું છે. પિતા-પુત્ર નથી, પણ આત્મા છે. જ્ઞાનીનો યોગ થયા પછી એ પિતા-પુત્રપણું ભૂલી જવું. પિતા તે પિતા ન રહે અને પુત્ર તે પુત્ર ન રહે. આત્મામાં એવું હોય તો ત્રણે કાળ રહે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર આત્માના છે તો ત્રણે કાળ રહે છે. કલ્પિત છે તેને સાચું માને છે. જ્ઞાનીને યોગે કલ્પિતને છોડી સાચી વસ્તુ તે સમજવી છે. જીવને કોઈ ઉત્પન્ન કરતું નથી. દેહ ઉત્પન્ન થાય, પણ જીવ ઉત્પન્ન થતો નથી. કોઈ એક ભવમાંથી આવીને એકને ઘેર જન્મ્યો, તેથી એ એનો પુત્ર કહેવાયો; પણ એ એનો સ્વભાવ નથી. પછી હાથી થાય, કૂતરો થઈ જાય એમ ભટક ભટક કરે છે. દેહને આશ્રયે કલ્પના કરે છે. કલ્પનાને લઈને બધું ઊભું થયું છે. જેને સત્સંગની ઇચ્છા રાખવી છે તેણે આ કલ્પનાઓ છોડવાની છે. મોહ હોય ત્યાં સુધી સત્સંગ પણ સફળ ન થાય. જીવને જ્ઞાનીનાં વચનોનો આત્મામાં સ્પર્શ થતો નથી.

લૌકિકભાવ છૂટે તો અલૌકિક ભાવ આવે. અલૌકિક ભાવે વર્તવાનું છે. સત્સંગની ઇચ્છા હોય તેણે મોહ સંબંધી વિચાર ઓછો કરવો. મોહ છે તે બંધવૃત્તિ છે. જ્ઞાની પણ એમ વર્તે તો જ્ઞાની શાના? એમ વર્તે તો જ્ઞાન મટી અજ્ઞાન થઈ જાય. આત્મભાવના કરવાનો લક્ષ હોય તો સત્સંગ સફળ થાય. જેમ બને તેમ બીજા કામોથી છૂટી જ્ઞાનીનાં વચનો વિચારવાં. સારા કામમાં વખત ગાળવો. તીર્થસ્થાનમાં જઈને કંઈક શીખવું છે એવો લક્ષ રાખવો.

કંઈક સાંભળવાનું મળ્યું તો ગાંઠે બાંધવું. 'હું કંઈ જાણતો નથી' માટે હવે મારે જાણવું છે, એમ થાય તો એને ગ્રહણ થાય. જ્ઞાનીનાં વચનો આત્મા ભણી વાળે છે. વચનથી પ્રેરણા મળે છે. એથી આત્મા ભણી વળે તો અલૌકિક વસ્તુ કોઈ આત્મા છે તે સમજાય. એવું મારે કરવું છે એમ

થાય. જેટલો મોહ ઓછો તેટલો સત્સંગ સફળ છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. કંઈક સાંભળ્યું હોય તો થાય. અનિત્યભાવનામાં બધું અનિત્ય છે, એમ બતાવ્યું. એક આત્મા નિત્ય છે એમ સિદ્ધ કર્યું છે. અશરણભાવનામાં કોઈ બચાવે એવું નથી, માટે કોઈ સાચું શરણ ગ્રહણ કરું. સમાધિમરણ કરવાનું છે એમ બતાવ્યું છે. બીજાં કામ કરે તેમ આ પણ એક ધર્મનો અભ્યાસ કરવાનો છે. સત્સંગની વિશેષ જરૂર છે.

રાગ, દ્વેષ અને અજ્ઞાનથી કર્મ બંધાય છે. મોહ છૂટે તો કર્મ છૂટે. એ માટે ભક્તિ, સત્સંગ, વાંચવું, વિચારવું છે. અનાદિકાળથી જીવ મોહમાં ઊંઘે છે. તેને આ જ્ઞાનીનાં વચનોથી જગાડીને ઊભો કરવો. કેટલું જીવવાનું છે તેની ખબર નથી. માટે ચેતતા રહેવું. જેટલું જીવવું છે એટલું સારું જીવવું. જીવનને છેડે સમાધિમરણ આવે એવું કરવાનું છે. તે જ્ઞાનીને શરણે આ ભવમાં થાય એવું છે. કરે તો બની શકે છે. કડાકૂટમાં એમની એમ આખી જિંદગી જતી રહે છે.

[વ૰ ૫૧૧] ૩૩૯ શ્રી રાજમંદિર આહોર, ફાગણ સુદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—જ્ઞાનીની આજ્ઞા જીવે ઉઠાવી હોત તો સંસારમાં રહેત નહીં. [1]ભગવાન ૠષભદેવજી અઠ્ઠાણું પુત્રોને સંબોધતા હતા કે "હે આયુષ્યમનો! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી." (૧૯૪) આજ્ઞા ઉઠાવી હોત તો ફરી જન્મવું ન પડત. આજ્ઞા આરાધે ત્યાં ધર્મ પ્રગટે છે. સાધન કરે પણ જ્ઞાનીની આજ્ઞાએ ન કરે તો કંઈ નહીં થાય, એટલે કે મોક્ષના કામમાં ન આવે. બહુ વિચારવા જેવું છે. આજ્ઞા આરાધવી અઘરી છે. મારે આજ્ઞા આરાધવી છે એવી દૃઢ શ્રદ્ધા હોય તો વૈરાગ્ય રહે અને વૈરાગ્ય રહે તો કલ્યાણ થાય. જીવે પાત્રપણું આવે એવું કરવાનું છે. પાત્રતાની ખામી છે. કેટલાક, આત્માની મને ખબર પડી ગઈ એમ માની બેસે છે, પણ તે અરૂપી પદાર્થ છે. આજ્ઞા સિવાય મોક્ષ ન થાય. અપૂર્વ વિચાર આવે તો અપૂર્વ જ્ઞાન થાય. આજ્ઞાથી જ મારું કલ્યાણ છે, એવું જેને થયું હોય પછી ભલે તે બીજા કામ કરતો હોય પણ ચિત્ત તેમાં ન ચોંટે. આ જીવ સમયે સમયે અનંત કર્મની વર્ગણા ગ્રહણ કરે છે અને અનાદિકાળથી એમ કરતો આવ્યો છે. કર્મની પ્રકૃતિઓ વિચિત્ર છે. અભવિ સિવાય બધાય જીવોને છુટવાનો અવકાશ છે.

મોક્ષ થવાનો લાગ આવ્યો છે. સિત્તેર કોડાકોડી સાગરોપમની મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી હોય પણ જો ભાવ ફરી જાય તો એક ક્ષણવારમાં સત્તામાંથી કાઢી નાખે. નારકીઓને કેટલાક દેવતા બોધ આપવા આવે છે. ત્યારે તે નારકીને સમકિત થાય છે. બધાનો આધાર ભાવ છે. જીવ સવળો થાય તો બધું સવળું છે. કર્મથી ગભરાવા જેવું નથી. 'આત્મસિદ્ધિ'માં શિષ્ય મોક્ષના ઉપાય વિષે શંકા કરે છે કે "કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય?" એમ ગભરાઈને પૂછે છે. ત્યારે સદ્ગુરુ તેનું સમાધાન કરે છે કે—

**"કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય."**

ત્રણે લોકને હરાવી દે એવો કામ વિકાર છે. છતાં સત્સંગમાં ક્રમે ક્રમે તે બળતો જાય છે.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રજ્ઞાવબોધ પૃષ્ઠ ૨૮૯ તથા પૃષ્ઠ ૫૯૭ થી ૫૯૯.

''નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.'' (૧૫) એમ વિચાર આવે તો ભોગની ઇચ્છા નીકળી જાય અને ભોગની જો ઇચ્છા નીકળી જાય તો પછી બીજી ઇચ્છા ન રહે. જેને મોક્ષે જવું છે તેણે સંસાર સંભારવો નહીં. જગતની વાતો જીવે ઘણી સાંભળી છે. કશું માહાત્મ્ય નથી, પણ જીવ તેમાં માહાત્મ્ય માને છે. જ્ઞાનીનાં વચનો સાંભળવામાં આવે તો તે જીવમાં ઘર કરે છે. જ્ઞાન થઈ જાય. વૈરાગ્ય થાય તો સંસારથી પાછો હટે. ખરાબમાં ખરાબ વસ્તુ શરીર છે. વસ્તુ જેમ છે તેમ જીવને સમજાઈ નથી ગંદવાડામાંથી સુખ લેવા જાય છે, આખા જગતમાં ગંદવાડો તો શરીરનો જ છે. વસ્તુ સ્વરૂપ સમજાય તો કલ્પના છુટી જાય. સમ્યક્પ્રકારે જ્ઞાનીની શ્રદ્ધાથી મોક્ષ થાય છે. સાચી વસ્તુ સમજે તો બીજી ઇચ્છા ભાંગી જાય. દેહનો, ભોગનો કે વિષયોનો વિચાર કરે તો તેથી પાછો હટે.

'કર વિચાર તો પામ' એમ કહ્યું છે. ત્રણે લોક રાગદ્વેષથી બળતા જ છે. જગતનું સ્વરૂપ જ એવું છે. કામ વસ્તુ એવી છે કે જીવને ઉન્મત્ત બનાવી દે છે. બ્રહ્મા, વિષ્ણુ ને મહાદેવ એ બધા કામને વશ છે. કોઈ તેને જીતી શક્યા નહીં. કામ વસ્તુ બહુ બળવાન છે. કામનો વિશ્વાસ જરા પણ રાખવા જેવો નથી. જ્ઞાનીનો વિશ્વાસ રાખી તેનાં શરણે રહેવું. એક વીતરાગ ભગવાન જ કામને જીતી શક્યા છે.

**[વ૦ ૫૧૧]** (રાતના સભામાં) ૩૪૦ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જેનાથી ધર્મમાં મદદ મળે તે ધર્મસ્નેહી છે. જ્ઞાનીને સગાંવહાલાં બધાં પર લાગે છે. એક સત્સંગ જ એમને રસરૂપ લાગે છે. કૃપાળુદેવને સોભાગભાઈ ઉપર ધર્મપ્રેમ રહે છે, બીજો પ્રેમ નથી.

તમે જે પ્રશ્નો લખ્યાં છે તે બધા મુમુક્ષુઓને વિચારવા યોગ્ય છે. જ્ઞાનીની આજ્ઞા કેમ વિચારવી? એવો પ્રશ્ન એમણે પૂછ્યો હશે. તેનો ઉત્તર કૃપાળુદેવે લખ્યો છે. આજ્ઞાથી ધર્મ થાય છે. એ વગર ધર્મ ન થાય. તેનું કારણ શું? તે હવે કહે છે.

જ્ઞાનીની આજ્ઞાથી સાધન કરે તો મોક્ષ થાય. એને જન્મવું પડ્યું છે, તો જ્ઞાનીની આજ્ઞાએ સાધન કર્યાં નથી. જીવે ધર્મ તો કર્યો પણ જ્ઞાનીની આજ્ઞા ઉઠાવીને કર્યો નથી. આજ્ઞાથી વર્તે તો ધર્મ પ્રગટે. જ્ઞાનીની આજ્ઞા એ જ ધર્મ છે. ધર્મ એ આત્મસ્વરૂપ છે. આત્મસ્વરૂપમાં પ્રવેશ કરાવે એવી જ્ઞાનીની આજ્ઞા છે અને આત્મસ્વરૂપમાં પ્રવેશ થાય તો મોક્ષ થાય. જેને ગર્ભાવાસનાં દુઃખ લાગ્યાં હોય, જન્મમરણનાં દુઃખથી છૂટવાની ભાવના થઈ હોય તેણે આ બહુ વિચારવા જેવું છે.

જ્ઞાનીની આજ્ઞાનું માહાત્મ્ય લાગ્યું હોય તો બીજે ચિત્ત ન રહે, ત્યાંનું ત્યાં ચિત્ત રહે. એ માહાત્મ્ય નથી, તેથી બીજી વસ્તુને ઇચ્છે છે અથવા એવી વસ્તુ મળે ત્યારે રાજી થાય છે. બીજામાં જે ઇચ્છા રહે છે તેમાં રાગ રહે છે. એ રાગ છે તે જ સંસાર છે, તેથી દેહ મળે, ઇંદ્રિયો મળે અને તેથી મોહ થઈ ફરી દેહ મળે. એમ ચક્ર ચાલ્યા જ કરે છે. આજ્ઞાને અને સ્વચ્છંદને વિરોધ છે. માથું જાય તો ભલે પણ આજ્ઞા તોડવી નથી. એને ગમે તે કરે ત્યાં તો સ્વચ્છંદ જ પોષાય છે. આ જ્ઞાનીની આજ્ઞા છે એમ કરી તે ન ગમે તોય તે કરવી. પણ એ તો જ્ઞાનીને નામે સ્વચ્છંદ પોષે છે.

જ્ઞાનીએ અસંગ થવાનું કહ્યું છે. જ્ઞાની તો એને ક્ષણવાર પણ સંસાર સેવવા કહેતા નથી. ગૌતમ જેવાને કહ્યું કે 'એક સમય માત્રનો પ્રમાદ ન કર.' નહિ તો લાગ ચૂક્યા પછી અણીનો ચૂક્યો સો વરસ જીવે. માટે પુરુષાર્થ કરવો છે. એક ક્ષણ ચૂકે તો બધું ચૂકી જાય. પ્રમાદે જીવને ઘેરી લીધો છે. સત્સંગને યોગે આત્માનું માહાત્મ્ય લાગે તો કામ થાય. જ્ઞાનીની આજ્ઞામાં જ આટલો ભવ ગાળવો છે. કેડ બાંધી જો તૈયાર થાય તો કામ થાય એવું છે. ધર્મના કામમાં ઢીલ કરવા જેવું નથી. જ્ઞાનીની આજ્ઞા એટલે જેણે આત્મા જાણ્યો છે તેમને બીજું તો કંઈ નથી. તેથી એઓ આજ્ઞા કરે તે જીવ કરે તો કામ થાય. પકડ થવી જોઈએ. પ્રભુશ્રીજી કહેતા કે પકડ કરી લો. આત્માર્થ સિવાય જ્ઞાનીને બીજી ઇચ્છા નથી. પ્રારબ્ધ આધિન જીવે છે, એમને કંઈ સ્વાર્થ નથી.

મોક્ષમાર્ગ તો જાણ્યો છે નહીં અને ધર્મક્રિયા કરી અભિમાન કરે તેથી જ્ઞાનીની આજ્ઞાનું માહાત્મ્ય ન રહે. એ અભિમાન દુષ્ટ અભિમાન છે. એ અભિમાન એને સમકિત ન થવા દે, તેથી એને દુષ્ટ અભિમાન કહ્યું છે. આત્માને ભૂલવો એ જ એનું કામ થઈ પડ્યું છે. આત્માને ભૂલીને બધું કામ કરવું એવું જીવે વ્રત લીધું છે. આત્માની શી દશા થઈ છે? તેની જીવને દયા આવતી નથી. આત્મસ્વભાવ ધર્મ છે, એ સ્વભાવ જ્ઞાનીની આજ્ઞાએ પ્રગટે છે. તે મૂકીને 'ધર્મ કરીએ છીએ' એમ અભિમાન થયા કરે છે, એ અનંતાનુબંધી માન છે. તેમાં રુચિ છે. જે કરવાનું છે તે રહી જાય છે. માનમાં જીવ તણાઈ જાય છે. ''જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત!'' (૨૧/૮૩) અધમાધમ છું એવું કરવાનું છે.

**''અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?''**

એવું થયા વિના સાધન જ્ઞાની બતાવે તોય શું? જ્ઞાની જાણે છે કે એનું હિત શાથી છે. ''શ્રદ્ધા પરમ દુલ્લહા.'' જો શ્રદ્ધા આવી તો એને જ્ઞાનીનું કહેલું ગમે. વિશ્વાસ હોય તો ગમે તેમ કરી જ્ઞાનીનું કહેલું કરે. પાંચ ઇંદ્રિયોનો વિશ્વાસ છે, તેટલો જીવને જ્ઞાનીનો વિશ્વાસ નથી. જે જીવને લૂંટી લેનાર વિષયો છે તેમના ઉપર વિશ્વાસ છે અને જે છોડાવે તેના પ્રત્યે વિશ્વાસ નથી એ જ મિથ્યાત્વ છે. ''હે ભગવાન! હું બહુ ભૂલી ગયો.'' એ જ જીવને લાગતું નથી. ભૂલ લાગે તો દોડ કરતો ઊભો રહે, કલ્પના ન કરે. સત્ ને કલ્પનાને આભ-જમીનનો ફેર છે. માટે સત્પુરુષને શોધ તો સત્ આવશે. પોતાની મતિ કલ્પનાએ જીવ અનાદિથી કરતો આવ્યો છે. પ્રભુશ્રીજી કહેતા કે ''તારી સમજણ ઉપર મૂક મીંડું અને તાણ ચોકડી.'' અણસમજણ એ જ મોટું દુઃખ છે. જીવને ભાન નથી. ભૂલવણીમાં છે તેથી અભિમાનમાં ફૂલી જાય છે. એ ખાડામાંથી નીકળવાનું છે. બધેથી મન સંકોચી જ્ઞાનીની આજ્ઞામાં ચિત્ત રાખવું. સંસારપરિભ્રમણનું કારણ માન છે. માન આવ્યું તો કર્મ બંધાય અને તેથી પરિભ્રમણ કરવું પડે. આત્મા તો અરૂપી છે. કલ્પનાથી હાથ આવે એવો નથી. તેની જીવ કલ્પના કરી આ જ છે, આમ જ છે, એમ દૃઢ કરી રાખે છે. જાણે સાક્ષાત્કાર થયો હોય તેમ કહે કે મને ક્ષાયિક થયું છે. જીવ અનાદિનો આંધળો છે. અનંતકાળથી આંધળાની પેઠે વર્તે છે. ''આત્માને આટલું જ પૂછવાની જરૂર છે, કે જો તું મુક્તિને ઇચ્છે છે તો

સંકલ્પ-વિકલ્પ, રાગદ્વેષને મૂક.'' (૩૭) પણ એને એમાં મીઠાશ છે. અપૂર્વજ્ઞાન જીવને પ્રાપ્ત થાય તો કલ્પના જાય. જ્ઞાનીના વગર મને આત્મજ્ઞાન થયું એમ માનવું જ નથી. થયું હશે તો ક્યાં જતું રહેવાનું છે? ઉપર ઉપરથી જીવ કહે કે મને આત્મજ્ઞાન નથી પણ પાછાં અંદર ગલગલીયાં આવતાં હોય કે આપણને આત્મજ્ઞાન છે. કલ્પના સાચી હોતી નથી. પોતાની કલ્પનાએ સત્ શોધવા જાય તો હાથ ના આવે. માટે જ્ઞાની પાસે જવું. જ્ઞાન હશે તો સંકલ્પ-વિકલ્પ જશે. અપૂર્વજ્ઞાન એટલે કોઈ કાળે જ્ઞાન નથી થયું તે. એવું અપૂર્વજ્ઞાન, સમકિત, ભેદજ્ઞાન છે તે જોઈએ. અપૂર્વકરણ આવે ત્યારે એ જ્ઞાન આવે. અપૂર્વવિચાર વિના અપૂર્વજ્ઞાન આવે નહીં. અપૂર્વવિચાર જાગવા પ્રત્યક્ષ સદ્ગુરુની આજ્ઞા જોઈએ. એ વગર આત્મવિચાર જ ન આવે.

**''પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;**
**એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.''**

જીવ અનાદિથી કર્મની જાળો ગૂંથ્યા કરે છે. હું જાણું છું, મને ખબર છે એમ શાસ્ત્રો વાંચે ત્યાંય એમ કરે છે. અપૂર્વવિચાર થશે તો અપૂર્વજ્ઞાન આવશે.

**''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ.''**

આટલી દશા તો જોઈશે. આત્મા આત્મભ્રાંતિથી માંદો થયો છે.

**''આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.**

**જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન;**
**જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.''**

જ્ઞાનીના બોધ વગર આગળ પગ ચાલે એમ નથી. જ્ઞાનીનો યોગ થાય તોય જીવને કલ્પના થયા કરે કે મને ધ્યાન બતાવે, ફલાણું બતાવે તો સારું. એ બધા રોગ છે. આત્માર્થ સિવાય બીજું ઇચ્છે નહીં, બધું ઝેર જેવું લાગે ત્યારે આત્મવિચાર ઉત્પન્ન થાય. જ્ઞાનીએ કહ્યું હોય તેના ઉપરથી પોતા ઉપર વિચાર આવે તો જ્ઞાનીએ કહ્યું હોય તે દૃઢ થઈ જાય. એવું થાય તો સમ્યક્ત્વ થાય છે.

''સર્વ જીવ છે સિદ્ધસમ.'' સિદ્ધ જેવો છે પણ સમજતો નથી. સમજવા માટે ''સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.'' એ બેય નિમિત્ત જોઈશે તો સિદ્ધ થાય. આજ્ઞાથી જ મોક્ષ છે, બીજાથી નહીં. એવું દૃઢ થયું હોય તો બીજું કરતાં પણ એને રસ ન રહે.

**[વ૦ ૫૧૧]** ૩૪૧ શ્રીમદ્ રા. આ. અગાસ,
(રાતના સભામાં) આસો સુદ દ્વિ. ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—

**''સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;**
**સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?''**

જીવ અનંતવાર મનુષ્યભવ પામ્યો પણ કંઈ સફળપણું થયું નથી. એટલે સાધન તો ઘણાં

કર્યાં પણ સત્‌સાધન એટલે જ્ઞાનીની આજ્ઞાનું આરાધન કર્યું નથી. સંસારમાંથી જીવ નથી નીકળતો તેનું કારણ જ્ઞાનીને માર્ગે ચાલતો નથી, એ વાત સંદેહ રહિત છે. જ્ઞાનીનો યોગ થાય ત્યારે સંસારનો છેડો હાથ આવે છે. આજ્ઞા પ્રાપ્ત થવી દુર્લભ છે, આરાધવી દુર્લભ છે, એમાં એકતાન થવું બહુ દુર્લભ છે. જ્યાં સુધી આજ્ઞામાં એકતાન ન થવાય ત્યાં સુધી મોક્ષ ન થાય.

બધું કાઢી નાંખ્યું. તારું કહેલું બધું ધૂળ, બધું તારું નકામું. કારણ જ્ઞાનીની આજ્ઞાએ કર્યું નથી. તારો સ્વચ્છંદ પોષ્યો છે. જ્ઞાનીની આજ્ઞા આરાધે તો મોક્ષ થાય, જન્મમરણ થાય નહીં. આજ્ઞામાં ચિત્ત રહે તો કર્મ ન બંધાય. રાગદ્વેષથી કર્મ બંધાય છે અને રાગદ્વેષમાં ન જવું એ જ જ્ઞાનીની આજ્ઞા છે. તેમાં રહે તો મોક્ષ થાય.

જ્ઞાનીનું માહાત્મ્ય લાગે તો આજ્ઞાનું માહાત્મ્ય લાગે. જ્ઞાની નિઃસ્પૃહ છે. પૂર્વ પ્રારબ્ધને લઈને રહે છે. એ જ્ઞાની પોતે જે માર્ગે ગયા તે જ બીજાને બતાવે. બીજો સ્વાર્થ નથી, પોતે છૂટે છે અને બીજાને છોડાવે છે. એમને હવે કરવાનું કંઈ બાકી નથી. પૂર્વ પ્રારબ્ધને લઈને સંસારમાં રહે છે. એ પ્રારબ્ધ પૂરું થયે મોક્ષે જવાના છે. એવા જ્ઞાનીની આજ્ઞા તે સંસાર ભણી જીવને પ્રેરે નહીં. જ્ઞાની જેવું કોઈ સુખી નથી.

એ સુખ મારે પ્રાપ્ત કરવું છે, એવી ભાવના રાખવી. જ્યાં સુખ નથી ત્યાં જીવ સુખ કલ્પે છે. આ આયુષ્ય છે તે હેડ જેવું છે. હેડમાં પુરાયો તો છૂટાય નહીં, તેની જ જીવ ઇચ્છા કરે છે. ''સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો.'' હૃદયમાં કોતરી રાખો. જતું ન કરો.

જીવ આંધળો છે. મોક્ષમાર્ગની ખબર નથી, તેથી અનંતકાળથી રઝળે છે. પાંચ ઇંદ્રિયોમાં સુખ લાગ્યું છે, તેથી એની પાછળ દોડે છે. ધનને માટે આખો ભવ ગાળે છે, પણ દુઃખ પામે છે. તે જોઈ જ્ઞાનીને દયા આવે છે કે તું આ શું કરે છે! જ્યાં સુધી દુષ્ટ અભિમાન હોય ત્યાં સુધી જીવનું ઠેકાણું કેમ પડે? 'અમે ધર્મ કરીએ છીએ' એમ જીવને દુષ્ટ અભિમાન હોય તેને ભગવાનનાં વચનો ગ્રાહ્ય થાય નહીં, ઊલટો વિરોધ કરે. સંસારને આડે રસ્તે દુષ્ટ અભિમાન ચઢાવે છે. આગ્રહ તો છોડવો પડશે. સમજણનો આગ્રહ છે, તે બધો છોડ્યા વિના છૂટકો નથી.

મને આત્માનો સાક્ષાત્કાર થયો એમ જીવ માને છે. આત્મસ્વરૂપ તો એવું છે કે જેવી કલ્પના કરે તેવું દેખાય. જીવ કલ્પના કરે છે કે ચિંતામણિ જેવો આત્મા છે, જે માગે તે આપે. પણ એને આત્મા માનવો નથી. બીજી કલ્પના કરે છે. જે જીવોને પોતાની મતિનું અભિમાન હોય તેને એમ આગ્રહ થઈ જાય છે કે મને સાક્ષાત્કાર થયો છે. અભિમાન છે તે આકાશ કરતાં મોટું છે. આકાશનો અંત આવે પણ એનો અંત ન આવે. અનાદિથી કલ્પનામાં પડ્યો છે.

સત્પુરુષનો યોગ થાય તોય એ કલ્પના કરે છે. એની કલ્પનાએ આખું જગત રચે છે. માટે પ્રભુશ્રીજી કહેતા કે જ્ઞાનીએ આત્મા જાણ્યો છે તેને માન. તારી કલ્પના મૂકી દે. કલ્પના કરી જીવ આઘો જાય છે. ખબર ન હોય અને ખબર નથી એમ માને તો એટલું સાચ કહેવાય. આત્માનું કલ્યાણ થાય તે કરવું.

જ્ઞાનીના બોધનો પ્રકાશ પડે તો એને કલ્પના બધી ખોટી લાગે. એ અપૂર્વજ્ઞાન પ્રગટ્યા વિના કલ્પનાની જાળનો ઉકેલ આવે એમ નથી. એ અપૂર્વજ્ઞાન અપૂર્વજ્ઞાનીમાં છે. ''જ્ઞાન જ્ઞાનીમાં કળો.'' એ જ્ઞાન પ્રગટાવવું હોય તો અપૂર્વવિચાર જોઈશે. જ્ઞાન જ્ઞાનીથી જુદું નથી. અપૂર્વજ્ઞાન એ અપૂર્વવિચારથી થાય. એ વિચાર અપૂર્વજ્ઞાનીની સેવા વગર આવતો નથી. જ્ઞાનીમાં ભૂલ થઈ તો પછી બધામાં ભૂલ થશે. ''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા.'' (૭૬)

મોક્ષે જવું હોય તો જ્ઞાનીની આજ્ઞાનું આરાધન એ બધાથી ઉત્તમમાં ઉત્તમ સાધન છે. મોક્ષે જવું હોય તેને જ્ઞાનીની આજ્ઞા હૃદયમાં ચોંટવી જોઈએ. મોક્ષે જવું છે એમ જેને થયું તેને માટે જ્ઞાનીની આજ્ઞા વગર મોક્ષ નથી, એમ કહ્યું. જ્ઞાનીની આજ્ઞા આરાધે તો પછી એનો લોભ વગેરે બધું ઓછું થાય. સંસાર સાપ જેવો લાગ્યો નથી.

**[વ૦ ૫૧૧]** (રાતના સભામાં) ૩૪૨ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— કૃપાળુદેવનાં વચનો વાંચતી વખતે એ લક્ષ રાખવો કે કૃપાળુદેવ આપણને જ કહે છે. એ વસ્તુ જો હું હૃદયમાં રાખીશ તો કલ્યાણ થશે એવો ભાવ રાખવો. જીવને માહાત્મ્ય લાગ્યું નથી. જેટલો અંદર ભાવ પેસે તેટલું કામ થાય. ભાવ જેટલો આવ્યો હોય તેટલું કામ થાય. ગોળ નાંખે તેટલું ગળ્યું થાય. સમજાય, ન સમજાય તો પણ જ્ઞાનીનાં વચનો કાનમાં પડે છે, તે હિતકારી છે. ત્યાં આગળ એનું ચિત્ત નિર્મળ થાય છે, પરમાર્થથી રંગાય છે.

જીવ પહેલાં હતો, આગલા દેહમાં હતો ત્યાં એણે સાધન કર્યાં હતાં, પણ ફરી જન્મવું ન પડે એવું સાધન કર્યું નથી. જ્ઞાનીની આજ્ઞાથી સાધન કરે તો મોક્ષ થાય. દૂધ હોય તે વધારે વાર પડ્યું રહે તો બગડી જાય અને જો મેળવણ નાંખે તો દહીં થઈ જાય. તેમ જ્ઞાનીની આજ્ઞાએ વર્તે તો સવળું થાય, નહીં તો કેટલાય ભવ બગડી જાય. આજ્ઞાએ વર્ત્યો હોત તો ફરી જન્મવું ન પડત. એટલી કાનબૂટી ઝાલે તો એને થાય કે જ્ઞાનીની આજ્ઞા એ જ મારું જીવન છે. એ તૂટે તો હું જીવતો મર્યા જેવો છું એમ લાગે. જ્ઞાનીની આજ્ઞા છે તે સંસારમાં આગળ વધવા ન દે. જેને જ્ઞાનીનો સંગ થયો છે, તેને પછી વધારે ભવ કરવાના રહે નહીં. [૧](અહીં કાગડાનું માંસ ન ખાવાની પ્રતિજ્ઞા લેનાર ભીલનું દૃષ્ટાંત આપ્યું હતું)

આજ્ઞા છે તે એને વધારે ભટકવા ન દે. વહેલે મોડે મોક્ષે જવું પડે. આજ્ઞા-સમકિત કહેવાય છે. આજ્ઞા સમકિત છે. જ્ઞાનીની આજ્ઞાએ વર્તે તો એને સમકિત પમાડી મોક્ષે લઈ જાય. આજ્ઞા એ સમકિતનું કારણ છે. એ સમકિત થાય તો મોક્ષે જવું જ પડે. જીવને એનું માહાત્મ્ય નથી લાગ્યું. કંઈ નહીં બે ભવ વધારે થશે એમ જીવ કરે છે. તરવાનું સાધન મળ્યું તે પ્રાણ જતાં પણ છોડવું નહીં. ''આજ્ઞામાં જ એકતાન થયા વિના પરમાર્થના માર્ગની પ્રાપ્તિ બહુ જ અસુલભ છે.'' (૧૪૭) એકતાન થયા વિના પરમાર્થ માર્ગ નથી. કોની આજ્ઞા, એ નક્કી કરી લેવાનું છે. જ્ઞાનીની આજ્ઞા આરાધે તો મોક્ષે લઈ જાય અને અજ્ઞાનીની આજ્ઞા આરાધે તો સંસારમાં લઈ જાય. આપણને પ્રભુશ્રીજી કહેતા કે કૃપાળુદેવને માનવા. બીજા કોઈને જ્ઞાની ગુરુ માનવા નહીં. જ્ઞાની માત્ર એને

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૩૮૩.

તરવાનો જ ઉપાય બતાવે છે. જ્ઞાનીપુરુષ કહે છે કે મોક્ષે જવું હોય તો અમારો સંગ કરવો, બીજી ઇચ્છા કરવી નહીં. બીજી સંસારી ઇચ્છા હોય તો જ્ઞાની એને ઓળખાય જ નહીં. જ્ઞાનીને વિષય, કષાય, મોહ, પૈસા-ટકા કશાયમાં વૃત્તિ નથી. જે કરવા જેવું છે, તે એમણે કરી લીધું. માત્ર એ એક મોક્ષની મૂર્તિ છે. એને ઓળખવા મુમુક્ષુતા જોઈએ તો એ ઓળખાય. મોક્ષે જવું છે એવી જેને ઇચ્છા છે તે મુમુક્ષુ છે. સંસારની ઇચ્છા હોય તે મુમુક્ષુ શાનો? જ્ઞાની એને આત્માર્થમાં પ્રેરે છે. મોક્ષની એને ઇચ્છા ન હોય તોય જ્ઞાની એને ઉત્પન્ન કરાવે, પણ સ્વાર્થ એને હોય તો કંઈ ન કરે. એનું આત્મહિત કેમ થાય, તે જ્ઞાની જાણે છે. જ્ઞાની આત્મભ્રાંતિના વૈદ્ય છે. લોકોની ભ્રાંતિ કેમ જાય તે જ્ઞાની જાણે છે. આપણને ખરા વૈદ્ય મળ્યા છે. તો આપણે ખરા દર્દી થવું જોઈએ, તો કામ થાય. આત્મસિદ્ધિમાં શુષ્કજ્ઞાની અને ક્રિયાજડ કહ્યા છે. તે બન્ને ક્રિયા તો કરે છે, પણ બન્ને દુષ્ટ અભિમાનમાં છે. પોતાની પાસે એવું મિથ્યાત્વ છે. તેથી બીજાને પણ એવું કરાવે. અભિમાન કરવું તો સારી વસ્તુનું કરવું કે મારે વહેલા મોક્ષે જવું છે. હું અધમાધમ છું. માનને પોષવું નથી, એને શત્રુ જાણવાનું છે. અનેક પ્રકારે મિથ્યાત્વ હોય ત્યારે માથું બીજામાં પેસી જાય છે. મિથ્યાભિમાન જીવને થાય છે. સ્વચ્છંદે કદી ધર્મ થયો નથી. પોતાની ઇચ્છા પોષવા ધારે, તો એને પોતાને નુકસાન થાય.

કૃપાળુદેવે લખ્યું છે કે તીર્થંકર થવું નથી પણ તીર્થંકરે જે કર્યું તે કરવું છે. તીર્થંકર જેવું થવું નથી એટલે સમવસરણ રચાવું, દેવોને નમાવું એવું માન થાય તેવું કરવું નથી; પણ તીર્થંકરે બીજાને તાર્યા છે અને પોતે તર્યા છે તે અમારે કરવાનું છે. અત્યારે જીવની પાસે અભિમાન કરવા જેવું કંઈ નથી. એ અભિમાન દૂર થવાનો ઉપાય જ્ઞાનીની આજ્ઞા છે. સંસાર નાશ કરવા જે તૈયાર થયો હોય, પણ અભિમાન કરવા જાય ત્યાં સંસાર વધે. લોકોમાં માન મેળવવા જીવ વધારે તણાય છે. કલ્પના થાય છે તે જીવને સાચી લાગે છે. મન તો કોઈ ચમત્કારી વસ્તુ છે. એક સમયમાં કેટલાય ગાઉ ચાલ્યું જાય. બીજું જ જગત ઊભું કરી નાંખે છે. આત્મસિદ્ધિ બોલતો હોય તોય બીજી વાતોમાં જીવ ચઢી જાય છે. મન એવું છે કે આત્મસિદ્ધિ બોલતો હોય ત્યાં કડી સાંધીને પાછું બીજે જતું રહે.

કલ્પનાએ વર્તવું એ પરમાર્થ માર્ગ નથી. જ્ઞાનીની આજ્ઞા જ આ ભવમાં આરાધવી છે. એ જ પરમાર્થ માર્ગ છે. નિજછંદે તો કશું થાય એવું નથી. કલ્પનામાં જીવ ગુંચાઈ ગયો છે, તેથી છૂટવા કોઈ અપૂર્વજ્ઞાનની જરૂર છે. 'જે જાણ્યું તે નવી જાણું, અને નવી જાણ્યું તે જાણું.' એમ પ્રભુશ્રીજીના બોધમાં આવે છે. અપૂર્વજ્ઞાન હોય તો જીવ ભૂલો પડે નહીં. કલ્પનામાં તણાય નહીં. એ અપૂર્વજ્ઞાન તે સમ્યક્જ્ઞાન છે. તે આત્મવિચાર વગર આવે નહીં. અપૂર્વજ્ઞાનની પ્રાપ્તિ અપૂર્વપુરુષાર્થથી થાય એવી છે. અપૂર્વપુરુષનો યોગ થાય તો એવી દશા પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય. તેથી આત્મવિચાર જાગે, એ જાગે ત્યારે આત્મજ્ઞાન થાય. અને આત્મજ્ઞાન થાય ત્યારે બધા સંકલ્પ-વિકલ્પો જતા રહે. જ્યારે 'આજ્ઞામાં જ મારો ધર્મ છે' એમ થાય ત્યારથી જ એના બધા દોષો દૂર થવા લાગે.

અજ્ઞાનદશામાં જીવ અનંત કર્મપુદ્ગલો ગ્રહણ કરે છે. અનંતકાળથી જીવ અનંત કર્મ સમયે સમયે બાંધતો આવ્યો છે. તો તે કેમ છૂટે?

**"કર્મો કાળ અનંતનાં શાથી છેદ્યાં જાય?"**

એમ સોભાગભાઈનો પ્રશ્ન છે. સંચય બહુ થઈ ગયો છે. અનંતકાળથી બાંધ બાંધ કરે છે. અને અત્યારે પણ સમયે સમયે કર્મ બંધાય છે, તો તે જાય કેમ કરી?

જે જીવને અનંતકાળ સુધી ભોગવવું પડે, એવું કર્મ ન બાંધે. અનંતાનુબંધી હોય ત્યાં સુધી અનંત સંસાર રઝળાવે, તો એટલાં બધાં કર્મો જાય કેમ કરી? અનંતકાળ પહોંચે એવું કોઈ કર્મ નથી. ઉત્કૃષ્ટ બંધાય તો સિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ બંધાય. અનંતકાળથી અજ્ઞાન સેવતો આવ્યો છે. એ પરિણામ ફેરવે નહીં તો કોઈ દહાડે મોક્ષે ન જાય એવું અજ્ઞાનનું બળ છે. અનંતકાળ ભોગવવું પડે એવું કર્મ એક સમયે ન બાંધી શકે. જ્ઞાનીપુરુષ કે સમીપમુક્તિગામી જીવ હોય તેની વાત અહીં કહેવી નથી. તેમની વાત જુદી છે. અનંતકાળથી અજ્ઞાન પરિણામ સેવતો આવ્યો છે, તે અજ્ઞાન હજુ જીવે ઓછું કર્યું નથી, એવું ને એવું જ છે. એને મંદ ન કરે, એને જ સેવ્યા કરે તો કંઈ અજ્ઞાન એમ ન કહે કે હવે તું મોક્ષે જા.

અગ્નિના તણખામાંથી જેટલો અગ્નિ કરવો હોય તેટલો થાય; પણ એને એવાં નિમિત્ત મળે તો વધે, નહીં તો ઓલવાઈ જાય. અજ્ઞાનને જ સેવ્યા કરે તો અનંત જન્મમરણ થાય એવું અજ્ઞાનનું બળ છે. એ જીવને ભટક ભટક કરાવે છે. જીવમાં એટલી શક્તિ નથી કે સમયે સમયે સિત્તેર કોડાકોડી બાંધ્યા કરે. એ ભોગવવા પાછો એકેન્દ્રિય આદિમાં જ જાય. ત્યાં પછી એટલી શક્તિ નહીં હોવાથી એવાં કર્મ ન બંધાય. ફરી મનુષ્યભવ મળે તો ફરી એવું બાંધી શકે. બીજા ભવોમાં પણ બાંધી શકે. આયુષ્ય જે ગતિનું બાંધ્યું હોય તે ગતિ ન ફરે. જીવને છૂટવાનો અવકાશ છે. કર્મ કેમ બંધાય છે, તેની જ્ઞાનીએ કર્મગ્રંથોમાં પ્રરૂપણા કરી છે. જીવે ફરી જવું જોઈએ. [૧]દૃઢપ્રહારી હતો. તેણે કેટલાંય પાપ કર્યાં, પણ ફરી ગયો તો છ મહિનામાં મોક્ષે જતો રહ્યો. કર્મસ્થિતિ બંધાય છે, પણ એમાં મોક્ષનો અવકાશ છે. પોતે જ કર્મ બાંધ્યાં છે અને પોતે જ છોડે છે. સત્સંગમાં જીવને સારી વસ્તુ સાંભળવા મળે. હિતકારી વસ્તુ સંભળાય, મંદ કષાય થાય. ત્યાં આગળ જીવનું વીર્ય સ્ફુરે છે, બળ આવે છે.

ત્રણે લોકને જીતનાર કામ છે. તેને પણ જીવ જો ધારે તો જીતી શકે, પણ ગરજ જોઈએ. સત્સંગ જોઈએ. કોઈ દારૂડીયો હોય અને દારૂની ટેવ પડી ગઈ હોય, પણ તેને સારો સંગ થાય તો દારૂ ખોટો છે એમ લાગે. સત્સંગમાં કામનું બળ નથી હોતું. ત્યાં આગળ એને સાચી વસ્તુ સમજાય. મોક્ષની ભાવના એની વધતી જાય. 'દેહથી ભિન્ન છું' એમ થાય. પછી એ દારૂ જેવા સુખની વાંછા ન કરે. દેહ તો ગંદવાડો છે, જાજરા જેવો છે, કાદવની કોઠી છે. આત્માને ઓળખવાની ભાવના રાખે તો કામપીડા ન થાય.

**"પરમાતમ પદ કામના, કામનાશન એહ."** (દે૦ વિ૦ ૧૩)

---

૧ વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ-નિર્જરાભાવના, વચનામૃત પૃષ્ઠ ૫૫.

જે કામની વૃત્તિ છે તે પશુપણાની વૃત્તિ છે. જો સમ્યક્ત્વ સન્મુખ થાય તો એની એવી વૃત્તિ છૂટી જાય.

**"પશુ ટાળી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે."**

**[વ૦ ૫૧૨]** ૩૪૩ શ્રી રાજમંદિર આહોર, ફાગણ સુદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આખો લોક સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોથી ઠસોઠસ ભરેલો છે. એ જીવોનું શરીર બહુ જ સૂક્ષ્મ હોય છે. તેથી તેઓને અગ્નિ આદિની કંઈ અસર થતી નથી.

સત્સંગ, સત્શાસ્ત્ર એ આત્માને હિતકારી સાધન છે. વૈરાગ્ય ઉપશમ વધવાનું કારણ છે માટે સત્સંગ, સત્શાસ્ત્રનો પરિચય કરીને વૈરાગ્ય ઉપશમ વધારવાનો છે.

**[વ૦ ૫૧૯]** (રાતના સભામાં) ૩૪૪ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– દુઃખરૂપ સંસાર જાણ્યા છતાં સંસારમાં રહેવું પડે તો કેટલું દુઃખ થાય! એથી છૂટવાની ઇચ્છા છે, પણ પ્રારબ્ધને લીધે જ્ઞાની છૂટી શકતા નથી. પ્રારબ્ધનું લોલક હાલે ત્યારે બધી પ્રવૃત્તિ કરવી પડે. કાળ પ્રવૃત્તિમાં જાય છે તે ગમતું નથી. ચિત્તપરિણામ તો કંઈ પ્રવૃત્તિ ન કરવી એમ રહે છે.

**[વ૦ ૫૨૦]** (રાતના સભામાં) ૩૪૫ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સોભાગભાઈને કૃપાળુદેવ લખે છે કે તમે જે પ્રશ્નો લખો છો તે જ્ઞાનવાર્તાને ઉપયોગી થાય તેવાં છે. તેના ઉત્તર લખવાની ઇચ્છા રહે છે, પણ એવો ઉદય નથી; તેથી લખવાનું બની શકતું નથી. બેચાર લીટી લખ્યા પછી આત્મામાં ઉપયોગ જવાથી મૂકી દેવાય છે. જે પ્રારબ્ધ ઉદયમાં આવે તે પ્રમાણે વર્તવું. એવો અભ્યાસ પાડી નાંખ્યો છે. ઉદયમાં જે ન આવે તે કરવાની ઇચ્છા થતી નથી. પ્રમાદને લઈને પત્ર ન લખવો એવુંય થતું નથી, પણ એવો જ ઉદય છે.

**[વ૦ ૫૨૦]** (રાતના સભામાં) ૩૪૬ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવ પત્ર લખતી વખતે બધાથી ભિન્ન રહી લખે છે. મુંબઈ એ મોહમયી ક્ષેત્ર છે, તેમાં અમોહપણે રહેવાનો પુરુષાર્થ કરે છે, એમ વિચારપૂર્વક લખે છે.

મુમુક્ષુ– જ્ઞાનવાર્તા એટલે?

પૂજ્યશ્રી– જ્ઞાનવાર્તા એટલે આત્મા સંબંધી વાતો. એ જ્ઞાનવાર્તા સિવાય એમને ગમતું નથી.

કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે કે આત્મહિત થાય એવા પ્રશ્નો તમને થાય છે. તેના ઉત્તર લખવાની અમને ઇચ્છા રહે છે. નકામા પ્રશ્નો કરવાની જરૂર નથી. આત્માનું હિત થાય એવા પ્રશ્નો હોય તો પૂછવા. પોતાના આત્માનો વિચાર કરવાનો છે. તેમાં કંઈ ન સમજાતું હોય, આગળ ચલાય તેવું ન હોય તો પ્રશ્ન પૂછવો. પોતાનું હિત કરતાં કરતાં વચ્ચે વિઘ્ન આવ્યું હોય તો પૂછવું, તે ધર્મધ્યાન છે. પ્રશ્ન પૂછવો (પૃચ્છના) એ ધર્મધ્યાન છે, પણ આત્માનો લક્ષ હોય તો. અમને ઉત્તર આપવાની ઇચ્છા રહે છે, પણ એવા પ્રકારનું પ્રારબ્ધ છે કે જેથી લખાતું નથી. ઉદયમાં જે ન આવે

તે કામ એમને કરવું નથી. પોતાના આત્મામાં લીન થવા સંબંધી પુરુષાર્થ એ મુખ્ય કામ છે. પત્ર લખે તોય વિગતવાર લખાતો નથી. લખવાનું વખતે થાય, પણ ત્યાંથી પાછું મન તે કામ પડી મૂકે એવા વૈરાગ્યમાં આવી જાય છે. ક્રિયાને વિષે રુચિ રહી નથી, એટલે આત્માને એ કરવા યોગ્ય નથી એમ લાગે છે. બધેથી છૂટી આત્મામાં લીન થવું એ જ રહે છે. પ્રારબ્ધના ધક્કાથી વ્યાપાર આદિ કરવું પડે છે, પણ આ કાગળ લખવાનું પ્રારબ્ધ નથી, તેથી પ્રવૃત્તિ થતી નથી. અમે પત્ર નથી લખતા એ વિષે ખેદ રહે છે, પણ એ દશા ભજ્યા વિના છૂટકો નથી. એ પત્ર લખવાની ઇચ્છા પણ શમાવી દેવાની છે. જાણી જોઈને એમને પત્ર નથી લખવો એમ નથી. તેમ પ્રમાદથી પત્ર નથી લખાતો એમ પણ નથી.

સોભાગભાઈ 'નાટક સમયસાર' વાંચતા હતા, તે વખતે તેમાં અમૃત, સુધા, અમૃતધારા એવા શબ્દો આવે કે એમને થાય કે આપણે જે સુધારસની ક્રિયા કરીએ છીએ તે જ આ હશે, એમ લાગવાથી કૃપાળુદેવને પૂછ્યું છે. કૃપાળુદેવે લખ્યું કે બધે એ વાત કરી છે એમ નથી; કોઈક ઠેકાણે કહ્યું છે. બનારસીદાસે મૂળ કુંદકુંદાચાર્યના ગ્રંથ કરતાં વધારો કર્યો છે.

**"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામાં કેલી કરે,**
**શુદ્ધતામાં સ્થિર વ્હે, અમૃતધારા વરસે."**

એવા શબ્દો આવતા ત્યારે સોભાગભાઈને થતું કે આ સુધારસ સંબંધી છે. કૃપાળુદેવ લખે છે કે એમ નથી. માટે શાસ્ત્રો સદ્ગુરુ પાસે સમજવાનાં છે. નહીં તો જીવ પોતાનું ગોઠવે. બનારસીદાસના 'નાટક સમયસાર'માં કોઈ કોઈ ઠેકાણે મુખરસ સંબંધી પણ જણાવ્યું છે. જીવની દશા વધે તો સમજાય કે આ શબ્દો ઉપમાવાચક છે અને આ શબ્દો ઉપમેય છે. ઉપમાવાચક એટલે આત્માનું સુખ જણાવવા માટે કોઈ વસ્તુની ઉપમા આપે કે આત્માનું સુખ અમૃત જેવું છે.

મુમુક્ષુ– મુખરસ એટલે શું?

પૂજ્યશ્રી– એ એક પ્રકારનો રસ છે. શરીરમાં જેમ બીજા રસ છે તેવો આ પણ એક પ્રકારનો રસ છે. જીભ ગળામાં જાય ત્યાં આગળ એ રસ ઝરે છે. ત્યાં લીનતા થવાથી આત્માને સ્થિરતા થવાનું કારણ છે, પણ એ આત્મા નથી. જેવું નાક ઝરે છે તેવું આય ઝરે છે. એ આત્મા નથી, પણ એક સાધન છે. 'નાટક સમયસાર'માં આત્માની વાત છે. બનારસીદાસને મુખરસ સંબંધી જ્ઞાન હશે, એમ એમના 'નાટક સમયસાર'નાં વચનો ઉપરથી જણાય છે. મુખરસ અને સુધારસ એ એક જ છે.

જીવ-અજીવના લક્ષણનો વારંવાર વિચાર કરી, લક્ષ કરી બેય દ્રવ્ય ભિન્ન છે, એવો બનારસીદાસે ઘણો વિચાર કર્યો હતો. એના એ વિચાર રહેવાથી એમને આત્મસ્વરૂપનો તીક્ષ્ણ અનુભવ થયો છે. અવ્યક્તપણે એટલે એમને પોતાને ખબર ન પડી હોય, પણ એમની દૃષ્ટિ મૂળ દ્રવ્ય ભણી વળી છે. દ્રવ્યદૃષ્ટિ થઈ છે એ અવ્યક્ત લક્ષ થયો છે. તેથી બીજજ્ઞાન એમણે ગાયું છે. એમને એટલી ચોકસાઈ થઈ નથી કે આ જ આત્મા છે, પણ એની છાયા એમના હૃદયમાં પડી છે, તેથી બીજા પર્યાયોથી એમની દૃષ્ટિ ઊઠી ગઈ છે. આત્મા આ જ સ્પષ્ટ પ્રત્યક્ષ દ્રવ્ય છે, એવું

જ્ઞાન એમને થયું નથી; પણ નિરંતર એની એ રમણતામાં રહેવાથી અને આત્માની છાયા અંદર પડી છે, એટલે સ્પષ્ટ અનુભવ નહીં છતાં એ છાયા પડવાથી ગ્રંથ રચતાં ક્ષાયિક સમ્યક્ત્વ થાય એવી દશાએ એ પહોંચ્યા છે. રાત દિવસ એમાં ને એમાં રહેવાથી એવી દશા એમની થઈ છે. સોભાગભાઈએ કૃપાળુદેવને મરણના છેલ્લા દિવસોમાં લખ્યું હતું કે 'દન આઠ થયાં આપની કૃપાથી દેહને આત્મા બે ફાટ જુદા દેખાય છે.' ક્ષાયિકની લગભગ દશાએ બનારસીદાસ પહોંચ્યા છે. જો થોડુંક આગળ વધાય તો ક્ષાયિક થઈ જાય એવી દશા ગ્રંથ કરતાં એમને રહી છે. બનારસીદાસની દશા કેવી હતી, તે એમનાં વચનો પરથી કૃપાળુદેવે જાણી લીધી. એમની દશા માપી લીધી. સગાઈ તો આત્માની સાથે કરવાની છે.

**"સમકિત સાથે સગાઈ કીધી સપરિવાર શું ગાઢી;**
**મિથ્યા મતિ અપરાધણ જાણી ઘરથી બાહિર કાઢી."** (આ૦ ૯)

એ કામની છે. બીજી દેહની સગાઈ તો કામની નથી.

એક વખતે કૃપાળુદેવ દાતણ કરતા હતા, તે વખતે એમણે પોતાનાં માતુશ્રીને બોલાવીને કહ્યું કે "આજે બે દેવોની વાત સાંભળી છે. તેમાં એક દેવ ઉગ્ર હતો અને એક શાંત હતો. ઉગ્ર દેવે કહ્યું કે એ તો દીક્ષા લઈશું, લઈશું એમ કરતા હતા, પણ કંઈ દીક્ષા લેતા નથી. માટે આપણે એમને હેરાન હેરાન કરી નાંખવા. ત્યારે શાંત દેવ બોલ્યો કે ના એમ તો ન કરવું. આપણા ઉપકારી છે માટે આમ ન કરવું. માટે મને હવે દીક્ષા લેવાની આજ્ઞા આપો." માતુશ્રીએ કહ્યું, તમને આ રોગ છે તે મટશે ત્યારે આજ્ઞા આપીશું. આમ આજ્ઞા એમણે લઈ લીધી.

શંકરાચાર્યના જીવનમાં પણ એવું આવે છે કે શંકરાચાર્યને દીક્ષા લેવાની ઇચ્છા હતી, પણ એમના મા હતાં તે દીક્ષા લેવા ન દે. તેથી શંકરાચાર્યે એક તળાવમાં અડધા પાણીએ જઈને જોરથી બૂમ પાડી કે મને મગરે પકડ્યો છે. મારી મા આવીને કંઈક એવી ભાવના કરે કે મારા છોકરાને મગર છોડી દે તો તેને દીક્ષા લેવાનું કહું, તો મને એ મગર છોડે. પછી છોકરાઓ ત્યાંથી ગયા અને તેમની માને કહ્યું ત્યારે ત્યાં માએ આવીને કહ્યું કે દીક્ષા લેવા દઈશ, છોડી દે. પછી શંકરાચાર્ય બહાર આવ્યા અને દીક્ષા લીધી.

આ બધું પ્રારબ્ધ છે તે છોડીને દીક્ષા લઈએ, સ્વપરનું કલ્યાણ કરતા હોઈએ એવો ઉદય ક્યારે આવશે? એવું થાય તે વખતે આત્માના બધા પ્રદેશો શિથિલ થઈ જાય છે. આત્મા નિત્ય છે તેથી જિવાય છે, નહીં તો મરી જવાય. થોડોક વખત થાય કે ફરી ફરી એ વાત સાંભરે. દેહ છૂટી જાય એવું ઘણી વખત થઈ આવે છે. "સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે." (૫૬૯) એ જ પત્રમાં કહ્યું છે કે "હવે આ ઉપાધિકાર્યથી છૂટવાની વિશેષ વિશેષ આર્ત્તિ થયા કરે છે." (૫૬૯) એ દશામાં કેવું થાય છે? તે આ પત્રમાં જણાવ્યું છે. જ્ઞાનીને કેવું દુઃખ છે તે જ્ઞાની જાણે છે. ઘણી વખત એવો ખેદ થાય તે શમાવી દઈએ છીએ. આત્મા સમભાવમાં આવી જાય છે, ત્યાં આગળ આત્મા શાંત થઈ જાય છે.

સંસારનાં બળવાન કારણો છે તે અમને રોકે છે. સાધારણ કારણોને તો અમે ગણતા નથી.

બળવાન કારણો છે તે જ રોકે છે. ભોગને માટે કે કમાણીને માટે અમે ખળી રહ્યા નથી. કયા કારણો અમને નડે છે તે અત્રે તમને કહેવા જેવાં નથી. પ્રમાદને લઈને અમે ઢીલ કરીએ છીએ એમ નથી. બુદ્ધિપૂર્વકનો પ્રમાદ નથી, તેમ અબુદ્ધિપૂર્વક પણ પ્રમાદ રહેતો હોય એમ પણ નથી. કદાપિ એમ ધારીએ કે અમને પ્રમાદ છે, પણ તે ખાળે એવો નથી. અવરોધક કારણો છે તે પ્રત્યે પૂંઠ દીધી છે. દીક્ષા લઈએ અને પછી મોટા મોટા આચાર્યની વિરુદ્ધ કહેવું પડે તેથી આપણું માનભંગ થાય એવું પણ અમને રહેતું નથી.

પાંચ ઇંદ્રિયના વિષયો ભોગવવાની ઇચ્છા હોય એમ પણ જણાતું નથી. પાંચ ઇંદ્રિયના વિષયો પ્રત્યે કદી મન ન જાય એમ કેવળ થયું નથી, પણ એમાં નીરસપણું ભાસે છે. પાંચ ઇંદ્રિયના વિષયો નીરસ લાગે છે. એટલો બધો એમને વૈરાગ્ય રહે છે.

આજ સુધી જેટલા પ્રભાવક થયા છે, તેમના કરતાં અમારી વિચારદશા બળવાન હશે એમ પણ લાગે છે. અત્યારે પ્રભાવના કરે છે તે તો નહીં જેવી છે.

'ગોમટ્ટસાર'માં આવે છે કે તીર્થંકર અથવા શ્રુતકેવળીના પાદકમળમાં ક્ષાયિક સમકિત થાય છે. આ કૃપાળુદેવ શ્રુતકેવળી છે. એમના પાદમૂળમાં પ્રભુશ્રીજી ક્ષાયિક સમકિત પામ્યા.

મુમુક્ષુ– શ્રુતકેવળી એટલે શું?

પૂજ્યશ્રી– શ્રુતજ્ઞાન પૂરું જાણે તે શ્રુતકેવળી. ચૌદપૂર્વની લબ્ધિ જેને પ્રગટી હોય કે જેથી તેનાથી શાસ્ત્રમાં આવેલી કોઈ વસ્તુ અજાણી ન રહે તે શ્રુતકેવળી છે.

[વ○ ૫૨૨] ૩૪૭ બેઝવાડા (વિજયવાડા), પોષ સુદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સંસારમાં રઝળવાનાં કારણ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય છે. આ ચાર કષાયો જીવનું કલ્યાણ થવામાં આડા આવે છે. એ કેમ ઓછા થાય, તે કહે છે.

જ્ઞાનીપુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે, તેમ તેમ અનંતાનુબંધી મંદ પડવા લાગે છે. અનંતાનુબંધી મંદ પડ્યા તો બધા કષાયો મંદ પડવા લાગે. જ્ઞાનીપુરુષનું યથાર્થ ઓળખાણ જેને થાય, તેને સંસારમાં વધારે રઝળવાનું ન થાય, ઓછું થાય. સંસારી જીવ અવળી સમજણને લીધે રઝળી રહ્યાં છે. જ્યાં સુધી જીવ મતમતાંતરમાં હોય ત્યાં સુધી આગ્રહ રહે છે. જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે મતાગ્રહ, દુરાગ્રહાદિ ભાવોની મંદતા થાય. બીજાના દોષ જોતો હતો તેને બદલે પોતાના દોષ જોવા લાગે છે. મારે ચોખ્ખું થવું છે એ જ ભાવના હોય છે. જીવ પોતાનું સ્વરૂપ ભૂલીને બાહ્ય વસ્તુઓમાં ખોટી થાય છે. જ્ઞાનીપુરુષનો યોગ થાય, ત્યાંથી ધર્મની શરુઆત થાય છે. જીવ જ્યારે પોતાના દોષો જોશે ત્યારે ટળશે. જ્ઞાનીપુરુષનો યોગ થયે પોતાના દોષ જોવાની ટેવ પડે છે. બીજાના દોષ ન જુએ, પોતાના દોષ જોવા લાગે તો મુમુક્ષુતા પ્રગટે. સત્પુરુષનો યોગ થયા પછી બીજી વસ્તુઓમાં ખોટી થવું એને સારું ન લાગે. તેથી ખોટી ન થાય. વિકથા ચાર પ્રકારે છેઃ રાજકથા, ભક્તકથા (ભોજનકથા), સ્ત્રીકથા, દેશકથા. એ ચારે પ્રકારની વિકથાઓમાં એને નીરસપણું લાગે છે. મનમાં એમ લાગે કે આ વિકથા છે, તે મને બંધનું કારણ છે. મારું

કલ્યાણ શાથી થાય? એવી ભાવના જાગે.

સત્પુરુષનો યોગ થયા પછી નજીવી વસ્તુઓમાં ખોટી ન થાય. સારા વાંચન-વિચારમાં જ રહે. ખરો લાગ આવ્યો છે. કોઈ જ્ઞાનીપુરુષનો યોગ થયો અને તેમનાં મુખથી સાંભળ્યું કે જગત બધું નાશવંત છે; બધાં સંજોગો મળી આવ્યા છે તેનો વિયોગ થશે, એક આત્મા જ ત્રણે કાળ રહે એવો છે; એથી જીવ બીજામાં ખોટી ન થાય. થોડા કાળમાં કલ્યાણ કરવું હોય તો એવી ભાવના કરે. બીજા આડાઅવળા વિચાર કર્યે ન થાય. બધું અહીં પડ્યું રહેવાનું છે. બાર ભાવનાનો વિચાર કરે તો વૃત્તિ આત્મામાં જાય. જ્ઞાનીપુરુષનો યોગ થયા પછી જીવમાં ત્યાગ, વૈરાગ્ય વિશેષ વૃદ્ધિ પામવા લાગે છે. મોક્ષનો માર્ગ જ સાચો છે એમ લાગે. સત્પુરુષનો યોગ થયા પછી બધા ખરાબ ભાવો છૂટી જાય છે. જેને છૂટવું છે તેને કોઈ બાંધતું નથી. મોહને લઈને જીવ કહે કે મને ઘરવાળા છૂટવા દેતા નથી, પણ પોતાને છૂટવું હોય તો કોઈ રોકતું નથી. જ્ઞાનીપુરુષનો યોગ થયા પછી પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં વૃત્તિ ન જાય. બધું વર્તન પલટાઈ જાય.

મુમુક્ષુ– સત્પુરુષનો યોગ શાથી થાય?

પૂજ્યશ્રી– મહત્પુણ્ય હોય ત્યારે સત્પુરુષનો યોગ થાય છે. પુરુષાર્થ કરે તો અપૂર્વતા જાગે.બધા જીવ સુખને ઇચ્છે છે, પણ સાચા સુખને જાણતા નથી. પાંચ ઇન્દ્રિયોના વિષયો છે તે આત્માને લૂંટી લેનાર છે. મારે એનાથી છૂટવું જ છે, મારે આત્માનું હિત કરવું જ છે, એવો નિશ્ચય થાય તો છૂટાય. દીવો લાગેલો હોય ત્યાં દીવેટ મળે તો દીવો થાય. તેમ જ્યાં જ્ઞાન હોય તેનો યોગ થાય તો જ્ઞાન થાય. સત્પુરુષનો યોગ થયા પછી અપૂર્વતા લાગે તો સાચો રંગ ચઢે. બધું પલટાઈ જાય. સત્પુરુષના યોગે આત્મજ્ઞાન થવું સુલભ છે, પણ પ્રેમ આવવો જોઈએ. એને ગરજ જાગે તો પુરુષાર્થ કરે. પુરુષાર્થ નથી કરતો તેનું કારણ ગરજ નથી જાગી. સાંભળ સાંભળ કરે છે, પણ કરતો નથી. એ તો નાના છોકરાઓ જેમ બધું શીખે, તેમ આ પણ સાંભળ સાંભળ કરે છે.

(રાતના)

જીવની પાસે ખરી મૂડી પ્રેમ છે. એ પ્રેમરૂપી મૂડી પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં વેરી નાખી છે. એથી સાચી કમાણી થતી નથી. એ પ્રેમરૂપી મૂડી સત્પુરુષમાં વાપરે તો ખરી કમાણી થાય.

**'પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે.''**

જ્ઞાનીપુરુષો તો પોકારીને કહે છે કે હે જીવ! તું મોહનિદ્રામાં ઊંઘે છે. માટે જાગ. જ્યાં સુધી સત્પુરુષ પ્રત્યે અને તેમના વચન પ્રત્યે તથા તે વચનના આશય પ્રત્યે પ્રેમ ન આવે ત્યાં સુધી આત્મવિચાર ઉદય પામે નહીં. અનાદિકાળથી જીવની બાહ્ય વૃત્તિ છે. અરૂપી આત્મા ભણી વળવી મુશ્કેલ છે. પોતાની પાસે જ આત્મા છે તેની ઓળખાણ કરવાની છે. સત્પુરુષ ઉપર વિશ્વાસ આવે તો થાય.

જ્યારે એને સત્પુરુષ પ્રત્યે પ્રેમ આવે ત્યારે એને લાગે કે 'આટલા કાળ સુધી બધાં સાધનો

વૃથા કર્યાં, માટે હવે લક્ષ રાખીને આત્માનું કરવું.' વિશ્વાસ આવ્યા પછી બધું સહેલું છે. જ્યાં સુધી પર વસ્તુઓમાં પ્રેમ છે ત્યાં સુધી સાચી વસ્તુ પર વિશ્વાસ આવે નહીં. વિશ્વાસ આત્માનો કરવાનો છે. છ પદનો વિશ્વાસ દૃઢ કરવાનો છે. 'આત્મા છે, નિત્ય છે, કર્ત્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે' એની શ્રદ્ધા કરવા પુરુષાર્થ કરશે તો વિશ્વાસ આવશે. જ્યાં સુધી સંસારનો લક્ષ હોય ત્યાં સુધી સંસાર છે. જ્ઞાનીના યોગે, જ્ઞાનીપુરુષની આજ્ઞા પ્રમાણે વર્તે ત્યારે એને જ્ઞાનીની અપૂર્વતા લાગે. એ યોગ ફરીથી મળવો દુર્લભ છે. જેટલું કરું તેટલું સફળ થશે એમ એને લાગે. જ્યારે ધર્મની ગરજ જાગશે ત્યારે મોહમાં ફસાતાં ડરશે. 'હું મોહમાં ફસાઈ ન જઉં' એ લક્ષ રહે. મોહનું લશ્કર મને લૂંટી લેવા માટે તૈયાર ઊભું છે. માટે ચેતતા રહેવું. 'જાગ્યા ત્યારથી સવાર.' આ મનુષ્યભવ છે ત્યાં સુધી જેટલું કરશો તેટલું થશે. 'દેહથી હું ભિન્ન છું' એ લક્ષ રાખવો. જીવને કલ્યાણ કરવામાં કઈ કઈ વસ્તુઓ રોકી રાખનાર છે તે કહે છે. ૧. અભિમાન– એ કરશે તો લૂંટાઈ જશે. એમાં તણાયો તો બધાં સાધનો નિષ્ફળ જશે. 'હું જાણું છું' એમ જીવ અભિમાન કરે છે, જાણતો નથી અને જાણું છું એમ માને છે. એ જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ છે. ૨. લોકભય– કુળધર્મને અને કરતા આવ્યા છે તે ક્રિયાને કેમ ત્યાગી શકાય એવો તથા હું ધર્મ કરું છું, લોકો મને શું કહેશે? એવો ભય રહે તે લોકભય છે. ૩. લૌકિકભાવ– સત્પુરુષ આદિને વિષે પણ લૌકિકભાવ. ૪. જ્ઞાનીપુરુષની નકલ કરે– એટલે જ્ઞાનીપુરુષ તો પૂર્વકર્મના યોગે કદાચ પંચ વિષયાદિમાં પ્રવૃત્તિ કરે તેની આ જીવ નકલ કરે. એ આદિ દોષો છે તે જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ છે. જ્ઞાનીપુરુષની ઓળખાણ થયા પછી પણ જીવ આવા દોષોથી છેતરાય છે, માટે ચેતતા રહેવા માટે કહ્યું છે. અનંતાનુબંધી કષાય અનંતકાળથી જીવને છેતરતા આવ્યા છે અને છેતર છેતર કરે છે. જીવની દૃષ્ટિ બાહ્ય છે. જ્ઞાનીની ઓળખાણ નથી. મેં માન્યું તે ધર્મ, એમ જીવ માને છે. કૃપાળુદેવે વાત કરી કે જીવ જ્ઞાનીપુરુષની નકલ કરે છે તેથી એ બંધાય છે અને જ્ઞાનીપુરુષો તો છૂટે છે.

જીવ મોહમાં પડ્યો છે. જીવને ખાળે છે કોણ? પોતાનું સ્વરૂપ નથી જાણ્યું તે. જ્યાં સુધી પોતાનું સ્વરૂપ નથી જાણ્યું ત્યાં સુધી જીવ બીજે ભટકે છે. જીવ આત્મા કરતાં દેહની કાળજી વધારે રાખે છે. રાતદિવસ દેહમાં જ ગાળે છે. આ દોષો જ્ઞાનીપુરુષની અપૂર્વતા આવવા દેતા નથી. મારે આત્માને માટે જ કરવું છે, એમ થતું નથી. આત્મા દેહથી ભિન્ન છે, દેહ તો માત્ર સંયોગ છે. આત્મા અસંયોગી છે.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ;**
**એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ."**

એવું સ્વરૂપ ભાસે તેને જ્ઞાન કહેવાય. જ્ઞાનીપુરુષ પાસેથી જે જાણ્યું અને પછી જ્ઞાનીપુરુષનો યોગ ન રહે તો તેમાં આગમ મદદ કરે છે. પોતાને જાણવું પડશે. ઉપદેશબોધ જોઈશે. સદ્‌ગુરુના ઉપદેશથી આત્મા જાણવા યોગ્ય છે. અનાદિકાળથી સ્વચ્છંદથી રઝળે છે. તે શાથી રોકાય? તો કે–

'પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય.' કલ્પનાથી આખું જગત છેતરાઈ રહ્યું છે. માટે

પહેલું જ કહ્યું કે "બીજું કંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે." (૭૬) જે વસ્તુ પામ્યા છે તે પમાડશે.

જીવ અભિમાનમાં ભૂલો પડ્યો છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે વિનય એ ધર્મનું મૂળ છે. અભિમાન થાય તો જ્ઞાન થાય નહીં. વારંવાર અભિમાન સ્ફુરી આવે છે. 'દેહથી હું ભિન્ન છું' એવું થાય તો જ્ઞાન કહેવાય. વિચારદશા આવ્યા વિના ત્યાગ પણ અત્યાગ જેવો જ છે. 'કર વિચાર તો પામ.' સદ્વિચારથી આત્મજ્ઞાન થાય છે. ક્રોધાદિ બધા દોષો મટી જાય છે. દેહમાં રોગ થયો હોય તો મટી જાય, પણ આ રાગ-દ્વેષરૂપ કષાય છે તેને મટાડવા બહુ દુર્લભ છે. માટે સદ્વિચાર કરી કષાયોને ઓછા કરવા. વિભાવભાવ છેદ્યો નથી. વસ્તુ છોડે છે પણ મૂર્છા છોડતો નથી. અભિમાન છોડવું દુર્લભ છે. સાધુ થઈ ગયો હોય અને અંદરથી મોહભાવ ગયો ન હોય તો સાધુ થયા પછી પણ એના એ જ વિચાર આવે. બાહ્ય વસ્તુઓનો ત્યાગ કરે છે, પણ કષાયભાવોને સાથે લઈ જાય છે. કષાય એ જ સંસાર છે અને એ જ કર્મબંધનનું કારણ છે. પૂર્વના સંસ્કારો છે તે નિમિત્ત મળતાં સ્ફુરી નીકળે છે. અભિમાન એ શત્રુ છે. એને કાઢવાનો છે. અંતર્લક્ષ જાગે ત્યારે કામ થાય.

જગતમાં જીવ ભમે છે તે પૂર્વના મોહના સંસ્કારોને લઈને. વસ્તુ ઉપરથી ભાવ ન છૂટે ત્યાં સુધી તે વસ્તુ આખા લોકમાં જ્યાં જ્યાં તૈયાર થતી હોય તે સંબંધી પાપ એને લાગે. 'મારે મધ ખાવું છે' એવી ભાવના જો રહે તો જ્યાં જ્યાં મધ તૈયાર થતું હોય ત્યાં ત્યાં એનો ભાગ ખરો.

આનંદઘનજીએ ગાયું છે કે–

**"જગત જીવ હૈ કર્માધીના, અચરિજ કછુઅ ન લીના."**

બધા જીવો કર્મને આધીન છે.

**"કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય."**

**[વ૦ ૫૨૩]** (રાતના સભામાં) ૩૪૮ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જેને આવા કાળમાં કંઈ ધર્મની ઇચ્છા હોય તેવા જીવોથી કૃપાળુદેવે પ્રેમ રાખ્યો છે. સત્સંગને યોગ્ય જીવોથી પ્રેમ રાખ્યો છે.

સાચા માર્ગની પ્રભાવના થાય એવી સોભાગભાઈની ઇચ્છા હતી. ક્યારે પ્રભાવના કરશે, એવી જિજ્ઞાસા એમને રહે છે અને એ પ્રભાવના થાય તો બહુ હર્ષ થાય.

કૃપાળુદેવ લખે છે કે જીવો કલ્યાણને અર્થે દીક્ષા લે છે, તપ કરે છે, પણ મોક્ષમાર્ગની ખબર નથી. જેવી તમને પ્રભાવનાની ભાવના રહે છે તેવી અમને પણ રહે છે. સાચો માર્ગ જીવો પામે એવી કૃપાળુદેવની ઇચ્છા છે. એને બદલે અજ્ઞાનમાર્ગમાં જીવો ખેંચાયા જાય છે તે જોઈને ખેદ રહે છે. અજ્ઞાનનું રાજ્ય વર્તે છે, તે મટાડવાની જરૂર છે. ભાવના તો છે પણ જ્યારે થવાનું હશે ત્યારે થશે. આપણી ઉતાવળે થાય એવું નથી. પ્રભાવના થાય તો સારું એમ રહે છે. તેની સાથે એમ પણ રહે છે કે જ્યારે થવાનું હશે ત્યારે થશે. બીજા જીવોનું કલ્યાણ કરવું એમ કરવા જતાં આત્મા બાહ્યભાવમાં

જાય એવું પણ કરવા યોગ્ય નથી. જીવોનું કલ્યાણ કરવાની ભાવનાથી પ્રવર્તન થાય, સમજીને શમાઈ જવું તેને બદલે બાહ્ય પ્રવર્તન થાય, તેથી ભાવ બાહ્યમાં ન તણાઈ જાય એ સાચવવાનું છે. આત્મા પોતાની શાંતિ વિશેષ વધારે એ કરવાની જરૂર છે. બહારની વસ્તુઓમાં જીવ ધર્મ માને છે એનો ભય રાખવા યોગ્ય છે. પ્રભાવના કરવાનો કૃપાળુદેવને વિચાર રહે છે અને બાહ્યભાવમાં જીવ ન જાય, એનું માહાત્મ્ય ન લાગે એ બન્ને વિચાર આવે છે. બાહ્યભાવમાં જીવ ખેંચાઈ જાય છે. પ્રભાવના કરવાનો વિચાર તો રહે છે, પણ એનું ફળ સમીપમાં જણાતું નથી. તેથી તમને લખ્યું નથી. તમારી એ ભાવના છે કે દીક્ષા લો, દીક્ષા આપો. તે વિષે અમારી જે ભાવના છે, તે તમને જણાવી છે. હમણાં પ્રભાવના નહીં થશે એમ કરી તમારે ઉદાસ ન થવું. ઉદય થોડા વખતમાં ભોગવાય એવું થતું હોય તો ગમે તેવી મુશ્કેલી પડતી હોય, તોપણ અમારે એમ કરવું છે. ઘણા વખત થયાં બાહ્ય માહાત્મ્યમાં વૃત્તિ જતી નથી. તેમ છતાં હજુ સુધી અમારે ભય રાખવાનો છે. ગમે તેમ થાય પણ આત્મા બાહ્ય પરિણામ ન ભજે એવી સ્થિતિ થવામાં કંઈક અમને ઓછાઈ છે, પણ એ વધારે વખત રહે એમ નથી. થોડા વખતમાં નાશ પામે એવી છે.

નિર્ભય પુરુષનાં વચનો મુમુક્ષુને ધર્મ પુરુષાર્થમાં નિર્ભય કરે છે.

અનેક અલંકાર સોનાના હોય પણ એને ગાળી નાંખે તો એક સોનાનો મોટો ગઠ્ઠો રહે છે. તેમ સંસારપર્યાય છૂટી જાય તો મોક્ષે જાય. મોક્ષમાં બધા જીવો એકરૂપે થઈ જતા હશે? એમ સોભાગભાઈનો પ્રશ્ન છે. મોક્ષમાં બધા જીવો એક જ ચૈતન્યઘન થઈ જતા હશે? એમ પ્રશ્ન છે. કૃપાળુદેવ એનો ઉત્તર આપે છે કે સોનું છે તે પુદ્‌ગલરૂપ છે. એ મૂળ દ્રવ્ય નથી. જગતમાં છ દ્રવ્ય છે તેમાં સોનું દ્રવ્ય આવતું નથી, પણ એ બધું પુદ્‌ગલ જ કહેવાય. અનંત પરમાણુ એકઠાં થાય ત્યારે એ સોનારૂપે પુદ્‌ગલ દેખાય છે. મૂળ દ્રવ્ય તો પરમાણુ છે. પછી એના આકાર વગેરે કરે તે બધા સંયોગો છે. એ સંયોગોનો તો નાશ થાય, પણ મૂળ જે પુદ્‌ગલપરમાણુ છે તેનો નાશ ન થાય. અનંત પરમાણુ એકઠાં થાય ત્યારે પુદ્‌ગલ દેખાય. સોનું એ ઉપચારી દ્રવ્ય છે. મૂળ દ્રવ્ય નથી. પરમાણુ કોઈ નવાં ઉત્પન્ન થતાં નથી અને પરમાણુ પોતાનું સ્વરૂપ છોડતાં નથી. આ સોનામાં આટલા પરમાણુ છે, એમ જ્ઞાની જાણે છે. એક પુદ્‌ગલપરમાણુ પોતાનું સ્વરૂપ છોડી બીજા પરમાણુરૂપ ન થઈ જાય. પોતે પોતાના સ્વભાવમાં રહે છે. મોક્ષમાં સિદ્ધ ભગવાન બધા ભિન્ન ભિન્ન છે. જેમ સોનું બધું એકઠું કરી એક લગડી કરે પણ દરેક પરમાણુ જુદાં જુદાં છે, તેમ સિદ્ધ જીવો પણ ભિન્ન ભિન્ન છે. એક પુદ્‌ગલ-પરમાણુ બીજારૂપે થાય જ નહીં. દરેક પરમાણુ જે પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે તેને તજતાં નથી. તજે એમ બની શકતું નથી. અનંત સિદ્ધો છે. એક સિદ્ધ બીજારૂપે ન થાય. પિસ્તાળીસ લાખ યોજનની સિદ્ધશિલા ઉપર સિદ્ધના બધા જીવો છે તે જુદા જુદા છે.

મુમુક્ષુ— સિદ્ધ ભગવાન ત્યાં હરતા ફરતા તો હશે કે એક ઠેકાણે બેઠા રહેતા હશે?

પૂજ્યશ્રી— એમને ફરવાનું કામ શું? અચળપણું, અડોલપણું પ્રાપ્ત થાય ત્યારે મોક્ષ થાય છે. ત્યાં એમને કોણ ફેરવે? કર્મ તો છે નહીં. પોતાના સ્વભાવમાં રહે છે. એમને હવે કંઈ કરવું રહ્યું

નથી. કૃતકૃત્ય થયા છે. ત્રણે લોકનું નાટક જોઈ રહ્યા છે. એમને હવે કંઈ ઇચ્છા રહી નથી, એનું નામ જ ચારિત્ર છે.

**"હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;**
**એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય."** (૨૬૬)

જે આત્મસ્વરૂપ છે તેનો કદી નાશ થાય એવો નથી અને જે ન હોય તે થાય એવો નથી. દરેકનાં કર્મ, મોક્ષઅવસ્થા એ સૌ સૌનાં જુદાં છે. સૌ સૌનાં કર્મો જુદાં હતાં, તે બધાં ખપાવીને મોક્ષે ગયા. એટલો બધો પુરુષાર્થ કર્યો અને તેનું ફળ નાશ આવે તો શું કામનું? એ તો પોતાનો નાશ થાય કે પોતે પોતાનું સ્વરૂપ ત્યાગે એમ નથી. અવ્યાબાધ આત્માનો ગુણ છે. એ આત્મસ્વરૂપ બાધ પામે એવું નથી. સિદ્ધ ભગવાન બધા એકરૂપ થઈ જાય છે એમ નથી. કૃપાળુદેવને સોભાગભાઈએ લખ્યું કે જે પ્રશ્નનું સમાધાન ૫૦ વર્ષે ન થાય તેવા પ્રશ્નનું સમાધાન આપથી અમને થોડા કાળમાં થઈ ગયું.

**[વ૰ ૫૨૫]** (સાંજના સભામાં) ૩૪૯ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– દોષો ટાળવા માટે સત્સંગ એ ઉત્તમ સાધન છે. જ્યાં સુધી અસંગદશા ન આવે ત્યાં સુધી સત્સંગ કરવાનો છે. સત્સંગનું ફળ અસંગપણું છે. સત્સંગ કરીને એ કરવાનું છે. જ્ઞાન થયા વિના બીજો પરિચય વધારે રહેતો હોય તો આત્મામાં રહેવા વધારે બળ કરવું પડે. કૃપાળુદેવ લખે છે કે આ સંસારસમુદ્ર અમને પણ ગળકાં ખાતાં ખાતાં માંડ તરવા દે છે. પુરુષાર્થ વગર સંસાર સમુદ્ર તરાય નહીં.

(આચાર્ય શાંતિસાગરજી સંબંધી પ્રશ્ન પૂછાતાં)

પૂજ્યશ્રી– શાંતિસાગર નામના એક દિગંબર મુનિ છે. તેમણે એવો નિયમ કર્યો છે કે જે દેવ દેવીઓને પૂજતા, માનતા હોય તેમને ઘેર આહાર ન કરવો. એ મુનિ બહુ પ્રખ્યાત છે, તેથી લોકોને આહાર કરાવવાની ઇચ્છા થાય અને તેથી ઘણાઓએ દેવદેવીઓની માન્યતા મૂકી દીધી અને એમને ઘેર જે દેવોની મૂર્તિઓ હતી તે બધી ગાડાં ભરી ભરીને નદીમાં નાખી દીધી.

**[વ૰ ૫૨૭]** (રાતના સભામાં) ૩૫૦ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૦)), સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જ્ઞાનીપુરુષના વચન ઉપરથી અથવા બીજા કોઈ લખનારના વચન ઉપરથી કૃપાળુદેવને ખબર પડતી કે આ અમુક દશામાં રહીને લખેલાં છે.

કૃપાળુદેવને [1]માકુભાઈએ પ્રશ્ન પૂછ્યો કે મહાવીર ભગવાનનું શાસન છે, એમનો મોટો ઉપકાર છે, એમની ભક્તિથી વિશેષ લાભ થાય કે જે આપણને હિતમાં પ્રેરે છે, અહિતથી વારે છે, તેમની ભક્તિથી વિશેષ લાભ થાય? કૃપાળુદેવે એનો ઉત્તર લખવાનું સોભાગભાઈને કહ્યું કે મહાવીરસ્વામીની પ્રતિમા હોય તેને કોઈ પૂજતો હોય અને પ્રત્યક્ષ સદ્ગુરુની ભક્તિ કરતો હોય તો એ બેમાં વિશેષ હિતરૂપ કોણ છે? તેનો ઉત્તર તમે બન્ને વિચારીને લખજો. પ્રશ્ન બહુ સરસ છે,

૧. શ્રી માણેકલાલ ઘેલાભાઈ

જીવને વિચારવા યોગ્ય છે. અત્યારે પ્રત્યક્ષ ભગવાન તો છે નહીં, પણ એમની પ્રતિમાને સર્વજ્ઞ ભગવાન જાણીને ભક્તિ કરે છે અને કોઈ પ્રત્યક્ષ સદ્ગુરુની ભક્તિ કરે છે, તો બેમાં વિશેષ કોને લાભ થાય?

૧. મુમુક્ષુ— મહાવીરસ્વામી સર્વજ્ઞ હતા, પણ અત્યારે પ્રત્યક્ષ છે નહીં. હવે પ્રતિમા છે તે તો મોઢે બોલે નહીં. પ્રત્યક્ષ સદ્ગુરુનો યોગ હોય અને બોધ મળે તો તેથી જીવને વિશેષ જાગૃતિ આવે એમ લાગે છે.

૨. મુમુક્ષુ— પ્રત્યક્ષયોગ વિના સ્વરૂપનું તો ભાન ન જ થાય. પુણ્ય બાંધે પણ સ્વરૂપનું ભાન ન થાય.

પૂજ્યશ્રી— 'અરિહંત' એમ કહે, પણ અરિહંત કોને કહેવાય છે તે સમજાતું નથી. રોજ બોલીએ છીએ—

**''પ્રથમ નમું ગુરુરાજને, જેણે આપ્યું જ્ઞાન;**
**જ્ઞાને વીરને ઓળખ્યા, ટળ્યું દેહ અભિમાન.''**

એ સદ્ગુરુ વિના ઓળખાય નહીં એવા વીર છે. સ્વરૂપ સમજવામાં સદ્ગુરુ એ પરમ કારણ છે. કોઈને પૂર્વના સંસ્કારે પ્રતિમા જોઈને જાતિસ્મરણ થાય છે, પણ એ વાત જુદી છે.

**''પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;**
**એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.''**

'અરિહંત, અરિહંત' આખું જગત કહે પણ અરિહંત શું? એ સદ્ગુરુ વિના સમજાય નહીં. કૃપાળુદેવે લખ્યું છે કે ''કોણ ભાગ્યશાળી? અવિરતી સમ્યગ્દૃષ્ટિ કે વિરતી?'' (૨૧/૧૨૫) એકને સમ્યક્‌દર્શન છે, પણ વ્રત નથી અને બીજાને સમ્યક્‌દર્શન નથી અને વ્રત છે. જો સમ્યક્‌ત્વ નથી તો તે ભાગ્યશાળી નથી.

ઓઘભાવે જીવ વર્તે છે ત્યાંથી વિચારદશામાં આવવા માટે આ જણાવ્યું છે. સદ્ગુરુ વિના આત્મવિચાર ન જાગે. જ્યારે ત્યારે સદ્ગુરુનો યોગ થશે ત્યારે આત્મવિચાર આવશે. જીવને બહારની વસ્તુનું માહાત્મ્ય લાગે છે, પણ આત્માનું માહાત્મ્ય નથી લાગતું. જીવને આંધળી દોડ છે, ત્યાં મોહનીયકર્મ એને દોડમાં મદદ આપે છે. પ્રભુશ્રીજીને કૃપાળુદેવ મળ્યા ત્યારે કૃપાળુદેવે કહ્યું કે— 'તમે મુનિ શાના? મુનિ નહીં,' એમ કહ્યું. એવું હવે કોણ કહે? એમના ગુરુ પણ ન કહે. પોતાને જાગવાનું છે. પ્રત્યક્ષ સદ્ગુરુ યોગે સ્વચ્છંદ રોકાય છે.

**''પ્રત્યક્ષ સદ્ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય.''**

કોઈ કહે કે અરિહંત ભગવાને ચાર કર્મ ક્ષય કર્યાં છે અને સિદ્ધ ભગવાને આઠ કર્મ ક્ષય કર્યાં છે, તો સિદ્ધ ભગવાનની ભક્તિ કેમ ન કરીએ? વળી અરિહંત તો સમવસરણમાં બેસે છે, દેહ સહિત છે અને સિદ્ધ ભગવાન તો નિરાકાર છે. એ વધારે મહાન છે તો એમની ભક્તિ કેમ ન કરીએ? પણ એ બેમાં ઉપકારી વધારે કોણ છે? એ લક્ષ રાખીને નવકારમાં પહેલું ''નમો અરિહંતાણં'' એમ કહ્યું.

જે વસ્તુની આપણે જરૂર નથી, તે વસ્તુનો વિચાર કરે તે આર્ત્તધ્યાન છે. અવસર આવ્યા વગર તેના વિચાર કરે, તે અનવસર-આર્ત્તધ્યાન છે. છૂટવું હોય તેના કેવા વિચાર હોય છે! પરવસ્તુ સંબંધી જે ઇચ્છા છે, ફિકર ચિંતા છે, તે બધું આર્ત્તધ્યાન છે. એ સૂક્ષ્મ વાતો સમજીને જ્ઞાનીપુરુષ આચારમાં મૂકે છે. જે વસ્તુની કંઈ જરૂર નથી તેના વિચાર કરે તો એ આર્ત્તધ્યાન છે, એથી બચવું.

**[વ૦ ૫૨૮]** (રાતના સભામાં) ૩૫૧ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જ્ઞાનીની દશા કેવી હોય તે કહે છે. સંસારનાં સુખ, પાંચ ઇંદ્રિયના સુખનું મને સ્વપ્નુંય ન હો એમ જેને લાગે છે, સંસારનું સ્વરૂપ જેને નિઃસાર લાગ્યું છે, દેવલોક આદિમાં ક્યાંય સુખ લાગતું નથી. એવી સત્પુરુષની દશા વિચારીને ભક્તિ કરે તો વિશેષ લાભ થાય.

વિષયકષાયમાં વૃત્તિ જાય નહીં, સ્વપ્ને પણ એની ઇચ્છા ન થાય તો જ આપણે કૃપાળુદેવના અનુયાયી છીએ. એ જ આપણે કરવાનું છે. સંસારમાં ક્યાંય સાર નથી. એવા વૈરાગ્યની જરૂર છે. આ ચાર ગતિરૂપ જગત છે, પરિભ્રમણ કરાવનાર છે. આ સંસાર દુઃખરૂપ જ છે "તલ જેટલી જગ્યો પણ એ સંસારની ઝેર વિના રહી નથી," (મો.શિ.પા. ૫૨) એવા સંસારમાં શું મળે? પરિભ્રમણ કરવાના, દેહ ધારણ કરવાના કારણો મળે. એમ જાણવા છતાં શા માટે સંસારમાં ભમે છે? સાધન મળ્યું નથી તે તો શું કરે? પણ જેને મળ્યું છે તેણે તો કરવા જેવું છે.

જ્ઞાનીને ખાવું પીવું પડે તોય તેમાં આનંદ ન આવે. એ જ આપણે કરવાનું છે. જેને સંસારમાં ક્યાંય સાર નથી એમ લાગ્યું છે, તેને ઉદાસીનતા રહે.

'समयं गोयम मा पमाए ।'

એ જેવું તેવું નથી. સમય માત્ર પ્રમાદ ન કર, એવું ગણધર જેવાને કહ્યું તો પછી બીજા જીવોને તો કહેવું જ શું? સંસારનું સ્વરૂપ કેવું ભયંકર છે! જ્ઞાનીને પણ વ્યામોહ કરાવે એવું સંસારનું સ્વરૂપ છે. તેમાં આપણે આંખો મીંચીને દોડ્યા કરીએ છીએ. જેણે આત્મા જાણ્યો છે, તેની સંભાળ રાખે છે, તેવા જ્ઞાનીને પણ સંભાળ રાખીને વર્તવાનું છે. નહીં તો મિથ્યાત્વમાં તણાઈ જાય. માટે સંસારમાં આ કષાય અને ઇંદ્રિયોરૂપી ચોર રહ્યા છે, તેનાથી ભય પામવો. આત્માને વિસારે અને કલ્યાણ ઇચ્છે, તો એ બેયને મેળ ખાય નહીં.

જ્ઞાની જુદા અને સાધારણ જીવો જુદા છે. જ્ઞાની પણ બહુ સંભાળ રાખીને વર્તે છે, તો પછી સાધારણ જીવોનું તો કહેવું જ શું? લોકો જેને ઇચ્છે તેને જે ઇચ્છે તે મુમુક્ષુનું કલ્યાણ કેમ થાય? સત્પુરુષે તો એ છોડવાનું કહ્યું છે, પણ જીવ તેમાં જ રમણતા કરે છે. વૃત્તિઓની છેતરામણી છે. બધા ધર્મનો આધાર ભાવ ઉપર છે. ભાવ વગર ધર્મ થાય નહીં.

**"ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન,**
**ભાવ ભાવના ભાવિયે, ભાવે કેવળજ્ઞાન."**

ભાવ વગર તો જીવ અનંતકાળથી કરતો આવ્યો છે. એ ભાવ ન આવે ત્યાં સુધી કામ થવાનું

નથી. લૌકિકભાવ નિવર્તે તો પરમાર્થભાવ આવે. પૂર્વ અને પશ્ચિમ બે રસ્તા છે. પશ્ચિમમાં ચાલે તો પૂર્વમાં ન ચલાય.

સંસાર પ્રત્યે પૂંઠ દીધી હશે તો મોક્ષ આવશે. બેઉ કામ સાથે ન થાય. અહિતનું કારણ, જેથી આત્માનું અહિત થાય, એવા સંસારના પ્રસંગમાં જીવ રહ્યો છે. પ્રભુશ્રીજી કહેતા કે– ‘લોક મૂકે પોક, તું તારું કર, આત્મહિત કંઈક કરી લે.’ આત્મવિચાર થયા વિના તો કલ્યાણ થાય નહીં.

જ્યાં સુધી લૌકિકભાવ હોય ત્યાં સુધી આત્મવિચાર ન આવે. લૌકિકભાવથી નિવૃત્ત થઈને આત્માની કાળજી ન રાખે ત્યાં સુધી આત્મવિચાર ક્યાંથી જાગે?

આત્મવિચાર જાગે તેવું આ ભવમાં કંઈક કરી લેવું. એ આત્મવિચાર પ્રગટે તો આત્મજ્ઞાન દૂર નથી. પ્રભુશ્રીજી કહેતા કે ‘થપ્પડ મારવાની છે. નાક વાઢી નાંખવાનું છે!’ શું કહે? સંસારમાં દૃઢ થઈને જીવ બેઠો છે. વિચારણા જગાડવા માટે સત્સંગ છે. ત્યાં સાંભળીને વિચાર કરે નહીં, તો સત્સંગ નિષ્ફળ થાય. મારા દહાડા શામાં જાય છે? એ જીવ વિચારતો નથી. સત્પુરુષ પાસે પરાણે કમાણી થઈ હોય, પણ સંભાળ ન રાખે તો આવરણ આવી જાય. માટે કંઈક સત્સંગ થયો હોય, બોધ સાંભળ્યો હોય તો તેથી ચેતવા યોગ્ય છે. આત્મામાં આત્મબુદ્ધિ કરવાની છે, તેને બદલે બીજે આત્મબુદ્ધિ થઈ છે. હું પુરુષ, મારી સ્ત્રી, મારા પુત્ર, એ મારાપણું ટાળવાનું છે. એ ન છૂટે ત્યાં સુધી સત્સંગેય કેમ ફળવાન થાય?

પર્યાયદૃષ્ટિમાં જીવ પડ્યો છે. પર્યાયમાં રમણતા કરે છે. દેખતભૂલી જીવ છે. જે દેખે તેમાં તન્મય થઈ જાય, મારું મારું કરે. ઇંદ્રિયો બધી પુદ્ગલરૂપ છે. અનંતકાળથી જીવે પુદ્ગલો આઘાંપાછાં કર્યાં છે. આ મનુષ્યભવ જળના પરપોટા જેવો છે. આ પર્યાયદૃષ્ટિ છોડી દ્રવ્યદૃષ્ટિ કરવાની છે. આ પરમાણુના ઢગલા છે, તે મારે નથી જોઈતા. “એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા.’ એવું કરવાનું છે. જ્ઞાનીપુરુષ કેટલું કહે! અમને પણ એમાં કષ્ટ લાગે છે, તો તમને તો કેટલું લાગવું જોઈએ. મહાવીર ભગવાનને જન્મથી જ ત્રણ જ્ઞાન હતાં, મેરુ પર્વત ચળાવી દે એવી શક્તિ હતી, શરીરના બધા ભોગો છતાં બધું છોડીને જંગલમાં ચાલી નીકળ્યા. ત્યાં કોઈ શિષ્યો કર્યા નહીં, ઊંઘ્યાયે નહીં, ખાધુંયે નહીં અને પીધુંયે નહીં; પણ સાડા બાર વર્ષ સુધી મોહનો ક્ષય કરવાનો પુરુષાર્થ કર્યો, ત્યારે કેવળજ્ઞાન થયું. અને આ જીવ જાણે મોક્ષમાં જ બેઠો હોય તેમ રહે છે. ‘જ્ઞાની તો કહે, આપણું કામ તો ઊંઘવાનું’ એમ કરે છે.

પ્રભુશ્રીજી કહેતા કે– ‘ઠગારું પાટણ છે.’ મૂઠી પુણ્ય લઈ આવ્યો, પણ જો હિત ન કર્યું તો બધું લૂંટાઈ જશે, કંઈ સાથે આવશે નહીં. મુખ્ય તો જીવને દેહાધ્યાસ છે. પોતાને દેહરૂપ માને છે, તેથી બીજાને પણ દેહરૂપ માને છે.

**“છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ.”**

આત્મા ભણી જીવ આવતો નથી. સંસારમાં ને સંસારમાં જ જીવ ફરે છે. મહાપુરુષે કેટલું

વીર્ય ફોરવ્યું છે! તે જણાવવા માટે આ કહ્યું કે જેમને જન્મથી જ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન હતાં, પગના અંગૂઠાથી મેરુ પર્વતને ચલાયમાન કરી દે એવી જેની અનંતશક્તિ હતી, મેરુ પર્વત જેટલી જેમને શરીરના ભોગની સામગ્રી હતી, દેવો પણ જેમની સેવા કરતા, છતાં બધું છોડીને જંગલમાં ચાલી નીકળ્યા; ત્યાં પણ બહુ પુરુષાર્થ કર્યો. શિષ્યોય કર્યા નહીં, ખાધું નહીં, પીધું નહીં, ઊંઘ્યાય નહીં, એક મોહને ક્ષય કરવાનો પુરુષાર્થ કર્યો. મોહ કેમ થાય છે? કર્મ કેમ બંધાય છે? તે કેમ છૂટે? એના જ વિચારમાં રહ્યા ત્યારે કેવળજ્ઞાન પામ્યા. એવા તીર્થંકર જેવાએ પણ એટલો પુરુષાર્થ કર્યો છે. તે જ ભવે મોક્ષે જનાર હતા, છતાં આટલો પુરુષાર્થ કર્યો તો આપણે તો કેટલા પુરુષાર્થની જરૂર છે! અને આ જીવ તો જાણે મોક્ષમાં જ બેઠો હોય તેમ બેઠો છે.

વ્યાપાર આદિનું કામ કરવું પડે તો કરવું પણ ભાવના તો સત્સંગ ક્યારે થાય, એજ રાખવી. પ્રારબ્ધ હોય તેથી કરવું તો પડે પણ ભાવના બીજી રાખી શકાય છે. કૃપાળુદેવને પ્રારબ્ધ હતું તેથી સંસારમાં રહેવું પડ્યું પણ ભાવના છૂટવાની હતી. હત્‌પુણ્ય જીવોએ ભરતક્ષેત્ર ઘેરી લીધું છે, એમ કૃપાળુદેવે લખ્યું છે. જીવ પુદ્‌ગલમાં સુખ માને છે. બધાં પુદ્‌ગલોને સરખાં કરવા ઇચ્છે છે. દિવસે દિવસે વિષયકષાયની ચંચળતા વધતી જાય છે. દુઃખનાં કારણોમાં સુખ માને છે, ત્યાગમાં ધર્મ છે, તેને બદલે ગ્રહણમાં ધર્મ માને છે. કૃપાળુદેવે, સુખી થવું હોય તો આ રસ્તો બતાવ્યો છે. ‘‘સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે.’’ (૫૬૯)

પુણ્ય હોય તે ક્યાંય જતું નથી. કૃષ્ણ હતા તે ગાયો ચરાવતા અને ત્રણ ખંડના રાજા થઈ ગયા. દિવસે દિવસે કાળ ખરાબ આવે છે. પહેલાં અહીં ભોગભૂમિ હતી, ત્યારે બધા લોકો પુણ્યશાળી હતા. દેવલોકમાંથી ઘણાખરા આવતા અને ઘણું કરી દેવલોકમાં જ પાછા જતા. હવે પાપ વધે છે તેથી રાજા થવા જેટલું પણ પુણ્ય નથી, તેથી રાજા વિનાની પ્રજા થઈ છે.

**[વ૦ ૫૨૯]** (રાતના સભામાં) ૩૫૨ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૪, સં. ૨૦૦૯

**પૂજ્યશ્રી**— હે ભગવાન! મને તારજો, ફલાણું કરજો, પણ મારે સંસાર જોઈએ છે. એમ ઇચ્છે તેનું અંતર ચોખ્ખું થતું નથી. સંસાર એને મૂકવો નથી.

જીવ પોતાપણું મૂકશે ત્યારે ભગવાન ભગવાનનું સંભાળશે. એટલો નિશ્ચય થાય તો પછી બસ. ‘‘ધિંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ, વિમલ જિન.’’ એવું થાય તો ‘‘જા વિધ રાખે રામ, તા વિધ રહીએ.’’ એમ રહે. અહંભાવ, મમત્વભાવ એ બે જ સંસારનાં કારણ છે. એ હોય ત્યાં સુધી સમ્યક્‌ત્વ ન થાય. જીવનું સંસારમાં ચિત્ત રહે છે. જ્ઞાનમાં ચિત્ત રહેતું નથી.

**‘‘છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ,**
**એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.’’**

ખાસ જ્ઞાન એ કે હું દેહાદિ સ્વરૂપ નથી, આત્મા અવિનાશી છે, એવું સદ્‌ગુરુ પાસે સાંભળી દૃઢ થયું તે ખરું જ્ઞાન છે. એવી કંઈક જ્ઞાનકથા લખશો, એમ કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે.

[વ૦ ૫૩૧] (રાતના સભામાં) ૩૫૩ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— આ કાળમાં મુમુક્ષુતા પણ પ્રાપ્ત થવી દુર્લભ છે. જ્ઞાનીનું હૃદય વિશાળ અને દયાવાળું હોય છે, પણ જેનું ફળ ખરાબ આવે તેવું કાર્ય મુમુક્ષુ કરે તો એમને ત્રાસ છૂટે. આ સંસારમાં ક્ષણવાર પણ ઊભું નથી રહેવું એવો જેણે નિશ્ચય કર્યો છે, તેવાને બીજી વાત જરા પણ ગમતી નથી. કર્મ પ્રમાણે જે થવાનું હોય તે થાય છે. પરમાર્થની ઇચ્છા હોય તો સંસારની ઇચ્છા ભૂલવી પડે છે. કોઈપણ સંસારી ઇચ્છા સત્પુરુષ પ્રત્યે ન રાખવી, નિર્મૂળ કરી નાંખવી. એ રહે તો જ્ઞાનીની અપૂર્વતા ન રહે. સાંસારિક ઇચ્છાનો ભાર હોય તો ઊંચો આવે નહીં. ઉપસર્ગના પ્રસંગે તો સહનશીલતા એજ હિતકારી છે. પરિષહના વખતમાં મુનિ કાઉસગ્ગમાં ઊભા રહે. એમ કરે તો કર્મ નવાં ન બંધાય, નહીં તો બંધાય. આત્મા મરવાનો જ નથી, એ શ્રદ્ધા પરમ દુર્લભ છે. આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે, એટલું આવી ગયું તો એ કર્મ કાપવાની તરવાર થઈ. મુનિપણું એ ખરું શૂરવીરપણું છે. સાંસારિક ઇચ્છા જેમાં હોય તેવાનાં સ્વપ્ને પણ દર્શન ન હો, એવી વૃત્તિ કૃપાળુદેવને રહે છે. સત્પુરુષને બધા પ્રત્યે સમભાવ છે. આખા જગતના શિષ્ય થઈને રહે છે. અમે મોટા, તમે નાના એવા ભાવ એમને નથી. વિષય-કષાય એ સંસારનું મૂળ છે. વિષય-કષાય છેદ્યા વિના મોક્ષે જવાય નહીં.

[વ૦ ૫૩૨] (રાતના સભામાં) ૩૫૪ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૪, સં. ૨૦૦૯

મુમુક્ષુ— પત્ર બહુ અઘરા છે.

પૂજ્યશ્રી— પ્રભુશ્રીજી કહેતા કે બાળાભોળાનું કામ છે. માન્યતા થાય તો કામ થઈ જાય. વાત છે માન્યાની. કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે કે જેમ રવજીભાઈના કુટુંબને માટે કરીએ છીએ તેમ તમારા માટે વ્યવસાય કરીએ તોય અમને તો કંઈ નુકસાન નથી, પણ તમને નુકસાન છે. આત્મભાવ તો ભૂલાતો નથી. એ વૃત્તિ અમારે ગૌણ કરવી નથી. તમારું ગમે તે કામ કરવું હોય તો અમે કરીએ, પણ તમને તે યોગ્ય નથી. તમે જે કહો તે અમે કરીએ તેનું તમને સારું ફળ નથી. કર્મનો ઉદય તીવ્રપણે હોય ત્યારે જીવને ગભરાવે છે, પણ મંદ પડે ત્યારે ગભરામણ મટી જાય. ગમે તેવો ઉદય આવે પણ ગભરાવું નહીં. સ્મરણમાં ચિત્ત રાખવું. આપણાથી સહન ન થતું હોય તો પણ સ્મરણ કરવું. શું થશે? કેમ થશે? એવા વિચાર આવે તો ઉપશમાવી દેવા. કોઈપણ પ્રકારનો ભય રાખવા જેવો નથી. દુઃખ કંઈ લાંબો કાળ રહેવાનું નથી. આ કાળનાં આયુષ્ય કેટલાં? [1]સનત્કુમાર ચક્રવર્તી મુનિ થયા ત્યારે એમને ભયંકર સોળ રોગ થયા અને તેય પાછા સાતસો વર્ષ સુધી રહ્યા. એક એક રોગ એવો કે પ્રાણ લઈ લે. તે બધું એમણે સમભાવે સહન કર્યું. આત્મામાં રહ્યા તેથી એમને અનેક પ્રકારની લબ્ધિ અને સિદ્ધિઓ પ્રગટી. ધર્મ છે એ જ સાર વસ્તુ છે. ગમે તેવો ઉદય હોય પણ ધર્મનું આરાધન કરવું. 'મુમુક્ષુ છું' એમ કરી મુમુક્ષુને ઘટે એવું કરવું. કાળબળ એવું છે કે વધારે બળની જરૂર છે, નહીં તો મુમુક્ષુતા ખોઈ બેસે. મનોવૃત્તિની તપાસ

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ-અશુચિભાવના, વચનામૃત પૃષ્ઠ ૪૭.

રાખવાની છે કે કષાય વધે છે કે ઘટે છે? મનુષ્યભવમાં કષાય ઘટાડવા હોય તો ઘટે અને વધારવા હોય તો વધે. આ ભવમાં જેવું થાય, એવું કામ બીજા ભવમાં ન થાય. દેવલોકમાં જાય તો ત્યાં શું કરે? તેત્રીસ-તેત્રીસ સાગરોપમ સુધી ત્યાં બિચારા બેઠા રહે. આ મનુષ્યભવમાં ભવ વધારવા હોય તો વધે અને ઘટાડવા હોય તો ઘટે.

[વ૦ ૫૩૪] (બપોરના) ૩૫૫ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– પ્રભુશ્રીજીએ જ્યારે સુરતમાં ચોમાસું કર્યું હતું તે વખતે કૃપાળુદેવે આ પત્ર તેમના ઉપર લખ્યો હતો. આ પત્ર લખ્યા પહેલાં 'યોગવાસિષ્ઠ' નામનું પુસ્તક વાંચવા ભલામણ કરેલી. એમાં બધી આત્માની જ વાતો આવે છે. જેમકે આત્મા શુદ્ધ છે, અસંગ છે. 'अहं ब्रह्मास्मि' એટલે હું પોતે જ પરમાત્મા છું. એવું વાંચ્યા પછી પ્રભુશ્રીજીને એમ થયું કે હું પરમાત્મારૂપ જ છું. પછી કૃપાળુદેવને પણ પત્ર લખ્યો કે અમે પરમાત્મા છીએ, તમે અમે એક જ રૂપ છીએ. આ પત્ર કૃપાળુદેવને મળ્યો. કૃપાળુદેવને એમ લાગ્યું કે ઊકળતા દૂધનો ઊભરો આવ્યો છે, પણ એ બેસી જવાનો છે. એમ વિચારી તે પત્રનો ઉત્તર લખ્યો નહીં અને એમને એમ મૂકી દીધો. પત્રોત્તર નહીં આવવાથી પ્રભુશ્રીજીએ બીજો પત્ર ફરીથી લખ્યો. તેનો ઉત્તર પણ કૃપાળુદેવે આપ્યો નહીં. ત્રીજો પત્ર આવ્યો ત્યારે કૃપાળુદેવે આ પત્ર લખ્યો હતો. ત્રીજા પત્રમાં પ્રભુશ્રીજીએ જણાવ્યું હતું કે મારો કંઈ દોષ તો નથી થયો? તમારા વિના અમારો દોષ કોણ બતાવશે? માટે જવાબ આપવા કૃપા કરશો. ત્યારે કૃપાળુદેવે આ પત્ર જવાબરૂપે લખેલ છે.

પ્રભુશ્રીજીને કૃપાળુદેવે પત્રમાં લખ્યું કે 'વૈરાગ્યચિત્ત' એટલે તમે વૈરાગ્ય ચિત્તવાળા છો, અને સત્સંગ કરવા યોગ્ય છો. સત્સંગથી જીવનું કલ્યાણ થાય છે. કૃપાળુદેવ લખે છે કે અમે આત્માને ભૂલ્યા વગર આ પત્ર લખીએ છીએ.

''આ જીવ અત્યંત માયાના આવરણે દિશામૂઢ થયો છે.'' માયા હોય ત્યાં સુધી શું કરવાનું છે, તેની ખબર નથી. એવું માયાનું આવરણ છે. આણંદ જવું હોય અને પેટલાદ તરફ વેગથી ચાલે તોય આણંદ આવે નહીં. જે જે જ્ઞાનીપુરુષો કહે છે તે તે આત્મસ્વરૂપ થઈને કહે છે, એવી જીવની દૃષ્ટિ રહેતી નથી. એ દિશા અપૂર્વ લાગે તો પ્રાપ્ત થાય, પણ એ દિશાનું જીવને ભાન નથી. જગતમાં બધું કાળું-ધોળું દેખાય છે, તેનાં કરતાં આત્મા જુદો છે, તેને જોવાનો છે. તે જોવાતો નથી. જગત પ્રત્યે વૈરાગ્ય જેટલો આવે તેટલો સાચી દિશા ભણી વળે. ત્યાગ-વૈરાગ્ય વધારવા જેવા છે. પંચેન્દ્રિયના વિષયોમાં જીવ મૂઢ બની ગયો છે. કઈ દિશામાં જવું છે તેનું ભાન નથી. તેથી એની પરમાર્થદૃષ્ટિ ઉદય પામતી નથી. દિશામૂઢ થયો છે તેથી અવળો પુરુષાર્થ કરે છે. પરિણામ ફેરવવાં એ મુખ્ય વસ્તુ છે. બોધની પિપાસા લાગવી જોઈએ. મને ક્યારે બોધ મળે? એમ થયા કરે તો બોધ મળે અને પરિણામ પામે. હે ભગવાન! હું અનંતકાળથી આથડ્યો છું. હવે શું કરું? બધું લૂંટાઈ જાય એવું કર્યું છે. આ વાક્ય વાંચીને પ્રભુશ્રીજીને આંસુ આવી ગયાં હતાં. પુણ્યને લીધે સાધુપણું મળ્યું, જ્ઞાની મળ્યા, તેઓની આજ્ઞા મળી; સમાગમ મળ્યો, પણ મેં તો અવળા જ માર્ગ આરાધ્યા છે. હે પ્રભુ! અનાદિકાળના પરિભ્રમણથી મારી નિવૃત્તિ કર. જે જે

સાધન મેં કર્યાં તે બધાં બંધનરૂપ પરિણમ્યાં છે.

**"સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;**
**સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?"**

સદ્‌ગુરુ પ્રત્યે શરણભાવ સર્વ આપદા આદિ નાશ કરવાનું મૂળ કારણ છે. "વીસ દોહરા"માં છેલ્લે આ જ લખ્યું છે.

**"પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;**
**સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ."**

ખરા સ્વરૂપને હું પકડી રાખું એવી દૃઢતા મને આપ. સદ્‌ગુરુનું શરણ એ જ સાચું શરણ છે. વીસ દોહરાનો રોજ ભાવથી વિચાર કરવો. ગુણ પ્રગટે એવું છે. આ વીસ દોહરાની રોજ ભાવથી ભક્તિ કરે તો આત્મગુણ પ્રગટે એમ છે. યમનિયમ બધુ કર્યું, પણ શું બાકી રહ્યું? તો કે–

**"બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે"**

આપણું કલ્યાણ શાથી થાય? તે સદ્‌ગુરુ જાણે છે. સદ્‌ગુરુના આધારે કરવાનું છે. સંસાર ઉપરથી સર્વથા વૃત્તિ ઊઠે તો પ્રભુ પ્રત્યે પરમ પ્રેમ પ્રગટે તે વારંવાર વિચારવાનું છે. જે કુળમાં જીવ જન્મ્યો હોય તે કુળધર્મને જ સાચો ધર્મ માની બેસે છે, પણ ખરા-ખોટાનો વિચાર આવતો નથી. ત્યાગ અને વૈરાગ્ય વધારવા. બધાં શાસ્ત્રો ત્યાગ વૈરાગ્યને અર્થે વાંચવાનાં છે. યોગ્યતા વધારી હોય તો થોડો બોધ થયો હોય તો પણ વધારે પરિણામ પામે. આત્મસ્મૃતિપૂર્વક એટલે આત્માને ભૂલ્યા વગર આ પત્ર અમે લખીએ છીએ. આત્માને મુખ્ય કરી આ પત્ર લખીએ છીએ. બાહ્ય ક્રિયામાં આગ્રહ છે પણ પરિણામ ફેરવવાં એ મુખ્ય છે. અમે સાધુ છીએ, શાસ્ત્ર વાંચીએ છીએ એમ થાય છે, પણ આપણે સત્સંગ કરતા નથી, એ ધ્યાનમાં આવતું નથી. સદ્‌ગુરુ અને સંતમાં કંઈ ભેદ નથી. બેય ભગવાન છે.

'ઉત્તરાધ્યયન'માં ઘણી બધી કથાઓ આવે છે. તે વિચારશો. એથી ત્યાગ-વૈરાગ્ય વધશે. જે કુળમાં જન્મ્યો, તેમાં ધર્મ કર્યો પણ એને વિચાર જાગ્યો નથી કે એથી મને શું લાભ છે? એ સાચું છે કે જૂઠું છે? એનો વિચાર આવતો નથી. જૈન ધર્મ કેવો છે? એ સમજવા જેટલી બુદ્ધિ છે કે કેમ? એનો વિચાર નથી આવતો. બધાં પુસ્તકો ત્યાગ-વૈરાગ્યની વૃદ્ધિ થાય તે માટે લક્ષ રાખીને વાંચવાનાં છે. પ્રત્યક્ષ પુરુષ જે કહે તે બધાના સારરૂપ કહે છે. તે સમજવા માટે શાસ્ત્રો વિચારવાનું કહે છે.

[વ૦ ૫૩૪] ૩૫૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૬, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આ પત્ર કોના ઉપર લખ્યો છે? (પછી પોતે જ કહ્યું) જેના ચિત્તમાં વૈરાગ્ય છે તેના પર આ પત્ર છે. પ્રભુશ્રીજીને બહુ વૈરાગ્ય હતો. પ્રભુશ્રીજીને મંત્ર મળ્યો ત્યારપછી દિવસ અને રાત મંત્રની ધૂન લગાવી. પછી કૃપાળુદેવને પૂછ્યું કે, 'મંત્રનો જાપ ખૂબ કર્યો પણ કેમ કંઈ દેખાતું નથી?' વૈરાગ્યની જરૂર છે.

**"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન"**

આપણામાં ઘણી ભૂલો છે. ભૂલના ઢગલા છે. આપણે માટે આ પત્ર છે.

દિશામૂઢ એટલે શું? (એમ બધાને પૂછ્યું, કોઈ ઉત્તર બરાબર આપી ન શક્યા.)

કોઈક માણસ મેડા ઉપર સૂતો હોય અને પછી નીચે ઊતરવું હોય ત્યારે ઊંઘમાંથી ઊઠી નીચે ઊતરવા માટે બારીએ જાય, પણ દાદરો ભૂલી જાય. એ જાણે છે કે હું જમીન ઉપર ચાલું છું, પણ એમ તો પડી જાય.

હવે વીસ દોહરામાં શું છે, તે કહે છે. 'હે નાથ! મને કોઈ ગતિ દેખાતી નથી' એમ થાય ત્યારે જીવને ભાન થાય છે. હે ભગવાન! મારું બધું લુંટાઈ ગયું. આ સાંભળી પ્રભુશ્રીજીને બહુ લાગ્યું કે મારું સાધુપણું, જપ, તપ બધું નકામું ગયું? પછી રાત્રે ઊંઘ ન આવે અને આંખમાંથી આંસુ પડવા લાગ્યાં.

મનુષ્યભવ મળ્યો છે છતાં જીવ કરતો નથી. આત્મામાં શક્તિ છે છતાં અવળી જ વાપરી છે. હે ભગવાન! મેં તો મને બંધન થાય એવું કર્યું છે, પણ હવે એથી છૂટાય એવું કર.

**"અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન."**

એ કડીમાં પણ કેટલું બધું કહી દીધું છે. હવે ભગવાનને ક્ષણવાર પણ ભૂલું નહીં. સદગુરુનું શરણું એ જ સાચું છે, મુખ્ય વસ્તુ છે. શરણા વગર છૂટકો નથી. વીસ દોહરામાં છેવટે એ જ કહ્યું છે કે-

**"સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દેજ."**

અનુપ્રેક્ષા એટલે પરિણામ પામવું.

**"હું પામર શું કરી શકું?"**

એમ માત્ર બોલે જ નહીં પણ એ ભાવ એને રહે. એના શરણાથી જ બધું પાંસરું થશે. ભાવો આવી ખસે નહીં તે અનુપ્રેક્ષા. એની પાછળ પડવું છે. એમાં જ વૃત્તિ રહ્યા કરે તો શું ફળ થાય, તે કહે છે. માન જાય તો દીનતા આવે. ક્રોધ જાય તો ક્ષમા આવે. એમ દોષો જાય અને ગુણવૃત્તિ એટલે ગુણ પ્રગટે. આટલા કાળ સુધી જે કર્યું તે બધું નિષ્ફળ થયું, પણ હવે સત્પુરુષનો યોગ થયો છે, માટે લાગ આવ્યો છે. સમયે સમયે જીવ કર્મ બાંધે છે. કેડ બાંધીને પુરુષાર્થ કરવાનો છે.

**"તોયે અરે! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો"**

એક પણ આંટો ટળ્યો નથી. યમનિયમ વિચારે તો પુરુષાર્થ જાગે.

**"સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;<br>સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?"**

ઉપર ઉપરથી મુમુક્ષુ કહેવરાવવાથી કંઈ નથી. અંદરથી 'છૂટું છૂટું' ભાવના થવી જોઈએ.

'ઉત્તરાધ્યયન' વૈરાગ્ય માટે વિચારવાનું છે. કુળસંપ્રદાયના બધા આગ્રહ છોડી ત્યાગ વૈરાગ્યની જે વાત છે તે ગ્રહણ કરવાની છે. 'ઉત્તરાધ્યયન'માં બધી વૈરાગ્યની વાતો છે.

[વ૦ ૫૩૪] (બપોરના) ૩૫૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૭, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ગોખતાં ગોખતાં પણ વિચારવું. જે કામ કરવું તે દાઝ રાખીને કરવું, ઉપર ઉપરથી ન કરવું. આ પત્ર બહુ ઉપયોગી છે. વીસ દોહરાનો પરમાર્થ શું છે? તે આ પત્રમાં છે. આ પત્ર આપણા ઉપર જ લખ્યો છે એમ સમજીને મનન કરવો.

અનાદિકાળથી પોતાને પોતાનું ભાન નથી. પ્રભુશ્રીજી કહેતા કે આ જીવ જંગલના રોઝ જેવો છે. ગમે ત્યાં હોઈએ, દેરાસરમાં હો કે બજારમાં હો કે ઘેર હોઈએ પણ લક્ષ એ હોય કે છૂટવું છે, એ મુમુક્ષુતા છે. એ મુમુક્ષુતાની આ કાળમાં ખામી છે. કૃપાળુદેવે લખ્યું છે કે જીવમાં મોટામાં મોટો દોષ હોય તો એ કે મુમુક્ષુતા નથી. બધું કરીને ફળ આ લાવવું છે કે છૂટવું છે. જેનો લક્ષ આત્મશાંતિ છે, તે ગમે તેટલાં કામ કરતો હોય પણ તેને લક્ષ એ જ હોય છે. આ જીવ તો પોતાના દેહની તરફ લક્ષ રાખે છે. બધું કરીને આત્માને શાંત કરવો છે, એ લક્ષ રાખવો. એ જો થાય તો મોક્ષ થાય એવો છે. મોટામાં મોટી ખામી મુમુક્ષુતા નથી એ છે.

[વ૦ ૫૩૫] (રાતના સભામાં) ૩૫૮ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ગતિ તો જેમ સમ્યક્દર્શન પ્રાપ્ત થતાં પહેલાં બાંધી હોય તે પ્રમાણે થાય, પણ કૃષ્ણનું જીવન જોતાં એમ લાગે છે કે એમને સમ્યક્દર્શન હતું. ત્રણ ખંડનું રાજ્ય ભોગવ્યું અને પછી બાણ વાગ્યું ત્યારે કેટલો ક્રોધ થયો! પછી કહ્યું કે જે કોઈ મારનાર હોય તે આવી ઊભો રહે. એટલામાં એમનો ભાઈ જરાકુમાર આવ્યો, ત્યારે કહ્યું કે તું જતો રહે, નહીં તો બળદેવ આવશે તો તને મારી નાંખશે. એમ એમને તે વખતે દયા આવી. ત્રણ ખંડનું રાજ્ય હતું; પણ મરણ વખતે એમને પાણી પીવાનું, પાથરવાનું પણ ન મળ્યું, છતાં એમને કંઈ લાગ્યું નહીં. નહીં તો બીજો હોય તો કેટલો ખેદ થાય! માટે મુમુક્ષુએ દુઃખમાં ધીરજ રાખવાની છે. શ્રીકૃષ્ણને નેમિનાથની પાસેથી જે સમજણ પ્રાપ્ત થયેલી તે, તે વખતે આવીને હાજર થઈ. પ્રારબ્ધ જેવી દશામાં મૂકે ત્યાં સમભાવ રાખવો. ધીરજ કર્ત્તવ્ય છે. પાપનો ઉદય કે પુણ્યનો ઉદય પણ હંમેશાં રહેતો નથી. માટે ધીરજથી સહન કરવું. મરણની વેદના હતી તો પણ શ્રીકૃષ્ણને ધીરજ રહી હતી.

[વ૦ ૫૩૭] ૩૫૯ શ્રી રાજમંદિર આહોર, ફાગણ સુદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– શ્રી રામચંદ્રજી તીર્થયાત્રા કરવા ગયા હતા અને જ્યારે યાત્રા કરીને ઘેર આવ્યા ત્યારે મનુષ્યભવ મળ્યો છે તો શું કરવું? માથે મરણ છે એ વિચારમાં ઊતર્યા. કંઈ ખાવું ગમે નહીં, પીવું ગમે નહીં, એવી સ્થિતિ થઈ ગઈ હતી. જેને આત્માનો વિચાર કરવો હોય તેણે સંસાર ભયરૂપ છે એમ વિચારવું. સંસારના ભય જેવો બીજો કોઈ ભય નથી. આત્માને નુકસાન કરવાવાળું અજ્ઞાન છે. કર્મની અનેક પ્રકારની પ્રકૃતિઓ છે. સાપ કરતાં પણ અજ્ઞાનનો વિશેષ ભય રાખવાનો છે. પ્રવૃત્તિમાં રહેવું પડતું હોય તો જેલખાના જેવું જાણીને વર્તવું. સંસારમાં ગાઢ બંધન થાય એવું છે. આ સંસારમાં રહેવા જેવું નથી. બધા વિકલ્પો મૂકીને એક આત્માનો વિચાર કરવાનો છે. બાવીસ પરિષહ સહન કરવાથી મુનિને ચારિત્ર દૃઢ થાય છે.

દર્શન પરિષહ એટલે મને સમ્યક્ત્વ ક્યારે પ્રાપ્ત થશે એમ મનમાં ઉતાવળ લાગે. એ પરિષહ જો ધીરજથી સહન કરવામાં આવે તો સમ્યક્ત્વ પ્રગટે, નહીં તો આર્ત્તધ્યાન થાય. જે વખતે સમ્યક્ત્વની ઉતાવળ થાય અને ધીરજ ન રહેતી હોય તે વખતે સત્સંગ, સત્પુરુષનો યોગ વિશેષે કરી આરાધવો. સત્પુરુષ એ કલ્પવૃક્ષ છે. એથી આપણને ધીરજ આવે છે. પુરુષાર્થ ચાલુ રાખવો. ધીરજ રાખવાનું કહ્યું તેથી કંઈ બેસી જવાનું નથી. સ્યાદ્વાદ માર્ગ છે. ભગવાને તો વારંવાર ઉપદેશ કર્યો છે, પણ આ જીવ સંસારમાં દોડાદોડ કરે છે. દિશામૂઢ થયો છે. જીવ સમજે તો સહજ છે.

‘‘જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત’’ જીવ સમજ્યો નથી, તેથી પરિભ્રમણ થયું છે. સમજે તો પાસે જ છે, પણ જીવ ભ્રાંતિમાં પડ્યો છે તેથી ભૂલે છે. દેહરૂપે પોતે નથી છતાં દેહની અવસ્થાને પોતાની અવસ્થા જીવ માને છે. એ જ સંસાર છે. બધા દુઃખનું મૂળ એ જ છે. દેહદૃષ્ટિને લઈને સંસાર ઊભો થાય છે. એની નિવૃત્તિ કરવા માટે સત્સંગ કરવાનો છે. જીવની યોગ્યતા છે તે સત્સંગ પ્રાપ્ત કરવામાં વાપરે તો સિદ્ધિ થાય. આત્મા આત્મારૂપે ભાસે તો બધું થઈ ગયું અને એ જ કરવાનું છે. સમજણ હોય તો સહેજે મોક્ષ થાય, નહીં તો અનંત ઉપાયે પણ નથી. જ્યાં સુધી અસંગ ન થવાય ત્યાં સુધી સત્સંગનો પ્રતિબંધ રાખવો ઠીક છે. કૃપાળુદેવ કહેતા હતા કે શરીર છતાં અશરીરી ભાવનાથી રહી શકીએ છીએ. આત્મા આત્મારૂપે રહે એવો અભ્યાસ થઈ ગયો છે.

[વ૦ ૫૩૭] ૩૬૦ શ્રીમદ્ રા. આ. અગાસ, તા. ૨૮-૯-૪૪

‘‘મુમુક્ષુ જીવને.....સંસાર કારાગ્રહરૂપ છે, રાગદ્વેષનાં પ્રાપ્તફળથી બળતો છે એવો વિચાર નિશ્ચયરૂપ જ વર્તે છે’’ આ પ્રમાણે મુમુક્ષુ જીવને નિશ્ચય થઈ જાય ત્યાર પછી અજ્ઞાનથી મુક્ત થઈ જ્ઞાન પ્રાપ્ત કરે છે અથવા આવા નિશ્ચયવાળા જીવ જ્ઞાનને લાયક હોય છે. મુમુક્ષુને સત્સંગ, સત્પુરુષનો યોગ થયા પછી પણ પૂર્વકર્મના ઉદયે સંસારમાં રહેવું પડતું હોય તો સંસાર કારાગૃહ જેવો છે એમ લાગે છે. ‘ધીરજ રાખવી’ એમ કહ્યું તેથી પુરુષાર્થહીન ન થવું. પુરુષાર્થ વધારવો, પણ ઉતાવળ ન કરવી. કામ, માન અને ઉતાવળ એ ત્રણ મોટા દોષ છે. કામથી જીવ આંધળો થઈ જાય છે, કંઈ ભાન રહેતું નથી. એવી રીતે માનમાં પણ જીવ ચઢી જાય છે અને ત્રીજી ઉતાવળ એ ત્રણ મોટા દોષ છે. અકળાવું નહીં, ધીરજ રાખવી અને પુરુષાર્થ વધારવો. સમકિત થયું હોય તો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ મુજબ જીવને માલૂમ પડે છે. તે જાણવા માટે ઘણા પ્રકાર બતાવ્યા છે. તે મુજબ પોતાના ભાવ તપાસવા. જો તેમના કહ્યા મુજબ ગુણો પ્રાપ્ત થયા હોય અને તેવા ભાવ વર્તતા હોય તેવો તાળો મળે તો ખાતરી થાય તેમ છે. જેમ કે, સમ્યગ્દશાનાં પાંચ લક્ષણો બતાવ્યાં છે, તે પોતામાં છે કે નહીં ? તે તપાસ્યે જણાય તેમ છે. ગોમટ્ટસારનું વાચન થતું ત્યારે આપણને તો કોઈ બાબત આવે ત્યારે સાધારણ લાગે, પણ પ્રભુશ્રીજી સૂતા હોય તે બેઠા થઈ જાય અને ફરીથી તે વંચાવે. આવી વાત અનુભવની છે. જેમ પોતાને લાગ્યું હોય તેમ શાસ્ત્રમાં આવે ત્યારે રોમાંચ થઈ જાય અને એમ પ્રતીત થાય કે આ તો મારી વાત આવે છે! સમકિતીને આગળના ભાવો પલટાઈ જાય તે માલૂમ કેમ ન પડે? સમકિતીનું ચિત્ત વારંવાર આત્મા પ્રત્યે જાય છે. ‘‘બાલ ધૂલી ઘર લીલા સરખી ભવચેષ્ટા ઇહાં ભાસે રે.’’ આ પ્રમાણે તેને સંસાર પ્રત્યે ભાવ વર્તે છે.

[વ૦ ૫૩૮] (રાતના સભામાં) ૩૬૧ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૧૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સત્પુરુષનો સંગ થયો તો પછી સંસારની બધી વાતો ભૂલી જવી. એમનું માહાત્મ્ય રાખવું જોઈએ. આ આજીવિકાની મુશ્કેલી જતી રહે તો પછી નિરાંતે સત્સંગ કરીએ, એમ સોભાગભાઈએ કૃપાળુદેવને લખ્યું હશે. કોઈ સત્પુરુષનો ભક્ત હોય તેને કંઈ મુશ્કેલી હોય તે સત્પુરુષને લખે, તો સત્પુરુષને થાય કે એને બિચારાને કર્મનો એવો ઉદય આવ્યો છે. તે જોઈને એમને પણ ખેદ થાય છે કારણકે સત્પુરુષ પાસે એવી સંસારની ઇચ્છા કરે તે સમ્યક્દર્શનને રોધનાર છે. એ કુટુંબમોહ છોડ્યા વિના તો છૂટકો નથી. નહીં તો સમ્યક્દર્શન ન થાય. પર વસ્તુની ઇચ્છા છે તે જ આર્ત્તધ્યાન છે. સત્પુરુષ પાસે મને એવું મળે, એવાં શાતાનાં સાધનો મળે એ બધી નિદાનબુદ્ધિ છે. એ રહે ત્યાં સુધી સમ્યક્દર્શન ન થાય.

[વ૦ ૫૩૯] ૩૬૨ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ''સર્વ જીવ આત્માપણે સમસ્વભાવી છે.'' બધાય જીવોનો મૂળ સ્વભાવ સરખો છે. જ્ઞાન, દર્શન, ચારિત્રથી બધા સરખા છે. કોઈ ગાળ ભાંડે તો ચોંટી જાય, મરતાં સુધી યાદ રહે, પણ રાત્રે શું સાંભળ્યું હતું તે યાદ નથી રહેતું.

''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે.'' (૧૬૬) એવું વચન કાનમાં પડ્યા પછી કંઈ કામમાં ન આવે તો બેદરકારી કર્યા જેવું થાય. પ્રભુશ્રીજી દૃષ્ટાંત આપતા હતા :–

એક રાજા હતો. તેને અને બીજા રાજાને સરહદ માટે તકરાર થાય. ઘણીવાર તકરાર થાય તે કરતાં રાજ્ય લઈ લેવું સારું, એમ એક રાજાએ કહ્યું. પ્રધાને કહ્યું કે રાજ્ય લઈએ તે તો સારું, પણ તે લેવું કેમ? આપણે જીતી શકીએ કે નહીં? રાજાએ કહ્યું, તેને માટે વિચાર કરીએ. પ્રધાને કહ્યું કે હું તેને માટે વિચાર કરીશ, પછી તેણે ત્રણ પુતળીઓ કરાવી. એકને તો એક કાનમાં સળી નાંખે તો બીજા કાને થઈને નીકળી જાય. બીજીને સળી નાંખે તો તે મોઢે થઈને નીકળી જાય. ત્રીજીને નાંખે તો તે પેટમાં જતી રહે, પાછી નીકળે નહીં. તે ત્રણે પુતળીઓને તેણે પોતાનો શત્રુ રાજા હતો, તેની પાસે દૂત સાથે મોકલી. તે શત્રુના મંત્રીએ તે ત્રણે પુતળીઓ જોઈ અને વિચાર્યું કે આ પુતળીઓની કિંમત તો બજારમાં પણ થઈ શકે છે. અહીં લાવ્યો છે, તો તેમાં કંઈક રહસ્ય હોવું જોઈએ. એમ વિચારી તેણે એક પુતળીના કાનમાં જોયું તો બીજા કાન સુધી રંધ્ર દેખાયું. તેણે સળી નાંખી કે તે તરત બીજા કાનમાંથી બહાર પડી. તે પુતળીને જોઈને તેણે કહ્યું કે આ પુતળીની કિંમત ફૂટી બદામની પણ નથી. પછી બીજી પુતળીના કાનમાં સળી નાંખી તો મોઢે થઈને નીકળી. તે પુતળીને જોઈને તેણે કહ્યું કે આ પુતળીમાં જેટલું સોનું છે, તેટલી આની કિંમત છે. પછી ત્રીજી પુતળીના કાનમાં સળી નાંખી તો અંદર ગઈ પણ બહાર નીકળી નહીં. તેથી તેણે કહ્યું કે આ પુતળીની કિંમત એક કરોડ રૂપિયા છે. પછી તે કિંમત કરાવનાર દૂતે પાછા આવી મંત્રીને વાત કરી. તે પરથી મંત્રીએ વિચાર્યું અને રાજાને કહ્યું કે આપણે તે રાજા સાથે વેર બાંધવામાં માલ નથી. ત્યાં કોઈ બહુ હોંશિયાર માણસ છે, તેથી આપણે જીતી શકીશું નહીં.

તેમ બોધ સાંભળે અને તે ભૂલી જાય તો પહેલી પૂતળીની પેઠે ફૂટી બદામની પણ કિંમત નથી. સાંભળ્યા પછી બીજાને કહેવા જેટલું પણ યાદ રહે તો ઠીક છે અને તેને આચરણમાં મૂકે તો તો મોક્ષે જવાય.

જો આત્મા જોતાં આવડે તો કામ થઈ જાય. આ બધા પર્યાય જુએ છે. શરીર તો એક કપડા જેવું છે. દેહથી આત્મા ભિન્ન છે. દેહથી ભિન્ન આત્મા જોતાં આવડે તો સિદ્ધ જેવો છે. બધા જીવો એ અપેક્ષાએ પૂજવા યોગ્ય છે.

**"સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો."**

જ્ઞાનીપુરુષોનાં વચનો હૃદયમાં લખી રાખવા યોગ્ય છે. બધા જીવોમાં– કૂતરાં, ઢોર, સ્ત્રી, પુરુષ, બધામાં આત્મા છે. પાણી વાટકામાં હોય કે બીજા વાસણમાં હોય, પણ પાણી તો છે ને! એટલા બધા જીવો છે, પણ જ્ઞાની ઉપર શ્રદ્ધાવાળા કેટલા નીકળે? કોઈક વિરલા. જ્ઞાનીપુરુષ ઉપર વિશ્વાસ આવે તો જ્ઞાની જ્યાં જાય ત્યાં લઈ જાય. હોડીમાં બેઠા પછી કંઈ ભય છે! હોડી જ્યાં જાય ત્યાં એને પણ લઈ જાય. આત્માની વાત કરનાર પણ ક્યાં છે? જ્ઞાનીનું વચન પણ સાંભળવાને ક્યાં મળે? આટલું પુણ્ય ચઢ્યું ત્યારે જ્ઞાનીનાં વચનો કાનમાં પડ્યાં. જેટલું સંગ્રહાશે તેટલું થશે. કોઈ જ્ઞાનીનું વચન સાંભળે ને તેને બીજા જેવું ગણે. જ્ઞાનીનાં વચનો છે, પણ તે તો મોક્ષે લઈ જાય. જ્ઞાનીનાં વચનો સમજાય કે ન સમજાય, પણ અવસર આવ્યે ઊગી નીકળશે.

"નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણ દશા ટળે છે." જન્મમરણ જન્મમરણ થયા કરે છે, તે કેમ છૂટે? એમ જેને થતું હોય તેને આ જો એક વાક્ય સંભળાય તો એમ થાય કે આ જ હું શોધતો હતો. આથી તો જન્મમરણ ટળે છે. દેહ છે તે હું છું, એમ થઈ ગયું છે, પણ આત્મામાં આત્મબુદ્ધિ થાય ત્યારે ફરી જન્મવું ન પડે. જે જીભ વડે ચાખે છે, આંખથી જુએ છે, કાનથી સાંભળે છે તે આત્માને શોધે તો કામ થાય. ઝવેરીને હીરાની કિંમત હોય, બીજાને કાંકરો લાગે. તેમ જ્ઞાનીનાં વચનોની જ્ઞાનીને કિંમત સમજાય. છૂટવાની ગરજ હોય તો તે શોધતો હોય. આખી રાત નાટક જુએ અને જાગે, પણ આ જ્ઞાનીપુરુષનાં વચનો સાંભળતાં ડોલે, ઊંઘ આવે. આ સમજાયું નથી એ જ દુઃખ છે. જ્ઞાનીપુરુષનાં વચન સમજાતાં નથી એ જ દુઃખ છે. જ્ઞાનીનાં વચનને બીજી વસ્તુ જેવી ગણે. આ દેહમાં આત્મા છે, તેને ઓળખવાની ખાસ જરૂર છે. એને ઓળખે તો પરિભ્રમણ કરવું ન પડે. 'આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્ત્તા છે, આત્મા ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે.' આયુષ્ય પૂરું થશે ત્યારે ક્યાં જશે, એનો વિચાર આવતો નથી. આત્મા ઓળખવા માટે બધું કહેવાનું છે. એને ઓળખે તો કામ થઈ જાય.

ભક્તિથી જ્ઞાન થાય છે, એમ કહ્યું પણ ભક્તિ એટલે શું? તે કહે છે. જ્ઞાનીનાં વચનો છે, તેને બોલવાં એ ભક્તિ છે. "આતમ ભાવનાં ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે." એમ બોલતાં બોલતાં કોઈને થાય કે આથી કેવળજ્ઞાન થાય છે!

ભક્તિનો બીજો અર્થ કહે છે, ભક્તિ છે તે ભાવ છે. ભક્તિ કરવાથી આત્મા ઊજળો થાય છે, કર્મ નિર્જરે છે. જ્ઞાનીપુરુષનાં વચનો સાંભળી જાગી જવું જોઈએ. જ્ઞાની કોને કહે છે? કંઈ ભીંતને

કહે? આ દેહ છે તે ભીંત જેવો છે. મફત આપે તો પણ લે કોણ? ઊંઘતો હોય તે કેવી રીતે લે? ભક્તિ છે, એ જ પુરુષાર્થ છે.

**"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ."**

સાચો પુરુષાર્થ ભક્તિ છે. જ્ઞાનીનાં વચનો સમજી એણે કહેલું માન્ય કરવું. ઉપવાસ કરે, બધું કરે, પણ બધાનું મૂળ વિશ્વાસ છે. વિશ્વાસે વહાણ ચાલે છે. એટલો પુરુષાર્થ કર્યો કહેવાય. ભક્તિ એ પુરુષાર્થ એમ કહ્યું. હવે ભક્તિ એ આત્મા છે. જે ભક્તિ નથી કરતો તે મનુષ્ય નથી. જન્મમરણ ઓછાં થાય એવું ન કર્યું તો મડદું જ છે. આત્મારૂપ થવું એ જ ભક્તિ છે. જગતમાં ભક્તિ ભક્તિ બહુ કહે છે, પણ અજ્ઞાનીની આરાધના કરે તો અજ્ઞાનભક્તિ છે. કોઈ માતાની, કોઈ કોઈની ભક્તિ કરે એ બધી અજ્ઞાનભક્તિ જ છે. એ શું આપે? કૂવામાં પાણી હોય તો બહાર આવે. જ્ઞાનીની ભક્તિ છે, તે જ ખરી ભક્તિ છે. જેણે આત્મા જાણ્યો છે, તેની ભક્તિ સાચી છે. જ્ઞાનીની ભક્તિથી, શું કરવા ભક્તિ કરું છું, એમ ભાવ જાગે. સાંભળે અને જ્ઞાની ઉપર શ્રદ્ધા કરે તેને કામનું છે. જ્ઞાનીમાં કંઈ અપૂર્વતા છે તે અપૂર્વતા સમજાય તો પછી પોતાના સ્વચ્છંદે ન વર્તે, આજ્ઞાએ વર્તે. આજ્ઞાએ વર્તે તો ધર્મ પ્રગટે.

શું કામ 'છ પદ' કહ્યાં છે? "અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે." (૪૯૩) મોઢે બોલે અને પછી 'હું-મારું' કરે તો કંઈ કર્યું નથી. જાગે તો પછી ખબર પડે કે આટલાં બધાં વર્ષો નકામાં ગયાં. "હે ભગવાન! હું બહુ ભૂલી ગયો" એમ થાય.

ભક્તિમાં રંગાઈ ગયો તો આખી જિંદગી એને સાંભર સાંભર કરે. આત્મા ઊંઘે છે, તેને જગાડવાનો છે. જો જાગ્યો નહીં તો શું કામ આવે? ફર્યો નહીં, હતો એવો ને એવો રહ્યો તો પછી જ્ઞાનીએ એટલી બધી માથાકૂટ કરી તે લેખે આવે નહીં. ના સમજાય તો પૂછવું. 'આ શું કહ્યું? મને ફરીથી કહો' એમ ગરજ હોય તે પૂછે.

એક છોકરો હતો, તેણે સાંભળ્યું કે આજે રાત્રે દશ વાગે વરઘોડો નીકળવાનો છે. તેણે માને કહ્યું કે મને જગાડજે. પછી વરઘોડો આવ્યો ત્યારે તેને જગાડ્યો, પણ તે જાગે જ નહીં. પછી એક થપ્પડ મારી ત્યારે તે જાગ્યો અને વરઘોડો જોઈ બહુ રાજી થયો.

તેમ જ્ઞાનીનાં વચનો છે તે થપ્પડ જેવાં છે, જગાડે છે. જાગે તો મોક્ષ સુધીની વસ્તુ જોવાને મળે. જાગે નહીં તો વરઘોડાની પેઠે મનુષ્યભવ જતો રહે.

**[વ૦ ૫૪૦]** (રાતના સભામાં) ૩૬૩ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જ્ઞાનીને આ સંસારનું સ્વરૂપ કેવું લાગ્યું છે? તોકે એમાં સમભાવ રાખવો બહુ મુશ્કેલ છે. રાગ કે દ્વેષ થયા કરે છે. એવા વિષમ સંસારને, સંસારનો ક્ષય કરવા છોડીને ચાલી નીકળ્યા તેમને અનંત પ્રણામ છે. સંસારભાવ જેનો દૂર થયો છે, સંસારભાવ વધારવો નથી એવો નિશ્ચય થયો છે તે સમ્યક્દર્શની છે.

"ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર." મોહના વિકલ્પથી સંસાર ઊભો થયો છે. એ સંસારને છોડીને જેઓ ચાલી નીકળ્યા તે સત્પુરુષો છે. અવિષમભાવે રહે છે તે પુરુષો મોહનો ક્ષય કરે છે.

કૃપાળુદેવ લખે છે કે તમારો એક પત્ર મને મળ્યો છે. સંસારના કામમાં અમારું ચિત્ત પ્રવેશ કરતું નથી. વિવાહના કામમાં અમે આગળ આવી બેસીએ તે કરતાં જેને સંસારનો ભાવ હોય તે છો કરતા. અમને સંસાર ગમતો નથી, એમ કહે છે. ઘેર એમના બહેનનાં લગ્ન હતાં તેથી ત્યાં જાય તોય, એમનું મન તે કામમાં પેસે નહીં. વ્યાપાર કરવાની ઇચ્છા તો અમને થતી નથી એમ કહે છે. કર્મનો ઉદય થવાથી ધક્કો લાગે ત્યારે કરવું પડે છે, પણ વ્યાપાર કરવાની ઇચ્છા થવી અમને સંભવતી નથી. બહુ સાવચેતીથી પ્રવર્તવાનું છે. લોભ તો જીવને ચોંટી પડ્યો છે, એવો આ કાળ છે. મણીલાલ અને ત્રંબકલાલ એ બે સોભાગભાઈના દીકરા હતા. જ્ઞાનીપુરુષની દીર્ઘ દૃષ્ટિ હોય છે. એમને પણ બહુ સાચવવાનું છે.

કૃપાળુદેવ સહજે સહજે જે થાય તે જ કરે છે. કંઈ ચિંતા ફિકર કરતા નથી. બહેનનું લગ્ન હોય અને ઘેર ન આવે તો કુટુંબીઓને લાગે કે આ તો આવતા જ નથી.

અંતરાયકર્મના ઉદયે જે કરે તેમાં નિરાશા આવે. પાપના ઉદયે જીવ ઝાવાં નાંખે તોય લાભ થતો નથી. અશુભ ઉદય હોય ત્યારે આડાઅવળું બીજું જ થાય છે. કૃપાળુદેવને વૈરાગ્ય એટલો બધો છે કે કર્મના ઉદયે કામ કરવું પડે તેમાં પણ ચિત્ત ચોંટતું નથી. આંખથી રેતી ઉપાડવી પડે તો કેવું થાય? તેવું આ વ્યાપારથી એમને થાય છે. અસંગપણાનો જે ભાવ તે વારંવાર સ્ફુરે છે, તેથી વચ્ચે બીજી પ્રવૃત્તિ આવે તે ગમતી નથી. અસંગ થવું, અસંગ થવું એમ થયા કરે છે. આર્ત્તધ્યાન મુમુક્ષુએ કરવા યોગ્ય નથી. કૃપાળુદેવે સંસારમાં રહ્યા છતાં અસંગભાવ કેટલો સાચવ્યો છે! નહીં તો ઘેર વિવાહ હોય તો આ કામ કરું ને ફલાણું કામ કરું, એમ થાય. સંસાર વિષમ છે, તેને છોડીને જે ચાલી નીકળ્યા તેમને નમસ્કાર કરીએ છીએ, એમ લખે છે. તો પછી વિવાહનાં કામ કરવાના ભાવ ક્યાંથી થાય?

**[વ૦ ૫૪૨]** (રાતના સભામાં) ૩૬૪ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ૧. જે પોતે પોતાનું કરી વહ્યા જાય તે અશોચ્યા કેવળી કે પ્રત્યેકબુદ્ધ છે એ એક ભાંગો છે. જેને એવું પ્રારબ્ધ હોય, તે પછી પ્રારબ્ધ હોય તેમ વર્તે. કોઈ પૂછે તોય પ્રારબ્ધ ન હોય તો ન બોલે તે પહેલો ભાંગો છે.

૨. કોઈ આચાર્ય હોય તે આ ભવે મોક્ષે જવાવાળા ન હોય તોપણ એમના ઉપદેશથી બીજા જીવો કેવળજ્ઞાન પામી મોક્ષે જાય, તે એક પોતાનો ભવાંત ન કરે અને પરનો કરે.

**"જે સદ્‌ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન,**
**ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન."**

કોઈને થોડાં કર્મ હોય તો ઝટ પતી જાય. કેવળજ્ઞાન થયા પછી પણ વિનય કરે. ગૃહસ્થ

અવસ્થામાં કેવળજ્ઞાન થયા પછી ઘરમાં રહે, એવાં દૃષ્ટાંત આવે છે. કૂર્માપુત્ર કેવળજ્ઞાન થયા પછી બાર મહિના ઘેર રહ્યા એમ કહેવાય છે. [૧]અંજનચોરે દીક્ષા લીધી અને અઠવાડિયામાં મોક્ષે જતો રહ્યો અને એના ગુરુ કેવળજ્ઞાન વગર રહી ગયા, અને મંત્ર આપનાર ગૃહસ્થ પણ રહી ગયો. અચરમશરીરી આચાર્ય તે પોતે મોક્ષે ન જાય અને તેમના ઉપદેશથી બીજા જીવો મોક્ષે જાય. અથવા કોઈ અજ્ઞાની જીવ ઉપદેશ કરતો હોય તેને જોઈ કોઈ પૂર્વનો આરાધક જીવ હોય તેને એમ થાય કે આ માર્ગ કહે છે તે અજાણપણે કહે છે, માટે એ બરાબર નથી. એમ વિચારતાં વિચારતાં એને કેવળજ્ઞાન થઈ જાય અને મોક્ષે જતો રહે તે બીજો ભાંગો છે.

૩. પોતે તરે અને બીજાને તારે તે તીર્થંકર આદિ તે ત્રીજો ભાંગો છે.

૪. પોતે તરે નહીં અને બીજાને તારી શકે નહીં. તે અભવ્ય કે દુર્ભવ્ય, તે ચોથો ભાંગો છે.

બીજો ભાંગો ફરીથી કહે છે કે કોઈ અચરમશરીરી આચાર્ય હોય, તેમના ઉપદેશથી કોઈ જીવ કેવળજ્ઞાન પામી મોક્ષે જાય અને આચાર્યને અમુક ભવ બાકી હોવાથી આ ભવે મોક્ષે ન જાય તે પરનો ભવાંત કરે પણ પોતાનો ન કરે, એવો ભાંગો છે; અથવા કોઈ જીવ પૂર્વે આરાધન કરી મંદ ક્ષયોપશમે અહીં મનુષ્ય કુળમાં જન્મ્યો હોય અને એના જે કુળગુરુ હોય તેમની પાસે વ્યાખ્યાન સાંભળવા જતો હોય, પણ એને પૂર્વ સંસ્કારને લઈને એમ વિચાર થાય કે આ જે માર્ગ કહે છે તેવો માર્ગ તો ના હોય. આ જે કહે છે તે મોક્ષનો માર્ગ ન હોય, કેમકે માર્ગનો અજાણ છે, માર્ગને જાણતો નથી, આંધળા જેવો છે. પોતાનું તો કરતો નથી અને બીજાને ઉપદેશ આપવા જાય છે, એ તો બરાબર નથી. પૂર્વે એને જે જ્ઞાનીપુરુષ મળ્યા હોય તેમની સાથે આ ઉપદેશ દેનારાને સરખાવે કે 'આનામાં અને જ્ઞાનીમાં તો બહુ ભેદ છે' એમ લાગે. તેથી એને પોતાના આત્માનો વિચાર થાય અને તેથી કેવળજ્ઞાન પામી મોક્ષે જતો રહે. જે ખોટો ઉપદેશ દેનારો છે તેનાથી એને કેવળજ્ઞાન થયું એમ નથી. એ તો વિપરીત નિમિત્ત હતું. એ ન મળ્યું હોત તોય એને તો જાગૃતિ થાત. માટે આ ભાંગો વિશેષપણે નથી, પણ અચરમશરીરી આચાર્ય બીજાને ઉપદેશ કરે તેથી સામો જીવ મુક્ત થાય અને આચાર્ય થોડાક ભવ પછી મોક્ષ પામે એ મુખ્ય ભાંગો છે. ખોટાથી એને લાભ ન થયો. ખોટો તો ખોટો જ રહેવાનો છે, પણ એને પૂર્વ આરાધન જાગૃત થવાથી મુક્ત થયો.

**[વ૦ ૫૪૩]** (રાતના સભામાં) ૩૬૫ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જડમાં પોતાપણું મનાયું છે. 'દેહ છે તે જ હું' એમ જીવને થયું છે. દેહના ફેરફાર થાય તે પોતાને જ થાય છે, એમ માને છે.

''શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્પ્રકારે અહિયાસવા યોગ્ય છે.'' (૪૬૦)

જ્ઞાનીએ વેદનાને દેહનો ધર્મ માનવાનું કહ્યું છે, તેને પોતાનો ધર્મ માને છે. પરવસ્તુમાં તન્મય થઈ જવું એ જ મિથ્યાત્વ છે. એ દેહાધ્યાસ છૂટે તો મોક્ષ થાય. પરવસ્તુ જો એના ચિત્તથી ખસી આત્મા આત્મારૂપે પરિણમે તો મોક્ષ થાય. પરવસ્તુના સંગને લીધે ભૂલ્યો છે. આત્મસ્વભાવમાં

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૨૮-૨૯.

રહે તો નિર્જરા થાય. એ એમ ને એમ થતું નથી, માટે સત્સંગ કરે તો આત્મા વિશેષ સમજાય, તેથી નિર્જરા થાય.

ક્ષણવાર પણ સિદ્ધ સ્વરૂપનો વિચાર કરવો. સિદ્ધ ભગવાન પરવસ્તુને છોડીને પોતાના સ્વરૂપમાં શમાયા; એ સમજ્યા ત્યારે શમાયા. એ એમ ને એમ ન થાય, માટે સત્સંગ કરવો. સમજ્યો હોય તો શમાય.

પુદ્ગલને જાણનાર ઇંદ્રિયો છે. આંખથી રૂપને જુએ, નાકથી ગંધને જાણે, જીભથી સ્વાદને જાણે, કાનથી શબ્દને જાણે, સ્પર્શઇંદ્રિયથી સ્પર્શને જાણે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દને ઇંદ્રિયો જાણે છે, તે પુદ્ગલના ગુણો છે, એમ જીવ જાણતો નથી. આ તો મારું છે, એમ જીવને થઈ જાય છે. પરવસ્તુના ગુણો ગ્રહણ કરે તો ચોર કહેવાય. જીવને પર તે પર મનાયું નથી. એ આંટી અનાદિકાળની છે. પોતાનું સ્વરૂપ શું છે, એનો નિર્ણય નથી, તેથી મનાયું નથી. માટે સત્સંગ કરવો.

આત્મા ભુલાઈ ગયો છે, તેને પાસે લાવવાનો છે. કોઈ આપણી નિંદા કરે તો વિચારવું કે શબ્દો છે તે પુદ્ગલ છે. એ પુદ્ગલથી મારે શું? એ ભેદ પાડવાની જરૂર છે કે મારામાં રૂપાદિ કશું નથી, તો સ્વરૂપમાં રહે. એની માન્યતા બીજી છે. આ શરીર છે તે પાસે છે, પણ આત્મારૂપ થયું નથી. શરીરનો સ્વભાવ સડન, પડન અને વિધ્વંસન છે, તે છોડે નહીં. આત્માની શ્રદ્ધા તો એવી કરવાની છે કે આત્મા મુક્ત છે. એટલા માટે 'સમયસાર'માં નિશ્ચય પર ભાર મૂકી, એ મુક્તપણાના લક્ષ વગર સાધુપણું વગેરે બધું નકામું છે, એમ કહ્યું છે.

''સહજસ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ 'મોક્ષ' કહે છે.'' (૬૦૯)

''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.'' મોક્ષ બીજી વસ્તુ નથી. સહજસ્વભાવને જીવ ભૂલ્યો છે, પણ તેથી એ સ્વરૂપ ક્યાંય ગયું છે એમ નથી. ભાન થાય તો સહજસ્વરૂપે સ્થિતિ થાય. એ માટે સત્સંગની જરૂર છે.

**[વ૦ ૫૪૪]** (રાતના સભામાં) ૩૬૬ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જીવનો સ્વભાવ એવો છે કે આ કરી નાંખું, ફલાણું કરું પણ એનું ધાર્યું કશું થતું નથી. પાપના ઉદયમાં જે જે પુરુષાર્થ કરે તેમાં પાછો જ પડે. તે વખતે ભક્તિ કરવાની છે. પાપ કર્મનો ઉદય ભોગવ્યા વિના છૂટકો નથી. પાપના ઉદયમાં ભક્તિ કરી લેવી એ સારું છે. જ્યારે પાપનો ઉદય હોય ત્યારે વધારે વ્યાપાર આદિ કરવામાં દોડ ન કરતાં ભક્તિ કરવી, નહીં તો ગભરામણમાં વધુ ગભરામણ થાય. જરા ધીરજ રાખીને કામ કરે તો સારું થાય. કામ, માન અને ઉતાવળ એ ત્રણ મોટા દોષ છે. કામમાં જીવ તણાઈ જાય છે. માનમાં અને ઉતાવળમાં પણ જીવ તણાઈ જાય છે. ધીરજ રાખીને કામ કરવું જોઈએ. જીવ ઉતાવળિયો થાય છે. પાપનો ઉદય હોય ત્યારે લાભ થતો નથી, માટે દોડ ન કરતાં ભક્તિ કરવી. પાપના ઉદય વખતે બહુ ઝાવાં ન નાંખવાં. ધીરજ રાખવી, એમ કૃપાળુદેવે સોભાગભાઈને લખ્યું છે. કર્મનો ઉદય આવે ત્યારે જીવ

ઉછાળા મારે છે. પાપના ઉદયમાં ખોયા જ કરે. કર્મથી મૂંઝાશો નહીં. થવાનું હશે તે થશે. મૂંઝાવાથી કંઈ ન થાય, આર્ત્તધ્યાન થાય. કોઈપણ પ્રકારે મુમુક્ષુએ આર્ત્તધ્યાન ન કરવું. આજીવિકા સંબંધી કષ્ટ હોય તો પણ પુરુષાર્થ કરીને પૂરું કરવું, પણ આર્ત્તધ્યાન ન થવા દેવું. ખરી ખોટ તો એ છે કે અચિંત્ય મહાત્મ્યવાન આત્મા છે, તે ભૂલી જવાય છે. હું કરીશ તેમાં તો લાભ જ થશે, એમ જીવને અભિમાન હોય છે. જીવ વ્યાપાર આદિમાં એક લાભનો જ પ્રકાર દેખે છે, પણ ખોટ જશે તો? તે તો જોતો નથી. જ્ઞાનીનું માહાત્મ્ય છે તો બધું પાંસરું છે. એ જ જીવને લાભકારી છે. એ માહાત્મ્ય ગૌણ ન થાય તો પાપ કર્મ તો બધાં આવી આવીને જવાનાં છે. પાપના ઉદય વખતે મૌન થઈ જવું. કંઈ ઝાવાં ન મારવાં. ભક્તિનો લાભ ન ચૂકવો.

**[વ૦ ૫૪૫]** (રાતના સભામાં) ૩૬૭ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—મહાપુરુષનાં વચનો સાંભળીને આપણા દોષો કાઢવાના છે. ઠપકો ગણીને આ સંસારભાવથી પાછું વળવાનું છે. ક્યાંય ને ક્યાંય જીવ ખળ્યો છે. સત્સાધન મળ્યું છે તોય કરતો નથી. પોતાનો કયો દોષ છે કે જે ખાળે છે? તેને ખસેડે તો કલ્યાણ થાય. એ વિચાર વગર ખબર પડે એવું નથી. પોતાની વૃત્તિઓ તપાસીને, આ મોટો દોષ છે એમ લાગે તો એને કાઢવાનો ઉપાય કરે. ન સમજાય તો જ્ઞાનીપુરુષને પૂછે, પણ જીવને જોઈએ તેવું દુઃખ લાગતું નથી.

સોભાગભાઈને વિચારણા જાગી હતી, તેથી પોતાને જે ન આવડતું તે પૂછતા અને તેથી એમના બધા દોષો ગયા. કેવળજ્ઞાન આ કાળમાં નથી એમ દૃઢ થઈ ગયું હતું. તે બધું કાઢી નખાવ્યું. છેવટે એમણે અંબાલાલને એમ જણાવ્યું કે છેલ્લી ઘડીએ પણ કેવળજ્ઞાન થશે તો કહીશ. કૃપાળુદેવ કહે છે કે વ્યવસાય ઓછો કરવો છે અને વધારે થાય છે, એ પ્રારબ્ધ છે.

**"જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ન ઘટે એક રંચ રે."**

**[વ૦ ૫૪૮]** ૩૬૮ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૭, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—જીવને સત્સંગ, જ્ઞાનીપુરુષનો યોગ થયા પછી નિશ્ચય થાય છે અને તે નિશ્ચયને આરાધતાં દર્શનમોહ દૂર થાય છે. જ્ઞાનીપુરુષ મળે, તેની ઓળખાણ થાય; સત્સંગનો યોગ રહે અને જ્ઞાનીની આજ્ઞા આરાધે તો સમ્યક્દર્શન થાય અને તેથી મોક્ષ થાય છે. સમ્યક્દર્શન થયા પછી પણ બાંધેલું કર્મ ભોગવવું પડે છે. કેવળજ્ઞાન થયા પછી પણ કર્મ રહે છે, તો બીજાને રહે તો તેમાં આશ્ચર્ય નથી, પણ નવાં કર્મ બંધાતા નથી. જ્ઞાનીપુરુષનો યોગ થયા પછી કર્મ ન બંધાય, પણ પૂર્વે બાંધેલું ભોગવવું પડે. જ્ઞાનીનો યોગ થયાં પહેલાં બાંધેલાં કર્મ તો આવે, પણ નવાં ન બંધાય. જ્ઞાનીપુરુષના યોગે કર્મ વગેરે કશુંય ગણવાનું નથી. જ્ઞાનીનો યોગ થયા પછી અસત્સંગમાં જવું છાશબાકળા જેવું લાગે છે અને અનંતાનુબંધી મંદ પડે છે, તે જીવને ઘણો સંસાર ન રહે. તેને મતમતાંતરમાં વૃત્તિ ન રહે. સાચા ખોટાનો વિવેક થાય છે. જ્ઞાનીનું સ્વરૂપ સમજાય તો એ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે એમ લાગે. ત્યાગ, વૈરાગ્ય વધે તો જ્ઞાની ઓળખાય. 'ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય.'

કોઈ પણ જીવ જ્ઞાનીનો માર્ગ આરાધે તો લાભ થયા વિના રહે નહીં. સમભાવ વર્તમાન

પુરુષાર્થથી થાય છે. સંકલ્પ-વિકલ્પ ટાળવાના છે. 'હું દેહથી ભિન્ન છું' એવું કરવાનું છે. જ્ઞાનીના યોગે જીવની સમજણ ફરે છે. જડ તે જડ ને ચેતન તે ચેતન. કર્મ તો જવાનાં છે. આત્મા જવાનો નથી. અનાદિકાળથી જીવ ભિખારી જેવો થઈ ગયો છે. શાતા માંગ માંગ કરે છે. જ્ઞાનીને તો શાતા-અશાતા બન્ને સરખી છે. આત્મા એ સર્વોત્તમ વસ્તુ છે. ભૂલવા જેવી નથી. 'આત્માથી સૌ હીન' જ્ઞાનીના યોગે સમજણ ફરે છે.

**''કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;**
**તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ.**
**કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;**
**હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ.''**

જ્ઞાનીના યોગે મોહનીયકર્મ હણાય છે. જ્ઞાનીના સમાગમે જ્ઞાન સિવાય બીજું કંઈ ઇચ્છવું નહીં. જ્ઞાની કહે છે કે, તું જન્મ મરણ છૂટે એવું ઇચ્છ. પણ આ જીવ તો પૈસાટકા આદિને ઇચ્છે છે. સત્સંગે જીવની સમજણ સવળી થાય છે. સાંભળતાં, સાંભળતાં જેમ સંસારના સંસ્કારો પડ્યા છે, તેમ સત્સંગે પરમાર્થના સંસ્કારો સાંભળતાં સાંભળતાં પડે છે. જ્ઞાનીપુરુષ 'આત્મા' છે, તેથી મારું કલ્યાણ થશે, એટલું રાખવાનું છે. બીજી ઇચ્છા ન રાખવી. જ્ઞાનીનો બોધ ગ્રહણ કરે તો જ્ઞાની રાજી થાય. જ્ઞાનીના યોગે જીવને સમ્યક્દર્શન થાય છે, મોક્ષ થાય છે, પણ ધનાદિની ઇચ્છા રાખે, તો મુમુક્ષુતા પણ જતી રહે. મુમુક્ષુ એટલે જેને સંસારથી મુકાવાની ભાવના છે તે. ગ્રહણ કરવાની ઇચ્છા રાખે તો મુમુક્ષુપણું જતું રહે. મુમુક્ષુને ગમે તેટલી મુશ્કેલીઓ હોય પણ બધી મુશ્કેલીઓ વેઠીને છૂટવાનું કામ કરે છે. સહનશીલતા વધારો એમ જ્ઞાનીઓ કહે છે. સંસારને પૂઠ દેવાની છે. કશું ઇચ્છવા જેવું નથી. મહાપુરુષોનો જે ભાવ છે, તે લક્ષમાં રાખવા યોગ્ય છે. દાન કરવું તો એવું કરવું કે, જેથી દેનાર અને લેનાર બન્નેને લાભ થાય. અનંતકાળથી ભમતાં ભમતાં આ મનુષ્યભવ મળ્યો છે, તે વૃથા ન જવા દેવો. જ્યાં સુધી મારાપણું છે, ત્યાં સુધી મોક્ષ ન થાય. મોહને લઈને વિચાર નથી આવતા. કૃપાળુદેવે કહ્યું છે, ''કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું અને માઠી ગતિનું કારણ છે. સદ્વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે.'' (૪૬૦) પરવસ્તુને લઈને જીવ દુઃખી થાય છે. સાચી સમજણ કરવાની છે. સાચી સમજણ થઈ તો પરભવમાં પણ સાથે આવે. ''પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.'' (૨/૩૫) સદ્ગુરુના અવલંબને કરવાનું છે. બધાનું સાધન એક સત્સંગ છે. આત્મધર્મ સંચય કરવાનો છે.

સંસાર છે તે અનંત કુસંગરૂપ છે. સત્સંગનો રંગ લાગે તો એ જાય. જેમકે, નોળિયો સર્પને મારવા માટે તેના ઉપર ચઢે, ત્યારે સર્પ તેને ડંખ મારે છે. જ્યારે તે નોળિયાને ઝેર ચઢવા લાગે, ત્યારે તરત તે પોતાના દરમાં જઈને જડીબુટ્ટી સૂંઘી આવે, જેથી ઝેર ઊતરી જાય. પછી ફરી તે નોળિયો સર્પને મારવા માટે આવે, ત્યારે સર્પ તેને ડંખ મારે, જેથી નોળિયાને ઝેર ચઢી જાય, તેથી તે ફરી પોતાના દરમાં જઈને જડીબુટ્ટી સૂંઘી આવે. એમ વારંવાર તે નોળિયો સર્પથી લડે છે અને પોતે નિર્વિષ છતાં, નિર્બળ છતાં, તે સર્પને મારી નાંખે છે. તેમ નોળિયારૂપી આ જીવ છે અને

સર્પરૂપી સંસાર છે. જીવ સંસારને છેદવા માટે તેનાથી વારંવાર લડાઈ કરે, પણ લડાઈ કરતાં સંસારનું ઝેર ચઢી જાય છે, ત્યારે તે સત્સંગરૂપી જડીબુટ્ટી સૂંઘી આવે કે જેથી ઝેર ઊતરી જાય. એમ વારંવાર, સંસારથી લડાઈ કરતાં પોતે નોળિયા જેવો છતાં, નિર્બળ છતાં, સત્સંગરૂપી જડીબુટ્ટીના આશ્રયથી સંસારરૂપી સર્પને મારી નાંખી મોક્ષે જાય છે.

પુરુષાર્થ કરવા માંડે તો થયું. બધું કરીને અસંગ થવાનું છે. સાંભળવું, વાંચવું, વિચારવું અને હિતકારી હોય તે ગ્રહણ કરવું. 'છ પદ' રોજ વિચારવાં. એમાં સમ્યક્દર્શન રહ્યું છે. આ સંસારરૂપી બંધનથી આત્માને છોડાવવાનો છે, પણ જીવને ગરજ જાગવી મુશ્કેલ છે. ખરો લાગ આવ્યો છે. આ મનુષ્યભવમાં સારો લાગ આવ્યો છે. જેટલો બને તેટલો વખત આત્મહિતમાં ગાળવો. સમયે સમયે મનુષ્યભવ વહ્યો જાય છે.

**''નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.''** (૧૫)

જેની જ્ઞાનીપુરુષોએ ના પાડી છે, તેમાં વખત ગાળી રહ્યો છે. ગાયને દોહે ત્યારે વાછરડાને થોડો વખત ધવડાવીને ખૂંટે બાંધી દે છે અને પછી માણસ દૂધ દોહે છે. તે દૂધના અવાજથી વાછરડાને લાગે કે અરે, અરે! મારું બધું દૂધ જતું રહે છે. એમ આ જીવને 'અરે! મારો મનુષ્યભવ વ્યર્થ જાય છે.' એવી વૃત્તિ નથી રહેતી. આ ભવમાં ખરો પુરુષાર્થ ધર્મનો કરવાનો છે. જીવને મનુષ્યભવની કિંમત નથી લાગી. આ મનુષ્યભવ ચિંતામણિ રત્ન જેવો છે, તેને આ જીવ ખાવા, પીવા, કમાવા આદિમાં વાપરે છે. આથી તો મોક્ષ થાય છે, તેને આ જીવ બે પૈસાની કિંમતમાં ગુમાવે છે. આખો લોક ત્રિવિધ તાપથી બળે છે, એમ કૃપાળુદેવે કહ્યું છે, પણ જીવને ભાન નથી. ચેતતા રહેવાની જરૂર છે. જીવ મોહમાં ઊંઘે છે, તેથી જ્ઞાની કહે તેનાથી બીજું લાગે છે. ત્રણે કાળ રહે એવો આત્મા છે. ભગવાનનાં વચનો છે, તે મોહ દૂર કરવાનો ઉપાય છે. તે સિવાય બીજો કોઈ ઉપાય નથી.

**''કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;**
**હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ.''**

આખું જગત સ્વાર્થી છે. એક મોક્ષનો માર્ગ નિઃસ્વાર્થ છે. જ્ઞાનીની આજ્ઞાએ વર્તવાથી સ્વચ્છંદ રોકાય છે. સાત તત્ત્વોની શ્રદ્ધાને ભગવાને સમ્યક્દર્શન કહ્યું છે. સદ્‌ગુરુના યોગે જ્ઞાન, દર્શન અને ચારિત્ર બધું આવે છે. કૃપાળુદેવ લખે છે, ''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા.'' (૭૬) જ્ઞાનીથી જ્ઞાન પમાય છે. જીવે સત્પુરુષાર્થ કર્યો નથી. જે પુરુષાર્થ કર્યા વિના થવાનું છે, તેને માટે આ જીવ માથાં મારે છે અને જે પુરુષાર્થ કર્યા વિના થવાનું નથી, એવો જે મોક્ષ, તેના માટે પુરુષાર્થ નથી કરતો. સમજણ સવળી થવી જીવને મુશ્કેલ છે.

**[વ૦ ૫૪૮]** (રાતના સભામાં) ૩૬૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— સોભાગભાઈએ કૃપાળુદેવને પ્રશ્ન પૂછ્યો કે સત્સંગ કરવાથી જીવ પુણ્ય બાંધે અને તેથી દુઃખ ન થાય. સત્સંગ કરનારને દુઃખ કેમ હોય? એવો એમનો પ્રશ્ન છે. એનો ઉત્તર લખે છે.

પુણ્યના ઉદયથી જ્ઞાનીનો સત્સંગ થાય, પછી તેનો નિશ્ચય થાય, ઓળખાણ થાય અને તેમનું કહેલું માન્ય થાય; તેમના કહેવા પ્રમાણે વર્તે ત્યારે આશ્રિત થયો કહેવાય. જ્ઞાનીપુરુષનું સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે તે એને પ્રાપ્ત થાય.

**“હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ.”**

જ્ઞાનીપુરુષના બોધથી દર્શનમોહ અને અનંતાનુબંધી એને ઉપશમે કે ક્ષય થાય. દર્શનમોહનો ક્ષય થાય તો પછી કેવળજ્ઞાન દૂર નથી, મોક્ષ થાય. સત્સંગનો એટલો બધો પ્રભાવ છે. અનાદિથી રખડાવનાર મિથ્યાત્વ છે, તેના ઉપર જ સત્સંગની ડાંગ લાગે છે. પહેલાં બાંધેલું કર્મ કંઈ જતું રહે એમ નથી, પણ નવાં કર્મ જે બંધાય છે તે ન બંધાય. જે કર્મ ભોગવ્યા વગર છૂટે નહીં તે તો જ્ઞાનીને પણ ભોગવવાં પડે છે, પણ કેટલાંક કર્મોને તપ વગેરેથી ક્ષય કરી શકે છે. નિકાચિત કર્મનો પણ રસ મંદ થાય, સ્થિતિ ઓછી થાય, પણ સત્તામાં હોય ત્યાં સુધી રસ વગેરે ઓછો થઈ શકે, ઉદયમાં આવ્યા પછી નહીં થાય. વેદનીય કર્મ અઘાતી છે તે આત્માને ફેરવી નાંખે નહીં. આત્માને હરકત કરે એવું નથી. મોહનીયકર્મ ખરાબ છે.

“હે નાથ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહિની સમ્મત થતી નથી.” (૮૫) મોહનીયકર્મ છે તે આત્માને ફેરવી નાંખનાર છે, તેથી જ્ઞાની પહેલી લડાઈ મોહનીય સાથે કરે છે. બધાં કર્મનો મુખ્ય આધાર મોહનીય છે, તેમાં દર્શનમોહ વધારે બળવાન છે. જ્ઞાનીને યોગે એ દર્શનમોહ જાય છે. કરોડો રૂપિયા મળે એના કરતાં દર્શનમોહ જાય એ મોટો લાભ છે. એથી વિપરીતતા જાય છે. જ્યારથી સમ્યગ્દર્શન થયું ત્યારથી સમ્યગ્જ્ઞાન છે. જેમ જેમ જ્ઞાન વધે તેમ તેમ મોહનીય મંદ પડે છે. મંદ પડતાં પડતાં ક્ષય થાય. પછી મોહનીયકર્મ ન હોવાથી બીજાં કર્મ આવે નહીં. બારમે મોહનીય જાય છે, પછી ચાર અઘાતી કર્મ રહે છે. કેવળજ્ઞાન થાય, મોક્ષ થાય એટલું બધું સત્સંગનું બળ છે. સત્સંગ થાય, પછી નિશ્ચય થાય, જ્ઞાનીને ઓળખે, આશ્રિત થાય, આજ્ઞા આરાધે તો એને સમ્યક્ત્વથી માંડી કેવળજ્ઞાન, મોક્ષ સુધીનું બધું કામ થાય. પણ સમ્યક્ત્વ થયા પછી પહેલાંનાં કર્મ ભોગવવાં ન પડે એવું નથી. કરેલું તો ભોગવવું જ પડે છે.

કેવળજ્ઞાન થાય પછી ચાર કર્મ તોય ભોગવવાં પડે છે. તો પછી બીજાને તો ભોગવવાં પડે જ. વેદનીય કર્મ ભોગવવું પડે. પોતાનું કરેલું કોણ ભોગવે? પોતાને જ ભોગવવું પડે. કેવળીને ચાર કર્મ ગયાં, તે ભોગવવાનાં નથી અને ફરી બંધાવાનાં નથી. તેમ જેને સત્સંગ થયો હોય તેને અજ્ઞાન ગમે નહીં, તેથી નવાં કર્મ ન બંધાય. અજ્ઞાન, અજ્ઞાની પ્રત્યેથી એને ઉદાસીનતા થાય છે. અજ્ઞાનદશામાં જેવાં બાંધતો હતો તેવાં કર્મ પછી ન બાંધે. અજ્ઞાન ગયું તે પાછું આવવાનું નથી. હવે નવું કર્મ પણ અજ્ઞાન સંબંધી બાંધતો નથી. સમ્યક્ત્વ થયું હોય, પણ એને મિથ્યાત્વનો ઉદય આવે તો વમી જાય, પણ વધારે વાર એ મિથ્યાત્વ ટકે નહીં. કોઈકને તો અંતર્મુહૂર્તમાં પાછું સમ્યક્ત્વ થઈ જાય છે અને કોઈકને અર્ધપુદ્ગલપરાવર્તનમાં પાછું સમ્યક્ત્વ આવે છે. અર્ધપુદ્ગલપરાવર્તનમાં તો પાછું આવે જ. મિથ્યાત્વનો ઉદય સમ્યક્ત્વ થયા પછી થાય પણ એ વધારે વાર ટકે નહીં.

અર્ધપુદ્ગલપરાવર્તનમાં તો મોક્ષે જવું જ પડે. મોહનીયકર્મ આવે તે વખતે સમભાવ પલટાઈ જાય છે અને મિથ્યાત્વના ભાવ આવી જાય છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધાની અસર થાય છે. અજ્ઞાનભાવ પછી એને ગમે નહીં. જ્ઞાનીનો બોધ સાંભળ્યો તો પછી બીજી વાતો એને ગમે નહીં. અજ્ઞાનભાવથી એને ઉદાસીનતા થાય છે. એટલે પછી ભવિષ્યકાળ સંબંધી એવું અજ્ઞાન એને બંધાય નહીં. મિથ્યાત્વનો ઉદય થાય તો સમ્યગ્દર્શન આવરણ પામે તેથી પાછું મિથ્યાત્વીની પેઠે પ્રવર્તન કરે, પણ અર્ધપુદ્ગલપરાવર્તનમાં મોક્ષ થાય. અનંતકાળથી રખડે છે, તેમાં અર્ધપુદ્ગલપરાવર્તનનો કંઈ હિસાબ નથી. પ્રારબ્ધ તો જ્ઞાન થાય તોય ભોગવવું પડે. કર્મ બાંધેલું હોય તે ભોગવવું પડે. કર્મ ભોગવવાના પ્રકાર ભિન્ન ભિન્ન છે, પણ ભોગવવું તો પડે. કોઈ તપથી ઉદીરણા કરીને, કોઈ જ્ઞાનધ્યાનથી ભોગવે, પણ ભોગવવું તો પડે. નહીં તો કેવળજ્ઞાનાવરણીય વગેરે સિદ્ધાંત નિરર્થક ઠરે. કર્મ બાંધેલાં હોય તે તો ભોગવવાં જ પડે છે. જ્ઞાનીનો સત્સંગ હોય તો પછી અજ્ઞાની પ્રત્યે રુચિ ન થાય, અસત્સંગ એને ગમે નહીં, તેથી એને છોડી દે. જ્ઞાનીનો નિશ્ચય થાય તો પછી એમની આજ્ઞા આરાધે અને આજ્ઞા આરાધે તો પછી બધું થાય. અજ્ઞાનથી રુચિ આળસે તો એ બધું થાય. રુચિ આળસે એટલે એને અજ્ઞાનીની વાતો, સંગ ગમે નહીં. આ મને હિતકારી છે અને આ મને અહિતકારી છે એવું થાય. જ્ઞાની પ્રત્યે, તેમના માર્ગ પ્રત્યે પછી એને ક્રોધ, માન, માયા, લોભ ન રહે.

કૃપાળુદેવે લખ્યું છે કે જ્ઞાનીપુરુષ પાસે બીજી સંસારની ઇચ્છા કરે તો એ જ્ઞાનપ્રાપ્તિમાં વિઘ્ન કરનાર છે. માટે અમારી પાસે આવવું હોય તો વિષય, ધન, સંસારની બધી ઇચ્છાઓ છોડીને આવવું. આત્માનું કલ્યાણ થાય, સમ્યગ્જ્ઞાન થાય તે માટે જ્ઞાની પાસે જવું. દ્રવ્યાદિની ઇચ્છા થાય તો પછી આત્મકલ્યાણ કરવાની ઇચ્છા પડી રહે, મુમુક્ષુતા હોય તેય ખોઈ બેસે. એટલે એનો આત્મા મલિન થાય. એકેન્દ્રિય, બેઇન્દ્રિયની વાતો ગુરુ કરે તો કહેવું કે કાલથી સમકિતની ગોઠવણ કરજો. તેમ જ્ઞાનીપુરુષ પાસે જાય ત્યારે એક મોક્ષની ઇચ્છા કરવી. ''કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ.''

નિષ્કામ ભક્તિ હોય તો ગ્રહણ થાય, નહીં તો જ્ઞાનીનો દ્રોહ થાય. એમ થઈ જાય કે આટલા સુધી અહીં રહ્યો અને કંઈ આપ્યું તો નહીં. જેથી સામા જીવને નુકસાન થાય તે બધું જ્ઞાની જુએ છે, તેથી કૃપાળુદેવે ઠપકો આપ્યો. સોભાગભાઈને એવી માગણી નહીં કરવાનું કહ્યું. કર્મના ઉદયે જીવને ફરી ફરી એવી વૃત્તિઓ થઈ જાય છે. સોભાગભાઈને કૃપાળુદેવ લખે છે કે હવેથી એવી વૃત્તિ ન રાખશો. એટલી શિખામણ માનશો તો હું પણ જાણીશ કે આટલી વાત માની. સોભાગભાઈને કંઈ લાભ થાય તો કૃપાળુદેવને ઉલ્લાસ થાય. એમની સંસારની ઇચ્છા જેટલી ખસશે તેટલો લાભ થશે, નહીં તો બોધ પરિણમે નહીં.

જ્ઞાનીનો યોગ થયો અને પછી જ્ઞાની પાસે એવી એવી ઇચ્છા કરે, તે જોઈ કૃપાળુદેવને ગભરામણ થાય છે. એવી ઇચ્છાથી પરમાર્થની ભાવના જતી રહે છે. તે જોઈ એમને ગભરામણ થઈ આવે છે. જ્યારે જ્યારે તમે અમને એવી વાત જણાવી હશે તે તે વખતે અમને એવી

ગભરામણ થઈ હશે. જો કે તમે મુમુક્ષુતા ખોઈ બેસો તેવા નથી, તેથી વિશેષ ગભરામણ થતી નથી. જ્ઞાનીપુરુષ કહે છે કે એવી ઇચ્છા ન કરવી.

જેમ અમને કુટુંબને માટે વ્યવસાય કરવો પડે છે, તેમ તમારે માટે કરવો પડે તો મને એમાં કંઈ ભેદ લાગતો નથી, પણ તમારે અમને કષ્ટ આપવું તે તમને યોગ્ય નથી. રવજીભાઈને તો પૈસા જ જોઈએ છે અને તમારે તો મોક્ષ જોઈએ છે, માટે એવી ઇચ્છાઓ ન કરશો. એવું તમને ઘટતું નથી. તમારા જેવા મુમુક્ષુને એટલોય લક્ષ ન રહે તો પછી સમજીને શમાઈ રહેવાનું કેમ થશે? આગેવાન મુમુક્ષુ હોય તેને માથે મોટી જવાબદારી છે. જે થવાનું હશે તે થશે. કોઈને કહેવાથી કંઈ કરી આપે? એ તમને વિશેષ ઠપકો આપ્યો નથી, તોપણ વિશેષ કરીને જાણજો.

પ્રભુશ્રીજી કહેતા કે સમકિત થયા પછી વધારેમાં વધારે અર્ધપુદ્‌ગલપરાવર્તન કાળ રહે છે, પણ તે કંઈ હિસાબમાં નથી. જેમ કોઈને લાખ રૂપિયાનું દેણું હોય તે ઉતારતાં ઉતારતાં આઠ આના જેટલું રહી જાય તે કંઈ હિસાબમાં નથી. તેમ અનંતકાળથી જીવ રખડે છે. તેના હિસાબમાં અર્ધપુદ્‌ગલપરાવર્તનનો કંઈ હિસાબ નથી.

**[વ૦ ૫૪૮]** (રાતના સભામાં) ૩૭૦ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૦, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જીવને મોટામાં મોટું દુઃખ આપનાર દર્શન મોહનીય છે. વિપરીત ભાવ કરાવનાર એ છે. જ્ઞાનીનું કહેવું કંઈ અને એ સમજે કંઈ. જ્ઞાનીનો યોગ થાય તોય એને સમજાય નહીં. સમ્યક્‌દર્શન એ મોક્ષમાર્ગ જોવાની આંખ છે. દર્શનમોહ એ આંધળા જેવો છે. જ્ઞાનીનો સત્સંગ થાય, પછી તેનો નિશ્ચય થાય અને પછી તેની આજ્ઞા આરાધ્યે જીવને ઉપશમ સમ્યક્ત્વ કે ક્ષાયિક સમ્યક્ત્વ થઈ મોક્ષ થાય છે. દુર્લભ વસ્તુ સમકિત છે. એ થાય તો વહેલે-મોડે મોક્ષે જાય. જ્ઞાનીનો યોગ હોય તો એને ક્ષાયિક સમકિત પણ થાય છે. એ વાત જીવે નિશ્ચય કરવા યોગ્ય છે. મોક્ષ થવાનું કારણ સમ્યક્‌દર્શન છે. તે જ્ઞાનીનો સત્સંગ, નિશ્ચય અને આજ્ઞા આરાધવાથી થાય છે.

એક આત્મા જાણ્યો તેણે બધું જાણ્યું. "एगं जाणई से सव्वं जाणई ।" એ જેણે જાણ્યો તેણે બધું જાણ્યું. એ માટે જ વ્રત, નિયમ, તપ વગેરે કરવાનાં છે, પણ એ સમકિત થાય તેથી પૂર્વ પ્રારબ્ધ ભોગવવું ન પડે એમ નથી. સામાન્ય મનુષ્યની વાત તો દૂર રહી, કેવળીને પણ ચાર અઘાતીકર્મ, શાતા-અશાતા બધું ભોગવવું પડે છે. જે ચાર ઘાતીકર્મ ક્ષય થયા તે ભોગવવાં ન પડે પણ બાંધેલું છે તે તો ભોગવવું જ પડે. કેવળીને ચાર ઘાતીકર્મનો ક્ષય થયો. તે તો ભોગવવાનાં રહ્યાં નહીં અને નવાં પણ હવે બંધાય નહીં. કેવળીને અઘાતીકર્મ છે તેમાં પણ એક શાતા વેદનીનો જ બંધ પડે છે. તેની પણ કષાય નહીં હોવાથી સ્થિતિ પડતી નથી. માત્ર પૂર્વને લઈને એ ચાર અઘાતીકર્મ ભોગવવાં પડે છે, પણ એમને એવા ભાવ નથી. જ્ઞાનીનું ઓળખાણ પડે તો પછી અજ્ઞાન દૂર થાય. અજ્ઞાનીનો સંગ એને ગમે નહીં. એથી ઉદાસ થાય. વૈરાગ્ય રાખ્યા વિના છૂટકો નથી એમ એને લાગે. અજ્ઞાનથી કેટલું નુકસાન થયું છે તે એને જ્ઞાનીને યોગે સમજાય છે. તેથી અજ્ઞાનથી ભડકતો રહે છે. જે અજ્ઞાન ભાવ ગયો તે હવે બંધાવાનો નથી. અજ્ઞાનમાં મીઠાશ હતી

તે છૂટી ગઈ, તેથી હવે જ્ઞાની જ એને સાંભર સાંભર થાય. જ્ઞાનીનું સાચું ઓળખાણ થાય તો પછી મોહવાળા, દોષવાળા જીવો એને ગમે નહીં. જ્યાં સમ્યક્‌જ્ઞાન નથી ત્યાં જીવો કેટલાં કર્મ બાંધે છે! કેટલા ભાવ મલિન હોય છે! એ જોઈને એને અજ્ઞાનનો ભાવ થતો નથી. એથી ભડકતો રહે. જ્ઞાનીનો નિશ્ચય થયો, પણ પાછો મિથ્યાત્વનો ઉદય આવી જાય, તોપણ એ અજ્ઞાનભાવ ઝાઝો વખત ટકે નહીં. ફરી એને જ્ઞાનીનો માર્ગ મળે. કર્મને લઈને વખતે ભૂલો પડી જાય, તોપણ પાછો જ્ઞાનીના માર્ગને પામે. અર્ધપુદ્‌ગલપરાવર્તન પછી એનો મોક્ષ થાય જ. સદ્‌ગુરુની પ્રતીતિને પણ શાસ્ત્રમાં સમ્યક્‌દર્શન કહ્યું છે. કંઈ સર્વને જીવાજીવનું જ્ઞાન હોતું નથી, પણ આ પુરુષ સાચો છે, એ કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે, એવી પ્રતીતિને પણ સમકિત કહ્યું છે. મુમુક્ષુતા હોય તો એને સદ્‌ગુરુ ઓળખાય. અભવ્યને ભગવાન દેખાય નહીં. ભગવાનનો દેહ દેખાય, પણ ભગવાનનું સ્વરૂપ શું છે? તે એને ન ભાસે. કર્મ બાંધ્યાં છે તેથી તો જન્મ્યો છે, નહીં તો દેહ શાનો? કર્મ બાંધ્યાં છે તે તો ભોગવવાં પડે, પણ એ દેહનો ધર્મ છે એમ જાણી જુદો રહી શકે પણ ભોગવવું ન પડે એમ તો નથી જ. કેવળીને પણ ચાર અઘાતીકર્મ ભોગવવાં પડે છે, તો પછી આપણને થોડો સત્સંગ થયો, તેથી આપણે માની લઈએ કે આપણાં બધાં દુઃખ જવાં જોઈએ એ કેમ બને? ન બને. એમ બને તો ભગવાને કહ્યો છે તે કર્મ સિદ્ધાંત મિથ્યા ઠરે. જ્ઞાનીનો નિશ્ચય થયા પછી અજ્ઞાનીનો સંગ એને ગમે નહીં. આ સાચું છે, આ ખોટું છે એમ એને વિવેક થાય. એના અનંતાનુબંધી જાય ત્યારે સમકિત થાય, એ બધું બને, પણ પ્રારબ્ધ ભોગવવું ન પડે એમ નથી. જ્ઞાનીનો જો સમાગમ ચાલુ રાખે તો એ કામ થોડા કાળમાં થઈ જાય. પોતાની મેળે જીવ પુરુષાર્થ કર્યા કરે તે કરતાં જ્ઞાનીપુરુષના યોગે સહેજે લાભ થાય. સંકલ્પ-વિકલ્પ એના સહેજે નાશ પામે અથવા શમાઈ જાય. વેદનીકર્મ તો તીર્થંકરને પણ ભોગવવું પડે છે. તો પછી આપણને ભોગવવું પડે એમાં કંઈ આશ્ચર્ય નથી. બધા લૌકિકભાવ છોડી સત્સંગ કરવો. બીજી સંસારની ઇચ્છા તે જીવને અહિતકારી છે. જીવને સત્સંગ થયો હોય, પણ જીવને મલિન વાસનાઓ હોય તો સત્સંગ પણ નિષ્ફળ થાય. જ્ઞાની આગળ છૂટવાનું છે, ત્યાં આગળ પણ જીવ સંસારની ઇચ્છાનો કચરો લાવી નાંખે તો પછી બીજે ક્યાં છૂટે? આત્મા છે ત્યાં રિદ્ધિસિદ્ધિ બધું હોય છે. જ્ઞાની પાસે સંસાર ક્ષય કરવાની ઇચ્છા કરવી જોઈએ તેને બદલે બીજી ઇચ્છાઓ કરે તો કલ્યાણ ક્યાંથી થાય? જ્ઞાનીપુરુષ આત્મારૂપ થયા છે માટે સાચા છે. બીજી કંઈ રિદ્ધિસિદ્ધિ હોય તેથી જ્ઞાની છે એમ નથી. એ તો અજ્ઞાની પાસે પણ હોય, એ કંઈ મહાત્માનાં લક્ષણ નથી. એથી કંઈ મહાત્મા ઓળખાય નહીં. મુમુક્ષુતા હોય તો ઓળખાય. મુમુક્ષુતા હોય અને કંઈક એને સંસારી વાસના થાય તો મુમુક્ષુતા હોય તેય જતી રહે. પોતાના દિલમાં જે હોય તે બધું કૃપાળુદેવને જણાવવું, એવી સોભાગભાઈની સરળતા હતી. સારું સારું કહેવું, ખોટું ન કહેવું એવા ભાવ હોય ત્યાં આગળ માયા છે. સરળ જીવ હોય તો વહેલો મોક્ષ પામે. સંસારની વસ્તુઓ તરફ નજરેય ન કરવી. પરમાર્થની ભાવના જાગૃત રાખવી. બીજું ન પેસવા દેવું. કૃપાળુદેવને વેપાર ગમતો નથી, પણ પૂર્વ પ્રારબ્ધને લઈને કરવો પડે છે. સોભાગભાઈને કૃપાળુદેવ લખે છે કે અમને આજીવિકા સંબંધી જણાવો છો તેમાં તમારું કલ્યાણ નથી. હવે લક્ષ રાખીને એ વાત ભૂલી જવી.

[વ૦ ૫૫૦] (રાતના સભામાં) ૩૭૧ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જ્ઞાનીપુરુષનાં વચનો છે તે લૌકિકભાવમાં ન સમજવાં. એ વચનો સાંભળતાં અલૌકિકતા આવવી જોઈએ. 'પરમ સ્નેહી' એમ કહ્યું તેથી આપણે જાણીએ કે આપણને જેવો સ્નેહ છે તેવો એમને પણ હશે, પણ જ્ઞાનીપુરુષને તો ''સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારશું ગાઢી.'' (આ૦ ૧૯) સત્સંગ ઉપર એમને પ્રેમ છે.

[વ૦ ૫૫૦] (રાતના સભામાં) ૩૭૨ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૦, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સત્સંગથી કેવો લાભ થાય છે! આત્મકલ્યાણ થાય તેવી વાત સત્સંગમાં થાય તો શાંતિ થાય, આત્મા ઠરે. ''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે.'' (૧૬૬) આપણે જાણીએ કે આ વાંચ્યું તે સમજી ગયા, પણ ઠેઠ મોક્ષ થતાં સુધી કામ આવે એવાં વચનો છે. માટે ફરી ફરી વાંચવાં એમ કૃપાળુદેવને લખવું પડે છે. જેમ જેમ જીવને ક્ષયોપશમ વિશેષ હોય તેમ તેમ જ્ઞાનીનાં વચનો વિશેષ સમજાય. મહાપુરુષોએ જે વાત કરી તે ગંભીર છે. જેવી તેવી નથી. ઊંડા ઊતરી વિચારવા જેવી છે. જ્ઞાનીનો બોધ છે તે જીવને જેટલી જિજ્ઞાસા હોય તેટલા પ્રમાણમાં પરિણમે. જો જીવને બીજે વૃત્તિ ન રહે અને જ્ઞાનીનાં વચનની અપૂર્વતા રહે તો વિશેષપણે એ વચનો પરિણમે. જ્ઞાનીપુરુષે એ પત્રમાં મોક્ષ પમાય એવી વસ્તુઓ કહી છે. બહુ ગંભીર છે.

જ્ઞાનીપુરુષ રિદ્ધિસિદ્ધિ ફોરવે નહીં. મુમુક્ષુતાની ભૂમિકા આવી હોય, પણ મલિન વાસના એનામાં ઘર કરે તો પાછો સંસારી થઈ જાય. કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે કે તમારે અમારા પ્રત્યે નિષ્કામ ભક્તિ રાખવી જોઈએ. કશું ઇચ્છવું ન જોઈએ. જૈન ધર્મ સર્વથી સર્વોત્તમ છે. કર્મનો કાયદો હોય તે પ્રમાણે સુખ-દુઃખ થાય છે. કલ્યાણ કરવું હોય તેણે સંસારને ભૂલી જવો જોઈએ. મારા સુત, દારા વગેરે બધું છૂટી જાઓ, પણ મારા આત્માનું કલ્યાણ થાઓ. કૃપાળુદેવ લખે છે કે આ કસોટીમાં તમે ટકી રહેશો તો કેટલું કલ્યાણ આગળ પર થવાનું છે તે કહી શકાય તેવું નથી. જે નિકટભવિ હોય તેણે રિદ્ધિસિદ્ધિની જ્ઞાની પ્રત્યે ઇચ્છા ન કરવી જોઈએ. જ્ઞાનીપુરુષ જો રિદ્ધિસિદ્ધિ ફોરવે તો અજ્ઞાનદશામાં આવી જાય માટે એવી યાચના જે કંઈ અલ્પમાત્ર પણ હોય તો એનું મૂળ ઉખેડી નાંખવું. ભગવાન પાસે પણ યાચના કરે કે મને પુત્ર થશે તો કેસર ચઢાવીશ. જે પીર પાસે યાચના કરે તેમ એ જિન ભગવાન પાસે પણ કરે, તો એ ભગવાનને પણ પીર જેવા ગણ્યા. જ્યાં એવી ઇચ્છાઓ કરે ત્યાં આગળ એનું મિથ્યાત્વ પોષાય છે. પછી ભગવાનને છોકરા આપનાર જ માને. એ લોકોત્તર મિથ્યાત્વ છે. જ્યાં આગળ મિથ્યાત્વ છોડવાનું છે ત્યાં આગળ જીવ મિથ્યાત્વ પોષે છે. બીજી યાચના જે વ્યાપાર રોજગાર વગેરેની કરી, તે પણ તમને યોગ્ય નથી, કારણકે જ્ઞાનીની સેવા કરવી જોઈએ તેને બદલે જ્ઞાનીપુરુષ પાસે એક વ્યવહારનું કામ કરાવવું તે તો નોકરી કરાવવા જેવું છે. જ્ઞાનીની સેવા કરવી જોઈએ તેને બદલે જ્ઞાનીને નોકર બનાવે તેવું થાય. બીજા જીવોને હિતનું કારણ થાય એમ વિચારીને કૃપાળુદેવ કહે છે. બીજા મુમુક્ષુને કે જ્ઞાનીને તસ્દી આપીને કામ કરાવવું તે યોગ્ય નથી. તમે તો મુમુક્ષુઓમાં મુખ્ય ગણાઓ છો અને તમે પણ એવી ઇચ્છા કરો તો પછી બીજા પણ એમ કરવા લાગે.

[વ૦ ૫૫૦] (રાતના સભામાં) ૩૭૩ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જ્ઞાનીનાં વચનો ઘણા ગૂઢ આશયવાળાં છે. એક વખત વાંચ્યે સમજાય નહીં. ઘણીવાર વાંચે ત્યારે સમજાય. કૃપાળુદેવે લખ્યું છે કે મોક્ષમાળાના પાઠ છે તે કોઈ જાણકાર પાસે સમજવા. એવો યોગ ન હોય તો પોતે પાંચ-સાત વાર એક પાઠ વાંચી તે પર વિચાર કરવો કે આ પાઠમાં શાની વાત આવી? પછી એમાંથી મારે ગ્રહણ કરવા યોગ્ય શું છે? હેય શું છે? જ્ઞેય શું છે? એમ વિચારે. તેમ આ પત્રો પણ એવાં છે. સત્પુરુષનો યોગ થાય, નિશ્ચય થાય અને આજ્ઞા આરાધે તો અનંતાનુબંધી જાય, મિથ્યાત્વ જાય, સમકિત થાય, કેવળજ્ઞાન થાય, બધું થાય, પણ તેથી પૂર્વ પ્રારબ્ધ ભોગવવું પડતું નથી એમ નથી. પછી લખ્યું કે તમોને જે યોગ્ય નથી તેની જ તમે વારંવાર ઇચ્છા કરો છો ને લખો છો તે યોગ્ય નથી. અમારા પ્રત્યે તમારી નિષ્કામભક્તિ જોઈએ.

વિચારવાન હોય તેને તો મારા આત્માનું કલ્યાણ કેમ થાય? મોહનીયકર્મ કેમ દૂર થાય? એવી ઇચ્છા થાય. બધા કર્મોનું મૂળ મોહનીયકર્મ છે, તે દૂર થાય તો બધાં કર્મ દૂર થાય. તે દૂર થવાનો ઉપાય— સત્સંગ થાય, તેની ઓળખાણ થાય, નિશ્ચય થાય અને આજ્ઞા આરાધે તો અનંતાનુબંધી અને મિથ્યાત્વ જઈ સમકિત થઈ કેવળજ્ઞાન, મોક્ષ બધું થાય. સત્પુરુષ પ્રત્યે જીવને જ્યારે સામાન્ય ભાવ થઈ જાય ત્યારે આ માંગવા યોગ્ય છે કે કેમ? એવું કશું ધ્યાનમાં રહેતું નથી. કૃપાળુદેવે મુંબઈમાં એક મંડળ સ્થાપ્યું હતું. બધાય મળતા. એમ કરતાં બીજા જીવોને કૃપાળુદેવ પ્રત્યે સામાન્ય ભાવ થઈ ગયો, તેથી કૃપાળુદેવે એ બંધ કરી દીધું.

કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે કે તમે અમારા પ્રત્યે બે પ્રકારે યાચના કરી છે. ૧. સિદ્ધિ-યોગાદિથી દુઃખ મટાડવાની અને ૨. વ્યાપારાદિકથી દુઃખ મટાડવાની, પણ એ બન્ને યાચના તમારે કરવી યોગ્ય નથી. એવી ઇચ્છા કરવાથી મુમુક્ષુતા પણ જતી રહે. મુખ્ય તો સંસારવાસના લઈને જ્ઞાનીપુરુષ પાસે જવું યોગ્ય નથી. જેમ દેરાસરમાં જતાં આશાતના ટાળવાનું કહ્યું છે, તેમ જ્ઞાની પાસે જતાં ઇચ્છાઓ ટાળવાની છે. દુઃખ આવે ત્યાં કસોટી થાય છે. ઘણો ક્ષયોપશમ હોય પણ દુઃખ આવે ધીરજ ન રહે તો શું કામનું?

**"જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય,**
**સુખદુઃખ આવ્યે જીવને, હર્ષણ, શોક નવિ થાય."**

તો એનું જાણ્યું ખરું કહેવાય. આ દુઃખનો કંઈ હિસાબ નથી. મરણ વખતે કેટલું દુઃખ હોય છે! આટલા દુઃખથી કંટાળી જાય તો પછી પ્રદેશેપ્રદેશથી છૂટવું એને ગમે નહીં. માટે આ દેહથી મારાપણું છોડી દે તેને મૃત્યુ મહોત્સવ થાય છે. જીવને સમજણ નથી. સમજીને સહન કરે તો છૂટે; નહીં તો નવાં પાછાં બંધાય. જ્ઞાનીપુરુષ પાસે એક આત્માના કલ્યાણ સિવાય બીજી કશી ઇચ્છા ન કરવી. તમારા જેવા મુમુક્ષુને તો એ જ કરવા જેવું છે. એમાં તમને ઘણો લાભ છે. પરીક્ષા વખતે પાસ થાય તો બીજા ક્લાસમાં જતો રહે. તેમ આ કસોટીમાં ટકી રહે તો સમકિત થાય એવું છે. શરીરના દુઃખથી એનું અહિત થાય નહીં, એવું જ્ઞાની જાણે છે. જેમ જીવનું હિત થાય તેમ જણાવે છે. નેમિનાથ

ભગવાન, [1]ગજસુકુમારને માથે અંગારા ભરાશે એમ જાણતા હતા, છતાં ત્યાં જ સ્મશાનમાં મોકલ્યા. ટકી રહ્યા તો કેવળજ્ઞાન પામ્યા. જ્ઞાનીપુરુષ જીવોને ગોદાવી ગોદાવી જગાડે છે. છેવટે કૃપાળુદેવે એમને મોટા મુનિઓને દુર્લભ એવી દશા કરાવી સમાધિમરણ કરાવ્યું.

**“કીચસૌ કનક જાકૈ, નીચસૌ નરેસપદ,**
**મીચસી મિતાઈ, ગરુવાઈ જાકૈ ગારસી;**
**જહરસી જોગ જાતિ, કહરસી કરામાતિ,**
**હહરસી હૌસ, પુદ્ગલછબિ છારસી;**
**જાલસૌ જગબિલાસ, ભાલસૌ ભુવનવાસ,**
**કાલસૌ કુટુંબકાજ, લોકલાજ લારસી;**
**સીઠસૌ સુજસુ જાનૈ, બીઠસૌ બખત માને,**
**ઐસી જાકી રીતિ તાહી, બંદત બનારસી.”** (૭૮૧)

છેવટે એમની બધી વાસનાઓ છોડાવી એવો ભાવ કરાવ્યો.

રિદ્ધિસિદ્ધિથી પૈસા મેળવવાની ઇચ્છા છે તે સટ્ટા જેવું છે, માટે તે યોગ્ય નથી. તીવ્ર મુમુક્ષુ હોય તો એને પછી સંસારનાં કારણોમાં દુઃખ ન લાગે. વાસના જરાક પણ રહી હોય તો શોધીને કાઢી નાંખવી. રિદ્ધિસિદ્ધિની ઇચ્છા કરવી જ નહીં. એ બન્નેને મલિન કરનાર છે. જ્ઞાનીને પણ એથી પાછળ પડવાનું થાય છે અને યાચનારને પણ પાછળ પડવાનું થાય. જેને સાચી ભક્તિ હોય તેને દુઃખ તો આવે. નહીં તો સાચી ભક્તિ નથી. જરાક પણ વાસના હોય તો એ ભક્તિ ન કરવા દે. એ એને ખૂંચે. લોકોત્તર પુરુષ પાસે જતાં લૌકિક ભાવના છોડવી જોઈએ. લૌકિક વાસના છોડી ભગવાન પાસે જવું જોઈએ, તેને બદલે સંસારી વાસનાઓ લઈને જાય તો એને મોક્ષ થતાં ખાળે છે. રિદ્ધિસિદ્ધિ ફોરવે તો જ્ઞાનીને પણ મિથ્યાત્વમાં આવવું પડે. એમને બહુ સાચવવું પડે. પ્રભુશ્રી કહેતા કે રિદ્ધિસિદ્ધિને તો લાત મારી કાઢી મૂકી. પોતાને ઇચ્છા થાય છે તેથી દુઃખી થાય છે.

**“ક્યા ઇચ્છત? ખોવત સબે! હૈ ઇચ્છા દુઃખ મૂલ;**
**જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.”** (હા.નોં.૧/૧૨)

કોઈ ઇચ્છા રાખવા જેવી નથી. જેમ જેમ ઇચ્છા ઓછી થાય તેમ તેમ વીતરાગત્વ એની પાસે આવે. જ્ઞાનીની ભક્તિ કરવી જોઈએ. એમને કંઈ દુઃખ હોય તે મટાડવું જોઈએ, તેને બદલે જ્ઞાની પ્રત્યે વ્યવહારનો ભાર મૂકવો એ ભક્તિ નથી. એ તમને યોગ્ય નથી. તમે અમને કહો છો કે તમે ‘મારો દુકાનમાં કંઈક ભાગ રાખો’ તે યોગ્ય નથી. જ્ઞાનીને પરિશ્રમ પડે એવું કરવા જેવું નથી. ચેલા-ચેલી એ બીજા પ્રકારનો સંસાર છે. એમાં મમતા થાય તો ભવ કરવા પડે. અસંગ, અપ્રતિબદ્ધ જ્ઞાનીપુરુષ રહે છે. એવો જ માર્ગ છે. કૃપાળુદેવમાં એવી શક્તિ હતી કે લેવા-દેવાનું કરે તો પણ એમનું મન આત્મામાં રહેતું. બીજામાં જાય નહીં. બીજા જીવો એમ કરવા જાય તો સંસાર વધે. કૃપાળુદેવ બહુ નિઃસ્પૃહ હતા. કૃપાળુદેવ કહે છે કે ખરાબ દૃષ્ટાંતરૂપ અમે ન થઈએ તેમ વર્તીએ છીએ, તો પછી બીજા મુમુક્ષુઓને તો એવી વિચારણા બળવાનપણે રાખવાની છે. કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે કે મારાપણું તમને છૂટ્યું નથી, તે આ માંગણી ઉપરથી જણાય

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૪૩.

છે. આત્માનો લક્ષ ચૂકાય એવો એ માર્ગ છે. કરોડો ભવે પણ ઉપકાર ન વળે એવો જ્ઞાનીનો ઉપકાર છે. સમ્યક્દર્શન થાય તે મોટો ઉપકાર છે.

"વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો." અનંતકાળથી જે માર્ગ હાથમાં ન આવ્યો, તે જ્ઞાનીથી પ્રાપ્ત થાય છે. યશોવિજયજીએ લખ્યું છે કે એના પોતાના શરીરના જોડા સિવડાવી આપે તો પણ એ ઉપકાર વળે એવો નથી. આશ્રમમાં આવીને વસ્તુઓ ચોરી જાય અને કહે કે આ તો પ્રસાદ છે, એમ જીવ કરે છે. પરિગ્રહ એ પાપ છે. પરિગ્રહનું સ્વરૂપ જ જીવ સમજ્યો નથી. ગમે તેટલી મુશ્કેલી, પ્રાણ જાય તેવી આવે તો પણ સકામ ભક્તિ તો કરવી જ નથી. [1]શિયાળે મુનિની આજ્ઞા પાળી, રાત્રે પાણી ન પીધું. પ્રાણ જતા કર્યા પણ રાત્રે પાણી ન પીધું તો પ્રીતિંકર થઈ ઝટ મોક્ષે જતા રહ્યા. જીવને વધારેમાં વધારે પ્રેમ દેહ ઉપર છે. દેહાધ્યાસ છે તે જીવને અનાદિથી છે. કંઈ દેહને થાય તો મને થાય છે એમ જીવને થઈ જાય છે. એ દેહાધ્યાસ છૂટે તો ધર્મ પામ્યો કહેવાય.

**"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ,**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ."**

મુખ્ય મુમુક્ષુ હોય તેણે તો નિષ્કલંક રહેવું જોઈએ. કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે કે તમે સમજુ છો, આત્મકલ્યાણ કરવાની ઇચ્છા છે, તો અમે જણાવીશું તે તમારા હિતની વાત છે. તે તમે જરૂર ગ્રહણ કરશો. તમે સકામ ભક્તિ રાખો તો બીજા પણ દેખાદેખી રાખે. બધા મુમુક્ષુઓને નિષ્કામ ભક્તિ કરવાની છે. એ આવ્યા વિના મોક્ષ ન થાય.

અમારા પોતાના હિતને અર્થે દાન કરવાની ભાવના રહે છે, પણ તે પણ જેને મલિન વાસના ન ઊગે તેને, નુકસાન ન થાય તેને કરવાનું છે. એવો માર્ગ ઋષભદેવે પણ કર્યો છે. વર્ષીદાન વગેરે ભગવાન આપે છે. એ અમારો અભિપ્રાય તમને જણાવવો નહોતો, પણ તમને હિતરૂપ જાણીને જણાવ્યું છે. બીજાની સેવા કરવાની ભાવના અમને રહે છે, પણ એ સેવાભાવથી સામા જીવને નુકસાન થતું હોય તો એ સેવાચાકરી ઉપશમાવવી જોઈએ.

આ બધો વ્યવહાર છોડીને તમને મુનિ થવાની ભાવના રહે છે, પણ આ છોકરાઓ કંઈ કમાતા થાય તો છૂટા થવાય. ઉપાધિ ન હોય તો નિરાંતે સત્સંગ થાય અને કૃપાળુદેવ મુનિ થાય તો હું પણ મુનિ થાઉં એવી ભાવના રહે છે. કૃપાળુદેવ કહે છે કે એ બધું અમે જાણીએ છીએ, માટે ફરી ફરી લખવું યોગ્ય નથી.

[વ૦ ૫૫૧] ૩૭૪ શ્રી રાજમંદિર,આહોર, ફાગણ સુદ દ્વિ. ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ભગવાને જે સમાધિનું સ્વરૂપ કહ્યું છે તે કૃપાળુદેવે સાક્ષાત અનુભવ્યું છે. આત્મપરિણામની ચંચળતા ન થાય, આત્મપરિણામ સ્થિર થાય તેનું નામ સમાધિ છે. જેમ જેમ પરિણામોની સ્થિરતા થાય તેમ તેમ સમાધિ પ્રગટે. કર્મને લઈને અથવા કર્મમાં ઉપયોગ છે તેને લઈને આત્મપરિણામની ચંચળતા થાય છે તે અસમાધિ છે. 'દેહથી હું ભિન્ન છું' એવી માન્યતા

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૪૪ થી ૪૬.

થાય તો સમાધિ પ્રગટે. સમ્યક્દર્શન એ શ્રુતસમાધિ છે. આત્મ પરિણામની સ્વસ્થતા થાય તે સમાધિ છે. સમ્યક્દર્શન હોય ત્યારે અનંતાનુબંધી (ક્રોધ, માન, માયા, લોભ) ન હોય, તેથી સમાધિ છે. શૈલેશીકરણે પૂર્ણ સમાધિ હોય છે. જેટલાં કષાયો મંદ પડ્યા હોય તેટલી સમાધિ હોય છે. જ્યાં સુધી આત્મા ન જાણ્યો હોય ત્યાં સુધી સમાધિ ન હોય. સમ્યક્દર્શન થયા પછી સમાધિ આવે છે. જ્યાં સુધી વસ્તુનો નિર્ણય ન હોય ત્યાં સુધી ચિત્તમાં કલ્પિત સમતા હોય છે, એમ કેવળજ્ઞાનીએ કહ્યું છે.

બહારથી સંસારની પ્રવૃત્તિ હોય અને અંતરમાં સમાધિ રાખવી એ બહુ મુશ્કેલ છે. સમાધિ હોય તો આર્ત્તધ્યાન ન હોય. પરપદાર્થની ઇચ્છા હોય ત્યાં આર્ત્તધ્યાન છે; સમાધિ નથી.કોઈ પદાર્થની ચિંતા અથવા ઇચ્છા મનમાં હોય ત્યાં સુધી સમાધિ હોય નહીં; આર્ત્તધ્યાન હોય છે. ભગવાને જે જે શબ્દો કહ્યા છે તે બરાબર સમજવા. દરેકે પોતાના પરિણામ તપાસવાના છે.

તીર્થંકર જેવા દૃઢ વૈરાગ્યધારીને પણ પ્રવૃત્તિમાં દૃઢ ન રહેવાય ત્યાં પછી બીજાનું તો શું કહેવું? સંસારની ઇચ્છા હોય ત્યાં સુધી આત્મજ્ઞાન થાય નહીં. સાર વસ્તુ તો આત્મા છે. ''આત્માથી સૌ હીન'' આત્માર્થે જીવવું છે. જ્યાં સુધી જીવ બીજી વસ્તુઓથી રંજાયમાન થાય છે ત્યાં સુધી ખામી છે. તરતાં ન આવડતું હોય તો જે તર્યા છે તેનો આશ્રય કરવો.

જડને જડ પરિણામ અને ચેતનને ચેતન પરિણામ હોય છે. પોતાની શક્તિ વિભાવમાં પરિણમે તેથી કર્મ આવે છે અને એજ શક્તિ જો સ્વભાવમાં પરિણમે તો મોક્ષ થાય.

આત્મસ્વરૂપ જ્ઞાનીએ કેવું અનુભવ્યું છે એનો નિર્ણય કરવો. અનાદિકાળથી આત્માનો નિર્ણય કરવામાં ભૂલ થતી આવી છે. આત્માનું સ્વરૂપ અને અન્ય પદાર્થનું સ્વરૂપ એમ બેયનું સ્વરૂપ જ્ઞાનીએ યથાતથ્ય જાણીને કહ્યું છે. બે પ્રકારના જીવો મોક્ષમાર્ગમાં હોય છે. ૧. જ્ઞાનીપુરુષ. ૨.જ્ઞાનીપુરુષનો આશ્રિત. એ બેય મોક્ષમાર્ગમાં છે. સંસારની ઉપાધિ છે તે આત્મપરિણામ સ્વસ્થ કરવામાં વિઘ્ન કરે છે, વિક્ષેપ કરે છે.

શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવાં. સદ્ગુરુ મુખે આત્મા પ્રથમ સાંભળવા યોગ્ય છે, પછી મનન કરવા યોગ્ય છે અને પછી ભાવના કરવા યોગ્ય છે અથવા અનુભવવા યોગ્ય છે. અસંગ થવાની ભાવના જ્ઞાનીઓ રાખે છે. ઉપકારશીલ એટલે બીજાનું કલ્યાણ થાય એવી ઇચ્છા જ્ઞાનીપુરુષોને હોય છે. જ્ઞાનીપુરુષને જ્ઞાનીસ્વરૂપે ઓળખે તો મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય. દેહદૃષ્ટિ છે ત્યાં સુધી અંતરવિચાર આવે નહીં.

**[વ૦ ૫૫૧]** (રાતના સભામાં) ૩૭૫ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવનાં વચનો એવાં છે કે આ બાહ્ય વસ્તુઓથી ઉઠાવી આત્માના વિચારમાં પ્રેરે છે. એનું માહાત્મ્ય લાગે તેટલું અંતરમાં ઊતરે. એક શબ્દ પણ જીવમાં સત્ય પરિણામ પામ્યો નથી અને જીવ, 'મેં બે વખત વાંચ્યું છે' એમ ગણતરી કરે છે.

જગતમાં જે કહેવાતું હોય તે બધું એમણે તપાસી જોયું. ઇંદ્રિયોના, શ્વાસના ભેદો જાણીને

યોગશાસ્ત્રમાં બધું કહ્યું છે. જેટલો થાય તેટલો બાહ્ય વસ્તુઓનો વિચાર કર્યો છે. લોકો શ્વાસ રોકે ત્યારે સમાધિ કહે છે, પણ કૃપાળુદેવ કહે છે કે એ સમાધિ નથી. ભગવાને સમાધિ શાને કહી છે? તે કૃપાળુદેવ કહે છે કે 'આત્મપરિણામની સ્વસ્થતા' એટલે આત્મામાં રહે, બહારના પદાર્થોમાં ન જાય તે સમાધિ છે, નહીં તો જીવ ઠગાઈ જાય. આત્મપરિણામની સ્વસ્થતા આત્મા ઓળખાયા વગર ક્યાંથી થાય? રાગદ્વેષથી આત્માનાં પરિણામ ચંચળ થાય છે. એ રાગદ્વેષ ન થાય ત્યારે સમાધિ કહેવાય. સમ્યગ્દર્શન થયા પછી એને સહજ સમાધિ રહે છે. ચોથી દૃષ્ટિમાં પ્રાણાયામનું સ્વરૂપ કહ્યું છે.

**''બાહ્ય ભાવ રેચક ઇહાંજી, પૂરક અંતર ભાવ;**
**કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ,**
**મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ.''**

બાહ્યભાવને બહાર કાઢે તે રેચક અને અંતરભાવને અંદર પૂરે તે પૂરક તથા ગુણોમાં સ્થિરતા કરે તે કુંભક. એ ભાવ પ્રાણાયામ છે. શ્વાસ રોકવા-કાઢવા એવું તો જીવે ઘણીવાર કર્યું છે.

પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત આપતા કે એક સમાધિ ચઢાવનાર બાવો હતો. તેણે યજમાનને ઘેર જઈ કઢી થતી હતી તે માગી, પણ વાર હતી તેથી એક ખૂણામાં બેસી સમાધિ ચઢાવી, ત્યાં કોઈએ ઘાસની ગંજી લાવી ખડકી દીધી. તે બાવાજી છ મહિના તેની નીચે સમાધિ લગાવી બેસી રહ્યા. જ્યારે સમાધિ છૂટી ત્યારે 'કઢી થઈ?' એમ બોલ્યા. એટલું બધું કર્યું પણ એની કઢીની વાસના ન ગઈ.

બહારની બધી ક્રિયા રોકે પણ વાસના નથી રોકાતી. પૂર્વના સંસ્કારે જીવ ભૂલી ગયો છે. મન નવરું પડે ત્યારે નખોદ વાળે છે. સ્વપ્નની અંદર પણ રાગદ્વેષ થાય તો કર્મ બંધાય છે. જેટલાં રાગદ્વેષ પરિણામ હોય તેટલો બંધ થાય. ઠીક-અઠીક થયા કરે છે, રાગદ્વેષ થયા કરે છે, આખા દિવસમાં રતિ-અરતિ થયા કરે છે તેથી આત્મા ચંચળ થાય છે અને તેથી કર્મ બંધાય છે. આત્મા છે ત્યાં બધું છે. એકેન્દ્રિય જીવોને આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞા છે. ત્યાં પણ એને અવ્યક્તપણે રાગદ્વેષ પરિણામ થયા કરે છે. જેને આત્માનો અનુભવ થયો તેને આ વાત સત્ય લાગે છે કે આત્મપરિણામની સ્વસ્થતા થાય તો જ કર્મ છૂટે. રાગદ્વેષ પરિણામ ન થાય તો સમાધિ થાય. આપણાં પરિણામ તપાસવા માટે આ બધું કહ્યું છે. કલ્પનાથી કર્મ બંધાય છે. 'સત્' કલ્પનાથી પર છે. કલ્પના કર કર કરે છે, તેથી જીવ આઘો જાય છે. 'હું જાણતો નથી' એમ રાખે તો કોઈ દિવસ ઠેકાણું પડે. શાશ્વત આત્મા કહે, પણ વસ્તુ જ્યાં સુધી ઓળખે નહીં ત્યાં સુધી શી ખબર પડે? ઘણાં મોઢેથી એમ કહે છે કે મારે સંસારથી લેવા-દેવા નથી, પણ કઢી જેવું થાય. કૃપાળુદેવની પાસે ગજ હતો, તેથી તપાસ્યું કે જૈનમાં જેવું વસ્તુસ્વરૂપ છે તેવું ક્યાંય નથી.

આરંભપરિગ્રહમાં પ્રવર્તે તો એનો વૈરાગ્ય વગેરે હોય તેય જતો રહે, જેથી આત્માનાં પરિણામ ચંચળ થાય એવામાં પરિણામ સ્થિર રહેવાં મુશ્કેલ છે. ઊંટ ઉપર બેસે અને હું તો સ્થિર રહીશ એમ કહે તો કંઈ સ્થિર રહે? તેમ આરંભપરિગ્રહમાં રહી સંપૂર્ણ જ્ઞાનવાળાને પણ સ્થિર રહેવું કઠણ પડે છે. કંઈક વૈરાગ્ય હોય, ઉપશમભાવ હોય, તેય ઓછો થઈ જાય; કારણકે કષાયનાં નિમિત્ત

હોય છે તેમાં વૈરાગ્યનાં પરિણામ ઓછાં થઈ જાય. આપણાં પરિણામ તપાસવા આ કહ્યું કે જીવને આર્ત્તધ્યાન થાય છે કે ધર્મધ્યાન? આત્મહિત સિવાયની જે કંઈ વસ્તુની ઇચ્છા થાય, ચિંતા થાય તે બધું આર્ત્તધ્યાન છે. રાગદ્વેષનાં પરિણામ ત્યાં આગળ હોય છે. આત્મપરિણામની સ્વસ્થતા ન રહે. આત્માને ભૂલ્યો કે આર્ત્તધ્યાનમાં જ તણાઈ જાય. પરિગ્રહની ચિંતા રહે, રાગ થાય તે આર્ત્તધ્યાન છે. ત્યાં આગળ કર્મ બંધાય છે, માટે ઊંચાં નીચાં પરિણામ થવાનાં કારણો છે તે ઓછાં કરવાં. સારાં નિમિત્ત હોય તો સારા ભાવ થાય. જેવાં નિમિત્ત હોય તેવા ભાવ થાય, માટે સારાં નિમિત્તો મેળવવાં. સારાં નિમિત્તમાં પણ ખોટા ભાવ થઈ જાય છે, તે તપાસતા રહેવું. પરપદાર્થની ઇચ્છા છે અને તેની ચિંતા છે તે આર્ત્તધ્યાન છે.

પોતાનો બધો હિસાબ તપાસીને આ બધું ફેરવી નાંખવાનું છે. ખોટા નિમિત્તોમાં પણ સારા ભાવ થાય છે, પણ એ અપવાદરૂપ છે. આ સંસારમાં બહુ ચેતવા જેવું છે. કાજળની કોટડી જેવો આ સંસાર છે, એવું જાણીને તીર્થંકર જેવા છોડીને ચાલી નીકળ્યા. કાજળની કોટડીમાં ડાઘ લાગ્યા વગર ન રહે. જ્યાં સુધી પરપદાર્થની ઇચ્છા, ચિંતા છે ત્યાં સુધી આર્ત્તધ્યાન છે. મુનિ થયા હોય પણ પરિણતિ ફેરવવી મુશ્કેલ છે. જ્યાં 'મારું' થયું ત્યાં આગળ ચિંતા ઊભી થાય. મનમાંથી 'મારાપણું' નીકળી જાય, અંતરથી ભેદ પડ્યો હોય તો ચિંતા ન થાય. આર્ત્તધ્યાન થાય એવાં નિમિત્તોથી બચવું. બધાં અનુભવનાં વચનો છે. એ જ્ઞાનીનાં વચનો વાંચવા, વિચારવા યોગ્ય છે. એમાં વૃત્તિ રહે તો કર્મ છૂટે. આર્ત્તધ્યાન મંદ પડે. સ્મરણનું વિસ્મરણ થાય ત્યારે આર્ત્તધ્યાન થાય છે. જ્ઞાનીએ કહ્યું તેમાં લક્ષ રાખવો. જગતના બધા પ્રકાર પુણ્ય-પાપને આધીન છે. એનો વિશ્વાસ નથી. શાની સંભાળ, વિશ્વાસ રાખવાનો છે? તેની જીવને ખબર નથી.

વેપારને લઈને વિક્ષેપભાવ રહે છે. ત્રણ વર્ષમાં નિવૃત્તિનો જોગ મળ્યો નથી. હવે ઇચ્છા રહે છે. પ્રવૃત્તિનું સ્વરૂપ એવું છે કે દૃઢ વૈરાગ્યવાન હોય તેને પણ સ્થિર ન રહેવા દે, તો પછી જેને જેવું નિમિત્ત મળે તેવો થઈ જતો હોય તેને તો આત્માની સન્મુખ જ ન થવા દે. જેવાં નિમિત્ત હોય તેવો થઈ જાય છે. જેવો સંગ મળે તેવો થઈને ઊભો રહે છે. જેના ચિત્તમાં વૈરાગ્ય હોય તે દૃઢ રહી શકે છે. નામનો વૈરાગ્ય હોય અને વૈરાગ્યને લૂંટી લે એવો આરંભપરિગ્રહ હોય તો પછી કલ્યાણ ક્યારે થાય? જીવો કલ્યાણ કેમ સાધતા નથી? તેનું કારણ આ બધું શોધી શોધીને કહ્યું છે.

સંસાર સારો છે એવું જરા પણ લાગતું હોય તો આત્મજ્ઞાન નથી. સંસારમાં કંઈક સાર એને લાગતો હોય, પરવસ્તુની પ્રાપ્તિમાં હર્ષશોક થતો હોય તો આત્મજ્ઞાનની ત્યાં ન્યૂનતા છે. સમજ્યો હોય તો પરિગ્રહ એ પાપ છે, એમ જાણે. ખોટાને ખોટું જ જાણે. સંસારમાં સાર જાણ્યો તેટલી આત્મજ્ઞાનની ખામી છે. આ ઘર સારું છે એમ થતું હોય તો ત્યાં આગળ આત્મજ્ઞાન નથી. સમ્યગ્દર્શન થાય ત્યારે નિષ્કાંક્ષિત ગુણ પ્રગટે છે. કોઈપણ પદાર્થની એને ઇચ્છા ન થાય. પૈસા છે તે સારા છે, સંસાર સારરૂપ છે, એમ લાગે છે, ત્યાં સુધી એના જ્ઞાનમાં ખામી છે. કેવાં વચનો છે! બહુ વિચારવા જેવાં છે. બધા કેવળીઓએ આ સંસારને અસાર કહ્યો છે. એને સારરૂપ લાગે છે તે ઊંધું છે. આ સારું છે, આ ખોટું છે એમ સમ્યક્ત્વીને થતું નથી.

"જેટલા પોતાની પુદ્‌ગલિક મોટાઈ ઇચ્છે છે તેટલા હલકા સંભવે." (૮૫) બધાં કર્મ ફૂટી નીકળ્યાં છે. તે રહેવાનાં નથી. બધાં જવાનાં છે. દોષો કાઢ્યા વગર છૂટકો નથી. પોપાબાઈનું રાજ્ય નથી. જ્યારે દોષો કાઢશે ત્યારે જ મોક્ષ થશે. લોકો કહે તે માનવું નથી. લોકો ઇચ્છે તે ઇચ્છવું નથી. જ્ઞાની જેને માને, ઇચ્છે તે મારે માનવું, ઇચ્છવું છે એ લક્ષ રાખવો. જ્ઞાની કહે છે કે ચેતતા રહેજો, નહીં તો ઘણા દોષો અંદર પેસી જશે. દોષો જો વધારે વાર ટક્યા તો પછી જવા મુશ્કેલ છે. દોષ દેખાય કે તરત એને રજા આપવી. આત્મજ્ઞાન એ સહેલી વસ્તુ નથી. એવા બધા દોષો હોય તેમ છતાં આત્મજ્ઞાની થઈને ફરે છે. મને શામાં સારું લાગે છે, તે વિચારવું. ખોટી વસ્તુને સારી માને છે. કૃપાળુદેવ જેને સારું કહે છે તેને સારું ન માને અને લોકો કહે તેને સારું માને, તો કૃપાળુદેવનો અનુયાયી નથી, પણ લોકોનો અનુયાયી છે. જ્યારે આત્મા ઓળખાશે ત્યારે તો બધું ઝેર જેવું લાગશે. જીવને વૈરાગ્ય નથી.

જડ હોય કે ચેતન પણ સમયે સમયે એનાં પરિણામ થયા કરે છે. દ્રવ્ય જડ હોય, તેના જડ પરિણામ હોય છે અને દ્રવ્ય ચેતન હોય તો તેને ચેતન પરિણામ હોય છે. જેવું દ્રવ્ય હોય તેવાં પરિણામ હોય. જીવ-અજીવ કે ચેતન-જડ કહો એક જ છે. જાણે તે જીવ અને ન જાણે તે જડ છે એ સૈદ્ધાંતિક વાત છે. કંઈક વૈરાગ્ય ઉપશમ હોય તો સમજાય. નહીં તો કાને અથડાઈને જતી રહે. પર્યાય અને પરિણામ એક જ છે. "જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ." (૨૬૬) પરિણમે એટલે એના પર્યાય થાય.

જગતમાં દર્શન બધાં ઘણાય છે, પણ શ્રી જિને જેવું વસ્તુનું સ્વરૂપ જાણ્યું છે તેવું કોઈએ જાણ્યું નથી, માટે મુમુક્ષુએ બીજું બધું છોડી ભગવાનનાં જે અનુભવપૂર્ણ વચનો છે તે વિચારવા યોગ્ય છે. એમનાં વચનોથી જડ તે જડ અને ચેતન તે ચેતન સમજાય છે. જ્ઞાનીનાં વચનોનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન એટલે ભાવના કરવી. જેટલી શ્રવણ અને મનનમાં ખામી તેટલી નિદિધ્યાસનમાં ખામી છે. બધાં વચનોનો સાર આત્મા ભણી લાવવા માટે છે. ચૌદપૂર્વનું વર્ણન કર્યું તે બધું એક આત્મા જાણવા માટે. આત્મજ્ઞાની છે તેણે પોતે વસ્તુનું સ્વરૂપ જાણ્યું છે, તેને વળગે તો સાચ પ્રગટે. ઍંજિનને ડબ્બો જોડાયો હોય તો પાછળ પાછળ ચાલ્યો જાય. જ્ઞાનીને આશ્રયે પ્રવર્તે તો એ મોક્ષમાર્ગમાં છે. આશ્રયનું કેટલું બળ છે! "જે આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે." (૬૯૨) જો સાચો આશ્રય એને મળ્યો તો આ જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે જાય.

સ્વચ્છંદ એ જ જીવને રઝળાવનાર છે. "રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ." કરવાનું એટલું છે.

" માત્ર, 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રદ્ધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રદ્ધ્યે જ છૂટવાની વાર્ત્તાનો આત્માથી ભણકાર થશે." (૧૬૬) સત્ શ્રવણ કરવું, વિચારવું, ભાવના કરવી. આત્માને માટે જીવે તો એને આત્મા પ્રગટ થાય. રાતદિવસ પુદ્‌ગલની વાતો કરે અને પુદ્‌ગલમાં જ ખેંચાય તો પછી આત્માનું કલ્યાણ ક્યારે કરે?

**[વ૦ ૫૫૧]** (રાતના સભામાં) ૩૭૬ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૦)), સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– પરપદાર્થની ઇચ્છા હોય ત્યાં આર્ત્તધ્યાન છે. નિદાન નામનું આર્ત્તધ્યાન છે તે ઇચ્છા જ છે. પરપદાર્થની ઇચ્છા કે ચિંતા તે આર્ત્તધ્યાન છે. એ બધા આર્ત્તધ્યાનથી છૂટવાનું છે. આજીવિકા માટે પણ કેમ થશે, શું થશે? એવી ચિંતાથી આર્ત્તધ્યાન ન થવા દેવું.

મુમુક્ષુ– મારી પાસે સો રૂપિયાની નોટ હોય અને તેની રક્ષા કરવા માટે ચાકુ ખિસ્સામાં રાખ્યું હોય તો એને શું કહેવાય?

પૂજ્યશ્રી– એ રૌદ્રધ્યાન કહેવાય, કારણકે નિર્દયભાવ પોષવા માટે કર્યું. થવાનું હોય તે થાય છે, તેમ છતાં જીવને એવા ભાવ રહે છે. સમ્યક્ત્વીને લાખ રૂપિયા આવે કે જાય તેમાં હર્ષ શોક નથી. એવું થાય ત્યારે ધર્મધ્યાન કહેવાય. પરપદાર્થમાં જીવ કેવો દબાઈ ગયો છે! પરપદાર્થ પર પ્રેમ, વિશ્વાસ છે એ એને આર્ત્તધ્યાન કરાવે છે. આર્ત્તધ્યાન તે આત્માને ભૂલાવે છે. સ્મરણ કરવું મૂકાવી બીજા જ વિકલ્પો કરાવે છે. આર્ત્તધ્યાન છૂટે તો ધર્મધ્યાન થાય.

મુમુક્ષુ– મિથ્યાત્વ સહિત હોય અને સ્મરણ કરે તો ધર્મધ્યાન થાય?

પૂજ્યશ્રી– હા, આને જ્ઞાની મળ્યા છે, આશ્રિત થયો છે. જ્ઞાની અને જ્ઞાનીનો આશ્રિત બેય મોક્ષમાર્ગમાં છે, તેથી ધર્મધ્યાન થાય છે. જ્ઞાની પ્રત્યે રુચિ છે, ત્યાં આગળ એને ધર્મધ્યાન થાય. પાંડવોને લાક્ષગૃહમાં પૂર્યા ત્યારે બધાને ચિંતા થવા લાગી કે હવે બળી જવાશે, પણ ધર્મરાજા તો માળા લઈને બેઠા કે જ્યાં સુધી જીવવાનું છે ત્યાં સુધી માળા તો ફેરવું.

પૂર્વનો સંસ્કારી હોય, વૈરાગ્યવાળો હોય, પણ આરંભપરિગ્રહનું સ્વરૂપ એવું છે કે આત્મા ભણી વળવા ન દે. તો પછી જેને કંઈ વૈરાગ્ય નથી, જે નિમિત્તમાં તણાઈ જાય છે તે એમાં તણાઈ જ જાય, એવું પ્રવૃત્તિનું સ્વરૂપ છે. સંસારમાં કંઈ પણ સારું મનાય ત્યાં આગળ આત્મજ્ઞાનની ન્યૂનતા છે. આત્મજ્ઞાન થાય ત્યારે નિષ્કાંક્ષિત ગુણ પ્રગટે છે. એની જેટલી ન્યૂનતા હોય તેટલી આત્મજ્ઞાનની ન્યૂનતા છે. જ્ઞાની પ્રત્યે દૃષ્ટિ કરવાની છે. આપણી દૃષ્ટિના ગજે જ્ઞાનીને માપવા જઈએ તો સમજાય નહીં.

**''જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;**
**કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ.''**

જડને ચેતન પરિણામ અને ચેતનને જડ પરિણામ ન હોય. દરેક દ્રવ્યના પરિણામ તો હોય, પણ જડ જડરૂપે અને ચેતન ચેતનરૂપે પરિણમે. પરિણામ અને ભાવ એક જ છે. એનો મુમુક્ષુ વિચાર કરે તો ભેદજ્ઞાન થાય. બન્નેની દિશા ફરી છે. જ્ઞાનીએ આત્મજ્ઞાન પ્રગટ કરી સંસાર ભણી પૂંઠ ફેરવી છે અને તેના આશ્રિતને એવી રુચિ થઈ છે અને આજ્ઞા ઉઠાવે છે. તેને જગત જોઈતું નથી. મોક્ષ સિવાય એને બીજો ભાવ થતો નથી. ''માત્ર મોક્ષ અભિલાષ.'' એ આત્માર્થી થયો છે અને જ્ઞાનીની આજ્ઞાએ ચાલે છે. તેથી આશ્રિતજીવ પણ મોક્ષમાર્ગમાં છે. એ 'હું', 'મારું' ન કરે. ''કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી.'' (૪૬૦) એ એને ચોંટી જાય. જ્ઞાની

અને જ્ઞાનીનો આશ્રિત બેય આ સંસારમાંથી બચે છે. સાંભળવાથી અનુભવ સુધીનો આ ક્રમ કહ્યો. સાંભળવું હોય તો આત્માની વાત સાંભળે. વિચાર કરવો હોય તો આત્માનો કરવો. ભાવના કરવી તો આત્માની કરવી.

''सवणे नाणे विन्नाणे'' શ્રવણથી જ્ઞાન અને જ્ઞાનથી વિજ્ઞાન થાય છે, તેથી સર્વ કર્મથી છૂટી મોક્ષ થાય. પ્રવૃત્તિ વિઘ્નરૂપ છે. જે આત્માને ચંચળ કરે એવી પ્રવૃત્તિ છે, તેમાં સ્થિરતા રાખવી એ બહુ મુશ્કેલ છે.

[વ૦ ૫૫૨) ૩૭૭ શ્રી રાજમંદિર,આહોર, ફાગણ સુદ દ્વિ. ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સકામભક્તિથી સંસાર મળે છે. જ્ઞાનીના બોધથી જીવનું કલ્યાણ થાય છે, પણ જીવને માહાત્મ્ય નથી. નિષ્કામભક્તિ છે તે જ મોક્ષનું કારણ છે. સકામભક્તિ એ ભક્તિ નહીં પણ ભાડાયત છે. જેને છૂટવું છે તે સકામભક્તિ ન કરે. સકામભક્તિનો રસ્તો એવો છે કે પરમાર્થની ગરજ પણ ન રહેવા દે. અનંતકાળથી જીવ એમ કરતો આવ્યો છે. જ્યાં સુધી સમભાવ ન આવે ત્યાં સુધી છૂટાય નહીં.

જ્ઞાનીપુરુષે આત્મા જાણ્યો છે તેથી તેઓ પૂજ્ય છે.

નિવૃત્તિના યોગમાં જીવને ઘણો લાભ થાય છે. પ્રતિબંધથી જ્ઞાનીપુરુષો ડરતા રહે છે અને આપણે પ્રતિબંધ કરીએ છીએ. કેટલાં કર્મ બંધાય છે તેનું ધ્યાન નથી. મૂળ વસ્તુમાં નિઃશંક થઈ જવાનું છે. વાચન, શ્રવણ અને સત્સંગ કરીને અસંગ થવાનું છે. 'મારું કશું નથી' એમ જો લક્ષ રહે તો બંધન ન થાય, નહીં તો બંધન થાય. ''સહુ સાધન બંધન થયાં.''

**''સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,**
**વિચરશું કવ મહત્પુરુષને પંથ જો?''**

જે પુરુષો છૂટ્યા છે તે પુરુષો છૂટવાની જ વાતો કરે છે. અસંગ થવાનું છે. શું કરવાથી અસંગ થવાય, એ વિચારવા યોગ્ય છે.

[વ૦ ૫૬૯] ૩૭૮ જાલોર, ફાગણ સુદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– બધા સુખને ઇચ્છે છે, પણ અત્યારે જીવને સુખની ખબર નથી. ત્રણે કાળ રહે એવું આત્માનું સુખ છે. જગતમાં સ્થિરતા નથી. એ સુખ માટે મોટા ચક્રવર્તીઓ પણ રાજ્ય છોડી પુરુષાર્થ કરતા હતા. મોક્ષ માટે પહેલું આત્મજ્ઞાન કરવાનું છે. જગતના ભાવોને ભુલી જઈ આત્મજ્ઞાન કરવું. પરવસ્તુમાં પોતાપણાની બુદ્ધિ છે. જીવને વિચારવા જેવું એ છે કે સંસારમાં સુખ નથી. ચક્રવર્તી પણ સુખી નથી. જ્યાં કોઈ પણ પ્રકારનો ક્લેશ નથી એવા આત્મજ્ઞાન માટે પુરુષાર્થ કરો. પોતાની પાસે આત્મા છે, છતાં જાણતો નથી. વિચારથી આત્મજ્ઞાન થાય છે.

''જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન.'' વિચાર કેમ જાગતો નથી? એનું કારણ અસત્સંગ છે, એ હોય તો બીજા વિચાર આવે. સત્સંગમાં સાંભળવાનું મળે છે. સત્સંગમાં લાભ છે. એક કામ થતાં બીજાં પાંચ કામ ઊભાં થાય એવું સંસારનું સ્વરૂપ છે.

આત્માનો વિચાર કરી શકે એટલી જીવની શક્તિ છે. છતાં બીજામાં વાપરે છે. શું કરવા આવ્યો છું? મનુષ્યભવ શા માટે છે? એ વિચાર નથી આવતો. કંઈક ઉપાધિ ઓછી થાય તો અસત્પ્રસંગનું બળ ઘટે. સત્સંગમાં જાય તો અસત્સંગ જાય. અવકાશ મળે તો આત્મવિચાર જાગે. એ જે અસત્પ્રસંગમાં ઘેરાયો છે તેમાં સત્સંગ મળે તો અવકાશ મળે અને અવકાશથી આત્મવિચાર જાગે.

જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી મુનિપણું નથી. જાણવા જેવી વસ્તુ જાણી તો તે ભુલાય નહીં. આત્મા જેવી કોઈ વસ્તુ નથી. ''આત્માથી સૌ હીન.'' આત્માને નોકર બનાવ્યો છે. 'એક સમયમાત્રનો પણ પ્રમાદ ન કરવો,' એમ શ્રી મહાવીર ભગવાન ગૌતમ જેવા ગણધરને સંબોધતા હતા. પ્રમાદથી જીવ અગિયારમેથી પડે છે. પ્રમાદ બહુ ભૂંડુ કરે છે. પ્રમાદમાં બધો વખત જાય છે.

શાસ્ત્રો વાંચે; સત્સંગ કરે; ચર્ચા કરે પણ પોતાને ન ઓળખ્યો તો બધું જંગલમાં પોક મૂકવા જેવું. કોણ સાંભળે? જગતમાં ઘણી વિદ્યાશાળાઓ ચાલે છે, પણ આત્મા નથી જાણ્યો તો બધું નકામું છે.

સુખનું કારણ આત્મજ્ઞાન છે. જેટલા પ્રમાણમાં આત્મા નિર્મળ થાય છે તેટલી સમાધિ પ્રગટે છે. આત્મા તો સુખનું ધામ છે.

ગાયનાં શીંગડાં ઉપર રાઈનો દાણો ટકે એટલી વાર એને પોતાના સ્વરૂપનું ભાન થયું તો જરૂર મોક્ષે જાય. પછી બીજામાં ન જાય.

બીજી પરવસ્તુઓમાં તન્મય થાય છે તેથી પોતાને ભુલે છે. ''જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત!'' (૨૧-૮૩) એ ભૂલ ટાળવાની છે. જેવું નિમિત્ત મળે તેવો થાય છે. સ્ફટિકરત્નની જેમ છે. જેવા નિમિત્ત, સંયોગ મળે તેમાં ભુલી જાય છે. દેહ છે તેને 'હું છું' એમ માન્યો તેથી આખો સંસાર ઊભો થયો છે. જેટલી તાદાત્મ્યવૃત્તિ છે તેટલો મોક્ષ આઘો જાય છે. દેહાધ્યાસ છે તે સંસારનું કારણ છે.

''આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.'' આ ભવમાં જે કરવા જેવું છે તે કરી લેવું. આ કાળમાં થોડું આયુષ્ય છે. માટે ઢીલ કરવા જેવું નથી. દેહ છોડતાં પહેલાં આત્માનું કામ કરી લેવું. બીજા ભવમાં ન થાય.

આત્મવિચાર નથી આવતો એનું કારણ અસત્સંગ છે. ધર્મને માટે જીવ પુરુષાર્થ કરે છે પણ ભૂલે છે તેથી ફળ નથી આવતું. બીજા વિચાર છોડી આત્મવિચાર જાગે તો થાય. વૈરાગ્ય-ઉપશમ જોઈએ. આત્મા આઘો નથી. ઓળખાણ નથી પડતી. મનુષ્યભવમાં કરે તો થાય એવું છે. સત્સંગે એને વિચાર જાગે. ઉપાધિ ઓછી કરી તેમાં રહેવું. માથાથી બોજો ઓછો થાય, અને પુરુષાર્થ કરે તો થાય. જન્મમરણ કરે છે, તે ભૂલ મનુષ્યભવમાં ટળે એમ છે. આત્મસુખ ભોગવવા જેવી વસ્તુ છે. નિર્મળ વિચાર હોય તો આત્મજ્ઞાન થાય, બધી વસ્તુઓ પરથી મોહ ઊઠે.

નાશવંત વસ્તુઓ છે તેમાંથી વૃત્તિઓ ઊઠે તો મોહ ઘટે. મોહ પટાવે છે, કે મને મરવાને વાર છે. એક ક્ષણવારમાં કોઈ શીશીની જેમ ફૂટી જાય છે. જ્યાં સુધી જીવને વૈરાગ્ય ન આવે, સંસાર અનિત્ય ન લાગે ત્યાં સુધી વિચાર ન આવે. સત્સંગ એ નિશાળ છે. સત્સંગે ઊંડી દૃષ્ટિ થાય. એક સત્સંગમાં આત્માની વાત નીકળે. સત્સંગ હોય તો વિચારે કે શું કરવા જન્મ્યો છું? શું કરું છું?

સાંભળવાનું મળે તો થાય. મનુષ્યભવમાં વિચાર આવે તો થાય એવું છે.

મનુષ્યભવ ચિંતામણી જેવો છે, પણ તેની પાસે બે પૈસાનું કામ કરાવે છે. વેપાર, કમાવાનું કામ કરાવે છે. પોતાનો વિચાર નથી આવતો. આત્માની ઓળખાણ થવી મુશ્કેલ છે. મનુષ્યભવની સત્સંગે અપૂર્વતા લાગે. એક ક્ષણ પણ અમૂલ્ય છે. કોઈક ક્ષણમાં એને સમકિત થઈ જાય. બીજી વસ્તુઓ અનિત્ય લાગે તો આત્માનું માહાત્મ્ય લાગે. આત્મજ્ઞાન થયા પછી પણ ઉપાધિ હોય છે. જ્ઞાની એમ વિચારે છે કે છૂટે તો સારું.

જનક, ભરતાદિ રાજ્ય પણ કરતા અને આત્મામાં પણ રહેતા, એમ કરવા જેવું નથી. આત્મવિચાર થયો તેથી નિર્ભય રહેવાનું નથી, જંપવા જેવું નથી. જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી છૂટવાની ભાવના નિરંતર રાખવી.

ઘણા લોકો, ન થયા છતાં મને આત્મજ્ઞાન થયું છે એમ કહે છે, એમ કરવા જેવું નથી. રાગ-દ્વેષનો ક્ષય કરવા યોગ્ય જ છે.

ત્યાગ એટલે બીજાનો સંગ છતાં 'મારું નથી' એમ રહ્યા કરે તે ત્યાગ છે. ખરો ત્યાગ પરમાં ન લેપાવું તે. બીજું બધું ત્યાગે પણ અલ્પ વસ્તુમાં પણ ઇચ્છા રહે ત્યાં સુધી ખરો ત્યાગ નથી. બાહ્યથી જેટલો ત્યાગ હોય તેટલો આત્માને અવકાશ મળે છે. આસક્તિ ત્યાગવા માટે બાહ્ય ત્યાગ છે.

કૃપાળુદેવ લખે છે કે છૂટવાની ભાવના રહે છે પણ પૂર્વકર્મને લઈને છૂટાતું નથી, પણ છૂટવું છે.

[વ૦ ૫૬૯] ૩૭૯ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જે કંઈ કરવું છે, તે મારે આત્માર્થે કરવું છે. આત્મજ્ઞાન થવામાં વિચારની જરૂર છે. જ્યાં સુધી અસત્સંગ અને અસત્પ્રસંગ છે ત્યાં સુધી વિચાર ન આવે. ''આરંભપરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે.'' એ અવકાશ મળે, પણ પછી કષાયની મંદતા વગેરે ન થાય ત્યાં સુધી સુવિચારણા ન જાગે. એ તો અવકાશ પ્રાપ્ત થયો, પણ પછી વિષય-કષાયમાં ગયો તો વિચાર ન આવે. તથારૂપ જોગ મળવો જોઈએ. પોતાની યોગ્યતા અને સત્પુરુષનો યોગ, તો થાય. જો સમ્યક્ત્વ એક ક્ષણ પણ સ્પર્શ થયું તો એનો મોક્ષ થાય જ. છાપ લાગી. એનો વધારેમાં વધારે કાળ અર્ધપુદ્ગલપરાવર્તન છે. જેને અર્ધપુદ્ગલપરાવર્તન સંસાર રહે તેને સમ્યક્ત્વની સ્પર્શના થાય છે. મનુષ્યભવ ઘણીવાર મળ્યો, પણ મનુષ્યપણાનું સફળપણું આત્મજોગ બને તો છે. ખામી વિચારની છે. વિચાર હોય તો આત્મજ્ઞાન તેની પાછળ છે.

આત્મસિદ્ધિમાં કહ્યું છે ''કર વિચાર તો પામ.'' નિર્મળ વિચાર, વૈરાગ્ય ઉપશમના વિચાર આવે તો આત્મજ્ઞાન થાય. જ્ઞાનીની આજ્ઞા આરાધે તો ધર્મ પ્રગટે.

[વ૦ ૫૬૯]* (રાતના સભામાં) ૩૮૦ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા સુદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– આખું જગત ક્લેશથી ભરેલું છે. અનંતકાળથી જીવ ક્લેશથી બળે છે. એ બધા દુ:ખથી મુક્ત થવું હોય તો આત્મજ્ઞાન કરવું. અંધારું કાઢવું હોય તો દીવો જોઈએ. ડાંગ મારવાથી

* પૂજ્યશ્રીએ આ પત્રનું વિવેચન સં. ૨૦૦૯, ભાદરવા સુદ ૧૨થી ભાદરવા વદ ૪ (ભાદરવા વદ ૩નો ક્ષય) સુધી સળંગ ૭ દિવસ, રાતના સભામાં કરેલ.

અંધારું ન જાય. જ્યાં સુધી મિથ્યાત્વ, જન્મમરણ છે ત્યાં સુધી આત્મા ક્લેશિત છે. આત્મજ્ઞાન થયા પછી શાંતિ; ત્યાં સુધી શાંતિ ન રહે. શાતા કે અશાતા બધામાં જીવ ક્લેશિત જ રહે છે. એથી નિવૃત્ત થવાનો ઉપાય આત્મજ્ઞાન છે. બીજા ઉપાય જૂઠા છે. ક્લેશને ટાળવા બીજા ઉપાય કંઈ કામ આવતા નથી. એક આત્મજ્ઞાન ઉપાય એવો છે કે જેથી બધા ક્લેશ અને દુઃખ મટી જાય. એ આત્મજ્ઞાન કરવું હોય તો આત્મસિદ્ધિમાં કહ્યું છે કે ''કર વિચાર તો પામ.'' એ વિચારણા જાગવા–

**''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.**

**દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;**
**મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ.**

**આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુબોધ સુહાય;**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.**

**જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;**
**જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.''**

**''એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,**
**જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે.''** (૯૦૨)

પછી જડ તે જડ અને ચેતન તે ચેતન લાગે. અનાદિથી જીવ અવળે રસ્તે છે, ભૂલેલો છે. એ ગમે તેટલાં બાથોડીયાં મારે તો પણ કામ ન થાય. પહેલાં અસત્સંગ અને અસત્પ્રસંગ ટાળવા જોઈએ. કુગુરુ આદિ અસત્સંગ છે અને અસત્પ્રસંગ તે ઉપાધિ છે. એ બન્ને જીવને વિચાર કરવાના બળને ખાળે છે. એમાં ને એમાં રહે તો પછી એના એ જ વિચાર આવે, પણ સત્સંગ હોય અને સાથે ઉપાધિ ઓછી હોય તો એને વિચારનો અવકાશ મળે. અસત્સંગ, અસત્પ્રસંગ એ બેય કારણો જેને આત્મજ્ઞાન કરવાનું છે, તેણે ટાળવાનાં છે. ''હાલના વખતમાં મનુષ્યોનું કેટલુંક આયુષ્ય બાળપણામાં જાય, કેટલુંક સ્ત્રી પાસે જાય, કેટલુંક નિદ્રામાં જાય, કેટલુંક ધંધામાં જાય અને સહેજ રહે તે કુગુરુ લૂંટી લે.'' (ઉપદેશછાયા-૧)

આરંભપરિગ્રહ ઓછો કરે તો અસત્પ્રસંગ એને ન નડે, ઉપાધિ ઓછી થાય. અસત્સંગમાં આડું-અવળું સાંભળ્યું હોય તે સત્સંગે ભૂલી જવાય.

મુમુક્ષુ– અહીં તો અસત્સંગ અને અસત્પ્રસંગ છે નહીં, તો પછી વિચાર કેમ નથી જાગતા?

પૂજ્યશ્રી– અસત્સંગ અહીં નથી, એમ નથી. ક્રોધ કરે તોય અસત્સંગ છે, માન કરે તોય અસત્સંગ કહેવાય, માયા કરે તોય અસત્સંગ છે, લોભ કરે તોય અસત્સંગ છે. માટે–

**''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.''**

એવું જીવને ક્યાં થાય છે? જીવ વિચારે તો સમજાય એવું છે કે અત્યારે મોક્ષની અભિલાષા છે કે બીજી? કુગુરુ જ એકલો અસત્સંગ છે એમ નથી. બીજા જે કષાયભાવો છે તે પણ અસત્સંગ છે.

[વ૦ ૫૬૯] (રાતના સભામાં) ૩૮૧ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા સુદ ૧૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— પત્રમાં જે કહેવું છે તે મહાપુરુષની દશાની વાત છે, તેથી સત્પુરુષની દશાને નમસ્કાર કર્યો. નમસ્કાર કરી પછી આત્મજ્ઞાન એ જ દુઃખથી મુક્ત થવાનો ઉપાય છે, એમ કહ્યું.

કુટુંબ, ઘર વગેરેનો મોહ છોડ્યો ત્યારે છૂટ્યા. આત્માની ઓળખાણ થાય તો પછી બધાંય દુઃખ દૂર થાય. દુઃખ દૂર કરવા બધા ઇચ્છે છે પણ જીવ બધા તાત્કાલિક ઉપાય કરે છે; તે યથાર્થ નથી. આત્મજ્ઞાન થાય તો પછી ત્રણે કાળ સુખ થાય. આત્મા ક્લેશિત છે એમ જીવને સમજાતું નથી. અશાતા એ ક્લેશ છે એમ લાગે છે. શાતા એ પણ ક્લેશ છે, પણ તે ઓછું દુઃખ છે. વિચારવાનને બધો સંસાર દુઃખનો દરિયો લાગે છે. કૃપાળુદેવે લખ્યું છે કે ''તલ જેટલી જગ્યો પણ એ સંસારની ઝેર વિના રહી નથી.'' (મોક્ષમાળા-૫૨) જગતમાં ક્યાંય સુખ નથી. [1]બ્રાહ્મણ આખા જગતમાં ફર્યો પણ કોઈ સ્થળે સુખ ન જોયું. બધે દુઃખ ને દુઃખ જ જોયું. પછી જ્યારે ધર્માત્મા પુરુષ મળ્યો ત્યારે લાગ્યું કે આ સુખી છે, પણ શેઠને પૂછ્યું ત્યારે કહ્યું કે મને આ શાતાવેદની છે; પણ ખરું સુખ મને નથી. ખરું સુખ તો મુનિઓ પાસે છે. પછી બ્રાહ્મણે પણ એ વાત માન્ય કરી. જ્ઞાની ઉપર શ્રદ્ધા હોય તો એમ લાગે કે આત્મજ્ઞાન નથી થયું, ત્યાં સુધી હું દુઃખી છું. ભ્રાંતિ હોય ત્યાં સુધી સુખ શાનું હોય? જ્ઞાની ઇચ્છે છે તે સુખની ભાવના કરવાની છે. એ લક્ષ રાખવો, નહીં તો ભૂલો પડે. આત્મજ્ઞાન હોય તો જ સુખી થાય. બીજો કોઈ રસ્તો સુખી થવાનો નથી. વધારે પૈસા હોય તો વધારે દુઃખ થાય. એનું દુઃખ કેવું છે, તે કોણ જાણે છે? એનો આત્મા જાણે છે. લોકોમાં મોટા હોય તેમને મોટાં દુઃખ હોય છે. ચક્રવર્તીપણામાં, ઇંદ્રના હૃદયમાં બધે દુઃખ છે. એમ જીવ અંતર તપાસે તો ખબર પડે કે એકાંત સુખ વીતરાગતામાં છે. ''એકાંત સુખી મુનિ વીતરાગ!'' વિચાર વિના એ સમજાતું નથી. જીવને દુઃખ લાગ્યું નથી. જ્ઞાનીની દૃષ્ટિએ જુએ તો સંસાર દુઃખરૂપ લાગે, માટે જ્ઞાનીનાં વચનો સાંભળી, વાંચીને દુઃખ લગાડવાનું છે. વિચાર કરે તોય જીવને આ વિચાર આવતો નથી. વિચાર કરવા યોગ્યતા એવી જોઈએ કે—

**''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.''**

**''આવે જ્યાં એવી દશા, સદ્ગુરુ બોધ સુહાય;**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.**
**જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;**
**જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.''**

આત્મજ્ઞાન વિચારથી થાય, પણ એટલી યોગ્યતા જોઈએ. જ્ઞાનીના બોધને આધારે વિચાર કરે તો દોષો દૂર કરવાનો ઉપાય કરે અને તેથી ક્લેશને દૂર કરે. આત્મજ્ઞાન થયા વિના એ ક્લેશ દૂર થતો નથી. જેવો જોઈએ તેવો વિચાર નથી આવતો. તેનું કારણ અવકાશ નથી. આત્મજ્ઞાન પ્રગટાવવું છે એ એને જરૂરનું નથી લાગતું. માટે અસત્સંગ એ દૂર કરવાનો છે. એ દૂર કરવા

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૬૧ થી ૬૬.

સત્સંગ છે. એ હોય તો એને સદ્‌વિચાર આવે અને અસત્પ્રસંગ એટલે જેમાં સત્‌નું નામ ન હોય એવા પ્રસંગથી દૂર રહેવું તો સદ્‌વિચાર જાગે. જ્ઞાનીએ એમ સાંકળની પેઠે બધું કહ્યું છે. જીવને દુઃખ દૂર કરવું હોય તો આત્મજ્ઞાન કરવું. એ આત્મજ્ઞાન સદ્‌વિચારથી થાય છે. આરંભપરિગ્રહ ઓછો કરે તો અસત્પ્રસંગ રહે નહીં. અસત્પ્રસંગમાં જીવ તણાઈ જાય છે, ત્યાં એને સદ્‌વિચાર જાગતો નથી. સદ્‌વિચાર માટે આરંભપરિગ્રહની નિવૃત્તિ જોઈએ. પાંચ ઇન્દ્રિયના ભોગ ભોગવવા પરિગ્રહ એકઠો કરે છે. આરંભપરિગ્રહ એ વૈરાગ્ય ઉપશમના કાળ છે. આરંભપરિગ્રહ જેટલો ઓછો તેટલી ઉપાધિ ઓછી થાય. એમાં ચિત્ત ઓછું ખેંચાય. અસત્સંગને લઈને સદ્‌વિચાર નથી જાગતો, તે સત્સંગથી દૂર થાય.

જેમ જેમ સત્સંગ થાય તેમ તેમ બીજી વસ્તુઓ ઉપરથી વિશ્વાસ ઊઠી જાય. જ્યાં સુધી અસત્સંગ હોય ત્યાં સુધી બીજા વિચાર હોય. એ અસત્સંગ, અસત્પ્રસંગનું બળ ઘટે ત્યારે સદ્‌વિચારણા પ્રગટે. મોક્ષે જવું હોય તેને આ બધી સંકલના કહી. મોક્ષે જવું હોય તેને સંસાર દુઃખ અને ક્લેશનો દરિયો છે એમ થવું જોઈએ. અને એમ અભાવ થાય ત્યારે જ આત્માની ભાવના જાગે. સંસારભાવના આળસી જાય ત્યારે આત્મવિચાર જાગે છે. અસત્સંગ અને અસત્પ્રસંગનું બળ ઘટવા સત્સંગ કરવો અને આરંભપરિગ્રહને ઓછો કરવો તો આત્મજ્ઞાન થાય અને આત્મજ્ઞાનથી સર્વ ક્લેશથી રહિત એવો મોક્ષ થાય.

મોહનિદ્રામાં જીવ છે ત્યાં સુધી જીવ અમુનિ છે, એટલે અજ્ઞાની છે. મુનિ એટલે જાણનાર.

"जं संमंति पासह तं मोणंति पासह ।"

જ્યાં સમકિત ત્યાં મુનિપણું છે અથવા જાણવાપણું છે અને જ્યાં જાણવાપણું છે ત્યાં સમકિત છે. જેને સાચી સમજણ આવી તે મુનિ છે. તે નિરંતર જાગૃત રહે છે.

**"આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;**
**બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય."**

સંસાર છોડે તે મુનિ, એમ કૃપાળુદેવે નથી કહ્યું. મુનિ તો "આત્મજ્ઞાન ત્યાં મુનિપણું" "નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે." એ જાગૃતિ ન હોય તો મુનિ નથી, અજ્ઞાની છે. જાગૃત રહેવાનું કારણ શું? તો કે સમયે સમયે કર્મ બંધાય છે. માટે જાગૃતિની જરૂર છે. એટલે 'આત્મા દેહાદિથી ભિન્ન છે' એમ રાખવું તે જાગૃતિ છે. જેમ જેમ દેહાધ્યાસ છૂટે તેમ તેમ જાગૃતિ રહે. સમયે સમયે કર્મ બંધાય છે, તો સમયે સમયે જાગૃતિ રાખવી. જે પ્રમાદમાં પડ્યા છે, તે પ્રમાદને લીધે મળેલું સ્વરૂપ ભૂલી જાય છે. પ્રમાદથી ચાર ગતિનો ભય છે. જે અપ્રમાદી છે તેને ભય નથી.

"સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ માત્ર એક આત્મજ્ઞાન કરવું એ છે."

બહુ વિચારવા જેવું છે. જ્ઞાની તો કહી છૂટે. જીવ મોઢે કરે પણ જાણવાનું ફળ શું? તેનો જીવને વિચાર નથી. આત્મા જો ન જાણ્યો તો બધું નકામું. લેવડદેવડ કરે, શાસ્ત્ર ભણે પણ આત્મા

ન જાણે તો બધું નકામું છે. આત્મજ્ઞાન ન થયું તો એ જાણવું બધું નકામું છે. પોતાના ભણી વળ્યો નહીં, તો બધું એનું અલેખે જાય. પાંચ ઇંદ્રિયમાં રહી જીવે બહારનું બધું જાણ્યું છે; જાણનારને જાણ્યો નથી. જાણનારની બધી ક્રિયા કરે છે, પણ ભૂલે છે. આત્મા બીજી વસ્તુઓ આડે પોતાને દેખતો નથી. કોણ દેખે છે તેનું ભાન નથી. એનો લક્ષ નથી રહેતો, એથી રાગદ્વેષ થાય છે. દેખે છે ને ભૂલે છે, એ દેખતભૂલી છે. એ બાહ્ય આત્મા છે. જે કંઈ કરવું તે આત્માર્થે કરવું એટલું મેળવણ નાંખવું. આત્માને ભૂલીને કરે તે બધું નકામું છે. જીવ જે વસ્તુ દેખે તેમાં માહાત્મ્ય માને છે, તેથી રાગ, દ્વેષ, મોહ થાય છે. આત્માનો લક્ષ હોય તો ‘‘આત્માથી સૌ હીન’’ એમ લાગે. જોનારો છે તે બધી વખતે છે.

‘‘જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે.’’

એવું જીવે નિષ્ફળપણું અનંતકાળથી કર્યું છે. આત્મા ભણી દૃષ્ટિ હોય તો આત્માથી તૃપ્તિ થાય, સુખરૂપ આત્મા ભાસે. બીજી વસ્તુઓથી શાંતિ ન થાય. તૃષ્ણા થાય તેથી દુઃખી થાય છે. આત્મજ્ઞાન થવાથી જે સમાધિ થાય તે સહજસમાધિ છે. પરવસ્તુને આધારે એ સમાધિ છે એમ નથી. આત્મજ્ઞાન કરવું હોય તો યથાર્થ જોગની જરૂર છે. તથારૂપ યોગ જોઈએ. જીવની યોગ્યતા અને સાચા સત્પુરુષનો યોગ એ બે જોઈએ તો આત્મા જણાય.

‘‘જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી.’’ (૫૦૫)

અજ્ઞાનીને આશ્રયે વર્તે તો મોહ વધે. વૈરાગ્ય વગર એ બધું ભૂલી જાય. માટે જ્ઞાનીને આશ્રયે રહેવાનું જ્ઞાની કહે છે. જ્ઞાનીની દશા, કથા, ચરિત્ર એમાં ચિત્ત રાખવાની જરૂર છે. તથારૂપ યોગમાં જીવની યોગ્યતા જોઈએ. જ્યાં દીવો હોય ત્યાં વાટ અડે તો દીવો પ્રગટ થાય. આત્માર્થીનાં લક્ષણો બધાં હોય, સત્પુરુષનો યોગ થાય, બોધ મળે, એમના હૃદયને ઓળખે ત્યારે તથારૂપ યોગ થયો કહેવાય, દીવો થાય. કૃપાળુદેવનું હૃદય નિર્ગ્રંથ હતું. એ ઓળખવું બહુ અઘરું છે. પ્રભુશ્રીજી કહેતા કે ગાયનાં શીંગડાંની અણી પર રાઈનો દાણો રહે એટલીવાર પણ સમકિતની સ્પર્શના થાય, એટલી જો એને જાગૃતિ થાય તો વહેલેમોડે મોક્ષે જાય. ખરૂં સત્પુરુષનું ભાન થયું તો જરૂર મોક્ષ થાય. અંતર ભેદાયું, ગ્રંથિ ભેદાય, પોતાનું ભાન થયું તો મોક્ષ દૂર નથી. વહેલો મોડો મોક્ષે જવાનો છે. આત્માનું ભાન થાય તો મારું-તારું કંઈ ન થાય. અજ્ઞાનને લઈને એવું થાય છે. શાશ્વત વસ્તુનું ભાન થાય તો પછી નાશવંતની ઇચ્છા ન રહે. અંદર બીજી સાંસારિક વસ્તુઓની ઇચ્છા થાય છે ત્યાં સુધી મોક્ષ થવામાં વાર છે. અંદરથી બીજી વાસનાઓ સ્ફૂર્યા કરે છે, ત્યાં સુધી એને મોક્ષ જોઈતો નથી. પુદ્ગલમાં જીવ તન્મય થઈ જાય છે. અન્ય પદાર્થમાં તાદાત્મ્યપણું છે ત્યાં સુધી મોક્ષ દૂર છે. દેહાધ્યાસ છે ત્યાં સુધી મોક્ષ ન થાય.

**‘‘છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.’’**

દેહની મમતાથી બંધાયો છે. એ છૂટે તો મોક્ષ થાય. દેહનું માહાત્મ્ય હોય ત્યાં સુધી બીજો બીજો દેહ મળે. ચિંતામણિ જેવો આત્મા છે. જે માંગે તે આપે, પણ જીવને માગતાં આવડતું નથી.

હું વિદ્વાન છું, ધનવાન છું એમ જીવને પરવસ્તુમાં તાદાત્મ્યપણું થઈ જાય છે. આત્મજોગ એટલે આત્મા પ્રગટ થાય એવી સામગ્રી મળવી. મનુષ્યપણાની કિંમત સમકિત થાય તો છે, નહીં તો ફૂટી બદામની પણ નથી. બધું જાણવાનું ફળ આત્મજ્ઞાન છે. આત્મજોગ બને તો આ મનુષ્યપણાનું મૂલ્ય માપી ન શકાય તેવું થાય. કોઈક ક્ષણમાં એને સમકિત થઈ જાય, કોઈક ક્ષણમાં એને ચારિત્ર આવી જાય, કોઈક ક્ષણમાં શ્રેણી માંડી દે, કોઈક ક્ષણમાં એનો મોક્ષ થઈ જાય. આ ભવમાં જ કરવું હોય તો કરી લે, બીજા ભવમાં થાય એવું નથી. જ્ઞાની કહે છે કે 'તારી વારે વાર.' જીવ જેટલી ઢીલ કરે છે તેટલી વાર છે, નહીં તો મોક્ષ પાસે જ છે. હમણાં જ સહજ, માથાકૂટ કર્યા વગર આત્મજ્ઞાન પ્રગટે. અન્ય પરિચયમાં જીવ તેવો જ થઈ જાય છે. અન્ય પરિચયથી પાછું વળવું. એથી પાછો વળે તો આત્મજ્ઞાન થાય. અન્ય પરિચયથી પાછો વળે તો સહજમાં, હમણાં જ તેને આત્મજોગ પ્રગટે. એ માટે નિર્મળ વિચારની જરૂર છે. વૈરાગ્ય ઉપશમ હોય તો નિર્મળતા થાય. અત્યારે જીવને મલિનતા છે. વિપરીતતા ટળે, મિથ્યાત્વ મંદ પડે તો નિર્મળ વિચાર આવે. નિર્મળ વિચારની પહેલાં જરૂર છે. એ થવા સત્સંગ, સદ્બોધની જરૂર છે. 'તારી સમજણ પર મૂક મીંડું અને તાણ ચોકડી.' પોતાની કલ્પના મૂકી જ્ઞાની કહે તે જ માનવું તો નિર્મળ વિચાર આવે; જ્ઞાની કહે તે સાચું કહે છે એમ મનાય. અત્યારે તો અસત્સંગના એવા સંસ્કાર પડ્યા છે કે જે જાણે તેમાં તણાઈ જાય. અસત્સંગનો ઘેરાવો વિશેષ છે, તે દૂર કરવા સત્સંગની જરૂર છે. સત્સંગે જીવને બળ મળે છે અને અસત્સંગના સંસ્કારો ઘસાઈ જાય છે.

**[વ૦ ૫૬૯]** (રાતના સભામાં) ૩૮૨ શ્રીમદ્ રા. આ. અગાસ
ભાદરવા સુદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જેણે સત્ પ્રગટ કર્યું છે, સત્ રૂપ થયા છે, એવા પુરુષને નમસ્કાર કર્યા છે અને એની વાણીમાં સત્ આવે છે. સુખ જોઈતું હોય તો, સુખનો નિર્ણય કરવો હોય તો, આત્મજ્ઞાન કરવાનું છે. જેટલા જેટલા મોક્ષે ગયા તેટલા તેટલા દેહથી ભિન્ન પોતાનું સ્વરૂપ ઓળખી મોક્ષે ગયા. ''સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે.'' સંસારમાં ક્યાંય સુખ નથી, એમ લાગે ત્યારે મુમુક્ષુ થાય અને તેને આત્મજ્ઞાન થાય છે. સંસારમાં સુખ લાગે છે ત્યાં સુધી મોક્ષ ન થાય. જ્યારે સંસારથી ત્રાસે ત્યારે તેને એમ લાગે કે આત્મજ્ઞાન કરવા યોગ્ય છે. આત્મજ્ઞાન એ પાયો છે. એ પછીનો બધો પુરુષાર્થ સવળો. એ પહેલાં પણ એ જ્ઞાનીને આધારે પુરુષાર્થ કરે તો ઠીક છે, નહીં તો ક્યાંય તણાઈ જાય.

''જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન.'' સુવિચારણા એ જ આત્મજ્ઞાનની પાસે લઈ જનાર છે. આત્મજ્ઞાન માટે વિચાર જોઈએ. એ પ્રાપ્ત કરવું હોય તો અસત્સંગ અને અસત્પ્રસંગના વિચારો મૂકવાના છે. અસત્પ્રસંગમાં જીવ નવરો જ નથી હોતો. કદાચ વિચાર કરે તો એના જ વિચાર આવે. એ અસત્પ્રસંગથી જીવ ઘણીવાર છૂટી સાધુ થયો છે, પણ અસત્સંગ હોવાથી રખડ્યો છે. આરંભપરિગ્રહ ઓછો કરે તો અવકાશ મળે, અસત્પ્રસંગ એને ઘેરે નહીં. સત્સંગ થાય તો પછી અસત્સંગ ગમે નહીં. જે વસ્તુ ન ગમે તે છૂટે. જે મુમુક્ષુ મૂંઝાતો હોય કે મારે

આત્મજ્ઞાન કરવા શું કરવું? તેને માટે આ ઉપાય કહ્યો છે કે આત્મજ્ઞાન કરવું હોય તો આરંભપરિગ્રહ ઓછો કર અને સત્સંગ કર. પહેલાંના તીર્થંકરો, જેમ કોઈ શીંગડું પકડીને બતાવે તેમ આત્મા બતાવતા નહોતા. એક જ પેરેગ્રાફમાં મોક્ષે જવું હોય તો આ રસ્તો છે એમ કહ્યું.

**''એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;**
**પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.''**

મોક્ષે જવું હોય તો આરંભપરિગ્રહ ઓછા કરી સત્સંગ કરે અને એ કરે તો સુવિચારણા જાગે. મારું સ્વરૂપ દેહથી જુદું છે, જ્ઞાનીએ જાણ્યો એવો આત્મા છે. એનું મને કંઈ કરવા દે, એ વિચાર સત્સંગે જાગે.

આત્મજ્ઞાન થાય તે પહેલાં પાંચ લબ્ધિ જીવને થાય છે.

૧. મનુષ્યભવ, પાંચ ઇંદ્રિયો વગેરે મળે તે ''ક્ષયોપશમલબ્ધિ'' કહેવાય છે.

૨. ''વિશુદ્ધિલબ્ધિ,'' સારા ભાવ ભણી જીવ વળે. ખોટા કામથી ત્રાસ પામે તે ''વિશુદ્ધિલબ્ધિ.'' એથી જીવ પુણ્ય બાંધે તેથી સત્પુરુષનો યોગ થાય.

૩. ત્યાર પછી જે સત્પુરુષ કહે તે સમજવાનું માહાત્મ્ય લાગે, તે ''દેશનાલબ્ધિ.''

૪. તે ''દેશનાલબ્ધિ''નો વિચાર કરી એમાં જ જીવન ગાળે તો સિત્તેર કોડાકોડીની કર્મસ્થિતિ ઓછી થતાં થતાં કર્મ ઉપર અસર થવાથી અંતઃકોટાકોટીની સ્થિતિ થઈ જાય છે, એ ''પ્રાયોગ્યલબ્ધિ.'' અહીં સુધી તો અભવી પણ આવી શકે છે.

૫. આથી આગળ જતાં ''કરણલબ્ધિ'' છે.

સમયે સમયે ભાવની વૃદ્ધિ થતાં પછી ''અપૂર્વકરણ'' આવે છે. તેમાં ગ્રંથિભેદ થાય છે. રાગ, દ્વેષ અને અજ્ઞાનનો ગ્રંથિભેદ અહીં થાય છે. ઉપશમ સમકિત અંતર્મુહૂર્ત રહે છે તે ક્ષાયિક જેવું નિર્મળ છે. આત્માને જાણ્યો તો મોક્ષ જરૂર થાય.

એ પાંચે લબ્ધિનો સાર બધો કૃપાળુદેવે ''સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે.'' એ પેરેગ્રાફમાં મૂકી દીધો છે.

અસત્સંગનો તો વિસ્તાર ઘણો બધો છે. જીવને સત્ય ભણી ન વળવા દે તે અસત્સંગ. ધન, કુટુંબ, કુગુરુ, ક્રોધ, માન, માયા, લોભ એ બધા અસત્સંગ છે. અધિકારીપણું અને જ્ઞાનીનો યોગ એ બે યોગ મળી આવે તો કામ થાય. પોતાની વાત તપાસવી કે આપણે મોહમાં છીએ કે મોહને દૂર કરીએ છીએ? જીવ મોહમાં છે, તેમાં ઊંઘે છે. ગમે તેટલાં શાસ્ત્રો ભણ્યો હોય પણ અજ્ઞાની છે. સંસારનો ભય લાગ્યો છે, સાચી વસ્તુ જાણી છે તે જાગૃત રહે છે. મનુષ્યભવ મળ્યો તેમાં પ્રમાદ કરે તો મનુષ્યભવ તો જતો રહે. એમાં પ્રમાદ કર્યો તો મનુષ્યભવ પશુના જેવો છે, પણ સમજણ આવી હોય તો જાગૃત રહે, પ્રમાદ ન કરે. મનુષ્યભવમાં જેટલી જાગૃતિ હોય તેટલું કામ થાય. આત્માની સંભાળ રાખે છે, આત્માને ડાઘ ન પડવા દે તે મુનિ છે. નહીં તો પુણ્યના ઉદયે જીવને કંઈ ભાન હોતું નથી. મનુષ્યભવમાં પ્રમાદ કર્યો તો પછી નરકે જાય. માટે ચેતવાનું છે.

ઝબકે મોતી પરોવી લેવું. મનુષ્યભવ ક્યારે છૂટી જશે તેની ખબર નથી. માટે લાગ મળ્યો છે તેમાં પ્રમાદ ન કરવો. ચેતતા રહેવાની જરૂર છે. બધું જાણી, સાંભળી આત્માને ઓળખવો. આત્માર્થે કરે તો આત્મા પોષાય. આત્માને માટે વિચારે, ભક્તિ કરે એને માટે જ ખાય-પીએ તો એને આત્મા પોષાય, પણ એ સત્પુરુષના યોગ વિના થતું નથી. આત્મજ્ઞાન ન થયું તો મોટામાં મોટી ખોટ આવવાની છે. એક પાઈ સાથે આવે નહીં. કર્મનો હિસાબ એવો કે જરા પણ ભૂલ ન થાય. માટે આત્માને આવરણ થાય એવું ન કરવું.

**''નિજ છંદનસે ના મિલે, હેરો વૈકુંઠ ધામ;**
**સંતકૃપાસેં પાઈએ, સો હરિ સબસેં ઠામ.''**

પોતાના સ્વચ્છંદે વર્તે તો મોક્ષ ન થાય. લોકો વિદ્વાન કહે પણ એને શું કામનું ? લોકોને રાજી કરવા જીવે ઘણું કર્યું છે. 'લોક મૂકે પોક' મને મારું કરવા દે. જે જાગૃત હોય તે બીજાના દોષ ન જુએ. જાગતો હોય તો છેતરાય નહીં, નહીં તો ઠગારું પાટણ છે. મૂઠી પુણ્ય લઈ આવ્યો તે લોકો લૂંટી લે, એવું ન થાય માટે આપણે ચેતવાનું છે. આખું જગત જાણે, પણ આત્મા ન જાણ્યો તો કંઈ નહીં. આત્મા જાણે તો શાંતિ થાય. સાચી વસ્તુ સાંભળતાં જ શાંતિ થાય છે, તો પ્રગટ્યે તો કેટલી શાંતિ થાય ? પછી ત્રણ લોકનું રાજ્ય પણ તુચ્છ લાગે. આત્મા જાણ્યો તો પછી સંતોષ થાય, એમાં જ પછી આનંદ આવે. સુખ એ આત્માનો ગુણ છે. જ્ઞાનીપુરુષ એક ક્ષણ માંગે છે કે તું એક ક્ષણ જાગ.

**''કોટી વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.''**

એક ક્ષણભર જાગૃત થાય તો જાગી ગયો. સ્વપ્નામાં દુઃખ થયું હોય પણ જાગ્યો તો કશું ન રહે. તેમ આત્મા જાણ્યો તો પછી જગતનું દુઃખ એને ન રહે. જ્ઞાનીને યોગે એને જાગૃતિ અને એને યોગે મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. પછી પુરુષાર્થ પોતાને કરવાનો છે. જ્ઞાનીના યોગ વિના જીવ જાગતો નથી. ન જાગે ત્યાં સુધી પોતે જે રૂપ નથી તે રૂપ માને. હું રૂપાળો છું, ગોરો છું, એમ માને છે. તે ઊંધી ઈંટ છે. જાગૃત થાય તો ભૂલો ન પડે. ત્યાગવાનું છે તેમાં બુદ્ધિ ન રાખે. મોક્ષ, કેવળજ્ઞાન, સમકિત બધું આત્મામાં છે, પણ એની વૃત્તિ એમાં નથી. બાહ્યદૃષ્ટિ છે તેથી જે દેખે તેમાં તન્મય થાય છે. પરવસ્તુમાં પરિણમી જાય છે. પોતાના આત્મામાં રહે તો મોક્ષ છે. ''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.''

કેવળી ત્રણ લોકને જુએ પણ તે રૂપે પરિણમે નહીં; પણ આ જીવને થોડું જ્ઞાન છે તોય જે દેખે તેમાં તણાઈ જાય છે. જાગૃત રહે તો સારું; નહીં તો દૃષ્ટિ જ્યાં પરવસ્તુમાં પરિણમે ત્યાં ત્યાં પાછા ભવ લેવા પડે. 'દેહ તે હું' એમ થયું તો પછી ફરી દેહ એને મળે. દેહ મારે નથી જોઈતો, એમ થાય તો બીજો ભવ તેને ન થાય. ભાવ વગર ક્રિયા થતી નથી. અજ્ઞાનભાવનું ફળ દુઃખ જ આવે છે. મોહનિદ્રામાં સૂતો છે, એ જ અજ્ઞાનભાવ છે. અજ્ઞાન છે એ જ મોટામાં મોટો દોષ છે. લોકો ક્રિયા જુએ, તો પણ મોટો દોષ અજ્ઞાન છે. અજ્ઞાનદશા હોય ત્યાં સુધી અજ્ઞાનભાવ છે, એથી સંસાર ઊભો છે. ભાવ કરતાં જીવને આવડતું નથી. આત્માનું હિત થાય તે કરવું છે.

સત્પુરુષનો યોગ થાય પછી એને આત્માનો લક્ષ થાય છે. કર્મો આવી આવીને જાય છે.

સમજણ મોટી વસ્તુ છે. અસમજ અને અજ્ઞાન એ જ સંસારનું મોટું કારણ છે. કર્મની વિચિત્રતા ગહન છે. સમજાય એવું નથી.

**"ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ."**

ઘડીકમાં કેવા ભાવ થઈ જાય! કશું કહેવાય નહીં. જ્ઞાનીને યોગે પોતાની પરિણતિ પ્રત્યે વૃત્તિ કરવાની છે. તો આત્મા નિર્મળ થાય, આત્મજ્ઞાન થાય, બધું થાય. ભાવ કર્યા વગર તો કશું થાય નહીં. જ્ઞાની પ્રત્યે વિશ્વાસ હોય તો જ્ઞાનીનું મનાય. મારો જ વાંક છે એમ જીવને થાય તો સવળો થયો કહેવાય. છૂટવા માટે જ જીવવું છે. અજ્ઞાન, રાગદ્વેષ એ કર્મબંધનાં કારણ છે, માટે અગ્નિથી પણ વધારે આથી ડરવાનું છે. આપણો વાંક ન હોય તો કોઈ આપણને પજવે નહીં. પુણ્યપાપ બેયથી છૂટવું છે. જ્ઞાનીને યોગે એવું થાય છે. હવે નવાં કર્મ ન બંધાય એવું કરવું છે. સાચા યોગે જીવ છૂટી ગયો તો મનુષ્યભવ સફળ થઈ જાય. આટલી સામગ્રી ફરી મળવી મુશ્કેલ છે. દશ દૃષ્ટાંતે મનુષ્યભવ દુર્લભ કહ્યો છે. મનુષ્યભવ મળે પણ હલકો ભવ મળે તો શું કરે? જ્ઞાનીનો યોગ થયો, માર્ગ દેખાડ્યો, સ્મરણ મળ્યું તોયે આ ભવમાં નથી કરતો; તો પછી બીજા ભવમાં ક્યાંથી થાય? માટે મરણ, વૃદ્ધાવસ્થા, રોગ, વેદના આવી નથી ત્યાં સુધી કંઈક કરી લેવું. જીવને નિશ્ચય નથી એ જ મોટામાં મોટો દોષ છે. "મુખ્ય અંતરાય હોય તો તે જીવનો અનિશ્ચય છે." (૮૨૯) નિશ્ચય હોય તો ગમે ત્યારે કર્મ તો ફરવાનાં છે. નિશ્ચય જેણે કર્યો તે મોક્ષે ગયા છે. નિર્મળ વિચારની જરૂર છે. તે જ્ઞાનીના યોગ વિના થતા નથી. સત્સંગ કરે ત્યારે એવા વિચાર આવે. નિર્મળ વિચાર માટે જ્ઞાનીને યોગે વૈરાગ્ય ઉપશમ વધારવાના છે. એ વધે તો વિચારની નિર્મળતા થાય, તેથી થાય કે આ સંસારનો સંગ તે જ મને બંધન કરે છે, માટે અસંગ થવાનું છે. મોહની, ભયની બધાની અસર આત્મા પ્રત્યે થાય છે. આ જગતમાં કશું કામનું નથી. જ્ઞાનીએ કહ્યું તે કરવાનું છે.

**"હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**
**કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?**
**એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં."**

કષાય દૂર કરી નિર્મળ વિચાર કરે, વિવેક કરી આત્મવિચાર કરે તો હમણાં જ તેને આત્મજ્ઞાન થાય. સંગને લીધે જીવ ભૂલ્યો છે. જીવને નવરું રહેવું ગમતું નથી. કંઈ ને કંઈ લાવીને નાંખે. હવે અસંગ થવાનું છે. જીવ શાથી ઘેરાયો છે? અસત્સંગ અને અસત્પ્રસંગ બેય વસ્તુઓમાં જીવ ઘેરાયો છે, તેથી વિચાર જાગતો નથી. સત્સંગનો આશ્રય કરે તો છૂટે. અસત્સંગ અને અસત્પ્રસંગથી જીવ હીનસત્વ થયો છે, તેથી 'ધર્મ તો સાધુઓ કરે, આપણાથી ન થાય' એમ કહે છે. અસત્સંગ અને અસત્પ્રસંગ દૂર કરી સત્સંગનો આશ્રય કરે તો સત્સંગનું ફળ અસંગપણું આવે, તેથી મોક્ષ થાય.

[વ૦ ૫૯૯] (રાતના સભામાં) ૩૮૩ શ્રીમદ્ રા. આ. અગાસ
ભાદરવા સુદ ૧૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જ્ઞાનીએ કહેવામાં બાકી રાખ્યું નથી. જીવને એ વાત કરવી હોય તો એ વાંચી,

વિચારી, સાંભળી એની ભાવના કરવી. મોક્ષે જવા શું કરવું? તે આમાં કહ્યું. એક તો આરંભપરિગ્રહ ઓછો કરવો તો અવકાશ મળે. એ અવકાશમાં સત્સંગનું આરાધન કરે તો સન્માર્ગની ખબર પડે, તેથી સદ્‌વિચાર જાગે કે શું કરવા જન્મ્યો છું? મોક્ષ માટે શું કરવું? એવા સદ્‌વિચારથી આત્મજ્ઞાન થાય, પછી એ કષાય ઓછા કરવા બધું કરે. ચંચળતા દૂર કરી આત્મામાં સ્થિર થાય, તેથી પછી મોક્ષ થાય. આત્મા જાણ્યો તો પરવસ્તુનો મોહ ઓછો થાય એ એની કસોટી છે.

**"જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ."**

જ્ઞાનીએ જેને દુઃખ કહ્યું છે તે એને સુખ લાગે છે. જ્ઞાનીઓ દેવલોકનાં સુખ મળે એનેય દુઃખ માને છે. આઠ દૃષ્ટિની સજ્ઝાયમાં આવે છે કે—

**"શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે;**
**ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે."**

પુણ્યને લઈને શાતા મળે તોય તે અગ્નિ જેવી લાગે. સત્સંગનો આશ્રય કરે તો કુગુરુ, કુદેવ, ક્રોધ-માન-માયા-લોભનો વિશ્વાસ ન રાખે. અસત્સંગ એટલે આત્માને ભૂલાવે તે બધા અસત્સંગ. કુગુરુ, ક્રોધ, માન, માયા, લોભ, કુટુંબીઓ વગેરે એ બધા અસત્સંગ છે. સત્સંગ થાય તો એ અહિતકારી લાગે. અસત્સંગને લઈને જ બીજા વિચાર આવે છે. સત્સંગ હોય તો આત્માની વાતનો વિચાર આવે. તો પછી આત્માનો એને નિર્ણય થાય કે આ 'જડ' ને આ 'હું.' એ જ જીવને આત્મજ્ઞાન પ્રગટાવે છે. આત્મજ્ઞાન થાય તો પછી મોક્ષ થાય.

"આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય." જે મોહનિદ્રામાં છે તે આત્મજ્ઞાની નથી, અજ્ઞાની છે. જે વસ્તુ જાણી તેને ભૂલે નહીં. "નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે." આત્મસ્વરૂપનું માહાત્મ્ય અપાર છે. એ આત્મા જાણ્યો તો પછી એની કાળજી રહે, ભૂલી ન જવાય. અપ્રમાદીને કોઈ રીતે ભય નથી. આત્મામાં જ લીન છે તેને કોઈ ભય નથી. પરવસ્તુમાં મોહ એ જ પ્રમાદ છે, તેથી ભય થાય છે. માણસ બળવાન હોય, પહેલવાન હોય પણ ઊંઘતો હોય તો નાનો છોકરો પણ મારી નાંખે. તેમ આત્મા બળવાન છે, પણ પ્રમાદમાં હોય તો "પ્રમાદ ને લીધે આત્મા મળેલું સ્વરૂપ ભૂલી જાય છે." (૨૫/૧) ગમે તેટલું જાણ્યું હોય પણ આત્મા ન જાણ્યો તો નકામું. પાણી વલોવવા જેવું છે. આખું જગત જાણે, પણ આત્મા ન જાણે તો શું કામનું?

**"ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન,**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?"**

એ કેવું જ્ઞાન? આત્મજ્ઞાન એ નહીં. પ્રભુશ્રીજી વારંવાર એક કડી કહેતા કે—

**"જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય;**
**સુખ દુઃખ આવ્યે જીવને, હર્ષ શોક નવિ થાય."**

મોહના પ્રસંગમાં ફસાઈ ન જાય, સુખદુઃખમાં હર્ષશોક ન થાય તો એણે જાણ્યું કહેવાય. આત્મજ્ઞાન ન થયું તો ભણેલું કરેલું બધું નકામું. બધું કરીને આત્મજ્ઞાન કરવાનું હતું, પણ જો એ ન કર્યું તો બોજા જેવું. એકે માથે બોજો ઉપાડ્યો અને એકે મનથી બોજો ઉપાડ્યો. ગૌતમસ્વામી વેદ

બધા જાણતા, પણ આત્મા ન જાણ્યો. તેથી બધું નકામું હતું, પણ ભગવાન મળ્યા ત્યારે બધો ક્ષયોપશમ કામ આવ્યો. જેટલું આત્મજ્ઞાન તેટલું અંતરમાં સુખ અને સહજ સમાધિ રહે. આત્મા સુખરૂપ છે, એમ સમજાય તો પછી બીજી વસ્તુઓને લઈને સુખ એને લાગેય નહીં. પરવસ્તુમાં સુખ નથી, સુખ આત્મામાં છે, એમ થાય તો બીજી વસ્તુની ઇચ્છા ન રહે, પરવસ્તુની ઇચ્છા ન રહે. સુખદુ:ખ પોતાની કલ્પનાથી છે. એ છૂટી ગયું તેથી સહજ સમાધિ એટલે સહેજે એને સુખ રહે છે. નિમિત્તમાં સમજણ જ કામ કરે છે. કૃપાળુદેવને દેવકરણસ્વામીએ કહ્યું કે, તમે હીરાનો વેપાર કરો છો તો એમાં મોહ થતો હશેને? કૃપાળુદેવે કહ્યું, એ અમને કાળકૂટ વિષ જેવા લાગે છે. મોહ એમાં અમને થતો નથી. પરવસ્તુ સારી લાગતી નથી. હીરાની કશાની કિંમત નથી. જે જાણે તેની કિંમત છે. એ હીરામાણેક ખોવાઈ જાય તોય એમને ખેદ ન થાય. આત્માનો સુખ નામનો ગુણ છે, તે પ્રગટ થાય તે આત્મસમાધિ છે. અત્યારે જે સુખ લાગે છે તે જાય ત્યારે આત્મસમાધિ પ્રગટે. એક મ્યાનમાં બે તલવાર ન રહે. પેલું સુખ જાય તો આત્માનું સુખ પ્રગટે, આત્માનું સુખ પ્રગટે તો પેલું ન રહે. એટલા માટે આરંભપરિગ્રહ ઓછો કરવા કહ્યું. એ રસ્તે આત્મજ્ઞાન થાય. આત્મજ્ઞાન થાય તેટલી દરેક મનુષ્યને સમજણ છે, પણ એને ગરજ નથી. સત્સંગ હોય તો એને સમજણ થાય. આરંભપરિગ્રહ ઘટે તો અસત્પ્રસંગનું બળ ઘટે. એના વિચાર ઓછા કરે તો આત્માને અવકાશ મળે. આત્મા પરવસ્તુમાં ખેંચાય છે. જેટલો આરંભપરિગ્રહ ઓછો હોય તેટલો ઓછો ખેંચાય. તદ્દન ન ખેંચાય તો પોતાના સ્વરૂપમાં રહે. એક ક્ષણ પણ જો આત્મજાગૃતિ થાય તો મોક્ષ. એ સદ્‌ગુરુનો યોગ, સદ્‌વિચાર, સત્પુરુષાર્થ હોય તો થાય. મહાપુરુષને અવલંબને 'હું દેહ નથી' એ દૃઢ કરવાનું છે. એમાં ઉલ્લાસ આવે તો કર્મ ખસે અને કર્મ હલકાં થાય ત્યારે મિથ્યાત્વ ખસે છે. પ્રભુશ્રીજી કહેતા કે કોટી કર્મ જતાં રહ્યાં. સત્પુરુષના બોધે મિથ્યાત્વનાં દળીયાં ખસે છે અને વીતરાગતા આવે ત્યારે ચારિત્ર એટલે સ્વરૂપસ્થિરતા આવે. આત્મજ્ઞાનીનો યોગ હોય, સત્પુરુષાર્થ હોય તો ક્ષણમાં અંતર્ભેદજાગૃતિ થાય. પરપદાર્થમાં જ્યાં સુધી જીવ તન્મય છે ત્યાં સુધી તેટલો મોક્ષ દૂર છે. તાદાત્મ્યપણું જેટલું હોય તેટલાં કર્મ બંધાય. એ મોટો દોષ છે. જેવાં કર્મ આવે તેવો જીવ થઈ જાય છે, તલ્લીન થઈ જાય છે, તે 'હું' છું એમ થઈ જાય છે.

''ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન.'' એવું છે ત્યાં સુધી મોક્ષ દૂર છે. જ્ઞાનીનાં વચનો સાંભળી આત્મા અને જડનાં લક્ષણ જાણે તો બન્ને પદાર્થ જુદાં સમજાય. ''પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.''

જેમ દેહમાં જીવ તન્મય થાય છે તેમ કપડાં ઘરેણાંમાં પણ, મારાં કપડાં, ઘરેણાં સારાં છે એમ તલ્લીન થાય છે. પરવસ્તુમાં તન્મય થાય, તેથી પોતાનું ભાન રહેતું નથી. તન્મય થાય તેટલો મોક્ષ દૂર થાય અને ક્ષણવાર પણ પોતે 'દેહાદિથી ભિન્ન છે' એમ થાય તો મોક્ષ એને દૂર નથી. એ જે આપણા દોષ છે તે જ્ઞાની બતાવે છે. તે ઓળખી ટાળે તો મુમુક્ષુ થાય અને તેથી મોક્ષ થાય. જીવ પોતાના ઘરમાં પેસતો નથી. બહારનું બહાર દેખે છે. એક ક્ષણવાર પણ અંતર્ભેદ થાય તો પછી ભૂલો ન પડે. પછી બધું છેતરનારું છે એમ લાગે. જીવનું અંતર ભેદાયું નથી, ત્યાં સુધી અંતર્ભેદ ન થાય.

પાતાળનું પાણી નીકળે તો એને ઘેર કૂવો થયો કહેવાય, નહીં તો ખાડો છે. જીવ બાહ્ય વસ્તુમાં આખો દિવસ ખોટી થાય છે. રાગ, દ્વેષ, મોહની ગ્રંથિ ભેદાઈ જાય તો અંતર્ભેદ થાય. ઉપશમ સમકિત અંતર્મુહૂર્ત રહે પણ તે ક્ષાયિક જેવું નિર્મળ છે. અંતર્મુહૂર્તમાં એ જતું રહે પણ એનો મોક્ષ થાય જ. એ જ્યારે અર્ધપુદ્‌ગલપરાવર્તન બાકી રહે ત્યારે થાય, પછી એને વહેલે મોડે મોક્ષે જવું જ પડે. પરવસ્તુને પોતાસ્વરૂપ માને ત્યાં સુધી મોક્ષ દૂર છે. ક્ષણવાર પણ એને આત્મજ્ઞાન થાય તો પછી એને મોક્ષ થાય એવા વિચાર આવે. પરને પોતાનું માને ત્યાં સુધી મોક્ષ દૂર છે. 'હું ને મારું' એ નીકળે ત્યારે અંતર્ભેદ થાય. અંતર્ભેદ-જાગૃતિ થાય તો મનુષ્યપણાની સફળતા થાય. મનુષ્યપણું જ્ઞાનીએ બહુ દુર્લભ કહ્યું છે. મનુષ્યભવમાં કોઈક વખતે એને સમકિત થઈ જાય, કોઈક વખતે એને ચારિત્ર આવી જાય, કોઈક વખતે શ્રેણિ માંડી દે, કોઈક વખતે મોક્ષ થઈ જાય, પણ જાગી જાય તો. મનુષ્યભવમાં એ જ લક્ષ રાખવાનો છે. મારે એ કામ કરવું જ છે. આવો જોગ ફરી મળવાનો નથી. માટે જેટલું બને તેટલું કરી લેવું. સત્સંગની ખેંચ રાખવાની જરૂર છે. કંઈક આ ભવમાં થાય તેટલું કરી લેવું છે. આવી સામગ્રી ફરી મળવી દુર્લભ છે. એ છૂટી જાય તો પછી બીજા ભવમાં કંઈ સાંભરે નહીં. જીવે અહીં કંઈ ઘસારો કરી મૂક્યો હોય તો બીજા ભવમાં પણ કામ આવે. કોઈક વખત મનુષ્યભવ મળે છે. ફરી ફરી મળવાનો નથી. મનુષ્યભવમાં જ્ઞાનીનો યોગ થયો તેમાં પણ જીવ કરતો નથી, તો પછી બીજા ભવમાં ક્યાં કરશે? બે ચાર ભવ વધારે થશે એવું કરવાનું નથી. બીજે રૂપાદિ પાંચ વિષયોમાં ખેંચાય છે તેથી પાછો વળે તો સદ્‌વિચાર જાગે. હવે છેતરાવું નથી. પરવસ્તુના પરિચયથી પાછો વળે તો નિર્મળ વિચાર પ્રગટે. ભરતને એવું થયું તો કેવળજ્ઞાન થયું. વૈરાગ્ય ઉપશમ આવે તો નિર્મળ વિચાર આવે. અત્યારે વિચારમાં કચરો પડ્યો છે, 'મારું-તારું' તેમાંથી નીકળી જાય તો નિર્મળ વિચાર થાય. અસત્સંગ અને અસત્પ્રસંગ એથી જીવ ઘેરાઈ ગયો છે. સત્સંગની જરૂર છે. જેમ જેમ સત્સંગના વિશેષ પ્રસંગ થાય તેમ તેમ બીજા સંસ્કાર ઘસાતા જાય. અન્ય પરિચયથી પાછો વળે તો હમણાં જ આત્મજોગ પ્રગટે, અસંગ થાય, બધા પરથી ભાવ ઊઠી જાય. નિર્મળ વિચાર થાય તેથી પરવસ્તુમાંથી નીકળી જાય. જ્ઞાનીનો યોગ હોય તો એને બળ મળે. સત્પુરુષના બોધે એમ થાય કે હમણાં જ આત્મા પ્રગટે એવો છે. પુરુષાર્થી જીવ હોય તે જ બધું આડુંઅવળું દૂર કરી પોતાના વિચાર કરે. વિચારદશા પ્રગટે તો પછી આત્મજ્ઞાન થાય.

''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન.'' સંસાર અસાર છે, એમ લાગે તો ત્યાગની ઇચ્છા થાય. સંસાર બચાવે એવો નથી એમ જેને હોય તેને આત્મવિચાર જાગે. જે સંયોગ થયો છે તેનો વિયોગ થવાનો છે. સંસારની વસ્તુઓ અનિત્ય અને અસાર છે, નાશવંત છે, એમ જાણી એના પ્રત્યેથી મોહ ઘટે તો આત્મવિચાર થાય. જોતજોતામાં જુવાની જતી રહે છે. એનાથી જેટલું આત્મહિત થાય તે કરી લેવું. આત્મા ઓળખાય તો શાશ્વતપણું પ્રાપ્ત કરાય. જીવને વૈરાગ્ય હોય તો પછી ક્રોધ-માન-માયા-લોભ કરે નહીં. મારે મારો આત્મા સંભારવો એમ થાય. વૈરાગ્ય ઉપશમ હોય તો આત્મવિચાર જાગે. અનિત્ય વસ્તુની વચ્ચે જીવ ઊભો છે. શરીર ક્ષણે ક્ષણે પલટાયા કરે છે, પણ મોહને લઈને એમનું એમ જ છે એમ લાગે છે. બધી વસ્તુ અનિત્ય છે, એમ લાગે તો પછી મોહ ન

થાય. જગતની બધી વસ્તુઓ અનિત્ય છે. જગત બધું ફરતું છે. ક્યાંય સુખ નથી. જ્યારે સંસારનો વિશ્વાસ મનમાંથી નીકળી જાય ત્યારે આત્મવિચાર ઊગે. સુખી થવું હોય તો સંસારને પૂંઠ દેવાની છે.

**[વ૦ ૫૬૯]** (રાતના સભામાં) ૩૮૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— આપણને જેટલો કૃપાળુદેવનાં વચનોનો પરિચય થાય તેટલો કરવા યોગ્ય છે. અક્ષરે અક્ષરે આત્મા છે. વિચાર કરે તો સમજાય. સત્પુરુષને નમસ્કાર એમ કહ્યું. સત્પુરુષ એટલે ''નિશદિન જેને આત્માનો ઉપયોગ છે.'' (૭૬) સત્પુરુષ એ અપૂર્વ વસ્તુ છે. કૃપાળુદેવ અનુભવ કરીને વચનો લખે છે. બધા આત્મા આત્મા કરે પણ આત્માનો અનુભવ ચોથે ગુણસ્થાનકે થાય છે. શબ્દોનો ભાવ સમજવો મુશ્કેલ છે. શબ્દો મોઢે કરે પણ ભાવ ભાસવો દુર્લભ છે. એક તો બીજો ગમે તે માણસ રામ રામ કહે અને એક તુલસીદાસ કહે એમાં કેટલો ફેર છે! અરિહંત કહે, સિવ્દ્ધ કહે, પણ શું ખબર પડે? સમજણ આવી હોય તો ખબર પડે. જ્ઞાનીનાં વચનો ન સમજાય તો પણ જ્ઞાની સાચા છે એમ રાખવું. જેમ જેમ વૈરાગ્ય ઉપશમ વધશે તેમ તેમ એ સમજાશે. આત્મજ્ઞાન કહ્યું, પણ આત્મા શું અને જ્ઞાન શું? એ શું જાણે? શબ્દોથી વસ્તુ પર છે. પરમાર્થદૃષ્ટિ ન હોય ત્યાં સુધી આત્મા ન જણાય. શબ્દો તો પુદ્‌ગલ છે. જ્ઞાનીએ સમજાવા માટે એ દિશા બતાવી છે. આત્મજ્ઞાન કરવું હોય તો એનો ક્રમ છે. આત્મજ્ઞાન અપૂર્વ વસ્તુ છે. તે કરવા માટે વિચાર જોઈએ.

''પરિસરપણ સુવિચાર, સુજ્ઞાની.'' એમ આનંદઘનજીએ લખ્યું છે. વિચાર એ આત્મા છે. જીવને વિચારેય ઊગતો નથી. જીવને સત્સંગ થાય, ઘણો બોધ આત્મા સંબંધી એને થાય ત્યારે આત્મવિચાર સ્ફુરે. ''ઘણા કાળના બોધે જેમ છે તેમ સમજાય છે.'' એમ કૃપાળુદેવે લખ્યું છે. જીવની પાસે વિચાર તો છે, પણ એ બીજી વસ્તુઓમાં ખળી રહ્યો છે. અસત્સંગ અને અસત્પ્રસંગને લીધે આત્મવિચાર નથી આવતા. જ્ઞાનની સાથે ઉપાધિનો યોગ થોડાને જ હોય છે. એવું કૃપાળુદેવને હતું. છતાં સમભાવમાં ટકી રહ્યા. આરંભપરિગ્રહ હોય તો એવા જ વિચાર આવે. પરિગ્રહ વધાર્યો હોય તો બીજે ચિત્ત આપવું પડે. આરંભપરિગ્રહ ઓછો કરે તો પછી વિચારનો અવકાશ મળે, નહીં તો આત્માનો વિચાર પડ્યો રહે છે. ઘણો બોજો માથે હોય તો એના જ વિચાર આવે. માટે અસત્સંગ અને અસત્પ્રસંગ ઓછા કરવા. સત્સંગમાં રુચિ થાય, ગમે, તો બીજા ભાવમાં જાય નહીં. લોકો ગમે તેમ કહે પણ મારે સત્સંગ કરવો છે, એમ કરે તો આત્મા બળવાન થાય છે. જીવ ડાહ્યો થવા જાય તો આખું ગામ બોલાવે. સત્સંગે એને રસ આવે તો બીજે રસ ન આવે. નહીં તો મોટા થવું હોય તો ગમે તેવી ખટપટો કર્યા કરે. મોક્ષે જવું હોય તો આરંભપરિગ્રહ ઓછો કરી સત્સંગ કરે તો પોતાના દોષો દેખાય. એ કાઢવાની ભાવના થાય. સત્સંગમાં એને સહજે શાંતિ રહે. નિમિત્તાધીન જીવ રખડે છે. સારાં નિમિત્ત હોય તો જીવ શાંત થાય. ખરો અસત્સંગ ક્રોધ, માન, માયા, લોભ છે. એ ટાળ્યા વિના મોક્ષ થવાનો નથી. કરોડો વર્ષ તપ કર્યું હોય પણ બે ઘડી ક્રોધ કરે તો બધું બળી જાય, અગ્નિ જેવો છે. ક્રોધ, માન, માયા, લોભ અસત્સંગ જ છે. એ ખંખેરી નાંખે, અસત્સંગ જાય તો સત્સંગ થાય. સત્સંગમાં જઈ ત્યાં પણ

અસત્સંગનું માહાત્મ્ય રહે તો સત્સંગનું માહાત્મ્ય ન લાગે. આત્મવિચાર જાગવા માટે વાંચવા વિચારવાનું છે, ગોખવાનું છે. (અહીં [1]શિવભૂતિ મુનિનું 'મા-રુષ મા-તુષ' દૃષ્ટાંત આપી કહ્યું–) જ્ઞાનીની આજ્ઞાથી મારું કલ્યાણ થશે. આ દેહ છે તે આત્માથી ભિન્ન છે એવો ભાવ એને હતો. વિચારણા જાગી તો જ્ઞાન થયું. વીર્ય સ્ફૂર્યું તો કેવળજ્ઞાન થયું. વિચારદશાથી સ્થિતપ્રજ્ઞદશા આવે છે. પછી સંકલ્પવિકલ્પો આવે નહીં. વિચારદશા તો અપૂર્વ છે. આત્મજ્ઞાન થાય તો મોક્ષ દૂર નથી. ચારિત્રમોહ એને પજવે છે. તે દૂર કરે તો મોક્ષ થાય.

**''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.''**

મોક્ષ થાય એવી વાત કહી પણ લોકો કેમ ગ્રહણ કરતા નથી? એમ થાય તો તેનો ઉત્તર આપે છે કે મોહનિદ્રામાં સૂતા છે, તે અજ્ઞાની છે. મોક્ષ શું? આત્મા શું? એ જાણતા નથી. જેણે આત્મા જાણ્યો તે પ્રમાદમાં ન રહે, ભૂલે નહીં. જે વસ્તુ જાણી તે વસ્તુને ચૂકે નહીં. જીવને મનુષ્યભવ, સદ્ગુરુનો યોગ અને મંત્ર મળ્યાં છે, પણ ઓળખાણ નથી; નહીં તો મોક્ષ થાય એવું છે. જીવને એનો વિશ્વાસ નથી આવતો. પ્રભુશ્રીજી કહેતા કે 'મંત્ર આપીએ છીએ તે આત્મા જ આપીએ છીએ.' મંત્રનું નામ સ્મરણ છે, એને ભૂલવું નહીં. વિસ્મરણ ન કરવું. લક્ષ રાખીને જ્ઞાની પાસેથી જે સત્સાધન મળ્યું છે, તેનું આરાધન કરે તો સફળતા થાય. જીવને એ અપૂર્વ લાગ્યું નથી.

''પ્રમાદીને સર્વથા ભય છે.'' પ્રમાદમાં જે કરવાનું છે તે વિસ્મરણ થઈ જાય છે. મુનિઓ છઠ્ઠેથી પુરુષાર્થ કરી સાતમે જાય છે. ફરી કર્મના ધક્કે છઠ્ઠે આવે. ફરી પુરુષાર્થ કરી સાતમે જાય. છદ્મસ્થ અવસ્થામાં બળ નથી, તેથી બે ઘડી સુધીથી વધારે વાર અપ્રમત્તમાં ટકી ન શકે, એમ ભગવાને સાડા બાર વર્ષ સુધી કર્યું ત્યારે કેવળજ્ઞાન પામ્યા. સાતમેથી છઠ્ઠે આવ્યા પછી ત્યાંથી પાંચમે, ચોથે પડી જવાનો ભય છે, તેથી પુરુષાર્થ કરી પાછા સાતમે જાય. બે ઘડીથી વધારે ઊંઘેય નહીં. છઠ્ઠા ગુણસ્થાનમાં આહાર, ઉપદેશ વગેરે કરે છે. વ્યાખ્યાન કરતા હોય તો પણ બે ઘડીમાં તો અપ્રમત્ત થઈ જ જાય. કર્મના ઉદયે જીવ પાછો છઠ્ઠે આવે છે. એ ગુણસ્થાન પ્રમત્ત છે.

જે કંઈ જાણવું તે આત્મા જાણવા માટે. ભણવું, શીખવું ગમે તે આત્માને માટે કરવાનું છે. આત્માને માટે જાણવું છે. આત્મા ન જાણે તો કશું કામનું નથી. જાણનાર પ્રત્યે ઉપયોગ રાખવાનો છે.

**''ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?''**

જાણે તેમાં રાગ ન થવા દે, દ્વેષ ન થવા દે તો ખરું જાણ્યું કહેવાય. જાણવું છે તે બધું જાણીને છોડવાનું છે. આત્મા છૂટે એવો નથી. ઘણાય કહે છે કે મને આત્મજ્ઞાન થયું છે. તેમને પૂછવું કે 'તમને સમાધિસુખ છે?' સમાધિ એટલે શાંતિ હોય તો આત્મજ્ઞાન કહેવાય. આત્મા શાશ્વત છે, નાશ પામી જાય એવો નથી. આત્માનું માહાત્મ્ય લાગ્યું હોય તો ''આત્માથી સૌ હીન.''

એમ લાગે. આવ્યું તોય શું? ગયું તોય શું? આત્મસમાધિમાં સમભાવ રહે. ક્ષણવાર પણ આત્મજ્ઞાન થઈ જાય તો મોક્ષ થાય. ક્ષણવાર પણ પોતાનું સ્વરૂપ સમજાયું તો પછી આનંદ આવે.

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રજ્ઞાવબોધ પૃષ્ઠ ૪૨૦-૪૨૧.

તેથી બીજું ઇચ્છે નહીં. આ તો ઊંઘે છે, તેથી લુંટાય છે. જાગતો હોય તો ચોર ન પેસે. ‘‘આત્માને આટલું જ પૂછવાની જરૂર છે, કે જો તું મુક્તિને ઇચ્છે છે તો સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષ ને મૂક.’’ (૩૭) જીવને મોક્ષે જવું છે નહીં. વાતો કરે છે. સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષથી આત્મા બધો અવરાઈ જાય છે. સત્સંગ વગર સમજાતું નથી કે ‘આ મારું સ્વરૂપ છે.’ પોતાનું નહીં તેમાં માથું મારે છે. તન્મય થઈ ગયો છે. હું સ્ત્રી છું, પુરુષ છું એમ માને છે, પણ એ તો દેહના ધર્મ છે. ‘હું ને મારું’ થયું છે, એ બધું તાદાત્મ્યપણું છે અને એ જ્યાં સુધી છે ત્યાં સુધી તો મોક્ષ દૂર છે. ‘હું ને મારું’ હું માનું છું તે મારું નહીં એમ થશે ત્યારે મોહ મંદ થશે. આત્મા પ્રગટે એવો આત્મજોગ બને તો મનુષ્યભવમાં જીવ ધારે તે કરી શકે, પણ આંખ વગર આમથી આમ અથડાય એના જેવું છે. મનુષ્યભવ મળ્યો છે તેમાં આત્માનું કામ ન કરું તો ક્યારે કરીશ ? માટે મરતાં પહેલાં આત્મજ્ઞાન કરી લેવું. એ જો હૃદયમાં ચોંટી જાય તો કામ થઈ જાય. નિર્મળ વિચાર જોઈએ. એ હોય તો દેખાય. આંખ ચોખ્ખી જોઈએ. વિચારની નિર્મળતા જોઈએ. મિથ્યાત્વ સહિત વિચાર છે તે અવળું સમજે છે, વિપરીતપણું છે. વિપરીતપણું બધે એને નડે છે. વિપરીતપણું જ્યાં સુધી છે ત્યાં સુધી સત્સંગેય નિષ્ફળ થાય છે. નિર્મળ વિચાર માટે વૈરાગ્ય ઉપશમની જરૂર છે, તો પછી ખોટું તે ખોટું ને સાચું તે સાચું લાગે. નિર્મળ વિચાર હોય તો સંસારને અસાર જાણે અને મોક્ષ એને સુખરૂપ લાગે. અન્ય પરિચયથી પાછો હઠે, વિભાવથી છૂટે તો સ્વભાવમાં આવે. આત્મા છે, પણ એને જીવ ક્ષણે ક્ષણે રાગદ્વેષ કરી આવરણ કરે છે. આ ભયંકર સંસારમાં જન્મવું નથી. રાગદ્વેષ કરે તો જન્મવું પડે, માટે રાગદ્વેષ ન કરવા. અસત્સંગ અને અસત્પ્રસંગથી જીવ ઘેરાઈ ગયો છે, તેથી ભૂલો પડ્યો છે. સત્સંગ એને બચાવનાર છે. જીવ ઘેરામાં પડ્યો છે, પણ સત્સંગ એવો છે કે એને જાગૃત કરે. સત્સંગે એને બળ મળે. સત્સંગ થાય તો પુરુષાર્થ થાય. સત્સંગથી એનામાં શૂરવીરપણું આવે.

[વ૦ ૫૬૯] (રાતના સભામાં) ૩૮૫ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– અત્યારે જીવ કોને નમસ્કાર કરે છે ? બહાર દેખાય છે તે વસ્તુને નમસ્કાર કરવાના નથી. અંદર આત્મસ્વરૂપ છે, તેને નમસ્કાર કરવાના છે. પ્રભુશ્રીજી કહેતા કે કોને નમસ્કાર કરો છો ? એમ પૂછતા. અનાદિકાળથી જીવ જે કરતો આવ્યો છે તેમાં એને રુચિ છે, તેથી એવાં એવાં વચનો સાંભળે છે, છતાં કંઈ અસર થતી નથી. ક્લેશથી બધાને છૂટવું છે, પણ ક્લેશ લાગતો નથી. મોહથી મૂંઝાતો હોય એવા મુમુક્ષુને માટે આ વચનો છે. જીવનું સ્વરૂપ શું છે ? અને એ સુખસ્વરૂપ છે એમ નથી લાગતું. ‘હું દેહ છું’ એમ જ જીવને થઈ ગયું છે. ‘હું એથી ભિન્ન છું’ એમ એને નથી લાગતું, પણ જ્ઞાનીને આત્મતત્ત્વ અપૂર્વ લાગે છે. અરૂપી પદાર્થનો જીવને પરિચય નથી. રૂપી પદાર્થ રૂપ, રસ, ગંધ, સ્પર્શનો પરિચય છે. જીવ દેખતભૂલીમાં પડ્યો છે, તેથી ભૂલી ગયો છે. મારો એ ક્લેશ શાથી મટે, એમ એને લાગતું નથી. આત્મા દેહથી ભિન્ન છે. જેમ નારિયેળમાં ગોળો જુદો છે તેમ એને આત્મા ભાસે તો પછી એની સંભાળ રાખે. આત્માને પછી મલિન ન રાખે, પણ આત્માનું ભાન નથી. તેથી એની જોઈએ એવી કાળજી નથી રહેતી, સંભાળ નથી રહેતી. આત્મા વસ્તુ કિંમતી છે, એમ એને નથી. સર્વ સુખનું ધામ એ છે, એવું એને ભાન

નથી. પૈસામાં, સગામાં સુખ શોધે છે. આત્મા કોઈ ઉત્તમ વસ્તુ છે. ''આત્માથી સૌ હીન.'' આત્માનું કલ્યાણ કરવું હોય તો બધા પાપથી પાછું હઠવું પડે. ઇંદ્રિયોમાં જીવ ગુંચાઈ ગયો છે. વિચાર જીવને જાગતો નથી. જ્ઞાની જે વિચાર કહે છે, તે જાગતો નથી એનું કારણ આરંભપરિગ્રહ છે. એ જેટલો ઓછો કરે તેટલો મોહ ઓછો થાય. તેથી પછી વિચાર જાગે.

મોહને રહેવાનું ઘર અસત્સંગ અને અસત્પ્રસંગ છે. મોક્ષ સિવાય બીજે સુખ નથી. ''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.'' આત્માના ભાન વગર સુખી ન થાય. સત્સંગ કરે તો આત્મા ઓળખાય અને ઓળખાય તો પછી એને નિર્મળ કરવાના વિચાર જાગે અને તેથી આત્મજ્ઞાન થાય અને તેથી મોક્ષ થાય. મોક્ષે જવું હોય તેને આ બધી બાબત કહી. મુમુક્ષુને માટે આ બધું કહ્યું છે. મોહનિદ્રામાં જીવને કંઈ ભાન નથી, બેભાન છે. મોહમાં ને મોહમાં તણાયા કરે છે, તેથી મુનિનો વેશ હોય તોપણ અજ્ઞાની છે. જેણે આત્મા જાણ્યો તે મુનિ કહેવાય. ''આત્મજ્ઞાન ત્યાં મુનિપણું'' આત્મા જાણે તો પછી ''નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે.'' જાગૃત જાગૃત રહે છે. આચારાંગમાં આવે છે કે મુનિ નિરંતર આત્મવિચારે જાગૃત રહે. પ્રમાદથી કર્મ બંધાય છે. જે પ્રમાદી નથી તેને કોઈ પ્રકારનો ભય નથી. બધા ભયનું કારણ 'હું દેહ છું' એમ થયું છે તે છે. દેહમાં પડ્યો છે તે પ્રમાદ છે. એ પ્રમત્તભાવથી છૂટે તો નિર્ભય થઈ જાય. મારા બધા પ્રદેશ શાશ્વત છે, અગ્નિ, પાણી કોઈથી નાશ પામે એવા નથી, એમ થાય તેથી નિર્ભય થઈ જાય. આત્મા જાણ્યો તો પછી ફિકર ન થાય. આત્માનો વિશ્વાસ નથી.

**''પ્રીતિ અનંતી પર થકી, જે તોડે તે જોડે એહ, પરમપુરુષથી રાગતા.''** (દે૦ ૧)

જ્યાં પ્રીતિ હોય તેના વિચારો આવે. બીજે પ્રીતિ છે તેથી એના જ વિચારો આવે છે.

''પ્રમાદીને સર્વથા ભય છે, અપ્રમાદીને કોઈ રીતે ભય નથી.'' એક સ્મરણનું આરાધન કરે તોય નિર્ભય થઈ જાય, સમાધિમરણ થઈ જાય; માટે નિર્ભય થઈ જે કરવા યોગ્ય છે તેમાં પ્રમાદ ન કરવો. બધું જાણીને, વાંચીને, ભણીને આત્માનું જ્ઞાન કરવાનું છે. ''છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ.'' એ યોગ્યતા આવ્યે સમજાય. પ્રભુશ્રીજી કહેતા કે યોગ્યતા લાવો, યોગ્યતા લાવો. તારી વારે વાર. એ યોગ્યતા પોતાને લાવવાની છે. બધું ભણીને કરીને આત્મા ન જાણ્યો તો બધું અજ્ઞાન છે. એ પોતાને અને પરને બધાને અહિતકારી છે.

''અજ્ઞાનથી સદ્‌વિવેક પામવો દુર્લભ છે.'' (૪૯૧) અજ્ઞાન હોય ત્યાં સુધી સદ્‌વિવેક ન પામે. આત્મા જાણે તો એને સહજ સુખ પ્રગટે. બહારની વસ્તુઓ ઉપર એને પછી આધાર ન રહે. આત્માનું સુખ છે તે કાયમ એને રહે છે. આત્મસમાધિ પ્રગટે એટલે શાંતિ થાય. ભય, ચિંતા, ફિકર મટી જાય. આ મારું છે, એમ લાગે છે તેથી ભય, ચિંતા ઊભી થાય છે. નહીં તો શાંતિ થાય. ક્ષણવાર સમ્યક્ત્વની સ્પર્શના થાય તો પછી આત્મા ઓળખાય. એ આત્માનું સંપૂર્ણ સ્વરૂપ પછી પ્રગટે, તે મોક્ષ છે. સત્પુરુષનો યોગ, એની શ્રદ્ધા થાય તો તથારૂપ યોગ કહેવાય. સત્પુરુષે કહ્યું તે મનાયું, તો એ મોક્ષનું બીજ થયું. પરવસ્તુમાં તન્મય થઈ જાય છે એટલે આસક્તિ થઈ જાય છે. એ જ કર્મનું બીજ છે. તેથી મોક્ષથી દૂર જાય છે. 'હું ને મારું' જેટલું છે તેટલો મોક્ષ દૂર

છે. એ નીકળે તો મોક્ષ એની પાસે આવે. મનુષ્યભવની ખરી કિંમત આ શ્રદ્ધા કરી લેવી એ છે. એ કામ આ ભવમાં જ થાય છે. બીજા ભવમાં પણ થાય, જો કમાણી પહેલાં કરેલી હોય તો; પણ આ ભવમાં થાય તેવું ન થાય. જીવ જો ભાવના રાખે કે મારે આ ભવમાં એટલું કરવું છે, તો પછી એનાં કારણો મેળવે. જ્યાં સુધી આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી મારું જીવવું નકામું છે. એવી લગની ન લાગે ત્યાં સુધી નિશ્ચય થતો નથી. આવી સામગ્રી– મનુષ્યભવ, સત્પુરુષનો યોગ, બોધ મળે અને લાભ ન લે, પ્રમાદમાં રહે તો ફરી એવી સામગ્રી મળવી બહુ દુર્લભ છે. નિર્મળ વિચાર જોઈએ. જીવનું મન વિષય વિકારથી ડહોળાયેલું છે.

**“વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;**
**પરિણામની વિષમતા, તેને યોગ અયોગ.”**

નિર્મળ વિચાર જાગે અને પરવસ્તુમાં તન્મય ન થઈ જાય તો હમણાં જ આત્મજોગ પ્રગટે. એક તો વિભાવ છે, એ અસત્સંગ છે. ક્રોધ, માન, માયા, લોભ વગેરે કષાય, વિષય, કામ એ બધા અસત્સંગ છે. તેને જીવ પોતાનાં સગાં માને છે. પાંચ ઇંદ્રિયો, કષાયો એ બધા શત્રુઓ છે, એથી છૂટવું છે. એને વશ કરવાના છે, પણ એને વશ થવું નથી. સત્સંગના આશ્રયથી એને બળ મળે છે. અત્યારે જીવ હીનસત્ત્વ થઈ ગયો છે. સત્સંગનો યોગ મળે તો એને બળ મળે છે. આત્મા તો અનંત શક્તિનો ધણી છે. જ્ઞાનીએ કહ્યું તે સ્મરણ કર્યા કરવું. એમાં કંઈ શરીરશક્તિ કે પૈસા જોઈતા નથી. ગરજ જોઈએ તો એ થાય. એ ગરજ જીવને નથી.

અસત્સંગ અને અસત્પ્રસંગથી જીવ ઘેરાઈ ગયો છે તેથી એનું બળ ચાલતું નથી, પણ જો આરંભપરિગ્રહ ઓછા કરી સત્સંગ કરે તો વિચાર જાગે. જીવ પુરુષાર્થ કરે તો બધું થાય. અસત્સંગ અને અસત્પ્રસંગથી ઘેરાઈ ગયો છે. તેથી વિચાર જાગતો નથી. સત્સંગે એને બળ મળે છે તેથી પુરુષાર્થ જાગે છે. આત્મા નિત્ય પદાર્થ છે પણ અનિત્ય પદાર્થના મોહમાં જીવ પડ્યો છે, તેથી એનો વિચાર નથી. અનિત્યમાં મોહ કરશે તો બધો મનુષ્યભવ નકામો જશે. સાચી વસ્તુ પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરવાનો છે. જગતની વસ્તુઓ અનિત્ય છે, અશરણ છે, અસાર છે અને અનંતકાળ સુધી રઝળાવનાર છે. હવે એની સામે થવું છે. જગતની બધી વસ્તુઓ અસાર છે, પડી મૂકીને આખરે જવાનું છે, સાથે ન આવે. એ અનિત્ય વસ્તુમાં રહીને જે કરવાનું છે તે ચૂકવું નહીં. પ્રભુશ્રીજી કહેતા કે ઝબકે મોતી પરોવી લેવું. ક્ષણિક વસ્તુઓમાં ચિત્ત રાખે છે, તો એના જેવો બીજો મૂર્ખ કોણ? ‘મારું કોઈ નથી’ એમ ભરતને થયું તો કેવળજ્ઞાન થયું. એને વસ્તુ નાશવંત અત્યંતપણે ભાસતી નથી. ભાસે તો એ છેતરામણીમાં ઊભો ન રહે.

સંસારનું સ્વરૂપ અત્યંતપણે અસાર, અનિત્ય લાગ્યું તેથી જ્ઞાનીને છૂટવાની ભાવના થયા કરે છે. જેમ કોઈને કાંટો વાગે ત્યારે થાય કે ક્યારે કાંટો કાઢું? એમ જ્ઞાનીને પરિગ્રહ ક્યારે છોડું, પરિગ્રહ ક્યારે છોડું એમ થાય છે. જ્ઞાની જાગે છે, અજ્ઞાની ઊંઘે છે. કર્મના ઉદયે જ એમને (કૃપાળુદેવને) આ વેપાર કરવો પડ્યો, તેમ છતાં મારો જ આ વાંક છે એમ જુએ છે. જીવ બળવાન થાય તો બધું ખસેડી નાંખે પણ જીવ બળ કરતો નથી.

જનકરાજા આખું રાજ્ય કરતા, તો આપણે એક દુકાન કરતાં શું છે? એવા ભાવ જ્ઞાનીને થતા નથી. શ્રી તીર્થંકર જેવા તે જ ભવે મોક્ષે જવાવાળા છે, છતાં બધું છોડીને ચાલી નીકળ્યા. એ દૃષ્ટાંત બળવાન છે. આપણને બળ વધે એવું દૃષ્ટાંત લેવું. કરીશું, કરીશું, એમ કરતાં કાળ આવી ગયો તો આખરે પસ્તાવું પડશે, તેથી કંઈ કરી લેવું. હજાર વર્ષના સંયમીને જેવો વૈરાગ્ય હોય તેવો તીર્થંકરને જન્મ વખતે હોય છે, છતાં બધું છોડીને ચાલી નીકળ્યા. મરણ પાસે જ છે એમ ભય રાખવાનો છે. અત્યારે મોક્ષ મળતો હોય તો બધું પડી મૂકી જતા રહેવું એમ જ્ઞાનીને લાગે છે.

રાગદ્વેષ જીવને વર્તતા હોય અને માને કે હું જીવન્મુક્ત છું તો એ જીવન્મુક્ત દશાની આશાતના છે. એમ જીવ માની બેસે તો એ દશા કેમ પ્રાપ્ત થાય? જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી રાગદ્વેષ રહે છે. મોહ ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય. રાગદ્વેષનું મૂળીયું ઉખેડી નાંખવું, એવું કર્યા વિના ઝંપવું નથી.

**"મુખથી જ્ઞાન કથે અને, અંતર્ છૂટ્યો ન મોહ;**
**તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ."**

અત્યંત જ્ઞાન એટલે કેવળજ્ઞાન હોય ત્યાં અત્યંત ત્યાગ હોય છે. અત્યંત ત્યાગ હોય તો જ એને કેવળજ્ઞાન થાય. કેવળજ્ઞાન હોય ત્યાં મોહ ન થાય. પરવસ્તુમાં તન્મયતા-તાદાત્મ્યપણું ન કરવું, એ જ ખરો ત્યાગ છે. બહારની વસ્તુઓ ખસેડે એ ખરો ત્યાગ નથી. એ ભાવત્યાગનું કારણ છે.

બાહ્ય પ્રસંગ, આરંભપરિગ્રહ છોડે, ઓછો કરે તો એ અંતર્ત્યાગ થવામાં કારણ છે, તેથી એ ઉપકારી છે. ચોથે ગુણસ્થાનકે સમ્યક્ત્વ થાય ત્યારે આત્મા સિવાય મારું કંઈ નથી એમ થાય છે, તે પછી બાહ્યત્યાગ તો સહજે આવે. આત્માની નિર્મળતા ત્યાગથી વિશેષ થાય છે. લક્ષ તો આત્માને પોષવાનો છે.

**"લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;**
**ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન."**

બાહ્ય વસ્તુના ત્યાગમાં એને આગ્રહ થઈ જાય તો પછી મતાર્થી થાય. ક્યારે છૂટું, ક્યારે છૂટું! એમ એમના મનમાં થયા કરે છે. આ બધો પરિગ્રહ છોડવો છે એ ભૂલતા નથી, તેમ છતાં એમને એમ રહ્યા કરે છે કે હજુ એ વિચારમાં શિથિલતા છે.

**[વ૦ ૫૬૯]** (રાતના સભામાં) ૩૮૬ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૩-૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— **"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ."**

સત્પુરુષાર્થ ઉપર જ આ આખો પત્ર છે. મોક્ષ થાય એવો પુરુષાર્થ તે સત્પુરુષાર્થ છે. પુરુષાર્થ તો બધા કરે છે, પણ સત્પુરુષાર્થ કરતા નથી. આત્મા ફરે એવો પુરુષાર્થ નથી કરતા. પ્રભુશ્રીજી કહેતા કે ભણ્યો પણ ગણ્યો નહીં. શાસ્ત્રો ભણી જાય પણ જ્ઞાની કહે તે જીવ ગણકારતો નથી. શિયાળામાં પાક કરીને ખાય છે તેથી શરીરમાં પુષ્ટિ આવે છે, તેમ જ્ઞાનીનાં વચનો એને અંદર પચે એટલી શાંતિ થાય. પ્રભુશ્રીજી કહેતા કે વાત છે માન્યાની. જ્ઞાની વાત કહે પણ માને

કોણ? જેને ગરજ હોય તે માને. આત્મા શુદ્ધ થયો તો મોક્ષ. આત્મસ્વરૂપનું ભાન થયું તો પછી નિર્મળતા કરે. નિર્જરાનું કારણ આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન વગર તપ, નિર્જરાનું કારણ થતું નથી. જ્ઞાની કહે છે તે મને કેમ ટકતું નથી? ખાય અને ઝાડો થઈ નીકળી જાય, તેમ જીવ જ્ઞાનીનાં વચનો સાંભળ સાંભળ કરે છે, પણ અંદર પચતું નથી. વૈરાગ્ય ઉપશમ હોય તો એ ટકે. પરવસ્તુના પરિચયથી પાછા હઠવાનું છે. એને લેવા દોડે તો એનો પાર આવે એમ નથી. કોઈ પરમાત્મસ્વરૂપ પ્રગટાવવા, કોઈ આત્મજ્ઞાન કરવા ધૂણીઓ તપે છે, નાના પ્રકારના તપ કરે છે, પણ એવો એ રસ્તો નથી.

**"કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ."** (આ૦ ૧)

જ્ઞાનીના ચિત્રપટનું હૃદયમાં દર્શન કરવા કરતાં સત્પુરુષની દશા વિચારે તો એને એ દશા પ્રગટે. આત્મજ્ઞાન થાય તો એની ક્ષણે ક્ષણ આત્મામાં જાય. સમ્યક્ત્વ પ્રગટે તો નિર્જરા થાય. સમ્યગ્જ્ઞાન, ચારિત્ર એ બધાં નિર્જરાનાં કારણ છે. આત્મજોગ બનવા જ્ઞાની અને તેની ઓળખાણ એ બે છે. ઓળખાણ થાય તો માહાત્મ્ય લાગે. જીવને મહાત્મા પ્રત્યે મોહ જ ન આવ્યો. બાહ્ય વસ્તુઓનું જીવને માહાત્મ્ય છે. તેથી સત્પુરુષનું માહાત્મ્ય લાગતું નથી. અનંતકાળથી જે કરતો આવ્યો તે ન કરવું. "જે નવિ જાણ્યું તે જાણું, જે જાણ્યું તે નવિ જાણું." વિચાર નિર્મળ થાય તે માટે વૈરાગ્ય ઉપશમ વધારવાં. 'સાધુની આંખ શાસ્ત્ર છે' એમ કહેવાય છે. તે શાસ્ત્રને આધારે જ વર્તે છે. શાસ્ત્રમાં શું કહ્યું છે તે જ એ જુએ છે. આત્મા પ્રગટાવવો હોય તો એને યોગ્ય વસ્તુઓ જોઈએ. જ્યાં અસત્સંગ, અસત્પ્રસંગનો ઘેરાવો છે, ત્યાં આત્મજ્ઞાન થાય નહીં. એને ખસેડે તો થાય. પાણીનો સ્વભાવ નીચે જવાનો છે, પણ પંપ આદિથી ઊંચે પણ જાય છે, એમ જીવ અનાદિકાળથી નીચે માર્ગે, અવળે માર્ગે, અવળે રસ્તે ચાલ્યો છે. સત્સંગ કરે તો ઊંચે રસ્તે ચઢે. મુમુક્ષુ થયો હોય તેને જ્ઞાનીનાં વચનો આગળ દોરે છે; સંસારની પાર લઈ જાય. સંસારથી છૂટવાની લય લાગી હોય તો જ્ઞાનીનાં વચનો એને મીઠાં લાગે. સંસાર પ્રત્યેથી રુચિ ઊઠે તો આત્માનો વિચાર જાગે.

"સંસારમાં રહેવું અને મોક્ષ થવા કહેવું એ બનવું અસુલભ છે." ઉપાધિ ન ઘટે તેમ દુઃખ થાય છે કે આ ક્યારે છૂટશે, આ ક્યારે છૂટશે? આપણને ઉપાધિ વધે તેમ તેમ સુખ લાગે છે. અને એમને દુઃખરૂપ લાગે છે. કોઈનો વાંક નથી, પોતાનો જ વાંક છે. બળતામાં દુઃખ લાગે છે, તેમ ઉપાધિમાં એમને દુઃખ લાગે છે. જેટલો થાય તેટલો છૂટવાનો પુરુષાર્થ કરે છે, છતાં એ એમને ઓછો લાગે છે.

"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ." જીવ ધારે તે કરી શકે છે. વેદાંતમાં જનક અને જૈનમાં ભરત એ બેય વધારે પુરુષાર્થી હતા. ઘરમાં રહ્યા છતાં જળથી કમળની પેઠે ભિન્ન હતા, પણ એ દૃષ્ટાંત ન લેતાં તીર્થંકર ભગવાન જેને જન્મથી હજાર વર્ષના સંયમી જેટલો વૈરાગ્ય હતો, દેવો પણ જેમની સેવામાં હાજર હતા, છતાં સંસારથી ભય પામીને છોડીને ચાલી નીકળ્યા. આ ભવે જ મોક્ષે જવાના હતા, છતાં કેટલો પુરુષાર્થ કર્યો છે! એ દૃષ્ટાંત બળવાન છે. પુરુષાર્થને

પ્રેરે છે. શરીર તરફ લક્ષ હોય ત્યાં સુધી ઉપાધિનો પાર ન આવે.

**"જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ."** (હા.નોં. ૧/૧૪)

આત્મા જાગે ત્યારે કામ થવાનું છે. સત્સંગ એ સારી વસ્તુ છે, પણ પોતે વિચાર કરશે ત્યારે કામ થશે. ઉપાધિમાં ખોટી થઈશું તો આ દેહ છૂટી જશે ને કામ અધૂરું રહેશે. માટે ચેતી લેવું. રાગદ્વેષ, અજ્ઞાન છે ત્યાં સુધી કર્મ બંધાય છે.

**"રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;**
**થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ."**

એનો ક્ષય કર્યા વગર જંપવા જેવું નથી. કેવળજ્ઞાન થતાં સુધી વિચારવાન જીવો મરણ પાસે સમજીને વર્તે છે. જીવન્મુક્ત એટલે "દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત." એવી દશા તે જીવન્મુક્ત છે. એવી દશા કેવળજ્ઞાન થતાં પ્રગટે છે.

**"કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ."**

એ દશા કેવળજ્ઞાન થતાં પ્રથમ 'મને છે' એમ સમજવું, તે જીવન્મુક્ત દશાની આશાતના કરવા જેવું છે. જ્યાં કેવળજ્ઞાન હોય છે ત્યાં અત્યંત ત્યાગ હોય છે. પરવસ્તુમાં જીવને જરાક પણ રાગ હોય ત્યાં સુધી શાંતિ કે પૂર્ણ સમાધિ થાય નહીં. અત્યંત ત્યાગ હોય તો જ જ્ઞાન પ્રગટે. સંપૂર્ણ જ્ઞાન અત્યંત ત્યાગ પ્રગટ્યે થાય છે. ત્યાગમાં શૂરવીરપણું છે. શૂરવીર થાય ત્યારે કેવળજ્ઞાન થાય છે. ચાર કર્મનું માથું કાપી નાંખે ત્યારે કેવળજ્ઞાન થાય છે. બાકીનાં ચાર કર્મ બળી સીંદરીવત્ છે. ત્યાગ એટલે આત્મા સિવાય પરવસ્તુમાં તણાવું નહીં. એ અંતર્ત્યાગ થાય ત્યારે બીજામાં લેપાય નહીં. જીવ જેવું જુએ તેવો થઈ જાય છે. ચંપલ જુએ તો ચંપલઆત્મા, ટોપી જુએ તો ટોપીઆત્મા થઈ જાય છે. મોહનો ક્ષય થયે ખરી અસંગદશાનો અનુભવ થાય છે. સંપૂર્ણ અસંગ ચૌદમે થાય છે. અત્યારે જેવો સંગ થાય તેવો જીવ થઈ જાય છે. તાદાત્મ્યઅધ્યાસ દર્શનમોહ, ચારિત્રમોહ ગયે જાય છે.એ જાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટે છે. સ્નેહપાશને તોડવો એ અંતરંગનું કામ છે. સ્નેહપાશ જેનો તૂટ્યો તેને રાગ ન થાય. "નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે." નિરંતર જાગૃતિ રાખે તો નવાં કર્મ ન આવે અને બીજાં કર્મો તો જાય છે.

બાહ્યત્યાગની એટલી કિંમત નથી, પણ અંતર્ત્યાગની મહત્તા છે. તે માટે બાહ્યત્યાગ છે. અસત્પ્રસંગ હોય ત્યાં સુધી ત્યાગ પ્રગટતો નથી. એ મટ્યે પ્રગટે. સત્સંગે પછી એની વાસનાઓ છૂટી જાય છે. મોહનીયકર્મ દૂર કરવા એ ત્યાગ બધો કહ્યો છે. બાહ્યત્યાગ માટે મોહનીય ઓછું કરવું એમ નથી, પણ મોહનીય છોડવા માટે બાહ્યત્યાગ ઉપકારી છે.

થોડા કાળમાં ઘણાં કર્મ ખપે એવો વિચાર રહે છે. એનો જ જાપ જપીએ છીએ. આ વ્યાપારની ઉપાધિ દૂર થઈ જાય એ જ વિચારમાં એઓ છે.

અમારા વિચારનું બળ વધે એ માટે મુખ્ય તો આ વચનો લખ્યાં છે અને તમને પણ વિચારવા એ વચનો લખ્યાં છે. આ પત્રમાં બધાં અરસપરસ સંબંધ જેવાં વચનો લખ્યાં છે.

[વ૦ ૫૭૦] ૩૮૭ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી– મરણનો વિચાર ભયને અર્થે કરવાનો નથી, પણ તૈયારી કરવા માટે કરવાનો છે. સમ્યક્દર્શન થયા પહેલાં પણ જીવને વૈરાગ્ય આવે છે. એ જો સત્સંગ હોય તો સવળો થાય. આત્મા સિવાય રસ ન આવે; આસક્તિ ન થાય ત્યાં સુધી વૈરાગ્ય છે. સંસારનો મોહ ઓછો કરવા માટે વૈરાગ્યની જરૂર છે. છ પદનો વિચાર કરવો. આત્મા નિત્ય છે, તે મરવાનો નથી. સંયોગો છૂટે પણ આત્મા તો નિત્ય છે. મરણ તો એક અવસ્થા છે, એક પર્યાય છે. પર્યાયના નાશથી વસ્તુનો નાશ ન થાય. આત્મા ત્રણે કાળ રહે એવો પદાર્થ છે. સંયોગોનો સદુપયોગ કરવો. ગભરાવું નહીં. વિવેકની જરૂર છે.

જેમ જેમ સત્પુરુષોનાં વચનોમાં વૃત્તિ રહેશે તેમ તેમ આનંદ આવશે અને જ્ઞાનીનું શું કહેવું છે તેનો લક્ષ બંધાશે. છ પદનો વિચાર ખાસ કરવાનો છે. આત્મા કદી મરે નહીં એમ આત્માની પ્રતીતિ થાય તો ભય ન લાગે. અનિત્ય પદાર્થના મોહને લઈને નિત્ય પદાર્થનો વિચાર આવતો નથી. અનિત્ય પદાર્થમાં જ્યાં સુધી વૃત્તિ રહે ત્યાં સુધી નિત્ય પદાર્થોનું નિત્યપણું ન લાગે. છ પદ બહુ અગત્યના છે. વૈરાગ્ય થાય એવું કરવાનું છે. પૂર્વના સંસ્કારો હોય તો છ પદ સાંભરી આવે. એ ન હોય તો સત્સંગના યોગમાં પણ જ્ઞાની પ્રેરણા કરે તેથી વિચાર બંધાય છે. વિવેક કરવા માટે જીવે પૂર્વે પુરુષાર્થ કર્યો હશે પણ તેમાં મૂંઝાઈ જાય છે કે આમાં સુખ છે કે આમાં? એમ સંશય થઈ જાય છે. તેથી એમાં પણ આનંદ નથી આવતો અને આમાં પણ નથી આવતો. પરવસ્તુના સંસ્કાર પડેલા હોય તે ઊગી નીકળે છે એવું ઘણીવાર થયું છે. પાણી ઊનું કર્યું હોય પણ પવન આવે તો ઠરી જાય. તેમ વૈરાગ્ય થયો હોય પણ પૂર્વ સંસ્કાર ઊગે તો થોડીવારમાં જતો રહે છે. જેવું છે તેવું મારે સમજવું છે. માયા છેતરે છે. અનિત્ય ને નિત્ય પદાર્થનો ભેદ કરવાનો છે. તેને માટે ઘણો પુરુષાર્થ કરવાનો છે. અનિત્યનો રાગ હોય તો વૈરાગ્ય થયો હોય તે પણ ઊડી જાય છે. આત્મા છે એવી ભાવના કરવી, મોક્ષને પોષવા ભાવના કરવાની છે. ભગવાને સ્યાદ્વાદ માર્ગ કહ્યો છે. એકાંતમાં ચઢી જાય ત્યારે બગડી જાય છે. દિવસમાં થોડોક વખત આત્મા છે એવો વિચાર કરવો, કે આત્મા છે તેથી બધું દેખાય છે. પછી કંઈક ગોખવું, ફેરવવું. પછી એકાંતમાં બેસી ભાવના કરવી કે જ્ઞાનીઓએ કહ્યું તે સાચું છે. પછી ફરી આત્મા નિત્ય છે એનો વિચાર કરવો. પછીથી આત્મા કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે; એનો વિચાર કરવો, એમ દિવસ ગાળવો. આ પત્ર વિચારવો.

[વ૦ ૫૭૦] ૩૮૮ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી– જીવને દુઃખ–આધિ, વ્યાધિ, ઉપાધિ વર્તે છે. મનમાં ચિંતા થાય તે આધિ છે. શરીર સંબંધી દુઃખ તે વ્યાધિ કહેવાય છે અને બહારની કડાકૂટ તે ઉપાધિ છે. એથી નવરો થાય તો વિચાર જાગે. જેને ઉપાધિ ન હોય તેને એટલી ચિંતા ઓછી છે અને અવકાશ મળે છે. તે અવકાશ જ્ઞાનીની આજ્ઞા આરાધવામાં જો ગાળે તો તેથી સમાધિ સુખ પ્રગટે. જેમ જેમ ઉપાધિ ઓછી થાય તેમ તેમ સમાધિ સુખ પ્રગટે છે. જેટલી ઉપાધિ વિશેષ હોય તેટલી સમાધિને હાનિ

પહોંચે છે. જેમ જેમ ઉપાધિ વધારે તેમ તેમ સમાધિ સુખ હાનિ પામે છે. ઉપાધિ ઓછી થાય, વિચાર આવે ત્યારે સંસાર અનિત્ય લાગે. બધી વસ્તુ નાશવંત છે. આયુષ્ય પુરું થયે બધું જવાનું છે. સંયોગ છે તેનો મોડો વહેલો વિયોગ થશે. મોહને લઈને એ અનિત્ય નથી લાગતું. અનિત્યતા વિચારે તો વૈરાગ્ય થાય. આ જીવ આહારમાં કેટલી લોલુપતા કરે છે. જરાક જીભ પર મૂકે ત્યારે સ્વાદ આવે છે. આગળ પાછળનો વિચાર નથી આવતો. તેથી મોહ થાય છે. આહાર વિષ્ટા થવાનો છે, તેનો આ જીવ ખાઈને વખાણ કરે છે. વખાણ કરે છે કે આજે તો મેં બહુ સારું ખાધું, શાક બહુ સારું હતું. જગતના પદાર્થોમાં મોહ છે, તેથી વિચાર નથી આવતો. વિચાર આવે તો મોહ ઓછો થાય. જીવ ભૂલો પડ્યો છે. સોનું કંઈ કહેતું નથી કે, મને સંગ્રહ કરો. પણ આ જીવ પોતે જ કલ્પના કરે છે કે એના વિના મને દુઃખ થશે. ''શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?'' એનો વિચાર નથી આવતો.

જે નાશવંત છે, એવી વસ્તુઓમાં આ રત્ન ચિંતામણી જેવો મનુષ્યભવ મોહ કરીને ગુમાવે છે, એ તો મૂર્ખો કહેવાય. મનુષ્યભવથી તો મોક્ષ થાય એવું છે. મોક્ષના કામમાં વાપરે તો મોક્ષ થાય. મફતમાં મોક્ષ મળે છે. કારણ કે દેહ તો મોડો વહેલો છૂટવાનો છે, તેમાં આ કામ મફતમાં થાય છે. આત્માને આ વસ્તુઓ કર્મ બંધાવનાર છે એમ લાગે તો મોહ ન થાય અને મન ત્યાંથી પાછું હટે. જ્ઞાનીનું વચન મનાય તો જ એને લાગે કે મને કર્મ બંધાય છે. 'છ પદ' બહુ અગત્યનાં છે. એથી આત્માની સિદ્ધિ થાય છે. 'આત્મા છે' એમ થાય તો બીજા ભાવ છૂટી જાય. એનો વિચાર કરવાનો છે. જ્ઞાનીએ કેવળજ્ઞાનથી જે પ્રકારે જોયો છે, તેવો મારો આત્મા છે, તે નિત્ય છે. એમ લાગે તો ભય ન લાગે. આત્મા ત્રણે કાળ રહે એવો છે. દેહ છે, તે 'હું છું' એમ થયું છે, તેથી ભય લાગે છે. પણ આત્મા નિત્ય છે. એવી શ્રદ્ધા થઈ હોય તો ભય ન લાગે. છ એ દર્શનો આ છ પદમાં છે. ૧. આત્મા છે. ૨. નિત્ય છે. ૩. કર્ત્તા છે. ૪. ભોક્તા છે. ૫. મોક્ષ છે. ૬. મોક્ષનો ઉપાય છે. આ છ પદ નક્કી કરી લેવાનાં છે. એ નક્કી થયું તો ષટ્દર્શન ભણી ગયો.

**''દર્શન ષટે સમાય છે, આ ષટ્ સ્થાનક માંહી;**
**વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ.''**

વિચાર કરે તો કંઈ સંશય ન રહે. સાતમું 'આત્મપ્રવાદ' નામનું પૂર્વ છે. તેમાં 'આત્મા છે' આદિનું વર્ણન છે. કોઈને પૂર્વના સંસ્કાર હોય તેને આ છ પદ સાંભરી આવે છે, નહીં તો સત્સંગે છ પદનો વિચાર જાગે છે. પૂર્વની કમાણી ન હોય તો જ્ઞાનીની પ્રેરણાથી પણ એનું ભાન થાય છે. અનિત્ય પદાર્થમાં મોહ છે, તેથી આત્માને ભૂલવે છે. અનાદિના સંસ્કારને લઈને આત્માના સુખને ભૂલી ગયો છે તેથી આત્માનો વિચાર કરવા જતાં આ જીવ મૂંઝાઈ જાય છે. આત્મા નિત્ય છે અને જગતના પદાર્થો અનિત્ય છે એવો વિવેક નથી. જ્ઞાનીએ કહ્યું કે આત્મા નિત્ય છે, તો મારે માનવો. વિવેક કરવા જતાં આ જીવ ભૂલી જાય છે. અનંતકાળથી ભૂલાવામાં પડ્યો છે. જ્ઞાનીએ કહ્યું તે એણે માન્યું હોય પણ કસોટીના વખતમાં છૂટી જાય છે. જીવને એવી ટેવ પડી ગઈ છે, પણ જીવ બળવાન થાય તો થઈ શકે એવું છે. અનાદિના સંસ્કાર છે તેથી એકદમ કરવાથી ન થાય. અતિ

બળવાનપણે અત્યંત પુરુષાર્થ કરવાની જરૂર છે. આત્માનો ઉદ્ધાર થાય એના માટે વિશેષ શ્રમ લેવો યોગ્ય છે. જ્ઞાનીપુરુષના આશ્રયે પુરુષાર્થ કરે તો આત્મજ્ઞાન થાય. એ જ મારે કરવું છે, એમ જો દૃઢ થાય તો આત્મા સુખ સ્વરૂપભાસે. જ્ઞાનીએ કહ્યું તે જ માનવું છે. આડું અવળું ન માનવું. પોતાના સ્વચ્છંદે વર્તે, તેથી પાર ન આવે. સરળ જીવને જ્ઞાની પર વિશ્વાસ બેસે છે. જેમ જેમ યોગ્યતા વધે તેમ તેમ સંશય આદિ દૂર થાય છે. આટલું આટલું કરું છું, છતાં કેમ કંઈ થતું નથી. એમ જો જીવ ઉતાવળ કરે તો માર્ગથી છૂટી જવાનો વખત આવે. જીવ જે રસ્તે ચઢી ગયો છે, તે રસ્તો ઊંધો છે. અનિત્ય પદાર્થ પ્રત્યે રાગ ન રહે એવું કરવાનું છે.

"મુખથી જ્ઞાન કથે અને, અંતર્ છૂટ્યો ન મોહ" જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી સંસાર છે. જ્ઞાનીનો યોગ થયા પછી દોડ કરતાં અટકવાનું છે. બીજા કામ કરવા છતાં આત્માને ન ભૂલે, એ મોટી બહાદુરી છે. કોઈ પ્રત્યે દ્વેષ ન રાખવો. કોઈ પ્રત્યે દ્વેષ ન થાય એવી રીતે વર્તવાનું છે. જીવને મોહ છે, તેને લઈને મારે શું કરવા યોગ્ય છે? આ ભવમાં મારે શું કરવાનું છે? એના વિચાર જ નથી આવતા.

[વ૦ ૫૭૦] ૩૮૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– "જેમ જેમ ઉપાધિનો ત્યાગ થાય તેમ તેમ સમાધિસુખ પ્રગટે છે." એ જો હૃદયમાં ચોંટી જાય તો કામ થાય એવું છે. ઉપાધિ તો પૂર્વકર્મ છે, પણ સમાધિ રાખવી આપણે હાથ છે. જેટલી ઉપાધિ તેટલી અસમાધિ. જેટલી ઉપાધિ છે તેટલી અનાથતા છે. ઉપાધિનો ત્યાગ થાય તેટલી સમાધિ થાય. ઉપાધિ છોડી નિવૃત્તિ લેવી એને ગમતી નથી. નવરાશ મળી હોય, કંઈ કામ ન હોય, તોપણ કંઈ ને કંઈ લઈ બેસે છે. જેટલો ઉપાધિનો ત્યાગ થાય, તેટલું સમાધિનું કારણ થાય છે. ઉપવાસનો અને પારણાનો એ બેય દિવસ તપાસે તો ખબર પડે કે ઉપવાસના દિવસે કંઈ ફિકર ચિંતા નથી અને પારણાના દિવસે ઉપાધિ છે. જેને આજ્ઞા મળી છે તેને નિવૃત્તિ બહુ સારી છે. સમજીને તે નિવૃત્તિ લે તો પ્રવૃત્તિમાં હોય તો પણ નિવૃત્તિનો સ્વાદ ન ભૂલે. આત્માનો સ્વભાવ ઉપાધિ કરવાનો નથી. એ તો કર્મને લઈને આવી પડ્યું છે. સાધુને પણ મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરવાની ના કહી છે.

**"સંયમના હેતુથી યોગપ્રવર્તના,**
**સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;**
**તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,**
**અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો."**

મન-વચન-કાયાની પ્રવૃત્તિ ઘટાડી નિજસ્વરૂપમાં લીન થાય છે. સંસારના બધા પદાર્થોનો યથાર્થ વિચાર હોય તો તે વૈરાગ્યની વૃદ્ધિ કરે છે. સંસારને વિચારે તો ચારે ગતિમાં દુઃખ જણાય. શરીરનો વિચાર કરે કે શરીર પણ પુદ્ગલનું છે. માંસ, લોહીથી ભરેલું છે, તો મોહ ન થાય. એમ ભિન્ન ભિન્ન પ્રકારે વિચારે તો કોઈ વસ્તુ પર મોહ ન થાય. પોતે વિચાર કરે તો પોતાનાં ન લાગે. શરીરનો વિચાર કરે કે પરવસ્તુ છે, પરવસ્તુમાં જીવ મૂંઝાયો છે. સિદ્ધ ભગવાન પણ આ દેહને નાખીને ગયા.

ભોગનો પણ વિચાર કરે તો ''સકળ જગત તે એઠવત્.'' એંઠવાડો જ બધો જીવ ભોગવે છે. વિચાર નથી તેથી મોહ થઈ જાય છે. સમજાતું નથી, વિચાર નથી તેથી. ભૂખ લાગે તો ખાડો પૂરવા નાંખવું. બધા ભોગના પદાર્થ જીવને કામના નથી, પણ ટેવ પડી ગઈ છે. ઉપરછલ્લું જુએ તો જીવને મોહ થાય એવું છે. પર્યાયદૃષ્ટિ જ એવી છે. શરીર ગંદવાડો છે. તેની ઇચ્છા કરી, કલ્પના કરી કર્મ બાંધે છે. પોતાનું નહીં તેના પર મોહ કરી કર્મ બાંધે છે. ત્યાગ ટકી રહે અને વૈરાગ્ય રહે એમ કરવાનું છે. વૈરાગ્ય ન હોય તો વસ્તુ મળે એમ નથી.

મુમુક્ષુ– વૈરાગ્ય કેમ નથી આવતો?

પૂજ્યશ્રી– વિચાર નથી. એ વિચાર આવવા સત્સંગ છે. સાંભળે ત્યારે વિચાર આવે. 'મનુષ્યભવ દુર્લભ છે' એમ સાંભળ્યું તો વિચાર આવે કે કંઈ કરી લેવું. સત્સંગની જરૂર છે. તેમાં કંઈક સાંભળવાનું મળે. સદ્‌વિચાર આવે તો વિવેક થાય, તેથી ત્યાગવા યોગ્યને ત્યાગે, ગ્રહણ કરવા યોગ્યને ગ્રહણ કરે.

છ પદમાં સમ્યક્‌દર્શન રહ્યું છે. વિચાર થાય તો વૈરાગ્ય થાય અને વૈરાગ્ય થાય તો જ્ઞાનીનાં વચનો સારાં લાગે; તેથી સમ્યક્‌દર્શન થાય. સત્પુરુષનું માહાત્મ્ય ઘણું છે, પણ જીવને સમજાતું નથી. 'છ પદ'ના પત્રમાં ઘણો વિસ્તાર કર્યો છે. તેનાથી વધારે વિસ્તાર થવા અર્થે ''આત્મસિદ્ધિ'' લખી. એકેક ગાથા પર સો સો ગાથા લખે તોય એનો અર્થ પૂરો થાય એમ નથી.

મુમુક્ષુ– વિવેકજ્ઞાન એટલે શું?

પૂજ્યશ્રી– વિવેક એ આત્માને ઓળખવાનો દીવો છે. આત્માના સમ્યક્‌જ્ઞાનાદિ છે તેનામાં કર્મની મિશ્રતા થઈ છે તે ટાળવા વિવેક, વૈરાગ્યની જરૂર છે. સંસાર કડવો છે તેને મીઠો માને તે અવિવેક છે. વૈરાગ્ય એ સંસારને ટાળવાનો ઉપાય છે. વૈરાગ્યને કડવો ગણે એ પણ અવિવેક છે. પ્રભુશ્રીજીએ કહ્યું હતું કે છ પદનો પત્ર અમારા ઉપર આવ્યો ત્યારે એવું થયું કે આત્મા સિવાય કંઈ જોવું નહીં. કોઈ ગચ્છમાં, મતમાં ઊભા ન રહેવું. બધાથી છૂટી આત્મા ઉપર આવવું.

આપણી આ વાત છે. આત્મા છે. અનાદિકાળથી જીવ ભૂલ્યો છે. દેહ છૂટી જાય, પણ આત્મા ન મરે, એટલું દૃઢ કરવાનું છે. આત્મા કદી ન મરે. આત્મા નિત્ય છે પણ એને ભાન નથી કે હું સંસાર વધારું છું. એ ભય લાગશે ત્યારે આંટા ઉકેલશે. કશું મારું નથી. ક્યાંય ચેન ન પડે એવું થશે, ખાવું-પીવું કશું ન ગમે એવી દશા થાય ત્યારે ખરો વૈરાગ્ય. જીવે કેટલાં દુઃખ ભોગવ્યાં છે! નરકનાં કેટલાં દુઃખ ભોગવ્યાં છે! દેવલોકનાં સુખ પણ ભોગવ્યાં, પણ જન્મમરણ છૂટ્યાં નહીં! હવે કશુંયે ભોગવવું નથી. ઘણું ખાધું, ઘણું પીધું, પણ હવે એ તરફ નજર ન કરવી. હવે તો ક્યારે સિદ્ધ થાઉં, ક્યારે સિદ્ધ થાઉં એમ કરવાનું છે. બીજી ઇચ્છાઓ, ભાવનાઓ છોડવાની છે. કર્મ બાંધે છે અને ભોગવે છે તેથી છૂટી શકાય છે, મોક્ષ થાય છે. ''કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય?'' આમ જેને થયું હોય અને તેને કોઈ કહે કે મોક્ષ છે તો કેવી શાંતિ થાય! મોક્ષનો ઉપાય છે. ''સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્‌ભાગ્ય.'' સમજાય તો મહાભાગ્ય. સમજાતું નથી, પણ સમજાય તો મંડી પડું, એવી ઇચ્છા મુમુક્ષુ જીવને હોય છે. એ જ કરવું છે. સમ્યક્‌દર્શનના

મુખ્ય નિવાસભૂત છ પદ છે. સમ્યક્ત્વ જો વિશેષપણે રહ્યું હોય તો આ છ પદમાં રહ્યું છે.

**‘‘ષટ્પદનાં ષટ્પ્રશ્ન તેં, પૂછ્યાં કરી વિચાર,**
**તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર.’’**

છ પદની શ્રદ્ધા કરી સાધવા માંડે તો મોક્ષ થાય. આરાધક જીવો હોય તેમને આ છ પદ સાંભળતાં જ એવો વિચાર ઉત્પન્ન થાય છે. અહો! એવી વાત છે! એમ લાગે. એ જ કામનું છે. ‘આત્મા છે’ આવા જ વિચાર આવે. ‘આત્મા છે’ એમ થાય તો એની જરૂરિયાત બધી પૂરી કરે, પણ એમ થતું નથી. થાય તો એની પૂરી સંભાળ લે. પૂર્વનું આરાધન ન હોય તો પણ સત્સંગે સાંભળે, બીજા વિચાર છોડી, કષાયની મંદતા કરે તો એ વિચાર થાય છે. અંતરંગ ઉપાધિ ક્રોધાદિ ચાર કષાય છોડી સત્સંગ કરે તો છ પદનો વિચાર થાય. આત્માની પાસે સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, મોક્ષ બધું છે, પણ એને ભાન નથી. ‘‘ભાન નહિ નિજ રૂપનું’’ બીજાની ઇચ્છા કરે, પણ પોતાની નહીં. છ પદનો વિચાર કરવાનું કહ્યું છે.

આત્માનું અવ્યાબાધ સુખ એને ભાનમાં આવતું નથી. એનું કારણ અનિત્ય વસ્તુમાં મોહ છે. તેથી જ એ ભાનમાં આવતું નથી; તેને લઈને ભાન થતું નથી. ‘હું અને મારા’માં રોકાઈ ગયો છે. પોતાનો વિચાર કરવાનો અવકાશ નથી. પૂર્વના સંસ્કારે એમ લાગે કે આત્માના વિચાર કરવા બેસું, પણ બીજા જ વિચાર આવે છે. એનું કારણ અનિત્ય વસ્તુમાં મોહ છે. ઠેકાણે ઠેકાણે જીવે પ્રેમ વેરી નાંખ્યો છે. તે બધેથી પ્રેમ ઊઠાડી ‘‘પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં.’’

આત્માના વિચાર કરવા જતાં દેહના વિચાર, કપડાંના વિચાર કરવા લાગી જાય છે. આત્મા ખોવાઈ જાય છે, તેની કિંમત નથી. આત્મા લાખો રૂપિયેય ન મળે એવો છે. જ્ઞાની મળ્યા હોય, સાધન મળ્યું હોય, તેમ છતાં આત્માનો વિચાર કરવા બેસતાં આત્મવિચારમાં ભૂલ આવે છે; માટે આ ભવમાં એવું ન થાય, એ સાચવવાનું છે. ‘આ જ મારે કામનું છે’ એવું જીવને થતું નથી. આ ‘છ પદ’ એ જ મારું સ્વરૂપ છે. એનો વિચાર કરતાં બીજા વિચાર આવે છે. એવું ઘણીવાર થયું છે. મોહ અનાદિકાળથી છે. મોહ, ખરો પુરુષાર્થ કરે ત્યારે ખસે એવો છે. આ ભવમાં એ કરવાનું છે. ખૂબ પુરુષાર્થ કરવાની જરૂર છે. આ ભવમાં ઘણો ઘણો પુરુષાર્થ કરવાની જરૂર છે.

સરળદશા એટલે જ્યાં સુધી યથાર્થ ન સમજાય ત્યાં સુધી ન માનવું. ‘‘આત્મસ્વરૂપનો નિર્ણય થવામાં અનાદિથી જીવની ભૂલ થતી આવી છે.’’ (૫૬૮) જ્ઞાની કહે તે માનવું એ સરળ ભાવના છે. ‘‘સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.’’ સમજણ કરવાની છે. તેને માટે ‘‘સદ્ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.’’ એ બે નિમિત્ત છે. એથી સિદ્ધ થવાય છે. જે સંપૂર્ણ સ્વરૂપને પામ્યા છે તેમનો લક્ષ રાખવો. અત્યારે કરીએ છીએ એથી વિશેષ પુરુષાર્થની જરૂર છે. જ્ઞાની બતાવે છે કે આમ કરવાથી અનંત સુખ પ્રાપ્ત થશે, આત્માનું અવ્યાબાધ સુખ પ્રાપ્ત થશે. પુરુષાર્થ કરશે તો આત્મસ્વરૂપ પ્રગટ થશે. પછી આખા ત્રણે લોક ‘આત્મા નથી’ એમ કહે તો પણ શ્રદ્ધા ખસે નહીં.

‘‘જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ.’’ જે કંઈ શંકા થાય તે ધીરજથી સહન કરવી. આગળ પર

સમજાશે એમ રાખે તો ધીરજ આવે, નહીં તો રખડે. ધીરજ અને વિચારની જરૂર છે. જગતમાં ઘણા ધર્મો છે, ઘણાં પુસ્તકો છે. તે જેણે વાંચ્યાં હોય તેને થાય કે આ સાચું હશે કે આ સાચું હશે? પણ ધીરજ રાખી વિચારે તો બધા ધર્મોમાં સર્વોત્તમ ધર્મ કયો છે, તે એને સમજાય. સંશય આવે તો ધીરજ રાખવી, વિચાર કરવો; નહીં તો પડી જાય. માટે વારંવાર વિચાર કરી વૈરાગ્ય વધારવો. વૈરાગ્ય મોક્ષનો ભોમિયો છે. અનિત્ય પદાર્થની જો ઇચ્છા છે તો દેહ જ મળશે. બધું દેખાય છે તે સ્વપ્ના જેવું છે.

જીવ સુખને માટે ફાંફાં મારે છે, પણ સુખ તો આત્મામાં છે. તે મૂકી પુદ્‌ગલની ઇચ્છા કરી કર્મ બાંધે છે. કોઈપણ જીવ બળતામાંથી છૂટે એવી જ્ઞાનીપુરુષની ઇચ્છા હોય છે.

**[વ૦ ૫૭૧]** (રાતના સભામાં) ૩૯૦ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા સુદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સોભાગભાઈએ પ્રશ્ન કર્યો કે સમયે સમયે ઘણા જીવો મોક્ષે જાય છે તો એ બધા સંસારમાંથી ખૂટી પડશે? સંસાર બધો નાશ તો નહીં થાય? કૃપાળુદેવ ઉત્તર આપે છે કે વધારેમાં વધારે એક સમયમાં એકસો આઠ જીવો સિદ્ધ થાય. દરેક સમયમાં એકસો આઠ, એકસો આઠ જીવો સિદ્ધ થાય છે એમ ગણીએ તો પહેલાં જે સિદ્ધ થયા છે અને હવે થશે તે કરતાં અનંતગણા જીવો સંસારમાં રહે છે. સંસારમાં રહ્યા છે તેના હિસાબમાં મોક્ષે ગયા છે તેમનો કંઈ હિસાબ નથી. આખો લોક જીવોથી ઠાંસી ઠાંસીને કાજળના કૂપાની પેઠે ભરેલો છે. એમાંથી ઉત્કૃષ્ટ રીતે એક સમયમાં એકસો આઠ સિદ્ધ થાય. મનુષ્ય હોય તે જ મોક્ષે જાય. બીજી ગતિમાં મોક્ષ ન થાય. સંસારનો ઉચ્છેદ થાય તો સારું છે. બધા મોક્ષે જાય તો શું બગડી જવાનું છે? સારું છે, પણ એમ થતું નથી.

મુમુક્ષુ– એકસો આઠ જીવો ઉત્કૃષ્ટ રીતે એક સમયમાં સિદ્ધ થાય તે ભરતક્ષેત્રમાં જ કે?

પૂજ્યશ્રી– બધા આખા અઢી દ્વીપમાં મળીને. પાંચ ભરત, પાંચ ઐરાવત, પાંચ મહાવિદેહ આદિ અઢી દ્વીપના બધા ક્ષેત્રમાં મળી એકસો આઠ જીવો વધારેમાં વધારે એક સમયમાં સિદ્ધ થાય છે.

ઉપાધિ કરવામાં આવે અને અસંગદશા રહે એ બનવું બહુ મુશ્કેલ છે. સંપૂર્ણ અસમાધિ તો નથી. મુમુક્ષુ થાય ત્યારથી કંઈ સમાધિ તો હોય છે, પણ અસંપૂર્ણ-અસમાધિપણું છે તેનાં કારણો બધાં દૂર કરી આત્મામાં સ્થિર થવાય તેવા નિમિત્તોમાં રહેવું. જીવને મિથ્યાત્વ અવસ્થા છે ત્યાં એને સંપૂર્ણ અસમાધિ છે. એ દશા ગયા પછી ચારિત્રમોહને લઈને જે કંઈ અસમાધિ રહે છે તે અસંપૂર્ણ-અસમાધિ છે.

**[વ૦ ૫૭૨]** ૩૯૧ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જીવને આત્મસ્વરૂપનું ઓળખાણ થયા પછી સહજદશા થઈ જાય છે. પોતાના આત્માની દશા કેવી કરવી છે? તે જીવ ભૂલી જાય છે. ગમે તેવા ભાવોમાં ઉદાસીનતા રહે,

વિભાવદશામાં વૃત્તિ ન જાય એવી દશા કરવાની છે. પોતાના પરિણામ શુદ્ધ રાખવાના છે. સિદ્ધદશા છે તે અત્યંત શુદ્ધ છે. એવું જ પોતાનું સ્વરૂપ છે. સહજસ્વભાવ થયા પછી પુરુષાર્થ કરવો પડતો નથી. સહજભાવે આત્મસ્વભાવમાં રહેવાય છે. શ્રેણી માંડે ત્યારે પુરુષાર્થ કરવો પડે પણ, પછીથી પુરુષાર્થની જરૂર રહેતી નથી. જીવે ખરું સ્વરૂપ જાણ્યું નથી.

**"જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય;**
**સુખ દુઃખ આવ્યે જીવને, હર્ષ શોક નવિ થાય."**

કેવળજ્ઞાનનું નામ તીવ્ર જ્ઞાનદશા છે.

**"કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ."**

પાંચે પરમેષ્ઠીનું સ્વરૂપ સહજાત્મસ્વરૂપ છે. જીવનું કલ્યાણ કેમ થાય, એ જ્ઞાની જાણે છે. નવકારમંત્રમાં અને સહજાત્મસ્વરૂપમાં ભેદ નથી. તીવ્ર જ્ઞાનદશા હોય તો બંધન ન થાય. કર્મને લઈને આખું જગત છે. પણ આત્મા કંઈ વનસ્પતિ નથી, ઝાડ નથી, એકેન્દ્રિય નથી, બેઇન્દ્રિય નથી. કર્મને લઈને બધું દેખાય છે. બધા વિભાવથી ઉદાસ થઈ પોતાનું જે સહજ સ્વરૂપ છે, તેમાં વૃત્તિ રાખવાની છે. વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ એ સહેજે રહે એવું કરવાનું છે. જેણે સમ્યક્દર્શન પ્રાપ્ત કરવું હોય તેણે યોગનાં બીજ એવાં ત્યાગ, વૈરાગ્ય આદિ લાવવાં. વિભાવમાં ન તણાય તો બંધ ન થાય. વિભાવમાં વૃત્તિ ન જાય અને સહજસ્વરૂપમાં વૃત્તિ રહે એને ભગવાને છુટવાનો રસ્તો કહ્યો છે. જ્ઞાન એટલે –

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦"**

એ મૂળ જ્ઞાન છે. તે વૃક્ષ જેવું થાય ત્યારે કેવળજ્ઞાન થાય છે. એ આવ્યા વિના મોક્ષ ન થાય. ભગવાને ચોથા ગુણસ્થાનકથી માંડી ચૌદમા ગુણસ્થાનક પર્યંત જે વર્ણન કર્યું છે, તે તીવ્ર જ્ઞાનદશા લાવવા માટે કર્યું છે.

એ વાત કોઈક જીવ જ સમજી શકે છે. એનો ભાવ ભાસવો મુશ્કેલ છે, અહંભાવ છૂટવો મુશ્કેલ છે. અજ્ઞાન છે ત્યાં અંધારું છે. સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર એ આત્માનો ધર્મ છે. સત્પુરુષ દ્વારા શાસ્ત્ર સમજવાનાં છે, નહીં તો શસ્ત્રરૂપ પરિણમે. પોતાના ભણી જીવ વળતો નથી. પોતાના દોષો ભણી વૃત્તિ જવી મુશ્કેલ છે. આખું જગત પારકા દોષો જોવામાં પડ્યું છે. પોતાના દોષ જોવા માંડે ત્યારે છૂટવાની કામના જાગે અને અલૌકિક દૃષ્ટિ થાય. જીવ અજ્ઞાનદૃષ્ટિના સંસ્કારો લઈને આવ્યો છે તેથી અજ્ઞાનદૃષ્ટિમાં રાચી રહ્યો છે. જે એને અજ્ઞાનથી સારું લાગ્યું છે તે મટવું કઠણ છે. "સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે." (૧૬૬) તે પરમાર્થદૃષ્ટિથી સમ્યક્દૃષ્ટિને નજરે આવે છે. અજ્ઞાનના સંસ્કાર મટવા બહુ મુશ્કેલ છે. જેને કંઈ જાણવું હોય તેણે જ્ઞાનીનો આશ્રય કરવો, તો પછી શાસ્ત્ર વાંચવું સફળ થાય. નહીં તો જીવ પોતાની બુદ્ધિ આગળ કરે છે. કૃપાળુદેવ મુનિઓને શાસ્ત્ર વાંચવા મોકલતા ત્યારે

ભલામણ કરતા કે સત્સંગ, વૈરાગ્ય, ઉપશમ અર્થે વાંચવા, વિચારવા યોગ્ય છે. જીવ કેમ ભૂલો પડ્યો છે, તે તો જ્ઞાની જ જાણે છે. બીજાને ખબર ન પડે. પોતાની મેળે પાર ન આવે.

**"વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો."**

ઘણુંયે કર્યું પણ મોક્ષમાર્ગ હાથમાં ન આવ્યો. જ્ઞાની મળે ત્યારે જીવને "આત્માથી સૌ હીન" એમ લાગે.

તીવ્ર જ્ઞાનદશા પામવા માટે પ્રથમ જ્ઞાનદશા જાણવી. એ દશા જાણવી મુશ્કેલ છે. માટે ભક્તિ કરવી, તો સુલભ થશે. જ્ઞાનીની ભક્તિ સ્ફુરે તો આત્મસ્વરૂપ પ્રાપ્ત થાય. "જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરૂના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહજે આત્મબોધ થાય." (૪૯૩) જ્ઞાનીની ભક્તિ થાય ત્યારે અપૂર્વતા લાગે. આજ્ઞાએ વર્તે ત્યારે સ્વચ્છંદ ટળે અને પછી જ્ઞાનદશા પ્રાપ્ત થાય. જ્ઞાનીપુરુષ એ જ પરમેશ્વર છે. 'હું કંઈ જાણતો નથી' એમ કરી જ્ઞાનીને શરણે જવું. જ્યાં અહંભાવ હોય ત્યાં જ્ઞાનીનો આશ્રય ન રહે. બને તેટલી જ્ઞાનીની આજ્ઞા આરાધવી. જ્ઞાનીપુરુષનો આશ્રય એટલે મન પણ જ્ઞાનીને સોંપે. અને જ્ઞાનીપુરુષનું શું કહેવું છે, તે લક્ષમાં રહે તો જ્ઞાનીપુરુષનો આશ્રય છે. જ્ઞાનીની આજ્ઞામાં ચિત્ત રાખવું.

"आणाए धम्मो, आणाए तवो ।"

જ્ઞાનીની આજ્ઞા આરાધવાનું જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કહ્યું છે. મન જ્ઞાનીની આજ્ઞામાં રાખવું બહુ કઠણ છે. "કપટ રહિત થઈ આતમ અરપણા." જ્ઞાનીના ચરણમાં મનને સ્થાપવું એ ખરો આશ્રય છે. ચરણ એટલે આત્માની ચેષ્ટા અથવા એનું કહેલું વચન તે ચરણ છે. જ્ઞાનીની આજ્ઞા આરાધતાં જીવને પોતાનું ભાન થાય છે. જ્ઞાનીપુરુષને ન ભૂલવા, એ બધાનો સાર છે. જ્ઞાનીની આજ્ઞા આરાધવામાં મન રહે તો જ્ઞાનીના વચનોની અપૂર્વતા સમજાય. "અપૂર્વ વાણી પરમશ્રુત" એના વિચાર કરવાથી જ્ઞાની જેવો બીજો કોઈ અપૂર્વ ન લાગે, તો મન જ્ઞાનીના ચરણમાં સ્થપાય.

પાંચ ઇન્દ્રિયના વિષયોથી જીવ છૂટે તો આજ્ઞા આરાધાય. પાંચ ઇન્દ્રિયના વિષયોથી જેમ બને તેમ દૂર રહેવું. જેટલા વિષયોનો ત્યાગ થાય તેટલા ત્યાગવા. જે ન તજાય એવા હોય અને ભોગવવા પડતા હોય તેમાં ઉદાસીનતા રાખવી. જેમ રોગ થયો હોય અને દવા કરવી પડતી હોય તો તેમાં આનંદ આવતો નથી, તેમ પાંચ ઇન્દ્રિયના વિષયો ભોગવવા પડતાં હોય તો દવાની પેઠે રોગરૂપ જાણી પ્રવર્તવું ઘટે. જ્યારે જીવ પુરુષાર્થ કરવા લાગે છે ત્યારે કર્મ પણ જોર કરે છે. કર્મ ઉદયમાં આવે ત્યારે જીવ પોતાને ભૂલી જાય છે. જીવ પુરુષાર્થ કરવા જાય ત્યારે કર્મ ભૂલવે છે. જેને છેદવું છે તેમાં જ લુબ્ધાઈ જાય છે. આ વસ્તુ ત્યાગું તો કેમ ચાલે? એ તો પછી છોડી દઈશ. હું જાગૃત રહીશ, તેથી દોષ નહીં લાગે. એમ કરતાં કરતાં જીવ તેમાં ભળી જાય છે. પણ મારો દોષ વધે છે એવો ભય નથી લાગતો. દોષોને જીવ છોડવા જાય છે ત્યારે પગ કંપે છે.

સત્પુરુષ પ્રત્યે આશ્રયભક્તિ કરવામાં પાંચ ઇન્દ્રિયોના વિષયો વિઘ્નરૂપ છે. તેનો ત્યાગ બે પ્રકારથી થઈ શકે છે. એક તો તેને છોડી દેવાં. બીજો પ્રકાર વિચારથી કરી તુચ્છપણું સમજાવવું.

પાંચ ઇન્દ્રિયોના વિષયો છોડવા યોગ્ય છે. ત્યાં વૃત્તિ ન જવા દેવી. પાંચ ઇન્દ્રિયના વિષયોની તુચ્છતા એમની એમ નથી લાગતી. ત્યાગ કરે તો વિચાર આવે, તુચ્છતા લાગે અને ત્યાગ દૃઢ થાય. વિચાર કરે તો એ મોટો રસ્તો છે. રાજમાર્ગ જેવો છે. વિચારથી કરી તુચ્છપણું સમજવાવાળા પુરુષો તો કોઈક જ હશે. મુખ્ય માર્ગ તો પહેલો પ્રકાર છે. પાંચ ઇન્દ્રિયના વિષયોનો ત્યાગ એકદમ ન થતો હોય તો તેને શત્રુરૂપ જાણી ક્રમે ક્રમે છોડવા.

આરંભ પરિગ્રહથી પાંચે જ્ઞાન આવરણ પામ્યાં છે. એ જાય તો જ્ઞાન થાય. આરંભપરિગ્રહ જાય તો જ્ઞાન થાય. જીવને જેટલું માહાત્મ્ય હોય તેટલું પરિણામ પામે. ભક્તિ આવ્યા વિના જ્ઞાનીનાં વચનો પરિણામ ન પામે. ભક્તિ જાગે તો જ જ્ઞાન પામે. પાંચ ઇન્દ્રિયના વિષયોથી મન રોકાય તો ભક્તિ થાય. આરંભપરિગ્રહ જીવને ખેંચે છે. પાપનું કામ કરવું તે આરંભ છે અને આરંભ કરીને વસ્તુ મેળવવી તે પરિગ્રહ છે.

વિરોધી સાધનો દૂર થાય તો ભક્તિ થાય, જ્ઞાનદશા વધે અને પછી તીવ્રજ્ઞાનદશા પામે. એ કોઈક વાર સાંભળ્યાથી ન થાય, પણ વારંવાર એનો વિચાર કરે, પ્રસંગે પ્રસંગે એનો જ વિચાર કરે, એમ કરતાં કરતાં એ વિરોધતા ટળે ત્યારે આશ્રય ભક્તિ થાય. જાગતા રહેવાની જરૂર છે. બધું સ્વપ્ના જેવું છે. તેને સાચું માનવાનો અભ્યાસ થઈ ગયો છે.

[વ૦ ૫૭૨] ૩૯૨ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– તીવ્ર જ્ઞાનદશાનું ફળ બંધન ન થાય. કષાય હોય તો બંધાય. કષાય ગયા પછી મોક્ષ, એટલે બંધન ન થાય. એટલી તીવ્ર જ્ઞાનદશા હોય ત્યારે સહજ સ્વભાવ રહે છે. તીવ્ર જ્ઞાનદશાનું ફળ એવું છે કે બંધન ન થાય. કષાય ન હોય, બંધન ન હોય અને સહજપણે આત્મા રહે તે કેવળજ્ઞાન છે. બધાને જાણે છે અને ઉદાસીનતા રહે છે. રાગ-દ્વેષ ન કરે. અસંગ એટલે બીજા દ્રવ્યથી જુદો, ભિન્ન. તદ્દન બેય દ્રવ્ય જુદા છે. ''હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું.'' (હાથનોંધ ૧/૭) મુખ્યપણે જગતના પદાર્થોથી ભિન્ન છું. એક દ્રવ્ય બીજા દ્રવ્યથી મળતું નથી. પોતાના જે પર્યાય છે તે અત્યંત શુદ્ધ એટલે વિભાવભાવથી મુક્ત છે. એને માટે પુરુષાર્થ ન કરવો પડે. સહેજે શુદ્ધ ભાવ જ રહે. એ આવ્યા પછી બંધન ન થાય. ઘાતીકર્મનો ક્ષય થવાથી એવી જીવની દશા થાય છે. દેહ અને આત્મા તદ્દન આભ-જમીનની જેમ ભિન્ન છે. વિભાવમાં જીવ છે ત્યાં સુધી એ દશાનો ખ્યાલ આવવો બહુ મુશ્કેલ છે. અનાદિનો અભ્યાસ બીજો છે, એ દશા સાંભળી પણ નથી. કલ્પના એ સત્ નથી. કલ્પના અને સત્ જુદાં છે. જે કરતા આવ્યા છીએ તે તજવા જેવું છે, એમ લાગવું બહુ મુશ્કેલ છે.

કેવળી ભગવાને જે દશા પ્રાપ્ત કરી છે, એવી દશાનો ખ્યાલ પણ ન આવે. જીવ મોક્ષની કલ્પના કરે કે મોક્ષમાં કેમ રહેવાય? ત્યાં ખાવાપીવા જેવું તો નથી. શું કરીએ ત્યાં જઈને? એમ કલ્પના કરે છે. જે કલ્પિત વસ્તુ છે, તેને સારભૂત માની છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ સારી છે

એમ માને છે. 'ત્યાગમાં સુખ છે' એમ બેસવું બહુ મુશ્કેલ છે. જ્ઞાની મળે તેનો પરિચય થાય તો સમજાય કે હું માનું છું તે ખોટું છે. પણ પહેલાંથી જ એને કહે કે ખાવું દુઃખરૂપ છે, પૈસા દુઃખરૂપ છે તો એને ગમે? વધારે પરિચય થાય ત્યારે ગમે.

ઘણીવાર સાચી વસ્તુ સાંભળવા મળે તો વિચાર આવે. કંઈક કષાય મંદ થાય તો ભક્તિ જાગે. એ પ્રશસ્ત રાગ છે. એથી પછી ત્યાગમાં રસ આવે. જીવ પ્રવૃત્તિ કરે છે તે અસત્ય લાગે, તજવા યોગ્ય લાગે, એમ એકદમ ખરાબ ન લાગે. લૌકિક અને અલૌકિક બેય દૃષ્ટિ જુદી છે. પશ્ચિમ-પૂર્વ જેટલો તફાવત છે. અલૌકિક દૃષ્ટિ પહેલાં એને સારી ન લાગે. ભક્તિમાર્ગ એવો છે કે દોષો જાય. જ્ઞાનીની ભક્તિ જાગે તો મનાય. જ્ઞાનીમાં પરમેશ્વર બુદ્ધિ થયા વિના, મન સ્થિર થયા વિના ભક્તિ કહેવાય નહીં. એ સહેલું નથી. જગતની વિસ્મૃતિ અને સત્‌ના ચરણમાં રહેવું મુશ્કેલ છે. જ્ઞાનીની આજ્ઞા આરાધતાં મન સ્થિર થાય અને માહાત્મ્ય લાગે.

"आणाए धम्मो, आणाए तवो ।"

જ્ઞાનીની આજ્ઞાએ ધર્મ અને તપ કહ્યાં છે. મનને જ્યાં અપૂર્વતા લાગે ત્યાં જાય છે. સંસારમાં અનંતવાર ગ્રહણ કરેલી વસ્તુઓ છે. જ્યારે ભવે ખેદ થાય ત્યારે લાગે કે એવું તો અનંતવાર કર્યું છે. મારે જન્મમરણ છોડવાં છે, એમ લાગે તો ભક્તિ જાગે. જ્ઞાનીપુરુષનાં વચનો કષાયરહિત છે. બીજાં વચનો કષાયવાળાં છે. જ્ઞાનીનાં વચનો સાંભળીને કષાય મૂકવાના ભાવ થાય છે. જ્ઞાનીનાં વચનો એને અપૂર્વ લાગે કે આ તો કોઈ દિવસે મેં સાંભળ્યાં જ નથી. જ્ઞાનીનાં વચનો ગંભીર આશયવાળાં છે. "સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે." (૧૬૬)

બળવાન વચનો છે, જ્ઞાની જ્ઞાનની જ મૂર્તિ છે એમ અપૂર્વ ભાવ આવે તો એને જ્ઞાનીનાં વચનો ચોંટે. આશ્રયભક્તિ કરવી હોય તેણે તેમાં જે વિઘ્નો આવતાં હોય તે દૂર કરવાં. એક તો અપૂર્વતા લાગે, પાંચ ઇન્દ્રિયોના વિષયથી ઉદાસ થાય; તો આશ્રયભક્તિ થાય. એમાં વિઘ્ન કરનાર પાંચ ઇન્દ્રિયોના વિષયોનો અનાદિથી સંબંધ છે, એનો ત્યાગ કરવો. જ્ઞાનીપુરુષના આશ્રયને જણાવનારાં વાક્ય છે.

સ્વચ્છંદ, મિથ્યાગ્રહ, પ્રમાદ એ દોષો છે. એ બધાય જ્ઞાનીના આશ્રયથી જીવને પાછો પાડે એવા છે. બને તો ત્યાગ કરવો, ન થતો હોય તો ડરતા રહેવું, રોગ માનવા. પાંચ ઇન્દ્રિયના વિષય-ભોગ તે રોગ જેવા લાગે, એટલો વૈરાગ્ય હોય તો આશ્રય થાય. જેને ભક્તિ કરવી હોય તેણે પાંચ ઇન્દ્રિયના વિષયથી ઉદાસીનતા રાખવી. કષાય, પ્રમાદ, સ્વચ્છંદ આદિથી દૂર રહેવું. "કપટરહિત થઈ આતમ અરપણા" કપટરહિત થવું.

**"ચિત્તપ્રસન્ને રે પૂજનફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ;**
**કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ."** (આ૦ ૧)

મન જો બીજે હોય તો જ્ઞાનીની ભક્તિ ન થાય. જીવ પોતાના દોષ જોતો નથી. જ્ઞાનીઓ આપણને નથી દેખાતા એવા દોષો બતાવે છે, તે કાઢવાના છે. બીજા કામમાં જેવી કાળજી છે તેવી એમાં પણ રાખવી. જીવ દોષ છેદવા ઊભો થાય છે, પણ પાછો દોષનો પક્ષ કરે છે. એવું જીવનું

વર્તવું છે. ખરેખરા ચોખ્ખા થઈને આવો, એમ જ્ઞાની કહે છે. મિથ્યાત્વના ઉદયથી વિપરીત કરે છે. જે છોડવાનું છે તેમાં રાગ કરે છે. ભ્રાંતદશા છે. જે છેદવું છે તેને જ પોષે છે.

"તે એકાગ્રબુદ્ધિ એવા પ્રકારની હોય છે કે 'મને આ પ્રવૃત્તિથી તેવો વિશેષ બાધ નહીં થાય, હું અનુક્રમે તેને છોડીશ; અને કરતાં જાગૃત રહીશ;' એ આદિ ભ્રાંતદશા તે દોષ કરે છે, જેથી તે દોષનો સંબંધ જીવ છોડતો નથી, અથવા તે દોષ વધે છે, તેવો લક્ષ તેને આવી શકતો નથી."

એમ જીવ કરે છે. પોતાને નુકસાન કરે તેને પોષે છે. હાથે કરીને પગ પર કુહાડો મારે છે. વિષયમાં જીવ તન્મય થઈ જાય છે. બુદ્ધિ વિપરીત છે. ભ્રાંતદશા છે. દોષ છેદવા તૈયાર થયો અને પાછો એને જ સારો માને. જે છોડવાનું છે તેને પંપાળ પંપાળ કરે તો ન જાય. જીવ છોડશે ત્યારે છૂટશે. એમનું એમ તો અનાદિકાળથી છૂટ્યું નથી. એની મેળે છૂટે નહીં. જે જે પ્રકારે દોષો થાય તેવાં સાધનને છોડવાં. બીજો, વિચાર કરીને તુચ્છ માને. તદ્દન છૂટે પણ નિમિત્તાધીન જીવ છે, એથી દૂર જઈને વિચાર કરે તો થાય, નહીં તો એમાં જ પાછી વૃત્તિ રહે. સાધન ત્યાગ વિના વિચાર ન થાય, જેમ ઉપદેશ બોધ પહેલો અને પછી સિદ્ધાંત બોધ છે. જ્યાં સુધી ત્યાગ-વૈરાગ્ય ન હોય ત્યાં સુધી બુદ્ધિને માર માર કરે, પણ માત્ર મનનો આમળો.

પૂર્વના સંસ્કાર હોય તેને ભોગ્ય વસ્તુ હોવા છતાં અનિષ્ટ લાગે છે. તીર્થંકરને દેવો ઘણી વસ્તુ લાવી આપે છે, પણ તીર્થંકર ભોગમાં ઉદાસ રહે છે, એવી તેમની દશા હોય છે. કૃપાળુદેવને પણ ઉપાધિ ગમતી ન હતી. વૈરાગ્ય હોય તો ઠીક છે. શરૂઆતમાં તો ત્યાગ કરીને વિચાર કરવાનો છે. ત્યાગ કરવો. અનંતકાળથી પાંચ ઇન્દ્રિયોના વિષય પાછળ પડ્યા છે. ગાંડો થયો છે. ખાવાનું જાણે કોઈ દિવસે ખાધું ન હોય, દુકાળમાંથી આવ્યો હોય એમ તન્મય થાય છે. પાંચ ઇન્દ્રિયોના વિષયમાં શત્રુતા કર્યા વિના ભક્તિમાર્ગ, આશ્રયભક્તિમાર્ગ સિદ્ધ ન થાય. સમ્યક્ત્વ થાય એટલી શક્તિ બધાને છે, પણ મિથ્યાત્વને લઈને તત્ત્વવિચાર ભણી વૃત્તિ જતી નથી. મિથ્યાત્વને લીધે અનંતકાળ ગયો છે. ઘણી વખત અવધિજ્ઞાનાદિ પણ થયાં, પણ આત્માનું ભાન ન થયું. મરણનો ભય લાગતો નથી. જેને જાગૃતિ છે એવા પુરુષથી જાગૃતિ આવે છે. પોતે સ્વચ્છંદે કરે તેથી જાગૃતિ ન થાય.

**"પરમનિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય જિનેસર."** (આ૦ ૧૫)

અંદર ગરજ હોય તો થાય. આત્માનો વિચાર કરવા માટે આશ્રમમાં રહીએ છીએ. અનંતકાળથી સંસાર અને એનાં કારણો ગમે છે. બીજી વસ્તુ પર મમતા તે પરિગ્રહ છે તે પ્રેમ ઉઠાડવો. સત્પુરુષ કરતાં પરિગ્રહ ઉપર વધારે પ્રેમ હોય તો સત્પુરુષ ન સાંભરે. દોષો કાઢવા હોય તો મમતા ઓછી કરવી, તેના સાધનો ઓછાં કરવાં. જેનો વધારે પરિચય હોય તે છોડવો. રોગરૂપ જાણી વર્તવું. દોષ મોળા પડે તો આશ્રયભક્તિ થાય, નહીં તો નહીં થાય. વિરોધતા ટળે તો આશ્રય થાય. ભક્તિ વિના પરિણમે નહીં. દોષો ન જાય. દુકાન કરી હોય અને કોઈક દહાડો ઉઘાડે તો વેપાર ન થાય. આપણે શું વિચાર્યું? શું સાંભળ્યું? એનો ક્ષણે ક્ષણે લક્ષ રાખે ત્યારે થાય. ગોખવાનું હોય તેમાં કેટલી કાળજી રાખવી પડે છે.

"દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ તેથી અનંત ગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંતભવ એક ભવમાં ટાળવા છે." (૮૪) ભરત ચક્રવર્તીએ પોતાને ચેતવવા માટે નોકરો રાખ્યા હતા. 'ભરત ચેત, ભરત ચેત.' એમ તેઓ કહેતા.

**[વ૦ ૫૭૨]** (સાંજના ઉપર) ૩૯૩ શ્રીમદ્ રા. આ. અગાસ,
દ્વિ. વૈશાખ સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– તીવ્રજ્ઞાન હોય તો મન સ્થિર થાય. જ્ઞાન, જ્ઞાનરૂપે જ પરિણમે. જે જ્ઞાનીપુરુષનાં વચનોનો આશય છે તેમાં મન જોડાય તો પછી બીજા વિકલ્પો ન રહે. જ્ઞાનમાં જેટલી લીનતા છે તેટલી મનસ્થિરતા છે. અસાર પ્રવૃત્તિમાં જીવને માહાત્મ્ય લાગ્યું છે તેથી મન સ્થિર થતું નથી. અસ્થિરપણું ઘણું થાય છે, તેથી મન સ્થિર થતું નથી. જ્ઞાનીના આશ્રયે જ્ઞાન થાય છે, એ ટૂંકો રસ્તો છે. જ્ઞાનીની આજ્ઞા જેમ જેમ વધારે આરાધે તેમ તેમ મન સ્થિર થાય. બીજું એને ગમે છે તેથી જ્ઞાનીપુરુષના ચરણમાં એનું મન સ્થિર થતું નથી. જ્યાં અપૂર્વતા લાગે ત્યાં જ મન જાય છે. કૃપાળુદેવે જે અસ્થિરતાના કારણો કહ્યાં તે બધાં છોડવાં જોઈએ તો મન સ્થિર થાય. એને છૂટવાના ભાવ થાય છે, પણ પાછો એમાં ને એમાં તણાય છે. વિઘ્નકર્તા પાંચ ઇન્દ્રિયના વિષયો દૂર કરે તો તેથી વિચારનો અવકાશ પ્રાપ્ત થાય, તેથી મન સ્થિર થાય. ખાવું પીવું ગમે તે વખતે વારંવાર વિચારે કે મારું મન બીજે કેમ જાય છે? સદ્ગુરુના ચરણમાં કેમ સ્થિર થતું નથી? જ્ઞાનીપુરુષનો દૃઢાશ્રય થાય તો જરૂર મોક્ષ થાય. જીવને દૃઢાશ્રય નથી થયો. સત્પુરુષ પ્રત્યે પ્રેમ એને થયો નથી. દૃઢાશ્રય થાય તો પછી બીજે મન ન જાય. થોડીક વાર થાય કે તપાસવું કે મન ક્યાં જાય છે? તો મન સ્થિર થાય એવું છે. સૂતી વખતે, ઊઠતી વખતે, ખાતી વખતે વારંવાર સાંભરે કે કેમ મન સ્થિર થતું નથી? તો જ્ઞાનીના ચરણમાં મન સ્થિર થાય.

**[વ૦ ૫૭૩]** ૩૯૪ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આ સંસાર જન્મ, મરણ અને વૃદ્ધાવસ્થા, એ દુઃખોથી ભરેલો છે. કોઈ બચાવે એમ નથી. સંસારનું સ્વરૂપ દુઃખ જ છે એમ લાગે ત્યારે છૂટાય છે. સંસારથી છૂટવા શું કરવું? તો કે સંસારમાં સુખની શ્રદ્ધા છે તે કાઢી નાખવી. સંસાર દુઃખનો દરિયો છે. સુખ છે જ નહીં. ક્યાંથી મળે? એ છુટશે ત્યારે સુખનો માર્ગ હાથ આવે તેવો છે. છૂટવાનો રસ્તો આત્મજ્ઞાન છે. "સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે." (૫૬૯) સંસારનાં કારણોનો વિચાર કરે તો સંસારભાવ છૂટે. જ્યાં સુધી સંગનો મોહ છે ત્યાં સુધી આત્માનો વિચાર નથી આવતો. સંગ છે તે મને બાધારૂપ છે એમ જીવને નથી લાગતું. જ્યાં સુધી સંસારભાવ છે ત્યાં સુધી સંસાર જ છે. મારું માન્યું છે તેથી જીવને દુઃખ નથી લાગતું. કોઈ કાળે સંસારમાં સુખ નથી. સંસારની આસ્થા છૂટી નથી. સંસારની આસ્થા છોડવાનું જ્ઞાનીઓ કહે છે. સંસારનું સ્વરૂપ વિચાર્યું નથી. જીવ પરાધીન પડ્યો છે, તેથી છૂટવાનો વિચાર આવતો નથી.

**"નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા."** (૧૫)

પરિગ્રહ છે તે મમતા છે. એક પરમાણુમાત્રમાં પણ જ્યાં સુધી મારાપણું હોય ત્યાં સુધી મોક્ષે ન જવાય.

[વ૦ ૫૭૬] (રાતના સભામાં) ૩૯૫ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા સુદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— કૃપાળુદેવનું ચિત્ત જગતની વસ્તુઓમાં પ્રવેશ કરતું નથી. જેને સાચું તે સાચું અને ખોટું તે ખોટું લાગ્યું તે ખોટામાં ખોટી ન થાય. કલ્પિત એટલે જે વસ્તુ નાશવંત છે, એ વસ્તુનું માહાત્મ્ય લાગે છે, તે કલ્પનાથી છે. કલ્પનાના આધારે બધાં કાકા-મામા નામ પડે છે. છે તો પુદ્ગલ અને જીવનો સંયોગ. કોલસો ને હીરો બન્ને પુદ્ગલ છે. જગતનું સ્વરૂપ એવું છે કે આજે છે તે કાલે નહીં. બાળક છે તે બાળકરૂપે ન રહે. મનુષ્ય છે તે મનુષ્યરૂપે ન રહે. યુવાન તે યુવાનરૂપે ન રહે. તે જગતની કલ્પિત વસ્તુને જાણવી છે, સાંભળવી છે! બધું મૂકીને જવાનું છે. ગમે તેટલી કીર્તિ હોય પણ મરે ત્યારે બધી કીર્તિ અહીં જ પડી રહે. ચક્રવર્તી છ ખંડ જીતી ઋષભકૂટ પર્વત ઉપર પોતાનું નામ લખવા જાય છે, પણ ત્યાં એટલા બધા ચક્રવર્તીઓનાં નામ હોય છે કે એને પોતાનું નામ લખવાની જગ્યાએ ન મળે. તેથી બીજા કોઈનું નામ ભૂંસી નાંખી પોતાનું નામ લખે છે. બીજો કોઈ એનું નામ ભૂંસી નાંખી પોતાનું નામ લખે. એમ બધું નાશવંત છે. ખાવું પીવું એ તો જીવ અનાદિથી કરતો આવ્યો છે. કલ્પિતની પ્રવૃત્તિમાં ખોટી થવું એ શું કામનું છે? જગતના જીવોને જે માહાત્મ્ય લાગ્યું છે તે જ્ઞાનીને મટી ગયું છે. બે વસ્તુ છે, જડ ને ચેતન. જગતની બધી વસ્તુઓ નાશવંત છે. ઘડીકમાં છે ને ઘડીકમાં નહીં. વાદળાંની પેઠે કર્મ બધાં ફરતાં છે. તેમાં શું જોવા ખોટી થવું? વ્યવહારની પ્રવૃત્તિમાં ચિત્ત ચોંટતું નથી અને પ્રવૃત્તિમાં પરમાર્થ સંબંધી વાત ન કરવી એમ એમનો વિચાર છે. જ્યારે પરમાર્થ ઉપયોગરૂપ હોય ત્યારે પરમાર્થ કહીએ તો ઠીક છે, પણ ઉપયોગ બીજામાં હોય તે વખતે એવી પરમાર્થની વાત કરવી તે કૃત્રિમ જેવી લાગે છે. પ્રારબ્ધનો ઉદય વેપારાદિ છે તે રોકાયો નથી ત્યાં સુધી પરમાર્થ સંબંધી કંઈ કહેવું નથી. વ્યવહારની વાતો બધી કલ્પિત લાગે છે. પરમાર્થની વાત સારી લાગે છે, પણ જ્યાં સુધી વેપાર આદિની પ્રવૃત્તિ છે, ત્યાં સુધી એવી વાત કરવી યોગ્ય નથી લાગતી. વિક્ષેપનાં કારણો દૂર તો કરવાં છે, પણ જેમ જેમ હડસેલીએ તેમ તેમ વધે છે.

ગઈ સાલ કરતાં આ વખતે મોતીનો વેપાર બમણો થયો છે. તેમાં લોભનું કારણ જણાતું નથી. પૈસા મળશે તો સુખી થઈશું એમ પણ જણાતું નથી. વિષયકષાયને પોષવા એ કરીએ છીએ એવું તપાસતાં જણાતું નથી; પણ પ્રારબ્ધને લઈને પ્રવૃત્તિ થાય છે. જગતને 'લઉં લઉં' એમ થાય છે અને અમને 'મૂકું મૂકું' એમ થાય છે. પહેલાંનું પ્રારબ્ધ છોડવાને માટે આ વેપારાદિ પ્રવૃત્તિ કરીએ છીએ. અમને તપાસતાં એમ લાગે છે, પછી વિશેષ વિચારવાન કહે તે ખરું. કૃપાળુદેવને વેપારનો વ્યવહાર ઓછો કરવા લખ્યું, તે માટે આ પત્ર લખ્યો કે વિષય કષાય માટે આ વેપાર કરતા હોઈએ એમ જણાતું નથી. બધું કલ્પિત લાગે છે, એવું જ છે. કલ્પિત જેવું જ છે.

[વ૦ ૫૭૯] (રાતના સભામાં) ૩૯૬ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા સુદ ૧૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે કે — આજીવિકાનું સાધન હોય તો જ્ઞાનીની આજ્ઞામાં રાતદિવસ ગાળવાનું રહે, એમાં વર્તાય અને ઘણા જીવોને હિત થાય તેવું થાય — એમ

તમે લખ લખ કરો છો, તેનો જવાબ અમે લખતા નથી. તેથી મનમાં ખોટું લગાડશો નહીં. કશો વિકલ્પ કરવા જેવો નથી. ખાસ એવું કામ હોય તો જ અમને એ વાત જણાવવી. અમારી ઇચ્છા જાણ્યા વગર તમારે લખવું નહીં. તમે આજીવિકાની વાત ભૂલી જાઓ અને અમને એ સંબંધી ન લખો. એ બન્નેને એટલે તમને અમને હિતકારી છે. આજીવિકા સંબંધી ફિકર ચિંતા ન કરશો, એમ કૃપાળુદેવ આજ્ઞા કરે છે. કંઈ તમે એ સંબંધી લખો નહીં અને ચિંતા એ સંબંધી તમે ન કરો તો એ અમારા ઉપર કૃપા થઈ એમ માનીશ.

લૌકિક વિચાર કરશો નહીં. સત્સંગ અર્થે જ આવવું છે. કૃપાળુદેવ ડુંગરશીને લખે છે કે ત્યાં મુંબઈમાં સાંકડાં સાંકડાં ઘર હોય ત્યાં આપણે જઈને ક્યાં ભીડ કરીએ! એવા એવા લૌકિક વિચાર અહીં આવવામાં ન કરશો. એક સત્સંગને અર્થે આવવું છે એ જ વિચાર રાખશો. બીજા લૌકિક વિચાર ભૂલી જજો. આત્મા સૌથી અત્યંત પ્રત્યક્ષ છે. બીજી રૂપી વસ્તુઓ દેખાય છે તે સાક્ષી પૂરે છે કે આત્મા છે તો દેખાય છે.

**[વ૦ ૫૮૧]** (રાતના સભામાં) ૩૯૭ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા સુદ ૧૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– આ વાત સાંભળીએ ત્યારે એમ થાય કે આ જડની અને આત્માની વાત કરે છે, તે કોઈક ચેતનની અને કોઈક જડની વાત કરે છે, પણ મારી જ વાત કરે છે એમ લાગતું નથી. જડ તે જડ અને ચેતન તે ચેતન રહેવાનાં છે. એવો અનાદિ સ્વભાવ છે. આપણે આપણને ઓળખતા નથી. પોતાને પોતાનો બોધ થવા એ કહેવું છે. અનાદિકાળથી આત્મા જાણ જાણ કરે છે અને જડ વસ્તુ જાણે નહીં. ગમે તેટલા ફેરફાર કરે પણ એ ન જ જાણે. ગમે તેવી ગોઠવણ કરે પણ જડ કોઈ દિવસે જાણે નહીં. જાણનારો આ દેખાય છે તેથી જુદો છે. તે અનેક પ્રકારે જાણ જાણ કરે છે. અનંતકાળથી જાણ જાણ કરે છે, પણ વિપરીતતાને લીધે પોતાને જાણતો નથી.

**"ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?"**

શું જાણ્યું? પોતાને તો જાણ્યો નહીં. ચેતન દ્રવ્ય છે, તેનો જ્ઞાનગુણ છે અને સમયે સમયે જાણ જાણ થાય છે તે તેના પર્યાય છે. પોતાના ભણી વળે કે મને શું થાય છે? સંકલ્પ-વિકલ્પ થાય છે. મનમાં રહી ચેતન ઘાટ ઘડે છે, તે બધા પર્યાય છે. મારે સાંભળવું છે, જોવું છે. એવા વિચારો બધા થાય તે બધા જ્ઞાનના પર્યાય છે.

કૃપાળુદેવ કહે છે કે વિચાર તો ઘણા આવે છે, પણ ઉપશમાવવાની વૃત્તિ થવાથી કોઈ પાસે આવ્યું હોય તોય જણાવવાનું થતું નથી. પ્રવૃત્તિ બહુ નથી. તેમ છતાં મુંબઈ ક્ષેત્ર નિવૃત્તિવાળું નથી. તેથી નિવૃત્તિની ભાવના રહે છે.

**[વ૦ ૫૮૪]** (રાતના સભામાં) ૩૯૮ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા સુદ ૧૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– **"જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે;**
**તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાયઅભાવ રે."**

એ ઉપરથી જ કૃપાળુદેવે આ પત્ર લખ્યો છે. નિર્મળ સ્ફટિકની સમાન જીવનો નિર્મળ સ્વભાવ છે, એમ ભગવાને કહ્યું છે. પ્રબળ કષાય અભાવ થાય ત્યારે 'સહજસ્વરૂપે જીવ છે' તે સમજાય. કષાયનો અભાવ થાય ત્યારે એને ભગવાને કહ્યું તે સાચું લાગે. જીવને સત્સંગ હોય તો આત્મા આનંદસ્વરૂપ લાગે. જ્ઞાનીપુરુષનાં વચનો બધાં શુદ્ધ સ્વરૂપને કહે એવાં છે, પણ જીવને એ સમજાતાં નથી. તેનું કારણ યોગ્યતા નથી.

બધું ભૂલી ગયે કલ્યાણ છે. કૃપાળુદેવ પહેલાં શતાવધાન કરતા, પણ પછી લાગ્યું કે એમાં કંઈ સુખસ્વરૂપતા નથી. એ બધું ભૂલવાનું છે, તેથી બધું થોડે થોડે ભૂલવા લાગ્યા. ભુલતાં ભુલતાં બધું ભુલી ગયા. આત્મામાં સ્થિર થયા. સત્સંગે જીવને રંગ લાગે તો સંસારનો મોહ ઊતરી જાય. પરવસ્તુથી પાછો હઠીને પોતાના સમભાવમાં રહે તો સુખ છે. જ્ઞાનીએ કેવો પુરુષાર્થ કર્યો છે! એ તરફ લક્ષ રાખવો. કંઈક જ્યારે જીવ બળ કરી પરવસ્તુને છોડશે ત્યારે જ કલ્યાણ થશે. મમતા ખસી અસંગતા આવે તો કલ્યાણ થાય.

''એક તો જે સંપ્રદાયમાં આત્માર્થે બધી અસંગપણાવાળી ક્રિયા હોય, અન્ય કોઈ પણ અર્થની ઇચ્છાએ ન હોય, અને નિરંતર જ્ઞાનદશા ઉપર જીવોનું ચિત્ત હોય, તેમાં અવશ્ય કલ્યાણ જન્મવાનો જોગ જાણીએ છીએ.'' (૪૩૦)

આત્માને અસંગ કરવાનો છે, એ લક્ષ રાખવો. એ જ્ઞાન વિના થાય નહીં અને તે જ્ઞાન જ્ઞાની પાસે છે. 'જ્ઞાન' એ શબ્દ પકડી રાખજો, એમ પ્રભુશ્રીજી કહેતા.

**[વ૰ ૫૮૫]** (રાતના સભામાં) ૩૯૯ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા સુદ ૧૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— આત્માની વાત જીવને મીઠી લાગે, તેના દૃષ્ટાંત મીઠાં લાગે તો જાણવું કે એને સમ્યક્દર્શન થયું છે. દેવચંદ્રજીએ કહ્યું છે કે સમ્યગ્દર્શનવાળાને 'આત્મા' એમ સાંભળતાં જ રોમાંચ થાય.

**''જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે.''**

આત્માની નિર્મળતા સમજાવા સ્ફટિકરત્નની ઉપમા આપી, સ્ફટિકની આરપાર પદાર્થ દેખાય છે. ('પ્રવેશિકા', શિક્ષાપાઠ ૩૨-યજ્ઞોત્પત્તિની કથા ભાગ-૨માં સ્ફટિકરત્નના થાંભલાની વાત છે તે અહીં કરી હતી). એવી એની નિર્મળતા છે તેથી એ રત્ન છે કે નહીં, એ જણાય નહીં. એવો જીવનો સ્વભાવ છે. સ્ફટિકરત્ન જેમ દેખાય નહીં તેમ આત્મા દેખાય નહીં. આત્મા દેહને લઈને અત્યારે દેખાય છે, પણ તે દેહ દેખાય છે, આત્મા દેખાતો નથી. જેવા સંયોગો મળે એવો દેખાય છે. એ કષાયને લઈને બગડે છે, નહીં તો સ્ફટિકરત્ન જેવો છે. આત્માનો સ્વભાવ જ્ઞાનીએ સ્ફટિકરત્નની જેમ નિર્મળ કહ્યો છે. ભગવાને આત્માને નિર્મળ કરી, એવો સ્વભાવ જોયો છે. ''આત્માને એક પણ અણુના આહારપરિણામથી અનન્ય ભિન્ન કરી આ દેહને વિષે સ્પષ્ટ એવો અનાહારી આત્મા, સ્વરૂપથી જીવનાર એવો જોયો છે.'' (૪૩૭) આત્માને મલિન કરનાર કષાય છે. તેમાં પ્રબળ કષાય અનંતાનુબંધી છે. એથી વસ્તુનું સ્વરૂપ મનાતું નથી. મિથ્યાત્વ અને અનંતાનુબંધી સાથે જ રહે છે.

એ પ્રબળ કષાયનો અભાવ થવાથી ધર્મ પ્રગટે છે. ચારિત્રધર્મ એટલે સ્વરૂપરમણતારૂપ ચારિત્રધર્મ પ્રગટે છે.

સત્પુરુષમાં કે સત્સંગમાં જેને નિષ્ઠા છે તે સત્સંગનૈષ્ઠિક છે. અસંગતા એટલે સહજ, કર્મરહિત. કર્મને લઈને કૃત્રિમ થઈ જાય છે. મોહનીયકર્મ જાય તો સહજસ્વરૂપ પ્રગટે. જ્ઞાનાવરણીય જાય તો સહજ જ્ઞાનસ્વરૂપ પ્રગટે. અંતરાયકર્મ જાય તો સહજશક્તિ એને પ્રગટે. 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' એ આત્માનું સહજસ્વરૂપ, કર્મના અભાવે જ પ્રગટે છે. સર્વ કર્મ ક્ષય થાય ત્યારે દ્રવ્ય, સહજ જેમ હોય તેમ પ્રગટે છે ત્યારે સહજસુખ કહ્યું છે. પરમાણુ હોય તે સહજસ્વભાવરૂપ દ્રવ્ય છે. સર્વ કર્મનો ક્ષય થાય ત્યારે સહજાનંદ કે સત્સુખ પ્રગટે છે. સર્વ કર્મથી રહિત થાય ત્યારે સહજસ્વરૂપ પ્રગટે. એ જ પરમાનંદ છે. જ્ઞાનીપુરુષે આ જે શુદ્ધ સ્વરૂપનું વર્ણન કર્યું છે તે આત્માનું સ્વરૂપ સાચું છે કે નહીં, તે સત્સંગે ખબર પડે. સત્સંગમાં એના કષાય મંદ પડે છે, તે જ્ઞાનીને ઓળખવાનું કારણ થાય. કષાય ઘટે તો ક્ષય પણ થઈ શકે છે અને સહજસ્વરૂપ પ્રગટે છે, એમ જીવને સત્સંગે લાગે છે. સત્સંગમાં એના બધા સંકલ્પ-વિકલ્પો શમાઈ જાય. સત્સંગ હોય તો જ્ઞાનીનું કહેલું સાચું માનવાનું અનુમાન થઈ શકે. જીવ આનંદસ્વરૂપ છે તે જ્ઞાનીને યોગે સમજાય છે. જ્ઞાની કંઈ બોલતા કરતા ન હોય તો પણ ત્યાં એને આનંદ સમજાય છે. જ્ઞાનીએ જે કહ્યું તેનો અનુભવ એને સત્સંગમાં થાય.

જેમ આત્માના સંકલ્પ-વિકલ્પ ઓછા થાય તેમ ચારિત્ર પ્રગટે, ત્યાં સંકલ્પ-વિકલ્પ હોતા નથી. જેમ જેમ ચારિત્ર પ્રગટે તેમ તેમ સ્થિરતા થાય. નિર્વિકલ્પપણું પામવા તો સુધારસ, સત્સંગ, સત્શાસ્ત્ર, વૈરાગ્ય-ઉપશમ એ આત્મસ્થિરતાનાં કારણો છે.

સુધારસ એ એક પ્રકારનો મુખરસ ઝરે છે. તે એક સ્થિરતાનું સાધન છે. ઉપયોગ ત્યાં એનો રોકાય છે તેથી એ પણ એક સાધન છે. એ રસ જડ છે, તોપણ એ એક સ્થિરતાનું સાધન છે.

આખું જગત સુખને માટે ભટકે છે. દેવ મનુષ્યાદિ સર્વ સુખને માટે ફાંફાં મારે છે. આત્મસ્થિરતા થાય ત્યારે બધી કલ્પના છૂટી જાય અને આત્માનું સુખ એના ધ્યાનમાં આવે. સુધારસ એ એક સ્થિરતાનું સાધન છે. જેમ નાક ઉપર દૃષ્ટિ રાખવાથી આડાઅવળી દૃષ્ટિ ન જવાથી સ્થિરતા થાય છે. સુધારસ એટલે અમૃતરસ છે. એમાં ઉપયોગ રહે તો આત્મા સ્થિર થાય છે. જ્યાં એ રસ ઝરે છે ત્યાં એને આનંદ આવે છે. તેથી એની વૃત્તિ ત્યાં ઠરે છે. એવી વૈરાગ્ય ઉપશમથી પણ વૃત્તિ સ્થિર થાય છે. સત્શાસ્ત્રમાં તલ્લીન થાય તો પછી સદ્‌વિચાર આવે તો બધા વિકલ્પો દૂર થાય છે. તેથી નિર્વિકલ્પ દશા કેવી હોય છે તેનો ખ્યાલ આવે છે.

[વ૰ ૫૮૬] ૪૦૦ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– કૃપાળુદેવનું વીતરાગપણું કેવું છે તે વિચારવું. ચિત્રપટ એ કૃપાળુદેવ નથી, પણ કૃપાળુદેવ પરમાત્મા છે. એક આત્મપરિણતિપણે વર્તે છે એવા કૃપાળુદેવ હતા. આત્મપરિણતિ કેમ સ્થિર થાય તે પુરુષાર્થ કરવો. બીજું પ્રારબ્ધને લઈને આવતું તો એમને ગમતું નહોતું. એમનું હૃદય નિર્ગ્રંથ હતું. ઉપરથી વણિક છે. આપણે તો લહેર કરીએ છીએ, પણ એમને આત્મપરિણતિ ન વધે

તો વેદના થાય છે અને આ જીવને તો આત્મા ઓળખવાની ગરજ નથી. અજ્ઞાનદશા હોય ત્યાં સુધી અજ્ઞાન સિવાય જીવને બીજો કોઈ ભય નથી. કૃપાળુદેવને ક્ષણે ક્ષણે દુઃખ રહ્યા કરતું કે આત્મપરિણતિમાં કેમ રહેવાતું નથી? જેમ છોકરાને ધાવતાં છોડાવે અને તે દુઃખી થઈ રડે, તેવું કૃપાળુદેવને આત્મપરિણામ માટે થતું. એ બ્રાહ્મીવેદના છે, વેદનીય કર્મ નથી. એમને આ દુઃખ થવાનું કારણ ''માત્ર મોક્ષ અભિલાષ'' એક મોક્ષ જ જોઈએ છે, તેને માટે એટલો વૈરાગ્ય છે. તેથી એમને આ દુઃખ થાય છે. કૃપાળુદેવ કહે છે કે આત્માનો વાંક નથી. આત્મા તો ખાવાપીવાનું કશું ઇચ્છતો નથી. તેમ છતાં પૂર્વ કર્મને લઈને કરવું પડે છે, તે પૂર્વ કર્મનો વાંક છે. મને દુઃખ થાય છે, મને સુખ થાય છે એવું જ્ઞાનીપુરુષોને થતું નથી.

[વ૦ ૫૮૬] (રાતના સભામાં) ૪૦૧ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા સુદ ૧૦, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— પહેલાં સોભાગભાઈએ પત્રો લખ્યા હશે. તેનો ઉત્તર કૃપાળુદેવે ટૂંકામાં આપ્યો હશે. તેથી એનો ઉત્તર હવે વિસ્તારથી આપે છે.

ઋષભદેવ વગેરે મહાપુરુષો થઈ ગયા તે જીવોના કલ્યાણ અર્થે જ જન્મ્યા હતા. તેમને પણ ત્યાસી લાખ પૂર્વ ઘરમાં રહેવું પડ્યું. પ્રારબ્ધ બાંધેલું હોય તે તો ભોગવવું પડે. પૂર્વે જે બાંધ્યાં છે તે અમને પણ ભોગવવાં પડે છે. ઋષભદેવ ભગવાનને તો ગમે તેટલી બહારની ઉપાધિ હોય તોય સમભાવ રહેતો. એવું સંહનન હતું, એવું આત્મબળ પણ હતું, એવું પૂર્વ આરાધન હતું તેથી ગમે તેવા પ્રસંગોમાં સમભાવે રહેતા. મોટા પુરુષો કેવી કાળજી રાખે છે! છેવટે સંતોષપૂર્વક દેહ છૂટે અને ફરી જન્મવું ન પડે એવો એમનો નિશ્ચય છે. તે ક્યારે પૂરો થાય? તો કે સમભાવ રહે તો. નવાં કર્મ ન બંધાય તેથી જન્મ લેવો ન પડે. નિર્જન જંગલ જેવું હોય ત્યાં સમભાવ રહી શકે, તેથી આવો ઉદય ન હોય તો આત્મસ્થિરતા સહેજે રહે. ઋષભદેવના વખતનો કાળ જુદો અને આ કાળ જુદો. એમાં સ્થિરતા રહેવી બહુ મુશ્કેલ છે. આપણે ચેતવાનું છે. કૃપાળુદેવના કરતાં વધારે વિષમ કાળ આવ્યો છે. પરમાર્થની એકધારા પ્રવૃત્તિ રહેવી જોઈએ, તેવી રહેતી નથી. કોઈકવાર મળે એવો મનુષ્યભવ અનંતવાર મળ્યા છતાં જે કરવાનું તે ન કર્યું, તો ક્યારે જીવ કરશે? પ્રમાદ કરવા જેવું નથી. પ્રભુશ્રીજીના બોધમાં આવ્યું હતું કે આળસ અને પ્રમાદ વેરી છે. પ્રમાદથી મળેલું સ્વરૂપ પણ ભૂલી જવાય છે.

એમનું એમ પ્રારબ્ધ ચાલે છે. તે એકદમ ઓછું થઈ જાય એમ લાગતું નથી. એકથી દોઢ વર્ષમાં મંદ ઉદય થાય, પણ તદ્દન ઉદય તો ન મટે, એમ લાગે છે. એક પળ પણ ઉપાધિમાં ગાળવી, એમને વસમી લાગે છે.

વેપારની સ્થિતિ જ એવી છે કે માલ પડ્યો હોય તેની ફિકર થયા વિના રહે નહીં. ડામાડોળ રહે. જેમ ઊંટ ઉપર બેસીને સ્થિર રહેવું મુશ્કેલ છે, તેમ આ ઉપાધિમાં રહી સમભાવમાં સ્થિર રહેવું બહુ મુશ્કેલ છે.

કૃપાળુદેવ લખે છે કે આ ઉપાધિનો જોગ અમારે ઓછો કરવો છે. તેનો ઉપાય તમને કંઈ

જણાય તો લખશો. જ્ઞાનીપુરુષને આ પ્રવૃત્તિ ગમતી નથી. જ્ઞાનીપુરુષ જેનાથી હૃદય મળતું આવતું હોય તેને વાત કરી પોતાનું દુઃખ વ્યક્ત કરે છે.

જ્ઞાની છતાં, કર્મ ન બંધાય તેમ પ્રવર્તવાની ભાવના છતાં ઉપાધિમાં રહેવું પડ્યું. એ તો એમાં સ્થિર રહ્યા, પણ આપણને શીખવાનું છે કે જીવે ઘણાં કર્મ બાંધ્યાં છે. કર્મનો બોજો કેટલો એકઠો કર્યો છે! "કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય?" એવું શિષ્યને થયું તેમ જીવને થતું નથી. પોતાની કચાશ જેટલી હોય તેટલો પશ્ચાત્તાપ મરણ વખતે થાય કે મેં પ્રમાદમાં પડી કંઈ ન કર્યું. ઘણો વખત તો જીવનો પ્રમાદમાં જાય છે. રુચિ બીજે છે. તેમાં કર્મ બંધાય છે ત્યાં એને મીઠાશ આવે છે.

લખવાનો જે વિષય હોય તે સંબંધી પોતાની દશા ન હોય તો મન પાછું ફરી જાય છે. પરમાર્થમાં ચિત્ત થતું ત્યારે પરમાર્થ સંબંધી એ લખતા, તેથી આ વચનો વધારે અસર કરે છે. સંસાર પ્રત્યે ઉદાસીનતા હોય અને ચિત્ત પરમાર્થભાવનામાં હોય તે વખતે લખી શકાય, બોલી શકાય એવું છે. તે વખતે જે લખાય તે વીતરાગતાપૂર્વક લખાય છે કારણકે દશાનું એટલું બળ છે. જે વખતે સુંદરદાસ મોહમાં ન હતા તે વખતે એમણે લખ્યું છે—

**"મારે કામ ક્રોધ સબ, લોભ મોહ પીસિ ડારે, ઇન્દ્રિહુ કતલ કરિ, કિયો રજપૂતો હૈ;**
**માર્યો મહા મત્ત મન, મારે અહંકાર મીર, મારે મદ મચ્છર હૂ, ઐસો રન રૂતો હૈ;**
**મારી આશા તૃષ્ણા પુનિ, પાપિની સાપિની દોઉ, સબકો સંહાર કરિ, નિજપદ પહૂતો હૈ;**
**સુંદર કહત ઐસો, સાધુ કોઉ શૂરવીર, વૈરિ સબ મારિકે નિચિંત હોઈ સૂતો હૈ."**

એવી દશામાં હતા, ત્યારે એ 'શૂરાતનઅંગ' લખ્યું, તેથી બીજાને અસર કરે છે. માત્ર બુદ્ધિથી લખ્યું હોય તો કલ્પિતરૂપ કહેવાય. ચિત્ત અસ્થિર રહે તે વખતે પરમાર્થ સંબંધી લખવું યોગ્ય નથી. પોતાની વૃત્તિઓ તપાસવા એ બધું કૃપાળુદેવે લખ્યું છે. પરમાર્થમાં શંકા પડી હોય કે આ ખરું છે કે ખોટું છે તો ચિત્ત અસ્થિર બને છે અથવા તીવ્ર પ્રારબ્ધનું બળવાનપણું હોય તો ચિત્ત અસ્થિરવત્ રહે. શંકા પડી હોય કે આત્મા કરતાં કર્મનું બળ વધારે હોય, તો ચિત્ત અસ્થિર થાય છે. જેને ક્ષાયિક સમકિત હોય તેને પરમાર્થ સંબંધી શંકા ન થાય. વીર્ય મંદ થાય એવો પ્રારબ્ધનો ઉદય છે, તે વીર્ય વિશેષ ફોરવવા પુરુષાર્થ કરીએ છીએ, પણ થતો નથી, મંદ થઈ જવાય છે. કંઈક પ્રારબ્ધ ઓછું થાય તો અસ્થિરતા ટળે. કર્મનો બળવાન ઉદય હોય તે વખતે ચિત્તસ્થિરતા રહેવી મુશ્કેલ છે. અસ્થિર ચિત્ત હોય તે વખતે પરમાર્થ સંબંધી લખવું, કહેવું તે કલ્પિત જેવું લાગે છે, પણ કોઈક વખતે એવી ચિત્તસ્થિરતા રહે છે. વ્યવહાર તો અસાર છે એમ સમજાયાથી 'તમે આમ કરો કે આમ' એમ કહેવાનું કે લખવાનું તે પાણી વલોવ્યા જેવું લાગે છે. એટલે વ્યવહાર સંબંધી લખવું, બોલવું ગમતું નથી. વ્યવહાર અસારભૂત લાગે છે, તેથી તેમાં ચિત્ત જતું નથી. અસારમાંથી સાર નીકળવાનો નથી. મનમાંથી એ ભાવ છૂટી ગયો છે. તીવ્ર કર્મના ઉદયે વેપારમાં પ્રવર્તવું પડે છે, પણ તેમાં રસ આવતો નથી.

દ્રવ્યથી અને ભાવથી બન્નેથી છૂટવાનું કહ્યું છે તેનું કારણ સ્થિરતા રહે એ છે. દ્રવ્ય ભાવ સંયોગ એ બધા પરવસ્તુના સંયોગ છેતરનાર છે. જેવું છે તેવું જ ભગવાને કહ્યું કે દ્રવ્યથી અને

ભાવથી બધાથી છૂટવાનું છે. સર્વસંગ મહા આસ્રવરૂપ છે એમ કહ્યું છે. જેટલા સંગ છે તે મહાસ્રવરૂપ છે એમ ભગવાને કહ્યું છે.

દર્પણમાં બીજા પદાર્થો જેમ છે તેમ દેખાય છે, તેમ કેવળજ્ઞાનમાં પણ દેખાય છે. પાણીમાં પણ પદાર્થો દેખાય છે. દીવો પણ સ્વપરપ્રકાશક છે. સૂર્ય ઉપર વાદળાં હોય તોય પ્રકાશ પડે છે, તેમ જ્ઞાન તદ્દન ઢંકાઈ જતું નથી. બધું આવરણ દૂર થાય ત્યારે બધું દેખાય છે. પરવસ્તુને જોવા છતાં આંખ જેમ નિર્લેપ રહે છે, તેમ કેવળજ્ઞાનથી જાણતા છતાં ઇષ્ટ-અનિષ્ટપણું થતું નથી. આંખ નાની છે પણ પર્વત જેવી વસ્તુને જોઈ શકે છે તેમ કેવળી દેહમાં રહ્યા છતાં લોકાલોકને જાણે છે.

**[વ૦ ૫૮૭]** (રાતના સભામાં) ૪૦૨ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા સુદ ૧૦, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ઉપર જે દર્પણ વગેરે દૃષ્ટાંત આપ્યાં તેનો વિચાર કેમ કરવો તે વિષે કૃપાળુદેવ એક દૃષ્ટાંતથી સમજાવે છે.

જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. જ્યાં આત્મા છે ત્યાં જ્ઞાન અને જ્ઞાન જ્યાં હોય ત્યાં આગળ સ્વપરપ્રકાશક રહે છે. ગમે ત્યાં જ્ઞાન હોય, ત્યાં આગળ સ્વપરપ્રકાશક છે.

''પ્રથમ પદ - 'આત્મા છે'. જેમ ઘટ પટ આદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટ પટ આદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.'' (૪૯૩)

સ્વપરપ્રકાશક એ ચૈતન્યનો પ્રત્યક્ષ ગુણ છે, એમ કહ્યું છે. જ્ઞાન પોતા સંબંધી પણ જાણે છે અને પરને પણ જાણે છે. એ જીવને પ્રત્યક્ષ છે. પદાર્થને જાણે તો જ્ઞાન કહેવાય, ન જાણે તો જ્ઞાન શાનું? દીવાથી પદાર્થો દેખાય છે અને આત્માથી દ્રવ્ય, ભાવ બન્ને દેખાય છે, જણાય છે. જ્ઞાનથી તો અંતરની પણ બધી વસ્તુઓ જણાય છે. જે જ્ઞાનમાં બધા પદાર્થો સંપૂર્ણપણે જણાય તે જ્ઞાનને 'કેવળજ્ઞાન' કહ્યું છે.

**''કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.''**

પરમાર્થથી તો પોતે પોતાને અનુભવે છે, પણ આત્માની એવી નિર્મળતા છે કે બીજા પદાર્થો પણ એમાં ઝળકે છે.

**[વ૦ ૫૯૨]** (રાતના સભામાં) ૪૦૩ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સોભાગભાઈએ પૂછાવ્યું હશે કે અંબાલાલને કંઈ સુધારસ સંબંધી જણાવું? કૃપાળુદેવે જણાવ્યું કે હા, તમારે અંબાલાલને વાત કરવી હોય તો કરશો. મરણ વખતે સોભાગભાઈને અંબાલાલને વાત જણાવવાની હતી, પણ અંબાલાલ મોડા આવ્યા, તેથી સોભાગભાઈએ વાત ન કરી અને કહ્યું કે હવે મને વખત નથી.

દેહનું સ્વરૂપ જેણે જાણ્યું છે તેને વૈરાગ્ય રહે એવો છે. જગત અને દેહના સ્વરૂપમાં મોહ છે તે અજ્ઞાન છે. જાજરા જેવો ગંધાતો દેહ છે. એનો જીવને પરિચય થઈ ગયો છે, તેથી એને મોહ

થાય છે, તે વિપરીતપણું છે. આ દેહ ક્ષણભંગુર છે. પાણીના પરપોટાની જેમ ફૂટી જાય એવો આ દેહ છે. જે ફૂલ સવારમાં ખીલેલું હોય તે તાપ પડતાં કરમાઈ જાય છે, તેમ ગમે એવું સુંદર શરીર દેખાતું હોય અને જો વ્યાધિ આવી તો બીજું થઈ જાય. ઊલટી અને ઝાડા થતા હોય તો પાસેય ઊભું ન રહેવાય, એવું થઈ જાય. દેહમાં પ્રીતિ કરવાથી કંઈ નીકળે એવું નથી.

આખું જગત દેહના મોહમાં પડ્યું છે. જ્ઞાની એને બોજો ગણે છે. વેઠીયાને માથે બોજો મૂક્યો હોય તેમ જ્ઞાનીને આ શરીર લાગે છે. વધારેમાં વધારે પ્રીતિ દેહમાં છે. એ સુખનું કારણ નથી, તો પછી ધન, સ્ત્રી વગેરે બીજા પદાર્થો કેમ કરી સુખ આપે? જીવ વિચાર કરે તો દેહના કરતાં કંઈ સારું લાગતું નથી. કૃપાળુદેવે 'મુનિ સમાગમ' (૧૧) નો પાઠ લખ્યો છે. તેમાં લખ્યું છે કે જે વખતે રાજાને સાપ કરડવા આવ્યો તે વખતે રાજાને થયું કે 'હવે મને કોણ બચાવે? કોઈ આવી બચાવે તો હું એને મારું આખું રાજ આપી દઉં. રાણીઓ બધી આપી દઉં. ધન વગેરે બધું આપી દઉં અને આખી જિંદગી સુધી એનો દાસ થઈને રહું એમ થયું.' જીવને આ દેહ પ્રત્યે અત્યંત પ્રીતિ છે. તેય જીવને સુખી કરી શકતો નથી. તો પછી બીજી વસ્તુઓ શું સુખી કરી શકે?

"દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે." (૮૩૩) એ જ સમ્યગ્દૃષ્ટિ જીવો છે. સમ્યક્જ્ઞાન કોને કહેવાય, તે કૃપાળુદેવે 'મૂળમાર્ગ'માં કહ્યું છે.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦"**

એમ જો થયું તો પછી ફરી દેહ પ્રાપ્ત થાય એવું એ ઇચ્છે જ નહીં.

જ્યારથી જાણ્યું કે આ તો પુદ્ગલનું છે ત્યારથી એમ થયું કે આ બીજાનું જ છે. આપી દેવાનું છે એમ જ થાય. મહાત્માને ચોરીનો ભાવ હોતો નથી કે પારકી વસ્તુ આપણે રાખી લઈએ.

બીજી ગમે તેવી અનુકૂળતા હોય પણ સત્સંગ નથી એ મોટું દુઃખ છે. આ કાળનું સ્વરૂપ જોતાં દુષમ છે. બધેય જગતમાં જઈને પૂછો કે ભણીને, નોકરી કરીને શું કરશો? તો કહે કે ભણીને, નોકરી કરીને પૈસા કમાઈશ. વિદ્યા વેચીને પૈસા લઈશું, પણ વિદ્યા ભણીને મોક્ષ મેળવશું એમ કહેનારા તો કોઈક જ હશે.

બીજી ઇચ્છા કંઈ રહેતી નથી. માત્ર આ આત્મા ઉપાધિથી છૂટી વનમાં કે એકાંતમાં સહજસ્વરૂપે રહે એવી ઇચ્છા રહે છે. પાંચ ઇન્દ્રિયની ઉપાધિ છૂટી સ્વરૂપમાં સ્થિર થવાય એવી ઇચ્છા રહે છે.

**[વ૦ ૫૯૮]** (રાતના સભામાં) ૪૦૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવ પ્રશ્ન લખે છે કે 'જેને અલ્પકાળમાં ઉપાધિરહિત થવું હોય તે કેવાં પરિણામ રાખે તો અલ્પકાળમાં ઉપાધિરહિત થાય?' સોભાગભાઈએ ઉત્તર લખ્યો કે 'રાગબંધન છે, તેને લઈને બધો સંસાર ઊભો થાય છે, ઉપાધિ થાય છે. એ ઓછું થાય તો ઉપાધિ ઓછી થાય અને સંસાર પણ ઓછો થાય.' કૃપાળુદેવ લખે છે કે ઉપાધિ પ્રત્યે રાગ નથી. પરાણે

પૂર્વકર્મને લઈને આવી છે. રાગભાવ હોય ત્યાં સુધી તો ઉપાધિ હોય, પણ જેને રાગ હેય જણાયો છે તેને ઉપાધિ છે તે હેય જણાય છે, રાગદ્વેષનાં પરિણામ થતાં નથી.

સોભાગભાઈએ કહ્યું કે ''ભાવાર્થપ્રકાશ'' વાંચતાં બધા મતમતાંતરનું સમાધાન થવા જેવું છે, પણ કૃપાળુદેવ લખે છે કે આ ગ્રંથ કોઈ જ્ઞાનીએ રચેલો નથી.

''અખે પુરુષ એક વરખ હે.'' એટલે અક્ષય પુરુષ પરમાત્મા છે તે એક વૃક્ષરૂપ છે. વૃક્ષ ઉપર જેમ વેલ ચઢે તેમ પાંદડે પાંદડે માયા છે, એમ વેદાંત માને છે. બ્રહ્મ એક જ છે એમ માને છે, તે યથાર્થ નથી. છાયા જેવો ઉપદેશ એટલે બરાબર ન દેખાય તેવો ઉપદેશ.

સત્પુરુષને યોગે દ્રવ્યાકાર જિજ્ઞાસા હોય તે ભાવજિજ્ઞાસા થઈ જાય છે.

પૂર્વકર્મને લઈને કેટલાકને વૈરાગ્ય થાય છે, પણ પાછું પોષણ ન મળે તો એ સુકાઈ જાય.

જેને આત્મકલ્યાણ કરવું છે તેણે બહારની વસ્તુનું માહાત્મ્ય રાખવાનું નથી. મોટા મુમુક્ષુને એમ રહે તો પછી સામાન્ય મુમુક્ષુને સત્સંગથી પણ એવી વૃત્તિ કેમ દૂર થાય?

મુંબઈનું વાતાવરણ એવું છે કે ચિત્ત અનાર્ય જેવું કરી નાખે. અહીં આવ્યા છીએ તો બે સટ્ટા કરતા જઈએ, એમ થઈ જાય. સત્સંગનું જેવું માહાત્મ્ય રહેવું જોઈએ તેવું મુંબઈમાં રહેવું મુશ્કેલ છે. મુંબઈને વારંવાર મોહમયી કહી છે. તેમાં કોઈ જ્ઞાનીપુરુષ સાચવીને રહી શકે, નહીં તો બીજા તો મોહમાં તણાઈ જાય. ઉપરથી એમ થાય કે સત્સંગ કરું છું અને અંદર બીજા વિચારો હોય. એક પટ (ભેદ) જેવું થાય. પરમાર્થની ઇચ્છાવાળો હોય તોય આ ક્ષેત્ર એવું છે કે બીજે પાછી વૃત્તિ જતી રહે. કૃપાળુદેવ તો નાના છોકરાની પાસે ય શીખવાની ઇચ્છા રાખનાર છે. આખા જગતના શિષ્ય થઈને રહે છે, પણ પ્રવૃત્તિ ક્ષેત્રમાં બન્નેને સત્સંગ બરાબર ન થાય. ક્ષેત્ર આવું છે માટે તમે ન આવશો એવું અમારું લખવું નથી, પણ પ્રવૃત્તિ ક્ષેત્ર કરતાં નિવૃત્તિ ક્ષેત્રમાં વધારે લાભ થાય એવું છે. સત્સંગ વિષે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના કેટલા વિચાર કર્યા છે! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ નિવૃત્તિવાળાં હોય, તેટલો સત્સંગથી વિશેષ લાભ થાય. તેમ ન હોય તેટલો ઓછો લાભ થાય. સત્સંગ વિષે કેટલા વિચારો કર્યા છે!

મહાપુરુષોને બધા પ્રત્યે સમભાવ હોય છે. ''સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો'' એવું હોય છે.

**[વ૦ ૬૦૦]** (રાતના સભામાં) ૪૦૫ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– આ સંસાર અપાર છે. એનો પાર નથી. અનંતકાળથી આથડ્યો પણ પાર ન આવ્યો. તીર્થંકરે સદ્ધર્મનો ઉપદેશ કર્યો, તે પરંપરાથી ચાલ્યો આવે છે. તેને લઈને આ જીવ છે, આ અજીવ છે એમ જીવ જાણી શકે છે. નહીં તો શી ખબર પડે?

કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે કે તમે અહીં આવો તો મને અહીં અવકાશ તો મળે, પણ આખું ક્ષેત્ર પ્રવૃત્તિવાળું છે, તેથી લાભ થવો જોઈએ તે થવો મુશ્કેલ છે. એના કરતાં નિવૃત્તિક્ષેત્રે વિશેષ લાભ થાય એવું છે. પ્રવૃત્તિક્ષેત્રમાં સત્સંગ થાય તે કરતાં નિવૃત્તિક્ષેત્રમાં સત્સંગ થાય તો વિશેષ લાભ થાય.

કોઈ વિચારવાન જીવને તો પ્રવૃત્તિમાં પણ વિશેષ લાભ થાય છે. સામાન્ય રીતે તો નિવૃત્તિક્ષેત્રમાં વિશેષ લાભ છે એમ કહ્યું છે અને કોઈ વિચારવાન હોય તેને પ્રવૃત્તિ ક્ષેત્રમાં જ્ઞાની પ્રવૃત્તિમાં છતાં સમાધિ કેવી રીતે સાચવે છે! તે જોવાનું મળે.

વિભાવનાં કાર્યો કરવાં પડતાં હોય તેમ છતાં સ્વભાવમાં રહેવાનો પુરુષાર્થ જ્ઞાની કરે છે, તે બહુ મુશ્કેલ છે. આત્મગુણ પ્રગટાવવા એ ખરી ચરણસેવા છે. તલવારના ઘા સહન કરવા સહેલા છે, પણ આત્મગુણ પ્રગટાવવા મુશ્કેલ છે. મુનિ થઈને તો સ્વભાવમાં રહેવું સહેલું છે, પણ ગૃહસ્થાવસ્થામાં રહી નિર્ગ્રંથભાવે વર્તવું તે બહુ અઘરું છે.

વિકારભાવમાં ચિત્તની ચંચળતા હોય છે. એ ચિત્તની ચંચળતા એ જ ખરું દુઃખ છે. એ વિકાર જેમ જેમ છૂટે તેમ તેમ જે આનંદ આવે છે તે અવર્ણનીય છે. જ્યાં સુધી કામ વાસનાની ઇચ્છા, વિકાર છે ત્યાં સુધી વૈરાગ્યની વાત કરવી ખોટી છે. પોતાની એવી ઇચ્છા હોય તો પછી બીજાને શાની અસર થાય?

**[વ૦ ૬૦૨]** (રાતના સભામાં) ૪૦૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સંકલ્પવિકલ્પ થયા કરે છે, રાગદ્વેષમાં ચિત્ત પરિણમે છે. એ પરિણતિ સમયે સમયે પલટાય છે, એમ ભગવાને કહ્યું છે; પણ સમયની આપણને ખબર ન પડે. અસંખ્યાત સમયવર્તી આપણો ઉપયોગ છે. સ્થૂળ પર્યાયની ખબર પડે. સમય તો ઘણો સૂક્ષ્મ છે. મનના જે ભાવ ખબર પડે છે, તે ઘણા સમય જાય ત્યારે ખબર પડે છે.

જેને અફીણ ખાવાની ટેવ હોય તેને અફીણ ખાવું છે એમ થાય. ટેવ ન હોય તેને શાનું થાય? તેમ જેને જેવો અભ્યાસ થયો હોય તેને તેવા વિચારો સ્ફુરે છે. પૂર્વે જેવાં કર્મ કર્યાં હોય તેવા વિચાર સ્ફુરે છે. જેને સમજણ હોય તે એ વિચારો રોકી શકે છે. મારે પાપના વિચારમાં નથી પેસવું એમ કરવું હોય તો એમેય થાય ને તરંગે ચઢી જવું હોય તો તેમ પણ થાય. સદ્વિચાર થવામાં સત્સંગ સાધન છે. તેથી એ વિચારને પોષણ મળે છે.

મુનિઓને માટે અમુક અમુક કાળ ભગવાને કહ્યા છે કે અમુક વખતે ફલાણું શાસ્ત્ર વાંચવું, અમુક વખતે અમુક શાસ્ત્ર ફેરવવું, અમુક વખતે પ્રતિલેખન કરવું, અમુક વખતે ગોચરી જવું. એમ જેને આત્મકલ્યાણ કરવાની ભાવના છે, તેને માટે ભગવાને આ બધા નિયમો કરી આપ્યા છે. અમુક વખતે શ્વાસોચ્છ્વાસ એવા હોય છે કે તે વખતે મન બરાબર સ્થિર ન હોય, એમ કહ્યું છે અને અમુક વખતે સ્વાધ્યાય ન કરવો, એમ પણ કહ્યું છે. કોઈનું મરણ થાય તે વખતે સ્વાધ્યાય ન કરવો એમ કહ્યું છે, તેનું કારણ એનું મન તે વખતે બરાબર સ્થિર રહેતું નથી. અમુક દૂર સુધી હાડકું પડ્યું હોય તો સ્વાધ્યાય ન કરવો એમ કહ્યું છે, તેનું કારણ હિંસાનાં પરિણામ વગેરે ન થાય, મન વિક્ષેપી ન થાય તે છે. એવું સ્થળ હોય એને અહિત થાય, વિક્ષેપ થાય એવાં નિમિત્તોમાં સ્વાધ્યાય ન કરવો એમ કહ્યું છે. (અહીં [1]અકાળે સ્વાધ્યાય કરનાર મુનિનું દૃષ્ટાંત આપ્યું હતું).

**[વ૦ ૬૦૬]** (રાતના સભામાં) ૪૦૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–પ્રભુશ્રીજી કહેતા કે આત્માને રહેવાનું એક ઘર છે. આત્મા ક્યાં રહે છે? સમભાવમાં.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૧૮૯.

સમભાવ ક્યાં રહે છે? (એમ પ્રશ્ન પૂછ્યો પછી કહ્યું) સ્વભાવમાં.

શ્રી યશોવિજયજીને જેટલો આનંદ આવ્યો છે તેવો ઉલ્લાસ એમને પણ આવ્યો, તેથી એ પદ સ્ફુરી આવ્યું.

જેમ જેમ છૂટવાના ભાવ થાય તેમ તેમ કર્મ પણ જોર કરે છે. સંસારમાંથી આત્માને તો કંઈ હિતકારી છે નહીં. જેને છૂટવું છે તેને કેવા વિચારો જાગે છે! પૂર્વે બાંધેલું કર્મ હોય, તેનો ઉદય હોય, એ કર્મનો ઘણો ભાગ થોડા કાળમાં વેદી લેવાય એવો કોઈ ઉપાય છે? તે તમે તથા ડુંગર વિચારીને લખશો.

સમ્યગ્જ્ઞાન પ્રગટ્યા પછી સર્વભાવથી વિરામપણું થાય છે. પરવસ્તુ છે એમ જાણ્યું, પછી પરમાં વૃત્તિ ન રહે. જ્યારે આત્મજ્ઞાન થાય ત્યારે પછી સંસારની પ્રિયતા ન રહે. 'ક્યારે છૂટું, ક્યારે છૂટું' એમ થાય. બધી પ્રવૃત્તિથી વિરામ પામવું તે વિરતિ છે. વિરતિ કહો કે સંયમ કહો. ''સર્વભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.'' (૮૬૬)

વેપાર વગેરે નહીં કરવાનું મન છતાં કરવા પડે, તે પૂર્વ કર્મનો જ દોષ છે. એ જ્ઞાનીની વાત જુદી છે. અજ્ઞાની એમ કરે તો ભૂલો પડે. વૃત્તિઓ છેતરે. જ્ઞાનીનાં વચનો છૂટવાના અર્થમાં લેવાં. ખોટા અર્થમાં ન ઉતારવાં.

[વ○ ૬૦૭] ૪૦૮ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—

**'જંગમની જુક્તિ તો સર્વે જાણીએ, સમીપ રહે પણ શરીરનો નહીં સંગ જો;'**
**'એકાંતે વસવું રે એક જ આસને, ભૂલ પડે તો પડે ભજનમાં ભંગ જો.'**
**ઓધવજી અબળા તે સાધન શું કરે?**

(રઘુનાથદાસ)

સત્પુરુષની દશા તો અમે જાણીએ છીએ, શરીરની સમીપ પણ વિદેહી રહે, સંગ ન હોય; ભગવાન જંગમ તીર્થરૂપ છે, એમ ગોપીઓ કહેતી હતી. બધેથી પ્રેમ ઊઠે અને એક સત્પુરુષ પ્રત્યે આવે તો બીજે પ્રેમ ન રહે. અમૃતરસ જેવો આનંદ આવે; પ્રેમ આવે. આત્મા પ્રત્યે લગની લાગે તે અપૂર્વ છે. ઉત્તમમાં ઉત્તમ આત્મા છે.

''જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય.'' (૪૯૩)

એને આત્માનું ભાન થાય તો એના જેવી બીજી વસ્તુ નથી. એના પ્રત્યે અપૂર્વ પ્રેમ થાય. ''આત્માથી સૌ હીન'' બધી વસ્તુઓ આત્માથી હીન છે. જગતમાં કોઈ વસ્તુ પ્રેમ કરવા જેવી નથી. પ્રેમ કરવા જેવું છે, તે જીવે જાણ્યું નથી. આત્માના સુખ જેવું કોઈ સુખ નથી. બધાં સુખ ફિક્કાં છે. જગતમાં સુધારસ કહેવાય છે, તે બહારની વસ્તુ છે. એ સાચો સુધારસ નથી. સમ્યક્દર્શન

થાય તો એ રસ, અંતર પાસે જ છે. પરમાત્માનું સ્વરૂપ જાણે તો આત્માનો આનંદ જાણે, તે પ્રાપ્ત કરે; પરમાત્માનો આનંદ આવે. પોતે પરમાત્માને ઓળખે ત્યારે પરમાત્મા થાય.

**"પરમનિધાન પ્રગટ મુખ આગળે; જગત ઉલ્લંઘી હો જાય જિનેસર."** (આ૦ ૧૫)

એ મોઢા આગળ જ છે. એને મૂકીને પુદ્‌ગલમાં જાય છે. અંતરાત્મા થયા પછી પરમાત્માની ભક્તિ એને મળી તો અમર થઈ જાય, ત્રણે કાળ મરવાનો નથી. બધેથી પ્રેમ ઊઠી પ્રભુ પ્રત્યે પરમ પ્રેમ થાય; સદ્‌ગુરુ પ્રત્યે પરમ પ્રેમ દૃઢ થાય; ઉત્કૃષ્ટ થઈ જાય.

**"મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત."**

આ તો સામાન્ય, પણ એના કરતાં અનંત ગણો પ્રેમ જોઈએ છે. બધાં આગમ ત્યાં સાક્ષી પૂરે છે, એના હૃદયમાં બધાં આગમ આવી વસે.

[વ૦ ૬૦૮] ૪૦૯ શ્રી ધામણ મંદિર, માગસર સુદ ૧૫, સં. ૨૦૦૫

મુમુક્ષુ–કૃપાળુદેવે લખ્યું છે કે "રાંડી રુએ, [1]માંડી રુએ, પણ સાત ભરતાર વાળી તો મોઢું જ ન ઉઘાડે." આનો અર્થ શું હશે?

પૂજ્યશ્રી–આ તો સામાન્ય લોકકહેવત છે. એ યાદ આવવાથી એમણે લખી હતી, પણ આપણે તો એનો પરમાર્થ ગ્રહણ કરવો. એ પત્ર કોઈ ભાવનગરના ભાઈ ઉપર લખેલો હતો અને એ ભાઈ વેપારમાં ઘણા જ ગૂંચાઈ ગયેલા. એટલે એમને એવા આશયથી લખ્યું હશે કે રાંડેલી હોય એટલે જેને વેપાર અથવા પરિગ્રહ ન હોય, અને બીજી [1]માંડી હોય એટલે જેને થોડો વેપાર પરિગ્રહ હોય તો તેને ધર્મને માટે અવકાશ મળે, પણ સાત ભરતારવાળી તો મોઢું જ ન ઉઘાડે એટલે જે બાઈને સાત ધણી હોય તેને બોલવા જેટલી પણ ફુરસદ ન મળે. એક ધણી કહે–આમ કર, બીજો કહે–આમ કર, તેમ ઘણો વેપાર હોય, પરિગ્રહ હોય તો તેને તો બિલકુલ અવકાશ જ નહીં મળે, એટલે ધર્મ તરફ લક્ષ આવી જ ન શકે એમ પરમાર્થ લેવો.

[વ૦ ૬૦૯] ૪૧૦ હુબલી (ધર્મશાળા), માગસર સુદ ૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– વીતરાગે કહ્યું છે કે બધા જીવો સરખા છે. આત્મા કંઈ નાનો મોટો નથી.

"સહજસ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ 'મોક્ષ' કહે છે." સહજ સ્વરૂપને સમજવું તે મોક્ષ છે.

આત્મા આત્મારૂપ જ છે, પણ કર્મના સંયોગો જેવા મળ્યા તેવો દેખાય છે. આત્મા સંયોગરૂપ નથી. જ્યારે કર્મ ન હોય ત્યારે જીવની સહજ અવસ્થા છે. તેનું ભાન નથી. આ સારું અને આ ખોટું, એ ગડમથલમાં પડ્યો છે.

સત્સંગે સાંભળવાનું મળે ત્યારે એને લાગે કે સંસારની બધી વસ્તુઓ નાશવંત છે. પુદ્‌ગલનો પલટાવો થયા જ કરે છે. આત્માનું સહજ સ્વરૂપ છે, તે સંયોગને લીધે જીવને ભાનમાં આવતું નથી. એ જ્યારે ભાનમાં આવે ત્યારે એને બીજું કંઈ ન ગમે. કોઈ આશ્ચર્યવાળી વસ્તુ જોઈ હોય તો એને તે વસ્તુ ગમે છે. તેમ વીતરાગતામાં આશ્ચર્યતા લાગે તો વીતરાગતા ગમે. એને સારું લાગે તે

---

૧. માંડી એટલે પરણેલી. જેણે ઘર માંડેલું હોય તે.

કરે છે. મોક્ષ સારો લાગે તો મોક્ષનું કરે. પોતાને પોતાનો ઉપયોગ નથી. પોતાને પોતાનું ભાન નથી. કોઈ એક આચાર્ય કહે છે કે પોતાને પોતાનું ભાન નથી, તેથી મડદા જેવો જ છે.

જીવનો જે સ્વભાવ છે તે જાણવાનો છે. આત્માનો સ્વભાવ જાણવાનો છે; પણ એને વૈભાવિક શક્તિ નામનો ગુણ છે, તેથી જેવો સંગ મળે તેવો થઈ જાય છે. સંગમાં રાચવાથી પોતાની ખરી સ્થિતિને ભૂલ્યો છે. અનાદિકાળથી પોતાનું ભાન ભૂલેલો છે. જીવને સંગ થયો છે તેનાથી અસંગ થવાનું છે. જીવનો સ્વભાવ અસંગ છે. 'આત્મસિદ્ધિ'માં કહ્યું છે કે ''તું છો મોક્ષસ્વરૂપ'' પણ દેહાધ્યાસથી ભૂત જેવો ગાંડો થઈ ગયો છે. પરસંગ અને ક્રોધ, માન, માયા, લોભ એ ભૂત જેવા છે. એ એમ ને એમ જાય નહીં, પણ ''જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ.'' (હાથનોંધ- ૧/૧૪)

સંગની નિવૃત્તિ એ એનો ખરો ઉપાય છે. પુદ્‌ગલના સંયોગથી પોતાનું ભાન ભૂલ્યો છે. તીર્થંકર ભગવાને જે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે બધાની પાસે છે, પણ તેનું ભાન જીવને નથી. એટલા માટે જ્ઞાનીપુરુષો કહે છે કે સંગનો ભય રાખશો, અસંગ રહેશો. ઇચ્છા રાખી તો પાછો સંસારનો સંસાર જ છે. ઇચ્છા દુઃખ આપનારી છે.

**''હે જીવ! ક્યા ઇચ્છત હવે? હૈ ઇચ્છા દુઃખ મૂલ;**
**જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.''** (હા.નોં. ૧/૧૨)

પોતાનું પડી મૂકીને જીવ પારકી પંચાતમાં પડ્યો છે. અસંગપણું હોય તો જ મોક્ષ છે. જેને મોક્ષ જોઈતો હોય તેણે અસંગપણું પ્રાપ્ત કરવું. છેવટે છૂટવાનું તો છે જ, તો પહેલાં જ છોડી દેવું.

કેટલાક જીવો તો એવા હોય છે કે એક શબ્દમાં સમજી શકે છે. ગૌતમસ્વામીને મહાવીર ભગવાને 'ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય' એમ ત્રણ શબ્દો કહ્યા હતા. તે ઉપરથી ગૌતમસ્વામીએ ચૌદ પૂર્વની રચના કરી હતી. કેટલાક જીવો એવા હોય છે કે ઘણા બોધથી પણ ન સમજી શકે. એટલા માટે જ્ઞાનીપુરુષો અનેક પ્રકારના ઉપાયો કરે છે, કેમ કે જીવો અનંત પ્રકારના છે. કોઈક જીવો એક બોલથી જ મોક્ષે ગયા. [૧]ચિલાતીપુત્રને ત્રણ શબ્દો મુનિએ આપ્યા હતા. તેનું આરાધન કરવાથી તેનો મોક્ષ થયો. જ્ઞાનીપુરુષનું જે કહેવું છે તે પકડી રાખે તો થાય. માટે મોક્ષ મેળવવાને અર્થે જ જીવવું છે એવો લક્ષ રાખવાનો છે.

''આત્માથી સૌ હીન'' એટલું લાગે તો બીજું કંઈ સારું ન લાગે. બાર અંગનો સાર અસંગપણું છે. બાર અંગ ભણીને પણ અસંગપણું ન આવ્યું, તો ભણેલું કંઈ કામનું નથી. જાત્રાએ જવું, તપ-જપ કરવા એ બધી ક્રિયાઓ એક અસંગપણું કરવાને અર્થે છે. ક્રિયા બે પ્રકારની છે. એક પ્રવૃત્તિવાળી અને બીજી સ્થિરતાવાળી. ક્રિયા કરીને અસંગ થવાનું છે. અસંગ થવું જેવું તેવું નથી. એક ક્ષણ વાર અસંગ રહેવું તે ત્રણ લોકને જીતવા કરતાં અઘરું છે. જેમ નદી, તળાવ તરવા હોય તો તરાય, પણ સ્વયંભૂરમણ ભુજાએ કરી ન તરાય. તેમ બીજું તો બધું કરી શકે, પણ અસંગ થવું દુર્ઘટ છે. અસંગ થવા માટે સત્સંગ એ ખરો ઉપાય છે. સત્સંગ એ ચાળણી જેવો છે. જેમ ચાળણીમાં વસ્તુને ચાળવાથી કચરો જતો રહે છે અને ચોખ્ખી વસ્તુ રહી જાય છે; તેમ સત્સંગમાં

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૩૮૦.

કુસંગરૂપી કચરો નીકળી જાય છે અને અસંગપણારૂપી ચોખ્ખી વસ્તુ રહી જાય છે. સત્સંગથી અસંગ થવાય છે. સત્સંગ એ જીવને મોટું અવલંબન છે. જેમ માંદો માણસ લાકડીના અવલંબને ચાલે છે, ચાલવું તો પોતાને જ પડે છે, પણ સહેલાઈથી ચલાય છે. તેમ સત્સંગ એ જીવને મોટું આલંબન છે. સત્સંગથી પોતાના દોષ કાઢવાનો ઉપાય મળે અને દોષો પણ જાય એવો એ સત્સંગ છે. જેટલો લાભ સત્સંગથી થાય છે, તેટલો એકલો ગડમથલ કરે તેથી ન થાય. અસંગ થવાનું સાધન સત્સંગ છે, આ વાક્ય જ્ઞાનીપુરુષોએ અનુભવ કરીને કહ્યું છે.

**"સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;**
**સત્‌સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?"**

દરેક ભવમાં પુરુષાર્થ તો કર્યો છે, પણ બીજી ઇચ્છાથી કર્યો છે. સત્સાધન ન મળે, ત્યાં સુધી મોક્ષ ન થાય. ભગવાને જીવો ઉપર દયા લાવીને કહ્યું છે કે સત્સંગ એ સહેલો ઉપાય છે. મુનિ થયા પછી પણ એકલ વિહારી થવાનું નથી કહ્યું. તેઓને પણ સત્સંગમાં રહેવાનું શાસ્ત્રોમાં કહ્યું છે. તો પછી સંસારી જીવોને તો ખાસ જરૂરનું સાધન છે. સત્સંગમાં બધાય સાધનો સમાય છે. કેટલી દુર્લભ વસ્તુ છે! કૃપાળુદેવ જેવા પણ સત્સંગને નમસ્કાર કરે છે! આ વસ્તુ કંઈ જેવી તેવી નથી. લાખ રૂપિયા દીધે પણ મળે એવી નથી. સારી ભાવના થાય ત્યારે સત્સંગ પ્રાપ્ત થાય. સત્સંગ મળ્યે પણ એને સફળ ન કરે તો મળ્યો ન મળ્યા જેવો છે. માટે આ ભવમાં સત્સંગ મળ્યો છે તે નિષ્ફળ ન જાય એવું કરવાનું છે. જીવને જે વસ્તુ ગમે, તે મેળવવા માટે ઉપાય કરે છે. નજીવી વસ્તુઓની જીવ કાળજી રાખે છે, પણ મનુષ્ય ભવ મળ્યો છે તે નિષ્ફળ ન જવા દેવો, એનો વિચાર નથી આવતો. વિચારવાન જીવ મનુષ્ય ભવ કેવી રીતે સફળ કરવો તેના કારણોને શોધી કાઢે છે. સત્સંગની ઓળખાણ થવી મુશ્કેલ છે. જ્ઞાનીને જ્ઞાનીરૂપે ન ઓળખે તો મોક્ષનું કારણ ન થાય, પણ પુણ્ય બંધાય. માટે ઓળખાણ કરવાની છે. જ્ઞાનીપુરુષે શું કર્યું જેથી મોક્ષે ગયા, તેની ઓળખાણ કરવાની છે. "કર વિચાર તો પામ." વિચારણા પ્રગટે તો થાય. જ્ઞાનીપુરુષની બીજા કરતાં કંઈક વિશેષતા લાગે તો ઓળખાય. વધારે પરિભ્રમણ કરાવનાર દર્શનમોહ છે.

પોતાનું નહીં તેને પોતાનું માને છે તે ભ્રાન્તિ છે.

**"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;**
**ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન."**

તે ભ્રાંતિ સદ્‌ગુરુ મળે ત્યારે જાય.

**"સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;**
**સમજ્યા વણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ."**

સદ્‌ગુરુ વિના ન સમજાય. સમજણ એ જ સુખ છે. "સમજ સમજ કરિ જીવ હી, ગયા અનંતા મોક્ષ."

ઓળખાણ એ મોટી વસ્તુ છે. ઓળખાણ એ ખાણ છે. સત્સંગ એટલે સત્‌નો રંગ ચઢાવે તે.

ધર્મનું બીજ સમ્યક્ત્વ છે. જ્ઞાનીપુરુષોનાં વચનો સાંભળે, ઉલ્લાસભાવ આવે ત્યારે સમજાય કે આત્મિક સુખ સાચું છે. પ્રભુશ્રીજી કહેતા કે, જીવે સાચા સુખની ભાવના જ નથી કરી. ભાવના કરતાં નથી આવડતી. ભૂલવાળો ભાવ છૂટે તો થાય. ''હે ભગવાન! હું બહુ ભૂલી ગયો'' એમ રોજ બોલીએ છીએ, પણ ભૂલી ગયો શું? તો કે ''મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં.''

એક પુરુષને કોઈએ રત્ન ચિંતામણી આપ્યું. પણ તે પુરુષે કાગડાને ઉડાડવા માટે ફેંકી દીધું. તેમ દુર્લભ મનુષ્યદેહ મળ્યો છે. તે ખાવા-પીવા, મોજ-શોખમાં જીવ ગુમાવી રહ્યો છે. સત્સંગ પણ જીવને ઘણીવાર પ્રાપ્ત થયા છતાં ફળવાન થયો નથી, નિષ્ફળ ગયો છે. માટે આ ભવમાં એવું ન થાય તે લક્ષ રાખવાનો છે. અજ્ઞાન એ ભયંકર વસ્તુ છે. સાપ કરડવાથી તો એક ભવમાં જ મરણ થાય, પણ અજ્ઞાનથી તો ભવોભવ જન્મ-મરણ કરવાં પડે છે. અજ્ઞાનનો ભય જીવને નથી લાગ્યો. જ્ઞાનીપુરુષો કહે છે કે પાણીમાં ડૂબી મરવું સારું, અગ્નિમાં બળવું સારું, પણ અજ્ઞાનમાં રહેવું ખોટું. સત્સંગનું માહાત્મ્ય એવું છે કે સહજ સમાધિ સુધી પહોંચાડે છે. મહાપુણ્યના યોગે જીવને ઘણી વાર સત્સંગ મળ્યો, પણ આ જીવે તે સત્સંગને ઓળખ્યો નહીં, ઉપાસના કરી નહીં, તેથી નિષ્ફળ થયો છે. સત્સંગથી સહજ સમાધિ પ્રાપ્ત થાય છે. જીવને પુણ્યના જોગે સત્સંગ મળ્યો, પણ ન મળ્યા જેવો કર્યો, કેમકે એ જાગ્યો નહીં. તે સત્સંગમાં જ્ઞાનીની આજ્ઞા આરાધવાની હતી, તે ન કરી તેથી ફળ ન મળ્યું. સત્સંગ મળ્યે પણ લાલચ રહે કે પૈસા મળો, ધન મળો, તો પછી શાથી ફળવાન થાય? અસંગ થાય તો મોક્ષ છે. અસંગ, જ્ઞાનીની આજ્ઞા આરાધવાથી થવાય છે. સત્સંગ એ મોટી વસ્તુ છે. સહજ સ્વરૂપ પ્રાપ્ત કરાવે તેવો સત્સંગ છે. સર્વ પ્રથમ સત્સંગ કરવાનો છે. સત્સંગમાં સમજણ સવળી થાય છે. પહેલાં સમજણ કરવાની છે. સમજણ વગર બધું નિષ્ફળ થયું છે. મારે સંસારથી છૂટવું છે એવી ભાવના સત્સંગે થાય છે. જ્ઞાનીપુરુષના ચરણમાં સર્વાર્પણ કરવાનું છે. મારું કંઈ નથી. મારે જ્ઞાનીપુરુષની આજ્ઞામાં વર્તવું છે; જ્ઞાની કહે તે કરવાનું છે. 'હું કંઈ જાણું નહીં' એ સર્વાર્પણ છે. 'હું જાણું છું' એમ ડાહ્યો થવા જાય, ત્યારે કષાય પેસે છે. જ્ઞાનીપુરુષે જાણ્યું છે, તેની પાસે મારે જાણવાનું છે, એ સીધો રસ્તો છે. સાચે રસ્તે ન જવા દેવું એ મિથ્યાત્વનું કામ છે. ડહાપણ મૂકે તો મિથ્યાત્વ મંદ પડે. પોતાના દોષો જણાયા હોય ત્યારે ખબર પડે કે હું ક્યાં ઊભો છું? અને કેવળજ્ઞાન ક્યાં? જ્ઞાનીની આજ્ઞા આરાધવા જતાં મિથ્યાત્વ આડું આવે છે; તેથી જ્ઞાની કહે તે કરતો નથી. સ્વચ્છંદપણે કરે છે. પ્રમાદમાં પડી રહે તો ન થાય. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં અનંત કાળ ગુમાવ્યો છે. સમજણ આવે ત્યારે ઇન્દ્રિય-વિષયથી ઉપેક્ષા થાય. ઇન્દ્રિય-વિષયથી ઉપેક્ષા થાય નહીં, ત્યાં સુધી સત્સંગ ફળવાન થાય નહીં. જો સત્સંગની એકનિષ્ઠા, અપૂર્વ ભક્તિ આવી હોય તો બધું સફળ થાય અને દોષો પણ જાય.

[વ૦ ૬૦૯] ૪૧૧ ગુડિવાડા, માગસર વદ ૦)), સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—મોક્ષની વ્યાખ્યા જુદા જુદા ધર્મોમાં જુદા જુદા પ્રકારે કરી છે. કેટલાક જ્ઞાનને મોક્ષ કહે છે; કેટલાક નીતિને ધર્મ કહે છે; કેટલાક અજ્ઞાનને ધર્મ કહે છે; કેટલાક ભક્તિને; કેટલાક ક્રિયાને એમ અનેક ધર્મોમાં અનેક પ્રકારે મોક્ષની વ્યાખ્યા કરે છે, પણ વીતરાગદર્શન તો

સહજસ્વરૂપમાં સ્થિતિ થવી તેને 'મોક્ષ' કહે છે. મોક્ષ એટલે જે પોતાનું નહીં, તેથી છૂટવું. કર્મ છે તે આત્માનાં નથી. સહજસ્વરૂપ તે આત્માનું સ્વરૂપ છે. કર્મને લીધે જીવને પોતાના સ્વરૂપનું ભાન નથી. ઘાતી કર્મ ક્ષય થાય ત્યારે આત્માનું સહજસ્વરૂપ પ્રગટે. સહજસ્વરૂપનું ભાન તે જ સહજસ્વરૂપે સ્થિતિ છે. જીવ પોતાને કેમ ભૂલ્યો? પરવસ્તુના સંગથી જીવ પોતાના સ્વરૂપને ભૂલ્યો છે. સંગથી છૂટે તો પોતાના સ્વરૂપનું ભાન થાય; સહજસ્વરૂપ સમજાય. સંગ છૂટે તો મોક્ષ થાય. સંગના યોગે શુદ્ધ સ્ફટિકરત્ન જેમ અન્યરૂપે દેખાય છે, તેમ આ આત્મા પણ સ્ફટિક જેવો શુદ્ધ છે, પણ કર્મના યોગે (સંગે) અન્યરૂપે દેખાય છે. મોક્ષ થવા માટે અસંગ થવું એમ ભગવાને કહ્યું છે. ચૌદ પૂર્વ ઉપદેશીને પણ અસંગ થાઓ એમ કહ્યું હતું. સર્વ ક્રિયા કરીને છેવટે અસંગ થવાનું છે. બધાં શાસ્ત્રો કે ઉપદેશ વગેરે સર્વ અસંગ થવા માટે કહ્યાં છે. જીવને અસંગપણું પ્રાપ્ત થાય, એ જ માટે સર્વ ક્રિયાઓ તીર્થંકર ભગવાને વર્ણવી છે.

ક્રિયા બે પ્રકારની છે. ૧. પ્રવૃત્તિવાળી ૨. સ્થિરતાવાળી.

જીવને અસંગપણું પ્રાપ્ત થાય એને માટે જ સર્વ ક્રિયા કહી છે. જ્ઞાન અને ક્રિયા બન્ને જોઈએ. એકલી ક્રિયા કે એકલા જ્ઞાનથી પણ મોક્ષ ન થાય. જ્ઞાન અને ક્રિયા બન્નેથી મોક્ષ છે. બધાનું ફળ અસંગપણું આવવું જોઈએ. અસંગપણું કરવા જેવું છે. એ અસંગપણું પોતાની મેળે આવતું નથી. ભૂજાએ કરી જેમ સ્વયંભૂરમણ સમુદ્ર તરાય નહીં, તેમ સ્વચ્છંદે વર્તવાથી અસંગપણું આવે નહીં.

સત્સંગ છે તે એક પ્રકારનો સંગ છે, પણ તે સાચો સંગ હોવાથી અસંગ બનાવે છે. સંગને કાપવા માટે સત્સંગ એ એક મોટું સાધન છે. સત્સંગ પહેલામાં પહેલું અને છેલ્લામાં છેલ્લું સાધન છે. ધર્મ આરાધવો હોય તો પહેલામાં પહેલો સત્સંગ કરવો. કષાય કરતી વખતે સત્સંગનાં વચનો યાદ આવે તો લાભ થાય. સત્સંગ છે તે અસંગ થવામાં બળ આપે છે. અનંતકાળથી જીવને સત્સંગ મળ્યો નથી, એમ નથી. ઘણીવાર મળ્યા છતાં આ જીવે તેને સફળ બનાવ્યો નથી. સાચો સત્સંગ પ્રાપ્ત થયા છતાં નિષ્ફળ થયો છે. એનું કારણ જીવની તૈયારી નહીં. તેથી નિષ્ફળ થયો છે. સત્સંગથી જ મારું કલ્યાણ છે એવું આ જીવને થયું નથી. સત્સંગ મળ્યો, પણ તેની પરમ પ્રેમે ઉપાસના ન કરી તેથી નિષ્ફળ થયો. ખામી ભાવની છે. 'કલ્યાણમંદિર'માં આવે છે કે જીવ ઘણીવાર તીર્થંકર ભગવાનના સમવસરણમાં ગયો, રત્નોથી ભગવાનની પૂજા કરી, પણ ભાવ ન થયા. મોહમાંથી જીવ જાગે ત્યારે કામ થાય. ''જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ.''(હા.નોં.૧/૧૪)

આત્માને સત્‌નો રંગ ચઢાવે તે સત્સંગ છે. સત્સંગ-સત્પુરુષનું ઓળખાણ થવું દુર્લભ છે અને ઓળખાણ થયા વિના પરમ પ્રેમે ઉપાસના થાય નહીં. જીવની યોગ્યતા નહીં હોવાથી સત્સંગ નિષ્ફળ થયો છે. નિશ્ચયની ખામી છે, નિશ્ચય નથી. જેવો કર્મનો ઉદય હોય, તેવો થઈ જાય છે. ઊંઘમાં પાસું ફેરવે, પણ જાગે નહીં.

સત્સંગ શાથી નિષ્ફળ થયો છે? તેનાં કારણો શોધે ને કાઢે તો નિષ્ફળ ન થાય. ''દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?'' જીવ પોતાના દોષો જોતો નથી. બીજા જીવોના દોષો જુએ છે. પુણ્યના યોગે કોઈક વાર સત્સંગ મળે, પણ તેમાં ટકી રહેવું મુશ્કેલ છે. સત્સંગનો યોગ મળવો

બહુ દુર્લભ છે. ખરી જાગૃતિ થઈ નથી. જ્યાં સુધી ખોટી વસ્તુ તે ખોટી અને સાચી વસ્તુ તે સાચી ન મનાય, ત્યાં સુધી ન થાય. સંસારમાં નથી પણ સત્સંગમાં જ મારું હિત છે એવું લાગ્યું નથી. મોહ ન ગયો ત્યાં સુધી સંસાર જ છે. સત્સંગ મળ્યો, પણ એની વૃત્તિ સંસારમાં હતી. પરમ પ્રેમે ઉપાસના એ કંઈ જેવી તેવી વાત નથી. સત્સંગ વિના બીજી કોઈ વસ્તુ પ્રેમવાળી નથી. એવું થવું, તે પરમ પ્રેમે ઉપાસના છે. ''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં.''

વિવિધ પ્રકારે જગત જીવને છેતરે છે. પ્રેમ બીજી વસ્તુઓમાં ઢળી ગયો તો સત્સંગ નિષ્ફળ જશે. ગમે તેવા સંસારના બંધનમાં આવ્યા પછી ત્યાંથી છૂટવું દુર્લભ છે. જેની પાસે પ્રેમ મૂડી છે, તે સત્પુરુષમાં વાપરે તો સફળ થાય. હવે આ આત્માને નાશવંત વસ્તુઓમાં વહેંચવો નથી. હવે તો અસંગ જ થવું છે. કૃપાળુદેવે પૂર્વે સત્સંગ બહુ સેવેલો. તે યાદ આવવાથી સત્સંગનું માહાત્મ્ય ગાયું છે. સત્સંગ વિના કૃપાળુદેવને ગમતું નહોતું. સત્સંગ એ નિર્વાણનો મૂળ ઉપાય છે. એના ઉપર પરમ પ્રેમ આવ્યો તો મોક્ષ દૂર નથી. સત્સંગ હશે તો જે જે સાધનો હશે તે બધાં સફળ થશે. નહીં તો ''સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.'' (૧૨૮)

સત્સંગ પ્રાપ્ત થયો તો પોતાનું હિત શામાં છે, તે સમજાશે. સત્સંગને સર્વાપણપણે ઉપાસવો. સત્સંગને અર્થે પ્રાણ પણ જતા કરે, એટલી તૈયારી હોય ત્યારે કામ થાય. સત્સંગ એ ટુંકો રસ્તો છે, તેટલો અઘરો પણ છે. એને સર્વાર્પણપણે ઉપાસે તો કામ થઈ જાય, થોડાક વખતમાં કામ થઈ જાય એવું છે. જેને મોક્ષે જવું છે તેને માટે એ સહેલો ઉપાય છે. સત્સંગ જ ઉપાસવો હોય તો સત્સંગ નિષ્ફળ થયો છે એવા કારણોને દૂર કરવાં. સત્સંગ કેમ નિષ્ફળ થયો તે હવે કહે છે.—

૧. મિથ્યાગ્રહ– એટલે હું સમજું છું, મને બધું આવડે છે, મને સારું લાગે તેવું કહો તો માનું, એવા પ્રકારના જે આગ્રહ છે તે સત્સંગને નિષ્ફળ કરે છે.

૨. સ્વચ્છંદ– એટલે પોતાની ઇચ્છાએ વર્તે; જ્ઞાની કહે તેમ ન કરે. એમ કરવાથી પણ સત્સંગ નિષ્ફળ થાય છે. મારે સત્સંગની આજ્ઞાએ જ વર્તવું છે, એવું થાય ત્યારે સ્વચ્છંદપણું જાય. પ્રભુશ્રીજી કહેતા કે સત્પુરુષ પાસે બધાય આવે, પણ વૃત્તિઓ બહાર ભટકતી હોય છે તેથી કંઈ ન થાય. મનને જ્યાં ગમતું હોય ત્યાં જાય છે. સ્વચ્છંદ રોકીને આજ્ઞાનું આરાધન કરે તો કલ્યાણ થઈ જાય.

૩. પ્રમાદ– અનુકૂળતા મળશે ત્યારે કરીશું. એમ કરતાં કરતાં દેહ છૂટી જાય. આત્માનું કામ નથી કરતો, એ જ પ્રમાદ છે.

૪. ઇન્દ્રિયવિષયથી ઉપેક્ષા ન કરી—પાંચ ઇન્દ્રિયના વિષયો એ જ જીવને રઝળાવનાર છે. એથી ઉપેક્ષા કરી હોય તો સત્સંગ ફળવાન થાય. આ સત્સંગ નિષ્ફળ થવાનાં ચાર કારણો કહ્યાં. એમાંથી છૂટવા માટે પુરુષાર્થ કરવાનો છે.

સ્વચ્છંદે કોઈ મોક્ષે ગયા નથી. પોતાની મેળે સફળતા ન થાય. સત્સંગ મળ્યો હોય, દોષો દેખાયા હોય, પણ પ્રમાદમાં પડ્યો રહે તો કંઈ ન થાય. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં પ્રીતિ છે તે મટાડવાની છે. જીવે ચારે દોષો સેવ્યા છે તેથી સત્સંગ નિષ્ફળ થયો છે. માટે આ ભવમાં એવું ન

થાય એવો લક્ષ રાખીને વર્તવું.

જ્યાં સુધી અહંભાવ હોય, ત્યાં સુધી સત્સંગ ફળવાન ન થાય. જ્ઞાની કહે તેમ કરવાનું છે. સત્સંગની એકનિષ્ઠાએ ભક્તિ થાય તો બધા દોષો જાય. ભક્તિ છે ત્યાં પ્રેમ છે. સત્પુરુષની ભક્તિ ન થવા દેવાનું કારણ મિથ્યાગ્રહ છે. ભક્તિમાં એને અહંકાર, માન થવાનું કશુંય ન હોય.

એક વખતે વસોમાં કૃપાળુદેવ પધાર્યા. તે વખતે સાત વ્યસન સેવનારો ભાવસારનો એક છોકરો હતો. તેણે કૃપાળુદેવને કહ્યું કે મારે આપની સેવામાં રહેવાના ભાવ છે. કૃપાળુદેવે કહ્યું કે તું સાત વ્યસનનો ત્યાગ કરીશ? તેણે હા પાડી. પછી કૃપાળુદેવે સાત વ્યસનનો ત્યાગ કરાવી સેવામાં રાખ્યો. અંતરમાં સાચા ભાવે ભક્તિ થાય તો તેને કંઈ નડતું નથી.

મિથ્યાગ્રહ, સ્વચ્છંદ, પ્રમાદ અને ઇન્દ્રિયવિષયથી ઉપેક્ષા નહીં; એ ચાર કારણોનો ત્યાગ થયો તો સીધું ચાલ્યું જવાય. જેનો આત્મા કબૂલ કરતો હોય કે સત્સંગથી મારું કલ્યાણ છે, તરાય એવું છે; તો પછી બીજે ખોટી થવું યોગ્ય નથી. સત્સંગનો યોગ થયો તો ઢીલ ન કરવી. જેટલો થાય તેટલો કરી લેવો.

અઢાર પાપસ્થાનક રોજ વિચારવાં. મેં આજે કેટલી હિંસા કરી, કેટલું જૂઠું બોલ્યો, કેટલી ચોરી કરી, કેટલું અબ્રહ્મચર્ય સેવ્યું, કેટલી પરિગ્રહમાં મૂર્ચ્છા કરી, એમ અઢારે પાપસ્થાનક વિચારવાં. જે દોષો જુએ છે તેને પશ્ચાત્તાપ થયા વિના રહે નહીં અને પશ્ચાત્તાપ થવાથી ફરી એવાં પાપ ન કરે. દોષો જાય ત્યારે ખરી મુમુક્ષુતા આવે. ચેતતા રહેવું જોઈએ. સત્સંગમાં જેટલો ભાવ તેટલો ભાવ બીજામાં ન હોય તો સત્સંગ ફળવાન થાય એમ છે. પછી બીજી બધી વસ્તુઓ તુચ્છ લાગે. ''આત્માથી સૌ હીન''

પુરુષાર્થ કર્યા વિના છૂટકો નથી. મોજશોખ એ જીવને પુરુષાર્થ કરવા દેતા નથી. સત્સંગનો યોગ તો પુણ્ય હોય તો મળે. એવો યોગ ન હોય ત્યારે સત્પુરુષનો બોધ હોય તેને સત્પુરુષ તુલ્ય જાણી વિચારે, આરાધે તો સમ્યક્ત્વ થાય છે.

મનમાં ખરો નિશ્ચય રાખવાનો છે કે મારે આત્માનું કલ્યાણ કરવું જ છે. એને માટે મન, વચન, કાયાની પ્રવૃત્તિ ઉદય બળે થતી હોય તો ભલે થાય. એ તો કર્મને આધીન છે. એ બધાથી અસંગ ''સહજાત્મસ્વરૂપ'' થવું છે. બધાનો આધાર સત્પુરુષાર્થ છે.

[વ૦ ૬૦૯] ૪૧૨ જેસલમેર, મહા વદ ૮, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાનીના આશ્રયમાં કેવો લાભ છે તે આમાં કહે છે. જ્ઞાનીનો આશ્રય મોક્ષ માટે કરવાનો છે. જ્ઞાનીને આધારે મોક્ષ છે, એ મુખ્ય છે.

૧. જેવો આત્મા છે તેવો ત્રણે કાળ રહે તે મોક્ષ છે. બીજી વસ્તુને લઈને બીજું દેખાય છે. એટલે આત્મા કર્મરહિત થાય ત્યારે સહજસ્વરૂપે રહે છે, તેને મોક્ષ કહ્યો છે.

૨. સહજસ્વરૂપ કેવું છે તેની જીવને ખબર નથી. દેહ પોતાનો નહીં તેને પોતાનો માને છે. દેહના ધર્મોને પોતાના ધર્મો માને છે. છતાં આત્મા ક્યાંય ગયો નથી. સમ્યગ્દશા આવે ત્યારે ખબર

પડે. દશા આવે ત્યારે સમજાય. એ વસ્તુનું ભાન થવા પુરુષાર્થની જરૂર છે. કર્મનો સંયોગ છે તેવો થઈ ગયો છે.

૩. સંગના યોગે પોતાના સ્વરૂપને ભૂલ્યો છે. સંગ દૂર થાય ત્યારે સહજસ્વરૂપ રહે છે.

૪. મોક્ષ એટલે સર્વસંગથી છૂટી જવું. એ અસંગપણું થવા માટે શાસ્ત્રો કહ્યાં છે.

૫. આખા ચૌદ પૂર્વનો કે દ્વાદશાંગીનો સાર અસંગપણું છે. અસંગપણું થવા માટે બધો ઉપદેશ કહ્યો છે. ક્રિયા બે પ્રકારની છે. ૧. ભણવું, શીખવું વગેરે તે પ્રવૃત્તિરૂપ ક્રિયા છે. ૨. કાઉસગ્ગમાં રહેવું ઇત્યાદિ તે છુટવાની ક્રિયા છે. એક પરમાણુથી માંડી ચૌદ રાજલોકનું વર્ણન કર્યું છે, તે બધું અસંગપણું થવા માટે છે.

૬. કોઈએ એમ કહ્યું કે 'અસંગ થવું' એમ બોલવાથી કંઈ અસંગ ન થવાય. એ અસંગપણું એક ક્ષણવાર રહે તો ત્રણ લોકને જીત્યા કરતાં વધારે છે. લોકને જીતે પણ એક ક્ષણ વાર અસંગ ન રહી શકે. એ અસંગપણું જે અસંગ થયા છે તેનો સંગ થાય તો થવાય છે. જે જે વસ્તુને પામ્યા છે, તે તે તેના સંગથી પામ્યા છે. સત્સંગે અસંગ થવાય છે. કચરો કાઢવા સાવરણી છે. એ સાવરણી પણ કચરો જ છે, પણ તે કચરાને કાઢે છે. તેમ સત્સંગ છે તે પણ એક પ્રકારનો સંગ છે, પણ તેથી સંગરૂપ કચરો કાઢી અસંગ થવાય છે. સત્સંગે સમજણ પડે તો થાય, નહીં તો ભૂલો પડે; પણ સત્સંગે સમજાય છે. આધારે આધારે અસંગ થવાય છે. સત્સંગ એ આધાર છે. ક્રમે ક્રમે થાય. જીવને બારમા ગુણસ્થાન સુધી સત્પુરુષના બોધનું અવલંબન છે.

૭. અસંગ થવાનું સત્સંગ સાધન કહ્યું, તે મળ્યું પણ સફળ થયું નથી. શું આડું આવ્યું? લોઢાને પારસમણિ અડે તો સોનું થાય જ અને જો ન થાય તો કાં તો લોઢું બરાબર નથી અને કાં તો પારસમણિ બરાબર નથી. બરાબર સ્પર્શ થાય તો સોનું થાય. ભગવાનને ઓળખ્યા વિના સ્વરૂપની કેમ ખબર પડે?

ભગવાને કહ્યું છે કે સત્સંગ મળ્યો પણ ઓળખાણ નથી. સંગમ દેવતાએ ભગવાન ઉપર ઉપસર્ગ કરીને કર્મ બાંધ્યાં. સત્સંગની ઓળખાણ ન થાય તો શા કામનો? આથી જ મારું કલ્યાણ થશે એવું થયું નથી. મનુષ્યપણાની કિંમત નથી. સત્પુરુષને માને અને પાછી ઇચ્છાઓ બીજી કરે છે. તેથી જીવને સાચી ઓળખાણ થતી નથી. ઓળખાણ થયા વિના પ્રેમ ન આવે. વૈરાગ્ય હોય તો ઓળખાણ પડે અને તેથી મોક્ષ થાય. મોટામાં મોટી આ વાત છે. મોક્ષ થતાં સુધી સત્સંગની પરમ પ્રેમે ઉપાસના કરે તો તે મોક્ષે લઈ જાય તેવું છે. એવો સત્સંગનો યોગ મળ્યો, પણ એવા યોગે જે કામ કરવું હતું તે જીવે નથી કર્યું. એક ગરીબના હાથમાં ચિંતામણિ રત્ન આવ્યું, પણ તેને ઓળખાણ ન પડી. એટલામાં એક કાગડો ત્યાં આવ્યો અને અવાજ કરવા લાગ્યો. કાગડો ઉડાડવા માટે ગરીબે રત્ન ફેંકી દીધું. એવું આ થયું. ખબર વિના કિંમત ન લાગે. ક્ષણિક વસ્તુને માટે કિંમતી વસ્તુ જીવ નાંખી દે છે. સાથે કશું આવે નહીં. આ જે વિચારણા કહી એ વિચારણા કરવાથી કૃપાળુદેવ લખે છે કે 'અમને આત્મજ્ઞાન થયું.'

ગયું તે ગયું પણ હવે કોઈ સત્પુરુષ મળે તો ઉપાસના કરવી. સત્સંગ નિષ્ફળ થયો તેનાં કારણો કાઢ્યાં ત્યારે અસંગ થયાં. કૃપાળુદેવને આટલા ભવ સાંભર્યાં તે સહેલી વાત નથી. આ ભવમાં સત્સંગ ચૂકવા જેવો નથી. જેમ બને તેમ સત્સંગ કરવો.

૮. ધર્મ કરવો હોય તો જીવ કોઈને ધર્મ કરતાં દેખી કરે છે. બધાં સાધનોને ગૌણ કરી પહેલી સત્સંગની મુખ્યતા રાખી સત્સંગ કરવો. સત્સંગમાં સમજાય છે. જીવ સાધનો કરીને અભિમાન કરે છે. સત્સંગમાં આપણું જેટલું બળ હોય તેટલું વાપરવું. સત્સંગથી આત્મા જાગે છે. સત્સંગના યોગે જે કંઈ થાય છે તે સવળું થાય છે. સત્સંગે ખબર પડે. ત્યાગ-વૈરાગ્ય વધે પછી સિદ્ધાંતિક વસ્તુ સમજાય છે.

૯. પહેલેથી છેલ્લે સુધી સાચી વસ્તુનો યોગ થયા છતાં કલ્યાણ ન થયું તો આ જીવનો જ વાંક છે.

૧૦. જેથી સત્સંગ નિષ્ફળ થયો છે તે કારણો હવે કહે છે. (૧) મિથ્યાગ્રહ (૨) સ્વચ્છંદપણું એટલે પોતાને સારું લાગે તે કરે. જ્ઞાનીને સારું લાગે તે કરે તો કલ્યાણ થાય. (૩) પ્રમાદ. સત્સંગનો યોગ થયો હોય પણ પછી પ્રમાદ કરે કે થોડા દિવસ પછી કરીશું અને એટલામાં દેહ છૂટી જાય તો સત્સંગ ન કર્યા જેવું થાય. (૪) પાંચ ઇન્દ્રિયના વિષયો છે તેની ઉપેક્ષા ન કરે તો સત્સંગ નિષ્ફળ થાય. સત્સંગની જે અપૂર્વતા લાગવી જોઈએ તે ન લાગે ત્યાં સુધી સફળ ન થાય. સત્સંગમાં અપૂર્વતા લાગે તો ભાન થાય, લાભ થાય.

મુમુક્ષુ– એ અપૂર્વતા કેમ નથી લાગતી?

પૂજ્યશ્રી– બીજી વસ્તુઓનું માહાત્મ્ય લાગ્યું છે. સત્સંગનું માહાત્મ્ય લાગ્યું હોય તો કહેવું ન પડે. ભૂખ લાગી હોય તો કહેવું ન પડે.

**"સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ;**
**પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ."**

અપૂર્વ પ્રેમે ભક્તિ થાય તો બધાય દોષો દૂર થઈ જાય છે.

૧૧. સત્પુરુષનું ઓળખાણ થયું અને પ્રેમ આવ્યો તો એના બધાય વચનો અમૃત જેવાં લાગે. છૂટવા માટે તૈયારી કરવાની છે. મનુષ્યભવ મળ્યો છે તે પુણ્યથી મળ્યો છે. સત્પુરુષનું ઓળખાણ થાય એ મહા પુણ્ય છે. સત્સંગે જીવના દોષો ઓછા થવા લાગે છે. સત્સંગ વિશેષ આરાધન કરવાનો છે. કલ્યાણ કરવું હોય તો સત્સંગ કરવો. પ્રવૃત્તિ ઓછી કરવી, પોતાના કયા દોષથી આગળ વધાતું નથી, તે જોવું અને દોષને કાઢવા. દેહ કરતાં સત્સંગમાં વધારે પ્રેમ થાય એવું કરવાનું છે. સત્સંગે સમજાય એવું છે. જેવાં નિમિત્ત મળે તેવો થઈ જાય છે. દુકાન ઉપર હો, બજારમાં હો કે ઘેર હો પણ સત્સંગ ભૂલાવો ન જોઈએ. સત્સંગનો યોગ ન હોય તો પણ નિરંતર ભાવના એની એ રહે એવું કરવાનું છે. પ્રમાદમાં જીવને જે કરવું છે તે ચુકી જાય છે. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં તણાઈ જાય છે. તેથી સત્સંગ ફળવાન થતો નથી. તત્પરતા જેવી જોઈએ તેવી આવી નથી.

૧૨. સત્સંગ ન હોય તો, સત્સંગમાં જે કંઈ સાંભળ્યું હોય તેની ગાંઠ બાંધી તે વિચારવું, જવા ન દેવું. જ્ઞાની મને જ કહે છે એવો લક્ષ રાખી વાંચે, શીખે તો સત્સંગ જ છે. સમ્યક્ત્વનું કારણ થાય.

૧૩. જે કરવું છે તે આત્માને કલ્યાણ થાય તે જ કરવું. મનને પૂછવું કે આમાં કલ્યાણ છે કે નહીં? કલ્યાણ હોય તે કરવું. મન, વચન અને કાયાના યોગ છે તેની પ્રવૃત્તિ ઓછી કરવી. એમ કરતાં કરતાં અયોગી થવાનું છે.

સત્સંગ નિષ્ફળ થવાનાં કારણઃ– (૧) મિથ્યાગ્રહ (૨) સ્વચ્છંદપણું (૩) પ્રમાદ અને (૪) ઇન્દ્રિયવિષયથી ઉપેક્ષા ન કરવી. જેને કલ્યાણ કરવું જ છે, એવો નિશ્ચય હોય તેણે કલ્યાણના બધા વિઘ્નો દૂર કરવાં. હવે અસંગ થવું છે. એનું કારણ સત્સંગ છે. એ ન હોય ત્યારે પોતાની સર્વ શક્તિ ચાર દોષ ટાળવા માટે વાપરવી. મિથ્યાગ્રહ એટલે જેમાં કલ્યાણ ન હોય તેનો આગ્રહ થઈ જાય ત્યાં સમ્યક્ત્વ હોતું નથી. સંગ છોડવાનો છે. એ ચાર દોષ ખસેડ્યા વિના અસંગ ન થવાય.

બહુ ચેતવાનું છે. મનુષ્યભવ દુર્લભ છે. ઘણી મુશ્કેલીએ એ પુણ્ય પ્રાપ્ત કર્યું છે. દેહ ભાવ છોડવા ઉપયોગ રાખવો. મારે આત્માનો વાળ વાંકો ન થાય તેવું કરવાનું છે. આજ સુધી દેહનું થયું છે, આટલો ભવ આત્માને માટે ગાળવો. મનુષ્યભવ મળ્યો તે મોક્ષને અર્થે ગાળવો. આત્માને કરવું હોય તો થાય એવું છે. પોતાના હાથની વાત છે.

[વ૦ ૬૦૯] ૪૧૩ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સહજસ્વરૂપે સ્થિતિ તે અસંગપણું છે. સંગનું છૂટી જવું તે અસંગપણું. જેથી જીવ ભૂલ્યો છે તે છૂટી જાય અને આત્માની સહજસ્વરૂપમાં સ્થિતિ થાય તે જ અસંગપણું છે. પરિગ્રહ બહારથી છોડી દે તોય ન થાય. એ છોડે પણ 'મારું' ન છોડે તો ક્યાંથી થાય? પરિગ્રહનો વાંક નથી. પોતાનો વાંક છે. મમતા છૂટવી જોઈએ.

**''જો જો પુદ્ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;**
**મમતા સમતા ભાવસેં, કર્મ બંધ-ક્ષય હોય.''**

મમતા હોય તો કર્મબંધ થાય અને સમતા હોય તો કર્મનો ક્ષય થાય. આટલો જ સર્વ શાસ્ત્રોનો સાર છે. પુદ્ગલ તો આવે પણ સમતાથી ભોગવે તો છૂટે. મમતા કરે તો બંધાય. અસંગપણું થવું અઘરું છે. સત્સંગથી અસંગપણું કરવાનું છે. સહજસ્વરૂપે સ્થિતિ એ જ મોક્ષ છે. રસોઈ કરે, પણ જેટલો ગોળ નાંખે તેટલું ગળ્યું થાય. એમ એનો સત્સંગમાં જેટલો ભાવ હોય તેટલું ફળ મળે. બાહ્યભાવમાં દૃષ્ટિ ન જાય તો અર્પણપણું છે.

**''બહિરાતમ તજી અંતર આતમા-રૂપ થઈ થિર ભાવ, સુજ્ઞાની;**
**પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ-દાવ, સુજ્ઞાની.''** (આ૦ ૫)

સર્વોત્તમ વસ્તુ સત્સંગ છે. ત્યાગ, વૈરાગ્ય, વ્રત, ઉપવાસ કરતાં સત્સંગ જ સર્વોત્તમ છે. પહેલો કરવા યોગ્ય સત્સંગ છે. એને મુખ્ય કરી રાખી, બાકી બધી વસ્તુઓ ગૌણ કરી નાખ. એક જ સરખી વૃત્તિવાળા મુમુક્ષુઓનો સમાગમ કરી સત્પુરુષોનાં વચનોનો વિચાર કરવો તે સત્સંગ છે. સત્પુરુષનો યોગ તે પરમ સત્સંગ છે. બાહ્ય વસ્તુઓમાં ન તણાય તો અર્પણતા આવે. મિથ્યાગ્રહાદિ

દોષો જાય તો અર્પણતા આવે. સત્સંગે જીવને બધું સમજાય છે છતાં 'મને નથી સમજાતું' એવું સત્સંગમાં થાય. બીજે તો કંઈ વાંચ્યું હોય તો મને આવડે છે, મેં વાંચ્યું છે, એમ અભિમાન થઈ જાય. અપૂર્વ ભક્તિ એ પરમપ્રેમ સ્વરૂપ છે. વૃત્તિ બહારથી છૂટી પરમાત્મામાં જાય તે ભક્તિ છે. સંસાર પ્રત્યે પ્રેમ છે તે છૂટી ભગવાનમાં થાય તે ભક્તિ છે. ''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં.''

ભક્તિ એ છૂટવાનું સાધન છે. ભક્તિમાં કિંમત ભાવની છે. ક્રિયા કરવાથી ન થાય. આજ્ઞાથી સમજણ સહિતની ભક્તિ થાય તે સાચી ભક્તિ છે. અપૂર્વ ભક્તિ હોય તો શરીરમાં દુઃખ છે કે સુખ એ ખબર પણ ન પડે.

**''[1]તરુણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જેમ ચાહે સુરગીત;**
**સાંભળવા તેમ તત્ત્વનેજી, એ દૃષ્ટિ સુવિનીત રે.**
**જિનજી, ધન ધન તુજ ઉપદેશ. ૧''**

ત્યાંથી ભક્તિ શરૂ થાય છે. ત્યાં એને પ્રેમ લાગે. શ્રવણ કરવાની ઇચ્છા જાગે. તેમ પાંચ ઇન્દ્રિયના વિષયોથી ઊઠી પ્રભુમાં પ્રેમ લાગે, પછી મનન થાય, નિદિધ્યાસન થાય. ભક્તિ એ ભાવ છે. ભક્તિ એ આત્મા છે. જાગે તો થાય.

**''ભક્તબીજ પલટે નહીં, જો જુગ જાય અનંત,**
**ઊંચ નીચ ઘર અવતરે, આખર સંતકો સંત.''**

ભક્તિ એને ગમે તો સાથે જાય. સમકિત જેવી જ છે. એ રસ્તો છે. સ્વચ્છંદ, મિથ્યાગ્રહ, પ્રમાદ બધાય ટળે એવી ભક્તિ છે. ભક્તિનું ફળ એ આવવું જોઈએ.

[વ૦ ૬૦૯] ૪૧૪ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સહજસ્વરૂપે જીવ રહે એને વીતરાગ 'મોક્ષ' કહે છે. સદાય સહજસ્વરૂપમાં રહે તેનું નામ મોક્ષ. સહજસ્વરૂપ તે પોતાની પાસે જ છે. અત્યારે કર્મના યોગે અનેક પ્રકારે ચંચળતા ભોગવે છે. પોતાના સ્વરૂપમાં સ્થિરતા પામતો નથી. સહજસ્વરૂપ એટલે પોતાના સ્વરૂપમાં સ્થિત. સહજસ્થિરતા તે મોક્ષ છે. જગતમાં જીવની જે દશા દેખાય છે તે બધી વિકલ્પવાળી છે.

સહજસ્વરૂપથી જીવ રહિત નથી. પોતાની પાસે જ છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર બધું પાસે જ છે, પણ ઉપર કચરો છે. આવરણ છે, તેને લઈને બીજું ભાસે છે. પ્રભુશ્રીજી કહેતા કે આત્મા વાણિયો નથી, બ્રાહ્મણ નથી, પાટીદાર નથી, પુરુષ નથી, સ્ત્રી નથી, નપુંસક નથી, ઘરડો નથી, યુવાન નથી, બાળ નથી. પોતાનું ભાન નથી એથી બીજી વસ્તુઓને પોતાનું સ્વરૂપ માની બેસે છે. સહજસ્વરૂપનું ભાન તે જ સહજસ્વરૂપે સ્થિતિ છે. સંસારમાં જોઈએ તો ખરું સ્વરૂપ દેખાય નહીં, પણ જેણે આત્મા પ્રાપ્ત કર્યો છે તેનાથી જણાય છે. અનાદિકાળથી જીવને ભાન નથી. ભગવાન કે જેમણે કર્મ દૂર કર્યાં છે, એવું જ આત્માનું સ્વરૂપ છે. આત્મસ્વરૂપ જેણે પ્રગટ કર્યું છે, એવાથી જ આત્મા જણાય છે. બીજાથી મૂકાવવું તે મોક્ષ છે. બીજી વસ્તુઓનો સંયોગ છે તે અન્ય છે. એથી મૂકાવું તે મોક્ષ છે.

---

૧. જેમ કોઈ યુવાન સુખી પુરુષ, તરુણ સ્ત્રી સાથે હોય, છતાં તે દેવતાઈ ગીત સાંભળવા ઇચ્છે.

ગ્રહણ કરવું અઘરું છે અને મૂકવું સહેલું છે, પણ એને ગ્રહણ કરવું સહેલું લાગે છે અને મૂકવું અઘરું લાગે છે. એક પરમાણુ માત્રનું ગ્રહણ એ સર્વ સુખનો નાશ કરવા જેવું છે. ગ્રહણ કરીને સુખ માને છે, એ જ સંસાર છે. જે પરવસ્તુ છે તે બધાથી મુક્ત થવું, તે મોક્ષ છે. પોતાનું જે સ્વરૂપ છે તે ક્યાંય ગયું નથી. કેવળજ્ઞાન, સમ્યક્દર્શન, ચારિત્ર બધુંય છે, પણ એને પ્રગટ કરવાનું છે. મિથ્યાત્વ છૂટે તો સમ્યક્ત્વ થાય અને અવિરતિ છૂટે તો સ્વભાવમાં આવે. બધાય ગુણ એની પાસે છે, પણ સંગના યોગે ભૂલ્યો છે. એની પાસે ધન છે પણ ભાન નથી. ઘરમાં ધન છતાં ભિખારી જેવો છે. ભાન થવું એ જ સહજસ્વરૂપે સ્થિતિ છે.

જીવ બેભાન છે. 'હું જાણું છું, સમજું છું,' પણ જ્ઞાની એને બેભાન કહે છે. ભાન વગરનો, જંગલના રોઝ જેવો છે. માત્ર અભિમાન કરે છે. ભાન થાય તો સહજસ્વરૂપે સ્થિતિ થાય. સહજસ્વરૂપ પોતાની પાસે જ છે, પણ ભુલવાનું કારણ સંગ છે. જેમ સ્ફટિકને જેવો યોગ થાય તેવો દેખાય, તેમ આત્માને જેવો સંગ મળ્યો તેવો થઈ ગયો છે. જેવો સંગ થયો તેવો રંગ લાગ્યો છે. માન્યતા થઈ ગઈ છે.

એક પછી એક આ વચનો છે તે સંકલનાબદ્ધ જેવાં છે. ખરેખરું જીવનું મુક્ત સ્વરૂપ છે, પણ એને ભાન નથી. બધા ગુણો પાસે જ છે. ભાન થાય તો સુખી થાય, પણ ભાન નથી. પરવસ્તુનો સંગ થયો છે, એથી પોતાની સહજ સ્થિતિને ભૂલ્યો છે. હવે સંગથી નિવૃત્ત થવું. સંગની નિવૃત્તિ થાય તો સહજસ્વરૂપ જેવું છે તેવું દેખાય. સંગના યોગે ભૂલ્યો છે. એથી જ્ઞાનીએ પોકારી પોકારીને કહ્યું કે અસંગ થાઓ, અસંગ થાઓ, અસંગ થાઓ. બધું કરીને, ભક્તિ, અભ્યાસ કરીને એક અસંગપણું કરવાનું છે, એક અસંગપણું કરવા માટે છે. ગમે તેમ કરીને તમે અસંગ થાઓ. એજ તીર્થંકરનો ઉપદેશ છે. આત્મા પ્રગટ કરવા, સંપૂર્ણ કરવા માટે જે બધાં વચનો કહ્યાં છે તે એક અસંગપણું થવા માટે છે. આખી દ્વાદશાંગી અસંગપણું કરવા માટે કહી છે. ચારે અનુયોગ આત્માને અસંગ કરવા માટે કહ્યાં છે. બધા શાસ્ત્રોનો સાર અસંગપણું છે. એ વિના બધી ક્રિયા નિષ્ફળ છે. એ લક્ષ વિના ઘણાં સાધન કર્યાં છે.

**''સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;**
**સત્‌સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?''**

''સત્‌''નો લક્ષ આવે તો સત્સાધન થાય. જે ઉપદેશ કર્યો છે, ક્રિયાઓ બતાવી છે તે બધી અસંગ થવા માટે. એક પરમાણુથી માંડી ચૌદ રાજલોકની ક્રિયા તે પ્રવૃત્તિરૂપ ક્રિયા છે અને શૈલેશીકરણ નિવૃત્તિરૂપ છે. જ્ઞાન અને ક્રિયા બેયનો લક્ષ અસંગપણું હોવું જોઈએ. અસંગપણું આવે તો સર્વ સફળ છે. કાયોત્સર્ગ આદિ કરે તેનું ફળ અસંગપણું આવવું જોઈએ, નહીં તો બાહ્યક્રિયા છે. ક્રિયા બે પ્રકારની છે. એક પ્રવૃત્તિરૂપ ક્રિયા અને બીજી નિવૃત્તિરૂપ ક્રિયા. હવે અસંગપણું કરવું કહ્યું, પણ એ એકદમ આવે નહીં. એ થાય કેમ?

પ્રભુશ્રીજીને કૃપાળુદેવે પૂછ્યું કે કેમ વૃત્તિ રહે છે?

પ્રભુશ્રીજીએ કહ્યુંઃ સ્થિરતા રહેતી નથી. અસંગપણું કરવાની એકદમ એમાં શક્તિ નથી. માટે

અવલંબનની જરૂર છે. એક સમય માત્ર અસંગ રહેવું તે ત્રણ લોકને જીતવા કરતાં વધારે છે, પણ મહાપુરુષોએ કર્યું છે. એમણે માર્ગ જાણીને પ્રરૂપ્યો છે. સત્સંગ કરો તો અસંગપણું થશે. સત્સંગ છે તે અસંગ થવાનું સાધન છે. અસંગપણું એ જ સહજસ્વરૂપ છે. સત્સંગે એને સાંભળવા આદિ મળે. સત્સંગે સત્સાધન થાય અને એનું ફળ અસંગપણું આવે. કોઈ ઠેકાણે તણખલાં પડ્યાં હોય તો કંઈ એક એક બહાર કઢાય? પણ સાવરણી હોય તો ઝટ નીકળે. તેમ સત્સંગ એ પણ સંગ છે, પણ કચરો કાઢી નાંખે એવો છે. આત્માને સત્‌નો રંગ લગાડે એવો છે, એથી અસંગપણું પ્રગટે છે. અસંગ કરે એવો સત્સંગ મળતાં છતાં જીવ રઝળે છે. પોતે ન પલટાય તો સત્સંગ મળ્યો તે ન મળ્યા સરખો. અનંતવાર સત્સંગ પ્રાપ્ત થયા છતાં, જીવનું કલ્યાણ ન થયું, એમ પણ કહ્યું છે. પોતે નહીં ફરે ત્યાં સુધી સત્‌નો રંગ એને ચઢે નહીં. સત્સંગનું ઓળખાણ થાય, એ મને પરમ હિતકારી છે એમ જાણે તો રુચિ જાગે. સત્સંગ ઓળખાય, પરમ હિતકારી જણાય, આરાધાય તો જરૂર લાભ થાય. સત્સંગ પ્રાપ્ત થયો પણ ફળ એને પ્રાપ્ત થયું નથી. વૈરાગ્યની જરૂર છે. એ સત્સંગ ઓળખવા વૈરાગ્ય, ઉપશમ જોઈએ.

**“પ્રભુ ભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન;**
**પ્રભુ મેળવવા ગુરુ ભગવાન,**
**ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય;**
**તે ઊપજવા પૂર્વિત ભાગ્ય;**
**તેમ નહીં તો કંઈ સત્સંગ;**
**તેમ નહીં તો કંઈ દુઃખરંગ.”** (૧૦૭)

સત્સંગ પણ ક્રમે ક્રમે ઓળખાય છે. પોતાની આંખમાં કમળો હોય ત્યાં સુધી બધી વસ્તુઓ પીળી લાગે. કેટલાય કાળથી રઝળ્યો છું, એમ લાગે તો એ શાથી મટે, તેના ઉપાય શોધે, ખોજે તેને મળે. સત્સંગનો યોગ તો પૂર્વના પુણ્યથી મળે છે. એટલા સુધી પુણ્ય લાવી મૂકે. પછી એનો પુરુષાર્થ હોય તો ઓળખાય. ઓળખાયા પછી પણ પરમ સ્નેહે ઉપાસાય તો સફળ થાય. સત્સંગ મળે અને જગતનો પ્રેમ ઊઠી તેના કરતાં અનંત ગણો પ્રેમ સત્સંગ પર આવે તો સફળ થાય. સત્સંગ મળ્યો પણ ફળ ન આવ્યું, તેથી મળ્યો કે ન મળ્યો બેય સરખા થયા. કોઈને રત્નચિંતામણિ મળ્યું હોય, પણ કિંમત ન હોય તો કાગડાને ઉડાડવા માટે ફેંકે. સત્સંગ મળે પણ પછી બીજામાં પડી જાય તો એ કામ કરવાનું રહી જાય. કૃપાળુદેવ પોતાના અનુભવની વાત કહે છે. દરેક જીવને પોતાનું શુદ્ધ સ્વરૂપ છે, પણ ભાન નથી. બધું તપાસતાં અસંગપણું કરવું એમ ભગવાને કહ્યું છે, પણ અસંગપણું શાથી થાય? તો કે સત્સંગથી થાય. સત્સંગ મળ્યો તોય અફળ થયો છે તે શાથી? તો કે પરમ સ્નેહે ઉપાસ્યો નહીં, એ ભૂલ રહી. હવે ચૂકવું નહીં, એમ થયું. જાતિસ્મરણ હતું, તેથી બધું યાદ આવ્યું કે સત્સંગ મળ્યો, પણ સત્સંગમાં આવા દોષો આવવાથી નિષ્ફળ ગયો છે. ધર્મ કરવાની ભાવના થાય, પણ બધાને ગૌણ કરી સત્સંગ કરવો. સત્સંગમાં શું કરવા યોગ્ય છે? એ એને સમજાય. સત્સંગ સર્વાર્પણપણે ઉપાસવો. નિર્વાણનો મુખ્ય હેતુ સત્સંગ છે. સત્સંગ એ છેલ્લામાં છેલ્લું અને પહેલામાં પહેલું સાધન છે. યમનિયમ આદિ સર્વ સાધનને ગૌણ કરી

સત્સંગને ગવેષવો, આરાધવો. સત્સંગમાં લાભ ન થાય તો પોતે વિચારવું જોઈએ. સત્સંગ દુર્લભ છે, અલભ્ય છે,  પણ મને કશી અસર થતી નથી, એનું કારણ હોવું જોઈએ.

સત્સંગ નિષ્ફળ થવાનાં ચાર કારણો હવે કહે છે. ખોટી વસ્તુનો આગ્રહ લઈને સત્સંગમાં જાય તો ફળવાન થાય નહીં. મિથ્યા વસ્તુનો આગ્રહ એ સત્સંગને નિષ્ફળ કરે છે. મિથ્યાગ્રહ હોય ત્યાં સુધી સત્સંગ સફળ ન થાય. (એ ઉપર ઉકરડાનો ભમરો અને બગીચાના ભમરાનું દૃષ્ટાંત આપ્યું હતું.) મધ્યસ્થ જીવ હોય તેને વધારે લાભ થાય છે. મિથ્યાગ્રહ મંદ પડ્યો, પણ સ્વચ્છંદપણે વર્તે છે. જ્ઞાનીની આજ્ઞાએ ન વર્તે. ‘‘રોકે જીવ સ્વચ્છંદ તો.’’

એ મિથ્યાગ્રહ પછી સ્વચ્છંદ પણ પોતાને રોકે છે. પોતાની બુદ્ધિ આગળ કરે તે સ્વચ્છંદ છે. જ્ઞાનીએ કહ્યું તે કરવું છે. સ્વચ્છંદ રોકે તોય પ્રમાદ રહે છે. તેના પાંચ ભેદ છે. વિષય, કષાય, નિદ્રા, વિકથા અને સ્નેહ. એમાં પડ્યો તો આખી જિન્દગી બીજામાં જાય અને સત્સંગ રહી જાય. પંચેન્દ્રિયના વિષયો છે, તે એને અનાદિકાળથી છેતરે છે. સત્સંગ ફળવાન ન થવા દે એવા છે. એમાં આસક્તિ હોય ત્યાં સુધી સત્સંગ ફળવાન ન થાય. એને પહેલાં વશ કરવાનાં છે. એની ઉપેક્ષા ન કરે તો સત્સંગ નિષ્ફળ થાય. સત્પુરુષમાં એકનિષ્ઠાએ ભક્તિ આવી ન હોય તો સત્સંગ ફળવાન થાય નહીં. સત્સંગમાં એકનિષ્ઠા-ભક્તિ જાગે તો ચારે દોષો જાય. સત્સંગ એ એક સાધન છે. તેની એકનિષ્ઠાએ ભક્તિ કરે તો ફળવાન થાય, બધા દોષો છૂટે.

**[વ૦ ૬૧૨]** (રાતના સભામાં) **૪૧૫** શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—જ્ઞાનીપુરુષો વિચારીને બધાં વિશેષણો લખે છે.

જેમ જેમ દશામાં વધવું થાય છે, તેમ તેમ વધારે બોલવું, ખાવું, પીવું એ બધો પ્રમાદ કહેવાય છે. અપ્રમત્તદશામાં બહારની બધી પ્રવૃત્તિ શમાઈ જાય છે. સમ્યક્દર્શન થયા પછી એવું થાય છે. પહેલાં તો ચિત્ત પત્ર લખવામાં કામ કરતું હતું, પણ હવે તો આત્મામાં ચિત્ત રહે છે, તેથી લખવું વગેરે પડ્યું રહે છે. આત્મવિચાર ચાલ્યા કરે છે. પ્રારબ્ધનો ઉદય એવો છે કે પત્ર લખાય નહીં. લખવામાં ચિત્ત વધારે પ્રવર્તતું નથી. બોલવામાં કંઈક ચિત્ત રહે છે. તેથી સમાગમે પૂછવાનું રાખશો. પહેલાં આત્માર્થી દશા હોય છે. પછી વિચારદશા જાગે છે અને પછી સ્થિતપ્રજ્ઞદશા હોય છે. એ બધી ભૂમિકાઓ છે.

રાત-દિવસ એવા વિચારો થાય છે તે લખી શકાતા નથી, પણ સમાગમે વાત કરાય. સત્સંગમાં એ વિચારોમાંથી કહેવાય. સમાગમ હિતકારી છે.

સોભાગભાઈએ પૂછાવ્યું હશે કે કબીરપંથી આવ્યા છે, તેમનો સમાગમ કરવામાં બાધ છે કે નહીં? તેના ઉત્તરમાં કૃપાળુદેવે લખ્યું કે કરવામાં બાધ નથી. કબીરપંથી શું માને છે તે જોવું. ગમે તેમાંથી ગુણ ગ્રહણ કરવામાં દોષ નથી. એ લોકોની વિચારશ્રેણી કેવી હોય છે, એઓ શું માને છે? તેમાંથી આપણે યોગ્ય લાગે તે ગ્રહણ કરવું.

વૈરાગીનો સમાગમ વૈરાગ્ય પ્રેરે છે. એ વૈરાગ્યપ્રેરક વિચારણા હોય તો આપણને વૈરાગ્ય થાય.

કૃપાળુદેવ લખે છે કે લોકોનો સમાગમ ગમતો નથી. ઘણી પ્રવૃત્તિઓનો રોધ અમારે કરવો છે, તે એકાંતમાં થાય એવો છે.

**[વ૦ ૬૧૫]** (રાતના સભામાં) ૪૧૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–જે માર્ગે બધા પુરુષો મોક્ષે ગયા છે, તે માર્ગની જેને દૃઢ શ્રદ્ધા થઈ છે એવા સોભાગભાઈ છે. એવો ઉદય છે કે પત્ર લખાતો નથી. સહજસ્વભાવે જે થાય તે જ કરવાની વૃત્તિ એમની છે. બધા મતોમાં ભિન્ન ભિન્ન પ્રકારે કેવળજ્ઞાનનું સ્વરૂપ કહ્યું છે તે કેમ ઘટે? કેવળજ્ઞાન હોય ત્યારે આત્મસ્થિતિ કેવી હોય તે વિચારી લખશો. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન એમાં શો ફેર છે? સમ્યક્ત્વ થાય તેની સ્થિતિ કેવી હોય? તે આત્મકલ્યાણ કરવું હોય તેણે બધા વિકલ્પ છોડી આ વિચાર કરવા યોગ્ય છે.

**[વ૦ ૬૧૭]** (રાતના સભામાં) ૪૧૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–પરમાર્થ, સત્સંગ, સત્પુરુષ, વીતરાગ બધું એક જ છે. સત્સંગનૈષ્ઠિક એટલે સત્સંગ, સત્પુરુષની પ્રતીતિ એટલી દૃઢ થઈ છે કે કોઈ ચળાવે તો ચળે નહીં. શ્રદ્ધા એમને દૃઢ થઈ ગઈ છે કે હવે જગતમાં ક્યાંય પૂછવું નથી. જેણે આત્મા જાણ્યો છે તેની જ ઉપાસના કરવી. સત્સંગમાં જેની શ્રદ્ધા છે એવા સોભાગભાઈ છે.

જીવને પુરુષાર્થ વધે અને વિચારદશા જાગે તે માટે કૃપાળુદેવ પ્રશ્ન પૂછે છે. વેદાંતમાં એક બ્રહ્મ છે એમ માને છે. બીજી ભ્રાંતિ છે. તે ટળી જાય તો મોક્ષ થાય. એ વેદાંતનો અભિપ્રાય છે. જૈનની અપેક્ષાએ ચોથે ગુણસ્થાનકે ભ્રાંતિ જાય છે અને તેરમે કેવળજ્ઞાન થયે આત્મા સ્થિર થાય છે. ખરેખરી સ્થિરતા ચૌદમે અને સિદ્ધ થાય ત્યારે થાય છે, એવો ક્રમ બીજામાં ક્યાંય નથી. એ બન્ને સિદ્ધાંતમાં ખરું શું છે? બ્રહ્મસ્વરૂપ જાણ્યું તે કેવળજ્ઞાન એમ વેદાંત કહે છે અને જૈનમાં તો તેરમે કેવળજ્ઞાન થાય છે એમ કહ્યું છે, તે બન્નેમાં ફેર શો? એનો વિચાર કરે તો પોતાની દશા વધે. જૈનમાં આત્મા અને જડ ભિન્ન ભાસે તે ભેદજ્ઞાન થયું કહેવાય અને વેદાંતમાં 'ભ્રાંતિ ગઈ તે કેવળજ્ઞાન થયું કે કેવળદશા થઈ' એમ કહે છે. ભ્રાંતિને લઈને બધું ભિન્ન લાગે છે, તે બધું ભ્રાંતિ જાય ત્યારે અભેદ થઈ જાય એમ વેદાંત માને છે. કૃપાળુદેવે ઘણા વિચારો કર્યા છે. મોટા મોટા આચાર્યો વિચાર કરે તેવા ઘણા વિચારો કૃપાળુદેવે નાની ઉંમરમાં કરી નાંખ્યા છે. વેદાંતમાં 'સમ્યગ્દર્શન' શબ્દ વપરાય છે. 'નિર્વાણ' પણ વાપરે છે. બૌદ્ધમાં એમ માને છે કે 'આત્મા નિત્ય નથી' એવું એને દૃઢ થઈ જાય ત્યારે સમ્યગ્દર્શન થયું એમ માને છે. કૃપાળુદેવે લખ્યું છે કે વેદાંત જેને કેવળજ્ઞાન માને છે તે અમને પ્રાપ્ત થયું છે.

આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે. એ બધાનો વિચાર કરવા યોગ્ય છે. બધાનો વિચાર કરીને પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરવું છે એ હેતુ વિચારનો છે. આત્મા પ્રાપ્ત કરવા માટે એની સાથે કર્મ પુદ્ગલ છે, તે શુદ્ધભાવ થતાં છૂટે છે, એનો વિચાર પણ કરવો પડે છે. આત્મા જાણવો હોય તો કર્મના પણ વિચાર કરવા પડે.

આત્મા બધા ભિન્ન ભિન્ન દેખાય છે તે ભ્રાંતિ છે, માયા છે એમ વેદાંત માને છે. સાચું તો

એક જ છે એમ માને છે. બ્રહ્મ એક જ છે, પણ અંતઃકરણ જુદાં જુદાં છે, એમ હોવાથી જીવો ભિન્ન દેખાય છે, તે માયા છે, ભ્રાંતિ છે, એમ વેદાંત માને છે. પોતાને પોતાનું ભાન કેમ થાય, એ મુખ્ય હેતુ છે. છ દર્શનનો અભ્યાસ કરી સાચું દર્શન કયું છે તેનો નિર્ણય બધા મુમુક્ષુઓથી થાય નહીં. એક દર્શનનો નિર્ણય કરતાં આખી જિંદગી પૂરી થઈ જાય. કૃપાળુદેવ જેવા કોઈક જ પુરુષો હોય છે. કૃપાળુદેવે આત્મસિદ્ધિમાં છ દર્શનનો સાર કહ્યો છે. 'સમયસાર નાટક' ઉપરથી કૃપાળુદેવે બનારસીદાસની દશા જાણી. તેમ વચન પરથી લેખકની દશા જે જાણી શકે એવો ક્ષયોપશમ હોય તે પુરુષ બધા દર્શનનો નિર્ણય કરી શકે. કોઈને અન્યાય ન મળે તેમ મધ્યસ્થતા રાખી છ દર્શનનો નિર્ણય કરવો મુશ્કેલ છે. જેણે જે જે ધર્મ સ્થાપ્યા છે તે શોધક પુરુષો હતા. વૈરાગ્ય ઉપશમવાળા પુરુષ હતા. બધા દર્શનનો નિર્ણય કંઈ બધાયથી કરાય નહીં. એ દર્શન સ્થાપનારના કરતાં વધારે વીતરાગતાવાળો હોય તે તુલના બરાબર કરી શકે. એ વિચારદશા બધા જીવોમાં હોતી નથી. એટલો ક્ષયોપશમ વિશેષ હોય અને બધાય દર્શનને અપક્ષપાતપણે જોઈ શકે એવા તો કોઈક જ કૃપાળુદેવ જેવા પુરુષ હોય છે.

જ્યાં સુધી કોઈપણ પ્રકારની શંકા રહે ત્યાં સુધી મોક્ષ ન થાય. સંપૂર્ણ સમાધાન ન થાય ત્યાં સુધી વારંવાર વિચાર કરવો. જીવની જેમ જેમ નિર્મળતા થાય તેમ તેમ એની મેળે જ ઉત્તર મળ્યા કરે, બધું સમજાય. જગતમાં શંકાઓ ઘણી હોય, તે સમાધાન કરવામાં ઘણો વખત જતો હોય તો કોઈ મોક્ષે ન જાય, પણ એનું સમાધાન થોડા કાળમાં થઈ શકે છે. મહાવીર ભગવાને સાડાબાર વર્ષમાં બધું સમાધાન કર્યું હતું.

કૃપાળુદેવ જણાવે છે કે નિવૃત્તિની ઇચ્છા છે, પણ ક્યાં નિવૃત્તિએ રહેવું એ બરાબર ચોક્કસ નથી.

**[વ૦ ૬૧૮]** (રાતના સભામાં) ૪૧૮ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—કૃપાળેદેવ સોભાગભાઈને લખે છે કે આ સંસાર ક્લેશરૂપ છે એમ જેને લાગતું હોય અને ભોગોપભોગની ઇચ્છા ન હોય, પૂર્વના ઉદયે વેપાર આદિ વર્તતાં હોય એ પ્રતિબંધ એમને છોડવો છે, તે ઇન્દ્રિય સુખને માટે નહીં પણ ત્યાં આત્મહિત વિશેષ થાય એમ લાગતું હોય તો શું ઉપાય કરે તો પ્રતિબંધ ટળે? એ વિચાર કરીને લખશો. રાતદિવસ આત્મહિતમાં રહેવાય એ કરવા માટે શું કરવું? તે વિષે જણાવશો.

**[વ૦ ૬૧૯]** (રાતના સભામાં) ૪૧૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૬, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— જ્ઞાનીપુરુષનાં એક એક વચન મડદાને જીવતાં કરે તેવાં છે. પ્રભુશ્રીજીને કૃપાળુદેવનો પત્ર આવતો, તે કોઈ બીજા મુમુક્ષુને સરનામે આવે. તે ઉપાશ્રયે આપી આવે. પ્રભુશ્રીજી પત્ર ઉપરના સરનામાના અક્ષર કૃપાળુદેવના છે એમ જાણે ત્યારે બહુ રાજી થાય. હવે કંઈક ખોરાક આપણને મળ્યો એમ થાય. જેમ ભૂખ્યા માણસને ખાવાનું મળે ત્યારે આનંદ થાય તેમ એમને કૃપાળુદેવના હસ્તાક્ષર જોતાં આનંદ થતો. પછી પત્ર, ત્યાં બધા સાધુઓ પાસે હોય તેથી વંચાય નહીં. પછી કોઈ એવો અવસર આવે ત્યારે જંગલમાં જાય. પત્ર સામે મૂકી પછી નમસ્કાર કરે અને પરમકૃપાળુદેવનો ઉપકાર સંભારે, કે મારા ઉપર કૃપાળુદેવે કેટલી કૃપા કરી છે! પછી

રાજી થતાં થતાં પત્ર ફોડે અને વાંચે. વારંવાર ફરી ફરી વાંચે, મોઢે પણ કરે. વારંવાર એની ભાવના કરે. પ્રભુશ્રીજી કહેતા હતા કે અમને કૃપાળુદેવનો એક પત્ર મળતો ત્યારે બહુ આનંદ થતો. તેની એટલી ખુમારી ચઢતી કે પાંચ છ મહિના સુધી એ ખુમારી રહે. એટલામાં પાછો કૃપાળુદેવનો પત્ર આવતો. પ્રભુશ્રીજી પત્ર તો ઘણા લખતા, પણ કૃપાળુદેવને નવરાશ મળે ત્યારે પાંચ છ મહિને એક પત્ર લખે. વારંવાર પત્રને વાંચી વાંચીને હૃદયમાં ઉતારતા એટલી ભાવના એમને હતી. પ્રભુશ્રીજી કહેતા કે અમને વિરહમાં રાખી કલ્યાણ કર્યું છે, તેમ આપણે પણ ભાવ રાખીને વાંચવા, સાંભળવાનું છે. જીવને કંઈ ખબર નથી. જ્ઞાની કૃપાળુદેવે એ 'વીતરાગ સ્વરૂપ' જાણ્યું છે. કોઈ પણ ક્રિયા કરતાં પહેલાં વીતરાગનું સ્મરણ કરી પછી જ પત્ર લખે.

''સર્વ પ્રતિબંધથી મુક્ત થયા વિના સર્વ દુઃખથી મુક્ત થવું સંભવતું નથી.'' એટલું કેટલા અનુભવનું વાક્ય છે! કૃપાળુદેવે આપણા જેવા કેટલાય ભવ કર્યા તેનું એમને જ્ઞાન થયું, તેથી એમને જણાયું કે પ્રતિબંધ કરવાથી આવું થયું છે. જીવને દુઃખ તો લાગે છે, પણ દુઃખથી મુક્ત થવું હોય તો પ્રતિબંધ મૂકવા પડશે. જીવને શાંતિ જોઈતી હોય તો અસંગ, અપ્રતિબંધ થવાનું છે. અસંગ, અપ્રતિબંધ એ શાંતિનો માર્ગ છે. દેહમાંને દેહમાં જીવ મમતા રાખે છે, એ એક મોટો પ્રતિબંધ છે. દેહ જાય ત્યારે જ મોક્ષે જવાય છે. એ જીવને ખબર નથી. 'મૂળમાર્ગ'માં કહ્યું છે–

**''એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ, મૂળ૦**
**ઉપદેશ સદ્‌ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ. મૂળ૦''**

સદ્‌ગુરુના ઉપદેશની જરૂર છે, પણ જ્યાં સુધી સ્વચ્છંદ, પ્રતિબંધ હોય ત્યાં સુધી બોધ ન લાગે. હું અહીં છગનભાઈના ભાઈ ભગવાનભાઈ સાથે આવેલો ત્યારે 'મૂળમાર્ગ' બોલાતો હતો. તે વખતે પ્રભુશ્રીજીએ મને પૂછ્યું, 'સ્વચ્છંદ અને પ્રતિબંધ' એટલે શું? મેં કહ્યું, સ્વચ્છંદ એટલે પોતાની ઇચ્છાએ વર્તવું અને પ્રતિબંધ એટલે શું? તેની તે વખતે કંઈ ખબર ન પડે કારણ કે એવો શબ્દ કોઈ દિવસે સાંભળેલો નહીં, તેથી હું બોલ્યો નહીં, ત્યારે પ્રભુશ્રીજીએ સમજાવ્યું કે આપણને કલ્યાણ કરવામાં જે જે વિઘ્નો નડે, પરમાર્થ ન સાધવા દે, તે બધા પ્રતિબંધ છે. પ્રતિબંધ ઉપર શિષ્યનું દૃષ્ટાંત છે–

એક ગુરુ હતા. તેમની પાસેથી છ મહિનામાં શિષ્યો જ્ઞાન પામતા એવો એમનો પ્રભાવ. એક શિષ્યને દીક્ષા લીધાં છ મહિનાથી ઉપર ઘણા દિવસો થઈ ગયા, પણ એને જ્ઞાન થાય નહીં. ગુરુને વિચાર થયો કે બધાય છ છ મહિનામાં તૈયાર થાય છે અને આને તો કેટલાય દિવસ થઈ ગયા, છતાં ઉપદેશની કંઈ અસર થતી નથી. ઉપદેશ તો બહુ સારો કરીએ છીએ. પછી એ શિષ્યને ગુરુએ પોતાની પાસે બોલાવ્યો અને પૂછ્યું કે તને આખો દિવસ શાના વિચાર રહે છે? તારું ચિત્ત ક્યાં રહે છે? શિષ્યે કહ્યું કે 'હું ઘર છોડી આવ્યો હતો તે વખતે એક મારી નાની પાડી હતી. તે પાડીના વિચારો મને આવે છે કે પાડી કેવી થઈ હશે? સુકાઈ ગઈ હશે કે જાડી થઈ હશે? શું ખાતી હશે? કોઈ ચારો પાણી આપતું હશે કે નહીં?' એવા વિચારોમાં મારું મન રહે છે. એવી કલ્પના જીવને દૃઢ થઈ જાય છે. જેવો પ્રતિબંધ તેવો જ ભવ લેવો પડે છે. ગુરુએ કહ્યું કે જા, આ

સામે ઓરડી છે તેમાં બેસી તું પાડીના જ વિચાર કર્યા કર. પછી શિષ્ય ત્યાં જઈને બેઠો અને વારંવાર પાડીના વિચાર કર્યા કરે કે પાડી બહુ સારી થઈ હશે, દૂધ આપતી હશે, મોટાં શીગડાં ફૂટ્યાં હશે. એમ વારંવાર એના એ વિચારો કર્યા કરે. પછી ગુરુએ બોલાવ્યો કે બહાર આવ. તેણે કહ્યું, 'કેવી રીતે બહાર આવું? બારણામાં શીંગડાં ભરાઈ જાય છે.' એને એમ જ થઈ ગયું કે હું પાડી જ છું, મારે શીંગડાં ફૂટ્યાં છે. પછી માંડ માંડ બહાર આવ્યો ત્યારે ગુરુએ કહ્યું, તેં જેમ આ પાડીના વિચારો કર્યા, તો પાડી રૂપ થયોને? તેમ આ શરીર પણ પાડી જેવું છે પણ આત્માના વિચાર કરીશ તો તું આત્મારૂપ થઈશ. પછી એ તો સમજુ, તેથી સમજી ગયો. (પછી જડભરતનું દૃષ્ટાંત આપ્યું હતું.)

પ્રતિબંધથી જન્મવું થાય છે. કૃપાળુદેવને જાતિસ્મરણ થવાથી એવી વાત બહુ પ્રિય લાગતી હતી. વારંવાર એકનું એક સાંભરે અથવા ગાઢ સંસ્કાર થઈ જાય તે પ્રતિબંધ છે. 'મારું' એમ થઈ ગયું તો પછી બહાર નીકળવું મુશ્કેલ છે. વારંવાર વિચારીને અપ્રતિબંધ થવાનું છે. લક્ષ રાખવા માટે બધું કહ્યું છે. પ્રભુશ્રીજી તત્ત્વજ્ઞાનના પાછળના પાને લાલ પેન્સિલથી 'અસંગ, અપ્રતિબંધ, સમાધિમરણ, શાંતિ, ધીરજ, ક્ષમા' એવા એવા શબ્દો લખી આપતા, પણ જીવને ગરજ ન હોય તો કોણ વાંચે? પડી મૂકે. જીવને દુઃખ તો ગમતું નથી, પણ એવા પ્રતિબંધ કરે છે, તેથી દુઃખ થાય છે.

ભગવાન મહાવીર પાસે ગોશાળો આવ્યો ત્યારે ભગવાને બધા શિષ્યોને કહ્યું કે, આ ગોશાળો આવે છે એની સાથે કોઈ બોલશો નહીં. ગોશાળો ભગવાન પાસે આવ્યો. બહુ બોલવા લાગ્યો. ત્યાં બે શિષ્યોને એમ થયું કે આપણો ભલે દેહ છૂટી જાય, પણ ભગવાનના અવર્ણવાદ ન બોલવા દેવા, એમ કરી બોલ્યા. ગોશાળાએ ક્રોધિત થઈ તે બન્ને પર તેજોલેશ્યા નાંખી તેથી બન્ને શિષ્ય બળી ગયા, પણ ભગવાન મહાવીરને એમ ન થયું કે આ મારા શિષ્ય છે; એટલા નિસ્પૃહ પુરુષ હતા! એવી અસંગ દશા કરવાની છે. એક એક વાક્ય વારંવાર વાંચી વિચારી અને હૃદયમાં કોતરી રાખવાનું છે. આ જ્ઞાની પોતાની સમજણ જ કહે છે.

પરમાર્થમાં જેની દૃઢ શ્રદ્ધા છે એવા સોભાગ છે. દેવો પણ ઉપસર્ગ કરે તોય આત્મામાંથી ચલાયમાન ન થાય એવી જેની દૃઢ શ્રદ્ધા છે એવા સોભાગ છે. સોભાગભાઈની કૃપાળુદેવ ઉપર બહુ ભક્તિ-શ્રદ્ધા હતી. સર્વથી અપ્રતિબંધ થવાય તો જ સર્વ દુઃખથી મુક્ત થવાય. કૃપાળુદેવને પ્રતિબંધથી બીક લાગે છે. પ્રતિબંધ કરવો નથી એમ મનમાં રહે છે. સહજસ્વભાવે રહેવું એમ રહે છે. અત્યારે વર્તન એવું થાય છે કે પૂર્વે જેવું બાંધ્યું છે તે ઉદય આવે; તે પ્રારબ્ધપણે વેદીએ છીએ. અસંગ થવું છે એ લક્ષ મુખ્ય છે. એને બાધ ન થાય તેમ વર્તવાનું છે. આત્મજ્ઞાનસહિત પુરુષ છે. અસંગ જેવા રહે છે, છતાં પ્રતિબંધથી કેટલા બીતા રહે છે! કૃપાળુદેવ કહે છે કે અમને વવાણિયે જવું એમ થયું, તેમાં પણ પ્રતિબંધ ન કરવો એ ભૂલતા નથી. મુંબઈથી નિવૃત્તિ લેવાના એમને ભાવ હતા. માતાપિતા લખતાં કેટલો વિચાર કર્યો કે આ જન્મના નિમિત્ત કારણ એવાં માતાપિતા. મનુષ્યભવ મળવામાં જે કંઈ નિમિત્તરૂપ છે તે ઉપકાર પણ ભૂલવા જેવો નથી. સર્વ પ્રકારે અસંગ અમારે થવું છે અથવા સર્વસંગપરિત્યાગની ભાવના છે, પણ અત્યારે થોડી પણ નિવૃત્તિ લઈ

અસંગ થવા માટે નિવૃત્તિએ વવાણિયે અમારે જવું છે. અસંગતામાં વિરોધ કરે તે વસ્તુઓ પણ સાચવવાની છે. મુખ્ય લક્ષ જે અસંગપણું છે, તે ઉપર જ આ પત્ર છે. વેપારાદિનો પ્રસંગ અટકી નિવૃત્તિ રહે એમ ઇચ્છા રહે છે. થોડો કાળ પણ અસંગ રહેવાય તો સારું, એમ લખે છે. લોકો ન જાણે કે પર્યુષણ ક્યાં કરે છે, એમ કરવાનો વિચાર રહે છે. કોઈપણ જાણે નહીં કે કૃપાળુદેવ આવ્યા છે. કંઈ પણ કરે, પણ પોતે 'હું કરું છું' એવો અહંભાવ રહ્યો નથી. કર્તાપણું નીકળી ગયું છે. લખવા કરવામાં અક્રિયભાવ રહે છે. અસંગદશા એજ જીવને કરવા યોગ્ય છે. પત્ર એક સામાન્ય છે પણ બહુ ઉપયોગી છે. અસંગ અને અક્રિય શું છે, તે સમજાવવા માટે આ આખો પત્ર લખ્યો છે.

[વ૦ ૬૧૯] (રાતના ઉપર) ૪૨૦ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવ મુંબઈથી વવાણિયે જવાના હતા તે વખતે સોભાગભાઈને આ પત્ર લખ્યો હતો.

કંઈ લખતા પહેલાં, વીતરાગ ભગવાનની જે દશા છે તે પ્રાપ્ત કરવા એ જ ભાવના વ્યક્ત કરતા.

આ સંસારનું બીજું રૂપ જ પ્રતિબંધ છે. જ્યાં સુધી પ્રતિબંધ છે ત્યાં સુધી દુઃખ છે. સર્વ પ્રકારના પ્રતિબંધથી રહિત, અસંગ થાય તો મોક્ષ થાય. રાગદ્વેષ એ પ્રતિબંધ છે. બધા પ્રતિબંધથી છૂટ્યા વિના મોક્ષ ન થાય. જ્યાં સુધી રાગદ્વેષનો અંશ હોય ત્યાં સુધી જીવનું કલ્યાણ ન થાય.

''સર્વ પ્રતિબંધથી મુક્ત થયા વિના સર્વ દુઃખથી મુક્ત થવું સંભવતું નથી.''

આટલું જો હૃદયમાં લખી રખાય તો ઘણું કામ થઈ જાય. ઉપરથી અપ્રતિબંધ દેખાય અને અંદરમાં સ્નેહપાશ, રાગદ્વેષ વગેરે હોય તો તે સાચું નથી. પોતાનું અંતઃકરણ જેણે પરમાર્થમાં દૃઢ શ્રદ્ધા કરી છે એવા સોભાગભાઈને જણાવે છે.

સોભાગભાઈનો આગ્રહ હતો કે મુંબઈથી વવાણિયે જતાં સાયલે ઊતરજો અને પાછા આવતાં પણ ઊતરજો. કૃપાળુદેવ લખે છે કે અમારે અસંગ થવું છે, પણ ત્યાં સાયલામાં આવીએ તો ત્યાં લોકોનો પ્રતિબંધ થાય.

અસંગ થવું છે અને બીજો ઉપાય લાગતો નથી, તો શું કરવું? તો કે જે પ્રારબ્ધના ઉદયે સહજસ્વભાવે થાય તેમ પ્રવર્તવું. ઉદય આગળ પોતાનું ન ચાલે તો અસંગભાવ વગર ન વર્તવું એ અમારો લક્ષ છે. સત્સંગ કરીને અસંગ થવું છે, એ લક્ષ રાખીને વર્તીએ છીએ. વવાણિયે જવાનાં કારણો છે, તે જણાવે છે. નિવૃત્તિના હેતુથી વવાણિયે જવાનું છે. કેટલાં બધાં કારણો થયાં ત્યારે વવાણિયે જવાનું થયું. આ દેહનાં કારણ એવા માતાપિતાને ખોટું ન લાગે અને નિવૃત્તિ મળે અને બીજા કેમ પ્રવર્તે છે તે જોવા માટે, એ બધાં કારણોને લઈને વવાણિયે જવાનું થાય છે. બધાથી જાણે જુદા થઈને લખતા હોય તેમ લખ્યું છે. દેહથી, ચિત્તથી, બધાથી પોતે ભિન્ન હોય તેમ રહી આ પત્ર લખે છે. જવું છે, પણ ક્યારે જવું એ ચોક્કસ થતું નહોતું. તેથી તમને પત્ર ન લખ્યો, એમ કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે. પરમાર્થમાં ચિત્ત લીન થયા પછી વ્યવહારના વિચારો બહુ આવતા નથી. પહેલાં સો સો વાતો એક સાથે યાદ રાખતા. અમુક વખત નિવૃત્તિ લેવી એવી

ભાવના છે તે લખી છે. એમનો લક્ષ તો એવો છે કે સર્વસંગપરિત્યાગ કરી અસંગ થવું છે, પણ એ વિષે કંઈ તમને કહેવું નથી. થોડા કાળ માટે અસંગતાનો વિચાર રહે છે. તે તમને જણાવ્યો છે.

અસંગપણું અમારે સાચવી રાખવું છે. એને બાધ આવે એવું કરવું નથી. ક્યારે નીકળવું તે નક્કી થયું નથી. તેથી તમને લખ્યું નથી. પર્યુષણ છે તે કોઈ નિવૃત્તિક્ષેત્રમાં બહાર કરવાં, એમ એમની ભાવના છે. ત્યાં સુધી ઉદયનો વિચાર પડ્યો રાખી શાંતભાવે પ્રવર્તવું છે. એટલો ગાળો મળે એવું છે, તેથી વિશેષ નિવૃત્તિ રહે એમ નથી. લોકોને ખબર ન પડે એમ આ પર્યુષણ પર્વ વ્યતીત કરવાં છે. આ લક્ષમાં હોવાથી લોકો પૂછાપૂછી કરે કે ક્યાં જાઓ છો? શું કરશો? એમ પ્રતિબંધ થાય. તેથી અહીંથી સીધું જ જવું. આત્મા કંઈ કરતો નથી એમ ભાવના રહે છે. કર્મના ઉદયે જે થયા કરે તે થાય છે. કંઈ આઘુંપાછું કરતા નથી. એક પત્ર લખતાં પણ કેટલો અસંગભાવ ભર્યો છે! અસંગપણું એમનો લક્ષ છે. એમાં પોતાનું કર્ત્તાપણું કશું રાખ્યું નથી. જે કર્મ ઉદય આવે તેમાં સમપરિણામે રહેવું એ જ એમનો લક્ષ છે.

**[વ૦ ૬૨૩]** (રાતના સભામાં) **૪૨૧** શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૬, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—અસંગ અને અપ્રતિબંધરૂપ માર્ગ છે. તે જ અમારું જીવન છે, એવો લક્ષ રહે છે. સોભાગભાઈને કૃપાળુદેવ લખે છે કે તમારો જીવ દુભાય તેમ અમારે કરવું નથી. તમને અમે પૂજ્ય ગણીએ છીએ. કોઈપણ પ્રકારે તમારી આશાતના કરવી નહીં અને અસંગપણે જીવન ગાળીએ એમ અમને રહે છે. પ્રતિબંધ કરવા નથી એ એમણે નિશ્ચય કર્યો હતો. છૂટવું હોય તેણે અંતરમાં ઊતરી કેટલા વિચાર કરવાના છે!

**[વ૦૬૨૬]** (રાતના સભામાં) **૪૨૨** શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૬, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—નિમિત્તવાસી જીવ છે. સામાન્યપણે જીવ નિમિત્ત મળે તેવો થઈ જાય છે. મુનિઓની વાત જુદી છે, પણ સામાન્ય જીવોની અપેક્ષાએ તો એ એક સિદ્ધાંત જેવી વાત છે. મુનિઓ તો ગમે તે સ્થાને, બજારમાં પણ ધ્યાન કરી શકે; પણ સામાન્ય જીવોની અપેક્ષાએ તો જેવું નિમિત્ત મળે તેવો જીવ થઈ જાય છે. માટે નિમિત્તોની બહુ સંભાળ રાખવી. સારા નિમિત્તો ગોઠવવાં.

**[વ૦ ૬૨૬]** (બપોરના ઉપર) **૪૨૩** શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— લોકોમાં કહેવાય છે કે જીવ નિમિત્તાધીન થઈ જાય છે. એ જો વિચારો તો ખબર પડે કે એ સિદ્ધાંતિક જેવું વચન છે. જ્યાં સુધી સારાં નિમિત્તે સારા અને ખોટાં નિમિત્તે ખોટા ભાવ થાય ત્યાં સુધી સારાં નિમિત્ત રાખવાં. પોતાનું જીવન તપાસે તો સાચું લાગે કે નિમિત્ત મળે તેવો થઈ જાય છે. યશોવિજયજીએ કહ્યું છે કે—

**"જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ રે,**
**તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાયઅભાવ રે."** (૫૮૪)

સ્ફટિક રત્ન જેવો જીવ છે. તેમ છતાં જેવાં નિમિત્ત મળે તેવો થઈને ઊભો રહે છે. મનુષ્યદેહ તો મનુષ્ય જેવો, પશુદેહ તો પશુ જેવો થઈ જાય, એ બધાનું કારણ કર્મ છે. માટે કર્મ બાંધતાં

ધ્યાન રાખવું. સારાં નિમિત્તોની ભાવના કરવી. જેવી ભાવના તેવું થાય છે. નિમિત્તોને ઓળંગી જાય એવા કૃપાળુદેવ જેવાની વાત જુદી છે. સમ્યગ્દર્શન છે તે બચાવે છે. બધાયને પોતાના સંગપ્રસંગથી કેવા ભાવ થાય છે તે વિચારે તો ખબર પડે.

[વ૦ ૬૨૭] (બપોરના ઉપર) ૪૨૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૭, ૨૦૦૯

પૂજ્યશ્રી–બે માર્ગ છે. એક જ્ઞાનમાર્ગ, બીજો ભક્તિમાર્ગ. જ્ઞાનમાર્ગની શરુઆત વિચારમાર્ગથી થાય છે. વિચારે કરી પોતાના દોષ કાઢી પોતાની મેળે પોતે વિચારી આત્મજ્ઞાન પામે છે અને બીજો ભક્તિમાર્ગ છે, તેમાં જ્ઞાનીના આધારે આધારે ચાલવાનું હોય છે. જ્ઞાનમાર્ગ અઘરો છે. જેણે પૂર્વે કંઈ આરાધન કર્યું હોય તેને વિચાર જાગે છે, નહીં તો તરંગે ચઢી જાય. જે વિચારને યોગ્ય જીવો નથી તેમને વિચારમાર્ગ કરતાં ભક્તિમાર્ગ પ્રત્યે પ્રેરવું એમ છે. વિચાર ન કરી શકે એવાને વિચારમાર્ગનો ઉપદેશ ન કરવો એમ સોભાગભાઈએ લખ્યું તે કૃપાળુદેવ લખે છે કે ઠીક છે.

શાસ્ત્રોમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન સંબંધી ઘણી ચર્ચાઓ આવે છે. કેટલાક એમ માને છે કે નિરાવરણ થતાં કેવળજ્ઞાન-દર્શન સાથે જ થાય છે. કેટલાક એમ કહે છે કે પહેલું કેવળદર્શન અને બીજે સમયે કેવળજ્ઞાન થાય. સમયાંતર રહે છે. એ બન્ને સિદ્ધાંતને માટે બળવાન કારણો મળે છે, તેથી બન્ને માનવા. એ પ્રશ્નો ઘણી ઊંચી દશાએ ચઢે ત્યારે સમજાય છે. સમકિતનો પહેલો વિચાર કરવો કે એટલા બધા ભવ થયા, છતાં કેમ સમકિત ન થયું? પછી કેવળજ્ઞાનના વિચાર કરવા.

[વ૦ ૬૨૮] (રાતના સભામાં) ૪૨૫ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–ડુંગરશી એ ડુંગરપીર કહેવાતા. એમની આગળ નાળીયેર મૂકે તો બે કટકા થઈ જાય અને ગાંસડી બાંધીને એમને પાણીમાં નાંખે તો ડૂબે નહીં, તરે. ડુંગરશી એ સાયલાના હતા. સોભાગભાઈના સહવાસી જ હતા. સોભાગભાઈ એમને ગુરુ જેવા માનતા. કૃપાળુદેવ મળ્યા પછી ધીમે ધીમે સોભાગભાઈને એ ડુંગરશી ઉપરથી શ્રદ્ધા ઊતરી ગઈ અને કૃપાળુદેવ પ્રત્યે શ્રદ્ધા થઈ.

[વ૦ ૬૨૮] (બપોરના ઉપર) ૪૨૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–કૃપાળુદેવે વિચાર કરવા માટે ડુંગરશીને પૂછ્યું કે કેવળજ્ઞાન આ કાળમાં હોય કે નહીં? જે કંઈ જ્ઞાનીએ વિચારવાનું કહ્યું તે પ્રમાદમાં ન જાય.

જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે આત્માના ગુણો કહેવાય છે. એ ગુણો જેમાં રહે છે એવો આત્મા છે કે એ ગુણનો સમૂહ છે તે જ આત્મા છે, એ વિષે વિચાર કરીને લખશો, એમ કૃપાળુદેવ ડુંગરશીને લખે છે. સાંખ્યદર્શનમાં ગુણ અને ગુણી જુદા માને છે. જેને એમ થયું હોય કે 'હું સમજું છું' તેને તો જરૂર વધારે વિચાર કરવાનો છે. સોભાગભાઈને અને ડુંગરશીને એમ લખે છે કે તમે હવે વિસ્તારથી પત્ર લખતા નથી, તેનું કારણ વૃત્તિ સંક્ષેપ થઈ હશે કે ઉપાધિજોગ વિશેષપણે હશે? અત્રે વવાણિયે જ્યાં સુધી અમારી સ્થિતિ છે ત્યાં સુધી કંઈ વિસ્તારથી તમારે પત્રમાં પ્રશ્નોત્તર વગેરે કરવા હોય તો લખશો.

[વ૦ ૬૨૯] (રાતના સભામાં) ૪૨૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—બીજાં વિશેષણો આપે છે એનાં કરતાં આત્માર્થી વિશેષણ ઓછું નથી.

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

એવી જેને લગની લાગી તે આત્માર્થી છે.

ગુણી-ગુણમાં ભેદ છે કે કેમ? એમ કૃપાળુદેવે પૂછેલું. તેનો ઉત્તર સોભાગભાઈએ સંક્ષેપમાં આપ્યો કે ગુણી અને ગુણ એક જ છે. કૃપાળુદેવે ફરીથી લખ્યું કે તમે વિસ્તારથી લખો.

સાંખ્યદર્શનમાં ગુણ ગુણી ભિન્ન ભિન્ન માને છે. ગુણ છૂટી જાય ત્યારે મોક્ષ થાય એમ સાંખ્ય માને છે. વિચાર કરવા માટે આ કહ્યું છે. મોટા મોટા આચાર્ય એમાં ભૂલા પડી જાય છે, તેથી વિચાર કરવાનું કહે છે. દ્રવ્ય અને ગુણ જુદા છે કે નહીં? એમ કૃપાળુદેવ સોભાગભાઈને પૂછે છે. સોભાગભાઈએ લખ્યું કે આત્મા ગુણવાળો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ભિન્ન ભિન્ન છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર કાઢી લઈએ તો પછી આત્માપણું શું રહે? એમ કૃપાળુદેવ પૂછે છે. વ્યવહારથી ગુણ ગુણી ભિન્ન છે.

કૃપાળુદેવે સોભાગભાઈને પૂછ્યું કે કેવળજ્ઞાન આ કાળમાં પ્રાપ્ત થાય કે કેમ? સોભાગભાઈએ લખ્યું કે હોવા યોગ્ય છે. પ્રમાણથી જોતાં હોવા યોગ્ય છે, એમ સંક્ષેપમાં લખ્યું. તેથી કૃપાળુદેવે વિસ્તારથી લખવાનું કહ્યું. કેવળજ્ઞાનનું સ્વરૂપ આગમમાં જેવું વર્ણન કર્યું છે તેવું જ કેવળજ્ઞાનનું સ્વરૂપ છે કે બીજું? તમને શું લાગે છે? જિનાગમમાં કહ્યું છે કે કેવળજ્ઞાન આ કાળમાં છે નહીં. આગમમાં કેવળજ્ઞાનનો નિષેધ કર્યો નથી, પણ પછીના આચાર્યોએ કેવળજ્ઞાનની આ કાળમાં ના લખી છે. ચરિત્રોમાં એમ આવે છે કે જંબુસ્વામી પછી કોઈ કેવળી થયા નથી. વારંવાર અનુપ્રેક્ષા કરીને, વિચારીને, ભાવના વારંવાર કરીને વિસ્તારથી લખવાનું કરશો. શ્રવણ, મનન, નિદિધ્યાસન થાય ત્યાર પછી ઉત્તર લખજો એમ કૃપાળુદેવ લખે છે.

જાતિસ્મરણજ્ઞાન થાય તેને પાછલો ભવ કેવી રીતે દેખાય? એમ સોભાગભાઈએ કૃપાળુદેવને પ્રશ્ન પૂછ્યો છે. તેનો ઉત્તર કૃપાળુદેવ હવે આપે છે.

કોઈ નાનપણમાં એના માબાપ સાથે શત્રુંજય ગયો હોય, પછી મોટો થાય ત્યારે યાદ આવે કે એવું શિખર હતું, એવા દરવાજા હતા; એમ આ ભવનું યાદ આવે છે, તેમ પૂર્વભવનું પણ યાદ આવે છે. જેવી સ્મૃતિ હોય તેવું જ્ઞાન થાય. સ્મૃતિ થોડી હોય તો ઝાંખું જ્ઞાન થાય. જાતિસ્મૃતિ છે તે એક પ્રકારનું સ્મરણ છે. એને દેવલોકનાં સુખ ભોગવેલાં યાદ આવે તો વૈરાગ્ય થાય. પછી આ લોકની બધી વસ્તુઓ એને તુચ્છ લાગે; સ્ત્રીઓ રાક્ષસી જેવી લાગે. પૂર્વભવમાં કોઈ જ્ઞાનીનો યોગ થયો હોય તે પણ યાદ આવે છે, કે મને આવો યોગ થયો હતો. એવું એવું સાંભળવાનું મળતું, એમ ઉલ્લાસ આવતો, એવું હવે કયારે સાંભળવા મળશે? એમ ભાવના થાય. અવધિજ્ઞાનવાળો હોય તે જાણી શકે કે એને જાતિસ્મરણજ્ઞાન છે. સમાન જ્ઞાનવાળો હોય તે પણ જાણી શકે અથવા કોઈ

પ્રમાણ હોય તો બીજાને પણ ખબર પડી શકે છે. કોઈ જીવ બીજા જીવને પૂર્વની વાત કરે તો પેલાને આવરણ ખસતાં જાતિસ્મરણ થઈ જાય, તેથી એ પણ સમજી શકે કે આને જ્ઞાન થયું છે અને મને પણ થયું છે.

''ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો!'' ક્ષણે ક્ષણે મરણ થાય છે, તે કેમ સમજવું? એમ સોભાગભાઈ પ્રશ્ન પૂછે છે.

પયાર્ય પલટાય છે ત્યારે મરણ કહેવાય. તેમ શરીરનાં બધાં પુદ્‌ગલો પલટાતાં છે. સમયે સમયે ફેરફાર થાય છે. ક્રમે ક્રમે બધો ફેરફાર થાય છે. બાળમાંથી યુવાન થાય તે કંઈ એકદમ થતો નથી, પણ ક્રમે ક્રમે થાય છે. એ પરમાણુ પલટાય છે. તેમ સમયે સમયે આયુષ્ય ઓછું થાય છે, તેથી તે સમયે સમયે મરણ કહેવાય. આત્મા મરતો નથી, પણ વ્યવહારનયથી મરણ કહેવાય છે. જ્ઞાનાદિક ગુણો આત્મામાં છે. તેના ઉપર આવરણ, વિભાવમાં વર્તે ત્યારે આવે છે, તેથી પોતાનો નિત્ય સ્વભાવ ભૂલે છે, એ નિશ્ચયથી સમયે સમયે મરણ છે. મૂળ સ્વરૂપ છે તે વિભાવને લઈને ભૂલાઈ જાય છે. જ્ઞાનાદિક જે ગુણો છે તે દ્રવ્યદૃષ્ટિએ નિત્ય છે. તેમ છતાં વિભાવદશામાં બધા જ્ઞાનાદિકનાં પર્યાય ફરતા દેખાય છે. પર્યાયજ્ઞાન છે તેની ખબર પડે છે, પણ દ્રવ્યસ્વરૂપની એને ખબર નથી. વિભાવને લઈને ફેરફાર જ્ઞાનમાં થાય છે તે ભાવમરણ છે.

કેવળજ્ઞાનમાં ત્રણે કાળના પદાર્થ એક સાથે જણાય છે. તો તે વર્તમાનની પેઠે ભૂત-ભાવિ દેખાય છે કે બીજી રીતે દેખાય છે? એમ સોભાગભાઈ કૃપાળુદેવને પૂછે છે.

એનો ઉત્તર કૃપાળુદેવ હવે આપે છે. વસ્તુમાં જે પહેલાં પર્યાય થયેલા અને થશે તે કેવળજ્ઞાનમાં બધું પ્રત્યક્ષ જણાય છે. જેમ કુંભારે ઘડો બનાવ્યો, તે ઘડો બનાવતાં ચાક ઉપર તેના કેવા પર્યાય થયા હતા; વર્તમાનમાં કેવા તેના પર્યાય છે અને ભવિષ્યકાળમાં તે ઘડો ફૂટશે ત્યારે તેનાં ઠીકરાં, ચૂરો વગેરે થશે તે બધું કેવળજ્ઞાનીને વર્તમાનની પેઠે પ્રત્યક્ષ દેખાય છે, એટલી નિર્મળતા હોય છે. જ્ઞાનનું માહાત્મ્ય એવું છે કે જે જે રૂપે પદાર્થ થયો હોય, થશે, તે બધા ત્રણે કાળના પર્યાય કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ દેખાય છે. બધા પર્યાયોનો સમૂહ તે દ્રવ્ય છે. એ દ્રવ્યનું જ્ઞાન–એક દ્રવ્યમાં ત્રણે કાળના પર્યાય છે, તે બધાનું જ્ઞાન, કેવળજ્ઞાનીને હોય છે. એટલી નિર્મળતા થાય ત્યારે કેવળજ્ઞાન કહેવાય.

[વ૰ ૬૩૦] (રાતના ૯ વાગે - સભામાં) ૪૨૮ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–સોભાગભાઈએ પ્રશ્ન લખેલા, તેના ઉત્તર કૃપાળુદેવ લખે છે. મુમુક્ષુ જીવો કેવા વિચાર કરે છે! જ્યારે સોભાગભાઈને સમ્યગ્દર્શન થયું ત્યારે એમ લાગ્યું કે કૃપાળુદેવના થોડાક સમાગમે, પચાસ વર્ષે ન થાય તેવું સમાધાન, થોડા વખતમાં થઈ ગયું. બીજા બીજા વિચારો આવે પણ આત્મા નિર્મળ કેમ થાય? આત્માની શક્તિ કેમ વધે? એવા વિચારો આવતા નથી.

૧. જ્ઞાન છે તેના પર આવરણ છે. ક્ષયોપશમ થાય ત્યારે જ્ઞાનાવરણીય માર્ગ આપે. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થવાથી જ્ઞાન થાય છે. એકેન્દ્રિય થાય ત્યારે સ્પર્શથી જાણે. બેઇંદ્રિય

થાય ત્યારે સ્પર્શ અને રસ એમ બે ઇંદ્રિયથી જાણે. તેઇંદ્રિય થાય ત્યારે સ્પર્શ, રસ, ઘ્રાણ એમ ત્રણ ઇંદ્રિયથી જાણે. ચૌરિન્દ્રિય થાય ત્યારે સ્પર્શ, રસ, ઘ્રાણ અને આંખ એ ચાર ઇંદ્રિયથી જાણે અને પંચેન્દ્રિય થાય ત્યારે સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને કાન એ પાંચ ઇંદ્રિયથી જાણે, એવો ક્ષયોપશમ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીયનો થાય છે; એ ક્ષયોપશમ થયો તેમ છતાં અજવાળા વગર ન દેખાય, પણ કોઈ કોઈને– બિલાડી, ઘુવડ, ઉંદર વગેરેને રાત્રે દેખાય છે. મનુષ્યને પણ એવો ક્ષયોપશમ થઈ શકે છે. કેવળજ્ઞાન થાય ત્યારે કોઈ ઇંદ્રિયની મદદ ન લેવી પડે, સહાય વગર જાણે. ઇંદ્રિયની પ્રાપ્તિ તે લબ્ધિ કહેવાય અને પછી ઉપયોગ કરે ત્યારે ઉપયોગરૂપ ઇંદ્રિય છે. એવું સમ્યગ્દર્શન પણ લબ્ધિરૂપ અને ઉપયોગરૂપ કહેવાય છે. જ્યારે આત્મ-ઉપયોગમાં હોય ત્યારે ઉપયોગરૂપ સમકિત કહેવાય અને જ્યારે બીજા કામોની ક્રિયામાં હોય ત્યારે લબ્ધિરૂપ સમકિત કહેવાય. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય બેય કર્મ જુદાં છે. કંઈક છે એમ ખબર પડે તે દર્શન કહેવાય અને વિશેષજ્ઞાન થાય ત્યારે જ્ઞાન કહેવાય. પાંચ પ્રકારની ઇંદ્રિયલબ્ધિ છે. સ્પર્શથી શ્રવણ પર્યંત પાંચ ઇંદ્રિયની લબ્ધિ મનુષ્યયોનિમાં આવે ત્યારે હોય છે. પછી જન્મથી આંધળો હોય તોય એને લબ્ધિ છે, તેથી પંચેન્દ્રિય કહેવાય. કાને ન સાંભળતો હોય તો પણ એને લબ્ધિ તો છે, પણ સાધન બગડી ગયું છે, એનું કારણ પણ કર્મ છે. મનુષ્યપણું મળવું, એનું કારણ કર્મ છે. શક્તિની અમુક હદ આવી જાય તે વ્યાહતિ કહેવાય છે. પાંચ ઇંદ્રિયની શક્તિ બધા મનુષ્યને છે, પણ કોઈને ઓછી અને કોઈને વધારે હોય છે.

અંધારામાં વસ્તુ પડી હોય તો ન દેખાય. અમુક હદ સુધી, અમુક પ્રકાશ હોય તો દેખાય, એવો ક્ષયોપશમ હોય છે. કોઈ વસ્તુ ખૂણામાં પડી હોય તો ન દેખાય, ખુલ્લી બહાર હોય તો દેખાય, એની હદ હોય છે. ઊગતો ચંદ્ર કોઈને દેખાય, કોઈને ન દેખાય. એનું કારણ ક્ષયોપશમનું ઓછાવત્તાપણું છે. સિદ્ધ ભગવાન ઇંદ્રિયની સહાય વગર જાણે છે, તેમ કેવળી પણ સહાય વગર જાણે છે. ઇંદ્રિયની શક્તિની અમુક હદે ઘાત થાય છે. તેથી એથી આગળ જાણી શકે નહીં.

૨. આત્મા આખા શરીરમાં વ્યાપેલો છે, છતાં આંખથી જ જુએ છે, પણ આંખથી સાંભળે નહીં. એ આત્મા તો શરીરપ્રમાણ છે, તો અમુક જગ્યાએથી જ જોવાય, સંભળાય છે એનું શું કારણ હશે? એમ સોભાગભાઈ કૃપાળુદેવને પૂછે છે.

લોકના અસંખ્યાત પ્રદેશ કહેવાય છે. તેવા આત્માના પણ અસંખ્યાત પ્રદેશ છે. અરૂપી પદાર્થનો નાનામાં નાનો ભાગ પ્રદેશ છે. કેવળજ્ઞાન-દર્શન હોય તો બધા ઠેકાણેથી જાણે. જ્ઞાન ઉપર આવરણ છે, તે દૂર થાય તો પછી બધા પ્રદેશથી જાણે. બધા પ્રદેશ એના નિરાવરણ થયા છે, એને ઇંદ્રિયની જરૂર નથી. ક્ષયોપશમ એવા પ્રકારનો છે કે અમુક સંચા હોય તો જ દેખાય, સંભળાય, એ પ્રકારનો ક્ષયોપશમ છે. ક્ષયોપશમ હોય પણ સંચા ઉપર આવરણ આવી જાય તો દેખાય નહીં. સંચો સમો થયો તો પાછું દેખાવા લાગે. કેટલાંક કર્મ જ્ઞાન ઉપર અસર કરે છે, કેટલાંક શરીર ઉપર અસર કરે છે. જ્ઞાનાવરણીયકર્મ એવું બાંધ્યું હોય તો પછી એને એવી લબ્ધિ જ ન થાય અને ઇંદ્રિય નામકર્મ એવા પ્રકારનું હોય કે સાધન બગડી ગયેલાં હોય છે. જ્ઞાનાવરણીય

જ્ઞાનગુણ ઉપર આવરણ કરે છે અને નામકર્મ છે તે ઇંદ્રિય ઉપર આવરણ કરે છે. કર્મની શક્તિ કેટલી છે, તે સમજાવવા માટે કર્મગ્રંથ મહાપુરુષોએ લખ્યા છે. ક્ષયોપશમજ્ઞાનમાં ભેદ છે, કેવળજ્ઞાનમાં કંઈ ભેદ નહીં મળે. અક્ષરના અનંતમા ભાગ જેટલું ઓછામાં ઓછું જ્ઞાન નિગોદમાં પણ હોય છે. વધારે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો બેઇંદ્રિય થાય, એમ જેમ જેમ ક્ષયોપશમ થાય તેમ તેમ ઇંદ્રિયો વધતી જાય. કેટલાકને વિશેષ એવો ક્ષયોપશમ હોય છે કે તમે ઊંધો કાગળ રાખો તોય વાંચે. નિરાવરણજ્ઞાન થાય ત્યારે એક સમયે બધું જાણી શકે એવું જ્ઞાન હોય છે. જેટલો ક્ષયોપશમ હોય તેટલું જણાય. અવધિજ્ઞાનના ક્ષયોપશમવાળો અમુક હદ સુધી જાણે છે. જે ગુણ છે તેને સર્વ પ્રકારે આવરણ કરનાર સર્વઘાતીકર્મ છે. એ જો ઉદય આવે તો આત્માના ગુણોની ઘાત થાય. કર્મ માગ આપે એ ક્ષયોપશમ કહેવાય. ક્ષયોપશમ હોય અને જે યોનિમાં જે પ્રકારે ઇંદ્રિયો થતી હોય તે પ્રકારે ગોઠવાય છે. કર્મની વાત બહુ ગહન છે. ''ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ.''

૩. ગૂમડું થયું હોય તો જીવનો ઉપયોગ ત્યાં જ રહે છે તો જીવના બધા પ્રદેશ ત્યાં ખેંચાતા હશે ? એમ સોભાગભાઈ પૂછે છે.

આત્માના અસંખ્યાત પ્રદેશ છે. તે બધા પ્રદેશ મળી જાણવાનું કામ કરે છે, પણ જ્યાં આગળ વેદના હોય ત્યાં આગળ જીવનો ઉપયોગ જાય છે. જાણે છે બધાય પ્રદેશથી, પાછું એમ પણ છે કે કોઈક વખતે ઘણી વધારે વેદના હોય ત્યારે આત્માના બધા પ્રદેશોની દશમદ્વારાદિમાં સ્થિતિ થઈ જાય છે. એ બધું થવાનું કારણ જીવને વીર્ય નથી, તેથી સ્થિરતા રહેતી નથી. નહીં તો ગજસુકુમારના માથે અંગારા ભર્યા તોયે સ્થિર રહ્યા. એ વીર્યનું કામ છે. અવ્યાબાધ ગુણ ચૌદમાના અંતે પૂર્ણ પ્રગટે છે. અવ્યાબાધપણું પ્રગટયું નથી ત્યાં સુધી ચંચળતા હોય છે. જીવને જેમ જિજ્ઞાસા થાય તેમ સ્થિરતા આવે છે. સ્થિર થતો થતો પછી એકલક્ષ થઈ જાય. ઉપયોગ એનો એક જ જગ્યાએ ખેંચાય.

વિચારણા જાગે કે આત્મા કેવો છે ? આત્મા શાથી આવરણ પામ્યો છે ? એવા વિચારો કરવા યોગ્ય છે. કૃપાળુદેવ કહે છે કે આત્મામાં ચિત્ત વારંવાર જાય તેથી ઉપયોગ લખવામાં રહેતો નથી. કૃપાળુદેવ થોડાક વખતમાં ઘણું લખતા. કચ્છ દરબારમાં એમને લખવા બોલાવતા. થોડાક વખતમાં ઘણું લખી નાંખતા. આત્મા ઉપર આવરણ થાય છે, તે આવરણ જેટલું જેટલું ઘટે તેટલો ક્ષયોપશમ થયો કહેવાય.

[વ૦ ૬૩૧] (રાતના સભામાં) ૪૨૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–કૃપાળુદેવે આ લખ્યું છે તેનો ભાવ એ છે કે ''एगं जाणई से सव्वं जाणई ।'' (આચારાંગ સૂત્ર) આત્મામાં અનંત શક્તિ છે. આત્માને જાણે તો આત્મભાવના થાય. ''આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.'' સર્વ જાણીને આત્માને સુખી કરવો છે. આત્માનું ખરું સ્વરૂપ જાણવા માટે વાંચવા–વિચારવાનું છે. અત્યારે જીવને બહારની વસ્તુઓ જાણવાની ઇચ્છા છે, પણ જ્ઞાની કહે છે કે આત્માને જાણીશ તો બધું જણાશે. આત્માને જાણવા માટે ભક્તિ વગેરે કરવાં

છે. કોઈ જાણનાર છે, તેના પ્રત્યે દૃષ્ટિ આપવી. બધાનો આધાર આત્મા છે, માટે એ આત્મા ભણી દૃષ્ટિ દે.

મુમુક્ષુ– ''સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે'' એટલે શું?

પૂજ્યશ્રી– આત્માને નિર્મળતા થાય તો પછી કેવળજ્ઞાન થાય અને તેથી બધું દેખાય.

જ્ઞાનીએ તો બધાં શાસ્ત્રોના સારરૂપ કહ્યું, પણ જીવને સમજાવું મુશ્કેલ છે. જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી બીજી જ ઇચ્છાઓ થાય છે. જ્ઞાનીનાં વચનો જ્ઞાની દ્વારા સમજાય એવાં છે. જ્ઞાનીપુરુષને સામાન્યપણે જાણે છે. પોતાને જેવું થતું હોય તેવું જ્ઞાનીને પણ થતું હશે, એમ જીવની કલ્પના થાય તેથી જ્ઞાની ઓળખાય નહીં. તે કેમ ઓળખાય? એમ કૃપાળુદેવે સોભાગભાઈને પ્રશ્ન પૂછેલો. તેનો ઉત્તર સોભાગભાઈએ એમ આપ્યો કે ''નિર્પક્ષ થઈ સત્સંગ કરે તો સત્ જણાય ને પછી સત્પુરુષનો જોગ બને તો તે ઓળખે અને ઓળખે એટલે વ્યાવહારિક કલ્પના ટળે.'' (૩૩૩) મોક્ષની રુચિ થવી, અપૂર્વતા લાગવી મુશ્કેલ છે. એ સત્પુરુષ વિના થતું નથી. શાસ્ત્રો ભણે, વાંચે, બીજાને કહે, પણ એમ કંઈ સત્પુરુષ ન ઓળખાય. ઠેકાણે ઠેકાણેથી સાચી વસ્તુ મળતી નથી.

બધાં શાસ્ત્રોનો સાર તો 'આત્મા જાણવો' કહ્યો, તો હવે આપણે જપ, તપ, નિયમ, યમની શી જરૂર છે? એ તો નિષ્ફળ છે એમ કોઈ કહે, તો કે એમ નથી. આત્મા જાણવો છે, પણ એને માટે યોગ્યતા લાવવા સાધનની જરૂર પડશે. સાધનો કરી આત્મપ્રાપ્તિ કરવી છે, પણ સાધનો કર્યા કરે અને આત્માનો લક્ષ ન હોય તો તેમાં જ અટકી રહે. સાધનનો આગ્રહ પછી એને થઈ જાય કે 'હું કરું છું એમ જ બધા કરો.' સાધન છે તેથી સાધ્ય કરી લેવું. સાધનમાં અટકી રહે તો સાધ્ય ન થાય. જેમ આંગળીથી ચંદ્ર બતાવે, પણ જોનાર જો આંગળીને જ વળગી રહે તો ચંદ્ર દેખાય નહીં; તેમ સાધનને જ વળગી રહે તો સાધ્ય રહી જાય.

**[વ૦ ૬૪૦થી વ૦ ૬૪૮ના વાંચન પ્રસંગે]** ૪૩૦ શ્રીમદ્ રા. આ. અગાસ,
(સવારના સભામાં) દ્વિ. વૈશાખ સુદ ૬, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સંગથી જીવ ભૂલ્યો છે, એ દૂર થાય તો અસંગ થવાય. સત્સંગ વિના અસંગતા આવતી નથી. સત્શાસ્ત્રથી પણ કામ થાય છે. જગતના પદાર્થો બધાં રૂપી છે. પાંચ ઇન્દ્રિયોથી ગ્રહણ થાય છે. જે દેખાય છે તેમાં જીવ મોહ કરે છે અને ભૂલે છે. દેખતભૂલીથી અનાદિકાળથી જીવ ભૂલો પડ્યો છે. દેખતભૂલી ટળે તો સુખી થાય, પણ એને પરવસ્તુમાંથી વિશ્વાસ છૂટતો નથી. છોડવા માંડે તો અસંગ થઈ જાય. ગ્રહણ કરવાની જેની ભાવના હોય તેને બંધન થાય. છૂટવાની ભાવના જેને હોય તે અસંગ થાય. પ્રભુશ્રીજીના વખતમાં 'સમયસાર' વંચાતો હતો. તે વખતે શીતલપ્રસાદજી અહીં આવેલા હતા. સમયસારમાં આવ્યું કે રાગદ્વેષ જાય તો મુક્ત થાય. શીતલપ્રસાદજીએ પૂછ્યું કે, 'રાગદ્વેષ જાય તો મુક્ત થાય પણ એ રાગદ્વેષ શાથી જાય?' પ્રભુશ્રીજીએ કહ્યું કે, 'જેનામાં રાગદ્વેષ નથી, તેનામાં ચિત્ત રહે તો રાગદ્વેષ જાય.' કેટલાં વૈરાગ્યવાળા વચનો છે. વિચાર કરે તો સમજાય એવું છે. હું કરું છું તેમાં ભૂલ છે એમ તેને લાગે. રાગદ્વેષ થાય એવાં કારણો મેળવે, વિકથામાં કાળ ગાળે અને કહે કે મારે ચિત્ત સ્થિર

કરવું છે, એમ કેમ કરી થાય? જગતમાં બીજી વસ્તુઓમાં જ્યાં સુધી જીવને રસ રહ્યો છે ત્યાં સુધી આત્મામાં રસ ન આવે. બીજાના દોષો ઝટ દેખાય છે, પોતાનાં દેખાતાં નથી. કૃપાળુદેવે આખી પુષ્પમાળા લખી છેવટે કહ્યું કે 'દોષોને દેખીને દોષોને ટાળવા.' જ્યારે ગરજ જાગશે ત્યારે તપાસ કરશે કે મારામાં કેટલા દોષો છે. આત્મકલ્યાણ કરવા માટે મનુષ્યભવ મળ્યો છે. મનુષ્યભવ ઉત્તમ કહેવાય છે. તેનું કારણ એથી મોક્ષ થાય છે. ''હે ભગવાન! હું બહુ ભૂલી ગયો'' એમ બોલે પણ ભૂલ સાલતી નથી. જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયા પછી ભગવાનમાં અને જ્ઞાનીપુરુષમાં ભેદ ન રહે. રોજ બોલીએ છીએ.–

''તમે નીરાગી, નિર્વિકારી, સત્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો.'' એ જ આપણું સ્વરૂપ છે. મારું ખરું સ્વરૂપ જ્ઞાન, દર્શન છે એવી ભાવના કરવાની છે. જે ખરું સ્વરૂપ છે તે વારંવાર સંભારવાનું છે. જ્ઞાની તો પોકારી પોકારીને કહે છે, પણ એને બેસવું જોઈએ ને! જ્ઞાનીનું કહેવું માને તો સહેજે મોક્ષ થાય. છઠ્ઠી દૃષ્ટિમાં આવે છે કે–

**''મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત,**
**તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત. ધન૦''**

જ્ઞાની પાસેથી જે સાંભળેલું હોય તેમાં કેટલો પ્રેમ આવવો જોઈએ! સ્મરણ કરવા યોગ્ય જ્ઞાનીના વચનો, તે ભૂલવા જેવી વસ્તુ ન હોય. એ ભૂલી ગયો તો બધું ભૂલી ગયો. એનો મનુષ્યભવ નિષ્ફળ જાય. જ્ઞાનીપુરુષનું કહેલું જ મારે કરવું છે એવો મુમુક્ષુજીવને લક્ષ હોય છે. જેને મોક્ષે જવું હોય તેણે ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ સહજસ્વરૂપે કરવા યોગ્ય છે. ત્યાગ, વૈરાગ્ય અને ઉપશમ એને તો સહજ કરી નાંખવાં. સહેજે ત્યાગની ભાવના થાય, ત્યાગ ન થઈ શકે તેના ઉપર વૈરાગ્ય રાખે. ક્રોધાદિ કષાયોને શમાવે અને ભક્તિમાં તલ્લીન થાય એ સહજસ્વભાવે કરી મૂકવા જેવાં છે. પ્રમાદને લઈને, શિથિલતાને લીધે, કરીશું, કરીશું એમ જીવ કરે છે. મિથ્યાત્વનો સંગ અનાદિકાળથી છે તેથી ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ, ભક્તિ એ એકદમ ન ગમે; એમ થવું મુશ્કેલ છે. મારે એ કરવું જ છે એમ જો લક્ષ રહે તો ક્રમે ક્રમે કરી એ સહજ થઈ જાય.

**''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત.''**

**''છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ,**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.''**

દેહાધ્યાસ હતો તે છૂટી ગયો, તેથી શમાયા. 'મારું મારું'ભૂલથી કરે છે, પણ મારું-તારું કશું નથી. સમજીને શમાય તો સ્વાનુભવમાં રહે. સમજીને શમાય તો પરિભ્રમણ ટળે. સુખમાં જીવને કંઈ વિચાર આવતો નથી. ઊંઘે છે, લહેર કરે છે. દુઃખ ગમતું નથી. દુઃખનું કારણ સંસાર છે. તે શાથી જાય? એમ વિચારવું. શાને લઈને હું સંસારમાં પરિભ્રમણ કરું છું? એમ વિચાર કરવો. કર્મથી પરિભ્રમણ થાય છે, તો કર્મ શાથી બંધાય છે તેનો વિચાર કરવો. પોતાના ભાવ બગડે છે ત્યારે કર્મ બંધાય છે. રાગ દ્વેષ થાય ત્યારે કર્મ બંધાય છે. અત્યારે જીવ છે તો આગલા ભવમાં પણ હતો અને આગળ પણ રહેશે. જીવ મરે એવો પદાર્થ નથી.

**“હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;**
**એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય.”** (૨૬૬)

આંખે દેખાય એવો માર્ગ નથી. અગમ અગોચર છે. પોતાની મેળે મોક્ષમાર્ગ શોધવા જાય તો મળે નહીં. ગૌતમસ્વામી જેવા, ચાર જ્ઞાન પ્રગટ છતાં, ભગવાનની સાથે સાથે ફરતા. પ્રભુશ્રીજી પહેલાં આ ભ્રમ છે, આ ભ્રમ છે એમ જોતા પછી કૃપાળુદેવે કહ્યું કે ‘બ્રહ્મ જુઓ મુનિ બ્રહ્મ.’ ત્યારે આત્મા જોતા થયા.

**[વ૦ ૬૪૦]** (રાતના સભામાં) ૪૩૧ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જીવને પરવસ્તુનો સંગ છે તેથી ભૂલ્યો છે, પણ જો અસંગ થાય તો મોક્ષ થાય, પોતાના સ્વરૂપમાં રહે. મારે અસંગ થવું છે, એમ કરવાથી અસંગ થઈ જવાતું નથી, પણ એનું કારણ સેવે તો અસંગ થાય. જેને છૂટવું હોય તેણે સત્સંગનો આધાર લેવો. નિત્ય સત્સંગ કરવો. સત્સંગ જેવું આત્મકલ્યાણનું કોઈ બીજું કારણ નથી, એવો કૃપાળુદેવનો અભિપ્રાય છે. એવો અભિપ્રાય મુમુક્ષુ જીવે પણ કરવા યોગ્ય છે. એવો યોગ ન હોય તો ભાવના કરવી. પુણ્યના ઉદયે સત્સંગ મળે છે, એ ન હોય તોય ભાવના તો એની જ કરવી.

**[વ૦ ૬૪૧]** (રાતના સભામાં) ૪૩૨ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– આ દેખતભૂલી અનાદિની છે, તેથી દેખે છે ને ભૂલે છે.

**“ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન ?”**

પરને દેખીને પોતાને ભૂલી જાય છે, ત્યાં રાગદ્વેષ કરી કર્મ બાંધે છે. તે ટળે તો મોક્ષ થાય. આખું જગત દેખે છે ને ભૂલે છે, દેખે છે ને ભૂલે છે, એમ આખું જગત દેખતભૂલીમાં જ વહે છે. એ ભૂલ કયા આધારથી મટે ? એનો આધાર તમને સમજાયો છે ? એમ કૃપાળુદેવ સોભાગભાઈને પૂછે છે. પોતાની શક્તિ ન હોય ત્યારે જીવ બીજાનું અવલંબન લે છે. આખું જગત મિથ્યાત્વમાં કર્મભાવે તણાય છે; તે મટી જીવ મોક્ષે જાય એવો કોઈ આધાર છે ?

**[વ૦ ૬૪૨]** (રાતના સભામાં) ૪૩૩ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–કૃપાળુદેવ આપણને કહે છે તેનો લક્ષ રાખીએ તો જીવન પલટાઈ જાય. આખું જીવન પરકથા અને પરવૃતિમાં જાય છે. બહુ લક્ષ રાખવાનો છે. જ્ઞાનીપુરુષ એક ક્ષણ પણ નકામી ન જાય એવો લક્ષ રાખે છે, તે આપણને કરવા કહે છે. જેવું અવલંબન હોય તેવા ભાવ થાય છે. વિશ્વમાં પરકથા અને પરવૃતિ છે, તેમાં રહે તો મનુષ્યભવ નિષ્ફળ જતો રહે. જીવ ઊંઘે છે, તેથી ખબર નથી કે કેટલો કાળ ગયો છે. લક્ષ રાખે નહીં તો અનંતભવ ગયા તેમ આ ભવ પણ જતો રહે.

જો ચેતે તો એક સમય પણ પરવૃતિએ ન જવા દે. પહેલાંથી પ્રમાદ છોડી જ્ઞાનીની શિખામણ માની લે તો પછી એને જીવન ટૂંકું ન પડે, લાંબું લાગે. પાછા વળી પોતાનું તપાસવાનું છે કે મારો કાળ શામાં જાય છે ? “જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી.” (૩૭)

મહાપુરુષથી જે મંત્ર મળ્યો છે તે આજ્ઞા આરાધે તો કામ થાય. બીજું બધું ભૂલી, કરવા જેવું આ છે. જેટલો પ્રમાદ થાય તેટલું બંધન થાય. અજ્ઞાનદશામાં જે કર્મ બંધાય તે કોડાકોડી સાગર કરતાં ઓછાં બંધાય જ નહીં, માટે ચેતવા જેવું છે. સ્થિરતા ક્યાંથી થાય? એમ કહ્યું તે જ્ઞાનીપુરુષની વાત છે. સ્વરૂપમાં સ્થિરતાની વાત છે. તેમ મુમુક્ષુને જ્ઞાનીની આજ્ઞામાં સ્થિરતા કરવાની છે. હિસાબ ન હોય તો નફા-ખોટની ખબર ન પડે. મનુષ્યભવ લાભમાં જાય છે કે અહિતમાં જાય છે, એ ઊંડા ઊતરીને પોતે વિચારવાનું છે. જીવ બહેરો થઈને બેઠો છે.

જ્ઞાનીનો જો નિશ્ચય આવે તો અર્ધું કામ થઈ ગયું કહેવાય. જ્ઞાનીની આજ્ઞાથી અવશ્ય કલ્યાણ થશે, એમ થાય તો એ પુરુષપ્રતીતિ થઈ અને પછી એના વચનની પણ પ્રતીતિ આવે. જ્ઞાનીથી મારું હિત છે. મનુષ્યભવ લોકોને રૂડું દેખાડવા ગાળવો નથી. નિશ્ચય કરે કે મારે જ્ઞાનીની આજ્ઞાએ જ વર્તવું, તો કામ થઈ જાય. સ્મરણમંત્ર મળ્યો છે તેમાં ચિત્ત રહે તો જગતમાં ન રહે. પ્રમાદ ન કરવો, એમ નિશ્ચય કરી લે તો મોક્ષ થાય. [૧]મૃગાપુત્ર આત્મા હતા અને આય આત્મા છે, એ પણ તેમની પેઠે કરે તો મોક્ષને પામે. કૃપાળુદેવે કેટલો બધો પુરુષાર્થ કર્યો છે! 'તીર્થંકર થવું નથી, પણ તીર્થંકરે જે કર્યું તે કરવું છે' એવો એમણે નિશ્ચય કર્યો હતો. જ્ઞાનીનું અંતર ઓળખીને, જ્ઞાનીએ પ્રાપ્ત કર્યું તેવું જ આપણું સ્વરૂપ છે એમ કરવાનું છે. અપૂર્વતા લાગે તો જીવ પછી એમાં મંડી પડે. મહત્તા એમાં લાગે કે મારું ખરું સ્વરૂપ આ છે, તો પછી એમાં જ મંડી પડે. જ્ઞાની અને આપણામાં ભેદ નથી. એ ભેદ કાઢી નાંખવો. પરાભક્તિ આવે ત્યારે જ્ઞાની અને પોતે અભેદરૂપ થઈ જાય. જેવું થવું હોય તેવી ભાવના કરવી.

**[વ૦ ૬૪૫]** (રાતના સભામાં) ૪૩૪ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવે સોભાગભાઈને પૂછેલું કે 'સમજ્યા તે શમાઈ રહ્યા' અને 'સમજ્યા તે શમાઈ ગયા' એમાં ભેદ લાગે તો લખશો.

શમાઈ રહ્યા અને ગયા એમાં કંઈ અર્થ ફેર છે કે નહીં? એ બેયમાં કયું વાક્ય વિશેષતાવાચક છે? તે વિચારીને લખજો. આખા વાક્યનો સમુચ્ચય વિચાર કરીને લખજો, એમ કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે. આ વાક્ય સમજી ગયા એમ ન કરવું. વારંવાર એનો વિચાર કરવાનો છે. કૃપાળુદેવે ઘણો વિચાર કરી પછી 'સમજ્યા તે શમાઈ ગયા' એ વાક્ય લખ્યું છે.

**[વ૦ ૬૪૬]** (રાતના સભામાં) ૪૩૫ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–'મને દુઃખ આવો' એમ તો કોઈ ઇચ્છતું નથી. તેમ છતાં દુઃખ ભોગવવું પડે છે, તેનું કારણ કંઈ હોવું જોઈએ. જગતમાં દુઃખ છે, એ દુઃખ કેમ છે? દુઃખ નથી ઇચ્છતા તેમ છતાં મળે છે તેનું શું કારણ છે? એ ઉપરથી વિચારવાન વિચાર કરે છે. કોઈએ એમ નિર્ણય કર્યો કે ઈશ્વર આ બધું દુઃખ મોકલે છે. કોઈએ એમ નિર્ણય કર્યો કે કર્મને લઈને દુઃખ ભોગવવું પડે છે; કોઈએ તો સ્વભાવ જ છે, એમ અનેક પ્રકારના નિર્ણય કર્યા. પ્રત્યક્ષ દુઃખ દેખાય છે, તેથી પરલોકની સિદ્ધિ થાય છે, જીવતત્વની સિદ્ધિ થાય છે.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ–નિવૃત્તિબોધ, વચનામૃત પૃષ્ઠ ૪૯.

**"હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;**
**એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય."** (૨૬૬)

એક દ્રવ્ય અત્યારે છે તો તે ત્રણે કાળ હોવા યોગ્ય છે. આત્મા દ્રવ્ય છે, તે નિત્ય છે. જો નિત્ય ન હોય તો પછી કંઈ ન રહે. અત્યારે જીવ છે તે સુખદુઃખ ભોગવે છે. તેનું કારણ પુણ્યપાપ છે. તે કર્યું હશે તે વખતે જીવ હાજર હતો અને અત્યારે જીવ હાજર છે, તો ભવિષ્યમાં પણ રહેશે. આગળ પાછળની બધી અવસ્થા છે.

કોઈ જીવ ઉત્પન્ન થતો નથી, નાશ પણ પામતો નથી. આકૃતિ ફરે પણ આત્મા ન ફરે. અવસ્થા થાય પણ દ્રવ્ય નાશ ન પામે. બાળ હોય તે યુવાન થાય, યુવાન ઘરડો થાય પણ જીવ તો એનો એ જ છે.

**"આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;**
**બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય."**

પર્યાય એ વસ્તુની અવસ્થા છે. તે અવસ્થા પલટાય, પણ આત્મા—મૂળ દ્રવ્ય નાશ ન પામે. દેહ એ પર્યાય છે, એનો નાશ થાય; પણ આત્માનો નાશ ન થાય. પરમાણુનો પણ તદ્દન નાશ થતો નથી. દ્રવ્યદૃષ્ટિ કરવા માટે આ કહ્યું છે. પર્યાયદૃષ્ટિ છે તે જ દેખતભૂલી છે. પર્યાયને દેખે છે ને દ્રવ્યને ભૂલે છે. દ્રવ્યદૃષ્ટિ જીવને થઈ નથી.

છએ દર્શનવાળાઓએ જે જે પોતાની માન્યતા કરેલી છે, તેનું વર્ણન થોડીક ગાથાઓમાં 'ષડ્દર્શન સમુચ્ચય'માં આપ્યું છે. એ ગ્રંથ છે તો ટૂંકો, ૬૦ ગાથાનો છે, પણ એની ટીકા બહુ લાંબી કરી છે.

રાગદ્વેષરહિત જેમ જેમ મન થાય તેમ તેમ ચિત્ત શુદ્ધ થાય, ચિત્ત સ્થિર થાય. ઉપાધિ ચિત્તને ચંચળ કરે છે અને કષાય છે તે ચિત્તને મલિન કરનાર છે. એ મન સ્થિર થાય અને નિર્મળ થાય તો જ્ઞાનીનાં વચનોનો વિચાર યથાર્થ થાય. સમજીને પણ આત્માને સ્થિર કરવો છે. આત્માને સ્થિર કરવો. આત્મા સ્થિર હોય તો જ્ઞાનીનાં વચનો સમજાય, કારણ કે એમણે એ વચનો આત્મસ્થિરતામાં રહી લખ્યાં છે. આપણે સાંભળતાં એ લક્ષ રાખવો કે ક્રોધાદિ ચાર કષાયોમાં મન ન જાય, નહીં તો જ્ઞાનીનાં વચન સમજાતાં નથી. ઉપાધિમાં ચિત્ત ન જાય એ સાચવવું.

[વ૦ ૬૪૭] ૪૩૬ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—

**"આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;**
**જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર."** (૯૫૪)

જેણે સ્વરૂપ પ્રગટ કર્યું છે, ત્યાંથી પોતાનું સ્વરૂપ જણાય છે. નહીં તો આંધળા જેવું છે. સત્સમાગમ નિત્ય કર્તવ્ય છે. દશા વધારવી હોય તો પોતાનાથી જેની દશા વધારે હોય એવાના સમાગમથી જ વધે છે. ગૌતમસ્વામીને ચાર જ્ઞાન પ્રગટ્યાં હતાં, છતાં પણ મહાવીર ભગવાનની

પાછળ પાછળ ફર્યા. ચાલો હવે જ્ઞાન થઈ ગયું, એમ ન કર્યું. જ્ઞાનમાર્ગ છે તે નિરાલંબન છે. ભક્તિમાર્ગ આલંબનને આધારે છે. જ્ઞાન પોતાના અનુભવને આધારે છે. એવા જીવો વિરલા છે.

[વ૦ ૬૪૯] ૪૩૭ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– મનુષ્યભવની એક ક્ષણમાં સમકિત થઈ જાય, એક ક્ષણમાં શ્રેણિ માંડી દે, એક ક્ષણમાં કેવળજ્ઞાન થઈ જાય. માટે મનુષ્યભવની એક પળ પણ વ્યર્થ ખોવા જેવી નથી.

જ્યાં દુઃખ છે ત્યાં સુખ માને છે અને તેમાં આનંદ માને છે, એ અજ્ઞાન છે. જીવ ક્યું સુખ ઇચ્છે છે? એનું ઠેકાણું નથી. દુઃખ થવાનું કારણ ઇચ્છા છે. વ્યાકુળતા એ જ દુઃખ છે. ઇચ્છા જેમ જેમ ઓછી થાય તેમ તેમ વધારે સુખી થાય. સંતોષી છે તે સુખી છે. જેમ જેમ ઇચ્છા વધારે તેમ તેમ દુઃખી વધારે. ઊંચા દેવલોકમાં ઓછી ઇચ્છા છે, તેથી સુખી છે અને નીચેના દેવલોકમાં ઇચ્છા અને કષાય વધારે હોવાથી તેઓના કરતાં વધારે દુઃખી છે. મિથ્યાત્વ છે ત્યાં સુધી જીવ દુઃખી છે. એની ઇચ્છા જે છે તે સફળ થાય તો સુખ માની આનંદ પામે છે. માન્યતામાં ભૂલ છે. ઇચ્છે છે સુખ અને આનંદ; અને ભોગવે છે દુઃખ અને આનંદ. સુખ એ એનો સ્વભાવ છે. આનંદ છે તે વૃત્તિ છે, ઉલ્લાસ છે. દુઃખને જ સુખ માને છે. સત્સંગ એ પ્રથમ કરવા યોગ્ય છે. સત્સંગે કંઈ સાંભળવાનું મળે, વિચારવાનું મળે. જ્ઞાની કહે છે તેમાં અને હું માનું છું એમાં શો ફેર છે? એમ ખબર પડે છે. સત્સંગે એને વસ્તુ સમજાય છે.

[વ૦ ૬૫૧] (બપોરના) ૪૩૮ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૫, સં. ૨૦૦૮

મુમુક્ષુ– શું રહી ગયું?

પૂજ્યશ્રી– સમજવું અને શમાવું. એની ભૂખ ન લાગી હોય ત્યાં સુધી એ રુચતું નથી.

‘‘સર્વ જીવ આત્માપણે સમસ્વભાવી છે.’’ (૫૩૯) એની એવી દૃષ્ટિ પહેલાં કરવાની છે. મારે આત્માનું કલ્યાણ કરવું છે, એવું જ્યારે થાય ત્યારે થંભે; આત્મામાં આત્મબુદ્ધિ થાય. હું આત્મા છું; દેહ નથી. દેહમાં રહેલો તે ‘હું છું.’ ઉપરનું શરીર તે બારદાન જેવું છે. ‘‘નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે.’’ (૫૩૯)

‘‘આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.’’ એ ભાવના રહે તો કેવળજ્ઞાન થાય અને પછી મોક્ષ થાય.

પરમાં નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણ થાય અને નિજમાં નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણ ટળે. સમજ્યા વગર નિજમાં નિજબુદ્ધિ કેમ થાય?

**‘‘જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત.’’**

આ આત્મા, એમ થાય તો નિજબુદ્ધિ થાય. જ્ઞાનીનો બોધ પરિણામ પામ્યે વસ્તુ ઓળખાય છે. જાણવામાં ભૂલ છે તે કાઢવાની છે. ‘‘હે ભગવાન! હું બહુ ભૂલી ગયો.’’ પહેલાં જ્યાં સુધી આત્મા ન જાણ્યો ત્યાં સુધી વિકલ્પ; પણ સમજે તો શમાય. સમજવું, શમાવું એ એક જ છે.

સમજે તો શમાય. વિકલ્પ દૂર થયા તેથી સ્વરૂપમાં ઉપયોગ વળ્યો, તે 'શમાવું' છે. દેહને આત્મા માનવો તે ભ્રાંતિ છે. ભ્રાંતિ એટલે ભૂલ. જેવો સંયોગ તેવો જ હું, એ 'અધ્યાસ' એટલે ભૂલ. પર વસ્તુને પોતાની માનતો હતો તે છૂટી ગયું કે જડ વસ્તુ ચેતનની થાય નહીં, તે સમજ્યા. આત્માનો અનુભવ થયો ત્યારે લાગ્યું કે આત્મામાં કશું મારું-તારું છે નહીં. બધી કલ્પના છે. અનુભવમાં જે ન આવે તે પોતાનું ન હોય. મારું-તારું થાય છે એથી ક્લેશ થાય છે.

"जं समंति पासह तं मोणंति पासह ।" (આચારાંગ સૂત્ર)

આત્માનું જ્ઞાન તે જ મૌન છે. સમકિત થાય તે જ મૌન છે. સમજ્યા તે શમાયા. શમાયા નહીં તો સમજ્યા નથી. મિથ્યાત્વનાં વિકલ્પો શમાયાં તો સમજ્યો. મારું-તારું ગયું તેટલું સમજાયું. 'સમજ્યા તે શમાયા' એ વાત વારંવાર લક્ષમાં રાખવી. ગમે તેટલાં સાધન કર્યાં, પણ સમજાવું અને શમાવું એ આવ્યાં નથી. સમજે તે શમાય, તો પરિભ્રમણ ટળે. અનાદિથી આટલો વખત ગયો, પણ સમજવું અને શમાવું કેમ ન થયું ? તે કહે છે. અસત્સંગ, સ્વચ્છંદ, અવિચાર એ હોય ત્યાં સુધી સમજે નહીં. એ ત્રણ કારણો આડાં આવે છે. તેને ખસેડે તો પરિભ્રમણ ટળે. મુમુક્ષુદશાથી આગળ વધે, ત્યાગ વૈરાગ્ય લાવે તો સમજાય અને શમાય. "સમજ સમજ કરિ જીવ હી, ગયા અનંતા મોક્ષ" જે જે મોક્ષે ગયા છે તે તે સમજીને ગયા છે.

"સમજ સાર સંસારમેં, સમજુ ટાલે દોષ" એ માર્ગ સરળ છે. આ જીવની સમજમાં આવતું નથી. સત્સંગ કરે તો અસત્સંગ ટળે. સ્વચ્છંદ ટળે તો આજ્ઞા આરાધાય અને અવિચાર જાય તો સદ્‌વિચાર આવે. એ બધાય આવે તો સમજીને શમાય.

**[વ૦ ૬૫૧]** (સવારના સભામાં) ૪૩૯ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૧૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સમજાવા, સમજવા માટે નય છે. પણ અનુભવમાં વાણી નથી, નય નથી. કૃપાળુદેવે લખ્યું છે કે સમજ્યા તે શમાયા. આત્મામાં જ્ઞાનીપુરુષે જોયું તો 'મારુ-તારું' કંઈ નથી, એમ જાણી મૌન થયા. પછી વ્યવહારનયથી વાણીમાં કહેવું પડે તો પણ આત્મામાં એમ રહે કે મારું કશું નથી. યથાર્થ ભ્રાંતિરહિત આત્માનું સ્વરૂપ જાણવું છે. આત્મા જેવો છે તેવો અનુભવ એટલે મિથ્યાત્વરહિત સમજવું તે.

"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત." બધા દુઃખનું મૂળ પોતાના સ્વરૂપને જાણ્યું નહીં. જેમ છે તેમ જાણ્યું હોય તો તેનું ફળ શું થાય ? તો કે બધા વિકલ્પ મટી જાય. પછી નયના વિકલ્પો રહેતા નથી. સમજવા માટે નય હતા. સમજે તો પછી વિકલ્પ રહે નહીં, કરે નહીં અને વિકલ્પો મટે ત્યારે સમજ્યો કહેવાય. ઉપયોગ બાહ્યમાં હતો તે આત્મામાં શમાયો, સ્થિર ઉપયોગ થયો તે શમાવું છે.

મુમુક્ષુ– અધ્યાસ એટલે શું ?

પૂજ્યશ્રી– અધ્યાસ એટલે ભ્રાંતિ. દેહ છે તેને આત્મા માને, એ અધ્યાસ એટલે ભ્રાંતિ. અન્ય પદાર્થમાં મુખ્ય તો દેહ છે.

"સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે." (૪૯૩) પરમાં પોતાપણું

માનવું. 'દેહ તે હું છું' એમ માનવું તેને અધ્યાસ કહે છે. અધ્યાસ એટલે આરોપ કરવો. अधि+आस એટલે પોતાની જગ્યા નહીં ત્યાં બેસવું. વિપરીતપણે આત્માપણું માન્યું હતું તે શમાઈ ગયું, તેથી અધ્યાસ છૂટી ગયો. સમજીને શમાઈ ગયા કે રહ્યા, બન્નેનો અર્થ એક જ છે. બેયમાં આત્મા, આત્મામાં લીન થયો એમ કહેવું છે. સમજીને શમાઈ ગયા કે રહ્યા. બન્નેનો એક જ અર્થ હવે કહે છે. મારું-તારું, અહંત્વ-મમત્વ એ જે સમજ્યા વગર બોલતો હતો તે શમાવી દીધું. મારું-તારું જે વાટેથી થાય તે જાણી શમાવી દીધું. મારા-તારામાં મમતા છે અને અહંપણું જે છે 'તે દેહ છે તે હું છું' એમ માનવું તે છે. દેહ મારો એમ માનવું તે મમત્વ છે. જ્યારે અનુભવ થયો ત્યારે આત્મામાં મારું-તારું કશું દીઠું નહીં. મારું-તારું એ તો મોહ છે. આત્માને બધું દેખાય, પણ મારું છે, તારું છે એ બધી કલ્પના છે. કૃપાળુદેવે કહ્યું છે કે કલ્પિતનું આટલું બધું માહાત્મ્ય શું? (૫૭૬) ચેતનની વસ્તુ તે જડની ન હોય અને જડની તે ચેતનની ન હોય. મોહ મૂકવા માટે એ બધી સમજણ કરવાની છે. અહંભાવ-મમત્વભાવ બધી કલ્પના છે. મારું-તારું માનીશ તો દુઃખી થઈશ. હું એકલો છું, મારું કશું નથી. દેહને સારો રાખે, ટાપટીપ કરે એ બધો મોહ છે. દેહ એનો છે નહીં. એનો હોય તો સાથે આવે. ધર્મ છે તે જ પોતાનો છે. આત્માનો સ્વભાવ તે ધર્મ છે. આ દેહ છે તેને આત્મા માને છે. એક હેડમાં પુરાયા છે. આત્માના સ્વભાવને મારનાર દેહ છે. બેય સાથે રહે છે, માટે દેહને પોષવો પડે છે; પણ તે આપણું કામ કરે તેને માટે પોષવો. મારો માનવો નહીં. જ્ઞાનીએ આત્માનો અનુભવ કર્યો ત્યારે કશું મારું-તારું નથી એમ જાણ્યું. મારું-તારું બધું અજ્ઞાન છે. પોતાનું છે નહીં. તે પોતાનું ક્યાં રહ્યું? કોઈ પૂછે કે આ ઘર કોનું છે? તો કહે કે મારું છે કે ફલાણાનું છે. એમ કહે પણ મનમાં એમ માને કે કંઈ મારું-તારું નથી. નિર્વિકલ્પ આત્મા છે. તેમાં શમાઈ ગયા. લક્ષ રાખવાનો એ છે કે મારું-તારું આત્મામાં કશું નથી. જેટલા અંશે સમજ્યો તેટલા અંશે શમાયો. જીવે પુરુષાર્થ તો ઘણો કર્યો.

**"યમનિયમ સંજમ આપ કિયો,**
**પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો,**
**દૃઢ આસન પદ્મ લગાય દિયો.**
**મન પૌન નિરોધ સ્વબોધ કિયો,**
**હઠજોગ પ્રયોગ સુતાર ભયો;**
**જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે,**
**ઉરસેંહિ ઉદાસી લહી સબપેં."**
**"વહ સાધન બાર અનંત કિયો,**
**તદપિ કછુ હાથ હજુ ન પર્યો."**

પણ સમજીને શમાવું તે બધું રહી ગયું. ઉપયોગને બાહ્યમાં ને બાહ્યમાં પ્રવર્તાવ્યો. અંદર શમાવ્યો નહીં. જે સમજીને શમાયા તે આત્માના અનુભવને પામ્યા. એ અનાદિથી પુરુષાર્થ કર્યો નથી. સમજીને શમાવું એટલે તો સ્વરૂપમાં જ રહેવું. પરિભ્રમણનું કારણ સમજ્યો નહીં અને શમાયો નહીં. સમજવું અને શમાવું એ જ કરવાનું છે. તે શાથી ન જાણ્યું? તો કે સદ્ગુરુનાં ચરણ

સેવ્યાં નહીં તેથી. છ પદની જ્ઞાની દ્વારા શિખામણ મળી હોય તો પછી શમાવું થાય છે. ધર્મનું કામ ઉપવાસ વગેરે ઘણું કર્યું, પણ સમજવાનું અને શમાવાનું શા માટે ન થયું? તો કે અસત્સંગ છે તેથી.

જ્ઞાનીએ કહ્યું તે મારે કરવું છે. જ્ઞાનીપુરુષનો યોગ થયા છતાં સ્વચ્છંદે વર્તે તો પછી કલ્યાણ થાય નહીં. અસત્સંગ, સ્વચ્છંદ અને અજ્ઞાન એ ત્રણ સંસાર વધવાનાં કારણ છે. મારું કશુંયે નથી, એવું સત્સંગે સાંભળવાનું મળે ત્યાં શાંતિ થાય. યથાર્થ ન સમજાયું તેનું કારણ અસત્સંગ છે. પરિભ્રમણ થયું તેનાં ત્રણ કારણ શોધી કાઢ્યાં : અસત્સંગ, સ્વચ્છંદ અને અજ્ઞાન. જ્યાં જીવ ઊભો છે ત્યાંથી આગળ વધવાની જરૂર છે. મનુષ્યભવ સફળ કરવાનો છે. સમજીને શમાનારનો મોક્ષ કહ્યો છે. તે જીવના લક્ષમાં આવ્યો નથી. અનંતકાળથી ભટક ભટક કરે છે. કૃપાળુદેવને આશ્ચર્ય લાગે છે કે સમજીને શમાવું એટલું જ કરવાનું છે, તો લોકો કેમ કરતા નથી?

એકેકો અક્ષર આત્મારૂપ છે. આ જે ચાર ૐ લખ્યા છે તે 'રાજચંદ્ર' એ ચાર અક્ષરો છે. પહેલો અક્ષર 'રા' તેનો પહેલો ૐ, બીજો અક્ષર 'જ' તેનો પણ ૐ, ત્રીજો અક્ષર 'ચં' તેનો ૐ અને ચોથો અક્ષર 'દ્ર' તેનો પણ ૐ, એમ પોતાનું રાજચંદ્ર નામ લખ્યું છે.

**[વ૦ ૬૫૧]** (રાતના સભામાં) ૪૪૦ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૪, સં. ૨૦૦૯

જેમ છે તેમ વસ્તુનું સ્વરૂપ જાણવું તેનું નામ સમજવું. આત્મસ્વરૂપ જેમ છે તેમ જાણ્યું તે સમજ્યા.

**"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત"**

શમાવું એટલે ઉપયોગ બીજે ફરતો હતો તે આત્મસ્વરૂપ જે જાણ્યું, તેમાં શમાયો. વિકલ્પ રહિત થવું તે શમાવું. કૃપાળુદેવને ઉપાધિની ઝાળ ચારે બાજુ છે, તેમ છતાં નિર્વિકલ્પ સમાધિ રહે છે.

આત્માને મૂકી ઉપયોગ બીજે ફરતો હતો, પણ જ્યારે આત્મસ્વરૂપ જાણ્યું ત્યારે તેમાં શમાયો. સમજ્યા તે શમાઈ રહ્યા. સમજ્યા તેથી વિકલ્પ દૂર કરી આત્મામાં શમાયા અને આત્મસ્વભાવમય થઈ રહ્યા. એ 'સમજીને શમાઈ રહ્યા' તેનો અર્થ કહ્યો.

સમજીને શમાઈ ગયા. શું ગયું? તે કહે છે. આત્માને દેહાદિનો સંયોગ થયો છે. તેમાં હુંપણું થઈ ગયું છે, તે અધ્યાસ છે. એ ભ્રાંતિ કહો, મિથ્યાત્વ કહો. પોતે જ્યાં નહીં ત્યાં પોતાનું આરોપણ કર્યું. એ રૂપ જે ભ્રાંતિ ગઈ, તે ગયું. અધ્યાસમાં આત્મપણું માન્યું હતું તે શમાઈ ગયું, તે ગયું. અધ્યાસમાં પોતાપણું માન્યું તે ખોટો અહંભાવ હતો તે મટી આત્મારૂપ છું એમ થવાથી અધ્યાસ જતો રહ્યો એટલે ગયો. અધ્યાસમાં એકપણું માન્યું તે ગયું.

આત્મસ્વરૂપ જાણ્યું તેમાં શમાઈ રહ્યા કે ગયા, એમાં પરમાર્થમાં ફેર પડતો નથી. આ બેયનો પરમાર્થ એક જ નીકળે છે. હવે એના પર વિચારણા લખે છે.

ભ્રાંતિને લીધે, મિથ્યાત્વને લીધે 'હું, મારું-તારું' હતું તે છોડી દીધું. આત્મામાં મારું-તારું કશું નથી એમ લાગ્યું, તેથી એ શમાવી દીધું. આત્માના સ્વભાવમાં મારું તારું કશું છે નહીં. અચિંત્ય, શુદ્ધ ચૈતન્ય એવા અનુભવમાં ગયા ત્યારે મારું-તારું પાછળ પડ્યું રહ્યું. જેવું પોતાનું સ્વરૂપ હતું

તેવું દેખ્યું. તે જ સાચું છે એમ જાણ્યું. તેમાં શમાઈ ગયા. કૃપાળુદેવે કહ્યું છે કે દેહના કરતાં આત્મા વધારે સ્પષ્ટ છે. મિથ્યાત્વને લઈને એ લાગતું નથી. ''પોતાને પોતાનો બોધ થવાથી પોતાને પોતામાં શમાઈ જવું'' (ઉપદેશામૃત પૃ. ૨૬૪) એ શાંતિનો માર્ગ છે. એ પોતાને કરવાનો છે. શાંતિનો માર્ગ આ છે. શમાવાનું કામ ન કરે તો–

**''શ્રદ્ધા જ્ઞાન લહ્યાં છે તોપણ, જો નવિ જાય પમાયો રે;**
**વંધ્ય તરુ ઉપમ તે પામે, સંયમ ઠાણ જો નાયો રે.''**

આત્મસ્વરૂપ જે સમજાયું તે દશા શબ્દોમાં કહી જાય એવી નથી. તેથી પરમાર્થે મૌન થયા. વ્યવહારમાં મારું-તારું કહેવું પડે, પણ એ એના લક્ષમાં ન રહે. વ્યવહારમાં હોય તો કોઈ પૂછે કે આ ઘર કોનું છે? તો 'મારું છે' એમ કહે, પણ લક્ષમાં એમને 'મારું નથી.' વ્યવહારમાં જો એમ ન કહે તો સામાને સમજાય નહીં. એ અનુભવ જે થયો તે વધતાં વધતાં આત્મામાં લીનતા થઈ ગઈ. જેમ નારિયેળમાં ગોળો જુદો છે તેમ આત્મજ્ઞાન થયા પછી ગોળો જુદો ખખડે.

સમજ્યા તે શમાઈ ગયા એમ લોકોમાં કહેવાય છે, પણ એ પરમાર્થભાષામાંથી આવ્યા છે. એની કિંમત જ્ઞાનીને હોય છે. સમજ્યા તે શમાઈ ગયા. શમાઈ રહ્યો નહીં તો સમજ્યો નહીં. જેટલા અંશે સમજ્યો તેટલા અંશે શમાયો. નહીં તો સમજ્યો નથી. જે પ્રકારે શમાયા તે પ્રકારે સમજ્યા. સમજવું એટલે જેમ છે તેમ આત્મા જાણવો. પછી અહંભાવ મમત્વભાવ ટાળી આત્મામાં ઉપયોગ વાળ્યો. એમ જે ન શમાયો તે શમાઈ ગયો ન કહેવાય. શમાવું એ સમકિતનું માહાત્મ્ય છે. સમ્યક્‌પ્રકારની વાત અહીં કહેવી છે. એ પ્રકારે સમજે તો શમાઈ ગયો કહેવાય. શમાવાનો પ્રકાર જો ખોટો હોય તો સમજ્યાનો પ્રકાર પણ ખોટો છે. એ બધા ભેદ કહી મુખ્ય અર્થ તો આત્માને યથાર્થ જાણવો અને તેમાં ઉપયોગ વાળવો એમ કહ્યું.

**''યમનિયમ સંજમ આપ કિયો,**
**પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો,**
**દૃઢ આસન પદ્મ લગાય દિયો.**
**મન પૌન નિરોધ સ્વબોધ કિયો,**
**હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;**
**જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે,**
**ઉરસેંહિ ઉદાસી લહી સબપેં.**
**સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે,**
**મત મંડન ખંડન ભેદ લિયે;**
**વહ સાધન બાર અનંત કિયો,**
**તદપિ કછુ હાથ હજુ ન પર્યો.''**

'યમનિયમ'માં સાધન કહ્યાં છે તે અનંતવાર કર્યાં, પણ સમ્યક્‌પ્રકારે થયાં નથી એટલે જન્મમરણ ટળ્યાં નથી. જ્ઞાન થવું અને બીજેથી વિરામ પામવું (વિરતિ), આ એની પાસે આવ્યું નથી.

આત્મા સમજાયો નહીં તો પછી છૂટેય નહીં. સમજીને શમાશે તે પોતાના અનુભવમાં આવશે.

"અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી? અને તે શું કરવાથી થાય?" (૧૯૫) એની નિવૃત્તિ શાથી થાય? તેનો આ બધો ઉત્તર છે.

સમજવાનું અને શમાવાનું ઐક્ય કરે. યમનિયમ કર્યા પણ 'આપ કિયો' એટલે સદ્‌ગુરુની આજ્ઞા વગર કર્યું. પ્રભુશ્રીજી કહેતા કે અમે 'ખીંટી ખીંટી' કરવાનું કહીએ તોય જ્ઞાન થઈ જાય. 'મા રુષ, મા તુષ' એ બે શબ્દથી કેવળજ્ઞાન થયું. જ્ઞાનીની આજ્ઞા આરાધે છે તે સત્સંગને જ સેવે છે અને જે સત્સંગને ઉપાસે છે તેનો મોક્ષ થાય છે. પણ જો અસત્સંગમાં તણાઈ જાય તો બધી આજ્ઞા પડી રહે. આજ્ઞા મળી, પણ આરાધે નહીં તો લૂંટાઈ જાય. સંસારના કામમાં પડી રહે તો આજ્ઞા પડી રહે અને આર્તધ્યાન કરી કર્મ બાંધે. કેટલું માહાત્મ્ય છે એ વાક્યોનું! એનું જીવને માહાત્મ્ય નથી. કૃપાળુદેવે કેટલો અર્થ કહ્યો છે! અસત્સંગને લીધે રઝળે છે. જ્ઞાનીની આજ્ઞા મળી નથી, મળી તો આરાધી નહીં. આજ્ઞાનું માહાત્મ્ય ન લાગ્યું. અનંતકાળથી આજ્ઞા વિચારી નથી. આજ્ઞાને વિચારે તો ધર્મ પ્રગટે.

"आणाए धम्मो, आणाए तवो ।"

અસત્સંગ હોય તો આત્માનું માહાત્મ્ય ન રહે. પોતાના પરિણામ સુધારવા કરવાનું છે. અસત્સંગ, સ્વચ્છંદ અને અવિચાર એ પ્રતિબંધ છે. "કર વિચાર તો પામ" વિચારદશા તો પ્રાપ્ત કરવી પડે. એ વિના તો આત્મજ્ઞાન થાય નહીં. ત્રણ દોષ છે તે જ્ઞાનીની આજ્ઞા આરાધવામાં વિઘ્ન છે.

જ્યાં જીવ છે ત્યાંથી ઊઠી આગળ વધે તો સમજીને શમાય. આજ્ઞાના વિચાર વિના સમજાતું નથી, શમાઈ જવાતું નથી. જે જે મોક્ષે ગયા તે તે બધા આ રસ્તે મોક્ષે ગયા. 'સમજ્યા તે શમાયા' એ સુગમ માર્ગ છે.

છૂટવાનો પુરુષાર્થ કરતા હોય, પણ બીજામાં ભળી જાય છે. માર્ગ સહેલો છે અને આખી જિંદગી પુરુષાર્થ કરે છે, છતાં મોક્ષે જવાના નથી, એ જોઈ જ્ઞાનીને દયા આવે છે. આખા પત્રમાં મોક્ષમાર્ગ મૂકી દીધો છે. સાચ વસ્તુ આમાં કહી છે. હવે પોતાને કરવાનું છે. જેટલી જીવને ગરજ હોય તેટલો પુરુષાર્થ કરે. સમજે તો શમાય. પોતાની મેળે કરવા જાય તો કામ અઘરું છે.

"એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી." (૫૩૭) સાચી સમજણ થઈ તો પછી શમાવા માંડે.

**[વ૦ ૬૫૧]** (રાતના સભામાં) ૪૪૧ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૦)), સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જ્ઞાનીના બોધથી જેમ છે તેમ સમજાય છે, નહીં તો મિથ્યાત્વ કર્મનો ઉદય હોય તો બરાબર જણાતું નથી. ઘણા કાળના બોધે જેમ છે તેમ સમજાય છે. એ સમજાય ત્યારે સમજ્યો કહેવાય. આખી 'આત્મસિદ્ધિ' એ માટે લખી છે.

**"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત."**

આલોચનામાં આવે છે કે–

**"સમજ સાર સંસારમેં, સમજુ ટાલે દોષ;**
**સમજ સમજ કરિ જીવ હી, ગયા અનંતા મોક્ષ."**

એ સ્વરૂપની સમજ આવી તો પછી મોક્ષ. આત્મા સમજાય તો પછી બીજી વસ્તુ ઇચ્છે નહીં. આત્માથી બધું હીન છે. આત્મા જેવી વસ્તુ સમજાય તો પછી બીજી વસ્તુઓમાં એનું ચિત્ત જાય નહીં.

એ સમજ્યાનું ફળ શમાવું છે. આત્માનો સ્વભાવ જાણવું છે. અશુદ્ધ ઉપયોગ હતો તેથી તુચ્છ વસ્તુને જાણતો, પણ હવે શુદ્ધ ઉપયોગ થયો તેથી આત્મામાં શમાયો. વિકલ્પો બધા દૂર થયા, શમાઈ ગયા. સમજે તો શમાય એમ કહેવું છે. જેમ છે તેમ સમજે તો શમાઈ જાય. જેટલો શમાયો એટલો સમજ્યો અથવા જેટલો સમજ્યો તેટલો શમાયો. આખા વાક્યના કટકે કટકે અર્થ કર્યા છે. સમજવું, શમાવું, રહ્યા કે ગયા, એ બધાનો અર્થ કર્યો છે. સમજીને શમાઈ રહ્યા. સમજ્યા એટલે જેમ છે તેમ સ્વરૂપ સમજાયું. તેથી ઉપયોગ સ્વરૂપમાં શમાઈ રહ્યો. વિકલ્પો મટી ગયા. શમાઈ રહેવું એટલે ઉપયોગમાં શમાઈ રહેવું.

ગયું શું? પરપદાર્થમાં જે ભ્રાંતિ હતી તે અધ્યાસરૂપ ભાવ ગયો. તે દેહાધ્યાસરૂપ ભ્રાંતિ ગઈ. રહ્યા તો સ્વરૂપમાં રહ્યા અને ગયા એટલે અધ્યાસ જે પરપદાર્થમાં હતો તે શમાઈ ગયો, તે ગયા છે.

સમજવું, શમાવું કહેવું છે એટલું જ. રહ્યા કે ગયા એ એક જ છે. રહ્યા એટલે સ્વરૂપમાં રહ્યા અને ગયા એટલે અધ્યાસ ગયો. યથાર્થ સમજણ થયે મારું-તારું, સંકલ્પ-વિકલ્પ બધાય શમાઈ જાય.

જેને એમ લાગતું હોય કે કૃપાળુદેવનાં વચન મને સમજાયાં છે, તેણે તપાસવું કે મારું-તારું મને થાય છે? જો થતું હોય તો સમજાયું નથી; જેમ છે તેમ આત્મસ્વરૂપ સમજાયું નથી. નહીં તો ભ્રાંતિ જાય; મિથ્યાત્વ, મારું-તારું બધું જાય. જેમ છે તેમ આત્મસ્વરૂપ જાણ્યું તેમાં મારું-તારું કશું ન દીઠું. બીજી વસ્તુને મારી માનતો હતો તે શમાઈ ગયું. પ્રભુશ્રીજી કહેતા કે 'તારું શું? તારો આત્મા છે.' મન પણ ન ચિંતવી શકે એવું સ્વરૂપ છે. તે શબ્દોમાં આવે એવું છે નહીં. શબ્દો જુદા અને આત્મા જુદો, તેથી મહાપુરુષોને શબ્દોનું માહાત્મ્ય ન રહ્યું.

મૌનનો અર્થ મુનિપણું થાય છે. "जं संमति पासह तं मोणंति पासह ।" (આચારાંગ સૂત્ર) જેની પાસે આત્મજ્ઞાન છે, તેની પાસે મૌનપણું કે મુનિપણું છે. મૌન એટલે જાણવું. આત્માનો સ્વભાવ જાણવાનો છે, તેથી જાણવામાં રહ્યા. બોલવાનો સ્વભાવ આત્માનો નથી, તેથી મૌન થયા. કંઈ વ્યવહારથી કહેવું પડે, પણ ત્યાં એમને મમતા નથી. તેથી બોલે તોય મૌન છે. યોગની પ્રવૃત્તિ છે. મન, વચન, કાયા બધા જોગ છે, એ આત્મા નથી. વચન બોલતાં 'આ મારું નથી' એવો લક્ષ રહે. આત્માથી આ મારું છે એવું થાય નહીં. શ્રદ્ધાનો સ્વભાવ એવો છે કે એ જ્યાં આવી ત્યાં આગળ મનની લીનતા થાય છે. સમ્યક્ત્વનું બીજું નામ રુચિ છે.

'સમજીને શમાઈ રહ્યા-ગયા' પણ જ્ઞાનીને શું કહેવું છે તે લોકો સમજ્યા નથી. સમજ્યા તે શમાયા અને જે શમાયા નથી તે સમજ્યા ય નહીં. અંશે શમાવાનું બને છે. જેટલી જેટલી સમજણ થાય તેટલા મારા-તારાના વિકલ્પો ઓછા થાય. જ્યારે સંપૂર્ણ સમજણ આવે ત્યારે આત્મામાં લીનતા સંપૂર્ણ થાય. પછી એને આત્માનું જ માહાત્મ્ય લાગે. જ્યારે યથાર્થ સમજણ આવે ત્યારે

બધા વિકલ્પો ઓછા થાય છે. એ સમજણ જેમ જેમ કર્મ માર્ગ આપે તેમ તેમ ક્રમે ક્રમે થાય છે. કર્મની વિચિત્ર ગતિ છે. શમાવું એટલે ઉપયોગમાં જે મારા-તારાના વિકલ્પો થાય છે તે શમાઈ જાય. એનો અર્થ પહેલાં જ કહી દીધો છે. યથાર્થ જીવને સમજાયું નથી. એટલે વિકલ્પો બધા ઊભા થયા. એથી સંસાર ઊભો થયો.

વિકલ્પો છૂટે તો જેમ છે તેમ સમજાય. જેમ છે તેમ સમજાય તો વિકલ્પો બધા છૂટી જાય. વારંવાર કહે છે તેનું કારણ જીવને આ વાત બેસતી નથી. મારું-તારું મૂકવું સહેલું નથી. જ્યારે ત્યારે મોક્ષે જવું હશે ત્યારે મારું-તારું મૂકવું પડશે. 'હું જાણું છું, સમજું છું' એ સમ્યક્‌ત્વ ન થાય ત્યાં સુધી રહે છે. તે ખોટું છે. સમ્યક્‌ત્વ થાય ત્યારે એ નીકળી જાય. 'હું ને મારું' એ અહંભાવ મમત્વભાવ છે, એ જ મોહ છે. સંકલ્પ-વિકલ્પ એટલે અહંભાવ મમત્વભાવ. એ જેને નીકળી ગયા તે સમજ્યો કહેવાય.

ભૂલ આવવાનું કારણ શું છે, તે કહે છે. અસત્સંગથી, સ્વચ્છંદથી, અવિચારથી એ ભૂલ રહી છે. અસત્સંગ, સ્વચ્છંદ અને અવિચાર એ ત્રણ દોષો ભ્રાંતિને ટકાવી રાખે છે, એ વાત સાચી છે. અનાદિથી એ ત્રણ દોષ સેવે છે. એને લઈને જ દર્શનમોહ ટકયો છે. સત્સંગ મળે, સદગુરુની આજ્ઞા મળે, પછી વિચાર થાય તો સમજીને શમાય.

અત્યારે જીવ જ્યાં ઊભો છે તે અસત્સંગમાંથી સત્સંગમાં આવે, સ્વચ્છંદ રોકે, આજ્ઞા મળે તેનો વિચાર કરે તો સમજીને શમાય. સ્વચ્છંદ રોકે, આજ્ઞા આરાધે તે સમ્યક્‌ત્વ થવાનું કારણ છે. પછી આજ્ઞાનો વિચાર કરે, તેથી—

**"જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન,**
**જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ."**

એ બધી ભૂમિકાઓ છે. જ્યાં છે ત્યાંથી આગળ વધે, આત્મજ્ઞાન થાય તો સમજાય અને શમાય. "જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય." (૪૯૩)

સત્પુરુષ અને સત્પુરુષના વચનની અપૂર્વતા લાગે ત્યારે સ્વચ્છંદ રોકાય, ત્યારે એને આજ્ઞાની અપૂર્વતા લાગે, પછી એનો વિચાર થાય, ત્યાર પછી સમજીને શમાય. જીવને પોતાના દોષ સૂઝતા નથી. તેથી જ્ઞાની બધા દોષો કાઢી કાઢીને બતાવે છે કે આ દોષો જીવને ખાળે છે.

શાશ્વત માર્ગ છે. જે જે મોક્ષે ગયા તે તે આ રસ્તે જ ગયા છે. ખેદ થાય છે, આશ્ચર્ય થાય છે તે શમાવીએ છીએ. બીજું શું કહીએ? આટલું સુલભ છે છતાં જીવો કરતા નથી, તેથી આશ્ચર્ય લાગે છે, ખેદ થાય છે. [૧]પ્રભુશ્રીજીએ આ પત્રના ભાવનું જ એક વાક્ય લખાવેલું છે.

જેમ છે તેમ આત્મસ્વરૂપ સમજવું અને પછી શમાઈ જવું. એ જ્ઞાનીના બોધથી સમજાય છે.

---

૧. "પોતાને પોતાનો બોધ થવાથી પોતાને પોતામાં શમાઈ જવું—ભાવથી અને વિચારથી. બીજા વિકલ્પો મૂકીને. આ વિચાર સમાધિને આપે છે." (ઉપદેશામૃત પૃ. ૨૬૪)

શમાવામાં ભાવની જરૂર છે. ઉલ્લાસભાવથી, ઊંડા વિચારથી શમાઈ જવું. કૃપાળુદેવે પ્રભુશ્રીજીને કહ્યું– 'ઊંડા ઊતરો મુનિ.' પોતાને પોતામાં શમાવું હશે તો ભાવ અને વિચાર બેય જોઈશે. જ્યારે જીવને અપૂર્વતા લાગશે ત્યારે એ કામ થશે. ચઢિયાતા ચઢિયાતા ભાવ થાય ત્યારે જેમ છે તેમ સમજાય છે. ભાવ અને વિચારથી બીજા વિકલ્પો મૂકીને શમાય. જેમ છે તેમ સમજાય ત્યારે વિકલ્પો બધા મુકીને શમાઈ જાય. આ બધો શમાઈ જવાનો ક્રમ છે. અપૂર્વભાવ આવે અને પછી વિચાર આવે અને બીજા વિકલ્પો મૂકે ત્યારે સમજીને શમાય.

અપ્રતિબંધ એટલે પ્રતિબંધ રહિત. અસંગ એટલે બધાય સંગથી રહિત. સમાધિનો માર્ગ, શાંતિનો માર્ગ આ છે કે જીવે બધા પ્રતિબંધ, બધા સંગ મૂકવા પડશે. ત્યારે શાંતિ કે સમાધિ થશે. આ બધામાં પુરુષાર્થ, ભક્તિ છે. સ્વચ્છંદ, પ્રમાદ મુકીને ભક્તિ કર્તવ્ય છે. જાગૃત થા. બીજામાં હવે માહાત્મ્ય ન રાખીશ. એમાં જ મંડી પડ. ખરો પુરુષાર્થ ભક્તિ છે. ભક્તિ વચન છે, આત્મા છે. શ્રવણભક્તિથી માંડીને પરાભક્તિ સુધી ભક્તિ છે. સત્સંગ, સત્પુરુષનો બોધ હોય તો વિચાર જાગે. એ સુવિચાર કહેવાય. એથી આત્મજ્ઞાન પ્રગટે છે, નહીં તો તરંગો થાય. ચોરાશીમાં ફરતાં ફરતાં પુણ્ય ઉપાર્જન કર્યું પણ લક્ષમાં લેવા જેવું હતું તેની એને ખબર નથી. ભૂલ શું? એ શાથી ટળે? તે સત્સંગે સમજાય. વિચાર આવે તો સમજાય. જગતમાં કેટલી ધમાલ કરી રહ્યા છે! કોઈ નાટક જોવા, સિનેમા જોવા ગયા હશે, પણ ધર્મની ગરજ કોને? જેનું ભલું થવાનું હોય તે જ સત્પુરુષ પાસે આવે છે. પ્રભુશ્રીજી કહેતા કે ઘણું પુણ્ય ચઢે ત્યારે આ દરવાજામાં પગ મૂકાય; નહીં તો અહીં આવવાનો વિચાર કરે તોય એનાથી અવાય નહીં.

[વ૦ ૬૬૦] (રાતના સભામાં ) ૪૪૨ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જ્ઞાનનું ફળ વિરતિ છે એમ ભગવાને કહ્યું છે. જેટલું આત્માનું જ્ઞાન હોય, તેટલી પરપદાર્થથી વૃત્તિ વિરામ પામે. બહારથી ભલે ન છૂટે, પણ અંતરથી તો, છોડવા યોગ્ય છે એમ થવું જોઈએ. [1]આનંદ શ્રાવકને કેટલા બધા હળ, ગાયો, ભેંસો, સોનું, રૂપું હતું, પણ ભગવાન મળ્યા પછી મર્યાદા કરી કે હવે આટલાથી વધારવું નથી; એમાંથી બને તેટલું ઓછું કરવું છે. એમ કરતાં કરતાં બધું છોડીને પૌષધશાળાએ આવીને બેઠા. બધું છોડી દીધું. પછી મરણ વખતે એમને અવધિજ્ઞાન થયું. તેથી પહેલો દેવલોક દેખાયો. ગૌતમસ્વામી એમને ત્યાં આહાર માટે આવેલા. તે વખતે પાસે બોલાવી કહ્યું કે મને પહેલો દેવલોક દેખાય છે. ગૌતમસ્વામીએ કહ્યું કે ગૃહસ્થ અવસ્થામાં એટલું બધું હોય નહીં. તેથી મિચ્છામિ દુક્કડં લ્યો. ગૌતમસ્વામી ચાર જ્ઞાનના ધણી હતા, છતાં ઉપયોગ ન મૂક્યો. આનંદ શ્રાવકે કહ્યું–સત્ય વસ્તુનો મિચ્છામિ દુક્કડં કે અસત્ વસ્તુનો? ગૌતમસ્વામીએ કહ્યું–અસત્નો. આનંદશ્રાવકે કહ્યું, હું મિચ્છામિ દુક્કડં લેવાને યોગ્ય નથી. ગૌતમસ્વામી, ભગવાન પાસે ગયા અને બધી વાત કરી. ત્યારે ભગવાને કહ્યું કે આવો પુરુષાર્થ કરે તો ગૃહસ્થ અવસ્થામાં પણ થઈ શકે છે. ભરતને કેવળજ્ઞાન ગૃહસ્થ અવસ્થામાં થયું. વૃત્તિ વિરામ પામવાને માટે વ્રત નિયમ વગેરે કરવાં. જ્ઞાન પામ્યો, શ્રદ્ધા આવી; પણ જો સંયમ ન આવ્યો તો કેરી વગરનો આંબો. વંધ્યતરુ જેવો કહ્યો. પ્રમાદ છોડવા જ્ઞાનીનું શરણ છે. પ્રમાદ છોડ્યા વગર થાય નહીં. કોઈ કરી આપે નહીં. પોતાને જ કરવું પડશે. પોતાનાં પરિણામ ફેરવી, ભાવ પાછા

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૮૦.

હઠાવી પોતાને જ કરવું પડશે. શ્રદ્ધા, જ્ઞાન પામ્યા પછી જો પ્રમાદી થયો, અને સંયમ ન આવ્યો તો વંધ્યતરુ એટલે ફળફૂલ વગરના ઝાડ જેવું છે.

આનંદશ્રાવકને કેટલો પરિગ્રહ હતો! પણ ઓછું કરતાં કરતાં એટલો ઓછો કર્યો કે બધું છોડીને પૌષધશાળામાં બેસી ગયા.

[વ૦ ૬૬૪] (રાતના સભામાં) ૪૪૩ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સંસારમાં બધી વસ્તુઓ ભયભરી છે. માત્ર એક વૈરાગ્ય જ અભય છે. વૈરાગ્ય એ જ છૂટવાનું કારણ છે. વૈરાગ્ય એ ઠેઠ મોક્ષે લઈ જનાર ભોમિયો છે. જન્મમરણનો મોટો ભય છે. વૈરાગ્ય રહે તો કર્મ ન બંધાય અને તેથી જન્મમરણ ન થાય. ત્યાગભાવ જીવને કર્ત્તવ્ય છે.

જેને આત્મજ્ઞાન હતું, જેને હજાર વર્ષના સંયમી જેવો વૈરાગ્ય હતો એવા તીર્થંકર ભગવાન પણ ઘરમાં બેસી રહ્યા. બધો સંસારવ્યવહાર છોડી ઉદય આવ્યે મુનિપણું લીધું. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જંપવું નહીં, એમ એમને રહેતું. જ્ઞાનનું ફળ વિરતિ છે. એ આવે તો જ્ઞાને કામ કર્યું કહેવાય.

ગૃહસ્થઅવસ્થા હોય ત્યાં સુધી આત્મજ્ઞાન ન જ થાય એવો નિયમ નથી. જ્ઞાન થયા પછી સાધુ થાય એવો નિયમ નથી. તીર્થંકર આત્મજ્ઞાનસહિત જન્મ્યા હતા, છતાં ગૃહસ્થઅવસ્થામાં રહ્યા હતા. આત્મજ્ઞાન થયું હોય તો પણ ત્યાગ જ્ઞાનીને પણ કર્ત્તવ્ય છે. ખરો આત્મજ્ઞાનનો રસ સ્થિરતા આવ્યે આવે છે. તે માટે ત્યાગ કરવાનો છે. પછી એને કોઈ પૂછે નહીં, બોલાવે નહીં; પણ ગૃહસ્થ અવસ્થા હોય તો ઘણાં કામ હોય, વાતોચીતો પણ કરવી પડે. નેમિનાથ ભગવાનની કથામાં આવે છે કે નેમિનાથ ભગવાન પણ લડાઈમાં ગયા હતા. જાણતા હતા કે હિંસા એ પાપ છે, પણ ઉદય એવો હતો તેથી ગયા. ત્યાગથી બધાં જ્ઞાન– અવધિ, મનઃપર્યવ ઝટ પ્રગટે. અકર્તવ્યલક્ષે ત્યાગથી બીજાને અને પોતાને પણ લાભ છે. ત્યાગ કરીને અહંકાર કરવાનો નથી. ત્યાગ કરવાનો અને અભિમાન કરવું નહીં, એ કળા જ્ઞાનીને આવડે છે.

જેટલી આત્મામાં સ્થિતિ તેટલું ચારિત્ર કહ્યું છે. તે પરમાર્થ સંયમ છે. પાંચ મહાવ્રત, સંસારત્યાગ એ સ્વરૂપસ્થિતિનાં કારણ છે, તેને વ્યવહારસંયમ કહ્યો છે. જે આત્માને હિતકારી હોય તેનો જ્ઞાની નિષેધ કરે નહીં. ચારિત્ર લઈ જે કરવું હોય તે ન કરતો હોય અને અભિમાન કરતો હોય તો એને સમજાવવા માટે જ્ઞાની એનો નિષેધ પણ કરે.

આત્મામાં સ્થિરતા થવા માટે વ્રત વગેરે કરવાનાં છે, પણ એનો તો લક્ષ જ ન હોય તો સ્થિરતા ક્યાંથી થાય? વ્યવહારસંયમથી એનું બૂરું તો થવાનું નથી. પુણ્ય તો બાંધશે. એટલે મહાપુરુષો એનો નિષેધ કરતા નથી. પણ જેને આગળ વધવું છે તેને ટકોર કરે છે કે ભાઈ! આટલાથી તારું કામ થશે નહીં.

જ્ઞાનીને સમયે સમયે છૂટવાની ભાવના હોય છે. ક્યારે નિવૃત્તિ થાય, ક્યારે નિવૃત્તિ થાય એવું જ્ઞાનીના હૃદયમાં હોય છે. બહારથી વધારે ઉપાધિ દેખાય, પણ લક્ષ એમને છૂટવાનો,

સર્વવિરતિનો હોય છે. બહારથી કર્મના ઉદયને લીધે કરવું પડે છે. 'આત્માનુશાસન'માં કહ્યું છે કે જ્યારે આત્મજ્ઞાન થાય ત્યારે થાય કે દેહ શું કામનો છે? પણ હજુ ચારિત્રમોહ છે તે ખપાવવા દેહ જરૂરનો છે. જ્ઞાનીને સંસાર ગમતો નથી, પણ બાહ્ય કારણો કર્મને લીધે રોકે છે. તીર્થંકર ભગવાનને પણ ઓછામાં ઓછો આયુષ્યનો ચોથો ભાગ ઘેર રહેવું પડે છે.

**[વ○ ૬૬૯]** (રાતના સભામાં) ૪૪૪ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૩, સં. ૨૦૦૯

**પૂજ્યશ્રી–** કૃપાળુદેવે સોભાગભાઈને લખ્યું કે તમારે પ્રશ્નો થોડા થોડા લખતા રહેવું. પ્રારબ્ધ એવા પ્રકારનું છે કે પત્ર લખવામાં વૃત્તિ રહે નહીં. તમે પૂછ પૂછ કરો તો કંઈ પણ ઉત્તર લખવાનું થશે. એ નિમિત્ત છે. મુમુક્ષુઓને જ્ઞાનીપુરુષ જિજ્ઞાસા ઉત્પન્ન કરાવે છે. વિચારણા રહેવા માટે કૃપાળુદેવે લખ્યું છે.

**[વ○ ૬૭૦]** (રાતના સભામાં) ૪૪૫ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૩, સં. ૨૦૦૯

**પૂજ્યશ્રી–** જ્ઞાનીની પ્રવૃત્તિ પરમાર્થના લક્ષ વગરની હોતી નથી. પરમાર્થને માટે જ જ્ઞાનીપુરુષ જીવે છે. કૃપાળુદેવે લખ્યું છે કે જ્ઞાનીનું ખાવું, પીવું બધું ધર્મ છે. મુનિપણાનો ઉદય આવશે તે દિવસને ધન્ય છે!

જેને સંસારમાં ડગલેપગલે દુઃખ છે એવું લાગ્યું હોય અને શોધતો હોય કે એ શાથી જાય? તો કે આત્મજ્ઞાન હોય તો એ દુઃખ મટે. બીજું કોઈ આત્મજ્ઞાન સિવાય જન્મમરણ છોડાવે એવું નથી. બીજાં વ્રતનિયમ ઘણાં કરે, પણ આત્મજ્ઞાન વગર પુણ્ય ભોગવાઈને જતું રહે. પહેલામાં પહેલું આત્મજ્ઞાન કરવાનું છે. જે કંઈ કરવું તે આત્મજ્ઞાન માટે, એ જ્ઞાનીની શિખામણ ભૂલવા જેવી નથી. પહેલું આત્મજ્ઞાન કરવાનું છે. વ્રતનિયમ હોય પણ એકડા વગરના મીંડાં છે. અભવ્ય જીવ પણ વ્રતનિયમ પાળે, તલ જેટલા કટકા કરે તોય ક્રોધ ન કરે, તેથી નવ ગ્રૈવેકમાં જાય છે પણ એ આત્મજ્ઞાનનો લક્ષ બંધાયા વગર કરે છે. કષાય ઓછા કરે તેટલું વધારે પુણ્ય બંધાય. તેથી દેવનું સુખ વગેરે મળે પણ એ રહેવાનું નથી. દેખાઈને જતું રહેવાનું. ખાલી હાથે પાછો આવે. આત્મા ભૂલાઈ જાય છે. હું વ્રત કરું છું, હું તપ કરું છું એમ જીવ અભિમાન કરે છે. ખરી રીતે પહેલું આત્મજ્ઞાન થાય ત્યાર પછી વ્રતનિયમ આવે તો તે કર્મ છેદવાનાં શસ્ત્રો છે. પંચ મહાવ્રત પાળે તો નકામું ન જાય, પણ આત્મજ્ઞાનનો લક્ષ ન હોય તો માત્ર પુણ્ય બાંધે. આત્મજ્ઞાન ચોથે ગુણસ્થાનકે થાય છે. શ્રાવકપણું પાંચમે અને પછી છઠ્ઠે મુનિપણું આવે છે. ન કરવું એમ નથી, પણ આત્મજ્ઞાન કરીને જેટલું કરે તેટલું નિર્જરાનું કારણ થાય. પાપ કરતાં પુણ્ય સારું છે. જેમ કોઈ તડકામાંથી છાયામાં આવે તો સારું. જેટલું કરવું હોય તેટલું લક્ષ સહિત કરવું.

**"નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય."**

એ વગર વ્યવહાર કંઈ કામનો નથી. જ્યાં સુધી અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ છે ત્યાં સુધી કર્મનો નિવેડો ન આવે. ફેરફાર થાય તો પુણ્ય બંધાય; પણ જે કરવાનું છે તે ન થાય.

આત્મજ્ઞાનીનો આશ્રિત હોય તો એને આત્મજ્ઞાન થાય. એ આત્મજ્ઞાનીનો યોગ ન હોય તો

આત્મજ્ઞાન થવું દુષ્કર છે. એ યોગ ન હોય ત્યારે એવા યોગની ભાવના કરવી. આત્માર્થી જીવ એવી ભાવના કરે કે મને ક્યારે સદ્ગુરુનો યોગ થશે?

**"પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;**
**એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર."**

ગમે તેટલાં શાસ્ત્રો વાંચે, વ્રત પાળે પણ ભૂલ રહી જાય છે. જીવ અનંતકાળથી ઠગાતો આવ્યો છે. "વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો." માટે સ્વચ્છંદે પ્રવર્તવું નથી. એ સ્વચ્છંદથી મોક્ષ થાય એવો નથી.

"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ." એ સ્વચ્છંદ સદ્ગુરુને યોગે રોકાય. એવા યોગની ભાવના કરવી કે મને કોઈ સદ્ગુરુનો યોગ ક્યારે થશે?

મુનિપણું આવ્યું હોય તે યથાર્થ ન આવ્યું હોય, પણ કર્મના ઉદયે એ આવ્યું હોય અને ઉપદેશ તો કરવો પડે, તો શું કરવું? તો કે સત્પુરુષના યોગની ભાવના કરવી. મતમતાંતરમાં ભરાઈ ન જવું, એવો ઉપદેશ કરવો. પોતે જે સત્પુરુષની ભક્તિ કરે છે તેની ભક્તિમાં બીજા જીવો રંગાય એવો ઉપદેશ કરે. લાંબો ટુંકો બીજો ઉપદેશ ન કરે. સાચી વસ્તુ ક્યારે મળે, એવી ભાવના સામા જીવને થાય, એવી ભાવનાથી ઉપદેશ કરવો. સાચ આવે તો બધું થાય. સત્પુરુષ પ્રત્યે ભાવ, આજ્ઞાઆરાધન થાય એવી ભાવનાથી ઉપદેશ આપવો. દુષમકાળ કહેવાનું કારણ સત્પુરુષની ભક્તિ, ગુણગ્રામ એ મળતાં નથી. આપણું કલ્યાણ જ્યાં આત્મજ્ઞાન છે ત્યાંથી થશે.

આત્માર્થ ભૂલવા જેવો નથી, એ છેલ્લું કહ્યું. ગમે તે કરીએ તે આત્માર્થે કરવું, આત્મા સધાય એવું હોય તો કરવું. આત્મા ચિંતામણી રત્ન જેવો છે; જે માંગે તે મળે પણ એને માંગતાં જ આવડતું નથી. આત્મજ્ઞાન થયા પછી મોક્ષ તરત થઈ જાય એમ નથી. કર્મ બાકી હોય તો ભવ લેવા પડે. આત્માર્થ એટલે રાગદ્વેષમાં ન જવું. સમભાવ રાખવો. ગમે તે તપ કરીને મારે રાગદ્વેષ કાઢવા છે, કાઢવા જ છે, એ કરવું છે એવો લક્ષ હોય તો સફળ થાય; નહીં તો તપસી તો લપસી પડે.

**[વ૦ ૬૭૨]** (રાતના સભામાં) ૪૪૬ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૨, સં. ૨૦૦૯

કૃપાળુદેવ લખે છે કે સુંદરદાસના ગ્રંથો વાંચવા. એક બીજાને પૂછવું. એ ગ્રંથોથી મુમુક્ષુને શૂરવીરતા આવે એવું છે. ગુરુમહિમા, નવધાભક્તિ વગેરે અને એક શૂરાતન અંગ 'સુંદર વિલાસ'માં આવે છે, તે વારંવાર વિચારવા યોગ્ય છે.

સામાન્ય જીવોની અપેક્ષાએ તો જ્યાં સુધી જીવે ત્યાં સુધી માયા એટલે મોહ હોય છે, પણ એ વાત સિદ્ધાંતિક નથી. કોઈ પુરુષવિશેષ કે જે સંસારની માયાથી ઉપર આવ્યા છે, તેઓ સંજ્વલન વગેરે બધા કષાયોનો ક્ષય કરી શકે છે. કષાયાદિકનો અભાવ એટલે ક્ષય કરી, મોહનો ક્ષય કરી કેવળજ્ઞાન પામે છે.

**"કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ."**

એવી દશા દેહ છતાં થઈ શકે છે. પણ સામાન્ય જીવોને એ દશા દેહની ચેષ્ટાથી જણાય

નહીં. અંતરાત્મગુણ, એનો એને પરિચય નથી; એથી તદ્દન અજાણ્યો છે. તેથી અનુમાન પણ કયા આધારે કરે ? ખોટું પડે. સમ્યગ્દર્શન થયું હોય તો ખબર પડે કે મારા કષાય ગયા છે, નહીં તો ન પડે. જેમ કષાય ઘટાડે તેમ તેમ ખબર પડે. પ્રસંગ આવે ત્યારે ખબર પડે કે કષાય ગયા છે કે નહીં. અગિયારમા સુધી સત્તામાં કષાય એમના એમ રહે છે. ઉદય ન હોય પણ સત્તામાં રહે છે. કષાય ઉદય આવે એ ખબર પડે, પણ કષાય સત્તામાં હોય તેની ખબર ન પડે. જ્ઞાનીના યોગે કષાય બધા સંક્રમી જાય. અનંતાનુબંધીનું અપ્રત્યાખ્યાનીરૂપ સંક્રમણ થઈ જાય. તદ્દન એમ નિયમ નથી કે કાયા હોય ત્યાં સુધી માયા. ઘણા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને પછી ઘણા વર્ષ સુધી દેહમાં રહે છે. આત્મા બળવાન હોય તો કષાય સત્તામાંથી બહાર ન આવે. મુનિ શ્રેણી માંડે ત્યારે અગિયારમે ચઢે ત્યાં એને એક્કે મોહનીય પ્રકૃતિનો ઉદય ન હોય પણ સત્તામાં છે. જીવ ભયને લઈને પણ કષાય નથી કરતો; જેમ કે કષાય કરીશ તો નરકે જઈશ, કષાય કરીશ તો ધર્મ વગોવાશે, એવા ભયથી નથી કરતો. અભવ્ય જીવો હોય તે દ્રવ્યલિંગી મુનિ થાય છે. તેના કોઈ તલ તલ જેટલા ટુકડા કરે તોય જરાય ક્રોધ ન કરે. પણ એનામાં અનંતાનુબંધી વગેરે બધાય કષાય પડ્યા છે. જરાક અંદર કષાયનું મૂળીયું હોય તો ઊગી નીકળે. કષાય નિર્મૂળ કરે ત્યારે કષાય ઉદય ન આવે. પડ્યા હોય અંદર, તો પછી વધી પણ જાય. અનંતાનુબંધી પણ બાંધી નાખે છે, જેમ અગ્નિનો તણખો થોડો પણ હોય તે આખા વનને બાળી નાખે છે. કષાયરહિત થવાય છે. દેહ હોવા છતાં માયારહિત અથવા કષાયરહિત થવાય છે. મનુષ્યદેહમાં પુરુષાર્થ કરી કેવળજ્ઞાન પામી મોક્ષે જાય છે. સામાન્યપણે 'કાયા ત્યાં સુધી માયા' એમ કહેવું સાચું છે. ઘણું કરીને એવું જ હોય છે.

પણ સુંદરદાસે શૂરાતનઅંગ લખ્યું છે તેમાં બહુ ઉલ્લાસપૂર્વક લખ્યું છે, કષાયાદિને કાઢવા શૂરવીરપણું બતાવ્યું છે.

***"મારે કામ ક્રોધ સબ, લોભ મોહ પીસી ડારે, ઇંદ્રિહુ કતલ કરી કિયો રજપૂતો હૈ,**
**માર્યો મહામત્ત મન, મારે અહંકાર મીર, મારે મદ મછર હૂ, ઐસો રન રૂતો હૈ;**
**મારી આશા તૃષ્ણા પુનિ, પાપિની સાપિની દોઉ, સબકો સંહાર કરિ, નિજપદ પહૂતો હૈ,**
**સુંદર કહત ઐસો, સાધુ કોઉ શૂરવીર, વૈરિ સબ મારિકે નિચિંત હોઈ સૂતો હૈ."**

પ્રભુશ્રીજી પાસે આણંદથી હું આવતો હતો. તે વખતે કોઈ એક યોગી મળ્યા. તે પણ મારી સાથે અહીં પ્રભુશ્રીજી પાસે આવ્યા. પ્રભુશ્રીજીને જોઈને એણે કહ્યું કે આખા હિન્દુસ્તાનમાં હું ફર્યો, પણ આવા યોગી તો કોઈ ઠેકાણે જોયા નથી. બિલકુલ ઠરી ગયેલા છે.

એવા મહાપુરુષોનો જેને સમાગમ થયો છે તેણે તો શૂરવીર થવાનું છે. નહીં તો ઊંઘતો ઊંઘતો, રડતો રડતો બોલે. એવા મહાપુરુષોનો સંગ થયો છે તેને તો શૂરવીરપણું આવે. કૃપાળુદેવે પ્રભુશ્રીજીને ચોથા આરાના મુનિ કહ્યા. એમનો આપણને ઘણા દિવસ સમાગમ થયો છે. શૂરાતન

* (આ પત્રમાં જ્યારે સુંદરદાસનું કાવ્ય આવ્યું ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું— એક જણ આગળ બોલે ને બીજા ઝીલે. એમ લગભગ દસબાર વાર બબ્બે વખત એકનું એક પદ બોલાવ્યું. બધાને બહુ આનંદ થયો હતો. પૂજ્યશ્રી આજે બહુ ઉલ્લાસમાં હતા. પછી તેનું વિવેચન, જે ઉપર આપ્યું છે તે બહુ શૂરવીરતામાં આવીને કર્યું હતું. કોઈ દિવસ નહીં આવ્યો હોય તેવો અપૂર્વ ઉલ્લાસ આવ્યો હતો.)

ભરેલું આ કાવ્ય છે. મડદાને જીવતું કરે તેવું છે, અને એવું જ્યાં સુધી ન થાય ત્યાં સુધી સૂવાનો અધિકાર નથી. શૂરવીર થવું છે. આપણે કષાયને જીતવા છે, છેદી નાખવા છે. ખરો પુરુષાર્થ એ કરવાનો છે. ત્યાગ છે અને ઉદાસીન ભાવ છે. ત્યાગ તો શૂરવીરપણું છે. જેને સમજણ આવી તે ફરશી લઈ ઊભો રહે. જે કર્મ આવે તેને છેદે. ઉદાસીનતામાં શાંત ભાવ છે. કરવું પડશે. આત્મા અનંત શક્તિનો ધણી છે. જે અનંતકાળથી રઝળાવતા હતા તે બધાને મારી નાંખ્યા.

પહેલામાં પહેલો કામ છે. એ કામ જીવને અનંતકાળથી રઝળાવે છે. સ્પર્શેન્દ્રિય એક ઇન્દ્રિય છે, તે અનંતકાળથી જીવને છે. કામનું પહેલું માથું કાપી નાખવું, તો એને લહેર થાય. પછી પરિગ્રહ કશો ન જોઈએ. આખા સંસારનો મોહ એને લઈને છે. પછી ક્રોધને મારી નાખ્યો. કામને વશ હોય તોય પોતાનો નાશ કરે અને ખીજી જાય તોય પોતાનો નાશ કરે. એ બધાને કાપી નાખ્યા. કામ, ક્રોધ સારા છે એવું મનમાં ન રાખવું. કામમાં કાયરતા છે. પછી લોભને માર્યો. બધાને મદદ કરનાર લોભ છે. જગતમાંથી કશું જોઈતું નથી. પછી કામ-ક્રોધ શું કરે? છેલ્લામાં છેલ્લો લોભ જાય છે. લોભ ગયો કે વીતરાગ થયો. એ લોભ છોડવા દાન કરવાનું છે. લોભને લઈને સંસારનો વેલો વધે છે. કામ, ક્રોધ, લોભ મારી નાખવા છે. મોહ છે તે અજ્ઞાન છે. ‘‘રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ.’’ પછી મોહને માર્યો એટલે સમ્યગ્દર્શન થયું. લોભ, મોહને તો દળી જ નાખ્યા. પછી લોભ, મોહ કશું રહે નહીં. આ બધા મોહને પોષનાર ઇન્દ્રિયો છે તેની કતલ કરી નાખી કે ફરી ઇન્દ્રિયો કશું માગે નહીં. એવો એ ક્ષત્રિય થયો છે. બધાયનું મૂળિયું મત્ત મન છે. મનને આધારે ઇન્દ્રિયો છે. ઉન્મત્ત મન છે, તેને જીવ પોષે છે. મનની સામે પડવાનું છે. તેને મારી નાખવાનું છે. મહામત્ત એટલે ગાંડુ થયેલું મન છે, તે આત્માની બધી સંપત્તિ લૂંટી લે છે, કરેલા કામમાં ધુળ નાખી દે છે, તેને મારી નાખ્યું. અહંકાર મોટો મીર છે. તેને પણ મારી નાખ્યો. પછી મદને માર્યો. આઠ પ્રકારના મદને પણ મારી નાખ્યો. મત્સર એટલે ઈર્ષા. અદેખાઈ કરે. એ ઈર્ષાને લઈને ઘણાં કર્મ બાંધે છે, તેને પણ મારી નાખી એવો રણમાં ઝઝુમ્યો. આશા, તૃષ્ણા, સાપિણી સમાન છે. તે છાનીમાની કર્મ બંધાવે છે. આશા, તૃષ્ણા પાપ વધારનારી છે અને સાપ જેવી છે. તે બધા શત્રુઓનો સંહાર કરી આત્મસ્વરૂપમાં સ્થિર થયો. કોઈ હવે શત્રુ ન રહ્યો. સુંદરદાસ કહે છે કે એવો કોઈ સાધુ શૂરવીર છે તે બધા શત્રુઓને મારી પછી નિશ્ચિંત થઈ સૂતો છે. એવું જ્યાં સુધી ન થાય ત્યાં સુધી સૂવાનો અધિકાર નથી. ‘‘જેને મૃત્યુની સાથે મિત્રતા હોય, અથવા જે મૃત્યુથી ભાગી છૂટી શકે એમ હોય, અથવા હું નહીં જ મરું એમ જેને નિશ્ચય હોય, તે ભલે સુખે સૂએ.’’ (૬૯૩)

**[વ૦ ૬૭૪]** (રાતના સભામાં) ૪૪૭ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— મહાપુરુષોની કૃપા, ઉપકારનું સ્મરણ કરીને કૃપાળુદેવ લખે છે—

**‘‘દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત’’**

એ ભાવ જણાવવા માટે દેહ છતાં જેને નિરાવરણજ્ઞાન છે તેને નમસ્કાર કર્યા છે. દેહ છતાં નિરાવરણજ્ઞાન થાય છે. માયાનો ક્ષય થાય છે. સોભાગભાઈએ પૂછેલું કે નિરાવરણજ્ઞાન એટલે શું?

તે વિષે કૃપાળુદેવે લખ્યું કે જેમાં અહંભાવ, મમત્વભાવ નથી અને આત્મામાં અખંડ ઉપયોગ પરિણમે તે કેવળજ્ઞાન છે, નિરાવરણજ્ઞાન છે. દેહ છતાં સર્વ પ્રકારના કષાયનો અભાવ થાય છે. મોહનો ક્ષય, કષાયનો ક્ષય દેહ છતાં થાય છે. અભાવ એટલે ક્ષય. જ્યાં અગિયારમે ઉપશમ થાય છે ત્યાં નિરાવરણજ્ઞાન નથી.

જગતવાસી જીવો તો બહારનાં પરિણામ જુએ છે. અંતરપરિણતિ જોવાની દૃષ્ટિ નથી. તેથી રાગદ્વેષ રહિત આ છે કે નહીં તે ન જાણી શકે, પણ જ્ઞાની જાણી શકે છે કે એને રાગદ્વેષનો ઉપશમ કે ક્ષય છે. પ્રશ્ન કરે છે કે જેમ જગતવાસી જીવો મનુષ્ય, ઢોર વગેરેને જાણે છે તેમ જ્ઞાની પણ જાણે છે. તેમ રાગદ્વેષ રહિત છે કે નહીં તે કેમ ન જાણે? અજ્ઞાની જીવો જ્ઞાનીને કેમ ન ઓળખે? એનું શું કારણ હશે? સોભાગભાઈનો એ પ્રશ્ન કહી તેનો ઉત્તર કૃપાળુદેવ કહે છે.

મનુષ્ય, ઢોર આદિને દેહાદિના આકારે જાણે છે. દેખાય છે તેને જાણે છે. આ એકેન્દ્રિય છે, આ બેઇન્દ્રિય છે, આ તેઇન્દ્રિય છે, આ ચૌરેન્દ્રિય છે વગેરે, એમ જ્ઞાની અને અજ્ઞાની સરખું જાણે છે. કેટલાક અભિપ્રાય પણ જાણી શકે છે કે આ ઢોર મારે એવું છે. પોતાના ભાવ જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી બધું જાણે, કેમકે કષાય એ એના અનુભવની વાત છે. પણ કષાયરહિત કંઈ અનુભવ્યું નથી. જ્ઞાનદશા કે વીતરાગપણું એ જગતજીવોથી અજાણ્યું છે. એનો પરિચય એને નથી. એ આત્માનો ગુણ છે; બહાર દેખાય એવો નથી. કોઈના પૂર્વના સંસ્કાર હોય તો જ્ઞાનીને ઓળખી શકે, પણ જગતવાસી જીવોને એવા સંસ્કાર પણ ઘણું કરી નથી. કોણ ઓળખી શકે, તે કહે છે. સત્પુરુષનો યોગ મળ્યો હોય તો કંઈક સંસ્કાર થાય. સમાગમ થયો હોય તો અનુમાન કરી શકે. પૂર્વ પુણ્યનો ઉદય હોય, તેથી જ્ઞાનીને દેખતાં આ જ્ઞાની છે, એમ થઈ જાય. જેમ જેમ સંસ્કાર પડે તેને લઈને પછી જ્ઞાનીને યથાર્થ ઓળખે. જેટલી એની શક્તિ, ત્યાગ વૈરાગ્યની યોગ્યતા, મુમુક્ષુતા હોય તેટલું ઓળખી શકે. ખરી રીતે તો એની દૃઢ મુમુક્ષુતા જોઈએ. પછી જે જ્ઞાનીનો બોધ થયો હોય તેના અનુમાનથી ઓળખી શકે છે. એનો આત્મા મિથ્યાત્વની મંદતાવાળો થયો હોય તો જ્ઞાની એને ઓળખાય. અંતરાત્મા થાય ત્યારે પૂરેપૂરી ઓળખાણ થાય. જેની વૃત્તિ જગતમાં છે, તેને જ્ઞાની પણ બાહ્ય દેખાય; અંતરભાવ ઓળખાય નહીં. જ્ઞાની થાય તો જ્ઞાની પૂરેપૂરા ઓળખાય. કંઈક એની ઊંચી દશા આવે ત્યારે એ જ્ઞાનીપુરુષને ઓળખે. જેમ જેમ જીવની દશા વધે તેમ તેમ જ્ઞાની ઓળખાય. મિથ્યાત્વરૂપી અંધકાર છે. એમાં જ્ઞાની-અજ્ઞાની બધા સરખા લાગે. સત્સંગની જરૂર છે. મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે. એટલી દશા આવે ત્યારે જ્ઞાની ઓળખાય. મોક્ષમાર્ગમાં પ્રવર્તે અને મોહથી મૂંઝાય તે મુમુક્ષુ. જ્ઞાનીનો યોગ થયો હોય, સંસ્કાર પડ્યા હોય, શમ સંવેગાદિ એને સમજાયા હોય તો બીજા જીવો કરતાં જ્ઞાની એને જુદા જ લાગે. સત્પુરુષની ભક્તિ વગેરે શુભ સંસ્કાર છે.

''જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય.'' (૪૯૩)

એને અપૂર્વગુણ પ્રગટ થાય, દૃષ્ટિગોચર થાય. એ ભક્તિનું ફળ છે. શુભ સંસ્કાર અને સત્સમાગમની જરૂર છે. પૂર્વભવમાં અથવા આ ભવમાં જ્ઞાનીનો સમાગમ થયો હોય, બોધ, સત્શાસ્ત્રનું વાંચન, એનો મોહ ઓછો કરવાનો પ્રયત્ન હોય, તો જ્ઞાની ઓળખાય. એનો લક્ષ બાહ્યથી છૂટી, અંતરમાં દૃષ્ટિ થઈ છે, તેથી જ્ઞાનીનું પણ અંતર એને ઓળખાય. સંસારીને જ્ઞાની-અજ્ઞાની બન્ને સરખા લાગે છે. કેટલાક મુમુક્ષુ હોય તે ભક્તિ વિશેષ કરતા હોય તેમને જ્ઞાની કહે (જેમ પ્રભુશ્રી કહેતા) કે અહીં તમે ભક્તિ કરવા આવો છો, તો એક તમારે ત્યાં પણ ભક્તિનું સ્થાન બાંધ્યું હોય તો તમને વધારે લાભ થાય, એમ કહે પણ અજ્ઞાની જીવોને લાગે કે આ તો પૈસા ખર્ચવાની વાત કરે છે. સંસ્કારી હોય તેને લાગે કે મારા હિતને માટે કહે છે. કૃપાળુદેવ વ્યાપાર કરવા બેઠા હોય અને બીજા પણ બેઠા હોય, બીજા જીવો કરતા હોય તેવું એ પણ કરતા હોય તો, આ જ્ઞાની છે એમ કેમ ઓળખાય? તો કે એને પૂર્વના સંસ્કાર હોય અને સત્પુરુષનો યોગ હોય તો ઓળખાય છે. કષાય જાય તો અજ્ઞાન જાય. તો કેવી દશા થાય, તેની સંસારીને શી ખબર પડે? કષાય ક્ષય થયા પછી ઉદય ન આવે. સમ્યગ્દર્શન થયું હોય તેના અનંતાનુબંધી ગયા છે, છતાં બીજા કષાય છે. જેને મોહનો ક્ષય થઈ ગયો હોય તે ક્રોધ ન કરે; જેટલો ઉદય હોય તેમ પ્રવર્તે. આપણને ખ્યાલેય આવવો મુશ્કેલ છે કે અજ્ઞાન ગયે કેવી દશા થાય?

કૃપાળુદેવ મુંબઈથી ખંભાત આવેલા. તે વખતે કૃપાળુદેવે જેવું ખમીશ પહેર્યું હતું, તેવું જ આપણે ખમીશ કરાવવું એમ કરી મુંબઈથી કપડું મંગાવી, એવું ને એવું ખમીશ પહેરી મુમુક્ષુઓ આવ્યા. એમ જીવ ઉપર ઉપરથી જ્ઞાનીની ઓળખાણ કરે છે.

જે જે સાધનથી સત્પુરુષની સ્મૃતિ થાય તે પૂજ્યરૂપ છે. જે આપણને આત્મહિતને યોગ્ય થયું, તો એ પૂજ્ય છે. મહાપુરુષના ઉપકારની જેથી સ્મૃતિ થાય તે પૂજ્ય છે. માળા, પુસ્તક પૂજ્ય કહેવાય છે. કારણ કે તેથી જ્ઞાનીની સ્મૃતિ થાય. જ્યાં મહાપુરુષો કેવળજ્ઞાન વગેરે પામ્યા તે સ્થાન પૂજ્ય છે; કારણ કે આપણી દૃષ્ટિ તેના પરથી જ્ઞાની પ્રત્યે જાય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ બધા જીવને ઉપકાર કરે છે. પુદ્ગલો પણ ફરી જાય છે. પ્રભુશ્રીજી કહેતા કે ભરત ચક્રવર્તીને જે ભુવનમાં કેવળજ્ઞાન થયું, તેમાં જ ઘણા રાજા કેવળજ્ઞાન પામ્યા. ભૂમિની પણ અસર થાય છે. મહાપુરુષને કેટલો વિનય હોય છે! આપણને જે હિતકારી થાય તે વિનયયોગ્ય છે. લાભ થયો હોય તો એ વિશેષ વિશેષ સાંભરે. કૃપાળુદેવ છેલ્લી વખતે વવાણિયાથી નીકળ્યા ત્યારે આખા ગામને નમસ્કાર કર્યા. પછી કૃપાળુદેવ વવાણીયામાં પાછા આવ્યા નહીં. એમને આ ક્ષેત્રથી ઉપકાર થયો છે એમ જાણી નમસ્કાર કર્યા.

''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે.'' (૧૬૬)

લક્ષ રાખીને સાંભળવું. જ્યાં સુધી એ પત્ર રહેશે ત્યાં સુધી ઘણાને લાભ થશે. જેના પર એ પત્ર લખ્યો છે, તેને જ નહીં પણ બધાને લાભ થાય એવો આ પત્ર છે. જે મુમુક્ષુ હોય તેને એવો પ્રશ્ન થાય કે તીવ્ર મુમુક્ષુતા હોય તો જ્ઞાની ઓળખાય. પણ બીજા જીવોને નથી ઓળખાતા, તો એમાં શું આડું આવે છે? બધાને જ્ઞાનીપુરુષ ઓળખાય તો વહેલું વહેલું કલ્યાણ થાય એવી

સોભાગભાઈની ભાવના હતી.

હરિભદ્રાચાર્ય બ્રાહ્મણ હતા, તે બહુ વિદ્વાન હતા. એમણે એવો નિશ્ચય કરેલો કે મને કોઈ સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં પૂછશે અને તે મને નહીં આવડે તો તેનો હું શિષ્ય થઈશ. એમને સંસ્કૃત, માગધિ આવડતું હતું. તેથી એમને અભિમાન રહેતું કે મારાથી વધારે કોણ જાણે? એક દિવસે ફરતા ફરતા કોઈ એક જૈન મંદિરની પાસે આવ્યા. ત્યાં એક સાધ્વીજી, બાર ચક્રવર્તી, નવ બળદેવ, નવ પ્રતિનારાયણ, નવ અર્ધ ચક્રવર્તી એમ માગધિ ભાષામાં બોલતાં હતાં. શીખેલું હતું તે ફેરવતા હતાં. તેમાં 'ચક્કી ચક્કી' શબ્દ બહુ વાર આવે. માગધિમાં ચક્રવર્તીને ચક્કી કહે છે. હરિભદ્રાચાર્ય ત્યાં ઊભા રહ્યા અને શું બોલે છે સાંભળું તો ખરો, એમ કરી સાંભળવા લાગ્યા. સાંભળ્યું પણ કંઈ સમજાયું નહીં. એમને તો પ્રતિજ્ઞા હતી કે મને ન સમજાય તો હું તેનો શિષ્ય થઉં. પછી મંદિરની અંદર ગયા અને સાધ્વીજીને કહ્યું કે હું તમારો શિષ્ય છું. તમે શું બોલો છો તે સમજાતું નથી. એનો અર્થ છે તે મને કહો. એ સાધ્વીજીનું નામ યાકિની હતું. સાધ્વીજીએ કહ્યું કે અમને તો આ પાઠ ગુરુજીએ આપ્યો છે, તે ગોખીએ છીએ. એનો અર્થ તો આચાર્ય મહારાજ જાણે છે. હરિભદ્રાચાર્યે કહ્યું, ચાલો, ત્યાં લઈ જાઓ. પછી સાધ્વીજી એમને આચાર્ય પાસે લઈ ગયા. ત્યાં એમણે ધર્મ ઉપદેશ સાંભળી દીક્ષા લીધી. પછી કેટલાંય શાસ્ત્રો લખ્યાં. તેમાનાં ઘણાં ખરાં શાસ્ત્રોમાં યાકિનીપુત્ર, યાકિનીપુત્ર એમ પોતાનું નામ લખ્યું છે. એક થોડોક ઉપકાર થયો, તેથી કેટલો વિનય સાચવ્યો છે! મહાપુરુષોનો એ જ સ્વભાવ હોય છે. જૈનાચાર્ય થયા પછી એમને સંસાર દાવાનળ જેવો લાગ્યો. તેથી 'સંસારદાવા' સ્તુતિ લખી.

[વ○ ૬૭૭] ૪૪૮ બેંગ્લોર, માગસર સુદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આ પત્રને લક્ષપૂર્વક સાંભળવો. તેથી ઘણો લાભ થશે. મનુષ્યભવ કેવી રીતે ગાળવો, તે આ પત્રમાં કહે છે. દરેક જીવને કલ્યાણ કરવાની ઇચ્છા હોય છે.

જ્ઞાનીપુરુષ જીવોને સંક્ષેપમાં ઉપદેશ બે પ્રકારે કરે છે.

(૧) જીવ તે ઉપદેશને સમજી ન શકતો હોય, સામા જીવની યોગ્યતાની ખામી હોય તો જ્ઞાનીપુરુષ વિસ્તારથી બોધ ન કરે. જેમ ખેડૂત સારી જમીન હોય તો જ વાવણી કરે તેમ જીવની યોગ્યતા હોય, તો જ બોધ કરે. સામો જીવ આરંભ-પરિગ્રહમાં હોય, તેથી ગ્રહણ ન કરી શકે. અથવા ગ્રહણ કરવાની શક્તિ ન હોય.

(૨) જ્ઞાનીપુરુષને બાહ્ય વ્યવહાર વર્તતો હોય તેથી મુખ્ય માર્ગમાં વિરોધ આવતો હોય.

આ બે કારણને લઈને જ્ઞાનીપુરુષો સંક્ષેપમાં જીવોને ઉપદેશ કરે છે.

બાહ્ય સર્વસંગપરિત્યાગ કરીને ચાલી નીકળ્યો હોય અને અંતરમાં બીજું હોય તો કંઈ ન થાય. પરિગ્રહ બે પ્રકારનો છે. બાહ્ય અને અંતર. અંતરપરિણામથી બંધ અને છૂટવું થાય છે. વાસના જન્મમરણ કરાવનારી છે. વાસના હોય ત્યાં સુધી કંઈ નહીં. પોતાના પરિણામમાં દૃષ્ટિ કરવાની છે. હું ક્રોધમાં છું કે માનમાં? શામાં વર્તું છું? તે અંતરદૃષ્ટિથી તપાસવું. અંતર ચોખ્ખું કરવાનું છે. તે

ચોખ્ખું કરવાનો ઉપાય જૈન ધર્મ છે. જ્યાં સુધી ભાવ ચોખ્ખા ન થાય, ત્યાં સુધી ન થાય. આત્માને ભૂલીને ગમે તેટલું કરીએ, તેથી કંઈ ન થાય. સંકલ્પ-વિકલ્પથી મુક્ત થવું એ મહાવીરનો માર્ગ છે. જે લેપાતો નથી, આસક્ત થતો નથી, તે વિવેકી છે. અનુકૂળમાં રાગ ન કરે અને પ્રતિકૂળતામાં દ્વેષ ન કરે તે વિવેકી છે. સંકલ્પ-વિકલ્પ લઈને ભલે દેરાસરમાં બેસે, ત્યાં પણ કર્મ તો બંધાય છે. પરિણામ સુધારવા એ કંઈ નાની વાત નથી. ભગવાને સંકલ્પ-વિકલ્પથી રહિત થવાનું કહ્યું છે. પરિણામ સુધારવા એ બહુ મોટી વાત છે. સર્વસંગ પરિત્યાગી હોય, ગમે તેટલાં શાસ્ત્રો ભણતો હોય, પણ સત્પુરુષ મળે ત્યારે જ થાય, અને ત્યારે જ ''હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ'' એમ લાગે.

આત્માની વાત ઘણા ભૂલી જાય છે અને કરવું આત્માનું જ છે. મુનિપણામાં ઘણી અનુકૂળતા હોવા છતાં પરિણામ બગડી જાય છે. તો પછી ગૃહસ્થાશ્રમમાં તો પરિણામ બગડતાં શી વાર? છતાં કૃપાળુદેવે ગૃહસ્થાશ્રમમાં રહીને કર્યું.

ભાવ બે પ્રકારના છે. એક લૌકિક અને બીજો અલૌકિક. મારું ધન, મારું કુટુંબ, હું મોટો છું આદિ ભાવ તે લૌકિક ભાવ છે અને સંસારથી ભાવ ઊઠે તે અલૌકિક ભાવ છે. સંસારથી ભાવ ઊઠે ત્યારે જ ધર્મ છે, ત્યાં સુધી નહીં. મનમાં એમ લાગે કે ગમે તે મળતું હોય, તો પણ મારે તો તે છોડીને મોક્ષે જવું છે; મને દુઃખમાંથી બચાવનાર ધર્મ જ છે; માથું આપવા કહે તો આપવા તૈયાર થાય ત્યારે ધર્મ પરિણમે છે. જેને માથે બોજો (પરિગ્રહરૂપી) છે તેને બહુ પુરુષાર્થ કરવાનો છે, એ ખ્યાલ નથી આવ્યો. ભય નથી લાગ્યો. મહાપુરુષ મળ્યે બધું ફરી જાય છે.

[૧]આનંદશ્રાવકને ઘેર કેટલા બધા હળ, ખેતીવાડીઓ અને ગોકુળ હતાં, પણ જ્યારે મહાવીર ભગવાન મળ્યા ત્યારે બધું ઓછું કરવા માંડ્યું. જેને મોક્ષે જવું છે તેણે મૂકવું પડશે. પોતાની શક્તિ હોય એટલું ત્યાગે અને જેનો ત્યાગ થતો નથી, તેને ત્યાગવાની ભાવના રાખે તો એને ભગવાનનું સ્વરૂપ સમજાય. ત્રીસ વર્ષની અવસ્થામાં જ મહાવીર ભગવાન બધું છોડીને ચાલી નીકળ્યા. એમને ભવભય લાગ્યો હતો. અલિપ્ત રહેવાનું શીખવું છે. જેટલો બને તેટલો ત્યાગ કરે, પણ લક્ષ તો છોડવાનો રાખવો. છોડવાનો ભાવ છૂટી જાય તો ન થાય. કૃપાળુદેવે પચાસ વર્ષ પહેલાં પત્ર લખ્યો છે તે આપણા માટે જ લખ્યો છે. પોતાથી બને તેટલું તો કરવું જ. 'મારે છૂટવું છે' એ લક્ષ ન છોડવો. દુકાન ઉપર બેસતો હોય અને માયા કરવી પડતી હોય તો મનમાં વિચાર કરવો કે મારે તો છોડવું છે. આત્માને લૌકિક ભાવમાંથી કાઢી નાંખવો. આત્માને માટે કરવું છે એવો લક્ષ રાખવો. ગમે તેટલો ડાહ્યો હોય, પણ એ લક્ષ વગર ન થાય. અભિમાનથી કોઈ તર્યા નથી. અભિમાન મૂકવાનું છે. બાહુબળજી જેવાએ પણ માન મૂક્યું ત્યારે કેવળજ્ઞાન પામ્યા. અભિમાન એ પુરુષાર્થ કરવા દેતું નથી. આપણે સમજીએ છીએ એમ થઈ જાય છે. 'દેહથી ભિન્ન છું' એ લક્ષ વારંવાર સંભારવો જોઈએ. ''છે દેહાદિથી ભિન્ન આતમા રે.''

માત્ર જાણવું એ એનો સ્વભાવ છે. જાણીને જ્ઞાનને આવરણ કરવાનું નથી. જ્ઞાનીએ જ્ઞાન કોને કહ્યું છે? દર્શન કોને કહ્યું છે? તે વિચારવું. ભૂલ ટળે તો ચોખ્ખો થાય. જ્ઞાન, દર્શનની

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૮૦.

સમજણ, શુદ્ધ પ્રતીતિ એ સમ્યગ્દર્શન છે. દેહભાવ વિપરીત છે. જ્ઞાનીએ દર્શન, જ્ઞાન કોને કહ્યું છે તે વારંવાર લક્ષમાં રાખવાનું છે; રાખવા યોગ્ય છે. સાચી પ્રતીતિ આવે ત્યારે ધર્મ આવે છે. આત્માની નિર્મળતા એ જ ચારિત્ર છે. 'દેહથી ભિન્ન છું' એ માન્યતા પ્રમાણે આત્મામાં સ્થિરતા તે ખરું ચારિત્ર છે. એનો લક્ષ અને વિચાર રાખવાનો છે. પોતાની વૃત્તિને સંકોચવી. જેણે છૂટવું હોય તેણે તો રાત-દિવસ એ જ કરવાનું છે. બીજું પૂર્વકર્મને લઈને આવી પડે, તો પણ એ લક્ષ ચૂક્યા વિના કરવું. અંતરંગની તપાસ જીવ કરતો નથી; તેથી ધર્મ પરિણામ પામતો નથી. ધર્મથી શાંતિ થાય છે.

કંઈક વિચાર જાગ્યો હોય તો સંસાર દુઃખરૂપ લાગે. સત્પુરુષના જોગે એ વિચાર જાગે છે. વિચારવાનને રાત-દિવસ એ જ એક કરવાનું છે. અનંતકાળથી પોતે પોતાનો શત્રુ થઈને વર્ત્યો છે. સત્સંગમાં સાચી વાત સાંભળવા મળે છે અને વિશેષ યોગ્યતા આવે છે. સારું થવું છે તે લોકોને દેખાડવા માટે નથી થવું. સત્સંગ એ સંસારથી તારનાર છે. સત્સંગથી જ કલ્યાણ થાય છે. સત્સંગ ન મળતો હોય, તો પણ ભાવના તો એ જ રાખવી. જીવને સંસારથી ખસવું ન હોય ત્યારે ગમે તેટલું કહે, તો પણ ન બને. સંસાર જ જેને જોઈએ છે તેને મોક્ષ શાથી મળે? પૈસા વગેરે ઉપર જ્યાં સુધી મોહ છે, ત્યાં સુધી કલ્યાણ કેમ કરી થાય? લોભ, તૃષ્ણા જીવને ખેંચી જાય છે. દેહ સારો છે એમ માન્યતા હોય તો શાથી કલ્યાણ થાય? દુરાગ્રહ છે તે સંસારને મજબૂત કરવા માટે ખીલો છે. દુરાગ્રહવાળાને સત્પુરુષ કંઈક કહે ત્યારે તે દુરાગ્રહવાળો કહે કે તમે કહો છો તે ખરું, પણ મારું પણ ખરું છે. એ હોય ત્યાં સુધી આત્મવિચાર કેવી રીતે થાય?

આત્માને લાભ થાય તે કરવું.

[વ○ ૬૭૭] ૪૪૯ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જીવની યોગ્યતા ન હોય તો જ્ઞાનીપુરુષો તેને ટૂંકામાં કહે છે, યોગ્યતા ન હોવાથી જ્ઞાનીપુરુષો ટૂંકામાં બોધ આપે છે. તેનું પહેલું કારણ બોધ સમજી ન શકે, ચિત્તવૃત્તિ આગ્રહવાળી હોય, કુગુરુને ભજતો હોય અને જ્ઞાની એને ગુરુભક્તિ કરવા કહે તો એ કુગુરુની ભક્તિ કરે. એવું અવળું સમજી જાય, તેથી જ્ઞાની ટૂંકામાં કહે. બીજું કારણ જ્ઞાનીનો બાહ્ય વ્યવહાર એવો હોય કે બીજાને સંશયનો હેતુ થાય તો જ્ઞાની મૌન રહે છે અથવા ટૂંકામાં કહે.

અંતરદૃષ્ટિ થવી તો મુશ્કેલ છે. સાધુ થઈ જાય તોય આત્મામાં રહેવું અઘરું છે. તો પછી ગૃહસ્થાવાસમાં રહીને આત્મામાં રહેવું બહુ બહુ અઘરું હોય એમાં સંશય નથી. સાધુ તો ઘણા હોય છે, પણ આત્મામાં વૃત્તિ રાખનારા વિરલા જ છે. જ્યાં સુધી આત્મા ન સમજાય ત્યાં સુધી ઉપાધિ જ છે, ભલે સાધુ હોય તોય. અનંતવાર સાધુપણું જીવે લીધું છે, મેરુ પર્વત જેટલા ઓઘા મુહપત્તી આદિ કર્યા છે, પણ અંતરદૃષ્ટિ થઈ નથી, બહુ અઘરું છે. સાધુપણું લેવું સહેલું છે, પણ આત્મામાં વૃત્તિ રહેવી એ અઘરું છે. કૃપાળુદેવને પ્રભુશ્રીજીએ કહ્યું, 'મેં ઘર છોડ્યું, છોકરા છોડ્યા, બે સ્ત્રીઓ છોડી, હવે મારે શું છોડવું રહ્યું છે?' કૃપાળુદેવે કહ્યું: 'એક ઘર છોડી કેટલા ઘર ઉપર દૃષ્ટિ રાખો છો? કેટલા ચેલા કર્યા છે? એક સ્ત્રી છોડી કેટલી સ્ત્રીઓ ઉપર દૃષ્ટિ રાખો છો?'

જે કરવાનું છે તે ચૂકી ન જવાય. ગૃહસ્થવ્યવહારમાં રહેવું પડતું હોય તો પણ અંતરદૃષ્ટિ

કરવાની છે. અંતરદૃષ્ટિ થવી બહુ મુશ્કેલ છે. મુશ્કેલ બતાવી પણ એ જ કરવાનું છે. સમજણ નથી, પણ માત્ર સમજણનું અભિમાન જ છે. સંસારમાં ઉત્તમ વસ્તુ ગણાતી હોય તેનું માહાત્મ્ય લાગે તો અપૂર્વ ગુણ કેમ પ્રગટે? આખું જગત પૈસાની પાછળ પડ્યું છે. કલ્યાણ કરવું હોય તો વિઘ્નોને દૂર કરવાં પડશે. પૈસાનો આગ્રહ છે તે છોડવાનો છે. એ અભિનિવેશ છે. એ હોય ત્યાં સુધી અપૂર્વ ગુણ પ્રગટેય નહીં. ઈસુખ્રિસ્ત કહેતા કે સોયના નાકામાંથી ઊંટ નીકળી જાય એ માનો પણ પૈસાદારનો મોક્ષ થાય એમ ન માનો. એ તો છોડ્યે જ છૂટકો છે. માન્યતા ન ફરે ત્યાં સુધી મુમુક્ષુ શાનો? જ્ઞાની અને જ્ઞાનીનો આશ્રિત બન્ને લૌકિકમાં વર્તે તો પછી અલૌકિક દૃષ્ટિએ જવાની જગ્યા કઈ હોય? જે છોડવાની વસ્તુ છે, તેમાં ને તેમાં માથું મારે તો અપૂર્વપણું આવેય કેમ? આવેય નહીં.

[વ૦ ૬૭૭] ૪૫૦ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૭, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— જ્ઞાનીઓ સંક્ષેપથી ઉપદેશ કરે છે તેનું કારણ સામા જીવમાં ત્યાગ-વૈરાગ્યની યોગ્યતા ન હોય અથવા ગ્રહણ કરવાની યોગ્યતા ન હોય અથવા ઘણો વિસ્તાર કરે તોય સમજી શકે નહીં એવો હોય. બીજું કારણ જ્ઞાનીને બાહ્ય વ્યવહાર એવા પ્રકારનો હોય કે સામા જીવમાં ઉપદેશ પરિણમવામાં પ્રતિબંધરૂપ થાય કે માર્ગમાં વિરોધ આવે, તોપણ જ્ઞાનીપુરુષ સંક્ષેપમાં ઉપદેશ કરે છે. 'સર્વસંગપરિત્યાગ કરવાથી પણ જીવ ઉપાધિરહિત થતો નથી.' શું રહી જાય છે? તેનો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

[વ૦ ૬૭૭] ૪૫૧ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— જ્યાં સુધી ગૃહસ્થ અવસ્થા છે, ત્યાં સુધી ધર્મ સંબંધી વિશેષ પ્રવૃત્તિ કરવી નથી, એમ કૃપાળુદેવે નક્કી કર્યું છે.

જ્ઞાનીપુરુષો ઉપદેશ કરવામાં બે કારણથી સંક્ષેપપણે વર્તે છે. (૧) જીવોની યોગ્યતા ન હોય, તો ઉપદેશ કરવામાં સંક્ષેપતાથી વર્તે. જ્ઞાની કહે તેની મહત્તા ન લાગતી હોય તો પણ જ્ઞાની ઉપદેશમાં સંક્ષેપતાથી વર્તે છે. (૨) જ્ઞાનીપુરુષને એવો ઉદય હોય કે તેઓ કહે તે જીવથી ન મનાય અથવા ગૃહસ્થાવસ્થાનો ઉદય હોય તે વખતે જીવોને શંકા થાય, તેથી જ્ઞાની ઉપદેશ સંક્ષેપતાથી કરે અથવા મૌન રહે.

હવે કહેવા જેવું છે તે કૃપાળુદેવ કહે છે. તે આપણને પણ કામનું છે. બધું છોડી સર્વસંગપરિત્યાગ કરે તોય અસંગ થવું બહુ મુશ્કેલ છે. અંતર્વૃત્તિ થાય તો કામ થાય. પોતાનું કલ્યાણ કેમ થાય, એનો વિચાર કરનારા થોડા છે. સર્વસંગપરિત્યાગ કર્યો હોય, તોપણ અંતરપરિણતિ પર લક્ષ આવવો કઠણ છે. ગૃહસ્થ અવસ્થા હોય તેને બધું સાચવવું પડે. ત્યાં અંતર્વૃત્તિ રહેવી બહુ મુશ્કેલ છે. મુનિને પણ મુશ્કેલ છે, તો ગૃહસ્થને તો કેમ રહી શકે?

જ્યાં છીએ ત્યાંથી આગળ વધાય તેવું કરવાનું છે. અંતર્વૃત્તિ થાય તેવું કરવાનું છે. મનુષ્યભવ મળ્યો છે, તો જેટલી શક્તિ હોય તેટલી જ્ઞાનીની આજ્ઞામાં ગાળવી. 'હું કંઈ જાણતો નથી' એમ

કરવું. મને ખબર પડે છે, લાવો હું ફલાણું કરું, એમ ડહાપણ કરે તેથી આવરણ થાય છે.

''નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ.'' ઉપદેશ લેવો પણ દેવાનો નથી. જેટલો વૈરાગ્ય હશે તેટલું હિત થશે. સમજ્યા તે શમાયા. અંતરદૃષ્ટિ કરવાની છે. આત્માનું કંઈ હિત થતું નથી, કારણ મારું અભિમાન છે એમ વિચારવું. બહુ લક્ષ રાખીને વિચારવા જેવું છે. જેને કૃપાળુદેવે આ શિખામણ આપી હતી તેણે માની હતી, તો આપણે પણ આ માનવી. આપણે આ સમજવું છે. એ જે કહે છે તે મારે માનવું છે.

જ્યાં ઉપાધિ ત્યાં દુઃખ છે, અનાથતા છે. એ અનાથતા છોડવા માટે સર્વસંગપરિત્યાગ છે. એ કર્યા છતાં જીવ અસંગ થઈ શકતો નથી. સર્વસંગપરિત્યાગ અંતર્ત્યાગને પોષવા માટે છે. અંતરમાં વાસના છે તે છોડવા માટે સર્વસંગપરિત્યાગ કરવાનું વખાણ્યું છે. અંતર્વૃત્તિ જાગવા આ બધું કહ્યું છે. તે જીવ ભૂલી જાય છે. અંતર્વૃત્તિ જીવને થાય તો પોતાના દોષ દેખાય. મુમુક્ષુતા આવે પછી જ્ઞાનીનો બોધ થાય અને અંતર્વૃત્તિ થાય તે માટે આ બધું કહેવું છે. અંતર્વૃત્તિ થાય, મારું અંતર મલિન છે એમ થાય ત્યારે એને શુદ્ધ કરવાની ભાવના થાય. અંતરમાં દોષ છે તે જુએ તો દેખાય અને જોયા વગર તે જવાના નથી. અંતર્વૃત્તિ મોટી વસ્તુ છે. આખો દિવસ મન શું કામ કરે છે, તેની કાળજી રાખે. મન શું કામ કરે છે, ક્યાં ફરે છે, એને શું ગમે છે એમ જુએ, તપાસે તો દોષ દેખાય. તો પછી બીજાના દોષ જોવા ન જાય. વૃત્તિ ફેરવવા માટે આ બધું કહે છે. સર્વસંગપરિત્યાગ કરીને ચાલી નીકળ્યો હોય તેને પણ અંતર્વૃત્તિ થવી દુર્લભ છે, તો આપણે તો ગૃહસ્થ અવસ્થામાં છીએ તો કેટલી સંભાળ રાખવાની છે.

પોતાના દોષ જોવા, દોષને નિંદવા, તે કાઢવા પ્રયત્ન કરવો, તો જીવનું હિત થશે. લોકો ઇચ્છે તેમ ઇચ્છે, તે કરે તેમ કરે તો શું ફેર પડ્યો? જ્યાં સુધી લૌકિક અભિનિવેશ એટલે પૈસાદિનો લોભ, પછી મતાગ્રહ હોય ત્યાં સુધી પોતા તરફ દૃષ્ટિ જતી નથી. જરા પાછો વળી વિચારે તો સમજાય. ગૃહસ્થ અવસ્થામાં તો વધારે બળ કરવું પડે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણમાં જેટલી જાગૃતિ રહે તેટલી રાખવી. એક લક્ષ રાખીને કરવું. પોતાના દોષ કાઢવા. એ તો પોતે કરશે ત્યારે થશે. પોતાના દોષ પહેલાં કાઢવા. જ્યાં સુધી પોતાને ભાન ન હોય ત્યાં સુધી બીજાને ઉપદેશ દઉં એમ કરે, પણ શું દે? જ્ઞાનીપુરુષ કહે છે કે આત્માનું કામ જાણવું, દેખવું અને સ્થિરતા.

શું કરવા આવ્યો છું? અને શું કરું છું? જ્ઞાન દર્શન ચારિત્ર એમાંથી જેટલું થાય તેટલું કરવું. જાણવું, દેખવું અને સ્થિર થવું એ મારું કામ છે. ''આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું.'' (૮૫) રાતદિવસ આત્માનું હિત કરવું. તપાસવું કે કેટલીવાર આપણે આત્માને સંભારીએ છીએ.

મારી શી વલે થશે, તેનો વિચાર જ આવતો નથી. માટે જેટલી શક્તિ હોય તેટલી જ્ઞાનીની આજ્ઞા આરાધવામાં ગાળવી. તો એનું ફળ સારું આવશે. ડાહ્યા થવા ન જવું. છૂટવાનો આરો લાવવો હોય તો જ્ઞાન, દર્શન, ચારિત્રમાં સતત જાગૃતિ રાખવી. ''હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ

સ્ત્રી પુત્રાદિ કોઈપણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.'' (૬૯૨)

ઊંઘવા માટે રાત નથી. રાતદિવસ જ્ઞાન, દર્શન, ચારિત્રમાં ગાળવા. એ વાત એને ગમે એવું કરવાનું છે. પહેલામાં પહેલો સત્સંગ. ત્યાં જ્ઞાનીની આજ્ઞા મળે, સાંભળવા મળે, એ ન હોય તો સત્શાસ્ત્ર. એ બેય સાધન છે. ગ્રહણ કરનારાની સરળ બુદ્ધિ હોય, 'હું કંઈ જાણતો નથી' એવી ભાવના હોય તો સરળ કહેવાય. તો તે ગ્રહણ કરી શકે. પોતાના આત્માનું હિત કરવા માટે આ જ્ઞાનીનાં વચનો છે.

કષાય છે, તે આડા આવે છે. 'હું જાણું છું, હું સમજું છું' એવું માન હોય ત્યાં સુધી ગ્રહણ થાય નહીં. માયા એટલે સમજ્યો ન હોય તોય 'હું સમજ્યો છું' એમ કહે. બીજાને દેખાડવા માટે વાંચે કરે, તોય ગ્રહણ ન થાય. સરળ જીવ સીધો છે. જ્ઞાનીનાં વચનો સરળતાથી વિનયથી ગ્રહણ થાય છે.

**''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.''**

એવો આત્માર્થી હોય તે જ્ઞાનીનાં વચનો વિચારે તો ચોંટે. ધર્મની જિજ્ઞાસા, દાઝ નથી. આત્માનું કલ્યાણ કરવું હોય, આત્માને જ્ઞાન, દર્શન, ચારિત્રમાં સ્થિર કરવો હોય તો સત્સંગ, સત્શાસ્ત્ર અને સરળતાદિ ગુણો ઉપકારભૂત છે.

લૌકિક અભિનિવેશ એટલે શું, તે કહે છે. પૈસા મળો, ઘરેણાં કરાવો આદિ દ્રવ્યાદિ લોભ છે તે લૌકિક અભિનિવેશ છે. ધર્મ તો સારી વસ્તુ છે, પણ અજ્ઞાનીને હાથ આવે તો બગડી જાય. ગચ્છાદિનો આગ્રહ એ પણ લૌકિક અભિનિવેશ છે. એથી ભવવૃદ્ધિ થાય. તૃષ્ણા હોય તેટલા ભવ વધારે. હું મોટો, નાનો આદિ દૈહિક માન, તે પણ લૌકિક અભિનિવેશ છે. પોતાના કુળનું અભિમાન હોય ત્યાં સુધી લૌકિક અભિનિવેશ છે. પોતાની સમજણે, જે કુળમાં જન્મ્યો હોય, તેમાં જે ગચ્છ હોય તેમાં આગ્રહ રાખે ત્યાં સુધી અપૂર્વ ગુણ કેમ આવે ? મને ખબર નથી, એક જ્ઞાની જાણે છે. જ્ઞાનીનું કહેલું માનવું છે. લોકો પણ કંઈ જાણતા નથી. જ્ઞાની જાણે છે. જીવ અવળે રસ્તે છે. ભૂલો પડ્યો છે ત્યાં સુધી માર્ગ હાથ ન આવે. અંતર્વૃત્તિ જગાડવા આ વાત કહે છે. આત્મા શું કરે છે, શું કરી રહ્યો છે ? એ વિચારે તો લાગે કે ઢીલ કરવા જેવી નથી. કામ કર્યા વગર થાય એવું નથી. ભેદ પડી ગયો તો એક મિનિટ પણ ન ટકે. તપાસે તો પાછો વળે. અંતર્વૃત્તિ થવાનું કારણ થાય. તપાસે તો ખબર પડે. ઘરની વાત છે. બીજાના મનની વાત તો ન ખબર પડે, પણ પોતાની તો ખબર પડે. આ દેખાય છે તે બધું ભૂલી જવાનું છે. ભૂંસાડીયો કરી નાંખવાનો છે. બીજાનું ભલું થતું હોય તો જ્ઞાની ઉપદેશ કરે. પ્રભુશ્રીજી આહોર પધાર્યા ત્યારે ત્યાંના લોકો કહેવા લાગ્યા કે હવે અહીંયા જ રહો, ત્યારે પ્રભુશ્રીજીએ કહ્યું: કોઈ લેનાર હોય તો અમારે ક્યાં છોકરાં રડે છે !

વૈરાગ્ય હોય તેટલાં જ્ઞાનીનાં વચનો પરિણમે. જ્ઞાનીને તો આખા જગતનું કલ્યાણ કરવું છે, પણ જીવની જોગ્યતા ન હોય તો ન કહે અથવા સંક્ષેપપણે ઉપદેશમાં પ્રવર્તે. સર્વસંગપરિત્યાગ

કરીને ચાલી નીકળ્યાથી પણ પોતાના કલ્યાણ તરફ દૃષ્ટિ જવી મુશ્કેલ છે. શાસ્ત્રોમાં આવે છે કે મેરુ પર્વત જેટલા ઓઘા મુહપત્તી કર્યા, પણ કલ્યાણ થયું નહીં. ગૃહસ્થાવસ્થા લપસવાનું સ્થાન છે. કાજળની કોટડી છે. ઘણો પુરુષાર્થ કરે તો જ એમાં રહી કામ કરી શકે. જેટલી શક્તિ હોય તેટલી પરમાર્થમાં વાપરે. ધર્મધ્યાનમાં વાપરવી. એ શક્તિ આડાઅવળી ન જાય એ સાચવવું. એમાં એક આત્માનો લક્ષ રાખવો તે એ કે આત્માર્થે બધી શક્તિ ગાળવી. લૌકિક અભિનિવેશ સંક્ષેપવો. ડહાપણ કરવા જાય છે. આય કરું, ફલાણું કરું, તે મૂકી અંતર્વૃત્તિ થાય તે કર. મનને સમજાવી પોતાનું હિત થાય તેમ કરવું. કંઈક ત્યાગ વૈરાગ્ય જાગે ત્યારે જીવને લાગે કે બધું અસાર છે, પણ પાછું બીજાને કહેવા જાય છે, ત્યાં પોતાનું ભુલી જાય છે. આ ભવમાં સતત જાગૃતિ રાખવાની છે. અંતર્વૃત્તિ થઈ હોય તો પાછો વળે. આત્માનું હિત કરવું હોય તેણે રાતદિવસ પુરુષાર્થ કરવાનો છે. જેને આત્મહિત કરવું હોય તેણે પહેલામાં પહેલો અને છેલ્લામાં છેલ્લો કરવાનો સત્સંગ. એ ન હોય તો સત્શાસ્ત્ર વાંચવું, વિચારવું. લૌકિક અભિનિવેશ છે તે સંસાર જ છે. સંસારવૃત્તિ જ્યાં સુધી ઓછી ન થાય ત્યાં સુધી અંતર્વૃત્તિ ન થાય. ‘‘રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ.’’

ધર્મમાં પોતાની ઇચ્છાએ વર્તે તો ધર્મ થાય નહીં. સંસાર થાય.

(બપોરના)

પૂજ્યશ્રી– ઈડરમાં પ્રભુશ્રીજીને કૃપાળુદેવે પૃથ્વીશિલાપટ બતાવીને કહ્યું હતું કે અહીં અમે વિચર્યા હતા. આત્મા જાણ્યા વગર કંઈ પાર આવે એમ નથી. જ્ઞાની ગમે તે કહે, તે માન્ય કરવું. રાત હોય અને દિવસ કહે તો દિવસ જ છે એમ માન્ય થાય, એટલી યોગ્યતા આવે ત્યારે જ્ઞાનીનું કહેલું મનાય. આ કહે તે સાચું, એટલું માન્ય થાય તો પોતાની દશા વધે અને આગળ જતાં તે સકારણ સમજાશે.

દેહ છે તે ખોખું છે. તે કંઈ કામ ન આવે. આત્મા છે તે કામનો છે.

[1]અભિમન્યુ છ કોઠામાં માહિત હતો, તેથી જીતી ગયો, પણ છાણમાટીના કોઠાને જાણતો ન હતો, તેથી ગૂંચાયો. માટે માહિત થવાનું છે. દેહને દેહ જાણવો. ‘આત્મા છે, નિત્ય છે, કર્ત્તા છે, એ જે કરે તેને ભોગવે છે, મોક્ષ છે, તેના ઉપાય છે.’ એ છ પદમાં માહિત થાય તો ન ગૂંચાય. બધું જ્ઞાની પાસે છે. આત્માની વાત કામની છે. બીજી પંચાતમાં ન પડવું. બીજામાં પાર આવે એવું નથી. ઉલ્લાસભાવ આવશે ત્યારે થશે. સાચી વસ્તુ પકડાવી જોઈએ. પકડ કરનારમાં બળ હોય તો પકડાય. ‘‘કર વિચાર તો પામ.’’

પ્રભુશ્રીજીને કૃપાળુદેવે કહ્યું કે ‘ઊંડા ઊતરો, મુનિ ઊંડા ઊતરો.’ સત્પુરુષ કંઈ કરી આપે ? એ તો એક દિશા બતાવે.

**[વ૦ ૬૭૭]** (રાતના સભામાં) ૪૫૨ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સામા જીવને લાભ થતો હોય, તો જ્ઞાનીપુરૂષો સંક્ષેપથી જ બોલે એમ નથી. સામાન્યપણે તો એવું છે, પણ બીજા બે કારણો એવાં છે કે તે કારણોથી જ્ઞાનીપુરૂષ સંક્ષેપતાથી

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ઉપદેશામૃત પૃષ્ઠ ૨૨૬.

વર્તે, તે કહે છે. (૧) એક તો જ્ઞાનીનો ઉપદેશ ઝીલવા જેટલી એને સદાચાર વગેરેની યોગ્યતા ન હોય તેવા જીવને જ્ઞાની વિસ્તારથી કહે નહીં, અને એને ઘણા વિસ્તારથી ઉપદેશ કરે પણ એ ગ્રહણ કરતો ન હોય તો જ્ઞાની એને ઉપદેશ સંક્ષેપથી કરે. એ ભેદ પહેલા કારણના છે. (૨) કોઈ જીવ એવો હોય કે જેને ક્ષયોપશમ ન હોય, સમજી ન શકે તેવો હોય તો તેથી સંક્ષેપથી જ્ઞાની એને કહે.

કોઈએ કૃપાળુદેવને પૂછ્યું કે 'અનંતાનુબંધીનું સ્વરૂપ શું?' કૃપાળુદેવે કહ્યું– તમારી સમજવાની યોગ્યતા નથી. અનંતાનુંબંધી મોળા પડે ત્યારે અનંતાનુબંધી સમજાય એવું છે. બીજું કારણ પોતાને ગૃહસ્થ અવસ્થાનો ઉદય હોય ત્યાં સુધી એવી ધર્મની વાતમાં માથું ન મારવું એવું જ્ઞાનીને લાગે તો પણ સંક્ષેપથી જ્ઞાની બોલે કે મૌન રહે. પોતે ત્યાગની વાતો કરે પણ એમને ત્યાગ ન હોય; તેથી વિશેષ કહેવાનું જ્ઞાનીને મન થતું નથી, તેથી મૌન રહે, અથવા સંક્ષેપથી બોલે. ઉપાધિ બધી છોડી હોય તેમ છતાં કેટલીય ઉપાધિ જીવની સાથે આવે છે. સર્વસંગપરિત્યાગ કર્યો પણ ઉપાધિ એને મટી નથી, સાથે જ રહે છે. ''સર્વસંગપરિત્યાગ કરીને ચાલી નીકળ્યાથી પણ જીવ ઉપાધિરહિત થતો નથી.''

એટલે પોતાની પરિણતિ પર દૃષ્ટિ દેવાનું એને થતું નથી, તેથી ઉપાધિ રહે છે. મુનિપણામાં પણ એવું છે તો પછી ગૃહસ્થ અવસ્થામાં અંતરપરિણતિ પર ભાન કેમ કરી આવે? અંતરપરિણતિથી પોતાના દોષો તપાસી અસંગ થવાનું છે. અંતરપરિણતિ તપાસી રાગદ્વેષ ઓછા કરી સમભાવમાં આવે તો એને અસંગપણાનો ખ્યાલ આવે. ગૃહસ્થાવસ્થામાં રહે અને તેમાં પણ પાછું લૌકિક અભિનિવેશપૂર્વક રહીને અંતરપરિણતિ પર દૃષ્ટિ દેવી બહુ મુશ્કેલ છે. જેટલું બળ હોય તેટલું આ જ્ઞાન, દર્શન, ચારિત્રમાં વાપરવાનું છે અને લૌકિક અભિનિવેશમાં વૃત્તિ જતી હોય તો અટકાવવી. જ્ઞાન, દર્શન, ચારિત્ર વિષે રાત દિવસ વિચાર કરવા યોગ્ય છે. જો લૌકિક અભિનિવેશ એટલે પૈસાનો લોભ હોય, તૃષ્ણા હોય, દેહ રૂપાળો છે એવો ભાવ રહેતો હોય, કુળ, જાતિ આદિનો મોહ હોય, અમુક ગચ્છ આદિનો આગ્રહ હોય ત્યાં સુધી જીવને અપૂર્વ ગુણ કેમ પ્રગટે? ન જ પ્રગટે.

**[વ૰ ૬૭૭]** (રાતના સભામાં) ૪૫૩ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૦, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– એક મુમુક્ષુને આમ સામાન્ય વૈરાગ્ય હતો અને કુટુંબનું કામ આવી પડ્યું. એમના ચિત્તમાં ચેન રહે નહીં. આ સંસારથી કેમ છૂટાય? એવા વિચારો લખી કૃપાળુદેવને જણાવ્યા. ચિત્તવૃત્તિ એટલે ચિત્તનું પ્રવર્તન. વિસ્તારથી કંઈક લખો તો સારું એમ એમણે જણાવ્યું હતું. તેથી કૃપાળુદેવ લખે છે.

વિસ્તારથી ન લખવાનું કારણ એક તો ગૃહસ્થ અવસ્થાનો ઉદય છે. મુખ્ય માર્ગ ઉપદેશકનું છઠ્ઠું ગુણસ્થાનક છે. ગૃહસ્થ અવસ્થામાં ધર્મની વાત બહુ ન થાય તો સારું, એવો ભાવ કૃપાળુદેવને રહે છે. ગૃહસ્થ અવસ્થા હોય ત્યાં સુધી વ્યાખ્યાન આપવાનું હોય નહીં. એટલે જ્યાં સુધી મુનિ થવાનો ઉદય ન આવે ત્યાં સુધી મુખ્ય માર્ગ ઉપદેશવો નથી. છઠ્ઠું અને તેરમું એ બે ગુણસ્થાન ઉપદેશયોગ્ય છે.

સામાન્યપણે બીજાને લાભ થાય તો જ્ઞાનીપુરુષ ઉપદેશ સંક્ષેપથી ન કરે. લાભ થતો હોય તો ખુલ્લા દિલથી પણ કહે. જ્ઞાનીપુરુષોને ત્યાગ હોય તે વખતે પણ બે પ્રકારથી સંક્ષેપપણે વર્તે છે, તે કહે છે–

એક તો પોતાનું કહેવું બીજાને સમજાય એવું ન હોય અથવા સમજવાની યોગ્યતા ન હોય, બોધ ઝીલવા જેટલી સામા જીવની યોગ્યતા ન હોય એમ જાણી જ્ઞાનીપુરુષ, પ્રશ્ન પૂછે તો સામાન્યપણે કહે. કૃપાળુદેવને કોઈએ પૂછ્યું કે 'અનંતાનુબંધીનું સ્વરૂપ શું?' કૃપાળુદેવે કહ્યું, એ સમજવાની તમારી યોગ્યતા નથી. એ અનંતાનુબંધીમાં જ વર્તતો હોય અને જ્ઞાનીપુરુષ કહે તો એને લાગે કે મારા ધર્મનો નિષેધ કરે છે. તેથી જ્ઞાનીપુરુષ સંક્ષેપમાં કહે અથવા મૌન રહે. કોઈ કર્મગ્રંથની વાત પૂછે કે કેટલી પ્રકૃતિઓ જાય ત્યારે કેવળજ્ઞાન થાય? હવે એનો ઉત્તર કહે તો પેલાની યોગ્યતા ન હોય, તેથી સમજાય નહીં. તેથી જ્ઞાનીપુરુષ સંક્ષેપમાં કહે. ઘણા જીવો એવા હોય છે કે જ્ઞાનીપુરુષ કહે તે સાંભળે, પણ આ કાને સાંભળે અને આ કાને કાઢી નાખે. એક કલાક સુધી બોધ કર્યો હોય, પણ પૂછે તો કંઈ યાદ ન રહે; એવું હોય તો જ્ઞાની માથાફોડ વધારે ન કરે.

બીજું કારણ જ્ઞાનીપુરુષને એવા કર્મનો ઉદય હોય અને તેમને ત્યાગ વગેરેના પ્રશ્ન પૂછે, તો જ્ઞાની મૌન રહે અથવા કહેવું હોય તો ટૂંકામાં પતાવી દે, કારણ કે એને મનમાં એમ થાય કે પોતે તો ત્યાગ કરતા નથી અને બીજાને ઉપદેશ કરે છે. મુખ્યમાર્ગને વિરોધ થાય એવું લાગતું હોય તો મૌન રહે અથવા ટૂંકામાં કહે. જ્ઞાનીપુરુષને ટૂંકામાં જ કહેવું એવું કંઈ નથી, પણ જીવની યોગ્યતા ન હોય તો શું કરે?

ગૌતમસ્વામી અષ્ટાપદ પર્વત પર ગયા હતા. તે વખતે એક દેવ ત્યાં આવ્યો. ગૌતમસ્વામીને તપ વિષે પ્રશ્ન કર્યો. ત્યારે ગૌતમસ્વામીએ મુનિઓ શા માટે આહાર લે છે, કેમ લે છે, તે બધું કહ્યું. મુનિઓ માત્ર શરીરને ટકાવવા સંયમાર્થે આહાર લે છે, પુષ્ટ આહાર લેતા નથી. તપ બહુ કરે છે. ગૌતમસ્વામી પોતે પણ બબ્બે દિવસે ખાતા, પણ શરીરની પ્રકૃતિ સારી હતી તેથી જાડા દેખાતા. શરીર પુષ્ટ રહેતું તેથી દેવને મનમાં એમ થયું કે મુનિઓ આમ કરે છે, તેમ કરે છે એમ તેઓ કહે છે, પણ પોતે તો શરીર જાડું કર્યું છે, કંઈ તપ તો બીજું કરતા નથી. ગૌતમસ્વામી તો એ વાત જાણી ગયા. પછી [૧]પુંડરીક અને [૨]કુંડરીકની વાત કરી કે કુંડરીકે રાજ્ય છોડી હજાર વર્ષ સુધી દીક્ષા પાળી તોય એની વાસના ગઈ નહીં. તેથી નિમિત્ત મળતાં મુનિપણામાંથી ખસી ગયા અને બાગમાં આવીને ઊભા. તેની, પુંડરીક જે કુંડરીકનો નાનો ભાઈ હતો તેને ખબર પડી. તે ત્યાં આવ્યો અને કહ્યું કે આ રાજ્ય તમારું જ છે, પધારો. કુંડરીકે જ્યારે દીક્ષા લેવા માંડી ત્યારે જ પુંડરીકે કહ્યું કે હું નાનો છું માટે મને દીક્ષા લેવા દ્યો, તમે મોટા છો માટે રાજ્ય કરો. પણ એણે માન્યું નહીં. તેથી પુંડરીક પરાણે રાજ્યમાં મુનિપણાની ભાવનાથી રહ્યા હતા. પુંડરીક દીક્ષા લેવાનો વિચાર કરી રવાના થયા અને એવો નિશ્ચય કર્યો કે જ્યાં સુધી મને ગુરુનાં દર્શન ન થાય ત્યાં સુધી મારે આહાર પાણી ન કરવાં. રસ્તામાં એનો દેહ છૂટી ગયો. મરીને સર્વાર્થસિદ્ધિમાં ગયો અને કુંડરીકને રાજ્યમાં પાછો આવેલો જોઈને લોકોએ ભ્રષ્ટ જાણીને તેની આજ્ઞા માન્ય કરી નહીં.

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ–સંવરભાવના, ૨. આસ્રવભાવના–વચનામૃત પૃષ્ઠ ૫૪.

કુંડરીકે રાજ્યમાં આવી ખૂબ ખાધું. તેથી રાતે ઊલટીઓ વગેરે થઈ પણ કોઈ નોકર ચાકર સંભાળ લેવા ન આવ્યા. એના મનમાં એવા ભાવ થયા કે સવારમાં બધાને ફાંસીએ ચઢાવું. એવા ભાવથી રાત્રે મરી નરકે ગયો.

બહારથી ગમે તેવું દેખાતું હોય, પણ જેવા ભાવ તેવું ફળ આવે છે. બધું છોડીને સાધુ થયો હોય પણ આત્મદૃષ્ટિ થવી બહુ મુશ્કેલ છે. પોતાની પરિણતિ તપાસવી. પોતાના ભાવ તપાસીને સુધારે, એવું તો મુનિ થયા હોય છતાં કોઈક જ કરે છે. સાધુપણામાં પણ પોતાના દોષ જોઈ ટાળવા મુશ્કેલ છે, તો પછી ગૃહસ્થ અવસ્થામાં તો કેટલું મુશ્કેલ હોય? લોકો સાધુ કહે પણ સાધક અવસ્થા પર લક્ષ રહેવો મુશ્કેલ છે. સગાંવહાલાં બધું છોડ્યું, પણ મન જો બહાર ફરતું હોય તો વેષ કંઈ અટકાવી શકે નહીં. પોતાના પરિણામ તપાસી દોષોને દૂર કરવા એ સાધુપણું છે.

મહાવીર સ્વામીને જન્મ્યા ત્યારથી જ અવધિજ્ઞાન હતું અને મનુષ્યભવ બહુ દુર્લભ છે એમ જાણતા હતા. હજાર વર્ષના સંયમી જેટલો એમનો વૈરાગ્ય હતો, તેમ છતાં મુનિ થયા. બધું છોડીને મુનિ થયા પછી પણ એમને એમ લાગ્યું કે મુનિપણાથી પણ કંઈ ન થાય. એથી પણ વિશેષ પુરુષાર્થની જરૂર છે. એમ જાણી તપ કરવા માંડ્યું. સાડા બાર વર્ષ સુધી ઊંઘ્યાય નહીં. તે સાડા બાર વર્ષમાં મોહનીય કર્મનો વિચાર કરી કરીને મોહનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા. મુનિપણામાં એમણે શરીરની જરાય સંભાળ લીધી નથી. આંખ ચોળવા જેટલી પણ સંભાળ લીધી નથી. માત્ર આહારની જરૂર પડતી ત્યારે તે લેવા જતા, પણ ઘણુંખરું તો તપ જ કર્યું હતું.

ક્યારે દેહ છૂટી જશે તેની ખબર નથી. માટે પ્રમાદ ન કરતાં બને તેટલું આત્મહિત કરી લેવું. મુનિને તો પોતાના શરીરની સંભાળ કરવી પડે તો કરે, પણ ગૃહસ્થ અવસ્થામાં તો કેટલાંય કામો હોય છે. તેની વચમાં રહે અને આત્માને આંચ ન આવે તેમ રાખવો બહુ અઘરું છે. એ કૃપાળુદેવ જ કરી શક્યા છે. મોક્ષનું કામ હાથમાં લેવું બહુ અઘરું છે. સમયે સમયે કર્મ બંધાય છે, તો ક્ષણે ક્ષણે પુરુષાર્થ કરવો જોઈએ ને? કેમ કે કામ કેટલું જબરું-ભારે આપણે લીધું છે, તે વિચારવું અને તેમ કરવું. મનમાં કેવા વિચાર આવે છે? પીપળાના પાનની જેમ ભટકે છે. એ કેમ સ્થિર થાય? કેવી કેવી ટેવો પડી છે? તે બધું વિચારવું.

મુમુક્ષુને તો કોઈ વસ્તુ વગર ન ચાલે એવું ન રાખવું. તપાસે, વિચાર કરે તો ખબર પડે કે મને આ ખાળે છે. પોતાનો વિચાર કરે તો ખબર પડે. બીજાની તો ખબર ન પડે. કપડાને ડાઘ પડ્યો હોય તો તે ખરાબ લાગે છે, પણ આત્મા મેલો થાય છે એ ખરાબ લાગતું નથી.

ટૂંકામાં કૃપાળુદેવે કેટલું બધું કહી દીધું! જીવને કલ્યાણ કરવું હોય તો શું કરવું, તે કહે છે. પોતાની શક્તિ ગોપવવી નહીં; પરમાર્થના કામમાં, બંધન ઉકેલવામાં વાપરવી. છૂટવું છે, ફરી ન જ જન્મવું, હવે આત્માનો ઉદ્ધાર કરવો છે, એ લક્ષ રાખીને જેટલી શક્તિ હોય તેટલો પુરુષાર્થ કરવો. લોક મૂકે પોક. મારા આત્માનું કરવા દે. લોકોમાં સારું દેખાશે, ખોટું દેખાશે એમ ન કરતાં મારો હવે છેલ્લો દિવસ રહ્યો છે; માટે મારે આત્માનું કામ કરી લેવું, એવું કરવાનું છે.

લોકો વખાણે પણ તેથી શું? જીવને કાંઈ એવું કેવળજ્ઞાન જેવું જ્ઞાન પ્રગટ્યું નથી એટલે

'હું કંઈ જાણતો નથી' એમ કરી પુરુષાર્થ કરવો. જેમ મહાવીર સ્વામી કેવળજ્ઞાન થતાં સુધી જંપ્યા નહીં, તેમ પુરુષાર્થ કરવાનો છે. પોતે પોતાને સમજાવી જ્ઞાન, દર્શન, ચારિત્રના વિચારો આવે એ માટે રાતદિવસ ફિકર ચિંતા કરવાની છે. આત્મા પર આવરણ વધે નહીં પણ ટળે એ જ કરવાનું છે. એવું ક્યારે થાય? અંતરપરિણતિ પર વૃત્તિ થાય તો થાય. જ્ઞાનીપુરુષ કહે છે તેમાં એક ઘડીવાર પણ ચિત્ત રાખતો નથી. ખરું કામ તો મનુષ્યભવમાં આત્માની નિર્મળતા કરવાનું છે, તે મૂકી બીજામાં ડહાપણ કરે છે. તે મૂકી પોતાનું કરવું. સમયે સમયે શું થાય છે, તેની તપાસ રાખવી. રાતદિવસ જ્ઞાન દર્શન ચારિત્રમાં વૃત્તિ જાય એવું કરવું. એને માટે સત્સંગ જોઈએ. સત્સંગ ન હોય તો સત્શાસ્ત્ર જોઈએ. સરળતા, જ્ઞાની પ્રત્યે બહુમાનપણું, અપૂર્વતા હોય તો શાસ્ત્ર એને પરિણામ પામે. પોતાના દોષ ન જુએ ત્યાં સુધી જીવ ઠગાય છે. સરળતા હોય નહીં અને શાસ્ત્ર વાંચે તો લોકો તો કહે કે અહો! આ તો આખો દિવસ વાંચ વાંચ કરે છે; તેથી એ માનમાં ચઢી જાય. જ્ઞાનીપુરુષ કહે તેવું, જીવને દંભ વગેરે ન હોય તો ઠેઠ સુધી પહોંચે. ઇન્દ્રિયોનો જય હોય તો સત્શાસ્ત્ર પરિણમે. ઇન્દ્રિયોના જય સહિત સત્શાસ્ત્ર વાંચવું. પોતાને કંઈ યોગ્યતા હોય ને સત્સંગ કરે, સત્શાસ્ત્ર વાંચે તો ઉપર કહેલો પુરુષાર્થ થાય.

''સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી.'' (૫૬૯) સત્સંગથી જીવને દૃઢતા થાય છે. એને ગવેષી ઉપાસવો. જેને સત્સંગને ઉપાસવો હોય તેણે સંસારને ઉપાસવાનો ભાવ છોડી દેવો. એવી રીતે સત્સંગને ઉપાસ્યો હોય તેમાં કંઈ જ્ઞાનીની આજ્ઞા થઈ હોય તે આજ્ઞા ઉપાસે તો એ ગમે ત્યાં હોય, પણ આજ્ઞાને ઉપાસે તો સત્સંગને જ ઉપાસે છે અને સત્સંગને ઉપાસે છે તે આત્માને ઉપાસે છે. એ બધાં શાસ્ત્રોનો સાર કહ્યો છે. સત્સંગનું માહાત્મ્ય કૃપાળુદેવે કેટલું કહ્યું છે! સત્સંગે જે કરવાનું હોય તેની પકડ થવી જોઈએ. લૌકિક અભિનિવેશ છોડી જેટલું બળ હોય તેટલું જ્ઞાન દર્શન ચારિત્રમાં વાપરવું.

એ લૌકિક અભિનિવેશ શું હશે, તે મુમુક્ષુને સમજાય નહીં, તેથી લખે છે. જ્યાં સુધી એનું ચિત્ત લોકો જેને ઇચ્છે છે તેમાં ચોંટે ત્યાં સુધી પોતાના વિચાર ક્યાંથી આવે? મન તો બીજામાં રોકાય, તો પુરુષાર્થ ક્યાંથી કરવાનો મળે? પોતાના કુળના વિચારો આવતા હોય તો પરમાર્થના વિચારોને આવરણ આવે છે. જાતિનો મોહ રહ્યા કરતો હોય તો પોતાના ગુણો પ્રગટે નહીં. પોતાનું વિશેષત્વ એટલે બીજાથી હું ઊંચો છું એમ માનવું તે. જ્ઞાની કહે તોય એ વાત ન છોડે, તો ગુણ કેમ પ્રગટે? કુળધર્મ સજ્જડ થાય તેમ કરે તો એને ગુણ ક્યાંથી પ્રગટે? બધાને ઓળંગી ગયા ત્યારે અપૂર્વદશાને પામ્યા.

''જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે; અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય.'' (૪૯૩)

ભક્તિ એની સાચી હોય તો જ્ઞાની પ્રત્યે દૃષ્ટિ જાય અને જ્ઞાનીના અપૂર્વ ગુણ દેખાય, તેથી

એનો સ્વચ્છંદ રોકાય અને તેથી એને અપૂર્વ ગુણ પ્રગટે. એ ભક્તિ તો ન હોય અને લૌકિક અભિનિવેશની ભક્તિ હોય તો અપૂર્વ ગુણ કેમ પ્રગટે? એ ન પ્રગટે.

જેને કંઈ આત્માનું કામ કરવું હોય તેને આ શિખામણ લખી છે. કૃપાળુદેવ લખે છે કે જેમ જેમ તમારી જિજ્ઞાસા વધશે તેમ તેમ કોઈ વખતે લખીશું. વિસ્તારથી પત્ર લખવાની વિનંતિ હતી તેથી વધારે લખ્યું છે, તે ખેંચ કરી લખ્યું છે. એ જીવને કંઈ વૈરાગ્ય છે એમ જાણી આ બધું લખ્યું છે.

**[વ૦ ૬૭૮]** (રાતના સભામાં) ૪૫૪ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– બધાં જ્ઞાનીપુરુષને સરખાં પ્રારબ્ધ હોતાં નથી. કોઈને તો ત્યાગનો ઉદય હોય છે, તેથી બોલવું-ચાલવું, બીજા સાથે કરતા નથી. સંસારમાં રાગદ્વેષ જ હોય છે. આખો દિવસ રાગદ્વેષમાં જ ચિત્ત હોય છે. સમભાવ રાખવો બહુ મુશ્કેલ છે. જ્ઞાની હોય તેમને સમતા રહે છે, પણ વ્યવહારમાં રહે તો બધું કરવું પડે છે. માટે જ્ઞાનીએ ત્યાગ ઉપદેશ્યો છે. વ્યવહારમાં રહી સમભાવ ટકાવવો બહુ મુશ્કેલ છે. જેને છૂટવું હોય તેને સમતા લાવ્યા વિના છૂટકો નથી. મુમુક્ષુતા આવ્યા પછી પણ એ જ લક્ષ રાખવાનો છે, રાગદ્વેષ રહિત થવાનું છે. કૃપાળુદેવ સમભાવ રાખી શકે છે, તે જોઈને કૃપાળુદેવને પણ પોતાને આશ્ચર્ય લાગે છે. મુનિઓને તો બાવીશ પરિષહ કહ્યા છે, પણ સંસારમાં તો કેટલાય પરિષહ હોય, ત્યાં સમભાવ રહેવો મુશ્કેલ છે.

જ્ઞાની જેમ વર્તે છે તે દશા પ્રાપ્ત કરવી છે, એમ લક્ષ રાખી વર્તે તો એના પરિણામ ફરી જ્ઞાની જેવી દશા થાય. જ્ઞાની સમભાવ રાખે છે. એ સમભાવ મારાથી પણ રહી શકે છે એવો નિશ્ચય કરીને પછી એવી પરિણતિ રાગદ્વેષ ટાળવાની કરે, સમભાવ ભણી વર્તે, સમભાવ ન રહેતો હોય તો એની ભાવના કરે તો થાય. દરેક મુમુક્ષુએ એ કરવાનું છે. જ્ઞાનીપુરુષને અવલંબને અવલંબને રાગદ્વેષ ઓછા કરવાની જરૂર છે.

**[વ૦ ૬૭૮]** (રાતના સભામાં) ૪૫૫ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ૐ શાને કહેતા હશે? પાંચે પરમેષ્ઠીનું ટૂંકુ રૂપ તે ૐ છે. બધાયનો સાર 'સહજાત્મસ્વરૂપ' છે. આત્માને સંભારી બધું લખે છે.

આ સંસારના વ્યવહારનું સ્વરૂપ એવું છે કે એમાં હર્ષ-શોક થતાં વાર ન લાગે. જેમ દરિયામાં મોજાં આડાઅવળી થયાં જ કરે છે, તેમ સંસારમાં હર્ષ-શોક થયા જ કરે છે; એવો સંસાર છે. એક તો પોતાની વૃત્તિ ચંચળ છે અને બીજાં નિમિત્તો એવાં છે. એકલો બેઠો હોય તોય ખાવાપીવાના, સૂંઘવાના, સાંભળવાના, સ્પર્શ કરવાના એમ બધા આડાઅવળી વિચાર કરે. એવા સંસારમાં જે સમદશાથી રહ્યા છે, તેને ધન્ય છે. બીજાને માટે પણ જીવને હર્ષ-શોક થયા કરે છે. સંસારના પ્રસંગો એવા છે કે હર્ષ-શોક, સારું-ખોટું થયા જ કરે છે. જ્ઞાનીને જડ તે જડ ને ચેતન તે ચેતન લાગે છે; તેથી હર્ષ-શોક ન થાય. ઇષ્ટઅનિષ્ટપણું કરતાં કર્મ બંધાય છે. એવા સંસારમાં જે સમભાવ રાખીને ચાલે છે, તેમને ધન્ય છે. આત્મા ભણી દૃષ્ટિ થાય તો સમભાવ થાય; નહીં તો રાગદ્વેષ થયા વિના રહે નહીં.

''સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.' જેમ જ્ઞાનીપુરુષ વર્તે છે તેમ જ આપણે

કરવું છે; તે જ કરવું છે. જ્ઞાનીની દૃષ્ટિ જેને થાય તેને એ દૃષ્ટિ થાય. દ્રવ્યદૃષ્ટિથી વસ્તુ સ્થિર છે, પર્યાયદૃષ્ટિથી અસ્થિર છે. આ સંસારમાં બધે હર્ષ-શોક દેખાય છે.

લખનાર અને જેના પર પત્ર લખ્યો છે તે બેય જુદે જુદે સ્થળે છે. મુંબઈને મોહમયી સ્થળ કહ્યું. તેમાં કૃપાળુદેવ જાણે લેવા કે દેવા ન હોય તેમ હર્ષ-શોકરહિત રહ્યા હતા. ખરી ભક્તિ જ્ઞાનીની દશાનો વિચાર કરવો એ છે. ક્રમે ક્રમે જ્ઞાનીની દશામાં પહોંચવું છે એ લક્ષ રાખવાનો છે.

મુમુક્ષુએ શું કરવા જેવું છે, તે કૃપાળુદેવે પત્રોમાં કહ્યું છે. આપણે ચીવટ રાખીને જરૂર સાંભળવું. દૃષ્ટિ ન ફરે ત્યાં સુધી કલ્યાણ થવાનું નથી. જ્ઞાનીની અપૂર્વતા લાગવી જોઈએ. આત્મસિદ્ધિ જેવી તેવી છે? અક્ષરે અક્ષરે લબ્ધિ પ્રગટે એવું છે, તે આ જીવ ઊંઘતો ઊંઘતો, બીજા વિચારો કરતો કરતો બોલે છે.

**[વ૦ ૬૭૯]** (રાતના સભામાં) ૪૫૬ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– (૧) નિરાવરણજ્ઞાન હોય તેને આત્મા આત્મારૂપે પરિણમે, પણ જ્યાં સુધી આવરણ હોય ત્યાં સુધી પોતે પોતાપણે પરિણમે નહીં. જે જ્ઞાનમાં દેહાધ્યાસ મટ્યો છે, અહંભાવ મમત્વભાવ મટ્યા છે, ઉપયોગ આત્મામાં રહે છે તે નિરાવરણજ્ઞાન છે. ઉપયોગ બીજામાં જાય ત્યાં પોતાપણે પરિણમે નહીં. નિરાવરણજ્ઞાનમાં દેહાધ્યાસ નથી. કૃપાળુદેવે લખ્યું છે કે ''અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ.'' (૨૫૫)

(૨) પોપટ હોય તેય રામ કહે અને તુલસીદાસ પણ રામ કહે. શબ્દ તો એક જ છે, પણ એમાં આભ-જમીનનો ફેર છે. સાંભળનારને પોપટ કહે કે રામ, પણ પોપટને કંઈ ન લાગે. રામ કહેતાં કંઈ રામ ફળ હશે કે દ્રાક્ષ હશે એની બલા જાણે. પણ તુલસીદાસ કહે કે રામ, તો તેનો આત્મા ફરે. આશયમાં ફેર છે. ''પોપટની બલા જાણે કે રામ તે દાડમ કે દ્રાક્ષ'' (મો.શિ.પાઠ ૨૬) અને તુલસીદાસને પ્રાણ જેવું રામ નામ લાગે. બેયના આશયમાં ભેદ હોય છે. દેખાય છે તો એક જ પ્રકારના. એક તો કોઈ 'હે પ્રભુ' બોલતો હોય અને એક ગ્રામોફોનમાં બોલાતું હોય તેમાં ફેર છે. જ્ઞાનીનાં વચનો છે. એ જ્ઞાની પ્રત્યે જેને પ્રેમ છે તેને વચન પ્રત્યે પ્રેમ હોય. પણ કોઈ માનથી બોલતો હોય તો તીવ્ર મુમુક્ષુને સમજાઈ જાય કે આ જ્ઞાનીની વાણી નથી. એની એ વાત જ્ઞાની રોજ કહેતા હોય તોય એ નવું ને નવું લાગે. પ્રભુશ્રીજી જડ ને ચેતન, જડ ને ચેતન એ બેની વાત રોજ કહેતા. કોઈ પૂછતા કે વારંવાર એનું એ શું કહો છો? પ્રભુશ્રીજી કહેતા કે એ જ છે; બીજું નથી, એટલે શું કહીએ? આશય સમજી શકે એવા જીવો જ્ઞાનીને ઓળખી શકે. જ્ઞાની-અજ્ઞાનીનો ભેદ સમજાવો બહુ મુશ્કેલ છે.

(૩) અભયકુમારને રાત્રે સ્વપ્નું આવ્યું કે પાંચસો હાથી છે. તેનો નાયક એક ભૂંડ છે. પછી સવાર થઈ ત્યારે પાંચસો મુનિઓ અને તેઓનો નાયક એક આચાર્ય તે ત્યાં આવ્યા. અભયકુમારે તેમને જોયા. જોતાં જ એને તે સ્વપ્નું યાદ આવ્યું કે સાચી વાત છે. આ પાંચસો મુનિઓ ભવ્ય છે અને તેઓનો નાયક આ આચાર્ય છે તે અભવ્ય લાગે છે, માટે પરીક્ષા કરવી. એમ કરી તે ઘેર આવ્યા. પછી કોલસા મંગાવીને નોકરોને કહ્યું કે નાનાં નાનાં જીવડાં હોય તેવા કટકા કરી જ્યાં

મુનિઓ ઊતર્યા છે ત્યાં આગળ બહાર દિવસ આથમતી વખતે પાથરી આવો. જે ભવ્ય હશે તેને આ જીવાત જેવું લાગશે તેથી બહાર ચાલશે નહીં. પછી નોકરો તે પાથરી આવ્યા અને એક નોકર, ઉપાશ્રયના બારણા આગળ બેસાડી રાખ્યો કે કોણ બહાર આવીને ચાલે છે તે જોજે. પછી રાત્રે મુનિઓ ઊઠીને બહાર લઘુશંકા માટે જવા મંડ્યા પણ જીવાત લાગવાથી પાછા ફર્યા. પણ જે આચાર્ય હતા તે તો બરડ બરડ લાગતું હતું છતાં રાત્રે કોણ દેખનાર છે? એમ કરી ચાલ્યા ગયા. પછી તે વાત અભયકુમારે જાણી. બધા મુનિઓને કહી દીધું કે તમે બધા મોક્ષને માટે વિચાર કરીને કરજો, એમ ચેતવ્યા.

(૪) પરીક્ષામાં એવી જેની શક્તિ હોય, તે જ એટલે તીવ્ર મુમુક્ષુ હોય, તે જ ઓળખી શકે. સાંભળનારને જ્ઞાનીપુરુષનાં વચનથી જાગૃતિ આવે. એનાં વચનો સાંભળતાં આત્મા કંપી ઊઠે. એ વચનોથી જીવને વિચારણા જાગે કે 'હું શું કરું છું?' હું તો બીજું કરું છું અને આ જ્ઞાની તો બીજું કહે છે.

(૫) સત્ છે તે કલ્પનાથી પર છે. જ્યાં સુધી કલ્પના છે ત્યાં સુધી સત્‌નો સ્પર્શ થયો નથી. જ્ઞાનીપુરુષથી અજ્ઞાનીની વાણી છાની રહેતી નથી. ખુલ્લી પડી જાય. બધું હોય પણ શ્રદ્ધાની ખામી હોય તો બધું કંઈ કામનું નથી. પછી ઉપરથી ગમે તેવું હોય પણ શ્રદ્ધા ન હોય તો કાગળના ફૂલો જેવું છે. એ ફૂલો સારાં દેખાય પણ સુગંધ રહિત છે, તેથી કંઈ કામનાં નથી. તેમ શ્રદ્ધા વિના બહારથી ગમે તેટલું હોય, પણ કંઈ કામનું નથી. જ્ઞાનીનાં વચનોની પરીક્ષા કરવાનું જેને બળ સ્થિર થયું છે, તે શુષ્કજ્ઞાનીની વાણીથી ભૂલો ન પડે.

(૭) મતિજ્ઞાન એટલે પાંચ ઇન્દ્રિય અને મનથી જ્ઞાન થાય તે. એના ઉપર વિશેષ વિચાર તે શ્રુતજ્ઞાન છે. એ બેય જ્ઞાન દરેક જીવોને ઓછાવત્તા પ્રમાણમાં હોય છે. એ સમ્યક્ત્વસહિત ન હોય ત્યાં સુધી મિથ્યાજ્ઞાન છે અથવા કુજ્ઞાન છે અને અવધિજ્ઞાન પણ સમ્યક્ત્વરહિત હોય તો તે વિભંગ છે. સમ્યક્ત્વસહિત હોય તો અવધિજ્ઞાન કહેવાય, નહીં તો કુઅવધિ કે વિભંગ કહેવાય; અને મનઃપર્યવજ્ઞાન તો સમ્યક્ત્વ વિના થાય જ નહીં. અવધિજ્ઞાન આત્માથી સીધી રીતે રૂપી પદાર્થને જાણે છે. એનો સંબંધ રૂપી પદાર્થથી જ છે. કેવળજ્ઞાન, મતિ અને શ્રુત એ બે જ્ઞાન હોય તોય થાય છે. બીજાં જ્ઞાન વિશેષ નિર્મળતા થાય તો થાય છે, પણ મતિ, શ્રુત એ બે જ્ઞાનથી કેવળજ્ઞાન થાય છે. અવધિ, મનઃપર્યવજ્ઞાન ચારિત્રની વિશુદ્ધતાથી પ્રગટે છે. અવધિજ્ઞાન બે પ્રકારે છે. ૧. ભવપ્રત્યય એટલે નારકી અને દેવોને જન્મતાં જ થાય છે અને ૨. ગુણપ્રત્યય તે પુરુષાર્થે થાય છે. તે મનુષ્યને અને તિર્યંચને થાય છે. આ કાળમાં એટલી સ્થિરતા થવી મુશ્કેલ છે. તેથી એ જ્ઞાન દેખાતાં નથી. સામાન્ય સ્થિરતા એટલે આત્મજ્ઞાન હોય તે પ્રમાણે સ્થિરતા કરવી. તે પણ દુર્લભ છે. તો પછી વિશેષ તો ક્યાંથી થાય? એટલે મનને રોકવું, સ્થિર કરવું દુર્લભ છે. સમ્યક્દૃષ્ટિ હોય અને વ્રત વગેરેના નિયમમાં વધારે પ્રવર્તતા હોય તે સામાન્ય ચારિત્રી જીવો છે.

(૮) [૧]ગૌતમ સ્વામીએ આનંદ શ્રાવકને કહ્યું કે તમને પહેલું દેવલોક જણાય છે, એટલી

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૮૦.

નિર્મળતા શ્રાવકની ન હોય. પણ ભગવાન પાસે ગયા ત્યારે ભગવાને કહ્યું કે ક્ષમા માંગી આવો, એનું કહેવું બરાબર છે. એમનું આયુષ્ય હવે થોડું જ રહ્યું છે. સામાન્યપણે એટલું જ્ઞાન ગૃહસ્થને ન હોય, પણ એ તો ગૃહસ્થ છતાં એનું ચિત્ત ભગવાનમાં જ હતું. પરિગ્રહ છોડતાં છોડતાં એટલું છોડ્યું કે પૌષધશાળામાં જઈને બેસી ગયા. આત્માની ઋદ્ધિ તો અનંત છે. કેવળજ્ઞાન એમાં પ્રગટે છે તો પછી અવધિ, મનઃપર્યવ હોય એમાં નવાઈ શી? પરમાર્થ ન સમજાય તેથી જીવો વ્યાખ્યા બીજા પ્રકારે કરે. શાસ્ત્રો પણ જ્ઞાની દ્વારા સમજવાનાં કહ્યાં છે. પોતાની કલ્પનાથી ન સમજાય. કલ્પના થાય.

(૯) કાળના અસંખ્યાત અણુઓ છે. નાનામાં નાનો કાળ સમય છે, જે જ્ઞાનીએ કહ્યો છે તે કેવળી જાણે છે. એમ પુદ્ગલનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ પરમાણુ કહેવાય છે. અરૂપી પદાર્થોમાં જે આત્મા છે તે અત્યારે દેહ પ્રમાણ છે, પણ વધારેમાં વધારે વ્યાપે તો આખા લોકમાં વ્યાપે તેટલો અસંખ્ય પ્રદેશવાળો છે. પ્રભુશ્રીજી કહેતા કે કેટલીય વાર જીવ નરકમાં ગયો, પણ એક પ્રદેશ પણ ઘસાયો નથી. એ વાત કષાય ક્ષય થયા વગર સમજાય નહીં, નહીં તો એ તો કલ્પના છે એમ લાગે. આત્માની શક્તિને રોકનાર તે કષાય અને મિથ્યાત્વ છે.

(૧૦) જ્ઞાનીપુરુષને વચનો પરથી ખબર પડે છે કે આ જ્ઞાનીનાં વચનો છે.

(૧૧) ડુંગરશીને યથાર્થ વિચાર થવા એવા કેવળજ્ઞાન વગેરેના પ્રશ્નો પૂછતા. સર્વાર્થસિદ્ધિના દેવો છે, તે બધા અવધિજ્ઞાનથી તીર્થંકર ભગવાનના સમવસરણને ત્યાં રહ્યા રહ્યા દેખે છે, ઉપદેશ સાંભળે છે, પ્રશ્નો પુછે છે અને કેવળી ભગવાન તેમને ઉત્તર આપે છે.

(૧૨) જ્ઞાની અને જ્ઞાનીની વાણીનું ઓળખાણ જ્ઞાનીને થાય છે, એમ જે આગળ જણાવ્યું હતું તે માટે આ એક અભિપ્રાય આપ્યો કે સુંદર, કબીર વગેરે આત્માર્થી જીવો હતા. શુભેચ્છાથી ઊંચી ભૂમિકાવાળા હતા. તે વિષે વિશેષ હાલ જણાવવાનું નથી એમ લખે છે.

ખંભાતમાં કૃપાળુદેવ હતા તે વખતે ત્યાં એક સુંદરદાસનું પુસ્તક હતું. તે વિષે કૃપાળુદેવે કહ્યું કે સુંદરદાસનું પુસ્તક સુંદર છે, પણ એમાં ક્યાં ક્યાં ભૂલ છે, તે અમે જાણીએ છીએ.

[વ૦ ૬૭૯] (રાતના સભામાં) ૪૫૭ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– (૧) નિરાવરણજ્ઞાન કોને કહેવાય? તે કહે છે.

**છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.''**

દેહાધ્યાસ જે જ્ઞાનમાં છૂટી ગયો છે, અહંભાવ મમત્વભાવ એટલે સંકલ્પ-વિકલ્પ જેમાં મટ્યા છે અને સ્વભાવમાં ઉપયોગ પરિણમે છે તે નિરાવરણજ્ઞાન છે. જગતને જોવું ન જોવું એમાં સુખદુઃખનું કારણ નથી. મોહ મટે તો સાચું સુખ પ્રાપ્ત થાય. જેટલો મોહ મટ્યો હોય તેટલો સુખી છે. દેહાધ્યાસ જેટલો ગયો તેટલો સુખી છે. ગમે તેટલા પદાર્થોને જાણે છતાં 'હું ને મારું' એને થાય નહીં. જ્ઞાન ઓછું કે વધારે હોય, પણ એમાંથી વિભાવ નીકળી જાય તો સુખી થાય.

લોકાલોકને જાણે તે કેવળજ્ઞાન, તે વ્યવહારથી કહેવાય છે; અને પોતાના સ્વરૂપમાં પરિણમે તે કેવળજ્ઞાન છે એ નિશ્ચયનયથી છે. જે મૂળ વસ્તુને બતાવનાર છે તે નિશ્ચયનય છે. જડને જડ દ્વારા અને ચેતનને ચેતન દ્વારા જણાવે તે નિશ્ચયનય છે. નિશ્ચયનયથી કેવળજ્ઞાન—

**''કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.''**

લોકાલોકને જાણે છે એ પરની અપેક્ષાએ કહ્યું. તેથી એ વ્યવહારનયથી છે. આત્મા જ્ઞાનસ્વરૂપે પરિણમે છે, પણ ત્યાં અહંભાવ મમત્વભાવ ન થાય. ગમે તેટલા ભવ દેખાય પણ મારા ભવ છે એમ થાય નહીં.

''જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.'' (૭૭૯)

(૨) સોભાગભાઈએ પૂછેલું કે જ્ઞાની છે તે પણ ફાનસને ફાનસ જાણે, તેમ બીજા જીવો છે તે પણ જાણે. જેમ જ્ઞાની જાણે છે કે આ જ્ઞાની છે, તેમ અજ્ઞાની શા માટે ન જાણી શકે કે એ જ્ઞાની છે?

મુમુક્ષુનાં નેત્રો જ્ઞાનીને ઓળખે છે. જીવમાં મુમુક્ષુતા હોય તો જ્ઞાની ઓળખાય. સામાન્ય મુમુક્ષુ તો એમાં ભૂલો પડી જાય. જ્ઞાનીનાં વચનો બોલે તેથી એ ભૂલી જાય. અજ્ઞાનીને બાહ્ય વસ્તુ પર જ ખાસ બોલવું એવો જ લક્ષ હોય છે, અને જ્ઞાની ગમે તેવું અઘરું વચન બોલે તોયે આત્મા પર જાય છે અને પેલો તો બીજી વસ્તુમાં તણાઈ જાય કે ફલાણાને એમ કહું અને એને આ કહું. પ્રભુશ્રીજી કહેતા કે કૃપાળુદેવ પાસેથી સાંભળેલું કહીએ છીએ. અમારે ઘરનું કહેવું નથી. અજ્ઞાનીના વચનમાં જે અહંભાવ મમત્વભાવ હોય છે તેની બીજાને ખબર ન પડે, પણ જ્ઞાની જાણે કે આ ઉપર-ઉપરનું છે. જેને તીવ્ર મુમુક્ષુતા આવી છે અથવા જ્ઞાનીનો વિશેષ સમાગમ થયો છે તે છેતરાય નહીં, પ્રાયે છેતરાય નહીં; એમ કહ્યું છે.

(૩) જ્ઞાની ગમે તે શબ્દ કહેતા હોય તો પણ એમાં ત્યાગ વૈરાગ્ય છે, તે ઝળકી આવે છે અને પેલાનો તો કંઈ પાયો નથી. તેથી ક્યાંય બીજે ઢળી જાય તેની ખબર ન રહે. આમ કહીશું તો બરાબર ગોઠશે, એમ તેને હોય છે. પણ જ્ઞાનીની વાણી તો નિઃશંકપણે અનુભવ સહિત નીકળે છે. જેવું જાણ્યું, અનુભવ્યું તેવું જ એ કહે છે. જેણે આત્માને જાણ્યો છે તેને તો તરત ખબર પડે કે આ અનુભવની વાણી છે અને આ ઉપર-ઉપરની છે. પ્રભુશ્રીજી દૃષ્ટાંત આપતા કે ઘરમાં કોઈ માણસ મરી ગયું હોય તે વખતે એક તો ઘરનાં માણસો રડે અને તેના કરતાં વધારે બહારનાં બીજાં માણસો રડતાં હોય, છાતી-માથાં કૂટતાં હોય, ડૂસકાં ભરતાં રડતા હોય, તેમ છતાં એ બન્નેમાં ઘણો ભેદ હોય છે. તેમ જ્ઞાનીની વાણીમાં ડોળ હોતો નથી. એમને આત્માની સાથે સંબંધ છે.

(૪) જ્ઞાનીને જીવોનું કલ્યાણ કેમ થાય તેવા શબ્દો સહેજે સ્ફૂરી આવે છે. બીજાના શબ્દો આત્માના લક્ષવાળા છે કે નહીં, તે જ્ઞાની ઓળખી જાય. એટલી દશા જોઈએ. એમાં આખું જગત ઠગાય છે.

(૫) અજ્ઞાનદશા અને જ્ઞાનદશા શું છે, તેનો જેને અંતરમાં ભેદ પડ્યો છે તેને જ્ઞાની અને અજ્ઞાનીનો ભેદ સહેજે સમજાય છે. એ આત્મા સંબંધી શું કહે છે કે નથી કહેતો? એવો લક્ષ તેને હોય છે. અજ્ઞાનદશામાં દેહાદિમાં જે જે મોહ હતો, પણ 'હું દેહથી ભિન્ન છું' એમ થતાં એ મોહ જેનો વિરામ પામ્યો છે, તેને શુષ્કજ્ઞાનીના વચન ભ્રાંતિ ન કરે. ઉત્કૃષ્ટ મુમુક્ષુ ન છેતરાય, મધ્યમ દશાનો મુમુક્ષુ છેતરાઈ જાય. આત્માર્થ તરફ જેનો લક્ષ થયો હોય, ત્યાગ વૈરાગ્ય વિશેષ હોય તેને બીજાં વચન ગમે નહીં. ઉત્કૃષ્ટ મુમુક્ષુને જ્ઞાનીનાં વચનોની પરીક્ષા કરી શકે એટલું બળ છે તેથી એ ભૂલો પડે નહીં. જ્ઞાનીની વાણીમાં ડોળ હોતો નથી. જ્ઞાનીના વચનો પરથી ઉત્કૃષ્ટ મુમુક્ષુ તેમની દશાને સમજી જાય છે.

(૬) જેને એવું શ્રુતજ્ઞાન વિશેષ છે, તે જ્ઞાનીની વાણીની પરીક્ષા કરી શકે છે. બધાય જ્ઞાનીને એમ જણાય એવું નથી. પણ પ્રજ્ઞાવંત હોય, સમ્યક્ત્વસહિત હોય તો બીજાની પરીક્ષા થાય. કૃપાળુદેવે ચિદાનંદજી સંબંધી 'સ્વરોદયજ્ઞાન'ની પ્રસ્તાવનામાં લખ્યું છે કે 'ચિદાનંદજી એ મધ્યમ અપ્રમત્તદશાના પુરુષ હતા.' જ્ઞાની નથી ઓળખાતા તેનું કારણ, ત્યાગ વૈરાગ્ય વિશેષ નથી. જગતવાસી જીવોમાં એટલી શક્તિ નથી કે આ જ્ઞાની છે કે અજ્ઞાની એ ઓળખી શકે, માટે પ્રભુશ્રીજી કહેતા કે આ જ્ઞાની, ફલાણા જ્ઞાની એમ ન કરીશ; કૃપાળુદેવને વળગી જા, મધ્યસ્થ રહેવું, નહીં તો ભૂલો પડીશ.

(૭) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન એ બધા ભેદ પાડ્યા છે તે ઉપમાવાચક હશે, એમ ડુંગરશીને લાગ્યું હશે, તે કૃપાળુદેવને લખ્યું હશે. તેના ઉત્તરરૂપે કૃપાળુદેવ લખે છે કે એવી યોગ્યતા જીવોમાં નથી તેથી એ નથી પ્રગટતાં; પણ જ્ઞાન છે, કલ્પિત નથી. એટલી સ્થિરતા થવી દુર્લભ છે. તેથી એવાં જ્ઞાન પ્રગટતાં નથી. ચારિત્રમોહ વિશેષ વિશેષ જીવોમાં હોય છે. વખતે કોઈ સમકિત પામે, પણ ચારિત્રમોહ મટાડવાવાળા જીવો દુર્લભ છે.

(૮) આત્મામાં સ્થિર રહેવું એ આ કાળમાં દુર્લભ છે. આત્માની સ્થિરતા ન હોય પણ સમકિત સહિત, ભગવાને કહ્યા પ્રમાણે વ્રત, સમિતિ પ્રમાણે વર્તે એવું ચારિત્ર પણ દુર્લભ છે. તો પછી ઉત્કૃષ્ટ તો ક્યાંથી હોય? દેખાતા નથી માટે જ્ઞાન નથી એમ નથી. આત્માનું અચિંત્ય માહાત્મ્ય છે. જેમ જેમ આવરણ ખસે તેમ તેમ જ્ઞાન પ્રગટે છે. કેવળજ્ઞાન પણ આત્માને પ્રગટે એવું છે, તો પછી બીજાં જ્ઞાન કેમ ન પ્રગટે?

(૯) શાસ્ત્રનો પરમાર્થ ન જાણતા હોય તે બધા કલ્પનાથી બાહ્ય વ્યાખ્યા કરે છે. જ્ઞાનીપુરુષ દ્વારા જાણે કે મનઃપર્યવજ્ઞાન કોને કહે છે? અવધિજ્ઞાન કોને કહે છે? એમ જો સમજે તો એને જ્ઞાન છે એમ લાગે. કાળ એવો છે કે અવધિ, મનઃપર્યવજ્ઞાન પ્રગટે એવી સ્થિરતા થવી દુર્લભ છે.

(૧૦) ત્રણ વસ્તુ કહે છે– પ્રદેશ, પરમાણુ અને સમય. એમાં સમય એ સૂક્ષ્મમાં સૂક્ષ્મ કાળ છે. એ જીવને સમજાવું બહુ મુશ્કેલ છે. જીવનો ઉપયોગ અસંખ્યાત સમયવર્તી છે, તેથી એક સમયનું જ્ઞાન ન થાય. એવી રીતે પરમાણુ પણ બહુ સૂક્ષ્મ છે. છે તો રૂપી, પણ આંખે દેખાય એવું નથી. કષાય દૂર થાય ત્યારે એ જણાય એવું છે અને પ્રદેશ છે તે અરૂપી પદાર્થનો નાનામાં નાનો

ભાગ છે. તે પણ ઉપયોગ અત્યંત નિર્મળ થયા વિના સમજી શકાય નહીં, જ્ઞાન થઈ શકે નહીં. કષાય દૂર થાય તો જ્ઞાન નિર્મળ થાય અને નિર્મળજ્ઞાન એક સમય, એક પ્રદેશ અને એક પરમાણુને જાણે છે. કષાય ગયા પછી કેવળજ્ઞાન થાય. મનઃપર્યવ અને અવધિ બેયનો વિષય પુદ્‌ગલ પદાર્થ છે, પણ અવધિથી મનઃપર્યવમાં વિશુદ્ધિ વિશેષ છે. જીવ કષાયરહિત થાય એ માટે કહ્યું છે કે જ્યાં સુધી એક પ્રદેશ, એક પરમાણુ અને એક સમયનું જ્ઞાન ન થાય ત્યાં સુધી કષાય છે. કષાય જેમ જેમ મંદ કરે તેમ તેમ ઉપયોગ સૂક્ષ્મ થતો જાય.

(૧૧) શુભેચ્છાથી માંડીને અયોગી સુધી– આઠે કર્મથી મુક્ત થાય; મન, વચન, કાયા અલગ થાય ત્યાં સુધીમાં અનેક ભૂમિકાઓ છે, ચૌદ ગુણસ્થાન વગેરે.

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

એ આત્માર્થીનાં લક્ષણ કહ્યાં. એવા એ કવિ સુંદરદાસ વગેરે સાધુ પુરુષો હતા. આત્માર્થનો જ એમને લક્ષ હતો. એમના વચનો પરથી અત્યંત આત્મસ્થિતિ થાય એવો એ પુરુષાર્થ કરતા હતા એમ જણાય છે. શુભેચ્છાથી ઊંચી ભૂમિકામાં એ હતા.

**[વ૦ ૬૭૯]** (રાતના સભામાં) ૪૫૮ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કેવળજ્ઞાન સંબંધી વિચાર કરવા યોગ્ય છે, ભાવના કરવા યોગ્ય છે. "પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ", "આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે" એ મંત્ર બોલીએ છીએ તે વખતે જો એ વિચાર, ભાવના થાય તો જીવને સ્વરૂપ પ્રત્યે રુચિ થાય. આ જ કેવળજ્ઞાન છે એમ માની ન લેવું. શ્રી ડુંગરને એમ રહે છે કે તીર્થંકરની સભામાં બધા કેવળીની જેવી દશાવાળા છે. કેવળજ્ઞાન સુધી પહોંચે તો કેવળજ્ઞાન સમજાય. લોકાલોકને જાણે તે કેવળજ્ઞાન નિશ્ચયથી નથી, પણ સ્વરૂપમાં નિરંતર રહેવાય તે કેવળજ્ઞાન છે. અવધિ, મનઃપર્યવ વગેરે કલ્પિત નથી. અત્યારે એ જ્ઞાનવાળા દેખાતા નથી, તેથી એ જ્ઞાન નથી એમ ન કહેવું. એટલી સ્થિરતા આ કાળમાં થતી નથી, તેથી એ દેખાતાં નથી. કેવળજ્ઞાન થાય એટલું ચારિત્ર આ કાળમાં દેખાતું નથી. જે લોકોએ શાસ્ત્રો જાણ્યાં નથી, માત્ર મોઢે શબ્દોથી કેવળજ્ઞાનની વ્યાખ્યા કરતા હોય તે યથાર્થ લાગે તો તે બરાબર નથી. કેવળજ્ઞાન– ભૂત-ભાવિ જાણે છે, તેથી છે એમ કહેવું એ કેવળજ્ઞાનની વ્યાખ્યા નથી. ભૂત, ભવિષ્યને મનઃપર્યવ, અવધિ પણ જાણે છે. એ તો જોષી પણ જાણી શકે. નિરાવરણજ્ઞાન, જ્ઞાનાવરણ ક્ષય થાય ત્યારે કેવળજ્ઞાન થાય છે. પછી એનો ઉપયોગ ચંચળ ન રહે; આત્મામાં સ્થિર રહે. કેવળજ્ઞાન કહે કે આત્મસમાધિ કહે, લોકોને તો બન્ને સરખું છે. તેથી કેવળજ્ઞાનને લોકાલોકને જાણનાર કહ્યું. કેવળજ્ઞાન મહાવીરસ્વામીને થયું અને બીજા જીવોને એમની આજ્ઞા આરાધતાં કેવળજ્ઞાન થયું છે, તો તે ઠીક છે. કેવળજ્ઞાન સંબંધી આ બધી વિચારણા શ્રી ડુંગરને કરવાનું કૃપાળુદેવે લખ્યું છે. લોકો વિચાર કરે છે તેમાં અને એક જે કેવળજ્ઞાન છે તેમાં, ઘણી વિપરિતતા છે એમ જો ડુંગરને લાગતું હોય તો તે ઠીક છે. કેવળજ્ઞાન એટલે ત્રણે કાળનું જ્ઞાન એમ લોકો વ્યાખ્યા કરે છે. એ લોકોની વ્યાખ્યામાં ઘણા વિરોધો કૃપાળુદેવને લાગે છે.

વિરોધ જણાય છે તેનું સમાધાન નીચે લખે છે–

કેવળજ્ઞાન એટલે આત્મા અત્યંત શુદ્ધ અવસ્થાને ભજે તે. લોકાલોકને જાણવાનો જે કેવળજ્ઞાનનો આશય છે, તેમાં પરવસ્તુ પર લક્ષ કરાય છે અને નિર્મળ આત્મા કરવો હોય તો રાગદ્વેષ રહિત થઈ રહેવું તે કેવળજ્ઞાન છે. એ વ્યાખ્યા પુરુષાર્થ પ્રેરક છે. પોતાની નિર્મળતા એ જ સાધ્ય છે. જગતનું જ્ઞાન એ લક્ષ રાખવા યોગ્ય નથી. એ થશે તો બધું દેખાશે. કેવળજ્ઞાન છે તે કલ્પિત છે એમ નથી. કેવળજ્ઞાનનું માહાત્મ્ય બાહ્ય વસ્તુઓથી થાય તે કરતાં–

**''કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.''**

એવી વ્યાખ્યા કરે તો પોતાને વિશેષ જ્ઞાન થાય. રાગદ્વેષ ઘટાડવાનો પુરુષાર્થ જીવ કરે એ માટે કેવળજ્ઞાન કહ્યું છે. ખરો પુરુષાર્થ એ છે. પરવસ્તુનો અધ્યાસ થઈ ગયો છે તે ટાળે અને આત્મા નિર્મળ થાય તો પછી આગળ શું છે, તે એને સમજાય. જ્ઞાની કેવળજ્ઞાન શાને કહે છે, તે એને પછી સમજાય.

'કેવળકોટી' સંબંધી જે વિચારો શ્રી ડુંગરે કર્યા છે તેનો અભિનિવેશ ન થઈ જાય, તે માટે વિચારવા લખ્યું છે.

[વ૦ ૬૮૦] ૪૫૯ શ્રી રાજમંદિર આહોર, ફાગણ સુદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ચૈત્ર સુદ ૧૩ ને દિવસે કૃપાળુદેવે પોતાની વિચારણા લખી છે કે એક મોક્ષની અભિલાષા હતી, તે પણ દશા વધતાં રહી નથી.

''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'' અખંડ સ્વરૂપમાં રમણતા તે મોક્ષ છે. શ્રી આનંદઘનજી, સુમતિનાથ ભગવાનના સ્તવનમાં– એક બાહ્ય આત્મા, બીજો અંતરાત્મા અને ત્રીજો પરમાત્મા એમ ત્રણ આત્માનું સ્વરૂપ સમજાવે છે. પરમાત્મદશા પ્રાપ્ત થઈ છે તેથી મોક્ષની ઇચ્છા પણ છૂટી ગઈ છે. પરમાત્મા અને પોતામાં ભેદ ન રહ્યો. અંતરાત્મા, પરમાત્માસ્વરૂપની ભાવના કરતાં પરમાત્મા થાય છે, અભેદ થઈ જાય છે. ઇયળ જેમ ભમરીનું ધ્યાન કરતાં ભમરી થઈ જાય છે તેમ. અજ્ઞાની જીવો મોક્ષમાર્ગથી વિરુદ્ધ વર્તે છે અને માને છે કે અમે મોક્ષમાર્ગમાં છીએ. એ જીવોની કૃપાળુદેવને કરુણા આવે છે. એવા જીવોનો મોક્ષ કેવી રીતે થાય!

**''કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;**
**માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ.''**

સત્પુરુષના યોગ વિના સીધે રસ્તે ચઢાય નહીં, માર્ગ હાથ ન આવે. જ્ઞાની દ્વારા સાચું સ્વરૂપ સમજાય એવું છે. કૃપાળુદેવ લખે છે કે આ જગતના જીવોને મોક્ષે જવાને માટે જેટલી સામગ્રી જોઈએ તે અમારી પાસે છે; આત્માની શાંતિ જોઈતી હોય તો અહીંથી મળશે. આધિ, વ્યાધિ, ઉપાધિ, જન્મ, જરા, મરણ એમાં જીવો બળી રહ્યા છે. સત્પુરુષના યોગે જીવને શાંતિ થાય છે. જેવી ભાવના કરશો તેવું મળશે.

કૃપાળુદેવ લખે છે કે મોક્ષ સિવાય પહેલાં પણ બીજી કોઈ અભિલાષા ન હતી, પણ દશા વધી, આત્મગુણ આવિર્ભાવ થયા ત્યારે તે અભિલાષા પણ મટી ગઈ. એ દશા આવ્યા પછી કૃપાળુદેવે 'આત્મસિદ્ધિ' લખી છે. મહાપુરુષોની દશા સમયે સમયે વર્ધમાન થાય છે.

**[વ૦ ૬૮૦]** (સવારના સભામાં) ૪૬૦ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ચૈત્ર સુદ ૧૩ને દિવસે મહાવીર ભગવાનનો જન્મદિવસ છે. તે દિવસે આ પત્ર લખ્યો છે. આ પત્રના ભાવો આત્મસિદ્ધિમાં આવે છે.

**"કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ,**
**માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ."**

સંસારથી ત્રાસ પામેલા એવા જીવો જ નથી. તારનાર છે, પણ તેવા જીવો નથી.

'સવિ જીવ કરું શાસનરસી, ઇસી ભાવદયા મન ઉલ્લસી.' (દે૦ સ્નાત્રપૂજા) એવું થાય છે, ત્યારે જિનનામકર્મ બંધાય છે. ત્રીજે ભવે એવી ભાવના કરે કે આ જીવો કર્મથી બળી રહ્યા છે, બચવા જતાં પાછા તેમાં જ પડે છે. 'તેઓને હું તારું' એવી ભાવના કરવાથી જિનનામકર્મ બંધાય છે.

મુમુક્ષુ જીવને મોક્ષ સિવાય બીજી અભિલાષા હોય નહીં. કૃપાળુદેવને મોક્ષની ઇચ્છા પણ નથી, કેમકે સ્વરૂપમાં સ્થિર રહેવાય છે એ જ મોક્ષ છે. "દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત." જે આત્મામાં રહે છે તેને મોક્ષ જ છે, તો પછી મોક્ષની ઇચ્છા કરવાની શી જરૂર છે? કંઈ નથી જોઈતું, એ જ પરમાનંદ છે. જીવો બળતામાં પેસી રહ્યા છે, તેથી કૃપાળુદેવને દયા આવે છે. આવી દશા પામીને આત્મસિદ્ધિ રચી છે.

**[વ૦ ૬૮૦]** (સવારના સભામાં) ૪૬૧ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– 'આત્મસિદ્ધિ' લખ્યા પહેલાં પોતાની કેવી દશા હતી, તે આ પત્રમાં જણાવી છે. આ ભવમાં એમણે કશું ઇચ્છ્યું નથી. મોક્ષની જ ઇચ્છા એનું નામ મુમુક્ષુતા કહેવાય.

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

એવા આત્માર્થી થયા ત્યારથી મોક્ષની રુચિ હતી. એ પણ છેવટે મૂકવાની છે. અખંડ સ્વરૂપ એટલે પરમાત્મસ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઇચ્છા ન રહી. " મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા" એ જ મોક્ષ છે. તેથી મોક્ષની ઇચ્છા જતી રહી. મહાવીર ભગવાનનો જન્મ દિવસ ચૈત્ર સુદ ૧૩નો છે. તે દિવસે કૃપાળુદેવે પ્રાર્થના કરી છે કે–

"જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરુપમાં રમણતા થવાથી મોક્ષની ઇચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો?"

એટલી બધી દશા થયા પછી આત્મસિદ્ધિ લખી છે. અખંડસ્વરૂપમાં રમણતા એટલી બધી થયા પછી આત્મસિદ્ધિ લખી છે. એથી એમાં મહાવીરનાં જ વચન છે. સહજસ્વભાવે

આત્મસિદ્ધિમાં કહેલું છે. ઠેઠ સુધી કામ આવે એવી છે. બધા પરથી મુકાવી આત્મા પર લાવી મૂકે એવી આત્મસિદ્ધિ છે.

મોક્ષ સિવાય કશું એમણે ઇચ્છ્યું નહીં અને અખંડસ્વરૂપમાં રમણતા થઈ ત્યારથી મોક્ષની ઇચ્છા પણ છૂટી ગઈ.

**"એહી નહિ હૈ કલ્પના, એહી નહીં વિભંગ;**
**કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ."**

'બિના નયન' લખ્યું તે વખતે લખ્યું કે એ કલ્પના નથી, પણ આ કાળમાં એ વસ્તુ પમાય છે. ભગવાનની ભક્તિ કરતાં પરાભક્તિ થવાથી ભગવાનથી ભિન્નતા હવે રહી નહીં. જેવા ભગવાન તેવું જ પોતાનું સ્વરૂપ, એવી જેને અભેદભાવના થઈ છે, તેને માંગવું કરવું હવે કશું રહ્યું નથી. આ દશા પ્રાપ્ત થઈ છે, પરમાનંદસ્વરૂપમાં રમણતા થઈ છે છતાં જગત પ્રત્યે દૃષ્ટિ દેતાં દયા આવે છે કે એટલા બધા મથી રહ્યા છે છતાં જીવો મોક્ષનો માર્ગ પામતા નથી.

**"કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;**
**માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ."**

મોક્ષમાર્ગ હાથ ન આવવાથી ક્યાંય જીવ રખડી પડે છે.

**"વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;**
**વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય."**

એટલે મોક્ષમાર્ગ ખુલ્લો કર્યો. હવે જવું હોય તો જાઓ. લોકો કલ્પનાથી મોક્ષ માને છે, તેથી ભટક્યા કરે છે. શું પ્રાપ્ત કરવું તેનો ખ્યાલ નથી અને કેમ પ્રાપ્ત કરવું તેનો પણ ખ્યાલ નથી. કોઈ તો નિશ્ચયનયનાં પુસ્તકો વાંચતાં આત્મસ્વરૂપ વિના કશું નથી, એમાં જ લીન થઈ ગયા. એમ આડાઅવળી પુરુષાર્થ જીવો કરે છે તે જોઈ જ્ઞાનીને દયા આવે છે કે પોતાની મેળે સ્વચ્છંદે તમે કરો છો, તેથી મોક્ષ નથી. કેટલાક યોગને સાધે છે. પ્રકાશ દેખાય તેથી રાજી થાય; પણ જ્ઞાનીપુરુષે એ કાઢી નાંખ્યું. સદ્ગુરુ વગર ઠેકાણું ન પડે.

**"વહ સાધન બાર અનંત કિયો,**
**તદપિ કછુ હાથ હજુ ન પર્યો.**
**અબ ક્યોં ન બિચારત હૈ મનસેં,**
**કછુ ઔર રહા ઉન સાધનસેં?**
**બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે."**

તનતોડ મહેનત, પુરુષાર્થ કરે છે તેમ છતાં મોક્ષમાર્ગને પામે નહીં; તે જોઈ જ્ઞાનીપુરુષને દયા આવે છે કે હવે પોતાનો સ્વચ્છંદ મૂકી સદ્ગુરુને શરણે આવે તો સારું.

વીર એટલે શું? નાની ઉંમરમાં એમણે લખ્યું કે "વદે રાયચંદ વીર." નામ તો ભગવાનનું વર્ધમાન છે, તો મહાવીર કેમ કહ્યા? એમણે બધાં ઘાતી કર્મો કાપી નાખ્યાં તેથી મહાવીર. કર્મની સાથે લડે તે વીર. વર્તમાનમાં વીર છે તેને ભૂલી, જે બે હજાર વર્ષ પહેલાં થયેલા વીર તેમને

શોધવા જાય છે. પણ તે ક્યાંથી દેખાય? ઠેકાણે ઠેકાણે કૃપાળુદેવે એ જ લખ્યું છે કે પ્રત્યક્ષ સદ્‌ગુરુ વિના કલ્યાણ ન થાય. એમને તો રડવું આવતું કે જીવો આટલો પુરુષાર્થ કરે છે છતાં કંઈ થતું નથી. જેટલું વીર્ય કમાવામાં, મોજશોખમાં વાપરે છે, તેટલું પરમાર્થમાં વાપરે તો સર્વ કર્મનો ક્ષય કરે. દુષમકાળમાં મોક્ષમાર્ગ પામવો બહુ દુર્લભ છે. આ કાળમાં તમે જન્મ્યા છો, તેમાં તમારાથી પોતાની મેળે તરાય નહીં. માટે આ હોડીમાં બેસી જાઓ એટલે તરી જશો એમ કૃપાળુદેવ કહે છે. કલ્યાણ કરવું હોય તો સાચું શરણું લેવું જોઈએ. હોડીનો એક છેડોય હાથમાં આવ્યો તો તરી જાય, ડૂબે નહીં.

આજ્ઞા એ ધર્મ છે. ''आणाए धम्मो, आणाए तवो ।'' એ આજ્ઞા પડી મૂકી સ્વચ્છંદે જીવ વર્તે છે, તો ક્યાંથી કલ્યાણ થાય? અમૃત પીવું હોય તો આવો. જેને ગરજ હોય તે આવે. સંસારથી ત્રાસ પામ્યા હો અને દુઃખ લાગ્યું હોય તો આ બાજુ આવો, એટલે અમૃત પીવડાવીએ. પરમાર્થ પર પ્રેમ હોય તો આવો. સંસારથી થાક્યા હો, સર્વ કર્મ ક્ષય કરવાં હોય તો આ બાજુ આવો તો અમૃત મળશે.

**''તનસેં, મનસેં, ધનસેં, સબસેં,**
**ગુરુદેવકી આન સ્વઆત્મ બસેં;**
**તબ કારજ સિદ્ધ બને અપનો,**
**રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો.''**

ગમે તેટલાં રોગ, વ્યાધિઓ થઈ હોય પણ એક ટીપું અમૃતનું મૂકે તો બધું દૂર થાય. એમની પાસે તો આખો સાગર છે. ખૂટે એવો નથી. માટે તમે આ બાજુ આવો. એ રસ્તો છે. કેવી દશા પ્રાપ્ત કરી છે! સંસારની બધી વિટંબણા એમણે દૂર કરી છે. એમની પાસે અમૃત છે માટે એમની પાસે જાઓ.

આત્માના સુખનું સ્વપ્નું પણ આ જીવને આવ્યું નથી. કૃપાળુદેવ કહે છે કે અમે અમૃતસાગર છીએ, તમે બળો છો, માટે અહીં આવો તો બધું ત્રિવિધ તાપ વગેરે મટી જશે. જેને કલ્યાણ કરવું છે તેને કલ્યાણ મળશે. દેવલોકમાં કલ્પવૃક્ષો છે, તે તો મોક્ષ ન આપે, પણ અમે તો મોક્ષના કલ્પવૃક્ષ છીએ. હે જીવો, અહીં આવો.

કૃપાળુદેવે કહ્યું, એક વખત ખાવાનું રાખવું, પણ ચતુરલાલજીને તો બે ત્રણ વખત ખાવા જોઈતું. કૃપાળુદેવ વસો ગયા હતા, તે વખતે ચતુરલાલજી મહારાજ ત્યાં હતા. ચતુરલાલજી માળા ફેરવતા હતા. કૃપાળુદેવે પૂછ્યું, 'શાની માળા ફેરવો છો? શું બોલો છો માળામાં?' ચતુરલાલજીએ કહ્યું, 'ખાઉં ખાઉં થાય છે.' તે વખતે ચતુરલાલજીએ કૃપાળુદેવને પૂછ્યું કે, 'હે ભગવાન! મને ખાઉં ખાઉં થાય છે અને અત્યારે મારો જો દેહ છૂટી જાય તો કેવી ગતિ થાય?' કૃપાળુદેવે કહ્યું, 'અમારી આજ્ઞામાં વર્તશો તો ગમે ત્યાંથી તમને તાણી લાવીશું, પણ જો આજ્ઞા મૂકી તો તમે જાણો.'

હે રામને ભજનારાઓ! રામને ભજવા હોય તો, અને હે મહાવીરને ભજનારાઓ! મહાવીરને ભજવા હોય તો અહીં આવો. જેને સાચી વસ્તુ જોઈતી હોય તે અહીં આવો. ક્ષણમાં રાગ, ક્ષણમાં દ્વેષ એવો સંસાર છે; પણ અમારામાં કશું ઊંચુ નીચું થતું નથી. જગત આખું સોનાનું થાય તો પણ

અમને તૃણ સમાન છે. રામ, વીર બધા પરમાર્થ સ્વરૂપમાં લીન થયા છે અને અમે પણ થયા છીએ, તેથી અમે જ રામ અને અમે જ મહાવીર છીએ આ કાળમાં; એમ બેધડક કહીએ છીએ. કોઈને એમ લાગે કે ભાવના કરતાં અભિમાનમાં ચઢી ગયા છે; પણ એમ નથી. પહેલેથી જ

**"યથા હેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે;**
**થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે."**

એ સિવાય બીજી સ્પૃહા એમને નહોતી અને એ સંપૂર્ણ સ્વરૂપ જેને પ્રગટ હોય તેનાથી જ થાય છે. માત્ર દયા આવવાથી આ લખ્યું છે.

જીવોને સત્પુરુષોનું ઓળખાણ છે નહીં; તેથી કહે છે કે દુષમકાળના દુર્ભાગી જીવો, અહીં આવો. સંસારથી ત્રાસ પામ્યા હોય તેને લાગે કે આ તો ઠરવાનું ઠેકાણું છે; પણ એને તો ખાવા પહેરવાનું મળ્યું એટલે મોક્ષ વગેરે કંઈ ન જોઈએ.

પ્રભુશ્રીજી કહેતા કે 'ભાલાનો વરસાદ વરસતો હોય તો પણ સત્સંગ કરવો અને મોતીનો વરસાદ વરસતો હોય તો પણ અસત્સંગ ન કરવો.' જેને સંસાર દુઃખરૂપ લાગ્યો છે, જે કર્મથી ત્રાસી ગયા છે તેમને આ કહીએ છીએ. કૃપાળુદેવને કોઈએ વસોમાં કહેલું કે તમે અમારાં કર્મ લઈ લો. કૃપાળુદેવે કહ્યું, ફરી નવાં ન બાંધો તો લઈ લઈએ. દશ આની મહેનત અમે કરીએ અને તમે છ આની કરો તો તમારાં બધાં કર્મ જતાં રહે. જે કર્મથી ત્રાસ્યો હોય અને પુરુષાર્થ કરતો હોય છતાં મોક્ષ પામતો નથી તે જોઈ કૃપાળુદેવને દયા આવે છે. આપણે કર્મથી દુઃખી થઈએ છીએ; આઠે કર્મ દુઃખરૂપ છે, શાતા એ દુઃખરૂપ છે, એમ જે બધાય કર્મથી ત્રાસ પામ્યા છે તેમનું કલ્યાણ કરવાની દયા આવે છે. કર્મબંધ કરી દુઃખી થયા છે તેમને જ્ઞાની કહે છે કે જ્યાં પરમાર્થસ્વરૂપ પ્રગટ છે ત્યાં વૃત્તિ રાખશો તો કલ્યાણ છે. જ્ઞાનીપુરુષની શ્રદ્ધા છે તે સમકિત છે. એટલા બધા નિર્ગ્રંથ, શ્રાવક વગેરે ગણાવ્યા છે તેમાં મુખ્ય વસ્તુ શ્રદ્ધા છે. કૃપાળુદેવને આરાધવાથી 'મારું કલ્યાણ થશે જ' એમ પુરુષપ્રતીતિ થઈ તો તે સમકિતની ગણતરીમાં છે. પુરુષપ્રતીતિ, વચનપ્રતીતિ, આજ્ઞારુચિ, અપૂર્વરુચિ જાગે, સ્વચ્છંદરહિત ભક્તિ બધાં સમકિતનાં કારણો છે. 'પ્રભુ પ્રભુ' રઢ લગાડવાની છે.

**[વ૦ ૬૮૦]** (રાતના સભામાં) ૪૬૨ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા સુદ ૧ સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–શરૂઆતમાં મુમુક્ષુદશા હતી ત્યાં સુધી "માત્ર મોક્ષ અભિલાષ" એ દશા હતી. એથી આગળ વધતાં મહાપુરુષથી અભેદતા થઈ, ત્યાર પછી મોક્ષની ઇચ્છા પણ ન રહી. પછી એમાં જ રમણતા થાય છે. જ્ઞાનીઓએ જે સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે, તેમાં એમને રમણતા થઈ. શુદ્ધ સ્વરૂપમાં રમણતા થઈ તેથી મોક્ષની ઇચ્છા ક્યાં રહે?

**"કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ."**

દેહ છતાં મોક્ષ છે. ભગવાન અને ભક્તનો ભેદ નીકળી જઈ અભેદ સ્વરૂપમાં લીનતા થઈ. ચૈત્ર સુદ ૧૩ને દિવસે મહાવીરસ્વામીનો જન્મદિવસ છે. તે દિવસે કૃપાળુદેવે આ વિચારણા લખી

છે. જગતમાં જે સુખ શોધવા જાય છે તે દુઃખી થાય છે. જગતના સુખમાં લાભ હોતો નથી. જ્ઞાનીએ જે દશા પ્રાપ્ત કરી છે તે સાચી વાત છે. જીવને સુખી કરવો હોય તો આ રસ્તો છે કે જ્ઞાનીની ભક્તિ દ્વારા અભેદ દશા પ્રાપ્ત કરવી.

કંઈને કંઈ સાધન તો જીવ કરે છે. ''વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.'' જ્યારે મોક્ષમાર્ગે આવે ત્યારે મોહ જોર કરે છે, પણ જ્ઞાની બધા વિઘ્નો હઠાવી કેવળજ્ઞાન પામે છે. આત્મસિદ્ધિ લખી ત્યારે પરમકૃપાળુદેવે આ ભાવ લખ્યો.

**''કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;**
**માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ.''**

એવા જીવોને સદ્‌ગુરુનો યોગ હોય તો એનો બધો પુરુષાર્થ કામમાં આવે. પોતે અજ્ઞાની છે અને પોતાની મતિકલ્પનાએ જીવો વર્તે છે. એટલી જ એમને ખામી છે, સદ્‌ગુરુના યોગની. મહાવીર શુદ્ધાત્મા હતા. એ શુદ્ધાત્મસ્વરૂપ પોતે પ્રાપ્ત કર્યું છે, તેથી કહે છે કે મહાવીર તો હવે નથી, તો હવે કોઈ પ્રત્યક્ષ સદ્‌ગુરુને શોધો. વીર કહો કે મહાવીર કહો, મૂળ નામ વર્ધમાન હતું, પણ પુરુષાર્થને લઈને મહાવીર નામ પડયું. તેમ આ કાળમાં એવો કોઈ પુરુષાર્થ કરે તો તે મહાવીર છે. કૃપાળુદેવ કહે છે કે આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવું હોય તો આત્મસ્વરૂપ જેણે પ્રાપ્ત કર્યું છે ત્યાંથી પ્રાપ્ત થાય એવું છે. જીવને શું જોઈએ છે, તે ખબર નથી. સાચા સુખની ભાવના પણ જીવને નથી થઈ. પોતાને શું કરવા જેવું છે, આરાધવા જેવું છે, તે જ્ઞાનીને યોગે ખબર પડે. મહાવીરસ્વામી, મહાવીરસ્વામી એમ કહે પણ કંઈ ખબર ન હોય. બહાર દેખાય એમાં જીવ રાજી થાય છે. સ્થાનકવાસી મહાવીર ભગવાનના ફોટામાં મુહપત્તી બાંધે છે.

ક્ષીર સમુદ્રમાં બહુ મીઠું પાણી ભરેલું છે, પણ લાખો ગાઉ દૂર છે તેથી ધરાય નહીં, પણ એક મીઠા પાણીની વીરડી અહીં હોય તો તરસ છીપે. તેમ મહાવીર ભૂતકાળમાં થઈ ગયા, તે કંઈ કહેવા આવે નહીં, પણ જે વર્તમાનમાં વિદ્યમાન છે તે પ્રત્યક્ષ જ્ઞાનીથી કલ્યાણ છે. જેને કંઈ મોક્ષની ઇચ્છા હોય તેને સંસાર ઝેર જેવો લાગે. તેવા જીવોને કૃપાળુદેવ બોલાવે છે કે અહીં આવો.

જ્ઞાની કલ્પવૃક્ષ જેવા છે. મોક્ષનાં જે જે સાધન જોઈએ તે જ્ઞાની પાસે બધાં મળે. આ કાળમાં કૃપાળુદેવ અપવાદરૂપ પુરુષ છે. જ્ઞાનીનું ઓળખાણ થવું બહુ મુશ્કેલ છે. દયાને લઈને જ્ઞાની કહે છે. પ્રભુશ્રીજી કહેતા કે— 'ક્યા કહિયે, કહિયે તો લજ્જઈએ.' અભેદરૂપ કૃપાળુદેવ થઈ ગયા છે. ''અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ.'' (૨૫૫) એવી દશા એમણે પ્રાપ્ત કરી છે. કોઈને એમ લાગે કે આ બધું અભિમાનથી લખ્યું છે, પણ એમ નથી, એમ કૃપાળુદેવ કહે છે. જીવોને દુઃખી થતા જોઈને દયા આવવાથી પોતાની આ દશા પ્રગટ કરી છે.

પ્રભુશ્રીજી કહેતા કે જીવો કૃપાળુદેવને શરણે આવે છે, તે જોઈ અમને આનંદ થાય છે. કૃપાળુદેવને શરણે જે જીવ આવે તે અમારા માથાના મુગટ જેવા છે. મનુષ્યભવની ક્ષણો દુર્લભ છે. કોઈક ક્ષણમાં એને સમકિત થઈ જાય, કોઈક ક્ષણમાં કેવળજ્ઞાન થઈ જાય, કોઈક ક્ષણમાં મોક્ષ થઈ જાય. જ્ઞાનીનું ઓળખાણ બહુ દુર્લભ છે. સુલભ હોત તો બધાનો મોક્ષ થઈ ગયો હોત.

ઓળખાણ થાય તો પ્રેમ આવે.

આ મનુષ્યભવ દુર્લભ મળ્યો છે. એવો મળવો દુર્લભ છે. આ મનુષ્યભવ લુંટાઈ જાય છે. તેની કંઈ કિંમત નથી. જાગૃતિ વિશેષ થાય તેમ કરવાનું છે. દેહ છે તેનાં કામ કરવાં પડે પણ ભાવ બીજો રાખવો હોય તો રખાય. મન જ બધું ભૂંડુ કરે છે. મનુષ્યભવ ક્ષણે ક્ષણે વહ્યો જાય છે, પણ જીવ વિચારતો નથી કે મારો ભાવ ક્યાં ઢળે છે. પ્રભુશ્રીજી કહેતા કે તમને નવી હોડીમાં બેસાડ્યા છે. ડહાપણ કર્યા વગર એમના એમ પેલી પારે જતા રહો.

**[૧૦ ૬૮૦]** (રાતના સભામાં) ૪૬૩ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૦, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ચૈત્ર સુદ ૧૩ને દિવસે મહાવીરસ્વામીનો જન્મદિવસ છે. તે દિવસે કૃપાળુદેવે આ વિચારણા લખી છે. મુમુક્ષુ દશા હોય ત્યારે ''માત્ર મોક્ષ અભિલાષ'' મોક્ષની અભિલાષા હોય છે. મહાવીરને કહે છે કે એ મોક્ષની ઇચ્છા પણ જેને મટી ગઈ છે, તેને હે ભગવાન! તમે શું આપશો?

''મોક્ષ કહ્યો નિજશુદ્ધતા'' પોતે જ મોક્ષ સ્વરૂપ છે, તો પછી માગવાનું શું રહ્યું! એ દશા એટલે પરમાત્મદશા પામીને કૃપાળુદેવે આત્મસિદ્ધિ લખી છે. પરાભક્તિ એટલે અભેદભાવના રહ્યા કરે. પોતાનામાં અને પરમાત્મામાં ભેદ ન ભાસે. જે અખંડ નિર્વિકલ્પ સ્વરૂપ છે, તેમાં અમારો વાસ છે. જગતનાં સુખો તો જાણે છોડી દીધાં છે, એ તરફ જેની દૃષ્ટિ પણ નથી, ખરો આનંદ તો આત્મામાં છે. એ આત્મામાં જેને રમણતા છે તેને આનંદ છે. ''કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો, પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી, વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતા જાણી નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.'' એ ભાવ આત્મસિદ્ધિમાં પણ એમણે કહ્યો છે.

**''કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ,**
**માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ.''**

એ જાણી એમનું હૃદય રડે છે. માર્ગદર્શક નથી, તેથી લોકો ભૂલા પડ્યા છે. એમ લાગવાથી એમને દયા આવે છે. કલ્યાણના માર્ગને જાણે તો આત્મસ્વરૂપને જાણે, પણ માર્ગેય નથી જાણતા અને પરમાર્થ સ્વરૂપને પણ નથી જાણતા. પ્રત્યક્ષ સદ્ગુરુનું માહાત્મ્ય કૃપાળુદેવે વારંવાર ગાયું છે. અત્યારે સત્પુરુષ થઈ ગયા તેમને ન ઓળખે તો પછી બે હજાર વર્ષ પહેલાં થયા એવા મહાવીર ભગવાનને ક્યાંથી ઓળખી શકે?

**''પ્રથમ નમું ગુરુરાજને, જેણે આપ્યું જ્ઞાન; જ્ઞાને વીરને ઓળખ્યા.''**

વીરની ઓળખાણ કરાવનારની ઓળખાણ નથી. મહાવીર ભગવાન આટલા વર્ષ પહેલાં થયા. ફલાણા ગામના હતા એમ ઇતિહાસ વગેરે જાણવાથી કંઈ મહાવીર ઓળખાય નહીં, પણ એમને ઓળખાવનારને ઓળખે તો મહાવીર ઓળખાય. ઇતિહાસ વગેરે બધી ભ્રમણા છે. જેને સંસાર નથી ગમતો, જન્મમરણથી ત્રાસ પામ્યા હોય એવા જીવોને માટે અમે અમૃતસાગર છીએ. પરમાર્થપ્રેમી, શુદ્ધસ્વરૂપના પ્રેમી અને જીજ્ઞાસુ જીવો હોય તેમની ત્રિવિધ તાપાગ્નિને શમાવવા

માટે અમે અમૃતસાગર છીએ. પરમાત્માના સ્વરૂપમાં અને અમારામાં ભેદ નથી. મહાવીરની પ્રાપ્તિ કરવી હોય કે રામની પ્રાપ્તિ કરવી હોય તો તે પુરાણથી પ્રાપ્ત થાય નહીં. પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત ન થયું હોય અને કોઈ અભિમાનમાં આવી લખી નાખે તેમ આ લખ્યું નથી. કૃપાળુદેવનું ખરું જીવન આ પત્રમાં છે. આવી દશા આપણા હૃદયમાં અંકિત થાય તો ભક્તિ જાગે. એ દશા પ્રાપ્ત કરવા માટે જ આપણે ભક્તિ કરીએ છીએ.

સોભાગભાઈએ કૃપાળુદેવને લખેલું કે તમારી મૂર્તિ મારા હૃદયમાં ખડી થાય એવી ભાવના રહે છે. કૃપાળુદેવે લખ્યું કે એવું થવામાં તમને અંતરાય છે. તેથી બીજો ઉપાય બતાવ્યો કે અમારી દશા આ વચનો પરથી વિચારી લક્ષ રહ્યા કરશે તો મૂર્તિ દેખાયા કરતાં વિશેષ લાભ થશે. પ્રભુશ્રીજી તો ત્યાગી એટલે મૂર્તિ દેખાય તેવો ઉપાય કરતા, તેથી એમને મૂર્તિ દેખાતી. કૃપાળુદેવે ગાંધીજી સાથે વાતચીત કરતાં કહ્યું કે 'કોઈ મને ચારેબાજુથી બરછીઓ ભોંકે તો તે સહન કરું, પણ આ કુગુરુઓ બિચારા જીવોને લૂંટી રહ્યા છે, તે સહન થતું નથી.' એટલી બધી એમને કરુણા રહે છે. કૃપાળુદેવનું વારંવાર કહેવું છે કે—

**"પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર."**

બધાનો સાર કૃપાળુદેવે આત્મસિદ્ધિમાં કહી દીધો છે. કૃપાળુદેવ આ દયાથી કહે છે. દયા એટલી છે કે એમને ન બોલવું હોય તોય બોલાવે છે. નહીં તો પોતાનાં વખાણ કરે નહીં. "મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવા માટે અમે કલ્પવૃક્ષ જ છીએ." જીવને સત્સંગનું માહાત્મ્ય નથી. કૃપાળુદેવે ઉપદેશછાયામાં લખ્યું છે કે તમે અમારી પાસે આવતા હો તે વખતે કોઈ પૂછે કે તમે ક્યાં જાઓ છો? તો ચોખ્ખું કહી દેવું કે અમારા પરમકૃપાળુ સદ્‌ગુરુ પધાર્યા છે. તેમના દર્શનાર્થે જઈએ છીએ, ત્યારે તેઓ એમ કહે કે અમારે પણ આવવું છે. તો કહેવું કે ત્યાં તમે આવો તો છો પણ તે પરમકૃપાળુ બોલશે કે નહીં પણ બોલશે. ત્યારે તેઓ કહે કે ભલે ન બોલે પણ અમારે તો આવવું છે, તો સાથે લાવવા એમ કૃપાળુદેવે કહ્યું છે.

**"યથા હેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે,**
**થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે."**

નાનપણથી એમને એવી ભાવના હતી કે જે સાચામાં સાચો ધર્મ હોય તેનો ઉદ્ધાર કરવો.

મુમુક્ષુ— કૃપાળુદેવનો કુળધર્મ ક્યો હતો?

પૂજ્યશ્રી— એમના દાદા તો વૈષ્ણવ હતા. માતા સ્થાનકવાસી હતાં. કુળધર્મ તો જૈન પણ વૈષ્ણવોનો સંગ હતો તેથી નાનપણમાં વૈષ્ણવ ધર્મ માનતા. કૃપાળુદેવે નાનપણમાં રામદાસજી નામના વૈષ્ણવ મહારાજ પાસે કંઠી બંધાવી હતી.

**[વ૦ ૬૮૪]** (રાતના સભામાં) ૪૬૪ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— 'વિહાર વૃંદાવન'માંથી એક કડી યાદ રહી તે લખી છે. અન્ય પુરુષ એટલે જેને વિવેક પ્રગટ થયો નથી, એવા પુરુષને આ જગત બધું સાચું લાગે છે. અન્ય પુરુષ એટલે જગતના

લોકો છે, તેમને આ બધું જગત માહાત્મ્યવાળું લાગે છે. વૃંદાવન કહે છે કે આ જગત જ નથી, તો પછી વ્યવહાર કોણ બતાવે? જગતમાં વ્યવહાર સાચવવો એમ કહે છે, પણ જગત જ નથી.

''સકળ જગત તે એઠવત'' પાયખાના જેવું છે એમાં શું સાચવવું? જગતનો બોજો એટલો છે કે એના માટે આખી જિંદગી ગાળે છે, પણ આત્મા બગડી જશે તેનો ખ્યાલ નથી.

**[વ૰ ૬૮૭]** ૪૬૫ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદ્રપદ વદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાનીને 'હું કરું છું' એમ ન થાય. જ્યારે પોતાના ભાનમાં ન હોય ત્યારે જીવને 'હું કરું છું' એમ થાય છે. જ્ઞાનીને એવું હોય નહીં. એવા પુરુષને આપ્ત પુરુષ કહ્યા છે.

**''ચેતન જો નિજ ભાનમાં, કર્ત્તા આપ સ્વભાવ;**
**વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ પ્રભાવ.''**

જ્ઞાનીને વ્યવહારનું કામ પ્રારબ્ધને લઈને હોય છે, તો તેઓને એ સત્પુરુષ છે, એમ કેવી રીતે ઓળખવા? એમ સોભાગભાઈને કૃપાળુદેવ પૂછે છે. બોધ સાંભળવા મળે તો ઓળખાણ કરાય, પણ આ તો ધંધા વગેરેમાં પ્રવર્તે છે, તો કેમ ઓળખાય?

''મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.'' (૨૫૪) બીજાને ખબર પડે એવું નથી. જ્ઞાની અંતરમાં કેવી રીતે વર્તે છે, તે મુમુક્ષુને ખબર પડે. બીજા જીવો તો સામું આઘા (દૂર) જાય કે આ તો વેપારી છે.

**[વ૰ ૬૮૭]** (રાતના સભામાં) ૪૬૬ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કૃપાળુદેવ કહે છે કે કંઈ લખવા કરવા પ્રત્યે, સંસારના કામ પ્રત્યે વૃત્તિ નથી. આત્માના મૂળ સ્વભાવ પ્રત્યે વૃત્તિ રહે છે, તેથી બીજા પ્રત્યે વૃત્તિ નથી. ભેદજ્ઞાનની પ્રગટતા હોય તેને એવી દશા હોય છે.

જ્ઞાની હોય અને રાતદિવસ સંસારમાં વર્તતા હોય તો આ જ્ઞાનીપુરુષ છે એમ કેવી રીતે ઓળખાય? બહારની ચેષ્ટા પરથી કંઈ ઓળખાય એવું નથી. તો શું કરીએ તો ઓળખાય? જેમ સોભાગભાઈ હતા તેમણે બોટાદવાળા મણિલાલને કહ્યું કે મુંબઈમાં જ્ઞાનીપુરુષ છે, પણ જો એ ત્યાં જાય ત્યારે જુએ કે એ તો વેપારી છે, એ શાના જ્ઞાની? એમ ભાવ પલટાઈ જાય. એણે જેવા જ્ઞાની કલ્પ્યા હોય, તેવું હોય નહીં; તેથી મુમુક્ષુઓના સત્સંગે જે ભાવ થયા હોય તે પણ નાશ થઈ જાય. બહુ અઘરું છે. પોતાની કલ્પના મૂકે અને જ્ઞાની ગૃહસ્થ અવસ્થામાં પણ હોઈ શકે છે, એવું આ પત્રથી વાંચી નક્કી કર્યું હોય તો એને ગૃહસ્થ અવસ્થામાં રહેલા જ્ઞાની ઓળખાય.

અનાદિકાળથી વિપરીતતા છે. એ વિપરીત પરીક્ષાથી તો જ્ઞાની ઓળખાય નહીં. જ્ઞાની એમ જાણતા હોય છે કે આ એવું પ્રારબ્ધ છે તે મુમુક્ષુઓને સંદેહનો હેતુ છે, તો અમારે કેમ વર્તવું તો બીજા મુમુક્ષુઓને હાનિ ન થાય? એમ જ્ઞાનીને પણ કેમ વર્તવું તે પૂછ્યું. અહંભાવ મમત્વભાવ સમ્યક્ત્વ થયાથી છૂટી ગયા છે. માત્ર ચારિત્રમોહના ઉદયથી આ પ્રવૃત્તિ થાય છે. અનંતાનુબંધીની પ્રકૃતિથી રહિત છે. ગૃહસ્થ અવસ્થામાં જ્ઞાનીએ કેમ વર્તવું, એમ કૃપાળુદેવ પૂછે છે. જ્ઞાની સાચવી સાચવીને વર્તે છે. આ કાળના જીવો ધર્મ કેમ પામે? એનો ઘણો વિચાર કરી આ બધું લખ્યું છે.

એમની કેટલી બધી કાળજી!

પરમાર્થ માર્ગમાં જેના વિશ્વાસે વર્તી શકાય તે આપ્તપુરુષ છે.

[વ૦ ૬૮૯] ૪૬૭ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદ્રપદ વદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— મરણના પ્રસંગે એટલે કોઈ યુવાન મરી જાય ત્યારે લાગે કે સંસાર અસાર છે, અનિત્ય છે, અશરણ છે. ખેદના પ્રસંગમાં ખેદ કરે તો કર્મ બંધાય. માટે એનો બીજો રસ્તો લેવો. મોહથી ખેદ કરે તો કર્મ બાંધે. એ જ ખેદ જો વૈરાગ્યસહિત હોય તો છૂટે. મોહસહિત ખેદ હોય તો કર્મ બંધાય છે.

મારાપણું જેને થતું હોય તે વિચારવાન હોય તો વિચાર આવે કે મારું શાનું? મારું-મારું કરીને કોઈ મોક્ષે ગયા નથી. વિચારવાન હોય તો વારંવાર એ પ્રસંગ સાંભરે. તેથી વૈરાગ્ય ભણી વૃત્તિ કરી નાંખે છે. જે જે સંગ છે, મારાપણું છે તે બધાં દુઃખનાં કારણ છે, માટે મારે કશામાં મારાપણું માનવું નથી. મારાપણું જો અંતરંગમાં લાગતું હોય તો ત્યાગ કર. આનું ફળ ખોટું આવશે. તનેય પણ જો મરતી વખતે એવા આ ભાવો આવ્યા તો સમાધિમરણ ન થાય. મરણ આવશે ત્યારે કોઈ બચાવે એમ નથી. આ બધા સંગ છે તે તુચ્છ છે. ''આત્માથી સૌ હીન.'' આ અનિત્ય પદાર્થો આત્માથી ભિન્ન છે. 'મારું-મારું' મનાતું હોય તો તું એને મરણ પહેલાં છોડ. આખી જિંદગી મારું-મારું કરીશ, તોય તારું થવાનું નથી. મારું-મારું કરવાથી તારું થવાનું નથી, એમ વિચારવાન વિચારે છે.

કોઈ કોઈને શરણે રાખે એમ નથી. બધાને માથે મરણ છે. જેટલો મોહ વસ્તુઓમાં થાય છે તેટલો અવિચાર છે. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ આત્મા છે. એને મૂકી બીજાને લેવા જાય છે, એ જ એનું મિથ્યાત્વ કહો, ગાંડપણ કહો, એક જ છે. મોહ ગયા વિના મોક્ષ થાય નહીં. અનંતકાળ સુધી ભ્રમણ કરાવે એવો મોહ છે. દુઃખી થવું હોય તો મોહ કરવો. સમજીને મોહને છોડી દેવો. કોઈ પણ પ્રકારે મોહથી દૂર થવું, એના જેવો એકે સુખનો રસ્તો નથી, એવી ભાવનાથી વિચારવાન વૈરાગ્યભાવ કરે છે. વિચાર કરે તો બધાને એવું જ લાગે.

મરણ છે તે એને વૈરાગ્યનું કારણ છે. માથે મરણ છે, તોય જીવ મોહમાં ફસાઈ રહ્યો છે; તો મરણ ન હોત તો તો ધર્મને કોઈ સંભારત પણ નહીં. ભોગભૂમિના મનુષ્યોને મરણનો વિચાર આવતો નથી. કોઈને મરતાં દેખે ત્યારે લાગે કે માથે મરણ છે. એવા વખતે વિરલા ચેતે છે. ચેતવાના પ્રસંગે થોડીકવાર સ્મશાનવૈરાગ્ય પ્રાપ્ત થઈ નાશ પામી જાય છે. હળુકર્મીને ધર્મ સાંભરે છે, નહીં તો એવા પ્રસંગે ભૂલી જાય છે. મરણનો ડર લાગે તો બીજે રસ્તે જીવ ચઢે નહીં. નહીં તો સાધુ થાય, માંગીને ખાતો હોય તો પણ એ કંકાસ કર્યા વિના રહે નહીં.

**''ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકા, મોહ નડિયા કલિકાલ રાજે.''** (આ૦ ૧૪)

આત્માનું કલ્યાણ થાય એવો નિશ્ચય મરણ પ્રસંગે કરવો. ગમે ત્યારે કોઈ ઘડપણમાં, કોઈ બાળઅવસ્થામાં, કોઈ યુવાવસ્થામાં, કોઈ પાંચ વર્ષે એમ મરી જાય છે; માટે ચેતવાનું છે.

મહાપુરુષો ઘણા એવા થયા છે કે વહેલો દેહ છોડી ગયા, પણ આત્માનું કરીને ગયા છે. તીર્થંકર જેવા ત્રણ જ્ઞાનના ધર્તા ત્રીસ વર્ષની યુવાવસ્થામાં ચાલી નીકળ્યા.

મનુષ્યભવ છે ત્યાં સુધી આત્મકલ્યાણ કરી લેવું. એ સુખનું કારણ છે. મારું કોઈ નથી એમ વિચારવું. મરણના પ્રસંગના ખેદને પલટાવી જ્ઞાનીના વચનોમાં વૃત્તિ રાખવી. જ્ઞાનીનાં વચનો વિચારવાં.

**[વ૦ ૬૯૧]** (રાતના સભામાં) ૪૬૮ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— નિશ્ચયની અપેક્ષાએ જીવ મોક્ષ સ્વરૂપ જ છે.

આ કાળમાં ૧. નિર્વાણ ન હોય, ૨. કેવળજ્ઞાન ન હોય, ૩. મનઃપર્યવજ્ઞાન ન હોય, ૪. પરમાવધિજ્ઞાન ન હોય, ૫. પૂર્વજ્ઞાન ન હોય, ૬. યથાખ્યાત ચારિત્ર ન હોય, ૭. સૂક્ષ્મસાંપરાય ચારિત્ર ન હોય, ૮. પરિહારવિશુદ્ધિ ચારિત્ર ન હોય, ૯. ક્ષાયિક સમ્યક્ત્વ ન હોય, ૧૦. પુલાકલબ્ધિ એટલે ચક્રવર્તીના લશ્કરનો પણ નાશ કરી શકે તેવી લબ્ધિ ન હોય.— એ દશ બોલ વિચ્છેદ ગયા છે.

મુમુક્ષુ— ક્ષાયિક સમકિત પણ આ કાળમાં ન હોય?

પૂજ્યશ્રી— એમ આવે છે દશબોલમાં. વિચ્છેદ કહ્યા હોય તેમ છતાં વિચારવાં ઘટે છે. મોક્ષ ના હોય એમ કહ્યું, પણ મોક્ષ શું? એ વિચારવાનું છે. બધાનો ભાવ સમ્યક્ત્વ થયા પછી સમજાય છે. પ્રભુશ્રીજી કહેતા કે જ્ઞાની જાણે છે. આપણાથી થાય એટલો વિચાર કરવો, પણ દ્વાર ખુલ્લું રાખવું કે જ્ઞાની જાણે છે. મારો તો એટલા સુધી વિચાર પહોંચે છે, પણ જ્ઞાની જાણે છે. વિચાર કરવાની ના કહી નથી. લોકો, દશ બોલ વિચ્છેદ ગયા તેથી એનો વિચાર પણ નથી કરતા. વિચાર તો કરી જ લેવો. કર્મ તો ન ખસે પણ વિચાર તો દરેક કરી શકે. સમકિત થાય એવો ક્ષયોપશમ તો બધાને છે, પશુને પણ છે. પણ જ્ઞાનીનાં વચનોનો જીવ વિચાર નથી કરતો. આ બધાનો નિર્ણય કરી બધું આત્મસિદ્ધિમાં ખુલ્લું કહી દીધું. ''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.''

**''કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન,**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.''**

એમ અનેક પ્રકારના વિચાર કરી બધું કહી દીધું. લોકો કલ્પનાથી અર્થ કરે છે. ચૌદ પૂર્વનું જ્ઞાન એ લબ્ધિ છે.

**''પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી આવે એમ;**
**પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ.''** (૯૫૪)

ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ લબ્ધિ વાક્યોનો વિચાર કરતાં ગૌતમસ્વામીને ચૌદ પૂર્વનું જ્ઞાન પ્રગટ્યું. પહેલાં ગૌતમસ્વામીએ દૃષ્ટિવાદ લખ્યું એમ કહેવાય છે, પણ એ સાધુઓને સમજાયું નહીં. તેથી આચારાંગથી લખવા માંડ્યું. તેમાંથી દૃષ્ટિવાદ તે વિચ્છેદ ગયું. તે વખતે એ બધું ગણધરોએ ગોઠવ્યું.

એક ટીપા ઉપરથી સમુદ્ર આખાનું જ્ઞાન થાય. તેમ જેમ જેમ લબ્ધિ પ્રગટે તેમ તેમ બધું

જણાય. આત્મામાં બધું છે. જેમ જેમ આત્મા નિર્મળ થાય તેમ તેમ બધું જણાય. ક્ષાયિક સમકિત થવા માટે જીવને પરિણામની ઘણી સ્થિરતાની જરૂર છે. ઘણી સ્થિરતા થાય ત્યારે થાય છે. પછી ત્રણ ચારિત્ર છે. તેમાંથી યથાખ્યાત ચારિત્ર વિચ્છેદ ગયું. સૂક્ષ્મસાંપરાય પણ વિચ્છેદ ગયું. પરિહારવિશુદ્ધિ ચારિત્ર એ છઠ્ઠે હોય છે. તે વધારે નિર્મળતાથી થાય છે. તીર્થંકરના ચરણ સમીપમાં રહી 'પૂર્વ'નો અભ્યાસ કરનારને એ લબ્ધિ પ્રગટે છે. એનાથી કોઈ જીવની હિંસા ન થાય. ચોમાસામાં પણ એ બે ગાઉ ચાલે છે, છતાં એવી વિશુદ્ધિ હોય છે કે કોઈ જીવ એનાથી મરે નહીં. ક્ષાયિક સમકિત એ પણ પરિણામોની ઘણી સ્થિરતા થાય ત્યારે થાય છે. મનઃપર્યવજ્ઞાન એ ચારિત્રની વિશેષ નિર્મળતાથી થાય છે. યથાખ્યાત ચારિત્ર બારમે ગુણસ્થાનકે હોય છે. 'પુલાકલબ્ધિ' એટલે મોટું શરીર બનાવવું, તે પણ આ કાળમાં વિચ્છેદ ગઈ છે. વિષ્ણુકુમાર મુનિને એવી લબ્ધિ હતી. તેમણે એક વખતે એવું મોટું શરીર બનાવ્યું હતું.

કોઈ ઉત્કૃષ્ટ અધિકારી જીવ હોય તે ક્યાં સુધી મોક્ષમાર્ગમાં જઈ શકે? તે શ્રી ડુંગરે લખવું એમ કૃપાળુદેવ લખે છે. એટલે ઉત્કૃષ્ટ અધિકારી હોય તે આ કાળમાં કેટલા ગુણસ્થાન સુધી જઈ શકે, તે લખવું. આપણે જ્યાં છીએ ત્યાંથી આગળ વધવાનું છે. મોક્ષ નથી એમ કરવાનું નથી. શું કરવાથી મોક્ષમાર્ગે આગળ વધાય? તે વિચાર કરવાની જરૂર છે. બધાય પ્રશ્નો લખીને કહેવું એ છે કે સ્વરૂપ સ્થિરતા શાથી થાય છે? એ કરવાનું છે.

અંબાલાલભાઈએ પ્રભુશ્રીજી જ્યારે દક્ષિણમાં કરમાળા ભણી ગયા ત્યારે પત્ર લખ્યો કે તમે કૃપાળુદેવના સમાગમમાં રહેતા હતા તે કરતાં હમણાં વિશેષ દશા વધી છે? કેમ વર્તીએ તો વિશેષ દશા વધે, એમ બધા પ્રશ્નો લખ્યા છે. સત્સંગ કરવો. એ કરીને આત્માનો લક્ષ રાખવો. સત્સંગે ચઢેલી દશા હોય તે જો સત્સંગ ન કરે તો ઊતરી પણ જાય. વિશેષ વિશેષ સત્સંગ કરે તો વિશેષ દશા વધે.

**[વ૦ ૬૯૨]** (બપોરના ઉપર) ૪૬૯ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ વદ ૬, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– મનુષ્યભવ ભગવાને ઉત્તમ કહ્યો છે, તે કેમ ઉત્તમ કહ્યો છે? કોઈ દિવસ વિચાર કર્યો છે? મોક્ષે જવું હોય તો એક મનુષ્યભવથી જ જવાય છે. બીજી ગતિમાં મોક્ષ ન થાય. મનુષ્યભવની ઉત્તમતા લાગી નથી. મનુષ્યભવમાં મોક્ષે જવું છે. મનુષ્યભવ મળ્યો છે તે ઉત્તમ કામ કરવા મળ્યો છે. તીર્થંકરાદિએ જે ઉત્તમ કાર્ય કર્યું તે જીવ કરે તો મોક્ષ થાય અને એનો મનુષ્યભવ ઉત્તમ કહેવાય. જીવ, લોકો જેને ઉત્તમ કહે છે તેને ઉત્તમ માને છે અને ભગવાને જેને ઉત્તમ કહ્યું છે તે પડ્યું રહે છે. તીર્થંકરોને મોટા મોટા મહેલો હતા છતાં છોડીને ચાલ્યા ગયા. મોક્ષ સંબંધી અનંતસુખમાં જીવ રહે તેટલા માટે મનુષ્યભવ છે. સાંભળે તો ભાવના થાય. આત્મા સંબંધી સાંભળવાનું છે, વિચારવાનું છે, અભ્યાસ કરવાનો છે, ભાવના કરવાની છે. ભાવના કરે તો કેવળજ્ઞાન થાય. ''આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.''

સત્સંગના યોગે પોતાની ભૂલ જણાય. મનુષ્યભવ વગર મોક્ષ ન થાય. જો મનુષ્યભવ જતો રહ્યો તો પાછું લક્ષચોરાશીમાં ભટકવાનું થાય. મનુષ્યભવ દુર્લભ છે. તેનું કારણ સમ પુણ્યપાપ

હોય ત્યારે મનુષ્યભવ મળે છે. વધારે પુણ્ય થઈ જાય તો દેવ થઈ જાય અને વધારે પાપ થાય તો નરકે જતો રહે. કંઈક ઓછું પાપ થાય તો તિર્યંચમાં જતો રહે. આપણે ક્યાં ઊભા છીએ? ક્યાંથી આવ્યા છીએ? અવ્યવહાર રાશિમાંથી જીવ વ્યવહાર રાશિમાં આવ્યો. ત્યાંથી ભટકતો ભટકતો આ મનુષ્યભવમાં આવ્યો છે. મનુષ્યભવ મોક્ષની બારી જેવો છે. જો લપસી પડે તો ક્યાંય જઈ પડે. અનંતવાર મનુષ્યભવ મળ્યો પણ સફળપણું થયું નથી. જે કરવાનું હતું તે ન કર્યું. આ ભવ એવી રીતે ન જાય એ લક્ષ રાખવો. બીજું કમાવા વગેરેનું તો વગર ઇચ્છાએ પણ પુણ્ય હશે તો મળશે. જેવો પાપનો ઉદય આવે છે, તેવો પુણ્યનો પણ આવે છે, પણ શું કરવાનું છે? તેનું ઠેકાણું નથી. બધા લોકો કરે તેમ આપણે પણ કરવું, એમ જીવ કરે છે.

''દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં.'' જ્ઞાનમાં વૃદ્ધિ કરીએ તે આપણી સાથે આવશે. વારંવાર સમાધિમરણની ભાવના કરીએ. જ્ઞાનીપુરુષના વચનોમાં જેટલું ચિત્ત રહેશે તેટલું ધર્મથી રંગાશે. આત્માની ભાવના કરવા મનુષ્યભવ મળ્યો છે. તેને બદલે ધનની, કુટુંબની ભાવના કરે છે.

હું શુદ્ધ આત્મા ક્યારે થઈશ? એ ભાવના કરવાની છે. શું કરવાથી સુખી થવાય? એ સત્સંગે જણાય છે. ત્રણ ભવથી કોઈ અપૂર્વ ભક્તિથી પુણ્યનો સંચય કરતાં કરતાં સંતપુરુષો તીર્થંકર થાય છે. જેને સારા થવું હોય તેણે મનમાં નક્કી કરવું તો તેવું થવાય. ધ્યેય નક્કી કર્યો હોય તેવું થાય છે. ભાવના એ અપૂર્વ વસ્તુ છે, પણ જીવને કિંમત નથી. પૈસાની, હોંશિયારીની, કુટુંબની કિંમત છે. ક્રમે ક્રમે જીવ ભાવના સુધારતો જાય તો સારો થાય. એ ભાવના, જેવો ધ્યેય હોય તેવી થાય છે. કેવા થવું એનું ફળ ભાવના છે. જેવી ભાવના હોય તેવું ક્રિયાનું ફળ આવે છે.

મુમુક્ષુ– ભાવના કેવી કરવી?

પૂજ્યશ્રી– ''માત્ર મોક્ષ અભિલાષ'' એ સિવાય બીજી કશી ઇચ્છા ન કરવી. મોક્ષ શું હશે? તીર્થંકર આદિ મોક્ષે ગયા. તેમણે પ્રથમ શું કર્યું હશે? એનો વિચાર કરી ભાવના કરવી. બીજા પૈસાટકાની જેવી ભાવના જીવને છે તેવી આત્માની નથી. મોક્ષ જીવને સાંભરતો નથી. ખાવા જાય ત્યારે મોક્ષ ભૂલી જાય. નિમિત્તાધીન જીવ છે. એક જ લક્ષ રાખવો કે મોક્ષ પોષાય એવું કરવું છે, તો મોક્ષ થાય. એક દિવસ પણ કષાયમાં ગયો તો પછી નિષ્કષાય ભાવ લાવતાં વધારે સમય લાગે. માટે વિચાર કરીને પગલું મૂકવાનું છે. જેનું પરંપરાએ પણ ધર્મફળ આવતું નથી તેની ઇચ્છા ન કરવી. શૂરવીર થવાનું જ્ઞાનીપુરુષ કહે છે.

''ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.'' (૮૧૯) મોક્ષ અઘરો છે, પણ ન પ્રાપ્ત થાય એવો નથી. અંદરથી તૈયારી જોઈએ તો થાય એવો છે. થયું તે થયું, પણ હવે જાગ્યા ત્યાંથી સવાર.

મારાથી જ્ઞાનીના માર્ગે ચલાય છે કે બીજે? એ લક્ષ રાખવો. છૂટવું હોય તો છૂટવાની કળા તો શીખવી પડશે. પહેલાંમાં પહેલી રુચિ કરવાની છે. સંસાર અને સંસારનાં કારણો પ્રત્યેથી રુચિ

પલટાવી મોક્ષ અને મોક્ષના કારણો પ્રત્યે રુચિ કરવાની છે. રુચિ જાગે તો પછી ગમે તેવી પ્રતિકૂળતા હોય તોપણ રુચિ ન પલટાય. રુચિ રુચિમાં ફેર હોય છે. જીવની રુચિ પલટાતાં વાર ન લાગે. સાચી મોક્ષની રુચિ જ્ઞાનીને યોગે થાય છે. અંતરાત્મા જાગે ત્યારે રુચિ જાગે. અંદર ભૂખ લાગી હોય તો બેસી રહે નહીં, પણ ઉપાય કરે છે. તેમ જેને સાચી રુચિ જાગી હોય તે મોક્ષનો ઉપાય કરે છે. કલ્યાણ જેણે કરવું છે તેણે 'હું કંઈ જાણતો નથી' એવો પહેલામાં પહેલો દૃઢ નિશ્ચય કરવો. પછી જ્ઞાની પાસે જવું તો જરૂર મોક્ષ થાય. સાચી રુચિ જગાડવાની જરૂર છે. પૈસા જતા હોય, કંઈ ન મળ્યું હોય તોપણ મોક્ષ સિવાય કશું ઇચ્છવું નથી. એવી ઇચ્છા કરવાની છે.

**[વ૦ ૬૯૨]** (બપોરના ઉપર) ૪૭૦ શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૩, ૨૦૧૦

પૂજ્યશ્રી—

"संबुज्झहा जंतवो माणुसत्तं, दट्ठुं भयं बालिसेणं अलंभो ।
एगंतदुक्खे जरिए व लोए, सक्कम्मणा विप्परियासुवेइ ॥"

આટલું સાંભળીને ભરતના બધા ભાઈઓ એટલે ઋષભદેવના અઠ્ઠાણું પુત્રો મુનિ થઈ ગયા.

ખુશાલભાઈ, અંબાલાલભાઈના સાળા હતા. એમને પ્લેગની ગાંઠ નીકળી તેથી અંબાલાલભાઈ ત્યાં ગયા. ત્યાં જઈને ખબર પૂછી. બીજા તો બધા જતા રહ્યા પણ અંબાલાલભાઈ ત્યાં થોડીવાર બેઠા. સાધારણ જીવો ખબર પૂછવા જાય અને એક મુમુક્ષુ પૂછવા જાય તેમાં ઘણો ફેર છે. અંબાલાલભાઈ ત્યાં બેઠા અને ખુશાલભાઈના ભાવ કેવા રહે છે, તે જોવા લાગ્યા. ખુશાલભાઈને યુવાન સ્ત્રી હતી, પુત્ર હતો. એઓ જ્યાં ફરે ત્યાં ખુશાલભાઈની દૃષ્ટિ જાય. અંબાલાલભાઈને થયું કે એમને ગાંઠ નીકળી છે, થોડાક વખતમાં દેહ છૂટી જશે અને એમના ભાવ તો એવા રહે છે. એમનું હિત થાય એવું કંઈક કરવું. પછી એ ઘેર ગયા અને ત્યાંથી તેમને સમજાવવા માટે મોટો કાગળ લખીને મોકલ્યો, પણ એટલાથી એમને સંતોષ ન થયો. તેથી પછી કૃપાળુદેવને કાગળ લખ્યો, ત્યારે કૃપાળુદેવે "દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં." આ પત્ર ખુશાલભાઈ ઉપર લખ્યો. "શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈપણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું." એ ભાવ એમને દૃઢ થઈ ગયો. હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું, કદી નાશ પામવાનો નથી, એમ રહે તો રાગદ્વેષ ઓછા થાય. આત્માનો દેહ નથી. આ તો બધાં લફરાં વળગ્યાં છે. જે જ્ઞાનીએ કહ્યો છે તે માર્ગે મારે વૃત્તિ રાખવાની છે, એમ રાખવું. કંઈક વૈરાગ્ય હોય તો બીજેથી વૃત્તિ ઊઠી આત્મા ભણી જાય. આતમભાવના ભાવે તો કેવળજ્ઞાન થાય. ઘણીવાર જીવ સાંભળે છે, પણ ગરજ નથી હોતી, તેથી અંદર ઊતરતું નથી. સત્પુરુષ પ્રત્યે પ્રીતિ અને તેમના વચન પ્રત્યે પ્રીતિ એ હિત કરનાર છે.

અઠ્ઠાણું પુત્રો ભગવાન પાસે ગયા તો સાધુ થઈ ગયા. કારણ કે આત્માનું કલ્યાણ કરવાનું છે એમ એમને ગરજ હતી.

બધા મહેમાન છે એટલું થાય તો સ્ત્રી, પુરુષ, મારું, તારું બધું નીકળી જાય. ઘડીકવારમાં શું

થઈ જાય? તેની ખબર નથી. "સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે." (૧૬૬) ગરજ જાગે તેટલું સમજાય.

**[૧૦ ૬૯૪]** (રાતના સભામાં) ૪૭૧ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– આત્માર્થી એટલે શું? પરમાર્થ જેને પામવો છે તે. સાચા ગુરુ કરે તો પરમાર્થ પમાય અને મોક્ષનો માર્ગ એક જ હોય એવો એને લક્ષ હોય છે. બીજી કશી ઇચ્છા એને ન હોય. "કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ" મોક્ષ સિવાય બીજી ઇચ્છા એને ન હોય.

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

આત્મજ્ઞાનીનો બોધ લઈ સુવિચારણા પ્રગટાવે તો આત્માર્થી કહેવાય.

કૃપાળુદેવે પ્રશ્ન પૂછેલો કે આ કાળમાં મોક્ષ હોય કે ન હોય, તે સંબંધી વિચાર કરશો. તેથી શ્રી ડુંગરે સોભાગભાઈ પાસે લખાવ્યું કે વેદાંતમાં હા કહી છે અને જૈનમાં આ કાળમાં મોક્ષ ન થાય એમ કહ્યું છે અને લહેરાભાઈએ એમ કહ્યું કે સંઘયણનું બળ ઓછું, વગેરે કારણો છે તેથી કેવળજ્ઞાન આ કાળમાં નથી. નિશ્ચયથી જોઈએ તો કેવળજ્ઞાનની આ કાળમાં હા કહેવાય અને વ્યવહારથી આ કાળનાં એવાં ખરાબ નિમિત્તો છે તેથી ના કહેવાય. કૃપાળુદેવ ડુંગરશીને લખે છે કે આ ઉત્તર તમે લખ્યો તેથી વધારે વિશેષતાથી લખશો. જિનાગમમાં કહ્યું છે કે લોકાલોકને જાણે તે કેવળજ્ઞાન– તે હશે કે બીજું હશે? એમ પૂછે છે.

'આત્મસિદ્ધિ'માં ઘણા બધા ખુલાસા લખ્યા છે. વર્તમાનમાં કેવળજ્ઞાનનો અર્થ જૈનોમાં ચાલે છે તેવો જ છે કે બીજો છે? એમ કૃપાળુદેવ પૂછે છે. અત્યારે જે લોકો કેવળજ્ઞાન સંબંધી ચર્ચા કરે છે તેમાં કંઈ વિરોધ દેખાય છે? વેદાંત, સાંખ્ય, બધાય કેવળજ્ઞાન માને છે, પણ દરેક અર્થ જુદો જુદો માને છે. જ્યાં ભ્રાંતિ ગઈ ત્યાં કેવળ આત્મા રહ્યો એમ વેદાંત માને છે. સાંખ્ય એમ માને છે કે જ્ઞાન એ જ ઉપાધિ છે અને બધાય ગુણ છૂટી નિર્ગુણ થઈ જાય ત્યારે મોક્ષ થાય છે. કેવળજ્ઞાન થતાં જે મતિ શ્રુત આદિ બધા જ્ઞાનના પર્યાય છૂટી જાય અને એક કેવળજ્ઞાન જ હોય છે. અત્યારે કેવળજ્ઞાનનો વિચાર મતિમાં આવે એવો નથી. શાસ્ત્રમાં જે જ્ઞાનના ભેદ પાડયા છે તે કેવળજ્ઞાન થાય ત્યારે એક પણ ન રહે. એક અખંડ આત્મા રહે છે. કૃપાળુદેવ કહે છે કે તમને કંઈક વિશેષ વિચાર થાય તે માટે આ લખ્યું છે.

મન, વચન અને કાયા કેવળજ્ઞાન થાય ત્યારે હોય છે, પછી અયોગી થાય ત્યારે ન હોય. કેવળી ભગવાન આહાર લે છે એમ શ્વેતાંબર માને છે, તો આહાર વખતે કેવળીનો ઉપયોગ આહારમાં રહે છે કે લોકાલોક જાણવામાં? કેવળજ્ઞાન તો નિરંતર હોય છે. આહારમાં ઉપયોગ જાય તો જાણવાનું પડ્યું રહે ને? એમ પૂછે છે. આહારમાં જ ઉપયોગ વર્તે તો લોકાલોકનું જ્ઞાન પડ્યું રહે, એમ વિરોધ આવે છે. એક વખતે, બે ઉપયોગ તો હોય નહીં, એમ વિચાર કરવા માટે આ બધું લખ્યું છે.

કેવળજ્ઞાનના બે ભેદ છે. એક યોગસહિત કેવળજ્ઞાન અને બીજું અયોગી કેવળજ્ઞાન. એમ

કેવળજ્ઞાનના ભેદ શા માટે પાડયા છે? કંઈક જુદું સમજાવવું હોય તો ભેદ પાડવા પડે, પણ કેવળજ્ઞાન તો નિર્વિકલ્પ છે. તેમાં ભેદ પાડવાનું કારણ શું? એનો વિચાર કરવો એમ કહે છે. ''કર વિચાર તો પામ'' એમ કહ્યું છે.

[વ૦ ૬૯૬] ૪૭૨ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સ્વયંભૂરમણસમુદ્ર હાથે કરીને તરવો બહુ મુશ્કેલ છે. સ્વયંભૂરમણસમુદ્ર તે મોહ છે. તેને જે તર્યા તેમને નમસ્કાર. મહાવીર ભગવાનને પણ મોહને દૂર કરતાં સાડા બાર વર્ષ લાગ્યા હતાં. કૃપાળુદેવ કહે છે કે જીવે જે કર્મ બાંધ્યા છે તે ભોગવી લેવાં. પ્રારબ્ધ વેદતાં પરમાર્થ પ્રેરે તે વ્યવહાર પણ કૃત્રિમ લાગે છે. કાગળ આવે તેની પહોંચ લખવી તે પણ કૃત્રિમ લાગે છે. કંઈક અવલંબન ન હોય તો આર્તધ્યાન થાય કે કેમ પત્ર લખતા નથી, એમ જાણીને પત્ર લખ્યો છે. બાહ્ય પરિગ્રહ તે ક્ષેત્ર, ઘર, કુટુંબ વગેરે અને ક્રોધાદિ કષાય, મિથ્યાત્વ તે અભ્યંતર પરિગ્રહ છે. મહાપુરુષે જે પુરુષાર્થ કર્યો છે તે કૃપાળુદેવને સ્મરણમાં આવે છે, કે પડવાનાં સ્થાનમાં જે પુરુષો તરી ગયા. તેથી આશ્ચર્ય લાગે છે.

મુમુક્ષુ– પુરુષાર્થ શું?

પૂજ્યશ્રી– મહાપુરુષોએ જે પુરૂષાર્થ કર્યો; મોહમાં ફસાયા નહીં તે. પડવાનાં કારણોમાંથી પુરુષાર્થ કરી શુક્લધ્યાન પ્રગટ કરી કર્મને બાળી નાંખ્યાં. ખરો પુરુષાર્થ તો એની પાસે જેટલી સામગ્રી (શક્તિ) હતી તે નિષ્ફળ જવા ન દીધી; છે એટલી શક્તિ વાપરે તો શક્તિ વધે. કર્મનો ઉદય એવો છે કે એની સાવધાની ન રહે તો મોહમાં તણાઈ જાય. કૃપાળુદેવને ધર્મસંબંધી કોઈ જાણે નહીં એવી રીતે રહેવું હતું. ''સમજ્યા તે શમાયા'' જેમ બને તેમ શમાવું છે. જેટલું શમાવે તેટલું શમાય. જેમ જેમ રિદ્ધિસિદ્ધિ વિશેષ થાય છે તેમ તેમ વિશેષ ગોપવે છે. ભગવાન મહાવીરે કેવળજ્ઞાન થતાં સુધી જણાવા ન દીધું. અનંતશક્તિ હતી પણ ગોપવી રાખી. ત્યાગી હતા છતાં કોઈને જણાવા ન દીધું. એક ભિક્ષુકની પેઠે ફરતા હતા. કૃપાળુદેવને મહાપુરુષો કેમ વર્ત્યા, તેમણે મોહને કેમ જીત્યો, એ બધું એમના ખ્યાલમાં હતું. એટલું જ્ઞાન અને એટલી ઉપાધિ છે અને પાછી ગૃહસ્થાવસ્થા છે તે મૂંઝવણ કરાવે છે. જે કંઈ અવલંબન છે તેમાં વૃત્તિ રાખીને રહે તો ન પડે. 'સ્મરણ' મળ્યું છે તેમાંથી વૃત્તિ બહાર જાય તો કર્મ બંધાય છે. જેને સાધન કરવાનું છે તેણે બીજાના તરફ જોવાનું નથી.

**''અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય'**

મહાપુરુષોએ એટલી શક્તિ હોવા છતાં ગોપવી રાખી.

[વ૦ ૬૯૬] (રાતના સભામાં) ૪૭૩ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– મહાપુરુષનું કેટલું બળ છે, તે બતાવવા માટે કહે છે.

પુરાણમાં કથા આવે છે કે શ્રીકૃષ્ણનું કેટલું બળ છે તે જોવા માટે કૃષ્ણ જ્યારે દ્રૌપદીને લઈને પાછા આવતા હતા તે વખતે પાંડવો આગળ ચાલ્યા. કૃષ્ણ પાછળ પાછળ આવતા હતા. પાંડવો

ગંગા કિનારે હોડીમાં બેસીને આવી ગયા. કૃષ્ણને માટે હોડી મોકલવાની હતી, પણ આ કૃષ્ણનું કેટલું બળ છે, તે જોવું. એમ કરી પાંડવોએ હોડી મોકલી નહીં. કૃષ્ણે હોડી આવી નહીં તેથી એક હાથમાં તો રથ લીધો અને એક હાથમાં ચક્ર લઈને ગંગામાં ચાલ્યા. તે વખતે એમને એટલું બળ પડ્યું કે બધે શરીરમાં પસીનો વળી ગયો. કહેવાય છે કે એમને એટલું બળ પડ્યું કે દાંતે પણ પસીનો વળી ગયો. એમ કરી આખી ગંગા નદી પાર ઊતરી ગયા.

એ તો એક સામાન્ય વાત, પણ એવો સ્વયંભૂરમણ તરવાનો કહે છે. પહેલો લવણસમુદ્ર બે લાખ યોજન પહોળો છે, એના કરતાં બીજો કાલોદધિસમુદ્ર ચાર ગણો પહોળો છે. દ્વીપ પછી સમુદ્ર એમ બમણા થતાં થતાં અસંખ્યાત દ્વીપસમુદ્રો પછી છેલ્લો સ્વયંભૂરમણસમુદ્ર છે, તે બધા દ્વીપસમુદ્રની પહોળાઈનો સરવાળો કરીએ અને તેમાં ઉપરથી એક લાખ યોજન ઉમેરીએ એટલો પહોળો છે. તે હાથે કરીને કોઈથી ન તરી શકાય. કદાચ તરે, તો પણ મોહ-સ્વયંભૂરમણસમુદ્ર તરવાનો છે તે બહુ મુશ્કેલ છે.

**“મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,**
**સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;**
**અંત સમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,**
**પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો.”**

એ મોહનો પાર આવે નહીં.અનંતકાળથી જીવ મોહમાં છે. વહાણથી તો તરી શકે પણ હાથથી જ્ઞાની પોતે તરીને કહે છે કે તમે એ રસ્તે આવો, પણ તરાવી શકે નહીં. પ્રભુશ્રીજી કહેતા કે ‘કરશે તારો ભા!’ આ શરીરનું કામ તો કોઈ કરે, પણ આત્માનું કામ કોઈ કરી આપે નહીં. પોતાને જ કરવું પડશે. કોઈ કરી આપે નહીં.

તીર્થંકર સ્વયંબુદ્ધ કહેવાય છે. તેમણે આલંબન લીધા વગર દીક્ષા લીધી. મોહને દૂર કરવા વિચાર કર્યા, કેવળજ્ઞાન પામ્યા. તેમનું બળ અગાધ છે. એવા ભગવાનને નમસ્કાર છે. નમસ્કારમાં કંઈ કામના નથી, નિષ્કામ ભક્તિથી કરે છે.

કંઈક વિચારને અર્થે એટલે કંઈક જ્ઞાનીને પૂછીએ, એમ જે સહજ સ્વભાવે આવ્યું, તે પ્રશ્નોવાળું પત્ર પ્રાપ્ત થયું છે, એમ કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે.

અત્યારે જેવું ઉદયમાં આવ્યું તે પતાવવું છે. ગમે તે ઉદય આવે, તે સમભાવે વેદવો છે. ગૃહસ્થઅવસ્થાનો ઉદય આવ્યો છે, તે વહેલો ભોગવાઈ જાય તો સારું. આ વ્યવહારમાં રહી એકધારા પ્રારબ્ધ વેદતાં પરમાર્થ સંબંધી પ્રવૃત્તિ કરવી કૃત્રિમ લાગે છે. તેથી પહોંચ પણ તમને લખી નથી. સોભાગભાઈએ એક પત્રમાં લખ્યું છે કે પચાસ વર્ષે જે સમાધાન થવાનું હતું, તે કૃપાળુદેવની કૃપાથી થોડા સમયમાં થઈ ગયું. સોભાગભાઈને નિરાશા ન આવી જાય, તે માટે દયા આવવાથી આ પત્ર લખ્યો છે. પત્રથી સત્સંગ કરતા હોય અને પછી પત્ર ન લખે તો ખેદ થાય એવી દયાથી આ પત્ર લખ્યો છે. નહીં તો પરમાર્થ સંબંધી લખવું તે કૃત્રિમ જેવું લાગે છે. મહાપુરુષો કેવળજ્ઞાન થતાં સુધી મૌન રહે છે. શરીરની પણ સંભાળ ન લીધી. મોહ છે ત્યાં સુધી

કંઈ કરવું નથી એમ કરી ઊંઘ્યાય નહીં, બરાબર ખાધું પીધુંય નહીં. રાત્રિદિવસ પુરુષાર્થ કર્યો. તે ભગવાનને યાદ કરી આ પત્ર લખ્યો છે. તેવા અમારે થવું છે મનમાં એમ છે, પણ દયા આવવાથી આ પત્ર લખ્યો છે.

સૂક્ષ્મ સંગ એટલે ચૌદ પ્રકારનો અભ્યંતર સંગ છે. એક મિથ્યાત્વ, ચાર કષાય, નવ નોકષાય એ અભ્યંતર પરિગ્રહ છે. અને ધનધાન્યાદિ બાહ્ય પરિગ્રહ દશ પ્રકારે છે. એ અભ્યંતર સંગ ટાળવા મુખ્ય પુરુષાર્થ કરવાનો છે. એ બન્ને પ્રકારના સંગ જેણે તજી દીધા છે તે ભગવાનને નમસ્કાર છે.

જીવને સંગ છોડવો ગમતો નથી અને છોડ્યા વિના છૂટકો નથી. ક્રમે ક્રમે કરીને અસંગ થવાનું છે. જે મહાપુરુષોએ કર્યું તે જ કરવાનું છે. મહાપુરુષોનાં જીવનચરિત્ર તપાસતાં કોઈને ન કહી શકાય એવું આશ્ચર્ય ઊપજે છે. એક અંતરાયને કાઢતાં અનંતકાળ જતો રહે તેવા અસંખ્ય અંતરાય એક બે ઘડીમાં કાઢી નાખ્યા, એ કેટલું બધું એમનું બળ છે. અપ્રમત્ત મુનિઓ જે છે, તે પ્રમત્તમાં આવી જાય,તો પણ બે ઘડીમાં તો અપ્રમત્તમાં આવી જ જાય. ત્યાં જો ન ચેતે, કાળજી ન રાખે તો ક્યાં ઊભો રહેશે તેનું કહેવાય નહીં. ક્ષાયિક સમ્યગ્દર્શન હોય તો ચોથે આવીને ઊભો રહે. મુનિ તો આત્મવિચારે કરી જાગૃત રહે. પડવાનાં સ્થાનક ઘણાં છે. ક્ષપકશ્રેણિમાં પડવાનાં સ્થાન નથી. આશ્ચર્ય લાગે છે કે અહો! ધન્ય છે આ મહાપુરુષોને કે એવાં અસંખ્ય અંતરાય ટાળ્યાં, એથી રોમાંચ થાય છે. અનંત એટલે પાર ન આવે એટલું આશ્ચર્ય ઊપજે છે. મહાપુરુષોનું કેટલું બળ છે એનો વિચાર કરે તો જીવને સમજાય. તીર્થંકર ભગવાનને શારીરિક બળ કેટલું બધું હોય છે! સુખની સામગ્રી જોઈએ તે દેવો લાવી આપે, છતાં એમને એવો વૈરાગ્ય હોય છે કે કંઈ એમને ગમે નહીં. ગૃહસ્થઅવસ્થામાં પણ પુરુષાર્થ કરતા, પણ તે ઓછો લાગ્યો; તેથી ઉદય આવ્યો ત્યારે મુનિ થયા અને બહુ પુરુષાર્થ કર્યો. દેહને ગમે તે થવું હોય તે થાઓ, પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવું છે એવો એમનો નિશ્ચય હતો. એમ કહેવાય છે કે મહાવીર ભગવાને દીક્ષા લીધા પછી આંખ ચોળવા જેટલી પણ સંભાળ લીધી નથી. રાત દિવસ ઊંઘ્યા ય નહીં, શિષ્યો પણ કર્યા નહીં, માત્ર મોહને ક્ષય કરવા માટે પુરુષાર્થ કર્યો. કૃપાળુદેવ સોભાગભાઈને શરુઆતમાં લખતા કે તમે કેમ પ્રશ્નો લખતા નથી? તેથી પોતે એમને પ્રશ્નો પૂછતા. પણ હવે એઓ લખવા મંડ્યા તો એ મૌન થઈ ગયા. મહાપુરુષની અગાધ દયા હોય છે.

પ્રભુશ્રીજીને પહેલાં શરુઆતમાં લોકો ફૂલ ચઢાવતા. તે ઝેર જેવાં લાગતાં, છતાં સહન કરતા. શરુઆતમાં જીવો એવા આલંબન વિના ધર્મમાં ચોંટે નહીં, એને ગમેય નહીં. પછી ધીમે ધીમે કરતાં બધાને કૃપાળુદેવ ઉપર લાવી ઊભા રાખ્યા. શરુઆતમાં પોતાનું ચિત્રપટ આપતા, પણ પછી તો એવું કર્યું કે પોતાનું ચિત્રપટ આશ્રમમાં પણ આવવા ન દે. મહાપુરુષોને ગમે તે આલંબનથી જીવોને ઊંચા લાવવા છે.

ખરી રીતે જ્ઞાનીને જ્ઞાની જ ઓળખે છે. જ્યારે ઓળખે ત્યારે એને એવો રોમાંચ થાય કે અહો! આ મહાપુરુષોનું કેટલું અગાધ બળ છે! ન કહી શકાય એટલું આશ્ચર્ય ઊપજે છે. જે જે

મહાપુરુષો થયા તેમણે અત્યંતપણે જગતને ભૂલી પુરુષાર્થ કર્યો. તીર્થંકર જેવા બધું રાજપાટ છોડીને મુનિ થયા. બધું છોડીને રાત દિવસ એની પાછળ પડવું છે, તો કામ થાય એવું છે. કૃપાળુદેવને પત્ર લખવો પડે છે તે દયાને લઈને.

[વ૦ ૭૦૦] ૪૭૪ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૨, સં. ૨૦૦૯

"શરીર કોનું છે? મોહનું છે. માટે અસંગભાવના રાખવી યોગ્ય છે."

પૂજ્યશ્રી– એટલું આ શાસ્ત્રના સાર જેવું છે. મોહનીયકર્મથી શરીર પ્રાપ્ત થાય છે, પણ આ આત્માનું નથી. દેહ પરનો મોહ છે એ જ મોહનીય કર્મને પોષવાનું કારણ છે. અસંગભાવના રાખવી.

[વ૦ ૭૦૨] ૪૭૫ તા. ૧૭-૧૨-૧૯૪૯
માગશર વદ ૧૨, શનિ, સં. ૨૦૦૬

પૂજ્યશ્રી– વિચારવાન કોને કહેવાય?

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**
**"આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય."**

આત્માર્થી જીવ થયો હોય તે જ વિચારવાન કહેવાય, અને તે જ આત્માર્થનો જ લક્ષ રાખી પુરુષાર્થ કર્યા કરે. કેવળજ્ઞાન થતાં સુધી તેવો પુરુષાર્થ કરવાનો છે. જ્ઞાનીપુરુષોએ એક આત્માને માટે જ સર્વ ક્રિયા કરવાની કહી છે. જે કંઈ કરું તે આત્માને માટે જ કરું છું. તે લક્ષ થાય તો જીવ ભૂલો પડે નહીં. પ. પૂ. પ્રભુશ્રીજી આગળ સ્તવન બોલાતું હતું, તે બંધ રખાવી પ્રશ્ન પૂછ્યો કે સમ્યક્દૃષ્ટિ જીવ ભક્તિ શા માટે કરે છે? પોતે જ જવાબમાં કહ્યું કે એક માણસને ફાંસીની સજા થઈ હોય પરંતુ જો એક હજાર રૂપીયા દંડ ભરે તો ફાંસી માફ થાય, તેમ કહેવામાં તેને આવે તો તે હજાર રૂપીયા ખુશી થતો થતો ભરે છે. જો કે તેને હજારનું નુકસાન તો છે જ. છતાં ફાંસીની સજા માફ થઈ તેથી દંડ ભરીને પણ ખુશ થયો. તેમ સમ્યક્દૃષ્ટિનો ધ્યેય શુદ્ધનો હોય છે. પરંતુ તેમાં ટકી ન શકાય તે પછી શુભમાં રહે છે. પરંતુ તે ભક્તિ વિગેરે સાધન કરતો હોવાથી અશુભમાં જતો નથી. મરણ તો ક્ષણે ક્ષણે થઈ રહ્યું છે. પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે તેમ કહ્યું છે. તો તે માટે ઘણો જ ઉપયોગ રાખવાનો છે. રસ્તો છે તે તો છે જ, તેમ પ્રારબ્ધ હશે તેમ થશે જ. પરંતુ રસ્તે ચાલતાં કંઈ હિંસા ન થાય તેટલા માટે જોઈને ચાલવા કહ્યું છે. તેમ પ્રારબ્ધ હશે તેમ થશે. પરંતુ ઉપયોગ રાખીને ઉપયોગપૂર્વક વખત ગળાય તો નવાં કર્મ બંધાય નહીં. જીવને અભિમાન છે કે 'મેં કર્યું, હું કરું છું.' પરંતુ તે તો પ્રારબ્ધ પ્રમાણે થયા જ કરે છે.

**"મોહનવરને માન સંગાથે વેર જો."**

એટલે મારું કહ્યું, ત્યાં પ્રભુ નથી. ગોપીઓને થયું કે અમોએ પ્રભુ પ્રાપ્ત કર્યા છે, અને બીજા લોકો તે પ્રાપ્ત કરી શકતા નથી. તેમ થયું કે ભગવાન અંતર્ધાન થઈ ગયા. તેમ હું પણું હોય ત્યાં પ્રભુ હોય નહીં. ક્ષણે ક્ષણ સુધારી લેવી, એટલે મરણ સુધરી જશે. કારણકે જે જે કરવામાં આવે છે તેનું રહસ્ય મરણ વખતે આવી જાય છે અને તેવી ગતિ થાય છે.

રૂઢી ધર્મ પ્રમાણે સર્વ સાધન કરે છે. પરંતુ તેમાં જ્ઞાનીપુરુષો કલ્યાણ જોતા નથી. કલ્યાણ તો એ જ કે કષાયો ઘટે. પરમાર્થભાવ એટલે સમ્યક્‌ભાવ. તે પણ ક્વચિત્ ક્વચિત્ કોઈ વિરલા જીવોને હોય છે. જે તે ભાવે જ જીવન જીવે છે, તેવા મુનિઓને પણ બે ઘડીથી વધારે શુદ્ધભાવમાં રહી શકાતું નથી. હીંચકાની માફક પ્રમત્તમાંથી અપ્રમત્ત એમ થયા જ કરે છે અને એ જ ખરો પુરુષાર્થ છે. ઋષભદેવ ભગવાનને પણ એક હજાર વર્ષ સુધી એમ જ થયેલું. ત્યાર પછી શ્રેણિ માંડી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ખરી ઉદાસીનતા તો જ્ઞાનીની જ છે. સમ્યક્‌દર્શન થાય ત્યારે તે આવે છે. કોઈને દૂધના ઊભરાની પેઠે ક્ષણિક વૈરાગ્ય આવી જાય અને કહે કે મને ઘણો વૈરાગ્ય રહે છે, પણ તે જ્ઞાની સ્વીકારે નહીં. તેવું તો અનંતભવથી થયા કર્યું છે, પણ જ્ઞાનીની આજ્ઞામાં વર્તે તો તેમ થઈ શકે તેવું છે. આ મનુષ્યદેહ ઉત્તમ મળેલો છે તેને સાર્થક કરી લેવો. ઘણું પુણ્ય હોય ત્યારે જ્ઞાનીપુરુષનો યોગ થાય છે. આપણને આવો જોગ મળ્યો છે તે વૃથા જવા દેવો નહીં. તે આપણા હાથની વાત છે.

બાહ્ય ક્રિયાના વિધિનિષેધ એટલે અમુક પ્રકારે મુનિ વગેરેએ રહેવું, તેમને અમુક જગ્યાએ ચોમાસું કરવું, પૂજા આમ જ કરવી, કરાવવી વિગેરે વાતોમાં બાહ્ય લક્ષ રાખી વખત પસાર કરવો તે. પરંતુ તે આત્મા માટે જ કરવું છે તેવો લક્ષ જ્ઞાનીપુરુષ સિવાય થઈ શકે એમ નથી. કોઈને એમ લાગે કે અધ્યાત્મી પુરુષો તો એમ જ કહે કે કરવાનું નથી. તો તે દૃષ્ટિ એકાંતિક ગણી તેમનું કહેલું લક્ષમાં લે નહીં, તો કલ્યાણ થાય નહીં. મહાપુરુષોને જીવો ઉપર કેટલી કરુણા હોય છે? માત્ર અનુકંપાબુદ્ધિએ નિરાગ્રહથી, નિષ્કપટતાથી, નિર્દંભતાથી અને હિતાર્થે જ લખ્યું છે. આ પત્ર તેમના (ભરૂચવાળા અનુપચંદ) ઉપર જ લખેલો છે, એમ ગણવાનું નથી. બધું આપણને જ કહેલું છે એમ સમજવાનું છે.

[વ૦ ૭૦૨] (બપોરના) ૪૭૬ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૧૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સમાધિમરણ કરવાનું હોય તો અત્યારથી જ તૈયારી કરવાની છે. મરણ પાસે જ છે. અગિયારમે (ગુણસ્થાનકે) દેહ છૂટે તો સર્વાર્થસિદ્ધિમાં જાય, આટલો પુરુષાર્થ કર્યો હોવા છતાં પણ દેવલોકમાં જાય. આખી જિંદગીમાં જે કર્યું હોય છે તે મરણ વખતે આવીને ઊભું રહે છે. છેવટે જેવી મતિ તેવી ગતિ. કેવળજ્ઞાન થતાં સુધી ભય છે. પરમાર્થભાવ સમજાવો મુશ્કેલ છે. સમ્યક્‌દર્શન થયે પણ નિત્ય એ ભાવ રહે એવું નથી. એ એમનો એમ આવતો નથી. આત્મવિચારે, સદ્વિચારે, ઉદાસપણે જે ભાવ થાય છે તે કોઈ વિરલાને જ થાય છે. સમ્યક્‌દર્શન હોય તો સમભાવ રહે છે. એવા જીવો વિરલા છે. રૂઢિ આધીન ધર્મ કરવાવાળા છે, પણ પરમાર્થધર્મ તો કોઈ સમ્યગ્દૃષ્ટિને જ દેખાય છે. જે ભાવ વધારે સેવાયો હોય તે મરણ વખતે આવી ઊભો રહે છે. જ્યારે મરણ આવશે ત્યારે પરમાર્થભાવ કરીશું એમ નિવૃત્તિ કરીને બેસી જવાનું નથી. અત્યારે જ મરણ પાસે છે માટે અત્યારથી જ કરવા માંડવું. દેહ અને તેના સંબંધી સંબંધનો વિચાર અત્યારે છોડી દઈ વિચાર કરે કે આત્માનું ખરું સ્વરૂપ શું છે? તે વિચાર કરવાનો છે. રૂઢિ ભાવ મૂકી પરમાર્થભાવમાં આવવું. જેણે આત્માનો ઉદ્ધાર કરવાનો નિશ્ચય કર્યો છે તેને તો જ્યાં દેહ છૂટે ત્યાં

સમાધિમરણ થશે. આ જીવને જ્યારે આત્મભાવના ટકી રહે ત્યારે સમાધિમરણ થાય. આત્મપરિણામ સુધરે તો આત્મજ્ઞાન થાય.

આપણને આત્માની ખબર નથી, પણ જેણે જાણ્યો છે તેમાં વૃત્તિ રાખે તો સમાધિમરણ થાય એવું છે. સમકિત થવાનો એ જ માર્ગ છે. જ્યાં દીવો છે ત્યાં દીવેટ મળે તો દીવો થાય. લોકોના કહ્યાથી આપણું કલ્યાણ થવાનું નથી. લોકોએ છાપ આપી તે કામ ન આવે. અંતર્મુખ વૃત્તિ કરી પોતાનું જીવન પલટાવવાનું છે. અંતર્મુખ વૃત્તિ ન થાય ત્યાં સુધી ગમે તેટલી બાહ્યક્રિયા કરે તેથી આત્માનું કલ્યાણ થવાનું નથી. સમ્યક્દર્શન વગર ગમે તેટલું કરે તો પણ પાર ન આવે. આપણી અંતર્પરિણતિ ફરે એવું કરવાનું છે. એક આત્માનું જ કલ્યાણ ગમે ત્યાંથી કરવાનું છે, એવો એકાંત નિશ્ચય કરવાનો છે. પરમાર્થભાવની જેને ગરજ છે તેને સમાધિમરણ થાય એવું છે. સમાધિમરણ એ મોટી વાત છે, જેવી તેવી વાત નથી. 'ભગવતી આરાધના' એ સમાધિમરણ કરવા માટે લખ્યું છે, એના હજારેક પાન છે. આચાર્યને ખબર પડે કે, 'મારે હવે બાર વર્ષનું આયુષ્ય છે,' એમ જાણી બીજાને આચાર્યપદ આપે અને સંઘને શિખામણ આપે. બધાને ક્ષમાવે. સંઘનો પ્રતિબંધ પહેલાં ટાળે છે. પછી એકલા વિહાર કરે છે. જાત્રાએ જતાં, વિહાર કરતાં વિચાર કરે કે મને કયું સ્થળ ઉપયોગી છે. પછી કોઈ પ્રબળ આચાર્ય હોય તેની પાસે જાય અને કહે કે 'હે ભગવાન્! હું કંઈ જાણતો નથી.' પછી આચાર્ય તેની પરીક્ષા કરે છે. પછી તે આચાર્ય શિષ્યોને કહે કે આ સમાધિમરણ કરવા માટે આવ્યા છે. તેની સેવા કરો તો આ અહીં રહે. બધા એ વાત સ્વીકારે ત્યારે આચાર્ય પેલા આચાર્યને પોતાની પાસે રાખે. ત્યારપછી પેલા આચાર્યને ઓછો આહાર કરાવવા માંડે. અડતાળીસ (૪૮) સાધુઓ એની સેવામાં રાખે. ત્યાં વિક્ષેપ ન થાય એમ રાખે. એમ છતાં આચાર્યના ભાવ ફરે ત્યારે આચાર્ય આવીને કહે કે જાગૃત થાઓ, પ્રમાદ કરવા જેવું નથી, જ્યાં વૃત્તિ ગઈ ત્યાં જન્મવું પડશે, એ બધાથી વૃત્તિ ઉઠાડી આત્મામાં વૃત્તિ રાખો. એમ આચાર્ય તેમને ઉપદેશ કરે ત્યારે તેઓ સ્થિર થાય અને ત્યારપછી તેમને ચાર પ્રકારના આહારનો ત્યાગ કરાવે છે. પછી તે આચાર્ય કહે કે મને ખાવાનું આપો; કેમ મને મારી નાંખવો છે, એવા ભાવ પણ કોઈ કોઈના થઈ જાય છે. ત્યારે આચાર્ય તેને બોધ આપી સ્થિર કરે છે. પછી એને દેહ છોડવો (મરવું) તે એને મૃત્યુ મહોત્સવ જેવું લાગે. એવી રીતે આચાર્ય પણ સમાધિમરણ કરવા માટે બીજા આચાર્યની પાસે જાય છે. પોતાના પરિણામની જીવને પડી નથી. આજે કેટલા દોષ થયા? કેવા ભાવ રહ્યા? એ ન કર્યું હોત તોય ચાલત. એમ આખા દિવસની આલોચના કરનારા થોડા છે. પછી અઢારે પાપસ્થાનક વિચારે તો લાભનું કારણ છે. આજે મેં કેટલી હિંસા કરી? કેટલું જૂઠું બોલ્યો? એમ ચોરી આદિ દોષોનો વિચાર કરે તો પ્રતિક્રમણ કરતાં વધારે લાભ છે. આત્મવિચારકર્ત્તવ્યરૂપ ધર્મ છે. પોતાનું જીવન સુધારવાનું છે. પરમાર્થભાવની વૃદ્ધિ થશે તો સમાધિમરણ થશે. લક્ષ નથી રહેતો. શા માટે ઉપવાસ કરે છે, તેનું ભાન નથી. એક માત્ર મોઢે ખાય નહીં. મારે ઉપવાસ છે તો આજે જ્ઞાનધ્યાનમાં વખત ગાળવો છે, એવું લક્ષમાં રહેતું નથી. શા અર્થે કરવું છે, એ જ્ઞાનીના વચનથી સમજાય એવું છે. દોષો તપાસતો નથી. દોષ જોતો જ નથી તો ટાળે ક્યાંથી?

કૃપાળુદેવે 'પુષ્પમાળા'માં છેવટે દોષ જોઈને દોષ ટાળવા, એમ લખ્યું છે. દોષો જોયા વગર મુમુક્ષુતા ન આવે. હું કોણ છું, તેની સમજણ નથી. એને લઈને જન્મ-મરણ થાય છે. દેહ હું છું એ ભાવ ન ફરે ત્યાં સુધી આત્માનું હિત ન થાય. આટલો ભવ મારે આત્માને માટે જ ગાળવાનો છે. મને આત્મવિચાર આવે છે કે નહીં? એમ વિચારવું. સત્સંગથી થોડા દિવસોમાં ઘણો લાભ થાય છે. સત્સંગમાં હોય તો વિચારેય સ્ફુરે; વૃત્તિ ઠરે છે. વાંચી જાય પણ સમજે નહીં.

"સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે." (૧૬૬)

એક શબ્દ જ્ઞાનીનો મોક્ષે લઈ જાય એવો છે. આત્માને સ્પર્શીને નીકળે છે.

અનાદિકાળથી જીવ પુદ્‌ગલને જોતો આવ્યો છે. કાળું-ધોળું બધું પુદ્‌ગલ છે. પુદ્‌ગલમાં રુચિ હોય ત્યાં સુધી જીવને સારું-ખોટું લાગ્યા કરે છે. પુદ્‌ગલ કંઈ કહેતાં નથી કે મને સારુ-ખોટું કહો. પુદ્‌ગલમાં પુદ્‌ગલના ગુણો છે. પુદ્‌ગલની આસક્તિ છોડવા જ્ઞાનીનાં જે પુદ્‌ગલો છે તે મદદરૂપ છે.

"રાગ કરવો નહીં, કરવો તો સત્પુરુષ ઉપર કરવો." (૨૧/૨૦)

માર્ગ અસંગપણાનો છે, પણ એકદમ અસંગપણું થવું મુશ્કેલ છે. એટલે સત્સંગને એનું અવલંબન કહ્યું છે.

કોઈનો સંગ કરવો નહીં છતાં જ્યાં સુધી તેવી દશા ન થાય ત્યાં સુધી સત્પુરુષનો સમાગમ અવશ્ય સેવવો ઘટે છે. એ એક સાધન છે. આ કાળ એવો છે કે ઘણા કાળનો સત્સંગ હોય ત્યારે ખબર પડે, કે મારે શું કરવા યોગ્ય છે. સ્થિરતા કરવાનું એને ગમતું નથી. બાહ્ય વસ્તુઓમાં દુઃખ લાગે. આત્મામાં શાંતિ છે એમ લાગે તો પતી જાય. જીવ બહારની વસ્તુઓમાં વિશ્વાસ રાખે છે.

**[વ૦ ૭૦૨]** ૪૭૭ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૬, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—સ્યાદ્‌વાદ માર્ગ છે. જ્ઞાન એકાંતે માને, ક્રિયા એકાંતે માને, તે અયથાર્થ છે. એક જ માર્ગ નથી. જ્ઞાન અને ક્રિયા બેયની જરૂર છે. એકાંતે માને તે મિથ્યાત્વ છે. સત્ય પુરુષાર્થ જીવ કરે તો જ્ઞાન દર્શન ચારિત્ર બધું આવી જાય.

કલ્પિત વિધિનિષેધ એટલે જેમાં આત્માનું હિત ન હોય, એવા વિધિનિષેધને છોડીને જ્ઞાનીની આજ્ઞામાં વર્તવાનું છે. એકલી ક્રિયા કરે તોય કલ્યાણ થાય નહીં. શુષ્કજ્ઞાની થાય તો પણ કલ્યાણ થાય નહીં. ધર્મ કરવો હોય તો સાવધાની વગર ન થાય. એની જરૂર છે. સમય વર્તે સાવધાન. રામદાસ પરણવા ગયા ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે 'સમય વર્તે સાવધાન.' તે વખતે રામદાસ ત્યાગી થઈને ચાલી નીકળ્યા. તેમ આત્મભાવનો વિચાર કરવાનો લક્ષ રાખવો યોગ્ય છે. અનુપચંદભાઈને સમાધિમરણ થવા આ પત્ર લખેલ છે.

**[વ૦ ૭૦૭]** (બપોરના ઉપર) ૪૭૮ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૧૧, સં. ૨૦૦૯

પ્રશ્ન– વૈજનાથ કોણ હતા?

પૂજ્યશ્રી– વૈજનાથ કાઠિયાવાડના એક યોગી હતા. પણ એમને આત્મસાક્ષાત્કાર નહોતો. એમણે કહેલું કે કૃપાળુદેવ પૂર્વભવમાં ઉત્તર દિશાએ હિમાલયની બાજુમાં વિચરેલા. તે વિષે

કૃપાળુદેવે કહ્યું કે “તેમણે તમને મિથ્યા કહ્યું નથી.” (૨૧૨) વૈજનાથ શ્વાસોચ્છ્વાસ રોકતા તેથી એમનું મન નિર્મળ હતું, તેથી પોતાના અને બીજાના ભવ જાણી શકતા. પૂર્વભવમાં કૃપાળુદેવ નેપાળમાં રાજકુમાર હતા, એમ કહેલું.

આત્મા જાણ્યા વગર મોહ ઓછો ન થાય, કોઈ પણ પ્રકૃતિ ક્ષય ન થાય. મોહ જેથી મંદ થાય તે તરવાનું સાધન છે. બધા ગુણસ્થાનકો જેમ જેમ મોહ ઘટે તેમ તેમ વધે છે. એમ કહ્યું નથી કે અવધિજ્ઞાન થાય કે અમુક જ્ઞાન થાય ત્યારે અમુક ગુણસ્થાન આવે. ભક્તિ વગરનું જ્ઞાન શા કામનું? જગતના ભાવ ખાવું-પીવું, મોજશોખ ન ગમે ત્યારે ભગવાન ગમે. વૈરાગ્ય આવે ત્યારે મોહ ઓછો થાય. સમ્યગ્જ્ઞાન હોય તો સહજે વૈરાગ્ય રહે. મિથ્યાત્વ હોય તો વૈરાગ્ય પણ ઊલટો સંસાર વધારે. સમજ્યા તે શમાયા. કૃપાળુદેવને કેટલું જ્ઞાન હતું! પણ કોઈ જાણે નહીં. સમજે તે શમાય. વાતચીત કરવાનું એને ગમે નહીં. આત્મભાવ રાખે તો કર્મ ન બંધાય.

[વ૰ ૭૦૮] ૪૭૯ ગુડિવાડા, પોષ સુદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– કેવળજ્ઞાનનું સ્વરૂપ જાણવું દુર્લભ છે. જિન ભગવાનનું કહેલું વચન સમજવું મુશ્કેલ છે.

**“જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;**
**અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ.”** (૯૫૪)

ભગવાનનો કહેલો આશય સમજવો એક બાજુ પડ્યો રહ્યો છે, તેથી અંતરંગ ફેરફાર કરવાનું લોકો ભુલી ગયા છે. ભગવાનનું શું કહેવું છે, એ આશય સમજવો મુશ્કેલ છે. સમ્યગ્દર્શન વિના ન સમજાય. સમ્યગ્દર્શન આવ્યે દોષો ટળે છે. ભગવાને શું કહ્યું છે, એ વિચારવાવાળા થોડા છે. બીજા જીવોને તો ખરું જે તત્ત્વજ્ઞાન છે, તેની વાત પણ કાને પડતી નથી. શું કરવાથી આપણો મનુષ્યભવ સફળ થાય તે જાણતા નથી. અત્યારે વર્તમાનકાળમાં એવી સ્થિતિ છે. જેને આગ્રહ હોય તેને સાચી વસ્તુ ન ગમે. ત્યાગ, વૈરાગ્ય એ યોગ્યતા છે. એ અમૂલ્ય વસ્તુ છે, એમ જેને સમજાયું હોય અને એવી દશા જેને વર્તતી હોય તે જ ઉદ્ધાર કરી શકે છે. કૃપાળુદેવ કહે છે કે ઉપદેશ આપી શકીએ એવી અમારી દશા છે. જૈન દર્શન સાગર જેવું છે. બીજાં દર્શન જૈનથી ઊતરતાં છે. બીજા દર્શનમાં ભજના માત્ર છે.

**“જિનવરમાં સઘળાં દરિશણ છે, દર્શને જિનવર ભજના રે;**
**સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે.”** (આ૰ ૨૧)

જૈન ધર્મ એ વિશ્વધર્મ છે. જેની વાણી અપૂર્વ હોય, જે પરમશ્રુત હોય, તે જ બીજા જીવોનો ઉદ્ધાર કરી શકે છે. પરમશ્રુત એ સદ્‌ગુરુનું મુખ્ય લક્ષણ છે. જ્ઞાનીપુરુષો સત્તામાં જે કર્મ રહેલાં છે તેને જોઈ શકે છે. આત્માની નિર્મળતાથી જોઈ શકે છે. યોગ સાધન કરવું હોય તેને સર્વસંગપરિત્યાગ જોઈએ અને એકાંત સ્થાનની પણ જરૂર છે. કૃપાળુદેવ લખે છે, એકસો માણસ અમારી જોડે દીક્ષા લેવાને તૈયાર થયા છે. કૃપાળુદેવ લખે છે કે અમે છ દર્શનોને બરાબર તપાસ્યાં છે. તે છ દર્શનોમાંથી જૈન દર્શનની અધિકતા લાગી, તેથી એ દર્શનનો ઉદ્ધાર કરવાની ભાવના થાય છે.

[વ૦ ૭૦૯] ૪૮૦ ગુડિવાડા, પોષ સુદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— આ કાળના જીવો એવા છે કે ઘણો બોધ કરવા છતાં, બહુ કઠણ હોવાથી, કંઈ અસર થતી નથી. મતભેદ, આગ્રહથી મારું કલ્યાણ થવાનું નથી એમ લાગે, મતાગ્રહ મંદ થાય તેથી કંઈક સાંભળવાની વૃત્તિ થાય; જેણે આત્મા જાણ્યો છે એવા પુરુષથી ધર્મ પમાય છે, એવું લક્ષમાં રહે; આત્મજ્ઞાનને જણાવનારા શાસ્ત્રોનો વધારે પરિચય થાય અથવા રાખે અને તેનો વિચાર કરે તો ઉદ્ધાર થાય.

[વ૦ ૭૧૦] *૪૮૧ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧, ૧૯૯૮

૧. સર્વવ્યાપક જ્ઞાન અપેક્ષાએ. સત્ એટલે હોવારૂપ. તેમાં જીવ અજીવ બધાં દ્રવ્ય સમાય. ચિત્ એટલે ચૈતન્ય, જ્ઞાનદર્શનરૂપ. તેમાં સંસારી અને મુક્ત સમાય. આનંદ એટલે આત્મિક સુખવાળા. તેમાં સમાધિસ્થ યોગીથી માંડીને સિદ્ધ સુધીના જ્ઞાનીઓ સમાય. એમ એક રીતે અર્થ થાય. અથવા સત્ચિદ્આનંદ એટલે દર્શનજ્ઞાનચારિત્ર (સુખ) જેમાં છે એવો પદાર્થ શુદ્ધાત્મા હું એક છું. ઉપરના ગુણો પોતાના આત્મામાં શી રીતે ઘટે છે? વેદાંતમાં એક આત્મા કહ્યો છે. શુદ્ધ અનુભવમાં આત્મા પોતાના સ્વરૂપ સિવાય અન્ય કોઈનો અનુભવ કરતો નથી. અન્ય વસ્તુનું હોવાપણું ન હોવાપણું એને કંઈ કાર્યકારી નથી, એ અપેક્ષાએ આત્મા એક છે. આ વાક્યમાં કહેલું પોતાનું સ્વરૂપ વિચારવું, ધ્યાવવું. શબ્દો વેદાંતના વાપર્યા છે, પરંતુ ભાવ સ્યાદ્વાદપૂર્વક સમજવાનો છે.

૨. એમ વિચારતાં કેવો આત્મા અનુભવમાં આવે છે? તે કહે છે—અત્યંત નિર્મળ પરમ શુદ્ધ ચૈતન્યઘન આત્મસ્વરૂપ પ્રગટ અનુભવાય છે. સંકલ્પવિકલ્પ વગેરે સર્વને આત્માથી પર જાણી દૂર કરે પરંતુ તેને જાણનારો ને અનુભવ કરનારો આત્મા છે તેને કોઈ રીતે બાદ કરી શકાતો નથી. ઉપયોગમય આત્મા છે. તે દર્શનઉપયોગ અને જ્ઞાનઉપયોગ એમ બે પ્રકારે છે. ઉપયોગ એ આત્માનું લક્ષણ છે. અવ્યાબાધ સમાધિસ્વરૂપ આત્મા છે. આત્માના સમાધિસુખમાં સ્થિર થઈને 'આત્મા છે' એ પ્રથમપદનો નિશ્ચય કર્યો. અત્યંત પ્રગટ અનુભવાય છે તેથી આત્મા છે.

૩. તે આત્મા નિત્ય છે. કોઈ પદાર્થના સંયોગથી ઉત્પન્ન થતો નથી અને કોઈ અન્ય પદાર્થમાં મળી જતો નથી એમ ઉત્પત્તિ અને નાશ રહિત હોવાથી આત્મા નિત્ય છે.

૪. ભ્રાંતિપણે પરભાવનો કર્તા છે, તેના ફળનો ભોક્તા છે.

૫. ભાન થયે સ્વભાવપરિણામી છે. સર્વથા સ્વભાવપરિણામ તે મોક્ષ છે. એમ આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્મનો કર્તા છે, આત્મા કર્મનો ભોક્તા છે, મોક્ષ છે, એ પાંચ પદનું સ્વરૂપ કેવી રીતે સમજવું તે બતાવ્યું.

૬. હવે મોક્ષનો ઉપાય શો કરવો તે કહે છે. સદ્ગુરુ, સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્વિચાર અને સંયમાદિ તેનાં સાધન છે. એમ છ પદની શ્રદ્ધા કરવી. તે અત્યંત સાચા છે, કેમ કે પ્રગટ અનુભવમાં આવે છે.

૭. તે આત્મા સંસાર અવસ્થામાં કેવો છે અને તેની શુદ્ધદશામાં કેવો હોય તે બતાવે છે—જેવાં

* બોધામૃત ભાગ ૨ (છઠ્ઠી આવૃત્તિ)માં આ વિવેચન જેમ છે તેમ અત્રે મૂક્યું છે.

ભાવ કરે છે તેવાં કર્મ બાંધે છે. તે ભોગવવા માટે તેવા ભવ ધારણ કરવાના આવે છે અને તેથી તે માટેનાં સ્થાનો પણ નિર્માણ થયેલાં છે. એ એની સંસારદશા છે.

૮. ''નિજસ્વભાવ જ્ઞાનમાં કેવળ ઉપયોગે, તન્મયાકાર, સહજસ્વભાવે નિર્વિકલ્પપણે આત્મા પરિણમે તે કેવળજ્ઞાન છે.'' એ એની મોક્ષદશા છે. એમ પોતાના શુદ્ધસ્વરૂપમાં નિરાવરણપણે સ્થિર થવું તે કેવળજ્ઞાન દશા છે.

૯. તે દશાની યથાર્થ પ્રતીતિ સહિત પરિણમવું તે સમ્યક્ત્વ છે. તેના પ્રકાર કહે છે—નિરંતર તે પ્રતીતિ વર્ત્યા કરે તે ક્ષાયિક સમ્યક્ત્વ છે. બીજું ક્ષયોપશમ સમકિત તે જ્યારે અનુભવમાં હોય ત્યારે તીવ્ર પ્રતીત હોય, અન્ય કાર્યમાં રોકાય ત્યારે મંદ પ્રતીત હોય, નિદ્રા આદિમાં વિસર્જનપણે હોય અને ફરી સ્મૃતિ થતાં સ્મરણરૂપ થાય. એમ ફેરફાર થવામાં સમ્યક્ત્વ મોહનીયનો ઉદય એ મુખ્ય કારણ છે. ત્રીજું ઉપશમ સમકિત, તેમાં સત્તામાં આવરણ હોય પરંતુ સમ્યક્ત્વમોહનીયનો પણ ઉદય ન થાય. સાતે પ્રકૃતિનો ઉપશમ થાય છે, પણ તે અલ્પકાળ રહે છે. ચોથું સાસાદન સમ્યક્ત્વ. ચાર અનંતાનુબંધીમાંથી કોઈ એકનો ઉદય થતાં સમ્યક્ત્વથી પડવાનો વખત આવે ત્યારે મિથ્યાત્વમોહનીયનો ઉદય ન થાય ત્યાં સુધી સમ્યક્ત્વનો કંઈક સ્વાદ આવે તે સાસ્વાદન કે સાસાદન સમ્યક્ત્વ બીજે ગુણસ્થાનકે હોય છે. મિશ્રમોહનીયનો ઉદય આવે તો ત્રીજું મિશ્ર ગુણસ્થાનક કહેવાય, પણ તેમાં પ્રતીતિ ડામાડોળ હોય છે તેથી ગણતરીમાં લીધું નથી. પાંચમું વેદક સમ્યક્ત્વ–તે સમ્યક્ત્વથી પડવાનું નથી. ઉત્તરોત્તર શુદ્ધ થતાં બાકી રહેલા અલ્પ પુદ્‌ગલ વેદીને ક્ષાયિક સમકિતરૂપે થવાનું છે.

સમ્યક્ત્વ એટલે શુદ્ધસ્વરૂપની તથારૂપ પ્રતીતિ થાય, તે કેવળજ્ઞાનનું બીજ છે. કારણ કે તે સમ્યક્ત્વથી અહંમમત્વાદિ હર્ષશોકરૂપ ચારિત્રમોહનો ક્રમે કરીને ક્ષય થાય છે.

[વ૦ ૭૧૦] ૪૮૨ ગુડિવાડા, પોષ સુદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાન અપેક્ષાએ આત્મા સર્વવ્યાપી છે. લોકાલોકવ્યાપક શુદ્ધસ્વરૂપી, અત્યંત નિર્મળ, સર્વ પરસંગથી રહિત, બધી વસ્તુઓને બાદ કરતાં જે રહે, એવો અબાધ્ય અનુભવ તે આત્મા છે. અથવા સર્વને જાણે, સર્વ પદાર્થને અને તેના સ્વરૂપને જાણે તે આત્મા છે. આત્માનું લક્ષણ ઉપયોગ છે. જાણવું એનું નામ ઉપયોગ છે. આત્મા સુખસ્વરૂપ છે. જીવ સિવાય બીજા દ્રવ્યોમાં સુખ ન મળે. આત્મા ઇન્દ્રિયોથી જણાય એવો નથી; આંખથી દેખાય કે કાનથી સંભળાય એવો નથી. એ તો સ્વસંવેદનગોચર છે. ત્રણે કાળ રહે એવો છે.

મુમુક્ષુ– 'આત્મા નિત્ય છે' એમ શાથી કહેવાય?

પૂજ્યશ્રી– આત્મા ઉત્પન્ન થયો નથી, તેથી નિત્ય છે.

આત્મા વિભાવમાં વર્તે તો કર્મનો કર્તા કહેવાય અને સ્વભાવમાં વર્તે તો સ્વભાવનો કર્તા કહેવાય. જીવને પોતાના સ્વરૂપનું ભાન થાય તો સ્વભાવમાં રહે. સહજસ્વરૂપમાં નિરંતર સ્થિર રહેવું એનું નામ મોક્ષ છે. તે મોક્ષનાં સાધન સદ્‌ગુરુ, સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્‌વિચાર, સંયમાદિ છે.

"આત્મા છે, તે નિત્ય છે, તે કર્મનો કર્ત્તા છે, તે કર્મનો ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે." આ છ પદ સાચાં છે. જીવ કર્મ બાંધે છે તે ભોગવવાનાં ક્ષેત્રો પણ છે. નિશ્ચયથી આત્મા કેવળજ્ઞાન સ્વરૂપ જ છે. નિજસ્વરૂપમાં આત્મા પરિણમે તે કેવળજ્ઞાન છે. સ્વરૂપની પ્રતીતિ તેનું નામ સમ્યગ્દર્શન છે. તે પ્રતીતિ નિરંતર રહે તેનું નામ ક્ષાયિક સમ્યક્ત્વ છે. થોડીક વાર પ્રતીતિ રહે તે ઉપશમ સમ્યક્ત્વ છે. સત્તામાં તો કર્મ છે, પણ ઉદયમાં નથી. ઉપશમાવ્યાં છે તે ઉપશમ સમ્યક્ત્વ છે. ક્ષાયિક સમ્યક્ત્વ થવાનું હોય છે તે વખતે વેદક સમ્યક્ત્વ હોય છે. જ્યારે જીવને સમ્યગ્દર્શન થાય ત્યારપછી હર્ષ-શોક ન થાય. સંસારમાં 'હું-મારું' થાય નહીં. જે ભાવપૂર્વક ચારિત્રને આરાધે તે મોક્ષ પામે. સ્વરૂપ રમણતા એનું નામ ચારિત્ર છે.

**[વ૦ ૭૧૭]** (સભામંડપમાં) ૪૮૩ શ્રીમદ્ રા. આ. અગાસ, તા. ૧૯-૯-૧૯૪૪
આસો સુદ ૨, સં. ૨૦૦૦

નાતાલમાં સ્થિતિ થવાથી સદ્‌વૃત્તિઓ વિશેષતા પામી એમ પ્રતીતિ થાય છે, પણ અમુક ક્ષેત્રે રહેવાથી સદ્‌વૃત્તિઓ વિશેષતા પામે છે એવું નથી. પણ પોતાની અંતરંગ જિજ્ઞાસા તેમ થવામાં ખાસ કારણભૂત છે અને જીવ તેનું આરોપણ ક્ષેત્રમાં કરે છે. આવી ભૂલ તો સત્પુરુષો જ બતાવે.

**[વ૦ ૭૧૮]** ૪૮૪ મૈસૂર, માગસર સુદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– 'આત્મસિદ્ધિશાસ્ત્ર' રોજ આપણે બોલીએ છીએ તે 'આત્મસિદ્ધિ' આ જમાનામાં લખાયેલ છે. માગધી ભાષામાં ઘણાં શાસ્ત્રો છે, પણ તે સમજવા જેટલી જીવની બુદ્ધિ નથી. તે માટે પરમકૃપાળુદેવે જીવને સમજાય એવું આ લખ્યું છે. 'આત્મસિદ્ધિ'માં 'આત્મા છે,' 'આત્મા નિત્ય છે,' 'આત્મા કર્ત્તા છે,' 'આત્મા ભોક્તા છે,' 'આત્માનો મોક્ષ થઈ શકે છે,' અને 'તેના ઉપાયો છે,' આ છ પદનું વિસ્તારપૂર્વક વિવેચન કરેલું છે. આમાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ આવી જાય છે. પ્રભુશ્રીજીએ કૃપાળુદેવને એક પત્ર લખ્યો કે 'મને સમ્યગ્દર્શન થાય એવું કંઈક આપો.' તેના ઉત્તરમાં પરમકૃપાળુદેવે છ પદનો પત્ર લખી મોકલ્યો, પછી સૌભાગ્યભાઈ ઉપર મોકલ્યો. ત્યારે સૌભાગ્યભાઈએ કૃપાળુદેવને લખ્યું કે, આ છ પદનો પત્ર છે તે મને યાદ નથી થતો, માટે કંઈક ગાવાનું હોય તો મોઢે થાય. એ વાતને વીસેક દિવસ થયા બાદ કૃપાળુદેવે કલાક-દોઢ કલાકમાં ૧૪૨ ગાથા નડિયાદમાં લખી. સૌભાગ્યભાઈ, પ્રભુશ્રીજી, અંબાલાલ અને માણેકલાલ એ ચાર જ જણને મોકલવા માટે ચાર નકલ કરવાની અંબાલાલભાઈને આજ્ઞા કરી હતી.

જેટલો ત્યાગ વૈરાગ્ય હોય તેટલું જીવનું કલ્યાણ થાય. જ્યાં જ્યાં જોઈએ, ત્યાં ત્યાં અજ્ઞાની હાથમાં આવે છે. કોઈક ઠેકાણે અને કોઈક જ વેળા જ્ઞાનીપુરુષ હાથમાં આવે છે. તે જ્યારે મળશે ત્યારે કલ્યાણ થશે. કોઈક જીવો એવા છે કે માત્ર શુષ્કજ્ઞાનને જ વળગી રહ્યા છે. તે કહે છે કે બંધ-મોક્ષ બન્ને મનની કલ્પના છે. આત્માને બંધ-મોક્ષ હોતા જ નથી. આત્મા સિદ્ધ સમાન છે. એમ માત્ર મુખેથી બોલે છે અને વર્તે છે પાછા મોહમાં. એમ વર્તનારા શુષ્કજ્ઞાની છે. કોઈક જીવો માત્ર ક્રિયાને જ વળગી રહ્યા છે અને કહે છે કે ક્રિયાથી જ મોક્ષ છે. એમ કહેનારા ક્રિયાજડ છે. એ બેયમાં જીવનું કલ્યાણ થાય એવું નથી. ભગવાને કહ્યું છે કે જ્ઞાન અને ક્રિયા બેય હોય તો મોક્ષ થાય.

**"આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;**
**અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય."**

એ લક્ષણો જેમાં હોય તે સદ્ગુરુપદને યોગ્ય છે. વિનયથી મોક્ષ છે. સ્વચ્છંદે ચાલી કોઈ મોક્ષે ગયા નથી. આત્માર્થી છે તે મોક્ષના માર્ગમાં છે અને મતાર્થી છે તે મોક્ષમાર્ગની બહાર છે. મતાર્થીનાં લક્ષણો કહ્યાં, પણ તેમાં સર્વથી મોટાં લક્ષણો આ છે–

**"નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;**
**સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય."**

'આત્મસિદ્ધિશાસ્ત્ર' પુસ્તક માત્ર ગાવાનું જ નથી, પણ વિચારવાનું છે. આત્માર્થીનાં લક્ષણો કહ્યા પછી એમાં છ પદની વાત શરૂ થાય છે. પહેલાં શિષ્ય શંકા કરે છે કે 'આત્મા નથી.' પાછું સદ્ગુરુ તેનું 'આત્મા છે' એમ સમાધાન કરે છે. એવી રીતે આ છ પદ સમજાવ્યાં છે.

**[વ૦ ૭૧૮]** ૪૮૫ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આ કાળમાં ઘણા શાસ્ત્રો છે, પણ 'આત્મસિદ્ધિ' જેવું શાસ્ત્ર સરળ ભાષામાં કૃપાળુદેવે લખ્યું છે, તેનું જીવને માહાત્મ્ય નથી. આત્માને જાણવા માટે કેટલી બધી ગડમથલ કરી છે. 'આત્મા છે, નિત્ય છે, કરે તે ભોગવવું પડે છે.' આત્મા જાણવાની ગરજ જાગે તો આ જગતનું દુઃખ પણ સારું છે. પાંચમા આરામાં સમ્યક્ત્વ થાય તો પંચમ આરો પણ સારો છે.

**"આરો સારો રે મુજ પાંચમો, જિહાં તુમ દર્શન દીઠ; વાલ્હેસર."** (ય૦ ૧૯)

આત્માની શ્રદ્ધા કરવા માટે 'છ પદ' કહ્યાં છે. મોક્ષમાર્ગે ચઢાવે એવાં છે. સમ્યક્દર્શનનાં મુખ્ય નિવાસભૂત છે. એકવાર 'આત્મસિદ્ધિ' મોઢે કરવી. પછી વિચારવી. સત્સંગ કરવો. ખરો લાગ આવ્યો છે. આવો લાગ ફરી મળવાનો નથી. આયુષ્ય ક્યારે છૂટશે ખબર નથી. માટે કરી લેવું. મારે જગતનાં સુખ નથી જોઈતાં, પણ આત્મા ઓળખવો છે. ઘણુંય ખાધું, ઘણુંય પીધું પણ કલ્યાણ થયું નથી. આત્માનો મિત્ર થાય, મોક્ષમાર્ગે વાળે તે અંતરદયા છે, પોતાની ખરી દયા છે. બધેથી ફરી હવેથી આત્માનું કામ કરી લેવું. નહીં તો ફરી એવો મનુષ્યભવ નહીં મળે. કૃપાળુદેવે ઘણું કામ થઈ જાય એવું કહ્યું છે. 'ગાગરમાં સાગર' એવું એ 'આત્મસિદ્ધિશાસ્ત્ર' કૃપાળુદેવે આપણને આપ્યું છે.

**"શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મન મોહન મેરે,**
**શિષ્ટ કહે તે પ્રમાણ, મન મોહન મેરે."** (બીજી દૃષ્ટિ)

'આત્મસિદ્ધિ'માંથી મારે આત્મા પ્રગટ કરવાનો છે, એવો લક્ષ રાખે તો ઘણું કામ થાય એવું છે. શિષ્ટ પુરુષ કહે તે માન્ય કરવું. સત્સંગની બહુ જરૂર છે, એ લક્ષ રાખવો. હવે આપણે કૃપાળુદેવનાં વચનોમાં કાળ ગાળવો છે. બધું જગત ભૂલી જવા જેવું છે. કૃપાળુદેવના વચનોમાં ચિત્ત રાખવાનું છે. સમજીને કૃપાળુદેવનું કહેલું બરાબર લક્ષમાં રાખવું. સુખનો માર્ગ, ખરો સુખનો માર્ગ બતાવ્યો છે. આત્મા સુખ સ્વરૂપ છે. સુખ અંતરમાં છે, જગતમાં નથી.

[વ○ ૭૧૯] ૪૮૬ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ વદ ૭, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–''શ્રી સદ્ગુરુદેવના અનુગ્રહથી અત્ર સમાધિ છે.'' સદ્ગુરુના અનુગ્રહથી એટલે નિશ્ચયનયે આત્મસ્વરૂપની કૃપાથી સમાધિ છે. ''એકાંતમાં અવગાહવાને અર્થે 'આત્મસિદ્ધિશાસ્ત્ર' આ જોડે મોકલ્યું છે.'' જ્યાં એક લક્ષને અર્થે જ બધા એકઠા થયા હોય છે, તે એકાંત છે. અવગાહવું એટલે ઊંડા ઊતરીને વિચારવું. 'આત્મસિદ્ધિ' એટલે આત્માની સિદ્ધિ એટલે સાબિતી. જેમકે આત્મા છે. આત્મા નિત્ય છે, આત્મા કર્તા છે, આત્મા ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે; એ જે છ પદ છે, તેની સાબિતી મુખ્ય કરી બતાવવી તે 'આત્મસિદ્ધિશાસ્ત્ર'. 'આચારાંગ'માં મુનિઓના આચાર, વિહાર, ગોચરી આદિ સંબંધી વાતો છે. 'સૂયગડાંગ'માં સ્વ અને પર મતની વાતો છે. 'દશવૈકાલિકસૂત્ર' દશ દિવસમાં શય્યંભવ આચાર્યે 'મનક' માટે લખ્યું હતું. તેમાં બધા શાસ્ત્રોમાંથી થોડું થોડું લીધેલું છે. મુખ્યત્વે મુનિના આચાર સંબંધી વાતો એમાં છે. 'ઉત્તરાધ્યયન'માં વૈરાગ્યની કથાઓ આદિનું વર્ણન છે. એ બધા વૈરાગ્યના ગ્રંથો છે, તે વાંચવાથી વૈરાગ્ય આવે છે. બધા ગ્રંથો વાંચ્યા હોય, તેમાં પણ શંકા રહી જાય તો 'આત્મસિદ્ધિશાસ્ત્ર' વાંચવાથી તે શંકાનું સમાધાન થઈ જાય છે. એવો એ અપૂર્વ ગ્રંથ છે.

આત્માર્થી એટલે આત્માર્થીના લક્ષણવાળો અથવા મુનિમાર્ગે ચાલવાનો અભ્યાસ કરનારો. જીવની જેટલી યોગ્યતા હોય તેટલી સત્પુરુષની કૃપા થાય છે.

'આત્મસિદ્ધિ' એકાંતમાં અવગાહવા યોગ્ય છે, એમ પ્રભુશ્રીજીને કૃપાળુદેવે લખ્યું છે.

મુમુક્ષુ– અવગાહવું એટલે શું?

પૂજ્યશ્રી– ઊંડા ઊતરવું. અવગાહના એટલે જ્યાં સુધી પદાર્થ હોય ત્યાં સુધી વ્યાપવું. જગતને ભૂલીને જ્ઞાનીને શું કહેવું છે? તેની શોધ કરવા આ 'આત્મસિદ્ધિશાસ્ત્ર' અલૌકિક દૃષ્ટિએ વિચારવા યોગ્ય છે. જગતને ભૂલીને મુખ્ય કામ તો 'આત્મસિદ્ધિ' અવગાહવી. પ્રભુશ્રી 'આત્મસિદ્ધિ' લઈને જંગલમાં એકાંતમાં જતા ત્યારે મુનિ મોહનલાલજી છાના માના જઈને સાંભળતા; અને કંઈક ગાથા શીખી લીધી.

શ્રદ્ધા ન હોય ત્યાં સુધી ગ્રહણ થતાં વાર લાગે. સત્પુરુષ જેવો મારા પ્રત્યે કોઈએ ઉપકાર કર્યો નથી. મરતાં સુધી એ ન ભૂલવું. જેને 'આત્મસિદ્ધિ' વાંચવી હોય તેણે એટલી શ્રદ્ધા રાખવી. સંસારની કલ્પના છોડીને જ્ઞાનીની આજ્ઞામાં વર્તવું. 'આત્મસિદ્ધિ' વાંચવા જેટલી શ્રદ્ધા જોઈએ. નહીં તો શંકા થાય કે, ''સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય.'' એમ કહે, પણ આ કાળમાં તો મોક્ષ નથી, એમ શંકા થાય. 'આત્મસિદ્ધિ' બોલીએ છીએ, પણ જ્ઞાન કેમ પરિણામ પામતું નથી? મરી જવું, પણ જ્ઞાનીની આજ્ઞા તોડવી નહીં. પ્રસંગ આવ્યે પણ જ્ઞાનીની આજ્ઞા તોડવી નહીં. આ ભવમાં હવે જ્ઞાનીની આજ્ઞા આરાધવી છે. દૃઢ નિશ્ચય રાખવો. નિશ્ચયનયને આધારે આજ્ઞા આરાધે તો સમ્યક્જ્ઞાન થાય. જેણે આત્મા પ્રગટ કર્યો છે તેને ભૂલવા જેવું નથી. લૌકિકમાં જીવ પડ્યો છે. જ્ઞાનીની આજ્ઞાએ વર્તવાનું છે. જેટલી થાય તેટલી જ્ઞાનીની આજ્ઞા આરાધવી. પ્રસંગ આવે દૃઢ રહેવું. જ્ઞાનીનાં વચનો સમજવા એને આશ્રયે જ વર્તવું છે. આ જગતમાં કોઈ મોટા નથી.

કૃપાળુદેવની આજ્ઞામાં રહેવું. ત્યાંથી આત્મા પ્રગટશે એવી દૃઢ શ્રદ્ધા જોઈએ.

એના વચનોનાં બધાય જ્ઞાની સાક્ષી છે. ત્રણે કાળમાં એ સત્ય છે. ત્યાગ, વૈરાગ્ય જોઈશે. જ્યારે ત્યારે જ્ઞાનીની આજ્ઞા આરાધશે ત્યારે જ કલ્યાણ થશે. જગતથી ઉદાસ થવું. દેહથી માંડી બધામાં ઉદાસભાવ રાખવો. ખાવાપીવામાં પણ જ્યાં ત્યાંથી પેટ ભરવું છે, સ્વાદ ન કરવો. પેટમાં નાંખવું છે, એમ રાખવું. આત્માર્થે બધું કરવાનું છે. અનાદિકાળથી દેહની સંભાળ કરી છે. દેહમાં જ વૃત્તિ રાખી છે. આત્માને નોકર બનાવ્યો છે, પણ આટલો દેહ આત્માર્થે ગળાય તો બધું સાટું વળી જાય. આ દેહ તો આત્માર્થે છે. આને માટે જ મળ્યો છે. સમું કરી લેવું. આ ભવમાં બીજું કશુંય ઇચ્છવું નહીં. જ્ઞાનીની આજ્ઞામાં દેહ ગાળવાનો છે. ન ગાળે તો આવી જોગવાઈ મળવી મુશ્કેલ છે. મનુષ્યભવ દુર્લભ છે. મારું માન્યું છે, તે પોતાનું થવાનું નથી. આટલો ભવ છે તે વ્યર્થ ન જાય. ઘણી સામગ્રી એકઠી કરી મનુષ્યભવ પામ્યો. એમાં કરવા જેવું સમાધિમરણ, એ વિના નકામું. મારે જ્ઞાનીની આજ્ઞામાંજ આટલો ભવ ગાળવો છે, એમ હોય ત્યારે સમાધિમરણ થાય. કહેવા માત્રથી ન થાય. રાત-દિવસ એ અર્થે જ જીવવું છે. અનંતવાર મનુષ્યભવ પામ્યો, પણ પોતાની ગરજ એટલે આત્મ-વિચાર જાગ્યો નથી.

**"દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?"**

પોતાના દોષ ન જુએ તો ન થાય, તે થવાનો ઉપાય સદ્‌ગુરુ છે. હું 'ડાહ્યો છું, સમજું છું' એમ કરે, પણ મારામાં દોષ શું છે? જ્ઞાનીએ કહ્યું છે શું? એ વિચારતો નથી. કેવળ પ્રાપ્ત કરવાની લય લાગી નથી. મોક્ષની ઇચ્છા હોય તો બધું છોડવું પડશે. મૂક્યા વિના છૂટકો નથી. પ્રારબ્ધ ઉપર વાત છે. જેને આજીવિકા જેટલું હોય તેણે ઝાઝાં ઝાવાં મારવા જેવાં નથી. શાંતિ થાય એવું કરવાનું છે.

**[વ૦ ૭૧૯]** ૪૮૭ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– મોહનલાલજી મહારાજ, પ્રભુશ્રીજી 'આત્મસિદ્ધિ' બોલવા જંગલમાં જતા ત્યારે છાને છાને પાછળ જતા અને ઝાડની પાછળ ઊભા રહી સાંભળતા. એટલી ગરજ હતી. જ્યાં ઇન્દ્રિયો વશ રહે, માત્ર એક આત્માનો લક્ષ રહે, એકતાર થવાય ત્યાં 'આત્મસિદ્ધિ' અવગાહવી જોઈએ. પ્રત્યક્ષ સત્પુરુષની જેને શ્રદ્ધા નથી તે ગમે તેટલાં શાસ્ત્રો ભણે તોય શું? 'આત્મસિદ્ધિ'માં આત્મા જ ગાયો છે. કૃપાળુદેવને ઘણા ભવનું જે જ્ઞાન હતું, તે બધું વલોવી 'આત્મસિદ્ધિ' રૂપી માખણ કાઢ્યું.

**"દર્શન ષટે સમાય છે, આ ષટ્ સ્થાનક માંહી;**
**વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ."**

વિચારે તો બધા સંશય મટી નિઃસંશય થઈ જાય.

આ દેહનો વિશ્વાસ રાખવા જેવું નથી. ઉપકારીનો ઉપકાર ઓળવવો તે દોષ છે. સત્પુરુષની આજ્ઞામાં જ મારું કલ્યાણ છે. લોકોને દેખાડવા માટે નહીં. લોકસંબંધી ભય ત્યાગી, પછી

'આત્મસિદ્ધિ' શ્રી દેવકરણજીએ અવગાહવી, એમ કૃપાળુદેવે કહ્યું છે. દરેક જીવને એટલી તૈયારી 'આત્મસિદ્ધિ' અવગાહવા જોઈએ. જ્ઞાન કેમ પરિણામ પામ્યું નથી, તેનો એ ઉત્તર છે.

''સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્તે છે અને જે તે નિશ્ચયને આરાધે છે, તેને જ જ્ઞાન સમ્યક્પરિણામી થાય છે.''

સત્પુરુષની આજ્ઞામાં જ મારું કલ્યાણ છે. એટલું માન્ય કરવું. એમની આજ્ઞામાં વર્તવું છે, એવો નિશ્ચય કરી તેમાં પાછો વર્તે, દૃઢ નિશ્ચય કરી વર્તે તેને જ્ઞાન સમ્યક્પરિણામી થાય છે. ખરેખરી વાત કહી બતાવી છે. બધાને કામની છે. જ્ઞાનીની આજ્ઞા સિવાય કદી જ્ઞાન થાય નહીં. પોતાની મેળે ન થાય.

'આત્મસિદ્ધિ' તો અપૂર્વ વસ્તુ છે. વૈરાગ્યની ખામી છે. સાચી વસ્તુને બધાય જ્ઞાનીઓ સાચી કહે છે. બધા જીવોને સત્પુરુષ-જ્ઞાનીપુરુષ પ્રત્યે શ્રદ્ધા થાય, વૈરાગ્ય થાય એવું કરવું.

પ્રશ્ન—આત્મસિદ્ધિ તો બોલીએ છીએ, પણ જ્ઞાન કેમ પરિણમતું નથી?

ઉત્તર—''જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી.'' (૫૦૫) સત્પુરુષનો યોગ હોય તો સમજાય. મનને ચોખ્ખું રાખવા કાળજી નથી. અસત્ વાસનાનું બળ છે તેથી પુરુષાર્થ ન રાખે તો કંઈનું કંઈ થઈ જાય. માટે ચેતતા રહેવું. સારાં નિમિત્તો રહે ત્યારે જીવ ઉપર સારા સંસ્કાર પડે છે, પણ એ પાછું ભૂલી, જે સ્વપ્ના જેવું છે તેને સાચું માને છે. ખાવા બેસે ત્યારે અહો! આ ખાવાનું કેવું સારું છે! વૈરાગ્યની વૃદ્ધિ થવાને બદલે વૈરાગ્યને ખોઈ બેસે છે. લોકો એમ કહે કે સત્સંગમાં કેમ જવાય? સત્પુરુષ ગમે તેવા હોય પણ લોકો તો બીજી બીજી વાતો કરે. એ લોકોથી દબાઈ ન જતાં, આત્માનું કલ્યાણ કરવું છે, એમ વિચારી સત્સંગ કરવા જવું. ''લોક મૂકે પોક, તું તારું કરી લે'' એમ પ્રભુશ્રીજી કહેતા. સત્સંગથી મારા આત્માનું કલ્યાણ થશે એવું માહાત્મ્ય જોઈએ. તરવાના કામી ઘણા છે, પણ સત્પુરુષનો યોગ તેમને બાઝતો નથી એમ સોભાગભાઈએ કૃપાળુદેવને લખ્યું હતું. જ્ઞાનીપુરુષો તો એમ માને છે કે ''હું પામર શું કરી શકું?'' અહંભાવ છોડવાનો છે. આ જીવ 'હું કરું છું' એમ અહંભાવ કરે છે.

માત્ર એક આત્માનું કલ્યાણ કરવા દેહ મળ્યો છે, એ મુમુક્ષુ જીવે લક્ષમાં રાખવું. ભલે માંદો હોય, પણ આત્માનું હિત થતું હોય તો સારું છે. યોગ્યતા વિના આત્મસિદ્ધિ ધ્યાનમાં આવતી નથી.

**[વ૦ ૭૨૧]** (રાતના સભામાં) ૪૮૮ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— સૌભાગ્યભાઈને આત્મસિદ્ધિ મોઢે થઈ, તે જોઈ ડુંગરશીને પણ કરવાનું મન થયું. તેથી આજ્ઞા માંગી. તે વખતે કેટલી મોંઘી આત્મસિદ્ધિ હતી! જે અયોગ્ય જીવ હોય તેના હાથમાં જાય તો આશાતના થાય, જ્ઞાનીપુરુષની નિંદા થાય. જ્ઞાનીપુરુષને એવો ભાવ નથી કે એ જીવનું કલ્યાણ ન થાઓ, પણ એમને દયા છે તેથી એને નુકસાન ન થાય એવી રીતે કરે છે.

આપણે પણ એ વિચારવાનું છે કે 'આત્મસિદ્ધિ' અયોગ્ય જીવના હાથમાં ન જાય. કેટલાક લહાણી કરે છે, પણ લહાણીમાં એ ક્યાંય જાય. આશાતના થાય. બહુ વિચારવા જેવું છે. કોઈએ

તત્વજ્ઞાનની લહાણી કરી. તે પુસ્તક કોઈ એક સાધુના હાથમાં આવ્યું. કૃપાળુદેવે મહાનીતિમાં લખ્યું છે કે ''પ્રતિમાને પૂજું'' (૧૯-૩૬૬) તે જ વાક્ય પુસ્તક ખોલતાં તેને નજરે ચઢ્યું. તે વાક્યને તેમણે એમ કર્યું કે 'પ્રતિમાને પૂજું નહીં.' એમ બધા 'તત્વજ્ઞાન'માં લખી દીધું. પછી લહાણી કરનારને ખબર પડી, ત્યારે તેણે બધાં પુસ્તકો પાછાં લઈ લીધાં. અનધિકારી જીવના હાથમાં જવાથી એવું જ થાય છે. બધું ફેરવી નાખે.

**''તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશેજી.''** (આઠમી દૃષ્ટિ)

યોગ્ય જીવ હોય તેને એ ગ્રંથ આપવા યોગ્ય છે. હરિભદ્રાચાર્યે પણ મૂળ ગ્રંથમાં એમ લખ્યું છે. તેમ 'આત્મસિદ્ધિ' માટે પણ છે. જ્ઞાનીપુરુષોની બહુ દીર્ઘદૃષ્ટિ હોય છે, કે કોઈને નુકસાન ન થાય. કોઈને આત્મસિદ્ધિ આપવી હોય તો આજ્ઞાથી આપવી. આજ્ઞાથી કંઈ પણ આગળ વધવા જેવું નથી.

**[વ૦ ૭૨૨]** (રાતના સભામાં) ૪૮૯ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– શરીરમાં અશાતા થઈ હોય, પણ કોઈ સગાંવહાલાં દુઃખ લે? કોઈ ન લે. સગાંવહાલાં બધાનો મોહ, શરીરનો પણ મોહ છોડવાનો છે. એ તે વખતે ઝટ થાય. શરીરનો તો સડન, પડન અને વિધ્વંસન સ્વભાવ છે, માટે એનો વિશ્વાસ કરવા જેવું નથી. કોણ જાણે ક્યારે પડી જશે! આત્મા મરે નહીં. ઘડીકમાં વેદના વધી જાય તો દેહ છૂટી જાય. મોહ લઈને પરભવે જવું નથી. બધું મનમાંથી કાઢી નાખવું. વેદના વખતે મોહ મંદ કરવાનો વિચાર કરવો. મહાવીર ભગવાને દીક્ષા લીધી ત્યાર પછીથી શું કરતા? મોહને ક્ષય કરવાનો પુરુષાર્થ કરતા હતા. એને માટે રાતદિવસ ઝૂરતા. માંદગીના દિવસો, મોહનો વિચાર કરી મોહ મંદ કરવામાં ગાળવા. થોડી ઘણી તો વેદના દરેકને હોય. વેદના રહિત શરીર નથી. જ્યારે શરીર છોડવાનું છે, તો પછી તે પહેલાં શરીર, કુટુંબ વગેરે ઉપરનો મોહ છોડવો. ''કર વિચાર તો પામ.'' વિચાર કરે તો મોહ જાય. વેદના વખતે વિચાર કરે તો સહેજે વૈરાગ્ય થાય અને વૈરાગ્ય સહિત વિચાર થાય તો મોહ મંદ થાય. મોહને મંદ ન કરે તો ઉપર ચઢી બેસે એવો છે. મોહથી પહેલાંથી દૂર થવું. જ્ઞાનીપુરુષનાં વચનો જીવને ચેતાવે છે. વેદનામાં નવરાશ હોય તે સદ્‌વિચારમાં વાપરે તો સમકિત પામે. અનાથી મુનિ જેવાને સમકિત થયું.

'આત્મસિદ્ધિ' ચમત્કારી વસ્તુ છે. બધાથી ઉઠાવી આત્મા ઉપર લાવી મૂકે એવી 'આત્મસિદ્ધિ' છે. મોટા મોટા આચાર્ય ભૂલી જાય છે, તેમને પણ ઠેકાણે લાવે એવી 'આત્મસિદ્ધિ' છે.

**[વ૦ ૭૩૬]** (રાતના સભામાં) ૪૯૦ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનની તારતમ્યતા પ્રમાણે કર્મબંધ પણ થાય છે. તીવ્ર જ્ઞાનદશા આવે તો બંધ ન થાય. કેવળજ્ઞાન થયે રાગદ્વેષ સર્વથા ક્ષય થાય. કેવળજ્ઞાન થતાં પહેલાં પાર્શ્વનાથ ભગવાનને કમઠે ઉપસર્ગ કર્યો હતો, પણ ભગવાને બધું જોયા કર્યું. નાક સુધી પાણી આવ્યું, તો પણ એમના મનમાં એમ ન થયું કે જોઉં તો ખરો કે કેટલા સુધી પાણી આવ્યું છે? આત્મા પરમાનંદરૂપ છે. સુખદુઃખને શરીરથી સંબંધ છે, પણ આત્મસ્વભાવનો નાશ ન

થાય. [૧]ગજસુકુમાર, માથા ઉપર અંગારા બળતા હતા તે જોતા હતા. નેમિનાથ ભગવાન પાસે એ શીખી આવ્યા હતા. જ્ઞાનીની દશાનો વિચાર થાય તો એને નિર્જરા થાય. રાગ, દ્વેષ કે અસ્થિરતા પણ જેના ચિત્તમાં થતી નથી એવા સત્પુરુષ છે. આત્મા બળે એવો કે નાશ પામે એવો પદાર્થ નથી.

''જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.'' (૭૭૯) દેહાતીતદશાવાળા પુરુષો કેમ રહેતા હશે? એના વિચાર આવે તો પોતાનું ખરું સ્વરૂપ શું છે, તે સમજાય. ''શું સ્વરૂપ છે મારું ખરું?'' એ શુદ્ધ સ્વરૂપમાં રાગદ્વેષ નથી. ચિત્ત બીજા-તીજામાં કે સંકલ્પ-વિકલ્પમાં તણાઈ જાય તો કર્મ બંધાય.

જ્યાં અસંગપણાનો વિચાર આવે ત્યાં નિર્જરા થાય. ''શુદ્ધભાવ મુજમાં નથી.'' એ પોતામાં નથી, પણ ભગવાનમાં તો છે ને? તેમાં વૃત્તિ રાખે તો નિર્જરા થાય. દેહભાવ છોડવા લોચ વગેરે બધાં સાધનો કરે છે. આપણને તો એક વાળ ખેંચાય તોય દુઃખ થાય, પણ એ તો પંચમુષ્ટિમાં બધો લોચ કરી નાખે છે. મહાપુરુષમાં ખરો શુદ્ધભાવ છે. ત્યાં જો ચિત્ત દૃઢ થયું તો એને નિર્જરા થાય છે.

**[વ૦ ૭૪૧]** (રાતના સભામાં) ૪૯૧ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– જેવા થવું હોય તેવામાં ચિત્ત રાખવું. સર્વજ્ઞ થવું હોય તો સર્વજ્ઞ થવાનો લક્ષ રાખવો. કોઈપણ કામ કરતાં પહેલાં સર્વજ્ઞને સંભારે.

લૌકિક વિચારો છે તે પરમાર્થને ખાળે છે, પરમાર્થ લાભ એથી અટકી જાય. વિકલ્પ એવાં આવે, એ પણ એક જીવને અંતરાય છે. લોકો ગમે તેમ કહે, પણ આત્માને લાભ થતો હોય તો કરી લેવું. લોકદૃષ્ટિમાં લોકોને સંસાર ગમે. પરમાર્થમાર્ગ એથી ઊલટો છે. લૌકિકભાવ મૂકી આગળ વધવાનું છે. 'લોક મૂકે પોક' મારે મારા આત્માનું કરવું છે, નહીં તો સત્સંગ થાય નહીં. પ્રભુશ્રીજી કહેતા કે ભાલાનો વરસાદ વરસતો હોય તોય સત્સંગ કરવો અને મોતીનો વરસાદ વરસતો હોય તોય કુસંગ ન કરવો.

મુમુક્ષુ–ડુંગરશીભાઈને સમકિત થયેલું કે નહીં?

પૂજ્યશ્રી– ખબર નથી. કૃપાળુદેવે ચાર પુરુષો ગણાવ્યા છે. વઢવાણના એક ત્રિભોવનભાઈ હતા. તેમના સંબંધે કૃપાળુદેવે એક પત્ર (૯૩૦) લખ્યો છે, તેમાં લખ્યું છે કે એમનું જો આયુષ્ય વિશેષ હોત તો ચારિત્રમોહનો ક્ષય કરત.

નિવૃત્તિ કાળ અને નિવૃત્તિ ક્ષેત્ર હોય તે વખતે જીવમાં સત્પુરુષનો યોગ બહુ ઠરે છે અને પરભવમાં પણ સાથે આવે.

**''એનું સ્વપ્ને જો દર્શન પામે રે, તેનું મન ન ચઢે બીજે ભામે રે.''**

થોડો પણ સત્સંગ મહાપુરુષોનો થાય તો બહુ શાંતિ થાય. સત્સંગ થાય અને હૃદયમાં ઠરે તો પછી એને સમકિત થતાં વાર ન લાગે. ગુરુગમ જોઈએ. આપણે આ બધું સમજવાનું છે. આત્માને લાભ થતો હોય તો પછી લોકો ગમે તે કહે, પણ આત્માનું કામ કરી લેવું. નિવૃત્તિમાં લાભ થયો

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૪૩.

હોય તે મરતી વખતે પણ સાંભરી આવે.

**[વ૦ ૭૫૧]** (સાંજના ઉપર) ૪૯૨ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– આત્મસિદ્ધિમાં ત્રણ પ્રકારના સમકિત કહ્યાં છે.

**"તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુબોધ;**
**તો પામે સમકિતને, વર્તે અંતરશોધ.**

**મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ;**
**લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ.**

**વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;**
**વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત.**

**વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;**
**ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ."**

પહેલા સમકિતમાં જે સદ્ગુરુનો બોધ થાય, તેની પ્રતીતિ થાય અને તેનો પછી વિચાર કરે તે પહેલું સમકિત છે. આજ્ઞાની અપૂર્વતા અને આપ્તપુરુષની ભક્તિરૂપ પહેલું સમકિત છે. એમાં જ્ઞાનીની આજ્ઞાથી જ મારું કલ્યાણ છે, જ્ઞાની મને આજ્ઞા કરે તે જ કરવું છે, એવી આજ્ઞાની અપૂર્વતારૂપ પહેલું સમકિત છે. પોતાનો સ્વચ્છંદ રોકી જ્ઞાનીની આજ્ઞાએ વર્તે તે બીજા સમકિતનું કારણ છે. એ બધા પહેલાં સમકિતના જ ભેદો છે.

પરમાર્થની અંશે અનુભવથી પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર છે. આત્માનું મનન કરતાં, આત્માને નિદિધ્યાસતાં એટલે ભાવના કરતાં જેમાં અંશે અનુભવ થાય છે, તે સમકિતનો બીજો પ્રકાર છે.

ત્રીજા સમકિતમાં વિકલ્પ રહિત થાય છે.

પહેલી પુરુષપ્રતીતિ એટલે જ્ઞાની સાચા છે, એનાં વચનો સાચાં છે, એની આજ્ઞા ઉપાસવાની રુચિ થાય, એ બધું પહેલાં સમકિતમાં થાય છે. બીજામાં જ્ઞાનીનાં વચનોનો વિચાર, મનન થાય તેથી અજ્ઞાન દૂર થાય છે, એમાં 'આત્મા આ જ છે', એવું સમજાય છે. પરમાર્થે સમકિત કહ્યું તેમાં અંશે પરમાર્થનો અનુભવ છે. ત્રીજામાં નિર્વિકલ્પતા છે. આ દશા મને ક્યારે આવશે ? એવી ભાવના કરવા યોગ્ય છે. ત્રણે સમકિતની ભાવના રહ્યા કરે કે મારે એ દશા આણવી છે, તો સમકિત થાય.

શ્રેણી માંડે ત્યાં પણ શ્રુતનો અનુભવ છે. વિતર્ક નામનું શુક્લ ધ્યાન છે, તેમાં વિતર્ક એટલે જ્ઞાનીના શ્રુતનું અવલંબન છે. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જ્ઞાનીએ જે ઉપદેશ કર્યો તે એને આધારભૂત છે.

**[વ૦ ૭૫૧]** (સવારના ઉપર) ૪૯૩ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– પહેલી પુરુષપ્રતીતિ થાય છે. પછી તેના વચનની પ્રતીતિ થાય છે. આપ્તપુરુષ એટલે સમ્યગ્દર્શન થયું હોય જેને અને જેને વિશેષ જ્ઞાન પ્રાપ્ત થયું છે અને જેના વચન પર

વિશ્વાસ રાખી શકાય તે આપ્તપુરુષ છે. જેના વચનના આધારે મોક્ષ પ્રાપ્ત થાય તે આપ્તપુરુષ. જેના વચનથી આપણે ભૂલા ન પડીએ, જેનો વિશ્વાસ રાખી શકાય તે આપ્તપુરુષ છે. આપ્તપુરુષની પ્રતીતિરૂપ પહેલું સમકિત છે. આપ્તમાં વિશેષ જ્ઞાન છે. ખરી રીતે તો આપ્તપુરુષ તીર્થંકર છે. આપ્ત એ પ્રાપ્તપુરુષથી ચઢીયાતા છે. વ્યવહારમાં પણ આપ્ત શબ્દ વપરાય છે. આપ્તજન એમ કહેવાય છે. આપ્ત એટલે વિશ્વાસ કરવા યોગ્ય. જેને મોક્ષમાર્ગની માહિતી છે, તેના વચનની પ્રતીતિ કે આ કહે છે તે જ સાચું છે એમ થાય, તે આજ્ઞા પ્રત્યે જીવને વિશેષ અપૂર્વ રુચિરૂપ સમકિત છે. આજ્ઞામાં વર્તે તો સ્વચ્છંદ રોકાય.

**“પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય.”**

સ્વચ્છંદ રોકે તો ધર્મ થાય. જ્ઞાનીપુરુષ કહે તે પ્રમાણે વર્તવું. જ્ઞાની કહે તે સાચું છે, હિતને માટે કહે છે. જીવનું હિત શામાં છે તેની જીવને ખબર નથી, માટે જ્ઞાની જેમ કહે તેમ વળવું. “વાળ્યો વળે જેમ હેમ” તો કામ થાય. ખાવાપીવા કે મોજશોખ કરતાં જ્ઞાનીની આજ્ઞામાં અપૂર્વ વૃત્તિ રહે, તે બધાં સમકિત થવાનાં કારણો છે. સમકિત થવાનું કારણ-

**“સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;**
**સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ.”**

આ કારણરૂપ સમકિત છે એટલે વ્યવહાર સમકિત છે. આપ્તપુરુષનાં વચનની પ્રતીતિ થાય, આજ્ઞામાં અપૂર્વવૃત્તિ રાખે, એમની ભક્તિ એ પહેલું સમકિત છે.

**“વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;**
**વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત.”**

પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર છે. એ બીજું સમકિત છે.

મોક્ષની રુચિ કહો, શ્રદ્ધા, સમકિત બધા એક જ અર્થમાં છે. જેમ રુચિ વધે તેમ વીર્ય વધે.

**“રુચિ અનુયાયી વીર્ય, ચરણ ધારા સધે”** (દે૦ ૯)

મંત્રનું આરાધન કરે તેને સમકિત અને સમાધિમરણ થાય, એમ પ્રભુશ્રીજીએ કહ્યું છે. એની શ્રદ્ધા થાય, દૃઢ થાય તે સમકિત થવાનું કારણ છે. રુચિ કહો કે પ્રતીતિ કહો, એક જ છે. અપૂર્વ રુચિ છે ત્યાંય પ્રેમ છે. ભક્તિ એટલે સ્વરૂપ પ્રત્યે જવું, તે ભક્તિ. “જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય.” (૪૯૩)

‘ભજ’ શબ્દ પરથી ભક્તિ થયું છે. ભજ એટલે ભજવું પણ થાય છે. શ્રવણભક્તિથી માંડીને પરાભક્તિ સુધીની ભક્તિ છે. આત્મામાં લીનતા એ પરાભક્તિની પરાકાષ્ઠા છે. મોહનો ક્ષય થયા પછી કેવળજ્ઞાન થાય.

“પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર કહ્યો છે.” એ કર્મ માર્ગ આપે ત્યારે થાય છે. પુરુષાર્થ કરતાં કરતાં એને સાતે પ્રકૃતિઓ ક્ષય થાય કે ઉપશમે ત્યારે એને ત્રીજું સમકિત થાય. મારું-તારું, સંકલ્પ-વિકલ્પ બધું નીકળી જાય અને પરવસ્તુ પોતાની ન મનાય

એવો અનુભવ થાય તે નિર્વિકલ્પ પરમાર્થ અનુભવરૂપ ત્રીજું સમકિત છે. પહેલું સમકિત બીજા સમકિતનું કારણ છે. સત્પુરુષની શ્રદ્ધાથી સમકિતની શરુઆત શાસ્ત્રમાં કહી છે. નિર્વિકલ્પસમકિત એ જ ખરી રીતે ક્ષાયિક સમકિત છે. સત્પુરુષના વચનનું અવલંબન એ જ શ્રુતજ્ઞાન છે. તે કેવળજ્ઞાન ઉપજવા સુધી અવલંબન છે. જ્ઞાનીએ કહેલો જે માર્ગ છે, તેના આધારે નિર્મળતા થાય છે. બધાં ગુણસ્થાનક નિર્મળતા થવા કહ્યાં છે. બારમાના અંતે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે કેવળજ્ઞાન ઉત્પત્તિનો છેલ્લો સમય કહેવાય છે. શુક્લધ્યાન જ્ઞાનીના વચનના આધારે થાય છે. આઠમાથી તેરમા સુધી શુક્લધ્યાન છે. ચોથાથી સાતમા સુધી ધર્મધ્યાન છે.

**[વ૦ ૭૫૪]** (બપોરના) ૪૯૪ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૬, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—આ અવસર્પિણીકાળમાં આયુષ્ય, પુણ્ય ઓછાં છે. જેમ જેમ કાળ જાય છે તેમ તેમ બધા હીન પુણ્ય જીવો થતા જાય છે. ભગવાનની આજ્ઞામાં બધું સત્ય સમાય છે, પણ આ કાળના જીવોને કેમ સમજાય? કેટલાંક શાસ્ત્રો નાશ પામ્યાં, કેટલાંક અનેક પ્રકારના કલ્પિત અર્થથી વિરાધાયાં, કેટલાંક સૂત્રો મૂળથી ખંડ્યાં.

ધ્યાન કરવાથી કેવી દશા પ્રાપ્ત થાય છે, તે પ્રતિમા જોવાથી ખ્યાલમાં આવે. પ્રતિમા જોતાં જીવને સમ્યગ્દર્શન થાય છે, તેને એક પથરા તરીકે માનીને મૂકી દીધી. ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એવી ભગવાનની પ્રતિમા તેને ઓળંગી. એનું કારણ લોકોને વિચાર નહીં તે અને આરાધકપણું નહીં. જે ભગવાને કહ્યું તે જ આચાર્યોને કહેવું છે. મુનિ કહે છે તે પણ ભગવાનના કહેલાં આશયથી જ કહે છે. પરમાર્થથી બન્ને અભિન્ન છે. મુનિ અને ભગવાનના વચનોમાં પરમાર્થ અભિન્ન છે. સ્યાદ્વાદમાર્ગને એકાંતે જીવો સમજવા લાગ્યા છે. જ્યાં જ્યાં જીવને આગ્રહ, મતમતાંતર થાય છે ત્યાં ત્યાં પરમાર્થમાર્ગમાં તકરાર થતી જાય છે. ભિન્ન ભિન્ન થતું જાય છે.

‘‘આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર ‘સમાધિ’ કહે છે.’’ (૫૬૮) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે બોધિ છે. દરેક તીર્થંકરના વખતમાં એક શાસનદેવ અને એક શાસનદેવી થાય છે. દેવો શાસનની પ્રભાવના કરે છે. આ કાળમાં હીનપુણ્ય જીવો છે. પુણ્ય હોય તો દેવો ઉન્નતિ કરે. કોઈ મહાપુરુષો કૃપાળુદેવ જેવા પાકે ત્યારે શાસનની ઉન્નતિ થાય છે. કૃપાળુદેવનું આયુષ્ય ઓછું, નહીં તો શ્વેતાંબર, દિગંબર બધા એક કરી નાંખત. પણ પાછા પ્રભાવના કરવા બીજા પુરુષો પણ સાથે જોઈએ ને? કોઈ પુસ્તક લખનારા, કોઈ ઉપદેશ કરનારા એમ બીજા પુરુષો પણ જોઈએ, તો પ્રભાવના થાય. ઘણા તો કૃપાળુદેવને ઓળખી પણ ન શક્યા.

**[વ૦ ૭૫૫]** ૪૯૫ શ્રી રાજ મંદિર, આહોર, મહા વદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— બારે અંગમાં ભગવાનનાં બધાં વચનો આવી જાય છે. જીવની યોગ્યતા ન હોય તેને જ્ઞાનીપુરુષ કહે કે આત્મા નથી મરતો, પણ જીવ અવળું સમજે કે હિંસા કરવાથી આત્મા ક્યાં મરે છે? એમ કહે છે. મોઢે વાતો આત્માની કરે અને વર્તે મોહમાં, તે શુષ્કજ્ઞાની છે.

**‘‘બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહી;**
**વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહી.’’**

અઢાર દૂષણરહિત દેવ, હિંસારહિત ધર્મ, નિર્ગ્રંથ ગુરુ એ ત્રણ તત્ત્વોની શ્રદ્ધા તે સમ્યક્દર્શન છે. જેને મોક્ષમાર્ગ પ્રાપ્ત થયો હોય, તેની શ્રદ્ધા થાય તો મોક્ષ થાય. અનુકરણ એટલે ભગવાનના કહ્યા પ્રમાણે વર્તવું. વીતરાગ ભગવાને જેવું તત્વનું સ્વરૂપ નિરૂપણ કર્યું છે તેવું કોઈ દર્શનમાં નથી.

[વ૦ ૭૫૫] ૪૯૬ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— મહાપુરુષને જગતનું સ્વરૂપ દુઃખરૂપ લાગે છે. એ વ્યાકુળતા કેમ મટે ? જગતમાં અનંતાનંત જીવો છે. તેમાંથી કોઈક મોક્ષે જાય છે અને ઘણા જીવો સંસારમાં જ રહે છે. છૂટવાની ઇચ્છા છતાં છૂટી શકતા નથી. એ વિચારથી વૈરાગ્ય આવે છે. વિચાર હોય તો વૈરાગ્ય આવે, પણ સમાધાન થવું દુર્લભ છે. ઘણા બોધથી, શ્રુતથી સમાધાન થાય છે. જેથી રોગ ટળે એવી દવા કરવી. સંસાર રોગરૂપ છે. દેખત-ભૂલી જીવ છે. છૂટવાની ઇચ્છા હોય તો માર્ગ મળે. જે છૂટવાનો રસ્તો છે તે ખરાબ લાગે છે અને બંધાવાના રસ્તામાં રસ લાગે છે. ખૂબ પુરુષાર્થ કરતો હોય પણ રસ્તો બીજો હોય તો ઠેકાણું ન પડે. જીવ મૂંઝાઈ જાય છે કે મને માર્ગ નથી મળતો. જેને મન હોય તેને સંકલ્પ-વિકલ્પ થયા કરે અને જેને મન નથી તે દુઃખને અવ્યક્તપણે સહે છે. સુખ બધાને જોઈએ છે. આત્મા છે ત્યાં બધું છે. મનનો દુરુપયોગ કરે તો ફરી મન ન મળે.

સુખના વિચારો જીવને થાય છે, પણ સુખનો માર્ગ સત્પુરુષના હાથમાં છે. ''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા.'' (૭૬) સત્પુરુષથી કલ્યાણ છે. વિચારવાનને છૂટવાની ઇચ્છા જાગે છે. સાચો માર્ગ હાથ આવે ત્યારે મોક્ષ થાય એવું છે. જીવને શરીરનું સુખ લાગે છે અને દુઃખ પણ લાગે છે. એ ન હોત તો સુખ જ હોત. એને માટે ઔષધ કરે છે પણ મટતું નથી. મારી પાસે પૈસા નથી એમ કરે છે અને મળે ત્યારે દુઃખ તો જતું નથી. આધિ, વ્યાધિ, ઉપાધિ એ દુઃખનાં કારણ છે. પૈસાથી મનની શાંતિ નથી. બહારની ઉપાધિથી જીવ દુઃખી છે. શરીરના દુઃખથી દુઃખી થાય છે, મનના દુઃખથી દુઃખી થાય છે. આખું જગત પ્રયત્ન કરે છે છતાં દુઃખ નથી જતું, તો રસ્તો બીજો હોવો જોઈએ એમ વિચારવાનને લાગે છે. સાચો રસ્તો ન મળે ત્યાં સુધી દુઃખ ન મટે. અવળા રસ્તાથી ન મટે. રોગ ટળે એવી દવા આપે તો ટળે. ઘણા વિચારવાન જીવો, જગત દુઃખી છે તેને સુખી કરવું, એમ વિચારતા. ધર્મથી સુખ થાય છે, એમ લાગ્યું. પણ તેમાં ભેદ પડ્યા ત્યારે ઘણા જીવો નાસ્તિક થઈ ગયા.

જગતને દુઃખનું કારણ શું છે ? એ લક્ષ એટલે મૂળ વિષય ચૂકી ગયા. બધાય દુઃખ સમ્યક્-દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રથી મટે છે. આ બધાનું ફળ મોક્ષ આવે છે. સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એમ કહ્યાં, પણ પહેલાં સમ્યક્દર્શન કહેવાનું કારણ સમ્યક્દર્શનથી ધર્મની શરૂઆત અને મિથ્યાત્વનો અભાવ થાય છે. તે સમયે જેટલો ક્ષયોપશમ હોય તેટલું સમ્યક્જ્ઞાન અને જેટલી સ્થિરતા હોય તેટલું સમ્યક્ચારિત્ર છે. સમ્યક્દર્શન એ પાયો છે. જેટલી મોક્ષની રુચિ છે તેટલું સમ્યક્દર્શન છે. મૂળ કારણ સમ્યક્દર્શન છે. સમ્યક્દર્શનનું સ્વરૂપ એ છે કે સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રત્યે ઉલ્લાસ પરિણામ. સમ્યક્દર્શનથી જે જાણ્યું હોય તે ગ્રહણ કરવાની ઇચ્છા થાય છે. આત્માનો અનુભવ છે તે સુખનો સમુદ્ર છે, તેમાં જે લીનતા તે ખરું ચારિત્ર છે.

સત્પુરુષના બોધે સંસાર દુઃખરૂપ લાગે તે પછી સમ્યક્દર્શનથી એ દુઃખ મારે છોડવું છે એમ ઉલ્લાસ આવે છે. તેનું ફળ ચારિત્ર આવે. સ્થિરતા થવામાં બે વસ્તુ છે. એક શ્રુતજ્ઞાન અને બીજું ઉલ્લાસભાવ. સમ્યક્દર્શન જેને થયું હોય તેને સત્પુરુષ અને સત્શાસ્ત્ર બન્ને ઉપકારક છે. બેયમાં મુખ્ય સત્પુરુષ છે.

તથારૂપ જે શ્રમણ ભગવાન તેની પ્રાપ્તિ દુર્લભ છે. મહાપુરુષ કેમ વર્તે છે? એમ થાય ત્યારે સમજે, ત્યારે ઓળખાણ પડે છે. કોઈને કર્મને લઈને બીજી પ્રવૃત્તિ હોય, તેની પરીક્ષામાં તીવ્ર મુમુક્ષુ ભૂલો ન પડે. સત્પુરુષ અને શ્રુત એ બેની સમ્યક્દર્શન માટે જરૂર છે, તો શ્રુત તો બધાય વાંચે છે, છતાં કલ્યાણ કેમ ન થયું?

પ્રભુશ્રીજી કહેતા કે જે મહાપુરુષોએ કષાયથી રહિત થઈને સત્શ્રુત ઉપશમને અર્થે પ્રરૂપ્યાં છે, તે પણ કષાયવાળા જીવોને કષાયરૂપ પરિણમે છે. સત્પુરુષના જોગે જે ઉલ્લાસ આવે છે, તેટલો મોટા શાસ્ત્રોમાંથી પણ ન આવે. જ્ઞાનીનાં વચનો આત્માને સ્પર્શીને નીકળે છે. મોટા પંડિતોને પૈસા આપીને રાખ્યા હોય પણ તેથી ઉલ્લાસ ન આવે. મહાપુરુષની દુર્લભતા છે. મહાપુરુષના યોગે અલ્પકાળમાં પણ ઘણો લાભ છે. મોટા ચક્રવર્તી પણ છોડીને ગયા; 'આત્માનું કલ્યાણ કરવું છે' એ તેઓને ચોંટી ગયું.

સારા કાળમાં ઘણા મહાપુરુષો વિચરતા. તે વખતે પણ સત્સંગ દુર્લભ હતો. જેને સત્સંગ થતો હોય તેણે બધું છોડીને મહાપુરુષો સાથે રહેવું. સર્વસંગપરિત્યાગની શક્તિ ન હોય તો શક્તિ પ્રમાણે તેની ભાવના રાખીને ત્યાગ કરવો એને દેશત્યાગ કહે છે.

અપ્રતિબદ્ધવિહારીનો યોગ થયે દિવસે દિવસે સારી વૃત્તિ થતી જાય છે. જ્ઞાનના અતિશયપણાથી, શાંતિથી, વીતરાગતાથી, ચારિત્રથી અને નિવૃત્તિથી છાપ પડે છે. એથી મુમુક્ષુને શુભ ભાવ થાય. એથી શુભ વૃત્તિ થાય અને તેથી શુદ્ધ ભાવ થાય છે. નિરંતર એવા પુરુષોનો યોગ હોય તો શાસ્ત્રની જરૂર નથી; પણ એમ બનવું મુશ્કેલ છે, તો સત્શાસ્ત્રમાં વૃત્તિ રાખવી. સત્શાસ્ત્ર એ એને જરૂરનું છે. એ વાત જીવનમાં આવે ત્યારે એને શાંતિ થાય. સારા ભાવ રહેવા માટે શાસ્ત્ર છે. શ્રુત એટલે જ્ઞાનીપુરુષ પાસે સાંભળ્યું હોય તે અને શ્રેણીબદ્ધ હોય તે શાસ્ત્ર છે. શ્રુતમાં શ્રવણની મુખ્યતા છે અને શાસ્ત્રમાં ક્રમપૂર્વક લખવાનું છે. શાસ્ત્રનો આશય જ્ઞાની પાસે સમજાય છે. કૃપાળુદેવને પ્રભુશ્રીજીએ પૂછ્યું કે 'સૂયગડાંગ' વાંચું? કૃપાળુદેવે કહ્યું કે જ્ઞાનીપુરુષ દ્વારા એ શીખવાનું છે.

**''આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર,**
**પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર.''**

પ્રત્યક્ષ સદ્ગુરુનો યોગ ન હોય તો સુપાત્રને શાસ્ત્ર ઉપકારી છે. મહાપુરુષોએ શાસ્ત્રો લખ્યાં છે, એનું કારણ સત્પુરુષનો યોગ ન હોય ત્યારે જીવને કામ આવે. સત્પુરુષની ગરજ સારવા શાસ્ત્ર લખાયાં છે, પણ ભૂલવા નથી લખાયાં. મૂળ ભગવાને કહ્યાં છે તે મૂળ શાસ્ત્રો છે. ગણધરોએ સર્વ શાસ્ત્રો લખ્યાં છતાં ભગવાનની પાછળ પાછળ ફરતા.

[વ૦ ૭૫૫] (બપોરના) ૪૯૭ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૬, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— જગતનાં દુઃખ જોઈને ઘણાને એમ થાય કે આ દુઃખ કેમ જતું નથી? પણ એનું સમાધાન કોઈક જ પામે છે. રોગનું કારણ ન જાણે અને દવા કરે તો કેમ મટે? તેમ જીવો દુઃખનાં કારણ ન જાણી તેનો ઉપાય કરે તો દુઃખ કેમ મટે? દુઃખ તો કોઈને ગમતું નથી, પણ ભોગવ્યા વિના છૂટકો નથી. ફરી નવું ન બંધાય એનો વિચાર આવતો નથી. દુઃખ ભોગવતાં ફરી નવાં ન બાંધે, તો નવાં દુઃખ ન આવે. આણંદ આ બાજુ હોય અને પેલી બાજુ જાય તો કેમ આવે? તેમ જીવ દિશા ભૂલ્યો છે તેથી ખબર નથી પડતી. ગમે તેટલા ઉપાય કરે તોય જાણ્યા વગર દુઃખ મટે નહીં. દુઃખનું મુખ્ય કારણ અજ્ઞાન છે. તેની જીવને ખબર નથી. દુઃખ મટાડવાના ઉપાય કરતાં છતાં ન મટે ત્યારે અનેક પ્રકારના વિકલ્પો થયા કરે છે. સુખની ઇચ્છા અને દુઃખને દૂર કરવું એવું બધાને હોય છે, પણ એ હાથમાં નથી. દુઃખ મટાડવું છે. તેના ઉપાય કરે છે, છતાં દુઃખ કેમ મટતું નથી? એમ જીવોને વિચાર આવે છે. જે જીવો એ વિચારનું સમાધાન પામ્યા તે મોક્ષે ગયા છે.

અજ્ઞાનને લઈને આ બધું દુઃખ ઊભું થયું છે, માટે એને પહેલાં દૂર કરવું. એમ કરીને જેણે પુરુષાર્થ કર્યો તે મોક્ષે ગયા. મોક્ષમાર્ગે ચઢશે ત્યારે મોક્ષે જશે. વહેલે કે મોડે પણ જશે.

વિચારવાન જીવો પણ થોડા છે. જગતમાં દુઃખ છે, સુખ નથી. એ દુઃખ ટાળવા શોધ કરનારા કોઈક વિરલા જ નીકળે છે. મિથ્યાત્વને લઈને વિચાર જાગતો નથી. આપણે આટલા વર્ષ સુધી શોધ કરી, તપ કર્યું, માટે આપણે જાણી ગયા એમ કરી બીજાને ઉપદેશ કરવા લાગ્યા. બધા કહેવા લાગ્યા કે ધર્મ કરો, ધર્મ કરો; પણ શા માટે ધર્મ કરવો એ લક્ષ ચૂકી ગયા.

જ્ઞાની અને તેમનાં વચનો એ બેય જીવને સમ્યગ્દર્શનનાં કારણ છે. જ્ઞાનીના સમાગમથી અને તેમનાં વચનોથી જીવની વૃત્તિ સ્થિર થાય છે. ઘણું પુણ્ય જીવે કર્યું હોય ત્યારે મહાપુરુષનો યોગ થાય છે.

[વ૦ ૭૫૬] ૪૯૮ શ્રી રાજમંદિર, આહોર, મહા વદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— માર્ગ સ્યાદ્વાદ છે. જે દ્રવ્યો છે તેને છે એમ માને છે, અને જે નથી તેને નથી એમ માને છે. જડ અને ચેતન બે વસ્તુઓ છે. જડ તે ચેતન ન થાય અને ચેતન તે જડ ન થાય. સમ્યક્ચારિત્રથી કર્મની નિવૃત્તિ થાય છે. જીવ સંકોચ-વિકાસનું ભાજન છે. અનાદિકાળથી જીવ રાગદ્વેષમાં વર્તે છે. પરના નિમિત્તે રાગદ્વેષ થાય છે. પણ એ એનો સ્વભાવ નથી. 'દેહ તે હું' એમ થઈ રહ્યું છે. એ મોટી ભૂલ છે. પુદ્ગલના ગુણો આત્મામાં નથી.

[વ૦ ૭૫૭] ૪૯૯ શ્રી રાજમંદિર, આહોર, મહા વદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— ભગવાનની વાણી ચાર પ્રકારે છે. (૧) દ્રવ્યાનુયોગ, (૨) કરણાનુયોગ, (૩) ચરણાનુયોગ અને (૪) ધર્મકથાનુયોગ. દ્રવ્યાનુયોગમાં બધી આત્માની વાતો આવે છે. કરણાનુયોગમાં કર્મ સંબંધી વાત આવે છે. ચરણાનુયોગમાં ચારિત્રની વાત આવે છે. ધર્મકથાનુયોગમાં મહાપુરુષોનાં ચરિત્ર આવે છે. બધાયમાં પૂજવા યોગ્ય તો 'સહજાત્મસ્વરૂપ' છે. પાંચ પરમેષ્ઠી છે તે 'સહજાત્મસ્વરૂપ' છે. સાગરમાંથી ટીપું રહે તેટલા આ કાળમાં શાસ્ત્રો રહ્યાં

છે. ગહન વાતો લોકો ભૂલી ગયા છે. સ્થૂળ સ્થૂળ વચનો રહ્યાં છે. આ કાળમાં મોક્ષ નથી એમ ન ચિંતવવું. જેને ભવનો ભય લાગે તે ભગવાનનાં એક વચનને પણ ઉત્થાપે નહીં. ભવભીરુ જીવો ખંડનમંડન કરતા નથી. ખંડનમંડન કરવાથી ભગવાનના વચનો વિરાધાય.

[વ૦ ૭૬૬] ૫૦૦ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ વદ ૧,
સં. ૨૦૦૮ થી ફાગણ વદ ૩ સુધી, સળંગ ત્રણ દિવસ

## પંચાસ્તિકાય

ૐ સર્વજ્ઞાય નમઃ નમઃ સદ્‌ગુરવે

પૂજ્યશ્રી– પહેલાં સર્વજ્ઞ અને સદ્‌ગુરુને નમસ્કાર કરે છે. સદ્‌ગુરુના બોધથી ભિન્ન આત્મા મનાય છે. આ 'દેહથી હું ભિન્ન છું' એમ સદ્‌ગુરુના બોધે મનાય છે. કર્મને લઈને બીજું બધું દેખાય છે. કર્મને લઈને આત્મા ઢંકાયો છે. એને છોડવા સદ્‌ગુરુનો બોધ છે. એ ઉપકારને લઈને પહેલાં સદ્‌ગુરુને નમસ્કાર કર્યા.

જિન ભગવાન સર્વજ્ઞને ઇન્દ્ર જેવા પણ નમસ્કાર કરે છે, તો પણ તેઓને માન ન થાય.

**''બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,**
**વંદે ચક્રી તથાપિ ન મળે માન જો.''**

૧. તે સર્વજ્ઞને દેવો પણ નમસ્કાર કરે છે. જેના ઉપદેશથી બધાય જીવોનું કલ્યાણ થાય, જેના વાક્યમાં કોઈ પણ પ્રકારનો દોષ નથી, એવા અતિશયવાળી અરિહંત ભગવંતની વાણી છે. અનંત દોષો ટળી અનંત ગુણ પ્રગટ્યા છે. હવે એમને સંસાર નથી. એવા ભગવાનને નમસ્કાર.

ભગવાનનાં વચનો ત્રણે લોકને કલ્યાણકારી છે કારણ કે સર્વજ્ઞ ભગવાને કહ્યું છે કે કોઈ જીવોને ન હણવાં. એવી દયાના ઉપદેશથી બીજા જીવોને દુઃખ ન થાય. મહાપુરુષો થાય છે તે જગતને કલ્યાણકારી હોય છે. સારાં નિમિત્તથી જીવને કલ્યાણ થાય છે. ભરત ચક્રવર્તી જ્યારે ભગવાનને વાંદવા જતા હતા ત્યારે રસ્તામાં, જે હાથી પર ભરત ચક્રી બેઠા હતા તે હાથીના પગ નીચે છસો જીવ કચરાઈ ગયા. તે બધા જીવો મરીને ભરતના પુત્રો થયા. ભગવાનનાં વચનો નિર્મળ અને મીઠાં છે. એમણે ભવના બીજનો આત્યંતિક ક્ષય કર્યો છે. ''ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો.''

ભગવાનનાં દર્શન કરીને એમના ગુણોમાં વૃત્તિ રાખવાની છે. ભગવાનના અનંત ગુણો છે. પોતાનું માન દૂર કરવા નમસ્કાર કરવાના છે.

૨. ભગવાને અનંત કૃપા કરીને જે વાણી વરસાવી તે જેટલી આપણી પાસે આવી તેટલું 'આગમ' કહેવાય છે. જીવની પાસે મૂડી પ્રેમની છે. ''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં.'' ભગવાન ઉપર પ્રેમ થાય તો આગમનું રહસ્ય હૃદયમાં આવીને વસી જાય. ભગવાનમાં શું છે, તે બધું ખબર પડે. આગમની ઉત્પત્તિ કેવળજ્ઞાનથી થઈ છે.

મુમુક્ષુ– આપણે શું કરવાનું છે?

પૂજ્યશ્રી– મોહ ક્ષય કરવાનો છે. અનંત ગુણો પ્રગટાવવાના છે. ભગવાનનાં વચનો

કેવળજ્ઞાન સુધી કામનાં છે, તે મહાપુણ્યના યોગે પ્રાપ્ત થાય છે. તે આપણા હૃદયમાં ઘર કરે એવું કરવાનું છે. દેવો પણ જેની સેવામાં રહેતા તો પણ તેમને માન ન આવે. માનાદિની ઇચ્છા નથી. જગત પર છે. પોતાનું કંઈ નથી. પુદ્‌ગલ છે તે પર છે, તે જીવે ગ્રહણ કર્યું છે. તે મૂકીને ચાલ્યા જશો. કાયા છે, તો મોક્ષના કામમાં વાપરવી. સાચી શ્રદ્ધા, સમજણ એ બધું મનુષ્યભવમાં થાય છે. એવી કોઈ દવા નથી જે જન્મમરણ ટાળે. દેવલોકમાં અમૃત છે પણ જન્મમરણ છે. ભગવાનનાં વચનો છે તે કર્મને ટાળનાર છે.

**"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;**
**એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર."**

જે વચનોથી આત્માની શક્તિ વધે, કર્મ માર્ગ આપે તે જ્ઞાન છે, શ્રુતજ્ઞાન છે. તે શ્રુતજ્ઞાન આત્માનો સ્વભાવ છે. ક્ષયોપશમ હોય તેટલું જાણે. ભગવાને કહેલી વાત કહેવી છે, પણ ભગવાનના વચનો સમજે એવું કોઈ નથી. ગરજ નથી. એટલું આયુષ્ય નથી માટે ટૂંકામાં આ (પંચાસ્તિકાય) શાસ્ત્ર કહે છે. પંચાસ્તિકાય એ દ્રવ્યાનુયોગ છે. એ સાંભળી કલ્યાણ કરવું છે, એવી ભાવના કરવાની છે. ભગવાનના વચનોથી સમ્યક્‌દર્શન થાય છે અને પછી મોક્ષ થાય. ભાવથી કલ્યાણ છે.

૩. પાંચ 'અસ્તિકાય'ને લોક કહ્યો છે. પાંચ અસ્તિકાય :– ૧. જીવ ૨. પુદ્‌ગલ ૩. ધર્મ ૪. અધર્મ અને ૫. આકાશ. એનાથી લોક છે. દરેકનું અસ્તિત્વ જુદું જુદું છે. એ સ્વતંત્ર દ્રવ્યો છે. દરેક દ્રવ્યમાં અનંત ગુણ અને અનંત પર્યાય હોય છે. પાંચેયમાં ઘણા પ્રદેશો છે. ઘણા પ્રદેશોમાં વ્યાપે તેથી આ પાંચેય 'અસ્તિકાય' કહેવાય છે. એથી આખો લોક થયો છે. એ સાંભળી આત્માને ભૂલી જવાનો નથી. સર્વથી પોતાનું સ્વરૂપ ભિન્ન છે, એમ જણાવવા એ કહ્યાં છે.

અર્થસમયના ત્રણ ભેદ છે. (૧) પુદ્‌ગલ પદાર્થનો સમૂહ તે અર્થસમય છે. (૨) છ દ્રવ્યોનો સમૂહ તે અર્થસમય. (૩) એ શબ્દો સાંભળી આત્માનું જ્ઞાન થાય તે પણ અર્થસમય છે. લોક છ દ્રવ્યનું બનેલું છે. પાંચ 'અસ્તિકાય' અને કાળ મળી છ દ્રવ્ય કહેવાય છે. એની બહાર માત્ર આકાશ છે. પાંચ દ્રવ્યો ત્યાં છે નહીં. ત્યાં ધર્માસ્તિકાય છે નહીં, તેથી આગળ કોઈ જઈ શકે નહીં. આકાશ અરૂપી છે. જે વસ્તુને અવકાશ આપે તે આકાશ છે.

૪. જીવનો સ્વભાવ ઊર્ધ્વગમન છે.

**"સમતા, રમતા, ઊરધતા, જ્ઞાયકતા, સુખભાસ;**
**વેદકતા, ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ."** (૪૩૮)

પાંચ ઇન્દ્રિયો પુદ્‌ગલને ગ્રહણ કરે છે. મનનો સ્વભાવ અરૂપી અને પુદ્‌ગલને જાણવાનો છે. સંસારી જીવનો વધારે સંબંધ પુદ્‌ગલની સાથે છે. ધર્મ–અધર્મ, ગતિ–સ્થિતિમાં સહાય કરે છે. આકાશ તદ્દન નિર્મળ છે, એનું કામ અવકાશ આપવાનું છે. બધાનો આધાર જીવનો ભાવ છે. ભાવ છે તે પુદ્‌ગલને ખેંચી લાવે છે. નહીં તો પરાણે કંઈ ન આવે. દરેક દ્રવ્ય પોતપોતાના સ્વભાવમાં રહે છે. જીવનો સ્વભાવ જાણવાનો છે. તે નિરંતર જાણ જાણ કરે છે. દેહ છૂટે ત્યારે

એને ખબર પડે, પણ માર્ગમાં જતાં બીજા દેહને ન જાણે. જે કર્મને આધિન છે તેને સાધન જોઈએ, તો જાણે. કર્મ બંધાયા છે તે અનાદિકાળથી છે. જીવ પહેલાં કર્મરહિત ન હતો. પોતાની સ્થિતિ પરાધીન લાગે તો સંતોષ ન થાય. વૈરાગ્ય આવ્યા વિના વૃત્તિ આત્મામાં ન રહે.

''જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ.'' અજ્ઞાનરૂપી ઊંઘમાંથી જાગે તો આત્માનો રંગ લાગે. શ્રુતજ્ઞાનના બળથી આખા લોકનું જ્ઞાન થાય છે. જીવને પુદ્‌ગલનું અભિમાન છે. દરેક દ્રવ્ય અસ્તિત્વવાળું છે. પાંચેય દ્રવ્ય ઘણા પ્રદેશવાળા છે. પુદ્‌ગલ એક પરમાણુરૂપ છે, પણ તેવા અનંતાનંતપરમાણુઓ છે, તેના વિવિધ પ્રકારે સ્કંધ થવાથી બહુ પ્રદેશી છે તેથી અસ્તિકાય કહેવાય છે. આખા લોકમાં આકાશાદિ છ દ્રવ્યો છે. જીવને પુદ્‌ગલનો અધ્યાસ પડી ગયો છે.

૫. અનેક ગુણ અને પર્યાય સહિત છે તે દ્રવ્ય છે. એક પરમાણુમાં પણ અનંત ગુણો છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય એ લોકનું સ્વરૂપ છે. છ દ્રવ્યથી આખો લોક બનેલો છે. પાંચેય અસ્તિકાયને કાળની સહાય લેવી પડે છે. ધર્માસ્તિકાય એ ચાલવામાં નિમિત્તરૂપ છે. એ કંઈ પરાણે ચલાવે નહીં, પણ એની ઇચ્છા હોય તો ચાલવામાં મદદ કરે. એ વિના ગમન કરી શકે નહીં. સિદ્ધ ભગવાન પણ ધર્માસ્તિકાય છે ત્યાં સુધી ગયા. જીવ અને પુદ્‌ગલ એ બે અટપટા સ્વભાવવાળા છે. દરેક જીવનું અસ્તિત્વ જુદું જુદું છે. છેલ્લી ક્રિયા તે શૈલેષીકરણ છે. આત્માનું શીલ એટલે ચારિત્ર-સ્થિરતા, તે શૈલેષીકરણ છે.

૬. પાંચે અસ્તિકાયના પર્યાય સમયે સમયે પલટાય છે. પાંચ દ્રવ્ય મુખ્ય છે. તેનાથી પોતાનું સ્વરૂપ જાણવાનું છે. અસ્તિકાય પાંચ છે અને પરિણમન સ્વભાવવાળો કાળ છે, તે સર્વજ્ઞ ભગવાને જોયો છે.

૭. આત્માને કર્મ સિવાય કોઈ નડે નહીં. કર્મને લઈને જીવની અનેક અવસ્થાઓ થઈ છે, પણ કર્મરૂપ થયો નથી; જુદો છે. અત્યારે કર્મ દેખાય છે, તેનો નાશ થાય ત્યારે પોતાનું ભાન થાય. ''સહજસ્વરૂપથી જીવ રહિત નથી, પણ તે સહજસ્વરૂપનું માત્ર ભાન જીવને નથી, જે થવું તે જ સહજસ્વરૂપે સ્થિતિ છે.'' (૬૦૯) આવું પોતાનું સ્વરૂપ છે, મોક્ષ, સમ્યક્‌દર્શન, કેવળજ્ઞાન પોતાની પાસે છે. ભાન નથી. તે થવા માટે સદ્‌ગુરુની જરૂર છે.

૮. છ પદાર્થ અસ્તિત્વવાળા છે, દ્રવ્ય છે. આત્માની સત્તામાં જાણવાનો ગુણ છે. બધાય પદાર્થોની સત્તા જુદી જુદી છે. એ સત્તામાં અનંત ગુણ-પર્યાય છે. ઉત્પાદ, વ્યય, ધ્રુવ દરેક સત્તામાં છે. દરેકમાં સામાન્યપણું અને વિશેષપણું છે. ચેતના બે પ્રકારે પરિણમે છે. ૧. દર્શન, ૨. જ્ઞાન. સામાન્યપણે વસ્તુને જાણે તે દર્શનચેતના, અને વિશેષપણે વસ્તુને જાણે તે જ્ઞાનચેતના.

૯. છ દ્રવ્ય પરિણામીસ્વભાવવાળાં છે. પોતપોતાના સ્વભાવરૂપે પરિણમે છે. દરેક દ્રવ્ય અસ્તિત્વવાળા છે. તે ઉત્પાદ, વ્યય, ધ્રુવથી જણાય છે. જેમાં અસ્તિત્વ હોય તેમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ હોય જ. પોતાના પર્યાયો એક પછી એક દ્રવે છે તેથી દ્રવ્ય કહેવાય છે.

*૧૦. છ દ્રવ્યોનું લક્ષણ 'અસ્તિત્વ' છે. અસ્તિત્વ એટલે જેમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ છે.

* અત્રેથી ફાગણ વદ ૨, સં. ૨૦૦૮ ના રોજ થયેલું વિવેચન.

ઉત્પાદ, વ્યય, ધ્રુવ થાય છે એટલે પર્યાય ફરે છે, પણ વસ્તુ એની એ રહે છે. પાંચ અસ્તિકાય અને છઠ્ઠું કાળ દ્રવ્ય છે. પર્યાય પલટાય પણ વસ્તુ ન ફરે. જેમ બાળક હોય તે યુવાન થાય તેથી બાળક મરી ગયો એમ ન કહેવાય. તેમ દરેક વસ્તુમાં ઉત્પાદ, વ્યય, અને ધ્રુવ થાય છે. વસ્તુ માત્રનું સ્વરૂપ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ છે. તે ઉપર ચૌદ પૂર્વ લખાયાં હતાં. આત્માના વિશેષ ભેદ જેવા સર્વજ્ઞ ભગવાને કહ્યા છે તેવા બીજા કોઈએ કહ્યાં નથી. કેટલીક વસ્તુઓ એવી છે કે જે ભગવાનની શ્રદ્ધાથી માન્ય કરવાની છે.

૧૧. **"હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;**
**એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય."** (૨૬૬)

અવસ્થા પલટાય છે. બધાનો સાર કૃપાળુદેવે મૂક્યો છે. આશય સમજાવો મુશ્કેલ છે. એ છ દ્રવ્યો કોઈએ ઉત્પન્ન કર્યા નથી અને કોઈ નાશ પણ ન કરી શકે. જે અવસ્થા ઉત્પન્ન થઈ તે ઉત્પાદ, જે અવસ્થા દૂર થઈ તે વ્યય અને જે સ્થિર રહી તે ધ્રુવ છે.

૧૨. વસ્તુ હોય તો અવસ્થા હોય જ. અવસ્થા વગર વસ્તુ ન હોય. દ્રવ્ય અને પર્યાય જુદાં નથી, પણ દ્રવ્યને ઓળખવા પર્યાય જોવાય છે. એક સમયે એક પર્યાય હોય.

૧૩. દ્રવ્ય એટલે બધાય ગુણોનો સમૂહ. બધાય ગુણોનું એકઠું નામ દ્રવ્ય છે. દ્રવ્યથી ગુણ જુદાં છે એમ નથી, પણ સમજાવવા માટે એમ કહ્યું છે.

૧૪. કોઈ પણ પદાર્થને જાણવા માટે સાત પ્રકાર છે. પોતાનો જે ચૈતન્ય ભાવ છે તેથી આત્મા છે. પરની અપેક્ષાએ વસ્તુ નથી. જ્યાં આગળ આત્માનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ નથી ત્યાં આત્મા નથી. આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ છે, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ નથી. પોતાની અપેક્ષાએ અને પરની અપેક્ષાએ અસ્તિ-નાસ્તિ બેઉ એક સમયે છે. તે કહી શકાય નહીં માટે અવક્તવ્ય છે એમ સપ્તભંગી થાય છે. વસ્તુ છે તે સમજવા જ્ઞાનીપુરુષોએ કેટલા વિચારો કર્યા છે! બહુ વિચાર કરીને કહ્યું છે.

૧૫. **"હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;**
**એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય."** (૨૬૬)

જે દ્રવ્ય હોય તેનો નાશ ન થાય અને જેનો અભાવ છે તે ન હોય. એક સમયે જુદા હોય તે સદા જુદા જ હોય. સમસ્ત પદાર્થો અનાદિ અનંત છે. કેવળ નાશ કે ઉત્પાદ નથી. ફેરફાર થાય છે તે ગુણના પર્યાયમાં થાય છે. પર્યાયને લઈને હર્ષશોક થાય છે. મરણથી શોક થાય છે, પણ જીવ નિત્ય છે અને પરમાણુ પણ નિત્ય છે. પર્યાયરૂપ અવસ્થામાં મોહ છે તેથી ખેદ થાય છે. તે અવસ્થા હોવાથી પોતાનો સ્વાર્થ સધાતો હતો તે સધાતો નથી તેનો ખેદ છે. દ્રવ્યના ગુણ તો તે જ રહે છે, માત્ર ગુણના પર્યાયમાં ફેરફાર થાય છે. મોક્ષનો કામી થતાં તે માટે પ્રયત્ન કરે તે પરમાર્થ કહેવાય છે. જ્ઞાની પણ કર્મ ક્ષય કરવા જીવે છે તેને સ્વાર્થ અથવા પરમાર્થ કહેવાય છે.

૧૬. બધા પદાર્થોમાં જીવ પહેલો છે. તે ચેતનાથી ઓળખાય છે. જે જાણે છે તે જીવ છે. મહાવીર ભગવાન એક વખતે કોઈ એક ગામે પધાર્યા. તે ગામમાં બ્રાહ્મણની એક ખાલી યજ્ઞશાળા

હતી. ભગવાને બ્રાહ્મણને કહ્યું, ‘આ યજ્ઞશાળામાં હું ચોમાસું રહું?’ બ્રાહ્મણે કહ્યું કે ‘યજ્ઞશાળા ખાલી જ છે, માટે ભલે રહો.’ પછી ભગવાન ત્યાં ચોમાસું રહ્યા. ત્યાં દેવો વાંદવા આવતા તે દેખી બ્રાહ્મણને વિચાર આવ્યો કે જગતમાં જાણવાયોગ્ય શું છે? તે આ પુરુષને પૂછું. પછી તે ભગવાન પાસે આવ્યો અને પૂછ્યું કે ‘આત્મા છે? તે શું છે?’ ભગવાને કહ્યું કે તને હું બોલું છું એમ થાય છે? એ ‘હું છું’ એમ થાય છે તે જ આત્મા છે. બ્રાહ્મણને તરત ‘આત્મા છે’ એમ શ્રદ્ધા થઈ ગઈ. જ્ઞાનીના વચનથી આત્માની ઓળખાણ થાય છે.

૧૭. જીવો બધી ગતિમાં છે. મરણ છે તે અવસ્થા છે, પણ જીવ મરી જતો નથી. જીવની અવસ્થા પલટાય છે. જેમ દેવમાં જાય ત્યારે અવધિજ્ઞાન થાય. એ પલટાયું ને? મનુષ્ય હતો ત્યારે ય જીવ હતો અને દેવ થયો ત્યારેય જીવ છે. જીવ છે તે ધ્રુવ છે. જીવની અવસ્થાઓ ફરે છે.

૧૮. જેમ નાટકમાં એકનો એક માણસ રાજા બની આવે અને પછી તે જ રાણી બની આવે છે. આમ જીવની અવસ્થા પલટાયા કરે છે. પર્યાયદૃષ્ટિથી જોવાથી રાગદ્વેષ થાય છે. દ્રવ્યદૃષ્ટિથી જુએ તો દ્રવ્ય પર લક્ષ રહે ને રાગદ્વેષ ન થાય. માટે દૃષ્ટિ ફેરવવી. દ્રવ્યાર્થિકનયથી કંઈ ઊપજતું વિનશતું નથી. એક સમયે એક પર્યાય હોય, બાકીના પર્યાય સત્તારૂપ રહે. એક જીવમાં નિગોદથી સિદ્ધ સુધીના પર્યાય છે, છતાં જે વખતે જે ગતિ હોય તે પર્યાયરૂપ કહેવાય છે.

૧૯. જે દ્રવ્ય ન હોય તેની ઉત્પત્તિ ન થાય અને જે હોય તેનો નાશ ન થાય. જીવ કદી નાશ ન પામે એવી અટપટી વસ્તુ છે. તે સ્યાદ્વાદથી સમજવાની છે. પર્યાય-ગતિ બદલાય છે તેને ‘જીવ નાશ થયો, ઉત્પન્ન થયો’ કહેવાય છે તે કર્મજનિત વિભાવથી છે. મનુષ્ય મર્યો, દેવ ઊપજ્યો એ બધા કર્મજનિત વિભાવપર્યાય છે. અન્ય જીવ ઊપજતો નથી, પણ જીવની અન્ય અવસ્થા ઊપજે છે. બે અવસ્થામાં આધારરૂપ જીવ હતો તે તો તે જ છે. જીવનું અસ્તિત્વ સળંગ છે પણ પર્યાય તેને ભિન્ન ભિન્નરૂપે બતાવે છે. જીવન, મરણ, પર્યાયની અપેક્ષાથી છે. આત્મા દ્રવ્યરૂપે ટંકોત્કીર્ણ છે. સંસારી જીવ પર્યાયને જુએ છે તેથી દુઃખી થાય છે. દ્રવ્યદૃષ્ટિને ભૂલી ગયા છે. જગતને દ્રવ્ય અને પર્યાય બન્ને દૃષ્ટિથી જુઓ અને સમતા રાખો. પર્યાય વિના વ્યવહાર ન ચાલે અને દ્રવ્યદૃષ્ટિ વિના સમતા ન રહે. “જગત આત્મરૂપ માનવામાં આવે.” (૩૦૧) જગતમાં જડ ને ચેતન બન્ને છે. જે જેના અર્થી છે તે તેરૂપ લક્ષ રાખે છે. આત્મા છે તો જગત જોવાય છે. દ્રવ્યદૃષ્ટિથી જગત નિત્ય છે, પર્યાયથી બધું પલટાય છે. કર્મને લઈને દેવગતિ આદિ થાય છે. કર્મ ફૂટી નીકળે છે. જેટલા પરમાણુ જગતમાં છે તેટલા જ રહેવાના છે. નામકર્મને લઈને શરીર ઉત્પન્ન થાય છે.

૨૦. આઠેય કર્મો ક્ષય થાય તો પછી ચાર ગતિરૂપ સંસારમાં ન જાય, સિદ્ધ થાય. રાગદ્વેષથી કર્મ બાંધે છે, પણ રાગદ્વેષ ન કરે તો સિદ્ધ થાય. જ્ઞાન, સમ્યક્ત્વ દેખાતું નથી તેથી તેનું માહાત્મ્ય લોકોને નથી. ક્રિયા જપ-તપનું માહાત્મ્ય છે. “અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ.” (૨૫૫) એ દ્રવ્યદૃષ્ટિ છે.

૨૧. ભાવ એટલે વસ્તુનું હોવાપણું, વસ્તુનું ન હોવાપણું તે અભાવ, ભાવાભાવ એટલે જે અવસ્થા છે તેનો અભાવ થવો અને અભાવભાવ એટલે પહેલાં જે અવસ્થા નહોતી તે પ્રગટ થવી.

આત્મા છે, તેના ગુણ પર્યાય છે. સંસારમાં અવસ્થા જીવની ફરે છે.

૨૨. છ દ્રવ્ય કોઈ ઈશ્વરે બનાવ્યાં નથી. સ્વભાવથી જ છે. એ છ દ્રવ્યોનો સમૂહ તે લોક છે. અનાદિકાળથી એમ છે અને અનંતકાળ સુધી એમ રહેવાનું. જેમાં એકથી વધુ પ્રદેશ હોય તે અસ્તિકાય. પરમાણુ સ્કંધ થવાની અપેક્ષાએ કાય છે. કાલ એક પ્રદેશી છે તેમાં અન્ય સાથે મળવાનો સ્વભાવ નથી, તે કાલાણુ અસ્તિદ્રવ્ય છે પણ અસ્તિકાય નથી. આકાશ અનંત છે. તેમાં ક્યાં સુધી જાય, તેની સીમા તો જોઈએ. તેનું કારણ ધર્મ-અધર્મ દ્રવ્ય છે.

૨૩. કાળનું અસ્તિત્વ છે એટલે હોવાપણું છે. જીવ અને પુદ્‌ગલના પર્યાય છે. તેમાં ફેરફાર થાય છે તે કાળને નિમિત્તે થાય છે. કાળ એ અરૂપી દ્રવ્ય છે, તેથી દેખાય નહીં, પણ ક્રિયા કરે છે તેથી કાળ છે એમ ખબર પડે છે.

**"જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;**
**કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ."** (૨૬૬)

જડ અને ચેતન પોતપોતાના ભાવે પરિણમે છે. દરેક દ્રવ્યમાં ફેરફાર થાય છે. જીવના પર્યાય ન્યારા અને જડના પર્યાય ન્યારા છે. તેને એકરૂપે જીવ ગ્રહણ કરે છે તે ભૂલ છે. આત્મા છે, નિત્ય છે, કર્ત્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે. આ છ પદ દૃઢ કરે તો પોતાનું હોવાપણું લાગે. સમ્યગ્દર્શન એ ધર્મનો પાયો છે. 'श्रद्धा परम दुल्लहा ।' મોટી વસ્તુ શ્રદ્ધા છે. આત્મા આત્મભાવમાં લીન રહે તે સમ્યગ્દર્શન છે અને આસ્રવને સંવર માને તે મિથ્યાત્વ છે. આ જીવ, ન હોય એવા ઘાટ ઘડે છે અને માને છે. કાળ એ એક દ્રવ્ય છે. તેના બે ભેદ છે. (૧) વ્યવહારકાળ અને (૨) નિશ્ચયકાળ. સમય છે તે વ્યવહારકાળ છે. જીવ અને અજીવમાં ફેરફાર થાય છે. તેથી નિશ્ચય લાગે છે કે કાળ છે, તે વ્યવહારકાળ છે. તે ઉપરથી નિશ્ચયકાળ હોવાનું અનુમાન થાય છે. પરાવર્તન એ નિશ્ચયકાળનું લક્ષણ છે.

૨૪. કાળ છે તે પુદ્‌ગલથી જુદો છે. એમાં પુદ્‌ગલના રૂપ, રસ, ગંધ, સ્પર્શ નથી. છયે દ્રવ્યોમાં 'અગુરુલઘુ' ગુણ છે. કાલમાં પણ સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવ થાય છે. આકાશ એક અખંડ દ્રવ્ય છે, તેથી લોકમાં કાલને લઈને જે પરિણતિ થાય છે તેને લઈને અલોકમાં કાલદ્રવ્ય નથી છતાં ત્યાં પણ પરિણતિ થયા કરે છે. કાલ સ્વપર પરિણતિ કરનાર છે.

૨૫. વ્યવહાર કાળનાં નામઃ– નિમેષ (આંખ મીંચીને ઉઘાડે એટલો કાળ), કાષ્ઠા, કળા, નાલી, મૂહુર્ત, દિવસ-રાત્રિ, માસ, ઋતુ અને વર્ષ. એ બધાં વ્યવહાર કાળનાં નામ છે. અસંખ્યાત સમય થાય ત્યારે ૧ નિમેષ એટલે આંખ મીંચીને ઉઘાડીએ એટલો કાળ થાય. ૧૫ નિમેષ=૧ કાષ્ઠા, ૨૦ કાષ્ઠા=૧ કળા, ૨૦ કળા=૧ નાલી અથવા ઘડી, ૨ ઘડી=૧ મુહૂર્ત, ૩૦ મુહૂર્ત=૧ દિવસરાત્રી. વ્યવહારકાલ પુદ્‌ગલના પરિણમનને આધારે છે. નિશ્ચયકાલ સ્વાધીન છે. કેવળી ભગવાને જેમ છે તેમ કહ્યું છે. મુખ્ય સમ્યગ્દર્શનનું બધું માહાત્મ્ય છે. એ વિના બધું અજ્ઞાન છે. શ્રદ્ધાનું માહાત્મ્ય છે. પુદ્‌ગલ દ્રવ્ય રૂપી છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ જેનામાં હોય તે પુદ્‌ગલ છે.

૨૬. અઢી દ્વીપમાં સૂર્ય, ચંદ્ર વગેરે બાહ્ય નિમિત્તથી કાળ માપી શકાય છે. અઢી દ્વીપની

બહાર જ્યોતિષ બધા સ્થિર છે. વૈમાનિક દેવમાં નિરંતર પ્રકાશ છે અને નારકોમાં નિરંતર અંધારું છે. પરંતુ અવધિજ્ઞાનથી અને આયુષકર્મના પરમાણુ પરથી કાળનું જ્ઞાન ત્યાં પણ થાય છે. છ દ્રવ્યનું સામાન્ય વર્ણન કરીને હવે દરેકનું વિશેષ વર્ણન કરે છે–

૨૭. જીવદ્રવ્યનું વર્ણન ૭૩મી ગાથા સુધી કેવી રીતે કરશે તે આ ગાથામાં સાંકળિયારૂપે ટૂંકામાં કહ્યું છે. જીવ છે, તે જાણે છે. તે ચારે ગતિમાં ભમે છે અને મોક્ષે પણ જાય છે. ઉપયોગ લક્ષણવાળો, પ્રભુ, કર્ત્તા, ભોક્તા, દેહ પ્રમાણ અને અરૂપી એવો જીવ છે, તેનું વર્ણન કરે છે.

૨૮. જીવનું ખરું સ્વરૂપ– જીવ જ્યારે આઠે કર્મથી છૂટી જાય છે ત્યારે તે ઊંચે લોકને છેડે જઈને સ્થિત થાય છે. ત્યાં બધું જાણે છે અને દેખે છે અને ઇન્દ્રિયોથી પર એવા અનંત સુખને પામે છે. ઊર્ધ્વગમન સ્વભાવ હોવાથી ધર્માસ્તિકાય છે ત્યાં સુધી ઊંચે જઈને સ્થિર થાય છે. સિદ્ધોને પરસ્પર વ્યવહાર કરવાનો અવકાશ જ નથી. સ્વરૂપાનંદમાં મગ્ન છે.

૨૯. અર્હત્ અવસ્થામાં પણ કર્મ છૂટવાથી પોતાના શુદ્ધસ્વરૂપના સ્વામી થાય છે. સ્વાત્માના અનુભવમાં મોક્ષસુખ રહેલું છે. જે બધું જાણી જોઈ શકે તે જ ત્રણ લોકની અને ત્રણ કાળની વાત કહી શકે. 'જગતકર્તા ઈશ્વર નથી' એમ ભગવાને કેવળજ્ઞાનથી જોઈને કહ્યું છે. આપણે કહીએ તે આગમ અને અનુમાનથી છે. જીવ બે પ્રકારના છે. (૧) સંસારી, (૨) સિદ્ધ.

૩૦. સંસારી જીવો બળ, ઇંદ્રિય, આયુષ્ય અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પ્રાણથી જીવે છે. મનબળ, વચનબળ, કાયબળ, પાંચ ઇંદ્રિય, આયુષ્ય અને શ્વાસોચ્છ્વાસ ગણતાં ૧૦ પ્રાણ પણ થાય છે. તેમાંથી એકેન્દ્રિયને ચાર, બે ઇંદ્રિયને છ એમ વધતાં વધતાં સંજ્ઞીપંચેન્દ્રિયને દશ પ્રાણ હોય છે.

૩૧. અગુરુલઘુ ગુણ એવો છે કે નિર્ણય થઈ શકે નહીં. ભગવાનની શ્રદ્ધાથી માનવાનું છે. ફેરફાર ન થાય, જેવું છે તેવું જ રહે તે અગુરુલઘુ ગુણ છે. છ દ્રવ્યમાં અગુરુલઘુ ગુણ છે. અગુરુલઘુ ગુણ અનેક પ્રકારે પરિણમે છે.

'અગુરુલઘુ' જુદા જુદા અર્થમાં વપરાય છે–

(૧) અગુરુલઘુ નામકર્મ–શરીરને બહુ ભારે કે બહુ હલકું ન થવા દે તે. (૨) ગોત્રકર્મના નાશથી સિદ્ધને 'અગુરુલઘુ' ગુણ પ્રગટે તે. (૩) દરેક આત્માના જેટલા પ્રદેશો હોય, ગુણો હોય, તેટલા જ કાયમ રહે તે. અહીં ત્રીજા અર્થમાં અગુરુલઘુ શબ્દ વપરાયો છે.

૩૨. સંસારી જીવો અનંતા છે અને દરેકના અસંખ્યાતા પ્રદેશ છે. કેવલીસમુદ્ઘાત વખતે કોઈક જીવો આખા લોકમાં પોતાના પ્રદેશોને ફેલાવે છે. કોઈક જીવો કેવલીસમુદ્ઘાત કર્યા વિના પણ મોક્ષે જાય છે. મિથ્યાદર્શનવાળા, કષાયમાં પરિણમેલા, મન વચન અને કાયાના યોગ સહિત એવા સંસારી જીવો છે અને તેથી રહિત એવા જીવો સિદ્ધ થાય છે.

૩૩. પદ્મરાગમણિ દુધમાં નાખે તો બધું દૂધ લાલ દેખાય છે. તેમ દેહમાં આત્મા રહે છે તે દેહસંયોગે દેહરૂપે દેખાય છે. જીવ દેહપ્રમાણ જ રહે છે. સ્વતઃ ફેલાવવાનો સ્વભાવ નથી. નામકર્મને લઈને જીવના પ્રદેશોનો સંકોચ વિસ્તાર થાય છે. સમુદ્ઘાત વખતે પણ નામકર્મની

શક્તિથી ફેલાય છે. બાકી તો દેહપ્રમાણ જ રહે છે.

૩૪. ચારે ગતિમાં જીવ ભટકે છે, છતાં જીવ તો તેનો તે જ છે. કર્મબંધનના ભાવ થાય ત્યારે કર્મ ચોંટે છે અને તેથી આત્મા મલીન થાય છે.

**"ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;**
**જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ."**

૩૫. સિદ્ધ ભગવાન પ્રાણને લઈને જીવતા નથી. તે તો અશરીરી છે. વાણીમાં આવે એવું સ્વરૂપ નથી.

**"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો."**

કેવળી પણ ન કહી શકે. શબ્દોમાં આવે એવું નથી.

૩૬. સંસારમાં ઉત્પન્ન કરવા વગેરેની કલ્પના છે તે પર્યાયની અપેક્ષાએ છે. સિદ્ધ ભગવાન તો પર્યાયાર્થિકનયથી પણ કોઈ અન્ય ભાવાદિના કર્તા નથી. ભક્તિપૂજાનું નિમિત્ત બનવાનું પણ તેમને કંઈ પ્રયોજન નથી. દ્રવ્યથી દરેક જીવ સિદ્ધસ્વરૂપ છે. "તું છો મોક્ષસ્વરૂપ." મોક્ષમાં જીવ છે તે શબ્દોમાં આવે એવા નથી. શાશ્વત છે, જાણનારા છે અને આવરણરહિત છે. પોતાનું સ્વરૂપ ત્રણે કાળ રહે એવું છે.

૩૭. દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત, પર્યાયની અપેક્ષાએ અશાશ્વત, સ્વસ્વભાવે પરિણમે તેથી ભવ્ય, અતીત મિથ્યાત્વ રાગાદિરૂપે ન પરિણમે તેથી અભવ્ય, પોતાના સ્વરૂપથી અશૂન્ય, પરસ્વરૂપ નથી તેથી શૂન્ય, કેવલજ્ઞાન હોવાથી વિજ્ઞાન અને મતિ શ્રુત આદિ જવાથી અવિજ્ઞાન એ ભાવો સહિત હોવાથી સિદ્ધજીવનું અસ્તિત્વ છે.

૩૮. ચેતના ત્રણ પ્રકારે છે. (૧) જ્ઞાનચેતના (૨) કર્મચેતના (૩) કર્મફળચેતના.

૩૯. સ્થાવર જીવો મુખ્યપણે કર્મ ભોગવે છે. તેથી તેઓને કર્મફળચેતના છે. ત્રસ જીવો મુખ્યપણે કર્મચેતના વેદે છે. સિદ્ધ ભગવાન જ્ઞાનચેતના જ વેદે છે.

૪૦. ઉપયોગના બે ભેદ છે. તે જીવ માત્રને હોય છે. (૧) જ્ઞાનોપયોગ (૨) દર્શનોપયોગ. વસ્તુને સામાન્યપણે જાણે તે દર્શનોપયોગ અને વિશેષપણે જાણે તે જ્ઞાનોપયોગ છે.

પૂજ્યશ્રી— આ કોની વાત ચાલે છે? આપણી. કોઈક જીવની નથી. જ્ઞાનદર્શન એ આપણું ધન છે.

૪૧. આઠ પ્રકારનાં જ્ઞાન છે. (૧) મતિ (૨) શ્રુત (૩) અવધિ (૪) મનઃપર્યવ (૫) કેવળ અને (૬) કુમતિ (૭) કુશ્રુત (૮) કુઅવધિ (વિભંગ) એ જ્ઞાનના આઠ પ્રકાર છે. આત્માને સમજવા માટે ભેદ પાડ્યા છે. જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ એ બન્ને એક સાથે જ છે.

૪૨. દર્શન ચાર પ્રકારે છે. (૧) ચક્ષુદર્શન (૨) અચક્ષુદર્શન (૩) અવધિદર્શન (૪) કેવળદર્શન. પ્રથમ સમયે દર્શન બીજે સમયે જ્ઞાન, એમ સાથે જ છે.

૪૩. જ્યાં જીવ હોય ત્યાં જ્ઞાન હોય જ. જાણનારો જીવ છે. ચેતનાના બે ભેદ પાડ્યા છે પણ જુદા નથી.

૪૪. સકલ ગુણ સંયુક્ત તે દ્રવ્ય છે. જુદા માને તો અનંત દ્રવ્ય થઈ જાય અથવા ગુણ રહિત દ્રવ્ય ન હોય તેથી દ્રવ્યનો અભાવ થાય. એક દ્રવ્યમાં અનંતગુણ છે. ગુણનો આધાર તે દ્રવ્ય છે. દ્રવ્ય અને ગુણ બન્ને એક જ છે.

૪૫. દ્રવ્ય અને ગુણમાં ભેદ પાડવો હોય તો પડે. આત્માને સમજવા માટે ભેદ પાડ્યા છે. ગુણ અને દ્રવ્યમાં નામ વગેરેથી ભેદ છે, પરંતુ પ્રદેશભેદ નથી.

૪૬. ગુણ ઘણા છે અને દ્રવ્ય એક છે, ભિન્ન ભિન્ન લાગે છે. આત્મા અને જ્ઞાન જુદાં છે એમ અપેક્ષાએ કહ્યું છે. અનંતગુણ એકઠા થાય ત્યારે આત્મા કહેવાય. આત્મા એક છે અને ગુણો અનંત છે. ગુણ છે તે ભિન્ન ભિન્ન વિષયવાળા છે. જ્ઞાન છે તે જાણવાનું કામ કરે છે. દર્શન દેખવાનું કામ કરે છે, ચારિત્ર સ્થિરતા કરાવે છે. એમ દરેકના ગુણ જુદા જુદા કહેવાય છે.

૪૭. આત્મા જ્ઞાનમય કહેવાય છે, પણ તે અભેદ અપેક્ષાએ છે. તે જ્ઞાનથી ભિન્ન નથી. ધનવંત એવું નામ છે તે ભેદ અપેક્ષાએ છે.

૪૮. જ્ઞાનથી આત્મા ભિન્ન નથી. જ્ઞાન વગર આત્મા ન રહે. જ્ઞાન ન હોય તો આત્મા જડ થઈ જાય અને જ્ઞાન પણ જડ થઈ જાય.

૪૯. જ્ઞાન અને આત્મા જુદા હતા પછી સંયોગસંબંધ થયો એમ નથી. કારણ તે પહેલાં અજ્ઞાન અને આત્મા એક થતાં જડભાવનો પ્રસંગ આવે. જ્ઞાન આત્મામાં છે. આવરણ ખસે ત્યારે પ્રકાશે. બહારથી આવતું નથી.

૫૦. ગુણગુણીના અભેદને સમવાય સંબંધ કહે છે. એક હોય ત્યાં બીજું હોય જ. એ ચારે પ્રકારે આત્મા અને જ્ઞાન અભેદરૂપે જ છે.

૫૧. પુદ્‌ગલ પરમાણુમાં રૂપ, રસ, સ્પર્શાદિ હોય છે અભેદરૂપે હોય છે, એથી તે પુદ્‌ગલ કહેવાય છે.

૫૨. ભેદ પાડે તે વ્યવહાર નય છે. જેના ભેદ નથી તેના ભેદ પાડે તે વ્યવહાર નય છે.

૫૩. દ્રવ્યે આત્મા અનાદિકાળથી છે અને અનંતકાળ રહેવાનો છે. સંસારી પર્યાય સાદિસાંત પણ છે. સિદ્ધપર્યાય સાદિ અનંત છે. દ્રવ્યાર્થિકનયથી તો આત્મા શુદ્ધ જ છે. આપણે શુદ્ધ થવાનું છે તે પર્યાયાર્થિકનયથી છે.

૫૪. પર્યાયની અપેક્ષાએ ફેરફાર થાય છે તેનું કારણ નામકર્મ છે.

૫૫. ચારે ગતિમાં નામકર્મથી જીવને શરીર ઉત્પન્ન થાય છે.

૫૬. પાંચ પ્રકારના ભાવો છે. (૧) કર્મ ઉપશમે તે ઉપશમભાવ (૨) કર્મનો ક્ષય થાય તે ક્ષાયકભાવ (૩) જેમાં કર્મની અપેક્ષા નથી તે જીવત્વ, ભવ્યત્વ વગેરે પારિણામિક ભાવ છે.

(૪) કર્મના ઉદયે જે ભાવ થાય તે ઔદયિકભાવ (૫) કર્મના ક્ષયોપશમથી જે ભાવ થાય તે ક્ષાયોપશમિકભાવ છે. ઔદયિકભાવમાં કર્મનો રસ આત્મામાં ઝળકે છે તે જ નવીન બંધનો હેતુ છે.

૫૭. પૂર્વકર્મને વેદતો જીવ જેવા પ્રકારે ભાવ કરે છે, તેવા પ્રકારે પોતાના તે ભાવોનો તે કર્તા થાય છે, એમ જિનશાસનમાં કહ્યું છે.

(૫૮) કર્મ વિના જીવને રાગાદિ ઉદયભાવ ન હોય અથવા ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયકભાવ પણ ન હોય. તેથી ભાવ કર્મકૃત પણ છે.

૫૯. ભાવ જો કર્મકૃત છે તો પછી આત્મા કર્મનો કર્તા કેવી રીતે થાય છે?

ઉત્તર—આત્મા પોતાના ભાવ સિવાય અન્ય કંઈ કરતો નથી.

૬૦. વિભાવભાવ થાય ત્યારે જીવને કર્મ બંધાય છે. ગમે તેવો કર્મનો ઉદય હોય પણ પોતાને રાગદ્વેષમાં ન પરિણમવું હોય તો કોઈ પરિણમાવે નહીં.

૬૧. જીવ છે તે જડરૂપે ન પરિણમે અને જડ છે તે જીવરૂપે ન પરિણમે. વ્યવહારમાં જે કહેવાય છે તેના કરતાં વીતરાગનું કહેવું જુદું છે, તે સમજવા જેવું છે.

૬૨. જીવ પોતે જ રાગદ્વેષરૂપે પરિણમે છે અને તેથી જ કર્મ બંધાય છે.

૬૩. કર્મ કર્મ કરે અને આત્મા ભાવ કરે તો તેનું ફળ કોણ ભોગવે ? ''શું સમજે જડ કર્મ કે ફળ પરિણામી હોય? ''

૬૪. આખો લોક પુદ્‌ગલ પરમાણુઓથી ભરપૂર છે.

૬૫. આત્મા વિભાવરૂપે પરિણમે ત્યારે કર્મરૂપી પુદ્‌ગલો આત્મપ્રદેશમાં ચોંટી જાય છે. કર્મ એટલે જીવની સાથે અવગાઢપણે રહે છે એવું જે પુદ્‌ગલનું સ્વરૂપ તે. કર્મ છે તે આત્મા સાથે દૂધ અને પાણીની પેઠે રહે છે.

૬૬. કર્મવર્ગણાનો એવો સ્વભાવ છે, તેથી જીવના ભાવ પ્રમાણે પરિણમીને ફળ આપે છે.

૬૭. તે કર્મ અબાધાકાળમાં રહી પછી ઉદય આવે છે. કર્મ ઉદયમાં આવે તે સુખ-દુઃખરૂપ ફળ આપે છે.

૬૮. આત્માનો સ્વભાવ વેદક છે. તેને લઈને જે કર્મનું ફળ ઉદયમાં આવે છે તેને વેદે છે.

૬૯. જીવ પુદ્‌ગલને નિમિત્તે રાગદ્વેષ કરી પરિભ્રમણ કરે છે.

૭૦. મિથ્યાત્વમોહનો ક્ષય અથવા ઉપશમ થવાથી વીતરાગશ્રુત સમજાય છે. નહીં તો અવળું સમજાય છે. ઉપશમભાવ, ક્ષાયિકભાવ અને પારિણામિકભાવ એ મોક્ષનાં કારણ છે. ક્ષયોપશમ સવળો વપરાય તો મોક્ષનું કારણ થાય છે.

૭૧-૭૨. અનેક પ્રકારે આમ જીવનું વર્ણન કર્યું છે.

*૭૩. જીવનાં જ્ઞાન-દર્શનાદિ ભેદ પાડયા છે તેમ બંધના પણ ચાર ભેદ પાડયા છે.

* અત્રેથી ફાગણ વદ ૩, સં. ૨૦૦૮ના રોજ થયેલું વિવેચન.

કર્મ બંધના પ્રકારઃ– (૧) પ્રકૃતિ એટલે જ્ઞાનાવરણાદિ કર્મ. (૨) સ્થિતિ એટલે મુદત (૩) અનુભાગ એટલે રસ. (૪) પ્રદેશબંધ એટલે આત્મ પ્રદેશમાં બંધ પડવો. એ ચારેથી મુક્ત થાય ત્યારે જીવ સિદ્ધ થાય છે. જ્યારે જીવ બીજો દેહ ધારણ કરવા જાય ત્યારે વાંકું જવું હોય તોય સીધો જઈને પછી વાંકો જાય છે, તે વખતે જીવ ગગનશ્રેણિ અનુસાર ગમન કરે છે. સિદ્ધ ભગવાનની સીધી ગતિ થાય છે. અને સંસારી જીવો ચારે ગતિમાં ગમન કરે છે.

૭૪. હવે પુદ્ગલદ્રવ્યનું વિશેષ વર્ણન કરે છે. તેના ચાર ભેદ છે.

૭૫. આખી વસ્તુ તે સ્કંધ છે. તેનો અર્ધભાગ તે સ્કંધદેશ છે. અર્ધથી ઓછો તે સ્કંધપ્રદેશ અને અવિભાગી તે પરમાણુ. તે ઇંદ્રિયોથી દેખી શકાય નહીં પણ અસ્તિત્વ છે.

૭૬. પરમાણુના મળવા-છૂટવાથી એમ પુદ્ગલ અનંતભેદે પરિણમે છે. તેના સ્થૂલસ્થૂલ આદિ છ ભેદ છે. આ સંસારરૂપી નાટકશાળામાં આ રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દવાળાં પુદ્ગલો નાચે છે. મોહને લઈને, કર્મને લઈને, આત્મા પણ નાચે છે. કર્મરહિત આત્મા કંઈ કરતો નથી.

૭૭. પરમાણુ છે તે ભાષાવર્ગણાના સ્કંધો થઈને શબ્દના તરંગો ઉત્પન્ન કરે છે તેથી શબ્દ સંભળાય છે.

૭૮. પરમાણુ સ્કંધ થવાથી મૂર્ત બને છે અને શબ્દનું કારણ બને છે. એકલો હોય ત્યારે ઇંદ્રિયગોચર થતો નથી અને અશબ્દ છે. ચાર ધાતુ પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ પરમાણુઓ મળવાથી બને છે.

૭૯. સ્થૂળ સ્કંધો અથડાય ત્યારે શબ્દ ભાષાવર્ગણાના તરંગરૂપ બને છે. તે વર્ગણા પરમાણુના સ્કંધરૂપે હોય છે. તે દ્વારા શબ્દ સર્વત્ર ફેલાય છે.

૮૦. એક પ્રદેશમાં એક પરમાણુ રહે, તે જ જગ્યાએ બીજા અનંત પરમાણુ સ્કંધપણે રહી શકે છતાં તે પરમાણુને બાધ ન આવે. ખરો અવકાશ તો તે પોતાના ગુણોને જ આપે છે.

સ્કંધમાંથી છૂટવાનો વખત આવે ત્યારે તેમાંથી નીકળી જાય તેથી સ્કંધના ખંડનું અથવા ભેદનું કારણ છે. ભેદ અને સંઘાતથી સ્કંધ ઊપજે છે. કાળ અને ક્ષેત્રના માપનું કારણ પણ પરમાણુ છે. સૂર્ય, ચંદ્રની ગતિ આદિથી કાળ મપાય છે. જીવને ભ્રમ છે કે પુદ્ગલે મને પકડ્યો છે, પરંતુ ખરી રીતે જીવે પુદ્ગલને પકડ્યું છે. છોડે તો છૂટે.

૮૧. સ્કંધમાં તફાવત હોય છે, ત્યાં તેને કરનાર પરમાણુના ગુણોના પર્યાયમાં ફેર હોય છે. જેમ કે ભેંસનું દૂધ, ગાયનું દૂધ. દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવનું નિમિત્ત પામીને પુદ્ગલના વર્ણાદિ ફરે છે. જેમકે ઘઉં અમુક ક્ષેત્રે, અમુક મોસમમાં અમુક દ્રવ્ય મળતાં થાય. વસ્તુનો સ્વભાવ હોય તો જીવનો પુરુષાર્થ કામ આવે.

૮૨. પુદ્ગલ સ્કંધની મુખ્ય પાંચ વર્ગણા છે. (૧) આહારક વર્ગણાથી ઔદારિક, વૈક્રિયિક અને આહારક શરીર બને, (૨) કાર્મણવર્ગણાથી કાર્મણ શરીર બને, (૩) તૈજસવર્ગણાથી તૈજસશરીર બને, (૪) ભાષાવર્ગણાથી અવાજ બને, (૫) મનવર્ગણાથી મનની રચના બને છે.

રાગદ્વેષરૂપ વિભાવ અવસ્થા છે તે પુદ્‌ગલને કારણે છે. પુદ્‌ગલનો સંબંધ છૂટવાથી સિદ્ધમાં તે નથી. આત્માનો શુદ્ધ સ્વભાવ પુદ્‌ગલની રચનામાં ગુપ્ત રહ્યો છે, તેને ભિન્ન કરવો. ગુરુના વિશ્વાસે મનન કરતાં વસ્તુ હાથ લાગે છે.

૮૩. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય અરૂપી છે ને સાથે જ છે. ધર્માસ્તિકાય ગતિમાં નિમિત્તરૂપ છે. એ કંઈ પરાણે ચલાવે નહીં, પણ જે ચાલે તેને ચાલવામાં સહકાર કરે. એ વિના કોઈ ગમન કરી શકે નહીં. સિદ્ધ ભગવાન પણ, ધર્માસ્તિકાય છે ત્યાં સુધી ગયા.

૮૪. દ્રવ્યને પોતાના ગુણોમાં સ્થિર રાખે તે અગુરુલઘુ ગુણ છે.

૮૫. ગતિ કરનારા દ્રવ્યો જીવ અને પુદ્‌ગલ છે.

૮૬. ગતિમાનને સ્થિર થવામાં અધર્માસ્તિકાય સહાયક છે.

૮૭. લોકનું માપ એ બે અચળ દ્રવ્યથી થયું છે. તે વિના લોક પરિમિત ન બને.

૮૮. ધર્મ અધર્મ, જડ હોવાથી અત્યંત ઉદાસીન છે. (પવન ધજાને હલાવે છે તેમાં પવન પ્રેરક છે.) સ્થિર પાણીમાં માછલાં હાલે-ચાલે તેમાં પાણી ઉદાસીન કારણ છે. માછલાં પોતાના ઉપાદાન કારણથી ચાલે છે.

૮૯. જેની ગમનક્રિયા છે તેને જ વળી સ્થાન પણ સંભવે છે, તેથી જીવ પુદ્‌ગલ પોતપોતાના પરિણામો વડે જ ગતિસ્થિતિને કરે છે. તેમાં ધર્મ, અધર્મ એ બે દ્રવ્યો ઉદાસીન સહકારી કારણો છે.

૯૦. અનંતાનંત જીવો છે. તે આખા લોકાકાશમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. આકાશ સર્વ જીવોને અને બીજાં દ્રવ્યોને અવકાશ આપે છે.

૯૧. લોકાકાશમાં બધાં દ્રવ્યો છે. ચારે તરફ અલોકાકાશ અને વચમાં લોકાકાશ છે. જ્યાં બીજાં દ્રવ્યો નથી, તે અલોકાકાશ અનંત છે. આકાશનું કામ અવકાશ આપવાનું છે. જ્યાં છ દ્રવ્યો છે તે લોક છે. છ યે દ્રવ્યો આપણામાં છે. બધાએ દ્રવ્યો ભિન્ન ભિન્ન છે.

૯૨. અલોકાકાશમાં ગતિ થતી નથી. ત્યાં ધર્મ, અધર્મ દ્રવ્યો નથી.

૯૩. તેથી સિદ્ધભગવાન લોકના અગ્રભાગે રહ્યા છે. ગમનનું કારણ આકાશ હોત તો સિદ્ધભગવાન ઊર્ધ્વગમન સ્વભાવવાળા હોવાથી અલોકમાં પણ ગમન કરત.

૯૪. જો ગમન તથા સ્થિતિનું કારણ આકાશ હોત તો લોકાકાશ વધી જાત.

૯૫. તેથી ધર્મદ્રવ્ય ગમનનું કારણ છે અને અધર્મદ્રવ્ય સ્થિતિનું કારણ છે, એમ સર્વજ્ઞ ભગવાને કેવળજ્ઞાનથી જાણીને ઉપદેશ્યું છે. તે આગમ અને અનુમાનથી વિચારતાં જણાય છે. "વસ્તુ વિચારત ધ્યાવતે, મન પાવે વિશ્રામ."

૯૬. ધર્મ, અધર્મ લોકાકાશમાં વ્યાપીને રહ્યા છે, નિશ્ચયથી દરેક પોતપોતાની સત્તામાં રહ્યા છે.

૯૭. રૂપ, રસ, ગંધ, સ્પર્શ જેમાં હોય તે મૂર્ત છે, બાકી અમૂર્ત છે.

૯૮. જીવ સ્વભાવથી નિષ્ક્રિય છે પરંતુ પુદ્‌ગલના સંબંધથી ક્રિયાવાન થાય છે. તેરમાનાં

અંત સુધી યોગનું ચલાયમાનપણું છે; તેથી આત્માના પ્રદેશો કંપે છે. કર્મ સહિત જીવ પુદ્ગલને પણ ચલાવે છે. કાળના નિમિત્તે જીવ અને પુદ્ગલ ક્રિયા કરે છે.

૯૯. સૂક્ષ્મ પુદ્ગલમાં પણ શક્તિ છે કે તે સ્થૂલતાને ધારણ કરે તો ઇંદ્રિયગ્રાહ્ય થઈ શકે. પુદ્ગલ સિવાય બાકીનાં દ્રવ્ય અમૂર્ત છે. ચેતના ગુણ જીવમાં જ છે. બાકીનાં જડ, અચેતન છે.

૧૦૦. નિશ્ચયથી કાલદ્રવ્ય છે, તેના સમય સમય પર્યાય થાય છે. જે જીવ અને પુદ્ગલના પરિણમનથી જણાય છે, તે વ્યવહારકાલ છે.

૧૦૧. મૂળ પર્યાય એક સમય. સમયોનો સમૂહ તે સ્થૂલ કાળ આવલી વગેરે છે. કાળ દ્રવ્ય નિત્ય છે. પર્યાય એક એક સમયવર્તી છે અને સ્થૂલ પર્યાય લાંબા છે.

૧૦૨. પાંચ દ્રવ્યો અસ્તિકાય કહેવાય છે અને કાળદ્રવ્ય અસ્તિ છે પણ કાય નથી, કારણ કે એના અણુઓ જુદા જુદા છે, તેથી અસ્તિકાય કહેવાતું નથી.

૧૦૩. બધું રાગદ્વેષ ઓછા કરવાં જાણવું છે. છ દ્રવ્યોનો વિચાર કરે તો કંઈ રાગદ્વેષ ન થાય. કાળ આદિનું સ્વરૂપ વિચારે તો તેમાં મારાપણું ન થાય. ભગવાનનાં વચનો રાગદ્વેષ ઓછા કરવા સાંભળવાનાં છે.

૧૦૪. જે એ લક્ષ રાખે છે તે મોક્ષે જાય છે. જેણે મોહને જીત્યો તે મોક્ષે જાય છે. અનંતકાળથી પરિભ્રમણ કર્યું છે પણ હવે રાગદ્વેષ ન કરે તો મુક્ત થાય. મહાપુરુષો જે કંઈ લખે છે તે હિતકારી હોય છે.

અહીં ષડ્દ્રવ્ય-પંચાસ્તિકાયના વર્ણનરૂપ પહેલો અધ્યાય પૂર્ણ થયો. હવે બીજો અધ્યાય નવ પદાર્થના વર્ણનરૂપ કહે છે.

૧૦૫. ભગવાન મહાવીરને મસ્તક નમાવી નવ તત્ત્વરૂપે જીવના પ્રભેદ કહે છે.

૧૦૬. ભગવાન પ્રત્યે સાચી શ્રદ્ધા હોય અને ભગવાનનું કહેલું તત્ત્વ જે જાણતો હોય અને વિષયો પ્રત્યે જેને ઉદાસીનતા હોય તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ હોય છે. મન-વચન-કાયાની ક્રિયા તે વાસ્તવ્ય ચારિત્ર નથી. રાગદ્વેષ રહિત સમતારૂપ આત્માના સ્વરૂપમાં ઝળકવું તે ચારિત્ર છે. કષાય રહિત તો બારમેથી છે, પરંતુ તે પહેલાં પણ કષાયનો ઉદય થાય તેને આત્મા તરફ લક્ષ રાખીને શમાવે છે તે ચારિત્ર છે.

૧૦૭. આત્મા પામેલા પુરુષમાં આત્મા રહે તો સમ્યક્દર્શન છે. સમ્યક્દર્શનાદિ એ મોક્ષમાર્ગ છે, પણ ભવ્ય જીવને એ પ્રાપ્ત થાય છે. તત્ત્વાર્થની પ્રતીતિ અથવા આત્મપ્રતીતિ તે સમ્યક્દર્શન, તત્ત્વાર્થનું જ્ઞાન અથવા આત્મજ્ઞાન તે સમ્યક્જ્ઞાન, વિષયોના વિમૂઢ માર્ગ પ્રત્યે વિમુખતા તે સમ્યક-ચારિત્ર અથવા પાંચ ઇન્દ્રિયના વિષયો જીવને મૂઢ બનાવે છે તે પ્રત્યે ઉદાસીનતા તે સમ્યક્ચારિત્ર અથવા આત્મસ્થિરતા તે સમ્યક્ચારિત્ર.

૧૦૮. મોક્ષમાર્ગમાં સાત અથવા નવ તત્ત્વો જાણવા પ્રયોજનભૂત છે.

૧૦૯. પહેલા તત્ત્વમાં જીવ છે. તે બે પ્રકારના છે. (૧) સંસારી (૨) સિદ્ધ. એ બન્નેમાં ચૈતન્ય લક્ષણ છે. સંસારી જીવો સશરીરી છે અને સિદ્ધ ભગવાન શરીર રહિત છે.

૧૧૦. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જેની કાયા છે તે પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય એ પાંચે એકેન્દ્રિય કહેવાય છે. એ જીવોને એક જ સ્પર્શેન્દ્રિય હોય છે. તે દ્વારા તે સુખદુઃખ વેદે છે. જીવસંશ્રિત એટલે જીવસહિત છે.

૧૧૧. અગ્નિકાય અને વાયુકાય ફરે છે તેથી ગતિત્રસ કહેવાય છે. કોઈ જીવ અગ્નિકાય અને વાયુકાયમાંથી નીકળીને સીધો મનુષ્ય ન થાય.

૧૧૨. વાસ્તવિક રીતે તો પૃથ્વીકાય આદિ પાંચે સ્થાવર એકેન્દ્રિય જીવો જ છે. બધાય નિગોદી પણ સ્થાવર છે. એકેન્દ્રિય જીવો હાલતાં ચાલતાં નથી, પણ જીવ છે. પૃથ્વીકાયનું શરીર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે. તે કેવળી ભગવાને જોયું છે.

૧૧૩. પૃથ્વી જીવ સહિત છે તેને ઘણા લોકો જાણતા નથી. લોકો તેને જડ જાણે છે. સ્થાવરકાયમાં જીવ છે તે જાણતા નથી, પરંતુ ઈંડામાં અને ગર્ભમાં જીવ મૂર્છિત અવસ્થામાં વધે છે તેમ ત્યાં પણ જીવ છે.

૧૧૪. શંખ, શંખલા, કોડાં, છીપ, કૃમિ એ જીવો રસ અને સ્પર્શને જાણે છે તેથી તે બે ઇન્દ્રિય કહેવાય છે.

૧૧૫. કીડી વગેરે રસ, સ્પર્શ, ગંધને જાણે તે તેઇન્દ્રિય કહેવાય છે.

૧૧૬. ડાંસ, માખી વગેરે રૂપ, રસ, ગંધ, સ્પર્શને જાણે તે ચોઇન્દ્રિય છે.

૧૧૭. પંચેન્દ્રિય જીવ ચારે ગતિમાં છે.

૧૧૮. દેવમાં ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ ને વૈમાનિક એ ચાર મુખ્ય પ્રકાર છે. મનુષ્યના બે અને નારકીના સાત મુખ્ય પ્રકાર છે. એકેન્દ્રિયથી ચોઇન્દ્રિય સુધી બધા તિર્યંચ છે અને પંચેન્દ્રિય તિર્યંચ પણ ઘણા પ્રકારના છે.

૧૧૯. બાંધેલા આયુષ્ય પ્રમાણે જીવની ગતિ થાય છે.

૧૨૦. બધા સંસારી જીવ એમ ચાર ગતિમાં ફર્યા કરે છે. તે દેહધારી છે અને સિદ્ધ ભગવાન દેહ રહિત છે. સંસારી જીવોમાં પાછા બે ભેદ છે તેથી કોઈ ભવ્યપણે અને કોઈ અભવ્યપણે પરિણમી રહ્યા છે. એ બધું જાણવાનું કારણ જીવતત્ત્વની શ્રદ્ધા કરવા માટે છે.

૧૨૧. જાણનારો તે જીવ છે. ઇન્દ્રિયો તે જીવ નથી, પણ જાણનારો એવો જે આત્મા તે જીવ છે.

૧૨૨. જેને જાણપણું છે, જે દેખે છે તે જીવ છે. છ દ્રવ્યોમાં જે જાણનારો છે તે જીવ છે.

૧૨૩. એમ બીજા પણ બહુ પર્યાયો વડે જીવને જાણીને હવે જ્ઞાનવિહીન ચિહ્નવડે અજીવને પણ જાણો.

૧૨૪. જીવ સિવાય બીજાં બધાં દ્રવ્યો અજીવ છે. એ દ્રવ્યોમાં જાણપણું નથી. 'મને દુઃખ

થાય છે, મને સુખ થાય છે' એવું જડને ન થાય.

૧૨૫. જૈન છયે દ્રવ્યને સત્ માને છે. વેદાંત કહે છે કે એક આત્મા સત્ય, બાકી જગત મિથ્યા છે. આત્મા અનંત છે તે સર્વને વેદાંત એક જ બ્રહ્મ માને છે. એમ જૈન અને વેદાંતમાં મહાન ભેદ છે.

૧૨૬. બોલવું, ચાલવું, ખાવું, પીવું વગેરે સર્વ પુદ્ગલ છે. જ્યાં જોઈએ ત્યાં માયાના રંગ—પુદ્ગલજાલ તમાસા છે.

૧૨૭. જીવમાં રૂપ, રસ, સ્પર્શાદિ ગુણો નથી. જીવનો અમુક આકાર છે એમ નથી. નિશ્ચયથી આત્માના ગુણ વિચારવા, જડના ગુણો વિચારવા ને ભેદ સમજવો. ભેદજ્ઞાન કરવું. જીવનું સ્વરૂપ વચનથી કહી શકાય એવું નથી.

**"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦"**

શબ્દોમાં આવે એવી વસ્તુ નથી.

૧૨૮. સિદ્ધ થાય ત્યારે જીવ શુદ્ધ થાય છે. કર્મ છે તે જીવને સારી-માઠી ગતિ કરાવે છે. અશુદ્ધ ભાવથી કર્મ બંધાય છે.

૧૨૯. કર્મને લઈને શરીર મળે છે, પછી પાંચ ઇન્દ્રિયો થાય છે, પછી ઇન્દ્રિયો પુદ્ગલોને ગ્રહણ કરે છે, તેનાથી રાગદ્વેષ કરી જીવ કર્મ બાંધે છે.

૧૩૦. એમ સંસારચક્રમાં વારંવાર જન્મમરણ કરતો ફર્યા કરે છે. બધાય સંસારી જીવ અનાદિથી સંસારમાં છે. ભવિ જીવનો સંસાર અનાદિસાંત અને અભવિનો અનાદિઅનંત સંસાર છે.

૧૩૧. અજ્ઞાન, રાગદ્વેષ, ચિત્તપ્રસન્નતા તેને લઈને શુભાશુભ ભાવ થાય છે.

૧૩૨. શુભભાવ, શુભ પરમાણુ ગ્રહણ કરાવે છે અને અશુભભાવ, અશુભ પરમાણુ ગ્રહણ કરાવે છે.

૧૩૩. કર્મનું ફળ મૂર્ત છે કેમકે તે મૂર્ત વિષયોને મૂર્ત સ્પર્શાદિ દ્વારા ભોગવતાં મૂર્ત એવા અશુદ્ધભાવરૂપે નિયમથી અનુભવાય છે, તેથી કર્મ મૂર્ત છે એમ અનુમાન કરાય છે.

૧૩૪. મૂર્તકર્મ મૂર્ત વર્ગણાને સ્પર્શે છે અને મૂર્ત મૂર્તવડે બંધાય છે. અમૂર્ત એવો જીવ મૂર્તકર્મ સાથે અને મૂર્તકર્મ જીવ સાથે પરસ્પર એકક્ષેત્રાવગાહના પામે છે.

૧૩૫. જેને પ્રશસ્ત રાગ અને અનુકંપાયુક્ત પરિણામ વર્તે છે તથા ચિત્તમાં કલુષતા નથી, તે જીવને પુણ્ય આસ્રવે છે.

૧૩૬. અર્હત-સિદ્ધ-સાધુમાં ભક્તિ, ધર્મમાં પ્રવૃત્તિ અને ગુરુ આદિકને અનુસરવું તેને પ્રશસ્તરાગ જ્ઞાનીઓ કહે છે.

૧૩૭. મુમક્ષુ– અનુકંપા એટલે શું?

પૂજ્યશ્રી–

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**
**"ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ."**

ખરી અનુકંપા તો એ છે. એ મોક્ષનું કારણ છે અને લૌકિક અનુકંપા તે પુણ્યનું કારણ છે.

૧૩૮. કષાયના તીવ્ર ઉદયથી ચિત્ત ડહોળાઈ જાય તે ક્ષોભ છે. કષાયરૂપ પવનથી ચિત્ત રૂપી દરિયો ખળભળે છે. તે કષાયો મંદ હોય ત્યારે ચિત્તની પ્રસન્નતારૂપ શુભભાવ થાય છે.

૧૩૯. આસ્રવતત્ત્વ બે પ્રકારે : પાપઆસ્રવ અને પુણ્યઆસ્રવ. જગતના જીવો આત્માને ભૂલીને ક્રિયા કરે છે તે પ્રમાદ. ચિત્ત ક્લેશતાવાળા, પાંચ ઇન્દ્રિયના વિષયોમાં લુબ્ધતાવાળા, બીજાને દુઃખ આપવાવાળા, બીજાનાં અવર્ણવાદ બોલનારા જીવો અશુભભાવથી પાપાશ્રવ બાંધે છે. પાપથી છૂટે તો રસ્તો મળે. યત્ના ને ઉપયોગથી વર્તે તો પાપથી છૂટે.

૧૪૦. આહાર, ભય, મૈથુન, પરિગ્રહ આ ચાર સંજ્ઞાઓ, કૃષ્ણ, નીલ, કાપોત આ ત્રણ અશુભ લેશ્યાઓ, પાંચ ઇન્દ્રિયના વિષયોને વશ, ન્યાય-અન્યાય ન વિચારે, આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન આદિ અનેક પાપના કારણોને ધર્મ માને તે પાપાસ્રવ છે. એને લઈને પાપ કર્મ બંધાય છે.

૧૪૧. પાંચ ઇન્દ્રિયો, ચાર કષાયો, ચાર સંજ્ઞાઓ એટલાને જીતે તો સંવર થાય. જ્યારે એને ભાવ થાય કે આ મારા શત્રુઓ છે ત્યારે પાપાસ્રવ રોકાઈ જાય છે. ઇન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓ એ ત્રણ જીતવાનાં છે. જે તત્ત્વ નથી તેને તત્ત્વ માને, તે મિથ્યાત્વ છે. વિષય, કષાય અને સંજ્ઞા એ ત્રણને જીતે તો સંવર થાય. એ ત્રણેને જીતવાનાં છે. એ શત્રુઓ છે. એ જીતાશે તો લાભ થશે.

૧૪૨. જે વસ્તુઓને યથાર્થ જાણે છે અને જે રાગદ્વેષ નથી કરતા તે મહાપુરુષોને આસ્રવ નથી અને શુભાશુભ આસ્રવ રોકવારૂપ સંવર થાય છે.

૧૪૩. મન, વચન અને કાયાની પ્રવૃત્તિ છે તે પુણ્યમાં કે પાપમાં ન પ્રવર્તાવે તેને સંવર થાય છે.

૧૪૪. મન, વચન, કાયાના યોગને રોકી તપ કરે તેને નવાં કર્મ ન બંધાય અને ઘણી નિર્જરા થાય છે.

૧૪૫. જેને રાગદ્વેષ અને મોહ નથી તેને સંવર થાય છે અને જ્યારે આત્મધ્યાનમાં લીનતા થાય ત્યારે નવાં કર્મ બંધાતા નથી અને ઘણા કર્મની નિર્જરા કરે છે. "દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે." (૮૬૬) વિષય, કષાય, અને સંજ્ઞાને જીતે તે સંવર છે. જ્ઞાનીએ કહ્યું તેનાથી અન્યથા માને તે અવળી સમજણ છે. જ્ઞાનીએ કહ્યું છે તે માનવાનું છે.

૧૪૬. રાગદ્વેષ દૂર થયા વિના આત્મધ્યાન ન થાય, પહેલી માન્યતા સાચી કર. જે ન હોય તેને જીવ માની બેસે છે કે 'હું કાઉસગ્ગ કરું છું, ધ્યાન કરું છું' પણ શું કર્યું? ઉપયોગ પરમાં છે.

પોતાના સ્વરૂપનું ભાન—ઓળખાણ નથી. સમકિત નથી ત્યાં ખરી સમાધિ નથી. મન, વચન, કાયાની પ્રવૃત્તિ અટકે તે ચારિત્ર છે. બંધ થતો હોય ત્યાં સુધી સંવર ન થાય. મન-વચન-કાયાની બાહ્યપ્રવૃત્તિને રોકીને અગ્નિશિખાની જેમ જ્ઞાનમાં સ્થિર થવું તે ધ્યાન છે. જ્યાં શુદ્ધ ભાવ છે ત્યાં એટલે એવાં પંચપરમેષ્ઠીમાં ભાવ રાખવાના છે. ધ્યાન એટલે આત્મા સ્થિર થાય તે. ''શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ.''

૧૪૭. ઉદયાગત કર્મ અનુસાર રક્ત થઈને જીવ જે શુભાશુભ ભાવોને કરે છે, તે વડે તે વિવિધ કર્મપુદ્ગલોથી બંધાય છે.

૧૪૮. યોગનિમિત્તે કર્મ ગ્રહણ થાય છે અને ભાવનિમિત્તે બંધાય છે. અહીં મન-વચન-કાયાના વ્યાપારથી આત્માના પ્રદેશોનું ચલાયમાન થવું તે યોગ છે અને રાગદ્વેષમોહયુક્ત આત્માના પરિણામ તે ભાવ છે.

૧૪૯. ઉદયાગત મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર, આઠ પ્રકારના કર્મ બાંધવાના પ્રત્યયો છે, તેમાં પણ આત્માના રાગાદિ ભાવ હેતુ છે, કેમકે રાગાદિના અભાવમાં પ્રત્યયો બાંધી શકતા નથી.

૧૫૦. હેતુના અભાવમાં નિયમથી જ્ઞાનીને આસ્રવનિરોધ થાય છે અને આસ્રવનિરોધથી કર્મોનો નિરોધ થાય છે.

૧૫૧. જ્યારે કર્મોના અભાવથી આત્મા સર્વજ્ઞ અને સર્વલોકદર્શી થાય છે, ત્યારે ઇંદ્રિયાતીત અનંત અવ્યાબાધ સુખને પામે છે.

૧૫૨. જ્ઞાન-દર્શનોપયોગથી ભરપૂર આત્મા અસંગ છે. એવું જ્યારે થાય ત્યારે આત્મસ્થિરતા થાય છે. જે ધ્યાન નિર્જરાને અર્થે નથી કરતો તેને બંધ થાય છે. રામચંદ્રજી જ્યારે લંકા પર ચઢાઈ કરવા ગયા ત્યારે રાવણ બહુરૂપીણી વિદ્યા સાધવા માટે શાંતિનાથ ભગવાનના દેરાસરમાં ગયો અને ત્યાં પદ્માસનવાળી બેઠો. તેની ખબર હનુમાનાદિને પડી. તેથી તેઓ વિઘ્ન કરવા માટે રાવણ પાસે આવ્યા. ઘણાં વિઘ્નો કર્યાં. મંદોદરીને માયાથી બતાવીને કહ્યું કે આ તમારી મંદોદરીને હરી જાઉં છું, તો પણ રાવણ ધ્યાનથી લેશ માત્ર ચળ્યો નહીં. આટલું ધ્યાન કર્યું પણ એ નિર્જરા અર્થે ન કર્યું. બીજી વસ્તુની ઇચ્છા હતી. પદ્મપુરાણમાં આચાર્ય કહે છે કે આટલું જો રાવણે મોક્ષને અર્થે કર્યું હોત તો મોક્ષ થાત. વસ્તુની ઇચ્છા તે આર્ત્તધ્યાન છે.

૧૫૩. સંવર કરવાનું છે. નવાં કર્મ ન બંધાય તો સંવર થાય. ઇચ્છા રોધવી તે નિર્જરા છે. બધી ઇચ્છાઓ રોકે તો ઘણાં કર્મ ખપી જાય. સંવર થાય તો જ નિર્જરા થાય. ભાવમોક્ષ તેરમે અને દ્રવ્યમોક્ષ ચૌદમે થાય. કેવળજ્ઞાન થયા પછી છ મહિનાની અંદર મોક્ષે જવાના હોય તો સમુદ્ઘાત કરવો જ પડે. વધુ કાળ હોય તો કરે કે ન પણ કરે.

અહીં નવ તત્ત્વની વાત પૂર્ણ થઈ હવે બાકીની ૨૦ ગાથા ચૂલિકારૂપ છે.

૧૫૪. જીવનો સ્વભાવ જ્ઞાન-દર્શનસ્વરૂપ છે. સંપૂર્ણ જ્ઞાન અવરાઈ ન જાય. જ્ઞાન-દર્શનને

તદ્દન ઘાત કરે એવાં કોઈ કર્મ નથી. જ્ઞાન-દર્શન સંપૂર્ણ પ્રગટે ત્યાર પછી આવરણ ન થાય. જ્ઞાન-દર્શન પોતાનું સ્વરૂપ છે. કેવળજ્ઞાન થાય ત્યારે યથાખ્યાત ચારિત્ર આવે છે.

૧૫૫. જેમ પાણી છે તે પાણી રૂપે જ છે. બીજી વસ્તુઓ તેમાં આવવાથી તે મલીન દેખાય છે. તેમ આત્માનો સ્વભાવ નિર્મળ છે. પોતાના સ્વભાવમાં રહે તો કર્મથી મુક્ત થાય. વિભાવથી મુકાવું અને સ્વભાવમાં રહેવું એવી જિનની આજ્ઞા છે. સમ્યક્દર્શન પ્રાપ્ત થાય ત્યારે નિર્જરા થાય છે. પોતાનો સ્વભાવ પ્રગટે તેટલો સંવર છે. પછી સંવર નિર્જરા કરતો જીવ કર્મબંધથી મુક્ત થાય છે.

૧૫૬. પરને લઈને શુભાશુભ ભાવ થાય છે અને તેથી કર્મ બંધાય છે. સ્વભાવમાં જીવ રહે તો મોક્ષ છે. શુભાશુભ ભાવ તે સંસાર છે.

**"વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;**
**તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ."**

શુભાશુભમાં ચારિત્રથી ભ્રષ્ટ છે. ચારિત્ર એટલે સ્થિરતા. સમ્યગ્દર્શન થાય પછી ચારિત્ર આવે છે. ચારિત્ર આવે પછી સાધુને સિદ્ધદશાનું જ ચિત્ત પ્રવર્તે છે.

**"સાધુને સિદ્ધદશા સમું, બીજનું ચિત્ત પ્રવર્તે રે."** (પહેલી દૃષ્ટિ)

છઠ્ઠે ગુણસ્થાનકથી સાતમે આવે છે. એટલે અપ્રમત્ત થાય છે. પછી અંતર્મુહૂર્તમાં પાછો છઠ્ઠે આવે છે. એમ છઠ્ઠેથી સાતમે અને સાતમેથી છઠ્ઠે થયા કરે છે. પછી વધારે બળ કરે તો શ્રેણિ માંડે. શુભાશુભ ભાવ છે તે ચારિત્રથી ભ્રષ્ટતા છે. સિદ્ધદશા ભૂલ્યો તેથી ભ્રષ્ટ થાય છે, પડે છે. ચારિત્રના ઘણા ભેદ છે પણ આ નિશ્ચયનયની વાત છે.

૧૫૭. ધર્મક્રિયામાં જેટલે અંશે રાગ તેટલે અંશે પુણ્ય, જેટલા અંશે વીતરાગભાવ તેટલા અંશે નિર્જરા. જ્ઞાની છે તે સ્વરૂપસ્થિરતા માટે બને તેટલો ઉદ્યમ કરે છે. જેનું ફળ પુણ્ય કે પાપ આવે તે પરચારિત્ર છે.

૧૫૮. જે અસંગ થયા છે, મારું જગતમાં કશુંયે નથી એવું જેને થયું છે, જેનો સ્વભાવ જાણવા-દેખવાનો છે તે સ્વચારિત્ર આચરનાર જીવ છે.

૧૫૯. પોતાના સ્વરૂપમાં પોતાના ગુણપર્યાયનો અનુભવ કરવો તે જ સ્વસમય, સ્વચારિત્ર, સંયમ, તપ, ધ્યાન બધું એક છે. સ્વચારિત્રમાં આવવા નિશ્ચયનયની પ્રધાનતા કરવી પડે, વ્યવહારનય ગૌણ કરવો પડે. "સર્વ જીવ છે સિદ્ધસમ" એ દૃષ્ટિથી જુએ તો કોના પર રાગ અને કોના પર દ્વેષ ? હું શુદ્ધ છું. પરને જોવાનું બંધ કરે તો પોતામાં સ્થિર થાય. સ્વસમય તે જ મોક્ષમાર્ગ છે.

૧૬૦. વ્યવહારથી નિશ્ચય સાધ્ય છે. "પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સમંત." જે વ્યવહારથી નિશ્ચયમાં પહોંચાય તે ખરો વ્યવહાર છે. વ્યવહાર સાચો હોય પરંતુ તે દ્વારા હેતુ સધાય તો સફળ, નહીં તો નિષ્ફળ કહેવાય. વ્યવહાર સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્ર મનવચનકાયાની પ્રવૃત્તિને આધીન છે, સાધન છે. સાધ્ય નિશ્ચયમોક્ષમાર્ગ છે. તત્ત્વની પ્રતીતિ તે સમ્યક્દર્શન છે.

નિશ્ચય નય છે તે શુદ્ધ છે. પોતાના આત્માની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન છે, નહીં તો ચૌદ

પૂર્વ પણ કંઈ કામના નથી. તત્ત્વાર્થની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. બાર અંગ અને પૂર્વનું જ્ઞાન તે જ્ઞાન છે. ભગવાનનાં કહેલાં શાસ્ત્રો તે આધારભૂત છે. તપાદિમાં પ્રવૃત્તિ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે.

૧૬૧. વ્યવહાર રત્નત્રયને આધારે આત્મામાં સ્થિરતા કરે ત્યાં નિશ્ચયમોક્ષમાર્ગ છે.

૧૬૨. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ આદિ બધા ગુણો આત્મામાં રહે છે, બહાર નથી.

૧૬૩. સમ્યગ્દર્શન આદિનું સ્વરૂપ જાણી જીવ સમાધાન પામે છે. આત્મભાવમાં રહે તે સમાધિ છે. શમ, સંવેગાદિક ગુણો પણ સમ્યગ્દર્શન વિના બોજારૂપ છે, સમ્યગ્દર્શન સહિત રત્નરૂપ છે. પોતાના સ્વરૂપને ન ભૂલવું. 'સમ્યક્' એમ શબ્દ કહેતાં જ કે સાંભળતાં જ આત્મામાં રોમાંચ થાય તો સમ્યગ્દર્શન થાય, એમ દેવચંદ્રજી કહે છે. ભવ્ય જીવથી ભગવાનનાં વચનો મનાય છે. અભવ્યને એ માન્યતા ન આવે. સાચી વસ્તુ જેમ છે તેમ ભવ્યથી મનાય છે અને અભવ્યથી મનાતી નથી.

૧૬૪. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. રાગદ્વેષ હોય ત્યાં સુધી બંધનું કારણ છે. સમ્યગ્દર્શન આદિ સહિત શ્રેણીમાં વર્તતાં છતાં ત્યાં પણ બંધ થાય છે. જ્યાં સુધી શુભાશુભ ભાવ છે ત્યાં સુધી કર્મ ક્ષય ન થાય, પુણ્ય બંધાય છે. ભવ્યજીવને ભગવાનનું કહેલું સાચું લાગે છે. પરવસ્તુનો સંગ છે તે બંધનું કારણ છે.

૧૬૫. જો જીવ અજ્ઞાન વડે એમ માને કે શુદ્ધ એવા અર્હતાદિની ભક્તિથી જ દુઃખક્ષયરૂપ મોક્ષ થાય છે, તો તે જીવ પરસમયમાં રક્ત થાય છે.

૧૬૬. આત્મામાં લીન થયા વિના કર્મ ક્ષય ન થાય.

૧૬૭. સાધુ હોય તે મરતાં સુધી સત્પુરુષની સેવા કરે પણ લક્ષ બીજો હોય તો પુણ્ય બંધાય પણ મોક્ષ ન થાય. શ્રુતકેવળી હોય અને પરમાં વૃત્તિ ગઈ તો પ્રમાદ છે. માટે 'समयं गोयम मा पमाए ।' એમ શ્રી મહાવીર ગૌતમને કહે છે.

૧૬૮. ચિત્તવિભ્રમનો નિરોધ શુદ્ધ આત્મભાવ વિના થતો નથી અને જેનું ચિત્ત વિક્ષેપ પામેલું છે તેને શુભાશુભ કર્મનો નિરોધ નથી.

૧૬૯. બધી ઇચ્છા રોકી સિદ્ધસ્વરૂપની ભક્તિ કર્યા વિના, તેની સાથે અભેદભાવ થયા વિના મોક્ષ ન થાય. જેને આત્મસ્વરૂપનું ભાન છે તેનું કહેલું માન્ય થયા વિના સમ્યગ્દર્શન ન થાય. સમજણ ફરવી તે સમ્યગ્દર્શન છે. " જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત" સ્વરૂપની સમજણ ન થાય, ત્યાં સુધી મોક્ષ ન થાય.

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

અંતર ફેરવવાનું છે.

**"આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય."**

જ્યારે સદ્‌ગુરુનો બોધ રુચશે ત્યારે સમ્યગ્દર્શન થશે. આત્મા અનંતકાળથી દુઃખી થયો છે. પોતાની દયા આવશે ત્યારે આત્માર્થી થશે અને ત્યારે જ બોધ ચોંટશે. એ વિના સમ્યગ્દર્શન ન થાય. આત્મા અખંડ સ્વરૂપ છે. આત્માને જાણ્યો ત્યાં આત્માનું જ્ઞાન હોય છે, સ્થિરતા હોય છે. સત્પુરુષને ઓળખવા ન દે તે જ અનંતાનુબંધી છે. ‘‘જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે.’’ (૫૨૨) જેવાં થવું હોય તેવાની ભક્તિ કરવી. ભક્તિનું ફળ એ આવવું જોઈએ. ‘‘જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય.’’ (૪૯૩)

૧૭૦. જે સાચો છે તે સાચાને જ ભજે છે. સત્પુરુષ છે તે મૂર્તિમાન મોક્ષ છે. સત્પુરુષ ઓળખવા મુશ્કેલ છે. ‘‘ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય’’ સત્પુરુષ પરમાત્મા છે, એમ થાય ત્યારે જ ભક્તિ ઊગે. ‘‘સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે.’’ (૨૫૪) માહાત્મ્ય ન લાગે ત્યાં સુધી ભક્તિ ન થાય. પ્રત્યક્ષ સદ્‌ગુરુનો મોટો ઉપકાર છે. સિદ્ધ સમાન આત્મા છે. એમાં ભક્તિ, લીનતા થાય તે મોક્ષનું કારણ છે. નિર્ગ્રંથ પ્રવચનમાં રુચિ તે સમ્યક્ત્વનું કારણ છે. પોતાના આત્માને જાગ્રત કરવા ભક્તિ કરવાની છે.

૧૭૧. ભક્તિ વગેરેમાં પ્રશસ્તરાગથી પુણ્ય બંધાય છે. તેથી સારી ગતિ થાય છે.

૧૭૨. પરવસ્તુની ઇચ્છા છે, ત્યાં સુધી બંધ છે. ક્યાંય પણ રાગ ન કરવો. વીતરાગ થયા વિના ભવસાગર ન તરાય. ગૌતમસ્વામીએ જ્યાં સુધી ભગવાન ઉપર રાગ રાખ્યો ત્યાં સુધી કેવળજ્ઞાન ન થયું, પણ જ્યારે રાગ છૂટ્યો ત્યારે મોક્ષ થયો.

૧૭૩. બધાય પ્રવચનનો સાર ‘પંચાસ્તિકાય’માં આવી જાય છે. ‘‘સર્વભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.’’ (૮૬૬) એ રહસ્ય હૃદયમાં ચોંટે તો મોક્ષ થાય. બધાનું કારણ દ્રવ્યાનુયોગ છે. શુક્લધ્યાનાદિનું કારણ પણ દ્રવ્યાનુયોગ છે. દર્શનમોહ ઘટે, પાંચ ઇન્દ્રિયના વિષયોમાં ઉદાસીનતા થાય અને સત્પુરુષનો યોગ હોય તો જ આ (પંચાસ્તિકાય) શાસ્ત્ર પરિણમે છે. શ્રદ્ધા પણ વિશેષ નિર્મળ દ્રવ્યાનુયોગથી થાય છે. જેણે શુક્લધ્યાનમાં જવું છે તેને આ દ્રવ્યાનુયોગ કામનો છે. એના મુખ્ય પાત્ર મુનિ છે, તેમ છતાં સમ્યક્ત્વ નિર્મળ થવાનું કારણ છે. ‘‘દ્રવ્યાનુયોગનું ફળ સર્વભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.’’ (૮૬૬) એક વચન પણ જ્ઞાનીનું હૃદયમાં ઊતર્યું તો કલ્યાણ થઈ ગયું. બધું કરીને ‘‘સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.’’ એ કરવાનું છે. આ ‘પંચાસ્તિકાય’ સમાધિમરણનું કારણ છે. જીવનાં અનધિકારીપણાને લીધે સમજાતું નથી. મૂળ ગ્રંથ શ્રી કુંદકુંદાચાર્યનો રચેલો છે. તે ઉપરથી પરમકૃપાળુદેવે ગુજરાતી [1]અવતરણ કર્યું છે તે સરલ હોવાથી સમજાય એવું છે.

---

૧. તેમાં ખૂટતી ગાથાઓનો અનુવાદ જે પૂજ્યશ્રીએ મુખપાઠ કરવા સંમત કરેલ તે ઉમેરી આ વિવેચન સંપૂર્ણ આપવાનું યોગ્ય ગણ્યું છે.

[વ૦ ૭૬૭] ૫૦૧ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાનીની આજ્ઞાએ ચાલવું પડે તો ચાલવું, જ્ઞાનીની આજ્ઞાએ બોલવું પડે તો બોલવું, જ્ઞાનીની આજ્ઞાએ શુદ્ધ આહાર લેવો પડે તો લેવો, જ્ઞાનીની આજ્ઞાએ ઉપકરણાદિ મૂકવાં પડે તો જોઈને મૂકવાં, જ્ઞાનીની આજ્ઞાએ મળમૂત્ર વિસર્જન કરવું પડે તો નિર્જન્તુ ભૂમિ જોઈને કરવું.

જ્ઞાનીની આજ્ઞા મુખ્યપણે તો આત્મામાં રહેવાની જ છે. આત્મામાં ન રહેવાય ત્યારે જ્ઞાનીની આજ્ઞાએ આત્માનો લક્ષ રાખીને સમિતિમાં પ્રવર્તવું પડે તો પ્રવર્તવું.

[વ૦ ૭૬૭] (બપોરના ઉપર) ૫૦૨ શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૫, ૨૦૧૦

પૂજ્યશ્રી– જ્ઞાનનું ફળ વિરતી આવવું જોઈએ. જાણીને પાછું અનુસરવું જોઈએ.

**''આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનીના પરમાર્થથી,**
**તો જ્ઞાન ભાખ્યું તેહને, અનુસાર તે મોક્ષાર્થથી.''**

એટલે શું? આઠ સમિતિઓ કઈ કઈ? પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ આઠ સમિતિ છે. આઠ સમિતિનું જો યથાર્થ જ્ઞાન થાય તો એટલામાં બધા પ્રવચનનો સાર આવી જાય છે. મન, વચન અને કાયાને યથાર્થ પ્રવર્તાવવાં એટલે અશુભમાં ન પ્રવર્તાવવાં. અને ઈર્યા સમિતિ એટલે ચાલવું પડે તો જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ચાલવું, વચન બોલવું તો જ્ઞાનીની આજ્ઞાએ બોલવું, મળમૂત્ર વિસર્જન કરવું પડે તો જ્ઞાનીની આજ્ઞાએ કરવું, વસ્તુઓ લેવી મૂકવી પડે તો જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે લેવી મૂકવી, આહાર લેવો પડે તો જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે લેવો, આટલામાં બધું આવી જાય. આજ્ઞાએ વર્તે તો ધર્મ થાય એ ચારિત્ર છે.

''મોક્ષ ઉપાય સુધર્મ'' મોક્ષનો ઉપાય યથાર્થ વર્તન છે. જેમ છૂટાય તેમ બોલવું, ચાલે ત્યાં સુધી ન બોલવું. બોલવું પડે તો જ્ઞાનીની આજ્ઞાએ બોલવું. સત્યના બે ભેદ છે. એક લૌકિક સત્ય એટલે જેવું હોય તેવું કહેવું અને બીજું પરમાર્થ સત્ય એટલે ગમે તેની વાત કરતાં આત્માનો લક્ષ રહે, તો બંધન ન થાય. રાગદ્વેષમાં ન જવું એ જ્ઞાનીની મોટી આજ્ઞા છે. જીવને અભ્યાસ પડી ગયો છે, તેથી બોલતાં ચાલતાં એમાં જ તણાઈ જાય છે. જ્ઞાનીની આજ્ઞાથી વિરુદ્ધ વર્તવું નથી. ત્યાં સ્વચ્છંદ રોકાય.

''રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ.'' સ્વચ્છંદ રોકે તો જરૂર મોક્ષ થાય. આજ્ઞાએ વર્તે તો જરૂર સ્વચ્છંદ રોકાય. બધી સમિતિઓમાં આજ્ઞા મુખ્ય છે. ખાવાપીવા સંબંધીમાં પણ જ્ઞાનીની આજ્ઞાથી વિરુદ્ધ નથી વર્તવું એ એષણા સમિતિ છે. આદાન નિક્ષેપણ એટલે લેવું મૂકવું. એમાં પણ જ્ઞાનીની આજ્ઞાએ વર્તવું. પારિષ્ઠાપનિકા એટલે મળમૂત્રનો ત્યાગ કરવો, તે પણ આજ્ઞાને ચૂકીને ન કરવો. રાગદ્વેષ ન થવા દેવો. કંઈ ન સમજાય તો જ્ઞાની જાણે છે એમ રાખવું. પોતાની કલ્પના ન કરવી. તેમ 'હું સમજી ગયો' એમેય ન કરીએ. ઘણું સમજવાનું છે. સત્સંગની ભાવના રાખવી.

[વ૦ ૭૭૯] ૫૦૩ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક વદ ૧, સં. ૨૦૦૮

''સર્વ અન્યભાવથી આત્મા રહિત છે.''

પૂજ્યશ્રી– અન્યભાવ એટલે વિભાવભાવથી આત્મા રહિત છે. સ્વભાવ એ આત્માનું સ્વરૂપ

છે. સ્વભાવને મૂકીને બીજું કરે છે તે જીવનું નથી.

વિભાવ બે પ્રકારનો છે. ૧. જડનો સ્વભાવ રૂપ, રસ, ગંધ, સ્પર્શ છે તે વિભાવભાવ છે. ૨. જે રાગ-દ્વેષ છે તે પણ વિભાવભાવ છે. પરને પોતાનું માને, તેથી ભૂલ થઈ છે.

''બીજાં સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે 'મુક્ત' છે.''

૧. મુમુક્ષુ– સર્વ દ્રવ્યથી અસંગપણું, એટલે શું?

પૂજ્યશ્રી– આત્મા સિવાય બીજા જે જડ પદાર્થો છે તે બધાથી અસંગપણું.

૨. મુમુક્ષુ– ક્ષેત્રથી અને કાળથી અસંગપણું એટલે શું?

પૂજ્યશ્રી– હું આકાશમાં રહું છું, ઘરમાં રહું છું કે દેહમાં રહું છું એવા ભાવ ન થાય તે ક્ષેત્રથી અસંગપણું છે. આત્માનું ક્ષેત્ર અસંખ્યપ્રદેશી છે, તેથી પોતાનું ક્ષેત્ર પોતામાં જ છે અને કાળથી અસંગપણું એટલે પર્યાય અવસ્થા થાય છે તેથી અસંગપણું. આત્માનું સ્વરૂપ અસંગ અને અપ્રતિબદ્ધ છે. બીજું થાય છે તે પોતાનું સ્વરૂપ નથી.

''અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે.''

અટળ એટલે બધાને બાદ કરતાં જે રહે તે અટળ અથવા જે ટળે નહીં, ફરે નહીં તે અટળ. પ્રભુશ્રીજી કહેતા કે 'આત્માને મૂકીને અહીં આવો!' આત્મા ન મૂકાય.

જ્યારથી પોતાનું સ્વરૂપ ભિન્ન ભાસ્યું ત્યારથી સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવવા માટે જ્ઞાનીઓએ ઘણું સમજાવ્યું છે. ભૂલ થઈ તે થઈ, પણ હવે ન થવા દેવી. નિશ્ચયથી આત્મા શુદ્ધ જ છે. કલ્પનાથી જીવ માને છે કે 'હું જન્મ્યો, હું મૂઓ' પણ આત્મા કદી પણ મરતો નથી અને જન્મતો નથી. જીવનું ખરું સ્વરૂપ અસંગપણું છે.

**''કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?**
**અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ.''**

નિશ્ચયથી અસંગ જ છે, પણ પોતાનું ભાન હોય તો. વૈરાગ્ય હોય અને બધું સ્વપ્ના જેવું લાગે, ત્યારે સમજાય એવું છે. એ સમજવા માટે જ ભક્તિ, શાસ્ત્રો વગેરે સાધનો કહ્યાં છે.

**''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;**
**અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.''**

**[વ૦ ૭૭૯]** ૫૦૪ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૧૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– બધાનું કારણ પોતાના આત્મસ્વરૂપનો અનુભવ એ છે. એ થાય તો પછી એનો મોક્ષ થાય. ત્રણે કાળ દેહની સાથે જાણે સંબંધ નહોતો એવું કરવાનું છે.

સોભાગભાઈએ કૃપાળુદેવને લખેલું કે અઠવાડિયા પછી મારું મરણ છે. કૃપાળુદેવે લખ્યું, એવા વિકલ્પો કરશો નહીં.

**[વ૦ ૭૭૯]** (રાતના સભામાં) ૫૦૫ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– ૐ શાને કહેતા હશે? વેદાંતવાળા પણ ૐ કહે છે. ૐની બીજા પણ ઘણા જીવો

સાધના કરે છે અને ૐમાં બધુ આવી જાય છે એમ પણ કહે છે. ૐ બહુ પ્રાચીન શબ્દ છે. વેદાંતમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર મળી ૐ થયો એમ કહે છે. બ્રહ્મા એટલે 'અજ' તેનો अ, વિષ્ણુનો उ અને મહેશ્વરનો म् મળી ૐ થયો એમ કહે છે. અને જૈનમાં પંચ પરમેષ્ઠીને ૐ કહે છે. સિદ્ધ 'અશરીરી' છે તેથી અશરીરી ભગવાનનો अ, પછી અરિહંત ભગવાનનો अ, પછી આચાર્યનો आ, ઉપાધ્યાયનો उ અને મુનિનો म्. अ+अ+आ+उ+म् બધી સંધી થઈ ત્યારે ૐ થયો. પાંચેય પરમેષ્ઠીનું ટૂંકું રુપ ૐ છે. એમાં પૂજવા યોગ્ય સર્વજ્ઞપણું છે. સિદ્ધ સર્વજ્ઞ છે. અરિહંત પણ સર્વજ્ઞ છે. આચાર્ય સર્વજ્ઞપણું આરાધે છે, ઉપાધ્યાય પણ સર્વજ્ઞપણું આરાધે છે અને મુનિ પણ સર્વજ્ઞપણું આરાધે છે. એમ પાંચ પરમેષ્ઠીનો ૐ શબ્દ થયો. જેમ સહજાત્મસ્વરૂપ કહીએ છીએ, એવો ૐ પણ છે. એ બધામાં પૂજવા યોગ્ય સહજાત્મસ્વરૂપ છે, તે પૂજ્ય છે. અરિહંત પણ સહજાત્મસ્વરુપ છે, સિદ્ધ પણ સહજાત્મસ્વરુપ છે, આચાર્ય પણ સહજાત્મસ્વરુપ છે, ઉપાધ્યાય પણ સહજાત્મસ્વરૂપ છે, સાધુ પણ સહજાત્મસ્વરુપ છે. એ સહજાત્મસ્વરૂપ પૂજવા યોગ્ય છે.

'સમયસાર નાટક'માંથી આ બે કાવ્ય લખ્યાં છે. એનું કૃપાળુદેવે 'સ્વભાવજાગૃતદશા' નામ લખ્યું છે. જ્યારે આત્મા જાગૃત થાય ત્યારે પોતાનું સ્વરૂપ જુદું ભાસે છે.

**''ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન;**
**બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.''** (૯૦૨)

એ દશાનું રૂપ હવે કૃપાળુદેવ નીચે લખે છે.

ચિત્રસારી એટલે ચિત્રવાળી સૂવાની જગ્યા. એ સૂવાની જગ્યા તે જુદી છે. એમાં પલંગ છે તે પણ જુદો છે. પુરુષની પથારી પણ જુદી છે. ચાદર પણ ન્યારી છે. આ 'હું' એમ માને છે એ જૂઠી સ્થાપના છે. પથારી હું, પલંગ હું, ચાદર હું એમ માન્યું છે તે બધી જૂઠી સ્થાપના છે. તેમ આ કુટુંબ, શરીર, કપડાં મારાં એમ કરે છે તે બધું ખોટું છે. એ જ્યારે આત્મા જાગૃત થાય ત્યારે જુદું જુએ છે. જાગૃત, સ્વપ્ન અને નિદ્રા એ દશાઓથી આત્મા જુદો છે.

''સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય'' નિદ્રા અવસ્થા, સ્વપ્ન અવસ્થા ય નહીં. એ દશાઓથી આત્મા જુદો છે. પળવાર પણ એવી અવસ્થામાં ટકવું નથી. શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ છે, તેથી આત્મા ભિન્ન છે. સ્વપ્નથી પણ આત્મા ભિન્ન છે. નિદ્રાથી ય ભિન્ન છે. બધી અવસ્થાથી આત્મા ભિન્ન છે. શરીરનાં બધાં અંગોપાંગ છે તેમાં એને અહંકાર થયો છે. તે જાગૃત થાય ત્યારે જુદું લાગે. એ બધું ત્યાગી ચેતન આત્મા થયો. પછી અચેતનપણાની વાસના પણ નહીં. સંસાર ત્યાગી સાધુ થાય પણ વાસના રહે છે, એવું ન રહ્યું. અચેતનના રૂપાદિ ગુણો છે. તે બધાથી ભિન્ન થયો. જ્યારે મિથ્યાદૃષ્ટિ હતો ત્યારે ભૂલ્યો અને હવે સમ્યગ્દૃષ્ટિ થયો ત્યારે જાગ્યો. દૃષ્ટિ ફરી તેથી હવે જાગ્યો.

હવે 'અનુભવઉત્સાહદશા' કહે છે. ભૂતકાળમાં દેહ ને જીવ એક ગણતો હતો તેનો ભેદ પડ્યો. પહેલાં જેવું ભૂતકાળમાં બન્નેમાં અભેદપણું માનતો હતો તે ભૂલ ગઈ. આ બધું દેખાય છે તે ભિન્ન છે, તે બધું છોડી દીધું અને પોતાના સ્વરૂપમાં અભેદ થયો. જ્ઞાન દર્શન ચારિત્ર બધા ભેદ

છૂટી ગયા. કર્મરહિત હવે આત્મા ભિન્ન દેખાય છે. સુખ-સમાધાન સહિત પોતાનું સ્વરૂપ પામ્યો. હવે બાહ્યમાં રાચશે નહીં. હવે પોતાના સ્થાનમાં રહેશે. હવે શા માટે બહાર ભટકશે! હવે તો ઘરમાં રહેશે. પોતાનું સ્થાન પામ્યા પછી બહાર જશે નહીં. પોતાનું સ્વરૂપ હાથ લાગ્યું તેથી હવે બહાર ભટકે નહીં. પોતાનો સ્વભાવ છે તે ત્યાગી કદી પણ બાહ્ય વસ્તુમાં રાગદ્વેષ સહિત રાચશે નહીં. ખાવું-પીવું, હરવું-ફરવું, પહેરવું પડે પણ એને હવે પોતાનું ન માને. રાગ એને છૂટી ગયો. પારકી વસ્તુ જાણી તેથી છોડી દીધી.

એક જણ ધોબીને ત્યાંથી ધોયેલી ચાદર લાવીને ઓઢીને સૂતો હતો. એટલામાં ત્યાંથી કોઈ જતો હતો તે ચાદર શોધતો હતો. ચાદર ઓઢેલા પુરુષને જોઈને તેણે કહ્યું કે આ તો મારી ચાદર છે, મારું નામ એના ઉપર લખેલું છે. તેણે તે નામ જોયું. તેથી એને લાગ્યું કે આ તો મારી નથી. તેથી કહ્યું કે હમણાં મને ઊંઘ આવે છે તેથી સૂવા દ્યો. પછી તમને આપી દઈશ. એને એમ મનમાંથી નીકળી ગયું કે ચાદર 'મારી' છે. પછી ભલે મોડી વહેલી આપે. તેમ મહાપુરુષોને મનમાંથી નીકળી ગયું કે 'મારું' છે. પરવસ્તુને મારી કરીને ગણે છે તે હવે નીકળી ગયું. ખરી વસ્તુ જાણે ત્યારે મારાપણું નીકળી જાય. અમલાનજ્ઞાન એટલે નિર્મળજ્ઞાન જ્યારે પ્રગટ થયું તે ભવિષ્યમાં પણ એવું નિર્મળજ્ઞાન રહેશે, મળવાળું થશે નહીં, એમનું એમ રહેશે.

પહેલાં 'સ્વભાવજાગૃતદશા' કહી, પછી 'અનુભવઉત્સાહદશા' કહી અને હવે 'સ્થિતિદશા' કહે છે.

એક પરિણામના બે કર્તા ન હોય. એક દ્રવ્ય તે બે પરિણામ ધરે નહીં. એક ક્રિયા બે દ્રવ્ય ન કરે. જીવ, પુદ્ગલ એક જ ક્ષેત્રમાં રહેવા છતાં જડ તે જડ ને ચેતન તે ચેતન છે. પોતપોતાના સ્વરૂપમાં પરિણમે છે. જડ, ચેતન કોઈનો નાશ ન થાય.

**"જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;**
**કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ."**

ચેતન ભાવે ચેતન પરિણમે અને જડભાવે જડ પરિણમે. પોતાનો સ્વભાવ છોડીને એક બીજામાં ભળી ન જાય. એક પત્ર (૩૧૭) માં કૃપાળુદેવે લાંબો ખુલાસો લખ્યો છે.

સોભાગભાઈને માંદગી વખતે વંચાતું નહોતું, તેથી કોઈ વાંચી સંભળાવે તો ઠીક લાગે. તેથી અંબાલાલભાઈને બોલાવ્યા હતા. એ કાવ્ય બધાને ખબર પડે એવું નથી. ખાસ સોભાગભાઈને માટે જ આ કાવ્ય લખ્યું હતું. અંબાલાલ મોડા પહોંચ્યા. તેથી ડુંગરશીભાઈ પાસે વંચાવી સાંભળ્યું હશે. ઉપર જે 'સ્વભાવજાગૃતદશા' 'અનુભવઉત્સાહદશા' અને 'સ્થિતિદશા' કહી તે બધાનો સાર કૃપાળુદેવ હવે કહે છે. એ બધાનો સાર નીચે લખે છે.

જડના ભાવ અને ચેતનના ભાવ જુદા છે. પુદ્ગલના રુપાદિ ગુણ છે તેથી આત્મા જુદો છે. દ્રવ્યની અપેક્ષાએ આત્મા સર્વથી ભિન્ન છે, અસંગ છે. અન્ય દ્રવ્યના પર્યાયથી પણ આત્મા ભિન્ન છે. પોતાનું અસંગસ્વરૂપ પ્રગટ છે, તેને અનુભવે છે તે મુક્ત છે. ચોથે ગુણસ્થાનકે પોતાનું સ્વરૂપ સમજાય છે તે પ્રતીતિરૂપ છે અને તેરમે ગુણસ્થાનકે પોતાનું અસંગસ્વરૂપ પ્રગટે છે. બધાં ગુણસ્થાનક કહ્યાં છે તે મોહ અને યોગની અપેક્ષાએ છે. ચૌદમે આત્મા સર્વથા અસંગ થાય છે.

ચોથા ગુણસ્થાનકથી મુક્તપણાની શરૂઆત થાય છે.

કોઈ પણ વસ્તુને ઓળખવા માટે સાધન-ચતુષ્ટય કહેવાય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ એ ચારથી વસ્તુ ઓળખાય છે. એથી વસ્તુ ખ્યાલમાં આવે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી આત્માનું સ્વરૂપ હાથનોંધમાં કૃપાળુદેવે લખ્યું છે.

''દ્રવ્ય—હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું.

ક્ષેત્ર—અસંખ્યાત નિજઅવગાહના પ્રમાણ છું.

કાળ—અજર, અમર, શાશ્વત છું. સ્વપર્યાયપરિણામી સમયાત્મક છું.

ભાવ—શુદ્ધ ચૈતન્ય માત્ર નિર્વિકલ્પ દૃષ્ટા છું.'' (હાથનોંધ ૧/૭)

એમ આત્મા સંબંધી દ્રવ્યાદિક ચાર પ્રકાર આત્માને ઓળખાવનાર છે. એનું નામ કૃપાળુદેવે 'આત્મસાધન' લખ્યું છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ કાળનું સ્વરૂપ 'સમય' છે. એક સમયમાં જે પોતાનું સ્વરૂપ છે તે જ સર્વ સમયમાં છે. આત્મા સિવાય પાંચ દ્રવ્ય છે તે પરભાવ છે. ચૌદમે ગુણસ્થાનકે સંગ છૂટે છે. ચોથે એને પ્રતીતિ છે. ત્યાં મોહનીય કર્મ હજુ છે. તેથી જેવો જોઈએ તેવો અનુભવ નથી. ચોથે પણ એક સમય પણ જો અનુભવ થાય તો અસંગ જેવો છે. અયોગી થયા પછી એને કોઈ પજવનાર નથી. સમ્યગ્દર્શનનું સ્વરૂપ તે અંશે અનુભવરૂપ છે. સમ્યગ્દર્શન એ આત્મા છે. ''અંશે હોય ઇહાં અવિનાશી'' સમ્યગ્દર્શન થાય ત્યાં આગળ એનું પોતાનું ખરું સ્વરૂપ પ્રગટે છે. પ્રતીતિના કેટલાક ભેદ છે.

કૃપાળુદેવે ત્રણ પ્રકારનાં સમકિત કહ્યાં છે. છેલ્લા સમકિતમાં નિર્વિકલ્પપણું છે. દ્રવ્યથી અસંગપણું એટલે બીજાં પરદ્રવ્યને પોતાનું ન માને. ક્ષેત્રથી અસંગપણું એટલે આકાશમાં હોય, પણ તેને પોતાનું માનતો નથી. પોતાના પ્રદેશોમાં જ આત્મા રહેલો છે. અસંખ્યાત પ્રદેશપણું એ જ એનું ક્ષેત્ર છે. પરના ક્ષેત્રમાં એ રહેતો નથી. તેથી પરના ક્ષેત્રથી એ અસંગ છે. કાળથી પણ અસંગ છે. એક સમયે જે પોતાનું સ્વરૂપ છે તે જ ખરું સ્વરૂપ છે અને ભાવથી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ માત્ર જ્ઞાતા, દૃષ્ટા પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. એમ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, અને ભાવથી મુક્તભાવમાં મોક્ષ છે એમ કૃપાળુદેવે ઘણી વાર કહ્યું છે.

જ્યારથી સમ્યગ્દર્શન થયું ત્યારથી જ એને મુક્ત દશા છે. પછી બધી અવસ્થા ફરે છે. ચોથેથી માંડી કેવળજ્ઞાન સુધી મુક્તદશા વર્તે છે. મિથ્યાત્વથી મુકાયો તેટલો એ મુક્ત થયો. ચારિત્રમોહથી મુકાયો એ પણ મુક્ત થયો. જ્ઞાનાવરણીયથી મુકાય એ પણ મુક્ત, યોગથી મુકાય એ પણ મુક્ત, એ સંપૂર્ણ મુક્તપણું છે. જેને પોતાનું સ્વરૂપ યથાર્થ સમજાયું છે તેને બીજાની સાથે કામ નથી. તેથી એ બોલે તોય મૌન છે.

"जं समंति पासह तं मोणंति पासह ।" જેને આત્મજ્ઞાન પાસે છે તેને મૌનપણું પણ પાસે છે. પછી એને પ્રતિબંધ, રાગ કંઈ નથી. બધાં સંગની વચ્ચે રહેવા છતાં એ અસંગ છે. એ બધી વાતો કરવાની નથી. દશા તે દશા. ત્યારથી જાગી ગયો. મિથ્યાત્વદશા અને સમ્યક્ત્વદશામાં આભ-

જમીનનો ફેર છે. અહંભાવ, મમત્વભાવ ગયે સમ્યક્ત્વ થાય. વિરલા જીવો સમ્યગ્દર્શન પામે છે. કાળને લઈને જે કંઈ થાય છે તે બધાથી પોતે ભિન્ન છે.

''સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય''

કાળના પર્યાય અને દ્રવ્ય બેય જુદાં છે. પોતાના પર્યાય કાળથી જુદા છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની સહાયમાં પોતાનું સ્વરૂપ નથી. ચૈતન્ય સ્વરૂપ તે બધાથી ભિન્ન છે. મૌનદશા કહી છે તેમાં ખરી રીતે તો જ્ઞાનદશા છે. મૂળ ધાતુ 'मुन्' છે. 'मुन्' એટલે જાણવું. તે ઉપરથી મૌન થયું છે. યશોવિજયજીએ 'જ્ઞાનસાર'માં 'મૌનાષ્ટક' લખ્યું છે. ત્યાં મૌનનો અર્થ જાણવું જ કર્યો છે. મૌનદશા એટલે જ્ઞાનદશા છે. મૌનદશાવાન એટલે જાણનાર એ શાસ્ત્રીય અર્થ છે. સાધારણ તો ન બોલવું તે મૌન છે.

''આત્મજ્ઞાન ત્યાં મુનિપણું'' એમ કહ્યું છે. જેને આત્મજ્ઞાન છે તે મુનિ છે, જ્ઞાની છે. ''તે સાચા ગુરુ હોય.'' જે મહાપુરુષને વ્યવહારની દૃષ્ટિ ઊઠી, તેને પછી આત્મા જન્મ્યો, મર્યો એવો લક્ષ ન રહે. કોઈ કાળે આત્મા દેહધારી નથી. ત્રણે કાળને વિષે દેહધારીપણું નથી. જ્યારે મોહરહિત થાય ત્યારે એને અનંત ભવ દેખાય, પણ મારું છે એમ ન થાય. અખંડ સ્વરૂપ પોતાનું છે. આત્મા જન્મે નહીં અને મરે નહીં. અવિનાશી આત્મા છે, એવી દૃષ્ટિ જેની થઈ તેને એમ લાગે.

''જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.''

પછી દેહની શી સગાઈ છે? એમ થાય. કેવળીને તો કેટલાય દેહ ધર્યા તે દેખાય, તેમાં બધું એમને ભિન્ન ભાસે છે. તેથી મોહ થતો નથી.

કૃપાળુદેવને સોભાગભાઈએ પત્ર લખ્યો કે, અઠવાડીયા પછી મારો દેહ છૂટી જશે. ઉત્તરમાં કૃપાળુદેવે લખ્યું કે એવા વિકલ્પોમાં પડવા જેવું નથી. ત્રણે કાળને વિષે આ દેહથી સંબંધ નહોતો, તેને પછી મરણનો ભય શાનો હોય? જ્ઞાની તો વારંવાર એ જ કહે છે કે જેવું પોતાનું સ્વરૂપ છે તેવું ટકાવી રાખવું. એ જીવ ભૂલી ગયો. આત્મા દેહ નથી. સ્ત્રી-પુરુષ, બ્રાહ્મણ-વાણીયો કંઈ નથી. એ ભાવો છોડી નિજ એટલે પોતાના આત્મવિચારમાં રહેવા યોગ્ય છે. બીજામાં દૃષ્ટિ દે ત્યાં મારું-તારું, રાગ-દ્વેષ છે. આત્મદૃષ્ટિ થાય ત્યાં નિર્વિકલ્પતા છે.

[વ૦ ૭૮૦] ૫૦૬ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— આ મનુષ્યભવ આપણને મળ્યો છે તેને સફળ કરવો હોય તો આ કરવું કે—

''કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્‌માત્ર દ્વેષ ન રહે. સર્વત્ર સમદશા વર્તે. એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે.''

જ્ઞાનીએ કહેલું છે, માટે એ કામનું છે. ભગવાનની એ જ આજ્ઞા છે. રાગ-દ્વેષ ન કરવા. મનુષ્યભવમાં જીવ સમજી શકે છે, માટે કહે છે. સંસાર ટાળવો હોય તો રાગ-દ્વેષ ટાળવા પડશે. જ્ઞાનીપુરુષોએ કેવળજ્ઞાન પામીને છૂટવાનો રસ્તો જોયો કે આ રસ્તે આવે તો બધું થાય. અપૂર્વ

વસ્તુ છે. મહાપુરુષનો બહુ ઉપકાર છે.

**"નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા."** (૧૫)

આ એક જ કામ કરવાનું છે કે મારે રાગ-દ્વેષ નથી કરવા. એટલું મનુષ્યભવમાં કરવાનું છે.

**[વ૦ ૭૮૦]** (સાંજના સભામાં) ૫૦૭ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૧૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– તેત્રીસ સાગર સુધી આયુષ્ય હોય, પણ છેવટે દેહ તો છોડવો જ પડે છે. હોડી હોય તો હોડીમાં બેસીને પેલી પાર જવાય છે. હોડી તો પછી અહીં જ પડી રહેવાની છે. એવો આ હોડી જેવો આપણને મનુષ્યભવ મળ્યો છે, તો આ સંસારદરિયો તરીને પેલી પાર જતા રહેવું. શરીર તો અહીં જ પડ્યું રહેવાનું છે.

**[વ૦ ૭૮૦]** (રાત્રે સભામાં) ૫૦૮ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૧૨, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કલ્પનામાં પણ ન આવે એવી દશા છે. જીવને ક્ષણવાર પણ રાગદ્વેષ વગર રહેવાતું નથી અને આ નિરંતર રાગદ્વેષ વગર રહે છે. એ વંદનયોગ્ય છે. વીતરાગનું શરણ લેવાનું કારણ આપણને એવા થવું છે. રાગદ્વેષ છે ત્યાં સંસાર છે. આત્માની શુદ્ધતા તે મોક્ષ છે. નમસ્કાર કરવાયોગ્ય તે પુરુષ છે. નમસ્કાર કરવાથી આપણી વૃત્તિ ત્યાં જાય છે.

સર્વ જીવ પ્રત્યે સોભાગભાઈને ઉપકાર કરવાની વૃત્તિ છે. કોઈના પણ આત્માને હિત થાય એવું કરે તે પરોપકાર કહેવાય છે. જેને આત્માર્થ સિવાય બીજી ઇચ્છા નથી એવા સોભાગભાઈ છે. માયાવાળો જીવ સારું સારું બીજાને દેખાડે, પણ સરળ જીવ તો જેવું હોય તેવું કહે.

સોભાગભાઈને માંદગી હતી તેથી લખાતું નહોતું. તેથી તેમના પુત્ર પાસે લખાવતા. એ બોલતા અને એમના પુત્ર ત્રંબકલાલ લખતા.

સોભાગભાઈએ લખ્યું કે 'આત્મસિદ્ધિ'ના અર્થ મને મોકલજો. આંખે ઓછું દેખાય છે. તેથી જ્યાં સુધી આંખે તેજ ઝાંખું ન પડે ત્યાં સુધી 'આત્મસિદ્ધિ' ના અર્થ મારે વાંચી લેવાના છે, તે મોકલજો અને બીજાં પણ ઉપદેશવચનોવાળા પત્રો હોય તે મોકલશો. આત્મસિદ્ધિના અર્થ છે તે મુમુક્ષુ જીવે નિરંતર વિચારવા યોગ્ય છે અને કૃપાળુદેવના પત્રો છે તે પણ વારંવાર મનન કરવા યોગ્ય છે. એમાં જ જીવન ગાળવું છે. બીજાં શાસ્ત્રો આવડે કે ન આવડે, પણ એ તો કરવું જ છે.

ઋષભદેવ વગેરે તીર્થંકરોએ કહ્યું કે આ દેહ ક્ષણભંગુર છે, માટે એથી આત્મહિત થાય એવું કરી લેવું. દેહ તો બધાને છોડવા પડ્યા છે. લક્ષ એ રાખવો કે અસંગ થવાનું છે. શુદ્ધસ્વરૂપનો લક્ષ કરવાનો છે, તે મનુષ્યભવ છે ત્યાં સુધી થઈ શકે. નરકગતિમાં જાય તો ત્યાં દુઃખ હોય છે, તેથી કંઈ કરવાનું સાંભરે નહીં. તિર્યંચમાં જાય, ત્યાં પણ કંઈ ભાન નથી. દેવગતિમાં જાય તો ત્યાં ઘણું સુખ છે. તેથી જે કર્યું હોય તે પણ ભુલી જાય છે. ત્યાં પણ કંઈ થઈ શકે નહીં.

'હું અસંગ છું, સર્વ પર ભાવથી મુક્ત છું' એમ વારંવાર અસંગપણાની ભાવના કરવાની છે. કોઈનો પરિગ્રહ કે સંગ થયો હોય તો તે મૂકવાનો છે. મોહ દૂર કરી નિર્મોહીપણું કરવાનું છે. મોહ છે તે જીવને ભાન ભૂલવે છે. એ મોહને ભૂલવા સત્પુરુષના બોધની જરૂર છે.

દેવલોકમાં ઇન્દ્રે એક રાજાનું આખું કુટુંબ નિર્મોહી છે એવી વાત સભામાં જણાવી. તે એક ક્ષુદ્રદેવને સાચી ન લાગી. તેથી તે પરીક્ષા કરવા તે રાજાની રાજધાનીના દરવાજા આગળ સંન્યાસીનો વેષ ધારી ઊભો. તેવામાં કુમારને વનક્રીડા કરવા સોબતીઓ સાથે ઘોડે બેસી જતો જોયો. તેથી તે દેવે થોડી વારે રાજસભામાં જઈ જણાવ્યું કે હે રાજન! આપને એક જ પુત્ર છે, અને આપ મોટી ઉંમરના છો. બધો આધાર રાજકુમાર ઉપર છે. પરંતુ મને કહેતાં ખેદ થાય છે કે રાજકુમાર વનમાં શિકાર કરવા આવેલા. તેમને વાઘે મારી નાખ્યા. તે મેં નજરે જોયું તેથી આપને તે વાત જણાવવા આંખમાં આંસુ સહિત રોતો રોતો અહીં આવ્યો છું. રાજાને સદ્‌ગુરુનો યોગ થયેલો અને તેણે સંસાર અસાર જાણેલો, તેથી બનેલી વાતથી ખેદ નહીં પામ્યો, પણ તે સંન્યાસીને આસન આપી પૂછ્યું. આપ વનમાં કેટલા વર્ષથી રહો છો? દેવે કહ્યું– પચીસ વર્ષથી. રાજા બોલ્યા, ત્યાં શું કરો છો? દેવે ઉત્તર આપ્યો, ભગવાનની ભક્તિ કરું છું. રાજાએ કહ્યું– મહારાજ, પચીસ વર્ષ ભક્તિ કર્યા છતાં પારકા છોકરાના મરણથી ખેદ પામો છો, તો કલ્યાણ કેમ થશે? માટે સંસારને ભૂલીને ભક્તિ કરવા ભલામણ છે. દેવ ત્યાંથી ચાલ્યો ગયો અને રાજમાતા પાસે આવી સમાચાર આપ્યા. રાણી બોલ્યાં– મહારાજ, સાંભળો. અમારા આંગણામાં આંબો છે. તેના ઉપર ઘણી કેરીઓ બેસે છે. પવનના ઝપાટાથી ઘણી ગરી જાય છે, અને થોડી રહે તે માણસો ઉતારી લે છે અને કેરી વગરનો આંબો થઈ જાય છે. તેમ ઘણા છોકરાઓનો જન્મ થયો, તેમાંથી એક ઊછર્યો અને તેને પણ મરણને શરણ થવું પડ્યું. પણ સદ્‌ગુરુની ભક્તિના બળે તેનો મને કંઈ ખેદ લાગતો નથી અને તમે આટલો કલ્પાંત કેમ કરો છો? તે સાંભળી દેવ ત્યાંથી ચાલી નીકળ્યો અને રાજકુમારની પત્ની પાસે આવ્યો. ત્યાં વળી વિશેષ શોક કૃત્રિમપણે દેખાડતો, ડૂસકાં ખાતો તે સમાચાર જણાવવા લાગ્યો. ત્યારે તે કુંવરની પત્ની બોલી– મહારાજ, મારા ભાગ્યમાં જે હશે, તે બન્યું. મારું જીવન તો ભગવાનની ભક્તિમાં ગુરુકૃપાથી જાય છે અને જશે. ક્યાં હું જન્મેલી અને ક્યાં અહીં સંબંધ થયો! પણ સદ્‌ગુરુનો યોગ અને ભક્તિની પ્રાપ્તિ તે જ મારું જીવન છે. તેથી મારા વિષે તમે ફિકર કરી આમ શોક કરો છો તે તમને ઘટતો નથી. તમે તમારા આત્માનું હિત થાય તેમ વર્તો, એવી મારી તમને વિનંતી છે. તેવામાં રાજારાણી ત્યાં આવતા દેખી દેવે પોતાનું મૂળ રૂપ પ્રગટ કરી બધાને જણાવ્યું કે રાજકુંવર મરી નથી ગયા. માત્ર ઇન્દ્રના વચનની પરીક્ષા કરવા હું 'દેવ' આવ્યો છું. આપનો વૈરાગ્ય અને ભક્તિ જોઈ તમને નમસ્કાર કરું છું.

આત્મા છે તે જ દેવ છે. સાચ વસ્તુ એને અડી, તો જેમ પારસને લોઢું અડે તો સોનું થાય તેવું થાય. 'થાય સદ્‌ગુરુનો લેશ પ્રસંગ રે, તેને ન ગમે સંસારીનો સંગ રે.' એવું થઈ જાય. અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજ સ્વરૂપ છે. આત્માને કંઈ બાધા થાય તેમ નથી. એ આત્માના ગુણો છે તે જાણી લીધા તો પછી જગતમાં એને મોહ ન થાય. [૧]નમિરાજાને મિથિલાનગરી બળતી દેખાડી, પણ 'મારું કંઈ બળતું નથી' એમ લાગ્યું. આત્મા સુધી પહોંચે એવી કોઈ વસ્તુ નથી. આત્માને કોઈ છેદે ભેદે તેમ નથી. આત્મા અવ્યાબાધ સ્વરૂપ છે. તેની જીવને ખબર નથી. એની જો શ્રદ્ધા થઈ જાય તો પછી મોક્ષ. આત્મામાં મારું-તારું કશું છે નહીં. એ બધા ભાવ છોડવાના છે. મોહમાં ન તણાય તો અવ્યાબાધ સ્વરૂપ આત્મા છે. આત્માથી જે ભિન્ન છે તે બધું હીન છે.

૧ વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ–એકત્વભાવના, વચનામૃત પૃષ્ઠ ૪૦.

"આત્માથી સૌ હીન" ખરેખરી નિર્જરા કરવાનું સાધન તો આત્મસ્વરૂપમાં લીનતા છે. કસોટીના પ્રસંગમાં જો ધીરજ રહે તો કેવળજ્ઞાન, બધું થાય. શ્વાસોચ્છ્વાસમાં કોટી કર્મ જ્ઞાની ખપાવી દે છે. આત્મામાં વૃત્તિ ગઈ ત્યાં બધું છુટી જાય છે. કંઈ બીજા ભાવ ન રહે. એ નિશ્ચય આપણે કરવાનો છે કે દેહ છૂટવો હોય ત્યારે છૂટશે, પણ આત્મા અસંગ છે. આ શરીર જુદું છે. પરમાણુ માત્રનો એને સંગ નથી.

"એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા" એ જો ટકી રહે તો સમાધિમરણ થાય. ફરી જન્મવું ન પડે તેવું થાય. જેટલી જેટલી મોહને આધિન વૃત્તિ થાય છે, તેટલો તેટલો મોક્ષ આઘો જાય છે. આત્મા શુદ્ધપણે રહે તે મોક્ષ. આત્મા અસંગ છે એવી શ્રદ્ધા થઈ હોય તોય કામ કાઢી નાખે. મોહમાં વૃત્તિ તે વખતે ન જાય તો શ્રદ્ધા ન છૂટે; નહીં તો વેદના વખતે, શ્રદ્ધા થઈ હોય તે છૂટી જવા જેવું થાય છે. પહેલાં અભ્યાસ કર્યો હોય તો મોહ ન થાય. સમભાવ રહે. કોઈ પ્રત્યે વેરવિરોધ ન થાય, સમદૃષ્ટિ રહેવી જોઈએ.

"સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો" જ્યાં વૃત્તિ ગઈ ત્યાં જન્મવું પડે. જ્યાં જ્યાં વૃત્તિ જાય ત્યાં ત્યાં ભવ ઊભા થાય છે. મોહ જેવો કોઈ શત્રુ નથી. પૈસાટકાની કાળજી રાખે છે, તે સાથે આવશે નહીં. સમાધિમરણ કરવું હોય તો એ કરવું પડશે.

"માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું." (૧૬૬)

આપણે સાંભળ્યું કે આ કરે તો સમાધિમરણ થાય તો કરવા માંડવું. જ્ઞાનીપુરુષે આત્માનું સ્વરૂપ એવું જોયું, એવો અનુભવ કર્યો અને પછી એ વચન લખ્યાં છે. આત્મા તો નિર્મોહી છે. જો શ્રદ્ધા થઈ જાય તો માયા-મોહ એને જોર કરે નહીં. માટે પહેલી શ્રદ્ધા કરવાની છે. એ થાય તો ચારિત્રમોહ ખસે.

**"દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,**
**દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;**
**તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે."**

દેહમાં મોહ જ્યાં સુધી હતો, ત્યાં સુધી ચારિત્રમોહ રહ્યો હતો. પણ હવે દેહ ઉપરથી મોહ ઓછો થયો, તેથી ચારિત્રમોહ ઓછો થવા માંડ્યો. બે પ્રકારનું સમરસપણું છે. (૧) બીજાને દેખાય તેવું, પણ યથાર્થ નહીં અને (૨) આત્મા અસંગ છે, નિર્મોહી છે, તે યથાર્થ સમરસપણું છે. મિથ્યા સમતા છે તે નહીં પણ જેને યથાર્થ સમતા થાય તેને સમાધિમરણ થાય છે.

છેલ્લી ક્ષમાપના માંગી છે કે તમને કંઈ ખોટું લાગ્યું હોય, અપરાધ કર્યો હોય તે બધું નમ્રભાવથી કૃપાળુદેવ ક્ષમાવે છે.

આખા પત્રનો સાર છેલ્લી લીટીમાં કહી દીધો છે. કોઈ પ્રત્યે રાગ ન રહે એવું કરવું. રાગ એ ચિકાશવાળો છે. માંડ માંડ કેટલાં તપ કરે ત્યારે એ છૂટે! રાગમાં મીઠાશ છે તે ડાઘ જેવી છે. ગમે તેટલાં શાસ્ત્રો વાંચે તોય એ જાય નહીં. કોઈ પ્રત્યે દ્વેષ ન રહે એવું કરવાનું છે. કોઈ પ્રત્યે

રાગદ્વેષ કરવાનો નથી. ''સર્વ જીવ છે સિદ્ધસમ'' એવી દૃષ્ટિ રાખવી તો રાગદ્વેષ ન થાય, પૂજ્યભાવ થાય. ગમે તે થાઓ, પણ હર્ષ શોક કરવા જેવું નથી. સમભાવ એ ભગવાન છે. સમભાવ એ એનું ઘર છે. રાગદ્વેષમાં ગયો ત્યાં પારકા ઘરમાં ગયો. મહાપુરુષનો અપાર ઉપકાર છે. માથે મરણ છે અને સમાધિમરણ કરવા શું કરવું? તેને માટે આ પત્ર છે. એટલું કરે તો ભવસાગર તરી જવાય એવું છે. માટે સમભાવમાં રહેવાનું છે. હર્ષશોક કરવાની શી જરૂર છે, એમ ભાવના કરવી. જગતની પ્રીતિ છોડવાની છે. રાગદ્વેષ છે ત્યાં સંસાર છે. આ મનુષ્યભવ મળ્યો છે. સવારથી સાંજ સુધી આમ જ રાતદિવસ ચાલ્યા જાય છે. એમાંથી જેટલું થાય તેટલું આત્માનું હિત કરી લેવું. જેમ જેમ શ્રદ્ધા વધે તેમ તેમ એનું વીર્ય સ્ફુરે છે અને વીર્ય સ્ફુરે એ જ ચારિત્ર છે.

**[વ૦ ૭૮૦]** (રાતના સભામાં) ૫૦૯ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૧૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— કૃપાળુદેવની કૃપા સોભાગભાઈ ઉપર થઈ છે. એમને છેવટે ભાવ ન બગડે તે માટે એ પત્ર લખ્યો છે. માથે મરણ છે એમ જાણી આપણે સાંભળવાનું છે. કાનમાં પડે તોય મહાભાગ્ય છે.

રાગદ્વેષ એ જ સંસાર છે. એથી જે છૂટ્યા અને જે છૂટવાના છે તેણે રાગદ્વેષ છોડ્યા. અગિયારમેથી પાડી નાંખે એવા રાગદ્વેષ છે. રાગદ્વેષ રહિત એવા ભગવાનને નમસ્કાર કર્યા છે. આ મનુષ્યભવમાં જો રાગદ્વેષ રહિત થવાનો ધ્યેય રહે તો નમસ્કાર કર્યા કહેવાય. જે રાગદ્વેષ રહિત થયા તે ભગવાનમાં મારી વૃત્તિ રહો. જેટલા રાગદ્વેષ ઘટ્યા તેટલા પ્રમાણમાં શાંતિ થાય.

સોભાગભાઈને આ પત્ર લખ્યો તેથી કૃપાળુદેવને રાગભાવ હતો એમ નથી, પણ એવો જ ઉદય હતો. સોભાગભાઈનું પુણ્ય હતું. શાસ્ત્રમાં વારંવાર હે ગૌતમ! હે ગૌતમ! એમ મહાવીર સ્વામી કહે છે, એમ આવે છે. તેથી કંઈ ભગવાનને રાગ હતો એમ નથી. સોભાગભાઈને કેટલાં વિશેષણો આપ્યાં છે! પરમ ઉપકારી, બધા મુમુક્ષુઓને ઉપકારી હતા. બધાનું હિત કેમ થાય એમ એ ઇચ્છતા. જગતનું કલ્યાણ કેમ થાય એ જ લક્ષ હતો. કૃપાળુદેવને વારંવાર કહેતા કે તમે દીક્ષા લો તો ઘણા જીવોનું કલ્યાણ થાય, એવી ભાવના એમને હતી. ઉપકાર કરતા અને આત્માર્થ સિવાય બીજો લક્ષ નહોતો. સરળ હતા. નાના છોકરા જેવા સરળ સ્વભાવી હતા. બીજાનો ઉપકાર કરતાં પોતાનો આત્માર્થ ભૂલી જતા, એવા સોભાગભાઈ નહોતા. નાના છોકરાની સાથે પણ ભળી જાય એવા સરળ હતા. બીજાને ઉપકારી હતા. પોતાના હૃદયમાં હોય તે કૃપાળુદેવને કહી દેતા. મનની વાત કહી દેતા. બોટાદવાળા મણિલાલ હતા. એમને જ્યારે દીક્ષા લેવાના ભાવ થયા ત્યારે ઘરમાંથી નાસી જવા માંડ્યા. એમના પિતાએ સોભાગભાઈને કહ્યું કે તમે આને કંઈક સમજાવોને. સોભાગભાઈએ તેને બોલાવીને કહ્યું કે 'ચાલો, આપણે બહાર ઝાડે ફરવા જઈએ. તું મારો લોટો પકડ.' પછી સોભાગભાઈની સાથે તે ગયા. જંગલમાં એક ઝાડ નીચે બેઠા. પછી સોભાગભાઈએ કહ્યું કે દીક્ષા ઘણી વાર લીધી પણ કલ્યાણ થયું નહીં. મારે પણ દીક્ષા લેવી છે. આપણે બન્ને સાથે લઈશું; પણ કોઈ વ્યાખ્યાન આપવાવાળા સાથે હોય તો સારું. મુંબઈમાં એક એવા છે. તેમને તું

પત્ર લખ. એટલી વાત કરી પછી ઘેર આવ્યા અને મણીલાલે કૃપાળુદેવને પત્ર લખ્યો. કૃપાળુદેવે મણિલાલ ઉપર પત્ર લખ્યો. તેથી એમને શાંતિ થઈ. એવા નાના છોકરા સાથે ભળી જાય એવા સરળ હતા.

સોભાગભાઈએ કૃપાળુદેવને લખેલું કે આંખે બરાબર દેખાતું નથી પણ આત્મસિદ્ધિના અર્થ મોકલશો તો હું વાંચીશ. બીજા વાંચે તો મને ઉલ્લાસ આવતો નથી. હું પોતે વાંચું તો ઉલ્લાસ આવે. તેથી કૃપાળુદેવે આત્મસિદ્ધિના અર્થ અને બીજાં પણ પત્રો મોકલ્યા. તે બધા મુમુક્ષુઓને વિચારવા યોગ્ય છે. કૃપાળુદેવ કરુણાળુ હતા. સોભાગભાઈએ વૃદ્ધાવસ્થામાં આત્મસિદ્ધિ મોઢે કરી.

એક વાક્યમાં જન્મમરણ છોડવાની વાત કહી. ક્યારે મરણ આવશે તેની ખબર નથી. મોટા તીર્થંકર જેવા, જેને મહા લબ્ધિઓ પ્રગટ હતી તે પણ આ દેહને રાખી શક્યા નથી, માટે વિશ્વાસ રાખવા યોગ્ય નથી. કાચની શીશીની પેઠે ફૂટી જાય એવો આ દેહ છે. દેહથી જાણે જુદા રહીને લખ્યા હોય એવા શબ્દો છે. તેવો લક્ષ વાંચનારને રહે તો ઘણો લાભ થાય. આત્મા અસંગ છે અને આત્માને આ મનુષ્યદેહનો સંબંધ થયો તે મોક્ષ સાધવામાં અનુપમ સાધન છે. 'હું દેહથી ભિન્ન છું, અસંગ છું' એવો અનુભવ પ્રાપ્ત કરીને જેવું સ્વરૂપ છે તેવું પ્રગટ કરવું છે. તો જ મનુષ્યભવ સફળ છે. જન્મમરણથી જો થાક્યો તો પછી આ દેહની પંચાતમાં ન પડે. હું કેદખાનામાં પડ્યો છું એમ લાગે તો પછી ફરી દેહ ન મળે. દેહ તો ચારે ગતિમાં છે, પણ મનુષ્યભવમાં મોક્ષ મળે એ વિશેષપણું રહ્યું છે. દેહનો સંબંધ છે પણ આત્મા તેથી ભિન્ન છે. આત્મસ્વરૂપ આત્મા છે. એ મનુષ્યભવમાં થઈ શકે તેવું છે. નિર્મોહીપણું કરી લેવું. આત્માનું ઓળખાણ થયા વિના મોહ જાય નહીં. પોતાનું ખરું સ્વરૂપ અવ્યાબાધ છે. તે સમજાય તો નિર્મોહી થવાય. આત્મા અછેદ્ય, અભેદ્ય છે, અવ્યાબાધસ્વરૂપ છે, અસંગ છે. નિર્મોહીભાવ છે તે આત્મામાં સ્થિર થવું તે છે અને બીજા મોહના ભાવથી છૂટવું.

''ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર'' (૯૫૪) એ મોહ જાય ત્યારે સંસાર જાય એવો છે. [1]ભરતને વીંટીનો વિચાર આવતાં થયું કે આ રાજ મારું નહીં, રાણીઓ મારી નહીં. બધા મોહ ભાવ છૂટી ગયા, તો કેવળજ્ઞાન થયું. એક સમજણ અને બીજો પુરુષાર્થ કરવાનો છે. મુખ્ય તો ભાવ ફેરવવાના છે. જીવ જો પુરુષાર્થ કરે તો કર્મ બધાં તોડી નાખે. છૂટા થવું, નિર્મોહી થવું, અસંગ થવું એ બધા એક જ ભાવો છે. પારકી વસ્તુઓમાં એટલો બધો ખેંચાયો છે કે પોતાના ઘરમાં આવતો નથી. બીજા ભાવો બધા છૂટી જાય તો ફરી જન્મવું ન રહે. જેટલા અંશે સમભાવ તેટલા અંશે મોક્ષ પાસે આવે છે. સંપૂર્ણ સમભાવ ત્યારે સંપૂર્ણ મોક્ષ. એ કરવું દરેકને હાથમાં છે. જ્ઞાનીએ કહ્યું કે આત્મા અસંગ છે, નિર્મોહી છે અને સમભાવ એનું ઘર છે. ત્યાં ગયે છૂટકો છે. એમ થાય તો બીજામાં રાજી ન થાય. જેમ બને તેમ રાગદ્વેષ છોડી સમભાવમાં આવવું. એ માટે સામાયિક કરવાનું કહ્યું છે. જીવ કરવા માંડે તો થાય. થોડે થોડે કરવા માંડે તો થાય એવું છે. જ્ઞાની મોક્ષ આપણી પાસે લાવીને મૂકે છે. તમારી વારે વાર છે. જેટલે અંશે પુરુષાર્થ મોક્ષને અર્થે કરશો

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ—અન્યત્વભાવના, વચનામૃત પૃષ્ઠ ૪૪.

તેટલો સફળ થશે. મોક્ષે જવાય એવા ભાવોથી જીવ અજાણ્યો છે. બધાય ભાવો યથાર્થ થાય તો મોક્ષ થાય. જ્ઞાનીએ પોતાનું સ્વરૂપ અનુભવ્યું. એ અસંગ સ્વરૂપ ક્યારે પ્રાપ્ત થાય? તો કે વૈરાગ્ય આવે ત્યારે. એ પણ સત્સંગથી આવે. અસંગ સ્વરૂપ અને નિર્મોહીપણું એ પોતાનું સ્વરૂપ છે. અત્યારે જીવ મોહનાં કારણો એકઠાં કરે છે. જ્ઞાનીને શું ગમે છે? તે કરવાનું છે. જ્ઞાની જેવા કોઈ સુખી નથી. નિર્મોહીપણું છે એ એમને સુખ આપે છે. મોહનીય કર્મ ત્રણ પ્રકારે છે : રાગ, દ્વેષ અને અજ્ઞાનરૂપ.

"તમે નીરાગી, નિર્વિકારી, સત્‌ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો." એ ખરું સ્વરૂપ છે. તેની ભાવના કરવાની છે. જેટલી કરશો તેટલો મોક્ષ પાસે આવશે. જીવને અસંગપણાનો પરિચય નથી તેથી ગળે ઊતરતું નથી. સમભાવમાં આનંદ છે, રસ છે. સગાંવહાલાં—બધા ભાવ છૂટી જાય ત્યારે સમભાવ, સમરસપણું આવે. જેટલો દેહમાં મમત્વભાવ હોય તેટલો 'હું દુઃખી છું' એવી ભાવના થાય છે. શાતા-અશાતા શરીરમાં થાય છે. દેહાધ્યાસ છૂટે તો સમરસપણું આવે. મહાપુરૂષોએ બધાં શાસ્ત્રો વિચારીને ટૂંકામાં કહ્યું કે "જેટલા અંશે અસંગપણું, નિર્મોહીપણું, યથાર્થ સમરસપણું રહે છે તેટલું મોક્ષપદ નજીક છે." બધાં શાસ્ત્રોનો સાર અસંગપણું છે અને તે સત્સંગ વિના થતું નથી.

મહાપુરુષોનું હૃદય કોમળ હોય છે. કોઈ દુભાય તેવું વર્તન તેમનું હોતું નથી. તેમ છતાં પણ જીવનું મન કંઈ દુભાયું હોય તેથી ક્ષમાવી લે છે. ભવોભવમાં જે કંઈ અપરાધ થયો હોય, તે ક્ષમાવી લે છે. નમ્રભાવે ક્ષમાવે છે. ક્ષમા એ મુનિઓનો પહેલો ધર્મ કહેવાય છે. ક્ષમા એટલે કોઈની પાસે ક્ષમા માંગવી. વિનયભાવ ધારણ કરી કોઈનું મન દુભાવ્યું હોય તો માફી માંગવી તે ક્ષમા છે અને બીજી ક્ષમા પોતાને દુઃખ આવી પડ્યું હોય તે ખમી ખૂંદવું, તે પણ ક્ષમા છે. દશ યતિધર્મમાં ક્ષમા મુખ્ય છે.

કલ્યાણ કરવાનું હોય તેને આ ભાવના કરવાની છે. રાગદ્વેષને લઈને સંબંધ છે. એ રાગદ્વેષ છોડવાના છે. એ રાગદ્વેષ પ્રત્યે જ્યાં સુધી દૃષ્ટિ હોય ત્યાં સુધી જીવને ખળભળાટ થયા વિના ન રહે, સમાધિમરણ બગડી જાય. આત્મા સમાધિમરણમાં સમભાવમાં રહે છે. પર્યાયદૃષ્ટિ છૂટી એને આત્મદૃષ્ટિ થાય છે. દેહભાવ જેને છૂટી જાય તેને સમાધિમરણ થાય. મરણની કસોટીમાં પાસ થઈ ગયો તો પછી બધે પાસ થાય. મનુષ્યભવમાં થાય એવું છે. એ જ સમાધિમરણનું કારણ છે. જ્યારે આત્મદૃષ્ટિ થાય ત્યારે બની શકે એવું છે.

"સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો." એટલું હૃદયમાં કોતરી રાખવાનું છે.

ટૂંકો પત્ર છે. પણ એમાં અગાધ વસ્તુઓ મૂકી છે. આ બધા રત્નો જેવા શબ્દો મૂક્યા છે. જ્ઞાનીપુરુષોનો જે અનુભવ છે તેના સારરૂપે આ લખ્યું છે. એને ઘૂંટીને પી જવું. ભક્તિ વગર જ્ઞાન પ્રગટતું નથી. વાતે વડાં ન થાય. આત્મા જેટલો વળશે તેટલું કામ થશે.

[વ૦ ૭૮૧] ૫૧૦ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— સમાધિમરણ કરાવવા સોભાગભાઈને કૃપાળુદેવે 'પરમપુરુષદશાવર્ણન' વાળો

પત્ર લખ્યો છે અને આપણે એ કરવાનું છે. પરમપુરુષની માન્યતા તો કોઈ જુદી છે. એ બીજા પ્રકારની છે. સ્નેહ કરે તો કર્મ બંધાય છે. તેથી  જન્મવું ને ફરી મરવું પડશે. તેથી પરમપુરુષો સ્નેહને મરણ સમાન જાણે છે. લોકો મોટા કહે, વખાણે એવી ઇચ્છા એને થાય નહીં. એ થાય તો મહાપુરુષો એને અનર્થકારક જાણે છે. શરીર પોતાનું કે બીજાનું; આખરે રાખોડી કરી નાંખશે. રાખનાં પડીકાં છે, નાંખી દેવા જેવાં છે. આપણી નજર ન પહોંચે, એટલા ઊંચા મહાપુરુષો છે. ક્યારે દીક્ષા આવે, ક્યારે દીક્ષા આવે; એમ હોય અને ઘરમાં રહેવું પડે તો દુઃખ લાગે છે. ભગવાન મહાવીરને બે વર્ષ રહેવું પડ્યું હતું, તે એવું લાગતું હતું. કુટુંબનું કામ કરવું પડે તો કાળ જેવું લાગે છે. પુણ્યનો ઉદય એ વિષ્ટા સમાન જાણે છે. જ્ઞાનીપુરુષની આજ્ઞાથી અસ્થિમિંજા જેમ જેમ રંગાશે તેમ તેમ કલ્યાણ થશે. બધાયના ભાવ સરખા હોતા નથી. એક ગુરુના પચાસ શિષ્યો હોય તે સરખા હોતા નથી. જગતના ભાવો જીવને એકદમ છૂટતા નથી. જેમ જેમ યોગ્યતા વધે તેમ તેમ માહાત્મ્ય લાગે. અમૃત જેવો ઉપદેશ ચાલતો હોય અને બીડી જેવા ધુમાડામાં વૃત્તિ જાય છે. આ મનુષ્ય દેહે તો કોઈ પ્રત્યે રાગ અને કોઈ પ્રત્યે દ્વેષ કરવો નહીં. અંતઃકરણનો પ્રેમ એણે વેરી નાંખ્યો છે. ત્યાંથી ઉઠાવી–

**“પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,**
**સબ આગમભેદ સુઉર બસેં;**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,**
**નિજકો અનુભૌ બતલાઈ દિયે.”**

સત્પુરુષ પર પ્રેમ રહે તો વૃત્તિ બીજે ન જાય. સાચો થઈને એટલું જ કરે તો મોક્ષ થાય. જગતના બધા પદાર્થો પ્રત્યે વીતરાગદશા રાખવી. કશાયની ઇચ્છા કરવા જેવી નથી.

[વ૦ ૭૮૧] ૫૧૧ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૭, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જેને સમાધિમરણ કરવું છે તેને માટે આ પત્ર છે. જે મુમુક્ષુ હોય તેને સમાધિમરણનો લક્ષ થાય. સમાધિમરણ થવા માટે, ઠેઠ મોક્ષ થાય તે માટે આ ‘પરમપુરુષદશાવર્ણન’ વાળો પત્ર લખ્યો છે. વીતરાગતા આવે તો આત્મા અસંગ સ્વરૂપ છે એમ જાણ્યું કહેવાય. મોઢે કહ્યાથી કંઈ ન થાય.

**“જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય,**
**સુખ દુઃખ આવ્યે જીવને, હર્ષ-શોક નવિ થાય.”**

મારે દેવલોકાદિ કંઈ જોઈતું નથી, એક મોક્ષ જ જોઈએ છે, એમ થાય; કોઈ જીવ પ્રત્યે રાગ-દ્વેષ ન થાય; કોઈ પદાર્થ પ્રત્યે રાગ-દ્વેષ ન થાય, અખંડ એકરસ વીતરાગદશા આવે ત્યારે જાણ્યું કહેવાય. આ જે કહ્યું તે સોભાગભાઈએ કરી બતાવ્યું. એક આત્મપરિણામ સાચવ્યાં. વીતરાગદશા ખંડિત ન થઈ. જ્ઞાનનું ફળ અખંડ વીતરાગદશા રહેવી જોઈએ, તે શાથી રહે ? તે કહે છે.

“આત્મા શુદ્ધચૈતન્ય, જન્મજરામરણરહિત અસંગ સ્વરૂપ છે.”

દેહથી, કર્મથી, શાતાથી, અશાતાથી, બધાથી ભિન્ન છું, એમ કરી મૂક્યું હોય તો મારું સ્વરૂપ એ નહીં, એમ થાય. શુદ્ધચૈતન્ય નક્કી કરી રાખ્યું હોય તો પછી બીજાનો મહિમા લાગે નહીં, કારણ

એણે ઘર ઓળખ્યું છે. જે જાણ્યું તે એણે માન્યું તો સમ્યક્‌દર્શન થયું. આત્મામાં રહેવું એ જ ખરી વીતરાગતા છે; એ જ ઉત્કૃષ્ટ સંયમ છે. સમ્યક્‌દર્શન પછી સમ્યક્‌જ્ઞાન પૂર્ણ થાય. ત્યારપછી સંપૂર્ણ વીતરાગદશા થાય છે. દુઃખના વખતમાં આ વીતરાગદશા એને સાંભરી આવે તો બીજે વૃત્તિ ન જાય.

**[વ૦ ૭૮૧]**(સાંજના સભામાં) **૫૧૨** શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૧૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— સોભાગભાઈને એમ થયેલું કે અંબાલાલભાઈને સુધારસ સંબંધી કંઈક કહું. કૃપાળુદેવે મુંબઈથી અંબાલાલભાઈને લખ્યું કે સોભાગભાઈ તમને યાદ કરે છે, માંદા હશે તેથી ત્યાં જાઓ. અંબાલાલભાઈને કાગળ મળતાં સાયલે જવાનો વિચાર થયો, પણ કંઈક કામ હોવાથી બે ત્રણ દિવસ મોડા ગયા. તે વખતે સોભાગભાઈને વધારે માંદગી હતી. સોભાગભાઈએ અંબાલાલભાઈને કહ્યું કે મારે તમને કંઈક કહેવાનું હતું, પણ તમે મોડા આવ્યા. હવે મને વખત નથી.

કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે કે સગાસંબંધીઓ કેમ ધર્મ પામશે, તેની ચિંતા કરવાની કંઈ જરૂર નથી. જે કોઈ સત્પુરુષને આરાધશે તે સત્યને પામશે. સત્પુરુષને આરાધશે તેટલું કલ્યાણ થશે. સત્પુરુષ સાચા મનાય તો સંસાર ખોટો મનાય. આ સત્પુરુષ છે એમ થયું નથી. સત્પુરુષ ઓળખાય તો બીજું ગમે નહીં, ઝેર જેવું લાગે. સત્પુરુષની ઓળખાણ નથી થઈ. થાય તો એવું થાય.

“જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે, જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય.” (૪૯૩)

ભક્તિ કરે તેનું ફળ આત્મજ્ઞાન આવે, પણ એકદમ આવે નહીં. જેમ જેમ સત્પુરુષ ઓળખાય તેમ તેમ અનંતાનુબંધી મંદ થાય છે. રસ્તો એ છે. સત્પુરુષને વળગ્યો તો આત્મજ્ઞાન થયા વિના છૂટકો નથી. અને જો છોડી દે, તો પછી રખડે. કૃપાળુદેવે ચતુરલાલજી મુનિને કહ્યું કે તમે અમારી આજ્ઞાએ વર્તશો તો ગમે ત્યાંથી ખેંચી લઈશું અને આજ્ઞા મૂકી દીધી તો તમે જાણો. જ્ઞાનીપુરુષ પ્રત્યે ભાવ થયો છે તો મોડું-વહેલું કલ્યાણ થશે. વ્યવહાર કે પરમાર્થ સંબંધી કંઈ પણ વિકલ્પ રાખશો નહીં. આખરે કોઈ વિકલ્પ ન આવે, એ લક્ષ રાખીને બધું ભૂલી જવું. સાચી વસ્તુ જાણી તો બીજી કોઈ વસ્તુને ઇષ્ટ માનવી નહીં.

**“જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય;**
**સુખદુઃખ આવ્યે જીવને, હર્ષ-શોક નવિ થાય.”**

તો જાણ્યું કહેવાય. જાણ્યું નથી.

ગમે તેટલાં શાસ્ત્રો મોઢે કર્યાં હોય, પણ જો આ ફળ ન આવ્યું તો એ જ્ઞાન ન કહેવાય. આ જાણવાનું છે કે આત્મા મરવાનો નથી. આત્માનું શુદ્ધ સ્વરૂપ છે, તે જ બધાં જ્ઞાનનો સાર છે. આત્મા કેવો છે? અસંગસ્વરૂપ. એને જન્મ-મરણ નથી. એવી જેને પ્રતીતિ થઈ હોય તો પછી દેહ છૂટે તોય હું મરતો નથી એમ રહે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન થાય તો વીતરાગ થાય અને

તેનું ફળ મોક્ષ થાય. બધાનો સાર સોભાગભાઈને કૃપાળુદેવે કહી દીધો. મોક્ષે જવું હોય તો આ માર્ગ છે. મહાપુરુષોમાં એવી શક્તિ હોય છે કે સાગરને ગાગરમાં સમાવી દે, એવું આ પત્રમાં છે. વૈરાગ્ય હોય તો સિદ્ધાંતબોધ સમજાય. ઉપદેશબોધ ઘણો થયો હોય ત્યારે સિદ્ધાંતબોધ સમજાય છે. (ત્યારબાદ પત્ર બીજી વાર વંચાયો).

**"રાજેશ્વરી તે નરકેશ્વરી."**

નરકે જવું હોય તો રાજ્યને ઇચ્છવું. જન્મ-મરણ ઊભા થવાનું કારણ પ્રતિબંધ જે કર્યા છે તે છે. મોટાઈ કંઈ કામની નથી. મને રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત થાય, પણ એ ઝેર જેવું છે. લોકો જેને વખાણે તે ઝેર છે. રિદ્ધિ-સિદ્ધિ મને પ્રાપ્ત થાય, તે તાવ આવવાની ઇચ્છા કરે તેના જેવું છે. લોકો મને વખાણે એવી ઇચ્છા થાય તો ભૂંડું થવાનું છે એમ જાણવું. જેને બાળીને રાખ કરવાની છે એવી જે કાયા તેના ઉપર મોહ કરવો તે રાખનાં પડીકાં ઉપર મોહ કરવા જેવું છે. જેને મોહનાં કારણોમાં મૂંઝવણ થાય તે મુમુક્ષુ છે. મોહનાં કારણો જ ભોગમાં હોય છે. તેમાં મૂંઝાય તે મુમુક્ષુ છે, નહીં તો બુભુક્ષુ છે. ઘરમાં રહેવું પડે, રહેવાનું મન ન હોય તેમ છતાં રહેવું પડે તો એને ભાલા જેવું જાણે. ક્યારે મુનિ થઉં, ક્યારે મુનિ થઉં એમ થાય. ઘરનાં કામ કરવાં પડે તેને મરણ સમાન જાણે. સ્વરૂપને ભૂલીને કરવું પડે તે મરણ જેવું જ છે. નાકનો મેલ હોય તો ક્યારે ખંખેરું એમ થાય, તેમ સત્પુરુષોને કીર્તિ નાકના મેલ જેવી લાગે છે, કીર્તિને ક્યારે ખંખેરું એમ થાય છે. પુણ્યને એ વિષ્ટા જેવું જાણે છે. વંદન કરવા યોગ્ય આ પુરુષ છે. અસંગ દશા ન રહે તો એ દશાનો વિચાર કરવાનું સોભાગભાઈને લખ્યું છે.

**[વ૦ ૭૮૧]** (બપોરના ઉપર) ૫૧૩ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– આપણે મોટા થઈએ એમ જીવ ઇચ્છે છે, પણ તે મોટાઈ મુખની લાળ જેવી છે. શ્રીમદ્‌ના એક ભક્ત હતા તેમને શ્રીમદે આ પત્ર લખ્યો છે કે મરણ વખતે કોઈ વિકલ્પ કરવા જેવા નથી. જ્ઞાનીપુરુષનો યોગ હોય તેને થોડા વખતમાં ઉત્કૃષ્ટ દશા પ્રાપ્ત થાય છે. મરતી વખતે વ્યવહાર સંબંધી શું થશે? તેનો વિચાર ન કરવો અને પરમાર્થ સંબંધી પણ આ કુટુંબીઓનું શું થશે? એવી ચિંતા કરવી નહીં. હું તો અસંગ છું એ ભાવના ન રહે તો ઉપર જે કહી તે પરમ પુરુષની દશા લક્ષમાં રાખવી. 'વ્યવહાર-પરમાર્થ સંબંધી તમે ચિંતા છોડી છે' એમ લખે છે, તેમ છતાં એમને ચેતાવે છે. છેવટે કોઈ વિકલ્પ ન રાખવો. મારું-તારું, ઘર-કુટુંબ, છોકરાં-છૈયાં બધું ભૂલી જવું. આખી જિંદગીમાં જાણ્યું તેનો સાર એ કે કોઈ પ્રત્યે રાગ ન રાખવો, વીતરાગ દશા રાખવી, એ છે. સર્વ દુઃખનો ક્ષય એટલે મોક્ષ. મોક્ષે જવું હોય તેણે કેવા ભાવ કરવા જોઈએ, તે બધું આ પત્રમાં બતાવ્યું છે.

**[વ૦ ૭૮૧]** (રાતના સભામાં) ૫૧૪ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૧૦, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સોભાગભાઈને સમાધિમરણ થવા આ પત્ર લખ્યો છે. તે જાણે આપણે માટે જ લખ્યો છે, એમ જાણી સાંભળવો. તે વખતે તો ભાવના થશે કે નહીં, પણ અત્યારે તો કરી લેવું. જે આ બધું વર્ણન કર્યું, તે મહાપુરુષનાં કયા કયા લક્ષણો છે તે કહ્યાં. મહાપુરુષની દશાનો લક્ષ

મરણ વખતે રાખવો.

જગતમાં કંચન અને કામિની એ બે કહેવાય છે. એની પાછળ આખું જગત ગાંડું થઈ ગયું છે. સોનાને મહાપુરુષો કાદવ સમાન જાણે છે. એ સાંભળીને આપણે સોનાનો લોભ છોડવો. બધા ઉપરથી મોહ ઉતારવો. સોના પ્રત્યે એને માહાત્મ્ય છે, પણ એ કાદવ છે એવું એના લક્ષમાં રહે, એવું કરવું. કર્મ બંધાવે એવું છે. જેમ કાદવ ધૂળ છે તેમ આ સોનું પણ ધૂળ છે, માટી છે. આ પીળી માટી જેવું જ છે. એમાં મોહ છે જીવને. તે મટાડી સત્પુરુષમાં કરવાનો છે. આપણને સોનાનો લોભ હોય તો તે છોડવાનો છે. સોનું પોતે ન પહેરતો હોય, તોય એને મહત્તા લાગે છે. બીજા કોઈને ઘરેણાં પહેરેલો જુએ તો એને થાય કે બહુ સારું ચળકે છે, એમ એને માહાત્મ્ય છે તેથી એમ થાય છે; તે બધો મોહ છે તે છોડવાનો છે. નરેશપદ કહેવાય છે તે નીચ પદ જેવું છે. લોકો વખાણે કે એને અમલદારી છે, પણ એ નીચ પદો છે. એ અધોગતિનાં કારણ છે. રાજેશ્વરી તે નરકેશ્વરી; માટે તે નીચ પદ છે, તે કર્મ બંધાવનાર છે તેથી નીચ પદ છે. એ નિર્મોહી પુરુષનાં લક્ષણો છે. કોઈની સાથે પ્રેમ, પ્રતિબંધ, ઓળખાણ કરવી તેને મહાપુરુષો મરણ સમાન જાણે છે. જેને જન્મમરણ વધારવાં હોય તે આ પ્રતિબંધ કરે. કૃપાળુદેવ 'અમને કોઈ ન ઓળખે તો સારું' એમ ઇચ્છતા. મોટાઈ છે તે ગાર જેવી છે. ત્રણ પ્રકારના ગારવ તે રસગારવ, રિદ્ધિગારવ, શાતાગારવ કહેવાય છે. શાતાગારવવાળો છે તે એમ કહે કે મને નખમાં પણ રોગ નથી, તેય કર્મ બંધાવનાર છે. રસગારવ હોય તો એમ થાય કે અમે તો એવું ન ખાઈએ, સારું સારું જ ખાઈએ. રિદ્ધિગારવ હોય તો એમ થાય કે અમારા જેવા મોટા કોઈ નથી. રિદ્ધિ હોય તો એ જીવને પાડનાર છે. પ્રભુશ્રીજી કહેતા કે રિદ્ધિ-સિદ્ધિને તો લાત મારીને કાઢી મૂકી છે. એ જીવને પાડનાર છે. કર્મ બંધાવનાર છે. મહાપુરુષો મોહના કામમાં લપટાતા નથી, એથી નિર્લેપ રહે છે. કિમિયા વગેરે જોગને ઝેર જાણે. લોઢાનું સોનું કરવું વગેરે આવડતું હોય તો તેને ઝેર જાણે. લોકોને એ સારું લાગે છે, પણ એ આત્માને નુકસાન કરનારું છે. આત્માને બીજી જગ્યાએ લઈ જાય છે. કોઈ કળા આવડતી હોય તો તેને અશાતા જેવું જાણે. લોકો આપણો ભાવ પૂછશે એમ જાણી અનેક પ્રકારની કળાઓ શીખે, પણ મહાપુરુષો એને અશાતા જેવી, તાવ જેવી જાણે છે. હોંસ છે તે બધી એને નુકસાન કરનારી છે. ''પુદ્ગલછબિ છારસી.'' પુદ્ગલ છે તેના પર્યાય રૂપ, રસ, ગંધ, વર્ણ જોઈને મોહ પામે છે, પણ મહાપુરુષો એને રાખનાં પડીકાં જાણે છે. જગતના ભોગવિલાસ છે એ મુમુક્ષુને મૂંઝવનાર છે. એથી ક્યારે છૂટું એમ એને જાળ જેવું એ લાગે છે. ઘરમાં રહેવું એને ભાલા જેવું લાગે. જેમ પક્ષીને પાંજરામાં રહેવું વસમું લાગે છે, તેમ એને ઘરમાં રહેવું લાગે છે. મુનિપણામાં રહેવું સારું લાગે છે. ઘરનાં કામ મરણ જેવાં લાગે છે. લોકોમાં મોટાઈ વધારવાની ઇચ્છાઓ છે તે લાળ જેવી છે. લાળને કોઈ મોટી કરવા ન ઇચ્છે, તેમ મહાપુરુષો મોટાઈને ઇચ્છતા નથી. કીર્તિને નાકના મેલ જેવી જાણે. પુણ્યના ઉદયને વિષ્ટા જાણે. સમ્યક્દૃષ્ટિને દેવનાં સુખો બળતરા જેવાં લાગે. જેની દૃષ્ટિ ફરી ગઈ છે તેને એવાં જ લાગે છે. એવા જે દેહાતીત દશાવાળા પુરુષ છે તે વંદનયોગ્ય છે. મરણ સુધારવું હોય તો મન જ્યાં જ્યાં કનક વગેરેમાં જાય

તો, 'ના મારે એ રસ્તે નથી જવું' એમ કરી પાછું વાળવું.

અઘરામાં અઘરું સ્નેહપાશ તોડવો એ છે. ગમે તેટલો અઘરો લાગે, પણ સ્નેહપાશ તોડવો. રાગદ્વેષ મોટાં બંધન છે. મહાપુરુષો મોટાઈથી ભય પામે છે. ચિદાનંદજી જેવા જંગલમાં નાસી ગયા. મોટાઈવાળાને દુઃખ થાય છે. ચંદ્ર, સૂર્યનું ગ્રહણ થાય છે, પણ તારાઓનું થતું નથી. ([1]ભર્તૃહરિ અને શુભચંદ્રનું દૃષ્ટાંત અહીં આપ્યું હતું). મોહ છોડાવા માટે સોનું દેખાડ્યું. કોઈનું હિત થતું હોય તો જ એવું કરે, નહીં તો ન જ કરે. ઝેર જેમ પાસે હોય પણ ખાવામાં કામ ન આવે તેમ રિદ્ધિસિદ્ધિઓ ઝેર જેવી લાગે છે. જગતને રૂડું દેખાડવા તો જીવે ઘણું કર્યું. વાસનાઓ છે તે જ સંસાર વધારનાર છે. પરમાર્થને નામે પછી જીવ મોટાઈ કરે ત્યાં ઠગાય છે માટે ચેતાવે છે. કેટલી ઊંચી દશા છે! જગતના જીવો જેને ઇચ્છે છે તેનાથી વિપરીત છે. જગતના જીવોને શરીરના ઉપર મોહ છે, પણ એ રાખનું પડીકું છે. આપણે લોહીથી જરા પણ ખરડાયેલી ચાદર ઓઢી હોય તો ખરાબ લાગે છે, પણ આ શરીર તો લોહી ચામડીથી મઢેલું છે. જગતના ભોગવિલાસ, ખાવુંપીવું બધું દુઃખરૂપ લાગે છે. બધા જીવો મુસાફરી કરી ઘેર રવાના થાય ત્યારે ક્યારે ઘેર જઉં, ક્યારે ઘેર જઉં એમ થાય છે, પણ એમને તો ભાલા જેવું લાગે છે. કુટુંબનાં કામ એને મૃત્યુ જેવાં લાગે. કોઈ વખાણ કરે તોય એને શરમ આવે કે મારાં વખાણ શા માટે કરે છે? મોહની મીઠાશ બધી એમાંથી એમને જતી રહી છે. પ્રભુશ્રીજી કહેતા કે લીંટ ઉપર માખી બેઠી હોય તો તેની પાંખ તેમાં ચોંટી જાય છે, તેમ કીર્તિથી તેમાં ચોંટી જાય છે. પુણ્યથી આત્માનું શું થાય? મનુષ્યભવ મળ્યો તે પુણ્યનો ઉદય ભોગવતાં નકામો જાય. કૃપાળુદેવને અવધાન કરવા બોલાવતા, પણ કૃપાળુદેવને લાગ્યું કે આ બધું કલ્પિત છે. સત્સંગ વિના જીવને કંઈ ખબર ન પડે. અજાણ્યો અને આંધળો બેય બરાબર છે. આત્માનું કામ જેને કરવું છે તેને પારકી પંચાત છોડવાની છે. જેને સમાધિમરણ કરવાનું છે તેણે બધા કુટુંબ વગેરેના વિકલ્પો છોડવા.

**"હું પામર શું કરી શકું? એવો નથી વિવેક;**
**ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક."**

જે કોઈ જ્ઞાનીની આજ્ઞા આરાધશે તેનું કલ્યાણ થશે, પણ આનું કલ્યાણ કરું, ફલાણાનું કરું પણ કંઈ થાય નહીં. અહંકાર થાય. પોતાપણું અંદરથી કાઢી, શાંતિ અત્યારે કરી રાખે તો સમાધિમરણ થાય. તે વખતે કંઈ ન થાય. આપણેય કલ્યાણ કરવું હોય તો એ રસ્તો છે. જેમ સગાં પ્રત્યે પ્રેમ છે તેમ જ્ઞાનીપુરુષ પ્રત્યે પ્રેમ થશે તેટલું કલ્યાણ આપણું થશે.

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,**
**સબ આગમભેદ સુઉર બસેં."**

છોકરાઓ ધર્મ પામશે કે નહીં, એમ ચિંતા કરવી નહીં. જેમ જેમ પુરુષાર્થ કરશે તેમ તેમ કામ થશે. ભલે અત્યારે ન જણાય, પણ સત્સંગ કરતો હોય તો તેનું ભવિષ્યમાં ફળ થશે. આપણને ખબર ન પડે, પણ નિત્યનિયમ ન કરતો હોય, ભક્તિ ન કરતો હોય, પણ સત્સંગ કરતો

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ ૫૨૨.

હોય તો તેનું ફળ ભવિષ્યમાં મળે છે. બધાથી આગળ ચાલ્યો જાય તેવું થઈ જાય.

મરણ વખતે એક તો અસંગદશા તે કામની છે. એ અસંગદશા ન કરી હોય તો પરમપુરુષની દશાની સ્મૃતિ કરવી કે મહાપુરુષે કેવું કર્યું છે! શુદ્ધાત્માનું અવલંબન હોય તો જીવને શુદ્ધાત્મા પ્રાપ્ત થાય. વિકલ્પો કરીએ તો ઊલટું આપણું બગડે. આ સમજ જો હોય તો કોઈ ફિકર ન થાય. જેટલું પૂર્વપ્રારબ્ધ બાંધ્યું હોય તેટલું મળે છે. દાંત હોય તેને ખાવાનું મળી આવે, એવું બાંધ્યું હોય છે. કૂતરાને પણ ખાવા મળે છે, પણ જીવને તૃષ્ણા છે. તૃષ્ણાનો ખાડો ઊંધો છે. ત્યાગ કરે તો એ પુરાય, નહીં તો જેમ નાંખે તેમ તેમ એ વધે છે. તૃષ્ણાનો ખાડો બહુ ઊંડો છે. જ્ઞાની કહે તે પ્રમાણે કરવા માંડવું. થોડું તો થોડું, પણ હવે બીજામાં, શરીરાદિમાં મીઠાશ રાખવા જેવી નથી. વ્યવહારના, પરમાર્થના બધા વિકલ્પો છોડવાના છે. ખરો પુરુષાર્થ તો પરમાર્થને માટે કરવાનો છે. વ્યવહારનું તો જે પ્રમાણે પૂર્વે બાંધ્યું છે તે પ્રમાણે મળી આવે છે.

આજ સુધી જે કંઈ જાણ્યું, ભણ્યા તેનું ફળ વિરતિ આવે, વૃત્તિ વિરામ પામે, વીતરાગદશા આવે એ જ જ્ઞાનનું ફળ છે. નહીં તો કેટલાક મરતી વખતે નિયાણા કરે છે કે પુણ્યનું ફળ હોય તો મને ફલાણું મળો. ચૌદ પૂર્વનું જ્ઞાન છે તે પણ જ્ઞાન છે, પણ મૂળ જ્ઞાન એટલું છે કે આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે, ચૈતન્ય સ્વરૂપ તે મારું છે; જન્મમરણ એ દેહને, પણ મને નહીં. હું તો અસંગ છું. એટલું જાણ્યું તો એમાં બધાં શાસ્ત્રો સમાયાં. વારંવાર એ ભાવના કરવી કે હું દેહ નથી; વેદના વગેરે શરીરના ધર્મ તે મારા નથી. આત્મા અસંગસ્વરૂપ છે. મરતો નથી, જન્મતો નથી. એ મૂળજ્ઞાન છે. 'મૂળમાર્ગ'માં કહ્યું છે કે—

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે; ઉપયોગી સદા અવિનાશ,**
**એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે; કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ."**

આત્મા બધાથી ભિન્ન છે, ઉપયોગી છે, અવિનાશી છે. એટલો બોધ પરિણામ પામે એટલું કરવાનું છે. બધાં શાસ્ત્રો ભણીને એ કરવાનું છે.

**"જેમ આવી પ્રતીતિ જીવની રે; જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ,**
**તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે; નામ ચારિત્ર તે અણલિંગ."**

ખરું જ્ઞાન એ છે. દેહ હું એમ થયું છે; તે મટી 'હું આત્મા છું' એમ પ્રતીતિ થઈ તે સમ્યક્ત્વ અને નિરંતર એ પ્રતીતિ રહે તો ક્ષાયક છે. આ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું. એ જ નિરંતર રહ્યા કરે તો એ ચારિત્ર છે. અસંગ આત્મા છે. એમ સ્થિરતા રહે તો ચારિત્ર છે. એટલું પરિણામ પામે તો સમાધિમરણ થાય. મોટા મુનિઓ ન કહે તેવી વાત કહી છે.

**[વ૦ ૭૮૧]** (રાત્રે સભામાં) **૫૧૫** શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૧૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— સોભાગભાઈ ઉપરનો આ છેલ્લો પત્ર છે. તે આપણા કાનમાં પડે એ મહાભાગ્ય છે. આપણે બધી ભાવના કરવાની છે. સોનું છે તે તો કાદવ છે એવી ભાવના કરવી. ભાવના કરીને કૃપાળુદેવ જેવું થવું છે. એવી દશા પામ્યા છે તે મહાપુરૂષોને નમસ્કાર છે. મુમુક્ષુથી ઠેઠ જ્ઞાનીપુરુષ સુધીમાં ઘણા ભેદ છે. તે બધા ભેદે ક્રમે ક્રમે આપણે જવું છે.

સોનું છે તે કાદવ છે. સોનું દેખીને સારું લાગે છે. શરીર જ કાદવ જેવું છે. તેના ઉપર સોનું પહેરે એ વધારે કાદવ. રાજગાદી છે તેને નીચપદ જેવી જાણે. બધું કરીને પોતાનો ભાવ કાઢી નાખવાનો છે. મારે તો મોક્ષ જોઈએ છે, પુદ્ગલનો મોહ છોડવો છે. રાગદ્વેષ એ બેથી સંસાર ચાલે છે. એ પ્રતિબંધને લઈને સંસાર થાય છે. જે કંઈ સંસારના ભાવ છે તે સંસારનું કારણ છે.

'મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી.' હલકા પ્રત્યે મૈત્રી કરવા જાય તો હલકો થાય. મોટા થવાની ઇચ્છા તે ગાર જેવી છે. જ્યાં લોકો મોટાઈ આપે ત્યાંથી પાછો હઠે. કંઈક ચમત્કાર કરતાં આવડતું હોય તો તેને ઝેર જેવું જાણે. રિદ્ધિસિદ્ધિને, રોગ થયો છે એમ જાણે, તે પાડી નાખનાર છે આત્માને. કીમિયા એટલે લોઢાનું સોનું કરે વગેરે અનેક પ્રકારના ચમત્કારો જગતમાં હોય છે. વચનસિદ્ધિ થાય તો તેનું કહેવું ખરું પડે. તેથી લોકો તેને પૂછવા જાય, તેમાં બધું જીવનું લૂંટાઈ જાય છે. માટે જ્ઞાની હોય તે તો શમાય. જગતમાં હું મોટો થાઉં એવી હોંસ કરી, તો જાણવું કે અનર્થ થયો. આત્માને અહિત થયું. યશોવિજયજીએ કેટલાય ગ્રંથો લખ્યા, પણ ઉપાધ્યાયના ઉપાધ્યાય જ રહ્યા; મોટા ન થયા. જગતમાં વધારેમાં વધારે મોહ શરીર ઉપર છે. પણ એ તો રાખનું પડીકું છે. જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી આત્માનું કામ કરી લેવું. ખરી મુમુક્ષુતા-તીવ્ર મુમુક્ષુતા આવે ત્યારે એવી દશા થાય. ભોગવિલાસ પુણ્યને લઈને હોય છે, પણ એને રુચે નહીં. સાચી સમજણ આવે ત્યારે એવું થાય. નહીં તો પતંગીયાની જેમ આંધળો થઈને જીવ ભોગોમાં પડે છે. જેને અસંગભાવ હોય તેને કુટુંબ વગેરે ભાલાની જેમ ખૂંચે છે. વ્યવહારમાં વર્તવું પડે તે ગમતું નથી. એને એમાં રહેવું પાલવતું નથી. જેને સમજણ આવે તેને કુટુંબનાં કામ કાળ જેવાં લાગે. જેને અસંગ થવું છે તેને માટે આ બધું છે. આબરૂનું જીવને એટલું બધું હોય છે કે આટલા હજાર કમાઉં. પેટમાં ફાકો મૂઠી નાખે, પણ તૃષ્ણામાં જીવ તણાયો જાય છે. મુખમાં લાળ હોય તો લૂછી નાંખે, વધારે લાંબી કરે નહીં. એવી રીતે જ્ઞાનીપુરુષો લોકમાં લાજ વધારતા નથી. કૃપાળુદેવે લખ્યું છે કે અમને કોઈ ના ઓળખે તો સારું. એવી દશા ક્યારે આવશે? એ ભાવના કરવાની છે. જીવને કીર્તિની ઇચ્છા છે, પણ એ તો નાકના મેલ જેવી છે. મોક્ષે જવું છે તેને પુણ્ય-પાપ બન્ને છોડવાનાં છે. મારે તો દુઃખ જ જોઈએ એમ ઘણા ભક્તોએ માંગ્યું છે. જુવાનીમાં તો ભગવાન ન સાંભરે, લહેર કરે, પણ વૃદ્ધાવસ્થામાં યાદ આવે. યુવાની ગધ્ધાપચીશી જેવી છે. જગતની બધી સ્પૃહા છોડી ત્યારે વંદન કરવા યોગ્ય થયા. એમાંથી એક ગુણ પણ આપણામાં આવે તો કલ્યાણ થઈ જાય.

સોભાગભાઈને કૃપાળુદેવ શીખામણ આપે છે તે આપણને જ આપે છે. આપણે એવા જ થવાનું છે. કોઈ કોઈનું થયું નથી. આ સગાં છે તે પણ દેહ છૂટી ગયા પછી કંઈ નથી. બધું જીવને ભોગવવું પડશે. પારકી પંચાત છોડી ''સર્વ જીવ છે સિદ્ધ સમ'' એવી દૃષ્ટિ થયા વિના વિકલ્પો છૂટે નહીં. બે પ્રકારના વિકલ્પો છેઃ વ્યવહારના અને પરમાર્થના. પરમાર્થ સંબંધી કોઈના વિકલ્પો કરવા નહીં. સર્વ જીવ કર્માધીન છે. સત્પુરુષના વચન, તેની પ્રતીતિ અને આજ્ઞામાં રંગાઈ જવું, એ કરશે તો કલ્યાણ થશે. રસ્તો આ છે. જ્ઞાનીપુરુષ પ્રત્યે ભાવ થશે તેનું કલ્યાણ થશે. બીજાનું તો કલ્યાણ થવાનું હશે, તે જ્ઞાની દ્વારા થશે. મારે તો મારું કરવું. અકિંચન ભાવ કહ્યો છે કે મારું

જગતમાં કંઈ છે નહીં એવું કરવાનું છે. સોભાગભાઈને બધા મુમુક્ષુઓમાં મુખ્ય અંબાલાલભાઈ પ્રત્યે વૃત્તિ હતી અને બીજી એમના કુટુંબીઓ ધર્મ પામે એવી વૃત્તિ હતી. જેમ જેમ સત્પુરુષનાં વચનો સાંભળશે, વાંચશે-વિચારશે, વચનમાં તલ્લીન થશે ત્યારે જ કલ્યાણ થશે. મહાપુરુષનો આશ્રય મળ્યો હોય અને જીવને છૂટવાની ભાવના હોય તો જીવનું થોડા કાળમાં કલ્યાણ થઈ જાય. એને માટે વખતની જરૂર નથી. આત્મા ફરવો જોઈએ. સમકિત થતાં કેટલી વાર ? તો કે એક ફૂલની પાંખડી તોડે તેટલી વાર પણ સમકિત થતાં ન લાગે અને નહીં થાય તો અનંત કાળ સુધી ન થાય. અનંત કાળમાં જીવને એ સમકિત થયું નથી એવું અઘરું પણ છે.

પરમાર્થના, વ્યવહારના બધા વિકલ્પો કાઢી નાખવા. પ્રભુશ્રીજી કહેતા કે આજથી જાણે મરી જ ગયા. કોઈ મારું છે જ નહીં. પરમપુરુષની દશામાં વૃત્તિ રાખવી. અસંગપણું આવ્યું હોય તો એને પોષવું. ન હોય તો મહાપુરુષની દશામાં વૃત્તિ રાખવી. આપણું ધાર્યું કંઈ થવાનું નથી. સાચા પુરુષ છે, તેનાં વચન સાચાં છે. હવે ગ્રહણ કરનાર સાચો જોઈએ, તો કલ્યાણ થાય. એને જ્ઞાનીપુરુષના વચનોની કિંમત નથી. તેથી એ ગ્રહણ થતું નથી. પૈસાની કિંમત છે. ચોખ્ખો થયો નથી. બધી વાસનાઓ, ઇચ્છાઓથી મલિન થઈ રહ્યો છે. બધું સાફ કરી નાખ્યું હોય તો સારી વસ્તુ દેખાય. એને જ્ઞાનીનું કંઈ માહાત્મ્ય નથી. બીજી વસ્તુઓ દૂર કરે તો જ્ઞાનીનું કહેવું પકડાય. એક વચનથી કેટલાય મોક્ષે ગયા છે. આપણને એવાં વચન તો મળ્યાં છે, પણ જીવથી ગ્રહણ થતું નથી. જ્ઞાનીએ આત્મા પ્રગટ કર્યો છે. જ્ઞાનીપુરુષ કહે તે એને હિત થાય એવું કહે. પ્રભુશ્રીજી કહેતા કે અમે 'ખીલી ખીલી' કહેવાનું કહીએ તોય કલ્યાણ થાય.'મા રુષ, મા તુષ' મુનિને 'માષ-તુષ' ભિન્ન કરું, કરતાં બે ઘડીમાં કેવળજ્ઞાન થયું. વિકલ્પ કરે તો પોતાનું બગાડે. કોઈને પુણ્યેય અપાતું નથી અને પાપેય અપાતું નથી. પ્રારબ્ધ બાંધ્યા પ્રમાણે પ્રાપ્ત થાય છે. બહુ સમજવા જેવી વાત છે. જો સમજણમાં આવે તો નિરાંત થઈ જાય. જેમ બાંધ્યું છે તેમ થવાનું છે. એ બધા વિકલ્પો મૂકી આજ્ઞા આરાધવાની છે. સંકલ્પ-વિકલ્પો કરી કરી પોતાના ભાવ બગાડે છે. છોકરાં-છૈયાંના એટલા બધા ઊંડા ઘા લાગેલા હોય છે કે મરણ વખત સુધી પણ જતા નથી. મારું કર્યું કશું થવાનું છે નહીં, માટે એમાં વૃત્તિ રાખવા જેવી છે નહીં. નિશ્ચયથી તો એ છે કે કોઈ કોઈનું છે નહીં. મોક્ષે જવું છે તેને જગત ભણી જોવાનું નથી. પૂઠ દેવાની છે. જ્ઞાની પાસે સાંભળ્યું હોય, વિચાર્યું હોય તેનું ફળ વીતરાગપણું આવવું જોઈએ. રાગદશા તે સંસાર છે. વીતરાગદશા આવ્યા વિના મોક્ષ નથી. જ્ઞાનનું ફળ વિરતિ કહ્યું છે. વૃત્તિ વિરામ પામે તો જ જ્ઞાન છે એમ કહ્યું.

**"જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ"**

સાચું જ્ઞાન હોય તો મોહ ક્ષય થઈ મોક્ષ પામે. બધા ભાવ પ્રત્યે, પદાર્થ પ્રત્યે, બધા જડ ચેતન પદાર્થો પ્રત્યે વીતરાગ દશા રાખે, એ જ ભાવ દેહ છૂટતાં સુધી રહે એવું કરવાનું છે. આખા લોકનું વર્ણન ભગવાને કર્યું છે. તેમાંથી એ કામનું છે કે હું શુદ્ધ ચૈતન્ય છું; જન્મમરણ રહિત છું. એટલું જો દૃઢ થયું તો બધું જ્ઞાન એમાં સમાયું. એ આવે તો જ વીતરાગ દશા આવે, નહીં તો મુશ્કેલ છે. સોભાગભાઈને એ અસંગ ભાવ દૃઢ થઈ ગયો, તો મોટા મુનિઓને દુર્લભ એવી

દશામાં મરણ કર્યું. જ્ઞાનથી જે આત્માનું સ્વરૂપ જાણ્યું, દર્શનથી કે પ્રતીતિથી માન્યું તેમાં સ્થિર રહે તો ચારિત્ર છે, સંયમ છે, વીતરાગ દશા છે. સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પૂર્ણતા થાય તો જરૂર મોક્ષ થાય. સંપૂર્ણ સમ્યક્દર્શન ક્યારે થાય? તો કે ક્ષાયિક સમ્યક્દર્શન થાય ત્યારે. ક્ષાયિક જ્ઞાન ક્યારે થાય? તો કે કેવળજ્ઞાન થાય ત્યારે. ક્ષાયિક ચારિત્ર ક્યારે આવે? તો કે યથાખ્યાત ચારિત્ર આવે ત્યારે.

મુમુક્ષુ– અસ્થિમિંજા એટલે શું?

પૂજ્યશ્રી– અસ્થિ એટલે હાડકાં અને મિંજા એટલે ચરબી.

[વ૦ ૭૮૧] *૫૧૯

પૂજ્યશ્રી– આ પત્ર સોભાગભાઈ ઉપર લખેલો છે. સોભાગભાઈને સમ્યક્દર્શન થયા પછી લખેલો છે. જીવ સમ્યક્દર્શનથી પાછો ન પડે, નીચેની સ્થિતિમાં ન આવે અને સમ્યક્ત્વની દૃઢતા થાય, તેને માટે આ પત્ર લખ્યો છે.

(૧) મહાપુરુષો સોનાને કાદવ જેવું જાણે છે એટલે જેમ કાદવમાં પગ ખરડાય તો કેટલું ખરાબ લાગે! તેમ સોના પ્રત્યે ઘૃણા થવી જોઈએ. એ તો પુદ્‌ગલ છે. એમાં મોહ કરવા જેવું નથી.

(૨) રાજગાદીને નીચ પદ સરખી જાણે છે. રાજા હોય તે પ્રાયઃ નરકે જ જાય છે. એ રાજપદ છે તે નરકે લઈ જનાર છે. માટે એને નીચ પદ સરખું ગણે છે. મુનિઓને, રાજાને ઘેર આહાર લેવાની પણ શાસ્ત્રમાં ના કહી છે.

(૩) કોઈથી સ્નેહ કરવો તેને મરણ સમાન જાણે છે. ''ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?'' એમ પરમકૃપાળુદેવે કહ્યું છે. તેમ કોઈની સાથે સ્નેહ કરવાથી મરણ વધે છે. આત્માને મરણ વધારવાનું કારણ હોવાથી સ્નેહને મરણ સમાન કહ્યો છે.

(૪) મોટાઈને લીપવાની ગાર જેવી જાણે છે. લીપવાની ગાર હોય, તેના ઉપર કોઈ ચાલવાનું કરે તો ચાલે? ન ચાલે, તેમ મોટાઈથી માન આદિ વધવાથી આત્મહિત થતું નથી. માટે જ્ઞાનીપુરુષો જેમ જેમ મોટાઈને પામે તેમ તેમ તેમાં તેમને બહુ લઘુતા હોય છે. જેમ જેમ અધિકાર વધે તેમ તેમ તેમને તેમાં રૂચિ થતી નથી.

(૫) કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે. કીમિયા એટલે લોઢાનું સોનું કરવું આદિ કીમિયા કરવાથી ભવભ્રમણનાં કારણ વધે છે. પુદ્‌ગલનો મોહ કરવાથી સંસાર વધે છે.

શુભચંદ્ર અને ભર્તૃહરિ બન્ને ભાઈ રાજ્ય છોડી ચાલી નીકળ્યા. શુભચંદ્ર મોટો હતો અને ભર્તૃહરિ નાનો હતો. બન્ને રાજપુત્ર હતા. ભર્તૃહરિએ તાપસી દીક્ષા લીધી અને શુભચંદ્રે જૈન દીક્ષા લીધી. ભર્તૃહરિએ તાપસપણામાં બાર વર્ષ સુધી તપસ્યા કરીને લોઢાનું સોનું થાય, એવો રસ ભેગો કર્યો. પછી તેણે અર્ધી તુંબડી ભરીને ભાઈને માટે મોકલાવી. પણ મુનિએ તો તે તુંબડી ઢોળી નાંખી. તે સમાચાર મળતાં ભર્તૃહરિને બહુ દુઃખ લાગ્યું. તેથી અર્ધો રસ જે પોતાની પાસે હતો તે લઈને પોતે જ્યાં શુભચંદ્ર મુનિ ધ્યાનમાં ઊભા હતા ત્યાં ગયો અને રસની તુંબડી મુનિના ચરણ પાસે

* આ વિવેચન 'પૂજ્યશ્રી બ્રહ્મચારીજી જન્મ શતાબ્દી સ્મારક ગ્રંથ' પૃષ્ઠ ૧૨૧-૧૨૨ પરથી લીધેલ છે.

મૂકી નમસ્કાર કરી બેઠો. ધ્યાન પૂર્ણ થતાં મુનિએ તે રસ પણ પગની ઠેસથી ઢોળી નાંખ્યો. તેથી ભર્તૃહરિને ઘણો આઘાત લાગ્યો, અને કહ્યું કે ''મારી બાર વર્ષની મહેનત નિષ્ફળ ગઈ.'' તેના મોહને મટાડવા માટે શુભચંદ્ર મુનિએ કહ્યું કે ''આ સોનું મેળવવા માટે રાજ્ય છોડ્યું હતું? સોનું તો રાજ્યમાં ઘણુંયે હતું.'' પછી મુનિએ થોડી ધૂળ લઈ એક મોટા પત્થર ઉપર ફેંકી તો આખો પત્થર સોનાનો થઈ ગયો. મુનિએ તાપસને કહ્યું કે લે આ સોનું. પછી તેને ઉપદેશ આપ્યો કે ''પુદ્ગલ ઉપર મોહ ન કરવો, પણ આત્માનું હિત કરવું.'' મુનિના બોધથી પ્રતિબોધ પામીને ભર્તૃહરિ પણ જૈન મુનિ થયા અને પોતાના આત્માનું હિત કર્યું.

(૬) સિદ્ધિ વગેરે ઐશ્વર્યને અશાતા સમાન જાણે છે. સિદ્ધિ એટલે અણિમા આદિ આઠ પ્રકારની સિદ્ધિઓ જે પ્રગટ થાય તેને પરમપુરુષો અશાતા સમાન ગણે છે. જેમ આપણને તાવ ચઢ્યો હોય તો તેની કેટલી ફિકર થાય છે? તેમ તે પરમપુરુષોને સિદ્ધિ ઋદ્ધિ પ્રગટવાથી તાવ જેટલી તેની ફિકર રહે છે, કે મને સિદ્ધિ ઋદ્ધિઓ પ્રગટી છે, તેના મોહમાં પડવાથી રખેને મારું સમકિત જતું રહે, એવો ભય નિરંતર રાખી ઋદ્ધિઓ અને સિદ્ધિઓને ફોરવતા નથી.

(૭) જગતમાં પૂજ્યતા થવા આદિની હોંસને અનર્થ સમાન જાણે છે. હું લોકમાં પૂજનિક થઈ પૂજાઉં એવી ભાવનાને પરમપુરુષો અનર્થ સમાન ગણે છે.

(૮) પુદ્ગલની છબી એવી ઔદારિકાદિ કાયાને રાખ જેવી જાણે છે. એટલે ઔદારિક, વૈક્રિયક આદિ જે શરીર છે તે પુદ્ગલથી બનેલા છે. અને તે તો રાખ થઈ જવાનાં છે, એમ જાણી મોટા પુરુષો તે શરીરમાં મોહ કરતા નથી. દેહાદિને રાખની પોટલી જેવાં જાણે છે.

(૯) જગતના ભોગવિલાસને મૂંઝાવારૂપ જાળ સમાન જાણે છે. એટલે જગતમાં જે ભોગવિલાસ છે તેથી મૂંઝાય છે કે હું ક્યારે આ બંધનથી છૂટું અને આત્માનું હિત કરું; એવી ભાવના રહે છે. ભોગવિલાસને, કેદીને જેલની જેમ બંધનરૂપ માની તે પુરુષો મૂંઝાય છે અને તેથી છૂટવાના જ વિચાર કરે છે. બીજામાં—પરવસ્તુમાં એમની બુદ્ધિ હોતી નથી.

(૧૦) ઘરવાસને ભાલા સમાન જાણે છે. ઘરમાં રહેવું તે એમને શૂળી પર રહેવા જેવું લાગે છે. તેથી તેમાં મન પરોવતા નથી પણ આત્મામાં જ મન રાખે છે.

(૧૧) કુટુંબના કાર્યને કાળ એટલે મૃત્યુ સમાન જાણે છે. ઘરનાં કાર્યો છે તે મૃત્યુને વધારનાર છે. એમ જાણીને તે કાર્યોમાં ઉદાસીન રહે છે, તેમાં રાજી થતા નથી. જેથી આત્માનું કાર્ય બગડે તે કાર્યને મરણરૂપ જાણે છે.

(૧૨) લોકમાં લાજ વધારવાની ઇચ્છાને મુખની લાળ સમાન જાણે છે. એટલે મુખમાંથી લાળ પડે તો તેને ઝટ લૂછી લઈએ છીએ, લાળ વધારવાની ઇચ્છા કરતા નથી તેમ પરમપુરુષો લોકમાં લાજ વધારવાની ઇચ્છા કરતા નથી.

(૧૩) કીર્તિની ઇચ્છાને નાકના મેલ જેવી જાણે છે. એટલે જેમ નાકમાંથી લીંટ પડે તો તેને ઝટ લૂછી લે છે, તેને વધારવાની ઇચ્છા કરતા નથી. તેમ પરમપુરુષો યશ-કીર્તિને વધારવાની ઇચ્છા કરતા નથી.

(૧૪) પુણ્યના ઉદયને જે વિષ્ટા સમાન જાણે છે.

[વ૰ ૭૮૨] (સવારના સભામાં) ૫૧૭ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– પ્રભુશ્રીજી કહેતા કે જેણે કૃપાળુદેવને માન્યા છે, તેના અમે દાસના દાસ છીએ. એવું કૃપાળુદેવને પણ રહેતું કે નીરાંતકોળી જેવા જીવોના દાસ થઈને રહીએ તો કેવું સારું! આખા જગતના શિષ્ય થવાની કૃપાળુદેવને બુદ્ધિ છે.

દેહને મૂકીને દરેકને જવાનું છે, છતાં દેહમાંથી ભાવ છૂટતો નથી. 'હું દેહ છું, હું દેહ છું' એમ થયું છે. જડમાં એમ અહંપણુ કરે છે. આંટી પડી છે, તે ઉકેલવા જ્ઞાની પોકાર કરે છે કે તમે ભૂલ્યા છો, ભૂલ્યા. જુદાને જુદું માનો. દેહમાં મારાપણાની બુદ્ધિ એ જ એને જન્મ-મરણ અને ફરી બીજો દેહ પ્રાપ્ત કરાવે છે. પ્રભુશ્રીજી કહેતા કે અમને કૃપાળુદેવે કહેલું કે મુનિ, તમને સમાધિમરણ થશે. કૃપાળુદેવને પ્રભુશ્રીજી પૂછતા કે મને સમાધિમરણ થશે કે નહીં? ત્યારે કૃપાળુદેવ એમ કહેતા. અહીંથી જતાં સમાધિ લઈને જાય, ભૂલી ન જાય તે સમાધિમરણ છે.

જ્ઞાનીપુરુષનાં દર્શન થયાં એ પણ મહાભાગ્ય છે. એમના ગુણો સંભારવા. એમનાં વચનો જે ધર્મ સંબંધી હોય તે સંભારવાં, એમ કૃપાળુદેવ સોભાગભાઈના કુટુંબીઓને લખે છે. મુમુક્ષુઓને સોભાગભાઈ ઉપકારી હતા. સોભાગભાઈના ગુણોને જોઈને કૃપાળુદેવ રાજી થતા. એમની દૃઢતા, સરળતા, પરમાર્થ સંબંધી ગરજ જોઈને કૃપાળુદેવ બહુ આનંદ પામતા. કૃપાળુદેવને એમણે રાજી કર્યા હતા. ''એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, અને તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.'' (૭૬)

જે વસ્તુ ક્ષણિક છે, મેળા જેવી છે તેનો ખેદ શો? સાથે કશું ના આવે. મળ્યું હોય તોય શું? ન મળ્યું હોય તોય શું? મૂકીને જવાનું છે. સંસારનું સ્વરૂપ જાણ્યું છે એવા જ્ઞાનીપુરુષને પણ અમુક ગુણસ્થાનક સુધી સત્સંગીના વિયોગે ખેદ થાય છે. ગૌતમસ્વામીને પણ મોહ રહ્યો હતો.

મનમાં જેવું હોય તેવું સોભાગભાઈ કૃપાળુદેવને કહેતા. મનમાં ફિકર ચિંતા જે હોય તે બધું કહી દેતા. કશો આંતરો રાખે નહીં, શરમાય નહીં. ઘણા મુમુક્ષુઓને મુશ્કેલી હોય તે કૃપાળુદેવને કહી શકે નહીં. તેથી સોભાગભાઈ પાસે કહેવરાવતા કે આને આમ છે અને આને આમ છે. જેને કૃપાળુદેવની ઓળખાણ થઈ છે તેને તો લાગે કે કૃપાળુદેવ જેવા આ કાળમાં ક્યાંથી! તેથી બીજાને ધર્મ સંબંધી વાત કરે તો એ જ તેને આગળ આવે કે કૃપાળુદેવ જેવા કોઈ નથી, પણ કૃપાળુદેવ કહે છે કે તમે અમારા સંબંધી કંઈ કોઈને કહેશો નહીં.

જે ખરી વસ્તુ 'સમકિત' જોઈએ તે મળે નહીં, તો પછી યોગ સાધ્યો હોય, બીજું કર્યું હોય, તોય શું કામનું?

કૃપાળુદેવને સોભાગભાઈએ સાયલા આવવા આમંત્રણ આપ્યું. કૃપાળુદેવ સાયલા આવતા હતા. સોભાગભાઈ સાથે હતા. વચમાં નદી આવી, ત્યાં સોભાગભાઈએ કૃપાળુદેવને કહ્યું કે આ સૂર્ય અને નદીની સાક્ષીએ આજથી તમે મારા ગુરુ છો. તમારી જ માળા લઈને બેઠો છું. હવે તમારે જેમ કરવું હોય તેમ કરજો.

[વ૰ ૭૮૩] ૫૧૮ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૫, સં. સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આ પત્ર બધાને વિચારવાનો છે. કૃપાળુદેવ સૌભાગ્યભાઈને નમસ્કાર કરે છે અને

લખે છે કે ''શ્રી સોભાગની મુમુક્ષુ દશા તથા જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો તેનો અદ્‌ભુત નિશ્ચય વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે.'' કારણકે સૌભાગ્યભાઈને કૃપાળુદેવે દોષો છોડવાનું કહ્યું તેમ સૌભાગ્યભાઈએ છોડ્યા, તેથી નમસ્કાર કરે છે. જીવમાં મોટામાં મોટો દોષ જે કોઈ હોય તો તે એ છે કે મુમુક્ષુતા નથી. છૂટવું જ છે એવી જેની જિજ્ઞાસા હતી તે સૌભાગ્યભાઈ મરણ પામ્યા ત્યારે કૃપાળુદેવને ખેદ થયો. કૃપાળુદેવ જેવાને ખેદ થયો તો આપણને કેટલો ખેદ થવો જોઈએ. 'ભીખ માંગીને ખાઈશું પણ સંસારી દુઃખને ગણશું નહીં' એવો નિશ્ચય કૃપાળુદેવને સૌભાગ્યભાઈએ જણાવ્યો હતો. નિશ્ચય કર્યો એ સમાધિમરણનું કારણ છે.

બધાય જીવો સુખને ઇચ્છે છે પણ સાચા સુખની કોઈને ખબર નથી. ઇન્દ્રિયસુખ જે નાશવંત છે તેને સુખ માને છે. મિથ્યાત્વને લઈને 'હું જાણું છું' એમ કરે છે અને પછી ઇચ્છા કરે છે. જાણતો નથી અને 'જાણું છું' એમ કહે છે, એ જ મિથ્યાત્વ છે. સાચા સુખની ખબર નથી. સાચા સુખની દિશા પણ એને હાથ આવી નથી, નહીં તો દુઃખ ન રહે. બધાય ધર્મોવાળા એમ કહે છે કે મોક્ષ મળે તો સારું, પણ મોક્ષ પ્રાપ્ત થયો નથી. એનું કારણ એઓને મોક્ષમાર્ગની ખબર નથી. એ જ ખામી છે, એમ જ્ઞાનીપુરુષો કહે છે. મિથ્યાત્વ છે ત્યાં સુધી એને માર્ગ પણ ન સમજવા દે. ''હે ભગવાન, હું બહુ ભૂલી ગયો.'' જન્મમરણ ટાળવાનો રસ્તો હાથ નથી આવ્યો. મારે છૂટવું જ છે, એ ભાવના થઈ નથી. સત્પુરુષ મળે અને મરણીયો થઈને મંડી પડે તો કામ થાય. ઇચ્છા કરવી એ આપણું કામ છે. સાચી ઇચ્છા કરવી. નીચેની વસ્તુઓ ઉત્તરોત્તર દુર્લભ છે.

સાચાની ઇચ્છા એટલે મોક્ષની ઇચ્છા પ્રાપ્ત થવી દુર્લભ છે. એ પણ થાય તો પણ સત્પુરુષનો યોગ મળવો એના કરતાં અતિ દુર્લભ છે. એ પણ મળી આવે તો પણ સત્પુરુષનું ઓળખાણ એટલે 'આ જ સત્પુરુષ છે' એમ થવું દુર્લભ છે. એ પણ થાય તો પણ આજ્ઞા એટલે સત્પુરુષ જે બતાવે તે પ્રમાણે વર્તવું એ એના કરતાં બહુ બહુ દુર્લભ છે.

મનુષ્યપણું મળવું અતિ દુર્લભ છે. એ પણ મળે તોય સત્પુરુષનો બોધ મળવો ઘણો દુર્લભ છે. એ પણ મળે તોય પ્રતીતિ આવવી ઘણી દુર્લભ છે. પ્રતીતિ આવે તોપણ આજ્ઞાએ વર્તવું દુર્લભ છે.

એ ચારે દુર્લભ વસ્તુઓ બતાવી, પણ પ્રત્યક્ષ સત્પુરુષના યોગે બધું સુલભ થાય છે. સત્પુરુષ પ્રત્યે આશ્રયભક્તિ ઉત્પન્ન થાય તો મોક્ષમાર્ગમાં જે જે સાધનો જોઈએ તે બધાં મળી આવે, પણ એવો યોગ મળવો દુર્લભ છે, બહુ દુર્લભ છે. જેને છૂટવું જ છે, તેણે તો સત્પુરુષનો યોગ મને નિરંતર પ્રાપ્ત હો એવી ભાવના રાખવી. જગતના પદાર્થોની ઇચ્છા કરવી નહીં, એવી ભાવના મુમુક્ષુ જીવને રહે છે અને તે જ ખરો મુમુક્ષુ છે. છૂટવાની ઇચ્છા થઈ હોય અને સત્પુરુષનો યોગ ન હોય તો શું કરવું? તો કે યોગ્યતા લાવવી. પ્રભુશ્રીજી કહેતા કે યોગ્યતાવાળો કોઈ જતો હોય તો તેને બોલાવીને આપી દઈએ. યોગ્યતા આવેલી હોય અને પછી સત્પુરુષ મળે તો થોડાક સમયમાં કામ થઈ જાય. એ ટૂંકો રસ્તો છે. સાચી ઇચ્છાની જરૂર છે. આરંભ-પરિગ્રહ એને વિઘ્નરૂપ લાગે ત્યારે લાગે કે સત્શાસ્ત્ર મને મદદરૂપ છે. એથી મારી વૃત્તિ સારી થાય છે એમ લાગે તો પછી આરંભ-પરિગ્રહ પરથી ભાવ, વૃત્તિ ઊઠી જાય છે.

પ્રભુશ્રીજી કહેતા કે સંસાર સેવવો અને મોક્ષ મેળવવો એ તો ત્રણે કાળમાં ન બને. પૂર્વકર્મને

લઈને પુરુષાર્થ કર્યા છતાં ન છૂટે એ જુદી વાત છે, પણ સંસાર ઝેરરૂપ લાગવો જોઈએ, તો મોક્ષ ભણી વળે. એ વગર પછી એને ગમેય નહીં. સત્પુરુષ કરતાં આરંભ-પરિગ્રહ ઉપર વિશેષ પ્રેમ હોય તો સત્પુરુષ પણ શું કરે? પૈસા મળતા મૂકીને સત્શાસ્ત્રમાં રહેવું, એ બનવું દુર્લભ છે. આરંભ-પરિગ્રહ એને ખેદરૂપ લાગે ત્યારે સત્શાસ્ત્રમાં વૃત્તિ બરાબર રહે. એ થવું બહુ અઘરું છે, પણ મારે છૂટવું જ છે, એ જ કરવું છે એમ જેને નિશ્ચય હોય તેનાથી એ બની શકે છે.

રોજ એકાદ કલાક સત્શાસ્ત્ર વાંચવા-વિચારવાનો દરેક મુમુક્ષુએ નિત્યનિયમ રાખવાનો છે. કોઈ દિવસે પણ ચૂકવું નહીં. ભલે શાસ્ત્ર વાંચતાં મૂંઝવણ આવતી હોય, ન ગમતું હોય તો પણ એ વાંચવું, વિચારવું. પછી ટેવ પડી ગયા પછી થઈ જશે. જેમ બને તેમ આરંભ-પરિગ્રહનો ત્યાગ કરવો.

મુમુક્ષુ– મારા જેવો આરંભ-પરિગ્રહ ત્યાગ કરી નવરો બેઠો હોય, એને આરંભ-પરિગ્રહ ત્યાગ કર્યો કહેવાય નહીં?

પૂજ્યશ્રી– અંતરથી કરવાનો છે. એ છોડી પાછા આખા ગામનું માથે લેવું હોય તોય લેવાય. અવકાશ મેળવીને વૃત્તિઓને શમાવવી એવો નિયમ કરવો. આરંભ-પરિગ્રહ જેમ બને તેમ ઓછા કરવા. નકામા માથાં મારવાં નહીં. અંદરથી વૃત્તિ ઊઠે. આરંભ-પરિગ્રહ ઝેર જેવાં લાગે ત્યારે વૃત્તિ સત્શાસ્ત્રમાં રહે. બધાથી રુચિ પલટાવવાની છે.

આરંભ-પરિગ્રહથી વૃત્તિ પાછી વાળવી. એ બહુ અઘરી વાત છે. [૧]એક મુનિ હતા. તેઓએ પાસે એક મહોર રાખી હતી. તેથી તેઓ પરિગ્રહ સંબંધી ઉપદેશ કરી શકતા ન હતા. ઘણી વસ્તુ હોય તો જ જીવને ખેંચે છે એમ નથી, થોડી પણ ખેંચે છે. કારણકે નમૂનો એ છે. સંસારમાં વૃત્તિ રહેવા દે એવી જાત છે.

પર્વના દિવસે જીવને જે પહેલાં સાંભળ્યું હોય, તે તાજું થાય છે. આપણાં અહોભાગ્ય કે ભક્તિ ને સત્સંગનો યોગ મળ્યો, નહીં તો કૃપાળુદેવ લખે છે ભક્તિ અને સત્સંગ વિદેશ ગયાં છે. આ કાળમાં કંઈ ન થાય તો સ્મરણમાં રહેવું. શક્તિ છે ત્યાં સુધી એમાં વૃત્તિ રાખવી. જ્ઞાનીએ જાણ્યો છે એવો મારો આત્મા છે, એ ભાવના રાખવી.

**[વ૦ ૭૮૩]** (રાતના સભામાં) ૫૧૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– સૌભાગ્યભાઈનો દેહ છૂટી ગયા પછી આ બીજો પત્ર તેમના દીકરા ઉપર લખ્યો છે.

ક્લેશ, દુઃખ કોઈને ગમતું નથી. સુખને જીવ ઇચ્છે છે, પણ ખરું સુખ તો મોક્ષમાં છે. ‘‘સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે.’’ (૫૬૯) એ કોઈકને સૂઝે છે. આત્મજ્ઞાન થાય તો એને આત્મા સુખરૂપ લાગે.

**‘‘ક્યા ઇચ્છત? ખોવત સબે! હૈ ઇચ્છા દુઃખમૂલ’’**

ઇચ્છા છે ત્યાં સુધી દુઃખનું એ મૂળ છે. ઇચ્છા થઈ ત્યાં આખો સંસાર ઊભો થાય છે. જીવ સુખને ઇચ્છે છે, પણ ઇચ્છા છોડ્યા વિના ખરું સુખ આવતું નથી. જીવને ખરા સુખનો ખ્યાલ

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ઉપદેશામૃત પૃષ્ઠ ૨૬૦.

નથી, તેથી ભાવના પણ થતી નથી. અનંત જન્મમરણ જીવે કર્યાં છે, કર્યા કરે છે, એ આત્મજ્ઞાન થયા વિના ન છૂટે એવી જીવને ખબર નથી. એની જો ગરજ જાગી હોત તો કર્મનો નાશ કરી મોક્ષે જતો રહ્યો હોત. ફરી જન્મવું ન પડે એવું થાય તો દેહ ન મળે, તો તેથી દુઃખ ન થાય. જીવ દુઃખને સુખ માને છે. મોક્ષ કરવો હોય તો સાચી ઇચ્છા જોઈએ. એ સાચી ઇચ્છા થાય તો એનાં જન્મમરણ ટળી સુખ પ્રાપ્ત થાય.

[વ૦ ૭૮૩] (રાતના સભામાં) ૫૨૦ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— સોભાગભાઈને નમસ્કાર કરવાનું કારણ શું? તે નીચેના વાક્યમાં લખે છે.

‘‘શ્રી સોભાગની મુમુક્ષુ દશા તથા જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો તેનો અદ્‌ભુત નિશ્ચય વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે.’’

બધા મુમુક્ષુમાં એ મોટા હતા. કહેવાતા મુમુક્ષુ નહોતા, પણ સાચી મુમુક્ષુતા એમનામાં પ્રગટી હતી. મોહથી મૂંઝાવું તે મુમુક્ષુતા છે. દૃઢ મુમુક્ષુતા એમને હતી. જ્ઞાનીએ જે માર્ગ કહ્યો તેનો એમને દૃઢ નિશ્ચય એટલે કદી ટળે નહીં, એવો દૃઢ નિશ્ચય થઈ ગયો છે. અદ્‌ભુત નિશ્ચય થયો છે. છૂટવું હોય તો જ્ઞાનીના માર્ગનો અદ્‌ભુત નિશ્ચય કરવો. એ નિશ્ચય સોભાગભાઈને થયો છે. મોક્ષે જવાનો માર્ગ છે, તેનો જેને અદ્‌ભુત નિશ્ચય થયો છે એવા સોભાગભાઈ છે. એવા મુમુક્ષુ મળવા મુશ્કેલ છે. જ્ઞાનીએ જે માર્ગ પ્રરૂપ્યો છે, તે આ કાળમાં લોપ થઈ ગયો છે.

**‘‘વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ.’’**

તીર્થંકરે જે માર્ગ ઉપદેશ્યો તેની દૃઢ શ્રદ્ધા સોભાગભાઈને હતી. દુષમકાળમાં પણ એવો દૃઢ અદ્‌ભુત નિશ્ચય કર્યો. માર્ગનો નિશ્ચય આવે, પણ પાછી મુશ્કેલી આવે ત્યારે જીવને એ છૂટી જાય છે. એવો નિશ્ચય એમને નથી. દુષમકાળમાં સુખની ઇચ્છા તો બધાને છે, પણ શાથી આત્મા સુખી થાય? એનું ભાન નથી. સુખનું યથાર્થ સ્વરૂપ તો કોઈક જ જાણે. જેણે એ જાણ્યું હોય તે નકલી સુખની ઇચ્છા કરે નહીં. સત્સુખને જ ઇચ્છે. જન્મમરણ છે ત્યાં સુધી જીવને સુખ શું? જન્મ્યો અને મર્યો. જન્મમરણની વચ્ચે સુખ દેખાયું તે શું કામનું? આ જન્મમરણથી કેમ છૂટાય? એ જીવે જાણ્યું નથી. જાણ્યું હોત તો પરિભ્રમણ એટલું બધું ન હોત. મોક્ષ થઈ ગયો હોત. સાચો ઉપાય જાણવો છે, તે મોક્ષે જવા માટે જાણવો છે. એવી સાચી જિજ્ઞાસા જેને જાગી હોય તેને સદ્‌ગુરુના યોગે એ પ્રાપ્ત થાય છે. કંઈક એણે સુખ કલ્પ્યું છે, તે મળે તો એને સાચું સુખ જોઈતું નથી. ઘરમાં ખાવાપીવાનું ન હોય ત્યારે થાય કે સાધુ થઈ જઈએ, પણ પૈસા મળે, ખાવાપીવાનું મળે ત્યારે સાધુ થવાનું ક્યારેય સાંભરે નહીં. કેમ બંધન થાય છે, એ છૂટે કેમ? તેની જીવને ખબર નથી અને અજાણ્યો છે. સાચી જિજ્ઞાસા થયા પછી પણ સત્પુરુષનો યોગ થાય તો એ પૂરી થાય છે. એવી જિજ્ઞાસા જ આવવી દુર્લભ છે.

**‘‘કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવેખેદ, અંતરદયા, તે કહીએ જિજ્ઞાસ.’’**

એવી દશા આવે ત્યારે જિજ્ઞાસુ કહેવાય. એટલી જિજ્ઞાસા હોય તો જ્ઞાની મળે અને માર્ગ

બતાવે તે કરવા માંડે, પછી જંપે નહીં. આ કાળ એવો છે કે જાણનારા બહુ થોડા છે. જે જાણનારા છે તેમને કરવું નથી, શક્તિ નથી. કેટલાક કરવા સમર્થ છે, પણ જાણતા નથી. જાણે અને કરવાવાળા એવા તો કોઈક જ જીવો છે. જાણે અને કરે તો તે જ ભવે મોક્ષ થાય. જીવે કંઈ પુણ્ય કર્યું હોય તો મનુષ્યભવ મળે. એથી વધારે પુણ્ય હોય તો એને સારી વસ્તુ ગમે. એથી વધારે પુણ્ય હોય તો સત્પુરુષનો યોગ થાય. એથી પણ વધારે પુણ્ય હોય તો એ વિશેષ વીર્ય ફોરવી શકે. જીવને વિશેષ વિશેષ પુણ્યની જરૂર છે. છૂટેલાનો સમાગમ થાય ત્યારે આ સંસાર દુઃખરૂપ લાગે. એવું લાગે ત્યારે જ છૂટવાની જિજ્ઞાસા જાગે. સત્પુરુષને યોગે જીવને એવું થાય છે. પહેલી સાચી ઇચ્છા કહી તે માટે સત્પુરુષનો યોગ જોઈએ. એ યોગ નિરંતર જોઈએ. એમની ઓળખાણ પછી સત્પુરુષની પ્રતીતિ થવી જોઈએ. પછી એ કહે તે એને રુચવું જોઈએ, નહીં તો એમનાથી મેં તો વધારે વાંચ્યું છે એમ થાય. સત્પુરુષનું ઓળખાણ થયે અનંતાનુબંધી જાય છે. "જીવને જ્ઞાનીપુરુષની ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવાયોગ્ય છે." (૫૨૨) કલ્યાણકારક વસ્તુ પ્રત્યે અરુચિ થાય, ક્રોધ આવે, હું મોટો છું એમ લાગે અથવા મનમાં લોભ હોય કે રિદ્ધિઓ વગેરે એ માર્ગથી મેળવું, એ અનંતાનુબંધી છે. જ્ઞાનીના માર્ગ ઉપર પગ મૂકાય તે અનંતાનુબંધી છે. સત્પુરુષ જેવો હું છું એમ જીવને થાય તે અનંતાનુબંધી માન છે.

**"અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય."**

એવો હું છું, એમ કરાવવા વીસ દોહરા લખ્યા છે. સત્પુરુષનું ઓળખાણ થયે સત્પુરુષની પ્રતીતિ થાય. જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી પ્રતીતિ ન થવા દે અને સત્પુરુષ પ્રત્યે અભાવ થાય. જેથી છુટાય એવો માર્ગ જ્ઞાની કહે છે. જીવની રુચિ ઊલટી છે. પુદ્‌ગલની ઇચ્છાવાળો જીવ છે, તેથી એ છોડવા માટે કહે ત્યારે એના પગ ધ્રૂજે છે. દેહમાં પ્રીતિ હોય તો જ્ઞાનીનું કહેલું એને માન્ય ન થાય. જો એને સાચી પ્રતીતિ આવી હોય તો પોતાનાથી બને તેટલું કરે. (અહીં આનંદશ્રાવકનું દૃષ્ટાંત આપ્યું અને કહ્યું કે) શ્રાવકની પાસે જઈને ગણધર જેવાએ માફી માંગવી એ કેટલું મુશ્કેલ છે! પ્રતીતિ હોય તો એવું થાય છે. જ્ઞાની કહે તે કરવાથી કલ્યાણ છે. પોતાની મેળે ગમે તેટલું કરે તોય પાર ના આવે. ભગવાને કહ્યું તે જ પ્રમાણે ચાલવાની પ્રવૃત્તિ એ બહુ દુર્લભ વસ્તુ છે. એ વિના છૂટકો નથી. મનુષ્યભવ, જ્ઞાનીનાં વચનનું શ્રવણ, તેમની પ્રતીતિ, તેમણે કહેલા માર્ગમાં પ્રવૃત્તિ તે પરમ દુર્લભ છે, એમ ઉત્તરાધ્યયનમાં ભગવાને કહ્યું છે. મનુષ્યભવ તો ઘણાને મળે, પણ બોધ ક્યાંથી? મિથ્યાત્વ હણવામાં બોધ એ મુખ્ય સાધન છે.

**"હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ."**

પ્રત્યક્ષ પુરુષનો સમાગમ થાય, તેમના આશ્રયમાં વર્તે તો બધાં સાધનો મળી આવે. જીવનું કલ્યાણ થવામાં પ્રત્યક્ષ સત્પુરુષ એ મુખ્ય સાધન છે. એથી બધી જે દુર્લભ વસ્તુઓ બતાવી તે પ્રાપ્ત થાય છે. મોક્ષ માટે જે જે વસ્તુ જોઈએ તે તે મળી આવે.

"મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવાને માટે અમે કલ્પવૃક્ષ જ છીએ." (૬૮૦)

સાચી વસ્તુ જેના હૃદયમાં વસી છે, તેમનું એક પણ વચન કલ્યાણ કરે છે. સાચી વસ્તુ જો આવે તો બધું થાય. એ સાચ મળવું મુશ્કેલ છે. સાચો યોગ થાય તો પછી એનું જીવન પલટાઈ જાય. પછી ઝપાટાબંધ મોક્ષમાર્ગમાં ચાલે, ઘણા ભવ કપાઈ જાય. એવો સમાગમ જીવને દુર્લભ છે. છૂટવું હોય તો જ્ઞાનીનો મને ક્યારે યોગ થાય, ક્યારે યોગ થાય? એવી ભાવના કરવાની છે. ચોથા આરામાં ઘણા સત્પુરુષો વિચરતા, પણ ભાગ્ય હોય તેને જ જ્ઞાની મળતા. શ્રેણિક શિકાર કરવા ગયા, ત્યાં અનાથી મુનિ મળી ગયા. એવા પુરુષો મળવા બહુ દુર્લભ છે. મળે તોય ઓળખવા દુર્લભ છે. જ્ઞાનીપુરુષના માર્ગનો અદ્ભુત નિશ્ચય કરવા યોગ્ય છે. જ્ઞાનીનો યોગ મને ક્યારે મળશે, ક્યારે મળશે? એવી ભાવના કરવાની છે. જ્ઞાનીએ કહ્યું તે જ હવે કરવું છે, બીજું નહીં. ઘણું પુણ્ય હોય ત્યારે એવો યોગ થાય. એ ન હોય ત્યારે શું કરવું? તે બતાવે છે. સત્શાસ્ત્રનો આધાર રાખવો, પણ આરંભપરિગ્રહ ઓછો કરે તો એમાં વૃત્તિ ચોંટે.

“આરંભપરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે.” (૫૬૯)

એ મારે કરવું છે, એમ થાય તો ગમે તેટલી મુશ્કેલી પડે તોય કરે. જ્ઞાનીનાં વચનોની જેને પ્રતીતિ થઈ હોય તે તેનો પરિચય મુશ્કેલી વેઠીને પણ રાખે છે. મરતાં સુધી આરંભપરિગ્રહમાં વૃત્તિ રહે તો જીવન સફળ ક્યારે થાય? માટે મારે એથી છૂટવું છે. એવું બળ કરવાની જરૂર છે. વૃત્તિ જો ઉપાધિના પ્રસંગથી પાછી હઠે તો સત્શાસ્ત્રમાં વૃત્તિ રહે. વૃત્તિ ઊઠે તો પછી ઉપાધિ ઓછી થાય. અનાદિકાળથી જીવને પૈસાની ટેવ છે. તે સત્પુરુષનો યોગ થાય ત્યારે મોળી પડે છે. દેહાધ્યાસ જીવે છોડ્યો નહીં તેથી પછી એ ઘર કરી ગયો. આરંભપરિગ્રહ વૈરાગ્ય ઉપશમના કાળ છે. વૃત્તિ નિર્મળ થવા વૈરાગ્ય ઉપશમની જરૂર છે. આરંભપરિગ્રહ વધે તો વૈરાગ્ય કંઈક હોય તેય જતો રહે. આરંભપરિગ્રહથી પાપ બંધાય છે, એમ થયું તો એના વિચારો ઓછા આવે અને ઓછા આવે તો જ્ઞાનીનાં વચનો એનામાં ઠરે. આરંભપરિગ્રહ શરીર અને ધનાદિને માટે કરતો હોય અને જ્ઞાની એને છોડવા કહેતા હોય તો એ એને કેમ બેસે? જીવને પુણ્યનો ઉદય હોય ત્યારે સારી વસ્તુ ગમે છે. આ મનુષ્યભવ પૈસા કમાવા માટે મળ્યો નથી, ધર્મની કમાણી કરવા મળ્યો છે. આરંભપરિગ્રહ અસાર જાણે તો પછી એમાં પ્રવૃત્તિ થાય નહીં.

સાધુ થઈ ગયો. જ્ઞાની પાસે બોધ સાંભળવા જાય, ત્યાં એને ઘરની પાડી સાંભરે. આત્મા સાંભરવો જોઈએ તેને બદલે બીજું સંભારે. જ્ઞાનીનાં વચનો કાનમાં પડ પડ થાય તો એને રુચિ થાય. સત્સંગ, સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કર્ત્તવ્ય છે. ન ગમતું હોય તોપણ એ કરવું, તો રુચિ થશે. સત્શાસ્ત્ર, સત્સંગ નિરંતર આરાધવા યોગ્ય છે. એમાં વચ્ચે પ્રમાદ ખાળનાર છે. અનિયમિત સત્સંગ કરે તો એને સમજાય નહીં. નિયમિતપણે કરે તો બધું સમજાય.

[વ૦ ૭૯૯] ૫૨૧ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— સારો વિચાર થાય તે કામ કરી લેવું. ધર્મના કામમાં ઢીલ ન કરવી.

બારમા ગુણસ્થાનક સુધી શ્રુતનું અવલંબન છે. એનાથી લાભ થાય છે. વીતરાગ પુરુષોના વચનોમાં વૃત્તિ રાખે તો કષાય મંદ પડે અને કષાય મંદ પડે તો શાંતિ થાય. શ્રુતનું અવલંબન ન

હોય તો જ્ઞાનીપુરુષને પણ કોઈ વખતે ચપળપણું થઈ જાય છે, કારણ કે કાળ એવો જ છે. ઉપશમસ્વરૂપ પુરુષે કહેલાં વચનો ઉપશમને અર્થે છે. સત્પુરુષને પણ અવલંબનની જરૂર છે, બારમા ગુણસ્થાનક સુધી. અપ્રમત્ત દશામાં હોય ત્યાં સુધી શ્રુતના અવલંબનની જરૂર છે. જ્ઞાનીપુરુષોનાં વચનોનો આશ્રય તે શ્રુત છે.

''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે.'' (૧૬૬)

રાતદિવસ મુનિઓ સ્વાધ્યાય અને ધ્યાનમાં લીન રહે છે. બધી દ્વાદશાંગી ભણી, રોજ રાતદિવસ ફેરવે છે. અમુક શાસ્ત્ર ફેરવતી વખતે સાંજ છે, અમુક શાસ્ત્ર ફેરવતી વખતે સવાર છે, બપોર છે, એમ એમને ખબર પડે છે. એમને ઘડિયાળનું કામ ન પડે. મતમતાંતરોમાં ન ખેંચાવું. મધ્યસ્થભાવમાં રહેવું તે સારું છે. સત્શાસ્ત્રનું અવલંબન લઈ વિચારવું, તો સારા ભાવ થશે અને સમજાશે. વૈરાગ્યમાં ઘણાં વિઘ્નો આવે છે, અપાર અંતરાય છે. મતમતાંતરથી છૂટીને સત્શાસ્ત્રોનો અભ્યાસ કરશો તો કોઈ દિવસે પાર આવશે.

[વ. ૮૦૯] ૫૨૨ શ્રીમદ્ રા. આ. અગાસ,
આસો સુદ ૧૨-૧૩, સં. ૨૦૦૭

મુમુક્ષુ– નિષ્કામ ભક્તિ એટલે શું?

પૂજ્યશ્રી– એક પરમાર્થની ભાવના રાખીને ભક્તિ કરે તે નિષ્કામ ભક્તિ છે. એક છૂટવાની જિજ્ઞાસા સિવાય બીજી ઇચ્છા ન હોય તે નિષ્કામ ભક્તિ છે.

[વ૦ ૮૧૩] (બપોરના) ૫૨૩ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આ જીવ જંગલના રોઝ જેવો છે. કર્મનો પ્રબળ ઉદય હોય ત્યારે કોઈ નિમિત્ત ન હોય તોય ભાવ ફરી જાય છે. વાસના દબાવી હોય તે પાછી ઊગી નીકળે છે. સંસાર સારો છે, એમ થઈ જાય; માટે સારા નિમિત્તની જરૂર છે. સત્સંગમાં કષાય મંદ થાય છે, માટે સત્સંગ કરવાનો છે. પુરુષાર્થ કરે તો વાસના પણ ક્ષય થઈ શકે છે. સત્પુરુષાર્થ મંદ પડવાથી વાસના ઉત્પન્ન થાય છે. માટે સંકલ્પ-વિકલ્પથી દબાઈ ન જવું. શૂરવીરપણું રાખવું. જે ક્ષેત્રમાં સંકલ્પ-વિકલ્પના વિચારો આવે તે ક્ષેત્ર બદલી નાંખવું. એવો કાળ હોય, દ્રવ્ય હોય કે ભાવ હોય તે પણ બદલી નાંખવાં. સત્શાસ્ત્રનું અવલંબન લેવું. વાસના ખસવાના ઉપાય કરે તો વાસના ખસી જાય છે અને ઊંચી ભૂમિકા પ્રાપ્ત થાય છે અથવા વાસનાનો જય કરી ઉપરની ભૂમિકાને પ્રાપ્ત કરે છે. મૂંઝાઈ જાય તો વાસનામાં જ પડી રહે. સંકલ્પ-વિકલ્પ થાય તેથી ગભરાવું નહીં, પણ પુરુષાર્થ કરવો. હઠ કરીને પણ મનને સદ્વિચારમાં જોડવું. નવરું ન રાખવું. આત્મામાં પ્રમાદ હતો તે જવાથી ઉપરની ભૂમિકા પ્રાપ્ત થાય છે.

[વ૦ ૮૧૯] ૫૨૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર સુદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આત્માનું કામ જાણવાનું છે. આત્માનો વિચાર નથી આવતો એ જ માઠી ગતિનું કારણ છે. સદ્વિચાર છે તે આત્મગતિનું કારણ છે. જગત આખું દુઃખરૂપ છે. ક્યાંય જન્મવા જેવું

નથી. જેણે મોક્ષે જવું હોય તેને સહેલું છે. ગમે તેમ થાય પણ ખેદ નહીં કરતાં શૂરવીરપણું કરવું. એમ કરીને કર્મનો જય કરે છે. શૂરવીર થઈને જ્ઞાનીની આજ્ઞાએ ચાલે તો મોક્ષ સુલભ છે. જ્ઞાનીની આજ્ઞા જન્મ-મરણ ન કરવાં એ છે. કર્મ જાય ત્યારે મોક્ષ થાય. કર્મ બંધાય એવું થતું હોય ત્યારે વિચારવાનને ખેદ થાય છે. પંચેન્દ્રિયના વિષયો છે, ચાર કષાય છે. પંચેન્દ્રિયના વિષયોમાં રાગ-દ્વેષ થયા કરે છે, ચાર કષાય થાય છે, તેથી કર્મ બંધાય છે. જીવ એ વસ્તુઓમાં તણાઈ જાય છે. રાગ-દ્વેષ એ કર્મબંધનું કારણ છે. મનુષ્યભવ, સદ્ગુરુનો યોગ મળવો બહુ દુર્લભ છે.

મહાપુરુષે કેટલો બધો પુરુષાર્થ કર્યો છે! મહાવીર સ્વામી ત્રીસ વર્ષ ઘરમાં રહ્યા પછી બધું છોડીને મુનિ થયા ત્યારે રાત્રે ઊંઘ્યા નહીં, શિષ્ય પણ ન કર્યા. ખાવાનું પણ પૂરું ન ખાધું. એક મોહને કાઢવો છે ત્યાં સુધી ન જંપુ. એમ કરતા હતા.

''ૐ ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.'' પાંચ ઇન્દ્રિયના વિષયો છે તે એ કે સાંભળવું, દેખવું, સૂંઘવું, ચાખવું, સ્પર્શ કરવું. ચાર કષાય છે તે એ કે ક્રોધ, માન, માયા, લોભ. એ બન્નેનું ભેગું નામ વિષયકષાય છે. એ જ્યારે વિશેષ વધી જાય ત્યારે વિચારવાન જીવને ખેદ થાય છે કે આ મારે નથી કરવું ને કેમ થાય છે? નહીં કરવાની ઇચ્છા છતાં પૂર્વકર્મને લઈને જીવ એમાં તણાઈ જાય છે, ત્યારે વિચારવાન જીવ પોતાની નિંદા કરે કે 'આ તું શું કરી રહ્યો છે? મનુષ્યભવ શા માટે મળ્યો છે? જ્ઞાનીપુરુષોએ શું કહ્યું છે? અને તું શું કરી રહ્યો છે? તારે આ કરવા જેવું નથી. કર્મ બંધાય છે તેથી ફરી જન્મમરણ કરવાં પડશે.' જેમ કોઈ માણસ બીજાની નિંદા કરે તેમ આ વિચારવાન પોતાને નિંદે છે અને તિરસ્કારે છે કે મારે વિષયકષાયવૃત્તિ નથી જોઈતી. હે જીવ! તું આવો કેમ બની ગયો છે? તું જ્યાં સુધી વિષયકષાયાદિ ન મૂકે ત્યાં સુધી તારું મોઢું પણ ન જોઉં.

જેમ કોઈ બ્રાહ્મણે દારૂ પીધો હોય ત્યારે લોકો તેને નિંદે છે, કે આ તને ઘટે? તું નાલાયક છે, તારું મોઢું જોવા યોગ્ય નથી. એમ લોકો તેને તિરસ્કારે છે. તેમ વિચારવાન પોતાને તિરસ્કારે છે અને પછી વિચારે છે કે મહાવીર ભગવાન જેવા બધું છોડીને મુનિ થયા. મુનિ થઈ ગયા માટે આપણું કામ થઈ જશે એમ કરીને પછી બેસી ન રહ્યા. ઊંઘ્યા પણ નહીં, શિષ્યો પણ ન કર્યા. કોઈથી બોલ્યા નહીં. એક મોહનીય કર્મ કેમ ક્ષય થાય, તેનો સાડાબાર વર્ષ સુધી પુરુષાર્થ કર્યો હતો. અને હે જીવ! તું ઢીલો કેમ પડી જાય છે? આમ વિચારી આત્માને શૂરવીર બનાવે છે. પછી તે વિષયકષાયને હઠ કરી એટલે મારે નથી જ કરવા, હવે જા, હમણાં તને નહીં બોલાવું, એમ હઠ કરી તેને હટાવે છે. એ કષાય જાય નહીં ત્યાં સુધી જંપે નહીં. તેમ ખેદ કરીને પણ એટલે 'આપણાથી એ કામ ન થાય' એમ કરીને અટકી નથી રહેતા. એથી જ આત્માર્થી જીવો તરીને પાર પામ્યા છે. ''ૐ ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને....'' એ મોઢે કરવો અને રોજ ફેરવવો.

મુમુક્ષુ– પત્રો તો ફેરવું છું પણ વિચાર નથી આવતા.

પૂજ્યશ્રી– બીજા પત્રો બધા ફેરવવાના રાખવા, પણ એક પત્ર રોજ અડધો કલાક બેસીને વિચારવાનું રાખવું.

[વ૰ ૮૧૯] (સાંજના) **૫૨૫** શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ખેદ કરીને અટકી ન જવું. પરમાર્થને પામવો હોય તો ''કરો સત્ય પુરુષાર્થ'' પુરુષાર્થ કરતાં પડે, ફરી ઊભો થાય, ફરી પડે, ફરી ઊભો થાય એમ કરતાં કરતાં દોષો બધાય જાય છે.

વિષયકષાયને આધીન જીવ થઈ જાય છે, કેમકે પૂર્વનો અધ્યાસ છે, એ વિષયકષાયમાં વૃત્તિ રંજીત થઈ જાય છે. છૂટવાની ઇચ્છા હોય તો ખબર પડે કે માર્ગ ક્યાં અને હું ક્યાં? હાય! લપસી પડ્યો એમ લાગે. પછી જાગૃત થાય. વિચારવાન એટલે મુમુક્ષુ છે, જેણે જ્ઞાનીનાં વચનો સાંભળ્યાં છે. અનાદિકાળથી જીવ વિષયકષાયમાં પડ્યો છે. તેને મિત્ર માને છે. વિષયકષાયને જીતવા ઊભો થયો છું અને આ મને જીતી જાય છે એમ વિચારતાં મુમુક્ષુને ખેદ થાય છે. વિષયકષાયના પક્ષને બદલી નાંખવો. મુમુક્ષુને એ ફાવે નહીં. આ પત્ર મુખપાઠે કરવા જેવો છે.

કોઈપણ કામ હાથમાં લીધું તો ખંત રાખીને પૂરું કરવું. ઉપાધિ છે. જગત આખું દુઃખરૂપ છે. કૃપાળુદેવ ઉપર જેને શ્રદ્ધા છે તેને કંઈ ફિકર નથી. જે થાય તે જોયા કરવું. વિચાર કરીને કામ પૂરું કરવું. જગત બધું ભૂલી જવાનું છે. શૂરવીરપણે રહીએ. ''ૐ ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.''

સાધુપણું લે પણ ઢીલો પડી જાય કે મારાથી ન થાય, તો મોક્ષનું કામ ન થાય. શૂરવીરનો માર્ગ છે. જેવા પરિણામ થાય તેવું ફળ થાય. શત્રુઓની સામે લડવાનું છે. શૂરવીરપણું જોઈએ. મારે એ કામ કરવું જ છે, એમ નિશ્ચય રાખવો. આપણને વૃત્તિઓ ખેંચી જાય તેના કરતાં તેને આપણા નિયમમાં રાખવી, એવું કરવાની જરૂર છે. પરંપરાએ જે વસ્તુ હિતકારી ન હોય તેની ઇચ્છા ન કરવી. શૂરવીરપણું આવે એવું કરવાની જરૂર છે.

[વ૰ ૮૧૯] (બપોરના ઉપર) **૫૨૬** શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– વિષયકષાય એ જ સંસાર છે. સંસારમાં જીવ ગોથાં ખાય છે, ભૂલો પડે છે. કરવાનું પડ્યું રહે છે. આત્માર્થી હોય તેને લાગે કે ક્યાં તરંગમાં પડ્યો? આ શું કર્યું? એમ કરી પાછો ફરે.

જીવને વિષયકષાય એ પરવશ બનાવે છે. જેમ દારૂ પીવાથી ગાંડો થઈ જાય તેમ વિષયકષાયથી જીવ ગાંડો થઈ ગયો છે. વિષયકષાય મંદ પડ્યે ભાનમાં આવે અને ત્યારે લાગે કે આ શું કર્યું? વિષયકષાયને સેવવા મનુષ્યભવ નથી, એને જીતવા માટે મનુષ્યભવ છે. વિષયકષાયને હટાવવા. આત્માર્થી જીવો સત્પુરુષના વચનનું અવલંબન લઈ તેને હટાવે છે. એવું શૂરવીરપણું આવે તો મોક્ષપાટણ સુલભ જ છે. હું ધનવાન છું, હું ઘરડો છું, હું જુવાન છું એ બધો અહંભાવ ટાળવાનો છે. કૃપાળુદેવે આ એક ટૂંકો પત્ર લખ્યો છે, પણ કેવો લખ્યો છે!

[વ. ૮૧૯] ***૫૨૭**

('ૐ ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને'....પત્ર વંચાતાં)

પૂજ્યશ્રી– કોઈ મુમુક્ષુને ખેદ અટકાવવા માટે પત્ર લખવાનું જણાવતાં, પરમકૃપાળુદેવે તેનો

---

* આ વિવેચન 'પૂજ્યશ્રી બ્રહ્મચારીજી જન્મ શતાબ્દી સ્મારક ગ્રંથ' પૃષ્ઠ ૧૨૩ પરથી લીધેલ છે.

જવાબ આ પત્રમાં લખ્યો છે. મુમુક્ષુ જીવ હોય તેને જ વિષયકષાય આદિ વિશેષ વિકાર કરી જાય ત્યારે ખેદ થાય છે. જેટલું મુમુક્ષુપણું વધારે હોય તેટલો ખેદ વિશેષ થાય છે. ત્યારે જ્ઞાનીપુરુષોએ તે ખેદ અટકાવવા માટે શૂરવીર થવાનું કહ્યું છે. ખેદ કરે તો ઊલટાં કર્મ બંધાય છે માટે ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને તે વિષય-કષાયોને હઠાવે છે. પાંચ ઇન્દ્રિયના વિષયો ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષાદિ વધારે થાય ત્યારે શૂરવીરતાથી મુમુક્ષુપુરુષો, તે વિષયાદિ પ્રત્યે તિરસ્કારવૃત્તિથી જોઈને, જ્ઞાનીપુરુષોનાં વચનોનું અવલંબન લઈ, તેમના ચરિત્રોનું સ્મરણ કરી, પોતે પોતાને વારંવાર નિંદે છે. જેમ કે હે જીવ! તું જો આમ જ વિષયોમાં ફસીને રહીશ, તો નરકનાં અનંત દુઃખ વેઠવાં પડશે. તને તો જ્ઞાનીપુરુષનું શરણું મળ્યું છે છતાં તું આમ જ વર્તીશ તો પાછાં અનંત દુઃખ વેઠવાં પડશે, અને તું મોક્ષસુખને કેવી રીતે પ્રાપ્ત કરીશ? તારે તો જ્ઞાનીપુરુષ પડખે છે. માટે તેમણે જે આજ્ઞા કરી છે તેને જ તું માન્ય કરી, જેમ બે યોદ્ધા લડાઈમાં લડે છે તેમાં એક હારી જાય તો તેને ખેદ થાય છે અને પાછો તે બીજા યોદ્ધાની સાથે લડીને તેને જીતી લે છે, તેમ તું પણ તે દુષ્ટ વિષયો કે જે તને બહુ દુઃખ દેનાર છે, તેને જીતી લે અને મોક્ષના અનંત સુખને પામ. જો તું આમ જ (વિષયકષાયાદિમાં) વર્તીશ તો તને જ્ઞાનીપુરુષ મળ્યા પણ શા કામના? આત્માર્થી જીવો, જ્ઞાનીપુરુષોની જે આજ્ઞા છે તેને અખંડ રીતે આરાધી, તે મહાપુરુષોના ચરિત્રોનું સ્મરણ કરી એટલે તે પુરુષોએ કેવી રીતે વિષયકષાયાદિને જીત્યા છે, તેનું સ્મરણ કરી અને તેમના વાક્યોનો વિચાર કરી જ્યાં સુધી તે વિષયકષાયોને ન હઠાવે ત્યાં સુધી નીચે મને બેસતા નથી.

આત્માને આ રીતે વારંવાર શૂરવીરતાનો બોધ કરી, તેને શૂરવીર બનાવી તેને વશ કરે છે. એમ જ આત્માર્થી જીવો પોતાના મનને વશ કરીને અંતે જય પામ્યા છે. જેમ એ વિષય-વિકારોને હઠાવવા માટે પોતે બળ કરે છે, તેમ તે વિષયો પણ બહુ હઠ કરી લે છે. પણ વારંવાર જ્ઞાનીપુરુષોના ચરિત્રોનો વિચાર કરી, તેમના વચનોનો વિચાર કરી, તે વિષયોને હઠાવી આખરે આત્મા જ જય પામે છે. કેમકે કર્મ તો આવી આવીને ચાલ્યાં જાય છે, પણ તેમાં શાંતિથી બેસાતું નથી. તે કર્મોને બળ કરીને નહીં હઠાવે ત્યાં સુધી પુરુષાર્થ કર્યે જ છૂટકો છે. નહીં તો કર્મોનો જય થઈ જાય છે, માટે આત્માનો જય કરવા માટે શૂરવીર થવાની જરૂર છે અને તો જ મોક્ષ મળશે.

આ વાત મુમુક્ષુ જીવોએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે. એટલે ફરી એ વિષયવિકારો નહીં ઊઠે, તેમ આ આત્માને શૂરવીર બનવા માટે વારંવાર આ વાતનો વિચાર કરી, તે પ્રસંગમાં પોતાનો આત્મા ન તણાઈ જાય તેમ લક્ષ રાખી શૂરવીર બનવું જોઈએ.

**[વ૦ ૮૨૫]** ૫૨૮ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૭, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– બે વસ્તુ કહે છે. સત્શ્રુત અને સત્સમાગમ. સમાગમથી બહુ લાભ થાય એનું વિશેષપણું છે.

સત્શ્રુતનાં વચનો પ્રત્યક્ષ જ્ઞાનીનાં વચનો છે. એને હિતકારી હોય તે જ કહે છે. શાસ્ત્રોમાં તો

સામાન્યપણે હોય છે, પણ સત્શ્રુત તો એને જેવાં વચનો જોઈએ તેવાં કહે છે, તેથી વધારે હિતકારી છે.

સત્શ્રુતનાં વચનો અને શાસ્ત્રોનાં વચનો એમાં ભેદ પાડ્યો કે સત્પુરુષ (સત્શ્રુત)નાં વચનો એને જોઈએ તેવાં હોય છે અને શાસ્ત્રોમાં સામાન્યપણે હોય છે. મહાપુરુષનાં વચનો, તેમનું ક્રિયાચેષ્ટિતપણું, સત્પુરુષની વૃત્તિ તેનું વિશેષપણું છે. શાસ્ત્રોમાં બધાને માટે સામાન્યપણે કહેવાયું હોય છે, પણ પ્રત્યક્ષ પુરુષના યોગે જે વચનો કહેવાય છે તે એક પોતાને માટે કહેવાય છે. શાસ્ત્રોમાં પોતાની વૃત્તિ ઉપર આધાર છે. જેવો અર્થ થાય તેવો કરે અને સત્પુરુષનાં વચનો હોય તેમાં સત્પુરુષના આધારે સમજવાનું હોય છે.

[વ૦ ૮૨૬] ૫૨૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૧, સં. ૨૦૦૭

‘‘સત્શ્રુતનો પરિચય જીવે અવશ્ય કરીને કર્તવ્ય છે.’’

મુમુક્ષુ– સત્શ્રુત એટલે શું ?

પૂજ્યશ્રી– જેમાં મુખ્યપણે શાંતરસ રહ્યો હોય, જે શાંતરસને પોષનારું હોય એવું જે શાસ્ત્ર તે સત્શ્રુત છે. એવા સત્શ્રુતનો પરિચય જીવે અવશ્ય કરીને કરવા યોગ્ય છે.

‘‘મળ, વિક્ષેપ અને પ્રમાદ તેમાં વારંવાર અંતરાય કરે છે.’’

૧. મળ એટલે ક્રોધ, માન, માયા, લોભ વગેરે સત્શ્રુતનો પરિચય કરવા જતાં અંતરાય કરે છે.

૨. વિક્ષેપ એટલે ચિત્તની અસ્થિરતા અથવા તો ચપળપણું. એ દોષ જ્યારે હોય ત્યારે પણ સત્શ્રુતનો પરિચય થઈ શકતો નથી. કેમ કે જ્યારે ચિત્ત ઠેકાણે ન હોય ત્યારે સત્શ્રુતમાં મન રહેતું નથી. વિક્ષેપનો બીજો અર્થ આરંભ-પરિગ્રહમાં ચિત્ત જવું.

૩. પ્રમાદ. પ્રમાદના ઘણા પ્રકાર છે. પ્રમાદમાં હોય ત્યારે પણ સત્શ્રુતનો પરિચય થઈ શકતો નથી. ‘‘કેમકે દીર્ઘકાળ પરિચિત છે; પણ જો નિશ્ચય કરી તેને અપરિચિત કરવાની પ્રવૃત્તિ કરવામાં આવે તો તેમ થઈ શકે એમ છે.’’ જો નિશ્ચય કરે કે મારે બીજા વિચારો નથી કરવા, મારે તો એ જ કરવું છે, એમ જો નિશ્ચય કર્યો હોય તો તે થઈ શકે એમ છે.

[વ૦ ૮૨૬] ૫૩૦ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૭, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– શાસ્ત્ર ગુરુપરંપરાથી સમજવા યોગ્ય છે. મળ, વિક્ષેપ અને પ્રમાદ એ સત્શ્રુતના અંતરાય છે. મુખ્ય અંતરાય તો જીવનો અનિશ્ચય છે. નિશ્ચય કરે તો મળ, વિક્ષેપ, પ્રમાદ જતા રહે. દૃઢ નિશ્ચય કર્યો હોય તો કામ કર્યા વિના છોડે નહીં. ગમે તેટલાં વિઘ્નો આવે પણ મારે આ કામ કરવું જ છે, તો પછી ગમે તેટલાં વિઘ્ન આવે તો પણ ન પડે.

[વ૦ ૮૨૭] ૫૩૧ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૭, સં. ૨૦૦૮

મુમુક્ષુ– ઉતાપની નિવૃત્તિ કેમ થાય ?

પૂજ્યશ્રી– જન્મ જરા મરણ એ મુખ્ય ઉતાપ છે. મારે મરવું-જન્મવું પડશે એવો ભય નથી, જ્ઞાની એમ કહે છે. ઉપર બતાવ્યાં તે ત્રણ મોટાં દુઃખ છે. એ દુઃખ લાગે તો નિવૃત્તિ કરવા માંડે.

'હું દુઃખી છું' એમ લાગતું નથી. જ્ઞાની કહે છે કે આખો લોક ત્રિવિધ તાપથી બળે છે, પણ એને એમ લાગતું નથી. ઊંઘે છે.

[વ૦ ૮૪૩] ૫૩૨ ગઢ શિવાણા, ફાગણ સુદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— જ્યાં સુધી ભાન હોય ત્યાં સુધી ભગવાનનો આશ્રય કરવો. મરણની છેલ્લી અણી સુધી પણ છોડવા જેવું નથી. મહાપુરુષનું એક વચન પણ ગ્રહણ કર્યું તો તેનો મોક્ષ થાય એવું છે. પોતે અણસમજણવાળો હોય પણ જેણે આત્મા જાણ્યો છે તેનું વચન મને કલ્યાણકારી છે, એટલું થયું તો કલ્યાણ થાય. જ્ઞાનીનું એક વચન ગ્રહણ કર્યું તો સાચા માર્ગે એટલે મોક્ષમાર્ગે ચઢી જાય. ઘણો લાભ છે. જીવને સત્પુરુષનો નિશ્ચય થાય અને પછી તેના આશ્રયે ચાલે તો કલ્યાણ થાય. અબુધ અને અશક્ત એવા જીવોનો પણ એક વચનથી મોક્ષ થઈ જાય. સંસાર છે તે દુઃખનો દરિયો છે. તેમાં આ જીવ દુઃખ ભોગવતાં જન્મ-મરણ કરતો આવ્યો છે. એમાં જ્ઞાનીપુરુષનો આશ્રય મળે તો પાર થાય. જ્ઞાનીપુરુષનો આશ્રય મળ્યો તો મોક્ષ જ મળશે, એવું દૃઢ રાખવું. મરતી વખતે પણ જ્ઞાનીપુરુષનો આશ્રય છોડવો નહીં.

દ્વાદશાંગીનો સાર— દેહાદિભાવ છોડી જે થાય તેનો જાણનાર હું છું, દેહ છૂટે પણ હું નહીં મરું. દેહાધ્યાસ છોડવો એથી કલ્યાણ છે. શરીરની શોભા કરે છે અને માને છે કે હું સારું કરું છું. શરીરભાવથી છૂટી જાય તો મોક્ષ થાય. દેહને અંગે હર્ષ થાય છે ને શોક થાય છે. મિથ્યાભાવ છે તે એમ મનાવે છે. રાગ-દ્વેષ થયા કરે છે. બધાય શાસ્ત્રોનો સાર એ છે કે દેહાદિ સંબંધી હર્ષ-વિષાદ વૃત્તિ ન કરવી. પરમાર્થ એ છે કે 'દેહથી હું ભિન્ન છું.' આખી જિંદગી સુધી કામ આવે એવાં કૃપાળુદેવનાં વચનો છે. દેહ સંબંધી હર્ષ-વિષાદ ન કરવો. એ દ્વાદશાંગીનો સાર છે.

પોતાનું શુદ્ધ સ્વરૂપ આત્મા છે, એવી ભાવના કરવાની છે. એ તો શાસ્ત્રો ન ભણ્યો હોય તો પણ થાય. ખેદ કરવાની જરૂર નથી. હું નથી ભણ્યો, હું ધર્મ નથી પામ્યો, એમ ન કરતાં વીતરાગ ભગવાનનું કહેલું, તેને આશરે ચાલવું અને એ જ સાચું છે, આટલો ભવ એને આશ્રયે જ ગાળવો છે, એટલું થયું તો બધું કરી ચૂક્યો. વૃત્તિ મંદ પડે તો પાછી વાળવી અને જે નિશ્ચય કર્યો છે તેમાં જ વૃત્તિ રહે એવું કરવાનું છે. જેણે જેણે અખંડ નિશ્ચય રાખ્યો હોય એવા પુરુષોનાં ચરિત્રો વેદના વખતે યાદ કરવાં. જે ભગવાને કહ્યું છે તે જ સાચું છે. જ્યારે ઉપસર્ગ આવે ત્યારે વીતરાગદશાનું સ્મરણ કરવું. વૃત્તિને અપ્રમત્ત કરવી. એને માટે મહાપુરુષોનાં ચરિત્રો છે તે વિચારવાં. વૃત્તિને જાગૃત રાખવાની જરૂર છે.

'આચારાંગ'માં આવે છે કે ઉનાળામાં ભગવાન કશું કપડું રાખતા ન હતા, અને શિયાળામાં પણ ગમે તેટલી ટાઢ પડતી તોય, વસ્ત્ર વાપરતા ન હતા. બધું સહન કરતા. જ્યાં ત્યાં કર્મ ખપાવવાં એવો પુરુષાર્થ કર્યો. વૃત્તિ ભગવાનમાં રહે તો પુરુષાર્થ થાય. માથે મરણ છે માટે જેટલું થાય તેટલું કરી લેવું. આ શિખામણ જીવને ઘણી ઉપકારી છે. સત્પુરુષને આશરે એ કરવાનું છે. ''હું પામર શું કરી શકું?'' એવું કરવાનું છે.

[વ૦ ૮૪૩] (બપોરના) ૫૩૩ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૭, સં. ૨૦૦૮

**“શ્રીમત્ વીતરાગ ભગવતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણિસ્વરૂપ, પરમ હિતકારી, પરમ અદ્ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર, પરમ અમૃત સ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્તો, ત્રિકાળ જયવંત વર્તો.”**

પૂજ્યશ્રી– કૃપાળુદેવને ધર્મ પ્રત્યે કેટલો પ્રેમ છે! શ્રીમત્ વીતરાગોએ નિશ્ચિત કરેલો ધર્મ છે. વીતરાગ ભગવાને જાણ્યું કે નિશ્ચય તો આત્મધર્મ છે અને એ અચિંત્ય ચિંતામણી સ્વરૂપ છે. એને ચિંતવવું ન પડે. માગ્યા વગર આપે છે. એનાથી બધું મળે છે અને કશું ન ઇચ્છે તો મોક્ષ થાય. ઇચ્છવા જેવો તો મોક્ષ છે. ચિંતામણી કરતાં ચઢિયાતો છે. ભગવાનના કહ્યા પ્રમાણે વર્તે તો મોક્ષ થાય. જગતના બધા પદાર્થો કરતાં પરમ હિતકારી વસ્તુ ભગવાને પ્રરૂપેલો ધર્મ છે. એના જેવું હિતકારી કોઈ નથી. એ વસ્તુ પ્રત્યે જરા પણ ચિત્ત દે; રુચિ કરે તો મોક્ષે લઈ જાય. આ મોક્ષમાર્ગ પરમ હિતકારી છે. આશ્ચર્યકારક છે. અદ્ભુત વસ્તુ છે. જગતનાં જેટલાં દુઃખો છે તે બધાં દુઃખોને નાશ કરે એટલું જ નહીં, પણ ફરી તે દુઃખ આવે જ નહીં એવું છે.

એક જણે પૂછ્યું કે ‘મોક્ષનું સુખ કેવું હશે?’ તો કહ્યુંઃ એ તો ખબર નથી. પણ સંસારનાં દુઃખની ખબર છે, એ દુઃખ ત્યાં નથી.

ધર્મ આરાધે તો અવશ્ય સુખી થાય. સર્વ દુઃખો અને ચિંતાઓનો ક્ષય કરનાર ભગવાને કહેલો ધર્મ છે. એ અમૃત સ્વરૂપ છે. એટલે સર્વ પ્રકારે હિતકારી છે. એ ધર્મ શાશ્વત છે. જે જે મોક્ષે ગયા તે તે સાચા ધર્મ એટલે આત્માની શુદ્ધિ કરતાં કરતાં મોક્ષે ગયા. “મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ.” જેણે મોક્ષે જવું હોય તેણે એ જ ધર્મ આરાધવો.

“એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ.” જ્યારે ત્યારે પણ મોક્ષે જવું હશે ત્યારે એ રસ્તે આવવું પડશે. એ ધર્મ સર્વમાન્ય થાઓ, જયવંત વર્તો અને સંસારી જીવોને મોક્ષે લઈ જાઓ. સંસારનો ક્ષય કરવા માટે ધર્મ છે. એ ધર્મ પ્રાપ્ત થયો તો મોક્ષે જવું જ પડશે. એ ધર્મનું શરણ લેવા જેવું છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંત સુખ એનું નામ અનંત ચતુષ્ટય છે. ચાર ઘાતિ કર્મ ક્ષય થવાથી એ પ્રગટે છે. ભગવાન અને ભગવાને કહેલો ધર્મ એ બન્નેના આધારે તરી શકાય છે. જેણે એનું શરણ લીધું તે વ્રત, નિયમ ન પાળી શકે, સમજણ ન હોય, પણ આ જ ધર્મ સાચો છે; એને શરણે રહેવું છે એવું જો હોય તો મોક્ષ થાય. ભક્તિ કેટલી મદદ કરનાર છે તે કહે છે. (અત્રે મા-રુષ, મા-તુષ મુનિનું દૃષ્ટાંત આપ્યું હતું.)

સાચો આશ્રય મળે તો એનું ફળ અદ્ભુત આવે. પાર્શ્વનાથ ભગવાને લાકડામાંથી બળતા નીકળેલા સાપને મંત્ર આપ્યો. ત્યારે સાપને લાગ્યું કે આ કોઈ સાચો પુરુષ જ છે. એટલું મનમાં થવાથી બધાં પાપ સંક્રમી પુણ્યરૂપ થયાં, નહીં તો સાપ નરકે જાય.

નિશ્ચય એટલે સાચાને સાચું જાણવું; જ્યાં સત્ય છે ત્યાં સત્ય જાણવું. “તમે......અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો.” ભગવાનનું સ્વરૂપ ઓળખાય તો પોતાનું પણ ઓળખાય.

ભગવાનનું સ્વરૂપ છે તે જ આપણું સ્વરૂપ છે, બીજું નહીં.

"બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા." (૭૬) જગતમાં કશું શોધવું નહીં. સાચાનો આશ્રય લીધો તો સાચું નીકળશે, પ્રાપ્ત થશે.

"એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે." (૭૬) એટલો વીમો ઉતારી દીધો છે. ખેદ નહીં કરવો કે ક્યારે મોક્ષ થશે? બને તેટલો પુરુષાર્થ કરવો. ધીરજ રાખી આજ્ઞા આરાધ્યા કરવી.

દેહની ચિંતા જેણે છોડી દીધી તે પૂર્ણ દ્વાદશાંગી ભણી ગયો. બધું ભણીને એ જ કરવાનું છે. "જે થવું હોય તે થાઓ, રૂડા રાજને ભજીએ." દેહ સંબંધી હર્ષ ખેદ ન થાય તો બધી દ્વાદશાંગી ભણી ગયો અને માન્યતા તો એ જ કરવી છે. દેહાધ્યાસ છોડવાનો છે. જ્યારે ત્યારે દેહાધ્યાસ છોડશે ત્યારે મોક્ષ થશે. એ જ માન્યતા કર્તવ્ય છે.

'હું ધર્મ પામ્યો નથી; કેમ પામીશ?' એવો ખેદ કરવો નહીં. તે ધર્મ શું, તે કહે છે. 'હું આત્મા છું, દેહ નથી.' એટલો જ ધર્મ છે. દેહના સંબંધી રાજી ના થઈશ. ખેદ ન કરીશ. 'દેહ તે હું નહીં,' એટલું કરી વૃત્તિ ઉઠાવી લે. દેહાદિ સંબંધી હર્ષ-વિષાદ વૃત્તિ કરવાની નથી. ગજસુકુમારને નેમિનાથ ભગવાને કહ્યું કે 'દેહ સંબંધી હર્ષ-વિષાદ ન કરવો.' એ ગજસુકુમારને ચોંટી ગયું. એથી મોક્ષ થયો. આત્મા અસંગ છે; અવિનાશી છે. દેહાદિથી મારે લેવા-દેવા નથી. રાગ-દ્વેષ તે હું નહીં. શુદ્ધ ચૈતન્ય હું છું. જેવો આત્મા છે તેવી જ વૃત્તિ રાખવી.

વધારે વેદના થાય તો વીતરાગ પુરુષોની દશા સંભારવી. વીતરાગે કશું ગણ્યું નથી; આત્માને છોડ્યો નથી. દેહાદિ સંબંધી હર્ષ-વિષાદ ન કર્યો તેથી મોક્ષે ગયા. 'હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું' એમ રહે તો અપ્રમત્ત છે. ભગવાનમાં, શુદ્ધ આત્મામાં વૃત્તિ રાખવી. દેહનો પક્ષ છોડી આત્માનો પક્ષ કરવો.

[વ૦ ૮૪૩] ૫૩૪ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ધર્મનું માહાત્મ્ય જેને લાગ્યું છે, તેણે કેટલું લખ્યું છે! ભગવાન વીતરાગોએ નિશ્ચિતાર્થ કરેલો ધર્મ પરમ હિતકારી છે, અમૃતસ્વરૂપ છે. એના જેવું બીજા કશામાં હિત નથી. અદ્ભુત વસ્તુ છે, ચમત્કારી છે! આત્માનો ચમત્કાર કેવો છે! એ ન હોય તો મડદું. બધો ચમત્કાર તો આત્માનો છે. અનંતકાળના જન્મમરણ છોડાવે એવો અદ્ભુત માર્ગ વીતરાગે કહ્યો છે. તે સર્વ દુઃખનો એવો નાશ કરે કે ફરી દુઃખ ઉત્પન્ન જ ન થાય. એવો આ ધર્મ છે, પણ એને માહાત્મ્ય નથી. ભગવાને કહ્યો છે તે ચમત્કારી માર્ગ છે. જીવ કેમ ગ્રહણ ન કરે? કોઈ રત્ન આપે તો ગ્રહણ ન કરે? અનંતકાળ સુધી સુખી થાય એવો માર્ગ છે. સર્વોત્કૃષ્ટ ધર્મ તો વીતરાગ ધર્મ છે. આ ધર્મનો જીવે લક્ષ રાખવા યોગ્ય છે; આરાધવા યોગ્ય છે. એમાં જ જીવન ગાળવાનું છે. પછી નહીં બને. લૂંટમલૂંટ લેવા જેવું છે. મનુષ્યભવમાં બને, પછી નહીં બને. ભગવાન અને ભગવાનનો

કહેલો ધર્મ એ બન્નેના આશ્રયથી તરાય એવું છે. ભગવાનથી ધર્મ જુદો નથી. ધર્મ તો સત્પુરુષના હૃદયમાં જ છે.

સંપ્રતિરાજા પૂર્વભવમાં ભિખારી હતો. કદી ખાવાનું મળે નહીં તેથી પછી ભૂખનો માર્યો સાધુ થયો, પણ તેને લાગ્યું કે આ સાચું છે, મને ખાવાનું મળ્યું અને લોકો મને નમસ્કાર કરે છે. ધર્મ પ્રત્યે ઉલ્લસભાવ થયા. નિશ્ચય અને આશ્રયપૂર્વક દેહ છોડ્યો ને બીજા ભવમાં રાજા થયો.

માર્ગનો પ્રભાવ કેટલો છે! સાચ જો પકડ્યું તો મોક્ષે લઈ જાય. કંઈ સમજી ન શકે, કરી ન શકે એવા પણ આ માર્ગનો આશ્રય પકડે તો કામ થઈ જાય. એંજિનની સાથે આંકડો જોડાઈ જવો જોઈએ. કંઈક જો સાચ અડે તો કામ થઈ જાય. ''મા રુષ, મા તુષ'' મુનિ જેવાનું પણ કામ થઈ ગયું. સાચું જાણ્યું હતું. આ માર્ગ સર્વોત્કૃષ્ટ છે એવો નિશ્ચય કરવો અને એના આશ્રયે જેટલું થાય તેટલું કરવું. એમાં કાળ ગાળવો છે, એવો નિશ્ચય અને આશ્રય કર્ત્તવ્ય છે.

પરપદાર્થને પોતાનું માનવું એ જ મિથ્યાત્વ. 'દેહ છે તે જ હું' એમ થઈ ગયું છે. દેહના નિમિત્તે, કુટુંબના નિમિત્તે, ઘરના નિમિત્તે હર્ષ-વિષાદ ન થાય તો દ્વાદશાંગી આખી સમજી ગયો. બધુ ભણી ગયો. આખા જગતને જાણે છે, પણ પોતાને જાણતો નથી. ખરો ધર્મ ક્યો છે? ધર્મ શાને કહે છે? તે હવે કહે છે.

''વીતરાગ પુરુષોનો ધર્મ જે દેહાદિ સંબંધીથી હર્ષવિષાદવૃત્તિ દૂર કરી આત્મા અસંગ-શુદ્ધ-ચૈતન્ય-સ્વરૂપ છે, એવી વૃત્તિનો નિશ્ચય અને આશ્રય ગ્રહણ કરી તે જ વૃત્તિનું બળ રાખવું.''

વીતરાગે કહ્યું છે કે દેહાદિ સંબંધી હર્ષવિષાદ ન કરવો. એ જો પકડાયું તો બીજા ધર્મ ન કરતો હોય તોય ચાલશે. એ વ્રત દૃઢ કરવાનું છે. એ દૃઢ થાય તો પછી હર્ષ-ખેદ ન કરે. બીજામાં ન તણાવું એ ખરો ધર્મ છે. 'આચારાંગ'માં આવે છે કે મહાવીર ભગવાને દીક્ષા લીધા પછી આંખ ચોળવા જેટલી પણ શરીરની સંભાળ લીધી નહોતી. એ વારંવાર સંભારવા જેવું છે. આ દેહથી કામ કરી લેવાનું છે. આ દેહ પ્રત્યે હર્ષવિષાદ ન થાય, એટલું મને કરવા દે. પરવસ્તુની ચિંતામાં બળી રહ્યો છે. આત્માનો વિચાર નથી આવતો.

કલ્પના કરે કે ફલાણાં શાસ્ત્રો ભણ્યો તો ધર્મ પામ્યો. બધાં શાસ્ત્રોનો સાર દેહાદિ સંબંધી હર્ષવિષાદ વૃત્તિ ન કરવી. બધાં શાસ્ત્રો પોકારી પોકારીને એ જ કહે છે. જેણે ઘણાં શાસ્ત્રો જાણ્યાં હતાં, ઘણાં કર્યાં હતાં; તેના મુખથી નીકળેલાં અનુભવ વચનો છે. નિઃસ્પૃહ પુરુષો કેવા નિર્મોહી હોય છે! કશું ગણ્યું નહીં, એમ વિચારવું. મંદ વૃત્તિ થાય ત્યાં સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું. આત્મા જોવા જેવો છે. કર્મ જોવાનાં નથી. મહાપુરુષનાં ચરિત્રો અદ્ભુત છે.

કોઈને છેવટે વૃદ્ધાવસ્થા વખતે એમ થયું હશે, ખેદ થતો હશે તેથી કૃપાળુદેવે ખેદ ન કરવા વિષે આ પત્ર લખ્યો હશે. 'હું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા છું' એ ભૂલ મા. એ ભાવ યુવાવસ્થામાં કે વૃદ્ધાવસ્થામાં મરતી વખતે કરે તો થઈ શકે છે. પરમપુરુષની દશામાં વૃત્તિ રાખવી. ચાલતાં ન ચલાય તો લાકડીથી ચાલે, એમ અશક્ત અને અબુધ હોય તો જ્ઞાનીરૂપ લાકડી લઈ ચાલી જવું.

[વ૦ ૮૪૪] ૫૩૫ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૨, સં. ૨૦૦૮

પડતો પડતો કાળ આવ્યો તેથી મહાવીર ભગવાનના વખતમાં ભગવાને એકલાએ જ દીક્ષા લીધી. પહેલાં તો ભગવાન સંથારો કરતા ત્યારે બીજા પણ કરતા. ભગવાન મહાવીરે તો એકલાએ જ દીક્ષા લીધી અને એકલા જ મોક્ષે ગયા. ચેતતા રહેવાની જરૂર છે. નદીઓ ઓળંગવાની છે. વાસના ગયા વગર જે ત્યાગ આવે છે તે દુઃખરૂપ જ હોય છે. અપૂર્વ અવસરમાં—

**"સર્વભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,**
**માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;**
**અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,**
**દેહે પણ કિંચિત્ મૂર્ચ્છા નવ જોય જો."**

એવું થાય પછી સમ્યક્દર્શન થાય. સમકિત છે તે બગડી મિથ્યાત્વ થઈ ગયું છે.

[વ૦ ૮૬૦] ૫૩૬ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— વીતરાગ મુદ્રા જોઈને વૃત્તિ સ્થિર કરવી, તે રૂપાવલોકનધ્યાન છે. જો અરિહંતના દ્રવ્યગુણપર્યાયનો વિચાર કરે તો મોહ નાશ થાય. અરિહંતનું સ્વરૂપ છે તેવું જ આપણું છે. અરિહંતનું સ્વરૂપ એ આપણું સ્વરૂપ જોવાનું દર્પણ છે. દર્શનમોહ ઘટે તો જગત અસાર લાગે, પછી સ્વરૂપાવલોકન થાય છે. વિપરીતતા છૂટ્યા પછી સ્વરૂપાવલોકન થાય. દર્શનમોહ હોય ત્યાં સુધી સ્વરૂપાવલોકન ન થાય. જે સ્વરૂપાવલોકન કરતા હોય તેની પાસે રહેવું.

બીજું સત્શાસ્ત્રનો સમાગમ. એમાં ભાવના એવી રાખવી કે હું સમ્યક્ત્વ પ્રાપ્ત થવા એ કરું છું. બધાનો આધાર ગુણજિજ્ઞાસા છે. એ લક્ષ ન હોય તો એ યોગ થયો તે અને સત્શાસ્ત્ર પણ કંઈ ન કરે. ભાવના જેટલી બળવાન હોય તેટલું એ સાધન કામ કરે છે. સાધન છે તે દાદરા જેવું છે. ભાવના મંદ પડી જાય ત્યારે સાધન હોય તોય કંઈ કામ ન થાય. સદ્ગુરુયોગ, સત્શાસ્ત્રયોગ, નિજઉલ્લાસ હોય એવી યોગ્યતા સાથે પ્રવર્તે તો સમ્યક્દર્શન થાય. દેહદૃષ્ટિ છૂટી સ્વરૂપાવલોકન દૃષ્ટિ થાય છે. ગુણજિજ્ઞાસા એટલે શમસંવેગાદિ ગુણો પ્રગટ કરવા છે એવી ભાવના. સમ્યક્દર્શન એવા ગુણ પ્રગટે ત્યારે થાય. અધિકારી થવું આપણું કામ છે. ગમે તેવો યોગ થયો હોય પણ આ ગુણો પ્રાપ્ત ન થાય તો યોગ પણ અયોગ છે.

**"નહીં કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;**
**સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય."**

એને કાઢવા પુરુષાર્થ ન કરે તો આત્માર્થી થવાય નહીં. પાત્રતા લઈ સદ્ગુરુ પાસે જવું. પાત્રતા આવ્યે છૂટકો છે.

વીતરાગમુદ્રામાં દૃષ્ટિ નાક ઉપર હોય છે. તે એના હૃદયમાં રહે. પછી એના દ્રવ્યગુણપર્યાયનો વિચાર આવે. બીજી વૃત્તિઓ રોકાય ત્યારે ભગવાનનું સ્વરૂપ ધ્યાનમાં આવે છે. દર્શનમોહ ઘટ્યો હોય ત્યારે સ્વરૂપાવલોકન થાય છે. મહત્પુરુષનો સમાગમ, સત્શાસ્ત્ર અને સમ્યક્દર્શનના શમસંવેગાદિ ગુણોની જિજ્ઞાસા છે તે દર્શનમોહનો અનુભાગ ઘટવાના ઉપાયો છે.

[વ૦ ૮૬૧] ૫૩૭ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– શિથિલ થઈ ગયો હોય, પ્રમાદ થયો હોય પણ પુરુષાર્થ કરે તો સહજે જાય. આત્માર્થી હોય તેને એમ થાય છે કે મને બોધ પ્રાપ્ત થાઓ અને પરિણામ પામો. બોધ કેમ પરિણામ પામતો નથી, તે વિચારવું. શું વિચારવું? પ્રભુશ્રીજીને આત્મસિદ્ધિની સાથે એક પત્ર (૭૧૯) કૃપાળુદેવે મોકલ્યો હતો. એમાં લખ્યું છે કે આત્મસિદ્ધિ વાંચવા માટે વધારે યોગ્યતાની જરૂર છે; દેવકરણસ્વામીને આકાંક્ષા વિશેષ રહે તો આત્મસિદ્ધિ લલ્લુજીમુનિની સાથે વિચારવી. સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો દૃઢ નિશ્ચય હોય, આટલો ભવ એમાં જ ગાળવો છે એવો નિશ્ચય હોય, એ નિશ્ચય પ્રમાણે વર્તે, તેને આરાધે, નિશ્ચય છોડે નહીં, આજ્ઞામાં જ વર્તે તેને બોધ પરિણામ પામે છે. વાંચીને, વિચારીને વર્તવું તો સત્પુરુષની આજ્ઞામાં જ. એમ ન થાય ત્યાં સુધી સમ્યક્જ્ઞાન પરિણામ પામે નહીં. જ્ઞાન પ્રાપ્ત કરવું સહેલી વાત નથી. એની પાછળ પડે ત્યારે થાય. હવે દેહ એની પાછળ જ ગાળવો છે, એમ થાય ત્યારે થાય. અહંભાવ મમત્વભાવ મૂકે ત્યારે થાય. એટલી તૈયારી હોય તો 'આત્મસિદ્ધિ' વાંચવી નહીં તો નહીં. સદ્ગુરુને વરે, એવું કરી નાંખવાનું છે.

[વ૦ ૮૬૩] ૫૩૮ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૯, સં. ૨૦૦૮

સમાગમની જરૂર છે. ગાંધીજીને કંઈ ક્ષયોપશમ ઓછો નહોતો, પણ સમાગમની જરૂર હતી. નિશ્ચય કર્યા પછી પણ જીવને પડવાના ઘણા પ્રસંગ છે. નિશ્ચય કર્યા પછી વર્તવા માંડે તો થાય છે. શિરનું સાટું કરે ત્યારે આત્મજ્ઞાન મળે. ઘણી વખત જીવની વૃત્તિ શબ્દોમાં જ જાય છે, પણ જ્યારે સ્થિર ચિત્ત હોય ત્યારે પોતાના દોષો કાઢવાનું સમજાય છે. વૃત્તિ એમાં જોડે, મારે એ કરવા જેવું છે એમ થાય, ત્યારે કામ થાય. હું બીજાને માટે, બીજાને ઉપદેશ કરું એમ ડહાપણ કરે તો પોતાનું કંઈ ન થાય; પુણ્ય બાંધે. એની પાસે ગુણોનો સંગ્રહ ન થાય. પોતાના ગુણ પ્રગટાવવાનો લક્ષ હોય તો પોતાના કામમાં આવે.

બાહ્યદૃષ્ટિ હોય, બીજાને કેમ સારું લાગે, બીજા કેમ રાજી થાય? એમ હોય ત્યાં સુધી પોતાનું કંઈ ન થાય. મને જ કહે છે, અસદ્વૃત્તિઓ મારામાં છે, હું પ્રમાદમાં છું એમ એને લાગે. એ લક્ષ રહે તો પ્રમાદ ટાળવાનો પુરુષાર્થ કરે. અસદ્વૃત્તિઓનો નિરોધ કરવાનો છે. એમાં પ્રમાદ કરવા જેવું નથી.

[વ૦ ૮૬૪] ૫૩૯ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– છેલ્લું પુદ્ગલપરાવર્તન હોય ત્યારે જીવને સત્પુરુષનો યોગ પ્રાપ્ત થાય છે; પછી બોધ મળે, પોતાના દોષ ઓછા થાય તો જ દૃષ્ટિ ખૂલે.

પાપને ઘાત કરે એવા સાધુ હોય તેનો પરિચય કરવો. અનાદિના દોષ ટળે એવા સાધુનો પરિચય કરવો. અકુશળ હોય તો તેને દૂરથી તજવા, ત્યાગ કરવા. સત્પુરુષના સમાગમની સાથે અધ્યાત્મશાસ્ત્રનો અભ્યાસ કરવો. એકલો અભ્યાસ નહીં, પણ સાથે પરિશીલન કરવું. શ્રવણ, મનન કરી પરિશીલન સુધી પહોંચવાનું છે. એ વસ્તુ પોતાની થઈ જાય, એવું કરવાનું છે. કોઈ સદ્ગુરુ હોય તો ભગવાન ઓળખાય. દૃષ્ટિ ખૂલે.

મોહાંધ મનુષ્યો સેવા સુગમ માને છે, પણ અગમ અનુપ છે. એવું સેવન મને આપજો, એમ આનંદઘનજી કહે છે. કેવળજ્ઞાન થાય ત્યાં સુધી સેવન કરવાનું છે. વિભાવ છોડી સ્વભાવમાં રહેવું એ જ ખરી સેવા છે. દર્શનમોહ દૂર થવાથી મોક્ષનો માર્ગ શરૂ થાય છે. એક ગાથામાં આખો મોક્ષમાર્ગ મૂકી દીધો છે.

[વ૦ ૮૬૬] ૫૪૦ આહોર, ફાગણ વદ ૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– દ્રવ્યાનુયોગ એટલે બધાય દ્રવ્યો છે તેને જાણી આત્માને મુખ્ય કરવો. આત્મા મુખ્ય વસ્તુ છે. એને ઓળખવા માટે ધર્માસ્તિકાય આદિ પંચાસ્તિકાય કહ્યાં છે.

**‘‘ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.’’**

લક્ષણથી આત્મા જુદો જણાય છે. આત્માને માટે જે ગ્રંથો લખાયેલાં છે તે દ્રવ્યાનુયોગ છે. ‘આત્મસિદ્ધિ’, ‘છ પદનો પત્ર’ એ બધાં દ્રવ્યાનુયોગ છે. દ્રવ્યાનુયોગના પાત્ર જીવો થોડા છે. આત્માને ઓળખ્યો નથી. કશુંય સંસારમાં સાર નથી. આત્મજ્ઞાન ન થાય તો કાંઈ નહીં પણ મારે આત્માર્થે જ જીવવું છે, ત્યારે એને દ્રવ્યાનુયોગ પર પરમ પ્રેમ આવે. જીવ સંસારથી કંટાળ્યો નથી. દ્રવ્યાનુયોગ પર પ્રેમવાળા થોડાક જીવો છે. જગતના જીવોને સાચી વસ્તુ ગમતી નથી. મોહથી જે છૂટ્યા છે તે મુમુક્ષુ છે અને તેઓને માટે જ એ દ્રવ્યાનુયોગ છે. સાચી વસ્તુ ઓળખાઈ હોય તો પરભવમાં પણ સાથે રહે એવી છે. કૃપાળુદેવને પૂર્વભવનું આ ભવમાં ઊગી નીકળ્યું. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં જીવ પડયો છે. આ મનુષ્યભવમાં તો આત્માનું કલ્યાણ કરવાનું છે. જીવ પોતાને ભૂલી જાય છે. આત્માને જાણવો છે. જ્ઞાનીએ આત્માને જાણ્યો છે.

‘‘જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે’’ (૯૦૨) જડ પ્રત્યે ઉદાસીનતા આવે ત્યારે આત્મવૃત્તિ થાય. સહેલી વાત નથી. ચિંતામણી રત્ન જેવો આત્મા છે. મફત મળે. જીવ નજીવી વસ્તુઓમાં ચોંટી ગયો છે. આત્મા ભણી વૃત્તિ થાય તો માર્ગ મળે. જીવ અનાદિકાળથી કર્મને લઈને ઘેરાયો છે.

**‘‘ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન.’’**

ત્યાગ વૈરાગ્યની ભાવના હોય ત્યારે એને દ્રવ્યાનુયોગ પર પ્રેમ આવે છે અને બુદ્ધિ નિર્મળ થાય છે. શમ, સંવેગાદિક પ્રગટતાં જ સમ્યક્ત્વ થાય છે. સમ્યક્ત્વ પહેલાં પણ પૂર્વે જે આરાધન કરેલું હોય તેથી ત્યાગ વૈરાગ્ય આવે છે એ સમ્યક્ત્વને કારણરૂપ છે. સમ્યક્ત્વ થાય ત્યારે એને નિર્ણય થાય છે. વીતરાગનું કહેવું આત્માને ઓળખવાનું છે. ભગવાનની વાણીમાં દ્રવ્યાનુયોગ મુખ્ય છે. ગણધરોએ પહેલું ‘દૃષ્ટિવાદ’ લખ્યું, પણ આ કાળના જીવોને એ સમજમાં ન આવવાથી ‘આચારાંગ’ થી લખવું શરૂ કર્યું. બધું કરીને મૂળ જ્ઞાન કરવાનું છે. અને એ સદ્‌ગુરુના યોગે થાય છે. સહેજે ત્યાગ વૈરાગ્ય રહે, નહીં તો બીજે તણાઈ જાય. શુક્લધ્યાન સુધી દ્રવ્યાનુયોગ કામનો છે. ચાર પ્રકારના અનુયોગ છે.

૧. કથાનુયોગ– તેમાં મહાપુરુષોના ચરિત્રો આવે છે. તે જીવને વૈરાગી થવા માટે છે.

૨. ગણિતાનુયોગ– તેમાં કર્મના ભેદ વગેરે આવે છે. તે વૃત્તિ સ્થિર થવા માટે છે.

૩. ચરણાનુયોગ– તેમાં આચરણની વાત આવે છે.

૪. દ્રવ્યાનુયોગ– તેમાં પોતાનું સ્વરૂપ જણાય છે.

મહાપુરુષના યોગે કંઈક મહાભાગ્યે દ્રવ્યાનુયોગ હાથ આવે છે. દ્રવ્યાનુયોગ હાથમાં આવે પણ પરિણામ પામવો જોઈએ. તે કેમ પામે? તે કહે છે. દર્શનમોહ ઘટે ત્યારે દ્રવ્યાનુયોગ સમજાય છે. દર્શનમોહ મંદ થાય ત્યારે હિતકારી વસ્તુ હિતકારી લાગે છે.

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

એ થશે ત્યારે આત્મા પ્રાપ્ત થશે. આત્માર્થીને વિષયો ઝેર જેવાં લાગે છે અને એવું થાય ત્યારે જ આત્માનું ભાન થાય છે. પાંચ ઇન્દ્રિયના વિષયો જીવને ભૂલાવનારા છે. બધું થવાનું કારણ સત્સંગ છે અને સત્પુરૂષોનો યોગ છે. એ થાય તો બધું સહેજે થાય. કૃપાળુદેવે કહ્યું છે કે સત્પુરુષની કૃપાદૃષ્ટિ એ સમ્યક્ત્વ છે. જેટલી યોગ્યતા હોય તેટલું પરિણમે. દર્શનમોહ ઘટવા માટે શમ, સંવેગાદિક ગુણો લાવે, પાંચ ઇન્દ્રિયોના વિષયોને જીતે, તો શાસ્ત્ર પરિણામ પામે. મહાપુરુષોના મુખે સાંભળવા મળે તો થાય.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ. મૂળ૦**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦"**

જેમ જેમ સંયમ વધે તેમ તેમ દ્રવ્યાનુયોગ પરિણમે છે. જ્ઞાનીપુરુષમાં અભેદતા એ જ ખરો સંયમ છે. જે જ્ઞાનીનું સ્વરૂપ છે તે જ મારું સ્વરૂપ છે. જેમ જેમ સમ્યક્દર્શન નિર્મળ થાય તેમ તેમ રુચિ વધે છે અને વીર્ય સ્ફુરે છે અને દ્રવ્યાનુયોગ પરિણમે છે. સમ્યક્દર્શન નિર્મળ થાય ત્યારે દ્રવ્યાનુયોગ પરિણમે. ખાસ કરીને શ્રુતમાં દ્રવ્યાનુયોગ મુખ્ય છે.

દ્રવ્યાનુયોગની જિજ્ઞાસાવાળા બહુ ઓછા છે. વાતોથી પરિણામ ન પામે. ઉપર કહ્યાં તે કારણો મળે તો પરિણામ પામે. એને કિંમત નથી. જ્યાં સુધી ઇન્દ્રિય જય ન થાય ત્યાં સુધી વૃત્તિઓ બહાર રહે છે. દ્રવ્યાનુયોગ પરિણામ પામવા માટે ઇન્દ્રિયજય થવો જોઈએ. આત્મામાં જ આનંદ આવે, આત્મા સુખસ્વરૂપ છે એમ લાગે. વીતરાગ થવામાં દૃષ્ટિ હોય, ગરજ હોય, અસંગપણું એટલે મારું કશુંય નથી એમ હોય, એવી પરમ અસંગતા આવે ત્યારે આત્મા ઓળખાય એવો છે. જે અસંગ પુરુષો છે તે આ દ્રવ્યાનુયોગના પાત્ર છે. જ્ઞાનીની પ્રવૃત્તિ એક જીવને માટે હોય એમ નથી, બધાને માટે હોય છે. આ દ્રવ્યાનુયોગ સાંભળી, વિચારી એ કરવાનું છે.

બધા ભાવમાંથી વિરામ પામવું. બધેથી વૃત્તિ છોડી જ્ઞાનીની ચેષ્ટામાં લીનતા થાય તે સંયમ છે. બીજા ભાવ થાય છે તે જેમ વરસાદ આવે ત્યારે નકામાં તરણાં ઊગી નીકળે છે તેમ. પરભાવને અટકાવવા તે સંયમ છે. જ્ઞાની પ્રત્યે પ્રેમ આવે ત્યારે એ થાય. આજ્ઞામાં એકતાન થયા વિના એ ન થાય. વૃત્તિ ઉપર લક્ષ રાખવો કે મારી વૃત્તિ ક્યાં જાય છે? કર્મ બાંધવામાં જાય છે?

પાંચ ઇન્દ્રિયના વિષયમાં જાય તો કર્મ બંધાય. મનનું વર્તન તે વૃત્તિ છે. સારા ભાવ તે ભાવના કહેવાય છે. હિસાબ તો રાખવો પડે. વૃત્તિઓ પર લક્ષ રાખે તો બધું થાય. બધેથી વૃત્તિ વિરામ પામે અને આત્મામાં રહે એવું કરવાનું છે. બધાથી વિરામ પામી આત્મા ભણી વળવું. એ સંયમ પ્રાપ્ત કરી આત્માનો નિર્ણય કરવાનો છે. બીજા ભાવ ટાળવાના છે. ''સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે'' એ ભૂલીશ નહીં. ચેતવા જેવું છે.

**''સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,**
**માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;**
**અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,**
**દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો.''**

પછી સમ્યક્ત્વ થાય. સમ્યક્ત્વનું ખરું સ્વરૂપ સંયમ અને વીતરાગતા છે. આત્મા છે તો બધું છે. પોતાનું અસ્તિત્વ ભૂલી ન જવું. પાંચ ઇન્દ્રિયના વિષયો ઓછા કરવા. સત્સંગ વિશેષ કરે તો દેહાધ્યાસ મટે એવો છે. લક્ષ આત્માનો ન ચૂકવો. ગમે તેવો પ્રસંગ આવે પણ એ ન ભૂલવું. પરભાવ બધાય રોકવા છે. જ્ઞાની જાણે છે તે મારું સ્વરૂપ છે. જીવ ભાવ તપાસતો નથી. જે પરભાવ આવે તેને કાઢવા છે. ખરાબભાવ આવે તો તરત ફરશી લઈને ઊભા રહેવું, ડોકું કાપી નાખવું. સમાધિ પામવાનું કારણ ''સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.'' આત્મામાં રહેવું. બીજેથી પાછું હટવું, વિભાવથી છૂટવું. એમ જ્ઞાનીએ કહ્યું છે. સર્વ દુઃખ છૂટવાનું કારણ દ્રવ્યાનુયોગ છે. જે ખરું સ્વરૂપ છે તેને ન ભૂલવું. ત્યાં લક્ષ રાખવાનો છે.

[વ૦ ૮૬૬] ૫૪૧ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૭, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– દ્રવ્યથી સત્તા જુદી નથી, એક જ છે. જ્ઞાનીનાં વચનોમાં તલ્લીન થવાનું છે. વારંવાર આપણને એ સાંભર્યા કરે એવું કરવાની જરૂર છે.

દ્રવ્યાનુયોગ દ્રવ્યદૃષ્ટિ થયે સમજાય એવું છે. સમ્યક્દર્શન હોય તો દ્રવ્યાનુયોગ સમજાય. સંયમની વૃદ્ધિનું કારણ પણ દ્રવ્યાનુયોગ છે. આત્મા આત્મભાવમાં સ્થિર થાય ત્યારે દ્રવ્યાનુયોગ પરિણમ્યો કહેવાય. પોતે પોતારૂપે રહે તે દ્રવ્યાનુયોગનું ફળ છે.

[વ૦ ૮૬૬] ૫૪૨ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૦, ૨૦૦૮

પૂજ્યશ્રી– મહાપુરુષનાં વચનો પરમ ગંભીર છે. ગમે તેવાં વચનો હોય તોપણ કામ આવે એવાં હોય છે. કથાનુયોગમાં જે વચનો કહ્યાં હોય, ગણિતાનુયોગની વાતો હોય, કર્માદિની વાતો હોય, ચરણાનુયોગની વાતો હોય એ બધું કામનું છે અને છેલ્લો દ્રવ્યાનુયોગ છે તે કેવળજ્ઞાન થતાં સુધી કામનો છે. બધાં વચનોનો સાર આત્મા જાણવાનો છે. મૂળ વસ્તુ ઓળખવા યુક્તિ, દૃષ્ટાંતો આપ્યાં છે, એ લક્ષ રાખવો.

શુક્લધ્યાન દ્રવ્યાનુયોગથી થાય છે. વિશેષ યોગ્યતા હોય તો થાય છે. કેવળજ્ઞાન(મોહનો ક્ષય) થતાં સુધી જ્ઞાનીનાં વચનોનો આશ્રય લેવાનો છે. દુઃષમકાળ છે, એમાં બીજી વાતો સાંભળવા મળે; પણ આત્માની વાત કોઈ કરતો હોય એવું ન મળે. સત્શાસ્ત્ર પણ હાથ આવવાં મુશ્કેલ છે.

ધર્મની ગરજ ઓછી છે. આત્મા ઓળખવો છે, એવા લક્ષવાળા થોડા છે. 'અસંગપણાવાળી ક્રિયા હોય અને જ્ઞાનદૃષ્ટિ હોય તે સંપ્રદાયમાં કલ્યાણ જન્મવાનો સંભવ છે.' આ વચનો જેવાં તેવાં નથી. ચેતે તો કામ થઈ જાય.

દ્રવ્યાનુયોગ પરિણમવા માટે– દર્શનમોહનો રસ ઓછો થયો હોય, દેહને લઈને સુખી-દુઃખી એ વિપરીતતા મટી હોય, 'હું દેહાદિથી ભિન્ન છું' એમ થયું હોય, પાંચ ઇન્દ્રિયના વિષયોમાં રમણતા ન હોય, સંસારથી કંટાળ્યો હોય, જન્મમરણ છોડવાનાં છે, એમ થયું હોય તેને દ્રવ્યાનુયોગ પરિણમે છે. સત્પુરુષનો સમાગમ હોય નહીં, તો ચારે બાજુ વિષયોથી છેતરાય છે. શું કરવાથી કલ્યાણ થાય? તેની ખબર નથી. લૌકિક દૃષ્ટિ વમી નાંખશે ત્યારે એને પરમાર્થદૃષ્ટિ થશે અને વિષયોનું આકર્ષણ ઓછું થશે.

આખું જગત ઇન્દ્રિયોમાં સુખ માનનારું છે. ''સયલ સંસારી ઇન્દ્રિયરામી, મુનિગુણ આતમરામી રે.'' (આ૦ ૧૧) હિતકારી શું? એ લક્ષમાં આવે તો કામ આવે. અહિતકારીને હિતકારી માને એ દર્શનમોહ છે. લૌકિકદૃષ્ટિ ઝેર જેવી છે એમ લાગશે ત્યારે જ્ઞાનીનાં વચનો અમૃત જેવાં લાગશે. પહેલાં આત્માર્થી થવું જોઈએ.

**''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.''**

પછી દર્શનમોહ દૂર થાય. પંચેન્દ્રિય શત્રુઓને ઉપેક્ષા કરી દૂર કરવા. એ એને ખેંચી જાય છે. એમાં સુખ નથી એમ થાય, પછી સત્પુરુષનો યોગ સફળ થાય છે. દર્શનમોહ દૂર થાય ત્યારે વચનો પરિણમે.

''સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.'' તે સંયમ વર્ધમાન પામે તો દ્રવ્યાનુયોગ પરિણમે છે. સંયમની વૃદ્ધિનું કારણ રુચિ છે. જેટલી રુચિ હોય તેટલું વીર્ય સ્ફુરે. આત્માના શાસ્ત્રોમાં રુચિ થાય તો પછી આત્મામાં રુચિ થાય અને તેથી સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ થાય છે. બીજેથી ઊઠે ત્યારે આત્મા ભણી વળે.

''હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.'' (૬૯૨) એમ થાય તો આત્મભાવના થાય.

મહાપુરુષો એટલે જેણે આત્મા જાણ્યો છે, આત્મામાં રમણતા કરે છે, તે મહાત્મા છે. 'એકાંત સુખી મુનિ વીતરાગ' છે. જેને કોઈ વસ્તુ મારી છે એમ લાગતું નથી, એવા જે અસંગ છે તેમને 'આત્મા મારો છે' એમ થાય છે. આત્મા ભણી દૃષ્ટિ જવી મુશ્કેલ છે. કમળ પાણીમાં ઊછરે છે અને તેમાં જ રહે છે, પણ પાણીને અડે નહીં. એવી રીતે જ્ઞાની જગતમાં રહ્યા હોય છે. અસંગપણે રહે છે. જૂનાં કર્મ છોડવાનાં છે એ લક્ષ રાખવો. આત્મારામી એવા જે પુરુષ છે તે દ્રવ્યાનુયોગના પાત્ર છે.

''સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.'' જગતના પદાર્થોમાં વૃત્તિ જાય નહીં તે સંયમ

છે. સંયમ અર્થે વાંચવા, વિચારવાનું કરવાનું છે. જગતનો મોહ છોડવા માટે દ્રવ્યાનુયોગ છે. પર અને પોતાનો વિવેક થાય તો પછી બીજામાં વૃત્તિ ન જાય. સર્વ ભાવથી વૃત્તિ છૂટે તો આત્મામાં લય પામે. સ્વસ્થ થવું તે સમાધિ છે.

''સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.'' એ થાય તો સમાધિ થાય. મોક્ષનું કારણ પણ એ જ છે. શા અર્થે વાંચું છું? એ લક્ષ રાખવો. કદી ભૂલવા જેવું નથી. બીજી વસ્તુઓ તુચ્છ લાગે, આત્મામાં વૃત્તિ જાય તો સંયમ છે. આત્મા આત્મારૂપે પરિણમવા જ્ઞાનીએ જે વાત કરી તે ભૂલવા જેવી નથી. જ્ઞાનીનો ઉપકાર ભૂલ્યો તો આત્મા જ ભૂલ્યો. જ્ઞાની અને તેના આશ્રયનો લક્ષ ન રહ્યો તો લક્ષચોરાશીમાં ભટકવું પડે. ''સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે'' તે જ મોક્ષનું કારણ છે. આત્માને ભૂલે ત્યારે મોહના વિકલ્પો ઊભા થાય છે અને ત્યારે જ આત્માને ભૂલે છે. આ વચનો લખ્યાં છે, તેના હૃદયે શુક્લધ્યાન રમી રહ્યું છે.

[વ૰ ૮૬૭] ૫૪૩ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– કૃપાળુદેવ લખે છે ''હે આર્ય! જેમ રણ ઊતરી પારને સંપ્રાપ્ત થયા, તેમ ભવસ્વયંભૂરમણ તરી પારને સંપ્રાપ્ત થાઓ.'' મોહ સ્વયંભૂરમણ સમુદ્ર જેવો છે. તેને ઊતરી પેલી પાર જતા રહો, એમ કૃપાળુદેવ દેવકરણજીને લખે છે.

મુનિઓને બીજી ઉપાધિ ન હોય. જેને આત્મોપકાર કરવો હોય તેણે નિવૃત્તિ લેવી. આજ તો કોઈને નિવૃત્તિની પડી નથી. આત્મહિત શાથી થાય? તે પહેલું કરવાનું છે. દર્શનમોહ ઓછો થાય, તેથી મુમુક્ષુ થવાય છે. આત્માની ગરજવાળા બહુ થોડા છે. મોહ મંદ પડે તો ધર્મના કામમાં મીઠાશ આવે. બીજી વાતો કરે પણ આત્માની વાતો ન કરે. આત્મહિત અતિ દુર્લભ છે. વિદ્વતા તો સુલભ છે.

[વ૰ ૮૭૦-૮૭૧] ૫૪૪ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૦, સં. ૨૦૦૮

ધ્યાન અને શ્રુતની અનુકૂળતા જે ક્ષેત્રમાં હોય ત્યાં ભગવંતની આજ્ઞા પળાય. મુનિને ધ્યાન અને સ્વાધ્યાય બે કરવાનાં છે. ઉલ્લાસપૂર્વક ભગવાનની આજ્ઞા આરાધવાની છે. ઢીલો પડી જાય તો સાધનો કંઈ ન કરે. ભાવઆજ્ઞા આરાધે તો મોક્ષ થાય. મોહ સ્વયંભૂરમણ સમુદ્ર જેવો છે.

[વ૰ ૮૭૨] ૫૪૫ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– માર્ગાનુસારીનું પહેલામાં પહેલું લક્ષણ ન્યાયસંપન્ન દ્રવ્ય ઉપાર્જન કરવું એ છે. ધર્મ જોઈતો હોય તો નીતિનો પાયો દૃઢ કરવો જોઈએ. પ્રાણ જાય પણ નીતિ ન જાય. મુમુક્ષુને કદાપિ આજીવિકા જેટલું ન મળે તો પણ આર્તધ્યાન ન કરે. સ્મરણ કરતાં ભૂખે મરતાં આખો દિવસ કાઢે પણ અનીતિ ન કરે. મારે ધર્મધ્યાન કરવું છે, મનને વશ કરવું છે એમ હોય તેણે નીતિનું પ્રથમ સ્થાપન કરવું. (તે ઉપર પુણિયા શ્રાવકનું દૃષ્ટાંત આપ્યું હતું) ન્યાયપૂર્વક વર્તે તો ઘણા ગુણો પ્રગટે, ધર્મધ્યાનમાં મદદ મળે, શમ, સંવેગ વગેરે ગુણો પ્રગટે. કષાયની એને ટેવ રહે નહીં. મુમુક્ષુએ કષાય જીતવાના છે.

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવેખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

પ્રાણ જાય તો ભલે જાય, પણ મારે અનીતિ તો ન જ સેવવી. એમ હોય તેને કષાયની ઉપશાંતતા હોય. એક તો લોભ કષાય ઓછો થાય, તેથી એને બીજા કષાયો પણ ઓછા થાય. સદ્વર્તન હોય તો જ્ઞાનીનો માર્ગ પરિણામ પામે. જે રસ્તે જ્ઞાની દોરે તે રસ્તે ચાલે. ન્યાયપૂર્વક વર્તે તેને લોભ ઓછો હોય. કષાય મંદ પડ્યા હોય તો મોક્ષનો માર્ગ મળે એમ છે. લોભ મંદ હોય અને જ્ઞાની છોડવાનું કહે તો છૂટી જાય. જ્ઞાનીનું કહેલું સમજાવું મુશ્કેલ છે. જ્ઞાની પાસે જાય, ત્યાં પણ જીવ લોભાદિ કષાય સાથે લઈ જાય છે.

એક પુરોહિત હતો. તે શાસ્ત્રો ભણેલો, પણ કષાય મંદ નહીં. તે રોજ રાજાની સાથે ફરે. રાજાએ તેને પોતાની વીંટી પાસે રાખવા આપી. તે પુરોહિત વીંટી પાછી આપવી ભૂલી ગયો. સંધ્યાકાળે સરોવરના કિનારે અંજલિ આપતાં વીંટી કમળમાં પડી ગઈ, પણ બ્રાહ્મણને ખબર નહીં. ઘેર ગયા પછી વીંટી ન જોઈ, તેથી બહુ વિચારવા લાગ્યો; પણ કંઈ પત્તો ન લાગ્યો. બહુ ભય લાગવા લાગ્યો. ઘણો વિચાર કર્યો, પણ પત્તો ન લાગ્યો. એક જૈન સાધુ અહીં આવ્યા છે, એવું તેના સાંભળવામાં આવ્યું. તેથી તે ત્યાં ગયો અને કહ્યું કે બાપજી એક કામ છે. મુનિએ જાણ્યું કે આ ભવ્ય જીવ છે. તેથી મુનિએ કહ્યુંઃ ભલે કહો. પછી તેણે વીંટીની વાત કરી. મુનિએ કહ્યું કે સરોવરમાં કમળમાં પડી છે. પછી તે વીંટી રાજાને આપી આવ્યો. આ એક ચિંતા મટી, પણ આ વિદ્યા મારી પાસે નથી. માટે એ વિદ્યા મારે શીખવી, છેતરીને પણ શીખવી. તે ઘેર ગયો અને કહ્યું કે હું વિદ્યા લેવા માટે જઉં છું. તેઓ મને કહેશે કે સાધુ થા, તો સાધુ પણ થઈશ. એમ કરી તે મુનિ પાસે ગયો અને વાત કરી. મુનિએ તેને દીક્ષા આપી. પછી તે શાસ્ત્રાભ્યાસ કરતો. થોડાંક વર્ષો ગયા પછી મુનિએ કહ્યું કે ઘેર જવું છે? તેણે કહ્યું. હવે કોણ જાય, બળ્યું આ ઘર.

સત્પુરુષનો યોગ હોય તો સારી વસ્તુઓ ગ્રહણ કરે અને ખોટી છોડી દે. મુનિને પણ આહારને માટે ઘણા નિયમો લખ્યા છે. નિર્દોષ આહાર હોય તો કષાય મંદ થાય. વર્તમાનમાં મુનિઓને કષાય છે, તેનું કારણ ભગવાનની આજ્ઞા બરાબર પળાતી નથી. જેવું અન્ન તેવું મન થાય છે. બાહ્ય પરિગ્રહ ધનધાન્ય વગેરે છે. ચાર કષાય, નવ નોકષાય અને મિથ્યાત્વ એ અભ્યંતર પરિગ્રહ છે. તે જાય તો નિર્ગ્રંથ થાય. "ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?" મિથ્યાત્વને, કષાયને લઈને સંસાર છે. એ જાય તો સંસાર ન રહે.

[વ૦ ૮૭૫] ૫૪૬ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાનીનાં વચનો વારંવાર અપ્રમત્તપણે વિચારવાં. મારે કરવા યોગ્ય શું છે? એમ વિચારવું.

**"અહો શ્રી સત્પુરુષકે વચનામૃતં જગહિતકરમ્"**

જેને એવો ઉપકાર સમજાયો છે તેને માહાત્મ્ય લાગે છે. વચનામૃતથી કેવળજ્ઞાન થાય છે. એટલું બધું માહાત્મ્ય છે. દર્શનમોહ હણવાને જ્ઞાનીનાં વચનો છે. સંસારમાં વૃત્તિ ન જાય તો

વૈરાગ્ય આવે, પાપથી પાછો હઠે એમ પડતી વૃત્તિને સ્થિર રાખે. જ્ઞાનીનાં વચનોથી જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. એથી આગળ પછી અપ્રમત્ત થાય છે. અપૂર્વ સ્વભાવને પ્રેરનાર જ્ઞાનીપુરુષની મુદ્રા, સત્સમાગમ અને વચનો છે. વધતાં વધતાં અપ્રમત્ત ગુણસ્થાન પ્રાપ્ત થઈ કેવળજ્ઞાન પામે. સત્પુરુષનાં વચનો, મુખમુદ્રા અને સત્સમાગમ એ અયોગી સ્વભાવનાં અને મોક્ષનાં કારણો છે.

[વ૦ ૮૭૬] ૫૪૭ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જેને કાળનો કંઈ ભય નથી. આત્મા અજર અમર શાશ્વત છે, એમ થયું તો કાળ ક્યાં રહ્યો? આત્મા ત્રણે કાળ રહેવાનો છે. જે ઉત્પન્ન ન થયો તે ન મરે. એમ જેને સમજાયું તેને કાળ કિંકર જેવો છે. તેને મરણભય નથી. ત્રણે લોકનું રાજ્ય આપે તોય મૃગજળ જેવું લાગે. એનાથી તૃષા ન છીપે. જગતની બધી ઇચ્છા રોકાઈ ગઈ. રાગદ્વેષ મોહ ઓછા થયા. આશા વગેરે એની દાસી થઈ ગઈ છે, આશા એને વશ થઈ ગઈ છે. એને એ નુકસાન કરે નહીં. બીજા જીવને ભૂતડી જેવી વળગે છે. કામ, ક્રોધ વગેરેને કેદમાં મૂકી દીધા છે. મનને જીત્યું છે તેથી કામ વગેરે વિકાર આવતા નથી. એને ક્રોધ આવી જાય, પણ એ ક્રોધ નથી. કર્મ આવીને જાય છે. કેદી હોય તો બગાડી શકે નહીં. બધાથી અસંગ થયા છે. ખાવું પીવું પડે તે ભગવાનને ભૂલ્યા વગર કરે છે. ખાવું પીવું બધું પૂર્વ કર્મને લઈને કરે છે. જેને છેલ્લો એક ભવ બાકી હોય તેને આવી દશા હોય છે. તેને ઓળખવા મુશ્કેલ છે. એને ઓળખે તેનો પણ એક અવતાર થાય. સત્પુરુષને તેમના રૂપે ઓળખવા બહુ મુશ્કેલ છે. જેને ફરી જન્મવાનું નથી, એવી એની દશા છે. મોક્ષને અર્થે મનુષ્યદેહ છે. જન્મમરણ છોડે તે જ મનુષ્ય છે, નહીં તો માતાના પેટમાં પથરા જેવો છે. એનું જ્ઞાન સર્વવ્યાપક છે. એને કોઈ અંતરાય ન થાય. થાય તો ધારે નહીં, કારણકે મોહ નથી. પ્રભુશ્રીજી કહેતા કે રિદ્ધિસિદ્ધિને લાત મારી કાઢી મૂકી છે. આત્મામાં શું છે? એમ જેને સમજાય તેને રિદ્ધિસિદ્ધિ ઝેર જેવી લાગે. આત્મામાં જ લહેર કરે છે. અંતરમાં સુખ છે તેથી ત્યાં જ શોધે છે, બીજે ન શોધે.

[વ૦ ૮૭૮] ૫૪૮ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં બાર ભાવનાઓનું સારું વર્ણન છે. તે વિચારવું. આત્મા ફરે તો કામ થાય. ઉપશમ, વીતરાગભાવ થાય તે અર્થે આ 'કાર્તિકેયાનુપ્રેક્ષા' લખાયું છે. પૂર્વે બાંધેલું આવે છે તેમાં સમભાવ રાખવો. સ્વરૂપમાં જ વૃત્તિ રહે એ જ કર્ત્તવ્ય છે. એમાં ધીરજની જરૂર છે. ઉલ્લાસની જરૂર છે.

[વ૦ ૮૭૯] ૫૪૯ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– શુદ્ધાત્મામાં સ્થિતિ કરવી હોય તો ઇન્દ્રિયોને રોકવી. જ્ઞાનીનાં વચનોમાં વૃત્તિ રહે તો શુદ્ધસ્વરૂપમાં સ્થિતિ થવાનું કારણ થાય. જીવને ગરજ હોય ત્યારે શુદ્ધભાવ કરવો છે, એમ થાય છે. ગરજ રાખે તો મોક્ષ ભણી વળાય. પાંચ ઇન્દ્રિયોને રોકી જ્ઞાનીના વચનોમાં વૃત્તિ રાખવી. નિરાશ થઈ જાય તે વખતે મહાપુરુષોનાં ચરિત્રો સંભારવાં. નિરાશ થઈ જાય તો પરમતત્ત્વ પામી શકે નહીં. ઉલ્લસિત વીર્ય હોય તો થાય. ઉલ્લાસથી થોડું કરે તોય ઘણું આગળ

વધાય તેવું થાય. ઘણું શીખવાનું છે. ઉલ્લાસ ન છોડવો. ઉલ્લાસ રાખે તો થાય. એ છોડે તો કશું ન થાય. ગુણ પ્રગટે તો અટકી ન જવું. નિર્દોષ થવાનો એ રસ્તો છે. આત્મકલ્યાણ કરવું હોય તો નિરાશ ન થવું, ઉલ્લાસ પરિણામ રાખવાં. આ ટૂંકા ટૂંકા પત્રો છે, પણ બહુ શીખવાનું છે, હિતકારી છે. ઇન્દ્રિયોમાં વૃત્તિ જાય છે તેનો જય કરવો.

[વ૦ ૮૮૨] ૫૫૦ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સત્પુરુષોનાં વચનો એ આત્માને શુદ્ધ કરવાનાં અવલંબન છે. પોતાના સ્વરૂપને ન ભૂલવું, એ પહેલું કામ કરવાનું છે. જ્ઞાનીને મન, વચન, કાયાના યોગ પ્રાપ્ત છે, તે એક તો બીજાનું કલ્યાણ થવા અર્થે અને બીજું પ્રારબ્ધ ભોગવવા અર્થે છે. મહાપુરુષો ઉદયાધીન વર્તે છે. નિષ્ઠુર નથી હોતા કે બીજાનું કલ્યાણ ન થાઓ. તેમ છતાં પોતાનું ન ચુકાય એ લક્ષ રાખે છે.

[વ૦ ૮૮૩] ૫૫૧ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– બાહ્ય દૃષ્ટિમાં ન તણાવું. આત્માને મુખ્ય કરી વાત કરવી. સમ્યક્દર્શનરૂપી નયન વગર આત્મવસ્તુની વાત પામે નહીં. સમ્યક્દર્શન વગર જીવ આંધળો છે. કલ્પનાઓમાં ન પડવું. સાચી વસ્તુ ન ભૂલવી.

મનુષ્યભવ મળ્યો છે તે અલ્પકાળમાં છૂટી જાય એવો છે. શું ધારીને જીવ પ્રમાદ કરે છે? બીજા વિચાર ન કરતાં એવા વિચાર કરવાના છે.

[વ૦ ૮૮૪] ૫૫૨ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સત્પુરુષનો સમાગમ બહુ ઉપકારી છે. 'જ્ઞાની જાણે છે' એટલું મધ્યસ્થ રહેવું. જીવ આગળ આવે એટલા માટે કહેવું છે. મારી યોગ્યતા નથી તેથી સમજાતું નથી, પણ જ્ઞાની જાણે છે. સત્પુરુષના યોગે એને પૂછવું ન પડે. સહજે સમજાય. દીવાના પ્રકાશ જેવો સત્પુરુષનો સમાગમ છે. એ ભાવના કરવાની છે. મનુષ્યભવ મળ્યો છે, ઉત્તમ યોગ મળ્યો છે, એનો લાભ લઈ લેવો. જેને એવો યોગ ન હોય તો ભાવના કરવી કે એવો યોગ ક્યારે મળશે? બીજી કલ્પનાઓ ન કરવી. જ્ઞાનીનો યોગ, પરમપુરુષનો યોગ તે સત્સમાગમ છે.

**"અહો શ્રી સત્પુરુષકે વચનામૃતં જગહિતકરમ્,**
**મુદ્રા અરુ સત્સમાગમ સુતિ ચેતના જાગૃતકરમ્."**

એ દુર્લભ છે. જ્ઞાનીનો યોગ ન હોય તો સરખી વૃત્તિવાળા જીવ ભેગા થઈ જ્ઞાનીના માહાત્મ્યની વાતો કરે તે સત્સંગ છે. પરમપુરુષનો યોગ થવો મુશ્કેલ છે અને અસંગપણે જે રહે છે તેવા મહાપુરુષનો યોગ તો બહુ દુર્લભ છે. પરમપુરુષનો સમાગમ તે પરમ સત્સંગ છે. સરખી વૃત્તિવાળા જીવોનો સંગ તે પણ સત્સંગ છે.

[વ૦ ૮૮૫] ૫૫૩ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સદ્વર્તન વધે ત્યારે જ્ઞાનીની આજ્ઞા ઉઠાવાય. સત્પુરુષની આજ્ઞા ઉઠાવે છે તે સત્પુરુષની ભક્તિ જ કરે છે.

આજીવિકા અર્થે સદ્‌ઉદ્યમ કરવાનો છે. ગૃહસ્થ અવસ્થા હોય ત્યાં સુધી માંગીને જીવે ખાવા જેવું નથી. સદ્‌ઉદ્યમ નીતિથી કરવાનો છે.

ઘણું વાંચવા કરતાં જ્ઞાનીની એક આજ્ઞા આરાધે તો ઘણો લાભ થાય.

[વ० ૮૮૬] ૫૫૪ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— બળવાન નિવૃત્તિ હોય ત્યારે પદ્મનંદીશાસ્ત્ર વાંચવું. વાંચતી વખતે મન, વચન, કાયાની પ્રવૃત્તિ ઓછી હોય તો વધારે સમજાય. ઘણી વખત જીવ બીજી વાતો કરે અને પછી ફરી વાંચે તો એમાં ચિત્ત ચોંટે નહીં. વાંચતી વખતે બીજી વાતો ન કરવી. મહાપુરુષોએ એ જે વચનો લખ્યાં છે તે આત્મ-ઉપયોગમાં રહીને લખ્યાં છે. વાંચનારને પણ એ લક્ષ રાખીને વાંચવાનાં છે. માત્ર કોઈ જીવની ભગવાન પ્રત્યે વૃત્તિ જોડાય એ અર્થે જ્ઞાનીએ વચનો લખ્યાં છે. લખનાર પુરુષોએ 'પદ્મનંદી' વગેરે વનમાં રચેલાં છે. એવાં શાસ્ત્રો એવા ક્ષેત્રમાં જ વંચાય તો ભાવો સ્ફૂરે. માટે એકાંતમાં અવગાહવા યોગ્ય છે.

એક જ લક્ષ હોય, મન વચન અને કાયા બીજા કામમાં ન વાપરે, મન પુસ્તકમાં જ રાખે, બીજા આડાઅવળા વિચાર ન કરે, કાયાની ચેષ્ટા પણ ન કરે, વચન પણ એમાં જ જોડે તો એ વચનો આત્મા સુધી પહોંચે છે. સત્શ્રુતના સંસ્કાર તે એને પરમપદ સુધી લઈ જાય છે.

[વ० ૮૮૭] ૫૫૫ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— મહાપુરુષોનો માર્ગ અગમ્ય છે, સરળ છે. સમજાય તો સરળ છે. ''સમજ, પિછેં સબ સરલ હૈ.'' (હા.નોં.૧-૧૨) બીજેથી વૃત્તિ ઊઠે તો સરળ છે, પણ એ થવું મુશ્કેલ છે તેથી અગમ્ય છે. સત્ છે તે સરળ છે, સુગમ છે, પણ અનંતકાળ થયો પ્રાપ્ત ન થયું, તેથી અગમ્ય કહ્યું છે.

એ અગમ્યને સરળ કરવું હોય તો સત્સમાગમ કર્ત્તવ્ય છે. એક તો મહાભાગ્ય હોય અથવા તો પૂર્વનું અભ્યાસેલું હોય તો મુમુક્ષુતા આવે છે, કાં તો મહાપુરુષોને પૂર્વે સેવ્યા હોય તો નિમિત્ત વગર પણ મુમુક્ષુતા પ્રગટે છે. એ ન હોય તો સદ્‌ગુરુ મળે ત્યારે પણ આવે છે. બીજું બધું અસાર લાગે છે. ધમણની પેઠે શ્વાસ લેતાં આ મનુષ્યભવ ચાલ્યો જશે. મુમુક્ષુતા આવે તો આત્માનું ભાન થાય અને સ્થિરતા પણ થાય. માર્ગે ચઢી જાય. જ્ઞાની કહે છે તે રસ્તે ચઢી જાય છે, એવી મુમુક્ષુતા છે. સાચી મુમુક્ષુતા હોય તોય સત્પુરુષની જરૂર છે, આજ્ઞાની જરૂર છે. તેથી આગળ વધે છે અને અપ્રમત્ત યોગ પ્રાપ્ત કરાવે છે. પહેલી મુમુક્ષુતા એટલે મોહાસક્તિથી મુઝાય, મોહમાં રાજી ન થાય અને મોક્ષમાર્ગમાં પ્રવર્તે તે મુમુક્ષુતા છે. મુમુક્ષુતા હોય, સત્પુરુષનો યોગ હોય અને આજ્ઞા મળે તથા તેને આરાધે તો મોક્ષ થાય.

ક્યારે મારું કલ્યાણ થશે ? એવી રાતદિવસ જેને ફિકર થતી હોય તેવા પુરુષને સત્પુરુષનો યોગ પ્રાપ્ત થવો સુલભ છે, મળી આવે. આત્મકલ્યાણ થવાની રાતદિવસ ફિકર હોય તેના ઉપર ભગવાન કૃપા કરે છે. સત્પુરુષનાં વચનો સાંભળવાની ઇચ્છા છતાં એવો યોગ ન મળતો હોય, તો પણ એને પુણ્ય બંધાય. આત્મા તો ચિંતામણિ રત્ન જેવો છે. રાતદિવસ એની ચિંતા કરતો હોય તો તેને યોગ

મળી આવે છે. સત્સમાગમ નિરંતર કર્ત્તવ્ય છે. એ સમજાવું બહુ મુશ્કેલ છે. એ સમજાય તો પ્રવૃત્તિમાં પણ વૈરાગ્ય રહે. જેવું ઇચ્છે એવું મળે. પ્રભુશ્રીજી કહેતા કે યોગ્યતા લાવો, યોગ્યતા લાવો, ઘણું કહેતા. મુમુક્ષુતા નથી અથવા તીવ્ર મુમુક્ષુતા નથી એ મોટામાં મોટો દોષ છે. સાચી યોગ્યતા હોય તો ઘણો લાભ છે. પહેલાં જીવે યોગ્ય થવું. સાચી મુમુક્ષુતા સદ્ગુરુના સમાગમે થશે.

"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન."

એટલી ત્યાગ-વૈરાગ્યની તો મૂડી જોઈશે. આ અસાર સંસારથી ક્યારે છૂટકો થશે? એવા ભાવ થતા કે તરત કેવળી મળી આવતા. એવી ભાવના હોય તો મળી આવે.

[વ૦ ૮૮૮] ૫૫૬ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આંખમાં ઉપયોગ હોય ત્યારે કાનમાં ન હોય. એક ઠેકાણે ઉપયોગ રહે છે. ઇન્દ્રિયોનો જય કર્યો હોય તો સત્શ્રુતમાં જ એનો ઉપયોગ રહે.

આજ્ઞામાં કેટલું બળ છે! આજ્ઞા જ્ઞાનીની આરાધે તો મોહનો ક્ષય કરી શકે.

[વ૦ ૮૮૯] ૫૫૭ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૨, સં. ૨૦૦૮

સત્શ્રુત અને સત્સમાગમ એ બેયમાં ઇન્દ્રિયજય કરવાનો છે. બીજે વૃત્તિ ન રહે એવું કરવાની જરૂર છે. ઇન્દ્રિયનો જય કરી એ 'પદ્મનંદી પંચવિંશતિ'નો અભ્યાસ કરશો તો અમૃત છે.

[વ૦ ૯૦૧] ૫૫૮ આહોર, ફાગણ સુદ ૧૨, સં. ૨૦૦૮

"ગુરુ ગણધર ગુણધર અધિક, પ્રચુર પરંપર ઔર;
વ્રત તપધર તનુ નગનધર, વંદૌ વૃષસિરમૌર."

પૂજ્યશ્રી– જે ઘણા મુનિઓના ઉપરી છે, જે ગુરુ છે, બધા ગુણોને ધારણ કરનારા છે, વ્રત અને તપને ધારણ કરનારા છે, જે નગ્ન શરીરવાળા છે અને જે ધર્મના શિરોમણી છે, એવા જે ગુરુ છે અને પૂર્વે એવા જે ગુરુઓ થઈ ગયા છે તેઓને વંદન હો.

પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આખું જગત પડ્યું છે. ઘણુંયે ખાધું, ઘણુંયે પીધું, પણ જીવને થાક લાગ્યો નથી. પાંચ ઇન્દ્રિયના વિષયોથી વિક્ષેપ થાય છે. તેથી જીવ પોતાના સ્વરૂપને ભૂલે છે. શાંતિ ક્યાંથી આવે? જગતમાં શાંતિ નથી. એનું કારણ જીવો પાંચ ઇન્દ્રિયના વિષયોની કડાકૂટમાં પડ્યા છે. ત્યાં શાંતિ નથી. જગત દુઃખરૂપ જ છે. એને પૂંઠ દે તો શાંતિ થાય.

અનંત અવ્યાબાધ સુખસ્વરૂપ આત્મા છે. એને ઓળખી સ્વરૂપમાં સ્થિર થવું એ મોક્ષનો ઉપાય છે. જગતમાં દોડાદોડ કરે છે તે કરતાં અટકી, દેહદેવળમાં બેઠેલો જે દેવ તેની ઓળખાણ કરવાની છે.

"જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે" (૯૦૨) જેટલી ઉદાસીનતા આવે તેટલો મોક્ષ થાય. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં દોડાદોડ કરવાથી જીવ પોતાને ભૂલ્યો છે. પાંચ કૂવા જેવાં આ પંચેન્દ્રિયના વિષયો છે. આત્માની શાંતિ કરવી હોય તો આત્માને ઓળખીને આત્મામાં સ્થિર થવું. એમાં સ્થિર થયા વિના શાંતિ ન થાય. બધાને આ હિતકારી વસ્તુ છે.

"હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?"

બીજેથી લક્ષ છૂટે તો પોતાનો રસ આવે. પોતાનો નિર્ણય થયા વિના સુખ ન આવે. આખું જગત દુઃખી છે, એમ જાણીને જ્ઞાનીપુરુષોએ દ્વાદશાંગી લખી છે. તેનો સાર પોતાનું ભાન કરવું એ છે. જગતની ઇચ્છા છોડી એક એ જ કરવાનું છે. બધાંય શાસ્ત્રો કરતાં દ્વાદશાંગી આત્માને આત્મા ભણી વાળે છે, તેથી એને સત્શાસ્ત્રો કહ્યાં છે. આત્માને શાંતિ પમાડે એવાં ભગવાનનાં વચનો છે. સ્વરૂપસ્થ થવાનો એ ઉપાય છે.

"બીજું કંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા." (૭૬) સત્પુરુષ મળે ત્યારે તેઓનો બોધ સાંભળવાનો મળે છે. એથી ઉલ્લાસભાવ આવે છે. જેને છૂટવું હોય તેણે જ્ઞાનીનાં વચનો સાંભળવાં, જેથી ઉલ્લાસ આવશે. જ્યારે ઉલ્લાસભાવ આવશે ત્યારે દેહથી ભિન્ન આત્મા સમજાશે. જ્યારે દેહથી આત્મા ભિન્ન સમજાશે ત્યારે જડથી ઉદાસ થશે. નાશવંત વસ્તુઓ મારાથી ભિન્ન છે. હું તો એક તેને જાણનારો છું, એવી ભાવના કરવી. બે વસ્તુ જુદી છે. તે જ્ઞાનીનાં વચનો સાંભળે, ઉલ્લાસ આવે, પ્રીતિ થાય, વિચારણા જાગે તો સમજાય.

જ્ઞાનીનાં વચનો સાંભળી ઉલ્લાસભાવ રાખવો; તો "ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન." (૯૦૨) પછી જડના પરિણામ જડ અને ચેતનનાં ચેતન લાગશે. જીવની યોગ્યતા અને જ્ઞાનીનો બોધ જોઈએ. જીવને પૂછવું કે તારે શું જોઈએ છે? જગત કે મોક્ષ? 'મોક્ષ જોઈએ છે' એમ ઉત્તર મળે તો રાગદ્વેષ ઓછા કરવા માંડવા. જ્ઞાનીપુરુષોનાં વચનોમાં જોડાવું એ રાગદ્વેષ ઓછા કરવાનો ઉપાય છે. જીવ દોષોમાં પડયો છે. આત્મા તો સહુથી જુદો છે. દેહ પોતાનો નથી. જો પોતાનો હોય તો સાથે આવે, છૂટે નહીં. જ્ઞાન છે તે પોતાનું છે, તેથી તે સાથે આવે છે. જીવ ભૂલેલો છે, તેથી 'આ મારું, આ એનું' કર્યા કરે છે. આત્મા ત્રણે કાળ રહે એવો પદાર્થ છે. સાચી વસ્તુ ભુલાઈ ગઈ છે. જીવની યોગ્યતા હોય, સત્પુરુષનો યોગ હોય અને બોધ સાંભળવા મળે તો તેથી ઉલ્લાસ આવે અને કર્મને ધક્કો લાગે. તેથી પ્રતીતિ આવે છે. પછી અનુભવ થાય ત્યારે આત્માનો રસ ચખાય છે.

આત્માનો સ્વભાવ જાણવાનો છે, પણ જીવ પોતાને જાણતો નથી. જડને જાણી રહ્યો છે. આત્માની પ્રતીતિ થશે ત્યારે વૃત્તિ સ્થિર થશે. જેને લઈને બધું દેખાય છે તેને જીવ ગણતો નથી. "જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?" જાણનારને ભૂલે છે. પ્રતીતિ આવે તો અનુભવ થાય અને અનુભવ આવે તો સ્થિરતા થાય.

જ્ઞાનીનાં વચનો સાંભળે, ઉલ્લાસભાવ આવે, ત્યારે કર્મ માર્ગ આપે છે. દર્શનમોહ ખસે ત્યારે સમ્યક્દર્શન થાય અને ત્યારે જ સાચી ભક્તિ કહેવાય.

સમ્યક્દર્શન થયા પછી "આત્માથી સૌ હીન" એમ લાગે. દર્શનમોહ જાય ત્યારે આત્માની પ્રતીતિ થાય અને તેમાં વૃત્તિ રહેવાથી વીર્ય સ્ફુરે છે, તેથી ચારિત્રમોહ જાય અને સ્વરૂપસ્થ થાય છે.

જ્ઞાનીના માર્ગમાં જેટલી સ્થિરતા થાય તેટલો ચારિત્રમોહ દૂર થાય છે. જ્યારે અસંગપણું આવે ત્યારે પરમાવગાઢ અનુભવ પ્રગટે છે.

જેમાં અસંગભાવ છે તે નમસ્કાર કરવા યોગ્ય છે.

**[વ૦ ૯૦૨]** (બપોરના સભામાં) ૫૫૯ શ્રીમદ્ રા. આ. અગાસ,
કાર્તિક વદ પ્રથમ ૬, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—મહાપુરુષની દશા એને સમજાય તો અપૂર્વતા લાગે. રોજ થોડો વખત અવકાશ મળે ત્યારે નિયમિત વાંચવું. આત્માને ખોરાક મળે એવું છે. મહાપુરુષનાં વચનો આત્મામાં કોતરી રાખવાં. થોડું વાંચીને પણ વસ્તુ સમજાય, વિસ્તાર પામે તેમ વાંચવું. જ્ઞાનીનું હૃદય સમજાય તો અભિન્ન ભાવ થાય. આ જીવ સંસારમાં પડ્યો છે તેને ઊંચો લાવવાનો છે. મનુષ્યભવ દુર્લભ છે, છતાં મળ્યો છે. હવે પોતાનું કલ્યાણ કરવાનું છે. વ્યવહારના પ્રપંચો તો બહુ કર્યા, પણ આ નથી કર્યું, તે કરવાનું છે. હવે બીજેથી ઉદાસ થઈ એક આત્માનું કરવું છે. કૃપાળુદેવે એક પદ લખ્યું છે—

**"જડ ને ચૈતન્ય બન્ને, દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,**
**સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;"**

આત્મા અને જડ બન્ને જુદાં છે. મોઢેથી એમ ઘણા કહે છે, પણ

**"સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે."**

સમ્યક્દર્શન થયા પછી એવી માન્યતા થાય તે સાચી છે. પછી

**"સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર."**

પોતાનું જે સ્વરૂપ છે, તે ચેતન છે અને જડ વસ્તુ, જે શરીરાદિ છે તે સંયોગથી ઉત્પન્ન થયા છે અને નાશ પામવાનાં છે, માટે સંબંધમાત્ર છે. એટલું થયા પછી શું થાય છે? તે કહે છે.

**"એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો;**
**જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે."**

અનાદિકાળથી રૂપ, રસાદિનો સંબંધ છે, તેથી ઉદાસ થાય ત્યારે આત્મા ભણી વૃત્તિ વળે છે. આસક્તિ મટે તો વૈરાગ્ય થાય. વૈરાગ્યની જરૂર છે.

**"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન."**

વૈરાગ્ય વિના જ્ઞાન ન થાય અને પાછો ત્યાગ વૈરાગ્ય કરીને અભિમાન કરે તો પડે.

બધામાં મુખ્ય દેહ છે, તેનાથી ઉદાસ થશે ત્યારે થશે. મોક્ષે જવું હોય તો આ રસ્તો છે.

**"કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,**
**નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે."**

કાયાને ભૂલવી પડશે. કાયા છે તે પોતાનું સ્વરૂપ નથી. ઉપર ઉપરથી કાયાને સારી રાખે છે, પણ તે કરતાં અંદરથી સારું કરને, તેથી તારું ભલું થશે, એમ નથી વિચારતો.

[વ૦ ૯૦૨] ૫૬૦ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૮, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— દેહ જુદો અને આત્મા જુદો એમ જાણ્યા પછી એમાં ટકી રહેવાય એવો પુરુષાર્થ કરવાનો છે. નિર્ધાર થાય તો ન ભુલાય. નિર્ધાર થવામાં ખામી હોય અને માન્યું હોય કે મેં નિર્ધાર કર્યો, પણ એ નિમિત્ત આવ્યે ટકે નહીં. 'હું દેહથી જુદો છું.' આ દેહને અર્થે આખો દિવસ ગાળવો નથી. બાહ્ય વસ્તુનો જેટલો પરિચય છે, તેટલો આત્માનો પરિચય નથી. દેહ પારકો છે એમ મનાયું નથી. દેહ સુખ ભોગવવાનું સાધન છે એમ માન્યું છે. શરીર તો એક સાધન છે. સાધનને સાધનરૂપે એ નથી જાણતો, ભુલી જાય છે. શરીર એ દુઃખનું સાધન છે, એવું એને સાંભરતું નથી. વૈરાગ્યથી વિચાર આવે કે આ દેહ મારો નથી.

**"જડ ને ચૈતન્ય બન્ને, દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,**
**સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;**
**સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,**
**અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;**
**એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,**
**જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે."**

દેહમાં રાજી ન થાય, ઉદાસ થાય ત્યારે આત્મવૃત્તિ થાય. એ જ કરવાનું છે.

**"કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,**
**નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે."**

એટલામાં આખો મોક્ષમાર્ગ કહી દીધો છે. જીવ ઉત્પન્ન થયો, એમ નથી. જગ્યા બદલે છે. રોગ, શોક, દુઃખ, મૃત્યુ એ બધો દેહનો સ્વભાવ છે. રોગ થાય તે શરીરમાં; મૃત્યુ પણ દેહનો ધર્મ છે. આત્મા મરતો નથી. જીવ પદમાં આ બધું ભાસે છે. જીવ જડ થઈ જતો નથી, પણ એને ભાસે છે. દેહનો સ્વભાવ છે, તેને પોતાનો માને છે અને તે આત્મામાં એને ભાસે છે. પરવસ્તુને નિમિત્તે પોતામાં કલ્પના કરી સુખદુઃખ માને છે તે મિથ્યાત્વ છે.

**"એવો જે અનાદિ એક રૂપનો મિથ્યાત્વભાવ;**
**જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે."**

જ્ઞાનીનાં વચનો એને માન્ય થાય તો એ બધું દૂર થાય.

**"ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન."**

ભ્રાંતિ નીકળી જાય.

**"બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે."**

જડ તે જડ અને ચેતન તે ચેતન લાગે. જાણે તે ચેતન છે. જ્ઞાન તે ચેતન છે. જાગૃતિની જરૂર છે. અમુક પ્રસંગ ન આવે તો પણ જાગૃત રહેવું. ચેતવાનું છે. જ્યાં સુધી જ્ઞાનીપુરુષ એમ ન કહે કે તને જ્ઞાન થયું છે, ત્યાં સુધી હું જ્ઞાની છું એમ માનવું નહીં. નહીં તો જાણવું બંધ થઈ જાય.

મારે જાણવું છે એમ રાખવું. આત્મજ્ઞાન થવામાં અનાદિકાળથી ભૂલ થતી આવી છે. મને જ્ઞાન થયું એમ માનવું તેમાં નુકસાન છે; એના કરતાં ન માનવામાં લાભ છે.

તીર્થંકર વિચરતા હતા ત્યારે ગણધર જેવા પણ ભગવાન જાણે, એમ રાખતા. (તે પર આનંદશ્રાવક-ગૌતમસ્વામીનું દૃષ્ટાંત આપ્યું.) હવે એમણે જોયું નહીં, પણ જ્ઞાન કંઈ જતું રહ્યું? ન માનવામાં કંઈ ખોટ નથી.

'હું જાણું છું' એમ માનવું એને સારું લાગે છે; તે નુકસાન કરનાર છે, અશાંતિ કરનાર છે. મને આવડે છે, એવું અભિમાન હોય તો જ્ઞાનીનું કહેલું ન બેસે. ગુણગ્રાહી થવું. માનવું છે જ્ઞાનીનું. એણે સાચી વસ્તુ જાણી તે આપણે કામની છે. જગતમાં કશું પ્રિય કરવા જેવું નથી અને જે પ્રિય કરવા જેવું છે તે જીવે જાણ્યું નથી, એટલું હૃદયમાં રહે તો કામ થાય. પ્રિય કરવા જેવું છે તે જ્ઞાનીએ જાણ્યું છે. ચેતતો રહે તો આગળ વધે. જીવ મરી જ રહ્યો છે. વિષયકષાયરૂપ મરણથી જીવ રૂંધાઈ રહ્યો છે. આત્મશક્તિ રૂંધાઈ રહી છે. અત્યારે જીવના જ્ઞાન સાથે ઝેર છે, તેથી આત્મા મરી રહ્યો છે. જ્ઞાનીની સમજણથી તરે, એની સમજણથી ડૂબે, બૂડે. જ્ઞાનીએ શું કહ્યું છે, તે વિચારવું. 'તારી સમજણ ઉપર મૂક મીંડું અને તાણ ચોકડી' એમ પ્રભુશ્રીજી કહેતા. તારી સમજણ હજામડી જેવી છે. તારી સમજણથી અનાદિથી રઝળ્યો.

બીજેથી ઉદાસ થાય. ''જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે.'' તો આત્મવૃત્તિ થાય. જડ વસ્તુ ઝેર જેવી છે.

જગત બધું ઠગારું પાટણ છે. જ્યાં જશે ત્યાં ઠગાશે. કોઈક સમજણવાળો હોય તે જીતી જાય. ડહાપણવાળો કામ ન કરે.

એક વાણિયો હતો. તે બહુ ધન કમાયો. હવે તેને ઘેર જવું હતું અને રસ્તામાં ઠગારું પાટણ આવે છે, તો ધન કેમ લઈ જવું? તે વિચારવા લાગ્યો. પછી તેને લાગ્યું કે આ રૂપિયાનાં રત્ન ખરીદી લઉં. બધું ધન આપીને ત્રણ રત્ન ખરીદ્યાં અને રવાના થયો. રસ્તામાં વિચાર આવ્યો કે હવે ઠગારું પાટણ આવે છે, માટે કંઈક ઉપાય કરવો. પછી તે એક ઝાડ નીચે આવ્યો અને ત્યાં બખોલમાં ત્રણ રત્નો મૂકી દીધાં અને ભિખારીનો વેષ લઈ ઠગારા પાટણ બાજુ થઈને જવા લાગ્યો, એમ બોલતો કે રત્નવાણિયો જાય છે, રત્નવાણિયો જાય છે. લોકો આવીને જુએ કે ક્યાં છે રત્ન? પછી લોકો તેના બધાં કપડાં તપાસે, પણ કંઈ ન મળે. એમ રોજ એ આવતો અને એમ બોલતો જતો કે રત્નવાણિયો જાય છે, રત્નવાણિયો જાય છે. લોકોએ જાણ્યું કે આ તો ગાંડો છે. એક દિવસે તે રત્ન લઈને જવા લાગ્યો અને પહેલાની પેઠે બોલ્યો, પણ લોકો કહે કે એ તો ગાંડો છે. પછી તે ડાહ્યો થાય? ન થાય. જ્ઞાનીએ કહ્યું તે લક્ષમાં રાખવું. એક મંત્ર મળ્યો તો એની પાછળ પડવું. ગાંડા થઈ જવું. આત્માનું હિત કરવું છે. લોકો પોપટને પાંજરામાં કેમ પૂરે છે? કાગડાને તો નથી પૂરતા. ડાહ્યો થવા જાય છે તેથી. ડહાપણ દેખાડવું નથી, એમ માનવું પણ નથી. જ્ઞાનીએ કહ્યું તે એક સાચું. જ્ઞાની જાણે છે. એણે જે કહ્યું તેને આધારે આધારે કામ કર્યા કરવું. આટલો ભવ આમ કરવું.

[વ૦ ૯૦૫] ૫૬૧ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– વાસના ક્ષય થવાનો ઉપાય સત્સંગ છે. તે ન હોય તો સત્શાસ્ત્ર છે. કર્મને વશ થવું નથી. શૂરવીરપણું રાખવું. આપણને હિત થાય તેવાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ રાખવાં. મન વારંવાર સત્શાસ્ત્રમાં રાખવું.

સ્વાધ્યાય એ ખરું તપ છે. વૃત્તિઓ રોકવાનું એના જેવું એકે સાધન આ કાળમાં નથી. સત્સંગ, સત્શાસ્ત્ર એ જીવની સમજણ ફેરવવામાં બહુ લાભકારી છે. સત્સંગમાં વધારે લાભ થાય છે. કલ્પનાથી જીવ ઘેરાયો છે, તે છુટ્યે પોતાનું ભાન થાય. પાંચ ઇન્દ્રિયના વિષયો ભ્રાન્તિ કરાવે છે. જીવ વિષયોમાં તણાય છે. સારા નિમિત્તની જરૂર છે. વૃત્તિના જય માટે સારાં નિમિત્તોની જરૂર છે. સંયમ અને ઇન્દ્રિયદમન કરે તો આત્મા નિર્મળ થાય. ઇન્દ્રિયોને લીધે જીવ બહાર ભટકે છે. સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ કહેવાય છે. વૃત્તિ વિરામ પામે એવું કરવાનું છે. વૃત્તિઓ વિષય કષાયમાં જતી અટકાવે તે સંયમ છે. અમુક પ્રકારનો પુરુષાર્થ કરવાથી અમુક ભૂમિકાએ ચઢાય છે.

[વ૦ ૯૪૯] ૫૬૨ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– લોકસંજ્ઞા જેનો ધ્રુવકાંટો છે તે જીવ સુખી ન થાય. લોકસંજ્ઞામાં આખી જિંદગી ગાળે તો તેનું ફળ દુઃખ જ આવે. આત્મશાંતિ જેનો ધ્રુવકાંટો છે, તે ભલે નિર્ધન હો; નિર્વસ્ત્ર હો કે લોકો ન વખાણતા હો, તોપણ તે સુખી જ થાય છે.

[વ૦ ૯૪૯] ૫૬૩ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ વદ ૧૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– કોઈના મરણનો પ્રસંગ સાંભરતાં જીવને વૈરાગ્ય થવાનું કારણ છે.

નાવમાં એક યંત્ર આવે છે. તેનો કાંટો ઉત્તરમાં જ ઊભો રહે છે તેને ધ્રુવકાંટો કહે છે. અનેક પ્રકારની મોહજાળમાં જે છે તેને લોકસંજ્ઞા હોય છે; જેનું ફળ સંસારીપણું આવે તેથી સુખ ન થાય.

**“લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?**
**શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો,**
**વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.”**

લોકસંજ્ઞા જ્યાં સુધી છે ત્યાં સુધી ગમે તેવી શ્રીમંતતા હોય, તો પણ એમાં (લોકસંજ્ઞામાં)થી સુખ નીકળે નહીં અને જેને ગમે તેમ કરી આત્મશાંતિ કરવી છે, આત્મશાંતિ જેનો લક્ષ છે તે ગમે તો ભિખારી હોય, ખાવાનું ન હોય, વસ્ત્ર ન હોય, એકલો હોય તો પણ સુખી છે. આત્મશાંતિ જ શોધે, તે ગમે તેવો નિર્ધન હોય તો પણ સુખી જ છે.

[વ૦ ૯૪૯] (બપોરના) ૫૬૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૭, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આ પત્ર તો વ્યવહારિક છે પણ બહુ ઉપયોગી છે. લોકસંજ્ઞા એટલે બધું કરીને લોકોમાં ખોટું ન દેખાય, લોકો સારું કહે એ મુખ્ય હોય. એ લોકસંજ્ઞાનો લક્ષ છૂટે નહીં ત્યાં સુધી એને દુઃખ જ હોય, એનો મોક્ષ ન થાય. જેને ગમે તેમ કરીને આત્માને શાંત કરવો છે એ લક્ષ છે,

તેને ગમે તો વસ્ત્ર ન હોય, ખાવાનું ન હોય, નિર્ધનતા હોય પણ એનું ફળ મોક્ષ છે. આપણે તપાસવાનું છે કે શામાં આપણે વર્તીએ છીએ? ગમે તેમ કરીને આત્માની શાંતિ થાય, આત્મા પોષાય તે જ કરવાનું છે. સમાધિ જોઈતી હોય તો એમની એમ આવતી નથી, પણ અભ્યાસ કરવો જોઈએ. લૌકિકમાં વર્તવું અને લોકોત્તરભાવમાં રહેવું, એ કરવું બહુ મુશ્કેલ છે. કોઈક વિરલા કરે છે. કૃપાળુદેવે આ કરી બતાવ્યું. અપૂર્વ વસ્તુ સાંભળવામાં આવે ત્યારે જીવને ઉલ્લાસ આવવો જોઈએ કે આ મને જ્ઞાનીએ કહ્યું છે, માટે મારે એમ વર્તવું. લોકો કહે એમ કરવું નથી. પોતાનાં પરિણામ તપાસવાં. લોભમાં વૃત્તિ ન જવા દેવી. જેમ બને તેમ શાંતિ રાખવી. જગત દુઃખરૂપ છે એમ જો ભાવ થાય તો ફરી જાય. મોહને લઈને બધું ઇચ્છે છે. મોટો થાઉં, ઘર બનાવું, એવી એવી ઇચ્છાઓ કરે છે, પણ જો એથી ભુલાય તો સુખ થાય. પરવસ્તુ જાય તો આત્મા દુઃખી ન થાય.

જેટલું મારાપણું ઓછું તેટલું સુખ છે. જગત બધું નાશવંત છે. બધું મૂકીને જવાનું છે. પોતાનું છે નહીં, તેને પોતાનું માને છે. આખી જિંદગી 'મારું મારું' કરે તોય રહે નહીં. અજ્ઞાનને લઈને ફિકર કરે છે. વિચાર કરે તો બધું ખોટું છે. કલ્પિતનું એટલું બધું માહાત્મ્ય થઈ ગયું છે કે સાચી વસ્તુ એને સમજાતી નથી. બધું કલ્પિત છે તેને પોતાનું માન્યું છે. સાચું છે એવું ભાન થાય ત્યારે સમ્યક્ત્વ થાય. સાચાને ખોટું માનવું નથી. જ્યારે અનંતાનુબંધી જાય ત્યારે એ ગેડ બેસે છે. દેહ છોડવાનું થાય ત્યારે બધું મૂકવું પડે છે. સમભાવ રહે તો નવાં ન બાંધે. દેહની ઇચ્છાથી દેહ મળે છે. આત્મભાવ થાય તો ફરી દેહ ન આવે.

''આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.'' દેહભાવ છોડી આત્મભાવમાં આવવાનું છે. આ એક કરવાનું છે. દેહ દેખાય છે, તેમાં આત્મા છે. તે આત્મા જોવાનો છે. પ્રતિમા જોઈને પણ જોવાનું શું? આત્મા. એ પડ્યું રહે છે. દેહને જોઈએ તેથી કલ્યાણ થાય? આત્મા જોવાથી કલ્યાણ થાય છે.

''मोक्षमूलं गुरुकृपा'' મોક્ષનું મૂળ ગુરુની કૃપા છે. બાંધેલાં હોય તે ભોગવવાં પડે. આ મનુષ્યભવ, સત્પુરુષનો યોગ ક્યાંથી મળે? કામ ઘણું અને દિવસ થોડા છે. ગમે ત્યાં રહેવાનું હોય પણ યથાયોગ્યપણે રહેવાય, રહેવાની ઇચ્છા થાય, મારી એક ક્ષણ પણ નકામી ન જાય, એ ઇચ્છવું. જ્ઞાની અયોગ્ય રીતે વર્તે નહીં. અયોગ્ય રીતે વર્તવું એને સૂઝેય નહીં.

કૃપાળુદેવને અંતરંગમાં એટલી વીતરાગતા છે કે ખાવાનું પણ માંડ માંડ ખાય છે. ખાતાં-પીતાં પણ આત્માને ન ભૂલવો એ એમનો લક્ષ હતો. એ આત્માને ભૂલતા નહોતા. મનમાં અસંગ થવાની ભાવના હતી. આત્માનો સ્વભાવ મૂકી બીજામાં વૃત્તિ કરવાની ઇચ્છા થતી નહોતી. એટલો વૈરાગ્ય હતો. સંકલ્પ-વિકલ્પ કરવાનું જે ચિત્તનું કામ છે, તેય શાંત થઈ ગયું હતું. આત્મા આત્મભાવે વર્તતો હતો. સમયે સમયે અનંતગુણવિશિષ્ટભાવ એટલે એક સમયે જે ભાવ હોય તેના કરતાં બીજા સમયે અનંતગણો ભાવ વધતો જતો હતો. એ કહી શકાય એવી દશા ન હતી. એ દશા સમજે એવો છે નહીં. ભગવાને કરેલો બોધ તો એમને સહજે સાંભરી આવ્યો હતો. જડ અને ચેતન બે પદાર્થો છે તે સમજવાનાં છે.

[વ૰ ૯૫૪] (બપોરના) ૫૬૫ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ સુદ ૩, સં. ૨૦૦૮

## (શ્રીમદ્નો અંતિમ સંદેશો - અર્થ)

ૐ

શ્રી જિન પરમાત્મને નમઃ

પૂજ્યશ્રી– જિનને પૂજવાનું કારણ તેઓ શુદ્ધ સ્વરૂપને પામ્યા છે. જિનનું સ્વરૂપ સમજાય તો પોતાનું સમજાય એવું રહસ્ય છે. આત્મસ્વરૂપ ગહન છે.

**''સદ્ગુરુના ઉપદેશથી, સમજે જિનનું રૂપ''**

જે સદ્ગુરુના ઉપદેશથી જિનનું સ્વરૂપ સમજાય તે સદ્ગુરુ કેવા હોય? તો કે જે સ્વરૂપમાં સ્થિત થયા છે, પૂર્વે જે કર્મો બાંધ્યાં છે તેના ઉદયને લઈને જેઓ વિચરે છે, કોઈ વખત નથી સાંભળી એવી જેની વાણી છે, પરમશ્રુત એટલે છ દર્શનના સારરૂપ છે, એ સદ્ગુરુના લક્ષણો કહ્યાં. એવા સદ્ગુરુના યોગે જિનસ્વરૂપ સમજાય એવું છે.

હવે કૃપાળુદેવ છેલ્લા કાવ્યમાં લખે છે–

**''ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;**
**મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ.'' ૧.**

આત્માર્થી અનંત સુખને ઇચ્છે છે અથવા યોગીપુરુષો એટલે જેને પરમાત્મા સાથે યોગ એટલે જોડાણ કરવું છે, તે અનંત સુખને ઇચ્છે છે. મૂળ શુદ્ધ આત્મપદ એવું જે સયોગી જિનસ્વરૂપ છે તે અનંત સુખનું ધામ છે. તેને જ યોગી જન ઇચ્છે છે.

**''આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;**
**જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર.'' ૨.**

એ આત્મસ્વભાવમાં બુદ્ધિ પહોંચતી નથી. ''જ્યાં મતિની ગતિ નથી, ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય?'' (૧૭૨) વિચારમાં આવે એવું નથી. એ આત્મસ્વભાવ અગમ્ય છે. એનો રસ્તો હોવો જોઈએ. એ સ્વરૂપ પ્રાપ્ત કરવા કોનું અવલંબન લેવું? તો કે મૂળ શુદ્ધ સ્વરૂપ અગમ્ય હોવાથી જિને જે સ્વરૂપ પ્રગટ કર્યું છે, તેનું અવલંબન લે તો પ્રાપ્ત થાય. જેમ જેમ ભક્તિ થાય તેમ તેમ એ સ્વરૂપ સુધી પહોંચાય છે. જિનપદનું વર્ણન સ્વરૂપનું ઓળખાણ થવા કર્યું છે. તે સ્વરૂપ અગમ્ય હોવાથી જિનપદના અવલંબનની જરૂર છે.

**''જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;**
**લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.'' ૩.**

જિનપદ અને નિજપદ એ બેમાં ભેદ નથી. જિને જે સ્વરૂપ પ્રગટ કર્યું છે અને આપણું જે મૂળ શુદ્ધસ્વરૂપ છે એમાં ભેદ નથી. એનો લક્ષ થવા માટે બધાં શાસ્ત્રો કહ્યાં છે. જિનપદની ભક્તિ કરતાં કરતાં એ પદનું ધ્યાન આવે છે. જિનપદ અને નિજપદમાં ભેદ નથી. એ લક્ષ થવા બધાં શાસ્ત્રો કહ્યાં છે. અનંત સુખસ્વરૂપને જે ઇચ્છે છે તેને અનંત સુખધામ બતાવવા બધાં શાસ્ત્રો કહ્યાં છે.

"જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ." ૪.

આત્મસ્વરૂપ અગમ્ય છે. એવું જિન પ્રવચન પણ દુર્ગમ્ય છે, ગહન છે. "સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે." (૧૯૬) એક એક વચનમાં અનંત આગમ રહ્યાં છે. ગૌતમને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણ શબ્દ કહ્યા, તેથી બધાં શાસ્ત્રો રચ્યાં, એ ત્રિપદી આપણે પણ સાંભળીએ છીએ. જિનપ્રવચનનો આશય છે ત્યાં સુધી પહોંચવું બહુ મુશ્કેલ છે. સ્યાદ્વાદમાં તો અનેક અર્થ થાય છે. જેવી અપેક્ષા લે તેવો અર્થ થાય. કઈ અપેક્ષા ગ્રહણ કરવી, એનો ગુરુગમ વિના વિદ્વાનો પણ નિર્ણય કરી શકતા નથી. "ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે." (૧૨૮) ઘણા અર્થ કરે તોય થાકે.

રત્નાકર મુનિ હતા તે બહુ વિદ્વાન હતા. મોહનીય કર્મના ઉદયથી સ્ત્રીને વશ થયા. એક વાણિયાને વિચાર થયો કે મુનિ ઉચ્ચ બુદ્ધિશાળી છે, પણ મોહનીય કર્મને લઈને ભૂલ્યા છે. આપણાથી થાય એટલું કરી લેવું. પછી તે ઘી લઈને મુનિને ત્યાં આવ્યો અને કહ્યું કે હું અહીં ઘી વેચવા આવ્યો છું ને જવું છે, પણ આ એક શ્લોક છે એનો શો અર્થ છે? મુનિએ અર્થ કર્યો, પણ તેણે કહ્યું કે મને તો બેસતો નથી. બીજે દિવસે ફરી આવ્યો. મુનિએ ફરી બીજો અર્થ કર્યો, પણ તેણે કહ્યુંઃ મને તો બેસતો નથી, એમ છ મહિના સુધી કર્યું. પછી મુનિને વિચાર આવ્યો કે એનો શો અર્થ હશે? આટલા અર્થ કર્યા છતાં કેમ બેસતો નથી? પછી ભાન આવ્યું કે હું તો સુધર્યો નથી, તો બીજાને શી રીતે સુધારી શકું? જ્યારે વાણિયો ઘી વેચીને આવ્યો ત્યારે મુનિ વિહાર કરી જવા માંડ્યા. વાણિયાએ અર્થ કરવાનું કહ્યું, એટલે મુનિએ અર્થ કર્યો. વાણિયાએ કહ્યું કે આ જ અર્થ બરાબર છે.

બુદ્ધિથી કલ્યાણ નથી. મોહમાંથી જાગે તો કલ્યાણ થાય. સદ્‌ગુરુ વિના ઠેકાણું પડે નહીં. સદ્‌ગુરુનું અવલંબન હોય તેને સીધો અર્થ એટલે જે કરવાનું હોય તે જ હાથમાં આવે. અનંત સુખનું ધામ એવો જે આત્મા છે તે જ હાથમાં આવે. જિનનાં આગમ એને સુખખાણ અને સુગમ થાય.

"ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિસહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત." ૫.

સંપૂર્ણ સ્વરૂપને જેઓ પામ્યા છે એવા જિનની ઉપાસના કરવાની છે, ત્યારે જીવ સંસારની ભક્તિ કરે છે. ભગવાનની એવી ભક્તિ થાય કે બીજે ક્યાંય ચિત્ત જાય નહીં. અતિશય ભક્તિ થાય. મુનિજનની સંગતિમાં રતિ હોય. સંયમ પોતાથી પળે તેટલો પાળે. મન વચન કાયાની શક્તિ જેટલી હોય તે પ્રમાણે સંયમ પાળે.

"ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્‌ગુરુ વડે, જિન દર્શન અનુયોગ." ૬.

કોઈના પણ ગુણ દેખીને આનંદ થાય, પ્રમોદ થાય, ઈર્ષા ન થાય અને અંતર્મુખ યોગ રહે. જગતની વિસ્મૃતિ થાય. ગમે તેનામાં ગુણ દેખે તો રાજી થાય, ઈર્ષા ન થાય. એ પહેલી દૃષ્ટિમાં જ આવે છે. "દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજે રે." એ અદ્વેષ ગુણ આવતાં જ

'ગુણપ્રમોદ' ગુણ આવે છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં પેસે નહીં. દેહથી આપણે ભિન્ન છીએ, એમ જ્ઞાનીએ કહ્યું છે, તેવો જ હું છું એમ થાય. જ્ઞાનીના આધારે સ્વરૂપ જાણે, બીજાના ગુણથી રાજી થાય. પોતાના ગુણ પ્રગટ કરવા પુરુષાર્થ કરે. ખરું સ્વરૂપ શું છે? ત્યાં મારે પહોંચવું છે, એ અંતર્મુખ ઉપયોગ છે. એ અંતર્મુખ યોગવૃત્તિ સર્વસંગપરિત્યાગ કરવાથી પણ ન થઈ શકે.

"સર્વસંગપરિત્યાગ કરીને ચાલી નીકળ્યાથી પણ જીવ ઉપાધિરહિત થતો નથી." (૬૭૭) અંતર્મુખ વૃત્તિ રાખવી આ કાળમાં મુશ્કેલ છે. એ કર્યા વિના છૂટકો નથી. કંઈક એનું માહાત્મ્ય લાગે ત્યારે અંતર્મુખ વૃત્તિ થાય. સદ્‌ગુરુ, જિનદર્શન અને જિનવાણી એમાં જેને વિશ્વાસ હોય તેને વસ્તુ પ્રાપ્ત થાય છે. સદ્‌ગુરુ વડે જિનદર્શન સમજે, જિનવાણી સમજે તો એને વસ્તુ પ્રાપ્ત થાય.

**"પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી આવે એમ;**
**પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ." ૭.**

સમુદ્રનું એક ટીપું હોય તેમાં સમુદ્રના ક્ષારાદિ બધા ગુણો આવી જાય. એમ પ્રવચન સમુદ્રના એક વચનમાં ચૌદ પૂર્વ આવી જાય, એવી લબ્ધિ જીવને સદ્‌ગુરુના યોગે પ્રાપ્ત થઈ આવે છે. ભણવા ન જવું પડે, બધાય શાસ્ત્રો એના હૃદયમાં વસી જાય. "પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં; સબ આગમભેદ સુઉર બસેં."

જીવ પુરુષાર્થ કરે તો અનંત શક્તિ આત્મામાં છે, લબ્ધિઓ પ્રગટે છે. અભયકુમારને એવી લબ્ધિ હતી કે એક અક્ષર કહે તો આખું પુસ્તક કે આખો મંત્ર યાદ આવી જાય. ભણવા જવું પડે એમ નથી. ભણવા જાય તો ક્યારે પાર આવે?

**"હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**
**કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?**
**એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં."**

તો આત્મજ્ઞાનના બધા સિદ્ધાંતો અનુભવમાં આવી જાય. વિચ્છેદ ગયાં નથી. બધું આત્મામાં છે.

"एगं जाणई से सव्वं जाणई, जे सव्वं जाणई से एगं जाणई ।" એકને જાણે તો સર્વને જાણે અને સર્વને જાણવાનું ફળ એકને જાણવું છે. જીવમાં યોગ્યતા જોઈએ, તો અગમ્ય વસ્તુ પણ સુગમ્ય થઈ જાય છે. સદ્‌ગુરુ ન મળ્યા, પણ યોગ્યતા પ્રાપ્ત કરવી હોય તો કરી શકાય છે. પછી સદ્‌ગુરુ મળે તો ઝટ કામ થઈ જાય.

**"વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;**
**પરિણામની વિષમતા, તેને યોગ અયોગ." ૮.**

સદ્‌ગુરુનો યોગ મળે, પણ પાંચ ઇન્દ્રિયના વિષય-કષાયમાં વિચાર રહ્યા કરે, એની ઝંખના રહ્યા કરે, એ વિષય સારા લાગે, પરિણામ વિષયી રહે, તેથી ધર્મ કરતાં અધર્મ થાય અને તેને યોગ થયો હોય તે નિષ્ફળ થાય. માટે પાંચ ઇન્દ્રિયના વિષયમાં વૈરાગ્ય, એ પહેલું કરવાનું છે. એ વિષયો અનાદિના શત્રુઓ છે, ભૂલાવનારા છે. એમાંને એમાં રહે તો કલ્યાણ ન થાય. એ વિષયોને

લઈને વિષમભાવ થાય છે. આખા જૈનધર્મનો આધાર પરિણામ ઉપર છે. પંચવિષયમાં રાગદ્વેષ ન થાય, એ યોગ્યતા જેને નથી તેને યોગ મળ્યો હોય તો પણ અયોગ છે. માટે પાંચ ઇન્દ્રિયના વિષયો શત્રુ છે, તેને જીતી લેવાના છે.

**‘‘મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;**
**કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.’’ ૯.**

જેણે પાંચ ઇન્દ્રિયના વિષયો મંદ કર્યા હોય; ઉપરથી ડોળ, દંભ કરવાની ઇચ્છા ન કરતો હોય; જેવું હોય તેવું પ્રગટ કરતો હોય; બગલાની જેમ દેખાવ ન કરતો હોય એવા સરળ જીવને ગુણ ગ્રહણ કરવાની ઇચ્છા હોય છે. જેને ગુણ દેખાડવાની ઇચ્છા હોય છે તેને ગુણ ગ્રહણ કરવાની ઇચ્છા હોતી નથી. જે ગુણ ગ્રહણ કરવાની ઇચ્છા રાખે છે, એવી સરળતા હોય; જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે જે વર્તે છે; આત્મવિચાર જે કરે છે; જેના હૃદયમાં દયા-કરુણાભાવ હોય તેને પોતાના આત્માની દયા આવે કે અનાદિકાળથી રખડે છે, હવે એને મોક્ષે લઈ જઉં. આત્માનું કામ કોઈ કરી આપે નહીં. કોમળતા એટલે માનનો અભાવ. ‘હું મોટો છું’ એમ માન ન હોય. જ્ઞાની કહે તે એના હૃદયમાં ચોંટી જાય. ‘‘વાળ્યો વળે જેમ હેમ’’ તેને જ્ઞાનીનાં વચનો હૃદયમાં ઠરે છે. માન હોય તેને કંઈ ન થાય. એ યોગની પ્રથમ ભૂમિકા છે. એથી આગળ વધે ત્યારે મધ્યપાત્ર થાય. તે હવે કહે છે–

**‘‘રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;**
**જગત ઇષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય.’’ ૧૦**

પાંચ ઇન્દ્રિયોના વિષયોને જીતે તે જિતેન્દ્રિય થાય. ઇન્દ્રિયરાગ ટળે ત્યારે સંયમમાં રાગ થાય. ‘‘સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.’’ (૮૬૬) બધાથી વિરામ પામી એની વૃત્તિ આત્મામાં વળે. જગતમાંથી જેને કશું જોઈતું નથી. ‘‘સકળ જગત તે એઠવત્’’ એંઠવાડા જેવું લાગે. ‘‘આત્માથી સહુ હીન’’ લાગે. એટલા સુધી આવે ત્યારે મધ્યમ પાત્ર, મહાભાગ્ય કહેવાય છે. હવે ઉત્તમ પાત્ર કહે છે–

**‘‘નહિ તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહિ ક્ષોભ;**
**મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ.’’ ૧૧.**

જીવવાની તૃષ્ણા જેને રહી નથી, મરણ આવવાનું હોય તો પણ મનમાં એમ ન થાય કે મારે મરવું પડશે, ક્ષોભ ન થાય; આત્મા મરતો જ નથી, એમ જેને દૃઢ થઈ જાય તે આત્મામાં જ રહે છે, મોક્ષના ઉપાયમાં જ પ્રવર્તે છે. જ્ઞાન, દર્શન, સમાધિ એ જેના હૃદયમાં રહે છે, એટલું થાય તો તે મહાપાત્ર છે. સમભાવ આવે તો એ થાય.

**(૨) ‘‘આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;**
**આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ.’’ ૧.**

**‘‘ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.’’ ૨.**

મોટામાં મોટા પ્રતિબંધ ચાર છે. (૧) લોકલાજ સંબંધી બંધન (૨) સ્વજનકુટુંબ સંબંધી

બંધન (૩) દેહાભિમાનરૂપ બંધન (૪) સંકલ્પવિકલ્પરૂપ બંધન, એ રોકવા મુશ્કેલ છે. સરખી સપાટ જમીન હોય અને સૂર્ય માથે આવે તો છાયા શમાઈ જાય છે. એવી રીતે જીવ આત્મસ્વભાવમાં આવે તો મન મરી જાય. એવું ન થાય ત્યાં સુધી મોહના વિકલ્પ કરે છે. એ જ આખો સંસાર છે. વિકલ્પ છૂટે તો બંધન ન થાય, આત્માનો અનુભવ થાય. અંતર્મુખ અવલોકે તો મનના બધા સંકલ્પવિકલ્પ શમાઈ જાય.

યોગીઓ શું ઇચ્છે છે તે કહે છે—

**(૩) "સુખધામ અનંત સુસંત ચહી,**
**દિન રાત્ર રહે તદ્ધ્યાનમહીં;**
**પરશાંતિ અનંત સુધામય જે,**
**પ્રણમું પદ તે વર તે જય તે." ૧.**

અનંત સુખનું ધામ આત્મા, એ સિવાય બીજું કંઈ ઇચ્છતા નથી. એની જ ભાવનામાં રાતદિવસ રહે છે, એ પરમશાંત છે. અનંત શાંતિમય અમૃતસ્વરૂપ એવો આત્મા છે. એમાં જ રાતદિવસ ધ્યાનમાં રહે છે. એ ઉત્તમ પદને હું પ્રણમું છું.

**[વ૦ ૯૫૬] (ઉપદેશનોંધ)** ૫૬૬ શ્રીમદ્ રા. આ. અગાસ, અષાઢ વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— ચૂર્ણી એટલે બહુ વિસ્તારપૂર્વક ટીકા. બીજાનું માન ચૂરે એવી ટીકા તે ચૂર્ણી કહેવાય છે. (૯)

માણસની ભૂલ થાય, પણ સરળ જીવ હોય તો તે કબૂલ કરે છે, તેથી ફરી એવી ભૂલ ન થાય. (૧૦)

[૧]કાયદા કરતાં ધર્મના બોધથી જીવો વિશેષ સુધરે છે. જેવો ઉપદેશથી લાભ થાય છે તેવો શિક્ષા કરવાથી થતો નથી. અત્યારે જેઓ દારૂ પીએ છે, તેમને શિક્ષા કરવામાં આવે છે પણ તે કરતાં ઉપદેશ દઈને છોડાવતા હોય તો ફરી કદી પીએય નહીં. ધર્મના નામે જીવો દોષો છોડી દે છે. શિક્ષાથી તો ન મળે તેથી ન પીએ, પણ મળે ત્યારે પાછા પીએ. કાયદા કરતાં ઉપદેશથી વધારે લાભ થાય છે. (૧૦)

[૨]કુળ સંપ્રદાય પ્રમાણે સાધુ-શ્રાવકપણું હોય તેથી કંઈ કલ્યાણ ન થાય. સમજણની જરૂર છે. વિવેક વિના કંઈ ન થાય.

જ્ઞાની પ્રારબ્ધ યોગે જે કરતા હોય તેનું આપણે અનુકરણ ન કરવું, પણ તેઓ સદાચાર પાળતા હોય તે તો પાળવા. વિવેકની જરૂર છે. "મોટા કહે તેમ કરવું, કરે તેમ ન કરવું." એ વચન પણ સાપેક્ષ છે. મહાપુરુષો સારાં કામ કરતા હોય તે તો કરવાં, પણ તેમનું પ્રારબ્ધ હોય તેનું અનુકરણ ન કરવું. (૧૧)

"અવગાહના એટલે અવગાહના." ઘણો બોધ થાય, ઘણો વિચાર થાય ત્યારે એ સમજાય છે. અવગાહના એ ક્ષેત્રાશ્રયી છે. પ્રત્યેક સિદ્ધની અવગાહના જુદી જુદી છે. (૧૨-૧૩)

બહુ દુઃખ આવે અને સમભાવ રહે તો ઘણાં કર્મ ક્ષય થાય છે. જ્ઞાનીનો બોધ તો સુલભ છે,

(૧) અષાઢ સુદ ૪, સં. ૨૦૦૯ના રોજ અને (૨) અષાઢ વદ ૧૧, સં. ૨૦૦૮ના રોજ થયેલ વિવેચન.

પણ પામવો દુર્લભ છે. મોક્ષનો માર્ગ અને મોક્ષ બેય સુખરૂપ છે, પણ પામવાં દુર્લભ છે. (૧૪)

સત્શ્રુત સેવવા માટે ઇન્દ્રિયનિગ્રહ અને એકાંત સ્થાનની જરૂર છે. કેટલાક તપ કરીને શાસ્ત્ર વાંચે છે. તેનું કારણ વૃત્તિ એમાં જ રહે અને ઉપયોગ એમાં જોડાય તો પરિણામ પામે. શ્રુત છે તે કેવળજ્ઞાન થતાં સુધી કામનું છે. (૧૫)

જ્ઞાનીની એક આજ્ઞા આરાધે તો પણ મોક્ષે લઈ જાય. જ્ઞાની જગતને તૃણવત્ જુએ છે. આત્માની સંભાળ લેશે ત્યારે કલ્યાણ થશે. મનુષ્યભવ રત્ન જેવો છે. ખાવાપીવામાં વખત જાય છે તે કોડી જેવો છે. (૧૬)

[૧]બ્રહ્મચર્ય એવી વસ્તુ છે કે બધા વિષયો તેનાથી જીતી શકાય છે.

**"એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર."**

વિચારનો અવકાશ મેળવે તો થાય. પા કલાક કે અર્ધો કલાક વિચાર કરવાનું રાખ્યું હોય તો તેની અસર બીજાં કામ કરતાં પણ રહે છે. ભાવના હોય તો નિવૃત્તિ મળી આવે છે. આત્મા ભણી વૃત્તિ થઈ હોય તો આત્માનો લક્ષ રહે. કોઈપણ કામ કરતાં દેશ, કાળ, નિવૃત્તિ અને માર્ગનો વિચાર કરવો. (૨૮)

વ્રત લેવું હોય તો પહેલાં સ્પષ્ટ કરવું કે એવી રીતે મારે વ્રત લેવું છે અને બીજાની સાક્ષીએ લેવું. સ્વેચ્છાએ ન વર્તવું. વ્રતમાં આગાર રાખ્યો હોય, તો પણ કામ પડે તો તેમાં પોતે અધિકારી ન થવું. જ્ઞાનીની આજ્ઞાએ વર્તવું. (૨૯)

'આત્મા છે' એવું પહેલાં દૃઢ કરવું. 'આત્મા છે' એથી માંડી 'મોક્ષના ઉપાય' સુધીનાં છ પદની શ્રદ્ધા કરવી. એની શ્રદ્ધા ન હોય તો પછી સત્પુરુષ જરૂરના ન લાગે.

મોહનીય કર્મ ઉત્કૃષ્ટ સિત્તેર કોડાકોડી સાગરોપમ અંતર્મુહૂર્તમાં બંધાય છે. સાત હજાર વર્ષ સુધી તો એ ઉદયમાં પણ ન આવે. એટલામાં ક્ષય કરવો હોય તો કરી શકાય છે. (૩૧)

[૨]બધાં કર્મોમાં મુખ્ય મોહનીય છે. એ મોહનીયને ક્ષય કરવા મહાવીર ભગવાન બાર વર્ષ સુધી ઊંઘ્યા નહીં, ખાધું પીધું નહીં, એક આંખ ચોળવા જેટલી પણ સંભાળ લીધી નહીં. એક મોહને ક્ષય કરવા પુરુષાર્થ કરવા માંડ્યા. એવું આપણે કરવાનું છે. જીવ સમજે તો સરળ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી. દેખાય છે તેને માટે બધું કરે છે, પણ આત્મા દેખાતો નથી, તેથી એને માટે કંઈ કરતો નથી.

બોલવું પડે તો રાગ-દ્વેષરહિતપણે બોલવું; તો કર્મ ન બંધાય. કર્મ ન બંધાય એવું કરવાનું છે. ભગવાન પરમાર્થસત્ય બોલે છે. પહેલો આત્માનો લક્ષ રાખે છે, પછી બોલે છે. કાંઈ ન બોલે, પણ રાગ-દ્વેષ કરે તો પણ બંધાય. વ્યવહારસત્ય ઘણીવાર બોલવામાં આવ્યું છે, પણ પરમાર્થસત્ય બોલવામાં આવ્યું નથી; તેથી ભવભ્રમણ મટ્યું નથી.

સમ્યક્ત્વ થયે વસ્તુનું ઓળખાણ થાય. આત્માને આત્મા અને જડને જડ જાણે. સત્દેવ, સદ્ગુરુ અને સદ્ધર્મની પ્રતીતિ થાય, પછી અભ્યાસે કરીને પરમાર્થસત્ય બોલાય છે. માનને અર્થે તપાદિ

---

(૧) અષાઢ વદ ૧૩, સં. ૨૦૦૮ના રોજ અને (૨) અષાઢ વદ ૧૪, સં. ૨૦૦૮ના રોજ થયેલ વિવેચન.

કરતો હોય અને બહારથી આત્માર્થે કરું છું, એમ દેખાડે તો અસત્ય જ છે, કારણકે અંદર માનની ઇચ્છા છે તેથી અસત્ય જ છે. અંતરંગ ભાવને લઈને કર્મ બંધાય છે. બહાર ભલે ગમે તેવું હોય. માટે અંદરથી ચોખ્ખા થવાનું છે. પ્રભુશ્રીજી કહેતા કે ચોખ્ખા થઈને આવો, ક્ષાયિક હોય તો જ પરમાર્થસત્ય બોલાય. (૩૪)

આત્મા છે તેથી દેહ ચાલે છે. એ નીકળી જાય તો શરીર સડવા માંડે. (૩૫)

[૧]આત્મા અપૂર્વ વસ્તુ છે, ચમત્કાર છે, ગુપ્ત ચમત્કાર છે. આંખે દેખાય નહીં. કોઈના આધારે રહેવાનું નથી. પુરુષાર્થ કરશે તો થશે. સ્વચ્છંદે કલ્યાણ નથી.

**"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ."**

જ્ઞાનીની આજ્ઞાએ વર્તતાં સહજે સ્વચ્છંદ રોકાય. જ્ઞાનીની આજ્ઞાએ કરે તો લાભ છે. જ્ઞાનીની આજ્ઞા ભૂલે ત્યાં સ્વચ્છંદ છે. આખી જિંદગી જીવ દેહને માટે ગાળે છે. વિશ્રાંતિરૂપ મનુષ્યભવ મળ્યો છે. તેમાં પણ 'મારું-મારું' કરી રહ્યો છે. અનેક દેહ આ જીવે ધારણ કર્યા છે. (૩૫)

વિનય એ ધર્મનું મૂળ છે. એ વિના સમ્યક્‌દર્શન ન થાય. કેટલાક નમસ્કાર કરવાથી પણ ધર્મ પામે છે. ભગવાનને એક પણ સાચો નમસ્કાર કરવામાં આવે તો ભવનો પાર થઈ જાય. અહંકાર હોય ત્યાં સમ્યક્‌દર્શન ન હોય. "અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય." ત્યારે સમ્યક્‌દર્શન થાય. 'હું સમજું છું' એમ થયું હોય તો જ્ઞાનીનો બોધ બેસે નહીં. પાંચ ઇન્દ્રિયના વિષયમાં આસક્તિ હોય, રસલુબ્ધતા હોય, પુદ્‌ગલમાં માહાત્મ્ય હોય ત્યાં સુધી સમ્યક્ત્વ ન થાય. પાંચ ઇન્દ્રિયો જીત્યા વિના છૂટકો નથી. ઇન્દ્રિયોને શત્રુ સમાન જાણીને જીતવાની છે. ઇન્દ્રિયોનો જય કરે, જીતે ત્યારે આત્મા ભણી વૃત્તિ વળે. જેને મોક્ષે જવું હોય તેણે માન મૂકવું પડે.

"સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે." (૨૫૪)

અર્ધદગ્ધ છે તે ભૂલો પડ્યો છે. તેને પોતાની ભૂલ ન દેખાય. તેથી મુમુક્ષુતા ન આવે. તો પછી મોક્ષ ક્યાંથી થાય? રસલુબ્ધતા પણ ત્યાગવાની છે. પહેલાં જીભને વશ કરવાની છે. પેટ ભરવા માટે ખાવું પડે તો ખાવું, પણ રસલુબ્ધ ન થવું. "પુદ્‌ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત" (દે૦ ૪) પુદ્‌ગલનો રસ મૂકે તો આત્માનો રસ ચખાય. રસલુબ્ધ હોય તો સંસારી રહી જાય. સમ્યક્‌દર્શન કરવું હોય તો રસલુબ્ધતા તો મૂકવી પડશે. ક્રોધ આવે તો બીજા સાથે ન લડવું, પણ ક્રોધથી જ લડવું. "ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા."

જેને છૂટવું છે તેને આ રસ્તો છે. નિદ્રા આવે ત્યારે પણ સામા થવું. બળ કરવું તો થાય. મારે હવે તને વશ કરવાની છે. હું તારે વશ ન થાઉં, એમ કરી એની સાથે જ લડવું, એને જ ગાળો ભાંડવી. મનને પૂછવું કે તારે મોક્ષે જવું છે કે સંસારમાં રહેવું છે? મોક્ષ સારો લાગે છે તો રાગ-દ્વેષ તો મૂકવા પડશે. એ મૂકવામાં તને કંઈ બાધા કે નુકસાન છે? એમ પૂછવું. (૩૬)

[૨]અવસર આવ્યે કામ કરી લીધું તો કરી લીધું, નહીં તો ફરીથી આવો મનુષ્યભવ, સ્મરણમંત્ર વગેરે મળવાં બહુ દુર્લભ છે. માટે આત્માનું કરી લેવાનું છે. (૪૧)

(૧) અષાઢ વદ ૦)), સં. ૨૦૦૮ના રોજ અને (૨) અષાઢ વદ ૧૪, સં. ૨૦૦૮ના રોજ થયેલ વિવેચન.

**[વ૰ ૯૫૭] (ઉપદેશછાયા-૨)** (સવારના) ૫૬૭ આબુ, તા. ૧૧-૬-૧૯૪૯, જેઠ વદ ૧, સં. ૨૦૦૫

પૂજ્યશ્રી— શાસ્ત્રોમાં સમજ ન પડે તો આપણી બુદ્ધિ પહોંચતી નથી એટલે સમજાતું નથી એમ ગણવું, પણ શાસ્ત્ર ખોટાં છે એમ ન કહેવું, કારણકે શાસ્ત્રો રચનાર ગણધરો હતા. જો કે તીર્થંકરોએ જેટલું કહ્યું એટલું બધું જ એમાં આવ્યું છે એમ નથી. પણ કંઈ ખોટાં છે એમ ન કહેવું. જ્ઞાનીની વાણીનો આશય, અભિપ્રાય આવે પણ તે પૂરેપૂરા ભાવ સહિત એમાં ન આવે.

જ્ઞાનીની વાણીનો આશય પૂરેપૂરો ભાવસહિત નહીં આવે. એક વખતે પૂ. પ્રભુશ્રીજી અગાસ સ્ટેશન પાસે લાકડાના પીઠામાં બેઠેલા, ત્યારે કોઈ ભાઈએ કહ્યું કે અમુક માણસનો દેહ છૂટી ગયો. તે ઉપર પ્રભુશ્રીજીએ બોધ કર્યો તે લખી લેવા જેવો લાગવાથી યાદ રાખી મેં (પૂ. બ્રહ્મચારીજીએ) લખી લીધો અને પાછળથી પ્રભુશ્રીજીને એ બતાવ્યો. પૂ. પ્રભુશ્રીજીએ કહ્યું કે એંઠવાડો છે, અને કહ્યું કે નીચે લખ કે સ્વમુખે લખાવેલું છે. એનો અર્થ એ કે જે તે વખતના ભાવ અને આશયના હિસાબે જે લખાયું છે તે જેમ પકવાન વગેરે ખાધું હોય અને એઠું બાકી રહે તેના જેવું છે.

‘‘સિદ્ધાંતનો બાંધો સખત હોવા છતાં યતિઓનું આચરણ તદ્દન વિરોધી દેખાય છે. તેમાં કંઈ તીર્થંકરની વાણીનો દોષ નથી, પણ જીવની સમજણનો દોષ છે. તીર્થંકરની દેશનામાં પણ આવા જીવો હોય છે.’’ (તે ઉપર દૃષ્ટાંત)–

શ્રેણિકના એક પુત્ર વારિષેણે દીક્ષા લીધેલી, તેની સાથે તેના એક મિત્ર પુષ્પડાલે પણ દીક્ષા લીધેલી. દીક્ષા લીધી તેના થોડા વખત પહેલાં જ એ પરણેલો અને તરત જ મિત્રતાને લીધે કુંવર સાથે દીક્ષા લેવી પડી હતી, પણ એનું મન સ્ત્રી તરફ રહ્યા કરતું હતું. એની સ્ત્રી એક આંખે કાણી હતી. દીક્ષા લીધાને બાર વરસ વહી ગયા. એક વખતે મહાવીર પ્રભુની દેશનામાં એક દેવ આવ્યો. તેણે પ્રભુને કહ્યું કે હું બાર વર્ષ થયાં, તમારા દર્શન કરવા માટે વિચારી રહ્યો હતો; જેવી રીતે એક નવી પરણેલી સ્ત્રી એના ધણીની ૧૨ વર્ષથી રાહ જુએ અને જેવી વિરહથી વલવલે તેમ. એ વાત સાંભળી પેલા મિત્રને પોતાની સ્ત્રી કેવી ૧૨ વર્ષથી ઝૂરતી હશે? એ યાદ આવવાથી ઘર તરફ ચાલવા માંડ્યું. એ જોઈને શ્રેણિકનો પુત્ર વારિષેણ સમજી ગયો અને એ પણ એની સાથે ગયો.

બેઉ જણા રાજમહેલમાં ગયા. રાજમહેલમાં જઈને કુમારે ચેલણા રાણીને કહ્યું કે મારી બધી સ્ત્રીઓને કહો કે શ્રૃંગાર સજીને અમારાં દર્શન કરવા આવે. એ કુંવરને બત્રીસ સ્ત્રીઓ હતી. તે બધી ખુશી થઈને શ્રૃંગાર સજીને આવી. તેમને બતાવીને વારિષેણે મિત્રને કહ્યું કે આમાંથી તને જે પસંદ પડે તે સ્ત્રીને તું લઈ જા. તેને થયું કે આટલી બધી રૂપાળી સ્ત્રીઓનો કુમારે ત્યાગ કર્યો છે, જ્યારે હું મારી એક કાણી સ્ત્રી ઉપર મોહિત થયો છું. તે ઉપરથી તે બોધ પામી પાછા મહાવીર પ્રભુ પાસે આવીને ફરીથી પાંચ મહાવ્રત અંગીકાર કર્યાં.

**[વ૰ ૯૫૭] (ઉપદેશછાયા-૨)** ૫૬૮ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૪, સં. ૨૦૦૮

મુમુક્ષુ– ‘ઉપદેશછાયા’માં છે કે ‘‘કોઈએ પૂછ્યું કે ધર્મકથા કેટલા પ્રકારે? તો કહ્યું કે ચાર પ્રકારે. (૧) આક્ષેપણી (૨) વિક્ષેપણી (૩) નિર્વેદણી (૪) સંવેગણી.’’ એટલે શું?

પૂજ્યશ્રી— આક્ષેપણી એટલે પોતાના મતની સ્થાપના કરે; વિક્ષેપણી એટલે બીજા અપૂર્ણ મતોનું ખંડન કરે; નિર્વેદણી એટલે વૈરાગ્યવાળી વાતો કરે અને સંવેગણી એટલે એ પણ એવા જ પ્રકારની છે.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા-૨)** (સાંજના સભામાં) ૫૬૯ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૧૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— આ મારું વચન છે, હું સમજાવું છું એમ જ્ઞાનીપુરુષને હોતું નથી. બીજાને રાજી કરવા બોલે છે એવું ય નથી. એમને બોલતાં તાદાત્મ્યપણું થતું નથી એવી રીતે બોલે છે. કેવળી નિરંતર જાણે છે, છતાં રાગદ્વેષ નથી.

અત્યારે બધું શિક્ષણ એવું છે કે પોતાની મતિમાં બેસે તો સાચું, નહીં તો ખોટું એવું થઈ ગયું છે. કેવળજ્ઞાનને બુદ્ધિથી માપે તો બુદ્ધિ જેટલું જ માપી શકે. કેટલાક કહે છે કે સર્વજ્ઞ નથી. અનેક મતવાદી છે, તેઓ જુદે જુદે ખળી રહેલા છે. ન સમજાય તો જ્ઞાની જાણે છે, આપણને બેસતું નથી, પણ ભગવાને સાચું કહ્યું છે. સર્વજ્ઞ ભગવાને કંઈક હેતુથી કહ્યું છે. મારી બુદ્ધિની અલ્પજ્ઞતાને લીધે સમજાતું નથી, પણ ભગવાને સાચું કહ્યું છે, એમ જો રાખે તો આજ્ઞાવિચય ધર્મધ્યાન છે. ધવલ જેવા ગ્રંથોમાં પણ ભગવાન જાણે છે, એમ કહ્યું છે.

કોઈ દિવસે ભગવાને કોઈ વાત, કોઈ વખતે કોઈ, એમ બધી વાતો કહી હોય તે બધાનો બાંધો બંધાય છે. ભગવાને જેવી રીતે કહ્યું તેવી રીતે બાંધો બાંધે એમ નથી. ક્રમસર બાંધે. તીર્થંકર જેટલું જાણે તેટલું કહી શકે નહીં, કહી શકે તેટલું જીવોને ધ્યાનમાં ન રહે. એમાં તીર્થંકરનાં જ બધાં વાક્યો આવ્યાં છે એમ નથી, આશય તીર્થંકરનો અને શબ્દો બીજા પણ આવે. મૂળ ગ્રંથકર્ત્તા તીર્થંકર કહેવાય છે. ગણધરો બધા આગમોનો બાંધો બાંધે છે; જેમ આ 'ઉપદેશછાયા'નો બાંધો બાંધ્યો તેમ. બુદ્ધિ ફરે તો સવળું થાય.

બધે વખતે કર્મ સરખાં નથી હોતાં. કોઈ વખતે મંદ ઉદય હોય છે અને કોઈ વખતે તીવ્ર ઉદય હોય છે. વ્રત લેવું સહેલું, પણ પાળવું મુશ્કેલ. જ્ઞાનીની આજ્ઞારૂપી અંકુશ હોય તો પળાય. જ્ઞાનીની આજ્ઞા પાળનાર ડરે છે, પણ નિરંકુશ થઈ જાય તો કેવા ભાવ થઈ જાય તેનું કશું કહેવાય નહીં. ક્યાંય જઈ પડે.

આ ક્ષેત્ર નિવૃત્તિવાળું છે, પણ એની યોગ્યતા જોઈએ. નહીં તો બેઠો બેઠો સંકલ્પ-વિકલ્પ કરે. યોગ્યતાથી વધારે બોજો ઊપડે નહીં. નિર્ભય ન થયો હોય અને જંગલમાં રહ્યો હોય તો આર્ત્તધ્યાન થાય કે કંઈ વાઘ તો ન આવી જાય, સાપ તો ન આવી જાય! એમ આર્ત્તધ્યાન થાય.

એક સાધુ હતો. તેણે સાંભળ્યું કે આ પહાડની ગુફામાં ચિદાનંદજી મહારાજ રહેતા. માટે મારે પણ અહીં રાત રહેવું, એમ કરી ત્યાં રહ્યો. રાત થઈ, ત્યાં તો ધડાકા થવા લાગ્યા. એના મનમાં એમ થયું કે ક્યારે વહેલી સવાર થાય ને અહીંથી જાઉં. આખી રાત ઊંઘેય ન આવી. પછી સવાર થતાં ગામમાં ગયો અને એને તાવ ચઢ્યો, તેથી મરી ગયો. એ જ ગુફામાં પ્રભુશ્રીજી ત્રણ દિવસ રહ્યા હતા. મોહનલાલજી મહારાજ સાથે હતા. એમને કંઈ ભય નહીં. બન્ને જણ વાંચે, વિચારે, ચર્ચા કરે એમ કરી રાત પૂરી કરી નાખતા.

યોગ્યતા વગર મોટો બોજો ઉપાડવા જાય તો ઊપડે નહીં, પડી જાય. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવથી નિવૃત્તિ લેવી એ જીવને હિતકારી છે. જેટલી યોગ્યતા હોય તેટલું કરવું. આ ક્ષેત્ર સારું છે. 'સારું છે' એમ થાય તો પછી 'મારું' થઈ જાય. પછી બીજે એને ઊંઘ પણ ન આવે. ગુફામાં કોઈ બીજો આવીને રહે તો પછી એને દ્વેષ થાય કે હું અહીં રહું છું અને આ ક્યાંથી આવ્યો? અત્યારે તો આબુ ઉપર ગુફાઓને કેટલાક તાળાં વાસે છે.

મુમુક્ષુ એટલે બધાય સમ્યગ્દૃષ્ટિ એમ ન સમજવું. બધાય સમ્યગ્દૃષ્ટિ હોય નહીં.

મહાપુરુષોને આ મારો શિષ્ય છે એવા ભાવ ન થાય. ગમે ત્યાંથી એ ધર્મ પામો, એવો જ એમને લક્ષ હોય છે. કુગુરુ શા માટે કહેવાય છે? તો કે એને શિષ્યો ઉપર મમતા છે. માબાપને છોકરા ઉપર જેટલો પ્રેમ ન હોય તેટલો એને શિષ્ય ઉપર હોય છે. એને બધું ઊલટું ભાસે, વિપરીત જ ભાસે.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા-૩)** ૫૭૦ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ધર્મ કરવાની ભાવના થાય ત્યારે દોષ સહિત ધર્મ કરે તો નિષ્ફળ થાય. તે દોષો બતાવે છે.

દંભ–સદ્‌ગુણ દેખાડે પણ સદ્‌ગુણ હોય નહીં. જેવો દેખાડે તેવો થતો નથી. સરળપણું જોઈએ. સરળ જીવ ધર્મ પામવાને યોગ્ય છે. દંભી જીવ ધર્મ ન પામે. બધા જ્ઞાનીઓ સદ્‌વ્રત, સદાચાર સેવવાનું કહે છે. એ તો ધર્મનો પાયો છે. કૃપાળુદેવ ગૃહસ્થાવસ્થામાં હતા ત્યારે કોઈને વ્રત આપતા નહોતા. (ઉદયવશાત્) જ્ઞાની ન કહે તેથી સદાચાર ન સેવવા, એમ કરવાનું નથી. સેવવા, એમાં જ્ઞાનીની આજ્ઞા છે. ધર્મ કરવામાં દંભ ન કરવો. આગ્રહ ન કરવો. પોતાને માટે કરવાનું છે.

અહંકાર એ પણ જીવને પાછો પાડે છે. અધમાધમ હું છું. ''હું તો દોષ અનંતનું.'' એ ભાવ છોડવો નહીં. લોકોને સારું દેખાડવા વ્રત કરવાં નથી. એથી લાભ ન થાય. જ્ઞાનીએ જે કંઈ કહ્યું, ક્રિયા આદિ તે પોતાને માટે છે. કષાયથી આખો લોક બળે છે. માનથી વ્રતાદિ કરે તો પુણ્ય પણ ન બંધાય. બધી બાહ્ય દૃષ્ટિ છે. જ્યાં સુધી એ દૃષ્ટિ છે ત્યાં સુધી ઉપર ઉપરનું થાય, અંતર ફરે નહીં. આપણે જે વ્રતાદિ કરતા હોઈએ તે બીજાની સાથે સરખાવવાં નહીં. જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે કરવાનું છે. મોહની મદદથી જીવ ઘણું કરે છે. માનને માટે લાખો રૂપિયા લોકો ખર્ચી નાંખે છે. આત્મવિચારકર્ત્તવ્યરૂપ ધર્મ છે, એ લક્ષ હોવો જોઈએ. આ મારા હિતને અર્થે વ્રતાદિ કરવાં છે, કોઈને દેખાડવા માટે વ્રતાદિ ન કરવાં. ઉપવાસ કરીને ભક્તિ, વાંચનમાં રહે તો ઘણો લાભ થાય; પણ અઠ્ઠાઈ કરીને પ્રમાદ કરે તો કાંઈ નહીં. સારાની અસર વહેલી થાય છે. નિષ્કામ ભક્તિ થોડી હોય તોપણ બીજાને પણ ઘણી અસર થાય છે. જીવને ઘણા દોષથી બચાવે એવી શિખામણ છે. લોકોને દેખાડવા વ્રતાદિ કરવાથી કંઈ લાભ નથી અને તે ટકી પણ ન શકે. અહંકાર બધાને બાળી નાંખે છે. અભિમાનથી કરેલું બંધનરૂપ થાય છે. વ્રતાદિ અભિમાનરહિતપણે કરવાં. આપણે સહનશીલતા રાખીએ તો બીજા ઉપર પણ સહજે અસર થાય છે.

શાસ્ત્ર વાંચતી વખતે જેટલી કષાયની મંદતા હોય, જેટલી આત્મહિતની ભાવના હોય તેટલો લાભ થાય, શાસ્ત્ર જેણે લખ્યું હોય તેનું માહાત્મ્ય હોય તો જીવને ઘણો લાભ થાય.

વ્યવહાર સમકિતમાં અરિહંત દેવ, નિર્ગ્રંથ ગુરુ અને કેવળીનો કહેલો ધર્મ એની શ્રદ્ધા થાય, એ આત્મજ્ઞાન થવામાં પોતાને મદદ કરે છે, તેથી એને કારણ ગણીને શાસ્ત્રોમાં સમ્યક્ત્વ કહ્યું છે. ગુરુમાં જેટલું સાચ હોય તેટલું અરિહંતનું સ્વરૂપ સમજાય અને આત્મહિત ભણી વળે. અસદ્ગુરુ હોય તો બાહ્ય વર્ણન કરે પણ મૂળ વસ્તુ હાથ ન આવે. સદ્ગુરુના યોગે દેવ માને તો સત્‌દેવ મનાય, ગુરુ માને તો સદ્ગુરુ મનાય અને ધર્મ પણ સદ્ધર્મ મનાય. ''સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે.'' (૨૫૪) એ સ્પષ્ટ કરીને કૃપાળુદેવે સમજાવ્યું છે. સાચના ખપી થવું. ડોળ કરવો નહીં. સાચની ભાવના રાખવી. એક અગ્નિનો સાચો તણખો હોય તો બધું બાળી નાંખે, પણ કાગળમાં અગ્નિ શબ્દ લખી રૂના ઢગલામાં નાંખે તેથી કંઈ થાય?

બીજાને અભાવ થાય એવું ન કહેવું.

વ્રતાદિ લેવાં સહેલાં પણ પાળવાં મુશ્કેલ. જે વ્રતાદિ લીધાં છે તે જિંદગી સુધી દૃઢ રીતે પાળવાં. ત્યાગ-વૈરાગ્યની વાતો વિચારવી, વાંચવી. એમાં વૃત્તિ રાખવી, નહીં તો વ્રતાદિ ભંગ પણ થાય. એવા ખોટા સંગ ન રાખવા. એમાં જીવ ઢળી જાય છે. વ્રતમાં છૂટ રાખી હોય તો પણ બને ત્યાં સુધી વાપરવું નહીં. ખાવાની ઇચ્છાએ ખાવું નહીં.

સત્સંગનું ફળ થવું જોઈએ. દોષો છે તે સત્સંગને નિષ્ફળ કરનાર છે. વ્રત, નિયમ આદિની બહુ સાવચેતી રાખી મુમુક્ષુએ વર્તવું; નહીં તો પોતાને નુકસાન થાય અને શાસન પણ નિંદાય; સત્પુરુષ નિંદાય. તમારા ગુરુ આવું જ જૂઠું બોલવાનું બતાવતા હશે, એમ લોકો કહે. સત્સંગ થયો પણ આચરણ ન ફર્યું, તો લાભ શું? સત્યનો રંગ ચઢાવે તે સત્સંગ, એ રંગ ન ચઢે તો લોકોમાં સત્સંગની નિંદા થાય. કંઈક રંગ લાગવો જોઈએ. પોતાના કલ્યાણને માટે બધું વર્તન કરવાનું છે. લોકોને દેખાડવા ન કરવું. આપણા સદાચારને દેખીને બીજાને પણ એમ થાય કે એને કોઈ સત્પુરુષ મળ્યા છે તે સાચા છે. એથી લોકોમાં વધારે અસર થાય છે. બીજાને પણ વિચાર થાય કે આપણે પણ એ સત્સંગ સેવવો જોઈએ. જેને ક્રોધ, માન, માયા, લોભ કાઢવા હોય તેણે સત્સંગ કરવો.

બોધ કરતાં પણ સત્પુરુષના સહવાસમાં રહેવાથી ઘણો લાભ થાય છે. બોધ છે તે આહાર જેવો છે, પચે નહીં અને ખા ખા કરે તો ગુણ ન કરે; પણ આપણને થોડો બોધ મળ્યો, તેનો વિચાર કરે, આચરણમાં મૂકે તો વિશેષ લાભ થાય. જ્ઞાની બોલે ન બોલે તોય લાભકારી છે. બોધની મૂર્તિ જ છે.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા-૩)** (સાંજના સભામાં) ૫૭૧ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ સુદ ૧૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– પૂર્વે આરાધના કરીને આવ્યો હોય અથવા ઝટ ધર્મ ગમે એવા જીવો થોડા છે.

પહેલાના જીવોને મહાપુરુષો મળતા તો મહાભાગ્ય લાગતું. એ જ તેઓ શોધતા હતા. આરાધક જીવને સત્પુરુષનું ઓળખાણ ઝટ થાય છે. પૂર્વ સંસ્કારને લીધે સહજ એમ ભાસે કે આ

સત્પુરુષ છે. ઝટ વિશ્વાસ આવી જાય. પ્રભુશ્રીજીને, કૃપાળુદેવને દેખતાં જ આ જ સત્પુરુષ છે, એમ વિશ્વાસ થયો. મુમુક્ષુતારૂપી આંખ હોય તો સત્પુરુષ ઓળખાય. આ આંખોથી દેખાય એવું નથી.

શિષ્યના માનેલા કેટલાક ગુરુઓ હોય છે તે સાચા છે, એમ નથી. જ્ઞાનીની દૃષ્ટિએ સાચું હોય છે. પોતાની દૃષ્ટિએ સાચું હોતું નથી.

મધ્યમ સત્પુરુષ એ આત્મજ્ઞાની છે, પણ એવો ઉદય છે કે માણસો આવે તો કરુણાથી વાત કરે. એ જીવને કંઈ કહે તેથી જીવને વિશ્વાસ થાય; પણ ઉત્કૃષ્ટ સત્પુરુષ તો બોલે કે ન પણ બોલે. એને કંઈ પડી નથી. કંઈક વિશ્વાસ આવે તો વચન ગ્રહણ થાય. તીર્થંકરાદિ ઉત્કૃષ્ટ પુરુષ એવા હોય છે કે છદ્મસ્થ અવસ્થામાં બોલેય નહીં. એમને શિષ્ય પણ નથી હોતા. બોલે નહીં એટલે કોણ શિષ્ય થાય? જ્ઞાનીનો ઉપદેશ શિષ્યાર્થે હોય નહીં. ચોથે, પાંચમે, છઠ્ઠે એ બધામાં સત્પુરુષ હોય છે. ચોથે તો ગૃહસ્થાશ્રમનો ઉદય હોય છે, તેથી કંઈ વિશેષ ધર્મ સંબંધી વાત કહે નહીં. પાંચમે ઉદાસીનતા છે અને છઠ્ઠે તો તદ્દન ઉદાસીનતા છે. બોલે કે ન પણ બોલે.

જીવ બીજામાં ઢળી જાય છે. અહંકાર કરે છે કે હું વ્રત કરું છું ને આ કરતો નથી. પોતાને માટે વ્રત કરવાનાં છે. જ્ઞાનીની આજ્ઞાથી વ્રત કરતો હોય અને બીજો કોઈ અજ્ઞાનીને આશ્રયે કરતો હોય, તેની સાથે વ્રતો સરખાવવાં નહીં. જ્ઞાનીની આજ્ઞાથી ધર્મ છે. અહંકારથી કોઈ કરે તો તરત ખબર પડી જાય. એનો લોકોને પરિચય છે. અભિમાન કરે તો બંધન થાય.

[વ૦ ૯૫૭] **(ઉપદેશછાયા-૪)** ૫૭૨ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– તજવાની ઘણી વસ્તુ છે, પણ ભજવાની એક છે. ભક્તિમાર્ગ અપૂર્વ છે. એમાં જ્ઞાન-ધ્યાન બધું આવી જાય, પણ ભગવાનમાં લીનતા થાય તેવી ભક્તિ હોય તો થોડા કાળમાં બધા દોષો જાય. ભક્તિમાં સ્વચ્છંદ ટળે. અહંભાવ હોય ત્યાં ભક્તિ નથી. ભાવ ફેરવવાના છે. પોતાની આંખમાં આંસુ આવે એવા ભાવ કરવાના છે. આત્મા અનુભવની વસ્તુ છે, પણ જ્ઞાનીનાં વચનો એવાં છે કે અરૂપી આત્માની પણ શ્રદ્ધા થાય છે.

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

**"આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય."**

એવી દશા પામી સદ્ગુરુનો બોધ પામે, પછી સુવિચારણા જાગે. એ ખરી ક્રિયા છે. દેહ અને આત્મા ભિન્ન કરવાની એ ક્રિયા છે. જ્ઞાનીપુરુષનાં વચનો દોષો ટાળવા માટે કહેલાં છે. પોતાના દોષો ટળે ત્યારે જ્ઞાનીનાં વચનો સાચાં લાગ્યાં કહેવાય.

**"સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;**
**સમજ્યા વણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ."**

સમજાય નહીં તો પછી શું? અને જો સમજે તો જિનસ્વરૂપ થવાય એવાં વચનો છે. આત્માની વાતો મૂકીને જીવ બીજી બીજી વાતો કરે છે. અવળા અવળા પ્રશ્ન કરે છે. દીવાથી જેમ

ખબર પડે તેમ જ્ઞાનથી ખબર પડે કે આ મને બંધનરૂપ છે ને આ મને છૂટવાનું કારણ છે. હર્ષ-શોક ન થવા દે, તેનું નામ જ્ઞાન છે.

સમ્યક્ત્વીને વિપરીત ભાવો થાય તો તરત દબાવી દે. સંકલ્પ-વિકલ્પ આવે ત્યારે જ ખબર પડે કે એવું મને ક્યાંથી આવ્યું? એમ લાગે.

''વેદ્ય બંધ શિવ હેતુ છેજી, સંવેદન તસ નાણ.'' બંધનું કારણ અને મોક્ષનું કારણ બેય જાણવાનાં છે. પોતાના દોષો અપક્ષપાતે ન જુએ તો મુમુક્ષુતા ન આવી કહેવાય. સમ્યક્ત્વીના નિર્ધ્વંસ પરિણામ થાય નહીં. દોષને દોષ જાણે છે. ખોટાને સારું માને નહીં. ''વિષયકષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે, ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંતપુરુષનાં ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે.'' (૮૧૯) એટલું બધું જોર કરે છે.

''માત્ર મોક્ષ અભિલાષ'' સમ્યક્ત્વી મોક્ષ સિવાય બીજું ઇચ્છતો નથી. ધન એને માટી જેવું, પૃથ્વીના વિકાર જેવું લાગે છે. ગયું તોય શું અને આવ્યું તોય શું, બધું પુદ્ગલ છે. હર્ષ-શોક થવાનાં નિમિત્ત એને નથી લાગતાં. રાજ્ય મળ્યે એ રાજી ન થાય. ''આત્માથી સૌ હીન.''

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા– ૫)** ૫૭૩ શ્રી રાજમંદિર, આહોર, મહા વદ ૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– યોગથી કર્મ આવે છે. યોગની પ્રવૃત્તિને આસ્રવ કહ્યો છે. પ્રમાદ હોય ત્યાં સુધી આસ્રવ હોય છે. અનંતાનુબંધી હોય ત્યાં સુધી સમકિત ન થાય. પ્રમત્તમાં સંજ્વલનની તીવ્રતા હોય છે. જ્યાં સુધી પ્રમાદ છે ત્યાં સુધી આસ્રવ છે. યોગની પ્રવૃત્તિ તે અજ્ઞાનની પ્રવૃત્તિ નથી. એની સાથે પ્રમાદ હોય તો કર્મનું કારણ છે. યોગ એ કર્મ આવવાનું નિમિત્ત છે. પ્રમાદથી બંધાય છે. આત્મવિચાર ભૂલે ત્યાં પ્રમાદ છે.

'સ્વભાવમાં રહેવું અને વિભાવથી મુકાવું' એ જ્ઞાનીની આજ્ઞા છે. સમજણ કરવાની છે. વિભાવથી મુકાવું અને સ્વભાવમાં રહેવું એ જ કરવાનું છે. તેને માટે અનેક પ્રકારની યુક્તિઓ, ધર્મકથાઓ કહેવી પડે છે.

એક મહાપુરુષે એક મુનિને 'મા રુષ, મા તુષ' એટલું જ કહ્યું, પછી મુનિ રાત-દિવસ એની પાછળ પડ્યા. એ દવાથી રાગદ્વેષ જતાં વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રગટ્યું.

મોટામાં મોટો રોગ મિથ્યાત્વ છે. તે ઘણા કાળના બોધે ખસે એવો છે. માથે મરણ છે, શરીરમાં બધી વ્યાધિઓ ભરેલી છે, રોગનું ઘર છે. જ્ઞાનીએ કહ્યું છે, તે આપણા માટે કહ્યું છે. જીવ ધારે તો બધું થાય એવું છે.

જીવ સ્વચ્છંદ કરે છે. 'એના કરતાં હું વધારે ઉપવાસ કરું' એમ દેખાદેખી કરે છે. પોતાને માટે કરવાનું છે. દેખાદેખી ઘણું કર્યું પણ આત્માને માટે નથી કર્યું. જ્ઞાનીની આજ્ઞા વિના માર્ગ ન મળે. સ્વચ્છંદે કોઈએ કલ્યાણ કર્યું નથી. જ્ઞાનીની આજ્ઞાથી વ્રત આવ્યું હોય તો એના ભવ કપાઈ

જાય. અહંકારથી બધું કરે તે મોક્ષના કામમાં આવતું નથી. ‘‘અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં’’ અહંભાવ કાઢવાનો છે. લોકલાજથી આત્માનું ભલું ન થાય. કોઈ ધર્મના રક્ષણ અર્થે આત્માને ભૂલીને કરે તે પણ કામ ન આવે, આત્માને ભૂલીને કરે તે આત્મહિતનું કારણ ન થાય. તપશ્ચર્યા ન કરવી એવું નથી પણ આત્માને અર્થે કરવી. સાચા પુરુષના આશ્રયે જે કરવામાં આવે તે સત્‌સાધન છે. પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે એ સ્વચ્છંદ છે. જ્ઞાનીને સારું લાગે તે કરવું. કોઈપણ ક્રિયા સદ્‌ગુરુને સંભાર્યા વિના કરવા જેવી નથી.

આજ્ઞા ન હોય ત્યાં સ્વચ્છંદ છે અને એ ટાળવા માટે આજ્ઞા છે. જેને સ્વચ્છંદે વર્તવું હોય તેનાથી એ ન થાય. ‘‘आणाए धम्मो, आणाए तवो ।’’ જ્ઞાનીની આજ્ઞા એ ધર્મ છે. સ્વચ્છંદે નથી. જે કંઈ કામ કરવું હોય તે પહેલાં જ્ઞાનીની આજ્ઞા લઈ પછી કરવું. સ્વચ્છંદ ટાળવાનો છે, તેને ઊલટો પોષે છે. સ્વચ્છંદે વર્તે તે અજ્ઞાની છે. અલ્પ આજ્ઞા હોય તો ધર્મ પ્રગટ થાય છે. જ્ઞાનીએ આને તો ધ્યાન કરવા કહ્યું અને મને બીજું કહ્યું એમ ન કરવું. આજ્ઞાનું માહાત્મ્ય હોય તો જીવનું ભલું થાય છે. કષાય ન થવા દે, જ્ઞાનીની આજ્ઞા આરાધે તો કલ્યાણ થાય. જ્યાં સુધી સ્વચ્છંદ છે ત્યાં સુધી ધર્મ પરિણમતો નથી. શ્રદ્ધાની ખામી છે, તેથી સ્વચ્છંદ પોષાય છે. ‘હું કરું તે જ થાય’ એવું કરે તેથી કલ્યાણ ન થાય. જ્ઞાની કહે તેનાથી મારું કલ્યાણ છે, એમ થાય તો પછી એને કષાય ન થાય.

જ્ઞાનીનું ઓળખાણ થાય તો પછી એની આજ્ઞાએ વર્તવામાં જ કલ્યાણ છે. વિકલ્પ ન કરવા. જ્ઞાનીપુરુષો આ ભવ-પરભવ જાણે છે, તેટલા માટે જ્ઞાનીઓ કહે છે કે આ સંસાર ત્યાગવા યોગ્ય છે. જ્ઞાનીના વચનોમાં વિકલ્પ નથી. જ્ઞાનીપુરુષો ઘણો વિચાર કરીને કહે છે, તે ગ્રહણ કરે તો કલ્યાણ થાય. જગતનું જેટલું માહાત્મ્ય છે તેટલી ભ્રાંતિ છે. ‘મારાં સગાં, મારાં છોકરાં, મારાં છૈયાં, મારું કુટુંબ’ એમ કરે છે. આંખ ફરી તો કંઈ ન રહે, ભ્રાંતિ મટ્યે ભાન થાય. રાત્રે સ્વપ્નું આવે એવું આ છે. ભ્રાંતિ રાખવા જેવી નથી. જગત અસાર છે. જ્ઞાનીનાં વચનોનો વારંવાર પ્રહાર થાય તો ભ્રાંતિ મટે. જ્ઞાનીઓ કહે છે કે કલ્પના ન કરવી. રાત્રે સ્વપ્નું આવે એવું છે.

વરસાદ આવે ત્યારે ઘણી વનસ્પતિઓ ઊગી નીકળે છે, તેમ જ્ઞાનીની એકપણ આજ્ઞા આરાધે તો અનંત ગુણ પ્રગટે છે. બહુ માહાત્મ્ય છે. એ આરાધી હોત તો ફરી જન્મ ધારણ ન થાત, પણ ન આરાધી. ‘‘નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં.’’ ગમે તેમ હો પણ આજ્ઞા તોડવી નહીં.

જ્ઞાની–અજ્ઞાનીનો ભેદ પડવો મુશ્કેલ છે. વૈરાગ્ય ઉપશમ વધારવાનાં છે, જેટલા હશે તેટલું કામ થશે. ‘‘ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય’’ એ ભોમિયો છે. ભૂલો ન પડવા દે. વૈરાગ્યવાળો પોતે સવળો છે. તેથી સવળું શોધે છે. વૈરાગ્ય ન હોય તો જ્યાં લક્ષ કરવો છે ત્યાં ન થાય. બીજામાં તણાઈ જાય. વૈરાગ્ય હોય તો પોતાને ફેર પડે છે તેથી પ્રતીતિ આવે છે. સત્સંગ–સત્પુરુષનો યોગ અનંત ગુણ પ્રગટ કરનાર છે.

લોકલાજથી કે દેખાડવા કરે તે માયા છે, મિથ્યાત્વ છે. તેથી આત્મા ફરે નહીં. જ્યારે ત્યારે સત્સંગ, સત્પુરુષનો યોગ થશે ત્યારે જ કામ થશે.

બહારના વેષથી જીવ ભૂલો પડે છે. વેષને આધારે વર્તવાનું નથી.

જ્ઞાનીને અને અજ્ઞાનીને બન્નેને કર્મ હોય છે, પણ અજ્ઞાન દશા છે ત્યાં સુધી આસક્તિ છે અને જ્ઞાન દશામાં તે નથી. અજ્ઞાનનું માહાત્મ્ય લાગ્યું છે, તેથી એ (જ્ઞાન) ગમતું નથી.

ઘણા કાળના બોધે સંસારમાંથી સુખ ભાવના છુટે છે. મોહ દુઃખી કરે છે. જ્ઞાનીની ઓળખાણ થયા પછી શું કરવું? તો કે જ્ઞાનીપુરુષની શ્રદ્ધા કરવી. નિશ્ચય હોય તો આશ્રય થાય. આજ્ઞાનું આરાધન કરવું જ છે, એવું દૃઢ થયું હોય તેને ઉપાય મળી આવે છે. મરતાં સુધી એને શરણે રહે તો મોક્ષ થતાં સુધી સહાય કરે, ફરી જ્ઞાની મળી આવે. [1]ભીલે જ્ઞાનીની એક અલ્પ આજ્ઞા આરાધી અને દૃઢતા રાખી તો દેવ થયો, શ્રેણિક રાજા થયો. અનાથીમુનિ મળ્યા ત્યારે સમકિત પામ્યો અને મહાવીર ભગવાન મળ્યા ત્યારે તીર્થંકર-ગોત્ર બાંધ્યું અને મોક્ષે જશે. જગતને સારું લાગે તે કરે છે, તે મટાડવા સત્સંગ અને સત્પુરુષની જરૂર છે. ચિત્ત જગતમાં રોકાય, આર્ત્તધ્યાન કરે તે આસ્રવ છે. સત્પુરુષ, સત્સંગમાં ધ્યાન દે તો ત્યાં ધર્મધ્યાન થાય છે અને તે સંવર છે. ધર્મના બે પ્રકાર છે ૧. વસ્તુસ્વભાવ ધર્મ. ૨. પુણ્યરૂપ ધર્મ. જગતમાં જે શુભાશુભ ભાવ થાય છે તે આસ્રવ છે.

**"કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ."**

કર્મ તો અનંત પ્રકારનાં છે. પણ સમજવા માટે આઠ મુખ્ય કર્મ કહ્યાં છે.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા-૫)** ૫૭૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— દેહ કરતાં આત્માની કાળજી રાખવાની છે. આ મનુષ્યભવમાં એ જ કરવું છે. આત્માના કામમાં ઢીલ ન કરવી. ક્યારે દેહ છૂટશે તેની ખબર નથી. અજ્ઞાન અને પ્રમાદ મોટા શત્રુ છે. એનો ઘણો ભય છે. પ્રમાદ એટલે આત્મસ્વરૂપથી ચૂકવું અને અજ્ઞાન એટલે 'દેહ તે હું' એમ માનવું. 'અનંતકાળથી હું કોણ છું?' એની ખબર નથી.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે; ઉપયોગી સદા અવિનાશ. મૂળ૦**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે; કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦**

આ જ્ઞાનના અભાવે અજ્ઞાન છે. મન, વચન, કાયા, જડ-પરવસ્તુ છે. તેને પોતાનાં માને છે. બીજી વસ્તુનું માહાત્મ્ય લાગે ત્યારે એને પ્રમાદ થાય છે. સામાન્ય પ્રમાદ તો ધર્મની અનાદરતા, આળસ વગેરે છે, પણ મુખ્ય પ્રમાદ પાંચ છે. વિષય, કષાય, નિદ્રા, વિકથા અને સ્નેહ. આ પાંચે પ્રમાદ કહેવાય છે. એના ઉત્તર ભેદો ઘણા છે. પ્રમાદમાં જીવનું બધું જીવન જતું રહે છે. "ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી." (૧૨૮) અનંત શક્તિના ધણી આત્માને ભૂલી જાય છે. પ્રમાદ એ કર્મ છે, પણ એને વશ થવું નથી. "પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો." કર્મના ઉદયથી પ્રમાદ થાય, પણ તેમાં તલ્લીન ન થાય.

મનુષ્યભવમાં જેટલું થાય તેટલું કરી લેવું. ધર્મ સાંભળવાની, ધીરજ રાખવાની, ગુણ પ્રગટાવવાની જીવને જરૂર છે. જગત બધું ગાંડું છે. સમજણ આવે ત્યારે બધું ગાંડા જેવું લાગે;

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૩૮૩.

બિચારાં કર્મને આધીન છે એમ દયા આવે, પણ ક્રોધ ન થાય. સ્મરણ કરવાની ટેવ પાડે તો બધું થાય. સ્મરણનો અભ્યાસ જેમ વધે તેમ વધારવો. જ્ઞાનીપુરુષે તરવાનું સાધન બતાવ્યું છે. કર્મ બાંધ્યાં છે, તે નડે છે; પણ જીવ બળવાન થાય, પુરુષાર્થ કરે તો એ કર્મ પાછાં હઠે.

''પૂર્વ કર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો.'' (૮૪) દેહની જેટલી કાળજી રાખે છે તેટલી નહીં, પણ તેથી અનંતગણી કાળજી આત્માની રાખ, કારણકે અનંતભવ એક ભવમાં ટાળવા છે.

દેહ તો નાશ પામવાનો છે તેથી અનંતગણી કાળજી આત્માની રાખવી. કારણકે ત્રણે કાળ રહે એવો પદાર્થ છે. દૃષ્ટિ ફરે, પછી બધું સવળું. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં જીવ અનાદિકાળથી પડ્યો છે. સામાન્યપણું જીવે કરી નાંખ્યું છે. 'હું જાણું છું, મને આવડે છે' એમ માને છે.

જીવ સત્પુરુષની પાસે આવે ત્યારે એકદમ ફેરફાર થાય છે, પણ એ ટકી રહે તો મોક્ષ થાય. આ કાળમાં આરાધક જીવો ઓછા છે. તેથી સંસ્કાર પડતાં પડતાં પડે છે. આ લોકની અલ્પ પણ સુખેચ્છા ન રાખવી. કૃપાળુદેવ લખે છેઃ ''તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો.'' (૧૪૩)

આત્મસ્વરૂપ છે તેમાં કશી ખામી નથી. એની ભાવના રાખવી. કોઈ ભૂખ્યો હોય, દુઃખીયો હોય, તેને અનુકંપાથી કરીને આપવું, પણ ઇચ્છા ન રાખવી. નિઃસ્પૃહ જેમ જેમ જીવ થશે, તેમ તેમ સવળું થશે. દેહ પણ સાથે આવવાનો નથી. એથી મોક્ષનું કામ કરી લેવું. ત્યાગમાં સુખ છે, ગ્રહણમાં નથી. જગતમાંથી કશુંય જોઈતું નથી.

મુમુક્ષુ– ઊંઘ બહુ આવે છે.

પૂજ્યશ્રી– સંસારનો ભય લાગે તો ન આવે. જેમ કોઈ પડી જવાય એવા ઠેકાણે ઊભો હોય અને પવન આવતો હોય તો કેટલું સાચવે છે! નહીં તો પડી જાય. તેમ આ જીવ પડી જવાય એવા ઠેકાણે ઊભો છે. ક્યાં પડશે એનું ઠેકાણું નથી. ક્યાંય ખાડામાં પડશે. રાત્રીનો સમય છે તે શાંતિનો છે. ત્યારે વિચાર કરે તો કેટલી શાંતિ થાય! મડદાની જેમ પડ્યા રહેવું નથી. પાથરવાનું કરડું રાખે તો જાગૃતિ રહે.

સમ્યક્ત્વીને હર્ષ-શોકની વૃત્તિ ઊઠે કે તરત શમાવી દે, એવી જાગૃતિ એને હોય છે. જ્ઞાનીનાં વચનો મોઢે કરે પણ આ મારે કરવું, એમ ગાંઠે બાંધે અને આચરણમાં મૂકે તેટલું થાય. કૃપાળુદેવ આખો દિવસ કામ કરતા. આટલી બધી ઉપાધિ છતાં સમાધિ રાખતા. આત્મા કંઈ બહાર ગયો છે? પણ ભાન નથી.

''સમજ, પિછેં સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકિલ.'' સમજ નથી તેને મુશ્કેલી લાગે છે. અનુભવ, લક્ષ, પ્રતીત ત્રણ વસ્તુ કહી છે. અનુભવ ન હોય, લક્ષ ન હોય, તોપણ સમ્યક્ત્વીને પ્રતીતિ રહે છે. મિથ્યાત્વના ઉદયથી જે કર્મ બંધાતાં હતાં, તે સમ્યક્ત્વીને હવે બંધાતાં નથી. ઘણી મૂંઝવણ તો મિથ્યાત્વ કરાવે છે. એ મટે તો સમાધિ થાય. બહુ સમજવા જેવું છે. તરવાનું સાધન તો તૈયાર છે. જ્યારથી સાચી સમજણ આવે ત્યારથી સાચો ત્યાગ અંતરથી પ્રગટે છે. દેહ ક્યાં રહેવાનો છે? ગમે તેટલી સંભાળ કરે પણ કેમ રહે? જેની જેટલી કિંમત છે તેટલાથી

વધારે કિંમત આંકવી નહીં.

જે કંઈ કરવું તે આત્માર્થે કરવું, એમ પ્રભુશ્રીજીએ કહ્યું છે. જે કંઈ કરવું પડે તે આત્માર્થે કરવું. મારું નથી એમ થયું તો ખેદ ન થાય. મારું છે એમ કરે તોય કંઈ રહે નહીં. મારું નથી એમ કરે તોય ન રહે. આત્માને મૂકીને આ બધું જવાનું છે. માટે આપણે પહેલાં એને મૂકી દેવું. પહેલાં ચેતી લેવું.

''નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે.'' જીવ સુખ અને આનંદ લે છે, પણ નિર્દોષ લેતો નથી. ગમે ત્યાંથી આત્માની વાત હોય તે લ્યો. આત્માનો નિર્ણય થાય તો એ જંજીરથી નીકળે.

'મહાત્મા પ્રત્યે જીવને મોહ જ ન આવ્યો!' જગતના પદાર્થોમાં પતંગિયાની પેઠે જીવ જઈ જઈને પડે છે. તારું ભૂંડું કરે તેનું ભલું કરવું તે જ ખરેખરો વિનય છે. આપણી નિંદા કરતા હોય તેમના પ્રત્યે પણ દાસત્વભાવ રાખવો.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા- ૬)** **૫૭૫** શ્રી રાજમંદિર,આહોર, ફાગણ સુદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જીવની મોટામાં મોટી ભૂલ કઈ છે?

''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત'' એ જ મોટી ભૂલ છે. પોતાનું સ્વરૂપ ન સમજ્યો એ જ મોટી ભૂલ છે અને એથી જ પરિભ્રમણ થયું છે. પોતાના સ્વરૂપનું ભાન નથી. તેથી બીજામાં રાગદ્વેષ કરે છે. જીવનું ખરું સ્વરૂપ ભાનમાં નથી, માટે જેણે આત્મસ્વરૂપ પ્રગટ કર્યું છે તે પુરુષમાં વૃત્તિ રાખવી. સિદ્ધ ભગવાન સર્વ ક્લેશથી મુક્ત છે અને મારું સ્વરૂપ પણ તેવું જ છે. જીવે દુઃખને સુખ માન્યું છે. પોતાનું સુખ ત્રણે કાળ રહે એવું છે, તે અજ્ઞાનને લઈને ભાનમાં આવતું નથી. મારું-તારું કશુંય નથી. ઓળખાણ કરી લેવાની છે.

**''જહાં કલપના - જલપના, તહાં માનું દુઃખ છાંઈ''** (હા.નોં. ૧/૧૨)

જે કલ્પિત છે તેનું મહાત્મ્ય લાગ્યું છે. કલ્પનાથી જીવ સુખ માને છે, પણ સુખ નથી. ઉત્તમ વસ્તુ આત્મા છે. તેની ઓળખાણ થાય તો આનંદ આવે.

ચિંતામણી હોય પણ જાણે નહીં, તો કાંકરો જાણીને ફેંકી દે. એવો આ મનુષ્યભવ ચિંતામણી રત્ન જેવો છે. એક પળ પણ ચિંતામણી રત્ન જેવી છે. વ્યર્થ ખોવા જેવી નથી.

પોતાના સ્વરૂપનું ભાન નથી. અજ્ઞાન છે, સંસારનું મૂળ કારણ 'દેહ તે હું' એ છે. એ મોટી ભૂલ છે. પોતાનું નહીં તેને પોતાનું માને છે. વિપરિતતા છે. જે ભૂલવાળો હોય તે બધું ભૂલવાળું જ જુએ છે. દેહને માટે બધું કરે છે.

જીવ અત્યારે સંસાર સમુદ્રમાં પડ્યો છે તેનું શું કારણ? એ મૂળ વિચાર કરવાનો છે. મને કર્મ કેમ બંધાય છે? અને તે કેમ છૂટે? એનો પણ વિચાર કરવાનો છે. આત્માને સંસારથી છોડાવવાના વિચારો આવે તે સુવિચારણા છે. શાસ્ત્રો ભણીને વાંચીને બધું કરીને પોતાને મુક્ત કરવાનો છે. શાસ્ત્રો ભણીને આત્માને ન જાણ્યો તો બધું બોજારૂપ છે.

જેની ભૂલ ભાંગે તેને પોતાના સ્વરૂપનું ભાન થાય છે, અને ત્યારથી શ્રાવક કે સાધુપણું છે. જીવને બીજાની ભૂલ દેખાય છે, પણ પોતાની દેખાતી નથી. ભૂલ જાણી અને મનમાં થયું કે આ જ મને નડે છે તો પછી કાઢી નાખવી. આ જ મને નડે છે, એવો નિશ્ચય એને થયો નથી.

જે જે વસ્તુ એને મળે છે તેમાં મારાપણું કરે છે. એણે સાચા સુખની ભાવના પણ કરી નથી. ભૂલ બરાબર લાગી નથી, લાગતી નથી. કર્મ છે તે દુઃખરૂપ છે. જીવ મોઢેથી કહે કે હું દુઃખી છું, પણ એને 'મને ખરું દુઃખ શાનું છે?' તે સમજાયું નથી. સંસારના સુખને સુખ માને છે અને તેને જ ઇચ્છે છે.

જેને મોક્ષની ઇચ્છા હોય છે, તેને સંસાર પ્રત્યે અભાવ થાય. સંસારમાં જીવ ભૂલો પડ્યો છે. હું દુઃખી છું, એમ એને નથી લાગ્યું. સાચા માર્ગની શરૂઆતમાં ધર્મધ્યાન અઘરું પડે છે. આત્મા ભણી વળવું મુશ્કેલ થઈ ગયું છે. જીવ વિષયોમાં પડ્યો છે. આત્મા સુખ સ્વરૂપ છે, એમ જો અભ્યાસ થાય, તો પછી મન બીજામાં ન જાય. મતિ પહોંચે એવી વસ્તુ નથી. 'સત્' છે તે કલ્પના નથી, કલ્પનાથી દૂર છે. જ્ઞાનીએ જાણ્યો છે તે 'સત્' છે, એમ રાખવું. બીજી ઇચ્છા ઓછી કરવી તો સહેજે સમજાશે. જીવને કલ્પિત વસ્તુનું માહાત્મ્ય લાગે છે તે યથાર્થ નથી.

અત્યારે કર્મ અને જીવ દુધ અને પાણીની પેઠે છે. તેથી આંખે દેખાય એવાં નથી. અત્યારે જીવને કર્મ જોવાની શક્તિ છે નહીં.

મુમુક્ષુ– સમ્યગ્દર્શન ક્યારે થાય?

પૂજ્યશ્રી– 'હું દેહથી ભિન્ન છું' એમ થાય ત્યારે. જેવા સંયોગો મળે તેવો જીવ થઈ જાય છે. 'હું વાણીયો, હું બ્રાહ્મણ' એમ જેવા સંયોગો મળે તેવો પોતાને માને છે. કેવળજ્ઞાન કંઈ આઘું નથી, પાસે જ છે. ભરત ચક્રવર્તીને વિચાર કરતાં કેવળજ્ઞાન થયું હતું. 'હું' અને 'મારું' એ સંસારનું સ્વરૂપ છે. લાખો રૂપિયા આપે પણ ન મળે એવો આ મનુષ્યભવ મળ્યો છે. નિર્ગ્રંથપણું, નિરહંકારપણું આવે તો જીવનું કલ્યાણ થાય.

પાંચ ઇન્દ્રિયો છે તે શત્રુ જેવી છે. કોઈ વસ્તુ પ્રત્યે માહાત્મ્ય ન રહે, રાગદ્વેષ ન થાય અને તેથી કર્મ ન બંધાય.

મુમુક્ષુ– પાંચ ઇન્દ્રિયો વશ કેમ થાય?

પૂજ્યશ્રી– વસ્તુઓ પ્રત્યે તુચ્છભાવ લાવવાથી. પહેલી જીહ્વા ઇન્દ્રિય વશ કરવી. તો પછી બધી ઇન્દ્રિયો સહેજે વશ થાય. એને આહાર ઓછો આપવો. રસવાળો ભારે આહાર ન આપવો. આ વસ્તુ સારી છે માટે ખાઈ જઉં એમ ન કરવું. બહુ સારી શિખામણ છે. મારે ઇન્દ્રિયોને વશ કરવી છે એવું એને દૃઢ થયું નથી. વૈરાગ્ય હોય તો થાય. જિહ્વા ઇન્દ્રિય વશ કરવી તો બધી વશ થશે. ઇન્દ્રિયોને ઉન્મત્ત કરનાર આહાર છે. ઇન્દ્રિયોને બળ મળ્યું તો તોફાન કર્યા વિના ન રહે. ઇન્દ્રિયોથી મનને અસર થાય છે. તેથી કર્મ બંધાય છે.

વસ્તુનો વિચાર હોય તો વૈરાગ્ય સહેજે થાય. દેહનું સ્વરૂપ અશુચિમય છે. ઉપરથી ચામડી

સારી દેખીને જીવ મોહ કરે છે. વસ્તુનો ઊંડો વિચાર નથી કરતો. ઉપર ઉપરથી કરે તેથી જીવ ભૂલે છે. શરીરનું સ્વરૂપ અંદરથી કેવું છે, એ નથી વિચારતો. ઇન્દ્રિયોથી જીવ પાછો વળે એને માટે જ્ઞાનીપુરુષનો બોધ છે. બોધથી યથાર્થ વિચાર થાય છે. શરીર અપવિત્ર નથી લાગતું, એટલા માટે અશુચિભાવના ભાવીને મોહ ઓછો કરવો. આત્મા ન હોય તો મડદું છે.

ઉપવાસ કરતી વખતે લક્ષ રાખવો કે શા માટે ઉપવાસ કરવો છે? ઇન્દ્રિયોને વશ કરવા માટે ઉપવાસ કરવો છે, એ લક્ષ નથી રહેતો. તીર્થંકર ભગવાને ઇન્દ્રિયોને વશ કરવા માટે કહ્યું છે.

પોતાના કોઈ વખાણ કરે તેમાં રાજી થવા જેવું નથી. લૌકિકભાવથી આત્મકલ્યાણ ન થાય. પોતાના દોષ જોઈને કાઢવાના છે. અહંકાર રહિત થવા માટે બધાં શાસ્ત્રો કહ્યાં છે.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા– ૬)** ૫૭૬ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૦)), સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાનીનાં વચનો છે એ ઉપાય તો સાચો છે, પણ સફળ ત્યારે થાય કે કહેનાર અને કહેનારનાં વચનમાં શ્રદ્ધા હોય, કે એ કહે છે તે સાચું છે. સાચા ઉપાય જીવ શોધતો નથી. એ હાથ આવે, પણ શ્રદ્ધા ન હોય તો ચોંટે નહીં.

જ્ઞાની સમ્યક્ત્વ પ્રાપ્ત થવાનો ઉપાય બતાવે છે. ધર્મની શરૂઆત—કેવળજ્ઞાનનું બીજ એવું સમ્યક્ત્વ તેથી પ્રગટે છે. મારે લોભ મૂકવો છે. એ મને જન્મમરણ કરાવે છે, એ મને દુઃખ આપે છે અને એ મારે મૂકવો જ છે, એવું થયું તો પછી સમ્યક્ત્વ દૂર નથી, પણ બીજભૂત એટલે સાચી લાગણી થાય ત્યારે થાય. લોભ, ક્રોધાદિ મૂકવાં છે, એમ જ્યારે સાચી લાગણી હોય ત્યારે આત્માર્થી થાય.

**“કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.”**

આત્માર્થી થાય તો સદ્ગુરુ કહે તે બેસી જાય. બીજભૂત લાગણી થાય. લોભાદિક મૂકે તો અનુક્રમે એટલે સદ્ગુરુ મળે, બોધ પ્રાપ્ત થાય, વિચાર આવે અને સમ્યક્ત્વ થાય; બધું થાય.

વેદાંત કહે છે કે આત્મા એક છે. જૈન કહે છે કે અનેક છે. જો એક જ આત્મા હોય તો એક મોક્ષે જાય ત્યારે બધાનો મોક્ષ થવો જોઈએ. બીજો આત્મા છે નહીં, તો એક મુક્ત થયા પછી બીજાને કંઈ કરવું પડે નહીં. પણ એક આત્મા નથી. એક જ આત્મા હોય તો બધાનો મોક્ષ થઈ જાય. એક જ આત્મા છે, એનો પરમાર્થ એ છે કે બધામાં ચેતનપણું સમાન છે, એટલે એક જાતિના છે. જીવો અહીં સ્વતંત્ર છે. સ્વાનુભવ કરે છે, એમ મોક્ષમાં પણ છે. કહેતા-કહેતીથી કંઈ ધર્મ પમાતો નથી. કહેવાથી કલ્યાણ નથી. આત્મા શુદ્ધ વિચારમાં આવવો જોઈએ તો કલ્યાણ થાય. શુદ્ધ વિચાર આવ્યા વિના પોતાનું સ્વરૂપ સમજાય નહીં. અત્યારે મિથ્યાત્વમાં પડ્યો છે. જ્યારે શુદ્ધ વિચાર આવશે ત્યારે કલ્યાણ થશે. “મોક્ષ કહ્યો નિજશુદ્ધતા” સંપૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે. આત્મા જેમ જેમ શુદ્ધ થાય તેમ તેમ આગળ વધે છે.

કેટલાક મશ્કરીમાં જૂઠું બોલે, કેટલાક છેતરવા અને કેટલાક બીજાને દુઃખી કરવા બોલે છે.

માયા સહિત જાણી જોઈને જૂઠું બોલવાથી ઘણું પાપ બંધાય છે. એના બે ભેદ છેઃ એક માન મેળવવા અને એક ધન મેળવવા જૂઠું બોલે છે, માયા કપટ કરે છે. એનો તો પાર આવે નહીં. એ સુધરવું મુશ્કેલ છે. એમાં ઘણું પાપ છે. બીજું આજીવિકા માટે જૂઠું બોલે તો આજીવિકા જેટલું મળે તો એ છૂટી જાય અને પશ્ચાત્તાપ કરવાથી ઓછું પાપ લાગે, પણ પેલાનો તો પાર ન આવે. જેટલો પશ્ચાત્તાપ થાય તેટલું ઓછું પાપ બંધાય. ક્રિયા બેય સરખી છે, પણ ભાવમાં ફેર છે. લોભ હોય ત્યાં સત્ હોય નહીં. સત્ હોય ત્યાં લોભ હોય નહીં. મુનિને જેટલી જરૂર હોય તેટલી જ ભગવાને આજ્ઞા આપી છે. જરૂરથી વધારે આજ્ઞા આપી હોત તો દુકાન જેવું થાત, પરિગ્રહ વધત, પ્રતિબંધ વધત. ભગવાને તો છોડવાનો રસ્તો કહ્યો છે. ઓછાં કર્મ બંધાય અને છૂટે એવું કહ્યું છે. જીવ પરમાર્થ ભૂલી જાય છે. આત્માને પડી મૂકી બીજાને માટે કરે છે.

''જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ'' સત્ય પુરુષાર્થ કરે તો પરમાર્થ કહેવાય. મુનિ એક સોય જેટલી વસ્તુ પણ ગૃહસ્થને ઘેરથી લાવ્યા હોય, તે ખોવાઈ જવાના કારણથી પાછી ન આપે તો ત્રણ ઉપવાસની આજ્ઞા આપી છે. સોયની કિંમત નથી, પણ ઉપયોગ ચૂકી ગયો એથી કહ્યું છે.

ઉપયોગ એ જ આત્મા છે. ઉપયોગ ચૂક્યો તો આત્મા ચૂકી જાય. સોય પણ ન સાચવી શક્યો તો આત્મા કેવી રીતે સાચવશે? એટલા માટે કહ્યું છે. જો એવું ન કર્યું હોત તો પરિગ્રહ વધારવાનું મન થાત, સાચવી રાખવાનું મન થાત, જૂઠું બોલવાનું મન થાત. એમ કરતાં આખું સાધુપણું જતું રહે એવું છે.

કેશીસ્વામી ચાર મહાવ્રતધારી હતા, પણ ગૌતમસ્વામીએ કહ્યું કે આ કાળમાં પાંચ મહાવ્રતની જરૂર છે; તેથી પાંચ મહાવ્રત ધારણ કર્યાં હતાં. એટલા સરળ જીવો હતા. સરળ જીવો સારી વસ્તુને ગ્રહણ કરે છે. માયાવી સાચી વસ્તુ ગ્રહણ ન કરે, બહારથી દેખાડે. જ્ઞાનીપુરુષો જીવમાં દોષ હોય તે કઢાવે છે. જેથી લાભ થાય તે કરવું. લોકલાજ નડતી હોય તો મૂકવી. ન નડે તો રાખવી. જેમ લાભ થાય તેમ કરવાનું છે. મતમતાંતરના આગ્રહવાળા જીવો હોય, તેને સાચું ગમે નહીં. એવા જીવોના સંગથી કંઈ લાભ નથી. સામાયિકમાં બે ઘડી બેસવું, પણ ત્યાં જેવા ભાવ કરવા હોય તેવા ભાવ થાય. મનના ઘોડા દોડતા હોય તો કર્મ બંધાય.

છ આવશ્યક કહેવાય છે. આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય અથવા જે પાંચ ઇન્દ્રિયોને વશ ન હોય તે પણ આવશ્યક છે. સાધુની નિત્યક્રિયા પણ આવશ્યક છે. સામાયિક હોય ત્યાં સુધી મારે મનવચનકાયાથી સાવદ્ય ક્રિયા કરવી નહીં, એવી પ્રતિજ્ઞા કરીને બેસવું.

સ્વાધ્યાયના પાંચ ભેદમાંથી ચાર ભેદ સાધનરૂપ છે અને ભાવ છે તે સાધ્યરૂપ છે. એ ભાવ ન આવે તો ફળ નથી. ભાવને અર્થે સાધન છે. એ ન થાય તો સફળ ન થાય. ભાવના કરવા માટે ચાર ભેદ છે તે સાધનરૂપ છે.

મોક્ષ નથી એમ કહેનારને મોક્ષની ભાવના પણ ન હોય. દેવલોક આદિમાં વૃત્તિ જાય. 'મોક્ષ નથી' એમ કહી મોક્ષનો પુરુષાર્થ કરવો નથી, એવાં હીન પુરુષનાં વચનો સાંભળવાં નહીં; નહીં તો પુરુષાર્થ છોડી મૂકે. હવે ઘરડા થયા માટે શું થાય? એવાં વચનો સાંભળવાં નહીં, તેમ કરવું નહીં.

આવા કાળમાં મોક્ષ કેમ થાય? એવા વિચાર પણ મનમાં આવવા ન દેવા. સારો યોગ મળ્યો, પણ પુરુષાર્થ ન કર્યો તેથી એવોને એવો રહ્યો છે. પુરુષાર્થ એટલે કષાય ઘટાડવા, જ્ઞાનીની આજ્ઞા આરાધવી. આત્મકલ્યાણ કરવું તે સત્પુરુષાર્થ છે. જેણે ભગવાનનું અવલંબન લીધું છે તે તરશે. સમતાને માટે સામાયિક કરવાની છે. ન રહેતી હોય તો પણ ભાવના તો એ જ કે મારે સમતા રાખવી છે.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા - ૬)** ૫૭૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ સુદ ૭, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– મારે આત્માનું કલ્યાણ કરવું છે એમ દૃઢ કરે તો કર્મ ખસે.

એક મુનિ હતા. તે ગુફામાં ધ્યાન કરવા જતા હતા. ત્યાં સિંહ મળ્યો. મુનિ પાસે લાકડી હતી, તે ઉગામવા માટે વિચાર કરવા લાગ્યા, પણ વિચાર આવ્યો કે હે જીવ! એક વખતે મરવાનું તો છે જ, તો શા માટે આમ કરે છે. અહીં જ ઊભો રહી આત્માના વિચાર કર. એમ નિશ્ચય કરી ઊભા રહ્યા તો કેવળજ્ઞાન પામ્યા.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા - ૬)** (બપોરના ઉપર) ૫૭૮ શ્રીમદ્ રા. આ. અગાસ,
દ્વિ. વૈશાખ સુદ ૭, સં. ૨૦૦૯

મુમુક્ષુ– પાંચ ઇન્દ્રિયો વશ કેવી રીતે થાય?

પૂજ્યશ્રી– પાંચ ઇન્દ્રિયોના વિષયો જડ છે. પરવસ્તુના સંયોગથી ઉત્પન્ન થયેલા છે. પરવસ્તુમાં આત્માનું હિત નથી. જે વસ્તુ જાણે નહીં તેની કિંમત શું? જે વસ્તુ આપણી સાથે રહેવાની નથી, તો તેમાં આસક્તિ શું કરવી? એ આસક્તિથી જન્મમરણ થશે. એવો વિચાર આવે તો એ પાંચ ઇન્દ્રિયના વિષયો તુચ્છ લાગે. બધાનો ખરો વિચાર એક સત્સંગે થાય છે. આત્માથી સૌ હીન લાગે. મોહને લઈને જગતની વસ્તુઓનું માહાત્મ્ય છે. અવિવેકને લઈને પરવસ્તુનું માહાત્મ્ય છે. સત્સંગે વિચાર જાગે, વિચારથી વિવેક આવે તો પરવસ્તુનું માહાત્મ્ય ઘટે. પંચેન્દ્રિયોના વિષયો તે પાંચ સાપ છે. ઉપર ઉપરથી સારા લાગે પણ એની સાથે રમે તો મરણ પામે. એક એક ઇન્દ્રિય વિષયને લીધે એક એક જીવ મરી જાય છે. નેત્રેંદ્રિયને વશ થઈને પતંગિયું દીવામાં પડી પ્રાણ ગુમાવે છે. સ્પર્શેન્દ્રિયને આધીન થઈ હાથી, હાથણી ઉપર મોહિત થઈ ખાડામાં પડી મરી જાય છે. ભમરો છે તે કમળની સુગંધીમાં આસક્ત થઈ, સૂર્ય અસ્ત થવાથી કમળ બીડાઈ જાય છે તેથી તે બહાર નીકળી શકતો નથી. લાકડામાં કાણાં પાડવાની શક્તિ છતાં, આસક્તિને લીધે કમળ જેવા કોમળ ફૂલમાં મરી જાય છે. રસેંદ્રિયને આસક્ત થઈ માછલાં માંસની ગોળી ખાવાની લોલુપતાથી તાળવું ફૂટી જવાથી મરી જાય છે. કર્ણેન્દ્રિયને આસક્ત થઈ હરણો પોતાના પ્રાણ ખોઈ બેસે છે. એમ પાંચ ઇન્દ્રિયોના વિષયો ભયંકર છે, શત્રુ છે, નરકે લઈ જાય એવા છે. એવો વિચાર આવે તો એમાં વિશ્વાસ ન રહે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ પાંચ ઇન્દ્રિયના વિષયો છે. તેનો વિચાર કરે તો પછી એમાં વિશ્વાસ ન આવે. પાંચ ઇન્દ્રિયમાં એક જિહ્વાઇંદ્રિય વશ થાય તો બીજી બધી ઇન્દ્રિયો વશ થાય. સદ્વિચાર બધાનો આધાર છે. જિહ્વાઇંદ્રિયમાં આસક્ત થાય તો પછી એને જીભ ન મળે. એકેંદ્રિય થાય. આગળ પાછળનો વિચાર

કરે તો આસક્તિ ન થાય. પાંચ ઇંદ્રિયના વિષયો વધારવા આ મનુષ્યદેહ ધર્યો નથી. મનુષ્યભવ આટલા માટે નથી. મનુષ્યભવમાં સદ્વિચાર કરી આત્મકલ્યાણ કરવું. હવે જન્મમરણ વધારવાનું કરવું નથી. એમ થાય તો પછી આસક્તિ ન થાય. ચિંતામણિ જેવો આત્મા છે. જે માંગે તે આપે પણ જીવને માંગતાં આવડતું નથી. પોતાનું ભાન નથી. અનિત્ય વસ્તુને નિત્ય માની છે.

અજ્ઞાન છે તે ભૂલવે છે. બીજાને મરતાં દેખે છે છતાં મરણનો ભય જીવને લાગતો નથી. પોતાનો વિચાર આવતો નથી. પરવસ્તુ પ્રત્યે એની દૃષ્ટિ છે. આત્મા પ્રત્યે એની દૃષ્ટિ વળી નથી, તેથી વિચાર આવતો નથી. અજ્ઞાનનો ભય લાગ્યો નથી. જ્ઞાનીપુરુષનાં વચનો જીવે સાંભળ્યાં નથી, એમ જ્ઞાનીપુરુષો કહે છે. સ્વચ્છંદરૂપ અંધત્વ છે. જીવને પોતાને ગમે તેવું કરે છે. સ્વચ્છંદ જાય, જ્ઞાનીપુરુષની આજ્ઞા આરાધે તો જ્ઞાનીએ જેવું માન્યું છે, તેવું એને મનાય. જ્ઞાનીપુરુષને ઓળખે તો જ્ઞાનીપુરુષ પ્રત્યે પ્રેમ થાય. જ્ઞાનીપુરુષ પ્રત્યે જેવો ભાવ, પ્રીતિભાવ જોઈએ તેવો થયો નથી. જ્ઞાનીપુરુષ પ્રત્યે પ્રેમ થાય તો એક વચન પણ કામ કાઢે. ત્યાગ, વૈરાગ્ય વધે એવાં જ્ઞાનીપુરુષનાં વચનો છે. વૈરાગ્ય-ઉપશમ એ ખરી યોગ્યતા છે. જ્ઞાનીપુરુષે જે કહ્યું હોય તે વિસ્મરણ કરવા યોગ્ય હોય નહીં. સદ્ગુરુનો ઉપકાર જણાયો નથી.

**"સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;**
**સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ."**

વધારે બોધ થયો હોય તો ભગવાનનું સ્વરૂપ શું છે ? તે સમજાય. સદ્ગુરુના ઉપદેશથી કંઈક સમજણ આવે. ઉપદેશથી વિચારણા જાગે. સંસાર ભયરૂપ લાગે તો જ એને ઉપદેશ પરિણમે. જીવને ખામી બોધની છે. જેટલો સત્પુરુષ પ્રત્યે સ્નેહ કરવો જોઈએ તેટલાનો એક અંશ પણ નથી. જ્ઞાનીનો ઉપકાર સમજાયો નથી, નહીં તો જે કંઈ એને મળ્યું છે, તે એને જ્ઞાનીપુરુષથી જ મળ્યું છે. મૂળ કારણ શોધે તો જ્ઞાનીપુરુષ નીકળે.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા - ૬)** (સાંજના સભામાં) ૫૭૯ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદરવા વદ ૧૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– પાંચ ઇંદ્રિયો દ્વારા જીવ પ્રવર્તે છે, ત્યાં કર્મ બંધાય છે. 'પાંચ ઇંદ્રિયો કેમ વશ થાય' એવું આપણને પૂછવાનું મન થાય છે ?

મુમુક્ષુ– ના.

પૂજ્યશ્રી– 'પાંચ ઇંદ્રિયો મને કર્મ બંધાવનાર છે, પજવે છે, પાંચ ઇંદ્રિયોને વશ થાઉં છું એ મારો દોષ છે' એમ જેને થાય તે સદ્ગુરુને પૂછે. પૂછતો હોય અને તેનો ઉત્તર મળે તો શાંતિ થાય.

"આત્માથી સૌ હીન." આત્માનું માહાત્મ્ય લાગે તો બધી વસ્તુઓ તુચ્છ લાગે અને ઇંદ્રિયો એને પજવે નહીં. એક એક ઇંદ્રિયને વશ થઈ જીવ પ્રાણ ગુમાવી દે છે. બધી વસ્તુઓ ઉપર તુચ્છભાવ આવે તો ઇંદ્રિયો વશ થાય. આ શરીર છે તે તુચ્છ વસ્તુ છે. વિચાર કરે તો આ બધી ક્ષણિક વસ્તુમાં કલ્પના કરી જીવે સુખ માન્યું છે, પણ સુખ તો આત્મામાં છે. બીજી કોઈ વસ્તુ સુખ આપે એમ નથી. જીભ ઇંદ્રિય વશ કરે તો પાંચે વશ થાય. પાંચે ઇંદ્રિયો વશ કરવી હોય તેણે

પહેલાં જીભની સામા પડી તેને વશ કરવી. જીભ ઇંદ્રિયને જીતવા જ્ઞાનીપુરુષ પુરુષાર્થ કરે છે. જે જે સારું લાગતું હોય તેનો ત્યાગ કરે છે. કેટલાક એમ નિયમ કરે છે કે આજ મારે મીઠું નથી ખાવું, બીજે દિવસે મારે ઘી નથી ખાવું, ત્રીજે દિવસે મારે મરચું નથી ખાવું, એમ બધી કસરત કરે છે. ઇંદ્રિયો વશ ન કરે તો એને નરકે લઈ જાય એવી છે. ઇંદ્રિયોને વશ થઈ જાય તો નરકે લઈ જાય. એને જીતે તો મોક્ષ થાય. મન જીતવાનો ઉપાય ઇંદ્રિયોને જીતવી એ છે. એ ઇંદ્રિયોને બળવાન કરનાર પૌષ્ટિક ખોરાક છે. એ ખોરાક ઓછો મળે તો પછી બધી ઇંદ્રિયો મંદ પડે. જ્ઞાનીપુરુષ ઉપાય બતાવે તે કરે તો ઇંદ્રિયો વશ થાય.

મુમુક્ષુ— તુચ્છ આહાર એટલે શું?

પૂજ્યશ્રી— જેથી બધી ઇંદ્રિયો વશ થાય તે તુચ્છ આહાર છે. જમણવાર કર્યો હોય અને દાળ-ભાત ખાઈને ઊઠી જાય. સામા પડવાની વાત છે. મન માંગે તે આપવું નહીં. એક જીભ જિતાય તો બધી ઇંદ્રિયો જિતાય. એ જીભ બધી ઇંદ્રિયોને પોષણ આપે છે. એને જીતવા પુરુષાર્થ કરવાનો છે.

દેહને ઇચ્છીને જીવ સુખ ઇચ્છે છે. તો કેવું સુખ મળશે? આગળ શું થશે?

મુમુક્ષુ— તો શું દેહને દુઃખી કરવો?

પૂજ્યશ્રી— એ તપસીને પૂછો. જેને મૂર્છા આવી હોય તેને શી ખબર પડે? માથે મરણ છે, માટે ચેતવાનું છે. નિગોદમાં તો જીવ કેટલીય વાર જઈ આવ્યો છે. તે જોઈ જ્ઞાનીને દયા આવે છે. નિઃસ્પૃહ પુરુષ હોય તે કડવી દવા પાય. નહીં તો બીજા તો મોટા મોટા કહે. સાચ હોય તે વધારે અસર કરે છે.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા - ૭)** ૫૮૦ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ સુદ ૭, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— શરીરની પરાધીન દશા થઈ નથી ત્યાં સુધી ધર્મનું કામ કરી લેવું. ચારે બાજુ દુઃખ ઊભું થાય ત્યારે ચિત્ત ઠેકાણે રહેવું મુશ્કેલ પડે છે. શરીર તો એક સંચો છે. કૃપાળુદેવનાં વચનો વાંચે, વિચારે, સમજે તો તપસ્યા કરતાં વધારે લાભ થાય. સમજણ આવે પછી જે કરે છે તે બધો લાભ. સમજણ માટે કહેવાનું છે. ઉપાધિ ન હોય ત્યારે જીવને ઠીક લાગે છે, પણ ઉપાધિ પરથી ભાવ ઊઠે ત્યારે વધારે આનંદ આવે. આત્મા આનંદસ્વરૂપ છે. ખાવું, પીવું બીજાં તો બધાં કર્મ છે. ક્રિયાની પ્રવૃત્તિ કરતાં શુભાશુભ ભાવની નિવૃત્તિ કરવાની છે.

**“જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;**
**તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ.”**

અનંતકાળથી શુભાશુભ ભાવ કરે છે. જ્યાં સુધી દેખાતી વસ્તુમાં મોહ છે, ત્યાં સુધી એને શુદ્ધ ભાવ દેખાય નહીં. ચિત્તની સ્થિરતાની જરૂર છે. “ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન.” જીવને ગ્રહણ કરી કરીને સુખી થવાની ઇચ્છા છે, પણ જ્ઞાનીપુરુષો કહે છે કે ત્યાગ કરવામાં સુખ છે. ઉપાધિ ઓછી થયે જીવને સુખ થાય છે. ત્યાગ ન બને તો પણ ત્યાગની ભાવના રાખવી. શરીર ન ત્યાગી શકાય, તો પણ એના પ્રત્યે દૃઢ વૈરાગ્ય રાખવો. કસોટી આવ્યે

ઢીલા ન થવું. જ્યારે મરણ આવશે ત્યારે બધું છોડવાનું છે, તો પહેલાંથી જ ત્યાગી દેવું. આપણું છે નહીં. જડને જડ અને ચેતનને ચેતન જાણે તો સહજે વૈરાગ્ય રહે. વૈરાગ્ય નથી તેથી આત્મા ભણી વૃત્તિ વળતી નથી. ઘણું ખાધું, ઘણું પીધું, પણ આત્માનું કલ્યાણ થયું નહીં. વૈરાગ્યમાં વૃત્તિ રહે તો સવળું થાય. વૈરાગ્ય એ ઉત્કૃષ્ટ ભોમિયો છે.

ત્યાગમાં છૂટ રાખી હોય તોપણ જ્ઞાનીની આજ્ઞા લઈને વાપરવી. ત્યાગ પાછો જતો રહે એવું ન રાખવું. કોઈ વખતે સારા ભાવ આવે ત્યારે ત્યાગ કરે છે, પણ પાછળથી ઢીલો પડી જાય.

શ્રાવક એટલે જેને મુનિ થવાની ભાવના છે. 'મુનિપણું પાળવા જેટલી મારી શક્તિ નથી, એટલે હું શ્રાવક રહું છું' એમ કરી ભાવમુનિ રહે છે. રોજ શ્રાવક સવારમાં ઊઠી વિચારે કે 'હું પાંચ મહાવ્રત ક્યારે પ્રાપ્ત કરીશ? હું પાપથી ક્યારે છૂટીશ? હું સમાધિમરણ ક્યારે કરીશ? મારે સમાધિમરણ કરવું જ છે' એમ ત્રણ મનોરથ રોજ ચિંતવે. આરંભ એટલે જેમાં પાપ થાય છે તે. 'મારું-મારું' એ પરિગ્રહ છે. માયાશલ્ય, નિદાનશલ્ય, મિથ્યાત્વશલ્ય એમાંનું એક પણ હોય તો સાચું વ્રત નથી. શ્રાવકપણું પાળવું એ તો મોક્ષનો માર્ગ છે, પણ માયા સેવે તો વ્રત નિયમ એકે ન થાય.

'પદ્મપુરાણ'માં કહેવાય છે કે રામ જ્યારે લંકામાં રાવણથી લડાઈ કરવા ગયા ત્યારે રાવણ વિદ્યા સાધ્ય કરવા માટે શાંતિનાથ ભગવાનના મંદિરમાં જઈ પદ્માસનવાળી; પદ્માસન ઉપર મોતીના સાથિયા કરી મન, વચન અને કાયાને સ્થિર રાખી માળા લઈને બેઠો. પછી હનુમાન વગેરે આવી ઉપસર્ગ કરવા લાગ્યા. માયાથી મંદોદરીને લાવીને કહ્યું કે આ અમે તમારી મંદોદરીને લઈ જઈએ છીએ, એમ માયાથી બતાવ્યું. તોપણ રાવણે જરા પણ મનમાં લાવ્યું નહીં. આચાર્ય કહે છે કે જો એણે એટલી સ્થિરતા મોક્ષ માટે કરી હોત તો મોક્ષ થાત, પણ વિદ્યા સાધ્ય કરવાની નિદાન બુદ્ધિથી કર્યું, તેથી કંઈ ન થયું. અંદર નિયાણું હતું તેથી એનું ફળ ન આવ્યું. નરકે ગયો. સાચા માર્ગનું આરાધન કરવું હોય તો માયાથી દૂર રહેવું. આત્માને માટે કરવાનું છે.

માયાથી લોકો ધર્મ કરે છે તેથી ધર્મ વગોવાય છે. છૂટવું હોય તો બધું છોડવાનું છે. સાથે કંઈ લઈ શકાય નહીં. શુભાશુભ ભાવ પણ છોડવાના છે. કર્મ છોડવા જાય ત્યારે કોઈને કોઈ કર્મ સામું થાય છે. જ્ઞાનીપુરુષોનો ઉપદેશ છે કે માયાથી છેતરાવું નહીં. માયાથી છેતરાવા જેવું નથી. અહંકાર તો ઝટ ઝટ ઊભો થાય એવો છે. માયાને જીતવા ભક્તિ જોઈએ. ભક્તિ હોય તો માયા ન થાય. ભક્તિમાં ચિત્ત રહે તો માયામાં જાય નહીં. ભક્તિમાં તો દીનતા છે. ભગવાન સર્વોપરી છે, હું દીન છું, એમ હોય છે. સાચી ભક્તિ હોય ત્યાં માયા ન હોય. શ્રવણ કરવું તે જ ભક્તિ છે. દાસત્વભાવ એ પણ ભક્તિ છે.

આજ્ઞામાં અહંકાર નથી. રાગદ્વેષ ટાળવા. ઇચ્છાઓ રોકવા તપ કરવાનું છે. જનક વિદેહી રાજપાટ કરવા છતાં ગુરુમાં ભક્તિવાળા હતા અને અલિપ્ત હતા. આત્મજ્ઞાન હોય તો બધું પાંસરું થાય. જ્યાં સુધી જ્ઞાનીને મન, વચન, કાયા અર્પણ ન થાય ત્યાં સુધી મારાપણું ન જાય. કાયા પણ મારી નથી. એટલા સુધી થાય ત્યારે એને અહંકાર મટે. 'દેહથી ભિન્ન છું' એમ સમજણ થઈ હોય તો અહંકાર મટે. જનક વિદેહી અલિપ્ત હતા. જ્ઞાનની સાથે વૈરાગ્ય રહે તો તે સાચું જ્ઞાન છે. એવું

સાચું જ્ઞાન સંસારમાં પણ રહી શકે છે. રામને એટલો બધો વૈરાગ્ય હતો કે ''મને શાંતિ થાય એવું બતાવો, ત્યાં સુધી હું ખાઉં નહીં, પીઉં નહીં, શ્વાસ પણ ન લઉં.'' ત્યારે વસિષ્ઠઋષિએ ઉપદેશ આપી શાંત કર્યા. પછી રામે એના ઉપકારના બદલામાં રાજ્યપાટ આપવા માંડ્યું, પણ ગુરુએ કહ્યુંઃ 'અજ્ઞાન છોડો.' બધાનો સાર– ''સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે.'' (૫૬૯) અજ્ઞાનનું દુઃખ છે. આંટી મોટી છે.

જ્યાં સુધી જ્ઞાની ગૃહસ્થાવાસમાં હોય ત્યાં સુધી 'મેં તો ત્યાગ કર્યો નથી' એમ જાણી બીજાને ઉપદેશ આપે નહીં, તેમ માર્ગ ચલાવે નહીં. જ્ઞાનીપુરુષનું અંતર તો બહુ વિશાળ છે. વિચારે તો સમ્યક્ત્વ થાય એવું છે. જ્ઞાની અંતરમાં નિર્ગ્રંથ છે, વિરતિ છે. ગૃહસ્થાવસ્થામાં છતાં નિર્ગ્રંથ છે. તીર્થંકર હોય તો પણ ગૃહસ્થાવસ્થામાં માર્ગ ચલાવે નહીં. જ્ઞાનીપુરુષ, જેને આત્મજ્ઞાન થયું હોય છે તે પુરુષ ઉપાધિ કરતા હોય તો પણ સમાધિ છે. અંતરમાં એમને વિરતિ છે. જે ધોરી માર્ગ છે તેનું ઉલ્લંઘન કરે નહીં. ત્યાગ કરીને ત્યાગ કરાવે એ સારું છે. એ ધોરી માર્ગ છે. એથી કોઈને શંકા ન થાય. જ્ઞાનીને શિષ્ય કરવા નથી. એની નિઃસ્પૃહતાની છાપ પડે છે. જ્ઞાની ગૃહસ્થાવસ્થામાં ધર્મની વાત ન કરે એમ નથી, કરેય ખરા. યોગ્ય જીવ હોય તેને જ્ઞાની યોગ્ય બોધ કરે છે.

મોહવાળો વાસિત બોધ હોય તે જીવને સારો લાગે છે. મોહી જીવોને સાધુ થયા પછી પણ 'હું વાણિયો છું' એ જવું મુશ્કેલ છે. ગોચરી જાય ત્યારે એને ઘેર જઉં તો સારું એમ રહે. આત્મા વાણિયો નથી, બ્રાહ્મણ નથી, સ્ત્રી નથી, પુરુષ નથી, આત્મા એ આત્મા છે, એમ વારંવાર પ્રભુશ્રીજી કહેતા હતા. 'હું દેહ નથી' જ્યારે એમ થશે ત્યારે બધા દેહના સંસ્કાર છૂટશે, એને આધારે બધું છે. એ હોય ત્યાં સુધી હું જુવાન છું, ઘરડો છું એમ રહે છે. કર્મ કોઈને છોડતાં નથી. બધાને ભોગવવાં પડશે.

મિથ્યાત્વ છે ત્યાં સુધી જીવ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં પડ્યો છે. સારું ખાવું છે, સૂંઘવું છે, સાંભળવું છે, ચાખવું છે, આદિ પાંચ મોટાં પાપ છે; તેને તો સંભારતો નથી, પણ સંવત્સરી પાંચમની કરવી, ચોથની ન કરવી, ચોથની કરીએ તો પાપ લાગે એમ કહે છે. જેની વૃત્તિ વિરામ પામી નથી, પાંચ ઇન્દ્રિય અને મન વશ થયાં નથી, છકાયની રક્ષા કરતો નથી, હિંસા કરે છે, મન વશ નથી, તે બધું અવિરતિનું વર્તન છે. વ્રત તો સમ્યક્ત્વ થયા પછી આવે છે, પણ તે પહેલાં પોતાની યોગ્યતા વધારવા વ્રત નિયમ કરે તો ખોટું નથી, સારું છે.

દેહાધ્યાસ જીવને છે. 'વચન તે હું, દેહ તે હું છું' એમ થયું છે. દેહ અપવિત્ર છે તેને પવિત્ર માને છે. અનિત્યને નિત્ય માને છે. અનિત્યમાં નિત્ય બુદ્ધિ છે એવી અવળી સમજણ છૂટે ત્યારે મિથ્યાત્વ છૂટે. ક્ષણે ક્ષણે આત્માનું કામ કરવા મનુષ્યભવ મળ્યો છે.

એક સમય પણ પ્રમાદ કરવાની ભગવાને ગૌતમને ના કહી છે. આપણે તો આખો દિવસ પ્રમાદમાં જ ગાળીએ છીએ. પ્રમાદનું રાજ્ય વર્તે છે. જગતમાં બધા કેટલી તપસ્યા થઈ એમ વાત કરે, પણ કૃપાળુદેવ કહે છે કે પહેલું મિથ્યાત્વ કાઢો; પછી તપ. સત્પુરુષ મળ્યા પછી પણ 'પછી કરીશ' એમ કરે તે પ્રમાદ છે.

[વ૰ ૯૫૭] (ઉપદેશછાયા - ૮) ૫૮૧ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ સુદ ૭, સં. ૨૦૦૮

કર્મનો વાંક નથી, વાંક પોતાનો છે. પોતે પ્રમાદી છે અને વાંક કર્મનો કાઢે છે. કર્મને સંભારે તો કર્મ આવે. ધર્મને સંભારે તો ધર્મ આવે. કશું એકાંતે કહેવું નથી. અનાદિકાળથી જીવ રખડે છે તે સદ્ગુરુના યોગ વિના. સદ્ગુરુના યોગ વિના કલ્યાણ ન થાય, પણ પહેલાં પૂર્વભવમાં સાંભળેલું હોય, સદ્ગુરુ મળ્યા હોય તે સાંભરી આવે તો કલ્યાણ પૂર્વના સંસ્કારે થાય છે. જ્ઞાનીપુરુષ કહે છે કે સદ્ગુરુ વિના છૂટાશે નહીં. એ લક્ષેય નથી. સદ્ગુરુ વિના મોક્ષના દ્વારમાં પેસાય એવું નથી. 'હું દાન કરું છું, ધર્મ કરું છું' એમ કરે છે, પણ સદ્ગુરુ વિના મારું કલ્યાણ નથી, એમ એને લક્ષમાં નથી.

[વ૰ ૯૫૭] (ઉપદેશછાયા - ૮) ૫૮૨ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ સુદ ૮, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાનના બે પ્રકાર– ૧. વૃક્ષભૂતજ્ઞાન, ૨. બીજભૂતજ્ઞાન. કેવળજ્ઞાન છે તે વૃક્ષભૂતજ્ઞાન છે અને બીજભૂતજ્ઞાન તે સમ્યક્દર્શન છે. જ્ઞાનીને શું કહેવું છે, તે સમજવા યત્ન કરે તો માર્ગ સન્મુખ થયો કહેવાય અને જ્ઞાનીનું કહેવું છે તેમાં વિરોધ કરે તે સામો થયો કહેવાય. જ્ઞાનીપુરુષ દીવા જેવા છે. ગચ્છ વગેરેમાં અંધારું હોય તેને જ્ઞાનીરૂપી દીવો કાઢે છે. મારે શું કરવા જેવું છે? શું કરવું? તે સૂઝતુંય નથી. ભાન નથી. જીવ અજાણ્યો છે. સત્સંગ જીવને વિશેષ થાય તો સમજાય. સાચી વસ્તુની માહિતી થાય એવો જોગ મળે તો જીવ ફરી જાય. મોહ છે તેથી બીજાના શરીરને જીવ હલકો માને છે. જીવને મોહ છે.

રાગદ્વેષમાં આત્માને ન જવા દે, તો આત્માની સામાયિક થાય. એ સમ્યક્દર્શન વગર ન થાય. જ્ઞાનીપુરુષનાં વચનો સાંભળી સાંભળીને ગાંઠે બાંધો તો આત્માની સામાયિક થશે. જ્ઞાનીપુરુષનું જે કહેવું છે તે આત્માને ઓળખવા માટે કહેવું છે, પણ જીવ બહેરો થઈને બેઠો છે. ગણકારતોય નથી. ક્રોધ કરવાની ના કહે તો ન કરે, એમ વચનો સાંભળીને ગાંઠે બાંધશે તો બીજી વાર વચન સાંભળવાની યોગ્યતા આવશે. આ કાળમાં આત્માની સામાયિક-ક્ષાયિક સમ્યક્દર્શન થાય છે. આખો મોક્ષમાર્ગ ખુલ્લો પડ્યો છે. રાગદ્વેષ જીવ કરે તો થાય ને? એણે કર્મને આમંત્રણ આપ્યું છે, તેથી આવ્યાં છે.

જ્ઞાનીનું કહેલું માને નહીં તે અનંતાનુબંધી કષાય છે. સાચી ભક્તિ સહેલી નથી. રાત-દિવસ એને સંભાર્યા કરે ત્યારે થાય. જ્ઞાનીનાં વચનોનો યોગ થાય, વચનો સાંભળે, એ વચનો એને ગમે ત્યારે એને આત્માને દુઃખથી છોડાવવાના ભાવ થાય અને ત્યારે એને સમ્યક્ત્વ થાય છે. ''માત્ર 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રદ્ધ્યું નથી અને એ મળ્યે, એ સુણ્યે અને એ શ્રદ્ધ્યે જ છૂટવાની વાર્ત્તાનો આત્માથી ભણકાર થશે.'' (૧૬૬) જીવે સાંભળ્યું નથી, સુણ્યું નથી, દર્શન થયાં નથી.

''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં.'' પ્રેમની ખામી છે, નહીં તો મોક્ષે જતો રહે. કોઈ પકડી ન રાખે. પ્રભુ ઉપર જ પ્રેમ કરવાનો છે. આખું જગત નિંદા કરે તોય ભલે. દેહની પરવા ન કરે ત્યારે ભગવાન ઉપર પરમ પ્રેમ આવે.

પ્રભુશ્રીજીને એક મુમુક્ષુએ પૂછ્યું– આ અહીં બધા બેઠા છે, તેમનું કલ્યાણ થશે ને?

પ્રભુશ્રીજીએ કહ્યું– ગોશાળા જેવાનું થયું તો આ બિચારા જીવોએ શું અપરાધ કર્યો છે?

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા - ૮)** ૫૮૩ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદ્રપદ સુદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– બોધ છે તે ઉપાદાન કારણપણે પરિણમે છે. જીવની અંદરની ભાવના થાય તેની કર્મ ઉપર અસર પડે છે. જીવને નુકસાન કરનાર માત્ર દર્શનમોહ છે, જે કલ્યાણનું સાધન છે તે એને ન ગમ્યું. બીજાં કર્મો એના જેવાં નથી. સાચ હોય તો કામ કર્યા વગર રહે નહીં. સાચો યોગ હોય તેનું તો કામ થાય. કષાય ઘટાડ્યે કલ્યાણ થશે, એમ જેને હોય તેના જરૂર દોષો જાય. સાચાને સાચું ને ખોટાને ખોટું જાણે તે વિવેક છે. થોડું કર્મ બહુ લાંબું થઈ જાય છે. (તે ઉપર રુક્મિણી-પ્રદ્યુમ્નનું દૃષ્ટાંત આપ્યું હતું). એવી રીતે કર્મ છોડવામાં પણ છે.

''ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ.'' કર્મની વાત ગહન છે. ભાવ ઉપર આખા ધર્મનો આધાર છે. ભક્તિ, ઉપવાસ એ બધું ભાવ પલટાવવા કરવાનું છે. બધું કરીને ભાવ ન પલટાયા તો કંઈ કામનું નથી.

મમ્મણશેઠે પૂર્વભવમાં કોઈ મુનિને લાડવા વહોરાવી પછીથી મનમાં એમ ચિંતવ્યું કે બધાય લાડવા વહોરાવી દીધા! મારા જેવો મૂર્ખો કોણ? એવા ભાવથી પાછો હઠ્યો. એને વહોરાવવાના પુણ્યથી ફળ તો મળ્યું, પણ તે ભોગવી ન શક્યો. રોજ ધાનનાં છોડાં ખાઈ ખાઈને દહાડા કાઢતો. બધા દુઃખનું મૂળ આત્મભ્રાંતિ છે. ''આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ.'' એને લઈને જન્મમરણ વગેરે છે. બધાનું કારણ તપાસે તો આત્મભ્રાંતિ છે.

આત્મજ્ઞાન એ સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય છે.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા- ૮)** (બપોરના સભામાં) ૫૮૪ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ સુદ ૧૫, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કદાગ્રહ એટલે જ્ઞાનીનું કહેલું માને નહીં. આત્માને સ્થિર કરવાનું જ્ઞાનીપુરુષો કહે છે. આ કાળમાં આત્માની સામાયિક થઈ શકે છે. જીવને સંસારનું સુખ જોઈએ છે. જ્ઞાનીપુરુષો કહે છે કે સંસારમાં અનંત દુઃખ છે, છતાં એને સુખ લાગે છે.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા– ૯)** ૫૮૫ શ્રી રાજમંદિર,આહોર, મહા વદ ૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ગૃહસ્થ અવસ્થામાં તો ઘણું વીર્ય હોય તો સમભાવે રહી શકાય. સત્પુરુષ ગૃહસ્થાવસ્થામાં હોય ત્યારે ઓળખવા બહુ મુશ્કેલ છે. વૈરાગ્ય હોય તો ઓળખાય. જીવને મુમુક્ષુતા આવી હોય, તો ઓળખાણ થાય. આત્મા ઓળખવાનો છે. જેને આત્મા ઓળખાયો હોય, પછી ગમે તેવું પ્રબળ કર્મ ઉદય હોય તો પણ સમભાવમાં રહી શકે. મુમુક્ષુ જ્ઞાનીનું અંતર ઓળખે છે. સત્પુરુષ ગૃહસ્થાવસ્થામાં હોય ત્યારે પણ મુમુક્ષુને મહાત્મ્ય લાગે કે આટલી બધી ઉપાધિ છતાં આત્માને નિર્લેપ રાખે છે.

સત્ય પુરુષાર્થ કરવાનો છે. અનંતકાળથી પોતાના સ્વરૂપનું ભાન નથી. તેનો વિચારપૂર્વક

નિર્ણય કરવો તે સત્ય પુરુષાર્થ છે. ''નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.'' (૧૫) સત્પુરુષાર્થ કરે તો જીવનું કલ્યાણ થાય.

જ્ઞાનીપુરુષો નિષ્કારણ કરુણાથી જીવોને બોધ આપે છે. છતાં જગતના જીવોને તેની કિંમત નથી. જ્ઞાનીનું એક વચન પણ ગ્રહણ થાય તો પણ બહુ લાભ છે. જેને મહાપુરુષનું, તેના વચનોનું માહાત્મ્ય નથી તેનું કલ્યાણ ન થાય. ભગવાનના પંચ કલ્યાણક છે, તેમાં પૂજવાયોગ્ય આત્મા છે. બધી વખતે આત્મા પૂજવાનો છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ પૂજવાયોગ્ય છે.

જ્ઞાનીપુરુષો કહે છે કે સંસારનું કારણ દોષ છે. જ્ઞાની પાસે એ દોષો મટાડવાનો ઉપાય છે. ક્રોધ, માન, માયા, લોભથી છૂટે; દોષો જાય તો જીવ સુખી થાય. આત્માને કષાયરૂપી મેલ વળગ્યો છે, તે ધોઈ નાંખવાનો છે. કર્મોથી સિદ્ધાવસ્થા રોકાય છે. જ્ઞાનીનાં વચનો સાંભળવાથી પોતાના દોષો દેખાય અને છૂટે છે. સત્સંગે ઘણો લાભ થાય છે. જ્ઞાનીએ જે સુખનો માર્ગ કહ્યો છે તેનાથી જીવ ઊલટો વર્તે છે. સ્વચ્છંદે વર્તે છે. ''રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ'' જે જ્ઞાનીને ગમે તે કરવાનું છે. અનંતકાળથી જીવે સ્વચ્છંદે કર્યું છે. સ્વચ્છંદને રોકી જ્ઞાનીની આજ્ઞાએ વર્તવાથી કલ્યાણ થાય છે.

વ્રતાદિ ક્રિયા જ્ઞાનીની આજ્ઞાએ કરે તો મોક્ષનું કારણ છે. પોતાની મેળે કર્યાથી કાંઈ ન થાય. જ્ઞાનીની સાક્ષીએ કરે તો વિશેષ લાભ છે. સ્વચ્છંદ પોષે તે સંસાર છે. જીવ પોતાની બુદ્ધિ આગળ રાખી બધું કરે છે, પણ જ્ઞાની જાણે છે તેથી લાભ છે.

જીવને ભવભય નથી લાગ્યો. વિષય-કષાયમાં પ્રવર્તે છે. વિષયાદિની શ્રદ્ધા હોય ત્યાં મોક્ષની શ્રદ્ધા ન થાય. જ્યારે જીવને સંસાર ઝેર જેવો લાગશે ત્યારે છૂટશે. આત્મજ્ઞાન કરવું હોય તો પહેલાં મનને ચોખ્ખું કરવું.

**''ક્યા ઇચ્છત ? ખોવત સબે ! હૈ ઇચ્છા દુઃખ મૂલ.''** (હા.નોં. ૧/૧૨)

ઇચ્છાથી આત્મા મલિન થયો છે. મારે કશુંય જોઈતું નથી. આત્મા કર્મથી પકડાયો છે તે કેમ છૂટે ? એમ જ્યારે લાગશે ત્યારે કામ થશે. જ્ઞાનીપુરુષની આજ્ઞાએ વર્તવાથી મોક્ષ છે. સત્પુરુષ પ્રત્યે પ્રેમ થાય ત્યારે ભક્તિ જાગે. ભક્તિ એ સર્વોત્કૃષ્ટ માર્ગ છે.

વિચારવાન જીવ હોય તે મન, વચન, કાયાથી કર્મ આવે છે એમ જાણે છે. તેથી મનને જ્ઞાનીની આજ્ઞામાં જોડે છે. કલ્પના એ કર્મનું કારણ છે. વખતે વિચારવાનને ખોટા વિચાર આવે તો ઝટ ચેતે છે અને પોતાના આત્માને કહે કે મને એવા વિચારો ક્યાંથી આવ્યા ? એમ પોતાના આત્માને ઠપકો આપી સદ્‌વિચારમાં જોડે છે. કર્મને લઈને કંઈ કરવું પડે તો કંટાળે છે. જેને મોક્ષે જવું છે તેણે જગતને ભૂલી જવું. અકાર્ય કરતાં ક્ષોભ ન રહ્યો તો તીવ્ર કર્મ બંધાશે. દરેકને વસ્તુના સંસ્કાર પડે છે. મન કર્મથી ટેવાઈ ગયું છે તેથી કર્મ બાંધ બાંધ કરે છે. પાપ કરીને પાછો અભિમાન કરે છે, તે રૌદ્રધ્યાન છે. પોતાના દોષોની બધાને ખબર હોય છે પણ તેના પ્રત્યે તિરસ્કાર હોય તો દોષો જાય, એટલા માટે સત્સંગ કરવાનો છે. સત્સંગમાં પોતાના દોષો જણાય છે. જેને દોષ પ્રત્યે અભાવ થયો હોય તે દોષો પ્રત્યે જતો અટકે છે.

દરેક વસ્તુ છે તે પોતાનો સ્વભાવ બતાવે છે. પારસથી સોનું થાય છે, પણ લોખંડમાં કાટ હોય તો સોનું ન થાય. એવી રીતે સત્પુરુષનો યોગ થયો અને કલ્યાણ ન થાય તો જાણવું કે જીવમાં કાટ છે. યોગ્ય જીવ હોય અને સત્પુરુષનો યોગ થાય તો કલ્યાણ થાય જ.

જીવને પોતાનું ભાન નથી. નહીં તો પોતાને દુઃખ થાય એવાં કામ ન કરે. પોતાના દોષ જોવાના છે. મારો જ વાંક છે એમ લાગે તો ફરી દોષ ન કરે. ‘‘દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?’’ પોતાના દોષ જોયા વિના મોક્ષ ન થાય.

પુરુષાર્થથી જય થાય છે, બધું થાય છે. વિચારવાનને કુવિચારો આવે ત્યારે તેને કાઢવા માટે પ્રયત્ન કરે છે. ફરી એવા વિચાર ન જ કરવા, આ રસ્તે નથી જવું એમ નિશ્ચય કરે છે. દોષ જવાના ઉપાય છે તે મહાપુરુષો પાસેથી જાણી આરાધવા. જ્ઞાનીપુરુષોએ દોષોને જોઈને અભાવ કર્યો છે. ઉપાય શોધી કાઢ્યા છે.

જ્યાં સુધી જગતના દોષો જોવા જાય છે ત્યાં સુધી પોતાના દોષ ન ઘટે. અયોગ્ય જીવ હોય તેને જ્ઞાનીપુરુષો બોધ ન આપે. મૌન રહે છે.

સંસાર દુઃખરૂપ છે અને તે કેમ છૂટે, એમ ઘણા વિચારો કરવાના છે. વિશેષ જાગૃતિ રાખવી. જ્ઞાનીપુરુષોના વચનોથી જાણવાનું છે. જ્ઞાનીના વચનથી બધું સવળું થશે. જીવને સત્સંગની ઘણી જરૂર છે. જ્યાં સુધી પુણ્યનો ઉદય હોય ત્યાં સુધી સત્સંગ મળે છે. માટે પ્રમાદ કર્તવ્ય નથી. જે જીવો સંસારમાં પડ્યા છે તે જ્ઞાનીના આશ્રય વિના ન છુટી શકે. જેને સત્પુરુષનું માહાત્મ્ય લાગ્યું હોય તેને જ્ઞાનીનું કહેવું સાચું મનાય છે. સદ્ગુરુના યોગે જીવના આગ્રહ જાય છે.

જીવનો સમ્યક્ત્વ નામનો ગુણ છે. તેમાં વિકાર થવાથી મિથ્યાત્વરૂપ થઈ ગયો છે.

જેણે મોક્ષ જવાની તૈયારી એવી કરી હોય કે માથું માગે તોય આપે, તે જ ખરો તરવાનો કામી છે. મારે જગત નથી જોઈતું, એમ જો થાય તો જ્ઞાની જે બતાવે તે એને બેસી જાય. જ્યાં સુધી શ્રદ્ધા નથી ત્યાં સુધી ન થાય. અહંકાર-અભિમાન મટવા માટે નમસ્કાર કરવાના છે.

જીવને પોતાના દોષોનું ભાન નથી. અહંકાર રાખે છે, ભ્રાંતિ રાખે છે. સાચી વસ્તુની પરીક્ષા નથી. આ મારી ભ્રાંતિ છે એમ એને નથી ભાસતું. જ્યાં સુધી દોષો ન જાય ત્યાં સુધી સંસાર ટળે એમ નથી.

‘‘ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.’’ (૮૧૯) ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીની આજ્ઞાએ ચાલે તો મોક્ષમાર્ગ સુલભ છે. જીવ સાંભળ સાંભળ કરે છે, પણ આ કાને સાંભળે અને આ કાને કાઢે. લોકલાજ, મોટાઈ એ સત્સંગમાં વિઘ્ન કરે છે. તેથી સાચી વસ્તુ હાથ ન આવે.

આગ્રહથી કલ્યાણ નથી. બધું આત્માર્થે કરવું છે. ધર્મ છે તે શાંતિ માટે છે. શૂરવીર થવાની જરૂર છે.

જ્ઞાનીથી સમ્યક્ત્વ થાય, અજ્ઞાનીથી મિથ્યાત્વ દૃઢ થાય છે. જેથી આપણું હિત થાય તે કરવું.

જ્ઞાનીપુરુષો બધાથી ઊંચે ગયા છે. જીવનું કલ્યાણ કેમ થાય તે જ્ઞાની જાણે છે. જ્ઞાનીની આજ્ઞામાં રહેવું એ કલ્યાણ છે. માર્ગ જેને મળ્યો છે તેને પૂછવું. પાપના માર્ગથી તો દુઃખ જ નીકળશે. પોતાનું નહીં તેને પોતાનું માને છે. પોતાના દોષ જોઈને ટાળવા તો કલ્યાણ થશે. આત્મહિત ગમે ત્યાંથી થતું હોય તો કરવું.

[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા - ૯) ૫૮૬ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૮, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– દરેકે પોતાને લાભ થાય એવું કરવાનું છે. સત્પુરુષ બીજા જીવોને લાભ થાય એવું કહે છે. દયા, કરુણાભાવ આવવાથી કહે છે. સત્પુરુષોને સહેજે વૈરાગ્ય રહે છે તેથી તે ઉદય પ્રમાણે વર્તે છે, પણ મુમુક્ષુજીવ એમ સહજપણે વર્તે તો તણાઈ જાય. જેને તરતાં ન આવડતું હોય અને તરવા જાય તો ડૂબે. શરૂઆતમાં માર્ગ અઘરો હોય છે, તેથી પુરુષાર્થ વિશેષ વધારવાનો છે. જેટલી સમજણ હોય તેટલો વૈરાગ્ય રહે છે. ત્યાગ વૈરાગ્ય માટે વધારે પુરુષાર્થ કરવો જોઈએ. સત્પુરુષને તો વૈરાગ્ય સહેજે રહે છે, પણ આ જીવને તો સત્સંગ કરે તો વૈરાગ્ય થાય એવું છે. સંસારનું કંઈ ગમે નહીં એવો પુરુષાર્થ કરવાનો છે. શરૂઆતમાં વધારે પુરુષાર્થ કરવાનો છે. વૈરાગ્યની જરૂર છે. વૈરાગ્ય હશે તો સત્પુરુષનાં વચનો સમજાશે. જ્ઞાનીનાં વચનોમાંથી એક વચન પણ ગ્રહણ કરે તો પુરુષાર્થ જાગે. આત્મા તો ગુણનો ભંડાર છે, પણ દોષથી ઢંકાઈ ગયો છે. જીવને આગળ વધવા માટે સત્સંગની જરૂર છે. સત્સંગમાં સાંભળીને ગ્રહણ કરવું. ગ્રહણ કરે તે જ સત્સંગ કહેવાય.

સત્પુરુષનો સમાગમ અને તેની ભાવના કરવી દુર્લભ છે. કાળ એવો છે કે સારી વસ્તુ ગમવી મુશ્કેલ છે. પરવસ્તુમાં જેટલો રાગ છે તેટલો કદાગ્રહ છે. એ કદાગ્રહ સત્પુરુષના યોગે મધ્યસ્થતા આવે ત્યારે જાય છે. 'હું કંઈ ન જાણું' એવું હોય તો કદાગ્રહ ન થાય. આગ્રહ એટલે પકડ. કદાગ્રહ એટલે પાંચ ઇન્દ્રિયોના વિષયોની ઇચ્છા અને માન વગેરે. દુરાગ્રહ એટલે ખોટો આગ્રહ.

શિષ્ય એવો હોવો જોઈએ કે તેને દેહની કંઈ કિંમત ન હોય 'ગમે તેમ હોય પણ મારે આત્મહિત કરવું જ છે' એટલી તૈયારી હોય, ત્યારે જ્ઞાનીપુરુષ તેને કંઈક કહે છે. પોતાના દોષોની પોતાને ખબર નથી. આ મારામાં દોષ છે એમ નથી લાગતું. જીવ બીજાના દોષો દેખે છે પણ પોતાના દોષોનું ભાન નથી. આ દોષથી હું ક્યાં જઈશ એ ભાન નથી. કોઈનો વિરોધ ન કરવો.

કૃપાળુદેવ એક વખતે ખંભાત પધારેલા. એક દિવસે એક વડ નીચે બેઠા. બધા મુમુક્ષુ સાથે હતા. ત્યાં બોધ ચાલતો હતો. તે વખતે એક સ્થાનકવાસી ભાઈએ આવીને કહ્યું કે મુહપત્તી બાંધીને બોલવું જોઈએ. કૃપાળુદેવે કહ્યું કે– મુહપત્તી ચાલી છે પણ દોરો નથી ચાલ્યો. જીવને આગ્રહ હોય છે તેથી લાભ ન થાય. એક શબ્દ પણ પરિણામ પામ્યો ત્યારે કહેવાય કે વૈરાગ્ય થાય તો. યોગ્યતા આવવાનું કારણ બ્રહ્મચર્ય છે.

**"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન."**

વૃત્તિઓને રોકવી છે. સંસારથી પોતાને રોકશે, એમાં સુખ નથી એમ લાગશે, અને જ્ઞાની કહે

તેમાં સુખ છે એમ થાય તો યોગ્યતા આવે. આત્મકલ્યાણ કરવું હોય તો મોટાઈ મૂકવી પડશે. પોતાના દોષો ભણી જીવને વૃત્તિ જતી નથી. સત્પુરુષના યોગ વિના સંસારથી પાછું વળાતું નથી. પંચેન્દ્રિયના વિષયોમાં વૃત્તિ રહ્યા કરે છે. આ મનુષ્યભવ જતો રહે છે એનું ભાન નથી. આખી જિંદગી પંચેન્દ્રિયના વિષયોમાં ગાળે છે તેથી આત્મા ભણી વૃત્તિ જતી નથી. વિપરિત કરે છે. અજ્ઞાનીને બધા ઠેકાણે મમતા હોય છે. સાધુ થાય ત્યાં પણ 'મારા સાધુ, મારા શિષ્ય' એમ મમતા કરે છે. સાચા પુરુષનો યોગ થાય અને તેની આજ્ઞા આરાધે તો કલ્યાણ થાય. જીવને શું કરવાથી કલ્યાણ થાય એ ખબર નથી. જ્ઞાનીની આજ્ઞાએ જેટલું કરે તેટલો ધર્મ પ્રગટે છે.

માર્ગ વિચારવાનને પૂછવો. અનુકંપા ન આવે ત્યાં સુધી સમ્યક્ત્વ ન આવે. સમ્યક્દર્શન આવ્યા પછી શ્રાવક કહેવાય. જીવને પોતાના દોષો જણાય તો દૂર કરવા બેસે. સત્સંગે સાંભળવામાં આવે કે શ્રાવકમાં દયા હોય છે, તો મારે પણ દયા લાવવી એમ જીવને લાગે છે. સાચો યોગ થાય ત્યાર પછીથી છૂટવાની સાચી ભાવના જાગે છે. ઘણા પુણ્યના યોગે સત્પુરુષ મળે છે. જ્ઞાની કહે છે તે સાચું છે, એમ વિચારે, સાંભળે તો સદ્વિચાર આવે. પહેલું સાંભળે તો પછી સમજણ આવે. "सवणे नाणे विन्नाणे"

સત્પુરુષનો યોગ થયા પછી સત્પુરુષ તે જીવને દ્વેષના કારણો દૂર કરાવે છે. આગ્રહ હોય ત્યાં સુધી આત્માનું હિત ન થાય. મારે આત્માનું કલ્યાણ કરવું જ છે, તે ગમે ત્યાંથી થાય પણ મારે કરવું છે એવી મધ્યસ્થતા રાખવી. સત્સંગ એટલે આત્માને સત્‌નો રંગ ચઢાવે. આત્માને સમપરિણામે ચઢાવે, રાગદ્વેષ દૂર થાય તે સત્સંગ છે.

હિન્દુ ધર્મ અને મુસલમાન ધર્મમાં બહુ ફેર છે. હિન્દુઓમાં જેટલા મહાપુરુષો થયા છે તેટલા મુસલમાનોમાં થયા નથી. આત્માની દૃષ્ટિએ બધા સરખા છે. વિવેક હોય ત્યાં ધર્મ છે.

"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા" આત્મા સ્વભાવમાં આવે, શુદ્ધભાવમાં આવે; મિથ્યાત્વથી છૂટે તેનું નામ મોક્ષ છે. મિથ્યાત્વ છૂટે ત્યારે જ મોક્ષમાર્ગમાં વળે છે. મિથ્યાત્વ જેટલું મૂકાયું તેટલો મોક્ષ. સંસારવૃક્ષનું મૂળ મિથ્યાત્વ છે. જેનું મિથ્યાત્વ ગયું છે તેનો વહેલો-મોડો પણ મોક્ષ છે. મોહનીય કર્મ આદિથી છૂટી જાય તે મોક્ષ; મલિન ભાવ છૂટે તે મોક્ષ; કર્મ વળગ્યાં છે તે છૂટે તે મોક્ષ; કેવળજ્ઞાન પ્રગટ થયું એટલે મોક્ષ જ છે. આત્માનો સ્વભાવ 'જાણવું' એ છે. જીવ જાણે છે તે ભૂલવાળું છે. એ ભૂલ નીકળે તો સ્વભાવમાં આવે. જીવ યથાર્થ જાણતો નથી. છે આત્મા અને માને દેહ, એ જ ભ્રાંતિ છે. પોતાનો સ્વભાવ જાણવાનો છે. તે જાણનારો આત્મા છે. આત્માની ખોજમાં રહે તો ભૂલ મટે. જ્ઞાનીપુરુષનો સંયોગ થાય તો મિથ્યાત્વ ખસે. "હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ."

જીવને સાચી વસ્તુ સાંભળવા મળી, પણ જેટલી યોગ્યતા હોય તેટલો લાભ થાય. એક જ વાણી નીકળે પણ પોતપોતાની યોગ્યતા પ્રમાણે ગ્રહણ થાય છે. પાણી વરસે ત્યારે બધા ઠેકાણે વરસે છે, તે જેમાં જાય તેવું થાય છે. આંબલીના ઝાડમાં જાય તો ખાટા રૂપે પરિણમે, લીમડાના ઝાડમાં જાય તો કડવા રૂપે પરિણમે અને આંબામાં જાય તો મીઠા રૂપે પરિણમે. તેમ જીવને જે

પ્રમાણે યોગ્યતા હોય તે પ્રમાણે બોધ ગ્રહણ થાય છે.

**“સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;**
**સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?”**

સત્પુરુષની આજ્ઞાએ સાધન કરે તો તે સત્સાધન કહેવાય. જીવ દોષો કાઢતો નથી. લૌકિક ભાવમાં હોય ત્યાં સુધી કંઈ લાભ ન થાય. જ્યારે ભય લાગશે ત્યારે કરશે. ઘણો પુરુષાર્થ કરવાનો છે. છ પદનો વિચાર કરે તો આત્મજ્ઞાન થાય. જીવની માન્યતા ફરી જાય એવાં આ છ પદ છે. મારું કશુંએ નથી. આત્મા ત્રણે કાળ રહે એવો છે. બીજી વસ્તુઓ મારી નથી, એમ ભાવના કરવી. પરવસ્તુનું માહાત્મ્ય લાગે છે, તેથી આત્માનું માહાત્મ્ય લાગતું નથી. “આત્માથી સૌ હીન” લોકો મોટા કહે તેથી કંઈ ન થાય. મોટાઈ મૂક્યા વિના ન થાય.

**“અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?”**

આત્માનો લક્ષ રાખીને કરે તો જીવને લાભ થાય. અહંભાવ, મમત્વભાવ આત્માને બગાડી નાખે છે. મોહનીય કર્મનો ક્ષય થયો તો કેવળજ્ઞાન છે. આત્મા છે એમ માન્યતા થઈ તો ભૂલો ન પડે. જીવ અજાણ્યો છે, માટે સત્પુરુષે સાચું જાણ્યું છે અને સાચું હોય તે મારે ગ્રહણ કરવું છે.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા - ૧૦)** ૫૮૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આમ થાય તોય શું અને તેમ થાય તોય શું? એમ હોય ત્યારે તરવાનો કામી કહેવાય, નહીં તો માનનો દાસ કહેવાય. સારું સારું કહેવડાવવાની ઇચ્છા એને હોય છે. સાચો વિચાર આવવો બહુ મુશ્કેલ છે.

“બાલ ધૂલી ઘર લીલા સરખી, ભવચેષ્ટા ઇહાં ભાસે રે” આખું જગત એવું જ છે. પરિણતિ વિચારનારા બહુ જ થોડા છે. સમભાવ થાય તો હિત થાય. રાગમાંય સુખ નથી અને દ્વેષમાં પણ નથી. ભૂંડાની સાથે ભૂંડા થવાની જરૂર નથી. કોઈ ક્રોધ કરે તેની સામું બોલે તો એ પણ ભૂંડો છે. પૈસા ખર્ચે અને માન કરે, એમાં એક તો પૈસા જાય અને બીજું પાપ બંધાય. કષાય ઘટાડે તો ધર્મ થાય, નહીં તો ધર્મ નહીં થાય. જેને વિચાર નથી તેને છૂટવાનો આરો નથી. “કર વિચાર તો પામ.”

જ્ઞાનીનાં વચનોનો વિચાર ન કરે તો આ કાને સાંભળે અને આ કાને કાઢે. વિચાર કરે તો પકડાય. તલવાર બાંધીને ફરે અને મારે નહીં તો શા કામની? જ્ઞાનીનાં વચનો મોઢે કર્યાં, સાંભળ્યાં, એ તલવાર છે; પણ એ પ્રમાણે ન કરે તો તલવાર શા કામની? વચનો મોઢે કર્યાં હોય, તે પ્રમાણે કરે તો એ તલવાર મારી કહેવાય. જેને વિચાર નહીં, તેને તરવાનો આરો નથી. એ કંઈ જેવું તેવું વચન નથી. વિચાર ન કરે તેને ભગવાન કહે છે ‘તું અમારા શાસનમાં નથી.’ વિચારથી જ માર્ગ સૂઝે છે. ચોપડીમાં માર્ગ નથી. વિચારીને જે કંઈ કર્યું હોય તો થાય. વિચારદશા થયા વિના જ્ઞાનદશા પ્રાપ્ત થતી નથી. ‘વસ્તુઓ અનિત્ય છે, શરણ રહિત છે’, એમ વિચાર કરે; પણ નિમિત્ત આવે ત્યારે બીજો થઈ જાય. વિચાર હોય તો એને સન્માર્ગે લઈ જાય. વિચાર ન હોય તો ક્યાંયનો ક્યાંય તણાઈ જાય.

**“ચેતન જો નિજભાનમાં, કર્ત્તા આપ સ્વભાવ;**
**વર્તે નહિ નિજ ભાનમાં, કર્ત્તા કર્મપ્રભાવ.”**

પોતાના ભાનમાં વર્તે તો કર્મ ન બંધાય. પરભાવમાં વર્તે તો કર્મ બંધાય. આત્મવિચારમાં રહે તો મોક્ષ થાય, આત્મવિચાર ભૂલ્યો તો થાય નહીં.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા- ૧૦)** ૫૮૮ શ્રીમદ્ રા. આ. અગાસ,
(સવારના-સભામાં) માગસર સુદ ૩, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– કર્મ પજવે છે. કર્મ ઉપરાઉપરી આવે છે. એમનો એમ કર્મ બાંધ બાંધ કરે તો ક્યારે છૂટે ? કર્મની સાથે લડવાનું છે. ભારે કર્મો હોય ત્યાં સુધી જ્ઞાનીનાં વચનો એને ચોંટેય નહીં. સમકિત પણ ન થાય. અર્ધપુદ્ગલપરાવર્તન બાકી રહે ત્યારે જીવને સમકિત થાય છે.

**“જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;**
**તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત.”**

જેથી કર્મ બંધાય તેથી ઊલટો વર્તે તો છૂટે. ક્રોધથી કર્મ બંધાય છે. કષાય છે તેથી કર્મ બંધાય છે. ક્રોધ, માન, માયા, લોભ એ મુખ્ય કર્મબંધનાં કારણ છે. એનું ટૂંકું રૂપ રાગ દ્વેષ છે. ક્રોધ અને માન એ દ્વેષ છે અને માયા અને લોભ એ રાગ છે. ક્રોધ ન હોય તો ક્ષમા આવે અને એ આત્માનો ધર્મ છે. માયા કપટ કરે તો કર્મ બંધાય. માયા કપટ, લોભને લઈને થાય છે. માયાને લોભની સગાઈ છે. કોઈ વસ્તુનો લોભ થાય ત્યારે માયા કપટ કરે છે અને માયા કપટ કરે તેથી ક્રોધ ઉત્પન્ન થાય. એ બધા વિભાવ છે. ‘વિભાવથી મુકાવું અને સ્વભાવમાં રહેવું’ એ જ જ્ઞાનીની આજ્ઞા છે. રસ્તો બતાવી દીધો. જ્ઞાનીપુરુષ તો રસ્તો બતાવે છે. “ક્ષમા એજ મોક્ષનો ભવ્ય દરવાજો છે.” એમાં થઈને મોક્ષે જવાય. ખમી ખૂંદે તો જ મોક્ષે જાય. ક્ષમા આવે તો મોક્ષના દરવાજામાં પેસે. માન ન કરે તો વિનયગુણ પ્રગટે. વિનય એ આત્માનો ગુણ છે.

**“જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;**
**ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન.”**

કેવળજ્ઞાન પામે તોય વિનય કરે, એ એનો સ્વભાવ જ છે. માયા ન કરે તો સરળતા આવે. માયા છે તે જ વિભાવમાં જવાનો રસ્તો છે. પણ–

**“પાપ છિપાયાં ના છીપે, છીપે તો મહાભાગ;**
**દાબી ડૂબી ના રહે, રૂઈ લપેટી આગ.”**

જ્ઞાની તો રસ્તો બતાવે પણ એને જેટલી ગરજ હોય તેટલું થાય. લોભ પાપનો બાપ છે, એ છેલ્લો છે. દશમાના અંતે એ ક્ષય થાય છે. બધા કષાયો શત્રુ છે. કર્મ ઓછાં કરવાં હોય તો આ રસ્તો છે. શત્રુથી પાછા હટવું અને મોક્ષના કામમાં પ્રીતિ કરવી.

મનુષ્યભવમાં કંઈક બાહ્ય ક્રિયા કરીશ તો પુણ્ય બંધાશે અને ફરી પાછો મનુષ્યભવ મળશે, સત્પુરુષનો જોગ થશે અને તેથી કલ્યાણ થશે. મેઘકુમારે આગલા ભવમાં સસલાની દયા ખાધી તો મનુષ્યભવ મળ્યો, અને જો પગથી સસલાને કચડી નાંખ્યું હોત તો પાપ બંધાત.

શુદ્ધભાવ કરવા માટે વ્રત નિયમ કરવાનાં છે. ધર્મમાં 'મારાપણું' કરવાનું નથી. આત્માને માટે કરવાનું છે. લોકોને દેખાડવા માટે નથી કરવું. બાહ્યભાવ છોડવાના છે. કોઈને બતાવવા કંઈ કરવું નથી. વ્રત, નિયમ, ઉપવાસ કરે અને 'મારાપણું' તો ઓછું ન કરે. શરીર પણ મારું નથી, એવું કરવા ઉપવાસ કરવાના છે. વ્રત, નિયમ કરીને સંતોષ ન માનવો કે, બસ! હવે કંઈ મારે કરવું નથી. જ્ઞાનીનું સ્વરૂપ મને સમજાય, જ્ઞાનીની દશા મને પ્રાપ્ત થાય, એવી ભાવનાએ વ્રત, નિયમ કરવાં.

સદ્‌ગુરુની પ્રાપ્તિ બહુ મુશ્કેલ છે. પરીક્ષા ન કરે તો ઠગાય. સાચા જીવો થોડા હોય છે, તેથી પરીક્ષા કરે નહીં તો ઠગાય.

ધર્મરાજા પાઠશાળાએ ગયા ત્યારે 'સત્યં વદ' એટલો પાઠ આપ્યો. ત્યારબાદ પંદર દિવસ સુધી ધર્મરાજા નિશાળે ન ગયા. પછી જ્યારે સત્ય બોલવાનો અભ્યાસ થયો ત્યારે ગયા. શિક્ષકે પૂછ્યું કે તમે આટલા દિવસ કેમ ન આવ્યા? ધર્મરાજાએ કહ્યું કે મને પાઠ બહુ અઘરો પડ્યો. એ પહેલો પાઠ તો શીખ્યો નહીં અને બીજો શીખવા માંડું, એમ કરવાથી શું? આટલી કાળજી રાખી, તો સત્યવાદી અને ધર્મવાદી થયા.

કષાયને જીતવા તપ કરે તો તપ કહેવાય, નહીં તો લાંઘણ છે. આત્મા ચોખ્ખો થાય તો તપ છે. તપનું ફળ નિર્જરા છે. આત્મા નિર્મળ થાય તો તપ છે. એ મોક્ષના કામમાં આવે, નહીં તો કુતપ કહેવાય. બાહ્ય તપ શરીર સુધી છે. છ પ્રકારે તપ છે. વૃત્તિસંક્ષેપ તે વૃત્તિ રોકવી. પ્રમાદ ટાળવા માટે તિથિઓ કહી છે, પણ અમુક દિવસે જ ઉપવાસ કરવો એમ નથી, ગમે તે વખતે કરાય. ત્યાગ, વૈરાગ્ય કરવાની ના નથી. ઇંદ્રિયોને વશ કરવા ઉપવાસ કરવાનો છે. સમજણ હોય તો એવું થાય. પાંચ ઇંદ્રિયો જીતવી હોય તેણે પ્રથમ જીભને જીતવી. બીજી ઇંદ્રિયો એનાથી પોષાય છે. લોકોને દેખાડવા ઉપવાસ ન કરવો. આત્માને અર્થે કરવાના છે. વખાણ કરાવવા ઉપવાસ કરવો નથી. હું તો ઉપવાસ કરું છું, અને આ તો ઉપવાસ કોઈ દિવસે નથી કરતો, એમ બીજાનો તિરસ્કાર કે નિંદા કરવા ઉપવાસ કરવાનો નથી. આત્માને ચોખ્ખો કરવો હોય તો બહારની વસ્તુઓથી ન થાય.

આત્મા નિર્મળ થાય, સહનશીલતા આવે, કષાય ન થાય તે માટે તપ કરવું છે. ખરું તપ તો એ છે કે ક્રોધ ન કરે, માન ન કરે, માયા પણ ન કરે અને લોભના પ્રસંગમાં લોભ પણ ન કરે. લોકો કરે એવું કરવાનું નથી, પોતાના આત્માને માટે કરવાનું છે. જેને છૂટવું છે તે લૌકિકમાં જાય તો સંસાર જ રહે. લૌકિક દૃષ્ટિ ભૂલી જવી. લોકો કરે તેમ કરવું નથી. આત્માને હિત થાય તે કરવું.

મનુષ્ય માત્ર ધર્મ કરે છે અને માને છે, કે હું ધર્મ કરું છું; એનું નામ મુમુક્ષુતા નથી. મોહથી મૂંઝાય તે મુમુક્ષુતા છે.

આત્મા ફરે તો ભક્તિ ઊગે. ક્રિયા આત્માને માટે કરવાની છે. ક્રિયામાં રાચવાનું નથી. જો એનું આચરણ ન ફર્યું તો ભક્તિ શાની? આત્મા એનો ફરે, સમભાવમાં આવે તો સામાયિક

કહેવાય. લોકોને દેખાડવા સામાયિક કરે તે જ્ઞાની સ્વીકારે નહીં. અજ્ઞાની સ્વીકારે એવું આ સામાયિક છે.

**"કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ,**
**માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ."**

કંઈક કરે છે, તે પાંસરું કરને? એમ જ્ઞાનીને દયા આવવાથી કહે છે. જેને આત્માનું ભાન નથી, તેના સામાયિક, સમકિત, અજ્ઞાની સ્વીકારે એવાં છે.

ટૂંકામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. જીવ દેહને જાણે છે, પણ આત્માને જાણતો નથી. જ્ઞાનીએ પ્રગટ કર્યો છે એવો મારો આત્મા છે. એમ જ્ઞાનીના બોધે જાણે તે 'જ્ઞાન' છે. પછી બીજી વસ્તુઓ પરથી પ્રતીતિ ઊઠી, આત્માની પ્રતીતિ થાય તે 'દર્શન' છે અથવા સમકિત છે. એ પ્રતીતિ ભૂલ વગરની છે. જેવું જ્ઞાનીએ જાણ્યું છે, તેવી માન્યતા થાય ત્યારે દર્શન કહેવાય. આત્માનો ચપળ સ્વભાવ ફીટે, પરવસ્તુમાં ન તણાય, આત્મામાં સ્થિર થવું તે 'ચારિત્ર' છે. આત્મા અવિનાશી છે. દેહ નાશ પામે પણ આત્મા અમર છે. જાણનારો, સમજનારો આત્મા છે, એમ સદ્ગુરુથી જાણે તો સમ્યક્જ્ઞાન કહેવાય. પછી એ એને ગમે, પ્રતીતિ થાય ત્યારે એને મોક્ષની રુચિ થાય, સિદ્ધસ્વરૂપ એને ગમે, જ્ઞાનીએ કહ્યું તેજ એને સાંભર સાંભર થાય, એની ચોંટ થાય. તે ચોંટ છે તે સમકિત છે. જેટલા ગુણો પ્રગટે તે બધા આત્માના છે. જેટલો મોહ સંસારનો છૂટ્યો, જેટલો મોહનો ભય લાગ્યો, તેટલા ગુણો પ્રગટ્યા કહેવાય. આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ છે. જ્યારથી સમકિત થયું, ત્યારથી જ એને સ્વરૂપરમણતા શરૂ થાય છે. એ સ્વરૂપરમણતા વધતાં વધતાં સ્થિર થાય છે અને પછી વ્રત નિયમો પણ એને વધતાં જાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્રમાં જેટલું રહેવાય તેટલી સ્થિરતા છે.

સદ્ગુરુ આત્મા છે. એ આત્મસ્વરૂપ થયા છે, તેથી પૂજ્ય છે. આત્માનું મહત્વ લાગ્યું હોય, તેટલા સદ્ગુરુ ઓળખાય. સદ્ગુરુના યોગે આત્મા જોતાં શીખવાનું છે. આત્માનો સ્વભાવ પરમાનંદરૂપ છે. સંસારના સ્વરૂપથી વૈરાગ્ય થયો હોય તેને પરમાનંદ રહે છે.

લૌકિકભાવ જીવે ભર્યા છે. તે જેમ જેમ વમે તેમ તેમ બીજા ભાવ અંદર જાય. અજ્ઞાન ભેગું કર્યું છે, તે કાઢી નાંખે તો જ્ઞાન ભરાય. 'હું કંઈ જાણતો નથી' એવું થશે ત્યારે જ્ઞાનીનો બોધ પરિણમશે. જ્ઞાની આત્માના સ્વરૂપને જગાડે છે. એવી દશા જ્ઞાનીની છે. હું કંઈ જાણતો નથી એમ એને સમજાય ત્યારે એને જ્ઞાનીના વચનો ચોંટે, એનામાં ઘર કરે. જીવને ભાન નથી તેથી આમ તેમ ભમે છે.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા - ૧૧)** ૫૮૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— મૂર્તિ ઉપરથી ભગવાનને યાદ કરવાના છે. ગમે તે મૂર્તિ હોય, પણ ભગવાનને યાદ કરે તો કલ્યાણ થાય. હેમચંદ્રાચાર્યે મહાદેવને પણ નમસ્કાર કર્યા હતા કે રાગ-દ્વેષ અને અજ્ઞાન જેના ગયા તે મહાદેવને મારા નમસ્કાર હો! મૂર્તિમાં જ લક્ષ રાખે તો બધા ભેદ પડે. ભગવાનને યાદ કરવા માટે મૂર્તિ છે. આ મૂર્તિ સોનાની છે, હીરાની છે, રૂપાની છે તેથી એમાં વધારે ભગવાન

છે એમ નથી. ભગવાનમાં કેવળજ્ઞાન કેવું હતું? એ યાદ કરવા માટે બધું છે.

ધર્મમાં જીવ મારાપણાની ગાંઠ બાંધે છે. હું અને મારું તો મૂકવાનું છે; તેને બદલે પાછી ધર્મમાં જ ગાંઠ બાંધે છે. ધર્મને ક્રોધ-માન-માયા-લોભ લૂંટી જાય છે.

મુમુક્ષુ– વેદાંતમાં કોઈ જ્ઞાની થયા છે?

પૂજ્યશ્રી– જેના રાગ-દ્વેષ અને અજ્ઞાન ગયાં તે જ્ઞાની છે. વિપરીત બુદ્ધિ અને મિથ્યાત્વ હોય તે શું કરે? વિશાળબુદ્ધિ જ્ઞાનીએ કહી છે તે કોઈ બીજી છે. છયે પદની વાત જૈનમાં છે. આત્મા છે, નિત્ય છે, કર્ત્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે. છ પદનો વિચાર કરે તો સમ્યક્દર્શન થાય. દૃષ્ટિ ફરે ત્યારે બધું સાચું થાય. આત્માનું કામ કરવું છે. અત્યારે દૃશ્ય-પર્યાયદૃષ્ટિ છે. અત્યારે કર્મ ફૂટી નીકળ્યાં છે. કોઈ સ્ત્રી છે, કોઈ પુરુષ છે, આ ઘરડો છે, આ યુવાન છે એ દૃષ્ટિ ફેરવવાની છે. આત્મા જોવો. ‘‘સર્વ જીવ છે સિદ્ધ સમ.’’

ચર્મદૃષ્ટિથી તો કર્મ બંધાય. જ્ઞાનીનું કહેલું છે તેથી અભ્યાસ કરું છું એમ કરે તો સારું છે. સ્વચ્છંદે કદી પાર આવે નહીં. જ્ઞાનદૃષ્ટિએ જોવાનું છે. આત્મા જુએ તો એને રાગદ્વેષ ન થાય.

મુમુક્ષુ– આ આત્મા છે, આ આત્મા છે, એમ જો કરે તો આત્મદૃષ્ટિ કહેવાય?

પૂજ્યશ્રી– જ્ઞાનીનું કહેલું છે તેમ જાણી અભ્યાસ કરે તો સારું છે. જીવને વૈરાગ્ય આવતો નથી. વિચાર નથી એટલે વૈરાગ્ય આવતો નથી. જે કંઈ સાંભળે તેની જીવ કલ્પના-ગોઠવણ કરે છે. જ્યાં સુધી આત્મા નથી જાણ્યો ત્યાં સુધી બીજી વસ્તુમાં કલ્પના આત્માની કરે છે, પણ મને ખબર નથી, એમ નથી કરતો. આત્મા સિવાયનું બધું પુદ્‌ગલ છે. પોતે પોતાનો શત્રુ છે. પોતે અવળી કલ્પના કરે છે તે જ શત્રુતા છે. પુદ્‌ગલ એને નડતું નથી. આમ કરવું, ફલાણું કરવું એમ કરતાં કરતાં બધાય ગયા, પણ કામ અધૂરું રહ્યું. જ્ઞાનીપુરુષ શરીરને કહેતા નથી. ભીંતને કહે તો દેહને કહે. આત્માને કહે છે માટે આત્મા સાંભળવાનો છે.

**[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા - ૧૧)** ૫૯૦ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– સાચું એને સમજાયું તો પછી સાચું પકડે.

નાના ભાઈઓને નમસ્કાર કરવા પડશે એવો અવળો વિચાર બાહુબળીને આવ્યો, તેથી બાર મહિના સુધી કેવળજ્ઞાન ન થયું. પછી જ્ઞાની પાસેથી વિચાર આવ્યો ત્યારે કેવળજ્ઞાન પામ્યા.

પ્રત્યક્ષ જીવ દુઃખ વેદે છે; પણ મારે છૂટવું છે, એમ નિશ્ચય થતો નથી. હું તો અધમાધમ છું, મારાથી બધાય સારા છે. મારામાં બહુ દોષ છે, એમ કરવું હોય તો એમ થાય અને માન આવે તો બીજાના દોષો જુએ. આત્મામાં કોઈ પુરુષ નથી, સ્ત્રી નથી, રૂપાળો નથી કે કદરૂપો નથી, વાણિયો નથી, સારો-ખોટો કંઈ નથી; જ્ઞાનીએ જાણ્યો તે આત્મા. એ બધાથી ન્યારો છે. ‘‘ગોકુળ ગામકો પિંડો હિ ન્યારો.’’

એ બધું ફેરવી નાખવાનું છે. જે દેખાય છે તે માનવું નથી. અત્યારે ઊંધી ઈંટ છે તે ઉખેડી નાંખવી. જ્ઞાનીએ જાણ્યો તેવો મારો આત્મા. આ બધું દેખાય છે તે નથી. વસ્તુઓ ગૌણ કરી

નાંખવી. હું તો કંઈ જાણતો નથી. દેહનું કલ્યાણ થવાનું નથી. આત્માનું કલ્યાણ થવાનું છે. આત્મા જો મોક્ષને યોગ્ય થયો તો એને બહારની વસ્તુઓ, વેષ આદિ કોઈ ખાળે એમ નથી.

**"જાતિ, વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;**
**સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય."**

અજ્ઞાન ટાળવાનું છે. ગમે તો ઢુંઢિયા કે તપા હોય, બધાને એ કરવાનું છે અને એ કરશે ત્યારે મોક્ષ થશે. ધર્મનો મર્મ એ છે–

**"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ."**

દેહ તે હું નહીં, દેહના સંબંધી નિંદા થાય તે મને નહીં, એમ જીવે દેહથી જુદા પડવાનું છે. જુદા પડ્યા વિના ધર્મ ન થાય. જેટલો દેહાધ્યાસ વધે તેટલું બધું પાપ છે. એ બધાથી છૂટવું છે. સત્પુરુષનો યોગ થાય તો જીવના ભાવ ફરે. તરવાનું સાધન એ છે. સારું નિમિત્ત હોય તો સારા ભાવ થાય.

**[વ○ ૯૫૭] (ઉપદેશછાયા - ૧૨)** ૫૯૧ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ઘાણીના બળદ કરતાં પણ સંસાર વધારે દુઃખરૂપ છે. ઘાણીના બળદને જેમ પાટો બાંધીને ફેરવે છે અને લાકડી મારે છે, એવું આ સંસારનું સ્વરૂપ છે. બધી અવસ્થા જીવને નજરે આવે છે, પણ ભૂલી જવાય છે. સંસારદુઃખમાં જીવ પડ્યો હતો, પણ આ જ્ઞાનીના યોગે કલ્યાણ કરવાનું સૂઝ્યું. બધાની માથે કાળ ફરે છે, એ સાંભરે તો વૈરાગ્ય થાય. જ્યાં સુધી મરણ આવી પહોંચ્યું નથી ત્યાં સુધી આત્માનું હિત કરી લેવું.

ધર્મ પામ્યો ક્યારે કહેવાય? તો કે એક તો સંતોષ આવ્યો હોય, જે મળ્યું હોય તેમાં સંતોષ રાખે. એમ પહેલો સંતોષ આવે છે. સાચા સંગમાં ટકી રહેવું મુશ્કેલ છે. કેટલું પુણ્ય છે તેની ખબર નથી, માટે એક ક્ષણ પણ પ્રમાદ કરવો નહીં. ક્રોધ વિચાર કરવા દેતો નથી.

**[વ○ ૯૫૭] (ઉપદેશછાયા - ૧૩)** ૫૯૨ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– કષાય ઘટાડે તો ધર્મ થાય. કષાયની વૃદ્ધિ કરે તે બધું અજ્ઞાન છે. કષાય કરીને માને ધર્મ. ઢુંઢિયા, તપા અનાદિકાળથી નથી. વીતરાગમાર્ગ એ અનાદિ છે. રાગ, દ્વેષ અને અજ્ઞાન ઘટાડવાનો માર્ગ એ અનાદિ છે. રાગ, દ્વેષ અને અજ્ઞાન ઘટાડે તો કલ્યાણ. એ તો ઘટાડે નહીં અને માને કે ધર્મ કરું છું.

જ્ઞાનીનો માર્ગ આરાધવા મુનિઓ બધાં શાસ્ત્રો શીખે છે, પછી રોજ ફેરવે; જેથી સમય જાય તેની ખબર ન પડે. કોઈ તો શાસ્ત્ર શીખે નહીં, પણ ઝટ સમય થતાં ગોચરી જવા માટે ઉતાવળ કરે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ રાગ-દ્વેષ છે અને મિથ્યાત્વ એ અજ્ઞાન છે. એ જવા માટે સદ્‌ગુરુનો બોધ અને સદ્વિચાર છે. વિચાર ન કરે તેને તરવાનો આરો ન આવે. સાંભળ સાંભળ કરે એને વિચાર ન આવે.

'માષતુષ માષતુષ' એમ એક મુનિ કરતા હતા પણ વિચાર કર્યો કે ભિન્ન શું? દેહ અને આત્મા

ભિન્ન છે, એમ વિચાર કર્યો ત્યારે કેવળજ્ઞાન પામ્યા.

[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા - ૧૩) ૫૯૩ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૧૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જે સંયોગો છે તે ભોગવ્યા વિના છૂટકો નથી. બાહ્યત્યાગ પણ અંતર્ત્યાગને અર્થે છે. આત્માને કંઈ કર્ત્તવ્ય નથી. અકર્ત્તવ્યદશા પામવા ત્યાગ કરવા યોગ્ય છે. આત્મા તો અકર્ત્તા છે. કોઈક ઠેકાણે વ્યવહારસંયમનો નિષેધ કર્યો છે, તે પરમાર્થસંયમ પામવા માટે કર્યો છે. જો લક્ષ હોય તો એ બધાં સાધનો ભગવાને જ કહ્યાં છે. મેરુપર્વત જેટલા ઓઘામુહપત્તિ કર્યાં એમ કહ્યું છે. તે કંઈ નિષેધને અર્થે નથી, પણ પરમાર્થસંયમ પામવા માટે છે.

[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા - ૧૩) ૫૯૪ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદ્રપદ વદ દ્વિ.૧૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– જ્ઞાનીએ કહ્યું તેનો આશય સમજાય તે શ્રુતજ્ઞાન છે. ખરી રીતે આત્મા આત્માને સ્પર્શ કરે છે. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખની શ્રદ્ધા નથી. દૃશ્યને અદૃશ્ય કરવાનું અને અદૃશ્યને દૃશ્ય કરવાનું છે. પાંચ ઇન્દ્રિયો અને મન રોકાય ત્યારે આત્માનું ભાન થાય. અલ્પ સંસારી હોય તેને કષાય અલ્પ હોય છે. મિથ્યાત્વને છોડી સમ્યક્ત્વમાં રુચિ કરવાની છે.

[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા - ૧૪) ૫૯૫ શ્રીમદ્ રા. આ. અગાસ,
ભાદ્રપદ વદ દ્વિ.૧૩, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– તરવાનો કામી તે છે જે માથું માંગે તો માથું આપે. શ્રદ્ધા પરમ દુર્લભ છે. દુર્લભમાં દુર્લભ વસ્તુ શ્રદ્ધા છે. શા અર્થે શાસ્ત્ર વાંચવાં તે જ્ઞાની જાણે છે. જ્યાં-ત્યાંથી હિતકારી હોય તે ગ્રહણ કરવું.

સત્પુરુષનો દેહ સત્પુરુષ નથી, પણ સત્પુરુષનો આત્મા સત્પુરુષ છે. એ આત્માનો જો લક્ષ રહે તો શ્વેતાંબરી, દિગંબરી કોઈ આગ્રહ રહે નહીં.

મહાવીરસ્વામીનું ગર્ભહરણ થયું હશે કે નહીં? એની આપણે શી જરૂર છે? ગમે ત્યાંથી ભગવાન આવ્યા, પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર હતાં કે નહીં? એ તપાસવું. ભલે ક્ષત્રિય હો કે બ્રાહ્મણ હો, પણ સમ્યક્દર્શન છે કે નહીં? એ જોવાનું છે.

આ જગત જોઈતું હોય તો પુણ્ય ભણી નજર કરવી. મોક્ષ જોઈતો હોય તો પાપ-પુણ્ય બન્ને દૂર કરવાં પડશે. પુણ્યનું સુખ ઉપરથી દેખાય છે, તેથી લોકો એને સુખ કહે છે, પણ અંતરમાં તો દુઃખ જ છે. મમતાથી આખો ભવ હારી જવાય છે. પુણ્યેય જ્યારે દુઃખરૂપ લાગશે ત્યારે સમજણ આવી કહેવાય.

**"જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં;**
**તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં."** (૨૬૭)

જ્ઞાની તો શબ્દો કહે, પણ એ ન ફરે તો જ્ઞાની શું કરે? સાધુ થાય, તપ કરે, બધું પુણ્યને અર્થે મિથ્યાદૃષ્ટિ કરે છે. અભવિને છૂટવાની માન્યતા પણ ન થાય. ચક્રવર્તી થાય ત્યારે એ માને કે હવે આપણે પરાધીનતાથી છૂટ્યા. તેથી છૂટ્યા એમ માને છે.

"સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે." (૧૬૬) એક શબ્દ પરિણમે તો બહુ છે. એક મંત્ર પરિણમે તો બહુ છે.

મેરુ આદિની વાતોમાં જીવ ખળી જાય છે. શા અર્થે વર્ણન છે? તેની ખબર નથી. લોકસંસ્થાન- ધર્મધ્યાન કહ્યું છે. એવી રીતે મેરુ આદિને વિચારે તો ધર્મધ્યાન થાય. એ સાંભળી મમતા ન કરવી. ધર્મની વાતમાં વૃત્તિ જાય તો કલ્યાણ થાય.

રામને એટલો બધો વૈરાગ્ય હતો, કે વસિષ્ઠઋષિને કહ્યું કે મને હવે જો આત્મશાંતિ ન થાય તો શ્વાસોચ્છ્વાસ બંધ કરી મરી જઈશ. આવો નિશ્ચય કરે તો કામ થાય. જ્ઞાની કહે છે કે સમજણ કરવી. એમાં પૈસા બેસે એમ નથી.

મુંબઈમાં પ્લેગને કારણે કૃપાળુદેવ મુંબઈની દુકાન બંધ કરી ઝવેરાતની પેટી લઈ સાયલા ગયા. તેની કળ બગડી ગયેલ હોવાથી ખુલ્લી હતી. બપોરે ત્યાંથી રવાના થતાં સીગરામમાં કૃપાળુદેવે ડુંગરશીભાઈને કહ્યું કે, તમે સોભાગભાઈને જણાવેલું કે જ્ઞાન હોય તેને નાણું ન હોય, તેનું કેમ? ડુંગરશીભાઈએ જવાબ આપ્યો કે હવે તો તે કંઈ જણાતું નથી. આપની પાસે જ્ઞાન છે અને નાણું પણ છે. પછી પેટીમાંથી કૃપાળુદેવે ડુંગરશીભાઈને ઝવેરાત બતાવવા માંડ્યું. સીગરામના હિલકારાને લીધે હીરા મોતી કે ઝીણા નંગ પડી જશે તો હાથ નહીં આવે એવો ભય બતાવીને ડુંગરશીભાઈએ ઝવેરાત કાઢવાની ના કહી ત્યારે કૃપાળુદેવે કહ્યું—'અમારું ક્યાંય જવાનું નથી.'

જગતનું સ્વરૂપ જાણીને વૈરાગ્ય થાય અને જાણીને મમતા મૂકે તો મુક્તિ થાય. કૃપાળુદેવ કહેતા કે અમારો ઉપદેશ તો જેને સાંભળીને કરવું હોય તેને માટે છે. કહે કહે કરવા માટે નથી.

જે લક્ષણથી આત્મા ઓળખાય છે, જ્ઞાનાદિ છે તે આત્માના ધર્મ છે. તેનો તો વિચાર જીવ કરતો નથી. આત્માની કાળજી રાખવાની છે. બધું જીવ એકઠું કરે છે તે સાથે આવવાનું નથી, માટે આત્માની સાથે આવે એવું કંઈ કરી ચેતી જવાનું છે. જીવ અને કર્મનો બન્નેનો અનાદિકાળનો સંગ છે, તે કુસંગ છે. કુસંગ છોડવાનો છે. એ સત્સંગ વિના ન છૂટે.

જ્ઞાનીપુરુષો ગાળો ભાંડીને કહે છે કે મૂર્ખો છે, પણ જીવ પોતે માને છે કે હું ડાહ્યો છું. પોતાને મૂર્ખો માને તો જ્ઞાનીનું કહેલું કરે. જીવ ગાદલું ઓઢીને સૂતો હોય તો લાકડી મારે તો અવાજ થાય એટલે એને લાગે નહીં, તેથી ઊલટો રાજી થાય. જે ધોતીયું ઓઢીને સૂતો હોય તેને ચોટ લાગે છે, તેથી ફડાક ઊભો થઈ જાય. પોતાના દોષ જીવને દેખાતા નથી. જ્ઞાની સ્પષ્ટ કરીને દેખાડે છે તોય જીવ માનતો નથી. માને તો કામ થઈ જાય. મનુષ્યભવની મૂડી વાપરતાં જીવને આવડતી નથી. વ્યાપાર કરતાં આવડતો નથી. એને ખબર ન પડે, પણ સત્સંગમાં એનું કામ થાય છે.

જીવે જડ અને ચેતન બધું એક કરી નાંખ્યું છે. જગતના કામમાં જેમ કાળજી રાખે છે, તેમ ધર્મના કામમાં પણ કાળજી રાખવાની છે. સર્વભાવ અર્પણ કરી મન, વચન, કાયા બધું અર્પણ કરે, પછી એની આજ્ઞાએ જ વર્તે. "વર્તે ચરણાધીન" તો પછી એને સંસાર રહે નહીં.

વિનય સમજે તો ભાગ્યશાળી કહેવાય.

"એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય."

ઉત્તરાધ્યયનમાં પહેલું અધ્યયન વિનય છે.

[વ૦ ૯૫૭] (ઉપદેશછાયા - ૧૪) ૫૯૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૧૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– ધર્મના મતભેદ પાડનારાઓની માઠી ગતિ થાય. જીવ ભૂલકણો છે, તેથી વારંવાર શાસ્ત્રમાં કહેવું પડ્યું છે. પ્રત્યક્ષ બીજાને મરતાં જીવ દેખે છે, છતાં જીવ મરણને ભૂલી જાય છે.

[વ૦ ૯૫૮] (વ્યાખ્યાનસાર - ૧) ૫૯૭ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– અજ્ઞાનભાવ એ આખા સંસારનું મૂળ છે. એ જો છેદાય તો પછી મોક્ષ થાય. પોતાનું ભાન નથી. દેહ મારો, ઘર મારું એમ પોતાનું નહીં તેને પોતાનું મનાવે તે અવિદ્યા, મિથ્યાત્વ છે. પરના દ્રવ્ય, ગુણ, પર્યાયને પોતાના માને છે. જડ અને ચેતન, એના ભાવમાં બન્ને એકરૂપ થઈ ગયાં છે. એનો ભેદ પડે તો ગ્રંથિભેદ-સમ્યક્જ્ઞાન થાય. ગ્રંથિ છે પણ એને ખૂંચતી નથી. અજ્ઞાનભાવ પલટાય તો ગ્રંથિભેદ થાય. અજ્ઞાન, ભ્રાંતિ એ જ મહા મોહ છે. ગ્રંથિભેદ થવા વખતે કેટલાક પડી જાય છે. એથી આગળ વધે તો આત્મજ્ઞાન અને પછી મોક્ષ થાય. ત્યાંનો ત્યાં રહે અને જો ધક્કો મારનાર ન મળે તો આગળ ન વધે, તેથી પાછો પડી જાય કારણકે અનાદિનો અભ્યાસ છે. મોહ હોય છે તે, તે વખતે જોર કરે છે. મોહ જાય તે વખતે દીવાની જેમ, દીવો જેમ ઓલવાઈ જતાં ભડકો થઈને જાય છે, તેમ મોહ જોર કરીને જાય છે. ગ્રંથિભેદ થવા સુધી આવીને જીવ પાછો વળી જાય છે. ગ્રંથિભેદ થવા આવે ત્યારે જીવ પાછો વળી જાય.

"પ્રેરક અવસર જિનવરુ, સખી દેખણ દે;
મોહનીય ક્ષય જાય, સખી દેખણ દે." (આ૦૮)

તે વખતે કોઈ પ્રેરનાર મળે તો કામ થઈ જાય છે. પ્રેરણા કરનાર હોય પણ બળ તો એણે જ કરવું પડશે. મહાપુરુષનાં વચનો જીવને ધક્કો મારે એવાં છે. એનું અવલંબન હોય તો સમ્યક્ત્વ થાય છે. પ્રમાદને જેણે શત્રુ જાણ્યો છે, તે નિર્ભયપણે રહેવાનું સ્વપ્ને પણ ઇચ્છતા નથી. પ્રમાદ શત્રુ છે, પણ લાગ્યો નથી. અનંતકાળમાં નથી થયું તે કામ કરવું અઘરું છે. ઘણા શત્રુઓ છે, તે ખેંચી લે છે. થશે થશે, એમ કરે છે. જ્યાં સુધી મોહનો ક્ષય ન કરે ત્યાં સુધી જ્ઞાની જંપીને બેસતા નથી. અનંતવાર જીવ ગ્રંથિભેદ નજીક આવી પાછો ફર્યો છે. બધી મુશ્કેલીઓ સહીને મરણિયો થઈ જાય ત્યારે કામ થાય એવું છે. ગ્રંથિભેદ થયા પછી ચોથામાં જીવ આવે છે. ગાયનાં શીંગડા ઉપર રાઈનો દાણો રહે તેટલા સમય સુધી પણ જો સમ્યક્ત્વની ફરસના થઈ તો મોડે વહેલે મોક્ષે લઈ જાય. ચોથે એની દશા ફરી જાય. જ્ઞાનીએ કર્મ જોઈને ગુણસ્થાનક કહ્યાં છે. ચોથે એને મોક્ષમાર્ગ સ્પષ્ટ સમજાય છે.

"વેદ્ય બંધ શિવ હેતુ છેજી, સંવેદન તસ નાણ,
નયનિક્ષેપે અતિ ભલુંજી, વેદ્ય સંવેદ્ય પ્રમાણ." (ચોથી દૃષ્ટિ)

બોધ દીવાના પ્રકાશની જેમ સ્પષ્ટ લાગે છે. કોઈક જ જીવ ગ્રંથિભેદથી આગળ વધે છે.

ચોથે આત્મજ્ઞાન છે, પણ વ્રત વગેરેની દશા નથી. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આત્માનો અનુભવ થાય ત્યારે ત્રણે વસ્તુ અંશે હોય છે, પણ એ બીજરૂપ છે. અનંતાનુબંધી ગયા તેથી સ્વરૂપરમણશક્તિ પ્રગટે છે, એ બીજ છે. અંતરંગમાં ચોથે ચારિત્ર હોય છે. અનંતાનુબંધી ગયા તેટલું ચારિત્ર છે, એ અવિરતિ છે. પછી જ્યારે વ્રતનો ઉદય આવે ત્યારે એને ચરણાનુયોગમાં ચારિત્ર કહ્યું છે. સમ્યક્ત્વ થયું તેથી પાયો મજબૂત થયો છે. મોક્ષ સિવાય બીજું ઇચ્છે નહીં. એ લોકોને દેખાડવા વ્રત લે નહીં. જ્યારથી એને મોક્ષની ઇચ્છા થઈ, ત્યારથી તેના સાધનની ઇચ્છા હોય છે, પણ શક્તિ હોય નહીં. તેથી વ્રત ન લઈ શકે. શક્તિ વધે તેમ તેમ વ્રત લે છે. કેટલાક વ્રત લેનાર સમ્યક્દૃષ્ટિ એમ કહે છે કે દેશવિરતિમાં શું લેવું? લેવું તો સર્વવિરતિ ચારિત્ર લેવું, એવા અડગ હોય છે. અપૂર્વવૃત્તિ આવે ત્યારે અપ્રમત્ત યોગ થાય. સમ્યક્ત્વ વગર આગળ વધાય નહીં. સાતમે અપ્રમત્તમાં અંતર્મુહૂર્ત રહેવાય, પણ એને સિદ્ધના સુખનો ખ્યાલ આવે છે. બધી વસ્તુઓમાંથી ખસી આત્મામાં લીન થાય ત્યારે એને સિદ્ધના સુખનો ખ્યાલ આવે છે. ચોથાવાળાને સાતમા ગુણસ્થાનવાળાની દશા સમજાય છે, અનુભવાય છે. આત્માનો અનુભવ થયો તો પછી સાતમે જવાય. દર્શનમોહ ખસે નહીં ત્યાં સુધી વિચાર અવળા હોય છે, ત્યાં સુધી વિપરીતતા હોય છે. જ્યાં સુધી વિપરીત અનુભવ હોય છે, જ્યાં સુધી વિપરીત અવસ્થા હોય છે, ત્યાં સુધી બધું વિપરીત છે. ચોથા ગુણસ્થાનવાળો પણ કહે છે કે મારે મોક્ષે જવું છે અને એક આપણે પણ કહીએ છીએ કે મોક્ષે જવું છે. એક તુલસીદાસ રામ રામ કહે છે અને એક પોપટ રામ રામ કહે છે. બન્નેના ભાવમાં ફેર છે. શું કરવાથી ચોથે અવાય? એનો વિચાર કરવાનો છે. દેવ,ગુરુ, ધર્મની શ્રદ્ધા સહેલી નથી. પોપટ અરિહંત કહે, પણ અરિહંત શું? તેની ખબર નથી. સદ્ગુરુના બોધે આત્માર્થીપણું આવે, ત્યાર પછી ચોથે અવાય.

**''નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;**
**સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય.''**

જન્મમરણ છૂટે એવો લક્ષ એને હાથ આવ્યો નથી. ''ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે'' એવી દશા છે. શત્રુની વચમાં છે એમ ખબર નથી, નહીં તો પ્રમાદ થાય નહીં. જ્ઞાનીનો આશ્રિત જ્ઞાની જેવો હોવો જોઈએ. સંસારનો આશ્રય ન લે. સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઇચ્છા ન થાય તે આશ્રિત છે. શ્રુતકેવળી અને કેવળીમાં શ્રુતજ્ઞાનનો ફેર નથી. કેવળી પ્રત્યક્ષ જાણે અને શ્રુતકેવળી પરોક્ષ શ્રુતના આધારે જાણે છે. એવી રીતે જ્ઞાની અને જ્ઞાનીનો આશ્રિત બેય એક જ છે. સંસારભાવ છૂટે ત્યારે આશ્રિતપણું સાચું કહેવાય.

**''પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ; પરમપુરુષથી રાગતા.''** (દે૦ ૧)

પરમપુરુષથી પ્રીતિ સહેલી નથી. સાચો આશ્રિત થયો તો આખો ડબ્બો ખસે. પડ્યો ન રહે. આશ્રય અને નિશ્ચય થયો તો સંસારમાં રહેવાય નહીં. ત્યાં એને ગમે નહીં. ઉદાસીનતા એ ચોથાનું લક્ષણ છે. રામને જેવો વૈરાગ્ય હતો તેવી દશા આવવી જોઈએ. એ દશા પ્રાપ્ત કરવા માટે કહે છે, માત્ર સાંભળવા માટે નથી.

પ્રમાદમાં જીવ પડ્યો છે. તેના અનેક પ્રકાર છે. પ્રમાદના સાડાસાડત્રીસ હજાર ભેદ છે. મુખ્ય ભેદ પાંચ છેઃ- વિષય, કષાય, નિદ્રા, વિકથા અને સ્નેહ. આત્માને ભૂલવો એ પ્રમાદ છે. પહેલે ગુણસ્થાનકે પ્રમાદમાં પડ્યો છે.

''ધર્મની અનાદરતા, ઉન્માદ, આળસ, કષાય એ સઘળાં પ્રમાદનાં લક્ષણ છે.''

**[વ૦ ૯૫૮](વ્યાખ્યાનસાર - ૧)** ૫૯૮ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૧૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– આવી પડે તે ભોગવવું પડે તે અકામનિર્જરા છે અને તપ વગેરેનું પોતે દુઃખ સહન કરે તે સકામનિર્જરા છે. અકામનિર્જરા કરતાં કરતાં જીવ સંજ્ઞીપંચેન્દ્રિય થઈ ગ્રંથિભેદ સુધી આવે છે. મન, વચન, કાયાનું જેટલું બળ હોય તેટલાં કર્મ બંધાય છે. વિપરીત માન્યતામાં જીવ જે દશા ન હોય તે માની બેસે છે, તેથી મોહ વધી જાય છે. સમ્યક્દર્શન મને થઈ ગયું, એમ માને તો પછી ત્યાગ વૈરાગ્ય વધારવાનું ન કરે. ચોથે ગુણસ્થાનકે કેવળબીજ, બોધબીજ કે સમ્યક્દર્શન પ્રગટે છે. (૧-૨)

બધા ક્લેશ છૂટી ઘરમાં જાય છે, તેથી શાંતિ થાય છે. આખા સંસારનો આધાર દેહ છે. દેહને લીધે બધો સંસાર છે. અપ્રમત્ત થયો તે પરમાત્મા જ થયો છે. પરમાત્મામાં લીન થાય ત્યારે અપ્રમત્ત કહેવાય છે. જગત આખાને ભૂલી જાય ત્યારે અપ્રમત્ત થાય છે. (૫)

દેહની પ્રવૃત્તિ શુભાશુભ ભાવે થાય તો પછી શુભાશુભ કર્મ બંધાય. યોગપ્રવૃત્તિ તે કર્મ આવવાનું કારણ છે. સમ્યક્ત્વ થયા પછી અવિરતિ, પ્રમાદાદિ એ બધાં કર્મ આવવાનાં કારણો છે. તે કારણો જેમ જેમ દૂર કરે તેમ તેમ શુભ કર્મ પણ ઘટતાં જાય છે. એમ કરતાં કરતાં જ્યારે ખાતું પૂરું થઈ જાય ત્યારે મોક્ષ થઈ જાય. (૧૦)

સંવર હોય ત્યારે ખરી નિર્જરા થાય છે. સમ્યગ્દર્શન વિના સંવર ક્યાંથી હોય? હાથી જેમ નહાય અને પછી ઉપર ધૂળ નાંખે તેમ અકામનિર્જરા જીવ કરે છે. ગ્રંથિભેદના નિકટ સુધી જીવ અકામનિર્જરાથી આવે છે પછી એને પુરુષાર્થ કરવો પડે છે. આ બધું ભિન્ન દેખાય છે તે બધું એક સરખું લાગે તે ભેદનો ભેદ છે. (૧૪)

**[વ૦ ૯૫૮](વ્યાખ્યાનસાર - ૧)** ૫૯૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૦)), સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– અહંભાવ, મમત્વભાવ ગયા નથી. અનંતવાર ચારિત્ર જીવે ઔદયિક ભાવે લીધું છે. ચારિત્ર લેવાનો ઉદય આવ્યો ત્યારે ચારિત્ર એટલે બાહ્ય વેષ લીધો, પણ તેની સાથે અહંભાવ-મમત્વભાવ ટળ્યાં નહીં. ચારિત્ર લીધું તે બહારનો વેષ માત્ર. જો સાચું ચારિત્ર આવ્યું હોય તો મોક્ષ થાત. (૧૫)

ક્રોધ, માન, માયા, લોભ કહેવાય છે, તેમાં ભેદ છે. કોઈને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ હોય છે. કોઈને પ્રત્યાખ્યાનાવરણીય, ક્રોધ, માન, માયા, લોભ, કોઈને અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, માન, માયા, લોભ, કોઈને સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ. ઉપરથી તો બધા ક્રોધ સરખા દેખાય છે પણ અંતરમાં ભેદ છે. અનંતાનુબંધી કષાય એટલે જેથી અનંત સંસાર વધે.

બહારથી તો બહુ ક્રોધ દેખાય છે તે અનંતાનુબંધી છે, એમ નથી. અનંતાનુબંધી કષાય કોને કહે છે તે હવે કહે છે.

મોક્ષમાર્ગનાં કારણો પ્રત્યે ક્રોધાદિક કરવાં તે અનંતાનુબંધી કષાય છે. એને મોક્ષમાર્ગ ન ગમે તે અનંતાનુબંધી કષાય છે. વીતરાગ પ્રત્યે ક્રોધાદિ તે અનંતાનુબંધી છે.

ભગવાન મહાવીરે ચારનાં પાંચ મહાવ્રત કર્યાં, તે જીવોના હિત માટે છે. સમ્યગ્દર્શન થયા પહેલાં માર્ગ કહેવો તે યથાર્થ નથી. જેમ બને તેમ કષાય ઓછા કરવા એમ જ્ઞાનીપુરુષો કહે છે. ભગવાન પ્રત્યે સ્ત્રી-પુત્રાદિ મેળવવા ઇચ્છે તે અનંતાનુબંધી લોભ છે.

આત્માનો અનુભવ થાય ત્યારે કષાયમંદતા વગેરે થાય છે. પુદ્ગલના સંગે જ્યાં સુધી જીવ નિમિત્તાધીન છે ત્યાં સુધી વિભાવરૂપ પરિણમે છે. એમાં પુદ્ગલનો દોષ નથી. જીવે આમંત્રણ આપ્યું છે તેથી આવ્યાં છે; નહીં તો પુદ્ગલોને કંઈ સારુંખોટું કરવું નથી. પુદ્ગલનાં નિમિત્તથી જ વિભાવ થાય છે એમ નથી. જો એમ હોય તો સિદ્ધ ભગવાનની પાસે પણ પુદ્ગલો છે, તેથી તેઓને પણ વિભાવ થવો જોઈએ, પણ એમ નથી. પુદ્ગલને જીવ પ્રેરણા કરે છે તેથી આવે છે.

જીવ કર્મ ક્ષય કરવાનું ભૂલી ગયો છે. મારો ગચ્છ, મારો સંઘાડો, મારું-તારું કરે છે. 'મારું કંઈ નથી' એવું અંતરમાં થાય તો પછી બીજો સંગ એને નડે નહીં. સાચો થયો ત્યારથી અસંગ થવા લાગે. સાચ આવ્યું તો પછી બધું ખંખેરવા માંડે. અંદરમાં જો થયું કે 'મારું નથી' તો છૂટે જ. જેને વૈરાગ્ય થઈ ગયો હોય, તેની સ્ત્રી મરી ગઈ હોય તો પછી તે બીજી સ્ત્રી પરણે? ''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં.'' પ્રેમ આવે તો બધું આવે એવું છે. (૧૮ થી ૨૨)

**[વ૦ ૯૫૮] (વ્યાખ્યાનસાર - ૧)** (સાંજના સભામાં) ૬૦૦ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૪, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી— સમ્યક્દર્શન આદિના ત્રણ ભેદ પાડવા તે વ્યવહાર મોક્ષમાર્ગ છે અને ત્રણેની ઐક્યતારૂપ નિશ્ચય મોક્ષમાર્ગ છે. દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ એમ ભેદ પાડીને સમજાવ્યું છે, પણ નિશ્ચયથી તો એ ત્રણેનું ઐક્ય એ મોક્ષમાર્ગ છે. (૨૧)

**[વ૦ ૯૫૮] (વ્યાખ્યાનસાર - ૧)** ૬૦૧ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— મતમતાંતર એ કાંટા છે. તેનું સમાધાન ન થાય તો ત્યાં જ ખળી ન રહેવું. પુરુષાર્થ કરવો. આગળ ઉપર સમજાશે. ''જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ; જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ.'' (૧૦૭) આ અત્યારે મતમતાંતરમાં ભૂલાઈ ગયું છે. આપણે કરીએ છીએ તે સાચું છે એમ માને છે.

પહેલાં ગુણસ્થાનમાં જ ગ્રંથિ હોય છે. પાંચ ઇન્દ્રિયો અને મન પામે, સારા ભાવ થાય, પછી સદ્ગુરુનો બોધ સાંભળે ત્યારે 'દેશનાલબ્ધિ' પ્રાપ્ત થાય. તેથી એમ લાગે કે જ્ઞાની કહે તે સાચું છે અને હું કરું છું તે ખોટું છે. તેથી પછી કર્મ મંદ પડે છે. અહીં સુધી તો જીવ ઘણીવાર આવ્યો છે. ગ્રંથિભેદ કરવાની તૈયારીમાં હોય, ત્યાંથી પાછો પટકીને દર્શનમોહ સંસારમાં લઈ જાય છે.

ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય એ પ્રકૃતિઓ જીવને મૂંઝવે છે. ક્રોધ આવે તો જીવને એમ થાય કે ભલે નરકે જાઉં તો પણ ક્રોધ તો કરું જ. માન આવે, ક્રોધ આવે, લોભ આવે ત્યારે પણ એવું વિચારે છે કે આ તો મારો ધર્મ છે. પહેલે ગુણસ્થાનેથી જીવ ચોથે જાય છે અને ત્યાંથી પડે તો બીજે આવે. ગ્રંથિભેદ વિના સમ્યક્ત્વ થાય નહીં. ચોથે ગુણસ્થાનકે ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક સમકિત હોય છે. જીવે પુણ્ય બાંધ્યું, તેને યોગે આ મનુષ્યભવ પામ્યો છે. સત્પુરુષનો યોગ પામે છે પણ જ્યારે પ્રકૃતિઓ જીતવાની આવે ત્યારે જીવ ઢીલો પડી જાય છે.

મુમુક્ષુ– કર્મ તો જડ વસ્તુ છે, તે આત્માને કેમ ઢીલો પાડે?

પૂજ્યશ્રી– નાથ હોય છે તે જડ વસ્તુ હોય છે, પણ બળદને વશ કરે છે ને? બળદને તો એક નાથ છે અને આ જીવને તો ૧૫૮ નાથ છે. દુષ્કાળ હોય ત્યારે લોકો દાણા વગેરે સંગ્રહે છે તેમ સત્પુરુષના યોગે સંગ્રહવું. જીવે એકે પ્રકૃતિ તોડી નથી. ખાતું ચાલ્યું આવે છે. જે સત્તામાં મિથ્યાત્વ પડ્યું છે તે સમ્યક્ત્વમોહનીયરૂપે બહાર નીકળી જાય અને એને ક્ષાયિક સમકિત થાય.

જ્ઞાનીની આજ્ઞા આરાધવી તેથી મૂંઝવણ ન થાય. જે પ્રકૃતિ હોય તેનો વિચાર કરે કે મને ક્રોધ બહુ નડે છે, માન નડે છે, માયા નડે છે, લોભ નડે છે. પછી કાઢે એમ કરતાં કરતાં સમ્યક્ત્વ થાય. ''લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ.'' સમકિત આવે તો પછી અંતરની શુદ્ધિ કરવા માંડે. સમ્યગ્દર્શન એમનું એમ આવતું નથી. સાત પ્રકૃતિનો જય કરે ત્યારે સમ્યગ્દર્શન આવે છે.

શ્રેણિક રાજાએ, અનાથી મુનિએ જે વાત કરી, તે માન્ય કરી કે 'હું રાજા છું છતાં અનાથ છું અને આપ સનાથ છો' એમ ચોંટી પડ્યું. આત્મા જ નરકે લઈ જનાર છે, આત્મા જ કર્મનો કરનાર છે, આત્મા જ મોક્ષે લઈ જનાર છે. એમ આત્મપ્રકાશક બોધ મુનિએ આપ્યો તે તેને ચોંટી ગયો અને બોધિને પામ્યો. ભગવાન મહાવીર મળ્યા ત્યારે તીર્થંકર ગોત્ર બાંધ્યું. અંતર ફરવું જોઈએ, એ ફર્યું તો વાર ન લાગે.

મોહનીયકર્મ ભોળું છે. બધાને સમ્યક્ત્વ જણાય એમ નથી. મોહ મંદ થાય ત્યારે સમ્યક્ત્વ થાય છે. કોઈ તિર્યંચને પણ સમ્યક્ત્વ થાય છે, પણ તેને ખબર ન પડે કે એને શાસ્ત્રોમાં સમ્યક્ત્વ કહ્યું છે, પણ એટલું થાય કે દેહને થાય તે મને નહીં. દેહાધ્યાસ છૂટે છે. જીવને કર્મ નડે છે, તેમ છતાં મારો વાંક છે એવું એને સમજાતું નથી. આ તો એનો વાંક છે એમ માને છે. સમતા, ક્ષમા, ધીરજ, સહનશીલતા આ બધા શબ્દો (ગુણો) સમ્યક્ત્વ પ્રગટાવે એવા છે. એ ટકી રહે તો સમ્યક્ત્વ થાય. સમજે તો સહેજે થાય, નહીં તો અનંત ઉપાયે પણ નથી.

મુમુક્ષુ– શું સમજવાનું છે?

પૂજ્યશ્રી– પોતે પોતાનું ઓળખાણ કરવાનું છે. કેટલાક ભાવો એવા છે કે જે શબ્દોમાં આવી શકતાં નથી, પણ કામ કરે છે.

મુમુક્ષુ– કેવી રીતે કામ કરે છે?

પૂજ્યશ્રી– જેમ જેમ જ્ઞાનીની આજ્ઞા ઉપાસે તેમ તેમ વ્યક્ત અને અવ્યક્ત બધા વિભાવો નાશ પામે છે. કર્મને માથે મેખ મારે એવા પણ જીવો છે, એમ પ્રભુશ્રીજી કહેતા હતા. યોગ્યતા નથી. શું કહીએ ? જેમ જેમ દશા વધે તેમ તેમ કહે. વાણીયોગે સ્વરૂપ કહી શકાય નહીં. જીવની યોગ્યતાપૂર્વક જ્ઞાનીપુરુષો કહે છે. એકદમ સિદ્ધની વાત કરે તો એને થાય કે ત્યાં શું હુક્કો વગેરે મળે છે ? ત્યાં ખાવાપીવાનું તો મળે નહીં, ત્યાં જઈને શું કરવું ? જ્ઞાની ધીમે ધીમે રુચિ ઉત્પન્ન કરાવે છે. મોક્ષની સાચી રુચિ થાય તો સમ્યક્ત્વ થાય. જીવની યોગ્યતા વધવા માટે બધાં શાસ્ત્રો છે. પ્રભુશ્રીજીએ પહેલાં બહુ પુરુષાર્થ કર્યો હતો. જે દેખાય છે તે બધું ભ્રમ છે, ભ્રમ છે એમ કરતા. પકડ કરવાની છે. આ ભવમાં તો એની આજ્ઞા ઉઠાવવી છે. ભલે માથું જાય, એવી પકડ કરવાની છે. કૃપાળુદેવ સાચા છે એમ પકડ રાખવી.

''સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે.''(૨૫૪) એ જ કરવાનું છે. જ્ઞાની માર્ગ બતાવે, પણ ચાલવું તો પોતાને છેને ? અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય પણ અંતર્મુહૂર્ત ટકવું મુશ્કેલ છે. ઋષભદેવ ભગવાન બધું ખાવું પીવું છોડીને શું કરતા હતા ? પુરુષાર્થ જ કરતા હતા ને ? પણ એક હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી ત્યારે એવું એક અંતર્મુહૂર્ત આવ્યું.

જ્ઞાનીઓ બોધમાં તો બધી વસ્તુઓ કહે છે, પણ એને સમજાય નહીં કે આ મારે કામની છે. મારે એની તલવાર છે. એને ભાલો વાગે તેમ જ્ઞાનીનાં વચનો ખૂંચ ખૂંચ થતાં નથી. પૂછ પૂછ કર્યાથી થાય એવું નથી. પ્રેમ વધાર. ''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં.'' પ્રેમ વધશે ત્યારે કામ થશે. છ પદમાં સમકિત રહ્યું છે, સમકિત થાય એવું કહ્યું છે; પણ જીવને ઝેર નથી ઊતરતું. 'મારું-તારું' થયું છે તે બધું ઝેર ઊતરતું નથી. જ્ઞાનીનાં વચનો સાંભળે છે, તોય ઝેર ઊતરતું નથી. ઊતરવું જોઈએ. 'આત્મા છે' એમ કહ્યું, પણ કંઈ 'કાકો, મામો છે' એમ નથી કહ્યું. આત્મામાં કાકો, મામો કશું છે નહીં. દૃષ્ટિ ફેરવવાની છે. દેહદૃષ્ટિ છોડાવી જ્ઞાનીને આત્મા દેખાડવો છે. જે સાચું છે તે માન. ખપી જોઈએ. જે કહે તે પકડનારા નથી. ભૂલ એક માન્યતાની છે. એવું માનતો નથી.

જડ છે તે જડ છે અને ચેતન છે તે ચેતન છે. જીવ આત્માને અને જડને એક માને છે. તે ભેદ પાડવા જ્ઞાનીઓ કહે છે. આ બધું પલટાવી, ભૂલાવી 'આ મારો સાક્ષાત્ આત્મા જ છે' એમ જ્ઞાનીને કરાવવું છે. જે વસ્તુ જ્યાં છે ત્યાં જ્ઞાનીની દૃષ્ટિ છે, પણ એને યોગ્યતા હશે તો ઉઘાડીને આપશે. પ્રમાદ કરવાનો નથી, તેમ ઘણી ઉતાવળ પણ કરવાની નથી. (૨૯થી ૩૫)

**[વ૦૯૫૮](વ્યાખ્યાનસાર - ૧)** ૬૦૨ શ્રીમદ્ રા.આ.અગાસ,આસો સુદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી–ભગવાને દયાનું બહુ વર્ણન કર્યું છે. કોઈ પણ જીવને હણવો નહીં, દુભવવો નહીં. ચારે ગતિમાં જીવને દુઃખ છે. જ્યાં સુધી ચિત્તની અસ્થિરતા છે, ત્યાં સુધી દુઃખ છે. મરચાનાં જીવો મરચામાં આનંદ માને છે. ગોળમાં ઉત્પન્ન થનારાં, ગોળમાં આનંદ માને છે. દેવોને પણ જુદા જુદા ધર્મોના સંસ્કાર હોય છે.

મુમુક્ષુ–આ બધું દેવોનું વર્ણન કર્યું, તે શા માટે ?

પૂજ્યશ્રી–ચારે ગતિમાં દુઃખ છે. વૈરાગ્ય થવા માટે વર્ણન છે. પૂર્વભવમાં આત્મા હતો એની

સાબિતી કરવા માટે પણ એમાં વર્ણન છે. જે કર્મ કરે તે ભોગવવાં પડે છે, એમ સિદ્ધ કરવા માટે પણ વર્ણન છે. (૨૯થી ૩૫)

મોક્ષને માટે જે જાણવાનું છે તે 'જ્ઞાન' છે. સાત તત્ત્વ કે છ દ્રવ્ય એ પ્રયોજનભૂત છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનમાં પ્રવૃત્તિ થાય તે ચારિત્ર છે. સાતમે ગુણસ્થાનકે અપ્રમત્ત યોગ હોય છે. જેટલો આત્માનો વિકાસ કરવો હોય તેટલો થાય. મોક્ષ ન થાય એવું માનવાની જરૂર નથી. જેટલું થાય તેટલું કરવું.

પાપ પ્રવૃત્તિ રોકવી. તે મનથી, વચનથી અને કાયાથી કરે નહીં, કરાવે નહીં, અનુમોદે નહીં, એમ નવ કોટીથી સામાયિક કરવાનું કહ્યું છે. તે આત્મસ્થિરતા થવા માટે કહ્યું છે. બધા વિકલ્પો મૂકવાના છે.

ક્ષાયિક સમ્યગ્દર્શન થાય ત્યારે સાત પ્રકૃતિ ક્ષય પામે. પછી અપ્રત્યાખ્યાનાવરણીય જાય ત્યારે વ્રત આવે; શ્રાવક થાય, પછી સામાયિક આવે. કટાસણું પાથરીને બેસવાથી સામાયિક થતું નથી. થોડીકવાર સમભાવમાં રહે તો આનંદ આવે. પોતાના સ્વરૂપમાં રહે તો આનંદ આવે. પાંચમેથી ભાવ વૃદ્ધિથી સાતમે જાય છે. વૃત્તિઓ સ્થિર કરતાં જીવને આવડે તો આગળ રસ્તો બહુ સુલભ છે. સ્થિરતા ટકે તો કેવળજ્ઞાન દૂર નથી, પણ એ તલવારની ધાર જેવું છે. મોક્ષમાર્ગમાં જીવો ચાલ્યા જ કરે છે. કોઈ છઠ્ઠે, કોઈ સાતમે, કોઈ શ્રેણીમાં, કોઈ મોક્ષ જતા હોય, એમ મોક્ષમાર્ગમાં જીવો ચાલ્યા જ રહે છે. (૩૮થી ૪૩)

બાહ્યક્રિયાને જ્ઞાનીઓ નિષેધતા નથી. તે કરતાં અંતરનો ભાવ વિશેષ છે, પણ તમે ક્રિયાઓ ન કરો એમ ન કહે. શુષ્કજ્ઞાનીઓ ક્રિયાનો નિષેધ કરે છે. જ્ઞાનીની આજ્ઞાથી વિરુદ્ધ વર્તવાનું થાય નહીં, એવું કરવાનું છે. ઘણી વાર ચારિત્ર પાળવા છતાં જીવનો મોક્ષ ન થયો. તેથી કંઈ ચારિત્ર ન લેવું એમ કહેવું નથી, પણ એમાં કંઈક રહી જાય છે, તે ભૂલ કાઢવા કહેવું છે. મિથ્યાત્વની ગાંઠ મૂકવા કહેવાનું છે. માત્ર ક્રિયામાં જ રાચી ન રહેવું. એકલી ક્રિયાથી મોક્ષ નથી, એમ કહ્યું છે, પણ તેથી કંઈ ક્રિયા ન કરવી એમ કહેવું નથી, પણ એમાં કંઈક રહી જાય છે તે કહેવા માટે જ્ઞાનીઓ કહે છે. કોઈ જીવને દુઃખી કરવો, એવા ભાવ જેને રહ્યા નથી, જે સર્વ જીવોના દાસ છે, સર્વ જીવો પ્રત્યે દાસભાવવાળા છે, તે જીવોને દુઃખી કરવા કંઈ કહે નહીં. જ્યાં સુધી ગૃહસ્થ અવસ્થા છે ત્યાં સુધી કેમ વર્તવું? કૃપાળુદેવ કહે છે કે અમે ઉપદેશ કરતા નથી. બહુ વિચાર કરીને આગળ પાછળ કોઈનું અહિત ન થાય એમ વર્તે છે. શાથી કલ્યાણ થાય? તે જ્ઞાની જાણે છે. બીજા જીવો તો બાહ્યથી કહે છે. (૪૪થી ૪૮)

બારમા ગુણસ્થાન સુધી જ્ઞાનીપુરુષોના વચનોનું અવલંબન હોય છે. જ્ઞાનીની આજ્ઞાએ વર્તે તો સ્વચ્છંદ પણ વિલય પામે અને એ જ ચારિત્ર છે. જ્ઞાનીનાં વચનના આશ્રયે વર્તવું. એ અવલંબન છે. એ બારમા ગુણસ્થાન સુધી છે. આ સંસારમાં ઘણા ખાડા ખોચરા છે. સ્વચ્છંદે વર્તવાથી વૃત્તિઓ ક્ષય થતી નથી, પણ પોષાય છે. સ્વચ્છંદ જ પોષાયા કરે છે. પોતાને ઠીક લાગે તેમ વર્તે તેથી અહંકાર વધે, ડહાપણ વધે. કંઈક સરળ જીવ હોય અને કંઈક રિદ્ધિ-સિદ્ધિ પ્રગટે તો પછી પડે તો વધારે પછડાટ લાગે. સ્વચ્છંદનાં પરિણામ આવાં આવે છે. (૪૯-૫૦)

છ પદની શ્રદ્ધા જેને થાય છે તેને સમ્યગ્દર્શન થાય છે. એ મૂળ વસ્તુ છે. એમાં શંકા કરવા જેવું નથી. છ પદનો નિર્ણય થયો તો પછી એને શંકા ન થાય. કદાચ થાય તો તે આશંકા કહેવાય છે. છ પદમાં જો શંકા થઈ તો મિથ્યાત્વ આવે અને ક્યાં સુધી આવશે તેની ખબર નથી. ખાવું-પીવું અને લહેર કરવી એમ થઈ જાય. આત્મા છે એમ માને, પણ વિચાર કરી નિર્ણય ન કર્યો હોય તો ફરી જાય. જેવો સંગ મળે તેવો થઈ જાય. ''કર વિચાર તો પામ.'' વિચાર વગર એમનું એમ માની બેસે તો ફરી જાય. ઓઘે ન માનવું, એમ નથી. સ્યાદ્વાદ છે. જેટલી જેટલી યોગ્યતા વધે તેટલા તેટલા વિચાર આવે છે. (૫૧-૫૨)

મતિ, શ્રુતને ઇન્દ્રિયોનો આધાર છે. જ્ઞાન માત્ર આત્માનું છે. શ્રુતજ્ઞાન છે એમાં અનુમાન છે. મનઃપર્યવજ્ઞાનમાં અનુમાન નથી. મનઃપર્યવવાળાને ઇન્દ્રિય અને મનની જરૂર નથી રહેતી. આત્માથી જાણે છે. અતીન્દ્રિય જ્ઞાનથી જાણેલું ખોટું પડતું નથી.

સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હોય તો સાત ભવ દેવના અને આઠ ભવ મનુષ્યના કરી મોક્ષે જાય, ન વમે તો. સમ્યગ્દર્શન જેને થયું છે તે વહેલે મોડે મોક્ષે જશે. વમે તો અર્ધપુદ્ગલપરાવર્તન થાય. (૫૩ થી ૫૬)

સમ્યક્ત્વનાં લક્ષણ—કષાયની ઉપશાંતતા તે શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા. એ બધાં સમ્યક્ત્વનાં લક્ષણો છે. મોક્ષ ભણી વલણ થાય તે સંવેગ અને સંસાર ઝેર જેવો લાગે તે નિર્વેદ. પોતા પર અને બીજા પ્રાણીઓ પ્રત્યે દયા તે અનુકંપા. પોતાના આત્મા પ્રત્યે તો વિશેષ દયા. અત્યારે જીવ આત્માનો વેરી થઈને વર્તે છે.

**''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત.''**

અનંત દુઃખ પામ્યો છે. કર્મથી જીવ કચરાય છે, તેની દયા આવતી નથી. સમ્યક્ત્વ થાય ત્યારે વિચાર આવે કે ક્યારે એને જન્મમરણથી મુકાવું. આત્મા દેખાતો નથી, તેથી એનો વિચાર પણ જીવને આવ્યો નથી. આત્માનો ઉદ્ધાર કરવાનો છે. જ્ઞાનીની શ્રદ્ધા થાય, બોધ થાય તો પોતાના આત્માની પણ દયા આવે. મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ, સત્પુરુષમાં શ્રદ્ધા થાય, એ બધું પોતાના આત્માની દયા જાગે ત્યારે થાય છે. (૫૭થી ૬૧)

મુમુક્ષુ—પરમાણુ જેવી સૂક્ષ્મ વસ્તુનું, ધર્માસ્તિકાયનું, કર્મગ્રંથિનું જે વર્ણન કર્યું છે તેનું શું કારણ છે?

પૂજ્યશ્રી—જીવ નવરો પડે તો ઘણાં કર્મ બાંધે. કંઈક હાથમાં કામ આવે ત્યારે એનું મન સ્થિર થાય. સૂક્ષ્મમાં સૂક્ષ્મ વર્ણન હોય તો વિચાર કરવો પડે. આ કર્મો કેમ બંધાય છે, કેમ ઉદયમાં આવે છે, એ જ્યારે જાણે ત્યારે લાગે કે અહો! કેવળજ્ઞાનથી કેવું જાણ્યું છે! એ કહેવાનાં સાત કારણો છે :

(૧) જેમ છે તેમ કહેવા માટે (૨) તે વસ્તુઓના વિચાર કરવા માટે (૩) તે વસ્તુની માન્યતા કરવા માટે (૪) સમ્યક્ત્વ થવા માટે (૫) જીવદયા પાળવા માટે (૬) જ્ઞાન થવા માટે (૭) દોષો ટાળી મુક્ત થવા માટે. જીવ મુક્ત થાય તેને માટે બધાં વર્ણનો છે. સત્પુરુષનો યોગ દુર્લભ છે, એમ સાંભળ્યું, પણ સાંભળીને કર્યું શું? જ્ઞાનીનું એક વચન પણ પકડાય તો તેની માઠી ગતિ ન થાય. સત્પુરુષનો યોગ મળવો તો સર્વ કાળમાં દુર્લભ છે, તો આ કળિકાળમાં દુર્લભ હોય એમાં કહેવું જ શું? એ સાંભળ્યું તો વિચાર કરવો કે દુર્લભ છે, માટે કામ કરી લેવું. જ્ઞાનીનું એક વચન પણ પકડાય તો એને માઠી ગતિમાં ન જવા દે. ફરી સત્પુરુષનો યોગ એને થાય. (૬૨)

[1]ભીલે માંસ ન ખાવાની પ્રતિજ્ઞાની પકડ કરી તો દેવ થયો. શ્રેણિક રાજા થયો ત્યારે અનાથી મુનિ મળ્યા, ત્યાં સમ્યક્ત્વ પામ્યો, મહાવીર ભગવાન મળ્યા, તીર્થંકર ગોત્ર બાંધ્યું. વિશ્વાસ આવ્યો તો પછી ભલેને નરકગતિ આવે, પણ મોક્ષ થશે. શ્રેણિક રાજા નરકમાં ગયા, પણ મોક્ષ થશે. આ બધું ફળ સત્સંગનું છે. જ્ઞાનીનો યોગ મળવો દુર્લભ છે; યોગ થાય તો પલટાઈ જાય. સત્સંગ થયો હોય તો વિશ્વાસ આવે કે 'આત્મા છે' અને એ વિશ્વાસથી જ મોક્ષ થાય છે. સાચી વસ્તુનો વિશ્વાસ આવે તો એનો મોક્ષ થાય.

જ્ઞાનીએ આત્મા જાણ્યો છે, પ્રગટ કર્યો છે. મારો આત્મા પણ એવો જ છે. એમ પરોક્ષ શ્રદ્ધા થાય તો પછી પરોક્ષમાંથી પ્રત્યક્ષ થઈ જાય. મજીઠનો રંગ કપડું ફાટી જાય, પણ જાય નહીં. એવો ધર્મનો રંગ દૃઢ કરવાનો છે. દેહ જાય, પણ સમ્યક્ત્વ ન જાય એવું કરવાનું છે. આત્માર્થમાં ખોટી થવું. આત્માનું હિત થતું હોય તો ભલે બરછીઓ મારે, ભાલાના વરસાદ વરસે તોય ખસવું નહીં. બીજાનાં વચનો સહન કરવાં તે બરછી કરતાં વધારે છે. લડાઈમાં બરછી સહન કરે, પણ વચન સહન ન કરે. સાચા મોતીની મુઠ્ઠી મુઠ્ઠી લહાણી અસત્સંગમાં મળતી હોય, તો પણ ત્યાં ન જવું. કુસંગથી જીવ કેવો થાય છે! અને થોડા સત્સંગથી કેવું થાય છે! તેની આ વાત છે. (પછી રોહિણીયા ચોરનું દૃષ્ટાંત કહ્યું).

**[વ૰ ૯૫૮] (વ્યાખ્યાનસાર - ૧)** ૬૦૩ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાન; મોહ નહીં. રાગ-દ્વેષ વગરનું જ્ઞાન.

આત્માની વિચારણા કૃપાળુદેવે કેવી કરી છે! વિચારતાં વિચારતાં એમણે સહજસ્વરૂપ શોધી કાઢ્યું. સહજસ્વરૂપમાં કશો વિકલ્પ ન આવે એવી ચમત્કૃતિ છે. ઉપાધિમાંય એમણે સમાધિ ભોગવી છે. (૧૨૬)

પ્રતિમા જોઈને ભગવાનને યાદ કરવા કે ભગવાન સમવસરણમાં કેવા શાંત બેસતા હતા! કૃપાળુદેવે પ્રતિમા જે નહોતા પૂજતા તેમને પ્રતિમા-પૂજક કર્યા અને જે પ્રતિમાપૂજક હતા તેમને ભગવાનને પૂજતા કર્યા, એટલે પ્રતિમાના જે વિરોધી હતા તેમને પ્રતિમા માનવાવાળા કર્યા અને પ્રતિમાના માનનારાઓને ભગવાનની માન્યતા કરાવી. બધા આગ્રહો છોડાવ્યા. કૃત્રિમ પ્રતિમા એટલે બનાવેલી પ્રતિમા અને અકૃત્રિમ એટલે ત્રણે કાળ રહે એવી પ્રતિમા. મહાવિદેહ, મેરુ વિગેરે પર્વતો ઉપર શાશ્વત પ્રતિમાઓ છે. ભરતચક્રી મહાવીર પહેલાં થયા હતા, પણ તેમણે મહાવીરની પ્રતિમા કરાવી હતી. (૧૨૮)

**[વ૰ ૯૫૯] (વ્યાખ્યાનસાર - ૨)** ૬૦૪ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૩, સં. ૨૦૦૮

મુમુક્ષુ– જ્ઞાનચેતના, કર્મચેતના અને કર્મફળચેતના એટલે શું?

પૂજ્યશ્રી– જેને આત્મભાવની મુખ્યતા છે, 'હું' આત્મા છું, અસંગ છું એવી આત્માની જેને મુખ્યતા છે, તે જ્ઞાનચેતના છે. જે જીવો 'હું કરું છું, મેં કર્યું, આ મારું છે' એવા ભાવવાળા છે, તેની જેને મુખ્યતા છે, તે કર્મચેતના છે અને જે જીવો એકેન્દ્રિયાદિ છે તેઓને કર્મ ભોગવવાનું મુખ્યપણું છે; એટલે કર્મનાં ફળ ભોગવે છે, તેઓ પણ કર્મ તો બાંધે છે, પણ મન નથી, તેથી કર્મ બાંધવાની વિશેષતા નથી, તે જીવો કર્મફળચેતનાવાળા છે. (૧૩/૨૪)

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ બોધામૃત ૧ પૃષ્ઠ ૩૮૩.

**[વ૰ ૯૫૯] (વ્યાખ્યાનસાર - ૨ )** (સાંજના સભામાં) ૬૦૫ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૪, સં. ૨૦૦૯

ચક્રવર્તીની સમજણ અને ભિક્ષુની સમજણમાં ફેર છે. ચક્રવર્તી પુણ્ય બાંધીને ચક્રવર્તી થયો છે. એને સમ્યક્ત્વ છે તેથી એ બધું છોડીને ચાલ્યો પણ જાય, પણ ભિક્ષુને કંઈ સમજણ નથી તેથી એને તૃષ્ણા વધારે છે. અને તેથી એ નાનું ઘર જેવું હોય તોય છોડી શકે નહીં. તૃષ્ણા જો અંદર છે તો એને નિરાંત નથી. ભિખારી છે તેને કંઈ ચિંતા નથી. તેમ છતાં એને ભય રહ્યા કરે છે કે મારી ભિક્ષા કોઈ લઈ ન જાય. જીવને નજીવી વસ્તુઓની તૃષ્ણા થયા કરે છે. તૃષ્ણાનું દુઃખ કેવું છે ? તે પોતાને જ ખબર પડે છે. એક પૈસો ખોવાઈ ગયો હોય તો આખો દિવસ ચિંતા-ફિકર કરે, તેની શોધ કરે. (૧૮/૧)

અંબાલાલભાઈ કૃપાળુદેવની સેવામાં મુંબઈ હતા. પછી ત્યાંથી ખંભાત આવ્યા ત્યારે એમને બહુ વૈરાગ્ય રહે તેથી ખાવાનું ગમે નહીં, પીવાનું ગમે નહીં, તે વખતે એમણે સમ્યક્ત્વનાં પાંચ લક્ષણોવાળો પત્ર વાંચ્યો, તેથી એમને લાગ્યું કે એ ગુણો કહ્યા છે તે આપણને માન્ય તો થાય છે. 'દેહથી હું ભિન્ન છું' એમ એમને દૃઢ થઈ ગયું તેથી એમને આનંદ થયો. 'દેહથી હું ભિન્ન છું' એમ એમને સ્પષ્ટ સમજાતું. સાત દિવસ સુધી એમને એમ રહ્યું, ત્યારે વિચાર થયો કે કૃપાળુદેવને જણાવું, પછી કાગળ લખ્યો. અને તેની નીચે સહી કરી કે — લિ. દેહથી ભિન્ન.

કૃપાળુદેવે લખ્યું કે તમને અંતર્મુખવૃત્તિ થઈ છે તે પોષવાયોગ્ય છે. (૧૮/૨)

**[વ૰ ૯૬૦] (હાથનોંધ ૧/૭)** ૬૦૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૭, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— આત્મદ્રવ્ય હું એક છું, નિશ્ચયથી એક છું, પરવસ્તુથી અસંગ છું, છ દ્રવ્યોમાનું હું એક ચેતનદ્રવ્ય છું, તેથી એક છું. નિશ્ચયથી જ્ઞાન, દર્શનાદિ ભેદ નથી. બીજા દ્રવ્યોથી અસંગ છું, એ ક્યારે કે પર તરફ દૃષ્ટિ જાય ત્યારે, નહિ તો આત્મા અખંડ છે. બીજા સાથે સંબંધ નથી.

આત્માને સાધવો હોય તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી જાણવો જોઈએ. આત્મા કેવો છે ? એ શ્રદ્ધા કરવાની છે.

દેહથી ભિન્ન છે, અસંગ છે, અસંખ્યાત પ્રદેશ તે એની અવગાહના છે. આખા લોકાકાશમાં વ્યાપે એવી શક્તિ છે. નિશ્ચયથી અજર-અમર છું. સમયે સમયે સ્વરૂપમાં પરિણમું છું. દ્રવ્યથી એક સમયમાં જે છે તે જ આત્મા શાશ્વતકાળ રહે છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભાવથી આત્મા છે. વ્યવહારથી જ્ઞાતા દૃષ્ટા છું. રાગ-દ્વેષ કરવા એ મારું કામ નથી. ભાવમાં પોતાના ગુણો હોય છે. શુદ્ધ ચૈતન્ય જ્ઞાન દર્શન બધા ગુણો આત્મામાં છે, એવો અખંડ દ્રવ્ય છું. બીજાની સાથે મારે સંબંધ નથી. હું અસંગ છું, બીજા આત્માની સાથે મારે સંબંધ નથી. મારું સ્વરૂપ જે જ્ઞાનમાં દેખાય તે જ છે. આ મહત્ત્વવાળી વાત છે, સાંભળીને જતી કરવાની નથી. કૃપાળુદેવને વારંવાર એ વિચારો આવતા. પોતાની વસ્તુ ભૂલાય નહીં. ઘૂંટવા જેવું છે. ભાવથી શુદ્ધ ચૈતન્ય દૃષ્ટા છે. જીવનું લક્ષણ ચૈતન્યપણું છે. સંયોગને લઈને વિભાવ પરિણામ દેખાય છે. સંજોગને લઈને વિભાવ છે, પણ સર્વ ભાવથી મુક્ત છું એવી પ્રતીતિ કરવાની છે.

"શું સ્વરૂપ છે મારું ખરું ?" એની પ્રતીતિ કરવાની છે. ઈશ્વરપણું, મનુષ્યદેહે પ્રાપ્ત થવા યોગ્ય છે. જીવનો શિવ થાય છે. વ્યવહારથી જ્ઞાનાદિ ભેદરૂપ આત્મા કહેવાય છે. લોકાલોકને જાણે

એવું આત્માનું જ્ઞાન છે. દેહમાં રહ્યા છતાં કેવળી બધું જાણે છે. જ્ઞાનની અપેક્ષાએ સર્વ વ્યાપક છે. દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે. પર્યાયની દૃષ્ટિએ અનિત્ય છે. લોકાકાશ અસંખ્યાત પ્રદેશાત્મક છે. અલોકના પ્રદેશ અનંત છે. પાર ન આવે. એનું માપ નથી. તો શું હશે? જગ્યા આપનાર છે, પણ ત્યાં કોઈ જઈ શકતું નથી. કેવળી ભગવાને જ્ઞાનમાં જોયું છે.

મુમુક્ષુ– ત્યાં કોઈ આત્મા જઈ શકે એવી શક્તિ ન હોય?

પૂજ્યશ્રી– જવાની ઇચ્છા પણ ન થાય અને જઈ પણ ન શકે.

''પુદ્‌ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત.'' (દે૦ ૪) પુદ્‌ગલનો અનુભવ છોડે તો આત્મસુખનો અનુભવ થાય. ક્ષણ માત્ર અસંગ રહેવા ત્રણ લોકને જીતવા કરતાં વધારે બળ જોઈએ. કૃપાળુદેવે બનારસીદાસની દશાની વાત લખી છે. બનારસીદાસે જે વચનો કહ્યાં છે તે સહજે સાચાં કહ્યાં છે. જ્ઞાની અને તેમનાં વચનો પર જેમ જેમ વિચાર બેસે તેમ તેમ સંસારમાં ખાવું-પીવું વગેરે ખોટું લાગે. અંતરંગ ભાવ કરવા હોય તો કરાય છે. જેટલો આરંભ-પરિગ્રહ ઓછો તેટલો વધારે સુખી. જેમ જેમ રુચિ વધશે તેમ તેમ વધારે કામ થશે. પરિભ્રમણ કરવું એ એનો સ્વભાવ નથી, પણ કર્મને લઈને કરવું પડે છે. કર્મ મટે તો સ્થિર થાય છે. દ્રવ્યદૃષ્ટિ થાય તો બીજી દૃષ્ટિ ન રહે. આત્મા જોવાની દૃષ્ટિ કરવાની છે. દેહ જોવાની દૃષ્ટિ છે, તે આત્મા જોવાની કરવાની છે. કર્મ રહિત અવસ્થા એ જ ખરું સ્વરૂપ છે. કર્મ કૃત્રિમ છે. દ્રવ્યથી હું એક જ છું. એક અખંડ વસ્તુને સમજવા માટે જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ કહેવાં પડે છે, પણ ભેદ નથી. અસંખ્યાત પ્રદેશાત્મક છે. અનંતગુણો આત્મામાં છે.

ભગવાન મહાવીરના વખતમાં એક સાધુ હતો. તેણે ભગવાનને કહ્યું કે આત્માના બે, ત્રણ કે પાંચ પ્રદેશ છે. તેમાં છેલ્લો પ્રદેશ છે તે જ આત્મા છે. પછી તે સાધુ નિહ્નવ થઈ ગયો. એક દિવસે રાજાએ તે સાધુને જમવા માટે ઘેર બોલાવ્યો ત્યારે સાધુ જમવા આવ્યો. રાજાએ ભાતનો એક છેલ્લો દાણો આપ્યો ત્યારે સાધુ સમજી ગયો. કોઈપણ દ્રવ્યમાં પ્રદેશ છૂટા પડતા નથી. ગરોળીના બચ્ચાંની પૂંછડી કપાઈ જાય છે, તોય તેની પૂંછડી જુદી પડ્યાં છતાં ચાલે છે, કેમકે જ્યાં સુધી પ્રદેશ ન સંકોચાય ત્યાં સુધી ચાલે છે. પ્રદેશની હાર થાય છે. અરૂપી પદાર્થ છે, દેખાય નહીં.

**[વ૦ ૯૬૦] (હાથનોંધ ૧/૬૦)** (બપોરના) ૬૦૭ શ્રીમદ્ રા. આ. અગાસ, પોષ વદ ૧૧, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી– મનોયોગમાં જેવા જેવા વિચાર કરે તેવો આત્મા ભાસે. જીવની વૃત્તિ, વિષયો અનિત્ય છે તેમ છતાં તેમાં ને તેમાં જ રહે છે. આત્મા ત્રણે કાળ રહે એવો છે, એવું એને સમજાતું નથી. દૃષ્ટાંત તરીકે– જેમ કે કોઈ કન્યાને એક પુરુષ સાથે પરણાવી પછી તે તેની (પુરુષની) જ ચિંતામાં પ્રવર્તે છે, પણ આત્મા નિત્ય છે એમ તેને (આ જીવને) લાગતું નથી. વૈરાગ્યની જરૂર છે. આસક્તિ થાય તેથી બુદ્ધિ ટૂંકી થાય છે. મોહ છે તે નિત્યતાને સમજવા દેતો નથી. આત્મા નિત્ય છે એવું નથી ભાસતું. આત્મા ત્રણે કાળ રહે એવો છે, એવું ન થાય ત્યાં સુધી જીવની વૃત્તિ વિષયોમાં છે એમ જાણવું. જ્ઞાનીપુરુષે કહ્યું છે કે આત્મા કદી મરતો નથી. દેહમાં વૃત્તિ હોય ત્યાં સુધી આત્મા નિત્ય નથી ભાસતો. દેહ છૂટશે તો હું મરી જઈશ એમ થાય છે. જુદા જુદા ધર્મો થવાનું કારણ એ જ છે કે જેવો આત્મા વિચાર્યો તેવો લાગ્યો. મોહ હોય ત્યાં સુધી એવું જ દેખાય છે. કેવળજ્ઞાનીએ

મોહને દૂર કર્યો છે, તેથી જેવો છે તેવો જ આત્મા તેમને ભાસ્યો છે. વિચારવાનને આત્મા વિચારવાન લાગે છે, પણ એ વિચાર તો મનોયોગ હોય ત્યાં સુધી છે. જગતમાં કશું નથી, એમ કરી બેસી રહે તો કશું નથી એમ લાગે. બધું ભૂલી જાય. આત્મા નિત્ય છે, એમ લાગે તો એની વૃત્તિ ત્યાં જ રહે. જેમ હોય તેમ કહે તે સ્યાદ્વાદ છે. મોહ ક્ષય કરવો એ મારું કામ છે. પછી જેવો હશે તેવો આત્મા દેખાશે. કોઈ પદાર્થ એકઠા થઈ ચૈતન્ય ઉત્પન્ન થાય છે એમ નથી. એવું કંઈ દેખાતું નથી, માટે આત્મા અનુત્પન્ન છે. આત્મા સંયોગી દ્રવ્ય નથી. સંયોગી દ્રવ્ય હોય તો બીજા દ્રવ્ય મળી ઉત્પન્ન થાય. આત્મા એ સંયોગથી ઉત્પન્ન થતો નથી. આત્મા અમિલન સ્વરૂપ છે. એ કોઈમાં ભળે એવોય નથી.

**"ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ,**
**ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ."**

વિશાળબુદ્ધિ રાખીએ. 'આત્મસિદ્ધિ' બહુ સુંદર ગ્રંથ છે. મોઢે કરવા જેવો છે. રોજ કંઈ ભક્તિ કરીને કંઈક ગોખીએ. આગળ આગળ વધતા રહેવું. પ્રમાદ ન કરવો. જ્ઞાનીપુરુષોના વચનો મુખપાઠ કર્યાં હોય તો સારા વિચાર આવે, નહીં તો આડા અવળી જગતના વિચારો આવે.

**[વ० ૯૬૦] (હાથનોંધ ૨/૧૦)** ૬૦૮ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— આત્માનું સહજ સ્વરૂપ છે. કર્મને લઈને વિભાવરૂપ છે. જેમ સ્ફટિક રત્ન કાળી વસ્તુ ઉપર પડ્યું હોય તો કાળું દેખાય છે, પણ જો ઊંચું લઈને દેખીએ તો શ્વેત દેખાય. વિભાવથી રહિત આત્માનું સ્વરૂપ છે. સહજસ્વરૂપ એટલે વિભાવથી રહિત સ્વરૂપ. આત્મામાં શુદ્ધાશુદ્ધની કલ્પના નથી, પણ કર્મના યોગે એમ કહેવું પડે છે. આત્મા મનુષ્ય નથી. આત્મા, આત્મા જ છે. ઘણીવાર કીડી, મંકોડો થયો. ઘણીવાર મનુષ્ય પણ થયો; પણ આત્મા કીડી, મંકોડો કે મનુષ્ય નથી.

કૃપાળુદેવે ઘણો વિચાર કરીને લખ્યું છે. એકાંત આત્મવૃત્તિ એટલે આત્મામાં જ વૃત્તિ રહે, બીજામાં વૃત્તિ ન જાય. એક આત્મામાં જ રહેવું. આત્મામાં એકાંત વૃત્તિ એ જ સ્વરૂપ ખરું છે. એકાંત આત્મા છે. કેવળ એક આત્મા જ. બીજા આત્માની પંચાત નહીં. એક પોતાના આત્માની જ ભાવના. આત્મા સિવાય બીજું કંઈ નહીં. બીજી કોઈ વસ્તુ અંદર પેસે નહીં. શુદ્ધ આત્મા પછી સહજાત્મા છે. તે કેવો છે? તો કે નિર્વિકલ્પ, શબ્દથી રહિત એટલે કોઈ શબ્દ આત્માને કહી શકે નહીં. આત્મા શું છે તે જાણ્યો નથી. શબ્દોથી વા અર્થોથી જણાય એવો નથી. આત્મા સહજસ્વરૂપી છે. સંબંધ રહિત છે. સહજાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યનો સ્વામી છે. આત્માનું બીજું કશું નથી. ગંધ, સ્પર્શ વગેરે પુદ્ગલના ગુણો એમાં નથી. અત્યારે ઘરનો, સ્ત્રીનો સ્વામી છે એમ કહે છે, પણ ભગવાન તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના સ્વામી છે. આત્મા આજ્ઞા સહિત કરે તો ધર્મ પરિણમે. ૐકારને આજ્ઞા સહિત યોગી પુરુષો આરાધે છે. આજ્ઞા સહિત આરાધે તો મોક્ષ અને ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય. મોક્ષ ન થાય ત્યાં સુધી દેવાદિ ગતિ મળે. મોક્ષથી ખરું સુખ થાય છે.

યોગી એટલે શું? મોક્ષમાર્ગને સાધનાર તે યોગી છે. આજ્ઞા સહિત ૐકારનું યોગીઓ ધ્યાન કરે છે, તે ૐકાર ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરાવે છે અને મોક્ષ પણ પ્રાપ્ત કરાવે છે. ૐકાર છે તે

સહજાત્મસ્વરૂપ છે. સહજાત્મસ્વરૂપ એટલે શું?

૧. મુમુક્ષુ– આત્માનું શુદ્ધ સ્વરૂપ તે.

૨. મુમુક્ષુ– આત્માનું સહજ સ્વરૂપ તે સહજાત્મસ્વરૂપ.

પૂજ્યશ્રી– વિભાવથી રહિત એવું જે સહજસ્વરૂપ છે તે.

**[વ૦ ૯૬૦] (હાથનોંધ.૨/૧૪)** ૬૦૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૭, સં. ૨૦૦૮

સત્ય ધર્મ તે પોતાને અને બીજાને પણ લાભ કરે છે. જેણે સ્વરૂપ પ્રાપ્તિ કરી છે તે જ કરાવી શકે. ધર્મ ધર્મ કહેવાય છે, પણ ધર્મ રહ્યો નથી. પોતાને અને પરને ઉપકાર કરે એવો ધર્મ કહેવાય છે. ધર્મની જગ્યાએ મતમતાંતર થઈ રહ્યા છે. આજે સ્તવનમાં આવ્યું હતું કે,

**"ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે.**
**ઉદર-ભરણાદિ નિજ કાજ કરતા થકા, મોહ નડિયા કલિકાલ રાજે."** (આ૦ ૧૪)

આનંદઘનજીના વખતમાં પણ એવું હતું. મહાવીરનો કહેલો પરમ શાંત રસમય ધર્મ રહ્યો નથી. ખંડ-વિખંડ થઈ ગયો છે. પ્રભાવશાળી પુરુષો હોય તે એક ધર્મ કરી શકે છે, પણ આ કાળમાં તે પ્રભાવમાં ઘણા અંતરાય છે. કૃપાળુદેવે ભગવાનનું શાસન અખંડિત રહે એવા ઘણા વિચાર કરેલા. ભગવાને કહ્યું કે રાગ ન કરશો, પણ રાગ કરે છે. ભગવાને શું કહ્યું છે? એનું મૂળ ભાન જીવને નથી. ભગવાને કહ્યું છે તે હું માનું છું એમ માને પણ મારે ભગવાનનું કહેલું સમજવું છે, એવા જીવો થોડા છે. રાગી-દ્વેષી માર્ગને અનુસરે છે અને કહે છે કે વીતરાગને માનું છું. વીતરાગતાનો લક્ષ ન હોય, સ્પર્શ ન હોય તે ધર્મ નથી. કોઈ સમજાવનાર હોય તોય સમજે નહીં.

**"જાતિ, વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;**
**સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય."**

એમ કહ્યું છે, પણ હમણાં તો જાતિ, વેષની વિશેષતા છે. બાહ્ય દૃષ્ટિ છે તે સાચી વસ્તુ સમજવામાં અંતરાય કરે છે. વેષધારીઓને–

**"બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય;**
**અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ."**

એ ગાથા ઘણા જીવોને ખૂંચે છે, કારણ કે વેષનો તો એમાં મહિમા બતાવ્યો નથી, એમ લાગે છે. સાચી વસ્તુ ખોટી લાગે છે. મહાપુરુષો પોતાના દોષ હોય તે બહાર કાઢી વલોવે છે અને બીજા તો ઢાંકે છે. કૃપાળુદેવ લખે છે કે મતમતાંતર જતા રહે, વીતરાગ ધર્મ બધે ફેલાય એવી નિષ્કારણ કરુણા છે, તેથી માર્ગોદ્ધાર કરવાની ઇચ્છા છે.

**[વ૦ ૯૬૦] (હાથનોંધ ૨/૧૬)** ૬૧૦ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૧૦, સં. ૨૦૦૮

એવંભૂત એટલે જેવું છે તેવું. આત્મા સિદ્ધ સમાન છે એ જ ખરું સ્વરૂપ છે. એવી દૃષ્ટિ રાખીને તારા પરિણામ સુધાર. સંપૂર્ણ સિદ્ધ સ્વરૂપનો લક્ષ રાખીને વર્તમાનમાં વર્ત્ત. વર્તમાન તપાસીને સિદ્ધ સુધી જવાનું છે એવી દૃષ્ટિ કર. નૈગમનય એ કલ્પના અથવા સંકલ્પ છે. કોઈ

અમદાવાદ ગયો હોય અને પહોંચ્યો ન હોય તો પણ ગયો કહે, તે નૈગમનયની અપેક્ષાએ કહ્યું છે. સિદ્ધ સ્વરૂપ દશા પ્રાપ્ત કરવા ઊઠ્યો હોય ત્યારે કહે કે સાધુ થયો છે પણ સાધુ થયો નથી; ઊઠ્યો છે. પોતાનું મૂળ સ્વરૂપ જેવું છે તેવું વિચારીને સાચી વસ્તુ તરફ જા. જીવને લાભ થાય એ માટે એ વચનો લખ્યાં છે. સંકલ્પ થયો તો પૂરો કર. જીવ એક છે એમ કહેવાય છે. તે જાતિ અપેક્ષાએ કહેવાય છે. એમ એક જીવ કહે એમાં બધાય આવ્યા. તે સંગ્રહનય છે. એથી પાછો જેવો છે તેવો થા. પોતાના આત્માને વિશુદ્ધ કર. વ્યવહારમાં મુનિ ભગવાન કહેવાય. આચાર્ય, ઉપાધ્યાય પણ ભગવાન કહેવાય છે તે વ્યવહારનયથી છે, પણ ખરો ભગવાન તો તે રૂપ થાય ત્યારે થાય. એવંભૂત નય જેવું વર્તમાનમાં હોય તેવું જ કહે. જેમ કોઈ પૂજારી હોય તે નાહવા જાય ત્યારે પૂજારી ન કહેવાય. એટલે જેવો શબ્દથી મુમુક્ષુ કહેવાય છે તેવો સાચો મુમુક્ષુ થા. શુદ્ધના વિકલ્પ ભૂલી જા.

**[વ૦ ૯૬૦] (હાથનોંધ ૨/૧૭)** ૬૧૧ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૧૦, સં. ૨૦૦૮

આત્મામાં આત્મા એવો શબ્દ જ નથી. ''હું અસંગ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું.'' અસંગ થવાનું છે. જીવે એવી ભાવના કરવાની છે.

**''વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ''**

મારું તારું આભાસ છે, ખરું તો છે નહીં. જેને ભેદ પડ્યો છે તેને આ જુદું લાગે છે. ''કલ્પિતનું આટલું બધું માહાત્મ્ય શું?'' (૫૭૬) જન્મમરણ કરવાનું કારણ મારું-તારું છે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. જંગલમાં બેઠા બેઠા મુનિઓ આત્માનું ચિંતન કરે છે. આત્મા પ્રાપ્ત કરવા જેવો છે, પુરુષાર્થ વિના સિદ્ધ થાય એમ નથી; એમ ઉપનિષદમાં વચનો છે. એવાં આ કૃપાળુદેવે પણ છૂટક છૂટક વચનો લખ્યાં છે.

**[વ૦ ૯૬૦] (હાથનોંધ ૨/૧૮)** ૬૧૨ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૧૦, સં. ૨૦૦૮

કૃપાળુદેવને પરને અનુગ્રહ થાય એવી વૃત્તિ હતી. કૃપાળુદેવ કહે છે કે તું પહેલાં ચૈતન્ય જિનપ્રતિમા થા. તો પછી બીજાના ઉપર અનુગ્રહ થશે. ચૈતન્ય પ્રતિમા થવાનો કાળ છે? તો કે એવી કલ્પનાથી નિર્વિકલ્પ થા; કાળને એક બાજુ મૂક; શૂરવીર થા.

**[વ૦ ૯૬૦] (હાથનોંધ ૨/૧૯)** ૬૧૩ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૧૦, સં. ૨૦૦૮

જે નડે છે તેને કૃપાળુદેવ કહે છે કે—

''હે કામ! હે માન! હે સંગઉદય! હે વચનવર્ગણા! હે મોહ! હે મોહદયા! હે શિથિલતા! તમે શા માટે અંતરાય કરો છો? પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ, અનુકૂળ થાઓ.'' હવે ચૈતન્ય જિનપ્રતિમા થવું છે અને આ પાછળ પડ્યા છે.

મુમુક્ષુ—મોહદયા એટલે શું?

પૂજ્યશ્રી—મોહ પોષાય અને કહે કે આ છોકરાં છે, તે બિચારાંને કમાઈ આપું. નહીં તો આ છોકરાનું શું થશે? એવી દયા તે મોહદયા છે તે છેતરે છે. બૈરાં, છોકરાંને માટે કરવું પડે છે તે મોહદયા છે. મારી સાથે પહેલાં પેટલાદમાં એક છોકરો ભણતો હતો. હું અહીં આશ્રમમાં રહ્યો

ત્યારપછી તે છોકરો મને મળ્યો ત્યારે તેણે કહ્યું કે તમે ત્યાગ કર્યો અને મેં ત્યાગ ન કર્યો તો શું! મારે કંઈ સાથે આવવાનું નથી અને તમારે પણ સાથે આવવાનું નથી. વ્રતનિયમ લીધાં હોય તો તે મોહદયાથી ઢીલાં પડી જાય.

પહેલાં તો સદ્ગુરુનો ઉપકાર જ જીવને સમજાયો નથી. જ્ઞાનીને ઓળખ્યે જ્ઞાની પ્રત્યે પ્રેમ થાય, જ્ઞાની પ્રત્યે જેવો પ્રીતિભાવ જોઈએ તેવો થયો નથી. જ્ઞાની પ્રત્યે પ્રેમ થાય તો એનું એક વચન પણ કામ કાઢી નાંખે. ત્યાગ વૈરાગ્ય વધે તેવા જ્ઞાનીપુરુષનાં વચનો છે. વૈરાગ્ય ઉપશમ એ ખરી યોગ્યતા છે. જ્ઞાનીએ જે કહ્યું હોય તે વિસ્મરણ કરવા યોગ્ય હોય નહીં. સદ્ગુરુનો ઉપકાર જણાયો નથી.

**“સદ્ગુરુના ઉપદેશવણ સમજાય ન જિનરૂપ;**
**સમજ્યા વણ ઉપકાર શો, સમજ્યે જિનસ્વરૂપ.”**

વધારે બોધ હોય તો ભગવાનનું સ્વરૂપ શું છે તે સમજાય. સદ્ગુરુના ઉપદેશથી કંઈક સમજણ આવે. ઉપદેશથી વિચારણા જાગે. સંસાર ભયરૂપ લાગે તો જ એને ઉપદેશ પરિણમે. ખામી બોધની છે. જીવને જેટલો સ્નેહ કરવો જોઈએ સદ્ગુરુ પ્રત્યે, તેટલાનો એક અંશ પણ નથી.

**“અંશ ન એકે સ્નેહનો”**

જ્ઞાનીનો ઉપકાર સમજાતો નથી. નહીં તો જે કંઈ એને મળ્યું છે તે જ્ઞાનીપુરુષથી મળ્યું છે. મૂળ કારણ શોધે તો જ્ઞાનીપુરુષ આવે.

તીવ્ર જ્ઞાન હોય તો મન સ્થિર થાય. જ્ઞાન જ્ઞાનરૂપે જ પરિણમે. જે જ્ઞાનીપુરુષનાં વચનનો આશય છે તેમાં મન જોડાય તો પછી બીજા વિકલ્પ ન રહે. શ્રુતજ્ઞાનમાં જેટલી લીનતા છે, તેટલી મનની સ્થિરતા છે. અસાર પ્રવૃત્તિમાં જીવને માહાત્મ્ય લાગ્યું છે તેથી મન સ્થિર થતું નથી. અસ્થિરપણું ઘણું થયું છે તેથી મન સ્થિર થતું નથી. જ્ઞાનીના આશ્રયે જ્ઞાન થાય. એ ટૂંકો રસ્તો છે. જ્ઞાનીની આજ્ઞા જેમ જેમ વધારે આરાધે તેમ તેમ મન સ્થિર થાય. બીજું એને ગમે છે તેથી જ્ઞાનીના ચરણમાં એનું મન સ્થિર થતું નથી. જ્યાં અપૂર્વતા લાગે ત્યાં જ મન જાય છે. અસ્થિરતાનાં કારણો કહ્યાં છે તે બધાં છોડવાનાં છે તો મન સ્થિર થાય. એને છૂટવાનો ભાવ થાય છે, પણ પાછો એમાં ને એમાં જ તણાઈ જાય છે. વિઘ્નકર્તા પાંચ ઇંદ્રિયના વિષયો દૂર થાય તો તેથી વિચારનો અવકાશ પ્રાપ્ત થાય અને તેથી મન સ્થિર થાય. ખાવું પીવું ગમે તે કરતી વખતે વારંવાર વિચારવું કે મારું મન બીજે કેમ તણાય છે? સદ્ગુરુમાં કેમ મન સ્થિર થતું નથી? જ્ઞાનીનો આશ્રય દૃઢ થાય તો જરૂર મોક્ષ થાય.

*
* *

૬૧૪

## શ્રી દેવશીભાઈ રણછોડભાઈ કોઠારીએ પૂછેલા પ્રશ્નો અને પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ આપેલા તેના ઉત્તર.

(દેવશીભાઈના ટાંચણમાંથી)

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૩૧ - પ્રત્યાખ્યાન**

પ્રશ્ન— "પ્રત્યાખ્યાન એ કેવી ઉત્તમ નિયમ પાળવાની પ્રતિજ્ઞા છે, તે આ ઉપરથી તમે સમજ્યા હશો. વિશેષ સદ્‌ગુરુમુખથી અને શાસ્ત્રાવલોકનથી સમજવા હું બોધ કરું છું." એટલે શું?

ઉત્તર— ચૌદપૂર્વમાં 'પ્રત્યાખ્યાન' નામનું એક આખું પૂર્વ છે. તેમાં સમકિત પામી પાંચ પ્રકારના ચારિત્ર પાળી જીવ મોક્ષે જાય. સામાયિક, છેદોપસ્થાપન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસાંપરાય, યથાખ્યાત. પ્રત્યાખ્યાન એટલે ત્યાગ. આહારપાણી છોડીને વિષય-કષાયનો ત્યાગ કરે, સમભાવમાં રહે, ધર્મધ્યાનમાં ઉપયોગ રાખે. શક્તિ પ્રમાણે કરે કે જેથી આર્ત્ત-રૌદ્રધ્યાન ન થાય. ઇચ્છા ઓછી તેથી તેટલી આત્માની શાંતિ. ઇચ્છાથી જીવ રોકાઈ જાય છે. આ મનને રોકવા માટે છે. કષાયો શમાવે.

"ગમે તે પ્રકારે પણ ઉદય આવેલા, અને ઉદય આવવાના કષાયોને શમાવો." ભવિષ્ય સંબંધી પ્રત્યાખ્યાન, વર્તમાનકાળની આલોચના અને ભૂતકાળનું પ્રતિક્રમણ કહેવાય છે.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૩૬ - અનાનુપૂર્વી**

પ્રશ્ન— લોમ વિલોમ સ્વરૂપમાં કોષ્ટકોનો જાપ કરવાથી મનની એકાગ્રતા પામીને નિર્જરા કરી શકે તે કેવી રીતે? કર્મ ભોગવ્યા સિવાય નિર્જરા થાય નહીં. તો પછી સહજાત્મસ્વરૂપનો જાપ સ્મરણ કરવાથી નિર્જરા થાય તે કઈ અપેક્ષાએ સમજવું?

ઉત્તર— જાપથી મનની એકાગ્રતાના કારણે નિર્જરા થાય છે. કારણ સમયે સમયે જીવ કર્મ ભોગવે છે. ઉપયોગ આત્માનો હોય તો નિર્જરા થાય. સમભાવ રાખે તે આત્માનો ધર્મ છે, કર્મનો નહીં. ચારિત્રમોહને લઈને દેવ અથવા કોઈ ગતિમાં સમભાવ હોય નહીં. માત્ર મનુષ્યગતિમાં જ તે બની શકે છે.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૪૩ - અનુપમ ક્ષમા**

"મહામુનિ ગજસુકુમાર એકાગ્ર વિશુદ્ધભાવથી કાયોત્સર્ગમાં છે."

પ્રશ્ન— વિશુદ્ધભાવ કોને કહેવો?

ઉત્તર— શુભભાવને વિશુદ્ધભાવ કહ્યો છે. ઉત્કૃષ્ટ (ધર્મ) શુભભાવના તે વિશુદ્ધભાવ.

પ્રશ્ન— સમભાવ ને શુદ્ધભાવમાં શો ફેર?

ઉત્તર— બન્ને એક જ છે. એ રાગદ્વેષરહિત ભાવ છે, ત્યાં આત્મા આત્મામાં રહે.

પ્રશ્ન— સ્થિતિસ્થાપક કરીને એટલે શું?

ઉત્તર— આત્માને પાછો વાળવો, પોતામાં લાવવો તે. [૧]સોમલ બ્રાહ્મણે (ગજસુકુમારના

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૪૩, વચનામૃત પૃષ્ઠ ૮૯.

સસરાએ) માથામાં અંગારા ભર્યા ત્યારે શ્રી ગજસુકુમારે પોતાના આત્માને સ્થિતિસ્થાપક કરીને બોધ દીધો કે જો તું એની પુત્રીને પરણ્યો હોત તો એ કન્યાદાનમાં તને પાઘડી આપત, વગેરે.

પ્રશ્ન– એવો વ્યવહારિક કથનનો વિકલ્પ કરવાનો અવકાશ જ ક્યાં છે? જ્યાં આત્મામાં તદાકારવૃત્તિ હોય અને સ્વસંવેદનમાં લીનતા હોય ત્યારે જ નિર્વિકલ્પ અવસ્થાએ સ્વરૂપલક્ષે મોક્ષ થાય. ત્યાં આ કર્મ વિચિત્રતા, બાહ્યભાવ વિચારવાનું શું પ્રયોજન? અસંગ ને અપ્રતિબંધ આત્મા આવું શા માટે સંભારે? તો મોક્ષ કેમ થાય?

**''એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,**
**પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો.''**

ઉત્તર– શ્રેણી માંડ્યા પહેલાંની અવસ્થામાં તે વિચારદશા હોય. પ્રસન્નચંદ્ર રાજર્ષિનું તેવું દૃષ્ટાંત છે.

**[વ૦ ૧૭] મો૦ શિ૦ પા૦ ૪૫ - સામાન્ય મનોરથ**

**''રાજ્ય, સદા મુજ એ જ મનોરથ, ધાર, થશે અપવર્ગ ઉતારુ.''**

પ્રશ્ન– ''અપવર્ગ'' એટલે શું?

ઉત્તર– મોક્ષ.

ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગ. એથી જુદો આ અપવર્ગ. આ અપવર્ગમાં મોક્ષનો જ પુરુષાર્થ હોય, ત્યારે ત્રિવર્ગમાં સંસારને વધારનારો પુરુષાર્થ છે.

[વ૦ ૪૦]

પ્રશ્ન– ''વિશાળબુદ્ધિ'' એટલે શું?

ઉત્તર– વિચારક બુદ્ધિ, જે જીવ વર્તમાનકાળનો અપૂર્ણ વિચાર કરી વર્તે છે તે દેહદૃષ્ટિવાળા સંકુચિત છે, તે નહીં. પણ ત્રણે કાળનો ભૂત, ભવિષ્ય ને વર્તમાનનો વિવેક કરનાર. વિવેક બુદ્ધિવાળા, આત્મવિચારક દૃષ્ટિવાળા. વર્તમાન મતિજ્ઞાન અલ્પ છે, પણ શ્રુતજ્ઞાન વિશાળ છે.

**''બુદ્ધિ ક્રિયા ભવફલ દિયેજી, જ્ઞાનક્રિયા શિવઅંગ;**
**અસંમોહ કિરિયા દિયેજી, શીઘ્ર મુક્તિફલ ચંગ.''**

પ્રશ્ન– ''મધ્યસ્થતા'' એટલે શું?

ઉત્તર– પક્ષપાતરહિત બુદ્ધિવાળો. ગ્રહણ-ત્યાગનો વિવેક, તે સહિત બુદ્ધિવાળો.

પ્રશ્ન– ''સરળતા'' એટલે શું?

ઉત્તર– માયા કપટરહિત. મનમાં હોય તેવું જ કહેનાર, વર્તનાર. મનમાં એક ને વર્તનમાં જુદું. તેમ મન-વચન-કાયાનો વિરોધ ન હોય. હૃદયથી સરળ થવું, વક્રતા નહીં. સ્વાર્થ-માયાકપટથી રહિત.

પ્રશ્ન– ''જિતેન્દ્રિયપણું'' એટલે શું?

ઉત્તર– મોક્ષમાળામાં પાઠ ૬૮મો જિતેન્દ્રિયતા વિષે છે, તે જોવો. ''इन्द्रियदमनकुं स्वाद तज; मन दमनकुं ध्यान.''

[વ૦ ૫૪]

પ્રશ્ન– ''માર્ગના મર્મને પામ્યા વિના'' એટલે શું?

ઉત્તર– દેહાધ્યાસ છૂટવો તે મર્મ છે.

**''છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.''**

જેટલો દેહાધ્યાસ છૂટે તેટલો મર્મ સમજાય.

પ્રશ્ન– તે વાટ અગર માર્ગ ક્યો?

ઉત્તર– જ્ઞાનીપુરુષની આજ્ઞારૂપ માર્ગ - ''आणाए धम्मो, आणाए तवो ।''

પ્રશ્ન– ''તે આત્મત્વ અર્પશે–ઉદય આપશે–ત્યારે જ તે પ્રાપ્ત થશે'' એટલે શું?

ઉત્તર– સત્પુરુષ તે આત્મતા અર્પશે, ઉદય આપશે ત્યારે જ તે પ્રાપ્ત થશે. સત્પુરુષ વગર માર્ગ નથી.

[વ૦ ૬૪]

''આત્મા શાથી, કેમ, અને કેવા પ્રકારે બંધાયો છે............તેને તે શાથી, કેમ અને કેવા પ્રકારે મુક્ત થાય?''

પ્રશ્ન– શાથી બંધાયો?

ઉત્તર– કર્મથી. રાગદ્વેષ ને મોહથી.

પ્રશ્ન– કેમ બંધાયો?

ઉત્તર– ભાવથી. શુભાશુભ ભાવથી.

પ્રશ્ન– કેવા પ્રકારે?

ઉત્તર– કર્મના અનંત પ્રકારે, સ્થિતિ-અનુભાગ પ્રમાણે.

**''જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;**
**તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત.''**

પ્રશ્ન– શાથી મુક્ત થાય?

ઉત્તર– કર્મરહિત થવાથી.

પ્રશ્ન– કેમ મુક્ત થાય?

ઉત્તર– ભાવથી. ''તેહ શુભાશુભ છેદતાં.''

પ્રશ્ન– કેવા પ્રકારે મુક્ત થાય?

ઉત્તર– શુદ્ધભાવથી છૂટે. સ્થિતિ-અનુભાગ ઘટે.

[વ૦ ૭૧]

પ્રશ્ન– ''અનુત્તર જન્મનું સાફલ્ય છે'' એટલે શું?

ઉત્તર– ઉત્તમોત્તમ લાભ આ મળ્યો છે તે.

બીજો અર્થ– જેના પછી બીજો દેહ ધરવો ન પડે.

[વ૦ ૭૭]

**"સુખકી સહેલી હૈ, અકેલી ઉદાસીનતા,**
**અધ્યાત્મની જનની તે ઉદાસીનતા."**

પ્રશ્ન– "ઉદાસીનતા" એટલે શું?

ઉત્તર– સમભાવ. જેમ બને તેમ રાગદ્વેષરહિત પરિણામ.

[વ૦ ૮૨]

"આ દેહમાં મુખ્યે બે ભવ કર્યા છે. અમુખ્યનો હિસાબ નથી."

પ્રશ્ન– મુખ્ય બે ભવ ક્યા?

ઉત્તર– સમકિત થયું ત્યાં સુધીનો એક ભવ અને તે પછીનો, એમ બે ભવ સમજવા.

[વ૦ ૧૦૩]

પ્રશ્ન– "ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી." એકાંતથી એટલે શું?

ઉત્તર– ત્યાગી અવસ્થામાં, સર્વસંગપરિત્યાગ, અસંગ, અપ્રતિબંધ.

પ્રશ્ન– "સુધારણા કરતાં વખતે શ્રાદ્ધોત્પત્તિ થવી સંભવે, માટે ત્યાં અલ્પભાષી થવું, અલ્પહાસી થવું, અલ્પપરિચયી થવું. અલ્પઆવકારી થવું. અલ્પભાવના દર્શાવવી, અલ્પસહચારી થવું, અલ્પગુરુ થવું."

પ્રશ્ન– "અલ્પપરિચયી" એટલે?

ઉત્તર– ઓછું આવવું-જવું કોઈ કોઈ વખતે, પ્રયોજન વગર નહીં.

પ્રશ્ન– "અલ્પઆવકારી" એટલે?

ઉત્તર– વિશેષ હાવભાવ સહિત આવકાર કે માન નહીં, સામાન્યપણે યોગ્ય સમજીને વર્તવું.

પ્રશ્ન– "અલ્પભાવના" દર્શાવવી એટલે?

ઉત્તર– વિશેષ માયિક ભાવના દર્શાવવી નહીં, જેમકે માયાથી પ્રેમથી રડે, દિલગીર થાય, ખોટી માયા મમતા દર્શાવે તે નહીં.

પ્રશ્ન– "અલ્પસહચારી" એટલે?

ઉત્તર– ગાઢ મિત્રતા નહીં તે.

પ્રશ્ન– "અલ્પગુરુ" એટલે?

ઉત્તર– મોટાઈ નહીં, મોટા ન થવું, ગર્વ ન કરવો.

[વ૦ ૧૪૩]

પ્રશ્ન– "કોઈ એક સત્પુરુષ શોધો, અને તેના ગમે તેવા વચનમાં પણ શ્રદ્ધા રાખો..... પાંચમા અભ્યાસ સિવાયનો, તેની પ્રાપ્તિ સિવાયનો બીજો કોઈ નિર્વાણમાર્ગ મને સૂઝતો નથી." એટલે શું?

ઉત્તર– તે આ. પોતાનું બળ નથી કે અરૂપીને ઓળખે અને ઓળખવાનો છે એને-આત્માને. માટે જ્ઞાનીની શ્રદ્ધા અને નિશ્ચયથી, વિશ્વાસથી પરોક્ષનું પ્રત્યક્ષ થાય. 'હું કંઈ જાણતો નથી' એમ નિશ્ચય કરી, જ્ઞાનીના શરણથી ને ઉપાસનાથી નિર્મળતા થાય છે. જ્ઞાનીએ જાણ્યું તે ખરું. તે માન્યતા કર્યા વિના સંશય જતો નથી. ગૌતમભૂતિ (ગૌતમ ગણધર)ને સંશય હતો, તે મહાવીર પ્રભુના શરણથી નીકળી ગયો, તેમ.

**[વ૰ ૧૫૭-૧૭, રોજનીશી]**

પ્રશ્ન– બીજજ્ઞાન.<br>શોધે તો કેવલ જ્ઞાન. એટલે?

ઉત્તર– સમ્યગ્દર્શન.

**[વ૰ ૧૭૬]**

''અલખ 'લે'માં આત્માએ કરી સમાવેશ થયો છે.''

પ્રશ્ન– ''અલખ 'લે' '' એટલે શું?

ઉત્તર– નિર્વિકલ્પ સમાધિમાં.

પ્રશ્ન– ''અબધુ થયા છીએ'' એટલે શું?

ઉત્તર– અસંગ થયા છીએ.

**[વ૰ ૧૮૦]**

''અમરવરમય જ આત્મદૃષ્ટિ થઈ જશે..... રામ હ્દે વસ્યા છે, અનાદિનાં ખસ્યાં છે, સુરતિ ઇત્યાદિક હસ્યાં છે.''

પ્રશ્ન– ''અમરવરમય જ આત્મદૃષ્ટિ થઈ જશે'' એટલે શું?

ઉત્તર– અભેદભાવ થઈ જશે. 'પ્રભુ પ્રભુ' લય થઈ જશે.

પ્રશ્ન– ''રામ હ્દે વસ્યા છે'' એટલે શું?

ઉત્તર– સમ્યગ્દર્શન સહિત આત્મા.

પ્રશ્ન– ''અનાદિનાં ખસ્યાં છે'' એટલે શું?

ઉત્તર– આવરણ દૂર થયાં.

પ્રશ્ન– ''સુરતિ ઇત્યાદિક હસ્યાં છે.'' એટલે શું?

ઉત્તર– જાગૃતિમય આત્મરમણતાની પ્રસન્નતા.

**[વ૰ ૧૯૭]**

પ્રશ્ન– ''સુધાની ધારા પછીના કેટલાંક દર્શન થયાં છે.'' એટલે શું?

ઉત્તર– મુખ વિષે સુધારસ વરસે છે તે ઉપયોગની સ્થિરતા માટે છે. તે પછી આત્મદર્શન થાય છે.

**[વ૰ ૨૧૦]**

પ્રશ્ન– ''જુનું મૂક્યા વિના તો છૂટકો જ નથી; અને એ મૂકવા યોગ્ય જ છે એમ દૃઢ કરવું.'' એટલે શું?

ઉત્તર– સત્પુરુષને મળ્યા પહેલાંનું માની રાખેલું બધું ભૂલી જવું. સત્પુરુષનું કહેલું માન્ય કરવું. લૌકિકભાવ કાઢી નાંખવો તે.

બીજો અર્થ=અગૃહીત મિથ્યાત્વ છે તે જુનું - અનાદિકાળનું ચાલ્યું આવે છે, તે મૂકી દેવું.

[વ૦ ૨૩૯]

'આપ્યું સૌને તે અક્ષરધામ રે.'

પ્રશ્ન– ''અક્ષરધામ'' એટલે શું?

ઉત્તર– મોક્ષપદ.

[વ૦ ૨૪૭]

''જે રસ જગતનું જીવન છે.''

પ્રશ્ન– ક્યો રસ?

ઉત્તર– ચૈતન્ય.

[વ૦ ૨૫૦]

''સાકારરૂપે હરિની પ્રગટ પ્રાપ્તિ એ શબ્દને જ 'પ્રત્યક્ષ દર્શન' ઘણું કરીને લખું છું.''

પ્રશ્ન– ''સાકારરૂપે'' એટલે શું?

ઉત્તર– પ્રત્યક્ષ સત્પુરુષ, સાકાર, દેહધારી.

[વ૦ ૨૭૧]

પ્રશ્ન– ''એવો એક જ પદાર્થ પરિચય કરવા યોગ્ય છે કે જેથી અનંત પ્રકારનો પરિચય નિવૃત્ત થાય છે'' તે કયો?

ઉત્તર– સત્સંગ.

પ્રશ્ન– કેવા પ્રકારે?

ઉત્તર– છૂટવાના પ્રકારે.

[વ૦ ૨૮૭]

પ્રશ્ન– ''એકથી અનંત છે; અનંત છે તે એક છે'' એટલે શું?

ઉત્તર– એક છે તે અનંતથી જુદું નથી. અનંતગુણોનો સમૂહ તે આત્મા. આત્માને આધારે છે.

''एगं जाणइ से सव्वं जाणइ ।''

દ્રવ્યદૃષ્ટિથી એક, પર્યાયદૃષ્ટિથી અનંત. જુદી જુદી ઘણી અપેક્ષાઓ છે.

[વ૦ ૨૮૮]

પ્રશ્ન– ''નહીં તો બધુંય નવું છે, અને બધુંય જીર્ણ છે.'' એટલે શું?

ઉત્તર– એમને તો બધુંએ સરખું છે. દ્રવ્ય અપેક્ષાએ જુનું છે, પર્યાય અપેક્ષાએ નવું છે. સોનાનું દૃષ્ટાંત- સોનું એક, પણ જુદા જુદા ઘાટ—પર્યાયથી નવા નવા થાય છે.

[વ૰ ૩૦૫]

પ્રશ્ન– ''યથાર્થ બોધ'' એટલે શું?

ઉત્તર– તે સત્પુરુષની ભક્તિથી સમજાય અને સહેજે આત્મબોધ થાય.

''જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણ અર્થે કહી છે, જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય.''

યથાર્થ બોધ એટલે આત્મબોધ.

પ્રશ્ન– જ્ઞાનીનું સ્વરૂપ સમજાય ક્યારે?

ઉત્તર– તેને ભક્તિ થાય ત્યારે. ''જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય.'' ત્યારે સમજાય.

પ્રશ્ન– ''કોઈપણ પ્રકારનું દર્શન થાય'' એ શું?

ઉત્તર– કંઈ તેજ વગેરે એવું દેખાય તે બધું કલ્પિત છે. સમ્યગ્જ્ઞાન નથી.

પ્રશ્ન– ''પદાર્થનો યથાર્થ બોધ પ્રાપ્ત થાય'' એટલે શું?

ઉત્તર– યથાર્થ આત્માની ઓળખાણ થાય તે.

[વ૰ ૩૪૦]

''જે બે કારણ તે મળ્યા વિના જીવને અનંત કાળ થયાં રખડવું પડ્યું છે, જે બે કારણ મળ્યે મોક્ષ હોય છે'' તે કયાં?

ઉત્તર– સત્પુરુષનું ઓળખાણ અને તેની આજ્ઞાનું આરાધન.

[વ૰ ૩૫૦]

પ્રશ્ન– ''જ્ઞાનીને સર્વસંગપરિત્યાગ કરવાનો શો હેતુ હશે?''

ઉત્તર– ગૃહસ્થ અવસ્થામાં સમતા (સમભાવ-વીતરાગતા) રહે નહીં. એથી સર્વસંગપરિત્યાગ કરે છે. મુખ્યપણે ઉદય છે. સહજ સ્વભાવે ભોગવી લેવું તે છે. અકર્તવ્ય લક્ષે કર્તવ્ય. બીજું કંઈ કરવું નથી. સહજસ્વભાવે થાય છે. કર્તાપણું છૂટી ગયું છે. ત્યાગ-અત્યાગ એ તો લોકદૃષ્ટિએ છે. બાકી તો કર્મ ખપાવે છે. પૂ. પ્રભુશ્રીજી કહેતા હતા કે કર્મ તો ડોકાં કપાવવા આવે છે. યથાર્થ ત્યાગ તો બંધનથી મુક્ત થવું તે છે. જ્ઞાનીની દશા તો જ્ઞાની જ જાણે. જ્ઞાનીને સમભાવ છે, વીતરાગતા છે.

[વ૰ ૩૫૪]

પ્રશ્ન– ''સમકિતની ફરસના થઈ ક્યારે ગણાય? કેવી દશા વર્તતી હોય?''

ઉત્તર– ''આત્મભાવ યથાર્થ જેને સમજાય છે, નિશ્ચલ રહે છે, તેને એ સમાધિ પ્રાપ્ત હોય છે. સમ્યગ્દર્શનનું મુખ્ય લક્ષણ વીતરાગતા જાણીએ છીએ; અને તેવો અનુભવ છે.'' (૩૨૪)

[વ૦ ૩૬૦]

પ્રશ્ન– ''જેને બોધબીજની ઉત્પત્તિ હોય છે તેને સ્વરૂપસુખથી કરીને પરિતૃપ્તપણું વર્તે છે, અને વિષય પ્રત્યે અપ્રયત્ન દશા વર્તે છે.'' એટલે શું?

ઉત્તર– વિષયોની ભાવના જ હોય નહીં. સહજ થાય છે.

[વ૦ ૩૭૧]

''અને પરમ એવું જે બોધસ્વરૂપ છે તેનું જેને ઓળખાણ છે, એવા પુરુષે તો નિરંતર તેમ વર્ત્યાના પુરુષાર્થને વિષે મુઝાવું યોગ્ય નથી.''

પ્રશ્ન– ''અને પરમ એવું જે બોધસ્વરૂપ'' એટલે?

ઉત્તર– જ્ઞાનીપુરુષ.

પ્રશ્ન– ''અનંત કાળે જે પ્રાપ્ત થયું નથી'' તે શું?

ઉત્તર– સમકિત. તે સત્પુરુષની કૃપાથી થાય. સત્પુરુષમાં ભૂલ ન થવી જોઈએ. લાવ બીજા જ્ઞાની શોધું, આમ કરું, તેમ કરું, તેમ ન થવું જોઈએ. તે હાનિ છે.

[વ૦ ૩૭૩]

પ્રશ્ન– '' 'મન,' 'તેને લઈને,' અને 'આ બધું,' અને 'તેનો નિર્ણય,' એવા જે ચાર ભાગ એ વાક્યના થાય છે, તે ઘણા કાળના બોધે જેમ છે તેમ સમજાય એમ જાણીએ છીએ'' તે શું?

ઉત્તર– (૧) 'મન' મનનું સ્વરૂપ સમજાવું મુશ્કેલ છે. જુદી જુદી અપેક્ષા છે. આત્માનું સ્વરૂપ કે મનનું સ્વરૂપ અપેક્ષાએ જુદું નથી. સંકલ્પ-વિકલ્પ કરે ત્યારે મન કહેવાય છે.

(૨) 'તેને લઈને'– તેને આધારે–આત્માને આધારે જે જે થાય છે તે.

(૩) 'આ બધું'– આખું વિશ્વ.

(૪) 'તેનો નિર્ણય'– જ્ઞાની વગર નિર્ણય ન થાય. (જગતનો, વિશ્વનો, આત્માનો) વસ્તુ સમજાય તો આત્મજ્ઞાન થાય.

[વ૦ ૩૭૫]

પ્રશ્ન– ''તે બંધન શું? અને શું જાણવાથી તે ત્રૂટે?''

ઉત્તર– પોતે જે માને છે, તે પોતાનું બધું ખોટું છે. એવો વિચાર અને ભેદ પડ્યા વિના સાચું શું તે યથાર્થ સમજાય નહીં. યથાર્થ જ્ઞાનીપુરુષ દ્વારા ભેદ પડ્યા વિના સમજાય નહીં. સમજાયા વગર બંધન ત્રૂટે નહીં.

[વ૦ ૩૭૯]

''જેની પ્રાપ્તિ પછી અનંતકાળનું યાચકપણું મટી, સર્વકાળને માટે અયાચકપણું પ્રાપ્ત હોય છે એવો જો કોઈ હોય તો તે તરણતારણ જાણીએ છીએ, તેને ભજો.''

પ્રશ્ન– જેની પ્રાપ્તિ પછી એટલે કોની અને શું સમજવું?

ઉત્તર– સદ્ગુરુની પ્રાપ્તિ થવી જોઈએ. સદ્ગુરુના યોગથી વીતરાગતા પ્રાપ્ત થાય છે. તરણતારણ હોય છે.

નિઃસ્પૃહતા તથા નિષ્કાંક્ષિત વગેરે સમકિતને યોગ્ય ગુણો પ્રાપ્ત થઈ સમકિત થાય છે. સદ્ગુરુનો યોગ એવો અપૂર્વ છે. પોતે નિઃસ્પૃહ રહી નિઃસ્પૃહ કરે છે.

પ્રશ્ન— ''માત્ર આત્મારૂપ મૌનપણું, અને તે સંબંધી પ્રસંગ'' એટલે શું?

ઉત્તર— આત્મામાં જ લીન થવું છે અને તે સંબંધી સત્સંગ પ્રસંગ, તે સિવાય કંઈ કરવું નથી. આત્મામાં સમાઈ જવું છે. કોઈ પૂછે તો જવાબ આપવો.

[વ૦ ૩૮૪]

પ્રશ્ન— ''અને તેનું ઓળખાણ થયે પણ સ્વેચ્છાએ વર્તવાની જે બુદ્ધિ તે વારંવાર ઉદય પામે છે.'' એમ શાથી છે?

ઉત્તર— ઓળખાણ ઓળખાણમાં ફેર છે. સમકિત થયા પછી સ્વચ્છંદ વગેરે દોષ ન થાય. તે પહેલાં પુરુષાર્થની મંદતાથી બીજા પ્રસંગોમાં દોરવાઈ જાય છે. કોઈ પુણ્યના યોગે સત્સંગ, ભક્તિ, પ્રેમ, વિશ્વાસ, શ્રદ્ધારૂપી ઓળખાણ થાય પણ યથાર્થ ઓળખાણ નહીં. સમકિત થયાના સંજોગ મળ્યા હોય છતાં જીવ પાછો ફરી જાય. બીજી રુચિ, ભાવમાં ભળી જાય છે.

[વ૦ ૩૮૮]

પ્રશ્ન— ''જગત જ્યાં સુએ છે ત્યાં જ્ઞાની જાગે છે.'' એટલે શું?

ઉત્તર— જગત સૂએ છે એટલે બેભાન છે. કલ્યાણ કરવાના વખતમાં બેદરકાર છે. ત્યાં જ્ઞાની જાગે છે, જગત પ્રત્યે બેદરકાર છે, પણ આત્માને ચૂકતા નથી. જાગતા છે.

પ્રશ્ન— ''જગત જાગે છે, ત્યાં જ્ઞાની સુએ છે'' એટલે શું?

ઉત્તર— એટલે જગત સ્વાર્થમાં જાગે છે. જ્ઞાની સ્વાર્થમાં બેપરવા છે. જેમ થવું હોય તેમ થાઓ, પણ આત્માને આંચ આવવા દેતા નથી.

[વ૦ ૩૯૧]

પ્રશ્ન— ''સત્ એક પ્રદેશ પણ અસમીપ નથી. તથાપિ તે પ્રાપ્ત થવાને વિષે અનંત અંતરાય—લોકપ્રમાણે પ્રત્યેક એવા રહ્યા છે.'' એટલે શું?

ઉત્તર— એકેકો અંતરાય લોકપ્રમાણ છે અને તેવા અંતરાયને કારણે જીવ મુક્ત થયો નથી. અનંતકાળથી એવા અંતરાય નડે છે તે માટે સત્સંગ વગેરે સુયોગો પ્રાપ્ત કરી સત્પુરુષાર્થ કરવો.

[વ૦ ૪૧૧]

પ્રશ્ન— ''જિનનાં કહેલાં શાસ્ત્રો જે ગણાય છે, તેને વિષે અમુક બોલ વિચ્છેદ ગયાનું કથન છે, અને તેમાં મુખ્ય એવા કેવલજ્ઞાનાદિ દશ બોલ છે; અને તે દશ બોલ વિચ્છેદ દેખાડવાનો આશય આ કાળને વિષે 'સર્વથા મુક્તપણું ન હોય' એમ બતાવવાનો છે'' તે દશ બોલ ક્યા છે?

ઉત્તર— પત્રાંક ૬૯૧માં તે છે.

[વ૦ ૪૧૩]

પ્રશ્ન— ''લોકની શબ્દાદિ કામના પ્રત્યે દેખતાં છતાં ઉદાસીનતા રહી જે માત્ર સ્પષ્ટપણે પોતાને દેખે છે, એવા જ્ઞાનીને નમસ્કાર કરીએ છીએ'' એટલે શું?

ઉત્તર— લોક આખો ઇચ્છાવાળો છે, તેમાં રહી જ્ઞાનીઓ આત્માને સંભાળે છે. સંભાળવો.

લોકો પુદ્ગલને ઇચ્છે છે, તેના પ્રત્યે ઉદાસીન રહી જ્ઞાની આત્માને ભૂલતા નથી.

[વ૰ ૫૬૯]

પ્રશ્ન– ''કોઈ પણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્ભેદજાગૃતિ થાય તો તેને મોક્ષ વિશેષ દૂર નથી.'' એટલે શું?

ઉત્તર– તથારૂપ જોગમાં બાહ્ય કારણ અને અંતરંગ કારણ હોય. બાહ્ય કારણમાં સદ્ગુરુનો ઉપદેશ, તેની સેવા, ભક્તિભાવ, આજ્ઞાએ વાંચન-મનન વગેરેથી પુણ્ય ઉપાર્જન કરતો કરતો જોગવાઈ મળે ને જીવ ઊંચો આવે તેથી સારા ભાવ પરિણામ પરમાર્થે થાય ને તેમાં રહે તેથી સારા સંજોગો મળી આવે જેથી અંતરંગમાં વિશુદ્ધિ કરી, માર્ગ સન્મુખ થઈ આરાધી સમકિત પામે. અંતરંગ કારણમાં હૃદયના શુભ પરિણામ અને શુદ્ધતા સાધે. સાત પ્રકૃતિનો ક્ષય વગેરે.

[વ૰ ૫૯૩]

પ્રશ્ન– ''જે જ્ઞાનથી 'કામ' નાશ પામે તે જ્ઞાનને અત્યંત ભક્તિએ નમસ્કાર હો.'' એટલે શું? અને તે ક્યું જ્ઞાન?

ઉત્તર– સમ્યક્જ્ઞાન ને વીતરાગતા હોય તે જ્ઞાન. તેથી કામ નાશ પામે. સમ્યગ્દૃષ્ટિ જીવને વિષય, કષાય, ભોગો ઉપર અરુચિ હોય. છોડવાના જ પ્રયત્નમાં હોય. આઠદૃષ્ટિની સજ્ઝાયમાં કહ્યું છે કે–

**''શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે;**
**ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે.''** (પાંચમી દૃષ્ટિ)

જ્ઞાનીપુરુષનું અંતર ઓળખાણ થાય તો પછી વિષયકષાય કે સ્ત્રીઓ વગેરેના ભોગમાં ખળી ન રહે. કામવાસના જવા માટે સત્પુરુષના ઘણા બોધની જરૂર છે. અનાદિકાળથી સ્પર્શેન્દ્રિયનો અનુભવ છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધી, તે એકદમ કેમ જાય? માટે જીવે બળ કરવું પડે. આ જગતમાં કોઈ સ્ત્રીઓ નથી અને પુરુષો નથી, એમ પર્યાયદૃષ્ટિ દૂર કરી રહેવા અભ્યાસ કરવો; છતાં મન પજવે તો તે ઉપર એક દૃષ્ટાંત–

એક સુશીલ શેઠને પજવવા માટે એક બાબરો ભૂત લાગ શોધ્યા કરે કે શેઠ અશુચિમાં હોય ત્યારે લાગ ફાવે. કારણકે શેઠ અહોનિશ પોતાના ઉપયોગમાં ને જ્ઞાનધ્યાનમાં રહેતા. એક દિવસ જંગલમાં દિશાએ ગયેલા ત્યારે અશુચિ જાણી તે ભૂત આવ્યો ને સમડીનું રૂપ લઈને પાણીનો લોટો ઢોળી નાખ્યો. પછી મોટા શીંગડાવાળા વિકરાળ જનાવરનું રૂપ લઈ બીવડાવવા લાગ્યો, પણ અશુચિમાં તો ઇષ્ટ સ્મરણ મંત્ર બોલાય નહીં એમ ધારી શેઠ મુંઝાણા પણ તરત એક, બીજો અઘોરી મંત્ર યાદ આવ્યો ને તેના ઉપયોગથી તે ભૂતનું કંઈ ચાલ્યું નહીં ને જતો રહ્યો.

પ્રભુશ્રીજી આ દૃષ્ટાંત આપતા હતા કે આપણો મંત્ર બધે ઠેકાણે સ્મરણ કરાય તેવો છે. આ તો અઘોરી મંત્ર એને કોઈ પહોંચી ન શકે. માટે વિષય-કામ બળ કરે ત્યારે મંત્ર સ્મરણ વગેરે બીજામાં મનને પરોવી દેવું એટલે મોળો-શાંત થતો જશે. સત્પુરુષ દ્વારા સાચું સુખ ચાખ્યા પછી વિષયોનું સુખ ઝેર જેવું છે, એમ લાગે છે. ''લાગે અનિષ્ટ તે મનને રે.''

[વ૦ ૬૦૭]

**"જંગમની જુક્તિ તો સર્વે જાણીએ, સમીપ રહે પણ શરીરનો નહીં સંગ જો;**
**એકાંતે વસવું રે એક જ આસને, ભૂલ પડે તો પડે ભજનમાં ભંગ જો.**
**— ઓધવજી અબળા તે સાધન શું કરે?"**

ભાવાર્થ– ઓધવજીનો ગર્વ સમજાવવા કૃષ્ણે તેમને ગોપીઓ પાસે મોકલ્યા. ત્યાં ગોપીઓ કહે છે કે–

હે! ઓધવજી, અમે તો દેહધારી સાકાર પરમાત્મા (કૃષ્ણ)ની ભક્તિ ને ભાવની કૃપાએ તેની કળા અને તેને ઓળખીએ–જાણીએ છીએ. તે પરમાત્મા કેવા છે કે શરીરમાં રહેવા છતાં સર્વે પ્રકારે અસંગ નિર્લેપ છે અને તમે તો કહો છો કે એકાંત વાસમાં રહીને એક જ આસન લગાવીને પરમાત્માનું ધ્યાન કરવું તે તેને ઓળખવાનો માર્ગ છે, પણ તે માર્ગમાં ભૂલ પડે તો અમારે તો ભજનમાં એટલે પ્રભુ પ્રેમમાં ભંગ પડ્યા જેવું થાય તે અમારાથી કેમ બને?

[વ૦ ૬૦૮]

પ્રશ્ન– "રાંડી રુએ, માંડી રુએ, પણ સાત ભરતારવાળી તો મોઢું જ ન ઉઘાડે?" એટલે શું?

ઉત્તર– રાંડી રુએ એટલે જેને ગુરુ છે નહીં, તે સંસારની પ્રવૃત્તિમાં રુએ કહેતાં દુઃખી છે. માંડી રુએ એટલે જેને ગુરુ મળ્યા છે તો યોગ્યતા નથી, બેભાનપણામાં રહી કંઈ કરી શકતા નથી એટલે તે પણ દુઃખી છે, લાભ લઈ શકતા નથી. સાત ભરતારવાળી તો મોઢું જ ન ઉઘાડે. જેને આરંભપરિગ્રહરૂપી બહોળો વ્યવસાય છે, તેને તો લક્ષ જ નથી; તો તે પરમાર્થ વિચાર કરવાનો અવકાશ જ ક્યાંથી લાવે? માથું ઊંચું કરી શકતો નથી. એટલે મોઢું જ ન ઉઘાડે. વ્યવસાયમાં જ મચ્યો રહે. એ આશયથી લખાણ છે.

[વ૦ ૭૭૫]

પ્રશ્ન– "આ જીવ કઈ દિશાથી આવ્યો છે." એટલે શું સમજવું?

ઉત્તર– એક દ્રવ્ય દિશા ને બીજી ભાવ દિશા. દ્રવ્ય દિશા તે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ તથા વિદિશા અને ભાવ દિશા તે મનુષ્ય, દેવ, તિર્યંચ, નારકી ગતિરૂપી ભાવ દિશા છે. તે ક્યાંથી આવ્યો તે જાતિસ્મૃતિ જ્ઞાનથી જણાય. તે આત્માને હિતનું કારણ થાય છે.

**[વ૦ ૯૫૭ – ઉપદેશછાયા]**

**[ઉપદેશછાયા–૧, પૃ. ૬૮૩]**

"સ્ત્રી, પુત્ર, પરિગ્રહાદિ ભાવો પ્રત્યે મૂળ જ્ઞાન થયા પછી જો એવી ભાવના રહે કે જ્યારે ઇચ્છીશ ત્યારે આ સ્ત્રીઆદિ પ્રસંગ ત્યાગી શકીશ તો તે મૂળજ્ઞાનથી વમાવી દેવાની વાત સમજવી. અર્થાત્ મૂળ જ્ઞાનમાં જોકે ભેદ પડે નહીં, પણ આવરણરૂપ થાય."

પ્રશ્ન– મૂળજ્ઞાન તે કયું જ્ઞાન?

ઉત્તર– મૂળજ્ઞાન તે સમ્યક્જ્ઞાન. "છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ." અર્થાત્ હું દેહથી જુદો છું. પરપદાર્થોથી ભિન્ન છું, શાશ્વત છું વગેરે.

**[ઉપદેશછાયા–૨, પૃ. ૬૮૫]**

પ્રશ્ન– આપ્ત પુરુષ એટલે?

ઉત્તર– વિશ્વાસ કરવા યોગ્ય.

પ્રશ્ન– પ્રાપ્ત પુરુષ એટલે?

ઉત્તર– જેને જ્ઞાન પ્રાપ્ત થયું છે તે.

[ઉપદેશછાયા–૪, પૃ.૬૯૧]

‘‘દૃઢ નિશ્ચય કરવો કે વૃત્તિઓ બહાર જતી ક્ષય કરી અંતર્‌વૃત્તિ કરવી; અવશ્ય એ જ જ્ઞાનીની આજ્ઞા છે.’’

પ્રશ્ન– તે શી રીતે થાય તે તો ફરી ફરી આવે છે ને જાય છે?

ઉત્તર– વૃત્તિ ક્ષય, સમકિત પછી ઉપયોગ રાખવાથી તે થાય છે. પરવસ્તુ પરથી રુચિ ઓસરી છે. ‘‘આત્માથી સૌ હીન’’ તુચ્છ ભાસે. આત્મા સિવાય બીજી પરવસ્તુઓનું માહાત્મ્ય ન લાગે ત્યારે ક્ષય થાય.

[ઉપદેશછાયા–૬, પૃ.૭૦૦]

‘‘આ જીવની અનાદિકાળની જે ભૂલ છે તે ભાંગવી છે. ભાંગવા સારુ જીવની મોટામાં મોટી ભૂલ શું છે તેનો વિચાર કરવો, ને તેનું મૂળ છેદવા ભણી લક્ષ રાખવો. જ્યાં સુધી મૂળ રહે ત્યાં સુધી વધે.’’

પ્રશ્ન– ભૂલ શું ને મૂળ શું?

ઉત્તર– વાસના છે તે મૂળ છે. વાસના જરાક થોડી હોય તેમાંથી વધે. મૂળમાંથી વધવા માંડે પોષણ મળે એટલે વધે. અને તે જ ભૂલ છે તે સમજાતું નથી. સંસારની વાસના છે તેથી વૈરાગ્ય ઉપશમ વધતા નથી.

પ્રશ્ન– ‘‘મને શાથી બંધન થાય છે?’’

ઉત્તર– વાસનાઓથી બંધન થાય છે.

પ્રશ્ન– ‘‘જીવનું સ્વરૂપ શું છે?’’

ઉત્તર– ઉપયોગસ્વરૂપ આત્મા છે.

[ઉપદેશછાયા–૬, પૃ.૭૦૫]

‘‘સમ્યગ્દૃષ્ટિ ચૈતન્ય સંયોગે છે.’’

પ્રશ્ન– ચૈતન્ય સંયોગ એટલે શું?

ઉત્તર– ચૈતન્યનું તેને ભાન થયું છે, ઉપયોગમાં છે. દેહથી જુદો, ચૈતન્યને જાણનારો થયો છે.

[ઉપદેશછાયા–૯, પૃ.૭૧૩]

‘‘ઘણા જીવો સત્પુરુષનો બોધ સાંભળે છે, પણ તેને વિચારવાનો યોગ બનતો નથી.’’ તે યોગ કયો ને શું?

ઉત્તર– વાંચન પછી મનન યોગ છે. તે મનન કરવાનો ને વિચારવાનો અવકાશ લેતો નથી. વાંચ્યા પછી તે મનનનો યોગ થવો જોઈએ, તો વિચાર સ્ફુરીને વિચારબળ વધે છે, તેથી સત્પુરુષનો બોધ સમજવાનો અવકાશ પ્રાપ્ત થાય, સમજાય તે મનનયોગ છે.

[ઉપદેશછાયા– ૧૧, પૃ. ૭૨૬]

''અંતર્ સ્પર્શે તો વિચારને મોટો ટેકો મળે છે.''

પ્રશ્ન– અંતર્ સ્પર્શે એટલે શું?

ઉત્તર– ભાવ ભાસે. સમજાય. પોતાના ભાવોની ઓળખાણ પડે તે.

[ઉપદેશછાયા– ૧૪, પૃ. ૭૩૩]

''જ્ઞાની કહે છે તે કૂંચીરૂપી જ્ઞાન વિચારે, તો અજ્ઞાનરૂપી તાળું ઊઘડી જાય.''

પ્રશ્ન– કૂંચીરૂપી જ્ઞાન એટલે શું?

ઉત્તર– મૂળજ્ઞાન, દેહથી ભિન્ન આત્માનું જ્ઞાન. દેહ દેવળમાં રહેલો આત્મા જાણવો તે.

[હા૦ નોં૦ ૨-૧૯]

''હે કામ! હે માન! હે સંગઉદય! હે વચનવર્ગણા! હે મોહ! હે મોહદયા! હે શિથિલતા! તમે શા માટે અંતરાય કરો છો? પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ! અનુકૂળ થાઓ.''

પ્રશ્ન– આ બધા અનુકૂળ કેવી રીતે થાય અને કરવા?

ઉત્તર– ''કામ''– જેટલી ઇચ્છા, તૃષ્ણા, કામના, વાસના પાંચ ઇંદ્રિયોના વિષયો પ્રત્યે છે તે પલટાવી પરમાર્થે સારાં કામો કરવા. કરવાની ભાવના રાખવી. ''અચળરૂપ આસક્તિ નહીં.''

''કામ''– સત્પુરુષ પ્રત્યે વૃત્તિઓનું એકાગ્ર થવું તે કામની અનુકૂળતા છે.

''માન''– હું સત્પુરુષનો શિષ્ય છું, તો મારાથી હલકા-નિંદવા યોગ્ય કાર્ય ન થવાં જોઈએ જેથી મારા સદ્ગુરુ નિંદાય ને હું હલકો ગણાઉં. તેથી મારાથી અકાર્ય ન થવાં જોઈએ. મારું તો સદ્વર્તન હોવું જોઈએ.

''સંગઉદય''– બધા વિભાવિક બંધનનો ઉદય મારે ન હો. મારે તો સ્વાભાવિક સત્સંગ અને પરમાર્થનો ઉદય થાઓ.

''વચનવર્ગણા''– સંસાર વધારનાર વિષયકષાય, રાગદ્વેષ વગેરે વિભાવિક વિકથામાં વચનો ન વપરાતાં સત્પુરુષનાં ગુણગ્રામ, તેમની ભક્તિ-ભાવ, ભજન, વાંચન, સ્મરણ વગેરે સત્પુરુષનાં બોધ વચનો સંભારવાં-બોલવામાં વચનવર્ગણા કામ કરો.

''મોહ''– જેટલો મોહ જીવ સંસાર અને સંસારના કામો પ્રત્યે કરે છે, તેટલો પરમાર્થ અને સત્પુરુષ પ્રત્યે જીવને મોહ જ ન આવ્યો. સત્પુરુષ પ્રત્યે પ્રેમ, પ્રીતિ, ભક્તિ, મોહ કરવાથી નિર્મોહી થવાય છે. કારણ તેઓ નિર્મોહી છે.

''મોહદયા''– ઘરનાં સ્વજનો, કુટુંબીઓ વગેરે પ્રત્યે દયા બતાવે છે, પણ ત્યાં મોહ હોય છે અને તેને દયા કહે છે, કારણ અંતરંગ સ્વાર્થનો મોહ છે એટલે મોહસહિત દયા છે. પોતાને જે સત્પુરુષ પ્રત્યે શ્રદ્ધા થઈ છે અને પરમાર્થ સમજાયો છે તે કુટુંબીઓ વગેરે સર્વને તેવી શ્રદ્ધા થાઓ, તેમના આત્માનું હિત થાઓ તે પ્રકારની દયા ચિંતવવી તે મોહદયા અનુકૂળ થઈ કહેવાય.

''શિથિલતા''– સંસારનાં કાર્યોને પડતા મૂકી, ખોટી ન થતાં તેને રહેવા દઈ ત્યાં શિથિલતા કરી પરમાર્થ-આત્મકલ્યાણનાં કાર્યોમાં પ્રેરાય, પુરુષાર્થ કરે ત્યાં શિથિલતા ન કરતાં શિથિલતાનો

સદુપયોગ કરે. વિષયકષાયોમાં મંદતા થવી તે શિથિલતા અનુકૂળ થઈ કહેવાય.

*

પ્રશ્ન– જે પ્રમાણે જેવા ભાવથી પૂર્વે કર્મ બાંધ્યું હોય તે પ્રમાણે રસ વેદન અને ફળ આપે કે તેમાં ફેરફાર થઈ શકે?

ઉત્તર– કર્મવિપાક ઉદય આવ્યા પહેલાં પુરુષાર્થ અને અભ્યાસથી ફેરફાર થાય છે. તેમજ નિકાચિત હોય તે પણ શિથિલ થાય છે. કર્મ કરતાં આત્માની શક્તિ વધારે બળવાન છે.

*

અસંગપણું– પરભાવથી મુક્તપણું, સર્વસંગરહિતપણું-કોઈપણ પ્રકારનો સંગ નહીં, શુદ્ધપણું. જેમકે– ''હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું.'' [હા૦ નોં૦ ૧-૭]

*

**(નીચેના ઉત્તરો પૂજ્યશ્રીએ આપેલા છે પરંતુ તે પ્રશ્નો મળ્યા નથી.)**

[૧] ભટ્ટારક– કર્મ જીતવામાં શૂરવીર સુભટ જેવા તીર્થંકરને પણ ભટ્ટારક કહે છે. મહાવીરસ્વામીને પણ ભટ્ટારક કહે છે. ભટ્ટારક મહાવીર.

બીજી અપેક્ષાએ–

ભટ્ટારક હોય તે વ્રતધારી ત્યાગી હોય પણ મઠમાં વાસ કરી રહે છે અને એ રીતે મઠના જે ઉપરી હોય તે ભટ્ટારક કહેવાય છે. તેની ગાદી હોય છે. જેવા કે કારંજાના વીરસેન ભટ્ટારક હતા.

*

[૨] લક્ષ્મીના સદ્વ્યય માટે સાત ક્ષેત્ર– (૧) જિનબિંબ, (૨) જિનાલય, (૩) શાસ્ત્રલેખન, (૪) યાત્રા, (૫) દાન, (૬) પૂજા, (૭) પ્રતિષ્ઠા.

*

[૩] ચાર બાબત જીતવી મુશ્કેલ છે– (૧) પાંચ ઇંદ્રિયમાં જિહ્વા ઇંદ્રિય. (૨) આઠ કર્મમાં મોહનીય કર્મ. (૩) પાંચ મહાવ્રતમાં બ્રહ્મચર્ય મહાવ્રત. (૪) ત્રણ ગુપ્તિમાં મનોગુપ્તિ.

*

[૪] વ્યવહારથી રત્નત્રય–

સમ્યક્દર્શન– આત્માનું પદાર્થ, તત્ત્વ, આપ્તગુરુજનની સંદેહરહિત તથા બાધારહિત શ્રદ્ધા.

સમ્યક્જ્ઞાન– આત્માનું પદાર્થ, તત્ત્વ આદિનું જ્ઞાન.

સમ્યક્ચારિત્ર– પ્રમાદથી થતા આસ્રવ કર્મની નિવૃત્તિ.

નિશ્ચયથી રત્નત્રય–

સમ્યક્દર્શન– આત્મા નામના નિર્મળ તેજમાં જે નિશ્ચય તે.

સમ્યક્જ્ઞાન– આત્મા નામના નિર્મળ તેજમાંનું જે જ્ઞાન તે.

સમ્યક્ચારિત્ર– આત્મા નામના નિર્મળ તેજમાં જે સ્થિરતા તે.

*

## ૬૧૫

## ભક્તિના વીશ દોહરા
## પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના સ્વહસ્તે લખાયેલા અર્થ

(પૂ. શ્રી બ્રહ્મચારીજીની હસ્તલિખિત ડાયરી નં. ૬ માંથી)

ૐ

તત્ સત્

'સહજાત્મ સ્વરૂપ પરમગુરુ દેવને અત્યંત ભક્તિથી ત્રિવિધ ત્રિકાળ નમસ્કાર હો! નમસ્કાર હો! નમસ્કાર હો!

**હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;**
**હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧**

અર્થઃ– હે (દીન, રંક દાસીના પ્રભુ) દીનાનાથ, દયા એ જ જેનો સ્વભાવ છે એવા દયાળુ પ્રભુ! હું શું કહું? શી પ્રાર્થના-સ્તુતિ કરું? હે પ્રભુ! હે પ્રભુ! એટલું ઉચ્ચારીને જ અટકી પડું છું; કારણ કે હું તો અનંત દોષને રહેવાનું ઠેકાણું-ઘર છું અને આપ તો કરુણાવંત - કૃપાનાથ છો.

ભાવાર્થઃ–

**"નાથ કેસો ગજકો બંધ છુરાયો, ગજ ઓર ગ્રાહ લરત જલ ભીતર;**
**લરત લરત ગજ હાર્યો-નાથ કૈસે ગજકો બંધ છુરાયો."**

મનરૂપી હાથી સંસાર સરોવરમાં જલ ક્રીડા કરવા જતાં કર્મબંધ રૂપી મગરે તેનો પગ પકડી રાખ્યો અને ઊંડા જળમાં ખેંચી ગયો. ત્યાં ડૂબતાં-ડૂબતાં સરોવરમાંથી કમળચૂંટી કમળાપતિને (સહજ, અમલ, અનૂપ, શુદ્ધચેતનાના સ્વામીને) ઊંચી સૂંઢ કરી અર્પતાં પ્રાર્થના મરણ વખતે કરે છે તેમ ભવ ભ્રમણથી થાકેલો આત્મા કોઈ સત્પુરુષના યોગે સંસારથી મુક્ત થવાની ઇચ્છાવાળો સમ્યક્ત્વ અભિમુખ થયેલો નિકટ ભવી મુમુક્ષુ પરમાત્માની ભક્તિ કરતાં કહે છે, કે હે પ્રભુ! હે પ્રભુ! આ મરણ ઊભાં કરે એવી સંસારની અનેક ક્રિયામાં રચ્યો પચ્યો હું આપની સન્મુખ આવીને ઊભો રહેવાને પણ લાયક નથી. હું શું જાણું છું કે તમારી સ્તુતિ હું કરું? મારી યોગ્યતા ક્યાં છે? હું તો અનંત દોષથી ભરેલો છું. ડૂબતો માણસ કંઈ ભાષણ કરીને લાંબા વખાણ કરીને કે વિનયપૂર્વક વિનંતી કરીને બચાવનારને બોલાવવા ન જાય. તે તો દોડો! કોઈ દોડો! એવા ટૂંકા શબ્દો જ બોલે. તેમ મુમુક્ષુ આ વીસ દોહરાની શરૂઆતમાં માત્ર પ્રભુના નામનો જ ઉદ્‌ગાર કાઢે છે, ફરી એનો એ જ હે પ્રભુ! ઉદ્‌ગાર કાઢે છે અને કહે છે કે હું શું કહું? પણ તમે રાંકમાં રાંક દાસીને શરણ આપનાર છો, અનાથના નાથ છો. તેથી મારામાં અનંત-મારાથી ગણ્યા ન જાય; જાણ્યા ન જાય, છતાં તમે અનંતજ્ઞાની હોવાથી જાણો છો, તેટલા બધા દોષથી હું ભરેલો છું. બધા દોષો મારામાં વસ્યા છે, અને આપ અનંત ગુણના ધામ છો, કરુણાળ છો, અમારી દયા ખાઓ છો તેથી તમારી આગળ આટલુંય બોલાય છે, નહિ તો તમારા ગુણ ગાવા માટે તો કેવા કેવા ભાવ જોઈએ તે જણાવે છે.

**શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;**
**નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ? ૨**

અર્થ:– જે શુદ્ધ ભાવથી મોક્ષ થાય છે તેવા ભાવ મારામાં નથી; વળી સર્વ ભાવ તારામાં પ્રશસ્તપણે અર્પણ થયા નથી; આથી કરીને દીનત્વ કે લઘુતા, નમ્રતા મારામાં નથી પ્રગટ થઈ અને લઘુતાથી જ પ્રભુતા પમાય છે. તે સાધન નહીં હોવાથી, પરમ સ્વરૂપ-તારું અચિંત્ય સ્વરૂપ કે પરમ પદ લઘુતાના દ્વાર વિના પમાય નહીં. તેનું વર્ણન કથન થાય તેવી યોગ્યતા પણ મારામાં નથી તેથી શી રીતે કહું?

ભાવાર્થ:– અશુભ, શુભ અને શુદ્ધ એ ત્રણ પ્રકારના ભાવ કે પરિણામ જીવના હોઈ શકે. અશુભ ભાવથી પાપ બંધાય, શુભ-પ્રશસ્ત રાગ એટલે સત્પુરુષ, સત્શાસ્ત્ર, સત્ધર્મ ઉપર રાગ તે પુણ્યનું કારણ છે. તેથી પરંપરા મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે. અને શુદ્ધભાવ તે સાચા ભાવ-સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ નિશ્ચયરત્નત્રયની ભાવના-પરિણામ તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. આ ત્રણ ભાવોમાંથી શુદ્ધ ભાવ તો મારામાં નથી જ. તેમ શુભ ભાવો પણ સંપૂર્ણપણે તને અર્પાયા નથી. તારામાં-તારા ગુણ કિર્તનમાં-તારા વચનમાં સર્વ ભાવ વર્તતા નથી. વળી પરમ દીનત્વની ઓછાઈ, આ લોકની અલ્પ પણ સુખેચ્છા અને પદાર્થનો અનિર્ણય એ ત્રણ કારણો 'માર્ગ પ્રાપ્તિ'ને રોકનાર છે. તેમાં માર્ગ પ્રાપ્તિનું પરમ સાધન પરમ દીનત્વ કે સર્વ પ્રાણીઓ પ્રત્યે પોતાનું દાસત્વ તે મારામાં નથી અને તે થવાનું કારણ 'સત્પુરુષ પ્રત્યે પરમેશ્વર બુદ્ધિરૂપ પરમ ધર્મ' તે મારામાં નથી પ્રગટ્યો તેથી જોગ્યતા મારામાં નથી આવી એટલે પરમસ્વરૂપ એવા પરમાત્મા વિષે હું શું કહી શકું? તેમ છતાં આજ્ઞાંકિત ગુણ હોય, આજ્ઞા આરાધકપણું હોય તો યોગ્યતા આવે તે જણાવતાં કહે છે–

**નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;**
**આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩**

અર્થ :– આપ્ત-મોક્ષમાર્ગ માટે વિશ્વાસ રાખવા લાયક-પુરુષ-ગુરુદેવની આજ્ઞા હૃદયમાં મેં અચળ કરી નથી; હજી ચંચળપણું આજ્ઞા ઉઠાવવામાં વિઘ્ન કરે છે, તેમજ આજ્ઞા કરનાર આપ્તભગવાનનો દૃઢ વિશ્વાસ પણ નથી; સત્પુરુષનું સાચું ઓળખાણ પણ પડ્યું નથી. તેથી સગાં, ધન, લૌકિક સુખ આદિ ઉપર વિશ્વાસ રાખ્યો છે ત્યાં સુધી પરમાત્મા ઉપર દૃઢ વિશ્વાસ આવી શકતો નથી. ''પ્રીતિ અનંતી પર થકી જે તોડે હો તે જોડે એહ...''-(દે૦ ૧) આમ સાચી ઓળખાણ વિના પરમ આદર, ભક્તિ ભાવ કે રૂચિ ઉત્પન્ન પણ થઈ નથી. તો ભાવ આદર વિના ભક્તિ કેમ કરીને હું કરી શકું?

ભાવાર્થ:– 'आणाए धम्मो आणाए तवो' એમ આજ્ઞા, એ ધર્મનું મૂળ શાસ્ત્રમાં કહ્યું છે, પણ મારામાં તો આજ્ઞા ઉઠાવવા જેટલી યોગ્યતા પણ નથી. સંસાર પરિભ્રમણ કરાવનાર કામ ધંધાને વિષય કષાયની પ્રવૃત્તિમાં નિશ્ચળ વૃત્તિએ વર્તું છું. તેમાંથી છૂટી બે ઘડી સંસારમળ નાશ થાય તેવી ભક્તિ વગેરે ઉદ્યમમાં વર્તવાનું મનમાં અચળપણું નથી આવતું. ઊલટું આપ્તપુરુષની આજ્ઞાએ વર્તતાં મન પોતાનો ચંચળ સ્વભાવ પ્રગટ કરે છે. ત્યાં-સત્પુરુષની આજ્ઞામાં જ્યાં અચળ થવું જોઈએ ત્યાં તેમ થતું નથી. આજ્ઞા હૃદયમાં સચોટ સ્થિર થવામાં મન વિઘ્ન કરે છે. તેમજ આપ પ્રભુ સાચા છો ને સાચો મોક્ષમાર્ગ બતાવો છો એટલો પણ વિશ્વાસ દૃઢપણે મન ટકવા દેતું નથી.

તો પછી પરમ આદર અને પરમ ભક્તિ ક્યાંથી ઊગે? શ્રદ્ધા અને ભક્તિ વિના આજ્ઞા કેવી રીતે ઉઠાવાય? આમ આજ્ઞારૂપી ધર્મનું મૂળ મારામાં સ્થિર ચોંટ્યું નથી તો ધર્મનું પોષણ કેવી રીતે પામું અને શી રીતે સ્તુતિ કરું? આમ હોવા છતાં જો સત્સંગ કે સત્‌સેવા પ્રાપ્ત થાય તો સત્પુરુષના યોગબળે મારું કામ થાય એવો વિચાર પ્રગટ કરતાં જણાવે છે–

**જોગ નથી સત્‌સંગનો, નથી સત્‌સેવા જોગ;**
**કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪**

અર્થ :– ''क्षणमपि सज्जनसंगतिरेका भवति भवार्णवतरणे नौका ।'' (શંકરાચાર્ય). સજ્જન-સત્પુરુષનો સમાગમ ક્ષણવાર થયો હોય તો પણ ભવ સમુદ્ર તરવામાં તે નાવરૂપ થઈ પડે છે, પણ એવો સત્સંગનો જોગ મને પ્રાપ્ત નથી, તેમજ સત્પુરુષની સેવાનો જોગ પણ મળ્યો નથી અથવા હું સત્પુરુષની સેવા કરવાને માટે યોગ્ય-લાયક નથી; મારાં એવાં અહોભાગ્ય નથી. તેમજ પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગના અભાવે તેના વિરહમાં તે ભગવાનમાં જ તલ્લીનતા રહેવી જોઈએ, સર્વાંશે સર્વસ્વ અર્પણ કરી વર્તવું જોઈએ તેમ પણ બનતું નથી, વળી તે પુરુષ સાચા છે તેમને આશરે રહેવાથી મારું કલ્યાણ થશે એવો આશ્રય ભાવ, શરણ પણ ગ્રહણ થતું નથી. તેમજ પૂર્વિક ભાગ્યને બળે, પ્રારબ્ધ યોગે પણ જોગાનુજોગ બનતો નથી. અચાનક વગર સમજ્યે પૂર્વ પુણ્યના યોગે સત્પુરુષ પ્રાપ્ત થાય તેવી મન વચન કાયાની પ્રવૃત્તિ કે સ્વભાવ નથી, અથવા શંકા-સમાધાન જેટલો પ્રશ્નોત્તર થઈ શકે તેવો યોગ પણ નથી પ્રાપ્ત થયો.

ભાવાર્થ :– 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો..' (શ્રીમદ્ રાજચંદ્ર). તેથી પણ વિશેષ પુણ્ય હોય તો આર્યભૂમિમાં જન્મ થાય. તેમાં પણ ઉત્તમ કુળ મળવું પણ દુર્લભ છે અને સત્‌ધર્મ પ્રાપ્ત કરાવે તેવા પુરુષનો સંગ એ તો મહાભાગ્યની નિશાની છે. તે ન હોય તો તેવા આપ્તપુરુષનો જેને રંગ લાગ્યો છે તેવા પુરુષનો સંગ, તે સત્સંગ પણ અતિ શ્રેય કરનાર છે. મારા ભાગ્યમાં તો તે પણ નથી; તેમજ સાચી સેવા-કાં તો સત્પુરુષની નિષ્કામ ભાવે સેવા અથવા સાચા ભાવથી પ્રતિમા આદિની સેવા કે આત્મ ભાવના તેને માટે મારી લાયકાત નથી. તેવો જોગ નહીં બનવાથી મારાથી તે બનતું નથી. હું એટલો અભાગિયો છું કે મને તેવી સેવા પ્રાપ્ત થઈ નથી. તેમજ મન, વચન, કાયા સર્વ યોગથી અર્પણભાવ કરી વર્તાતું પણ નથી. પરમાત્મામાં તલ્લીનપણે પણ રહેવાતું નથી. વળી ન વર્તાય તે મારો દોષ, પણ હું તેને આશરે હવેથી રહેવા ઇચ્છું છું એવો શરણભાવ પણ રહેતો નથી. અન્ય પુરુષો અને અન્ય ધર્મો કે સંસારના કારણોમાં મહત્ત્વ હજુ રહ્યા કરે છે. તેમજ એવો કોઈ પ્રસંગ પણ બન્યો નથી કે જે ધર્મના બીજ રૂપ થોડો કાળ ન જણાય. પણ કોઈ કાળે અનુકૂળતા પ્રાપ્ત થતાં ધર્મરૂપી અંકુર ઊગી નીકળે અને જાગ્રત કરી સત્‌ધર્મ ઉપર શ્રદ્ધા દૃઢ કરાવે એવો અચાનક યોગ પણ બનવાનું મારા ભાગ્યમાં હોય તેમ લાગતું નથી. આવી મારી અધમ દશા, હે પ્રભુજી, તમે જાણો છો. આવી પામરતા-કમનસીબપણું લઘુતા વિવેકપૂર્વક સ્મૃતિમાં રહે તો પણ હિતકારી છે તે જણાવતાં કહે છે–

**'હું પામર શું કરી શકું?' એવો નથી વિવેક;**
**ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫**

અર્થ :– હું રાંક, પામર પ્રાણી કંઈ કરી શકવાને સમર્થ નથી કારણ કે, હું કર્મથી બંધાયેલો છું અને પરમાત્મા કર્મથી મુક્ત છે તે અનંત વીર્યવંતા છે, તેની આગળ મારી કોણ ગણતરી? આવો વિવેક મારામાં નથી. પણ આપ્તપુરુષ સદ્‌ગુરુદેવનાં ચરણ-વચનામૃત-આજ્ઞા તે પ્રમાણે આટલા ભવમાં વર્તીશ, તેને શરણે આટલાં બાકી રહેલાં વર્ષ ગાળીશ એટલું કરવાની પણ મારામાં ધીરજ નથી, હિંમત નથી.

ભાવાર્થઃ– મારાથી કાંઈ કોઈને માટે થઈ શકે તેમ નથી. સર્વ પોતપોતાના કર્માનુસાર જીવે છે. હું જ કર્મથી બંધાયેલો છું તો મારાથી કર્મ ઉપરાંત બીજું શું થવાનું છે? જે કંઈ શુભ થતું હોય તે પણ કર્માનુસાર કે હરિ ઇચ્છાએ થાય છે. તેમાં મમત્વ માનવા જેવું કે અભિમાન કરવા જેવું નથી અને અભિમાન કરીને માથે કુટુંબ, દેશ આદિનો ટોપલો ઉપાડી લેવાથી કર્મ વધારવાનું નિમિત્ત ઊભું થાય છે. આવો સાચા ખોટાનો, હિત અહિતનો વિવેક-ભેદ સમજવાની શક્તિ મારામાં નથી, તેથી મારાથી કુટુંબ ચાલે છે, હું જ દાન ધર્મ કરું છું. હું ન કરું તો કેમ આ બધો વ્યવહાર ચાલે? વગેરે પ્રકારે અભિમાન હે પ્રભુ! મારામાં વર્તે છે. પણ જો શરણ પ્રાપ્ત થાય તો અનાથપણું મટે. વિવેકજ્ઞાન ન હોય તો પણ એમ રહે કે તારા કહ્યા પ્રમાણે આટલો ભવ ગળાજો. એવી ભાવનાથી દૃઢ વર્તાય તો પણ શ્રેય થાય, પણ તેટલી ધીરજ, હિંમત કે વીર્ય મારામાં નથી. આવો હું હિણવીર્ય-અશક્ત થઈ ગયો છું તેને હે પ્રભુ તારા અનંત વીર્ય આદિ ગુણની સ્મૃતિ જગાડશે એવો ભાવ જણાવતાં કહે છે–

**અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;**
**અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬**

અર્થ :– હે પ્રભુ! તારું મહાત્મ્ય એટલું બધું છે કે ત્યાં સુધી મતિની ગતિ પહોંચતી નથી અને તેથી જોઈએ તેવો ઉલ્લાસવાળો ભાવ જાગતો નથી. કારણ કે તે અનુભવ બહાર છે. જે જોયું નથી, જાણ્યું નથી તેના ઉપર ઉલ્લાસ કેમ કરીને લાવું? જે પ્રેમ આવવો જોઈએ અથવા સંસાર પ્રત્યે જે પ્રેમ વર્તે છે તેનો એક અંશ પણ પરમાર્થ પ્રત્યે વર્તતો નથી અને પ્રેમ કે જ્ઞાન વિના તારી ઓળખાણ નથી. તેમજ જ્ઞાન પ્રભાવ પણ એટલો બધો નથી કે આલંબન વિના પ્રભુતાની કંઈ શ્રેયકારી ભાવના કરી શકાય.

ભાવાર્થઃ– હે ગુરુદેવ! તમારું મહાત્મ્ય અચિંત્ય છે, અપાર છે, મતિમાં આવે તેવું નથી. તો તમારું ઓળખાણ કયે રસ્તે થાય? એક તો આપના પ્રત્યે ઉલ્લાસથી, પ્રેમથી, હૃદય ભરપૂર થવાથી તન્મયતા અનુભવાય અથવા ''જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી.'' (આનંદઘનજી). એ જ્ઞાનના પ્રભાવથી, આત્મભાવના ભાવવાથી તમારું ઓળખાણ થાય. તેમ છતાં મારામાં તો આપના પ્રત્યેના પ્રેમનો એક છાંટોય દેખાતો નથી. તો પ્રફુલ્લિત કે ઉલ્લાસવાળા ભાવની તો શી વાત કરવી? એટલે ભક્તિમાર્ગથી પણ તરવાનો રસ્તો મારે માટે દેખાતો નથી. તેમ મારામાં પરમ પ્રભાવ-પ્રભાવિક જ્ઞાન કે પ્રબળ ક્ષયોપશમ અને વીર્ય વડે શુદ્ધ આત્મભાવના ભાવવા જેવી યોગ્યતા પણ નથી. તેવી અધમ દશા, હે પ્રભુજી મારી છે. તેના ઉત્તરમાં જો આપ એમ જણાવો કે સ્વરૂપ તો સદાય જેમ છે તેમ છે. અજર, અમર, અવિનાશી, અચળ છે. તેનો વિયોગ નથી. તેના

ઉત્તરમાં જણાવવાનું કે—

**અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;**
**કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭**

અર્થ :— આપે જે સ્વરૂપ દર્શાવ્યું તેની દૃઢ પકડ થતી નથી, તેમાં વળગ્યા રહેવાતું નથી. અથવા તો આપને દૃઢતાથી વળગ્યા રહેવાતું નથી. અને આમ કલ્યાણના માર્ગનો વિરહ પડે છે તો પણ તેને માટે ખેદ થતો નથી. તેની તે જ ભાવનામાં રહેવું જોઈએ. તેના જ ઉચાટમાં રહેવું જોઈએ, તેની જ ઇચ્છા રહેવી જોઈએ, તેના માટે ઝૂરવું જોઈએ તે પણ મારાથી હે ભગવાન બનતું નથી. તેવી ઝૂરણા માટે તો તેમ જેણે કર્યું છે અથવા એવો ઉત્કટ પ્રેમ જેને જાગ્યો છે કે જેને તેના વિના એક પળ પણ જીવવું તે મરણ કરતાં પણ અધિક દુઃખદાયી થઈ પડે છે તેવા આદર્શ પુરુષના પ્રેમની કથા અને દશાનો પરિચય થવો જોઈએ. પણ તમારો તેવો સ્વરૂપ પ્રત્યેનો પ્રેમ મને કોણ કહી બતાવે? તેની પણ પ્રાપ્તિ નથી તો પણ જીવને તેનો ઉચાટ રહેતો નથી. વ્યાકુળતા આવતી નથી. આવાં કલ્યાણનાં સાધનો મને પ્રાપ્ત નથી થયાં તો મારે તરવાનો હવે કોઈ આરો છે? એના ઉત્તરમાં ભક્તિમાર્ગથી કલ્યાણ થશે એમ કહો તો કહેવાનું કે—

**ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;**
**સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮**

અર્થ :— ભક્તિમાર્ગ મને પ્રાપ્ત થયો નથી. કોની ભક્તિ કરવી, ભક્તિ કેવા પ્રકારે કરવી, ભક્તિનું સ્વરૂપ શું? વગેરે મને ખબર નથી. ''ગુરુગમે કરીને ભક્તિનું પરમસ્વરૂપ સમજાયું નથી'' તેમજ ભજન કરવાનું કહો તો ભજન શાનું કરવું, કેમ કરવું? તેનું પણ ચોક્કસ ભાન મને નથી. વળી આત્મધર્મની સમજ જ મને નથી અને જ્યાં ગયે તે સમજી શકાય તેવા પવિત્ર, તીર્થક્ષેત્રે મારે વસવાનું બની શકતું નથી તો શું કરવું?

**''શ્રવણ, કીર્તન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન;**
**લઘુતા, સમતા, એકતા, નવધા ભક્તિ પ્રમાણ.''**—બનારસીદાસ.

ભાવાર્થઃ— ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગ કરતાં સુલભ છે અને ઘણા વિચારવાન જીવોએ તેનો આશ્રય કર્યો છે એ ભાવાર્થનું કહેવું સાચું છે, પણ મને ભક્તિમાર્ગમાં પ્રવેશ નથી. હું તેથી અજાણ્યો છું, તેમ નથી આવડતાં ભજન કે સ્તવન. તો પછી ભક્તિથી પ્રાપ્ત કરવા યોગ્ય સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્રરૂપ આત્મધર્મની સમજ તો મને શાની હોય? તે સમજવા માટે જ્યાં સત્પુરુષ વસતા હોય, સત્સંગની લહરીઓ છૂટતી હોય અને આત્માને સત્‌ રંગ ચઢાવે તેવો યોગ હોય તેવાં તીથક્ષેત્ર સેવવાથી ભક્તિમાર્ગ સમજાશે. એમ જણાવો તો એટલું કહેવાનું છે કે મારે તેવાં સ્થાનમાં વસવાનો જોગ નથી, એટલું પણ મારા ભાગ્યમાં નથી. અને વળી ''ગુરુગમે કરીને જ્યાં સુધી ભક્તિનું પરમ સ્વરૂપ સમજાયું નથી, તેમ તેની પ્રાપ્તિ થઈ નથી ત્યાં સુધી ભક્તિમાં પ્રવર્તતાં અકાળ અને અશુચિ દોષ હોય.'' (૧૪૨) તે વિચાર લક્ષમાં રાખી જણાવે છે—

**કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ;**
**તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯**

અર્થ :– ''વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ બહુ લોપ.''– (શ્રીમદ્ રાજચંદ્ર). આવા કળિકાળમાં અમુક કાળ ભક્તિ યોગ્ય છે કે અમુક કાળ શાસ્ત્રાભ્યાસ માટે અયોગ્ય છે. એવી મર્યાદાઓ સદ્ગુરુના વિયોગ જેવા કાળમાં કેમ જાણી શકાય અને ભક્તિ માર્ગમાં પ્રવર્તતા થતા દોષો કેમ દૂર થાય? અથવા આ કળિકાળમાં આયુષ્ય બહું ટૂંકુ હોય છે અથવા ચોતરફ વિષય કષાયને પોષે તેવા સંજોગો વધતા જાય છે. તે દોષોમાંથી બચવા મર્યાદા ધર્મ એટલે વૃત્તિ સંક્ષેપ કરવાનાં સાધન તરીકે દિશા, દેશ, ધન, આદિની વ્રત લઈને મર્યાદા કરવામાં આવે છે. તે પણ મારાથી બનતું નથી. તેમ છતાં મને કોઈ રસ્તો ન સૂઝે ત્યારે જે આકુળતા વ્યાકુળતા થવી જોઈએ તેની નિશાની સરખી જણાતી નથી. એ કર્મની કેટલી બધી બહોળતા (બાહુલ્યતા) છે. તે માત્ર તમે જ હે પ્રભુ! જાણો છો, જુઓ છો.

ભાવાર્થઃ– સર્વ કાળમાં સત્પુરુષનો યોગ થવો દુર્લભ કહ્યો છે. તો આ હુંડાવસર્પિણી (કળિ) કાળમાં તે અત્યંત દુર્લભ હોય એમાં નવાઈ નથી. તો ગુરુગમે ભક્તિનું સ્વરૂપ સમજાવું મહાદુષ્કર દેખાય છે. અને પ્રાયે સત્પુરુષના વિયોગ જેવા આ કાળમાં આ ક્ષેત્રમાં દોષો જ જ્યાં ત્યાં ઊભરાય એ સ્વાભાવિક છે. તેમાંથી શી રીતે બચવું એ પ્રશ્ન થાય છે. તેનો ઉત્તર કે અલ્પ આયુષ્ય અને કુસંગ, વીર્યહીણતા, હીનપુણ્યતા વગરે આ જમાનાના દોષો રૂપી અગ્નિથી લાગતા આ મનુષ્ય ભવરૂપી ઘરમાંથી બચાવાય તેટલું બચાવી લેવું. તેને માટે મર્યાદાધર્મ-દિશા, દેશ, ધન, આહારાદિમાં થતા દોષોનો વિચાર કરી તેની વ્રત આદિથી સમ્યક્મર્યાદા બાંધી વર્તવું. સમકિત સાથે પાંચ મહાવ્રત પાળવાં વગેરે મર્યાદા અથવા ''કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુ વિચાર વિના ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે.''-(૨૫૪) આવી સ્વરૂપ મર્યાદારૂપી ધર્મ પ્રમાણે વર્તવું. પણ તેવો ધર્મ મારાથી પળાતોય નથી અને તે બદલ ખેદ કે વ્યાકુળતા પણ રહેતી નથી. એ કેવાં ભારે કર્મ કહેવાં? બળતા ઘરમાં બેભાન થઈને દોડે છે, તે કેવી રીતે બચે? તેવી મારી સ્થિતિ હે પ્રભુ લાગે છે. ત્રાસરૂપ સંસાર પણ મને ત્રાસ ઉપજાવવાને બદલે તેમાં જ પકડી રાખે છે. એ કેવાં પ્રકારનાં કર્મ હશે તે આપ જાણો છો. કારણ કે આપ સર્વજ્ઞ છો. આવા ભયંકર દોષોથી બળતા કળિકાળમાં માત્ર સત્પુરુષ જ શીતલ ઝાડની છાયા-કલ્પદ્રુમ સમાન છે. તેની સેવા પ્રાપ્ત કરવાથી સર્વ સાંપડશે. એ ઉપાય સાચો છે. પણ તેમાં વિઘ્નો નડે છે તે જણાવે છે–

**સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;**
**દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦**

અર્થ :– મારું વીર્ય એટલું બધું હણાઈ ગયું છે કે મને બળતામાંથી બચવાનો સત્પુરુષની સેવારૂપ ઉપાય સૂઝયા છતાં પ્રતિકૂળ સંજોગોને હું દૂર કરી શકતો નથી. મને કલ્યાણમાં વિઘ્ન કરતા સ્વજન કુટુંબાદિ બંધન, લોકલાજ આદિ બંધન, સંકલ્પ-વિકલ્પરૂપ બંધન અને દેહાભિમાનરૂપ બંધન વગેરે બંધનો હું ત્યજી શકતો નથી. વળી દેહ અને ઇન્દ્રિયો મને વિષય કષાયમાં દોરી જાય છે. મારું કહ્યું કરતા નથી અને બાહ્ય પદાર્થો ઉપર રાગદ્વેષ કરાવી બંધન કરાવે છે તેથી સત્પુરુષથી વિમુખ રહેવા જેવી મારી દશા વર્તે છે. આવી સ્થિતિમાં સત્પુરુષનો કે કલ્યાણનો વિયોગ રહે તો શું કરવું?

ભાવાર્થઃ– "બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.........

એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ." (૭૬)

આવાં વચનથી સત્પુરુષની સેવાની પ્રતીતિ થાય છે, પણ મને ઉપર જણાવ્યાં તેવાં બંધન નડે છે. તે મારાથી દૂર થતાં નથી. લોકને રૂડું દેખાડવા ઘણું મારે કરવું પડે છે. તેમજ દેહેન્દ્રિયોને પણ વશ રાખી શકતો નથી. તેથી સત્પુરુષનો યોગ થતો નથી અને થાય તો તે અસંયમ તેની ઓળખાણ પડવા જેટલી મારી યોગ્યતા આવવા દેતો નથી. મારી વૃત્તિઓ જ સંસારમાં વહે છે ત્યાં હવે શું કરું? તે દર્શાવતાં કહે છે–

**તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;**
**નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં. ૧૧**

અર્થ :– હે પ્રભુ, તારો યોગ પ્રાપ્ત થવો તે અમારા ઉદ્ધારનું નિઃશંક સાધન છે. અને તે આ કાળમાં દુર્લભ થઈ પડ્યો છે. તે કાળમાં તારો વિયોગ અમને હૃદયમાં સાલવો જોઈએ. વારંવાર મનમાં પ્રગટ થઈ આ ઉણપ મારા અંતરમાં સ્ફુરવી જોઈએ તો જ તારા યોગની ભાવના રહે પણ તેમ બનતું નથી. ઊલટું જાણેલું બોલી બતાવવામાં અથવા વાતચીત, પરકથા આદિ વચનયોગની પ્રવૃત્તિમાં બંધન હું કર્યા કરું છું. તેમજ નયન-'દૃષ્ટિમાં ઝેર છે.' વિષય કષાયને પોષવામાં આંખો હું વાપર્યા કરું છું. જ્યાં જ્યાં નજર પડે છે ત્યાં ત્યાં હું શુભાશુભ ભાવ કરી બંધન કર્યા કરું છું. વળી સત્સંગ દુર્લભ હોવાથી જેમનામાં સાચી ભક્તિ નથી, તેવા અણભક્તના સંગથી ઉદાસ, અળગો, મધ્યસ્થ રહેતો નથી. તેથી તેમના કુસંગનું ફળ પણ નિમિત્તને લઈને થાય છે. તેમજ ગૃહ કાર્યાદિકમાં પણ ભાવ મોળા નહીં પડવાથી તે બંધના નિમિત્તમાં હું વસું છું.

ભાવાર્થઃ– હે ભગવાન, તારું સ્મરણ કેમ નથી રહેતું. તારી આજ્ઞા સમજાવનાર સદ્‌ગુરુ ભગવાન વિના મારું કલ્યાણ નથી. એમ ક્ષણે ક્ષણે મને સાંભરવું જોઈએ તે પણ સ્ફુરતું નથી. ઊલટું વાગ્જાળમાં હું માછલાંની પેઠે બંધન પામી હણાઉં છું અને નયન વિકારથી ઠાર ઠાર ભવ ઊભા થાય તેવાં બંધનની કમાણી કરી રાચી રહ્યો છું. તારી આજ્ઞાને માન્ય કરનારા ભક્તજનોનો સંગ તે સત્સંગ છે અને તે કર્મ આવતાં અટકાવી, જૂના કર્મની નિર્જરા કરવામાં સહાય-નિમિત્તભૂત બને છે. પણ બીજા અણભક્ત એટલે અન્ય સંસારી જીવોને છોડીને કુટુંબ આદિ કાર્યને વેગળું કરીને તેમાં ઉદાસ પરિણામ કરીને સત્સંગની પ્રાપ્તિ થાય તો તેમ બનવા સંભવ છે. પણ તેવું ય મારાથી હે પ્રભુ, બનતું નથી. મારું કુટુંબ અને મારાં સ્વજન, પરિવારમાં જ હજી હું રાચી રહ્યો છું. તે ઉપરાંત દેહાભિમાનરૂપ બંધનથી પણ હું મુક્ત નથી તે જણાવે છેઃ–

**અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;**
**નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨**

અર્થ :– હું સુખી છું, હું દુઃખી છું, હું રૂપાળો છું, હું બ્રાહ્મણ, પાટીદાર, વાણિયો છું, હું કર્તા છું, ભોક્તા છું, હું ધર્મ કરું છું વગેરે પ્રકારે દેહાભિમાન કે હું પણું દુઃખદાયી છે. તે પણ ટળ્યું નથી

અને આત્મધર્મ-સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન, સમ્યક્‌ચારિત્રરૂપી સ્વધર્મોની પ્રાપ્તિ થઈ નથી. તે ગુણો મારામાં આવ્યા નથી તેમજ પરવૃત્તિમાં પ્રવર્તતો હોવાથી ૨૫ પ્રકારના સમકિતના દોષ છે તે સર્વ મળથી હું મૂકાયો નથી.

ભાવાર્થ:– "स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावह" (ભગવત્ ગીતા) શ્રી કૃષ્ણના આ વાક્યમાં પણ આત્મધર્મ, સમ્યક્‌જ્ઞાન દર્શન ચારિત્ર સહિત મરણ તે શ્રેયરૂપ ગણ્યું છે. અને તેથી વિપરિત સમાધિમરણ અટકાવનાર દેહાભિમાન અને પરમાત્માના ધર્મો-ગુણોનું અજ્ઞાન ટળ્યા નથી. देहाभिमान गलिते, विज्ञाते परमात्मानि यत्र मनो याति, तत्र तत्र समाधयः ॥ આ સમાધિનાં કારણ સ્વધર્મ સંચય પરમાત્માનું જ્ઞાન, ધર્મ, લક્ષણનું થવું અને હું પણું ગળી જવું. અહંભાવથી રહિત થવું તે મારા ભાગ્યમાં ક્યાંથી? સત્‌ધર્મથી ઊલટા અન્ય ધર્મ-કુદેવ, કુગુરુ, કુધર્મના સંગથી અને માન પોષવા આદિ વૃત્તિઓથી નિર્મળપણે હું છૂટ્યો નથી. કષાય શમે અને મોક્ષની જ અભિલાષા રહે તેવી મારી દશા થઈ નથી, તો ધર્મ હું કેવી રીતે પામું? આવાં અનંત કારણોને લઈને મારી અધમ દશા છે તે કહે છે –

**એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;**
**નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય ? ૧૩**

અર્થ :– આવાં અનંત કારણોને લઈને હું પરાધીન છું. મારામાં હજી એક પણ આત્મગુણ પ્રગટ્યો નથી. તો હે પ્રભુ! હું તને શું મોઢું દેખાડું?

ભાવાર્થ:– જેટલે જેટલે અંશે આત્મગુણ પ્રગટે તેટલે તેટલે અંશે સત્પુરુષ ઓળખાય અને સત્શ્રદ્ધા પણ તેટલી જ ગણાય. પણ મારામાં તો અનંત દોષો ભર્યા છે તો હે પ્રભુ! મને તમારું દર્શન-શ્રદ્ધા ક્યાંથી અચળપણે પ્રાપ્ત થાય? અને તેવી યોગ્યતા પ્રાપ્ત કરવાનાં સાધનો ઉપર જણાવ્યાં તે ઉપરાંત તે સાધનના પ્રકાર અનંત અનંત છે, પણ તે સર્વ સાધનથી હું રહિત છું. મારાથી કોઈ સાધન પ્રાપ્ત કરી શકાતું નથી. એવો હું પાપી છું, અનાથ છું અને આપ દયાની મૂર્તિ છો તે જણાવતાં કહે છે :–

**કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;**
**પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪**

અર્થ :– હે આપ્ત ભગવાન, આપ તો દયારૂપી દેહમાં જ વસો છો; કેવળ દયામય જ છો, દીનના બંધવ, સહાયક છો અને હું તો પાપી છું, અનાથમાં અનાથ હું છું. હે પ્રભુ, તમારા સિવાય મારા તરફ કોઈ નજર પણ ન નાખે એવો પાપાત્મા અને રાંક હું છું. તેથી તમે મારો હાથ ઝાલીને આ સંસારરૂપી અંધારા કૂવામાંથી મને ખેંચી લ્યો-મારો ઉદ્ધાર કરો.

ભાવાર્થ :– સત્પુરુષોનો દેહ પોતાનું પ્રારબ્ધ પૂરું કરવા અને પરનું કલ્યાણ કરવા એ હેતુએ ટકેલો છે. તેમ હે ભગવાન, મારા જેવા દુઃખીજનો સંસારનાં કારણ સેવી દુઃખની પરંપરા ખડક્યે જાય છે તે જોઈ આપનું અંતઃકરણ દયાથી ઊભરાઈ જાય છે. તમે દયાની મૂર્તિ છો. રાગદ્વેષથી આત્માની ઘાત થાય છે અને તે પ્રમાણે અમે અજ્ઞાની પ્રાણીઓ આત્મઘાતી છીએ. કસાઈ કરતાં પણ ભૂંડા છીએ. કારણ કસાઈ તો આ જ ભવમાં કોઈ પ્રાણીનો વધ કરે છે, પણ અમે તો એવાં

વેર બાંધીએ છીએ, એવી માયામય પ્રીતિ કરીએ છીએ કે તે ભવોભવ ભટકતાં પણ તે ગાંઠ ભેદાવી મુશ્કેલ થઈ પડશે. આવી અમારી દશા જોઈ આપ રાગદ્વેષથી મુક્ત થઈ અમને મુક્ત કરવા કરુણા કરી બોધ કરી રહ્યા છો. પરનું હિત એ જ આપનું કાર્ય છે, પણ અમે એવા પાપી છીએ કે આપના તરફ અમે જરા આંખ ઊંચી કરીને નજર પણ નાખતા નથી. સંસારથી મુક્ત થવાનો અપૂર્વ જોગ પ્રાપ્ત થતાં મનુષ્યભવ, ઉત્તમકુળ, સદ્ગુરુની પ્રત્યક્ષ વાણી આવો ઉત્તમ જોગ મળતાં પણ જે અવસર ચૂકે તે મૂરખ શિરોમણી જ ગણાય અથવા તેમાં ગાઢાં પાપ ફરી વળી સત્ ને સત્ ન સમજવા દે તે કેવી અનાથ દશા? કોઈને રોગ થયો હોય તો અમુક વખતે જાય, ધન ગુમાવ્યું હોય તો ફરી કમાય કે વિદ્યા ભૂલી ગયો હોય તો ફરી અભ્યાસ કરી પ્રાપ્ત કરી લે, પણ જેણે સત્પુરુષનો પ્રાપ્ત યોગ ગુમાવ્યો તે તો ''અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલોજી'' (શ્રી યશોવિજયજી) એને આ કાળમાં દુર્લભ વસ્તુ પ્રાપ્ત થઈ તે ફરી કયે ભવે પ્રાપ્ત થશે તે વિષે કહી શકાય નહીં. મારા જેવા પાપીને આટલું પણ નથી સૂઝતું, તો પ્રભુ આપના યોગબળે જ મારો ઉદ્ધાર થશે એમ માની વિનંતી કરું છું કે મને સંસાર સાગરમાંથી બૂડતો બચાવવા આપની કૃપા નજરરૂપી હાથ લંબાવી, બોધ આપી સમ્યક્ત્વરૂપી આધાર આપી મારો ઉદ્ધાર કરશો. સંસાર સાગર કેવો ત્રાસ ઉપજાવે તેવો છે તે જણાવતાં કહે છે :—

**અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;**
**સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ૧૫**

અર્થ :— આ અપાર સંસાર સાગરમાં અનાદિકાળથી હું ગોથાં ખાઉં છું. તો પણ તે સંસારનું સ્વરૂપ અને તેથી વિરક્ત એવા અસંસારી, મુક્ત ભગવાનનું મને ભાન થયું નહીં. કારણ કે તે આપમતે-સ્વચ્છંદે સમજી શકાય તેવું નથી. સદ્ગુરુ કે સત્યના ઉપાસક એવા સંતપુરૂષના ચરણમાં માથું મૂકી નિરભિમાનપણે તેમની સેવા-આજ્ઞા ઉઠાવી નથી. નહિ તો જેમ છે તેમ આજ સુધી સમજાયા વિના રહે નહીં.

ભાવાર્થઃ— અનંતકાળથી આ સંસારનો પાર પામવા હું આથડ્યા કરું છું. પણ સંસાર સમુદ્ર અપાર છે, તેનો પાર સ્વભુજાએ તરીને પામવો દુર્લભ છે. આવા મહાન સાગરને જે રમત માત્રમાં તરી ગયા છે, ગાયની ખરીથી થયેલા ખાડાના ખાબોચિયાની પેઠે જે સંસાર ઓળંગી ગયા તે મહાવીર સુભટોમાંથી કોઈની મને ઓળખાણ પડી શકી નહીં, નહિ તો હું પણ તેમને આશરે વહાણમાં બેસી (ચઢીને) સમુદ્રને કિનારે પહોંચી જાય તેમ સંસાર તરી જાત. એવા તીર્થંકર ભગવંતોના કાળમાં પણ હું હતો છતાં મારાથી કાંઈ બન્યું નહીં. તેનો બોધેલો સાચો માર્ગ પ્રરૂપનાર, પ્રવર્તાવનાર સદ્ગુરુ આપ્ત ભગવાનની પણ ઉપાસના મારાથી બની નહીં અથવા એ અવલંબને સાધકપણે વર્તતા સંતપુરુષની આજ્ઞા પણ ઉઠાવી શક્યો નહીં તેથી હજી આ લખ ચોરાશીમાં હું ભમું છું. અજ્ઞાનપણે સ્વચ્છંદે ઉદ્યમ કરવામાં તો બાકી નથી રાખી તે જણાવતાં કહે છે :—

**સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;**
**પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬**

અર્થ :— મેં સાધન તો બહુ કર્યા હતાં પણ તેમાં એક ભૂલ રહી ગઈ! તે એ કે સંતની

આજ્ઞાએ કે તેના આશ્રયે ઉદ્યમ કરવાને બદલે સ્વચ્છંદે દોડ કરી. તેથી સંસાર સાગરનો કિનારો પ્રાપ્ત થયો નહીં અને સાચો માર્ગ જ હાથ ન આવ્યો. હિત-અહિત જાણવા જેટલી વિવેકબુદ્ધિનો અંકુર સરખો ક્યારેય પ્રગટ્યો નહીં.

ભાવાર્થઃ–

**યમનિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧**

**મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;**
**જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં. ૨**

**સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;**
**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩**

- શ્રીમદ્ રાજચંદ્ર.

આવી આવી કઠણ કે દુઃસાધ્ય ગણાતી ક્રિયા કરવામાં મેં પાછી પાની કરી નથી. પણ ક્યાંય મારું દિલ ઠર્યું નહીં, કારણ કે સાચો માર્ગ પ્રાપ્ત થયા વિના શાંતિ પ્રાપ્ત થવી સંભવતી નથી અને માર્ગના ભોમિયા વિના માર્ગ પ્રાપ્ત થાય તેવો નથી. તેથી ભોમિયા વિના સંસાર વનમાં હું માર્ગ શોધતાં શોધતાં કાંટા, પથરા, કાદવ ને ઝેરી જનાવરોથી ભરપૂર ભયંકર સ્થળોમાં ભૂલો પડી આંધળાની પેઠે રખડ્યો. માત્ર આશ્રય અને આનંદના ધામ એવા સત્પુરુષના કહ્યા પ્રમાણે મારાથી ન વર્તાયું એ જ મોટી ભૂલ થઈ હતી. તે ભૂલનું પરિણામ શું આવ્યું તે કહે છેઃ–

**સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;**
**સત્સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય? ૧૭**

અર્થ :– અજ્ઞાનદશામાં છૂટવા માટે કરેલા ઉદ્યમ નકામા ગયા એટલું જ નહિ પણ તે બંધનરૂપ નીવડ્યા; અવળો વળ ઉભેળ્યા પછી જ જેમ દોરી પાંશરી રીતે ભાગી શકાય છે, તેમ તે પ્રયત્નો વિઘ્નરૂપ નિવડ્યા. પાંશરે માર્ગે આવતા પહેલાં તે બંધન ઉકેલવા સિવાય બીજો કોઈ ઉપાય હવે નથી. અને સત્સાધન-આત્મસાધનનું ઓળખાણ ન થયું ત્યાં સુધી બંધન થયા જ કરે. તેવી દશા થયા વિના બંધ કેમ અટકે? અથવા જૂનાં બંધન-ખોટી માન્યતાઓ, કદાગ્રહો દૂર કરવામાં સત્પુરુષના બોધની જરૂર છે. તે સમજાયા વિના તે આગ્રહો સ્વચ્છંદે કેવી રીતે દૂર થાય?

ભાવાર્થઃ– જે જે સાધન બંધનરૂપ નિવડ્યાં છે તે હૃદયમાં ઘર કરી બેઠાં છે, તેમને દૂર કરવાની મારામાં કોઈ રીતે શક્તિ દેખાતી નથી. હે પ્રભુ, હવે તે જડ ઘાલી બેઠેલી અવળી સમજ દૂર કરવાનો કોઈ ઉપાય સૂઝતો નથી. સાચાં સાધન શાં? તેની મને સમજ નથી અને અત્યાર સુધીનાં સાધન અશાંતિ ઉત્પન્ન કરનારાં નિવડ્યાં. તો હે પ્રભુ, આ બંધન હવે શેં ટળે? તેની ખરા દિલની આ ઝૂરણા જાણી કંઈક માર્ગ પ્રાપ્તિનો ઉપાય સૂઝે તેમ જણાવે છે :–

**પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;**
**દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય? ૧૮**

અર્થ :– સંસાર ઉપર વૈરાગ્ય-ઉદાસીનતા આવવાથી પ્રભુની શોધ માટે જીવ પ્રયત્ન કરે છે,

અને એક પ્રભુની જ લય જો લાગે અને સદ્‌ગુરુની શોધ કરી તેના ચરણની ઉપાસના કરે તથા પોતાના દોષ જોઈ દોષને ટાળવાનો ઉદ્યમ કરે તો સંસાર તરવાનો માર્ગ મળે. પણ હે પ્રભુ, મને તો તેવી પ્રભુ માટે લય પણ લાગી નથી અને સદ્‌ગુરુને નમસ્કાર કરવા જેટલું કે ચરણકમળમાં પડી રહેવા જેટલું પણ સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું નહીં. તેમ બીજાના દોષ દેખવા આડે મારા દોષ દેખવાની મને નવરાશ પણ મળતી નથી. તો મારા જેવા અધમ માટે તો સંસાર તરવાનો કોઈ રસ્તો ઘટતો નથી એમ જણાવતાં ઉત્તર મળે છે કે પોતે અધમ છે એમ જેને નિશ્ચય વર્તે છે, તે માણસમાં દુઃખથી મુક્ત થવા અથાગ શ્રમની મારે જરૂર છે એવું ભાન પણ અવ્યક્તપણે રહ્યું છે, તે તેને સાચો માર્ગ મળતાં બળ આપે છે. તે વિષે જણાવે છે :–

**અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય? ૧૯**

અર્થ :– આખી દુનિયાના અધમ માણસોનું પ્રદર્શન કર્યું હોય તેમાં સર્વોપરી સ્થાન મને મળે એટલી બધી અધમતા મારામાં છે. હું પાપીઓમાં મહાપાપી છું એવો નિશ્ચય આવ્યા વિના મોક્ષમાર્ગનું સાધન બની શકે તેમ નથી અને જો એવો નિશ્ચય વર્તે નહીં તો મોક્ષ માટે સાધન ન થાય અને સાધન ન થાય તો મોક્ષ પણ કેમ પ્રાપ્ત થાય?

ભાવાર્થ:– જગતના સર્વ પ્રાણીઓ પ્રત્યે દાસત્વ બુદ્ધિ આવ્યા વિના પરમ દીનતા આવતી નથી. અને તે વિના મોક્ષમાર્ગની પ્રાપ્તિ પણ નથી અને જો દાસત્વ બુદ્ધિ આવે તો પોતે જેનો દાસ મનાયો તેના કરતાં હલકો જ મનાવો જોઈએ. સકળ જગતને પરમાત્મામય જોનાર સર્વના શિષ્ય થઈને વર્તે છે તેના ભાવ ભક્ત કે દાસ તરીકે વર્તવાના નિશ્ચયવાળા જ હોય છે. તેને જગતના કોઈપણ પ્રાણી પ્રત્યે વેર બુદ્ધિ હોય જ નહિ અને હોય તો તેટલી પરમાત્મપદની અશાતના અને પોતાના આત્માની ઘાત કરવા બરાબર છે. પોતે અધમમાં અધમ હોય અને ઉત્તમમાં ઉત્તમપદ પ્રાપ્ત કરવું હોય તો કેટલા બધા પુરુષાર્થની જરૂર પડે? તેમ મોક્ષને માટે નિરંતર પુરુષાર્થની જરૂર છે અને કોઈ મહાપુરુષાર્થશીલના સંગ વિના સાચો પુરુષાર્થ સમજાય તેમ નથી માટે છેવટે તેવા મોક્ષ સાધક મહાપુરુષાર્થી સદ્‌ગુરુ અને સંતના યોગની માગણી પ્રભુ પાસે મુમુક્ષુ કરે છે. :–

**પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;**
**સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ૨૦**

અર્થ :– હે ભગવાન, તારા ચરણકમળમાં વારંવાર નમસ્કાર કરીને એટલી જ માગણી હું કરું છું કે મને સદ્‌ગુરુ અને સંતનો યોગ પ્રાપ્ત થાઓ અને તે ભગવાનરૂપ જ છે એવી પરમેશ્વર બુદ્ધિ તેમને માટે મારામાં અચળરૂપે પ્રગટ થાઓ.

ભાવાર્થ:– "સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે." (૨૫૪) આ પરમ ધર્મ મને પ્રાપ્ત થાઓ એટલું છેવટે પ્રભુને વારંવાર પગે લાગીને મુમુક્ષુ માગી લે છે. કારણ કે સત્‌દેવ, સત્‌ગુરુ અને સદ્‌ધર્મ આ ત્રણ ઉપર સમ્યક્‌શ્રદ્ધા આવવી તે મોક્ષમાર્ગનું અંગ છે, દ્વારરૂપ છે. અને સત્‌દેવ તથા સદ્‌ધર્મની ઓળખાણ સદ્‌ગુરુ દ્વારા થાય છે. તેથી તે ત્રણે એક સદ્‌ગુરુમાં સમાવેશ પામે છે. આ રીતે ટુંકામાં સદગુરુ, સંતની માગણીમાં સમ્યક્‌દર્શનની માગણી મુમુક્ષુએ કરી છે.

૬૧૬

## ભક્તિના વીશ દોહરા

### પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના સ્વહસ્તે લખાયેલા અર્થ

(પૂ. શ્રી બ્રહ્મચારીજીની હસ્તલિખિત ડાયરી નં. ૯ માંથી)

સંવત ૧૯૯૦, પોષ વદ ૮, મંગળવાર. ૬-૧-૧૯૩૪.

**હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;**
**હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧**

અર્થ :— હે પ્રભુ! હે પરમાત્મસ્વરૂપ સત્પુરુષ મારાથી શું કહી શકાય એમ છે? આપના ગુણગ્રામનો પાર આવે તેમ નથી, અનંત છે; અને મારામાં તો અનંત દોષ ભરેલા છે એટલે કહેવા યોગ્ય નથી. અનંત કર્મના આવરણથી હું ઘેરાયો છું. દીન અનાથના આપ બેલી છો, દયાળુ છો, આધાર છો તેથી મારા દોષ આપ પરમેશ્વરના આગળ જણાવી મારા દુઃખ રડું છું, આપને આશ્રયે આવ્યો છું.

**શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;**
**નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ? ૨**

અર્થ :— આપને ઓળખવા માટે શુદ્ધ ભાવ જોઈએ તે મારામાં નથી. અને શુદ્ધભાવનો અભાવ હોય ત્યાં સુધી લક્ષ કે ભાવના તે શુદ્ધભાવની રહેવી જોઈએ તે પણ મારામાં નથી. સર્વ ભાવ તારા અર્થે નથી એટલે-

**“મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજા કામ કરંત,**
**તેમ શ્રુત ધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત. ધન૦”**

શુદ્ધ ભાવના વિરહમાં શુભ ભાવ જે તારું સ્મરણ, કીર્તન, કથા, ચિંતન તથા તારા બોધમાં જ રમણતા, મીઠાશ, ઉલ્લાસ તે રહેતા નથી. તેમ છતાં જેવી અનાથ-દીન સ્થિતિ છે તેનું સ્મરણ પણ રહેતું નથી. હું પામર અને તું પરમેશ્વર એવી લઘુતા પણ લક્ષમાં રહેતી નથી. હે પરમ પુરુષ! મારી શી વાત કરું?

**નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;**
**આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩**

અર્થ :— હે પ્રભુ! પરમ ઉપકારી અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુની આજ્ઞા હૃદયમાં કોતરી રાખી નથી. જે જે બોધ થાય છે તે તે પ્રમાણે વર્તવાના ભાવરૂપ આજ્ઞા હૃદયમાં ચોટાડી રાખી હોય તો વીર્ય જેટલું જેટલું પ્રગટે તેટલી તેટલી આજ્ઞા ઉઠાવી શકાય. પણ તેવો આજ્ઞાનો અપૂર્વભાવ અને એવી કોઈ ચોટ થઈ નથી. આપનું ગમે તેવું વચન હશે તો પણ મને હિતકારી જ નિવડશે. આપ એકાંતે મારા આત્મહિતનો જ માર્ગ બતાવો છો, એવો આપના ઉપર દૃઢ વિશ્વાસ પણ મને પ્રગટ્યો નથી. અથવા આપ પરમાત્માસ્વરૂપ જ છો એવો દૃઢ વિશ્વાસ મને આવ્યો નથી અને પરમાત્મા પ્રત્યે જેવો આદર એટલે ઉત્કૃષ્ટ પૂજ્યભાવ રહેવો જોઈએ તેવો વિશ્વાસ અને અલૌકિક પૂજ્યભાવ મારામાં હજી નથી આવ્યો. પરમ આદર એટલે પરમ

વિનયની ખામી છે.

**જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;**
**કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪**

અર્થ :— સર્વ કલ્યાણનું મૂળ જે સત્સંગ તેનો યોગ મને મળ્યો નથી. અને તે સત્સંગને એકનિષ્ઠાથી, પરમ પ્રેમે ઉપાસવો તે સત્સેવા છે. તેવો જોગ કે યોગ્યતા પણ મારામાં નથી. તથા મન વચન અને કાયાની એકાગ્રતાથી બાહ્ય ભાવ તજી પરમાત્મસ્વરૂપ સત્પુરુષને ચરણે આત્મ અર્પણતા થઈ નથી; તથા સત્પુરુષ અને તેના વચનરૂપ સત્શાસ્ત્રનો આશ્રય પણ પ્રાપ્ત થયો નથી. અથવા મોક્ષમાર્ગ—સ્વરૂપસ્વભાવનું અનુસંધાન તે અનુયોગ ગ્રહણ કર્યો નથી.

**'હું પામર શું કરી શકું?' એવો નથી વિવેક;**
**ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫**

અર્થ :— મારામાં વિવેક પણ પ્રગટ્યો નથી એટલે પર ભાવનો કર્ત્તા હું છું. 'મેં કર્યું, મારે કરવાનું બાકી છે' વગેરે અહંભાવ મમત્વભાવને લીધે એમ નથી સમજાતું કે હાથ પગ વગેરે શરીરનાં પર છે, તો હું શું કરી શકું એમ છું? મેં શું કર્યું છે? હું અહંકાર કર્યા કરું છું. મન, વચન, કાયાથી જે થાય છે તેનો સ્વામી હું બનું છું તે મિથ્યા છે અને હું તો જાણવા સિવાય કંઈ કરી શકતો નથી એવો વિવેક અને નિરહંકારતા, દીનતા મારામાં નથી પ્રગટ્યાં; જ્ઞાનીનો માર્ગ તે જ ચરણ છે, આચરણ છે. એ અંતર્મુખ થવાનો, શમાઈ જવાનો માર્ગ તેમાં ઠેઠ મરણ સુધી ટકી રહેવાનું બળ, ધીરજ, સહનશીલતા, શૂરવીરપણું મારામાં નથી.

**અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;**
**અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬**

અર્થ :— હે પ્રભુ! અનંત ચતુષ્ટય સ્વરૂપ તારું માહાત્મ્ય, મહત્તા તે પ્રત્યે ઉલ્લાસભાવ આવતો નથી. કારણ કે તે મતિનો વિષય નથી. એક પરમ પ્રેમ આપના પ્રત્યે આવે તો મારું કામ થઈ જાય; પણ તે પ્રેમનો એક અંશ પણ મારામાં જણાતો નથી. હે ઉત્કૃષ્ટ પ્રભાવશાળી, સ્નેહ કરવા યોગ્ય સત્પુરુષ તારા પ્રભાવ પ્રત્યે મને ભાવ ઊપજે એ પ્રકારે મારો સંસારભાવ ક્યારે ઘટશે?

**અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;**
**કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭**

અર્થ :— હે સ્થિર સ્વભાવરૂપ પરમાત્મા, ચારે ગતિમાં પરિભ્રમણ કરાવે તેવી પારા જેવી ચંચળતા મારામાં છે. તે મટીને મેરૂ પર્વત જેવી અચળ પ્રેમ ભક્તિ, ચોટ મારામાં ક્યારે આવશે? અને તે અચળ પરમાત્મસ્વરૂપનો વિરહ પણ મને સાલતો નથી. અને હે પ્રભુ! તારા પ્રત્યેના પ્રેમની કથા પણ કાનમાં પડતી નથી; આ કાળમાં એ પ્રેમ કથા કરનાર અને સાંભળનાર દુર્લભ થઈ પડ્યા છે. તેનો પણ મનમાં કંઈ સંતાપ, ખેદ રહેતો નથી તો યોગ્યતા ક્યાંથી આવશે?

**ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;**
**સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮**

અર્થ :— જ્ઞાન અને ચારિત્રને મોક્ષદાયી બનાવનાર ભક્તિ, તેનો માર્ગ મને મળ્યો નથી અને

ભક્તિમાર્ગ પ્રાપ્ત થાય તેવી યોગ્યતા મેળવવા ભજન અથવા સત્પુરુષના ગુણગ્રામ ગાવા, ગુણ ચિંતવન કરવા યોગ્ય છે. પણ સત્પુરુષના ગુણોનું ભાન મને દૃઢ થયું નથી. કારણ કે મને આત્મધર્મની સમજ પ્રાપ્ત થઈ નથી. અને જ્યાં તેવી સમજ પ્રાપ્ત થાય તેવાં શુભસ્થળોમાં સ્થિરતા કરીને રહેવાનું મારાથી બનતું નથી.

**કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ;**
**તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯**

અર્થ :– કળિકાળને લઈને જીવને સત્પુરુષનો યોગ બનવો, સત્પુરુષનું ઓળખાણ પડવું, બોધ મળવો, સરળ સ્વભાવ, મુમુક્ષુતા, અનુકૂળતા, આજ્ઞાંકિતપણું, મધ્યસ્થપણું, જિતેન્દ્રિયપણું આદિ યોગ મળવા દુર્લભ છે. શાસ્ત્ર વિચ્છેદ, મતિની મંદતા, મિથ્યાગ્રહ, અસત્સંગ આદિ દોષો આ કાળમાં પ્રગટ વર્તે છે. તો પણ તે બધાથી બચી શકાય તેવું સુરક્ષિત સ્થળ જે સત્પુરુષના ચરણકમળ તેની મર્યાદામાં સમીપમાં વસવું, (સમ્યક્ત્વ-પંદર ભવની ઉત્કૃષ્ટ સંસાર મર્યાદા કરનાર ધર્મ) તથા આજ્ઞાએ વર્તવું તે આજ્ઞારૂપ મર્યાદા ધર્મ કે સત્સંગમાં વિઘ્ન કરનાર પરિગ્રહ આદિની મર્યાદા કે નિયમરૂપ ધર્મ પણ હું પાળી શકતો નથી. તો પણ મારી શી વલે થશે એવા વિચારે આકુળ વ્યાકુળતા પ્રગટતી નથી. એવાં ભારે કર્મે આ કળિકાળમાં મારો અવતાર થયો છે તે હે પ્રભુ! આપ જુઓ છો.

**સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;**
**દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦**

અર્થ :– સત્પુરુષની આજ્ઞા ઉઠાવવારૂપ સેવામાં વિઘ્ન કરનાર જે બંધન (લોક સંબંધી બંધન, સ્વજન કુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન) તેનો મારાથી ત્યાગ બનતો નથી. તથા દેહ અને ઇન્દ્રિયો બાહ્ય પદાર્થો પ્રત્યે પ્રીતિ વધારનારાં છે તેને દમવાં જોઈએ, વશ કરવા જીતવા જોઈએ તે પણ મારાથી બનતું નથી.

**તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;**
**નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં. ૧૧**

અર્થ :– હે પ્રભુ! તારી સમીપતામાં કર્મનું જોર ચાલતું નથી. પણ તારા વિયોગમાં હું પરવશ બની પીડાઉં છું. છતાં તારો વિયોગ મને સાંભર્યા કરતો નથી; કારણ કે આત્માથી ભિન્ન એવા વચનની પ્રવૃત્તિમાં હું તને વિસરી જાઉં છું તથા આંખ વડે સ્ત્રી આદિ પદાર્થોમાં મોહ પામી પાપ પ્રવૃત્તિમાં ફસાઉં છું. તેનો સંયમ બે રીતે થાય. એક તો વચનને તારા ગુણગ્રામ ગાવામાં, ભક્તિ ભજનમાં વપરાય અને નેત્રોને તારાં દર્શન કરવામાં કે શાસ્ત્ર આદિ શુભ નિમિત્તોમાં પ્રવર્તાવી પાપ બંધનના કારણને સવળા કરી આત્મહિતમાં વાળવાનું થાય. બીજું મૌન વ્રતથી કે નેત્રાદિ ઇન્દ્રિયોના વિષયોમાં રાગ, દ્વેષ, મોહ ન કરવાથી સંયમ થાય. અસત્સંગથી હું રઝળું છું તેમજ ગૃહાદિ પ્રત્યે મમતા રાખીને જન્મ મરણ ભોગવું છું. તો પણ તે પ્રત્યે વૈરાગ્ય કે ઉદાસીનતા ન આવી.

**અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;**
**નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨**

અર્થ :– હું રાજા, હું રંક, હું સ્ત્રી, હું પુરુષ, હું જુવાન, હું બાળક, હું બ્રાહ્મણ આદિ સર્વ અવસ્થાઓ કર્મથી થાય છે, તેમાં આત્મબુદ્ધિ થાય છે, તે વિપરિત બુદ્ધિ મારી ટળી નથી. આત્મધર્મ જે વીતરાગતા, નિર્વિકારતા, શુદ્ધ ચૈતન્ય, જ્ઞાતા-દૃષ્ટાપણું વગેરે આત્માનો શાશ્વત સ્વભાવનો આર્વિભાવ થયો નથી; અન્ય ધર્મ જે સંયોગી સ્વભાવ, નાશવંતપણું, શબ્દ, શરીર, રોગ, પાપ, પુણ્ય વગેરે પર પદાર્થો અને તેને લઈને વિષય વિકાર, લોભ, હર્ષ, શોક, મોહ આદિ વિભાવ બધા પર ધર્મ છે તેની નિવૃત્તિ આત્માર્થે મારાથી થઈ નથી. ધર્મ, તપ આદિ પુણ્ય ક્રિયા પણ કંઈને કંઈ મતિ કલ્પનાથી થયેલા મલિનભાવે કરી છે. જે નિર્જરાથી આત્મા નિર્મળ થાય છે તેવી નિર્જરારૂપ પર ધર્મની નિવૃત્તિ મારાથી થઈ નથી.

**એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;**
**નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય? ૧૩**

અર્થ :– એ રીતે અનંત પ્રકારે હું કોઈ સાધન પામ્યો નથી. એક સમ્યક્‌ત્વરૂપ સદ્‌ગુણ પણ પામ્યો નથી. તો હે પ્રભુ, હું તારી સમક્ષ કેવી રીતે આવી શકું? કારણ કે કરવા યોગ્ય આ ભવમાં મેં કંઈ કર્યું નથી.

**કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;**
**પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪**

અર્થ :– તો પણ હે પ્રભુ! આપ પરમકૃપાળુ કરુણાની મૂર્તિ જ જાણે છો. તેથી મારા જેવા દીન અનાથના સહાય કરનાર બાંધવ છો. અને હું પાપી પરમ દીન અનાથ છું. તેથી હે પ્રભુશ્રી, બોધદાન રૂપી હાથ લંબાવી મારો ઉદ્ધાર કરો; મારો હાથ પકડી દુર્ગતિમાં જતો અટકાવી, મને સન્માર્ગે દોરો.

**અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;**
**સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ૧૫**

અર્થ :– હે પ્રભુ, મારા અનંત દોષોમાંના મુખ્ય ત્રણ દોષો અનંત કાળથી પરિભ્રમણ કરાવનારા છે. (૧) ભગવંતનું સ્વરૂપ મેં જાણ્યું નહીં, (૨) તે સ્વરૂપનો નિરંતર લક્ષ જેમને છે એવા સત્પુરુષ કે આત્મજ્ઞાની ગુરુની સેવા કરી નહીં અને (૩) અભિમાનનો ત્યાગ કર્યો નહીં. હું સમજું છું એવી ભૂલમાં રહ્યો.

**સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;**
**પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬**

અર્થ :– એ ત્રણ દોષોમાં મુખ્ય દોષ એ છે કે સંત એટલે સદ્‌ગુરુની ઓળખાણ કરાવનાર સત્પુરુષ, તેમની આજ્ઞાએ કોઈ આચરણ ન થયું; કારણ કે એ સત્પુરુષનો આશ્રય છોડીને સ્વચ્છંદે મેં અનેક યમ, નિયમ, સંયમ આદિ સાધનો કર્યા. તેથી સંસારનો પાર આવ્યો નહીં અને એ વિપરિત પુરુષાર્થથી આ સંસારમાર્ગ છે અને આ મોક્ષમાર્ગ છે એવો અલ્પ પણ વિવેક પ્રાપ્ત થયો નહીં.

**સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;**
**સત્‌સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય? ૧૭**

અર્થ :– એ રીતે સ્વચ્છંદે પ્રવર્તવાથી કે કુગુરુની આજ્ઞાએ પ્રવર્તવાથી સર્વ પુરુષાર્થ માત્ર કર્મ

બંધનનું કારણ થયો. અનાદિકાળના પરિભ્રમણમાં મેં કોઈ ઉપાય કરવો–અધૂરો રાખ્યો નહીં. પણ અજ્ઞાન ભૂમિકામાં માત્ર કર્મ બંધની પ્રવૃત્તિ થઈ. જ્યાં સુધી સત્સાધન એટલે સત્પુરુષની આજ્ઞાએ કોઈ સાધન નથી થયું ત્યાં સુધી બંધન કેમ ટળે?

**પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;**
**દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય? ૧૮**

અર્થ :– તો હવે સત્સાધન કેવા પ્રકારના હોય તે વિષે કહે છે કે જ્યારે જીવને પ્રભુ, પ્રભુ કે તુંહિ, તુંહિની ધૂન લાગશે, સદ્ગુરુના ચરણે જઈને પડશે અને પોતાના દોષ નિષ્પક્ષપાતપણે જો દેખશે ત્યારે તરવાનું સાધન પ્રાપ્ત થશે અને એ ત્રણેમાંથી કોઈ સાધન મને પ્રાપ્ત થયું નથી. પ્રભુ પદ પ્રત્યે અનન્ય પ્રેમ જાગ્યો નથી, સદ્ગુરુને શરણે ગયો નથી; બીજાના અલ્પ દોષો પણ દેખવાનો અભ્યાસ પડી ગયો છે. પરંતુ મારી આભ જેવડી મોટી ભૂલો પણ મારી નજરે ચઢતી નથી. તો હે પ્રભુ, હવે કયા ઉપાયથી હું તરી શકીશ?

**અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય? ૧૯**

અર્થ :– જ્યાં સુધી મારામાં માન છે એટલે હું અમુક કરતાં તો સારો છું એમ મનમાં રહે છે ત્યાં સુધી સારો બનવાનો પુરુષાર્થ મારાથી થઈ શકશે નહીં. સારો દેખાવા માટે હું કરું છું તેટલો પુરુષાર્થ સારો થવા માટે કરતો નથી. પણ જ્યારે અધમમાં અધમ હું છું એમ લાગશે ત્યારે હું તે અધમતા દૂર કરી ઉત્તમ પદ પામવા પુરુષાર્થ કરીશ. 'માન ન હોત તો અહીં જ મોક્ષ હોત' એમ પરમકૃપાળુદેવે કહેલું છે. તે માન મૂકાશે ત્યારે સર્વ જીવ પ્રત્યે પોતાનું દાસત્વ મનાશે અને સર્વ જીવને ખમાવીને પોતાના દોષો જીવ જોશે તો તે દોષો દૂર કરવા પુરુષાર્થ જાગ્રત થશે. હું કંઈ નથી જાણતો એવો દૃઢ નિશ્ચય કરી સત્પુરુષને શરણે જવાથી જીવને સત્પુરુષાર્થની દિશા સમજાય છે. તે વિના ગમે તેટલો પુરુષાર્થ કરે તો પણ તે સત્સાધન થનાર નથી.

**પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;**
**સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ૨૦**

અર્થ :– હે પ્રભુ! આવી મારી અધમ દશા હોવાથી હું તારા ચરણકમળમાં વારંવાર નમસ્કાર કરીને ફરી ફરી એ જ માગણી કરું છું કે તારા સ્વરૂપનું મને ભાન પ્રગટે, સદ્ગુરુનું ઓળખાણ થાય અને સદ્ગુરુ તથા સંતની સેવા મને પ્રાપ્ત થાય. આ ત્રણ કલ્યાણનાં કારણ મને અચળરૂપે આપ, ટૂંકામાં મને સત્સંગ, પરમ સત્સંગ અને અસંગપણું પ્રાપ્ત થાઓ. એટલું હું આપના ચરણકમળમાં વારંવાર નમસ્કાર કરીને માગું છું તે સફળ થાઓ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

*

**બોધામૃત દ્વિતીય વિભાગ**
**સમાપ્ત**

## પરિશિષ્ટ ૧

### કથા-દૃષ્ટાંત સૂચિ


ક્રમ પૃષ્ઠ/આંક

૧. 'વિવેક વગરની દયા' તે પર ડોશી અને વાછરડાનું દૃષ્ટાંત........ ૧૭/૧૭
૨. 'નિદાનદોષ' પર નંદિષેણ મુનિની કથા........ ૨૬/૩૧
૩. જે દુઃખ આવે તે સમતાએ વેઠવું - તે પર ગામના મુખીનું દૃષ્ટાંત........ ૫૦/૭૪
૪. 'સત્સંગ વિના ધ્યાન તે તરંગરુપ થઈ પડે છે' (૧૨૮) તે પર બાવાજીની કઢીનું દૃષ્ટાંત........ ૫૨/૭૪
૫. (દ્વેષથી) 'જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં' તે પર એક ગૃહસ્થ અને તેની સ્ત્રી પોતાના છોકરાને રમાડે છે, તે દૃષ્ટાંત... ૫૪/૭૬
૬. સત્પુરુષનો ક્ષણવારનો સમાગમ (સત્સંગ) મોક્ષે લઈ જાય—તે પર શ્રેણિક રાજાના પૂર્વભવની કથા........ ૬૭/૯૮
૭. જીવ જ્યાં સુખ નથી ત્યાં (જડ-પુદ્‌ગલમાં) શોધે છે—તે પર ડોશીમાની સોયનું દૃષ્ટાંત........ ૮૧/૧૧૪
૮. ખરી ભક્તિ શું? તે પર કુંતામાતા અને શ્રીકૃષ્ણનું દૃષ્ટાંત........ ૧૦૦/૧૩૭
૯. ભગવાન પ્રત્યે નિષ્કામ ભક્તિ - દામાજી પંતનું દૃષ્ટાંત........ ૧૦૧/૧૪૧
૧૦. સત્સંગનો લાભ જગતમાં બધાને ક્યાંથી મળે? તે વિષે ખાજાની ભૂકરીનું દૃષ્ટાંત........ ૧૧૧/૧૫૪
૧૧. 'મિથ્યાસમતા' તે પર શીતળદાસ મહારાજનું દૃષ્ટાંત........ ૧૧૪/૧૫૫
૧૨. પુરુષાર્થ ઉપર ભરત ચક્રવર્તીનું દૃષ્ટાંત........ ૧૪૫/૧૯૩
૧૩. 'અભિમાનથી ધ્યાનની સિદ્ધિ ન થઈ' - તે પર બાહુબલિની કથા........ ૧૪૫/૧૯૩
૧૪. મૂકવું હોય પણ પ્રારબ્ધ મૂકે નહીં, તે પર સાધુ અને રીંછનું દૃષ્ટાંત........ ૧૪૬/૧૯૪
૧૫. 'કરણ, કરાવણ ને અનુમોદન' પર બળદેવ મુનિ, રથકારક અને હરણનું દૃષ્ટાંત........ ૧૪૮/૨૦૦
૧૬. મોહથી જીવ અંધ થઈ જાય છે, તે સમજાવતું શેઠનું દૃષ્ટાંત........ ૧૬૨/૨૨૧
૧૭. મુમુક્ષુનું ચિત્ત જ્ઞાનીના વચનમાં જ રહે, તે પર પતિવ્રતા સ્ત્રીનું દૃષ્ટાંત........ ૧૭૧/૨૪૧
૧૮. મોટા મુનિઓને પણ સમભાવ રહેવો કઠણ- તે સમજાવતો બનારસીદાસનો પ્રસંગ........ ૧૭૯/૨૪૮
૧૯. મુશ્કેલીમાં પણ નિયમમાં દૃઢતા રાખવી - તે પર બે ભાઈઓની રાત્રિભોજન ત્યાગની કથા........ ૧૭૯/૨૪૮
૨૦. ચિત્ત ચોખ્ખું થાય તો ત્રણે લોક દેખાય - તે પર અચિત્ર ચિત્રકારની કથા........ ૨૫૩/૩૧૪
૨૧. ગુરુ થવામાં જોખમ, તે પર કૂતરા અને કીડાનું દૃષ્ટાંત........૨૭૦/૩૨૩
૨૨. જ્ઞાની રિદ્ધિ-સિદ્ધિ ફોરવે નહીં, તે પર સનત ચક્રવર્તીની કથા........ ૨૭૩/૩૨૭
૨૩. મોહ ક્ષય કરવાનો પ્રબળ પુરુષાર્થ કરનાર મહાવીર સ્વામીનું દૃષ્ટાંત........૩૦૫/૩૫૧, ૩૦૬/૩૫૧
૨૪. પ્રારબ્ધ જેવી દશામાં મૂકે ત્યાં સમભાવ રાખવો, તે વિષે શ્રીકૃષ્ણની અંત સમયની ધીરજનો પ્રસંગ........ ૩૧૧/૩૫૮
૨૫. બોધ સાંભળવા સંબંધી ત્રણ પુતળીનું દૃષ્ટાંત........ ૩૧૩/૩૬૨
૨૬. જ્ઞાનીનાં વચનો થપ્પડ જેવા, જીવને ઊંઘમાંથી જગાડે છે - તે પર છોકરાને વરઘોડો જોવા માટે ઊંઘમાંથી જગાડવાનું દૃષ્ટાંત... ૩૧૫/૩૬૨
૨૭. સત્સંગરૂપી જડીબુટ્ટી સુંઘવા સંબંધી સાપ અને નોળિયાનું દૃષ્ટાંત........ ૩૨૧/૩૬૮
૨૮. બહારની ક્રિયા રોકે પણ વાસના જવી મુશ્કેલ - તે પર બાવાજીની કઢીનું દૃષ્ટાંત........ ૩૩૧/૩૭૫
૨૯. જ્ઞાનીના એક વચનથી પણ મોક્ષ - તે પર ચિલાતીપુત્રની કથા........૧૫૩/૨૧૫, ૩૮૧/૪૧૦
૩૦. આત્મવિચાર થવામાં આડે આવતા પ્રતિબંધ છોડવા સંબંધી શિષ્ય અને પાડીનું દૃષ્ટાંત........ ૩૯૬/૪૧૯
૩૧. 'જેને મોક્ષે જવું છે તેમણે મૂકવું પડશે'—તે પર આનંદશ્રાવકની કથા........૪૧૮/૪૪૨, ૪૨૭/૪૪૮
૩૨. જ્ઞાની અને અજ્ઞાનીની વાણીમાં આશય ભેદ - તે સમજાવતું તુલસીદાસ અને પોપટનું 'રામ-રામ' બોલવું તે દૃષ્ટાંત... ૪૩૮/૪૫૬
૩૩. અભયકુમારની પરીક્ષક બુદ્ધિ - તેમને સ્વપ્નમાં દેખાયેલ ૫૦૦ હાથી અને તેમનો નાયક ભૂંડ તે પ્રસંગ........ ૪૩૮/૪૫૬
૩૪. જ્ઞાનીની વાણીમાં ડોળ નથી હોતો તે સમજાવતો પ્રસંગ - મરણ થયા પછી ઘરનાં અને બહારનાં કેવી રીતે રડે?...... ૪૪૧/૪૫૭
૩૫. શ્રીકૃષ્ણનું બળ દર્શાવતો પ્રસંગ - ધાતકી ખંડમાંથી દ્રૌપદીને પાછી લઈ આવ્યા........૨૨૬/૨૯૫, ૪૫૯/૪૭૩
૩૬. સુખદુઃખને શરીરથી સંબંધ, આત્માથી નહીં - તે પર ગજસુકુમારની કથા........ ૪૭૫/૪૯૦
૩૭. જ્ઞાનીના વચનથી આત્માની ઓળખાણ થાય છે, તે પર મહાવીર ભગવાન અને બ્રાહ્મણનો પ્રસંગ........ ૪૮૫/૫૦૦
૩૮. ઇચ્છા સહિત ધ્યાન કરવાથી નિર્જરાને બદલે બંધ થાય, તે પર રાવણનું બહુરૂપી વિદ્યા સાધવાનું દૃષ્ટાંત...૪૯૮/૫૦૦, ૫૮૦/૫૮૦
૩૯. ખરી વસ્તુ જાણવાથી મારાપણું નીકળી જાય - તે પર ધોબી અને ચાદરનું દૃષ્ટાંત........ ૫૦૫/૫૦૫
૪૦. નિર્મોહી કુટુંબની કથા........ ૫૦૯/૫૦૮
૪૧. સંસારનો ત્યાગ આત્મકલ્યાણ માટે, નહીં કે કીમિયા જોગ કરવા માટે તે પર શુભચંદ્ર અને ભર્તૃહરિની કથા........ ૫૨૨/૫૧૬
૪૨. અલ્પ પરિગ્રહ પણ જીવને કલ્યાણ થવામાં વિઘ્નરૂપ, તે પર મુનિ અને મહોરનું દૃષ્ટાંત........ ૫૨૬/૫૧૮

| ક્રમ | કથા-દૃષ્ટાંત સૂચિ | પૃષ્ઠ/આંક |
|---|---|---|
| ૪૨. | સાચા માર્ગનો પ્રભાવ, તે પર સંપ્રતિરાજાના પૂર્વભવની કથા | ૫૩૮/૫૩૪ |
| ૪૩. | સત્પુરુષના યોગથી સારી વસ્તુ ગ્રહણ થાય અને ખોટી વસ્તુ છુટી જાય - તે પર પુરોહિત અને મુનિનું દૃષ્ટાંત | ૫૪૬/૫૪૫ |
| ૪૪. | જગતથી બચવા ગાંડા થઈ જવું - તે પર રત્નવાણિયાનું દૃષ્ટાંત | ૫૫૪/૫૬૦ |
| ૪૫. | કલ્યાણ બુદ્ધિથી નહીં પણ મોહમાંથી જાગવાથી - તે ઉપર રત્નાકર મુનિ અને વાણિયાનું દૃષ્ટાંત | ૫૫૮/૫૬૫ |
| ૪૬. | તીર્થંકરની વાણીનો નહીં પરંતુ જીવની સમજણનો દોષ - તે પર શ્રેણિકના પુત્ર વારિષેણ અને તેના મિત્ર પુષ્પડાલનું દૃષ્ટાંત. | ૫૬૪/૫૬૭ |
| ૪૭. | જ્ઞાનીની અલ્પ પણ આજ્ઞા દૃઢતાથી પાળવાથી કલ્યાણ, તે પર શ્રેણિક રાજાના પૂર્વ ભવ (ભીલ)ની કથા | ૫૭૧/૫૭૩, ૬૦૪/૬૦૨ |
| ૪૮. | આત્માના વિચાર કરવાના નિશ્ચયથી કલ્યાણ - તે પર મુનિ અને સિંહનું દૃષ્ટાંત | ૫૭૭/૫૭૭ |
| ૪૯. | કોઈપણ દ્રવ્યમાં પ્રદેશ છૂટા પડતા નથી - તે પર રાજા અને નિન્હવ સાધુની વાત | ૬૦૬/૬૦૬ |
| ૫૦. | 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'એ અઘોરી મંત્ર, તે સમજાવતું શેઠ અને બાબરાભૂતનું દૃષ્ટાંત | ૬૨૦/૬૧૪ |


# પરિશિષ્ટ ૨

## ઉદાહરણ સૂચિ


| ક્રમ | | પૃષ્ઠ/આંક |
|---|---|---|
| ૧. | ''ત્રિપદનો ઉપયોગ અનુભવવો'' તે પર ફૂલનું ઉદાહરણ | ૧૦/૮ |
| ૨. | યુવાવસ્થા શામાં વાપરવી? તે પર શેરડીનાં સાંઠાની વચલી ગાંઠનું ઉદાહરણ | ૨૧/૨૨ |
| ૩. | કેવળજ્ઞાન થવામાં પ્રશસ્તરાગ પણ ઝેરરૂપ - તે પર ગૌતમસ્વામીનું ઉદાહરણ | ૨૭/૩૫ |
| ૪. | પળનો પણ સદ્ઉપયોગ કરવો તે પર પોસ્ટમેનનું ઉદાહરણ | ૨૮/૩૮ |
| ૫. | જગતની જંજાળમાંથી મન ખસેડવા ઉપર મંત્રરૂપી ઠેસનું ઉદાહરણ | ૩૦/૪૧ |
| ૬. | બાહ્ય પદાર્થનાં સુખ કેવાં છે? તે પર કોઈને તાવ આવ્યાનું ઉદાહરણ | ૩૩/૪૬ |
| ૭. | ધ્યાન કરવા ઉપર સમુદ્રમાં નાહવા માટે જનાર પુરુષનું ઉદાહરણ | ૩૯/૫૩ |
| ૮. | 'આ જીવ કઈ દિશાથી આવ્યો છે?' (આચારાંગસૂત્ર) તે પર એક બ્રાહ્મણના બે છોકરા અને મુનિનું ઉદાહરણ | ૪૬/૬૮ |
| ૯. | દરેક વિદ્યા કંઈને કંઈ વિકલ્પ મૂક્તી જાય છે, તે પર મુદ્રક અને ચિત્રકારનું ઉદાહરણ | ૪૯/૭૩ |
| ૧૦. | જીવન નકામું વહ્યું જાય છે, તે પર નદીના પાણીનું ઉદાહરણ | ૫૦/૭૪ |
| ૧૧. | જ્ઞાનીપુરુષની છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનની સ્થિતિ સમજાવતું હિંડોળાનું ઉદાહરણ | ૫૨/૭૪ |
| ૧૨. | સાચા સુખનો સ્વાદ ચાખે તો શું થાય? તે સમજાવતું છોકરાને ઘી, સાકર ચટાડવાનું ઉદાહરણ | ૬૨/૯૩ |
| ૧૩. | મહાવીર સ્વામીની નિષ્કારણ કરુણા સમજાવતો ગોશાળા સાથેનો પ્રસંગ | ૬૩/૯૪ |
| ૧૪. | અલ્પદોષનું કેટલું મોટું ફળ ભોગવવું પડે! તે પર રુક્મિણીના પૂર્વભવનું ઉદાહરણ | ૬૩/૯૪ |
| ૧૫. | 'જ્ઞાન આવે ત્યારે નમ્રતા વધે' તે પર આંબાનું ઉદાહરણ | ૬૩/૯૪ |
| ૧૬. | વૈરાગ્ય પર ભરત (એક રાજા)નું ઉદાહરણ | ૬૭/૯૮ |
| ૧૭. | જીવને ઊંઘમાંથી જગાડવા પર બૂમ મારવાનું ઉદાહરણ | ૬૯/૧૦૨ |
| ૧૮. | અજ્ઞાન પર દારૂ પીધેલા માણસનું ઉદાહરણ | ૭૪/૧૦૭ |
| ૧૯. | કલ્યાણ શાથી થાય? તે પર ડૉક્ટરનું ઉદાહરણ | ૮૧/૧૧૩ |
| ૨૦. | જીવ ધર્મના નામે મિથ્યાવાસનાઓ પોષે છે, તે સમજાવતું બગલાનું ઉદાહરણ | ૮૮/૧૨૧ |
| ૨૧. | જ્ઞાન વગરના સાધુ, તે પર પાણી વગરના કૂવાનું ઉદાહરણ | ૮૯/૧૨૨ |
| ૨૨. | જગતના જીવો સુખ લેવા જતાં દુઃખ પામે છે, તે પર હરણનું ઉદાહરણ | ૯૭/૧૩૩ |
| ૨૩. | જીવન પૂર્ણ થયા પછી સંધાતું નથી, તે સમજાવતું ફાટેલાં વસ્ત્રનું ઉદાહરણ | ૯૮/૧૩૪ |
| ૨૪. | જીવ મિથ્યાત્વને સારું માને છે, તે પર અનાર્યકુળનું ઉદાહરણ | ૧૦૫/૧૫૦ |
| ૨૫. | કષાય છે તે આત્માને ચંચળ બનાવે છે, તે પર દીવા અને પવનનું ઉદાહરણ | ૧૦૫/૧૫૦ |
| ૨૬. | જીવ ભયને લીધે પરિગ્રહ ભેગો કરે છે, તે પર રેલગાડીના પ્રવાસનું ઉદાહરણ | ૧૦૬/૧૫૨ |
| ૨૭. | વિચાર ઘર ન કરી જાય તે પર ચકલીનું ઉદાહરણ | ૧૧૦/૧૫૪ |
| ૨૮. | જગતની વસ્તુઓની આડે જીવને પરમાર્થનું માહાત્મ્ય નથી લાગતું, તે પર બાજરીના રોટલા ને દૂધપાકનું ઉદાહરણ | ૧૧૦/૧૫૪ |
| ૨૯. | આત્મા નથી જાણ્યો ત્યાં સુધી કલ્પના કરે છે, તે પર વિલાયતનું ઉદાહરણ | ૧૧૧/૧૫૪ |
| ૩૦. | દોષમાં પક્ષપાતતા તે પર વગર ટિકિટે ગાડીમાં બેસવાનું ઉદાહરણ | ૧૧૩/૧૫૫ |
| ૩૧. | પ્રભાવ ઉપર મહાવીરસ્વામી અને ગૌતમસ્વામીનું ઉદાહરણ | ૧૧૯/૧૬૦ |
| ૩૨. | આ સંસાર પ્રત્યે કેવા ભાવ થવા જોઈએ? તે પર બળતા ઘરનું ઉદાહરણ | ૧૨૨/૧૬૦ |
| ૩૩. | આ કાળના કુગુરુ કેવા? તે પર બગલાનું ઉદાહરણ | ૧૨૩/૧૬૧ |

| ક્રમ | ઉદાહરણ સૂચિ | પૃષ્ઠ/આંક |
|---|---|---|
| ૩૪. | ઘરમાં રહેવું ન ગમવું, તે પર સોનાના પાંજરાનું ઉદાહરણ | ૧૨૩/૧૬૧ |
| ૩૫. | ભગવાનનો વિયોગ કેવો સાલવો જોઈએ? તે પર બાઈનો ધણી મરી જાય તેનું ઉદાહરણ | ૧૨૩/૧૬૧ |
| ૩૬. | અહંભાવ પર ચક્રવર્તી અને દાસીના છોકરાનું ઉદાહરણ | ૧૨૩/૧૬૧ |
| ૩૭. | આત્માનું ભાન નથી, તે પર ઘરમાં દટાયેલા ધનનું ઉદાહરણ | ૧૨૯/૧૬૪ |
| ૩૮. | પર્યાય ફરે પણ દ્રવ્ય નાશ ન પામે, તે પર ઘાસતેલનું ઉદાહરણ | ૧૩૨/૧૬૯ |
| ૩૯. | જ્ઞાન થવા સદ્ગુરુની જરૂર, તે પર ઘડા અને પાણીનું ઉદાહરણ | ૧૪૫/૧૯૩ |
| ૪૦. | મરણની તૈયારી કરી રાખવા પર ગાડીનું ઉદાહરણ | ૧૪૮/૨૦૦ |
| ૪૧. | મંત્ર બોલવા ઉપર નાના છોકરાનું ઉદાહરણ | ૧૮૦/૨૪૮ |
| ૪૨. | સ્ફટિકરત્ન જેવો આત્મા, તે સમજાવતું ઉદાહરણ | ૧૮૧/૨૪૯ |
| ૪૩. | વૃત્તિના ઉપશમન, નિવર્તન પર લીલોતરીના ત્યાગનું ઉદાહરણ | ૨૮૪/૩૩૮ |
| ૪૪. | જ્ઞાનીની આજ્ઞાથી સવળું થાય, તે પર દૂધમાં મેળવણ નાંખવાનું ઉદાહરણ | ૨૯૧/૩૪૨ |
| ૪૫. | પ્રમાદથી જીવ પોતાનું સ્વરૂપ પણ ભૂલી જાય છે, તે પર પહેલવાનનું ઉદાહરણ | ૩૪૬/૩૮૩ |
| ૪૬. | કીર્તિ વગેરે નાશવંત છે, તે પર ઋષભકુટ પર્વત પર ચક્રવર્તીના નામ લખવા સંબંધી ઉદાહરણ | ૩૬૯/૩૯૫ |
| ૪૭. | ઓળખાણ વગર વસ્તુની કિંમત ન સમજાય, તે પર ચિંતામણી રત્ન કાગડાને ઉડાડવા ફેંકી દીધું તેનું ઉદાહરણ | ૩૮૭/૪૧૨ |
| ૪૮. | સત્સંગથી અસંગ થવાય છે, તે પર સાવરણીનું ઉદાહરણ | ૩૯૨/૪૧૪ |
| ૪૯. | આત્મજ્ઞાન વગર વ્રત નિયમ એકડા વગરના મીંડા જેવા, તે પર અભવ્ય જીવનું ઉદાહરણ | ૪૨૦/૪૪૫ |
| ૫૦. | 'માહિત થવું' તે પર અભિમન્યુનું છાણ માટીના કોઠાનું ઉદાહરણ | ૪૩૨/૪૫૧ |
| ૫૧. | સરળતા પર કેશીસ્વામી અને ગૌતમસ્વામીનું ઉદાહરણ | ૫૭૬/૫૭૬ |
| ૫૨. | ભાવ પર ધર્મનો આધાર, તે પર મમ્મણ શેઠનું ઉદાહરણ | ૫૮૩/૫૮૩ |
| ૫૩. | દયા પર મેઘકુમારના આગલા હાથીના ભવનું ઉદાહરણ | ૫૮૯/૫૮૮ |
| ૫૪. | ધર્મરાજા (યુધિષ્ઠિર) સત્યવાદી કેવી રીતે થયા તેનું ઉદાહરણ | ૫૯૦/૫૮૮ |


# પરિશિષ્ટ ૩

## પ્રસંગોની સૂચિ

### (ક) પરમકૃપાળુદેવના પ્રસંગો


| ક્રમ | | પૃષ્ઠ/આંક |
|---|---|---|
| ૧. | કોઈએ પરમકૃપાળુદેવને પૂછ્યું કે તમારું શરીર કેમ સુકાઈ ગયું છે? | ૪૩/૬૦,૧૯૪/૨૬૭ |
| ૨. | કૃપાળુદેવની 'કુગુરુના ભયંકરપણા' વિષેની ગાંધીજી સાથે થયેલ વાતચીત | ૪૯/૭૩,૨૦૧/૨૭૦,૪૫૧/૪૬૩ |
| ૩. | 'મૂળમાર્ગ' પદની રચના કેવી રીતે થઈ? | ૬૬/૯૭ |
| ૪. | પરમકૃપાળુદેવનો ચિત્રપટ કોઈએ માગ્યો, તે પ્રસંગે કરેલો બોધ | ૯૭/૧૩૨ |
| ૫. | કૃપાળુદેવનો અંતરંગ પુરુષાર્થ દર્શાવતો ઉત્તરસંડાનો પ્રસંગ | ૧૬૯/૨૩૯ |
| ૬. | કૃપાળુદેવને—'ધનાદિ સંપત્તિ પૃથ્વીનો વિકાર ભાસે છે' તે દર્શાવતો શ્રી દેવકરણજી મુનિ સાથેનો પ્રસંગ | ૨૩૩/૨૯૯,૩૪૭/૩૮૩ |
| ૭. | કૃપાળુદેવે માતુશ્રી પાસેથી દીક્ષા લેવાની આજ્ઞા કેવી રીતે મેળવી? તે દર્શાવતો પ્રસંગ | ૨૯૬/૩૪૬ |
| ૮. | સત્પુરુષ પ્રત્યે જીવને સામાન્ય ભાવ થઈ જાય તે સમજાવતો-કૃપાળુદેવે મુંબઈમાં એક મંડળ સ્થાપ્યું હતું તે વખતનો પ્રસંગ | ૩૨૭/૩૭૩ |
| ૯. | વસોમાં સાત વ્યસન સેવનારની કૃપાળુદેવ પ્રત્યે સાચા ભાવે ભક્તિ દર્શાવતો પ્રસંગ | ૩૮૬/૪૧૧ |
| ૧૦. | જીવ જ્ઞાનીની ઓળખાણ પણ ઉપર-ઉપરથી કરે છે, તે પર ખંભાતના મુમુક્ષુઓનો પ્રસંગ | ૪૨૫/૪૪૭ |
| ૧૧. | કોઈએ કૃપાળુદેવને પૂછ્યું કે અનંતાનુબંધીનું સ્વરૂપ શું? | ૪૩૩/૪૫૨,૪૩૪/૪૫૩ |
| ૧૨. | ''જીવને આગ્રહથી લાભ ન થાય'' તે અંગે ખંભાતમાં એક સ્થાનકવાસી ભાઈ સાથેનો મુહપત્તી અંગેનો પ્રસંગ | ૫૮૬/૫૮૬ |
| ૧૩. | 'જ્ઞાન અને નાણાંનો સંબંધ' દર્શાવતો સાયલામાં ડુંગરશીભાઈ સાથેનો સીગરામમાં બનેલો પ્રસંગ | ૫૯૫/૫૯૫ |

પરિશિષ્ટ ૩

## પ્રસંગોની સૂચિ

## (ખ) પ.પૂ. પ્રભુશ્રીજીના પ્રસંગો


**ક્રમ** **પૃષ્ઠ/આંક**

૧. પ્રભુશ્રીજીને કૃપાળુદેવ દ્વારા પ્રાપ્ત થયેલ મૌનરૂપી બોધ....૧૦૦/૧૩૮

૨. 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રની ઉત્પત્તિ જણાવતો રાળજનો પ્રસંગ....૧૧૯/૧૬૦

૩. પોતાની દશા જણાવતો રણછોડભાઈ ઉપર લખેલા પત્રનો પ્રસંગ....૧૩૮/૧૭૯

૪. 'અગાસ આશ્રમ'ની ઉત્પત્તિ દર્શાવતો પ્રસંગ....૧૪૪/૧૯૩

૫. 'હૃદયદર્શન કરતાં જ્ઞાનીનાં વચનો વિચારી તેમની દશાનો લક્ષ રહે તો વિશેષ લાભ'—આત્મસિદ્ધિ કૃપાળુદેવે પ્રભુશ્રીજીને મોકલાવી તે વખતનો પ્રસંગ....૧૭૦/૨૩૯

૬. આ કાળમાં પરમાર્થ પ્રાપ્તિની દુર્લભતા- તે પર પ્રભુશ્રીજીનો અગાસ સ્ટેશનનો પ્રસંગ....૧૮૭/૨૬૧

૭. ત્રણ પ્રકારના સત્પુરુષ-પૂ. પ્રભુશ્રીજી કેવા પ્રકારના ? તે દર્શાવતો પ્રસંગ....૨૨૯/૨૯૮

૯. કૃપાળુદેવનો પત્ર મળતાં પ્રભુશ્રીજી શું કરતા ?....૨૪૪/૩૦૭,૩૯૫/૪૧૯

૧૦. જ્ઞાનીપુરુષનો બોધ સાંભળી પાપમાં જતો અટકે, તો 'સત્સંગ' કહેવાય- તે પર નવસારીમાં પ્રભુશ્રીજીને મળેલ એક ભાઈનો પ્રસંગ....૨૪૬/૩૦૯

૧૧. 'જીવને આજ્ઞાથી લાભ' - તે પર પ્રભુશ્રીજીનો કૃપાળુદેવ સાથેનો વસોનો પ્રસંગ....૨૬૦/૩૨૨

૧૨. પ્રભુશ્રીજીની માંદગીના નિમિત્તે 'છ પદ'ના પત્રનો ઉદ્ભવ થવો તે પ્રસંગ....૨૬૦/૩૨૩

૧૩. પ્રભુશ્રીજીને યોગવાસિષ્ઠ વાંચતા 'હું પરમાત્મા છું' એ ભાવ ઉત્પન્ન થયો તે દર્શાવતો પ્રસંગ....૩૦૮/૩૫૫

૧૪. પ્રભુશ્રીએ સંસાર છોડ્યો તે સંબંધી કૃપાળુદેવે શું જણાવ્યું તે દર્શાવતો પ્રસંગ....૪૨૮/૪૪૯

૧૫. યોગ્યતા અને સદ્ગુરુની ભક્તિથી જ મોટો બોજો ઉપાડી શકાય- તે પર પ્રભુશ્રીજીનો તથા મોહનલાલજી મુનિનો જુનાગઢની ગુફાના પ્રસંગ....૫૬૫/૫૬૯


---

## પ્રસંગોની સૂચિ

## (ગ) પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના પ્રસંગો


**ક્રમ** **પૃષ્ઠ/આંક**

૧. પરમકૃપાળુદેવની નિર્વાણ અર્ધ શતાબ્દી પ્રસંગે પૂજ્યશ્રીએ કરેલો બોધ....૨૯/૩૮

૨. પૂજ્યશ્રી જ્યારે આશ્રમમાં પહેલીવાર પધાર્યા, ત્યારે 'સ્વચ્છંદ અને પ્રતિબંધ'નો અર્થ સમજાવતો પ્રભુશ્રીજી સાથેનો પ્રસંગ...૩૯૬/૪૧૯

૩. પ્રભુશ્રીજીએ પૂજ્યશ્રીને કરેલો બોધ– સત્પુરુષોના ઘરનાં વચનો અન્યરૂપે થવાથી એંઠા થાય....૫૬૪/૫૬૭

૪. 'મોહદયા એટલે શું ?' તે સમજાવતો પૂજ્યશ્રીનો પેટલાદમાં સાથે ભણતા એક મિત્ર સાથેનો પ્રસંગ....૬૦૯/૬૧૩

# પ્રસંગોની સૂચિ

## (ઘ) મુમુક્ષુઓના તેમજ અન્ય પ્રસંગોની સૂચિ


ક્રમ પૃષ્ઠ/આંક

૧. અંબાલાલભાઈને કૃપાળુદેવની સામાયિકમાં શાસ્ત્ર લખવાની આજ્ઞા....૨૬/૩૨

૨. ગાંધીજીએ કૃપાળુદેવને પ્રશ્ન પૂછ્યો કે, 'આગલા ભવની ખબર પડે?'....૪૬/૬૮

૩. કૃપાળુદેવ સમક્ષ એક વ્યક્તિનો 'આચારાંગ સૂત્ર'ની ટીકા લખવાની મંજૂરી માંગતો પ્રસંગ....૪૭/૬૮

૪. 'સત્પુરુષ સિવાય બીજામાં વૃત્તિ છે તે કપટ છે' તે સમજાવતો પૂંજાભાઈનો પ્રસંગ....૭૦/૧૦૩

૫. પ્રભુશ્રીજીના સમાગમમાં આવેલા એક સાધુને પરમકૃપાળુદેવના પત્રો જોઈને તેઓ 'જ્ઞાની' છે, તેવી પડેલી છાપ....૯૦/૧૨૪

૬. શ્રદ્ધાની કસોટીનો પ્રસંગ, મુંબઈના દરિયાકિનારે કૃપાળુદેવે અંબાલાલભાઈને પૂછ્યું કે, 'દરિયામાં પાણી કેટલું ઊંડું છે?....૧૧૪/૧૫૫

૭. ઉગરીબહેન(જુઠાભાઈનાં પત્ની) નો પ્રસંગ : 'જે કરવા જેવું છે તે મારાથી નથી થતું'-એ જ 'આત્મકલ્યાણનો માર્ગ'- એવી કૃપાળુદેવની શિખામણ....૧૧૬/૧૫૮

૮. સોભાગભાઈને પરમકૃપાળુદેવે આત્મસિદ્ધિ મોકલી તે વખતનો પ્રસંગ : 'આત્મસિદ્ધિને લઈને જ હું જીવું છું'....૧૩૫/૧૭૩

૯. રાગદ્વેષ ન કરવાનો ચિદાનંદજીનો ઉપદેશ - તે જણાવતો પ્રસંગ....૧૫૫/૨૧૯

૧૦. 'સત્પુરુષનું ચિત્રપટ તેમની દશા સમજવા માટે' - તે પર ચતુરલાલજી મુનિનો પ્રસંગ....૧૭૦/૨૩૯

૧૧. એક મુમુક્ષુએ પરમકૃપાળુદેવનું ચિત્રપટ મંગાવ્યું, તે પ્રસંગે કૃપાળુદેવનો બોધ- 'ચિત્રપટ કરતાં જ્ઞાનીપુરુષની ભક્તિ અને તેના સ્વરૂપને જાણવાથી વધારે લાભ'....૧૭૪/૨૪૩

૧૨. હિમાલય પર્વત પરનો વિવેકાનંદનો પ્રસંગ -આત્મકલ્યાણને બદલે શું કરી રહ્યો છું ?....૨૭૪/૩૨૭

૧૩. દીક્ષા લેવા માટેની આજ્ઞા લેવાનો શંકરાચાર્યનો પ્રસંગ....૨૯૬/૩૪૬

૧૪. લોકોની દેવ-દેવીની માન્યતા છોડાવવા સંબંધી શાંતિસાગર મુનિનો પ્રસંગ....૩૦૨/૩૪૯

૧૫. 'રાગદ્વેષ શાથી જાય?' તે પર શીતલપ્રસાદજીનો પ્રસંગ....૪૦૫/૪૩૦

૧૬. વિનય સંબંધી હરિભદ્રાચાર્યનો - યાકિનીપુત્ર તરીકે ઓળખાવતો પ્રસંગ....૪૨૬/૪૪૭

૧૭. અષ્ટાપદ પર્વત પર ગૌતમસ્વામી અને દેવનો સંવાદ - 'જેવા ભાવ તેવું ફળ' તે સમજાવતો પ્રસંગ (પુંડરિક અને કુંડરિકની કથા).૪૩૪/૪૫૩

૧૮. ચતુરલાલજી મુનિનો વસોમાં કૃપાળુદેવ સાથેનો પ્રસંગ - 'આજ્ઞાથી જ કલ્યાણ.'....૪૪૭/૪૬૧

૧૯. માંદગીના પ્રસંગે એક સાધારણ જીવ અને એક મુમુક્ષુ જીવ ખબર પૂછવા જાય તે બન્નેમાં કેટલો ફેર ?....૪૫૭/૪૭૦

૨૦. 'સમય વર્તે સાવધાન' તે પર રામદાસ સ્વામીનો પ્રસંગ....૪૬૫/૪૭૭

૨૧. અનધિકારી જીવના હાથમાં સત્શાસ્ત્ર આવે તો શું થાય ? તે અંગે એક મુનિએ તત્ત્વજ્ઞાનમાં કરેલા ફેરફારનો પ્રસંગ.....૪૭૪/૪૮૮

૨૨. સોભાગભાઈની સરળતા વિષે બોટાદવાળા મણિલાલ સાથેનો દીક્ષાનો પ્રસંગ....૫૧૧/૫૧૭

૨૩. સોભાગભાઈની કૃપાળુદેવ પ્રત્યે અચળ શ્રદ્ધા દર્શાવતો પ્રસંગ -'સૂર્ય અને નદીની સાક્ષીએ આજથી તમે જ મારા ગુરુ'......૫૨૪/૫૧૭

૨૪. 'દેહથી હું ભિન્ન છું' - એમ અંબાલાલભાઈની અંતર્મુખવૃત્તિ દર્શાવતો પ્રસંગ....૬૦૫/૬૦૫

## પ્રશ્નોત્તર વિભાગ

### (ક) પૂજ્યશ્રીએ પૂછેલા પ્રશ્નો


| ક્રમ | વ.આંક | પૃષ્ઠ/આંક |
|---|---|---|
| ૧. રાત્રિ એટલે શું ? પ્રભાત થયું એટલે શું ? | ૨/૧ | ૨/૨ |
| ૨. રાત્રિ વ્યતિક્રમી ગઈ એટલે શું ? | ૨/૧ | ૩/૩ |
| ૩. ચામડી વગરનું માણસ કેવું દેખાય ? | ૨/૮ | ૪/૩ |
| ૪. મનુષ્યભવ શાથી મળ્યો છે ? | ૨/૯ | ૪/૩ |
| ૫. મનુષ્યભવ શા માટે મળ્યો છે ? | ૨/૬૯ | ૭/૫ |
| ૬. 'પુષ્પમાળા' વાંચવાનું કારણ શું ? | ૨/૮૧ | ૭/૫ |
| ૭. બંધન તૂટવાનું કારણ ? | ૫/૯૪ | ૧૩/૧૦ |
| ૮. પ્રાણીને અભયદાન દો અને સાથે સંતોષ પણ દો. તે શા માટે ? | ૧૭/૨ | ૧૬/૧૭ |
| ૯. દયાનું સ્વરૂપ કેવું છે ? | ૧૭/૨ | ૧૭/૧૭ |
| ૧૦. જ્ઞાનથી મન રોકાય, પણ જ્ઞાન આવે શાથી ? | ૧૭/૪ | ૧૮/૧૮ |
| ૧૧. (મનુષ્યભવ) સફળ શાથી થાય ? | ૧૭/૪ | ૧૮/૧૮ |
| ૧૨. પુણ્ય શાથી થાય છે ? | ૧૭/૨૪ | ૨૩/૨૪ |
| ૧૩. કષાયની મંદતા શાથી થાય છે ? | ૧૭/૨૪ | ૨૩/૨૪ |
| ૧૪. આપણી મલિનતા કેમ જતી નથી ? | ૧૭/૩૬ | ૨૫/૩૦ |
| ૧૫. ભિખારી કોણ હશે ? આપણે ભિખારી છીએ કે નહીં ? | ૧૭/૪૧ | ૨૬/૩૩ |
| ૧૬. મનનાં, વચનનાં, કાયાનાં એમ અનેક પ્રકારનાં દુઃખ છે. એનો ઉપાય શો કરવો ? | ૮૪ | ૪૧/૫૬ |
| ૧૭. મોહનીયને લઈને કેવી દશા થાય છે ? | ૮૫ | ૪૨/૬૦ |
| ૧૮. મુનિ થયા હોય તેને શું કામ હોય ? | ૯૭ | ૪૪/૬૫ |
| ૧૯. આ જીવ કઈ દિશાથી આવ્યો છે ? | ૧૦૮ | ૪૬/૬૮ |
| ૨૦. જીવ શું છે ? અને જીવન શું છે ? કેવું જીવે તો જીવ્યો કહેવાય ? | ૧૦૮ | ૪૭/૬૮ |
| ૨૧. બાધતા કયાં અને નિરાબાધતા કયાં છે ? | ૧૦૮ | ૪૭/૬૮ |
| ૨૨. હે જીવ તેં શું કીધું ? | ૧૨૮ | ૫૩/૭૫ |
| ૨૩. આ ભવમાં શું કરવું ? કેમ વર્તવું ? | ૧૨૮ | ૫૩/૭૫ |
| ૨૪. આ જીવે અનંત કાળથી શું શું કર્યુ છે ? | ૧૨૮ | ૫૪/૭૬ |
| ૨૫. આત્મા છે કે નથી એમ કોઈ પૂછે તો, એ કોણ પૂછે છે ? | ૧૪૨ | ૫૮/૮૫ |
| ૨૬. મનુષ્યભવો મળ્યાં તે બધા શામાં ગયા ? | ૧૪૭ | ૬૦/૮૮ |
| ૨૭. મોતનું ઔષધ શું ? | ૧૫૦ | ૬૧/૮૯ |
| ૨૮. તારો કોણ ? તે કોણે જાણ્યો ? | ૧૫૦ | ૬૧/૮૯ |
| ૨૯. 'બે અક્ષરમાં માર્ગ રહ્યો છે.' તે બે અક્ષર કયા હશે ? | ૧૬૬ | ૭૦/૧૦૩ |
| ૩૦. બીજેથી પ્રેમ ઉઠાવી મૂકવો કયાં ? | ૧૭૨ | ૭૩/૧૦૭ |
| ૩૧. સત્પુરુષ શું કરવાથી થયા ? | ૧૭૨ | ૭૪/૧૦૭ |
| ૩૨. જીવને માર્ગ કયારે મળે ? | ૧૭૬ | ૭૭/૧૦૮ |

| ક્રમ | વ.આંક | પૃષ્ઠ/આંક |
|---|---|---|
| ૩૩. કૃપાળુદેવને ભાગી જવાની ઇચ્છા રહે છે એટલે શું ? | ૧૮૦ | ૭૯/૧૧૨ |
| ૩૪. અત્યંત દુર્લભ એવો મનુષ્ય દેહ મળ્યા છતાં એવી કઈ વસ્તુ રહી જાય છે કે જેથી નિષ્ફળ થયો, એ રોગ ચાલ્યો આવ્યો છે તેનું કારણ શું ? | ૧૯૪ | ૭૯/૧૧૩ |
| ૩૫. માર્ગ શાને કહેતા હશે ? માર્ગ ન મળ્યો, પણ માર્ગ કયો ? | ૧૯૪ | ૮૨/૧૧૫ |
| ૩૬. સત્સ્વરૂપ પ્રાપ્ત કેમ થાય ? | ૧૯૪ | ૮૩/૧૧૫ |
| ૩૭. મહાપુરુષ પ્રત્યે અપૂર્વતા કેમ નથી આવતી ? | ૨૧૧ | ૯૧/૧૨૭ |
| ૩૮. 'સત્' એટલે શું ? | ૨૧૧ | ૯૩/૧૨૯ |
| ૩૯. સર્વાત્મસ્વરૂપ એટલે શું ? | ૨૩૪ | ૧૦૩/૧૪૬ |
| ૪૦. તરવું હોય તો પહેલું શું જાણવું ? | ૨૩૬ | ૧૦૩/૧૪૭ |
| ૪૧. જીવને પરિભ્રમણ થવામાં મુખ્ય કારણ શું ? તે કારણ કેમ ટળે ? | ૨૩૬ | ૧૦૩/૧૪૭ |
| ૪૨. નિઃશંકતા એટલે શું ? | ૨૫૪ | ૧૦૫/૧૫૧ |
| ૪૩. મુમુક્ષુતા કયારે આવે ? | ૨૫૪ | ૧૦૭/૧૫૨ |
| ૪૪. 'પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા' એટલે શું ? | ૨૫૪ | ૧૦૭/૧૫૩ |
| ૪૫. મુમુક્ષુતા શાને કહે છે ? | ૨૫૪ | ૧૦૮/૧૫૪ |
| ૪૬. નિઃશંકતા શાને કહેતા હશે ? | ૨૫૪ | ૧૧૨/૧૫૫ |
| ૪૭. મિથ્યાસમતા શા માટે કહી છે ? | ૨૫૪ | ૧૧૪/૧૫૫ |
| ૪૮. મિથ્યાત્વ અવસ્થામાં શું થાય છે ? | ૨૫૮ | ૧૧૫/૧૫૭ |
| ૪૯. 'હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું ?' બોલતાં કેવા ભાવ કરવા જોઈએ ? | ૨૬૪ | ૧૨૩/૧૬૨ |
| ૫૦. 'દીનાનાથ દયાળ' એટલે શું ? | ૨૬૪ | ૧૨૪/૧૬૨ |
| ૫૧. મુમુક્ષુતા શાથી આવે ? શુદ્ધભાવ શાથી આવે ? રાગદ્વેષ શાથી છૂટે ? | ૨૬૪ | ૧૨૪/૧૬૨ |
| ૫૨. યમ એટલે શું ? અને તે કેટલા ? | ૨૬૫ | ૧૨૫/૧૬૩ |
| ૫૩. નિયમ એટલે શું ? | ૨૬૫ | ૧૨૫/૧૬૩ |
| ૫૪. ત્યાગ એટલે શું ? | ૨૬૫ | ૧૨૫/૧૬૩ |
| ૫૫. સંસારથી છૂટવું છે, એવી ભાવના થયા પછી શું કરવું ? | ૨૯૯ | ૧૩૩/૧૭૦ |
| ૫૬. 'ઉપદેશછાયામાં' છે કે વિભાવથી મૂકાવું અને સ્વભાવમાં રહેવું એ ન થતું હોય તો શું કરવું ? | ૨૯૯ | ૧૩૪/૧૭૧ |
| ૫૭. કર્મક્લેશ શાથી તૂટે ? | ૩૭૫ | ૧૫૮/૨૨૦ |
| ૫૮. સંસારમાં જ્ઞાની શું કરે છે | ૩૭૭ | ૧૫૯/૨૨૩ |
| ૫૯. આ કાળને કળિયુગ કહેવાનું કારણ શું ? | ૩૮૪ | ૧૬૨/૨૨૯ |

## (ક) પૂજ્યશ્રીએ પૂછેલા પ્રશ્નો


| ક્રમ | વ.આંક | પૃષ્ઠ/આંક |
|---|---|---|
| ૬૦. પૂજવાયોગ્ય, સ્તુતિ કરવાયોગ્ય, નમસ્કાર કરવાયોગ્ય કોણ છે ?......... | ૪૦૦ | ૧૮૧/૨૫૧ |
| ૬૧. ભજવા યોગ્ય વસ્તુ શું છે ?............. | ૪૧૦ | ૧૮૫/૨૫૭ |
| ૬૨. સંસારનું સ્વરૂપ કેવું છે ?............... | ૪૪૬ | ૨૧૨/૨૮૩ |
| ૬૩. કલ્યાણ થવામાં મને શું નડે છે ?........ | ૪૪૯ | ૨૧૬/૨૮૯ |
| ૬૪. સત્સંગ કરવામાં મને શું નડે છે ?....... | ૪૪૯ | ૨૧૯/૨૯૧ |
| ૬૫. મળ છે તે કષાય છે, આત્માને મલિન કરનાર છે, એને મટાડવા શું કરવું ?.... | ૪૪૯ | ૨૨૦/૨૯૧ |
| ૬૬. પોતાના દોષ જોવા, એ કયારે થાય ?.... | ૪૪૯ | ૨૨૦/૨૯૧ |
| ૬૭. કેવી દશામાં જ્ઞાની રહે છે ?............ | ૪૪૯ | ૨૨૦/૨૯૧ |
| ૬૮. દરેક મુમુક્ષુએ શું કરવું ?............... | ૪૪૯ | ૨૨૨/૨૯૨ |
| ૬૯. સુધારસ દેનાર અને લેનાર કેવો હોય ?. | ૪૭૨ | ૨૫૦/૩૧૨ |
| ૭૦. સમ્યક્‌જ્ઞાન તે આત્મા છે. તે શાથી પ્રાપ્ત થાય ?.............................. | ૪૯૩ | ૨૬૫/૩૨૩ |
| ૭૧. આત્મસ્વરૂપ (આ છ પદથી સિદ્ધ થયું,) તે શાથી પ્રગટે ?......................... | ૪૯૩ | ૨૬૯/૩૨૩ |
| ૭૨. જીવ સદા નિર્ભય, આનંદસ્વરૂપને પામ્યો. આ શાથી થયું ?................ | ૪૯૩ | ૨૭૦/૩૨૩ |
| ૭૩. એવી કઈ ભૂલને લીધે જન્મમરણ થાય છે ?................................ | ૫૦૦ | ૨૭૫/૩૨૯ |
| ૭૪. સંસારમાં ચિત્ત જાય તો શું મળે ?....... | ૫૦૮ | ૨૮૩/૩૩૬ |
| ૭૫. જીવને ખાળે છે કોણ ?................. | ૫૨૨ | ૨૯૯/૩૪૭ |
| ૭૬. અનાદિકાળથી સ્વચ્છંદથી રઝળે છે. તે શાથી રોકાય ?...................... | ૫૨૨ | ૨૯૯/૩૪૭ |
| ૭૭. અત્યારે પ્રત્યક્ષ ભગવાન તો છે નહીં, પણ એમની પ્રતિમાને સર્વજ્ઞ ભગવાન જાણીને ભક્તિ કરે છે, અને કોઈ પ્રત્યક્ષ સદ્‌ગુરુની ભક્તિ કરે છે, તો બેમાં વિશેષ કોને લાભ થાય ? (પરમકૃપાળુદેવનો પ્રશ્ન) | ૫૨૭ | ૩૦૩/૩૫૦ |
| ૭૮. 'તલ જેટલી જગ્યા પણ એ સંસારની ઝેર વિના રહી નથી' એવા સંસારમાં શું મળે ?.............................. | ૫૨૮ | ૩૦૪/૩૫૧ |
| ૭૯. દિશામૂઢ એટલે શું ?................... | ૫૩૪ | ૩૧૦/૩૫૬ |
| ૮૦. જ્ઞાનીને આ સંસારનું સ્વરૂપ કેવું લાગ્યું છે ?............................ | ૫૪૦ | ૩૧૫/૩૬૩ |
| ૮૧. પોતાનું કરેલું (બાંધેલું કર્મ) કોણ ભોગવે ?.............................. | ૫૪૮ | ૩૨૨/૩૬૯ |
| ૮૨. જીવ શાથી ઘેરાયો છે ?................ | ૫૬૯ | ૩૪૫/૩૮૨ |
| ૮૩. અત્યારે જીવ કોને નમસ્કાર કરે છે ?.... | ૫૬૯ | ૩૫૧/૩૮૫ |
| ૮૪. જ્ઞાની કહે છે તે મને કેમ ટકતું નથી ?... | ૫૬૯ | ૩૫૫/૩૮૬ |
| ૮૫. મારું મન બીજે કેમ જાય છે ? સદ્‌ગુરુના ચરણમાં કેમ સ્થિર થતું નથી ?......... | ૫૭૨ | ૩૬૮/૩૯૩ |
| ૮૬. આત્મા કયાં રહે છે ?.................. | ૬૦૬ | ૩૭૮/૪૦૭ |
| ૮૭. સમભાવ ક્યાં રહે છે ?................ | ૬૦૬ | ૩૭૯/૪૦૭ |
| ૮૮. "હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો." એમ રોજ બોલીએ છીએ, પણ ભૂલી ગયો શું ?......................... | ૬૦૯ | ૩૮૩/૪૧૦ |
| ૮૯. જીવ પોતાને કેમ ભૂલ્યો ?.............. | ૬૦૯ | ૩૮૪/૪૧૧ |
| ૯૦. અસંગપણું શાથી થાય ?............... | ૬૦૯ | ૩૯૨/૪૧૪ |
| ૯૧. સત્સંગ મળ્યો તેય અફળ થયો છે તે શાથી ?............................. | ૬૦૯ | ૩૯૨/૪૧૪ |
| ૯૨. સમજવું અને શમાવું એ જ કરવાનું છે. તે શાથી ન જાણ્યું ?....... | ૬૫૧ | ૪૧૨/૪૩૯ |
| ૯૩. સમજવાનું અને શમાવાનું શા માટે ન થયું ?................................. | ૬૫૧ | ૪૧૩/૪૩૯ |
| ૯૪. ગયું શું ? (જીવમાંથી).................. | ૬૫૧ | ૪૧૬/૪૪૧ |
| ૯૫. મુનિપણું આવ્યું હોય તે યથાર્થ ન આવ્યું હોય, પણ કર્મના ઉદયે એ આવ્યું હોય અને ઉપદેશ તો કરવો પડે, તો શું કરવું ?..................... | ૬૭૦ | ૪૨૧/૪૪૫ |
| ૯૬. કૃપાળુદેવ વ્યાપાર કરવા બેઠા હોય અને બીજા પણ બેઠા હોય, બીજા જીવો કરતા હોય તેવુ એ પણ કરતા હોય તો, આ જ્ઞાની છે એમ કેમ ઓળખાય ?. | ૬૭૪ | ૪૨૫/૪૪૭ |
| ૯૭. ૐ શાને કહેતા હશે ?................ | ૬૭૮<br>૭૭૯ | ૪૩૭/૪૫૫<br>૫૦૩/૫૦૫ |
| ૯૮. નિરાવરણજ્ઞાન કોને કહેવાય ?......... | ૬૭૯ | ૪૪૦/૪૫૭ |
| ૯૯. વીર એટલે શું ?....................... | ૬૮૦ | ૪૪૬/૪૬૧ |
| ૧૦૦. આપણે કયાં ઊભા છીએ ? કયાંથી આવ્યા છીએ ?.......................... | ૬૯૨ | ૪૫૬/૪૬૯ |
| ૧૦૧. આત્માર્થી એટલે શું ?.................. | ૬૯૪ | ૪૫૮/૪૭૧ |
| ૧૦૨. વિચારવાન કોને કહેવાય ?............ | ૭૦૨ | ૪૬૨/૪૭૫ |
| ૧૦૩. શરીરમાં અશાતા થઈ હોય, પણ કોઈ સગાંવહાલાં દુઃખ લે ?............ | ૭૨૨ | ૪૭૪/૪૮૯ |
| ૧૦૪. આઠ સમિતિઓ કઈ કઈ ?............ | ૭૬૭ | ૫૦૨/૫૦૨ |
| ૧૦૫. આત્મા કેવો છે ?...................... | ૭૮૧ | ૫૧૫/૫૧૨ |
| ૧૦૬. સમકિત થતાં કેટલી વાર ?............ | ૭૮૧ | ૫૨૧/૫૧૫ |
| ૧૦૭. છૂટવાની ઇચ્છા થઈ હોય અને સત્પુરુષનો યોગ ન હોય તો શું કરવું ?. | ૭૮૩ | ૫૨૫/૫૧૮ |
| ૧૦૮. (કૃપાળુદેવનું) સોભાગભાઈને નમસ્કાર કરવાનું કારણ શું ?..................... | ૭૮૩ | ૫૨૭/૫૨૪ |
| ૧૦૯. ખરો ધર્મ કયો છે ? ધર્મ શાને કહે છે ?. | ૮૪૩ | ૫૩૮/૫૩૪ |

(ક) પૂજ્યશ્રીએ પૂછેલા પ્રશ્નો


| ક્રમ | વ.આંક | પૃષ્ઠ/આંક |
|---|---|---|
| ૧૧૦. દ્રવ્યાનુયોગ હાથમાં આવે પણ પરિણામ પામવો જોઈએ. તે કેમ પામે ?......... | ૮૬૬ | ૫૪૨/૫૪૦ |
| ૧૧૧. જીવને પૂછવું કે તારે શું જોઈએ છે ? જગત કે મોક્ષ ?...... | ૯૦૧ | ૫૫૧/૫૫૮ |
| ૧૧૨. પ્રતિમા જોઈને પણ જોવાનું શું ?........ | ૯૪૯ | ૫૫૬/૫૬૪ |
| ૧૧૩. જે સદગુરુના ઉપદેશથી જિનનું સ્વરૂપ સમજાય તે સદગુરુ કેવા હોય ?........ | ૯૫૪ | ૫૫૭/૫૬૫ |
| ૧૧૪. સ્વરૂપ પ્રાપ્ત કરવા કોનું અવલંબન લેવું ?.................................... | ૯૫૪ | ૫૫૭/૫૬૫ |
| ૧૧૫. કુગુરુ શા માટે કહેવાય છે ?.......... | ૯૫૭/૨ | ૫૬૬/૫૬૯ |
| ૧૧૬. જીવની મોટામાં મોટી ભૂલ કઈ છે ?.. | ૯૫૭/૬ | ૫૭૩/૫૭૫ |
| ૧૧૭. શા માટે ઉપવાસ કરવો છે ?......... | ૯૫૭/૬ | ૫૭૫/૫૭૫ |
| ૧૧૮. ધર્મ પામ્યો ક્યારે કહેવાય ?......... | ૯૫૭/૧૨ | ૫૯૩/૫૯૧ |
| ૧૧૯. શુદ્ધ આત્મા પછી સહજાત્મા છે. તે કેવો છે ? [હાથનોંધ-૨/૧૦]....... | ૯૬૦ | ૬૦૭/૬૦૮ |
| ૧૨૦. યોગી એટલે શું ? [હાથનોંધ-૨/૧૦]. | ૯૬૦ | ૬૦૭/૬૦૮ |
| ૧૨૧. સહજાત્મસ્વરૂપ એટલે શું ? [હાથનોંધ-૨/૧૦] .................. | ૯૬૦ | ૬૦૮/૬૦૮ |


## પ્રશ્નોત્તર વિભાગ

(ખ) મુમુક્ષુએ પૂછેલા પ્રશ્નો


| ક્રમ | વ.આંક | પૃષ્ઠ/આંક |
|---|---|---|
| ૧. એ ભક્તિ કેવી ? (ભક્તિ એટલે શું ?). | ૧ | ૧/૧ |
| ૨. જ્ઞાનીપુરુષો જ્યાં જ્યાં જુએ ત્યાં ત્યાં કર્મથી છૂટે છે; બંધાતા નથી. તેનું શું કારણ ?................................ | ૧ | ૨/૧ |
| ૩. ભાવનિદ્રા એટલે શું ?................. | ૨/૧ | ૨/૨,૩/૩ |
| ૪. 'પુષ્પમાળા'માં કૃપાળુદેવે કહ્યું છે કે 'એક પ્રહર ભક્તિકર્તવ્ય, એક પ્રહર ધર્મકર્તવ્ય' એ ભક્તિ અને ધર્મમાં શો ફેર છે ?........................... | ૨/૭ | ૩/૩ |
| ૫. 'આરોગ્યતા', 'મહત્તા', 'પવિત્રતા' અને 'ફરજ' એટલે શું ?.............. | ૨/૭૩ | ૭/૫ |
| ૬. 'ત્રિપદનો ઉપયોગ અનુભવવો' એટલે શું ?............................ | ૫/૧૦ | ૧૦/૮ |
| ૭. 'દુઃખસુખથી ઉપરાંઠા થવું'. ઉપરાંઠા એટલે શું ?.................... | ૫/૨૦ | ૧૦/૯ |
| ૮. 'છે તે છે પણ મન વિચાર કરવા શક્તિમાન નથી' એટલે શું ?......... | ૫/૨૬ | ૧૦/૯ |
| ૯. ગુણ અને પર્યાયમાં ફેર શો ?.......... | ૫/૪૧ | ૧૦/૯ |
| ૧૦. આપણે ભગવાનને ફૂલ ચઢાવીએ છીએ તે પાપ ન કહેવાય ?............. | ૧૭/૨ | ૧૭/૧૭ |
| ૧૧. મન શાથી જિતાય ?.................. | ૧૭/૪ | ૧૮/૧૮ |
| ૧૨. બાહુબળજીને એમ ઊભા ઊભા શાથી કેવળજ્ઞાન થઈ ગયું ? સત્પુરુષના યોગ વિના કેવી રીતે થાય ?........... | ૧૭/૧૭ | ૨૦/૨૧ |
| ૧૩. ''નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો- ગમે ત્યાંથી ભલે'' એટલે શું ?.......... | ૧૭/૬૭ | ૩૩/૪૬ |
| ૧૪. ''પ્રતિશ્રોતી થા'' એટલે શું ?........... | ૮૪ | ૪૦/૫૫ |
| ૧૫. ''અનુત્તરવાસી થઈને વર્ત.'' એટલે શું ?.............................. | ૮૪ | ૪૦/૫૫ |
| ૧૬. ''પૂર્વ કર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો.'' પ્રત્યેક ધર્મ એટલે શું ?.............................. | ૮૪ | ૪૧/૫૮ |
| ૧૭. અંતરમાં સુખ છે એવું થાય તો અવ્યાબાધ સુખ પ્રાપ્ત થાય ?........... | ૧૦૮ | ૪૭/૬૮ |
| ૧૮. ઘર કુટુંબ બધું ભુલાતું નથી અને આત્માનું ભુલાવવું કેમ થયું ?........... | ૧૪૨ | ૫૮/૮૫ |
| ૧૯. સૂતાં સૂતાં ભક્તિ કરવી શી ખોટી છે ?. | ૧૫૭/૨ | ૬૨/૯૩ |
| ૨૦. માયિક સુખ એટલે શું ? માયા એટલે શું ? | ૧૬૬<br>૧૬૬ | ૬૮/૧૦૧<br>૭૧/૧૦૪ |
| ૨૧. (જીવને) આચાર્યપણું આવ્યું શાથી ?.... | ૧૬૬ | ૬૯/૧૦૧ |
| ૨૨. શાસ્ત્રશ્રવણથી વિજ્ઞાન થાય એમ કહ્યું છે, તો એ સિવાય વિજ્ઞાન ન થાય ?.... | ૧૬૬ | ૭૦/૧૦૩ |
| ૨૩. ''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યા છે, એ વાત કેમ હશે ?''.................... | ૧૬૬ | ૭૦/૧૦૪ |
| ૨૪. ''નીચેના વાક્યો પ્રત્યેક મુમુક્ષુઓને મેં અસંખ્ય સત્પુરુષોની સંમતિથી મંગળરૂપ માન્યા છે, મોક્ષના સર્વોત્તમ કારણરૂપ માન્યાં છે.'' એટલે શું ?..... | ૧૬૬ | ૭૧/૧૦૪ |
| ૨૫. 'વૃદ્ધમાંથી યુવાન થવું' એટલે શું ?..... | ૧૭૦ | ૭૧/૧૦૫ |

## (ખ) મુમુક્ષુએ પૂછેલા પ્રશ્નો


| ક્રમ | વ.આંક | પૃષ્ઠ/આંક |
|---|---|---|
| ૨૬. સત્પુરુષની પાસે પણ મન, વચન, કાયા છે. આપણી પાસે પણ છે, પણ એમની ચેષ્ટા ભવ છોડે છે એનું શું કારણ? | ૧૭૨ | ૭૨/૧૦૬ |
| ૨૭. "સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે" એટલે શું? | ૧૭૨<br>૪૯૩ | ૭૨/૧૦૬<br>૨૭૨/૩૨૫ |
| ૨૮. "તેનાં મન વચન કાયાની પ્રત્યેક ચેષ્ટાના અદ્ભૂત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં" એ શું હશે? | ૧૭૨ | ૭૫/૧૦૭ |
| ૨૯. "એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે." તો સત્પુરુષના પરોક્ષપણામાં જે કરે તેનું ફળ જેવું થવું જોઈએ તેવું ન થાય? | ૧૭૨ | ૭૫/૧૦૭ |
| ૩૦. ચરણ એટલે શું? | ૧૭૬ | ૭૬/૧૦૮ |
| ૩૧. રાગદ્વેષ ન કરે તો કલ્યાણ થાય? | ૧૭૬ | ૭૭/૧૦૮ |
| ૩૨. સ્વચ્છંદ એટલે શું? | ૧૯૪ | ૮૪/૧૧૫ |
| ૩૩. ઉપશમનો અર્થ શો હશે? | ૧૯૪ | ૮૪/૧૧૫ |
| ૩૪. માયાપૂર્વક દર્શન એટલે શું? | ૨૦૫ | ૮૯/૧૨૩ |
| ૩૫. વૈતાલીય અધ્યયન શામાં છે? | ૨૦૭ | ૮૯/૧૨૪ |
| ૩૬. "પરેચ્છાનુચારીને શબ્દ-ભેદ નથી" એટલે શું? | ૨૩૨ | ૧૦૨/૧૪૪ |
| ૩૭. પહેલાં એમ માન્યું હોય કે આ સત્પુરુષ સાચા છે, પણ પછી એ ફરી જાય છે એ શાથી? | ૨૪૯ | ૧૦૫/૧૫૦ |
| ૩૮. (પોતાના) દોષને કેવી રીતે જોવા? | ૨૫૪ | ૧૦૬/૧૫૧ |
| ૩૯. બાર બાર કલાક ભક્તિ ચાલે છે, છતાં રસ કેમ નથી આવતો? | ૨૫૪ | ૧૧૧/૧૫૪ |
| ૪૦. ભક્તિ કેમ નથી જાગતી? | ૨૮૨ | ૧૩૧/૧૬૮ |
| ૪૧. (કૃપાળુદેવને) ધર્મ પ્રકાશવું કેમ નથી ગમતું? | ૨૮૨ | ૧૩૨/૧૬૮ |
| ૪૨. ઉદાસીનપણું એટલે શું? | ૩૨૧ | ૧૩૭/૧૭૭ |
| ૪૩. સમ્યક્પ્રકારે એટલે શું? | ૩૨૨ | ૧૩૮/૧૭૯ |
| ૪૪. શાસ્ત્રો ભણવા છતાં જીવની માન્યતા કેમ ફરતી નથી? | ૩૩૧ | ૧૪૨/૧૮૭ |
| ૪૫. શરીર એ પરિગ્રહ છે એને કેવી રીતે છોડવો? | ૩૩૨ | ૧૪૨/૧૮૮ |
| ૪૬. અંદરથી ભાવ પરિગ્રહના કાઢી નાંખીએ તો અર્પણ કર્યું કહેવાય? | ૩૩૨ | ૧૪૨/૧૮૮ |
| ૪૭. શ્રીમદ્ રાજચંદ્રના ગુરુ કોણ હતા? | ૩૩૪ | ૧૪૫/૧૯૩ |
| ૪૮. જ્ઞાનીને સર્વસંગપરિત્યાગ કરવાનો હેતુ શો હશે? | ૩૫૦ | ૧૪૯/૨૦૭ |
| ૪૯. "પ્રથમ તો જીવનું પોતાપણું ટાળવા યોગ્ય છે" એટલે શું? | ૩૫૯ | ૧૫૦/૨૧૦ |
| ૫૦. "જેને ભેદ નથી તેને ખેદ સંભવતો નથી" એટલે શું? | ૩૫૯ | ૧૫૦/૨૧૦ |
| ૫૧. "જે જીવિતવ્યમાં ક્ષણિકપણું છે, તે જીવિતવ્યમાં જ્ઞાનીઓએ નિત્યપણું પ્રાપ્ત કર્યું છે." એ કેવી રીતે? | ૩૬૦ | ૧૫૧/૨૧૧ |
| ૫૨. 'પ્રાણવિનિમય' નામના મેસ્મેરિઝમના પુસ્તકમાં શું આવે છે? | ૩૬૫ | ૧૫૨/૨૧૩ |
| ૫૩. લોકભાવના એટલે શું? | ૩૭૧ | ૧૫૨/૨૧૪ |
| ૫૪. સત્પુરુષનો યોગ થયા પછી પણ સત્પુરુષ પ્રત્યે અભાવ થઈ જાય? | ૩૭૧ | ૧૫૨/૨૧૪ |
| ૫૫. મન વશ કરવા માટે પ્રથમ જીવે શું કરવું? | ૩૭૩ | ૧૫૩/૨૧૭ |
| ૫૬. બોધ તો રોજ અહીં સાંભળીએ છીએ તો મન વશ કેમ નથી થતું? | ૩૭૩ | ૧૫૩/૨૧૭ |
| ૫૭. "મનને લઈને આ બધું છે." એ શું? | ૩૭૩ | ૧૫૪/૨૧૮ |
| ૫૮. અસત્સંગ એટલે શું? | ૩૭૫ | ૧૫૯/૨૨૧ |
| ૫૯. 'અસત્સંગનું વિપરિણામ વિચારવું' એટલે શું? | ૩૭૫ | ૧૫૯/૨૨૧ |
| ૬૦. સત્સંગ એટલે શું? | ૩૮૯ | ૧૬૫/૨૩૨ |
| ૬૧. બાહ્ય અસત્સંગ તો જીવ જો ધારે તો ત્યાગ કરી શકે પણ અંતરંગ અસત્સંગ વિષય-કષાય એ ત્યાગાય કેમ કરી? | ૩૮૯ | ૧૬૬/૨૩૨ |
| ૬૨. માન કેમ ટળે? | ૩૮૯ | ૧૬૬/૨૩૨ |
| ૬૩. કોઈ કોઈ વખતે સારા ભાવ આવે છે અને કોઈ કોઈ વખતે કોશિશ કરીએ તો પણ સારા ભાવ નથી આવતા, એનું શું કારણ? | ૩૮૯ | ૧૬૭/૨૩૨ |
| ૬૪. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પ્રતિબંધ-રહિતપણું એટલે શું? | ૪૦૦ | ૧૮૧/૨૫૦ |
| ૬૫. 'સમતા, રમતા, ઊરધતા......એ સબ જીવ વિલાસ' એમાં જે 'રમતા' શબ્દ છે તેનો શો અર્થ છે? | ૪૩૬ | ૨૦૫/૨૭૪ |
| ૬૬. "સમતા, રમતા,.........એ સબ જીવ વિલાસ." તેમાં જ્ઞાયકતા ને ચૈતન્યતા એમ બે શા માટે કહ્યાં છે? ચૈતન્ય-પણામાં જ્ઞાયકતા તો આવી જાય છે. | ૪૩૬ | ૨૦૮/૨૭૬ |

## (ખ) મુમુક્ષુએ પૂછેલા પ્રશ્નો

| ક્રમ | વ.આંક | પૃષ્ઠ/આંક |
|---|---|---|
| ૬૭. જ્ઞાનીપુરુષ પણ સત્સંગને કેમ ઇચ્છે છે? | ૪૪૯ | ૨૧૭/૨૯૦ |
| ૬૮. મોહનીય ટાળવાનો ઉપાય શું? | ૪૫૪ | ૨૩૫/૨૯૯ |
| ૬૯. દર્શનમોહ ગયા પછી કર્મ બંધાય કે? | ૪૫૯ | ૨૩૯/૩૦૩ |
| ૭૦. સદ્‌વિચાર કેમ આવે? | ૪૬૦ | ૨૪૨/૩૦૪ |
| ૭૧. "વાણીનું સંયમન શ્રેયરૂપ છે" એટલે શું? | ૪૭૯ | ૨૫૪/૩૧૫ |
| ૭૨. "જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે." એનો શો અર્થ હશે? | ૪૯૩ | ૨૭૨/૩૨૪ |
| ૭૩. 'ભગવાને મુનિને નદી ઊતરવાની આજ્ઞા આપી છે.' એ કેમ? | ૫૦૧ | ૨૭૭/૩૩૧ |
| ૭૪. દ્રવ્યપ્રાણાતિપાત એટલે શું? | ૫૦૩ | ૨૭૭/૩૩૨ |
| ૭૫. નિર્ભય કોણ કહેવાય? | ૫૦૬ | ૨૭૯/૩૩૪ |
| ૭૬. ચૌદ પૂર્વધારી એટલો બધો ભણેલો છતાં કેમ પડી જતો હશે? | ૫૦૬ | ૨૮૦/૩૩૪ |
| ૭૭. (કાયા અને આત્મા) બન્ને પદાર્થ જુદા છે તો એને વેદના શાથી થાય છે? | ૫૦૯ | ૨૮૩/૩૩૭ |
| ૭૮. બંધવૃત્તિઓ એટલે શું? | ૫૧૦ | ૨૮૪/૩૩૮ |
| ૭૯. જ્ઞાનવાર્તા એટલે? | ૫૨૦ | ૨૯૪/૩૪૬ |
| ૮૦. મુખરસ એટલે શું? | ૫૨૦ | ૨૯૫/૩૪૬ |
| ૮૧. શ્રુતકેવળી એટલે શું? | ૫૨૦ | ૨૯૭/૩૪૬ |
| ૮૨. સત્પુરુષનો યોગ શાથી થાય? | ૫૨૨ | ૨૯૮/૩૪૭ |
| ૮૩. સિદ્ધ ભગવાન ત્યાં હરતા ફરતા તો હશે કે એક ઠેકાણે બેઠા રહેતા હશે? | ૫૨૩ | ૩૦૧/૩૪૮ |
| ૮૪. મારી પાસે ૧૦૦ રૂપિયાની નોટ હોય અને તેની રક્ષા માટે ચાકુ ખિસ્સામાં રાખ્યું હોય તો એને શું કહેવાય? | ૫૫૧ | ૩૩૪/૩૭૬ |
| ૮૫. મિથ્યાત્વ સહિત હોય અને સ્મરણ કરે તો ધર્મધ્યાન થાય? | ૫૫૧ | ૩૩૪/૩૭૬ |
| ૮૬. અહીં તો અસત્સંગ અને અસત્પ્રસંગ છે નહીં, તો પછી વિચાર કેમ નથી જાગતા? | ૫૬૯ | ૩૩૮/૩૮૦ |
| ૮૭. વૈરાગ્ય કેમ નથી આવતો? | ૫૭૦ | ૩૬૦/૩૮૯ |
| ૮૮. વિવેકજ્ઞાન એટલે શું? | ૫૭૦ | ૩૬૦/૩૮૯ |
| ૮૯. એકસો આઠ જીવો ઉત્કૃષ્ટ રીતે એક સમયમાં સિદ્ધ થાય તે ભરતક્ષેત્રમાં જ કે? | ૫૭૧ | ૩૬૨/૩૯૦ |
| ૯૦. કૃપાળુદેવે લખ્યું છે કે : "રાંડી રુએ, માંડી રુએ, પણ સાત ભરતારવાળી તો મોઢું જ ન ઉઘાડે" આનો અર્થ શું હશે? | ૬૦૮ | ૩૮૦/૪૦૯ |
| ૯૧. (સત્સંગમાં) અપૂર્વતા કેમ નથી લાગતી? | ૬૦૯ | ૩૮૮/૪૧૨ |
| ૯૨. "સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે" એટલે શું? | ૬૩૧ | ૪૦૫/૪૨૯ |
| ૯૩. રાગદ્વેષ જાય તો મુક્ત થાય પણ એ રાગદ્વેષ શાથી જાય? (શીતલ-પ્રસાદજીનો પ્રભુશ્રીજીને પ્રશ્ન) | ૬૪૦ | ૪૦૫/૪૩૦ |
| ૯૪. શું (કરવાનું) રહી ગયું? | ૬૫૧ | ૪૧૦/૪૩૮ |
| ૯૫. અધ્યાસ એટલે શું? | ૬૫૧ | ૪૧૧/૪૩૯ |
| ૯૬. કૃપાળુદેવનો કુળધર્મ કયો હતો? | ૬૮૦ | ૪૫૧/૪૬૩ |
| ૯૭. ક્ષાયિક સમકિત પણ આ કાળમાં ન હોય? | ૬૯૧ | ૪૫૪/૪૬૮ |
| ૯૮. ભાવના કેવી કરવી? | ૬૯૨ | ૪૫૬/૪૬૯ |
| ૯૯. પુરૂષાર્થ શું? | ૬૯૬ | ૪૫૯/૪૭૨ |
| ૧૦૦. વૈજનાથ કોણ હતા? | ૭૦૭ | ૪૬૫/૪૭૮ |
| ૧૦૧. 'આત્મા નિત્ય છે' એમ શાથી કહેવાય? | ૭૧૦ | ૪૬૮/૪૮૨ |
| ૧૦૨. અવગાહવું એટલે શું? | ૭૧૯ | ૪૭૧/૪૮૬ |
| ૧૦૩. આત્મસિદ્ધિ તો બોલીએ છીએ, પણ જ્ઞાન કેમ પરિણમતું નથી? | ૭૧૯ | ૪૭૩/૪૮૭ |
| ૧૦૪. ડુંગરશીભાઈને સમકિત થયેલું કે નહીં? | ૭૪૧ | ૪૭૫/૪૯૧ |
| ૧૦૫. આપણે શું કરવાનું છે? | ૭૬૬ | ૪૮૨/૫૦૦ |
| ૧૦૬. અનુકંપા એટલે શું? | ૭૬૬ | ૪૯૭/૫૦૦ |
| ૧૦૭. સર્વ દ્રવ્યથી અસંગપણું એટલે શું? | ૭૭૯ | ૫૦૩/૫૦૩ |
| ૧૦૮. ક્ષેત્રથી અને કાળથી અસંગપણું એટલે શું? | ૭૭૯ | ૫૦૩/૫૦૩ |
| ૧૦૯. અસ્થિમિંજા એટલે શું? | ૭૮૧ | ૫૨૨/૫૧૫ |
| ૧૧૦. મારા જેવો આરંભ-પરિગ્રહ ત્યાગ કરી નવરો બેઠો હોય, એને આરંભ-પરિગ્રહ ત્યાગ કર્યો કહેવાય નહીં? | ૭૮૩ | ૫૨૬/૫૧૮ |
| ૧૧૧. નિષ્કામ ભક્તિ એટલે શું? | ૮૦૯ | ૫૩૦/૫૨૨ |
| ૧૧૨. સત્શ્રુત એટલે શું? | ૮૨૬ | ૫૩૪/૫૨૯ |
| ૧૧૩. ઉતાપની નિવૃત્તિ કેમ થાય? | ૮૨૭ | ૫૩૪/૫૩૧ |
| ૧૧૪. 'ઉપદેશછાયા'માં છે કે.... "ધર્મકથા કેટલા પ્રકારે? ચાર પ્રકારે. (૧) આક્ષેપણી (૨) વિક્ષેપણી (૩) નિર્વેદણી (૪) સંવેગણી. એટલે શું?" | ૯૫૭/૨ | ૫૬૪/૫૬૮ |
| ૧૧૫. સમ્યગ્દર્શન ક્યારે થાય? | ૯૫૭/૬ | ૫૭૪/૫૭૫ |
| ૧૧૬. પાંચ ઇન્દ્રિયો વશ કેમ થાય? | ૯૫૭/૬<br>૯૫૭/૬ | ૫૭૪/૫૭૫<br>૫૭૭/૫૭૮ |
| ૧૧૭. તુચ્છ આહાર એટલે શું? | ૯૫૭/૬ | ૫૭૯/૫૭૯ |

(ખ) મુમુક્ષુએ પૂછેલા પ્રશ્નો


| ક્રમ | વ.આંક | પૃષ્ઠ/આંક |
|---|---|---|
| ૧૧૮. તો (જીવે) શું દેહને દુઃખી કરવો ?.. | ૯૫૭/૬ | ૫૭૯/૫૭૯ |
| ૧૧૯. (પ્રભુશ્રીજીને મુમુક્ષુએ પ્રશ્ન પૂછ્યો) આ અહીં બધા બેઠા છે, તેમનું કલ્યાણ થશે ને ?................. | ૯૫૭/૮ | ૫૮૩/૫૮૨ |
| ૧૨૦. વેદાંતમાં કોઈ જ્ઞાની થયા છે ?..... | ૯૫૭/૧૧ | ૫૯૨/૫૮૯ |
| ૧૨૧. આ આત્મા છે, આ આત્મા છે, એમ જો કરે તો આત્મદૃષ્ટિ કહેવાય ?.... | ૯૫૭/૧૧ | ૫૯૨/૫૮૯ |
| ૧૨૨. કર્મ તો જડ વસ્તુ છે, તે આત્માને કેમ ઢીલો પાડે ?.................... | ૯૫૮/૧ | ૬૦૦/૬૦૧ |
| ૧૨૩. (જીવે) શું સમજવાનું છે ?.......... | ૯૫૮/૧ | ૬૦૦/૬૦૧ |
| ૧૨૪. આ બધું દેવોનું વર્ણન કર્યું, તે શા માટે ?....................... | ૯૫૮/૧ | ૬૦૧/૬૦૨ |
| ૧૨૫. પરમાણુ જેવી સૂક્ષ્મ વસ્તુનું, ધર્માસ્તિકાયનું, કર્મગ્રંથિનું જે વર્ણન કર્યું છે તેનું શું કારણ છે ?............ | ૯૫૮/૧ | ૬૦૩/૬૦૨ |
| ૧૨૬. જ્ઞાનચેતના, કર્મચેતના અને કર્મફળચેતના એટલે શું ?.......... | ૯૫૯/૨ | ૬૦૪/૬૦૪ |
| ૧૨૭. ત્યાં (અલોકાકાશમાં) કોઈ આત્મા જઈ શકે એવી શક્તિ ન હોય ? [હાથનોંધ-૧/૭]..................... | ૯૬૦ | ૬૦૬/૬૦૬ |
| ૧૨૮. મોહદયા એટલે શું ? [હાથનોંધ-૨/૧૯]. | ૯૬૦ | ૬૦૯/૬૧૩ |


## પ્રશ્નોત્તર વિભાગ

(ગ) શ્રી સોભાગભાઈએ પરમકૃપાળુદેવને પૂછેલા પ્રશ્નો


| ક્રમ | વ.આંક | પૃષ્ઠ/આંક |
|---|---|---|
| ૧. શાને દુઃષમકાળ કહેવાય ?............... | ૪૨૨ | ૧૯૦/૨૬૩ |
| ૨. આ કાળ દુઃષમ કેમ છે ?................. | ૪૩૩ | ૨૦૪/૨૭૨ |
| ૩. મોક્ષમાં બધા જીવો એકરૂપ થઈ જતા હશે ? | ૫૨૩ | ૩૦૧/૩૪૮ |
| ૪. સમયે સમયે ઘણા જીવો મોક્ષે જાય છે. તો એ બધા સંસારમાંથી ખૂટી પડશે, સંસાર બધો નાશ તો નહીં થાય ?........ | ૫૭૧ | ૩૬૨/૩૯૦ |
| ૫. જાતિસ્મરણજ્ઞાન થાય તેને પાછલો ભવ કેવી રીતે દેખાય ?.................. | ૬૨૯ | ૪૦૧/૪૨૭ |
| ૬. ક્ષણેક્ષણે મરણ થાય છે, તે કેમ સમજવું ?................................. | ૬૨૯ | ૪૦૨/૪૨૭ |
| ૭. કેવળજ્ઞાનમાં ત્રણે કાળના પદાર્થ એક સાથે જણાય છે. તો તે વર્તમાનની પેઠે ભૂત-ભાવિ દેખાય છે કે બીજી રીતે દેખાય છે ?......................... | ૬૨૯ | ૪૦૨/૪૨૭ |
| ૮. આત્મા આખા શરીરમાં વ્યાપેલો છે, છતાં આંખથી જ જુએ છે, પણ આંખથી સાંભળે નહીં. એ આત્મા તો શરીરપ્રમાણ છે, તો અમુક જગ્યાએથી જ જોવાય, સંભળાય છે એનું શું કારણ હશે ?...... | ૬૩૦ | ૪૦૩/૪૨૮ |
| ૯. ગુમડું થયું હોય તો જીવનો ઉપયોગ ત્યાં જ રહે છે, તો જીવના બધા પ્રદેશ ત્યાં ખેંચાતા હશે ?........................... | ૬૩૦ | ૪૦૪/૪૨૮ |
| ૧૦. નિરાવરણજ્ઞાન એટલે શું ?............ | ૬૭૪ | ૪૨૩/૪૪૭ |
| ૧૧. જેમ જગતવાસી જીવો મનુષ્ય, ઢોર વગેરેને જાણે છે, તેમ જ્ઞાની પણ જાણે છે. તેમ રાગદ્વેષ રહિત છે કે નહીં, તે કેમ ન જાણે ? અજ્ઞાની જીવો જ્ઞાનીને કેમ ન ઓળખે ?.............. | ૬૭૪ | ૪૨૪/૪૪૭ |


## પ્રશ્નોત્તર વિભાગ

(ઘ) પ.પૂ. પ્રભુશ્રીજીએ પૂછેલા પ્રશ્નો


| ક્રમ | વ.આંક | પૃષ્ઠ/આંક |
|---|---|---|
| ૧. 'સ્વચ્છંદ અને પ્રતિબંધ' એટલે શું ?.................................................... | ૬૧૯ | ૩૯૬/૪૧૯ |
| ૨. 'તારું શું ?'................................................................................ | ૬૫૧ | ૪૧૬/૪૪૧ |
| ૩. સમ્યક્દૃષ્ટિ જીવ ભક્તિ શા માટે કરે છે ?............................................ | ૭૦૨ | ૪૬૨/૪૭૫ |

## શબ્દોના ભાવાર્થ

| | પૃષ્ઠ | આંક | પંક્તિ (આંકમાં) |
|---|---|---|---|
| અક્ષેપક જ્ઞાન=(૧) વિક્ષેપ રહિતજ્ઞાન, (૨) સ્થિરજ્ઞાન | ૧૭૨ | ૨૪૨ | ૧૦ |
| અજ્ઞાન='દેહ તે હું' એમ માનવું | ૫૭૧ | ૫૭૪ | ૩ |
| અધિષ્ઠાન=આધાર | ૯૮ | ૧૩૬ | ૨ |
| અનઅવસર આર્ત્તધ્યાન=કામ કરવાનો અવસર આવ્યા પહેલાં તેના વિચાર કરવા તે | ૯૮ | ૧૩૪ | ૭ |
| અનંતાનુબંધી કષાય=જેથી અનંતસંસાર વધે તે | ૫૯૮ | ૫૯૯ | ૮ |
| અનુપ્રેક્ષા=(૧) પરિણામ પામવું, (૨) ભાવ આવી ખસે નહીં તે | ૩૧૦ | ૩૫૬ | ૨૦ |
| અપૂર્વજ્ઞાન=(૧) કોઈકાળે જ્ઞાન નથી થયું તે | ૨૮૯ | ૩૪૦ | ૬ |
| (૨) સમ્યક્જ્ઞાન | ૨૯૨ | ૩૪૨ | ૨૮ |
| અભાવ=ક્ષય | ૪૨૪ | ૪૪૭ | ૩ |
| અભ્યંતર કુટુંબ=ક્રોધ, માન, માયા, લોભ તથા નવ નોકષાય | ૧૨ | ૧૦ | ૨૧ |
| અસત્સંગ=(૧) ક્રોધાદિ ચાર કષાય છે તે. (૨) જ્ઞાનીની આજ્ઞામાં વિઘ્ન કરનારા છે તે | ૮૬ | ૧૧૯ | ૧૭ |
| અસંગ=બીજા દ્રવ્યોથી જુદો, ભિન્ન | ૩૬૫ | ૩૯૨ | ૪ |
| અસંગતા=સહજ, કર્મરહિત | ૩૭૨ | ૩૯૯ | ૩ |
| અસ્તિત્વ=હોવાપણું | ૯૩ | ૧૨૯ | ૨ |
| આગ્રહ=પકડ | ૫૮૬ | ૫૮૬ | ૧૪ |
| આરંભ=પાપનું કામ કરવું તે | ૩૬૫ | ૩૯૧ | ૧૧ |
| આર્ત્તધ્યાન=વસ્તુની ઇચ્છા | ૪૯૮ | ૫૦૦ | ૨૫ |
| આત્મજોગ=આત્મા પ્રગટ થાય એવી સામગ્રી મળવી | ૩૪૨ | ૩૮૧ | ૧ |
| આત્મવાદ=આત્માને જાણનાર | ૨૧૫ | ૨૮૭ | ૫ |
| આત્મસિદ્ધિ=આત્માની સિદ્ધિ એટલે સાબિતી | ૪૭૧ | ૪૮૬ | ૪ |
| ઉત્તમજ્ઞાન=કેવળજ્ઞાન | ૪૫ | ૬૭ | ૧૩ |
| ઉપરાંઠા=વિમુખ થવું | ૧૦ | ૯ | ૩ |
| ઉપશમ=અમુક વખત કષાયના ઉદયમાં તણાય નહીં તે | ૨૬૪ | ૩૨૩ | ૨૧ |
| ઉપશમભાવ=વીતરાગભાવ | ૧૩ | ૧૦ | ૧૧ |
| એકાંતસુખ=સર્વથા સુખ, દુઃખ હોય જ નહીં | ૧૦૬ | ૧૫૨ | ૬ |
| કદાગ્રહ=(૧) જ્ઞાનીનું કહેલું માને નહીં તે | ૫૮૩ | ૫૮૪ | ૧ |
| (૨) પાંચ ઇન્દ્રિયોનાં વિષયોની ઇચ્છા, માન વગેરે | ૫૮૬ | ૫૮૬ | ૧૫ |
| કલ્પિત=નાશવંત (વસ્તુ) | ૩૬૯ | ૩૯૫ | ૨ |
| કોમળતા=માનનો અભાવ | ૫૬૦ | ૫૬૫ | ૧૨ |
| ખરો ધર્મ=અંતર્ત્યાગ કરવો તે | ૨૩ | ૨૩ | ૬ |
| ગુણસ્થ=ભગવાનના ગુણોમાં વૃત્તિ ટકાવવી | ૧૩ | ૧૦ | ૧૪ |
| ચરણ=(૧) પાસે, (૨) ચારિત્ર, (૩) આજ્ઞા | ૭૬ | ૧૦૮ | ૧૧ |
| ચરણસેવા=આત્મગુણ પ્રગટાવવા | ૩૭૮ | ૪૦૫ | ૫ |
| ચારિત્ર=મન, વચન, કાયાની પ્રવૃત્તિ અટકે તે | ૪૯૮ | ૫૦૦ | ૨ |
| ચારિત્રધર્મ=સ્વરૂપરમણતા | ૩૭૨ | ૩૯૯ | ૧ |
| ચિત્તવૃત્તિ=ચિત્તનું પ્રવર્તન | ૪૩૩ | ૪૫૩ | ૩ |
| ચૂર્ણી=બહુ વિસ્તારપૂર્વક ટીકા | ૫૬૧ | ૫૬૬ | ૧ |
| જીવનમુક્ત=જીવતાં છતાં મુક્ત | ૭૬ | ૧૦૮ | ૨૭ |

| શબ્દોના ભાવાર્થ | પૃષ્ઠ | આંક | પંક્તિ (આંકમાં) |
|---|---|---|---|
| જ્ઞાનવાર્તા=આત્મા સંબંધી વાતો | ૨૯૪ | ૩૪૬ | ૪ |
| તાદાત્મ્ય અધ્યાસ=દેહને જ આત્મા માનવો તે | ૧૨૫ | ૧૬૩ | ૧૯ |
| તીવ્ર જ્ઞાનદશા=કેવળજ્ઞાન | ૩૬૩ | ૩૯૧ | ૭ |
| દમન=ઇન્દ્રિયોને વિષયમાં જતી રોકવી તે | ૧૪ | ૧૩ | ૧૯ |
| દયા=અભયદાન | ૧૬ | ૧૭ | ૪ |
| દુરાગ્રહ=ખોટો આગ્રહ | ૫૮૬ | ૫૮૬ | ૨૫ |
| દ્રવ્યદયા=કોઈ જીવને દુભવવો નહીં તે | ૨૦૧ | ૨૭૦ | ૧૭ |
| ધર્મ=આત્માને ઓળખી આત્મામાં રહેવું તે | ૪૦ | ૫૪ | ૨ |
| ધ્યાન=આત્મા સ્થિર થાય તે | ૪૯૮ | ૫૦૦ | ૪ |
| નિર્જરા=ઇચ્છાને રોધવી તે | ૪૯૮ | ૫૦૦ | ૨૬ |
| નિર્પક્ષ=મતમતાંતરમાં ન તણાય તે | ૧૪૩ | ૧૮૯ | ૨ |
| પરિગ્રહ=આરંભ કરી વસ્તુ મેળવવી તે | ૩૬૫ | ૩૯૧ | ૧૨ |
| પરિતોષ=સંતોષ,તૃપ્તિ | ૧૬૪ | ૨૩૦ | ૧૧ |
| પવિત્રતા=(પોતાના)દોષો દેખીને ટાળવા | ૭ | ૫ | ૧૦ |
| પ્રમત્તભાવ=પરવસ્તુમાં વૃત્તિ જવી | ૩૯ | ૫૨ | ૧૦ |
| પ્રમાદ=આત્મસ્વરૂપથી ચૂકવું | ૫૭૧ | ૫૭૪ | ૩ |
| ફેલપણું=ડોળ કરવો તે | ૯ | ૭ | ૬ |
| બૂઝો=સમજો | ૨૫૭ | ૩૨૧ | ૨ |
| બોધજ્ઞાન=સમ્યક્જ્ઞાન | ૨૫૨ | ૩૧૩ | ૯ |
| ભક્તિ=મહાપુરુષોના ગુણોનું ચિંતવન | ૯૧ | ૧૨૭ | ૩ |
| ભવેખેદ=વૈરાગ્યભાવ રાખવો | ૧૬૭ | ૨૩૨ | ૪ |
| ભાવદયા=જન્મમરણથી છૂટી મોક્ષ થાય એવી ભાવના તે | ૨૦૧ | ૨૭૦ | ૧૮ |
| ભાવદેવું=કર્મ | ૧૩ | ૧૦ | ૨૭ |
| ભાવનિદ્રા=આત્માનું અજ્ઞાન | ૩ | ૩ | ૬ |
| મધ્યસ્થતા=પક્ષપાત રહિત બુદ્ધિ | ૬૧૨ | ૬૧૪ | ૨૩ |
| માર્ગાનુસારી=મોક્ષમાર્ગને અનુસરવાની બુદ્ધિ જેની છે તે | ૭૩ | ૧૦૭ | ૧ |
| મુનિ=જાણનાર | ૩૪૦ | ૩૮૧ | ૧૬ |
| મૂળજ્ઞાન=સમ્યક્જ્ઞાન | ૬૨૧ | ૬૧૪ | ૨૭ |
| મૌન=મુનિપણું, જાણવું | ૪૧૬ | ૪૪૧ | ૨૨ |
| મૌનદશા=જ્ઞાનદશા | ૫૦૭ | ૫૦૫ | ૬ |
| મૌનપણું=વિકલ્પોને રોકવા તે | ૨૫૨ | ૩૧૩ | ૫ |
| યથાર્થબોધ=આત્મબોધ | ૬૧૭ | ૬૧૪ | ૬ |
| યોગી=મોક્ષમાર્ગને સાધનાર | ૬૦૭ | ૬૦૮ | ૧૮ |
| રહેણી=ચારિત્ર | ૧૩ | ૧૦ | ૧૮ |
| લક્ષણ=જેથી વસ્તુ ઓળખાય તે | ૨૧૫ | ૨૮૭ | ૭ |
| લઘુતા=(૧) માન ન કરવું તે, મોટા ન ગણાવવું. (૨) પરિગ્રહના ભારને ઓછો કરવો | ૧૧૧ | ૧૫૪ | ૬ |
| વિતિગિચ્છા=ધર્મ પ્રત્યે પ્રેમ ન થાય તે | ૧૨ | ૧૦ | ૧૪ |
| વિવેક=સાચાને સાચું અને ખોટાને ખોટું જાણે તે | ૫૮૩ | ૫૮૩ | ૫ |

## શબ્દોના ભાવાર્થ

| | પૃષ્ઠ | આંક | પંક્તિ (આંકમાં) |
|---|---|---|---|
| વૃત્તિ=ભાવ | ૧૪ | ૧૩ | ૧૮ |
| શિષ્ય=જ્ઞાનીની શિખામણ પ્રમાણે વર્તવાનો લક્ષ રાખતો હોય તે | ૮૮ | ૧૨૧ | ૬ |
| શીલ=આત્માનું સ્વભાવમાં રહેવું તે | ૯ | ૬ | ૮ |
| શ્રાવક=જેને મુનિ થવાની ભાવના છે તે | ૫૮૦ | ૫૮૦ | ૭ |
| શ્રુત=જ્ઞાની પાસેથી સાંભળ્યું હોય તે | ૧૭૫ | ૨૪૪ | ૧૮ |
| શ્રુતકેવળી=શ્રુતજ્ઞાન પુરું જાણે તે | ૨૯૭ | ૩૪૬ | ૧૫ |
| શ્રુતજ્ઞાન=જ્ઞાની પાસેથી સાંભળેલો,કલ્યાણ થાય એવો ધર્મ | ૧૭૨ | ૨૪૨ | ૧૨ |
| સજ્જનસંગ=સત્સંગ | ૧૫ | ૧૩ | ૭ |
| સત્=હોવું, જે હંમેશા રહે તે | ૯૩ | ૧૨૯ | ૮ |
| સત્સાધન=જ્ઞાનીની આજ્ઞાનું આરાધન | ૨૯૦ | ૩૪૧ | ૧ |
| સત્સંગ=જેને છૂટવું છે, તેવાનો સંગ કરવો તે | ૧૦૪ | ૧૪૯ | ૧૨ |
| સદ્ગુરુ=જે આત્માથી આપણા આત્માનું ભાન થાય તે | ૧૯ | ૧૯ | ૪ |
| સમાધિ=આત્મામાં સ્થિરતા થવી તે | ૨૦૧ | ૨૭૦ | ૧૦ |
| સમીપમુક્તિગામી=કર્મથી અલ્પકાળમાં છૂટનારા | ૨૬૭ | ૩૨૩ | ૭ |
| સમ્યક્ત્વ=શુદ્ધ સ્વરૂપની તથારૂપ પ્રતીતિ | ૪૬૮ | ૪૮૧ | ૧૮ |
| સરળતા=માયાકપટ રહિત | ૬૧૨ | ૬૧૪ | ૨૫ |
| સહજાત્મસ્વરૂપ=વિભાવથી રહિત એવું જે સહજસ્વરૂપ છે તે | ૬૦૮ | ૬૦૮ | ૪ |
| સંવર=ઇચ્છાને રોકવી | ૨૫ | ૨૭ | ૧ |
| સંસારમળ=રાગદ્વેષ અને અજ્ઞાન | ૫ | ૩ | ૧ |
| સ્વાધ્યાય=આત્માનો લક્ષ થવા અર્થે જે શીખવું, ભણવું, વિચારવું તે | ૨૬૫ | ૩૨૩ | ૨૦ |
| સચ્ચિદાનંદ=સત્+ચિત્+આનંદ<br>સત્=હોવારૂપ<br>ચિત્=ચૈતન્ય<br>આનંદ=આત્મિક સુખવાળા | ૪૬૭ | ૪૮૧ | ૧ |

## વિશેષ નામ


પૃષ્ઠ/આંક

અનાથી મુનિ ૮/૬, ૨૪/૨૭, ૬૭/૯૮, ૧૨૭/૧૬૩, ૫૨૯/૫૨૦, ૫૭૧/૫૭૩, ૬૦૦/૬૦૧, ૬૦૪/૬૦૨.
અનુપચંદભાઈ ૪૬૫/૪૭૭.
અભયકુમાર ૪૩૮/૪૫૬, ૪૩૯/૪૫૬, ૫૫૯/૫૬૫.
અયમંતકુમાર ૧૮/૧૮.
અભિમન્યુ ૪૩૨/૪૫૧.
અષ્ટાવક્ર ૧૩૮/૧૭૯.
આનંદઘનજી મહારાજ ૨૦૭/૨૭૫, ૨૨૭/૨૯૬, ૪૪૪/૪૫૯, ૬૦૮/૬૦૯.
આનંદ શ્રાવક ૧૧૦/૧૫૪, ૪૧૮/૪૪૨, ૪૧૯/૪૪૨, ૪૨૭/૪૪૮, ૪૩૯/૪૫૬.
અંજનચોર ૨૦૬/૨૭૫, ૨૩૪/૨૯૯, ૩૧૭/૩૬૪.
અંબાલાલ ૨૬/૩૨, ૭૫/૧૦૭, ૧૧૪/૧૫૫, ૧૧૯/૧૬૦, ૧૪૩/૧૮૯, ૧૬૯/૨૩૯, ૨૬૦/૩૨૨, ૩૧૯/૩૬૭, ૩૭૫/૪૦૩, ૪૫૫/૪૬૮, ૪૫૭/૪૭૦, ૪૬૯/૪૮૪, ૫૦૫/૫૦૫, ૫૧૫/૫૧૨, ૫૨૧/૫૧૫, ૬૦૫/૬૦૫.
ઈસુ ખ્રિસ્ત ૪૨૯/૪૪૯.
ઉગરીબેન ૧૧૬/૧૫૮.
ઋષભદેવ ભગવાન ૧૯/૨૦, ૪૯/૭૩, ૮૦/૧૧૩, ૮૨/૧૧૪, ૧૨૨/૧૬૧, ૧૪૫/૧૯૩, ૧૭૮/૨૪૭, ૧૯૩/૨૬૭, ૧૯૫/૨૬૮, ૨૦૦/૨૭૦, ૨૦૧/૨૭૦, ૨૭૩/૩૨૭, ૨૮૬/૩૩૯, ૩૨૯/૩૭૩, ૩૭૩/૪૦૧, ૪૫૭/૪૭૦, ૪૬૩/૪૭૫, ૫૦૮/૫૦૮, ૬૦૧/૬૦૧.
કપિલમુનિ ૨૮/૩૭.
કબીર ૪૪૦/૪૫૬.
કમઠ ૩૬/૪૯, ૧૧૧/૧૫૪, ૪૭૪/ ૪૯૦.
કામદેવ શ્રાવક ૨૩/૨૩, ૨૫/૨૯.
કુમારપાળ ૨૩૯/૩૦૩.
કુંડરીક ૪૩૪/૪૫૩,૪૩૫/૪૫૩.
કુંતાજી/કુંતી ૧૦૦/૧૩૭.
કુંદકુંદાચાર્ય ૨૯૫/૩૪૬, ૫૦૧/૫૦૦.
કૂર્માપુત્ર ૩૧૭/૩૬૪.
કૃષ્ણ/મહાત્મા કૃષ્ણ (વાસુદેવ) ૯૯/૧૩૭, ૧૦૦/૧૩૭, ૧૦૧/૧૩૮, ૨૨૬/૨૯૫, ૩૦૬/૩૫૧, ૩૧૧/૩૫૮, ૪૫૯/૪૭૩, ૪૬૦/૪૭૩, ૬૨૧/૬૧૪.
કેશીસ્વામી ૫૭૬/૫૭૬.
ખીમજીભાઈ ૧૧૭/૧૫૯, ૧૨૩/૧૬૧.
ખુશાલભાઈ ૪૫૭/૪૭૦.
ગજસુકુમાર ૮/૬, ૨૭/૩૪, ૧૯૩/૨૬૬, ૨૨૪/૨૯૩, ૨૪૧/૩૦૪, ૨૫૯/૩૨૨, ૨૭૩/૩૨૭, ૩૨૮/૩૭૩, ૪૦૪/૪૨૮, ૪૭૫/૪૯૦, ૫૩૭/૫૩૩, ૬૧૧/૬૧૪, ૬૧૨/૬૧૪.

પૃષ્ઠ/આંક

ગાંધીજી ૪૬/૬૮, ૪૯/૭૩, ૭૦/૧૦૩, ૨૦૧/૨૭૦, ૪૫૧/૪૬૩, ૫૪૦/૫૩૮.
ગોશાળો ૩૯૭/૪૧૯, ૫૮૩/૫૮૨.
ગૌતમસ્વામી ૨૭/૩૫, ૨૮/૩૮, ૫૩/૭૫, ૯૦/૧૨૪, ૧૧૯/૧૬૦, ૧૩૧/૧૬૬, ૧૮૫/૨૫૭, ૨૧૪/૨૮૬, ૨૧૫/૨૮૭, ૨૩૨/૨૯૮, ૨૭૯/૩૩૪, ૨૮૨/૩૩૫, ૨૮૮/૩૪૦, ૩૩૬/૩૭૮, ૩૪૬/૩૮૩, ૩૮૧/૪૧૦, ૪૦૭/૪૩૦, ૪૦૯/૪૩૬, ૪૧૮/૪૪૨, ૪૩૪/૪૫૩, ૪૩૯/૪૫૬, ૪૫૪/૪૬૮, ૫૦૦/૫૦૦, ૫૦૧/૫૦૦, ૫૧૧/૫૦૯, ૫૨૪/૫૧૭, ૫૫૮/૫૬૫, ૫૭૬/૫૭૬, ૫૮૧/૫૮૦, ૬૧૫/૬૧૪.
ચતુરલાલજી મહારાજ ૧૭૦/૨૩૯, ૪૪૭/૪૬૧, ૫૧૫/૫૧૨.
ચિલાતી પુત્ર ૧૫૩/૨૧૫, ૩૮૧/૪૧૦.
ચિદાનંદજી ૧૫૫/૨૧૯, ૪૪૨/૪૫૭, ૫૧૮/૫૧૪, ૫૬૫/૫૬૯.
ચેલણારાણી ૫૬૪/૫૬૭.
છગનભાઈ ૩૯૬/૪૧૯.
જરાકુમાર ૩૧૧/૩૫૮.
જનકવિદેહી ૧૦૧/૧૩૮, ૧૩૮/૧૭૯, ૩૩૭/૩૭૮, ૩૫૪/૩૮૫, ૩૫૫/૩૮૬, ૫૮૦/૫૮૦.
જંબુસ્વામી ૪૦૧/૪૨૭.
ડુંગરશીભાઈ ૧૪૪/૧૯૩, ૧૪૬/૧૯૪, ૩૭૦/૩૯૬, ૩૭૯/૪૦૭, ૪૦૦/૪૨૫, ૪૦૦/૪૨૬, ૪૪૦/૪૫૬, ૪૪૨/૪૫૭, ૪૪૩/૪૫૮, ૪૪૪/૪૫૮, ૪૫૫/૪૬૮, ૪૫૮/૪૭૧, ૪૭૩/૪૮૮, ૪૭૫/૪૯૧, ૫૦૫/૫૦૫, ૫૯૫/૫૯૫.
ત્રિભોવનભાઈ ૧૪૩/૧૮૯.
ત્રિભુવનભાઈ(વઢવાણવાળા) ૯૬/૧૩૨, ૪૭૫/૪૯૧.
દામાજી પંત ૧૦૧/૧૪૧, ૧૦૨/૧૪૧.
દીપચંદજી મુનિ ૨૦૧/૨૭૦,
દેવકરણ સ્વામી (મુનિ) ૨૩૩/૨૯૯, ૩૪૭/૩૮૩, ૪૭૩/૪૮૭, ૫૪૦/૫૩૭, ૫૪૫/૫૪૩.
દેવચંદ્રજી ૩૭૧/૩૯૯, ૫૦૦/૫૦૦.
દ્રઢપ્રહારી ૯/૭, ૨૯૩/૩૪૨.
દ્રૌપદી ૨૨૬/૨૯૫, ૪૫૯/૪૭૩.
ધનાભદ્ર ૧૩૬/૧૭૪.
ધર્મરાજા (યુધિષ્ઠિર) ૩૩૪/૩૭૬, ૫૯૦/૫૮૮.
ધારશીભાઈ ૧૫૪/૨૧૮.

## વિશેષ નામ

પૃષ્ઠ/આંક

નમિરાજા ૫૦૯/૫૦૮.
નરસિંહ મહેતા ૧૦૧/૧૪૧, ૧૦૨/૧૪૨, ૧૬૭/૨૩૪, ૨૦૪/૨૭૧.
નંદિષેણ મુનિ ૨૬/૩૧.
નારદજી ૧૩૧/૧૬૮.
નીરાંતકોળી ૫૨૩/૫૧૭.
નેમિનાથ ભગવાન ૨૪૧/૩૦૪, ૩૧૧/૩૫૮, ૩૨૭/૩૭૩, ૪૧૯/૪૪૩, ૪૭૫/૪૯૦, ૫૩૭/૫૩૩.
પદ્મનંદી મુનિ ૧૨૩/૧૬૧.
પાર્શ્વનાથ સ્વામી ૩૬/૪૯, ૧૧૧/૧૫૪, ૪૭૪/૪૯૦, ૫૩૬/૫૩૩.
પુષ્પડાલ ૫૬૪/૫૬૭.
પુંડરિક ૪૩૪/૪૫૩.
પુંડરિક ગણધર ૧૪૫/૧૯૩.
પૂણિયો શ્રાવક ૩૬/૪૮.
પૂંજાભાઈ ૭૦/૧૦૩.
પ્રસન્નચંદ્ર રાજર્ષિ ૬૧૨/૬૧૪.
પ્રીતિંકર શેઠ ૩૨૯/૩૭૩.
બનારસીદાસ ૧૭૯/૨૪૮, ૨૯૫/૩૪૬, ૨૯૬/૩૪૬, ૩૯૫/૪૧૭, ૬૦૬/૬૦૬.
બળદેવમુનિ/બળદેવ ૧૪૮/૨૦૦, ૩૧૧/૩૫૮.
બાહુબલિજી ૧૯/૨૦, ૨૦/૨૧, ૧૨૨/૧૬૦, ૧૪૫/૧૯૩, ૧૪૬/૧૯૩, ૨૪૩/૩૦૭, ૪૨૭/૪૪૮, ૫૯૨/૫૯૦.
બ્રાહ્મી ૧૯/૨૦.
ભગવાનભાઈ ૩૯૬/૪૧૯.
ભરત ચક્રવર્તી ૧૪૫/૧૯૩, ૧૪૬/૧૯૩, ૧૯૮/૨૬૮, ૨૩૦/૨૯૮, ૩૩૭/૩૭૮, ૩૪૮/૩૮૩, ૩૫૩/૩૮૫, ૩૫૫/૩૮૬, ૩૬૮/૩૯૨, ૪૧૮/૪૪૨, ૪૨૫/૪૪૭, ૪૫૭/૪૭૦, ૪૮૨/૫૦૦, ૫૧૨/૫૦૯, ૫૭૪/૫૭૫, ૬૦૪/૬૦૩.
ભર્તૃહરિ ૫૨૨/૫૧૬,૫૨૩/૫૧૬.
ભીમ ૨૨૬/૨૯૫.
મહાવીર સ્વામી-વર્ધમાન સ્વામી ૧૧/૧૦, ૧૩/૧૦, ૨૭/૩૫, ૨૮/૩૬, ૨૮/૩૮, ૩૨/૪૪, ૩૭/૪૯, ૩૮/૫૧, ૪૭/૬૮, ૫૩/૭૫, ૬૩/૯૪, ૬૭/૯૮, ૯૩/૧૨૯, ૯૪/૧૨૯, ૧૧૯/૧૬૦, ૧૩૧/૧૬૬, ૧૯૬/૨૬૮, ૨૧૪/૨૮૬, ૨૧૫/૨૮૭, ૨૭૫/૩૨૯, ૨૭૯/૩૩૪, ૩૦૨/૩૫૦, ૩૦૩/૩૫૦, ૩૦૫/૩૫૧, ૩૩૬/૩૭૮, ૩૮૧/૪૧૦, ૩૯૫/૪૧૭, ૩૯૭/ ૪૧૯, ૪૦૯/૪૩૬, ૪૨૭/૪૪૮, ૪૩૫/૪૫૩, ૪૩૬/૪૫૩, ૪૪૫/૪૬૦, ૪૪૬/૪૬૧, ૪૪૭/૪૬૧, ૪૪૮/૪૬૨, ૪૪૯/૪૬૨, ૪૫૦/૪૬૩, ૪૫૯/૪૭૨, ૪૬૧/૪૭૩, ૪૭૪/૪૮૯, ૪૮૫/૫૦૦, ૪૯૪/૫૦૦, ૫૦૦/૫૦૦, ૫૧૧/૫૦૯, ૫૧૪/૫૧૦, ૫૩૧/૫૨૪, ૫૩૮/૫૩૪, ૫૩૯/૫૩૫, ૫૬૨/૫૬૬, ૫૬૪/૫૬૭, ૫૭૧/૫૭૩, ૫૯૪/૫૯૫, ૫૯૯/૫૯૯, ૬૦૦/૬૦૧, ૬૦૪/૬૦૨, ૬૦૬/૬૦૬, ૬૦૮/૬૦૯, ૬૧૫/૬૧૪, ૬૨૪/૬૧૪.

પૃષ્ઠ/આંક

મણીલાલ બોટાદવાળા ૪૫૨/૪૬૬, ૫૧૧/૫૦૯, ૫૧૨/૫૦૯.
મણીલાલ (સોભાગભાઈના પુત્ર) ૮૯/૧૨૨.
મનક ૪૭૧/૪૮૬.
મમ્મણ શેઠ ૫૮૩/૫૮૩.
મરિચિ ૨૭૯/૩૩૪.
મરુદેવામાતા ૧૯૦/૨૬૩.
મહાદેવ ૨૩૯/૩૦૨, ૫૯૧/૫૮૯.
મંદોદરી ૪૯૮/૫૦૦, ૫૮૦/૫૮૦.
માણેકલાલ ઘેલાભાઈ (માકુભાઈ) ૩૦૨/૩૫૦, ૪૬૯/૪૮૪.
માષતુષ (મા રુષ, મા તુષ) મુનિ ૧૩૦/૧૬૬, ૫૨૧/૫૧૫, ૫૩૮/૫૩૪, ૫૬૯/૫૭૩, ૫૯૩/૫૯૨.
માયાદેવી ૧૩૭/૧૭૭.
મીરાંબાઈ ૨૦૪/૨૭૧.
મુનિ મોહનલાલજી ૪૭૧/૪૮૬, ૪૭૨/૪૮૭, ૫૬૫/૫૬૯.
મૃગાપુત્ર ૪૦૮/૪૩૩.
મેઘકુમાર ૫૮૯/૫૮૮.
મોતીલાલ ૧૬૯/૨૩૯.
યશોવિજયજી ૪૪/૬૨, ૨૦૭/૨૭૫, ૩૨૯/૩૭૩, ૩૭૯/૪૦૭, ૫૦૭/૫૦૫, ૫૨૦/૫૧૪.
યુધિષ્ઠિર-જુઓ ધર્મરાજા.
રત્નાકર મુનિ ૫૫૮/૫૬૫.
રણછોડભાઈ ૧૩૮/૧૭૯.
રવજીભાઈ ૩૦૭/૩૫૪, ૩૨૪/૩૬૯.
રામ-જુઓ શ્રી રામ.
રામદાસ સ્વામી ૪૬૫/૪૭૭.
રામદાસજી મહારાજ ૪૫૧/૪૬૩.
રાવણ ૪૯૮/૫૦૦, ૫૮૦/૫૮૦.
રુક્મિણી ૬૩/૯૪.
રેવાશંકરભાઈ ૧૧૭/૧૫૯.
લહેરાભાઈ ૪૫૮/૪૭૧.
વસિષ્ઠઋષિ ૫૮૧/૫૮૦, ૫૯૫/૫૯૫.
વસુદેવ ૨૬/૩૧.
વારિષેણ ૫૬૪/૫૬૭.

## વિશેષ નામ


પૃષ્ઠ/આંક

વાસુદેવ (શ્રીકૃષ્ણ) ૯૯/૧૩૭, ૧૦૦/૧૩૮.
વિવેકાનંદ ૨૭૪/૩૨૭.
વિષ્ણુકુમાર મુનિ ૪૫૫/૪૬૮.
વીરસેન ભટ્ટારક ૬૨૪/૬૧૪.
વૃંદાવન ૪૫૨/૪૬૪.
વૈજનાથ ૯૬/૧૩૧, ૪૬૫/૪૭૮, ૪૬૬/૪૭૮.
વ્યાસજી ૧૩૧/૧૬૮.
શય્યંભવ આચાર્ય ૪૭૧/૪૮૬.
શંકરાચાર્ય ૨૯૬/૩૪૬.
શાલિભદ્ર ૧૩૬/૧૭૪.
શાંતિનાથ ભગવાન ૧૭/૧૭, ૪૯૮/૫૦૦, ૫૮૦/૫૮૦.
શાંતિસાગર મુનિ ૩૦૨/૩૪૯.
શીતલપ્રસાદજી ૪૦૫/૪૩૦.
શીતળદાસ ૧૧૪/૧૫૫.
શીલાંગાચાર્ય ૨૧૫/૨૮૭.
શુભચંદ્ર ૫૨૨/૫૧૬, ૫૨૩/૫૧૬.
શ્રીપાળ રાજા ૨૭૩/૩૨૭.
શ્રી રામ ૧૪૭/૧૯૭, ૧૪૭/૧૯૮, ૧૬૨/૨૨૯, ૧૭૪/૨૪૩, ૧૭૮/૨૪૭, ૨૨૪/૨૯૨, ૩૧૧/૩૫૯, ૪૯૮/૫૦૧, ૫૮૦/૫૮૦, ૫૮૧/૫૮૦, ૫૯૫/૫૯૫, ૫૯૭/૫૯૮.
શ્રેણિક રાજા ૮/૬, ૨૪/૨૭, ૬૭/૯૮, ૧૨૭/૧૬૩, ૫૨૯/૫૨૦, ૫૬૪/૫૬૭, ૫૭૧/૫૭૩, ૬૦૦/૬૦૧, ૬૦૪/૬૦૩.
સગર ચક્રવર્તી ૬૭/૯૮.
સનત્કુમાર ચક્રવર્તી ૨૪/૨૫, ૨૫૯/૩૨૨, ૨૭૩/૩૨૭, ૩૦૭/૩૫૪.
સહજાનંદસ્વામી ૧૭૮/૨૪૭.
સંગમદેવ ૬૩/૯૪, ૧૯૬/૨૬૮, ૩૮૭/૪૧૨.
સંપ્રતિ રાજા ૫૩૮/૫૩૪.
સીતા ૧૭૪/૨૪૩.
સુદર્શન શેઠ ૨૫/૨૯.

પૃષ્ઠ/આંક

સુભૂમ ચક્રવર્તી ૨૪/૨૫.
સુંદરદાસ ૩૭૪/૪૦૧, ૪૨૧/૪૪૬, ૪૨૨/૪૪૬, ૪૨૩/૪૪૬, ૪૪૦/૪૫૬, ૪૪૬/૪૫૭.
સુંદરી ૧૯/૨૦.
સોભાગભાઈ ૭૮/૧૧૧, ૮૯/૧૨૨, ૧૦૧/૧૩૮, ૧૧૫/૧૫૬, ૧૧૭/૧૫૯, ૧૧૯/૧૬૦, ૧૩૫/૧૭૩, ૧૩૮/૧૭૯, ૧૪૪/૧૯૩, ૧૫૧/૨૧૦, ૧૬૦/૨૨૬, ૧૬૭/૨૩૪, ૧૭૭/૨૪૫, ૧૭૮/૨૪૭, ૧૮૩/૨૫૪, ૧૮૪/૨૫૪, ૧૮૪/૨૫૫, ૧૯૦/૨૬૩, ૧૯૬/૨૬૮, ૨૦૦/૨૭૦, ૨૧૩/૨૮૪, ૨૨૫/૨૯૪, ૨૨૬/૨૯૫, ૨૨૬/૨૯૬, ૨૨૮/૨૯૬, ૨૪૨/૩૦૫, ૨૪૩/૩૦૬, ૨૪૩/૩૦૭, ૨૫૨/૩૧૩, ૨૫૨/૩૧૪, ૨૫૩/૩૧૪, ૨૬૦/૩૨૨, ૨૬૧/૩૨૩, ૯૫/૩૪૬, ૨૯૬/૩૪૬, ૩૦૨/૩૪૮, ૩૦૨/૩૫૦, ૩૧૯/૩૬૭, ૩૨૩/૩૬૯, ૩૨૬/૩૭૨, ૩૨૭/૩૭૩, ૩૬૨/૩૯૦, ૩૭૫/૪૦૩, ૩૭૬/૪૦૪, ૩૭૭/૪૦૪, ૩૯૪/૪૧૭, ૩૯૭/૪૧૯, ૩૯૮/૪૨૦, ૪૦૦/૪૨૫, ૪૦૧/૪૨૭, ૪૦૨/૪૨૭, ૪૦૨/૪૨૮, ૪૦૪/૪૨૮, ૪૦૫/૪૨૯, ૪૦૮/૪૩૪, ૪૨૩/૪૪૭, ૪૪૧/૪૫૭, ૪૫૧/૪૬૩, ૪૫૨/૪૬૬, ૪૫૮/૪૭૧, ૪૬૦/૪૭૩, ૪૬૯/૪૮૪, ૪૭૩/૪૮૮, ૫૦૩/૫૦૪, ૫૦૫/૫૦૫, ૫૦૭/૫૦૫, ૫૦૮/૫૦૮, ૫૧૧/૫૦૯, ૫૧૨/૫૦૯, ૫૧૩/૫૧૦, ૫૧૪/૫૧૧, ૫૧૫/૫૧૨, ૫૧૬/૫૧૨, ૫૧૬/૫૧૪, ૫૧૯/૫૧૫, ૫૨૦/૫૧૫, ૫૧૦/૫૧૫, ૫૨૨/૫૧૬, ૫૨૪/૫૧૭, ૫૨૪/૫૧૮, ૫૨૫/૫૧૮, ૫૨૭/૫૨૦, ૫૯૫/૫૯૫.
સોમલ બ્રાહ્મણ ૬૧૧/૬૧૪.
હનુમાન ૧૭૮/૨૪૭,૪૯૮/૫૦૦,૫૮૦/૫૮૦.
હરિભદ્રાચાર્ય (યાકીની પુત્ર) ૪૪/૬૨, ૨૪૯/૩૧૧, ૪૨૬/૪૪૭, ૪૭૪/૪૮૮.
હેમચંદ્રાચાર્ય ૨૩૯/૩૦૩, ૫૯૧/૫૮૯.

## ગ્રંથ નામ


પૃષ્ઠ/આંક

આચારાંગસૂત્ર ૧૫/૧૫, ૪૬/૬૮, ૪૭/૬૮, ૩૫૨/૩૮૫, ૪૫૪/૪૬૮, ૪૭૧/૪૮૬, ૫૩૫/૫૩૨, ૫૩૮/૫૩૪, ૫૪૧/૫૪૦.
આઠ યોગ દૃષ્ટિની સજ્ઝાય ૪૪/૬૨.
આત્મપ્રવાદ ૩૫૮/૩૮૮.
આત્માનુશાસન ૧૩૬/૧૭૫, ૪૨૦/૪૪૩.
આત્મસિદ્ધિશાસ્ત્ર ૩૮/૫૨, ૬૫/૯૭, ૧૨૪/૧૬૩, ૧૩૫/૧૭૩, ૧૬૦/૨૨૫, ૧૭૦/૨૩૯, ૧૭૧/૨૪૧, ૨૦૩/૨૭૧, ૨૬૧/૩૨૩, ૨૭૫/૩૨૯, ૨૭૬/૩૩૦, ૨૮૦/૩૩૪,૨૮૬/૩૩૯, ૨૯૨/૩૪૨, ૩૬૦/૩૮૯, ૩૯૫/૪૧૭, ૪૧૫/૪૪૧, ૪૩૮/૪૫૫, ૪૪૫/૪૫૯, ૪૪૫/૪૬૦, ૪૪૫/૪૬૧,૪૪૬/૪૬૧, ૪૪૯/૪૬૨, ૪૫૦/૪૬૩, ૪૫૧/૪૬૩, ૪૫૮/૪૭૧, ૪૬૯/૪૮૪, ૪૭૦/૪૮૪, ૪૭૦/૪૮૫, ૪૭૧/૪૮૬, ૪૭૨/૪૮૭, ૪૭૩/૪૮૭, ૪૭૩/૪૮૮, ૪૭૪/૪૮૮, ૪૭૪/૪૮૯, ૪૭૬/૪૯૨, ૫૦૮/૫૦૮, ૫૧૨/૫૦૯, ૫૪૦/૫૩૭, ૫૪૧/૫૪૦, ૬૦૭/૬૦૭.
ઉત્તરાધ્યયનસૂત્ર ૩૦૯/૩૫૫, ૩૧૦/૩૫૬, ૪૭૧/૪૮૬, ૫૨૮/૫૨૦, ૫૯૬/૫૯૫.
ઉપનિષદ ૬૦૯/૬૧૧.
કલ્યાણમંદિર સ્તોત્ર ૩૮૪/૪૧૧.
કાર્તિકેયાનુપ્રેક્ષા ૫૪૭/૫૪૮.
ગોમ્મટસાર ૨૯૭/૩૪૬, ૩૧૨/૩૬૦.
જ્ઞાનસાર ૫૦૭/૫૦૫.
તત્ત્વજ્ઞાન ૩૯૭/૪૧૯, ૪૭૪/૪૮૮.
દશવૈકાલિકસૂત્ર ૪૭૧/૪૮૬.
દ્વાદશાંગી ૯૨/૧૨૭, ૧૨૮/૧૬૪, ૨૫૬/૩૨૦, ૩૮૭/૪૧૨, ૫૩૫/૫૩૨, ૫૩૭/૫૩૩, ૫૩૮/૫૩૪, ૫૫૧/૫૫૮.
દૃષ્ટિવાદ ૪૫૪/૪૬૮, ૫૪૧/૫૪૦.
ધવલ ૫૬૫/૫૬૯.

પૃષ્ઠ/આંક

નાટક સમયસાર ૨૯૫/૩૪૬, ૩૯૫/૪૧૭, ૫૦૪/૫૦૫.
પદ્મનંદી પંચવિંશતિ ૫૪૯/૫૫૪, ૫૫૦/૫૫૭.
પદ્મપુરાણ ૪૯૮/૫૦૦, ૫૮૦/૫૮૦.
પંચાસ્તિકાય ૨૭૬/૩૩૦, ૪૮૩/૫૦૦, ૫૦૧/૫૦૦.
પ્રાણવિનિયમ ૧૫૨/૨૧૩.
ભગવતી આરાધના ૪૬૪/૪૭૬.
ભગવતીસૂત્ર ૯૬/૧૩૧, ૧૩૦/૧૬૬.
ભાવાર્થ પ્રકાશ ૩૭૭/૪૦૪.
મોક્ષમાર્ગ પ્રકાશક ૭૨/૧૦૫.
મોક્ષમાળા ૧/૧, ૧૬/૧૬, ૩૨/૪૫, ૩૪/૪૭, ૩૫/૪૭, ૩૫/૪૮, ૧૬૨/૨૨૮, ૨૫૬/૩૧૮, ૩૨૭/૩૭૩.
યોગદૃષ્ટિ સમુચ્ચય ૪૪/૬૨, ૨૪૯/૩૧૧.
યોગવાસિષ્ઠ ૧૪૭/૧૯૭, ૩૦૮/૩૫૫.
યોગશાસ્ત્ર ૨૪૯/૩૧૧, ૩૩૧/૩૭૫.
લબ્ધિસાર ૧૫૦/૨૦૮.
વચનામૃત (શ્રીમદ્ રાજચંદ્ર) ૧૧૭/૧૫૯.
વિહાર વૃંદાવન ૪૫૧/૪૬૪.
વેદાંત પ્રકરણ ૨૫૪/૩૧૬.
વૈતાલીય અધ્યયન (સૂયગડાંગસૂત્ર, અ૦૨) ૮૯/૧૨૪.
શાંત સુધારસ ૧૪૧/૧૮૫.
ષડ્દર્શન સમુચ્ચય ૪૦૯/૪૩૫.
સમયસાર ૧૬૦/૨૨૫, ૩૧૮/૩૬૫, ૪૦૫/૪૩૦.
સૂયગડાંગ—સૂત્રકૃતાંગસૂત્ર ૧૩/૧૦,૮૯/૧૨૪,૧૩૦/૧૬૬, ૧૫૮/૨૨૦, ૨૦૬/૨૭૫, ૨૧૫/૨૮૭, ૨૫૮/૩૨૧, ૪૭૧/૪૮૬,૪૮૦/૪૯૬.
સુંદરવિલાસ ૪૨૧/૪૪૬.
સ્વરોદયજ્ઞાન ૪૪૨/૪૫૭.
શ્રીમદ્ ભાગવત ૯૮/૧૩૫, ૯૯/૧૩૬.

## સ્થળ સૂચિ

પૃષ્ઠ/આંક

અગાસ સ્ટેશન ૨૨૯/૨૯૮, ૫૬૪/૫૬૭.
અષ્ટાપદ પર્વત ૪૩૪/૪૫૩.
આણંદ ૬૬/૯૭, ૪૨૨/૪૪૬.
આબુ ૫૬૬/૫૬૯.
આશ્રમ (અગાસ) ૫૦/૭૪, ૧૪૫/૧૯૩, ૧૮૭/૨૬૧, ૨૩૫/૩૦૦, ૨૩૬/૩૦૦, ૩૨૯/૩૭૩, ૩૬૭/૩૯૨, ૪૬૧/૪૭૩, ૬૦૯/૬૧૩.
આહોર ૪૩૧/૪૫૧.
ઈડર ૪૩૨/૪૫૧.
ઉત્તરસંડા ૧૬૯/૨૩૯, ૨૪૫/૩૦૮.
કરમાળા ૪૫૫/૪૬૮.
કાઠિયાવાડ ૪૬૫/૪૭૮.
કારંજા ૬૨૪/૬૧૪.
કાવિઠા ૨૨૯/૨૯૮.
ખેડા ૨૪૫/૩૦૮.
ખંભાત ૬૬/૯૭, ૮૪/૧૧૫, ૧૧૯/૧૬૦, ૨૧૭/૨૯૦, ૪૨૫/૪૪૭, ૪૪૦/૪૫૬, ૫૮૬/૫૮૬, ૬૦૫/૬૦૫.
જૂનાગઢ ૧૩૮/૧૭૯.
નડિયાદ ૪૬૯/૪૮૪.
નવસારી ૨૪૬/૩૦૯.
નાતાલ ૪૬૯/૪૮૩.
નાસિક ૨૩૭/૩૦૦.
નેપાળ ૪૬૬/૪૭૮.
પેટલાદ ૬૦૯/૬૧૩.
બોટાદ ૪૫૨/૪૬૬, ૫૧૧/૫૦૯.
ભાવનગર ૩૮૦/૪૦૯.

પૃષ્ઠ/આંક

મિથિલા નગરી ૫૦૯/૫૦૮.
મોરબી ૨૧૭/૨૯૦.
મુંબઈ/શ્રી મોહમચી ૧૧૪/૧૫૫, ૧૮૪/૨૫૪, ૨૨૫/૨૯૪, ૨૨૭/૨૯૬, ૨૩૮/૩૦૧, ૨૯૪/૩૪૬, ૩૨૭/૩૭૩, ૩૭૦/૩૯૬, ૩૭૦/૩૯૭, ૩૭૭/૪૦૪, ૩૯૭/૪૧૯, ૩૯૮/૪૨૦, ૪૨૫/૪૪૭, ૪૩૮/૪૫૫, ૪૫૨/૪૬૬, ૫૧૧/૫૦૯, ૫૧૫/૫૧૨, ૫૯૫/૫૯૫, ૬૦૫/૬૦૫.
રાળજ ૧૧૯/૧૬૦.
લીમડી ૨૦૦/૨૭૦.
લંકા ૪૯૮/૫૦૦, ૫૮૦/૫૮૦.
વઢવાણ ૯૬/૧૩૨, ૪૭૫/૪૯૧.
વવાણીયા ૩૯૭/૪૧૯, ૩૯૮/૪૧૯, ૩૯૮/૪૨૦, ૪૦૦/૪૨૬, ૪૨૫/૪૪૭.
વસો ૨૪૫/૩૦૮, ૨૬૦/૩૨૨, ૩૮૬/૪૧૧, ૪૪૭/૪૬૧, ૪૪૮/૪૬૧.
શત્રુંજય ૪૦૧/૪૨૭.
સમેતશિખર ૯૫/૧૩૦.
સાયલા ૩૯૮/૪૨૦, ૪૦૦/૪૨૫, ૫૧૫/૫૧૨, ૫૨૪/૫૧૭, ૫૯૫/૫૯૫.
સુરત ૩૦૮/૩૫૫.
સર્વાર્થસિદ્ધિ(વિમાન) ૪૪૦/૪૫૬.
હસ્તિનાપુર ૧૦૦/૧૩૭.
હિમાલય ૪૬૫/૪૭૮.
હિંદુસ્તાન ૧૬૨/૨૨૮, ૨૨૭/૨૯૬, ૪૨૨/૪૪૬.
ઋષભકૂટ પર્વત ૩૬૯/૩૯૫.

## શબ્દ - વિષય સૂચિ


**અ** પૃષ્ઠ/આંક

અકામનિર્જરા........................................૫૯૮/૫૯૮
અગુરુલઘુ..........................................૪૮૮/૫૦૦
અઘોરીમંત્ર..........................................૬૨૦/૬૧૪
અચળપ્રેમ..........................................૮૦/૧૧૩
અજ્ઞાન - કેમ મટે ?.........૨૧૫/૨૮૮, ૨૧૬/૨૮૯, ૨૨૨/૨૯૦
- કેમ જાય ?.........૨૧૭/૨૯૦, ૨૨૦/૨૯૧ ૩૨૪/૩૭૦
- નું દુઃખ કેવું ?................................૧૭૬/૨૪૪
- નું બળ ?..................................૨૯૩/૩૪૨
- ભયંકર વસ્તુ..............................૩૮૩/૪૧૦
- શું ?.............૨૧૫/૨૮૮, ૩૪૪/૩૮૨, ૩૭૫/૪૦૨
અઢાર પાપસ્થાનક..................................૩૮૬/૪૧૧
અત્યંત ભક્તિ- એટલે શું ?..............૨૦૫/૨૭૩, ૨૨૦/૨૯૧
અધમપુરુષ- કોણ ?..........................................૭/૫
અધર્માસ્તિકાય........................................૪૯૩/૫૦૦
અધ્યાસ- એટલે શું ?....................૪૧૧/૪૩૮, ૪૧૧/૪૩૯
અનઅવસરઆર્ત્તધ્યાન....................૯૮/૧૩૪, ૩૦૪/૩૫૦
અનન્યભક્તિ............................................૮૫/૧૧૭
અનભક્ત- એટલે શું ?................................૧૨૦/૧૬૦
અનંતાનુબંધી કષાય- કોને કહેવાય ?..................૫૯૯/૫૯૯
અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ-શું ?............૯૪/૧૨૯
અનાનુપૂર્વી................................................૨૫/૩૦
અનિત્યભાવના............................................૧૧/૧૦
અનુત્તરવાસી- એટલે શું ?..................................૪૦/૫૫
અનુપમ ક્ષમા..............................................૨૭/૩૪
અનુપ્રેક્ષા..............................................૩૧૦/૩૫૬
અનુભવ ઉત્સાહ દશા................................૫૦૪/૫૦૫
અન્યધર્મ..............................................૧૨૦/૧૬૦
અન્યભાવ..............................................૫૨૦/૫૦૩
અભીક્ષ્ણ જ્ઞાનઉપયોગ..................................૨૬૬/૩૨૩
અભ્યંતર કુટુંબ............................................૧૨/૧૦
અભ્યંતર પરિગ્રહ......................................૪૬૧/૪૭૨
અપૂર્વજ્ઞાન શાથી થાય ?............................૨૮૯/૩૪૦
અપૂર્વ દૃષ્ટિ..............................................૭૭/૧૦૮
અપ્રમત્ત- ક્યારે થવાય ?............................૫૯૮/૫૯૮
અભિમાન- થી ભૂલો પડ્યો..........................૩૦૦/૩૪૭
અમૃતરસ- કેમ પામે ?..................૨૫૩/૩૧૪, ૧૨૭/૧૬૩
અર્થ- એટલે શું ?..........................................૧૩/૧૧
અર્થ સમય- ના ત્રણ ભેદ..............................૪૮૩/૫૦૦
અલૌકિક દૃષ્ટિ..........................................૧૩૭/૧૭૯
અલૌકિક પ્રેમ..........................................૧૬૯/૨૩૯
અવ- એટલે શું ?..........................................૧૩/૧૦

પૃષ્ઠ/આંક

અવગાહવું- એટલે શું ?..............................૪૭૧/૪૮૬
અવગુણ..................................................૧૩/૧૦
અવધિજ્ઞાન- બે પ્રકારનાં............................૪૩૯/૪૮૬
અવિવેક..................................................૨૯/૪૦
અસત્સંગ- શું ?.............૮૮/૧૨૦, ૧૫૯/૨૨૧, ૧૬૫/૨૩૨
- ના પ્રકાર.........૮૬/૧૧૯, ૧૬૬/૨૩૨, ૩૪૬/૩૮૩
અસંગ........૩૮૧/૪૧૦, ૩૮૭/૪૧૧, ૩૮૯/૪૧૨, ૩૯૧/૪૧૪
અસંગપણું- થવા સર્વ ક્રિયા..........................૩૮૪/૪૧૧
અંતરાત્મા..................................................૩૯/૫૨
અંતર્વૃત્તિ................................૪૨૯/૪૫૧, ૪૩૦/૪૫૧

**આ**

આક્ષેપણી..............................................૫૬૫/૫૬૮
આગમ..................................................૪૮૮/૫૦૦
આગ્રહ-થી નુકસાન....................................૫૮૬/૫૮૬
આજ્ઞા-..................................૨૮૮/૩૩૯, ૨૮૮/૩૪૦
-એ જ ધર્મ......................................૨૯૨/૩૪૨
-થી કલ્યાણ.......................૨૮૮/૩૩૯, ૨૯૦/૩૪૧
-થી ધર્મ..........................................૨૮૭/૩૪૦
-થી મોક્ષ.........................૨૭૯/૩૩૩, ૨૯૨/૩૪૨
-માં એકતાન થવું..................................૫૯/૮૭
-પ્રત્યે પ્રેમ......................................૧૨૭/૧૬૩
આઠ સમિતિ..........................................૫૦૨/૫૦૨
આત્મગુણ-કેમ પ્રગટે ?..............................૩૭૮/૪૦૫
આત્મજ્ઞાન-કરવું હોય તો શું કરવું ?..................૩૪૩/૩૮૨
-થવાનો ઉપાય..............................૧૫૮/૨૨૧
-થી શાંતિ થાય..............................૩૩૮/૩૮૦
-પાયો છે......................................૩૪૨/૩૮૨
-પહેલાં પાંચ લબ્ધિ પ્રગટવી.................૩૪૩/૩૮૨
-સદ્વિચારથી..............................૩૪૦/૩૮૧
-સુખી થવાનો ઉપાય.......................૩૩૯/૩૮૧
આત્મપ્રાપ્તિ- શાથી થાય ?..................................૪૦/૫૪
આત્મવિચાર- કરવામાં શું ભૂલ ?......................૩૬૧/૩૮૯
- કયારે થાય ?..............૩૪૮/૩૮૩, ૩૪૯/૩૮૪
આત્મસમાધિ..........................................૩૪૭/૩૮૩
આત્મસિદ્ધિ.............................૪૬૯/૪૮૪, ૪૭૦/૪૮૪
-અપૂર્વ ગ્રંથ......................................૪૭૧/૪૮૪
-અવગાહવા/વાંચવા માટેની યોગ્યતા.૪૭૧/૪૮૬, ૪૭૨/૪૮૭
-આજ્ઞાથી આપવી..............................૪૭૪/૪૮૮
-કેવી છે ?..........................................૪૭૪/૪૮૯
-માં શું છે ?.......................૪૭૦/૪૮૫, ૪૭૨/૪૮૭
-લબ્ધિનો ભંડાર..................................૬૫/૯૭

પૃષ્ઠ/આંક

આત્મસિદ્ધિ-સર્વ દર્શનનો સાર..........................૬૫/૯૭
-સિદ્ધાંત ગ્રંથ..................................૧૩૫/૧૭૩
આત્મસ્થિરતા-નાં કારણો............................૩૭૨/૩૯૯
આત્મસ્વરૂપ-કેમ પ્રાપ્ત/પ્રગટ થાય ?.......૧૩૭/૧૭૮, ૧૭૫/૨૪૪, .૩૬૪/૩૯૧
આત્મા-અનુભવ ક્યારે થાય ?..............................૧૦/૯
-અને દેહના ગુણો...................................૨/૨
-અપૂર્વ/ઉત્તમ/સર્વોત્તમ-વસ્તુ.........૩૯/૫૩, ૩૨૦/૩૬૭, ૩૭૯/૪૦૮
-ઉપરનું આવરણ કેમ દૂર થાય ?....................૫૦/૭૩
-ઓળખવામાં નડતરરૂપ કારણો................૨૨૩/૨૯૨
-કેમ ઓળખાય, પમાય, પ્રગટ થાય, સમજાય ?....૫૭/૮૦, ૪૬/૬૮, ૭૩/૧૦૭, ૪૩/૬૦, ૨૩૬/૩૦૦, ૩૯૦/૪૧૪.
-કેવો છે ?........................૬૦૫/૬૦૬, ૬૦૬/૬૦૬
-(બધાને) દેખનારો............................૧૦૩/૧૭૨
-ના લક્ષણ........................................૪૫/૬૭
-ની ઘાત કરનાર કારણો.......................૨૨૩/૨૯૨
-ની સામાયિક-.................................૫૮૨/૫૮૨
-નું ઘર સમભાવ...............................૩૭૮/૪૦૭
-નું સુખ........................................૩૭૯/૪૦૮
-નું સ્વરૂપ............૪૬૮/૪૮૨, ૬૦૭/૬૦૮, ૬૦૮/૬૦૮
-ને ઓળખવા માટે સત્સંગ.....................૨૫૭/૩૨૧
-ને નુકસાન કરનાર કોણ ?.........................૧૨/૧૦
-નો સ્વપર પ્રકાશક ગુણ........................૩૭૫/૪૦૨
-નો સ્વભાવ...................................૩૭૦/૩૯૭
-માં ક્યારે રહેવાય ?...............................૪૩/૬૦
આત્મા-સ્ફટિક રત્ન જેવો...........................૩૯૦/૪૧૪
આત્માર્થી-એટલે શું ?....................૪૫૮/૪૭૧, ૪૭૧/૪૮૬
ક્યારે થાય ?.......................................૧૩૦/૧૬૬
આપ્તપુરુષ..............................૪૭૬/૪૯૩, ૪૭૭/૪૯૩
આર્ત્તધ્યાન................૩૩૦/૪૯૩, ૩૩૨/૩૭૫, ૪૯૭/૫૦૦
-ના પ્રકાર......................................૧૯૪/૨૬૭
આશ્રય-કોનો લેવો ?......................૫૩૭/૫૩૩, ૫૩૬/૫૩૩
-જ્ઞાનીનો શા માટે ?..........................૩૮૬/૪૧૨
આશ્રયભક્તિ-ક્યારે થાય ?...............૩૬૫/૩૯૧, ૩૬૬/૩૯૨
-માં વિઘ્નરૂપ કોણ ?................૩૬૫/૩૯૧, ૩૬૬/૩૯૨

**ઇ-ઈ**

ઇચ્છા-.........................૨૨/૨૨,૧૫૫/૨૧૯,૧૫૬/૨૧૯
-ચાર પ્રકારની.....................................૨૨/૨૨
ઇન્દ્રિયો-ને જીતી ક્યારે કહેવાય ?........................૧૪/૧૩
-ને દમન કરી ક્યારે કહેવાય ?......................૧૪/૧૩

**ઉ-ઊ**

ઉતાપ-ની નિવૃત્તિ કેમ થાય ?.........................૫૩૪/૫૩૧

પૃષ્ઠ/આંક

ઉત્તમપાત્ર............................................૫૬૦/૫૬૫
ઉત્તમમુમુક્ષુ.............................૧૪૬/૧૯૫, ૧૪૬/૧૯૬
ઉદાસીનતા-એટલે શું ?................................૧૩૭/૧૭૭
ઉપદેશ-બે પ્રકારના.......................................૪૬/૬૮
ઉપદેશબોધ..........................................૨૭૬/૩૩૦
ઉપયોગ-ના બે ભેદ...................................૪૮૯/૫૦૦
ઉપરાંઠા..................................................૧૦/૯
ઉપશમ-એટલે શું ?......................................૮૪/૧૧૫
ઉપશમ-વૈરાગ્ય.......................................૨૬૬/૩૨૩
ઉપશમભાવ એટલે શું ?...................................૧૩/૧૦
ઉપાધિ...............................................૩૫૯/૩૮૯
ઊરધતા.......................૨૦૮/૨૭૭, ૨૧૦/૨૭૮, ૧૨/૧૦
ઊંઘ.......................................................૧૨/૧૦

**એ-ઐ**

એકતાન એટલે શું ? કેમ થવાય ?.........................૬૦/૮૮
એકનિષ્ઠાભક્તિ-સત્સંગથી.............................૩૯૩/૪૧૪
ઍંઠવાડો....................................................૬/૪

**ઓ-ઔ**

ઓઘસંજ્ઞા............................................૨૧૮/૨૯૦
ઔચિત્યગુણ..............................................૧૪/૧૨

**ક**

કદાગ્રહ..............................................૫૮૬/૫૮૬
કપટ-શું ?..............................................૭૦/૧૦૩
કર્મ-બાંધેલાં ભોગવવાં પડે...............૩૨૪/૩૭૦, ૩૨૫/૩૭૦
કર્મચેતના............................................૬૦૪/૬૦૪
કર્મફળચેતના.........................................૬૦૪/૬૦૪
કર્મબંધ-ના ચાર પ્રકાર..............................૪૯૨/૫૦૦
કલ્પના....................................................૧૪/૧૪
કલ્પિત-વસ્તુનું માહત્મ્ય...............................૩૬૯/૩૯૫
કલ્યાણ-કેમ થાય ?.............................૫૭/૮૩, ૫૯/૮૬
-શાથી થાય ?.......૧૨૭/૧૬૩, ૨૦૦/૨૬૯, ૨૦૨/૨૭૦, ૨૦૬/૨૭૫, ૨૫૮/૪૯૧, ૩૦૯/૩૫૫, ૫૩૫/૫૩૨
-થવામાં વિઘ્નરૂપ કારણો/દોષો....૨૧૬/૨૮૯, ૨૧૭/૨૯૦, ૨૨૨/૨૯૨, ૨૯૯/૩૪૭
-માટેના સાધનો....................૩૮૮/૪૧૨, ૫૨૮/૫૨૦
કવિતા- શા માટે કરવી ?............................૨૫૫/૩૧૬
કળિકાળ.................................૧૨૭/૧૬૧, ૧૭૮/૨૪૭
કંટાળો-તે વૈરાગ્ય નથી..............................૧૫૦/૨૦૮
કાયદા-કરતાં ઉપદેશથી વધારે લાભ.................૫૬૧/૫૬૬
કુસંગ-શું ?....................................૨૩/૨૪, ૨૫૮/૩૨૧
કેવળજ્ઞાન-..........................................૪૪૪/૪૫૮
-નું બીજ...............૬૮/૧૦૦, ૧૨૪/૧૬૩, ૧૨૮/૧૬૩
-દશા...............................................૪૬૮/૪૮૧

પૃષ્ઠ/આંક

કેવળજ્ઞાન-બે ભેદ....................................૪૫૮/૪૭૧
-વિષેની માન્યતા (જુદા જુદા મતની).........૪૫૮/૪૭૧
કેવળી સમુદ્ઘાત....................................૨૧૫/૨૮૭
કૃપણ-....................................................૫/૩
કૃપાળુદેવ-નાં વચન......................૩૩૦/૩૭૫, ૩૪૯/૩૮૪
-ની દશા.........૧૩૯/૧૮૧, ૧૪૦/૧૮૪, ૧૪૩/૧૯૧, ૧૪૪/૧૯૩, ૧૭૪/૨૪૩, ૧૭૫/૨૪૩, ૧૯૩/૨૬૭, ૨૦૪/૨૭૧, ૨૪૩/૩૦૬, ૨૪૪/૩૦૭, ૨૪૫/૩૦૮, ૩૧૬/૩૬૩, ૩૬૯/૩૯૪, ૩૭૨/૪૮૦, ૪૭૨/૪૮૫, ૫૫૬/૫૬૪.
-ની દિગંબરી દીક્ષા તેમજ નામ (આગલા ભવમાં)..૫૮/૮૫
-પરમાત્મા.......................................૩૭૨/૪૦૦
-શ્રુતકેવળી...................................૨૯૭/૩૪૬
ક્લેશ......................................૪૦/૫૪, ૧૬૧/૨૨૭

ગ

ગંભીરતા................................................૧૪/૧૩
ગુણ-કોને કહ્યો?.........................................૧૧/૯
ગુણસ્થ-એટલે શું?......................................૧૩/૧૦

ચ

ચરણ-એટલે શું?......................................૭૬/૧૦૮
ચાર અનુયોગ..........................૫૪૧/૫૪૦, ૫૪૨/૫૪૦
ચારગતિ.................................................૨૦/૨૨
ચારિત્ર.............................................૪૯૪/૫૦૦
ચિત્ત-અસ્થિર ક્યારે રહે?...........................૩૭૪/૪૦૧
ચિંતા-નું કારણ.......................................૨૨૪/૨૯૩
ચૂર્ણિ...............................................૫૬૧/૫૬૫
ચેતના-ત્રણ પ્રકારની.................................૪૮૯/૫૦૦
ચૈતન્યતા...............................૨૦૯/૨૭૭, ૨૧૦/૨૭૮
ચૌભંગી................................૩૧૬/૩૬૪, ૩૧૭/૩૬૪

છ

છ દર્શનનો સાર.......................................૯૨/૧૨૮
છ પદ-...............................................૪૬૯/૪૮૨
-ની ઉત્પત્તિનો પ્રસંગ...........................૨૬૦/૩૨૩
-માં સમ્યક્દર્શન...............................૧૪૧/૧૮૫
-શા માટે?.......................................૨૬૭/૩૨૩
છાયા જેવો ઉપદેશ- એટલે શું?....................૩૭૭/૪૦૪
છૂટવાનો રસ્તો.......................................૧૪૮/૨૨૨
છેવટનો નિર્ણય..........................................૧૩/૧૧

જ

જગત-ની વિસ્મૃતિ કેમ થાય?..............૫૯/૮૭, ૧૩૩/૧૭૦
-ની વિસ્મૃતિ મુખ્ય કાર્ય........................૧૩૪/૧૭૧
જડ- ચેતનની ભિન્નતા...............................૩૭૦/૩૯૬
-ચેતનનું પરિણમન...............૧૩૫/૧૭૩, ૧૩૬/૧૭૬

પૃષ્ઠ/આંક

જપ.................................................૧૨૬/૧૬૩
જંજાળ-નું મુખ્ય કારણ....................................૫/૪
-શું?..................................................૬/૪
જાગૃતિ-કેવી રીતે આવે?...........................૩૬૭/૩૯૨
-ની જરૂર શા માટે?.............................૩૪૦/૩૮૧
જિતેન્દ્રિયતા-...........................................૩૪/૪૭
જિન-કોણ?..........................................૧૬૯/૨૩૮
-નું સ્વરૂપ......................................૫૫૭/૫૬૫
જીવ-ત્રણ પ્રકારના.........૧૧૬/૧૫૮, ૧૮૯/૨૬૨, ૧૯૧/૨૬૩
-ના ત્રણ મોટા દોષ...............૩૧૨/૩૬૦, ૩૧૮/૩૬૫
-નાં લક્ષણ.......................૨૦૬/૨૭૫, ૨૦૯/૨૭૮
જીવે- કરવા યોગ્ય શું?...............................૧૮૮/૨૬૧
જીવન- સુધારવા કેમ વર્તવું?.........................૧૯૨/૨૬૪
જીવનમુક્ત- કોણ?.....................................૭૬/૧૦૮
જૂઠું બોલવું (માયા સહિત) શા કારણે?..............૫૭૬/૫૭૬

જ્ઞ

જ્ઞાન-....................................૫૬/૮૦, ૨૬૫/૩૨૩
-કેમ/શાથી પ્રાપ્ત થાય?..૧૭૭/૨૪૪, ૨૬૫/૩૨૩, ૩૬૫/૩૯૧
-ના આઠ પ્રકાર...............................૪૮૯/૫૦૦
-ના બે પ્રકાર.................................૫૮૨/૫૮૨
-ભક્તિ વિના શુન્ય............................૧૧૭/૧૫૯
જ્ઞાની (જ્ઞાનીપુરુષ)-કેમ થવાય?.........................૪૩/૬૦
-કેવી રીતે ઓળખાય?........................૩૭૨/૩૯૯
-કોણ ઓળખી શકે?..............૪૨૪/૪૪૬, ૪૨૫/૪૪૬
-ક્યારે (જીવને) સ્વીકારે?.......................૧૩૮/૧૭૯
-ના ચરણમાં મનની સ્થાપના....................૩૬૪/૩૯૧
-ના વચનમાં તલ્લીનતા એટલે?................૧૭૭/૨૪૪
-ના બોધનું બીજ શું?..........................૧૯૩/૨૬૬
-ના યોગે શું થાય?...............૨૯૯/૩૪૬, ૩૧૯/૩૬૮, ૩૨૦/૩૬૮, ૩૪૪/૩૮૨, ૩૪૫/૩૮૫
-નાં વચન કેવા?....૧૫૩/૨૧૫, ૧૬૯/૨૩૯, ૧૭૬/૨૪૪, ૩૧૪/૩૬૨, ૩૧૫/૩૬૨
-નાં વચન ક્યારે ચોંટે?.........................૩૬૬/૩૯૨
-નાં વચન સાંભળી શું કરવું?......૨૩૧/૨૯૮, ૩૧૯/૩૬૭
-ની આજ્ઞાથી કલ્યાણ...........................૪૭૩/૪૮૭
-ની આજ્ઞામાં રહેવું...............૩૬૪/૩૯૧, ૪૭૧/૪૮૬, ૫૦૨/૫૦૧, ૫૦૨/૫૦૨
-ની આજ્ઞા શું?...................................૬૦/૮૮
-ની ઓળખાણ....................૨૯૯/૩૪૬, ૫૭૮/૫૭૮
-ની દશા નીરખવી એટલે શું?..................૨૨૦/૨૯૧
-ની પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ..........................૨૨૨/૨૯૨
-ની ભાવના......................................૨૦૧/૨૭૦
-ની વાણીનો આશય સમજવો......૨૫૦/૩૧૨, ૫૬૪/૫૬૭

પૃષ્ઠ/આંક

જ્ઞાની-નું સ્વરૂપ........................................૧૦૦/૧૩૮
-ને કોણ ઓળખી શકે ?............૪૨૪/૪૪૬, ૪૨૫/૪૪૬
-ને શાનો ડર/ભય ?...............૧૯૫/૨૬૮, ૨૮૩/૩૩૬
-નો આશ્રય....................................૫૩૫/૫૩૨
-નો આશ્રય એટલે શું ?.........................૩૬૪/૩૯૧
-નો દેહ શા કારણે ?............................૧૫૨/૨૧૫
-નો શબ્દ.......................................૩૭૧/૩૯૮
-સંક્ષેપમાં ઉપદેશ કેમ કરે છે ?.....૪૨૬/૪૪૮, ૪૨૮/૪૪૯, ૪૨૯/૪૫૦, ૪૩૩/૪૫૨, ૪૩૪/૪૫૩
-સંસારમાં કેમ/કેવી રીતે રહે છે ?.૧૩૬/૧૭૪, ૧૫૯/૨૨૩, ૧૬૦/૨૨૩, ૧૬૫/૨૩૦, ૧૬૧/૨૨૬
જ્ઞાન ચર્ચા એટલે શું ?...................................૧૪/૧૩
જ્ઞાન ચેતના-એટલે શું ?...............................૬૦૪/૬૦૪
જ્ઞાન માર્ગ..............................૧૭૧/૨૪૧, ૪૦૦/૪૨૪
જ્ઞાન વાર્તા એટલે શું ?................................૧૯૪/૩૪૫
જ્ઞાયકતા................................૨૦૮/૨૭૭, ૨૧૦/૨૭૮

**ત**

તપ..........................................૧૩/૧૦, ૧૨૬/૧૬૩
-શા અર્થે ?......................................૫૯૦/૫૮૮
તુચ્છ આહાર-એટલે ?.................................૫૭૯/૫૭૯
'તુંહિ-તુંહિ' નો અનુભવ...............................૭૯/૧૧૨
તિર્યંચગતિ..............................................૨૦/૨૨
ત્યાગ...................................૧૨૫/૧૬૩, ૩૩૭/૩૭૮
-ખરો શું ?.................૨૩/૨૩, ૩૩/૪૫, ૩૫૪/૩૮૫
ત્રણ પાઠ-નો નિયમ.....................................૧૫/૧૫
ત્રિપદ-નો ઉપયોગ.........................................૧૦/૮

**દ**

દયા..........................................૧૬/૧૭, ૧૭/૧૭
દર્શન (શ્રદ્ધા, સમ્યક્દર્શન)-.............૨૬૫/૩૨૩, ૨૬૬/૩૨૩
-ના ચાર પ્રકાર................................૪૮૯/૫૦૦
દર્શનપરિષહ.........................................૩૧૨/૩૫૯
દર્શનમોહ..................૩૨૨/૩૬૯, ૩૨૪/૩૭૦, ૫૩૯/૫૩૬
દવા-કેવા ભાવથી કરવી ?............................૨૪૨/૩૦૪
દશ બોલનો વિચ્છેદ.....................૧૮૬/૨૫૯, ૪૫૪/૪૬૮
દાન.....................................................૧૯૧/૨૬૩
દિવસ-કેમ ગાળવો ?.........................................૪/૩
દીનતા..................................................૧૧૮/૧૬૦
દુઃખ...૭/૫, ૪૧/૫૬, ૪૨/૫૯, ૪૨/૬૦, ૩૭૮/૪૯૫, ૪૭૯/૪૯૬
-થી મુક્ત થવાનો ઉપાય.......................૩૩૭/૩૮૦
-નું કારણ...........................૨૨/૨૨, ૪૮૧/૪૯૭
દુરાગ્રહ...............................................૫૮૬/૫૮૬
દુર્લભ વસ્તુ............................................૫૨૫/૫૧૮
દુષમકાળ......................૩૮/૫૧, ૧૬૨/૨૨૯, ૨૨૭/૨૯૬

પૃષ્ઠ/આંક

દુષમકાળ-શાથી ?..........૧૮૭/૨૬૧, ૧૯૦/૨૬૩, ૨૦૪/૨૭૨
દેવગતિ....................................................૨૧/૨૧
દેહ-અને આત્માના ગુણો.....................................૨/૨
-એજ સંસાર.......................................૪૩/૬૧
-છૂટતા સુધી શું કરવું ?.........................૫૨૧/૫૧૫
-માં મોહ ન કરવો.................૧૯૨/૨૬૬, ૩૭૫/૪૦૩
દેહાધ્યાસ-એટલે ?..........................................૧૩/૧૦
-કેમ છૂટે ?....................................૩૮/૫૨
દેહાભિમાન............................................૨૫૦/૨૧૦
દોષ.........................................૬/૪, ૧૦૬/૧૫૨
-કેમ ટળે ?......................................૯૫/૧૩૧
- (પોતાના) કેવી રીતે જોવા ?..................૧૦૬/૧૫૧
-કોના જોવા ?..................................૧૪૮/૨૦૨
-જોવામાં અપક્ષપાતતા.........................૨૨૨/૨૯૨
દ્રવ્ય.....................................................૪૮૫/૪૯૯
દ્રવ્યાનુયોગ...............૫૦૧/૫૦૦, ૫૪૧/૫૪૦, ૫૪૨/૫૪૦, ૫૪૩/૫૪૧, ૫૪૪/૫૪૨
દૃષ્ટિ-કયારે ખૂલે ?....................................૫૪૦/૫૩૯
દ્વાદશાંગી-નો સાર.....................................૫૩૫/૫૩૨

**ધ**

ધર્મ.................................૫/૩, ૧૯/૧૯, ૫૩૬/૫૩૩
-કર્ત્તવ્ય................................................૪/૩
-કેમ/કયારે પ્રગટે ?................૨૮૭/૩૪૦, ૩૭૧/૩૯૮
-કોને કહેવાય ?.......................૪૦/૫૪, ૨૪૭/૩૧૦
-કયારે થાય ?...........................................૨/૧
-કયારે સમજ્યો કહેવાય ?..........................૩૯/૫૨
-કયો માનવો ?...............................૪/૩, ૩૯/૫૪
-થી શું થાય ?.....................................૧૩૦/૧૬૬
-નું ફળ...................................................૫/૩
-નું સ્વરૂપ...............................................૪/૩
-નું મુખ્ય સાધન................................૨૧૬/૨૯૦
-નું મૂળ...................................૩૦/૪૦, ૩૦/૪૨
-ને યોગ્ય કોણ ?.......................................૮/૬
-માટે પ્રથમ ન્યાયનીતિ.........................૫૪૫/૫૪૫
-શું ?............................................૫૩૭/૫૩૩
-સાચો કયો ?....................................૧૫૭/૨૨૦
ધર્મધ્યાન-................................................૧૩/૧૦
-એટલે શું ?........................................૫૯/૮૭
-ના ચાર ભેદ......................................૩૯/૫૩
ધર્માસ્તિકાય............................................૪૯૩/૫૦૦
ધ્યાન-કયારે તરંગરૂપ થાય ?...........................૫૨/૭૪

પૃષ્ઠ/આંક

ન

નમ્રભાવ....................................................૧૪/૧૩
નય-ના પ્રકાર..........................૬૦૮/૬૧૦, ૬૦૯/૬૧૦
નરક ગતિ...............................................૨૦/૨૨
નવકોટિથી સામાયિક................................૬૦૨/૬૦૨
નાથ-કોણ?..............................................૧૨/૧૦
નિર્ગ્રંથ કોણ?.........................................૨૧૫/૨૮૬
નિદિધ્યાસન...........................................૭૨/૧૦૬
નિર્જરા-કેમ થાય?...................................૪૭૫/૪૯૦
નિર્દોષ આનંદ...........................................૩૩/૪૬
નિર્ધનતા.................................................૪૭/૬૮
નિમિત્ત-આધીન જીવ...............................૩૯૯/૪૨૩
નિયમ-ના પાંચ પ્રકાર..............................૧૨૫/૧૬૩
નિરાવરણ જ્ઞાન............૪૨૩/૪૪૭, ૪૩૮/૪૫૬, ૪૪૦/૪૫૭
નિર્વેદણી...............................................૫૬૪/૫૬૮
નિઃશંકતા..................૧૦૫/૧૫૧, ૧૦૬/૧૫૨, ૧૧૨/૧૫૫
નિશ્ચય-પ્રથમ કરવા યોગ્ય શું?......................૧૯૭/૨૬૮
નિષ્કામ ભક્તિ..........................૩૨૯/૩૭૩, ૫૩૦/૫૨૨

પ

પરપદાર્થ-માં તન્મયતા..............................૩૪૭/૩૮૩
પરમદૈન્યપણું-એટલે શું?..........................૧૦૯/૧૫૪
પરમ સત્સંગ.........................................૨૦૪/૨૭૨
પરમસ્વરૂપ-ક્યારે સમજાય?.......................૧૧૮/૧૬૦
પરમાત્માની ભક્તિ......................................૧૫/૧૩
પરાભક્તિ.................................૯૯/૧૩૭, ૧૦૦/૧૩૮
-કેવળજ્ઞાનનું બીજ.............................૧૨૪/૧૬૩
પરિગ્રહ-એટલે શું?.....................૨૨૦/૨૯૧, ૩૬૫/૩૯૧
-કોને કહ્યો?.....................................૧૪૨/૧૮૮
-નું કારણ શું?......................................૨૪/૨૫
પર્યાય-કોને કહેવાય?...................................૧૧/૯
પવિત્ર કેમ થવાય?.......................................૭/૫
પવિત્રતા શું?..........................................૫/૩, ૬/૪
પાપ-ના ઉદયમાં શું કરવું?...............૩૧૮/૩૬૬, ૩૧૯/૩૬૬
પાંચ અસ્તિકાય......................................૪૮૩/૫૦૦
પાંચ ઇંદ્રિય-કેવી રીતે વશ થાય?.....................૫૭૪/૫૭૫, ૫૭૭/૫૭૮, ૫૭૮/૫૭૯
પાંચ ઇંદ્રિયના વિષય-કેવા?.............૩૬૪/૩૯૧, ૬૨૬/૬૧૫
-નો ત્યાગ બે પ્રકારે..............૩૬૫/૩૯૧
પાંચ લબ્ધિ-નો સાર.................................૩૪૩/૩૮૨
પાંચ શૂના................................................૨૪/૨૬
પુરુષાર્થ...................................૧૧/૧૦, ૯૫/૧૩૦
પૂજ્ય શું?.............................................૪૨૫/૪૪૭
પ્રકૃતિ.....................................................૧૪/૧૩
પ્રતિમા..................................................૪૭૮/૪૯૪

પૃષ્ઠ/આંક

પ્રતિબંધ-એટલે શું?.....................૩૯૬/૪૧૮, ૩૯૭/૪૧૮
પ્રતિબંધ-કેટલા પ્રકારના? કેમ ટળે...........૮૧/૧૧૩, ૮૨/૧૧૪
-સંસારના બીજરૂપ...........................૩૯૮/૪૨૦
'પ્રતિશ્રોતી'- એટલે શું?...................................૪૦/૫૫
પ્રત્યાખ્યાન................................................૨૪/૨૭
'પ્રત્યેક ધર્મ' એટલે શું?...................................૪૧/૫૮
પ્રથમ ભૂમિકા કઈ?....................................૫૬૦/૫૬૫
'પ્રભાત' શું?.........................................૨/૨, ૩/૩
પ્રભાવના...............................................૧૨૨/૧૬૧
પ્રમત્તભાવ.................................................૩૯/૫૨
પ્રમાદ-.....................................૨૮/૩૮, ૧૯૨/૨૬૪
-ના પ્રકાર.......................................૫૯૮/૫૯૭
પ્રસાદ (કડવો-મીઠો).......................................૫૫/૭૭
પ્રેમ.............................૧/૧, ૧૨૮/૧૬૩, ૧૪૧/૧૮૬
-સત્પુરુષ પ્રત્યે.......૧૨૦/૧૬૦, ૧૨૪/૧૬૩, ૧૭૧/૨૪૧, ૧૭૪/૨૪૩, ૧૭૫/૨૪૪, ૨૯૮/૩૪૭, ૩૭૮/૪૦૭

બ

બંધ-નું કારણ..........................................૨૧૨/૨૮૨
બંધન......................................૧૩/૧૦, ૩૬૫/૩૯૨
બાધતા-શાથી?.............................................૪૭/૬૮
બીજભૂતજ્ઞાન.........................................૫૮૨/૫૮૨
બોધ............................૧૨/૧૦, ૮૬/૧૧૮, ૩૧૪/૩૬૨
બ્રાહ્મી વેદના...........................................૩૭૩/૪૦૦

ભ

ભક્તિ-.........૧/૧, ૫/૩, ૯૧/૧૨૭, ૧૬૯/૨૩૭, ૧૮૧/૨૫૧, ૨૬૫/૩૨૩, ૨૬૬/૩૨૩, ૪૭૬/૪૯૨
-એટલે શું?................૪/૩, ૩૧૪/૩૬૨, ૩૯૦/૪૧૩
-કર્તવ્ય એટલે?............................................૪/૩
-કલ્યાણનું કારણ..............................૧૭૩/૨૪૨
-કેમ નથી જાગતી?............................૧૩૨/૧૬૮
-કેવી છે?.........................................૩૯૦/૪૧૨
-ક્યારે થઈ/પ્રગટી કહેવાય?..................૧૦૯/૧૫૪, ૧૭૬/૨૪૪, ૩૬૫/૩૯૧
-ખરી............................૧૦૦/૧૩૭, ૧૧૫/૧૫૭
-ના પ્રકાર..........................૯૯/૧૩૭, ૩૧૫/૩૬૨
-નું ફળ...........................................૪૨૫/૪૪૭
-પાપના ઉદયમાં કરવી.........................૩૧૮/૩૬૬
ભક્તિ માર્ગ...૧૭૦/૨૩૯, ૧૭૧/૨૪૧, ૪૦૦/૪૨૪, ૫૬૮/૫૭૨
ભગવાન-નાં વચન/વાણી....૧૫૮/૨૨૧, ૩૨૧/૩૬૮, ૪૮૨/૪૯૯
-ની વાણી ચાર પ્રકારે..........................૪૮૧/૪૯૯
-પાસે શું માગવું?..................................૫૪/૭૬
ભજવા યોગ્ય શું?......................................૧૮૫/૨૫૭
ભાવદેવું....................................................૧૩/૧૦
ભાવ-નાં પાંચ પ્રકાર.................................૪૯૦/૫૦૦

પૃષ્ઠ/આંક
ભાવ -બે પ્રકારના....................................૪૨૭/૪૪૮
-પ્રાણાયામ.......................................૩૩૧/૩૭૫
-મરણ..........................................૪૦૨/૪૨૭
ભાવના-કેવી રીતે/શી કરવી ?.................૪૩/૬૧, ૪૪/૬૨, ૨૭૯/૩૩૩, ૪૫૬/૪૬૯
ભાવનિદ્રા.............................................૨/૨, ૩/૩
ભિખારી-કોણ ?............................૨૬/૩૩, ૧૬૦/૨૨૬
ભૂખ-કેમ મટે ?..........................................૨૬/૩૩
ભૂલ-શું ?......................................૨/૨, ૫૭૩/૫૭૫
ભેદજ્ઞાન...........................................૧૯૫/૨૬૭
ભ્રાંતિ....................................૯૪/૧૨૯, ૯૫/૧૩૦

મ

મથન..................................................૧૩/૧૦
મધ્યમ પાત્ર............................................૧૩/૧૦
મન-(દ્રવ્ય મન અને ભાવ મન).૨૫/૩૦, ૧૫૨/૨૧૫, ૧૫૩/૨૧૬, ૧૫૩/૨૧૭, ૧૫૪/૨૧૮, ૧૫૫/૨૧૮
-કેમ જિતાય, વશ થાય, સ્થિર થાય ?.....૧૮/૧૮, ૩૪/૪૭ ૨૫૧/૩૧૩, ૩૬૬/૩૯૨, ૩૬૮/૩૯૩
-સ્થિર કેમ થતું નથી ?..........................૬૧૦/૬૧૩
મનુષ્યગતિ....................................૨૦/૨૨, ૨૧/૨૨
મનુષ્યભવ-..............................................૧૮/૧૮
-કેવો છે ?..૨૫૭/૩૨૧, ૨૭૯/૩૩૩, ૩૩૭/૩૭૮, ૪૫૫/૪૬૯
-નો ઉપયોગ...................................૩૨૧/૩૭૮
-નું સફળપણું ક્યારે ?.....................૭/૫, ૧૨૬/૧૬૩
-માં શું કરવું/શું ન કરવું ?.........૧૩૬/૧૭૫, ૩૪૩/૩૮૨ ૩૪૮/૩૮૩, ૪૭૭/૪૯૩
-શાથી મળ્યો, શા માટે મળ્યો ?...........૪/૩, ૬/૪, ૭/૫
-શામાં ગાળવો ?...............................૩૮૯/૪૧૨
મમત્વ (ભાવ)-કેમ જાય ?..................................૯/૭
મરણ-વખતે શું કરવું ?...............................૫૧૯/૫૧૪
-શું ?.........................................૬/૪, ૨૧/૨૨
મલિનતા-ક્યારે જાય ?...................................૨૫/૩૦
મહાકામ-શું ?.............................................૧૪/૧૨
મહાગંભીર-કોણ ?........................................૧૪/૧૨
મહાપુરુષ-કોણ ?..........................................૩૬/૪૮
-ની દશા............૫૧૭/૫૧૪, ૫૨૨/૫૧૬, ૫૨૩/૪૧૬
-પ્રત્યે અપૂર્વતા કેમ નથી આવતી ?..............૯૧/૧૨૭
મહાવીર શાસન.........................................૩૨/૪૪
મળ-શું ? કેમ જાય ? કેમ મટે ?..........૨૧૫/૨૮૮, ૨૧૬/૨૮૯, ૨૨૦/૨૯૧, ૨૨૨/૨૯૨, ૨૭૦/૨૯૦
માર્ગ-ક્યારે મળે ?.........................૭૭/૧૦૮, ૯૫/૧૨૯
માર્ગાનુસારી.........................................૨૦૪/૨૭૧
-કોને કહેવાય ?.................................૭૩/૧૦૭

પૃષ્ઠ/આંક
માન..........................................૧૯/૨૦, ૨૫/૨૮
માન-કેમ ટળે ?.......................................૧૬૬/૨૩૨
માયા....................................૭૧/૧૦૪, ૧૩૭/૧૭૭
માયિકસુખ.....................૬૮/૧૦૧, ૬૯/૧૦૨, ૭૧/૧૦૪
મિથ્યાત્વ......................................૯/૭, ૫૮૭/૫૮૬
-એટલે શું ?...................................૩૧૭/૩૬૫
-મોટો પરિગ્રહ......................................૨૪/૨૫
-લોકોત્તર મિથ્યાત્વ............................૩૨૬/૩૭૨
મુખરસ..............................................૨૯૫/૩૪૬
મુનિપણું-એટલે શું ?.................................૮૦/૧૧૩
મુમુક્ષુ........................૫૬/૭૯, ૧૦૮/૧૫૪, ૧૧૨/૧૫૫
-એટલે શું ?...................................૩૨૦/૩૬૮
મુમુક્ષુતા..................૧૦૫/૧૫૧, ૧૦૭/૧૫૨, ૧૦૮/૧૫૪, ૧૦૯/૧૫૪, ૧૧૩/૧૫૫
-ક્યારે આવે ?.........................................૯/૬
મૂઢ કોણ ?.................................................૨૯/૩૮
મૂળજ્ઞાન શું ?.......................................૩૬૩/૩૯૧
મૂર્તિ (ભગવાનની) શા માટે ?...............૩૭/૫૦, ૫૯૧/૫૮૯
મોતનું ઔષધ.........................................૬૧/૮૯
મોહ શું ?...................૨/૨, ૪/૩, ૧૪૭/૨૦૦, ૫૧૮/૫૧૪
-ક્યારે/કેમ નાશ થાય ?......................૯/૬, ૧૧/૧૦
-નુકસાન કરનાર..................................૧૨/૧૦
-શા માટે છોડવાનો ?..........................૪૭૪/૪૮૯
મોહદયા............................................૬૧૦/૬૧૩
મોહનીય કર્મ.........................................૩૨૭/૩૭૩
મોક્ષ..................................................૫૮૭/૫૮૬
-એટલે શું ?.૩૮૧/૪૧૦, ૩૮૩/૪૧૦, ૩૮૪/૪૧૧, ૩૯૦/૪૧૪
-ક્યારે/કેમ થાય ?..૧૪/૧૩, ૪૦/૫૪, ૫૩/૭૫, ૮૨/૧૧૪, ૧૩૮/૧૭૯, ૫૩૬/૫૩૩, ૫૯૮/૫૯૮
-નો ઉપાય..............૧૧/૧૦, ૨૯૦/૩૪૧, ૩૩૫/૩૭૭
-પ્રાપ્ત કરવા શું કરવું ?....૧૨/૧૦, ૩૪૦/૩૮૧, ૩૪૬/૩૮૨, ૩૪૬/૩૮૩
મોક્ષમાર્ગ..............૧૫/૧૫, ૩૯/૫૩, ૬૯/૧૦૨, ૮૨/૧૧૫, ૮૩/૧૧૫, ૮૪/૧૧૫
મોક્ષમાળા-કેવી રીતે વાંચવી ?...................૧૬/૧૬, ૩૩/૪૫
-મોક્ષનું બીજ........................................૧૬/૧૬
-લખવાનો હેતુ.....................................૩૪/૪૭
મોક્ષવાસ શું ?............................................૪૧/૫૭
'મંત્ર'ની ઉત્પત્તિનો પ્રસંગ..........................૧૧૯/૧૬૦
-બધા શાસ્ત્રનો સાર...........................૧૩૪/૧૭૧
-શા માટે બોલવાનો ?.............................૩૩/૪૫

ય

યત્ના.......................................................૨૪/૨૬

પૃષ્ઠ/આંક

યમ-ના પાંચ પ્રકાર....................................૧૨૫/૧૬૩
યુવાન-હોય તો શું કરવું?....................................૫/૩
યોગ્યતા-કેમ આવે?...............૫૮/૮૪, ૮૬/૧૧૯, ૯૧/૧૨૭
યોગી....................................................૧૪/૧૨

ર

રમતા.....................૨૦૫/૨૭૪, ૨૦૮/૨૭૭, ૨૦૯/૨૭૮
રહેણી....................................................૧૩/૧૦
રાગ.......................................................૨૭/૩૫
રાગદ્વેષ-કેમ છૂટે? કેમ જાય?............૧૨૪/૧૬૨, ૪૦૫/૪૩૦
રાત્રિ-શું? ગઈ એટલે શું?.............................૨/૨, ૩/૩
રિદ્ધિસિદ્ધિ-જ્ઞાની ન ફોરવે..........................૨૨૪/૨૯૩
રુચિ....................................૪૫૬/૪૫૭, ૪૫૭/૪૬૮

લ

લઘુતા..................................................૧૧૮/૧૬૦
-ના બે અર્થ........................................૧૧૧/૧૫૪
લેપાવું નહીં-એટલે?......................................૧૪/૧૨
લોકભાવના...........................................૧૫૨/૨૧૪
લોક સંજ્ઞા............................................૨૧૮/૨૯૦
લૌકિક અભિનિવેશ....................................૪૩૧/૪૫૧

વ

વર્ગણા.................................................૪૯૨/૫૦૦
વચન-કેવું બોલવું?..........................................૬/૪
વસ્તુધર્મ..................................................૧૨/૧૦
વાણી-નું સંયમન.....................................૨૫૪/૩૧૫
વાસના-કાઢવાનો ઉપાય..............................૧૦૧/૧૪૦
વિકલ્પ-કયારે નાશ પામે?...................................૧૦/૯
વિક્ષેપ-શું? કેમ મટે, જાય?.............૨૧૫/૨૮૮, ૨૧૬/૨૮૯, ૨૧૭/૨૯૦, ૨૨૦/૨૯૧, ૨૨૨/૨૯૨
વિક્ષેપણી.............................................૫૬૪/૫૬૮
વિચક્ષણ પુરુષ-ના પ્રકાર...............................૨૮/૩૮
વિચાર (આત્મવિચાર)...................૧૯૦/૨૬૩, ૧૫૭/૨૨૦
વિચાર- કેવી રીતે કરવો?...................................૧૦/૯
-ની જરૂર...........................................૫૮૮/૫૮૭
વિતિગિચ્છા-એટલે શું?....................................૧૨/૧૦
વિદેહી દશા................................૧૫/૧૩, ૧૪૩/૧૯૨
વિનય........................................૧૪/૧૩, ૨૫/૨૮
વિપર્યાસ બુદ્ધિ........................................૨૮૧/૩૩૪
વિવેક-..........................૨૯/૩૯, ૨૯/૪૦, ૩૬૦/૩૮૯
-કેવી રીતે આવે?.................................૧૧૮/૧૬૦
વિવેક બુદ્ધિ..............................................૧૪/૧૩
વિવેકી કોણ?.........................................૪૨૭/૪૪૮
વિશાળ લક્ષ શું?...........................................૩૫/૪૮
વિષયકષાય-ને કેવી રીતે જિતવા?....................૫૩૩/૫૨૭

પૃષ્ઠ/આંક

વીતરાગ માર્ગ.........................................૨૭૮/૩૩૩
વીશ દોહરા-ની ભક્તિ શા અર્થે.......................૩૦૯/૩૫૫
વૃત્તિ-અંતર્મુખ..............................................૧૦/૯
-રોકવી.............................................૨૮૪/૩૩૮
વૃક્ષભુત જ્ઞાન.........................................૫૮૨/૫૮૨
વેદકતા..............................૨૦૮/૨૭૭, ૨૧૦/૨૭૮
વેદના-શાથી/કેમ જાય?.....૨૮૩/૩૩૭, ૨૪૧/૩૦૪, ૨૪૨/૩૦૪
વેદાંત......................................................૪૪/૬૩
વૈરાગ્ય..........૩૦/૪૧, ૧૨૫/૧૬૩, ૨૬૫/૩૨૩, ૨૭૫/૩૨૯
-કેમ/કેવી રીતે રહે?..............૧૪૭/૧૯૯, ૩૬૦/૩૮૯
-પાયો/મૂળ..........................૩૦/૪૨, ૨૮૪/૩૩૭
-શાથી/કોને થાય?...................................૪૫/૬૭
વૈરાગ્ય-ઉપશમની જરૂર....૨૭૬/૩૨૯, ૨૮૨/૩૩૪, ૫૬૬/૫૭૦
વ્યવહારનય...........................................૪૯૦/૫૦૦
વ્રત-કેવી રીતે કરવાં.................................૫૬૬/૫૭૦
વ્રત-નિયમ/પચખાણ શા માટે?..........૧૩૨/૧૭૦, ૫૯૦/૫૮૮

શ

શમાવું..................................................૪૧૩/૪૩૯
શરણ-અનન્ય/સાચું...............૧/૧, ૨૬૧/૩૨૩, ૩૦૯/૩૫૫
શત્રુ કોણ?..................................................૧૫/૧૫
શાસ્ત્ર-અને સત્શ્રુતમાં ભેદ...............૫૩૩/૫૨૮, ૫૩૪/૫૨૮
-બધા (શાસ્ત્ર)નું રહસ્ય.........................૧૯૮/૨૬૮
-શા માટે વાંચવા? સમજવા?.........૫૭/૮૦, ૧૮૯/૨૬૨, ૩૦૯/૩૫૫, ૩૬૩/૩૯૧, ૪૮૦/૪૯૬
શાંતિ-કેમ આવે, થાય, રહે?.........૭/૫, ૧૪/૧૩, ૧૩૧/૧૬૮
શીલ...........................................................૯/૬
શૂરવીર-કોણ?................................................૨/૧

શ્ર

શ્રદ્ધા-શું?..................................૧૩/૧૦, ૧૭૭/૨૪૪
શ્રુતકેવળી.............................................૨૯૭/૩૪૬
શ્રુતધર્મ................................................૧૬૮/૨૩૪

સ

સકામ નિર્જરા........................................૫૯૮/૫૯૮
સજ્જન.....................................................૧૫/૧૩
સજ્જનતા.................................................૧૫/૧૪
-નું લક્ષણ...........................................૧૪/૧૩
સત્-એટલે શું?............................................૯૩/૧૨૯
-કેમ પ્રાપ્ત થાય?...................................૯૧/૧૨૭
સત્પુરુષ-કેમ/કયારે ઓળખાય?.૫૯/૮૬, ૭૩/૧૦૬, ૧૦૮/૧૫૩, ૧૧૧/૧૫૪, ૧૩૭/૧૭૮, ૧૪૩/૧૮૯
-થી કલ્યાણ.........................................૫૯/૮૬
-ના ત્રણ પ્રકાર...................................૨૨૯/૨૯૮

પૃષ્ઠ/આંક

સત્પુરુષ–નું મુખ્ય લક્ષણ.................................૪૩/૬૧
-નો ઉપકાર.....................................૨૬૯/૩૨૨
-પર પ્રેમ શા માટે ?.........................૧૭૩/૨૪૨
સત્તા-ના બે અર્થ..........................................૬૭/૯૯
સત્પુરુષાર્થ..............................૯૨/૧૨૭, ૩૫૪/૩૮૬
સત્શ્રુત..............................................૫૩૪/૫૨૯
સત્સુખ..............................................૩૭૨/૩૯૮
સત્સંગ.........૨૩/૨૪, ૧૦૪/૧૪૯, ૧૦૫/૧૫૦, ૧૪૯/૨૦૪, ૧૫૭/૨૨૦, ૧૫૮/૨૨૦, ૧૫૯/૨૨૧, ૧૬૫/૨૩૨, ૧૭૫/૨૪૪, ૨૦૪/૨૭૨, ૨૧૬/૨૯૦, ૨૧૭/૨૯૦, ૨૨૧/૨૯૨, ૫૮૭/૫૮૬
-એટલે શું ?..........................૮૬/૧૧૯, ૮૭/૧૨૦
-ઓળખવા શાની જરૂર ?........................૩૯૨/૪૧૪
-દુર્લભ વસ્તુ...................................૧૧૬/૧૫૮
-નિષ્ફળ શાથી થયો ?..........................૩૮૪/૪૧૧
-નિષ્ફળ થવાના ચાર કારણો..................૩૮૫/૪૧૧, ૩૮૮/૪૧૨, ૩૯૩/૪૧૪
-ની ઇચ્છા પરમકૃપાળુદેવને પણ.................૨૫૮/૩૨૧
-ને ઉપાસવો એટલે શું ?........................૨૫૬/૩૧૮
-નો પ્રભાવ.....................................૩૨૨/૩૬૯
-માટે નિવૃત્તિ ક્ષેત્રની જરૂર.......................૩૭૭/૪૦૪
-માં લક્ષ રાખવા યોગ્ય ચાર બાબતો...........૧૮૦/૨૪૮, ૨૨૯/૨૯૭, ૨૩૭/૩૦૦
સત્સંગ-શા માટે ?.........૨૨૩/૨૯૨, ૨૨૭/૨૯૬, ૨૫૭/૨૨૧, ૨૯૩/૩૪૨, ૩૦૨/૩૪૯, ૩૧૮/૩૬૫, ૩૨૦/૩૬૮, ૩૮૧/૪૧૦, ૩૮૨/૪૧૦, ૩૮૩/૪૧૦, ૩૮૪/૪૧૧, ૩૮૫/૪૧૧, ૩૮૬/૪૧૧, ૩૮૭/૪૧૨, ૩૮૮/૪૧૨, ૩૯૨/૪૧૪, ૫૧૩/૫૧૮
-સફળ ક્યારે થાય ?............................૩૯૨/૪૧૪
સત્સંગનૈષ્ઠિક-કોણ ?.....................૩૭૨/૩૯૯, ૩૯૪/૪૧૭
સદ્‌ગુરુ .........૪૦/૫૪, ૧૨૬/૧૬૩, ૧૨૭/૧૬૩, ૧૨૯/૧૬૪, ૩૦૩/૩૫૦, ૪૭૧/૪૮૬, ૫૫૭/૫૬૫
-કોણ ?..............................................૪૦/૫૪
-નાં લક્ષણ.....................................૫૫૭/૫૬૫
-તત્વ..............................................૧૯/૧૯
સદાચાર..........................................૫/૩, ૬/૪
સમકિત-કેમ પ્રગટે ?.................................૨૬૯/૩૨૩
-ક્ષાયિક સમકિત...............................૨૯૭/૩૪૬
-ત્રણ પ્રકારના.......................૪૭૬/૪૯૨, ૪૭૭/૪૯૩
-પરમાર્થ સમકિત...............................૨૦૩/૨૭૧
-બીજ રુચિ સમકિત............................૨૦૪/૨૭૧
સમજણ-શાથી ફરે ?.................................૩૨૦/૩૬૮
સમતા.................................૨૦૮/૨૭૭, ૨૦૯/૨૭૮
સમભાવ-..............................૧૭૯/૨૪૮, ૩૭૩/૪૦૧

પૃષ્ઠ/આંક

સમભાવ-કોને રહે ?.........................................૨/૧
સમરંભ..................................................૩૪/૪૭
સમારંભ.................................................૩૪/૪૭
સમ્યક્‌જ્ઞાન-ક્યારે પ્રાપ્ત થાય ?.........................૫૪૦/૫૩૭
સમ્યક્‌દર્શન(સમ્યક્ત્વ).....૧૦૬/૧૫૨, ૧૪૦/૧૮૫, ૨૬૧/૩૨૩, ૪૭૯/૪૯૫, ૪૭૯/૪૯૬
-કેમ/કેવી રીતે/ક્યારે થાય ?.૫૮/૮૫, ૭૨/૧૦૬, ૮૦/૧૧૩, ૯૪/૧૨૯, ૨૪૦/૩૦૩, ૩૧૯/૩૬૮, ૩૨૨/૩૬૯, ૩૨૪/૩૭૦, ૩૭૧/૩૯૯, ૫૦૭/૫૦૫, ૫૩૯/૫૩૫
-ના પ્રકાર.........................૪૬૮/૪૮૧, ૪૬૯/૪૮૨
સમ્યક્ પ્રકાર-એટલે શું ?.............................૧૩૮/૧૭૯
સમાધિ.................................૨૬૫/૩૨૩, ૨૬૬/૩૨૩
-શું ?...........................૩૨૯/૩૭૪, ૩૩૧/૩૭૫
સમાધિમરણ-..............૪૬૪/૪૭૬, ૫૧૩/૫૧૦, ૫૧૪/૫૧૧
-કેમ થાય ?.........................................૧૪/૧૩
સરળતા.....................................................૮/૬
સર્વ અપર્ણ-એટલે શું ?..............................૩૮૩/૪૧૦
સવાર-શું ?...................................................૨/૨
સહજસ્વરૂપ............................................૩૭૨/૩૯૯
સંતચરણ શું ?.........................................૧૨૧/૧૬૦
સંદેહ-શું ? કેમ જાય ?..................................૯૦/૧૨૪
સંયમ-બાર પ્રકારના...................................૧૨૫/૧૬૩
સર્વસંગ-એટલે ?.......................................૧૪૩/૧૯૦
સંસાર.......૧/૧, ૧૦/૯, ૧૧/૧૦, ૩૦/૪૨, ૩૧/૪૨, ૩૧/૪૩, ૩૪/૪૬, ૧૩૫/૧૭૨, ૧૯૨/૨૬૫, ૨૭૮/૩૩૩, ૨૯૭/૩૪૭, ૩૦૪/૩૫૧, ૩૦૬/૩૫૨, ૩૧૧/૩૫૯, ૩૧૫/૩૬૩, ૩૨૦/૩૬૮, ૩૩૦/૩૭૪
-કેમ છૂટે ? છૂટવા શું કરવું ?.........૭૨/૧૦૬, ૩૬૮/૩૯૪
-નું મૂળ..........................................૫૯૬/૫૯૭
-શું ?..................................................૪૩/૬૧
સંસારમળ.....................................................૫/૩
સાત વ્યસન-નો ત્યાગ..................................૨૫/૨૭
સાધર્મી.....................................................૪૫/૬૫
સામાયિક-માં શું કરવું ?................................૨૬/૩૨
સિધ્ધાંતબોધ-શું ? ક્યારે સમજાય ?....................૨૭૬/૩૩૦
સ્વછંદ...................................૮૪/૧૧૫, ૧૨૬/૧૬૩
સ્વભાવ જાગૃત દશા..................................૫૦૪/૫૦૫
સ્વરૂપ-કેમ પ્રગટે ?......................૧૭૪/૨૪૩, ૧૭૫/૨૪૪
સ્વરૂપાવલોકન..........................................૫૩૯/૫૩૬
સ્વાધ્યાય-ના પાંચ પ્રકાર...............................૨૬૫/૩૨૩

હ

હઠયોગ-એટલે શું ?...................................૧૨૬/૧૬૩
હીરાનો હાર શું ?......................................૧૨૪/૧૬૩